श्रीमद्भगवद्गीता पंचरत्न

तथा

ईश, केन, मुण्डक और माण्डूक्योपनिषद्

ॐ

श्रीमद्भगवद्गीता पंचरत्न

तथा

ईश, केन, मुण्डक अने ऐतरेयोपनिषद्

गुर्जर भाषा व्याख्यासहित

आ ग्रन्थ

शेठ गोकळदास तेजपाळ संस्कृत कॉलेजना मुख्य शास्त्री

रणछोडजी उद्धवजी पासे

मास्तर बलदेवराम कृष्णरामे शुद्ध करावेल

तेने

छपावी प्रसिद्ध करनार,

भट्ट जटाशंकर बलदेवराम.

गाम–मातर. जील्ले खेडा.

त्रीजी आवृत्ति.

अमदावाद:

निर्मळ प्रिन्टिंग प्रेसमां लल्लुभाई ईश्वरभाईए छाप्यो.

सम्वत १९६८, इ. स. १९१२.

किम्मत रु० ४



सद्बोध प्रवर्तक ब्रह्मनिष्ठ आचार्य श्रीजयकृष्ण जीवनराम.

ग्रन्थार्पण.

वेदशास्त्रसम्पन्न विद्वद्वर्य ब्रह्मनिष्ठ

आचार्य

श्रीजयकृष्णजी जीवनरामजी

एओनी

श्रीमद्भगवद्गीतानो मार्मिक अर्थ वेदान्तशास्त्रने अनुसरतो प्राकृतभाषामध्ये श्रुतिस्मृति विगेरे अनेक-शास्त्रनां प्रमाणवचनथी तथा युक्ति अने व्यवहारना दृष्टान्त आपी मूल उद्देश समजाववामां तथा श्रद्धाळूने सद्बोध आपवामां अपूर्व कुशलता जोई आ "श्रीमद्भगवद्गीतापंचरत्न तथा ईश, केन, मुण्डक अने ऐतरेयोपनिषद्" ना गुजराती भाषान्तरनो अत्युत्तम ग्रन्थ प्रेमपूर्वक तथा परमसत्कारथी भाषान्तर प्रगट कर्त्ताए अर्पण कर्यो छे.

हुं छुं तमारो कृपापात्र,

मास्तर बलदेवराम कृष्णराम भट्ट.

પ્રસ્તાવના.

પહેલી આવૃત્તિ,

વ્યાસમુનિયે રચેલા મહાભારતરૂપ ઇતિહાસમાં જુદે જુદે પ્રસંગે અનેક પ્રકારનાં આખ્યાનો અને કથાઓનું વર્ણન કરેલું છે, તેમાં આ "શ્રીમદ્‌ભગવદ્‌ગીતા" સર્વ લોકોને ઘણી પ્રિય અને સર્વ શાસ્ત્રનું રહસ્ય દર્શાવનાર હોવાથી તે ઉપર મ્હોટા મ્હોટા આચાર્યોએ તથા વિદ્વાનોએ લોકોપકાર અર્થે ભાષ્ય અને ટીકાઓ રચી પોતપોતાનો અભિપ્રાય દર્શાવેલો છે, તેમાં શંકરાચાર્યનું ભાષ્ય, રામાનુજાચાર્યનું ભાષ્ય, શ્રીધરસ્વામિકૃત ટીકા, મધુસૂદની ટીકા, શાંકરાનન્દી ટીકા, નીલકંઠી ટીકા અને આનન્દગિરિકૃત ટીકા આદિક ટીકાઓ અને ભાષ્યો હાલ પ્રસિદ્ધ જોવામાં આવે છે. તે ભાષ્યો તથા ટીકાઓનું રહસ્ય તો જેઓએ સંસ્કૃત ભાષાનું સારી રીતે અધ્યયન કરેલું હોય તેઓથીજ સમજાઇ શકે છે પણ જેઓએ સંસ્કૃતભાષાનો અભ્યાસ કરેલો ન હોય તેઓતો કોઇ પંડિતો પાસેથી જ્યારે એકાગ્ર મને એ ભાષ્યાદિકનું શ્રવણ કરે છે, ત્યારેજ સમજે છે. આ ઉપરથી જુદા જુદા દેશના કેટલાક પંડિતોએ પોતપોતાના દેશમાં સંસ્કૃત ન જાણનારાઓને માટે પોતપોતાની ભાષામાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનાં ભાષાન્તરો કરેલાં છે, અને હજી પણ કરતા જાય છે, તેમજ આપણી ગુર્જરભાષામાં પણ ત્રણ ચાર જુદાં જુદાં ભાષાન્તરો થયેલાં છે, પરંતુ જેઓને થોડુંક સંસ્કૃત જ્ઞાન હોય તેઓને શબ્દાર્થ સમજવાસારૂ શ્લોકનું એક એક પદ ગ્રહણ કરી આ ભાષાન્તર રચાયલું છે, એટલી વિલક્ષણતા આ ગ્રંથમાં છે. અને જેઓને સંસ્કૃતભાષાનો થોડોક પણ અભ્યાસ ન હોય તેઓનેમાટે તથા શ્લોકમાં રહેલાં પદોનું વધારે વિવેચન કરવા માટે નીચે ટીકા આપેલી છે. શ્લોકમાં કહેલા અર્થની પુષ્ટિનેમાટે પ્રસંગને અનુસરી શ્રુતિ સ્મૃતિ અને સૂત્રાદિકનાં કેટલાંક પ્રમાણો પણ કેટલાક શ્લોકની ટીકામાં આપેલાં છે.

શ્લોક તથા શ્રુતિની નીચે અન્વયસહિત જે પદનો અર્થ આપેલો છે તે ઘણું કરીને સંસ્કૃત પદ જેટલોજ ગુજરાતીમાં પણ આપેલો છે તથાપિ કોઇક પદ એવું હોય કે, જેનો કંઇક વિસ્તારપૂર્વક અર્થ આપવો જોઇએ, તો આવું (") અવતરણચિન્હ કરીને આપેલો છે એમ છતાં કોઇ ઠેકાણે અવતરણચિન્હ રહી ગયું હોય તો સુજ્ઞ પુરૂષોયે સુધારીને વાંચી લેવું.

શ્લોક તથા શ્રુતિના અન્વય સાથે જે એક એક શબ્દનું ભાષાન્તર આપેલું છે તે સંસ્કૃત શબ્દો છોડી દઇને જે કોઇ ગુજરાતી શબ્દોજ વાંચશે તો તે શ્લોક તથા શ્રુતિનો અર્થ યથાયોગ્ય સમજી શકશે, અને તેના એક એક શબ્દના અર્થનો સારી રીતે વિચાર કર્યા પછી કાંઈ ન સમજાય તો તેને માટે નીચે લખેલી ટીકા વાંચવી, તેમાં ઘણું કરીને કઠિન શબ્દનો સરલ અર્થ કાંઇક વિસ્તારપૂર્વક દેખાડેલો છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની સાથે ઈશાવાસ્ય, કેન, મુંડક અને ઐતરેય, એ યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને ઋગવેદ એ ચારે વેદનાં ચાર ઉપનિષદ્‌નું ભાષાન્તર આપેલું છે, ઉપનિષદો પરમ પ્રમાણરૂપ ગણાય છે અને તે ઘણાં છે તથાપિ તેમાં ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય ઐતરેય, છાન્દોગ્ય, અને બૃહદારણ્યક, એ દશ ઉપનિષદ્ મુખ્ય છે, તેની ઉપર શ્રીમત્ શંકરાચાર્યનું કરેલું ભાષ્ય છે તથા આનન્દગિરિ આદિક તેમના શિષ્યોનાં કરેલાં વ્યાખ્યાન છે, પરંતુ જેઓએ વ્યાકરણ તથા ન્યાયઆદિક શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કરેલો નથી તેઓને સમજવાં બહુ કઠિન પડે છે.

એ દશ ઉપનિષદ્‌માંથી આઠ ઉપનિષદોનું હિન્દીભાષામાં ભાષાન્તર થયેલું છે પરંતુ ગુજરાતીભાષામાં આવી રીતે કોઇપણ ભાષાન્તર થએલું જોવામાં આવ્યું નથી માટે ચાર વેદનાં ઉપર કહેલાં ચાર ઉપનિષદોનું આ ભાષાન્તર કરેલું છે.

આ ઉપનિષદોનું ભાષાન્તર જેવી રીતે સરલ થાય એમ કરવામાં ઘણો પ્રયાસ કરેલો છે પરન્તુ ગ્રન્થવિસ્તારના ભયને લીધે ટુંકામાં લખતાં કોઇ તેવો વિષય ન સમજાય તો વાંચનારાઓને એટલી પ્રાર્થના છે કે તેઓએ જરા પૂર્વાપર લક્ષ આપીને વાંચવું કે જેથી તે અર્થનો વિષય યથાસ્થિત ધ્યાનમાં આવે.

શ્રીમત્ શંકરાચાર્યે જે પ્રત્યેક શ્રુતિઉપર ભાષ્ય કરેલું છે તે સર્વ ભાષ્યનું ભાષાન્તર વિસ્તારના ભયથી કરેલું નથી પરન્તુ જેટલું ભાષાન્તર કરેલું છે તે બધું શ્રીમત્ શંકરાચાર્યના ભાષ્યનુંજ ભાષાન્તર છે એમ જાણવું. ભાષ્યકારની પૂર્વે પણ મહર્ષિયોએ ઉપનિષદોઉપર વ્યાખ્યાન કરેલાં હશે એમ ભાષ્યકારના ભાષ્યઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે. પરંતુ તે વ્યાખ્યાનો હાલ કોઇ ઠેકાણે જોવામાં આવતાં નથી. આનન્દગિરિકૃત ટીકા ભાષ્યનો અર્થ સમજાવવામાં ઘણો ઉપકાર કરે છે; નહિ તો જોકે ભાષ્યકારનો લેખ ન્યાયાદિક શાસ્ત્રના લેખથી સરલ દેખવામાં આવે છે તથાપિ વાંચનારને તેનો અભિપ્રાય સમજવો કઠિન થઇ પડે એમાં સંશય નહિ. મનની અન્દર મલ, વિક્ષેપ અને આવરણ એવા ત્રણ દોષ રહેલા છે તેથકી પ્રાણીને જન્મ મરણનું બન્ધન થાય છે. તેની નિવૃત્તિ કરવા માટે ઇશ્વરે ચાર વેદ કરેલા છે. તેમાં કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ. એવા ત્રણ કાંડછે. મલ એવું પાપનું નામ કહેવાય છે, તેની નિવૃત્તિ કર્મકાંડમાં કહેલાં નિષ્કામ કર્મ કરવાથી થાય છે. વિક્ષેપ એવું ચંચલતાનું નામછે, તેની નિવૃત્તિ ઉપાસનાકાંડમાં કહેલી સગુણનિર્ગુણરૂપ ઉપાસનાથી થાય છે. આવરણ એવું અજ્ઞાનનું નામ કહેવાયછે, તેની નિવૃત્તિ જ્ઞાનમાં કહેલા બ્રહ્મસ્વરૂપના જ્ઞાનથી થાય છે. માટે આ જન્મ અથવા પૂર્વે જન્મમાં કરેલાં કર્મઉપાસનાથી જેઓના મળ અને વિક્ષેપ દૂર થયેલા છે, અને કેવળ આવરણ દોષજ અવશેષ રહેલો છે તે અધિકારી પુરૂષો આ ઉપનિષદરૂપ જ્ઞાનકાંડને બ્રહ્મનિષ્ઠ આચાર્યથી શ્રવણ કરી તથા શ્રવણ કરેલા અર્થનું મનન નિદિધ્યાસન કરી સ્વરૂપસાક્ષાત્કારથી સર્વ અનર્થની નિવૃત્તિ પૂર્વક પરમાનંદરૂપ મોક્ષને પામે છે.

આ ભરતખંડમાં કાળેકરીને વેદાદિક સત્યશાસ્ત્રના અધ્યયનનો લોપ થઇ જવાથી ભ્રાન્તિયુક્ત થઇ તથા વેદ, વેદાંગ, વેદોપાંગાદિકનો એકવાક્યતારૂપ ખરો અર્થ ન સમજી,

અનેક પુરૂષોએ પોતાની કલ્પનાથી અનેક પ્રકારના મતમતાન્તર પ્રગટ કરેલાંછે; તથાપિ તેઓથી વેદ અને આર્ષગ્રન્થોનું અપ્રમાણ કહી શકાતું નથી માટે આ ઉપનિષદો અને શ્રીમદ્ભગવદ્ગીતા પણ સર્વ વેદાનુયાયી મતવાળાઓમાં મુખ્ય પ્રમાણરૂપ ગણવામાં આવેછે તેથી આ ગ્રન્થનું ભાષાન્તર સર્વ મતમતાન્તરવાળાઓમાં પણ ઉપયોગી થાય એમ કહી શકાય ખરૂં. જો કે કેટલાક આર્યો અદ્વૈત, દ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિક મતોને અનુસરનારા છે, તેઓ પરસ્પર એક બીજાના મતનું ખંડન કરવામાં સ્વમતને અનુકૂલ શ્રુતિસ્મૃતિનાં પ્રમાણો શોધી કહાડી અને પ્રમાણો ન મળે તો તે શ્રુતિસ્મૃતિનો અર્થ ફેરવી પોતપોતાના મતને અનુકૂલ કરવાનો પ્રયત્ન કરવા કાળનું નિર્ગમન કરેછે, તેમ કરવું તેઓના મત પ્રમાણે કદાચિત યોગ્ય હશે પરંતુ લોકોમાં દ્વૈધીભાવ ઉત્પન્ન કરી એક બીજા ઉપર નિષ્કારણ વૈર ઉત્પન્ન કરવા કરતાં મહર્ષિયો અને રાજર્ષિયોની પેઠે એક મતથી વર્ત્તી તથા આપ્ત પુરૂષોના વાકયોનું પ્રમાણ રાખી તથા પોતપોતાના મતનું અભિમાન દૂર મુકી, વેદાદિક સત્ય શાસ્ત્ર જે કહે છે તેજ ખરૂં છે તેમાં આપણે કોઇ પણ પ્રકારે શ્રુતિસ્મૃતિના અર્થનો ફેરફાર ન કરવો એમ નિશ્ચય કરી, જેઓ વર્ત્તે છે તેઓ શ્રેષ્ઠ છે એમ કહેવામાં મને કાંઇ પણ સંશય થઇ શકતો નથી.

આમ લખવાનો મારો અભિપ્રાય કોઈ મત ઉપર દોષ આપવાનો નથી પણ ઘણું કરીને શ્રીધરસ્વામિયે જેમ પોતાના મતની તાણ નહીં રાખતાં જેવો શ્લોક હોય તેવું તેનું વ્યાખ્યાન કરયું છે તેમ આ ભાષાન્તરમાં પણ કોઇ મતની તાણ નહીં રાખતાં ઘણું કરી શ્લોકાનુંસારજ અર્થ આપવાનો પ્રયાસ કરેલો છે એમ સુજ્ઞ જનોને જણાવવા માટે છે.

આ ભાષાન્તર કરવાનો પ્રયત્ન શ્રીવૈષ્ણવ રામાચાર્યજીના શિષ્ય પ્રેમદાસે કરેલો હતો પણ તેમને કેટલાક પંડિતોનો પોતાના ભાષાન્તરમાં સુધારો વધારો કરવાનો અભિપ્રાય મળવાથી તેઓએ તથા આ ભાષાન્તરના અગાઉથી ગ્રાહકો મેળવવામાં પરિશ્રમ કરનાર ભટ્ટ બળદેવરામ કૃષ્ણરામે મારી પાસે શુદ્ધ કરાવવાનો મને વિચાર જણાવ્યો તે ઉપરથી મેં મારી યથામતિ ઘટતો ફેરફાર કરી આ ગ્રંથનું બધું ભાષાન્તર સુધારી આપ્યું છે.

ભાષાન્તર પ્રસિદ્ધિમાં આવવામાટે ભટ્ટ બળદેવરામ કૃષ્ણરામે અપૂર્વ શ્રમ કરી અગાઉથી ગ્રાહકો મેળવ્યાં તેથીજ આ પુસ્તક પ્રસિદ્ધિમાં આવી શકયું છે વળી તેમણે ગ્રન્થ છપાવતી વખતે પણ છાપખાનામાં પ્રત્યેક સમયે ઉભા રહી ઘણી ચોકશી રાખી કામ સારી રીતે થાય એટલા માટે પ્રયાસ કર્યો છે તે તેમને યોગ્યજ છે.

ભાષાન્તર શુદ્ધ કરવામાં મેં મારાથી બનતો પ્રયત્ન કરેલો છે, તથાપિ " ઇશ્વિર સર્વજ્ઞ છે " એવા ન્યાયથી મનુષ્ય ભુલ કરે એ સ્વાભાવિક છે માટે જે કાંઇ સ્વબુદ્ધિમાંદ્ય થી સ્ખલન થયેલું હોય તો તે ઉપર દૃષ્ટિ ન કરતાં સુધારીને વાંચવું એ સુજ્ઞ પુરૂષોને યોગ્ય છે.

શાસ્ત્રી રણછોડજી ઉદ્ધવજી.

આ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કરવાની અમોને અભિરૂચિ ઉત્પન્ન કરનાર તરીકે એ હું માન અત્રની કાર્પોરેશન સભાના તથા સ્પેશિયલ જુરીના મેમ્બર. શેઠ ત્રિભોવનદાસ વિ. મંગળદાસ નથ્થુભાઇ J. P. ને ઘટે છે, એટલુંજ નહી. પરંતુ પોતાની હમ્મેશની ઉદારતા મુજબ આ ગ્રંથની સારી નકલો ખરીદી ઉત્તેજન આપવામાટે તેઓ સાહેબે અમોને કિમતી મદદ કીધી છે માટે આ સ્થળે અમો તેઓ સાહેબનો અન્તઃકરણપૂર્વક આભાર માનિયે છિયે. શેઠ ત્રિભોવનદાસ પોતાની ન્હાની ઉમ્મરથીજ વિદ્વજ્જનોની કદર પીછાની તેઓને યોગ્ય ઉત્તેજન આપે છે, એ ખરેખર તેઓ સાહેબના જ્ઞાન, માન અને ભૂષણની મહત્તા છે. આ ઉત્સાહી શેઠ હમ્મેશાં સત્કાર્ય કરીને અધિકાધિક સુયશને પામો એવો અમારો પ્રેમપૂર્વક આશિર્વાદ છે.

તા. ૧ લી સપ્ટેમ્બર સને ૧૮૮૫

ભાષાન્તર પ્રસિદ્ધ કર્ત્તા.

प्रस्तावना.

——:o:——

બીજી આવૃત્તિ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરૂષાર્થોમાટે લોકોની પ્રવૃત્તિ હોય છે. તે પુરૂષાર્થો સંપાદન કરવાનો આધાર મુખ્ય કરી વેદશાસ્ત્રો ઉપર રહેલો છે. કોઇ એક પુરૂષાર્થ મેળવનાર, કોઇ બે પુરૂષાર્થ મેળવનાર, કોઈ ત્રણ પુરૂષાર્થ સિદ્ધ કરનાર અને કોઇ ચાર પુરૂષાર્થ સિદ્ધ કરનાર હોય છે. ચાર પુરૂષાર્થ સિદ્ધ કરનાર પુરૂષો વિરલા છે. જેવી મનુષ્યોની પ્રવૃત્તિ વિષયો તરફ હોય છે તેવી પરમેશ્વર તરફ કવચિત્ હોય છે. ચોથો પુરૂષાર્થ જે મોક્ષ તે સંપાદન કરવામાં નિષ્કામ ધર્મનો આશ્રય કરી રહેનારા પુરૂષો દુર્લભ છે. પ્રથમતો વેદ શાસ્ત્ર ઉપર વિશ્વાસ રાખી તે પ્રમાણે વર્તન કરવામાં અને શ્રદ્ધાપુર્વક વેદના ત્રણે કાંડનું રહસ્ય જાણવામાં પ્રવૃત્તિ રાખનાર અતિ દુર્લભ છે. તથાપિ મહર્ષિઓએ બાંધેલી ધર્મની મર્યાદા સમજવા સારૂ કેટલાક મુમુક્ષુ પુરૂષોનો આગ્રહ જોવામાં આવે છે. તેમાં સંસ્કૃતભાષા સમજનારાઓને તો જ્ઞાન, કર્મ અને ઉપાસનાપર શાસ્ત્રોનો ભંડાર ભરેલો છે. કે જે ખરચ્યો ખૂટે તેમ નથિ પણ સંસ્કૃત ભાષાનું જેઓને જ્ઞાન નથી તેવા આર્ય લોકોને માટે સંસ્કૃત પુસ્તકોનાં ભાષાન્તરો કરી પ્રગટ કરવાં એ અવશ્યનું છે. જે આ-ર્યલોકો ધનવાન્ અને ઉત્સાહી છે તેઓ તો પોતાને ઘેર કોઇપણ વિદ્વાન્ પાસે રામાયણ, ભારત, પુરાણ, ગીતા અને ભાગવત વગેરે વંચાવી પોતાના મનને ધર્મ જ્ઞાન ભક્તિવડે સંતોષ પમાડે છે પણ જેઓ નિર્ધન હોય છે તેઓને નિરન્તર કથા વાર્ત્તાની સુગમતા મળી શકતી નથી તેઓને માટે ગીતા જેવાં પુસ્તકોનાં ભાષાન્તરોની ઘણી જરૂર છે આ ઉપરથી ધનવાન્ આર્યલોકોએ કેવળ ભાષાન્તરો વાંચીનેજ સંતોષ પામવો વાજબી નથી, તેઓએ તો વિદ્વાન્ બ્રાહ્મણોનો દ્રવ્યવડે સારો સત્કાર કરી શાસ્ત્રવિધિ પ્રમાણે પુરાણો અને ઇતિ-હાસો સાંભળવા. અને તેવા વિદ્વાન્ બ્રાહ્મણો ન મળી શકે એમ હોય અથવા પોતાની અ-શક્તિ હોય કિંવા દેશ પરદેશમાં પ્રવાસ હોય યાતો હરકોઇ પણ વખતે અમુક શ્લોકનો અર્થ જોવાનો હોય તો તેવે પ્રસંગે આવાં ભાષાન્તરો ઘણાં જરૂરનાં છે.

ભગવદ્ગીતા વગેરે પંચરત્ન અને ચાર ઉપનિષદોનું આ ભાષાન્તર કરેલું છે. ભગવદ્ગી-તા એ એક રત્ન છે કર્મ જ્ઞાન અને ઉપાસનાનો નિર્ણય આમાં ઘણે ઠેકાણે કરેલો છે અ-ધિકારી પરત્વે કર્મ, જ્ઞાન અને ઉપાસના રહેલ છે પણ તેમાં પરસ્પર કશું વિરૂદ્ધ છે એમ નથી કેટલાક શ્લોકો તો જે ઉપનિષદ્રૂપે પરંપરાથી ચાલતા આવેલા હતા તેજ ભગવાને અર્જુનને કહી દેખાડેલા છે અને કેટલુંક ભગવાનનું અર્જુન પ્રત્યે જે ભાષણ હતું તેજ વ્યાસમુનિએ શ્લોકરૂપે લખેલું છે. ભગવદ્ગીતા ગ્રંથ કયારે લખાયો તે વિષે પંડિતોમાં એમ માનવામાં આવે છે કે જ્યારે પરીક્ષિત્ રાજાના પુત્ર જનમેજયનું રાજ્ય થયું તે વખતે ભારત લખાયું અને તેમાં ભગવદ્ગીતા લખાઇ. કેટલાક લોકોનું કહેવું છે કે ઇસ્વીસનની પૂર્વે બસો વરસ ઉપર ભગવદ્ગીતા રચીને કોઇએ ભારતમાં દાખલકરી પરંતુ તે વાત તદ્દન નિર્મૂલ છે કારણ કે ભગવદ્ગીતા જે પદ્ધતિ ઉપર છે તેવાં બીજાં ઘણાં આખ્યાનો ભાર-

તમાં જોવામાં આવે છે અને કદાચિત્ કોઇ એમ કહે કે તે આખ્યાનો પણ પછવાડેથી દાખલ કરેલાં હશે ત્યારે ત્યાં એમ કહેવાનું કે, જો એમજ હોય ત્યારે તો સઘળું ભારતપણ ઇસ્વીસનની પૂર્વે બસેં વરસ ઉપર કેમ ન બન્યું હોય. તેમજ આવા શોધો ઉપરથી લોકોની કેવળ નાસ્તિકતા વધવા સિવાય કાંઇ ફાયદો થવાનો નથિ. લોકોની પરંપરામાં જે કહેવાતું આવ્યું છે કે મહાભારત વ્યાસમુનિએ રચેલ છે તો પછી વ્યાસમુનિએ શું બે હજાર વરસ સુધી ટગર ટગર જોયા કર્યું હશે અને ઇસ્વીસનની પૂર્વે બસો વરસ ઉપરજ તેમને ભારત તથા ગીતા લખવાનું સુજ્યું હશે. વ્યાસમુની પોતે પાંડવો વખતે હતા અને તેમની નજર આગળ કૌરવ પાંડવોનો વિગ્રહ થયો અને પોતે ઇશ્વિરાવતાર હતા તેથીજ આ મહાભારત જેવો ગ્રંથ બન્યો છે અને તેમાં ભગવદ્દગીતા જેવાં આખ્યાનો છે. મહાભારતની શૈલી, કવિતા, આખ્યાનો, જ્ઞાનઉપાસના અને કર્મ વગેરેનું વર્ણન, એ સર્વે જોતાં એ ગ્રંથ વ્યાસમુનિ સિવાય બીજાનો રચેલો ન હોવો જોઇએ એમ સિદ્ધ થાય છે.

આર્ય લોકોમાં ગીતાની ઘણી ભક્તિ છે. ગીતાનું નામ એટલું ઉત્તમ છે કે તે નામ બીજે ઘણે ઠેકાણે જોડવામાં આવ્યું છે. જેમકે રામગીતા, શિવગીતા, ભિક્ષુગીતા, સતીગીતા, અષ્ટાવક્રગીતા, વગેરે. ભગવદ્દગીતા ઉપર સાધારણ રીતે સંસ્કૃતમાં (૪૨) ટીકાઓ થયેલી છે એમ કહેવાય છે. પ્રાકૃતમાં પણ શામળ ભટ્ટ, પ્રેમાનન્દ, મુક્તાનન્દ, વગેરે ઘણા ગુજરાતી કવિયોએ કવિતામાં ભાષાન્તર કરેલાંછે. મરાઠીમાં પણ જ્ઞાનોબા, એકનાથ, તુકારામ વગેરે કવિયોએ કવિતામાં રચેલછે. હિંદુસ્થાની, બંગાલી, કર્ણાટકી, તૈલંગ, દ્રાવિડ, આંધ્ર અને બીજા ઘણા દેશોની ભાષામાં ભાષાન્તરો થયેલાં છે. ગુજરાતી ભાષામાં પણ ગદ્ય અને પદ્યમાં ઘણાં ભાષાન્તરો થયેલાં છે. આવો લોકપ્રિય ગ્રન્થ બીજો મળવો ઘણો દુર્લભ છે. દરેક આચાર્યોએ પણ પોત પોતાના સંપ્રદાયને અનુસરીને સંસ્કૃતમાં ભાષ્યો તથા ટીકાઓ કરેલી છે. આ સંબંધી કેટલોક ખુલાસો પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં કરેલો છે. સોગન આપતી વખતે પણ ગીતાનું પુસ્તક હાથમાં આપવાનો રિવાજ છે અને એ મહાપવિત્ર પુસ્તકના સોગન કોઇ ધર્મિષ્ઠ ખોટા ખાતો નથી. ગીતા વંચાવવાનો ચાલ મરણ વખતે પણ લોકોમાં ઘણોછે. મરણ વખતે શ્રી ભગવદ્દગીતાનો પાઠ સાંભળવાથી મનુષ્ય સદ્દગતિ પામેછે. વળી શ્રીમદ્દભાગવતની સપ્તાહ વંચાઇ રહ્યા પછી પણ ભગવદ્દગીતા વંચાવવાનો રિવાજ છે.

વિષ્ણુ સહસ્ત્રનામનું ભાષાન્તર ઘણું અગત્યનું છે. એના ઉપર શંકરાચાર્યનું ભાષ્ય છે. તેને આધારે આ ભાષાન્તર રચવામાં આવ્યું છે. ભાષ્યમાં શબ્દોની વ્યુત્પત્તિ અને શ્રુતિ સ્મૃતિ તથા પુરાણોનાં ઘણાં પ્રમાણો આપવામાં આવ્યાં છે. કેટલેક ઠેકાણે વ્યાકરણથી શબ્દો સિદ્ધ કરવામાં આવેલા છે, રામાનુજ વગેરે બીજા આચાર્યોનાં પણ વિષ્ણુ સહસ્ત્રનામ ઉપર ભાષ્યો છે. વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ આપણા લોકોમાં ઘણે ઠેકાણે કરવામાં આવે છે અને ઘણા લોકોની એવી જિજ્ઞાસા પણ છે કે તે સહસ્ત્રનામનો અર્થ હોય તો ઘણું સારૂં કે જે ઉપરથી આપણને ખબર પડી શકે કે આપણે ઇશ્વરનું જે નામ લઇએ છિયે તેનો આવો અર્થ છે. ભક્તિમાન્ લોકો વિષ્ણુ સહસ્ત્રનામનો

રોજ પાઠ કરે છે પણ તેઓમાંનો ઘણો ભાગ અર્થ જાણવાથી અજ્ઞાન હોય છે. તેઓને આ ભાષાન્તર ઘણું ઉપયોગી પડવાનો સંભવ છે. મહાભારતમાં વિષ્ણુ સહસ્રનામ એ એક રત્ન છે તેથી પાંચ રત્નોમાં તેની ગણના કરેલી છે. આ નામોમાં કોઈકોઈ સ્થળે પુનરૂક્તિ જેવું જોવામાં આવે છે પણ તેઓના અર્થમાં કેટલોક ફેરફાર હોવાથી તે પુનરૂક્તિ સમજવી નહીં અને ભગવાનના નામની પુનરૂક્તિ થાય તો પણ તે પુણ્યને અર્થેજ છે. સહસ્રનામનો અકારાદિ અનુક્રમ આપેલો છે તે લોકોને અમુક નામ શોધી કહાડવાને અથવા તેનો અર્થ સમજવો સુગમ પડે એટલા માટે છે. આ સ્તોત્રમાં ભગવાનના અવતારો અને ગુણ કર્મોના અનુસારે ઘણાં નામો છે તે વાંચનારાઓના લક્ષમાં આવી શકે એમ છે. ઇશ્વર પરાયણ થવાને માટે આ સ્તોત્ર ઘણું ઉપયોગી છે. વિષ્ણુની પૂજા વખતે આ સહસ્રનામ બોલીને તુલસી ચઢાવાય છે. આ સહસ્રનામ પ્રમાણે શિવ સહસ્રનામ, પુરુષોત્તમ સહસ્રનામ, દેવી સહસ્રનામ વગેરે બીજા દેવોના સહસ્રનામનાં સ્તોત્રો છે.

ભીષ્મસ્તવરાજ આ સ્તોત્ર પણ મહાભારતના પાંચ રત્નમાંનું એક રત્ન છે કૌરવ પાંડવોની લઢાઈ થઇ રહ્યા પછી મહારાજ યુધિષ્ઠિરને ગાદીએ બેસવાનો પ્રસંગ આવ્યો ત્યારે મહારાજ યુધિષ્ઠિરને પોતાના સંબંધીઓનો નાશ થવાથી ઘણો શોક ઉત્પન્ન થયો. પછી કેટલાક મહર્ષિયોએ રાજ્ય કરવાને યુધિષ્ઠિરને સમજાવ્યા પણ કોઇનું માન્યું નહિં ત્યારે શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને ભીષ્મની પાસે મોકલવાનો વિચાર કર્યો કારણ કે યુધિષ્ઠિરને પિતામહ ભીષ્મ ઉપર પૂર્ણ ભરોંસો હતો અને તે સમજતા હતા કે આપણા કુલમાં વૃદ્ધ અને જ્ઞાની તથા વીરપુરૂષ ભીષ્મ જેવો બીજો કોઇ નથી. પછી ભીષ્મ પાસે ગયા. તેમણે યુધિષ્ઠિરને રાજધર્મ, મોક્ષધર્મ, અને સ્રીધર્મ, વગેરે બાબતો સમજાવી અને કહ્યું કે તું રાજ્ય કર. અને શોકનો ત્યાગ કર; ભીષ્મની આજ્ઞા લઇ યુધિષ્ઠિર ગાદીએ બેઠા. ભીષ્મ શ્રીકૃષ્ણને ભગવાનનો અવતાર જાણતા હતા અને યોગી હતા માટે તેમણે ભગવાનની સ્તુતિ કરી તે આ ભીષ્મસ્તવરાજ સ્તોત્ર કહેવાય છે. આ સ્તોત્રનો પાઠ કરવાનો મહિમા ઘણો છે. તેથી આ સ્તોત્રનું પણ ભાષાન્તર કરેલું છે.

અનુસ્મૃતિ સ્તોત્ર પણ પંચ રત્નો માંહેનું એક છે. ભીષ્મસ્તવરાજ સ્તોત્રની પદ્ધતિ પ્રમાણે આ સ્તોત્રમાં સ્તુતિનો ક્રમ છે. અન્તકાલ વખતે આ સ્તુતિ કરવાનું ઘણું પુણ્ય જણાવેલું છે. પ્રત્યેક અવતાર રૂપે શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલી છે.

ગજેન્દ્રમોક્ષ એ પણ મહાભારતના પાંચ રત્નોમાંનું એક રત્ન છે, આ સ્તોત્રમાં હા હા અને હૂ હૂ નામના બે ગાંધર્વ દેવલમુનિના શાપથી ગજેન્દ્ર અને ગ્રાહની યોનીને પામેલા તેમની શ્રીકૃષ્ણ ભગવાને દર્શન આપી મુક્તિ કરી છે, ભાવિક પરમ વૈષ્ણવોને આ સ્તોત્રનો પાઠ મોક્ષદાતા છે.

ઉપનિષદો સંબંધી બાબત પેહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં જણાવેલી છે તેથી આ સ્થળે વધારે લખવાની જરૂર નથી. તો પણ થોડુંક તે વિષે જણાવવાનું કે આ ઉપનિષદોની શ્રુતિઓ ઘણા ગ્રન્થોમાં દૃષ્ટાન્ત આપવાને પ્રમાણ તરીકે કામ આવે છે, માટે તેના ભાષાન્તરની પણ ઘણી જરૂર છે. કેટલેક ઠેકાણે તે

શ્રુતિઓના કટકા આવેલા હોય છે પણ શ્રુતિનો આખો ભાગ કેટલો છે તે જાણવાની જ્યારે અગત્ય હોય ત્યારે આ આખી શ્રુતિયો જાણવી બહુ અનુકૂલ થઇ પડે. પ્રથમ આવૃત્તિ કરતાં આમાં પદચ્છેદનો વધારો કરવામાં આવ્યો છે. ભાષાન્તરનો મુખ્ય આધાર શ્રીમચ્છંકરાચાર્યનું ભાષ્ય છે. ઇશ્વરના ખરા સ્વરૂપનું વર્ણન આ શ્રુતિયોમાં છે. ઉપનિષદોનો અર્થ ઘણો ગહન હોય છે પણ શંકરાચાર્યનો આધાર તેને સુગમ કરે છે. હાલમાં વેદો ઉપર લોકોની આસ્થા ઘણી વધતી જાય છે અને જ્ઞાનમાર્ગ સમજવામાં લોકોની રુચિ છે તે ઉપરથી જણાય છે કે આ ભાષાન્તર લોકોને ઉપયોગમાં ઠીક આવશે.

પ્રથમ આવૃત્તિમાં ગીતા તથા ઉપનિષદોનું ભાષાન્તર શાસ્ત્રી રણછોડજી પાસેજ કરાવ્યું હતું પણ મારે સાધુ પ્રેમદાસજી સાથે ઘણા વર્ષનો ગાડો સ્નેહ હતો તેથી ભાષાન્તર કર્ત્તા તરીકે તેમનું નામ આપવામાં આવ્યું હતું.

ઘણી વખતે પ્રમાણ આપવાને ગીતાનો કોઇપણ શ્લોક જોવામાં લોકોને બહુ મુસ્કેલી પડે છે માટે ગ્રન્થના પશ્ચાત ભાગમાં તેની આકારાદિ અનુક્રમણિકા પણ આપવામાં આવી છે. તેથી હરકોઇ શ્લોક જોવો હશે તો તેને ઘણી સુગમતા પડશે.

આ ગ્રન્થની પહેલી આવૃત્તિ ઘણીજ થોડી મુદતમાં ખપીગઈ હતી અને દેશાવરના તથા મુંબઇના ગૃહસ્થો તરફથી ફરી છપાવવાને ઘણો આગ્રહ થયો હતો પરંતુ કેટલાંક કારણોથી આ ગ્રન્થ છપાવવામાં ઘણી ઢીલ થઇ છે તેથી સુજ્ઞજનો ક્ષમા કરશે. આ આવૃત્તિમાં પદચ્છેદનો તથા બીજો કેટલોક વધારો કરવામાં આવ્યો છે.

તા૦ ૧૨ મી એપ્રીલ સને ૧૯૧૨. } માસ્તર. બળદેવરામ કૃષ્ણરામ ભટ્ટ.
શ્રી. ભ. ગી. ભાષાન્તર પ્રસિદ્ધ કર્ત્તા.



प्रस्तावना.

ત્રીજી આવૃત્તિ.

આ ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના લખતાં મને અત્યંત આનંદ થાય છે. કારણ કે, મારા પિતાશ્રીએ જેની બે આવૃત્તિઓ છપાવી હતી તેની ત્રીજી આવૃત્તિ છપાવવાનો સમય પરમેશ્વરે મને આપ્યો છે. મારા પિતાશ્રીની વખતના ગ્રાહકો મારા ઉપર પણ તેટલોજ પ્રેમ રાખે છે. એ જાણી હું ઘણો પ્રસન્ન થાઉંછું આ આવૃત્તિમાં કંઇપણ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સુજ્ઞ વાચકોને મારી ખાસ એક નમ્ર પ્રાર્થના છે કે આ પુસ્તકના ગીતા વગેરેના પ્રત્યેક ભાગમાંથી જેટલા ભાગનો પ્રતિદિન પાઠ કરવામાં આવે તેટલા ભાગનું શાન્ત ચિત્તથી મનન કરવું અને તેમાં કહ્યા પ્રમાણે બનેતેટલું આચરણ કરવા ચુકવું નહિ અને જો તેમ નહિ થાય ને માત્ર પોપટની પેઠેજ વાંચવામાં આવશે તો, ગીતા વગેરેના મહાત્મ્યમાં લખેલો લાભ ઘણે ભાગે મળશે નહિ એ સ્પષ્ટ છે. માટે આ ગીતા રૂપી અમૃત રસનું શાન્ત ચિત્તથી ધીમે ધીમે ને ટીપે ટીપે પણ નિરંતર પાન કરી તેનો પૂરતો લાભ લેશોજી.

આ આવૃત્તિ છાપવામાં દૃષ્ટિ દોષથી કોઇ ભૂલ રહેલી માલુમ પડે તો સુજ્ઞ ગ્રાહકે સુધારી વાંચી લેવાની કૃપા કરવી.

માતર—જીલ્લે ખેડા.
તા. ૧-૬-૧૨ શનીવાર.
સં. ૧૯૬૮

લી. સેવક,


જટાશંકર બલદેવરામ કૃષ્ણરામ ભટ્ટ.


अनुक्रमणिका.



॥ अथश्रीमद्भगवद्गीतार्थवाङ्मयीमूर्तिः ॥ श्लोकौ ॥ वक्त्राणि पंच जानिहि पंचाध्यायाननुक्रमात् ॥ दशाध्याया भुजाश्चैक मुदरं द्वौ पदांबुजे ॥ १ ॥ एवमष्टादशाध्यायी वाङ्मयी मूर्तिरैश्वरी ॥ जानीहि ज्ञानमात्रेण महापातक नाशिनी ॥ २ ॥ श्रीकृष्णार्पणमस्तु ॥

आ मूर्तिमां अंक मुकवानो मतलब अे छे के जे जे अध्यायनां जे जे अंग छे ते अंगोमां अे अध्यायोना अंक लख्या छे


युद्धप्रसंग.
कृष्ण अर्जुननो रथ
अर्जुन


व्यासमुनि
धृतराष्ट्र

॥ अथश्रीमद्भगवद्गीतामाहात्म्यम् ॥

गीताशास्त्रमिदंपुण्यंयःपठेत्प्रयतःपुमान् ॥
विष्णोःपदमवाप्नोति भयशोकादिवर्जितः ॥ १ ॥
गीताऽध्ययनंशीलस्य प्राणायामपरस्यच ॥
नैवसन्तिहिपापानि पूर्वजन्मकृतानिच ॥ २ ॥
मलनिर्मोचनंपुंसां जलस्नानंदिनेदिने ॥
सकृद्गीताम्भसिस्नानं संसारमलनाशनम् ॥ ३ ॥
गीतासुगीताकर्त्तव्या किमन्यैःशास्त्रसङ्ग्रहैः ॥
यास्वयंपद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥ ४ ॥
भारतामृतसर्वस्वं विष्णोर्वक्त्राद्विनिःसृतम् ॥
गीतागङ्गोदकंपीत्वा पुनर्जन्मनविद्यते ॥ ५ ॥
सर्वोपनिषदोगावो दोग्धागोपालनन्दनः ॥
पार्थोवत्सःसुधीर्भोक्ता दुग्धंगीताऽमृतंमहत् ॥ ६ ॥

જે પુરૂષ તત્પર થઇ આ પવિત્ર ગીતાશાસ્ત્ર ભણે તે પુરૂષ ભય શોકાદિકથી રહિત થઇ વિષ્ણુના પદને પામે છે. ॥ ૧ ॥

જે નિરન્તર ગીતાનું અધ્યયન કરે છે અને જે નિરન્તર પ્રાણાયામ કરવામાં તત્પર છે તેનાં આ જન્મ અને પૂર્વજન્મનાં કરેલાં પાપજ નથિ. અર્થાત્ સર્વ પાપ નાશ પામે છે. ॥ ૨ ॥

પુરૂષોને પ્રત્યેક દિવસમાં જલનું સ્નાન મલ મટાડનારૂં છે અને આ ગીતારૂપી જલમાં એક વખત કરેલું સ્નાન સંસારરૂપ મલનો નાશ કરનારૂં છે. ॥ ૩ ॥

ગીતાનું સારી રીતે ગાન કરવું પણ બીજાં શાસ્ત્રોના સંગ્રહથી શું ? કારણકે જે ગીતા સાક્ષાત્ પદ્મનાભના મુખ કમલમાંથી નિકળેલી છે. ॥ ૪ ॥

ભારતરૂપી અમૃત આ સર્વસ્વ વિષ્ણુના મુખથી નિકળેલું છે, તે આ ગીતારૂપ ગંગાજલનું પાન કર્યા પછી ફરીને જન્મ થતો નથિ. ॥ ૫ ॥

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે, દોહન કરનારા ગોપાલનન્દન છે, શ્રેષ્ઠ બુદ્ધિવાળા પાર્થરૂપી વત્સ ભોક્તા છે, અને આ મહોટું ગીતારૂપ અમૃત દુગ્ધ છે. ॥ ૬ ॥

एकंशास्त्रंदेवकीपुत्रगीत-मेकोदेवो देवकीपुत्रएव ॥
एकोमंत्रस्तस्यनामानियानि कर्माप्येकंतस्यदेवस्यसेवा ।७।

કેવળ દેવકીપુત્રે ગાયન કરેલું આ શાસ્ત્ર છે, કેવળ દેવકીપુત્રજ દેવ છે, તેનાં જે નામ છે તેજ કેવળ મંત્ર છે અને કર્મ પણ કેવળ તે દેવની સેવા કરવી એજછે. ॥ ૭ ॥

॥ धरोवाच ॥

भगवन्परमेशान भक्तिरव्यभिचारिणी ॥
प्रारब्धं भुज्यमानस्य कथं भवति हे प्रभो ॥ ८ ॥

॥ विष्णुरुवाच ॥

प्रारब्धं भुज्यमानो हि गीताभ्यासरतः सदा ॥
समुक्तःस सुखी लोके कर्मणा नोपलिप्यते ॥ ९ ॥
महापापादिपापानि गीताध्यानं करोति चेत् ॥
क्वचित्स्पर्शं न कुर्वन्ति नलिनीदलमम्बुवत् ॥ १० ॥
गीतायाः पुस्तकं यत्र यत्र पाठः प्रवर्त्तते ॥
तत्र सर्वाणि तीर्थानि प्रयागादीनि तत्र वै ॥ ११ ॥

पृथ्वी कहे छे—के हे भगवान्! हे मोहोटा ईश्वर! हे समर्थ! प्रारब्ध भोगवनार पुरुषने भगवानની એક નિષ્ઠાવાળી ભક્તિ કેમ રીતે થાય તે આપ કહી દેખાડો. ॥ ૮ ॥

श्रीविष्णु कहे छे—હે પૃથ્વી! જે મનુષ્ય પ્રારબ્ધ ભોગવતાં છતાં ગીતાનો અભ્યાસ કરવામાં નિરન્તર તત્પર છે તે લોકમાં સુખી સમજવો અને તે મુક્ત સમજવો અને તે કર્મથી લેપાતો નથી. ॥ ૯ ॥

મનુષ્ય જો ભગવદ્‌ગીતાનું ધ્યાન કરે તો કમલિનનાં પાંદડાંને જેમ કદી પાણી સ્પર્શ કરતું નથી તેમ તેને મહાપાપ વગેરે પાપો કોઇપણ વખતે સ્પર્શ કરતાં નથી. ॥ ૧૦ ॥

જે ઠેકાણે ગીતાનું પુસ્તક છે અને જ્યાં રોજ ગીતાનો પાઠ થયા કરે છે ત્યાં સર્વ તીર્થો આવીને રહેછે અને પ્રયાગ વગેરે તીર્થો પણ ત્યાંજ રહેછે. ॥ ૧૧ ॥

सर्वे देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ॥
गोपाला गोपिका वापि नारदोद्धवपार्षदैः ॥ १२ ॥
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्त्तते ॥
यत्र गीताविचारश्च पठनं पाठनं श्रुतम् ॥
तत्राहं निश्चितं पृथ्वि निवसामि सदैव हि ॥ १३ ॥
गीताश्रयेहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम् ॥
गीताज्ञानमुपाश्रित्य त्रींल्लोकान् पालयाम्यहम् ॥ १४ ॥
गीता मे परमा विद्या ब्रह्मरुपा न संशयः ॥
अर्द्धमात्राक्षरानित्या स्वानिर्वाच्यपदात्मिका ॥ १५ ॥
चिदानन्देन कृष्णेन प्रोक्ता स्वमुखतोऽर्जुनम् ॥
वेदत्रयी परानन्दा तत्वार्थज्ञानसंयुता ॥ १६ ॥
योऽष्टादशजपो नित्यं नरो निश्चलमानसः ॥
ज्ञानसिद्धिं स लभते ततो याति परं पदम् ॥ १७ ॥

સર્વે દેવો, ઋષિયો યોગીઓ, પન્નગ, ગોપાળ, ગોપિકા, નારદ, ઉદ્ધવ અને ભગવાન્‌ના બીજા પાર્ષદો પણ જ્યાં ગીતાનો પાઠ થાય છે ત્યાં સહાયરૂપે થાય છે. હે પૃથ્વી ! જે ઠેકાણે ગીતાનો પાઠ અને પઠન પાઠન સાંભળવામાં આવે છે ત્યાં હું જરૂર નિરન્તર વસું છું ॥ ૧૨ ॥ ૧૩ ॥

ગીતાનો આશ્રય લઇ હું રહું છું, ગીતા મારૂં ઉત્તમ ઘર છે, ગીતાના જ્ઞાનનો આશ્રય કરી ત્રણ લોકનું હું પાલન કરૂં છું. ॥ ૧૪ ।

ગીતા મારી પરમ વિદ્યા છે. અને તે વિદ્યા બ્રહ્મરૂપ છે એમાં કાંઇ સંશય નથી. અર્ધમાત્રા અક્ષરવાળી છે, નિત્ય છે, તથા પોતાનું અનિર્વાચ્ય જે પદ તે સ્વરૂપવાળી છે. ॥ ૧૫ ॥

તે ગીતા ચિદાનન્દરૂપ શ્રીકૃષ્ણ ભગવાને પોતાના મુખથી અર્જુનને કહેલી છે, તે ગીતા ત્રણ વેદરૂપ છે, પરમ આનન્દવાળી છે અને તત્ત્વાર્થના જ્ઞાનથી યુક્તછે. ॥ ૧૬ ॥

જે પુરુષ નિશ્ચલ મનવાળો થઇ નિરન્તર અઢાર અધ્યાયનો પાઠ કરે છે તે પુરૂષ જ્ઞાન સિદ્ધિને પામે છે અને ત્યારપછી પરમ પદને પામે છે. ॥ ૧૭ ॥

पाठेऽसमर्थः संपूर्णे ततोऽर्द्धं पाठमाचरेत् ॥
तदा गोदानजं पुण्यं लभते नात्र संशयः ॥ १८ ॥
त्रिभागं पठमानस्तु गंगास्नानफलं लभेत् ॥
षडंशं जपमानस्तु सोमयागफलं लभेत् ॥ १९ ॥
एकाध्यायं तु यो नित्यं पठते भक्तिसंयुतः ॥
रुद्रलोकमवाप्नोति गणो भूत्वा वसेच्चिरम् ॥ २० ॥
अध्यायं श्लोकपादं वा नित्यं यः पठते नरः ॥
स याति नरतां यावन्मन्वंतरं वसुंधरे ॥ २१ ॥
गीतायाः श्लोकदशकं सप्त पंच चतुष्टयम् ॥
द्वौ त्रीनेकं तदर्द्धं वा श्लोकानां यः पठेन्नरः ॥ २२ ॥
चन्द्रलोकमवाप्नोति वर्षाणामयुतं ध्रुवम् ॥
गीतापाठसमायुक्तो मृतो मानुषतां व्रजेत् ॥ २३ ॥
गीताभ्यासं पुनः कृत्वा लभते मुक्तिमुत्तमाम् ॥
गीतेत्युच्चारसंयुक्तो म्रियमाणो गतिं लभेत् ॥ २४ ॥

સમગ્ર ગીતાનો પાઠ કરવામાં અસમર્થ હોય તેણે અર્ધો પાઠ કરવો તે થકી ગાયનું દાન આપવા જેટલું પુણ્ય મેળવે છે એમાં કાંઇ સંશય નથી. ।। ૧૮ ।।

ગીતાના ત્રીજા ભાગનો જે માણસ પાઠ કરે છે તેને ગંગા સ્નાનનું ફળ મળે છે અને છઠ્ઠા ભાગનો જે જપ કરે છે તેને સોમયાગનું ફલ મળે છે. ।। ૧૯ ।।

ભક્તિ યુક્ત થઈ ગીતાના એક અધ્યાયનો જે મનુષ્ય નિત્ય પાઠ કરે છે તે રુદ્ર લોકને પામે છે અને રુદ્રનો ગણ થઈ ઘણા કાલ પર્યન્ત રહે છે. ।। ૨૦ ।।

હે પૃથ્વી ! એક અધ્યાયનો અથવા શ્લોકના ચોથા પાદનો પણ જે પુરુષ નિરન્તર પાઠ કરે છે, તે પુરુષ જ્યાં સુધી મન્વન્તર રહે ત્યાં સુધી મનુષ્યપણું પામે છે. ।। ૨૧ ।।

ગીતાના દશ શ્લોક, સાત શ્લોક, પાંચ શ્લોક, ચાર શ્લોક, બે શ્લોક, એક શ્લોક, અથવા અર્ધા શ્લોકનો પણ જે મનુષ્ય પાઠ કરે છે તે હજારો વર્ષ સુધી અવશ્ય ચન્દ્ર લોકને પામે છે. અને ગીતાનો પાઠ કરનાર મનુષ્ય મરણ પામ્યા પછી પણ મનુષ્યપણાને પામે છે. ।। ૨૨ ।। ૨૩ ।।

પછી ગીતાનો અભ્યાસ કરીને ઉત્તમ મુક્તિ પામે છે. મરવા વખતે ગીતા એવા નામનો ઉચ્ચાર કરનાર પણ સદ્ગતિને પામે છે. ।। ૨૪ ।।

गीतार्थं श्रवणासक्तो महापापयुतोपि वा ॥
वैकुंठं समवाप्नोति विष्णुना सह मोदते ॥ २५ ॥
गीतार्थं ध्यायते नित्यं कृत्वा कर्माणि भूरिशः ॥
जीवन्मुक्तः स विज्ञेयो देहान्ते परमं पदम् ॥ २६ ॥
गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ॥
निर्धूतकल्मषा लोके गीता याताः परं पदम् ॥ २७ ॥
गीताया पठनं कृत्वा माहात्म्यं नैव यः पठेत् ॥
वृथा पाठो भवेत्तस्य श्रम एव ह्युदाहृतः ॥ २८ ॥
एतन्माहात्म्यसंयुक्तं गीताभ्यासं करोति यः ॥
स तत्फलमवाप्नोति दुर्लभां गतिमुत्तमाम् ॥ २९ ॥

ગીતાનો અર્થ જાણવામાં આસક્તિવાળો પુરુષ જોઇએ તો મહા પાપવાળો હોય તો પણ વૈકુંઠને પામે છે અને વિષ્ણુ સાથે આનન્દથી રહે છે. ॥ ૨૫ ॥

ઘણાં સત્કર્મ કરીને ગીતાના અર્થનો જે નિરન્તર વિચાર કરે છે તેને જીવન્મુક્ત જાણવો અને તે મરણ પામી પરમ પદને પામે છે. ॥ ૨૬ ॥

ગીતાનો આશ્રય કરી જનક વગેરે ઘણા રાજાઓ પાપ રહિત થઈ પરમ પદ પામ્યા છે અને લોકમાં તેની કીર્ત્તિ છે. ॥ ૨૭ ॥

ગીતાનો પાઠ કરી જે પુરુષ માહાત્મ્યનો પાઠ કરતો નથી તેનો પાઠ ફોકટ જાય છે અને તે કેવળ અમસ્થો પરિશ્રમ છે. ॥ ૨૮ ॥

જે પુરુષ આ માહાત્મ્ય સહિત રોજ ગીતાનો અભ્યાસ કરે છે તે અભ્યાસનું ફળ પામે છે અને ઉત્તમ તથા દુર્લભ ગતિને પામે છે. ॥ ૨૯ ॥

॥ सूत उवाच ॥

माहात्म्यमेतद्गीतायाः मया प्रोक्तं सनातनम् ॥
गीतान्ते च पठेद्यस्तु यदुक्तं तत्फलं लभेत् ॥३०॥

સૂત કહેછે કે હે શૌનકાદિ ૠષિયો ! મેં જે આ સનાતન ગીતાનું મહાત્મ્ય કહેલું છે તેને ગીતાનો પાઠ કર્યા પછી જે માણસ ભણે છે તે ઉપર કહેલા ફલને પામે છે. ॥ ૩૦ ॥

॥ इति श्रीवाराहपुराणे श्रीगीतामाहात्म्यं संपूर्णम् ॥

॥ अथमङ्गलम् ॥

नारायणंनमस्कृत्य नरंचैवनरोत्तमम् ॥
देवींसरस्वतींचैव ततोजयमुदीरयेत् ॥ १ ॥

નારાયણને નમસ્કાર કરીને તથા નરોમાં ઉત્તમ એવા નરને નમસ્કાર કરીને તથા સરસ્વતીદેવીને નમસ્કાર કરીને પછી ગ્રન્થનો આરંભ કરવો. ॥ ૧ ॥

व्यासंवसिष्ठनप्तारं शक्तेःपौत्रमकल्मषम् ॥
पराशरात्मजंवन्दे शुकतातंतपोनिधिम् ॥ २ ॥

વસિષ્ઠ ઋષિના પ્રપૌત્ર, શક્તિ નામના ઋષિના પૌત્ર, પરાશરના પુત્ર, શુકદેવજીના પિતા, સર્વ પાપ રહિત અને તપના ભંડારરૂપ વ્યાસમુનિને નમસ્કાર કરૂં છું. ॥ ૨ ॥

व्यासायविष्णुरूपाय व्यासरूपायविष्णवे ॥
नमोवैब्रह्मविधये वासिष्ठायनमोनमः ॥ ३ ॥

વિષ્ણુરૂપ વ્યાસને નમસ્કાર કરૂં છું અને વ્યાસરૂપ વિષ્ણુને નમસ્કાર કરૂં છું વસિષ્ઠ કુલમાં ઉત્પન્ન થયેલા અને વેદનો વિભાગ કરનાર વ્યાસમુનિને વારવાર નમસ્કાર કરૂં છું. ॥ ૩ ॥

अचतुर्वदनोब्रह्मा द्विबाहुरपरोहरिः ॥
अभाललोचनःशम्भु र्भगवान्बादरायणः ॥ ४ ॥

ભગવાન્ વ્યાસમુનિ કેવા છે કે, ચાર મુખ સિવાય સાક્ષાત્ બ્રહ્મા છે, બે હાથવાળા બીજા વિષ્ણુ છે, અને કપાળમાં ત્રીજા નેત્ર સિવાય સાક્ષાત્ શંકર છે. ॥ ૪ ॥

॥ अथकरन्यास ॥

॥ श्रीगोपालकृष्णायनमः ॥

ॐ अस्यश्रीभगवद्गीतामालामन्त्रस्य भगवान्वेदव्यासऋषिः ॥ अनुष्टुप्छन्दः ॥ श्रीकृष्णःपरमात्मादेवता ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्चभाषसइतिबीजम् ॥ सर्वधर्मान्परित्यज्य

मामेकंशरणंव्रजेतिशक्तिः ॥ अहंत्वांसर्वपापेभ्योमोक्षयिष्यामिमाशुचइतिकीलम् ॥ नैनंछिन्दन्ति शस्त्राणिनैनंदहतिपावकइत्यङ्गुष्ठाभ्यांनमः ॥ नचैनंक्लेदयन्त्यापोनशोषयतिमारुतइतितर्जनीभ्यांनमः ॥ अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्यएवचेतिमध्यमाभ्यांनमः ॥ नित्यःसर्वगतःस्थाणुरचलोऽयंसनातनइत्यनामिकाभ्यांनमः ॥ पश्यमेपार्थरूपाणिशतशोऽथसहस्रशइतिकनिष्ठिकाभ्यांनमः ॥ नानाविधानिदिव्यानिनानावर्णाकृतीनिचेतिकरतलकरपृष्ठाभ्यांनमः ॥

॥ अथकरन्यास ॥

ॐ આ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા માલા મંત્રના ભગવાન્ વેદ વ્યાસ ઋષિ છે. અનુષ્ટૂપ્ છંદ છે. શ્રીકૃષ્ણ પરમાત્મા દેવતા છે. ॥ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ॥ એ બીજ છે. ॥ सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥ એ શક્તિ છે. ॥ अहं त्वां सर्वपापेभ्योमोक्षयिष्यामि मा शुचः ॥ એ કીલક છે. ॥ नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥ એણે કરીને બે અંગુઠાને નમસ્કાર. ॥ न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ એણે કરીને બે તર્જનીને નમસ્કાર. ॥ अच्छेद्योऽय मदाह्यो ऽय मक्लेद्योऽशोष्य एव च ॥ એણે કરીને બે મધ્યમાને નમસ્કાર. ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः એણે કરીને બે અનામિકાને નમસ્કાર. ॥ पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ॥ એણે કરીને બે કનિષ્ઠિકાને નમસ્કાર. ॥ नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥ એણે કરીને હાથનું તલ અને હાથના પૃષ્ઠ ભાગને નમસ્કાર. એ પ્રમાણે કરન્યાસ સમજવા.

॥ इतिकरन्यासः ॥

॥ अथहृदयादिन्यासः ॥

नैनंछिन्दन्तिशस्त्राणिनैनंदहतिपावकइतिहृदयायनमः ॥ नचैनंक्लेदयन्त्यापोनशोषयतिमारुतइतिशिरसेस्वाहा ॥ अच्छेद्योऽ

यमदाह्योऽयमक्लेद्योऽशोष्यएवचेतिशिखायैवषट् नित्यः सर्वगतः स्थाणुरचलोऽयंसनातनइतिकवचायहुम् ॥ पश्यमेपार्थरूपाणि-शतशोऽथसहस्रशइतिनेत्रत्रयायवौषट् ॥ नानाविधानिदिव्यानि नानावर्णाकृतीनिचेत्यस्त्रायफट् ॥ श्री कृष्णप्रीत्यर्थंपाठेविनियोगः ॥

॥ अथ हृदयादि न्यासः ॥

नैनंछिन्दन्ति शस्त्राणिनैनं दहति पावकः ॥ એણે કરીને હૃદયને નમસ્કાર. ॥ न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ એણે કરીને શિરને સ્વાહા. अच्छेद्योऽय मदाह्योऽय मक्लेद्योऽशोष्य एव च ॥ એણે કરી શિખાને वषट् ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातन એણે કરીને कवचायहुम् ॥ पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ॥ એણે કરીને नेत्रत्रयाय वौषट् ॥ नानावर्णाकृतीनि च ॥ એણે કરીને अस्त्राय फट् ॥ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રીતિને માટે જપમાં વિનિયોગ છે. ॥

॥ इतिहृदयादिन्यासः ॥

॥ अथध्यानम् ॥

ॐ पार्थायप्रतिबोधितांभगवतानारायणेनस्वयं
व्यासेनग्रथितांपुराणमुनिनामध्येमहाभारते ॥
अद्वैतामृतवर्षिणींभगवतीमष्टादशाध्यायिनी
मम्बत्वामनुसन्दधामिभगवद्गीतेभवद्वेषिणीम् ॥ १ ॥

શ્રીમદ્ભગવદ્‌ગીતા ભગવાન્ નારાયણે પોતે અર્જુનને કહી દેખાડેલ છે, પુરાણ વ્યાસમુનિએ મહાભારતમાં શ્લોકરૂપે રચેલ છે, અદ્વૈતરૂપી અમૃતને વૃષ્ટિ કરનાર છે, અઢાર અધ્યાયવાળી અને સંસારનો નાશ કનારી છે, તેવી હે ભગવદ્‌ગીતા ! હે ભગવતી માતા ! હું તમોને નિરન્તર સ્મરણ કરૂં છું. ॥ ૧ ॥

नमोऽस्तुतेव्यासविशालबुद्धेफुल्लारविन्दायतपत्रनेत्र ॥
येनत्वयाभारततैलपूर्णःप्रज्वालितोज्ञानमयःप्रदीपः ॥ २ ॥

હે વિશાલ બુદ્ધિવાળા ! હે પ્રકાશમાન નેત્ર સરખાં લાંબા નેત્રવાળા ! હે વ્યાસ-મુની ! તમને નમસ્કાર હો. જે તમે ભારતરૂપી તેલથી સંપૂર્ણ જ્ઞાનરૂપી દીવો પ્રગટ કરેલો છે. ॥ ૨ ॥

प्रपन्नपारिजातायतोत्रवेत्रैकपाणये ॥
ज्ञानमुद्रायकृष्णायगीतामृतदुहेनमः ॥ ३ ॥

શરણાગતના રક્ષણરૂપ, પરોણો અને છડી હાથમાં રાખનારા, જ્ઞાનસ્વરૂપ, તથા ગીતારૂપી અમૃતનું દોહન કરનારા શ્રીકૃષ્ણ ભગવાન્ તમોને નમસ્કાર કરૂંછું. ॥ ૩ ॥

सर्वोपनिषदोगावोदोग्धागोपालनन्दनः ॥
पार्थोवत्सःसुधीर्भोक्तादुग्धंगीताऽमृतंमहत् ॥ ४ ॥

સર્વ ઉપનિષદો ગાયોરૂપ છે, નન્દપુત્ર દોહન કરનારા છે, અર્જુન વાછડા રૂપે દુગ્ધપાન કરનાર છે, ગીતારૂપી મ્હોટું અમૃત દોહન કરેલું છે અને શ્રેષ્ઠ બુદ્ધિમાન્ પુરુષ તેના ભોક્તા છે. ॥ ૪ ॥

वसुदेवसुतंदेवंकंसचाणूरमर्द्दनम् ॥
देवकीपरमानन्दंकृष्णंवन्देजगद्गुरुम् ॥ ५ ॥

વસુદેવના પુત્ર, દેવ, કંસ ચાણૂરને નાશ કરનાર, દેવકીના પરમ આનન્દરૂપ અને જગતના ગુરુરૂપ શ્રીકૃષ્ણ પમાત્માને નમસ્કાર કરૂં છું. ॥ ૫ ॥

भीष्मद्रोणतटाजयद्रथजलागांधारनिलोत्पला
शल्यग्राहवतीकृपेणवहनीकर्णेनवेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरादुर्योधनावर्त्तिनी
सोत्तीर्णाखलुपाण्डवैरणनदीकैवर्त्तकः केशवः ॥ ६ ॥

રણસંગ્રામ રૂપી નદી પાંડવો તરી ગયા તેમાં તારનાર ભગવાન્ શ્રીકૃષ્ણ હતા. તે નદીમાં ભીષ્મદ્રોણરૂપી તટવાળી, જયદ્રથરૂપી જલવાળી, શકુનિરૂપી નીલકમલવાળી, શલ્યરૂપી ઝૂડવાળી, કૃપાચાર્યરૂપી વહનવાળી, કર્ણરૂપી અન્દરના તટવાળી અશ્વત્થામા તથા વિકર્ણરૂપી ઘોર મગરવાળી, અને દુર્યોધનરૂપી વમલવાળી તે નદી હતી. ॥૬॥

पाराशर्य्यवचःसरोजममलंगीतार्थगन्धोत्कटं
नानाख्यानककेसरंहरिकथासम्बोधनाबोधितम् ॥
लोकेसज्जनषट्पदैरहरहःपेपीयमानंमुदा
भूयाद्भारतपङ्कजंकलिमलप्रध्वंसिनःश्रेयसे ॥ ७ ॥

વ્યાસમુનિના વચનરૂપી કમલ નિર્મલ છે, ગીતાના અર્થરૂપી ગન્ધે કરીને પ્રકાશમાન છે, નાના પ્રકારનાં આખ્યાનરૂપી કેસરવાળું છે, હરિકથારૂપી કિરણોથી પ્રકાશમાન થયેલું છે, લોકમાં સજ્જનરૂપી ભ્રમરાઓએ રોજ વારંવાર હર્ષથી પાન કરેલું છે, કલિયુગના પાપરૂપી મેલને નાશ કરનારૂં છે અથવા ક્લેશરૂપી મેલને નાશ કરનારૂં છે, તે ભારતરૂપી કમલ અમારૂં કલ્યાણ કરો. ॥ ૭ ॥

मूकंकरोतिवाचालंपंगुंलङ्घयतेगिरिम् ॥
यत्कृपातमहंवन्देपरमानन्दमाधवम् ॥ ८ ॥

જે ભગવાનની કૃપા મુંગાને પણ વાણીથી પરિપૂર્ણ કરે છે અને પાંગળાને પણ પર્વતનું ઉલ્લંઘન કરાવે છે તે પરમાનન્દ માધવને હું નમસ્કાર કરૂં છું. ॥ ૮ ॥

यंब्रह्मावरुणेन्द्ररुद्रमरुतःस्तुन्वन्तिदिव्यैस्तवै
र्वेदैः साङ्गपदक्रमोपनिषदैर्गायन्तियंसामगाः ॥
ध्यानाऽवस्थिततद्गतेनमनसापश्यन्तियंयोगिनो
यस्यान्तंनविदुःसुरासुरगणादेवायतस्मैनमः ॥ ९ ॥

બ્રહ્મા, વરુણ, ઇન્દ્ર, રુદ્ર અને મરુત જે પરમેશ્વરની સ્તુતિ દિવ્ય સ્તોત્રોવડે કરે છે, તથા સામગાન કરનારા પુરુષો અંગ, પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદોવડે જે પરમેશ્વરનું ગાન કરે છે તથા યોગી પુરુષો ધ્યાનમાં તત્પર એવા મનવડે જે પરમાત્માને જુએ છે તથા સુર અને અસુરના સમૂહો જેનો પાર પામતા નથી તે પરમાત્માને નમસ્કાર કરૂં છું. ॥ ૯ ॥

॥ इतिध्यानम् ॐ ॥

॥ श्रीकृष्णायनमः ॥

अथगुर्जरभाषाव्याख्यासहिता

श्रीमद्भगवद्गीताप्रारभ्यते.

धृतराष्ट्रउवाच.

मूलम्—**धर्मक्षेत्रेकुरुक्षेत्रे समवेतायुयुत्सवः ॥**
मामकाःपाण्डवाश्चैव किमकुर्वतसंजय ! ॥१॥

पदानि—**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेताः युयुत्सवः ॥**
मामकाः पाण्डवाः च एव किम् अकुर्वत संजय ॥१॥

अन्वयार्थः—संजय હે સંજય ! **धर्मक्षेत्रे** ધર્મના ક્ષેત્રરૂપ **कुरुक्षेत्रे** કુરૂક્ષેત્રમાં **समवेताः** મળેલા **युयुत्सवः** યુદ્ધની ઈચ્છાવાળા **मामकाः** મારા પુત્રો **च** તથા **पाण्डवाः** પાંડુના પુત્રો **एव** નિશ્ચે **किम्** શું **अकुर्वत** કરતા હવા. ॥ ૧ ॥

टीका—શ્રીવ્યાસજીના શિષ્ય સંજયને ધૃતરાષ્ટ્રે પુછ્યું જે હે સંજય ! (રાગાદિ દોષને સારી રીતે જીતનાર) સંસ્કારરૂપ એવાં જે ધર્મનાં બીજ તેનો ઉદય થવાની ભૂમિ જે કુરૂક્ષેત્ર તેને વિષે મળેલા અને યુદ્ધની ઉત્કંઠાવાળા મારા દુર્યોધનાદિ પુત્રો અને પાંડુના યુધિષ્ઠિરાદિ પુત્રો પરસ્પર યુદ્ધ કરવા સારૂજ ગયા છે તથાપિ દૈવનિર્મિત બુદ્ધિ ક્ષણિક વ્યવસ્થાવાળી હોય છે માટે તેઓએ ત્યાં શું કાર્ય કર્યું ? ॥ ૧ ॥

किम् એવો જે ધૃતરાષ્ટ્રે પ્રશ્ન કર્યો છે તે પ્રશ્નના સ્થાનમાં **कथं** એવી રીતેનો પ્રશ્ન સંભવે છે તથાપિ કૌરવ પાંડવોમાં દેવ, ધર્મ અને જ્ઞાનનો ભેદ છે તેથી સંશયયુક્ત થઇને **किम्** એવો પ્રશ્ન કર્યો છે.

---

* શ્રી મહાભારતમાં ભીષ્મપર્વના પચ્ચીશમા અધ્યાયમાં આ પ્રસંગ ધૃતરાષ્ટ્ર સંજયને પુછે છે.

संजयउवाच.

मूलम्—दृष्ट्वातुपाण्डवानीकं व्यूढंदुर्योधनस्तदा ॥
आचार्यमुपसंगम्य राजावचनमब्रवीत् ॥ २ ॥

पदानि—दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनः तदा ॥
आचार्यं उपसंगम्य राजा वचनं अब्रवीत् ॥ २ ॥

अन्वयार्थः—**तदा-तु** તે વખતે તો **राजा** રાજા **दुर्योधनः** દુર્યોધન **व्यूढं** વ્યૂહરચનાયુક્ત **पांडवानीकम्** પાંડવની સેનાને **दृष्ट्वा** દેખીને **आचार्यं उपसंगम्य** આચાર્યની પાસે જઈ **वचनम्** વચનને **अब्रवीत्** કહેતો હવો.

टीका—એ પ્રકારે પુછનાર ધૃતરાષ્ટ્રને સંજય કહે છે કે હે રાજન્ ! તે પૂર્વોક્ત ભારતના પ્રારંભમાં તે સન્મુખ થયેલું પાંડવોનું જે સૈન્ય તેને જોઇ, રાજ્યપદની ઇચ્છા રાખનાર જે દુર્યોધન રાજા તેણે ધનુર્વિદ્યાને આપનાર એવા જે દ્રોણાચાર્ય તેની પાસે જઇ (શિષ્યને ગુરૂ પાસે જવું એ ધર્મ છે) બહુ અભિપ્રાયવાળાં વચન કહ્યાં. ॥ ૨ ॥

दुर्योधनउवाच.

मूलम्—पश्यैतांपाण्डुपुत्राणामाचार्यमहतींचमूम् ॥
व्यूढांद्रुपदपुत्रेण तवशिष्येणधीमता ॥ ३ ॥

पदानि—पश्य एतां पाण्डुपुत्राणां आचार्य महतीं चमूम् ॥
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ ३ ॥

अन्वयार्थः—**आचार्य** હે આચાર્ય ! **पाण्डुपुत्राणां** પાંડવોની **एतां** આ **महतीं** મ્હોટી **चमूं** સેનાને **पश्य** જુઓ **तव** તમારા **धीमता** બુદ્ધિમાન્ **शिष्येण** શિષ્ય **द्रुपदपुत्रेण** દ્રુપદ રાજાના પુત્રે **व्यूढां** વ્યૂહ રચનાયુક્ત કરેલી છે.

टीका—હે આચાર્ય ! આપ અને પિતામહ ભીષ્મ જેઓના ઇષ્ટદેવ છે એવા પાંડવોની બનાવેલી અને મોહોટા સાહિત્યવાળી આ સેનાને જુઓ, આ રચનાનો કરનાર તમારીજ શસ્ત્રાસ્ત્ર વિદ્યાના બળથકી બલવાન થયેલો, વિપરીત બુદ્ધિવાળો, જે ગુરૂથી વિદ્યાનું બળ પામ્યો છે તેઓનેજ પરાભવ કરવા સારૂ દુષ્ટબુદ્ધિવાળો, ગુરૂઓની સાથે તુંકારે વાચાયુદ્ધ પણ ન કરવું સંભવે ઇત્યાદિ શિષ્યધર્મનો જાણનાર દ્રુપદ પુત્ર ધૃષ્ટદ્યુમ્ન છે, અને તેણે શકટ અને વારાહાદિક આકારે કરીને રચના કરેલી છે તેની ઉપેક્ષા કરવી નહિ. તમે એમ જાણશો જે એવી રચનાવાળી સેના તો સાધારણું રીતિયેજ છુટાઇ જશે તો પછી તેનો વિશેષ પ્રયત્ન શું

આમ કરવો જોઇએ તો તેમ નથિ, કારણ કે સેનાપતિ ઘણા બળવાળા છે તેની સંભાળ કરવાને મહારથિયોનાં સામર્થ્ય સહિત ગણના કરી આપને વિજ્ઞાપન કરૂં છું. ॥ ૩ ॥

मूलम्—अत्रशूरामहेष्वासा भीमार्जुनसमायुधि ॥
युयुधानोविराटश्च द्रुपदश्चमहारथः ॥ ४ ॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्चवीर्यवान् ॥
पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्चनरपुङ्गवः ॥ ५ ॥
युधामन्युश्चविक्रान्त उत्तमौजाश्चवीर्यवान् ॥
सौभद्रोद्रौपदेयाश्च सर्वएवमहारथाः ॥ ६ ॥

पदानि—अत्र शूराः महेष्वासाः भीमार्जुनसमाः युधि ॥
युयुधानः विराटः च द्रुपदः च महारथः ॥ ४ ॥
धृष्टकेतुः चेकितानः काशिराजः च वीर्यवान् ॥
पुरुजित् कुन्तिभोजः च शैब्यः च नरपुङ्गवः ॥ ५ ॥
युधामन्युः च विक्रान्तः उत्तमोजाः च वीर्यवान् ॥
सौभद्रः द्रौपदेयाः च सर्वे एव महारथाः ॥ ६ ॥

अन्वयार्थः—अत्र આ પાંડવોની સેનામાં **युधि** યુદ્ધને વિષે **भीमार्जुनसमाः** ભીમ તથા અર્જુનની તુલ્ય **महेष्वासाः** મ્હોટા ધનુષ્યવાળા **शूराः** શુરવીરો છે. "તેઓનાં નામ" **महारथः** મહારથી **युयुधानः** યુયુધાન નામનો રાજા **च** તથા **विराटः** વિરાટ નામનો રાજા **च** તથા **द्रुपदः** દ્રૂપદ નામનો રાજા **च** તથા **वीर्यवान्** વિશેષ પરાક્રમવાળો **धृष्टकेतुः** ધૃષ્ટકેતુ નામનો રાજા **च** તથા **चेकितानः** ચેકિતાન નામનો રાજા **काशिराजः** કાશિરાજા **नरपुंगवः** સર્વે મનુષ્યોમાં શ્રેષ્ઠ **पुरुजित्** પુરૂજીત નામનો રાજા **कुन्तिभोजः** કુન્તિભોજ નામનો રાજા **च** તથા **शैब्यः** શૈબ્ય નામનો રાજા **च** તથા **विक्रान्तः** વિશેષ પરાક્રમવાળો **युधामन्युः** યુધામન્યુ નામનો રાજા **च** તથા **वीर्यवान्** વીર્યવાળો **उत्तमौजाः** ઉત્તમૌજા નામનો રાજા **च** તથા **सौभद्रः** સુભદ્રાનો પુત્ર **द्रौपदेयाः** દ્રૌપદીના પાંચે પુત્રો **सर्वे-एव** સઘળાજ **महारथाः** મહારથિયો છે.

टीका—હે આચાર્ય આ પાંડવની સેનામાં જે યુદ્ધ કરનારાઓ છે તેમાં ભીમ–અર્જુન સરખા અને મ્હોટા બાણને જોરથી ચલાવનારા, ધનુષ્ધારી, તથા શૌર્ય ધૈર્યથી સંપન્ન યોદ્ધાઓ છે. તેમાં રથી અર્દ્ધરથી તો ગણવાજ નહિં પણ મહારથી જેવા જે યોદ્ધાઓ છે

તે તો ગણવા યોગ્યજ છે; તેમાં તે મહારથી, અતિરથી, રથી અને અર્દ્ધરથીનાં લક્ષણ આવી રીતે છે કે **एकोदशसहस्राणियोधयेद्यस्तुधान्विनाम् ॥ शस्त्रशास्त्रप्रवीणश्च महारथइतिस्मृतः ॥ १ ॥ अमितान्योधयेद्यस्तुसंप्रोक्तोऽतिरथस्तुसः ॥ रथस्त्वेकेनयोयोद्धातन्न्यूनोऽर्द्धरथःस्मृतः ॥ २ ॥** દશ હજાર ધનુષ્ધારિપુરૂષો સાથે જે એકલો યુદ્ધ કરે અને શસ્ત્ર સંબંધી શાસ્ત્રમાં પ્રવીણ હોય તેનું નામ મહારથ કહેલું છે. અપાર યોદ્ધાઓ સાથે જે એકલો યુદ્ધ કરે છે અને શસ્ત્રશાસ્ત્રમાં પ્રવીણ હોય તેને અતિરથી કહેવાય છે. એક યોદ્ધા સાથે જે યુદ્ધ કરે છે તે રથી કહેવાય છે અને તેનાથી પણ જે ન્યૂન હોય તે અર્ધરથ કહેવાય છે. તે મહારથિયોમાં અતિયુદ્ધ કરનાર સાત્યકિ છે તથા રણભૂમિમાં ભ્રમણ કરાવનાર વિરાટરાજા છે તથા દ્રુનામના વૃક્ષના ચિન્હવાળો દ્રુપદરાજા છે. તેવો પરાક્રમી અને દૃઢ ધ્વજા ધારણ કરનાર ધૃષ્ટકેતુ છે તથા ચેકિતાન નામનો રાજા છે, તથા કાશિરાજા છે તથા પુરૂષોમાં શ્રેષ્ઠ અને ઘણા વીરોને જીતનાર એવો પુરૂજીત નામનો રાજા છે તથા કુન્તિભોજ રાજા છે તથા શૈબ્ય નામનો રાજા છે. યુદ્ધને વિષે ક્રોધવાળો યુધામન્યુ રાજા છે એ યુધામન્યુ પંચાલ દેશનો રાજા છે. તથા ઉત્તમૌજા નામનો રાજા ઘણો પરાક્રમી છે, "અથવા વીર્યવાન્ નરપુંગવ અને વિક્રાન્ત એ ત્રણે વિશેષણ યુયુધાન આદિક સર્વ રાજાઓનાં છે એમ જાણવું " તથા સુભદ્રાનો પુત્ર અભિમન્યુ છે. તથા દ્રૌપદીના પ્રતિવિન્ધ્યાદિક પાંચ પુત્રો છે " **द्रौपदेयाश्च** આ પદની સાથે જે ચકાર લખેલો છે તેથકી પૂર્વોક્ત રાજાઓથી ભિન્ન પાંડ્ય અને ઘટોત્કચ આદિક સર્વ રાજાઓ છે તેઓનું ગ્રહણ કરવું. અને યુધિષ્ઠિર આદિક પાંચ પાંડવો અત્યન્ત પ્રસિદ્ધ છે માટે દુર્યોધને તે પાંચે પાંડવોની ગણતી કરી નથિ." એ ગણાવેલા યોદ્ધાઓ મહારથી છે. ॥ ૬ ॥

એ પ્રકારે પાંડવના સૈન્યના યોદ્ધાઓને પરાક્રમેસહિત કહીને હવે ગુરૂને દુર્યોધન રાજા પોતાની સેનાના યોદ્ધાઓને કહી દેખાડે છે.

मूलम्—अस्माकंतुविशिष्टाये तान्निबोधद्विजोत्तम ॥
नायकाममसैन्यस्य संज्ञार्थंतान्ब्रवीमिते ॥ ७ ॥

पदानि—अस्माकं तु विशिष्टाः ये तान् निबोध द्विजोत्तम ॥
नायकाः मम सैन्यस्य संज्ञार्थं तान् ब्रवीमि ते ॥ ७ ॥

अन्वयार्थः—**द्विजोत्तम** હે સર્વ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ **अस्माकं तु** અમારા સર્વની મધ્યે તો **ये** જે **विशिष्टाः** શ્રેષ્ઠ યોદ્ધાઓ છે **तान्** તે યોદ્ધાઓને **निबोध** સાંભળો **मम** મારા **सैन्यस्य** સૈન્યના **नायकाः** નાયકો છે **तान्** તેઓને **संज्ञार्थं** નામ જાણવા માટે **ते** તમને **ब्रवीमि** કહું છું.

टीका—હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! અમારા યોદ્ધાઓ તો અસંખ્યાત છે **तथापि** જે શૌર્યાદિક પુરુષાર્થવાળા અને શ્રેષ્ઠ કરણીવાળા છે અને જે મારા સૈન્યના નાયકો છે તેઓનાં નામ જાણવા માટે આપને હું કહું છું. ॥ ૭ ॥

એવો પ્રસંગ કહીને હવે પોતાની સેનાના મુખ્ય યોદ્ધાઓને કહે છે.

मूलम्—भवान्भीष्मश्चकर्णश्च कृपश्चसमितिञ्जयः ॥
अश्वत्थामाविकर्णश्च सोमदत्तिस्तथैव च ॥८॥

पदानि—भवान् भीष्मः च कर्णः च कृपः च समितिञ्जयः ॥
अश्वत्थामा विकर्णः च सोमदत्तिः तथा एव च ॥ ८ ॥

अन्वयार्थः—**भवान्** આપ **च** તથા **भीष्मः** ભીષ્મપીતામહ **च** તથા **कर्णः** કર્ણ **च** તથા **समितिञ्जयः** સંગ્રામ જીતનારા **कृपः** કૃપાચાર્ય **अश्वत्थामा** અશ્વત્થામા **च** તથા **विकर्णः** વિકર્ણ **सोमदत्तिः** સોમદત્તિ અને **तथा एव च** તે પ્રમાણે છે.

टीका—આપ તો અમોને વિદ્યા બલ અને પૌરૂષેકરીને પૂર્ણ કરનારા છો તથા અમારા સર્વથા રક્ષણ કરનારા ભીષ્મપિતામહ છે તથા સૂર્યનો પુત્ર અને દૈવી વિદ્યાવાળો કર્ણ બન્ધુ છે તથા તેવાજ સમર્થ અને સર્વ પ્રકારે વિજય કરાવનાર કૃપાચાર્ય છે તથા મ્હોટા સમર્થ અશ્વત્થામા છે તથા તેવોજ અમારો અનુજ વિકર્ણ છે તથા સોમદત્ત રાજાનો પુત્ર ભૂરિશ્રવા છે તથા સિન્ધુદેશનો રાજા જયદ્રથ છે. **तथैवच** એ પદના સ્થાન ઉપર કેટલાક પુસ્તકોમાં **जयद्रथः** એવો પણ પાઠ છે. ॥ ૮ ॥

मूलम्—अन्येचबह्वःशूरा मदर्थेत्यक्तजीविताः ॥
नानाशस्त्रप्रहरणाः सर्वेयुद्धविशारदाः ॥ ९ ॥

पदानि—अन्ये च बह्वः शूराः मदर्थे त्यक्तजीविताः ॥
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

अन्वयार्थः—**अन्ये च** બીજા પણ **बह्वः** ઘણા **शूराः** શૂરવીરો **मदर्थे** મારા જયરૂપી પ્રયોજન માટે **त्यक्तजीविताः** જીવવાની આશાનો પણ જેઓએ પરિત્યાગ કરેલો છે તથા **नानाशस्त्रप्रहरणाः** નાનાપ્રકારનાં શસ્ત્રના પ્રહાર કરવાનાં સાધનવાળા **सर्वे** સર્વ **युद्धविशारदाः** યુદ્ધમાં કુશળ છે.

टीका—તમને અનુસરતા એવા બીજા કૃતવર્મા તથા ભગદત્ત આદિ ઘણા સમર્થ શૂરવીર પુરૂષો મારો વિજય કરાવવા માટે જીવવાની આશાનો ત્યાગ કરીને આવેલા છે અને તે સર્વે ત્રિશૂલ, ગદા, ચક્ર, અને ખડ્ગાદિક શસ્ત્રોથી યુદ્ધ કરવામાં પ્રવીણછે. ॥ ૯ ॥

જેમ આપણા યોદ્ધાઓ સમર્થ છે તેમ પાંડવોના યોદ્ધાઓ પણ સમર્થ છે તથાપિ તે યોદ્ધાઓ આપણાથી ઘણા ન્યૂન છે, એવા વિચારથી દુર્યોધન પોતાના સૈન્યની ઉત્કૃષ્ટતા કહે છે.

मूलम्—अपर्याप्तंतदस्माकं बलंभीष्माभिरक्षितम् ॥
पर्याप्तंत्विदमेतेषां बलंभीमाभिरक्षितम् ॥१०॥

पदानि—अपर्याप्तं तत् अस्माकं बलं भीष्माभिरक्षितम् ॥
पर्याप्तं तु इदं एतेषां बलं भीमाभिरक्षितम् ॥ १० ॥

अन्वयार्थः—**अस्माकं** અમારૂં **तत्** તે **बलं** સૈન્ય **अपर्याप्तं** અનન્ત છે તથા **भीष्माभिरक्षितं** ભીષ્મે ચારે તરફ રક્ષણ કરેલું છે **तु** અને **एतेषां** આ પાંડવોનું **भीमाभिरक्षितं** ભીમસેને ચારે તરફ રક્ષણ કરેલું **इदं** આ **बलं** સૈન્ય **पर्याप्तं** ન્યૂન્ય છે.

टीका—હે આચાર્ય ! અમારૂં સૈન્ય એકાદશ અક્ષોહિણી છે તથા સર્વ લોકમાં પ્રસિદ્ધ મહિમાવાળા અને અત્યંત સૂક્ષ્મબુદ્ધિવાળા ભીષ્મપિતામહે ચારે તરફથી રક્ષણ કરેલું છે માટે અમારૂં સૈન્ય પાંડવોના સૈન્યથી પ્રબલ છે અને પાંડવોની સેના તો સાત અક્ષોહિણીવાળી છે માટે અમારી સેનાથી ન્યૂન છે તથા અત્યન્ત ચપલબુદ્ધિવાળા અને દુર્બલ ભીમસેને ચારે તરફથી રક્ષણ કરેલી છે માટે અમારી સેનાથી અત્યન્ત દુર્બલ છે.

એવાં દુર્યોધનનાં ધૈર્યતા વધારનારાં વચન સાંભળીને આચાર્યે આજ્ઞા કરી કે હે સમર્થ રાજા ! એ વચન યથાર્થ છે હવે સાવધાન થઇ યુદ્ધનાદ કરો. પછી એ પ્રમાણે સર્વ સેનાના પ્રમુખોને રાજા આજ્ઞા આપે છે.

मूलम्—अयनेषुचसर्वेषु यथाभागमवस्थिताः ॥
भीष्ममेवाभिरक्षन्तु भवन्तःसर्वएवहि ॥ ११ ॥

पदानि—अयनेषु च सर्वेषु यथा भागं अवस्थिताः ॥
भीष्मं एव अभिरक्षन्तु भवन्तः सर्वे एव हि ॥ ११ ॥

अन्वयार्थः—**हि एव** જે કારણ માટેજ **भवन्तः सर्वे** આપઆદિ સર્વ યોદ્ધાઓ **सर्वेषु अयनेषु च** વ્યૂહરચનાથી યુક્ત એવી સેનાના સઘળા પ્રવેશ માર્ગનેવિષે **यथाभागं** પોતપોતાના સ્થાનમાં **अवस्थिताः** રહ્યા છતા **भीष्मं एव** ભીષ્મપિતામહનેજ **अभिरक्षन्तु** ચારે તરફથી રક્ષણ કરો.

સૈન્યમાં સેનાપતિયોને ફરવાના પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ અને અવાન્તર દિશાઓના સર્વ ભાગમાં નિયમેલા માર્ગે રાખી અને સાવધાન થઇ ઉભા રહી સર્વ યોદ્ધાઓ ભીષ્મપિતામહનુંજ ચારે તરફથી સર્વથા રક્ષણ કરો અને એજ પુરૂષપ્રયત્ન તમને વિજયદાયક છે.

मूलम्—तस्यसंजनयनूहर्षं कुरुवृद्धःपितामहः ॥
सिंहनादंविनद्योच्चैः शंखंदध्मौप्रतापवान् ॥१२॥

पदानि—तस्य संजनयन् हर्षं कुरुवृद्धः पितामहः ॥
सिंहनादं विनद्य उच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥ १२ ॥

अन्वयार्थः—**प्रतापवान्** પ્રતાપવાળા **कुरुवृद्धः** કુરૂ રાજાના વંશમાં વૃદ્ધ એવા **पितामहः** ભીષ્મ પિતામહ **तस्य** તે દુર્યોધન રાજાને **हर्षं** હર્ષને **संजनयन्** ઉત્પન્ન કરતા-થકા **सिंहनादं विनद्य** સિંહનાદ કરીને **उच्चैः** ઊંચે સ્વરે **शंखं** શંખને **दध्मौ** વગાડતા હવા.

टीका—હે રાજન્ ! પાંડવોનું સૈન્ય દેખીનેજેને ભય ઉત્પન્ન થયો છે તથા તે ભયની નિવૃત્તિ કરવા માટે દ્રોણાચાર્યને શરણે પ્રાપ્ત થયો અને દ્રોણાચાર્યે તો એમ વિચાર કર્યો કે આ કાળમાં પણ દુર્યોધન અમારી સાથે કપટ કરે છે માટે વાણીમાત્રથી પણ દુર્યોધનનો આદર કર્યો નહિ તથા દ્રોણાચાર્યની એવી ઉપેક્ષા જાણી **अयनेषु च सर्वेषु** ઇત્યાદિ વચનોવડે દુર્યોધને ભીષ્મની સ્તુતી કરી માટે દુર્યોધનના ભયની નિવૃત્તિ કરનારા તથા જય સૂચવનારા જે ભીષ્મપિતામહ તેણે પોતે સિંહનાદ કરીને ઊંચે સ્વરે શંખ વગાડયો. ॥ ૧૨ ॥

मूलम्—ततःशंखाश्वभेर्यश्च पणवानकगोमुखाः ॥
सहसैवाभ्यहन्यन्त सशब्दस्तुमुलोऽभवत् ॥१३॥

पदानि—ततः शङ्खाः च भेर्यः च पणवानकगोमुखाः ॥
सहसा एव अभ्यहन्यन्त स शब्दः तुमुलः अभवत् ॥१३॥

अन्वयार्थः—**ततः** સેનાપતિ ભીષ્મની પ્રવૃત્તિ થયા પછી **शंखाः** શંખો **च** તથા **भेर्यः** ભેરી નામનાં વાજીંત્રો **च** તથા **पनवानकगोमुखाः** અનેક પણવ, અનેક આનક અને અનેક ગોમુખ **सहसा एव** તત્કાળજ **अभ्यहन्यन्त** વાગવા લાગ્યાં **स** તે **शब्दः** શંખાદિકનો શબ્દ **तुमुलः** મ્હોટો **अभवत्** થતો હવો.

टीका—તે સેનાપતિ ભીષ્મપિતામહના શંખનો ધ્વનિ થયા પછી તે સેનાના યોદ્ધા આનન્દયુક્ત થયા અને પોતપોતાના શંખનો નાદ કરવા લાગ્યા તથા ભેરી, ઢોલ, નગારાં અને રણશીંગા આદિક અનેક વાજીંત્ર વાગવા લાગ્યાં અને તે પણ ભીષ્મ પિતામહના શંખનાદની સાથેજ સર્વ સૈન્યના વિભાગોમાં વાગવા લાગ્યાં તથા શૌર્યનો વૃદ્ધિ કરનાર શબ્દ એકદમ સામટો થયો. ॥ ૧૩ ॥

હવે પાંડવોની સેનામાં યુદ્ધનાદ થવા લાગ્યો તે કહે છે.

मूलम्—ततःश्वेतैर्हयैर्युक्ते महतिस्यन्दनेस्थितौ ॥
माधवःपाण्डवश्चैव दिव्यौशंखौप्रदध्मतुः ॥१४॥

पदानि—ततः श्वेतः हयैः युक्ते महति स्यन्दने स्थितौ ॥
माधवः पाण्डवः च एव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥१४॥

अन्वयार्थः—**ततः** ભીષ્માદિકોના શંખાદિકનો શબ્દ સાંભળ્યા પછી **श्वेतैः** શ્વેત વર્ણવાળા **हयैः** ઘોડાવડે **युक्ते** યુક્ત એવા **महति** મ્હોટા **स्यन्दने** રથ ઉપર **स्थितौ** બેઠેલા **माधवः** શ્રીકૃષ્ણ ભગવાન્ **च एव** તેમજ **पाण्डवः** અર્જુન **दिव्यौ** દિવ્ય એવા **शंखौ** પોતપોતાના શંખને **प्रदध्मतुः** વગાડતા હવા.

टीका—તે કૌરવોનો યુદ્ધનાદ થયા પછી શુકલવર્ણવાળા અને સત્વસમ્પન્ન એવા ઘોડા જેમાં જોડેલા છે તથા શસ્ત્રાસ્ત્ર સાહિત્યથી યુક્ત તથા અગ્નિદેવે આપેલા મ્હોટા રથનેવિષે બેઠેલા શ્રીકૃષ્ણ ભગવાન્ અને પાંડુપુત્ર અર્જુને એકજ વખતે વિજયધ્વનિ કરનારા અને દિવ્ય એવા પોતપોતાના શંખને વગાડ્યા. ॥ ૧૪ ॥

તે વિજયકારક ધ્વનિનું વર્ણન નીચે પ્રમાણે—

मूलम्—पाञ्चजन्यंहृषीकेशो-देवदत्तंधनञ्जयः ॥
पौण्ड्रंधध्मौमहाशङ्खं भिमकर्मावृकोदरः ॥१५॥

पदानि—पाञ्चजन्यं हृषीकेशः देवदत्तं धनञ्जयः
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥१५॥

अन्वयार्थः—**हृषीकेशः** શ્રીકૃષ્ણ ભગવાન્ **पाञ्चजन्यं** પાંચજન્ય નામના શંખને **दध्मौ** વગાડતા હવા **धनञ्जय** અર્જુન **देवदत्तं** દેવદત્ત નામના શંખને "વગાડતા હવા" **भीमकर्मा** લોકોને ભય પમાડનારૂં જેનું કર્મ છે એવા **वृकोदरः** ભીમસેન **पौण्ड्रं** પૌંડ્ર નામના **महाशङ्खं** મ્હોટા શંખને "વગાડતા હવા."

टीका—સમસ્ત ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો શંખ વગાડ્યો તથા દેશ વિદેશના ધનને જીતનાર એવા અર્જુને વરૂણદેવનો આપેલો શંખ વગાડ્યો તથા ભયંકર જેનાં કર્મ છે એવા ભીમસેને પૌંડ્ર નામનો શંખ વગાડ્યો. ૧૫

मूलम्—अनन्तविजयंराजा कुन्तीपुत्रोयुधिष्ठिरः ॥
नकुलःसहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥

पदानि—अनन्त विजयं राजा कुन्तीपुत्रः युधिष्ठिरः ॥
नकुलः सहदेवः च सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥

अन्वयार्थः—**कुन्तीपुत्रः** કુન્તીના પુત્ર **राजा** રાજા **युधिष्ठिरः** યુધિષ્ઠિર **अनन्तविजयं** અનન્તવિજય નામના શંખને **नकुलः** નકુલ **च** તથા **सहदेवः** સહદેવ **सुघोषमणिपुष्पकौ** સુઘોષ અને મણિપુષ્પક નામના શંખને વગાડતા હવા.

टीका—વિનાશથી રહિત એવો વિજય જેનાથી પ્રાપ્ત થાય તેનું નામ અનન્તવિજય કહેવાય છે, એવા અનન્તવિજય નામના શંખને કુન્તીના પુત્ર યુધિષ્ઠિર રાજાએ વગાડયો અને નકુલ તથા સહદેવે સુઘોષ અને મણિપુષ્પક એવા નામના શંખ વગાડ્યા. " યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કરેલો છે માટે **राजा** એ શબ્દનો મુખ્ય અર્થ યુધિષ્ઠિરમાં ઘટે છે અને એટલા માટે સંજયે યુધિષ્ઠિરને રાજા એવું વિશેષણ આપેલું છે. " ॥ ૧૬ ॥

मूलम्—काश्यश्चपरमेष्वासः शिखण्डीचमहारथः ॥
धृष्टद्युम्नोविराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥
द्रुपदोद्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ॥
सौभद्रश्चमहाबाहुः शंखान्दध्मुःपृथक्पृथक् ॥१८॥

पदानि—काश्यः च परमेष्वासः शिखण्डी च महारथः ॥
धृष्टद्युम्नः विराटः च सात्यकिः च अपराजितः ॥१७॥
द्रुपदः द्रौपदेयाः च सर्वशः पृथिवीपते ॥
सौभद्रः च महाबाहुः शङ्खान् दध्मुः पृथक् पृथक् ॥१८॥

अन्वयार्थः—**पृथिवीपते** હે પૃથ્વીના પતિ ! **परमेष्वासः** મ્હોટા ધનુષ્યવાળો **काश्यः** કાશીનો રાજા **महारथः** મહારથિ **शिखण्डी** શિખંડી **च** તથા **धृष्टद्युम्नः** ધૃષ્ટદ્યુમ્ન **च** તથા **विराटः** વિરાટ **च** તથા **अपराजितः** શત્રુઓથી જીતાય નહિ એવો **सात्यकिः** સાત્યકિ **च** તથા **द्रुपदः** દ્રુપદ રાજા **च** તથા **द्रौपदेयाः** દ્રૌપદિના પાંચ પુત્રો **च** તથા **महाबाहुः** મ્હોટા હાથવાળો **सौभद्रः** સુભદ્રાપુત્ર **सर्वशः** સર્વ યોદ્ધાઓ **पृथक् पृथक्** જુદા જુદા **शंखान्** પોત પોતાના શંખોને **दध्मुः** વગાડતા હવા.

टीका—હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર ! તે પ્રથમ કહેલો કાશીપતિ તથા ધનુષ્ ધારણ કરનાર અને મહારથી એવો પાંચાલ દેશાધિપતિ શિખંડી તથા મહાપરાક્રમી ધૃષ્ટદ્યુમ્ન તથા વિરાટ રાજા તથા શત્રુઓથી જીતાઇ ન શકે એવો સાત્યકિ તથા દ્રુપદરાજા તથા

દ્રૌપદીના પાંચ પુત્રો તથા મ્હોટા હાથવાળો સુભદ્રાનો પુત્ર ઇત્યાદિક સર્વ રાજાઓએ પોત પોતાના શંખોને ભિન્ન ભિન્ન વગાડયા. ॥ ૧૮ ॥

मूलम्—सघोषोधार्त्तराष्ट्राणां हृदयानिव्यदारयत् ॥

नभश्चपृथिवींचैव तुमुलोऽभ्यनुनादयन् ॥१९॥

पदानि—स घोषः धार्त्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ॥

नभः च पृथिवीं च एव तुमुलः व्यनुनादयन् ॥१९॥

अन्वयार्थः—च તથા **सः** તે **तुमुलः** મ્હોટો **घोषः** શંખોનો શબ્દ **नभः** આકાશને **च एव** તેમજ **पृथिवीं** પૃથ્વીને **व्यनुनादयन्** ધ્વનિ કરતો છતો **धार्त्तराष्ट्राणां** ધૃતરાષ્ટ્રના પુત્ર પૌત્રાદિ સંબંધિયોનાં **हृदयानि** હ્રદયોને **व्यदारयत्** વિદારણ કરતો હવો.

टीका—તે પાંડવોના સૈન્યનો નાદ અતિ ભયંકર યુદ્ધને દેખાડનાર થયો અને આકાશ મંડલને તથા સર્વ દિશાઓને તથા પૃથ્વીને પ્રતિધ્વનીવડે પૂર્ણ કરી તથા તે ભયંકર શબ્દે દુર્યોધનાદિ કૌરવોના હ્રદયાદિક અંગોને તથા શૌર્યધૈર્યાદિને વિદારણ કરી નાખ્યાં. ॥ ૧૯ ॥

એ પ્રકારે જ યોદ્ધાઓ પરાજય પામવાના છે તે યોદ્ધાઓ પ્રારંભના નાદથીજ કંપિત થયેલા છે પરન્તુ ભાવીને વશ થવાથી અને એક બીજાને ભરોંસે દૃઢ થઇનેજ રહેલા છે. હવે શૌર્ય ધૈર્યાદિ સંપન્ન અને કંપરહિત હ્રદયવાળા અર્જુનની યુદ્ધને અર્થે થનારી પ્રવૃત્તિને દોઢ શ્લોકે કરીને કહે છે.

मूलम्—अथव्यवस्थितान्दृष्ट्वा धार्त्तराष्ट्रान्कपिध्वजः ॥

प्रवृत्तेशस्त्रसंपाते धनुरुद्यम्यपाण्डवः ॥ २० ॥

हृषीकेशंतदावाक्य-मिदमाहमहीपते ॥

पदानि—अथ व्यवस्थितान् दृष्ट्वा धार्त्तराष्ट्रान् कपिध्वजः ॥

प्रवृत्ते शस्त्रसंपाते धनुः उद्यम्य पाण्डवः ॥ २० ॥

हृषीकेशं तदा वाक्यं इदं आह महीपते ॥

अन्वयार्थः—महीपते પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર ! **अथ** તે ભયની ઉત્પત્તિ થયા પછી **व्यवस्थितान्** યુદ્ધના ઉદ્યમે કરીને રહેલા **धार्त्तराष्ट्रान्** ધૃતરાષ્ટ્રના સમ્બન્ધિયોને **दृष्ट्वा** દેખીને **तदा** તે વખતે **शस्त्रसंपाते** શસ્ત્રનો પ્રહાર **प्रवृत्ते** પ્રવર્ત્યો ત્યારે **कपिध्वजः** કપિ જેની ધ્વજામાં છે એવો **पाण्डवः** અર્જુન **धनुः** ગાંડીવ નામના ધનુષ્યને **उद्यम्य**

હાથમાં ઉંચું કરીને **हृषीकेशं** શ્રીકૃષ્ણ ભગવાન્ પ્રત્યે **इदं** આ કહેવાશે તે **वाक्यं** વાકયને **आह** કહેતો હવો.

टीका—હે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર ! યુદ્ધને અર્થે બેઉ સૈન્યની પ્રવૃત્તિ થયા પછી શ્રી-કૃષ્ણના સખા અર્જુન વિશેષ પ્રયત્નવાળા થયેલા દુર્યોધનાદિકોને જોઇને તથા તે વખતે શસ્ત્રોના પ્રહારની પ્રવૃત્તિવાળા થઇને દઢતાવડે ગાંડીવ ધનુષ્ ઊંચું કરી ઇન્દ્રિયોના નિયન્તા એવા શ્રીકૃષ્ણ પ્રત્યે આ પ્રકારનાં વચન કહ્યાં. ॥ २० ॥

मूलम्—सेनयोरुभयोर्मध्ये रथंस्थापयमेऽच्युत ॥२१॥

पदानि—सेनयोः उभयोः मध्ये रथं स्थापय मे अच्युत ॥२१॥

अन्वयार्थः—**अच्युत** હે અચ્યુત ! **उभयोः** બેઉ **सेनयोः मध्ये** સેનાના મધ્ય ભાગમાં **मे** મારા **रथं** રથને **स्थापय** સ્થાપન કરો.

टीका—હે શ્રીકૃષ્ણ ભગવાન્ ! આ અમારી સેનાના અને પ્રતિપક્ષી દુર્યોધનના મધ્ય ભાગનેવિષે અમારા રથને આપ સ્થિર કરો. " આ પ્રમાણે અર્જુને શ્રીભગ-વાનને આજ્ઞા કરી એ ઉપરથી એવો અર્થ સૂચન કર્યો કે પરમેશ્વરના જે અનન્ય ભક્ત છે તે ભક્તને આ લોકમાં કોઈ પણ કાર્ય દુર્ઘટ નથિ કારણ કે સાક્ષાત્ પરમે-શ્વર પણ એ ભકતોની આજ્ઞાનો અંગીકાર કરે છે માટે આ પાંડવોનો જરૂર જય થવો જોઇએ. " ॥ २१ ॥

શંકા—આપણા વ્યૂહમાં નિયમિત કરેલું સ્થાનક તજીને બેઉ સેનાનામધ્ય ભાગ-માં ઉભું રહેવું તેનું શું પ્રયોજન છે. એ ઉપર અર્જુન કહે છે.

मूलम्—यावदेतान्निरीक्षेहं योध्धुकामानवस्थितान् ॥
कैर्मयासहयोद्धव्य-मस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥

पदानि—यावत् एतान् निरीक्षे अहं योद्धुकामान् अवस्थितान् ॥
कैः मया सह योद्धव्यं अस्मिन् रणसमुद्यमे ॥ २२ ॥

अन्वयार्थः—**यावत्** જેટલા ભાગ ઉપર ઉભો રહી **अहं** હું અર્જુન **योद्धुकामान्** યુદ્ધની ઇચ્છાવાળા "તથા" **अवस्थितान्** રણભૂમિમાં રહેલા **एतान्** આ ભીષ્મા-દિ યોદ્ધાઓને **निरीक्षे** સારી રીતે જોઉં " તેવી જગા ઉપર મારો રથ લઇ જાઓ કારણ કે " **अस्मिन्** આ **रणसमुद्यमे** યુદ્ધરૂપ વ્યાપારમાં **मया** મારે **कैः सह** કયા યોદ્ધાઓ સાથે **योद्धव्यं** યુદ્ધ કરવું યોગ્ય છે.

ટીકા—હે અચ્યુત ! કદાચિત્ કેવળ શત્રુઓનીજ સેના હોય તો જોયા વિનાજ યુદ્ધ કરવું જોઇએ પરન્તુ આ સેનામાં તો પોતાના બાન્ધવજ પ્રતિપક્ષી થયા છે તે માટે આ સંગ્રામના પ્રારંભમાંજ વિચાર કરવો જોઇએ કારણ કે શુભ અથવા અશુભ કાર્ય હોય તેનો આદિથી અન્ત પર્યન્ત હાનિ તથા લાભનો તત્ત્વથી વિચાર કરે તો પછી પશ્ચાત્તાપ થાય નહિં, આવા ન્યાયથી જ્યાં પર્યન્ત જેટલા મારા મિત્ર છતાં શત્રુ થઇને યુદ્ધની ઇચ્છાવાળા થયેલા છે તે સર્વેને હું દૃષ્ટિયે કરીને જોઇશ કારણ કે વિનાશ તો સર્વેનો થશેજ પરન્તુ વિવેચન પૂર્વક યુકત અયુક્ત સમજીને કયા કયા, યોદ્ધાઓ સાથે મારે યુદ્ધ કરવું છે તે હું જોઉં. ॥ ૨૨ ॥

શંકા—તે સૈન્યમાં તારા મિત્ર કોણ છે કે જેને તારે જોવા છે.

मूलम्—योत्स्यमानानवेक्षेऽहं यएतेऽत्रसमागताः ॥
धार्त्तराष्ट्रस्यदुर्बुद्धे-र्युद्धेप्रियचिकीर्षवः ॥ २३ ॥

पदानि—योत्स्यमान् अवेक्षे अहं य एते अत्र समागताः ॥
धार्त्तराष्ट्रस्य दुर्बुद्धेः युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

अन्वयार्थः—दुर्बुद्धे દુષ્ટબુદ્ધિવાળા **धार्त्तराष्ट्रस्य** દુર્યોધનની **युद्धे** યુદ્ધમાં **प्रियचिकीर्षवः** પ્રિય કરવાની ઇચ્છાવાળા **ये** જે **एते** આ ભીષ્મ દ્રોણાદિક **अत्र** આ કુરૂક્ષેત્રમાં **समागताः** આવેલા છે. **यो मानान्** તે યુદ્ધ કરનારા ભીષ્મ દ્રોણાદિકોને **अहं** હું **अवेक्षे** સારી રીતે જોઉં.

ટીકા—પરિજન, ધન, વિદ્યા, અને બલ આદિ સાહિત્યેકરીને મદાન્ધ થયેલો જે દુર્યોધન તેના ધર્મની તથા નીતિની તો કોઇ પુષ્ટિ કરતા નથિ અને વિનાંશ કરનાર એવા આ યુદ્ધમાંજ પ્રિય કરવાની ઇચ્છાવાળા જે કૌરવોના સ્વજન તથા રાજાઓ આ યુદ્ધભૂમિમાં સેના આદિ સાહિત્ય લઇને આવ્યા છે તે યુદ્ધની ઇચ્છાવાળાઓને હું જોઇશ તે માટે મારો રથ એ બેઉ સેનાનાં મધ્ય ભાગમાંજ સ્થાપન કરો. ॥ ૨૩ ॥

હવે અર્જુનને વિષાદ થવાનું જે કારણ છે તે સંજય સાડાચાર શ્લોકે કરીને ધૃતરાષ્ટ્રને કહે છે.

मूलम्—एवमुक्तोहृषीकेशो-गुडाकेशेनभारत ॥
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषांचमहीक्षिताम् ॥
उवाचपार्थपश्यैतान् समवेतान्कुरूनिति ॥२५॥

पदानि--एवं उक्तः हृषीकेशः गुडाकेशेन भारत ॥
सेनयोः उभयोः मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ॥
उवाच पार्थ पश्य एतान् समवेतान् कुरून् इति ॥२५॥

अन्वयार्थः—**भारत** હે ધૃતરાષ્ટ્ર ! **एवं** એવી રીતે **गुडाकेशेन** અર્જુને **उक्तः** કહેલા **हृषीकेशः** શ્રીકૃષ્ણ **उभयोः** બેઉ **सेनयोः** સેનાઓના **मध्ये** મધ્યભાગમાં **भीष्मद्रोणप्रमुखतः** ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યની સન્મુખ **च** તથા **सर्वेषां** સર્વ **महीक्षितां** રાજાઓની " સન્મુખ " **रथोत्तमं** ઉત્તમ રથને **स्थापयित्वा** સ્થાપન કરીને **पार्थ** હે અર્જુન ! **एतान्** આ **समवेतान्** એકઠા થયેલા **कुरून्** કૌરવોને **पश्य** જો **इति** એ પ્રમાણે **उवाच** કહેતા હવા.

टीका—હે ધૃતરાષ્ટ્ર ! પ્રથમ પ્રમાણે અર્જુને પોતાના રથને સ્થાપન કરવાની ક્રિયામાં પ્રેરણા કરેલા ભગવાન્ શ્રીકૃષ્ણ કૌરવોની એકાદશ અક્ષૌહિણી અને પાંડવોની સાત અક્ષૌહિણી સેનાના મધ્યભાગમાં ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્યની સન્મુખ તથા સર્વે રાજાઓની વ્યૂહરચનાની સન્મુખ ઉત્તમ રથ સ્થાપનકરીને બોલ્યા કે હે અર્જુન ! આ ભીષ્મદ્રોણાદિક સમર્થ પુરૂષોને તથા સામા રહેલા બીજા સેનાપતિયોને તથા આ કૌરવોને તું જો. ॥ ૨૫ ॥

मूलम्—तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथपितामहान् ॥
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान् सखींस्तथा॥
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ॥

पदानि—तत्र अपश्यत् स्थितान् पार्थः पितॄन् अथ पितामहान् ॥
आचार्यान् मातुलान् भ्रातॄन् पुत्रान् पौत्रान् सखीन् तथा॥
श्वशुरान् सुहृदः च एव सेनयोः उभयोः अपि ॥

अन्वयार्थः—**तत्र** તે ઠેકાણે **पार्थः** અર્જુન **उभयोः** બેઉ **सेनयोः** **अपि** સેનામાં પણ **स्थितान्** રહેલા **पितॄन्** પિતરોને **अथ** તથા **पितामहान्** પિતામહોને **आचार्यान्** આચાર્યોને **मातुलान्** મામાઓને **भ्रातॄन्** ભાઇઓને **पुत्रान्** પુત્રોને **पौत्रान्** પૌત્રોને **तथा** તથા **सखीन्** મિત્રોને **श्वशुरान्** શ્વશુરોને **च एव** તેમજ **सुहृदः** **अपि** સુહૃદોને પણ **अपश्यत्** દેખતો હવો.

टीका—હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાને યુદ્ધનો આરંભ કરાવવામાટે જ્યારે અર્જુનને સેના દેખવાની આજ્ઞા કરી ત્યારે અર્જુને બેઉ સેનામાં રહેલા યોદ્ધાઓને દેખ્યા. તેમાં શત્રુની સેનાનેવિષે ભૂરિશ્રવાદિ કાકાઓને દેખ્યા, તથા ભીષ્મ અને સોમદત્ત આદિક પિતામહોને દેખ્યા, તથા દ્રોણાચાર્ય કૃપાચાર્ય આદિ આચાર્યોને દેખ્યા, તથા શલ્ય શકુનિ આદિક મામાઓને દેખ્યા, તથા દુર્યોધનાદિક ભાઇઓને દેખ્યા, તથા લક્ષ્મણઆદિ પુત્રોને દેખ્યા, તથા તે લક્ષ્મણાદિકના પુત્રોને દેખ્યા, તથા અશ્વત્થામા જયદ્રથાદિ સખાઓને દેખ્યા, તથા કૃતવર્મા અને ભગદત્ત આદિ સુહૃદોને દેખ્યા. "અહિંયાં સુહૃદ્ શબ્દ લખેલો છે તે ઉપરથી બીજા પણ જે માતામહાદિક છે તે સર્વેનું ગ્રહણ કરવું." ॥ ૨૬ ॥

मूलम्—तान्समीक्ष्यसकौन्तेयःसर्वान्बन्धूनवस्थितान् ॥२७॥
कृपयापरयाविष्टो-विषीदन्निदमब्रवीत् ॥

पदानि—तान् समीक्ष्य सः कौन्तेयः सर्वान् बन्धून् अवस्थितान्॥२७॥
कृपया परया आविष्टः विषीदन् इदं अब्रवीत् ॥

अन्वयार्थः—सः તે **कौन्तेयः** કુન્તીનો પુત્ર અર્જુન **अवस्थितान्** તે યુદ્ધમાં ઉભા રહેલા **तान्** તે **सर्वान्** સર્વે **बन्धून्** બાન્ધવોને **समीक्ष्य** સારી રીતે જોઇને **परया** પરમ **कृपया** કૃપાવડે **आविष्टः** વ્યાપ્ત થયો " અને " **विषीदन्** ખેદ પામતો છતો **इदम्** આ પ્રકારનું વચન **अब्रवीत्** કહેતો હવો.

टीका—હે રાજન્ ! તે અર્જુ સ્વજનોને મરવા તત્પર થયેલા દેખીને પશ્ચાત્તાપવાન્ થયો તથા યુદ્ધ કરવાને સ્થિર થયેલા તે ભીષ્મ દ્રોણાદિકોને, તથા સર્વે રાજાઓને, તથા બાન્ધવોને સારી રીતે જોઇને પરમ કૃપાવડે ખેદ પામ્યો અને શ્રીકૃષ્ણને આવી રીતે કહેવા લાગ્યો. ॥ ૨૭ ॥

अर्जुनउवाच.

मूलम्—दृष्ट्वेमंस्वजनंकृष्णयुयुत्सुंसमुपस्थितम् ॥२८॥
सीदन्तिममगात्राणि मुखंचपरिशुष्यति ॥
वेपथुश्चशरीरेमे रोमहर्षश्चजायते ॥ २९ ॥

पदानि—दृष्ट्वा इमं स्वजनं कृष्ण युयुत्सुं समुप स्थितम् ॥२८॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥
वेपथुः च शरीरे मे रोमहर्षः च जायते ॥ २९ ॥

अन्वयार्थः--**कृष्ण** હે કૃષ્ણ ! **समुपस्थितं** આ રણભૂમિમાં પ્રાપ્ત થયેલા "તથા' **युयुत्सुं** યુદ્ધની ઇચ્છાવાળા **इमं** આ **स्वजनं** બાન્ધવોને **दृष्ट्वा** દેખીને **मम** મારાં **गात्राणि** હાથ પગ આદિક અંગ **सीदन्ति** વ્યથા પામે છે **च** તથા **मुखं** મુખ **परिशुष्यति** સુકાઈ જાય છે **च** તથા **मे** મારા **शरीरे** શરીરમાં **वेपथुः** કંપ **जायते** ઉત્પન્ન થાય છે **च** તથા **रोमहर्षः** રૂંવાડાં ઉભાં થાય છે.

टीका—હે કૃષ્ણ ! સન્મુખ રણમાં પ્રાપ્ત થયેલા અને યુદ્ધને ઇચ્છાનારા આ ભીષ્મ દ્રોણાદિ સ્વજનોને જોઇને ખેદ પામવાથી મારાં સઘળાં અંગ શિથિલ થયેલાં છે તથા મારૂં મુખ પણ સુકાઇ જાય છે તથા આ સ્વજનના સ્નેહથી ઉત્પન્ન થયેલી કરૂણાવડે મારા શરીરમાં કંપ થાય છે તથા શરીરનાં રૂંવાડાં ઉભાં થાય છે.

मूलम्—गाण्डीवंस्रंसतेहस्तात्त्वक्चैवपरिदह्यते ॥
नचशक्नोम्यवस्थातुं भ्रमतीवचमेमनः ॥ ३० ॥
निमित्तानिचपश्यामि विपरीतानिकेशव ॥

पदानि--गाण्डीवं स्रंसते हस्तात् त्वक् च एव परिदह्यते ॥
न च शक्नोमि अवस्थातुं भ्रमति इव च मे मनः ॥३०॥
निमित्तानि च पश्यामि विपरीतानि केशव ॥

अन्वयार्थः—**केशव** હે કેશવ ! **हस्तात्** હાથથી **गांडीवं** ગાંડીવ **स्रंसते** પડી જાય છે **च एव** તેમજ **मे** મારી **त्वक्** ત્વચા **परिदह्यते** બળે છે **च** તથા **मनः** મન **भ्रमति इव** ભ્રમણ કરતું હોય એમ " જણાય છે " **च** તથા **अवस्थातुं** સ્થિર થવાને **न शक्नोमि** સમર્થ થતો નથિ **च** તથા **विपरीतानि** વિપરીત **निमित्तानि** નિમિત્ત **पश्यामि** જોઉં છું.

टीका—હે કેશવ ! મારા હાથમાંથી ગાંડીવ ધનુષ્ આ શોકથી પડી જાય છે તથા મારી ત્વચા બળે છે તથા મારૂં મન ભ્રમણ કરેછે તથા હું મારૂં શરીર સ્થિર કરવાને સમર્થ નથિ અને વિપરીત નિમિત્તોને જોઉં છું. "અહિં મારા હાથમાંથી ગાંડીવ ધનુષ્ નીચે પડી જાય છે એ વચનથી અર્જુનને પોતાના અધૈર્યરૂપ દુર્બલતા તથા મારી ત્વચા બળે છે એ વચનથી પોતાના અન્તરનો તાપ દેખાડયો તથા આ વખતે હું મારા શરીરને સ્થિર કરવામાં સમર્થ નથિ એ વચનથી પોતાની મુર્છા અવસ્થા દેખાડી. **नचशक्नोमि** આ વચનમાં જે ચકાર છે તે હેતુ અર્થને કહેનાર છે અને તેનો એવી રીતે અર્થ છે કે મારૂં મન મૂર્છાની પૂર્વાવસ્થાને પામેલું છે માટે હું મારા શરીરને પણ સ્થિર કરવાને સમર્થ નથિ. શરીરને સ્થિર કરવાના અસામર્થ્યમાં બીજું પણ નિમિત્ત છે તે અર્જુને ભગવાનને કહ્યું કે હે કેશવ ! થોડા વખતમાં દુઃખની પ્રાપ્તિને સૂચવનારાં જે વામ નેત્ર આદિના

સ્વજનરૂપી નિમિત્ત છે તે નિમિત્તને પણ હું જોઉં છું માટે મારા શરીરને સ્થિર કરવાને સમર્થ નથિ. ॥ ૩૦ ॥

मूलम्—नचश्रेयोनुपश्यामि हत्वास्वजनमाहवे ॥ ३१ ॥

पदानि—न च श्रेयः अनुपश्यामि हत्वा स्वजनं आहवे ॥ ३१ ॥

अन्वयार्थः—**च** તથા **आहवे** યુદ્ધમાં **स्वजनं** પોતાના બાન્ધવોને **हत्वा** હણીને **श्रेयः** શ્રેયને **न अनुपश्यामि** જોતો નથિ.

टीका—હે ભગવાન્ ! આ યુદ્ધમાં બાન્ધવોને મારી મારૂં શ્રેય થાય એમ હું જોઇ શકતો નથિ. જે પુરૂષ જે પદાર્થની પ્રાપ્તિની પ્રાર્થના કરે તેનું નામ પુરૂષાર્થ કહેવાય છે. તે પુરૂષાર્થરૂપ શ્રેય બે પ્રકારનું છે એક તો દૃષ્ટ શ્રેય છે અને બીજું અદૃષ્ટ શ્રેય છે. આ લોકમાં જે રાજ્યાદિ શ્રેય છે તેનું નામ દૃષ્ટ શ્રેય કહેવાય છે. એ બેઉ શ્રેયની પ્રાપ્તિ આ ભીષ્માદિ બાન્ધવોના મરણથી મને પ્રાપ્ત થાય એમ હું જોઇ શકતો નથિ. ॥ ૩૧ ॥

मूलम्—नकांक्षेविजयंकृष्ण नचराज्यंसुखानिच ॥
किन्नोराज्येनगोविन्द किंभोगैर्जीवितेनवा ॥३२॥

पदानि—न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ॥
किं नः राज्येन गोविन्द किं भोगैः जीवितेन वा ॥३२॥

अन्वयार्थः—**कृष्ण** હે કૃષ્ણ ! **विजयं** વિજયને **न कांक्षे** નથિ ઇચ્છતો **च** તથા **राज्यं** રાજ્યને **न** નથિ " ઇચ્છતો " **च** તથા **सुखानि** સુખોને **न** નથિ "ઇચ્છતો" **गोविन्द** હે ગોવિન્દ ! **नः** અમારે **राज्येन** રાજ્યથી **किम्** શું " ફલ થવાનું છે " **भोगैः** વિષય સુખોથી **किम्** શું " ફલ થવાનું છે " **जीवितेन** જીવવાથી **किम्** શું " ફલ થવાનું છે. "

टीका—હે ભગવાન્ ! અમારા બાન્ધવોના નાશથી પ્રાપ્ત થનારા વિષયની હું ઇચ્છા રાખતો નથિ તથા તે વિજયથી પ્રાપ્ત થનારા રાજ્યની પણ ઇચ્છા રાખતો નથિ તથા તે રાજ્યની પ્રાપ્તિ થયા પછી પ્રાપ્ત થનારાં વિષયસુખોની પ્રાપ્તિની પણ ઇચ્છા રાખતો નથિ. "એવી રીતે કહેવાથી અર્જુને એવો અર્થ દેખાડ્યો કે આ લોકમાં પુરૂષને જે જે ફલની ઇચ્છા હોય છે તે તે ફલની પ્રાપ્તિ કરવાના ઉપાયમાં તે પ્રવર્ત્તે છે પણ ફલની ઇચ્છાથી રહિત પુરૂષ તે ફલની પ્રાપ્તિ કરવાના ઉપાયમાં પ્રવર્ત્તતો નથિ માટે અમારે તો તે વિજય અને રાજ્યાદિક ફલને પ્રાપ્ત કરવામાં ઇચ્છા નથિ તેથી આ યુદ્ધરૂપી ઉપાયમાં અમારી પ્રવૃત્તિ સંભવતી નથિ. ॥ ૩૨ ॥

આપ આવી રીતે કહેશો કે હે અર્જુન ! ધર્મ શાસ્ત્રમાં આવી રીતે કહ્યું છે કે **वृद्धौचमातापितरौ भार्यासाध्वीसुतः शिशुः॥ अप्यकार्यशतंकृत्वा भर्त्तव्यामनुरब्रवीत्॥** એનો અર્થ આવો છે કે આપણાં વૃદ્ધ માતા, પિતા, પતિવ્રતા સ્ત્રી તથા બાલ્ય અવસ્થાવાળા પુત્ર; એ બાન્ધવોનું ન કરવા યોગ્ય કામ કરીને પણ ભરણ પોષણ કરવું યોગ્ય છે. એમ મનુભગવાને કહ્યું છે. ઇત્યાદિક શાસ્ત્રવચનોથી એવું સિદ્ધ થાય છે કે વૃદ્ધ માતા પિતા આદિ બાન્ધવોનું ભરણ પોષણ કરવા માટે અધર્મ થાય તો પણ દોષ લાગતો નથિ માટે તારે આ યુદ્ધમાં જરૂર પ્રવર્તવું જોઇએ. એ ઉપર હું કહું છું:—

मूलम्—येषामर्थेकांक्षितंनो-राज्यंभोगाःसुखानिच ॥

तइमेऽवस्थितायुद्धेप्राणांस्त्यक्त्वाधनानिच ॥३३॥

पदानि—येषां अर्थे काङ्क्षितं नः राज्यं भोगाः सुखानि च ॥

ते इमे अवस्थिताः युद्धे प्राणान् त्यक्त्वा धनानि च ।३३।

अन्वयार्थः— **नः** અમારે **येषां अर्थे** જેઓને માટે **राज्यं** રાજ્ય **भोगाः** વિષય **च** તથા **सुखानि** સુખ **कांक्षितं** અપેક્ષિત છે તે તે **इमे** આ " સર્વે " **प्राणान्** પ્રાણોને **च** તથા **धनानि** ધનને **त्यक्त्वा** ત્યાગકરીને **युद्धे** યુદ્ધમાં **अवस्थिताः** ઉભા રહેલા છે.

टीका—હે ભગવન્ ! એકલો પુરૂષ હોય તેતો આ રાજ્યાદિકની અપેક્ષા રાખતો નથિ અને જે બાન્ધવોને અર્થે અમારે આ રાજ્યની અપેક્ષા છે તથા સુખના સાધનરૂપ વિષયની અપેક્ષા છે તથા વિષયથી ઊત્પન્ન થયેલાં સુખની અપેક્ષા છે, તે આ અમારા બાન્ધવો પોતાના પ્રાણની આશા છોડીને તથા ધનની આશા છોડીને મરણને માટે આ યુદ્ધભૂમિમાં આવીને ઉભા રહ્યા છે માટે પોતાના સ્વાર્થે અર્થે અને સમ્બન્ધિયોના સ્વાર્થે અર્થે આ યુદ્ધરૂપી કાર્યમાં અમારી પ્રવૃત્તિ સંભવે નાહિં. ॥ ૩૩ ॥

मूलम्—आचार्याःपितरःपुत्रा—स्तथैवचापितामहाः

मातुलाःश्वशुराःपौत्राःश्यालाःसम्बन्धिनस्तथा ।३४।

पदानि—आचार्याः पितरः पुत्राः तथा एव च पितामहाः ॥

मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनः तथा ॥३४॥

अन्वयार्थः—**आचार्याः** આચાર્યો **पितरः** પિતરો **तथा एव** તેમજ **पुत्राः** પુત્રો **च** તથા **पितामहाः** પિતામહો **मातुलाः** મામાઓ **श्वशुराः** શ્વશુરો **पौत्राः** પૌત્રો **श्यालाः** શ્યાલાઓ **तथा** તથા **संबन्धिनः** સંબન્ધિયો છે.

टीका—હે ભગવન્ ! આ યુદ્ધભૂમિમાં કોઇક તો અમારા આચાર્યછે તથા કોઇક પુત્રો છે તથા કોઇક પિતામહ છે તથા કોઇક મામા છે તથા કોઇક શ્વશુર છે તથા કોઇક પૌત્ર છે તથા કોઇક શ્યાલાઓ છે તથા કોઇક સમ્બન્ધિયોછે. તે સર્વે સમ્બન્ધિયો

તો હમણાં મરવાને તૈયાર થયેલા છે માટે હવે આ યુદ્ધમાં મારે કેવી રીતે પ્રવૃત્તિ કરવી ॥ ૩૪ ॥

मूलम्—एतान्नहन्तुमिच्छामि घ्नतोऽपिमधुसूदन ॥
अपित्रैलोक्यराज्यस्य हेतोःकिंनुमहीकृते ॥३५॥

पदानि—एतान् न हन्तुं इच्छामि घ्नतः अपि मधुसूदन ॥
अपि त्रैलोक्य राज्यस्य हेतोः किं नु महीकृते ॥३५॥

अन्वयार्थः—मधुसूदन હે મધુસૂદન (મધુ નામના દૈત્યને નાશ કરનાર) **घ्नतः** હણતા એવા **अपि** પણ **एतान्** આ આચાર્યાદિકોને **त्रैलोक्य राज्यस्य हेतोः** ત્રણલોકના રાજ્યની પ્રાપ્તિનેમાટે **अपि** પણ **हन्तुं** હણવાને **न इच्छामि** ઇચ્છતો નથી **महीकृते** 'તોપછી' પૃથ્વીને માટે **किंनु** હણું નહિ એમાં શું કહેવું.

टीका—હે મધુસૂદન ! મારૂં મન તો એવું છે કે ભીષ્મદ્રોણાદિક મારા પરમ પૂજ્ય છે માટે તેઓ મને મારશે તો પણ હું તો એમને મારીશ નહિં. તેમાં ત્રણ લોકના રાજ્યની પ્રાપ્તિને માટે પણ સ્વજનોને હણવા ઇચ્છતો નથિ તો પછી પૃથ્વીનું રાજ્ય મેળવવા માટે એઓને ન મારૂં એમાં શું કહેવું ॥ ૩૫ ॥

શંકા—હે અર્જુન ! આચાર્યાદિકોને મારવામાં જો તું દોષ માને છે તો તે આચાર્યાદિકોનો ત્યાગ કરીને દુર્યોધનાદિકોનું હનન કર, કારણકે આ દુર્યોધનાદિકોએ તમને લાક્ષાગૃહમાં બાળીને પછી પણ ઘણા પ્રકારનાં દારૂણ દુઃખ આપ્યાં છે માટે તારે દુર્યોધનાદિકને મારવામાં પ્રીતિ કરવી સંભવે છે એવી ભગવાનની શંકાઉપર અર્જુન કહે છે.

मूलम्—निहत्यधार्त्तराष्ट्रान्नः काप्रीतिःस्याज्जनार्दन* ॥

---

* **अग्निदोगरदश्चैव शस्त्रपाणिर्धनापहः । क्षेत्रदारापहारी च षडेते ह्याततायिनः** અગ્નિ મુકનાર, ઝેર આપનાર, શસ્ત્ર ધારણકરી મારવા આવનાર, ધન લઈ જનાર, જમીન ખેંચી લેનાર, સ્ત્રીને ઊઠાવી જનાર, એવાં છ જાતનાં કામ કરનારને ' આતતાયિ ' કહેવાય છે. આવી સ્મૃતિ છે. દુર્યોધનાદિકોએ અગ્નિદાહ વગેરે કરેલ છે માટે તેઓને મારવા એ યોગ્યજ છે. આના સંબંધમાં બીજું વચન છે. **आततायिनमायान्तं हन्यादेवाविचारयन् नाततायिवधे दोषो हन्तुर्भवतिकश्चन** આતતાયિ થઇ આપણને મારવા આવનારને મારવામાં વિચાર કરવાની જરૂર નથી. આતતાયિને મારવામાં કોઇ જાતનો દોષ નથી. આ શંકા ઉપર અર્જુનનું સમાધાન છે ડોઢ શ્લોકથી.

आततायिनमायान्तं ઇત્યાદિક જે અર્થશાસ્ત્રછે તે ધર્મશાસ્ત્રથી દુર્બળછે. તેમાં યાજ્ઞવલ્કયનું પ્રમાણ ॥ **स्मृत्योर्विरोधे न्यायस्तु बलवान् व्यवहारतः ॥ अर्थ शास्त्रात्तु बलव द्धर्मशास्त्रमितिस्मृतिः** બે સ્મૃતિમાં જ્યાં પરસ્પર વિરોધ આવે ત્યાં વ્યવહાર ઉપરથી ન્યાય બલવાન જાણવો અને અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર બલવાન છે એવી સ્મૃતિ છે. તે માટે જોકે આચાર્યાદિક આતતાયિ છે તોપણ તેઓને મારવામાં અન્યાયજ થાય અને આ લોક પરલોકમાં સુખ ન થાય, આમ અર્જુનની શંકા છે.

पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ॥३६॥

पदानि—निहत्य धार्त्तराष्ट्रान्नः का प्रीतिः स्यात् जनार्दन ॥
पापं एव आश्रयेत् अस्मान् हत्वा एतान् आततायिनः ॥३६॥

अन्वयार्थः—**जनार्दन** હે જનાર્દન! **धार्त्तराष्ट्रान्** દુર્યોધનાદિકોને **निहत्य** હણીને **नः** અમારે **का** કઇ **प्रीतिः** પ્રીતિ **स्यात्** હોય **एतान्** એ **आततायिनः** આતતાયિઓને **हत्वा** હણીને **अस्मान्** અમોને **पापं** પાપ **एव** નિશ્ચે **आश्रयेत्** આશ્રય કરે.

टीका—હે જનાર્દન! અમારા ભ્રાતા જે દુર્યોધનાદિક છે તેઓને મારીને અમારે શું સુખ થવાનું છે? અર્થાત્ એઓને મારવાથી અમને કાંઇ પણ સુખ થવાનું નથિ. કારણકે મૂઢ મનુષ્યોને પ્રીતિકરનાર જે ક્ષણમાત્ર સુખાભાસ છે તે સુખાભાસનો લોભ કરીને ઘણા કાળ સુધી નરક પ્રાપ્તિના કારણરૂપ જે બાન્ધવોની હિંસા તે અમારે કરવી યોગ્ય નથિ. ॥ ૩૬ ॥

मूलम्—तस्मान्नार्हावयंहन्तुं धार्त्तराष्ट्रान्स्वबान्धवान् ॥
स्वजनंहिकथंहत्वा सुखिनः स्याममाधव ॥३७॥

पदानि—तस्मात् न अर्हा वयं हन्तुं धार्त्तराष्ट्रान् स्वबान्धवान् ॥
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥३७॥

अन्वयार्थः—**माधव** હે માધવ! **तस्मात्** તે માટે **वयं** અમે **स्वबान्धवान्** પોતાના બાન્ધવ **धार्त्तराष्ट्रान्** ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિક પુત્રોને **हन्तुं** હણવાને **न अर्हा** યોગ્ય નથિ **हि** કારણ કે **स्वजनं** સ્વજનને **हत्वा** હણીને " અમે " **कथं** કેમ **सुखिनः** સુખિયા **स्याम** થઇએ.

टीका—હે માધવ! તે માટે અમે અમારા દુર્યોધનાદિક બાન્ધવોને હણવાને યોગ્ય નથિ કારણ કે અમે સ્વજનને હણી કેમ સુખીયા થઇએ! અર્થાત્ થઇએ નહિં. આપ એમ કહેશો કે, બાન્ધવોને હણીને સ્વર્ગાદિરૂપ અદૃષ્ટ સુખની પ્રાપ્તિ ભલે ન થાય પણ આ લોકના દૃષ્ટ સુખની તો પ્રાપ્તિ થશે તો ત્યાં હું કહું છું કે હે ભગવન્ પોતાના સમ્બન્ધિયોના સુખને માટેજ શ્રેષ્ઠ પુરૂષોની પ્રવૃત્તિ હોય તો પછી અમારા સમ્બન્ધિઓનેજ હણી અમે કેવી રીતે સુખિયા થઇશું. ? ॥ ૩૭ ॥

मूलम्—यद्यप्येतेनपश्यन्ति लोभोपहतचेतसः ॥
कुलक्षयकृतंदोषं मित्रद्रोहेचपातकम् ॥३८॥

पदानि—यदि अपि एते न पश्यन्ति लोभोपहतचेतसः ॥
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३८ ॥

अन्वयार्थः—लोभोपहतचेतसः લોભથી હણાયેલું છે ચિત્ત જેઓનું એવા **एते** આ ભીષ્માદિક **यद्यपि** જો કે **कुलक्षयकृतं** કુલનો નાશ કરવારૂપી **दोषं** દોષને **च** તથા **मित्रद्रोहे** મિત્રના દ્રોહમાં **पातकं** પાપને **न पश्यन्ति** જોતા નથિ. "પણ અમે જોઇયે છિયે."

टीका—હે ભગવન્ ! લોભથી આ ભીષ્માદિકનાં ચિત્ત વ્યાપ્ત થઇ ગયેલાં છે માટે તેઓ કુલનો નાશ થવાથી પ્રાપ્ત થનારા દોષને તથા મિત્રદ્રોહ કરવાથી પ્રાપ્ત થનારાં પાતકને વિચાર કરી જોતા નથિ પરન્તુ અમે એ દોષને તથા પાતકને સારી રીતે જાણીયે છિયે માટે એ ભીષ્માદિકની તો યુદ્ધમાં પ્રવૃત્તિ સંભવે છે તોપણ અમારી પ્રવૃત્તિ એ યુદ્ધ-માં સંભવતી નથિ ॥ ૩૮ ॥

આપ એમ કહેશો કે, ક્ષત્રિયને યુદ્ધ કરવા માટે કોઇએ બોલાવ્યો હોય તો અવશ્ય યુદ્ધ કરવા જવું જોઇએ એમ ધર્મશાસ્ત્રમાં **आहुतोननिवर्त्तेत** ઇત્યાદિકવચનોમાં કહેલું છે, તો પછી આ ભીષ્માદિક તને યુદ્ધ કરવા સારૂ બોલાવેછે માટે જરૂર આ યુદ્ધમાં તારે પ્રવર્ત્તવું જોઇએ. તો ત્યાં હું કહું છુંઃ—

मूलम्—कथंनज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ॥
कुलक्षयकृतंदोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

पदानि—कथं न ज्ञेयं अस्माभिः पापात् अस्मात् निवर्तितुम् ॥
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिः जनार्दन ॥ ३९ ॥

अन्वयार्थः—जनार्दन હે જનાર્દન ! **कुलक्षयकृतं** કુલના ક્ષયને કરનાર **दोषं** દોષને (**प्रपश्यद्भिः** જોનારા **अस्माभिः** અમોએ **पापात्** પાપના હેતુરૂપ **अस्मात्** આ યુદ્ધથી **निवर्तितुं** નિવૃત્ત થવાને **कथं** કેમ ન **ज्ञेयं** ન જાણવું.

टीका—હે જનાર્દન ! અમારા કૂલનો નાશ થવાથી ઉત્પન્ન થનારા દોષને સારી પેઠે જાણનાર એવા અમોને પાપની પ્રાપ્તિ કરાવનાર એવું જે આ યુદ્ધ તે થકી નિવૃત્ત થવાને શામાટે વિચાર કરવો ન જોઇએ ? અર્થાત્ અવશ્ય વિચાર કરવો જોઇએ. ॥૩૯॥

मूलम्—कुलक्षयेप्रणश्यन्ति कुलधर्माःसनातनाः ॥
धर्मेनष्टेकुलंकृत्स्न-मधर्मोभिभवत्युत ॥ ४० ॥

पदानि—कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ॥
धर्मे नष्टे कुलं कृत्स्नं अधर्मः अभिभवति उत ॥४०॥

अन्वयार्थः—**कुलक्षये** કુલનો નાશ થયે છતે **सनातनाः** પરંપરાથી પ્રાપ્ત થયેલા **कुलधर्माः** કુલના ધર્મ **प्रणश्यन्ति** નાશ પામે છે **धर्मे नष्टे** ધર્મ નાશ થયે છતે **कृत्स्नं उत** સઘળાજ **कुलं** કુલને **अधर्मः** અધર્મ **अभिभवति** વશ કરી લે છે.

टीका—અમારા વંશ પરંપરાથી પ્રાપ્ત થયેલા તથા કુલપરંપરાથી પ્રાપ્ત થયેલા તથા જાતિથી પ્રાપ્ત થયેલા માટે કરવા યોગ્ય એવા અગ્નિહોત્રાદિક ધર્મની પ્રવૃત્તિ કરનારાવૃદ્ધ પુરૂષો જ્યારે નાશ થાય ત્યારે અગ્નિહોત્રાદિક સઘળા કુલના ધર્મ નાશ પામે છે અને—ત્યાર પછી શિક્ષા કરનારા વૃદ્ધ પુરૂષોના અભાવથી બાકી રહેલાં સ્ત્રીબાલકાદિરૂપ કુલને અનાચારરૂપ અધર્મ પોતાને સ્વાધીન કરી લે છે. ॥ ૪૦ ॥

मूलम्—अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्तिकुलस्त्रियः ॥
स्त्रीषुदुष्टासुवार्ष्णेय जायतेवर्णसंकरः ॥ ४१ ॥

पदानि—अधर्माभिभवात् कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ॥
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसङ्करः ॥ ४१ ॥

अन्वयार्थः—**कृष्ण** હે કૃષ્ણ! **अधर्माभिभवात्** અધર્મને વશ થવાથી **कुलस्त्रियः** કુલની સ્ત્રિયો **प्रदुष्यन्ति** દોષવાળી થાય છે **वार्ष्णेय** હે વાર્ષ્ણેય (વૃષ્ણિ કુલમાં ઉત્પન્ન થયેલા) **दुष्टासु-स्त्रीषु** વ્યભિચારિણી સ્ત્રિયોમાં **वर्णशंकरः** વર્ણસંકર **जायते** ઉત્પન્ન થાય છે.

टीका—હે કૃષ્ણ ! હે વાર્ષ્ણેય ! અધર્મની વૃદ્ધિ થવાથી સ્ત્રિયો મનમાં એમ વિચાર કરે છે કે અમારા પતિયોએ ધર્મનું ઉલ્લંઘન કરી કુલનો નાશ કર્યો છે તો પછી અમારે પતિવ્રતાધર્મનું ઉલ્લંઘન કરી વ્યભિચાર શા માટે ન કરવો જોઇએ. આવો કુતર્ક કરી તે સ્ત્રિયો વ્યભિચારમાં પ્રવર્તે છે અને તે વ્યભિચારિણી સ્ત્રિયોમાં ઊંચ જાતિના પુરૂષોના સમ્બન્ધથી અથવા નીચ જાતિના પુરૂષોના સમ્બન્ધથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. ॥ ૪૧ ॥

मूलम्—संकरोनरकायैव कुलघ्नानांकुलस्यच ॥
पतन्तिपितरोह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ ४२ ॥

पदानि—सङ्करः नरकाय एव कुलघ्नानां कुलस्य च ॥
पतन्ति पितरः येषां लुप्तपिण्डोदकक्रियाः ॥ ४२ ॥

अन्वयार्थः—**च** અને **कुलस्य** કુલનો **संकरः** સંકર **कुलघ्नानां** કુલને નાશ કરનાર પુરૂષોને **नरकाय एव** નરકને અર્થેજ "છે" **एषां** કુલને નાશ કરનારા પુરૂષોના **पि-**

नरः પિતરો **लुप्तपिण्डोदकक्रियाः** પિંડ અને જલની ક્રિયાથી રહિત થઈ **पतन्ति हि** નરકમાં પડે છેજ.

टीका—હે ભગવન્ ! કુલનો સંકર કુલને નાશ કરનારા પુરૂષોને નરક આપે છેજ અને કુલના નાશ કરનારા પુરૂષોના પિતરો પણ પિંડ અને જલની ક્રિયાથી રહિત થઇ નરકમાં પડે છે. કારણ કે પિતરો માટે પિંડ ક્રિયા કરવાવાળા તથા જલક્રિયા કરવાવાળા પુત્રો પછવાડે રહે નહિં માટે પિંડજલ ક્રિયા જેની નિવૃત્ત થઇ ગઇ છે એવા જે કુલ નાશ કરનારા પુરૂષો અને તેના પિતરો તે નરક પામવા માટે સ્વર્ગથી નીચે પડે છે. ॥ ૪૨ ॥

मूलम्—दोषैरेतैःकुलघ्नानां वर्णसंकरकारकैः ॥
उत्साद्यन्तेजातिधर्माः कुलधर्माश्वशाश्वताः ॥४३॥

पदानि—दोषेः एतैः कुलघ्नानां वर्णसङ्करकारकैः ॥
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माः च शाश्वताः ॥४३॥

अन्वयार्थः—कुलघ्नानां કુલને હણનારા પુરૂષોના **वर्णसंकरकारकैः** વર્ણ સંકર કરનારા **एतैः** આ **दोषैः** દોષોવડે **शाश्वताः** પરંપરાથી પ્રાપ્ત થયેલા **जातिधर्माः** જાતિના ધર્મ **च** તથા **कुलधर्माः** કુલના ધર્મ **उत्साद्यन्ते** નાશ પામે છે.

टीका—હે ભગવન્ ! જે પુરૂષ આ કાર્ય આપણે કરવા યોગ્ય છે કે આ કાર્ય આપણે કરવા યોગ્ય નથિ, એવો વિચાર ત્યાગ કરી કામ ક્રોધાદિકને વશ થઇ કુલધર્મને પ્રવર્તાવનારા પુરૂષોનો નાશ કરે છે તે પુરૂષોનું નામ કુલઘ્ન કહેવાય છે તે કુલઘ્ન પુરૂષોના વર્ણસંકર કરનારા આ દોષોવડે પરંપરાથી પ્રાપ્ત થયેલા ક્ષત્રિયોના ધર્મ તથા કુલના ધર્મ નાશ પામે છે. વળી શ્લોકમાં ચકાર છે એ ઉપરથી એમ સમજવું કે આશ્રમ ધર્મો પણ નાશ પામે. ॥ ૪૩ ॥

मूलम्—उत्सन्नकुलधर्माणां मनुष्याणांजनार्द्दन ॥
नरकेऽनियतंवासो-भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

पदानि—उत्सन्नकुलधर्माणां मनुष्याणा जनार्द्दन ॥
नरके अनियतं वासः भवति इति अनुशुश्रुम ॥४४॥

अन्वयार्थः—जनार्द्दन હે જનાર્દન ! **उत्सन्नकुलधर्माणां** નાશ કરેલો છે કુલ જાતિ આદિનો ધર્મ જેઓએ એવા **मनुष्याणां** મનુષ્યોનો **नरके** નરકમાં **अनियतं** અવધિથી રહિત **वासः** નિવાસ **भवति** થાય છે **इति** એવી રીતે **अनुशुश्रुम** “ અમો ” સાંભળતા હવા.

टीका—હે જનાર્દન ! લોભને વશ થઇ જે પુરૂષો કુલ અને જાતિ આદિના ધર્મનો નાશ કરે છે તે પુરૂષોનો ઘણા કાળસુધી રૌરવાદિક નરકોમાં નિવાસ થાય છે એ વાર્ત્તા કેવળ અમે અમારી બુદ્ધિની કલ્પનાથીજ કહેતા નથિ પણ પૂર્વ આચાર્યોના મુખથી તથા મહર્ષિયોના મુખથી સાંભળેલી છે, ત્યાં પ્રમાણ, **प्रायश्चित्तमकुर्वाणाः पापेष्वभिरतानराः ॥ अपश्चात्तापिनः पापान्निरयान्यान्तिदारुणान् ॥ १ ॥** આ શ્લોકનો અર્થ એ પ્રમાણે છે કે જે પુરૂષો પાપ કરવામાં પ્રીતિવાળા છે તથા પાપની નિવૃત્તિ કરવા સારૂ પ્રાયશ્ચિત પણ કરતા નથિ તથા પશ્ચાત્તાપને પણ પામતા નથિ તે પુરૂષ તે પાપને વશ થઇને દારૂણ નરકને પામે છે. આવી રીતનાં અનેક વચન છે. **नरकेनियतं** આ પાદમાં કકારને વિષે રહેલા એ કારની પછી અકારનો લોપ માની અનિયત એવો પદચ્છેદ કર્યો છે તેનો અર્થ કહ્યો, પણ જો ત્યાં અકારનો લોપ ન માનિયે તો **नियतं** એ પ્રકારના પદનો અર્થ "અવશ્યકરીને" એવો થાય છે.

मूलम्—अहोबतमहत्पापं कर्तुंव्यवसितावयम् ॥
यद्राज्यसुखलोभेन हन्तुंस्वजनमुद्यताः ॥ ४५ ॥

पदानि—अहो बत महत् पापं कर्त्तुं व्यवसिताः वयम् ॥
यत् राज्यसुखलोभेन हन्तुं स्वजनं उद्यताः ॥ ४५ ॥

अन्वयार्थः—**अहो** મહોટું આશ્ચર્ય છે **बत** મહોટો ખેદ છે **वयं** અમે **महत्** મહોટા **पापं** પાપને **कर्तुं** કરવાને **व्यवसिताः** નિશ્ચયવાળા થયા છિયે **यत्** કારણ કે **राज्यसुखलोभेन** રાજ્યસુખના લોભે કરીને **स्वजनं** પોતાના બન્ધુઓને **हन्तुं** હણવા માટે **उद्यताः** ઉદ્યમવાળા થયા છિયે.

टीका—હે ભગવન્ ! અમને મહોટું આશ્ચર્ય લાગે છે અને મહોટો ખેદ થાય છે કારણ કે અમે વિચારવાળા થઇને આ મહોટું પાપ કરવા સારૂ નિશ્ચયવાળા થયા છિયે. કારણ કે રાજ્યની પ્રાપ્તિમાટે ક્ષણભંગુર વિષયસુખમાં લોભ રાખીને અમે તીક્ષ્ણ શાસ્ત્રોવડે અમારા ભાઇઓ અને પુત્રાદિ બાન્ધવોને હણવા સારૂ ઉદ્યમવાળા થયા છિયે. ॥ ૪૫ ॥

मूलम्—यदिमामप्रतीकार-मशस्त्रंशस्त्रपाणयः ॥
धार्त्तराष्ट्रारणेहन्यु-स्तन्मेक्षेमतरंभवेत् ॥ ४६ ॥

पदानि—यदि मां अप्रतीकारं अशस्त्रं शस्त्रपाणयः ॥
धार्त्तराष्ट्राः रणे हन्युः तत् मे क्षेमतरं भवेत् ॥ ४६ ॥

अन्वयार्थः—**यदि** જો **अप्रतीकारं** પ્રતીકારથી રહિત **अशस्त्रं** શસ્ત્રથી રહિત **मां** મને **शस्त्रपाणयः** શસ્ત્રો હાથમાં ધરનારા **धार्त्तराष्ट्राः** ધૃતરાષ્ટ્રના પુત્રાદિક **रणे** રણમાં **हन्युः** હણે તો **तत्** તે હણવું **मे** મારૂં **क्षेमतरं** અત્યન્તમોક્ષરૂપ **भवेत्** થાય.

टीका—હે ભગવન્ ! શસ્ત્રથી રહિત અને સામો ઘા ન કરનાર એવા મને શસ્ત્ર હાથમાં ધારણ કરનારા દુર્યોધનાદિક આ યુદ્ધભૂમિમાં જો હણશે તો મારૂં અત્યન્ત હિત થશે અને **अहिंसापरमोधर्मः** ઇત્યાદિક વચનવડે એમ જણાય છે કે સર્વ પ્રાણિયોને અહિંસારૂપ ધર્મ અમારા પ્રાણથી પણ શ્રેષ્ઠ છે કારણ કે આ પ્રાણ ધારણ કરવાથી અનેક પ્રકારનાં પાપ ઉત્પન્ન થાય છે અને તે અહિંસા ધર્મથી કોઇ પાપ ઉત્પન્ન થતું નથિ પણ ઉલટું મહા પુણ્ય ઉત્પન્ન થાય છે માટે આ જીવવાની અપેક્ષાથી અમારૂં મરણ થાય એ શ્રેષ્ઠ છે. ॥ ૪૬ ॥

मूलम्—एवमुक्त्वार्जुनःसंख्ये रथोपस्थउपाविशत् ॥
विसृज्यसशरंचापं शोकसंविग्नमानसः ॥ ४७ ॥

पदानि—एवं उक्त्वा अर्जुनः संख्ये रथोपस्थे[1] उपाविशत् ॥
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः[2] ॥ ४७ ॥

अन्वयार्थः—**शोकसंविग्नमानसः** શોકવડે પીડા પામેલું છે મન જેનું એવો **अर्जुनः** અર્જુન **संख्ये** સંગ્રામમાં **एवं** એ પ્રકારે **उक्त्वा** કહીને **सशरं** બાણસહિત **चापं** ધનુષ્યને **विसृज्य** ત્યાગ કરી **रथोपस्थे** રથઉપર **उपाविशत्** બેઠો.

टीका—ત્યારપછી શું થયું એવી અપેક્ષામાં સંજય કહે છે કે પોતાના બાન્ધવોના વિનાશરૂપ નિમિત્તથી ઉત્પન્ન થયેલા શોકવડે પીડા યુક્ત મનવાળો અર્જુન સંગ્રામમાં શ્રીકૃષ્ણ ભગવાનને પ્રથમ પ્રમાણે વચન કહીને તથા બાણસહિત ધનુષ્યનો પરિત્યાગ કરીને રથઉપર બેઠો. ॥ ૪૭ ॥

इतिश्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादेअर्जुनविषादोनाम
प्रथमोऽध्यायः ॥ १ ॥

---

१ रथोपस्थे-रथस्योपरि । २ शोकेन संविग्नं प्रकम्पितं मानसं चित्तं यस्य सः ।

ॐ

श्रीकृष्णायनमः

संजयउवाच.

मूलम्—तंतथाकृपयाविष्ट—मश्रुपूर्णाकुलेक्षणम् ॥
विषीदन्तमिदंवाक्य—मुवाचमधुसूदनः ॥ १ ॥

पदानि—तं तथा कृपया आविष्टं अश्रुपूर्णाकुलेक्षणम् ॥
विषीदन्तं इदं वाक्यं उवाच मधुसूदनः ॥ १ ॥

अन्वयार्थः—तथा તેવી રીતે **कृपया** કૃપાએકરીને **आविष्टं** વ્યાપ્ત થયેલા **अश्रुपूर्णाकुलेक्षणं** આંસુવડે પૂર્ણ તથા આકુલ છે નેત્ર જેનાં એવા **विषीदन्तं** ખેદ કરતા **तं** તે અર્જુન પ્રત્યે **मधुसुदनः** શ્રીકૃષ્ણ **इदं** આ કહેવાશે એવા **वाक्यं** વાક્યને **उवाच** કહેતા હવા.

ટીકા—સંજય કહે છે-હે ધૃતરાષ્ટ્ર ! તેવી રીતે કૃપાવડે વ્યાપ્ત થયેલા તથા ખેદ કરતા તથા આંસુવડે પૂર્ણ અને આકુલ નેત્રવાળા અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને હવે કહેવાશે એવું વાક્ય કહ્યું. અહિંયાં સંજયે શ્રીકૃષ્ણ ભગવાનને મધુસૂદન એવું વિશેષણ આપેલું છે તેનો અર્થ એવો છે કે મધુનામના દૈત્યનો સંહાર કરનાર. એવી રીતે દુષ્ટોનો સંહાર કરનાર શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને પણ તમારા દુર્યોધનાદિ દુષ્ટ પુત્રોને હણવાનો ઉપદેશ કરશે અથવા પોતાના મધુસૂદન નામને સાર્થ કરવા માટે તે શ્રીકૃષ્ણ ભગવાન્ અર્જુનને નિમિત્ત માત્ર કરીને પોતેજ તમારા દુષ્ટ પુત્રોને હણશે તેથી તમારે પોતાના રાજ્યની આશા કોઇ વખતે પણ કરવી નહિં એવો આશય છે. ॥ १ ॥

श्रीभगवानुवाच.

मूलम्—कुतस्त्वाकश्मलमिदं विषमेसमुपस्थितम् ॥
अनार्यजुष्टमस्वर्ग्य—मकीर्तिकरमर्जुन ॥ २ ॥

पदानि—कुतः त्वां कश्मलं इदं विषमे समुपस्थितम् ॥
अनार्यजुष्टं अस्वर्ग्यं अकीर्त्तिकरं अर्जुन ॥ २ ॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! **विषमे** આ ભયયુક્ત સ્થાનકમાં **त्वां** તને **इदं** આ **कश्मलं** મોહરૂપ **कुतः** શા કારણથી **समुपस्थितं** પ્રાપ્ત થયેલું છે. " તેમોહ-

---

१ अश्रुभिः पूर्णे आकुले ईक्षणे यस्य तं ॥

દુઃખ " **अनार्यजुष्टं** અનાર્ય પુરૂષોએ સેવન કરેલું **अस्वर्ग्यं** સ્વર્ગ આપવામાં વિરોધ કરનારૂં "અને" **अकीर्तिकरं** અકીર્તિ કારનારૂં છે.

टीका—શ્રીભગવાન્ કહે છે-હે અર્જુન ! આ ભયયુક્ત સ્થાનકમાં તને મોહ દુઃખ કેમ પ્રાપ્ત થયું, કારણુ કે તે મોહદુઃખ અનાર્ય પુરૂષોએ સેવેલું છે, સ્વર્ગ આપવામાં વિરોધિ છે અને અકીર્તિ કરનારૂં છે. યુદ્ધરૂપી સ્વધર્મથી નિવૃત્તિ થવારૂપી આ કશ્મલ તને મોક્ષની ઇચ્છાથી પ્રાપ્ત થયેલું છે ? અથવા સ્વર્ગની ઇચ્છાથી પ્રાપ્ત થયું છે ? અથવા કીર્તિની ઇચ્છાથી પ્રાપ્ત થયેલું છે ? જો આ સઘળી ઇચ્છાથી પ્રાપ્ત થયેલું હોયતો તે વ્યર્થ છે કારણુ કે મોક્ષની ઇચ્છાવાળા પુરૂષને તે કશ્મલની પ્રાપ્તિ સંભવતી નથિ, સ્વર્ગની ઇચ્છાવાળા પુરૂષને પણુ તે કશ્મલ સેવવું યોગ્ય નથિ અને આ લોકમાં પણુ કીર્તિની ઇચ્છાવાળા પુરૂષને તે સેવવું યોગ્ય નથિ. ॥ ૨ ॥

मूलम्—क्लैब्यंमास्मगमःपार्थ नैतत्त्वय्युपपद्यते ॥
क्षुद्रंहृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठपरन्तप ॥ ३ ॥

पदानि—क्लैब्यं मास्मगमः पार्थ न एतत् त्वयि उपपद्यते ॥
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वा उत्तिष्ठ परन्तप ॥ ३ ॥

अन्वयार्थः—पार्थ હે પૃથાના પુત્ર ! **क्लैब्यं** ભયભીતપણાને **मास्मगमः** પામ માં **त्वयि** તારામાં **एतत्** આ ભયભીતપણું **न उपपद्यते** ઘટતું નથિ **परन्तप** હે પરન્તપ ! **क्षुद्रं** તુચ્છ **हृदयदौर्बल्यं** હૃદયના દુર્બલપણાને **त्यक्त्वा** ત્યાગ કરીને **उत्तिष्ठ** ઉભો થા.

टीका—હે પૃથાના પુત્ર ! અધૈર્યરૂપી કલીબપણાને તારે પ્રાપ્ત ન થવું જોઇએ અને આ સ્વધર્મરૂપ યુદ્ધ કરવા માટે એવા ક્ષુદ્ર અધૈર્યનો વિચાર બલથી તત્કાલ ત્યાગ કરી સાવધાન થા. આ ઠેકાણે **परन्तप** એવા સંબોધનથી ભગવાને અર્જુનને એવી રીતે જણાવ્યું કે **परंशत्रुंतापयतीतिपरन्तपः** પોતાના શત્રુને જે સન્તાપની પ્રાપ્તિ કરે તેનું નામ પરન્તપ કહેવાય છે. એવો પરન્તપ થઇને પણુ અત્યન્ત ક્ષુદ્ર એવા અધૈર્યરૂપ શત્રુનો નાશ ન કરવો એ બહુ આશ્ચર્ય છે.

अर्जुनउवाच.

मूलम्—कथंभीष्ममहंसंख्ये द्रोणंचमधुसूदन ॥
इषुभिःप्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥

पदानि—कथं भीष्मं अहं संख्ये द्रोणं च मधुसूदन ॥
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हौ अरिसूदन ॥ ४ ॥

अन्वयार्थः—**मधुसूदन** હે મધુસૂદન ! **अरिसूदन** હે શત્રુને નાશ કરનાર ! **संख्ये** રણભૂમિમાં **अहं** હું **पुजार्हौ** પૂજા કરવા યોગ્ય **भीष्मं** ભીષ્મપ્રત્યે **च** તથા **द्रोणं** દ્રોણપ્રત્યે **इषुभिः** બાણોવડે **कथं** કેમ **प्रतियोत्स्यामि** સામો યુદ્ધ કરીશ.

टीका—હે મધુનામના અસુરનો નાશ કરનાર ! હે શત્રુઓનો નાશ કરનાર અમારા કુલમાં વૃદ્ધ તથા ગુણોથી વૃદ્ધ એવા ભીષ્મપિતામહ તથા ધનુર્વિદ્યાના ગુરૂ દ્રોણાચાર્ય અમારા પિતાની પેઠે પુષ્પ ચન્દન અને અક્ષતાદિકથી પૂજા કરવા યોગ્ય છે, એ ભીષ્મદ્રોણાદિક વૃદ્ધો સાથે રમતમાં આનન્દની પ્રાપ્તિ માટે યુદ્ધ કરવું પણ અમને યોગ્ય નથિ. અને હું તમારી સાથે બાણોથીયુદ્ધ કરીશ, એમ વાણીથી બોલવું પણ અયોગ્ય ગણાય; તો પછી આ રણભૂમિમાં તીક્ષ્ણ શસ્ત્રોવડે એ ભીષ્મ દ્રોણાદિકને હણવું અમને કોઇ પણ પ્રકારથી કેમ યોગ્ય જણાય ! ॥ ૪ ॥

गुरूनहत्वाहिमहानुभावान्श्रेयोभोक्तुंभैक्ष्यमपीहलोके ॥
हत्वार्थकामांस्तुगुरूनिहैव भुञ्जीयभोगान्रुधिरप्रदिग्धान् ५

गुरून् अहत्वा हि महानुभावान् श्रेयः भोक्तुं भैक्ष्यं अपि इह लोके॥
हत्वा अर्थकामान् तु गुरून् इह एव भुञ्जीय भोगान् रुधिरप्रदिग्धान् ५

अन्वयार्थः—**हि** જે કારણમાટે **महानुभावान्** મહોટા મહિમાવાળા **गुरून्** ગુરૂઓને **अहत्वा** ન હણીને **इह** આ **लोके** લોકમાં **भैक्ष्यं** ભિક્ષા અન્ન **भोक्तुं** ભોજન કરવાને **अपि** પણ **श्रेयः** શ્રેષ્ઠ છે " પણ" **अर्थकामान् तु** અર્થ કામવાળા પણ **गुरून्** ગુરૂઓને **हत्वा** હણીને **इह एव** આ લોકમાંજ **रुधिरप्रदिग्धान्** રૂધિરથી વ્યાપ્ત થયેલા **भोगान्** વિષયોને **भुञ्जीय** ભોગવું. " એ ઠીક નથી"

टीका—હે ભગવન્ ! ભીષ્મદ્રોણાદિક ગુરૂઓને ન હણીએ તો અમારૂં પરલોક તો અવશ્ય સિદ્ધ થાયજ અને આ લોકમાં ભીષ્મદ્રોણાદિક ગુરૂઓને ન હણીને રાજ્યથી રહિત થઇ રાજાઓને શાસ્ત્રથી નિષિદ્ધ એવા ભિક્ષા અન્નનું હું ભોજન કરૂં એ અત્યન્ત શ્રેષ્ઠ છે. પરન્તુ ભીષ્મ દ્રોણાદિક ગુરૂઓને મારીને મને આ રાજ્ય પણ શ્રેષ્ઠ લાગતું નથિ. ॥ ૫ ॥

नचैतद्विद्मःकतरन्नोगरीयोयद्वाजयेमयदिवानोजयेयुः ॥
यानेवहत्वानजिजीविषामस्तेऽवस्थिताःप्रमुखेधार्त्तराष्ट्राः ।६।

न च एतत् विद्मः कतरत् नः गरीयः यत् वा जयेम यदि वा नः जयेयुः।
यान् एव हत्वा न जिजीविषामः ते अवस्थिताः प्रमुखे धार्त्तराष्ट्राः ॥

अन्वयार्थः—**च** તથા **नः** અમોને "ભિક્ષા અને યુદ્ધ એ બેઉની મધ્યે" **कतरत्** કયું **गरीयः** શ્રેષ્ઠ છે **एतत्** એને "અમે" **न विद्मः** જાણતા નથિ **यद्वा** યુદ્ધમાં પ્રવર્ત્યે

પછી પણ કેમ **जयेम** અમે જીતશું **यदिवा** અથવા **नः** અમોને " આ કૌરવો" **जयेयुः** જીતશે **यान्** જેઓને **हत्वा** હણીને "અમે" **नजिजीविषामः** જીવવાની આશા કરતા નથિ **ते** તે **धार्त्तराष्ट्राः** ધૃતરાષ્ટ્રના પુત્રાદિક **एव** નિશ્ચે **प्रमुखे** અમારી સન્મુખ **अवस्थिताः** ઉભા રહેલા છે

टीका—હે ભગવન્ ! ભિક્ષાન્નનું ભોજન અને યુદ્ધ એ બેઉમાં અમને કયો ધર્મ શ્રેષ્ઠ છે ? હિંસારહિત ભિક્ષા અન્ન ખાવું એજ શ્રેષ્ઠ છે કે સ્વધર્મ હોવાથી યુદ્ધજ શ્રેષ્ઠ છે ? એ વાત હું બરોબર જાણી શકતો નથિ. જો કદાચિત્ અમે યુદ્ધ કરીયે તો પણ અમે આ ભીષ્મદ્રોણાદિકને જીતીએ કે એ ભીષ્મ દ્રોણાદિક અમને જીતે, એ વાતનો નિશ્ચય થઈ શકતો નથિ. કદાપિ ભીષ્માદિક અમને જીતશે તો પરિણામે અમારે જરૂર ભિક્ષા માગવી પડશે અથવા અમારૂં મરણ થશે, એ બેઉ વાતમાં એક તો અવશ્ય થશેજ માટે આ યુદ્ધથી પ્રથમજ ભિક્ષા માગી ભોજન કરવું એ શ્રેષ્ઠ છે. અને જેઓને હણી અમે જીવવાની આશા કરતા નથી તે આ ભીષ્માદિક અમારી સન્મુખજ આવીને ઉભા રહેલા છે. ॥ ૬ ॥

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छमित्वांधर्मसंमूढचेताः ॥
यच्छ्रेयःस्यात्निश्चितंब्रूहितन्मेशिष्यस्तेऽहंशाधिमांत्वांप्रपन्नं

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः ॥
यत् श्रेयः स्यात् निश्चितं ब्रूहि तत् मे शिष्यः ते अहं शाधि मां त्वां प्रपन्नं

अन्वयार्थः—**कार्पण्यदोषोपहतस्वभावः** કાર્પણ્ય અને દોષવડે તિરસ્કારને પ્રાપ્ત થયેલો છે સ્વભાવ જેનો "તથા" **धर्मसंमूढचेताः** ધર્મનેવિષે સંમૂઢ છે ચિત્ત જેનું એવો હું **त्वां** તમને **प्रच्छामि** પુછુછું. **यत्** જે **निश्चितं** નિશ્ચિત **श्रेयः** શ્રેય **स्यात्** હોય **तत्** તે **मे** મને **ब्रूहि** કહો **अहं** હું **ते** તમારો **शिष्यः** શિષ્ય છું **त्वां** તમને **प्रपन्नम्** શરણ થયેલા **मां** મને **शाधि** શિક્ષા કરો.

टीका—કાર્પણ્ય અને દોષવડે યુદ્ધનાં સ્વભાવરૂપી ઉદ્યમ જેનો તિરસ્કાર થયેલો છે એવો તથા ધર્મનો નિશ્ચય કરાવનારાં પ્રમાણો નહિં જોવાથી આ ભીષ્માદિકને મારવું એ મારો ધર્મ છે કે ભીષ્માદિકનું પાલન કરવું એ ધર્મ છે કે પૃથ્વી પરિપાલન કરવું એ ધર્મ છે અથવા વનમાં નિવાસ કરવો એ ધર્મ છે ? ઇત્યાદિક સંશયોથી મારૂં ચિત્ત મોહ પામેલું છે માટે હું આપને પુછુછું કે નિશ્ચિત શ્રેય હોય તે મને કહો અને હું તમારો શિષ્ય છું તથા તમારે શરણે આવેલો છું માટે મને એ ધર્મવિષય સમજાવો. ॥ ૭ ॥

---

૧ ભીષ્માદિકોને મારી અમે કેમ જીવશું, એવો જે અભિપ્રાય તેનું નામ કાર્પણ્ય અને દોષ એટલે કુલક્ષય કરવાથી ઉત્પન્ન થયેલો તે. **कार्पण्य दोषाभ्यां मभिभूतः स्वभावः शौर्यलक्षणो यस्य सः**

૨ **धर्मे संमूढं चेतो यस्यसः ।**

नहिप्रपश्यामिममापनुद्याद्यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ॥
अवाप्यभूमावसपत्नमृद्धं राज्यंसुराणामपिचाधिपत्यम् ।८।

न हि प्रपश्यामि मम अपनुद्यात् यत् शोकं उच्छोषणं इन्द्रियाणाम्॥
अवाप्य भूमौ असपत्नं ऋद्धं राज्यं सुराणां अपि च आधिपत्यम् ।८।

अन्वयार्थः—यत् જે શ્રેય **मम** મારી **इन्द्रियाणां** ઇન્દ્રિયોને **उच्छोषणं** સન્તાપ કરનારા **शोकं** શોકને **अपनुद्यात्** નિવૃત્ત કરે "તે શ્રેયને" **न हिप्रपश्यामि** હું જોતોજ નથિ. **भूमौ** ભૂમિમાં **असपत्नं** શત્રુઓથી રહિત **ऋद्धं** સમૃદ્ધિવાળા **राज्यं** રાજ્યને **अवाप्य** પામીને **च** તથા **सुराणां** દેવોના **आधिपत्यं** અધિપતિપણાને "પામીને" **अपि** પણ "હું તે શ્રેયને દેખતો નથિ."

टीका—હે ભગવન્ ! જે શ્રેય પામવાથી મારો શોક મટી જાય તે શ્રેયને હું જાણી શકતો નથિ માટે મારી પ્રત્યે આપ તે શ્રેયનો ઉપદેશ કરો અને તે શોક સર્વ વખતે મારી ઇન્દ્રિયોને સન્તાપ કરનારો છે માટે એ શોક એમને એમજ જો રહે તો મોટી હાનિ થાય માટે જરૂર તેની નિવૃત્તિ કરવી જોઇએ અને પૃથ્વીમાં શત્રુઓથી રહિત તથા સમૃદ્ધિવાળા રાજ્યને પામીને તથા દેવતાઓના અધિપતિપણાને પામીને પણ હું તે શ્રેયને દેખતો નથિ. ॥ ૮ ॥

मूलम्—एवमुक्त्वाहृषीकेशं-गुडाकेशःपरन्तपः ॥
नयोत्स्यइतिगोविन्द-मुक्त्वातूष्णींबभूवह ॥९॥

पदानि—एवं उक्त्वा हृषीकेशं गुडाकेशः परंतपः ॥
न योत्स्ये इति गोविन्दं उक्त्वा तूष्णीं बभूव ह ॥९॥

अन्वयार्थः—परन्तपः શત્રુઓને સન્તાપ કરનારો **गुडाकेशः** નિદ્રાને જીતનારો "અર્જુન" **हृषीकेशं** હૃષીકેશ પ્રત્યે **एवं** એવીરીતે **उक्त्वा** કહી અને અન્તમાં **न योत्स्ये** હું યુદ્ધ નહીં કરૂં **इति** એવી રીતે **गोविन्दं** ગોવિન્દને **उक्त्वा** કહીને **ह** સ્ફુટ **तूष्णीं** મૌન **बभूव** થયો.

टीका— નિદ્રારૂપ આલસ્યથી રહિત તથા શત્રુઓને સન્તાપ કરનારા અર્જુને ઇન્દ્રિયોના પ્રવર્તક એવા શ્રીકૃષ્ણભગવાન્પ્રત્યે પૂર્વ પ્રમાણે વચન કહીને, અન્તવિષે આવી રીતે ભગવાનને કહ્યું કે આ ભીષ્મદ્રોણાદિકની સાથે હું કોઈ વખત પણ યુદ્ધ કરીશ નહિ. એમ કહીને પછી મૌન થયો. ॥ ૯ ॥

मूलम्—तमुवाचहृषीकेशः प्रहसन्निवभारत ॥
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदंवचः ॥ १० ॥

पदानि—तं उवाच हृषीकेशः प्रहसन् इव भारत ॥
सेनयोः उभयोः मध्ये विषीदन्तं इदं वचः ॥ १० ॥

अन्वयार्थः—**भारत** હે ભારત ! **हृषीकेशः** શ્રીકૃષ્ણ ભગવાન્ **उभयोः** બેઉ સેનાના મધ્યમાં **विषीदन्तं** વિષાદ કરતા **तं** તે અર્જુનને **प्रहसन् इव** જાણે હસતા હોય એમ **इदं** આ કહેવાશે તે **वचः** વચનને **उवाच** કહેતા હવા.

टीका—હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલા ધૃતરાષ્ટ્ર ! પ્રથમ યુદ્ધનો ઉદ્યમ કરી તથા બેઉ સેનાના મધ્ય ભાગમાં આવી અને તે પ્રથમ યુદ્ધના ઉદ્યમને વીરોધી એવા મોહરૂપી ખેદને પામનાર તે અર્જુનપ્રત્યે, જાણે હસતા હોય એમ શ્રીકૃષ્ણભગવાને આ કહેવાશે તે વચન કહ્યું. ॥ ૧૦ ॥

श्रीभगवानुवाच.

मूलम्—अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्चभाषसे ॥
गतासूनगतासूंश्च नानुशोचन्तिपण्डिताः ॥११॥

पदानि—अशोच्यान् अन्वशोचः त्वं प्रज्ञावादान् भाषसे ॥
गतासून् अगतासून् च न अनुशोचन्ति पण्डिताः ॥११॥

अन्वयार्थः—**अशोच्यान्** શોક કરવાને અયોગ્ય એવા " ભીષ્મદ્રોણાદિકને " **त्वं** તું **अन्वशोचः** શોક કરે છે **च** તથા **प्रज्ञावादान्** બુદ્ધિમન્ત પુરૂષોએ કહેવા યોગ્ય નહિ એવા વચનોને **भाषसे** કહે છે. **पण्डिताः** પંડિતો **गतासून्** પ્રાણોથી રહિત બાન્ધવોને **च** તથા **अगतासून्** પ્રાણયુક્ત બાન્ધવોને **न अनुशोचन्ति** શોક કરતા નથિ.

टीका—હે અર્જુન ! આત્મદષ્ટિ કરીને તથા શરીરદષ્ટિ કરીને શોક કરવાને અયોગ્ય એવા ભીષ્મદ્રોણાદિકનો તું પંડિત થઇને શોક કરે છે તે શોક કરવો તારે યોગ્ય નથિ અને બુદ્ધિમન્ત પુરૂષોથી ન કહેવાય એવાં વચન કહે છે પણ પંડિતપુરૂષો તો પ્રાણરહિત બાન્ધવોનો અને પ્રાણસહિત બાન્ધવોનો શોક કરતા નથિ. ॥ ૧૧ ॥

मूलम्—नत्वेवाहंजातुनासं नत्वंनेमेजनाधिपाः ॥
न चैवनभविष्यामः सर्वेवयमतःपरं ॥ १२ ॥

पदानि—न तु एव अहं जातु न आसं न त्वं न इमे जनाधिपाः ॥
न च एव न भविष्यामः सर्वे वयं अतः परम् ॥१२॥

अन्वयार्थः—अहं હું કૃષ્ણ " આથકી પૂર્વે **जातु** કોઇ વખતે પણ **न तु एव आसं** નજ હોતો "એમ" **न** " કહેવાઈ શકાય " નહિ **त्वं** તું અર્જુન " આથકી પૂર્વે કોઇ વખતે પણ" **न** ન હતો એમ **न** "કહેવાઇ શકાય" નહિ **इमे** આ સર્વે રાજાઓ " આથકી પૂર્વે નહિ હતા એમ' " **न** " કહેવાઈ શકાય " નહિ " પણ હું તું અને આ સર્વે રાજાઓ પૂર્વે હતાજ. **एव च** તેમજ **अतः** આથકી **परं** આગળ **वयं** અમે **सर्वे**-સર્વ **न** નહિ **भविष्यामः** થશું "એમ પણ કહેવાઇ શકાય નહિ પરન્તુ અમે સર્વે આગળ થશું. "

टीका—હે અર્જુન ! જેમ સર્વ જગત્‌નું કારણ એવો હું શ્રીકૃષ્ણભગવાન્ આથકી પૂર્વે કોઇ વખતે પણ નહિ હતો એમ કહેવાઇ શકાય નહિ પરન્તુ આથકી પૂર્વે પણ હું હતો, તેવી રીતે તું અર્જુન તથા આ ભીષ્મદ્રોણાદિક સર્વ રાજાઓ આથકી પૂર્વે કોઇ વખતે પણ નહિ હતા એમ કહેવાઇ શકાય નહિ કારણકે તું તથા આ ભીષ્મદ્રોણાદિક સર્વે આ થકી પૂર્વે હતા અને હું કૃષ્ણ તથા તું અર્જુન તથા ભીષ્મદ્રોણાદિક સર્વ હવેથી કોઇ વખતે ન હશેજ એમ કહેવાઈ શકાય નહિ પરન્તુ હવેથી આગળ પણ સર્વ હોઇશું ॥ ૧૨ ॥

मूलम्—देहिनोऽस्मिन्यथादेहे कौमारंयौवनंजरा ॥
तथादेहान्तरप्राप्ति-र्धीरस्तत्रनमुह्यति ॥ १३ ॥

पदानि—देहिनः अस्मिन् यथा देहे कौमारं यौवनं जरा ॥
तथा देहान्तरप्राप्तिः धीरः तत्र न मुह्यति ॥ १३ ॥

अन्वयार्थः—यथा જેમ **देहिनः** દેહી આત્માને **अस्मिन्** આ **देहे** દેહમાં **कौमारं** કૌમાર **यौवनं** યૌવન **जरा** જરા " આ ત્રણ અવસ્થા પ્રાપ્ત થાય છે " **तथा** તેવી રીતે **देहान्तरप्राप्तिः** અન્ય દેહની પ્રાપ્તિ થાય છે **तत्र** તેમાં **धीरः** ધીર પુરૂષ **न मुह्यति** મોહ પામતો નથિ.

टीका—હે અર્જુન જેમ દેહી એવા આત્માને આ દેહનેવિષે કૌમાર અવસ્થા યૌવનઅવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તેમ બીજા દેહની પણ પ્રાપ્તિ થાય છે તેમાં ધીર પુરૂષ મોહ પામતો નથી. દેહનો ભેદ થવાથી આત્માનો ભેદ થતો નથિ તેમ જન્માદિ વિકારોરહિત આત્માને આ શરીરથી અત્યન્ત વિલક્ષણ શરીરની પ્રાપ્તિ સ્વપ્નમાં તથા યોગપ્રભાવથી ઉત્પન્ન થયેલા ઐશ્વર્યમાં પણ થાય છે, ત્યાં તે તે દેહોના ભેદની પ્રતીતિ થાય છે તો પણ તે હું છું એ પ્રકારના જ્ઞાનના બળથી આત્માની એકતા સિદ્ધ થાય છે. ॥ ૧૩ ॥

मूलम्—मात्रास्पर्शास्तुकौन्तेयशीतोष्णसुखदुःखदाः ॥
आगमापायिनोनित्या-स्तांस्तितिक्षस्वभारत ॥१४॥

पदानि—मात्रास्पर्शाः तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ॥
आगमापायिनः अनित्याः तान् तितिक्षस्व भारत ॥१४॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર ! **भारत** હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલા ! **अनित्याः** અનિયતસ્વભાવવાળા **मात्रास्पर्शाः तु** માત્રાસ્પર્શો તો **आगमापायिनः** ઉત્પત્તિ નાશવાળા **शीतोष्णसुखदुःखदाः** શીત અને ઉષ્ણની પ્રાપ્તિદ્વારાએ સુખદુઃખની પ્રાપ્તિ કરનારા છે **तान्** તેઓને **तितिक्षस्व** તું સહન કર.

टीका—હે કૌન્તેય ! હે ભારત ! નેત્રાદિક ઇન્દ્રિયોને રૂપાદિક વિષયો સાથે જે યથાયોગ્ય સમ્બન્ધ છે તેનું નામ માત્રાસ્પર્શ કહેવાય છે અને તે અનિયત સ્વભાવવાળા છે તથા શીતોષ્ણની પ્રાપ્તિ દ્વારા સુખ દુઃખ આપનારા છે તેઓનું તું સહન કર. ॥ ૧૪ ॥

मूलम्—यंहिनव्यथयन्त्येते पुरुषंपुरुषर्षभ ॥
समदुःखसुखंधीरं सोऽमृतत्वायकल्पते ॥१५॥

पदानि—यं हि न व्यथयन्ति एते पुरुषं पुरुषर्षभ ॥
समदुःखसुखं धीरं सः अमृतत्वाय कल्पते ॥ १५ ॥

अन्वयार्थः—**पुरुषर्षभ** હે પુરૂષોમાં શ્રેષ્ઠ અર્જુન ! **सुखदुःखसुखं** સમાન છે સુખદુઃખ જેને એવા **यं** જે **धीरं** ધીર **पुरुषं** પુરૂષને **एते** એ માત્રાસ્પર્શ **हि** જે કારણ માટે **न व्यथयन्ति** પીડા કરતા નથિ તે કારણ માટે **सः** તે ધીર પુરૂષ **अमृतत्वाय** મોક્ષની પ્રાપ્તિને માટે **कल्पते** યોગ્ય થાય છે.

टीका—હે પુરૂષોમાં શ્રેષ્ઠ અર્જુન ! સુખદુઃખ જેને સમાન છે એવો જે ધીર પુરૂષ તેને એ માત્રાસ્પર્શ પીડા કરતા નથિ માટે તે ધીર પુરૂષ મોક્ષની પ્રાપ્તિને યોગ્ય થાય છે. આઠપુરમાં જે નિવાસ કરે તેનું નામ પુરૂષ કહેવાય છે. ॥ **कर्मेन्द्रियाणि खलु पञ्च तथापराणि ज्ञानेन्द्रियाणि मनआदि चतुष्टयं च ॥ प्राणादिपञ्चकमथो वियदादिकं च कामश्च कर्म च तमः पुनरष्टमी पूः ॥** વાકને આદિ લઇ પાંચ કર્મેન્દ્રિયો ૧ તથા શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેન્દ્રિયો ૨ તથા મન આદિક ચાર અન્તઃકરણ ૩ તથા પંચ પ્રાણ ૪ તથા આકાશાદિક પંચભૂત ૫ તથા કામ ૬ તથા કર્મ ૭ તથા તમ ૮ આ આઠનું નામ પુર કહેવાય છે. ॥ ૧૫ ॥

મૂલમ્—नासतोविद्यतेभावो-नाभावोविद्यतेसतः ॥
उभयोरपिदृष्टोन्त-स्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥

પદાનિ—न असतः विद्यते भावः न अभावः विद्यते सतः ॥
उभयोः अपि दृष्टः अन्तः तु अनयोः तत्वदर्शिभिः॥१६॥

अन्वयार्थः—असतः અસત્ વસ્તુની **भावः** સત્તા **न विद्यते** વિદ્યમાન નથિ **सतः** સત વસ્તુનો **अभावः** અભાવ **न विद्यते** વિદ્યમાન નથિ **अनयोः** આ **उभयोः** બેઉનો **अपि** પણ **अन्तः** અન્ત **तत्त्वदर्शिभिः तु** તત્ત્વદષ્ટિવાળા પુરૂષોએ તો **दृष्टः** દેખેલો છે.

टीका—હે અર્જુન ! જે સત્ય વસ્તુ છે તે સર્વકાળમાં સત્યજ છે પણ કોઈ વખતે અસત્ય થઇ શકતી નથિ અને જે અસત્ય વસ્તુ છે તે સર્વકાળમાં અસત્યજ છે પણ તે કોઇ વખતે સત્ય થઇ શકતી નથિ. તે મર્યાદારૂપ અન્ત વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણનારા બ્રહ્મવેત્તા પુરૂષોએજ વિચારપૂર્વક શ્રુતિ સ્મૃતિ અને યુક્તિયોવડે નિશ્ચય કરેલો છે અને બીજા વાદિપુરૂષોએ તે માર્યાદારૂપ અન્તનો નિશ્ચય કરેલો નથિ. ॥ ૧૬ ॥

મૂલમ્—अविनाशितुतद्विद्धि-येनसर्वमिदंततम् ॥
विनाशमव्ययस्यास्य नकश्चित्कर्त्तुमर्हति ॥१७॥

પદાનિ—अविनाशि तु तत् विद्धि येन सर्वं इदं ततम् ॥
विनाशं अव्ययस्य अस्य न कश्चित् कर्त्तुं अर्हति ॥१७॥

अन्वयार्थः—येन જેવડે **इदं** આ **सर्वं** સર્વ **ततं** વ્યાપ્ત થયેલું છે **तत्** તેને **अविनाशि तु** વિનાશથી રહિતજ **विद्धि** જાણ **अस्य** આ **अव्ययस्य** અપરિછિન્ન સત્સ્વરૂપના **विनाशं** પરિછિન્નરૂપ વિનાશને **कश्चित्** કોઇ **कर्त्तुं** કરવાને **न अर्हति** યોગ્ય નથિ.

टीका—હે અર્જુન ! જેથકી આ સઘળું વ્યાપ્ત થયું છે તે વિનાશથી રહિતજ છે એમ તું જાણ અને આ અપરિછિન્નસત્સ્વરૂપનો પરિછિન્નરૂપ વિનાશ કોઇ પણ કરવાને સમર્થ નથિ. સર્વત્ર વ્યાપક તથા એક અને અદ્વિતીય તથા સ્વપ્રકાશ સ્ફુરણરૂપ જે સત્ય વસ્તુ છે તે સ્ફુરણરૂપ સત્ય વસ્તુ દેશકાલાદિ પરિચ્છેદથી રહિત છે માટે તે સત્ય વસ્તુનો અભાવ કોઇ વખતે પણ થઈ શકતો નથિ. ॥ ૧૭ ॥

મૂલમ્—अन्तवन्तइमेदेहा नित्यस्योक्ताशरीरिणः ॥
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्वभारत ॥१८॥

पदानि—अन्तवन्तः इमे देहाः नित्यस्य उक्ताः शरीरिणः ॥
अनाशिनः अप्रमेयस्य तस्मात् युद्धयस्व भारत ॥१८॥

अन्वयार्थः **भारत** હે ભારત ! **नित्यस्य** નિત્ય **शरीरिणः** શરીરરૂપ ઉપાધિવાળા **अनाशिनः** નાશથી રહિત **अप्रमेयस्य** પ્રમેયભાવથી રહિત " એવો જે સ્ફુરણરૂપ આત્મા છે તે આત્માનાજ " **इमे** આ **अन्तवन्तः** નાશવાળા **देहाः** સર્વ દેહો **उक्ताः** કહેલા છે **तस्मात्** તે કારણમાટે **युद्धयस्व** તું યુદ્ધ કર.

टीका—હે ભારત ! નિત્ય તથા શરીરરૂપ ઉપાધિવાળો તથા નાશથી રહિત અને પ્રમેય ભાવથી રહિત એવો જે સ્ફુરણરૂપ આત્મા છે તે આત્માનાજ આ નાશવાળા સર્વ દેહ કહેલા છે તે કારણ માટે તું યુદ્ધ કર. ત્રણ લોકમાં વર્તમાન એવા સર્વ પ્રાણિયોના જે સ્થાવર જંગમરૂપ દેહ છે તે સર્વ દેહ એક અને સ્વયંજ્યોતિ એવા આત્માના છે એમ શ્રુતિયે કહ્યું છે તે આવી રીતે. **एकोदेवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ॥ कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेताः केवलोनिर्गुणश्च ॥** એક અદ્વિતીય આત્મા દેવ સર્વ શરીરોમાં ગૂઢ થઇને રહ્યો છે તથા સર્વ વ્યાપી છે તથા સર્વ ભૂતોનો અન્તરાત્મા છે તથા પુણ્યપાપરૂપ કર્મોનું ફલ આપનારો છે તથા સર્વ ભૂતોનો અધિષ્ઠાન છે તથા બુદ્ધિઆદિક સર્વ સંઘાતનો સાક્ષી છે ચૈતન્યરૂપ છે તથા અદ્વિતીય રૂપ છે તથા નિર્ગુણ છે તથા નિષ્ક્રિય છે. આ શ્રુતિ સ્થાવર જંગમરૂપ સર્વ શરીરોના સંબન્ધવાળા એક નિત્ય વિભુ આત્માને કથન કરે છે. ॥ ૧૮ ॥

मूलम्—यएनंवेत्तिहन्तारं यश्चैनंमन्यतेहतम् ॥
उभौतौनविजानीतो—नायंहन्तिनहन्यते ॥१९॥

पदानि—यः एनं वेत्ति हन्तारं यः च एनं मन्यते हतम् ॥
उभौ तौ न विजानीतः न अयं हन्ति न हन्यते ॥१९॥

अन्वयार्थः—**य** જે **एनं** આ આત્માને **हन्तारं** હનન કરનારને **वेत्ति** જાણે છે **च** તથા **यः** જે **एनं** આ આત્માને **हतम्** હણાયેલો **मन्यते** માને છે **तौ** તે **उभौ** બેઉ **न विजानीतः** આત્માને જાણતા નથિ **अयं** આ " આત્મા " **न हन्ति** " કોઇને " હણતો નથિ " તથા પોતે પણ " **न हन्यते** હણાતો નથિ.

टीका- હે અર્જુન ! પ્રથમ મેં કહ્યું છે જે અવિનાશી અને અપ્રમેયરૂપ જે દેહી આત્મા છે તે આત્માને જે પુરૂષ હું આ વસ્તુને હણનારો છું એમ હનનરૂપ ક્રિયાનો કર્તા જાણે છે તથા જે પુરૂષ આ આત્માને દેહનું હનન થવાથી હું હણાઇ ગયો એમ હનનક્રિયાના કર્મરૂપે જાણે છે તે બેઉ પુરૂષ દેહાભિમાની હોવાથી કર્તા અને કર્મ ભાવથી રહિત અવિકારી આત્માને શાસ્ત્રપ્રમાણથી દેહાદિકોને ભિન્ન કરી જાણતા નથિ કારણ કે

આ આત્મા કોઇ પ્રાણિને હણુતો નથિ તથા પોતે પણુ કોઇથી હણાતો નથિ. એવી રીતે કર્તા અને કર્મ ભાવથી રહિત આત્માને જે મૂઢ પુરૂષ તે હણવારૂપ ક્રિયાના કર્તારૂપ તથા કર્મરૂપ માને છે તે આત્માના વાસ્તવ રૂપને જાણુતા નથિ. ।। ૧૯ ।।

मूलम्—नजायतेम्रियतेवाकदाचिन्नायंभूत्वाभवितावानभूयः॥ अजोनित्यःशाश्वतोयंपुराणोनहन्यतेहन्यमानेशरीरे॥२०।

न जायते म्रियते वा कदाचित् न अयं भूत्वा भविता वा न भूयः अजः नित्यः शाश्वतः अयं पुराणः न हन्यते हन्यमाने शरीरे २०

अन्वयार्थः—**अयं** આ "આત્મા" **न जायते** ઉત્પન્ન થતો નથિ **वा** તથા **म्रियते** મરતો નથિ **वा** તથા "આ આત્મા" **कदाचित्** કોઈ વખતે **न भूत्वा** ન થઇને **भूयः** ફરીથી **न भविता** ઉત્પત્તિવાળો થતો નથિ " કારણુ કે " **अयं** આ આત્મા **अजः** અજ છે **नित्यः** નિત્ય છે **शाश्वतः** શાશ્વત છે **पुराणः** જુનો છે " એવો આત્મા " **शरीरे** શરીર **हन्यमाने** હણાયે છતે **न हन्यते** હણાતો નથી.

टीका—હે અર્જુન ! આત્મા જન્મતો નથિ તથા મરતો નથિ તથા આત્મા કોઇ વખતે પણુ પ્રથમ ન હોઇને પછી ઉત્પત્તિવાળો થયો નથિ કારણુ કે આત્મા અજ છે તથા નિત્ય છે તથા શાશ્વત છે તથા પુરાણુ છે. એવો આત્મા શરીર હણાય તો પણુ હણાતો નથિ. ।। ૨૦ ।।

मूलम्—वेदाविनाशिनंनित्यं यएनमजमव्ययम् ॥ कथंसपुरुषःपार्थ कंघातयतिहन्तिकम् ॥२१॥

पदानि—वेद अविनाशिनं नित्यं यः एनं अजं अव्ययम् ॥ कथं सः पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥२१॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **यः** જે **एनं** આ "આત્માને" **अविनाशिनं** અવિનાશિરૂપ **नित्यं** નિત્યરૂપ **अजं** અજરૂપ **अव्ययं** અવ્યયરૂપ **वेद** જાણે છે **कथं** કેવી રીતે **सः** તે **पुरुषः** પુરૂષ **कं** કેને **घातयति** હણાવે છે " તથા " **कं** કેને **हन्ति** હણે છે " અર્થાત્ તે કોઇને હણુતો નથિ અને હણાવતો નથિ. "

હે અર્જુન ! વિનાશ થવાનો જેને સ્વભાવ નથિ તેનું નામ અવિનાશી કહેવાય છે. અવયવોના અપચયરૂપ તથા ગુણોના અપચયરૂપ વ્યય જેનેવિષે વિદ્યમાન નથિ તેનું નામ અવ્યય કહેવાય છે. આ લોકમાં પટાદિક પદાર્થોના તન્તુ આદિક અવયવો તથા રૂપાદિક ગુણોનો વિનાશ દેખવામાં આવે છે પણુ આ આત્મા તો અવયવોથી રહિત હોવાથી અ-

પચય રહિત છે તથા નિર્ગુણ હોવાથી ગુણોના અપચયથી રહિત છે માટે આત્માનો કોઈ વખતે પણ નાશ થવો સંભવે નહિં. ॥ ૨૧ ॥

वासांसिजीर्णानियथाविहायनवानिगृह्णातिनरोऽपराणि ॥
तथाशरीराणिविहायजीर्णान्यन्यानिसंयातिनवानिदेही॥२२॥

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरः अपराणि ॥
तथा शरीराणि विहाय जीर्णानि अन्यानि संयाति नवानि देही २२

अन्वयार्थः—**यथा** જેમ **नरः** પુરૂષ **जीर्णानि** જીર્ણ **वासांसि** વસ્ત્રોને **विहाय** ત્યાગ કરીને **अपराणि** બીજાં **नवानि** નવીન "વસ્ત્રોને" **गृह्णाति** ગ્રહણ કરે છે **तथा** તેમ **देही** આત્મા **जीर्णानि** જીર્ણ **शरीराणि** શરીરોને **विहाय** ત્યાગ કરીને **अन्यानि** બીજાં **नवानि** નવીન " શરીરોને " **संयाति** પામે છે.

टीका—હે અર્જુન ! જેમ વિક્રિયાથી રહિત થયેલો પુરૂષ પૂર્વનાં જુનાં વસ્ત્રનો ત્યાગ કરીને બીજાં નવીન વસ્ત્રોનું ગ્રહણ કરે છે, તેમ ઉત્તમ ધર્મોને કરનારા આ ભીષ્માદિક દેહી પણ અવસ્થાવડે તથા તપવડે કૃષ થઈને આ ભીષ્માદિક નામવાળાં શરીરનો ત્યાગ કરી પૂર્વે સંપાદન કરેલા પુણ્ય કર્મનાં ફલ ભોગવવા માટે સર્વથી ઉત્કૃષ્ટ દેવતાદિક શરીરોને પામે છે. ॥ ૨૨ ॥

मूलम्—नैनंछिन्दन्तिशस्त्राणि नैनंदहतिपावकः ॥
नचैनंक्लेदयन्त्यापो—नशोषयतिमारुतः ॥२३॥

पदानि—न एनं छिन्दन्ति शस्त्राणि न एनं दहति पावकः ॥
न च एनं क्लेदयन्ति आपः न शोषयति मारुतः ॥२३॥

अन्वयार्थः—**एनं** "આ આત્માને" **शस्त्राणि** શસ્ત્રો **न छिन्दन्ति** છેદતાં નથિ **एनं** આ " આત્માને " **पावकः** અગ્નિ **न दहति** બાળતો નથી **च** તથા **एनं** આ " આત્માને" **आपः** જલ **न क्लेदयन्ति** પલાળી શકતું નથિ "તથા એ આત્માને" **मारुतः** વાયુ **न शोषयति** શોષણ કરતો નથિ.

टीका—હે અર્જુન ! જેમ ખડ્ગાદિ તીક્ષ્ણ શસ્ત્રો આ સ્થૂલ શરીરનું છેદન કરી શકે છે તેમ આત્માને તે તીક્ષ્ણ શસ્ત્ર પણ છેદી શકતાં નથિ તથા અત્યન્ત પ્રજ્વલિત અગ્નિ જેમ આ શરીરને ભસ્મ કરે છે તેમ તે પ્રજ્વલિત અગ્નિ પણ આત્માને ભસ્મ કરી શકતો નથિ તથા અત્યન્ત વેગવાળું જલ પણ આત્માને પલાળી શકતું નથિ તેમ શિથિલ કરી શકતું નથિ તથા જેમ અત્યન્ત પ્રબલ વાયુ આ શરીરાદિકને રસરહિતરૂપ શોષણ કરી નાખે છે તેમ તે અત્યન્ત પ્રબલ વાયુ પણ આત્માને શોષણ કરી શકતો નથિ. ॥ ૨૩ ॥

मूलम्—अछेद्योयमदाह्योय--मक्लेद्योऽशोष्यएवच ॥
नित्यःसर्वगतःस्थाणु--रचलोऽयंसनातनः ॥२४॥

पदानि—अछेद्यः अयं अदाह्यः अयं अक्लेद्यः अशोष्यः एव च ॥
नित्यः सर्वगतः स्थाणुः अचलः अयं सनातनः ॥२४॥

अन्वयार्थः--**अयं** આ આત્મા **अछेद्यः** છેદાઇ શકાય એવો નથિ **अदाह्यः** બાળી શકાય એવો નથિ **अयं** આ આત્મા **अक्लेद्यः** પલાળી શકાય એવો નથિ **च एव** તેમજ **अशोष्यः** શોષણ કરી શકાય એવો નથિ " તથા આ આત્મા " **नित्यः** નિત્ય છે **सर्वगतः** સર્વમાં રહેલો છે **स्थाणुः** સ્થાણુ છે **अचलः** અચલ છે " તથા " **अयं** આ આત્મા **सनातनः** સનાતન છે.

टीका—હે અર્જુન ! આત્મા છેદી શકાય એવો નથિ માટે એને ખડ્ગાદિક શસ્ત્ર છેદી શકતાં નથિ તથા આત્મા બાળી શકાય એવો નથિ માટે તેને અગ્નિ બાળી શકતો નથિ તથા આ આત્મા પલાળી શકાય એવો નથિ માટે એને જલ પલાળી શકતુ નથિ તથા આત્મા શોષણ કરવાને અશક્ય છે માટે એને વાયુ શોષણ કરી શકતો નથિ. આ અછેદ્યાદિક ચાર હેતુની એવી રીતે યથાક્રમે પૂર્વશ્લોકમાં કરેલી પ્રતિજ્ઞાનેવિષે યોજના કરવી. ॥ ૨૪ ॥

मूलम्—अव्यक्तोयमचिन्त्योय--मविकार्योयमुच्यते ॥
तस्मादेनंविदित्वैवं नानुशोचितुमर्हसि ॥२५॥

पदानि—अव्यक्तः अयं अचिन्त्यः अयं अविकार्यः अयं उच्यते ॥
तस्मात् एनं विदित्वा एवं न अनुशोचितुं अर्हसि ॥२५॥

अन्वयार्थः—" વેદમાં " **अयं** આ આત્મા **अव्यक्तः** અવ્યક્ત **उच्यते** કહેવાય છે " તથા " **अयं** આ આત્મા **अचिन्त्यः** અચિન્ત્ય " કહેવાય છે તથા " **अयं** આ આત્મા **अविकार्यः** અવિકાર્ય " કહેવાયછે " **तस्मात्** તે કારણ માટે **एनं** આ આત્માને **एवं** એ પ્રકારે **विदित्वा** જાણીને **शोचितुं** શોક કરવાને **न अर्हसि** યોગ્ય નથિ.

टीका—હે અર્જુન ! આ આત્મા અપ્રત્યક્ષ છે માટે વેદમાં તેને અવ્યક્ત કહેલો છે તથા આ આત્મા અનુમાનથી ઊત્પન્ન થયેલા જ્ઞાનનો વિષય નથિ માટે તેને અચિન્ત્ય કહેલો છે તથા આ આત્મા સર્વ વિક્રિયાથી રહિત છે માટે તેને અવિકાર્ય કહેલો છે તેથી એને એવી રીતે જાણીને તું શોક કરવાને યોગ્ય નથિ. ॥ ૨૫ ॥

मूलम्—अथचैनंनित्यजातं नित्यंवामन्यसेमृतम् ॥

तथापित्वंमहाबाहो नैवंशोचितुमर्हसि ॥२६॥

पदानि—अथ च एनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ॥
तथा अपि त्वं महाबाहो न एवं शोचितुं अर्हसि ॥२६॥

अन्वयार्थः—**अथ च** અનિત્ય પક્ષમાં પણ **एनं** આ આત્માને **नित्यजातं** નિત્ય જન્મેલો **वा** અથવા **नित्यं** નિત્ય **मृतम्** મરેલો **मन्यसे** માનતો હો **तथापि** તો પણ **महाबाहो** હે મહોટા હાથવાળા ! **त्वं** તું **एवं** એ પ્રકારે **शोचितुं** શોક કરવાને **न अर्हसि** યોગ્ય નથિ.

टीका—હે અર્જુન ! આ આત્મા અત્યન્ત દુર્બોધ છે માટે વારંવાર તેનું શ્રવણ થયા પછી પણ તેના નિશ્ચય કરવાની અસામર્થ્યતાથી પ્રથમ કહેલા મારા પક્ષનો અંગીકાર ન કરીને જો તું કોઇ બીજા પક્ષનો અંગીકાર કરીશ તો તે બીજા પક્ષમાં પણ આ આત્મા અનિત્ય છે, એમ એ પક્ષનો આશ્રય કરી જો તું આ આત્માને નિત્ય જન્મેલો તથા નિત્ય મરેલો માનતો હો તો પણ હે મહાબાહો ! તારે શોક કરવો યોગ્ય નથિ કારણ કે જેમ ભીષ્મ દ્રોણાદિક નિત્ય જન્મમરણવાળા છે તેમ તું પણ જન્મ મરણવાળો છે. ॥ ૨૬ ॥

मूलम्—जातस्यहिध्रुवोमृत्यु-र्ध्रुवंजन्ममृतस्यच ॥
तस्मादपरिहार्येऽर्थे नत्वंशोचितुमर्हसि ॥ २७ ॥

पदानि—जातस्य हि ध्रुवः मृत्युः ध्रुवं जन्म मृतस्य च ॥
तस्मात् अपरिहार्ये अर्थे न त्वं शोचितुं अर्हसि ॥२७॥

अन्वयार्थः—**हि** જે કારણમાટે **जातस्य** જન્મ પામેલાનું **ध्रुवः** અવશ્ય **मृत्युः** મૃત્યુ થાય છે **च** તથા **मृतस्य** મરણ પામેલાનું **ध्रुवं** અવશ્ય **जन्म** જન્મ થાય છે **तस्मात्** તેમાટે **अपरिहार्ये** નિવૃત્તિ કરવાને અશક્ય એવા **अर्थे** અર્થનેવિશે **त्वं** તું **शोचितुं** શોક કરવાને **न अर्हसि** યોગ્ય નથિ.

टीका—પૂર્વ જન્મમાં કરેલાં પાપ પુણ્યને આધીન થવાથી જેને શરીર અને ઇન્દ્રિયાદિકના સમ્બન્ધરૂપ અર્થ પ્રાપ્ત થયેલો છે એવો જે સ્થિરસ્વભાવવાળો આ આત્મા તેને તે પ્રારબ્ધ કર્મના નાશ થયા પછી તે દેહ ઇન્દ્રિયાદિકના સમ્બન્ધની નિવૃત્તિરૂપ મરણ અવશ્ય થાય છે કારણ કે આ લોકનેવિષે જે જે પદાર્થોનો કર્મને આધીન થઇ સંયોગ થાય છે તે તે પદાર્થોનો અન્તમાં અવશ્ય વિયોગ થાય છે અને જે આત્માનું એવી રીતે મરણ થાય છે તે આત્માના પૂર્વ શરીરમાં કરેલાં પુણ્ય પાપ કર્મનાં ફલ ભોગવવાઆટે અવશ્ય જન્મ થાય છે. ॥ ૨૭ ॥

मूलम्—अव्यक्तादीनिभूतानि व्यक्तमध्यानिभारत ॥
अव्यक्तनिधनान्येव तत्रकापरिदेवना ॥ २८ ॥

पदानि—अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ॥
अव्यक्तनिधनानि एव तत्र का परिदेवना ॥ २८ ॥

अन्वयार्थः—**भारत** હે ભારત ! **भूतानि** આ શરીરો **अव्यक्तादीनि** આદિ કાળમાં અવ્યક્ત છે તથા **व्यक्तमध्यानि** મધ્ય કાળમાં વ્યક્ત છે તથા **अव्यक्तनिधनानि एव** મરણકાળમાં અવ્યક્તજ છે તથા **तत्र** તેવાં શરીરોમાં **परिदेवना** દુઃખથી થયેલો પ્રલાપ **का** શામાટે જોઇએ.

टीका—હે ભારત ! પૃથ્વી આદિક પંચભૂતોના સમુદાયરૂપ આ ભીષ્મદ્રોણાદિક નામવાળાં સ્થૂળ શરીર તેમની ઉત્પત્તિથી પૂર્વે હોતાં નથિ અને જન્મ થયા પછી તથા મરણ થયા અગાઉ મધ્યકાલમાં પ્રતીત થાય છે. મરણ થયા પછી પણ આ શરીર પ્રતીત થતાં નથિ માટે તે શરીર આદિકાળમાં તથા અન્તકાળમાં તો અવ્યક્ત છે તથા મધ્યકાળમાં પ્રતીત છે, નપ્રતીત થવું તેનું નામ અવ્યક્ત કહેવાય છે અને પ્રતીત થવાનું નામ વ્યક્ત કહેવાય છે. જેમ સ્વપ્ન તથા ઇન્દ્રજાલ આદિકના પદાર્થ આપણી પ્રતીતિના સમાન કાળમાં સ્થિત હોય છે પણ આપણી પ્રતીતિથકી પૂર્વકાળમાં તથા ઉત્તર કાળમાં સ્થિત હોતા નથિ, તેમ આ શરીર પણ કેવળ મધ્યકાળમાંજ પ્રતીત થાય છે પણ પૂર્વ તથા ઉત્તર કાળમાં પ્રતીત થતાં નથિ. ॥ ૨૮ ॥

आश्चर्यवत्पश्यतिकश्चिदेन-माश्चर्यवद्वदतितथैवचान्यः ॥
आश्चर्यवच्चैनमन्यःश्रुणोतिश्रुत्वाऽप्येनंवेदनचैवकश्चित् २९

आश्चर्यवत् पश्यति कश्चित् एनं आश्चर्यवत् वदति तथा एव च अन्यः॥
आश्चर्यवत् च एनं अन्यः शृणोति श्रुत्वा अपि एनं वेद न च एव कश्चित्

अन्वयार्थः—**कश्चित्** કોઇ પુરૂષ **एनं** આ આત્માને **आश्चर्यवत्** આશ્ચર્ય સરખો **पश्यति** જુએ છે **तथा एव च** તેમજ **अन्यः** બીજો કોઇ પુરુષ "આ આત્માને" **आश्चर्यवत्** આશ્ચર્ય સરખો **वदति** કહે છે **च** તથા **अन्यः** બીજો કોઇ પુરૂષ **एनं** આ આત્માને **आश्चर्यवत्** આશ્ચર્ય સરખો **श्रुणोति** સાંભળે છે **च** તથા **कश्चित्** કોઈ પુરૂષ **एनं** આ આત્માને **श्रुत्वा** સાંભળીને **अपि** પણ **न वेद एव** જાણતો નથિજ.

टीका—હે અર્જુન ! કોઇક પુરૂષ આ આત્માને આશ્ચર્ય સરખો દેખે છે તથા બીજો કોઇક પુરૂષ આશ્ચર્ય સરખોજ થઇને કહે છે તથા બીજો કોઇ પુરૂષ આ આત્માને

આશ્ચર્ય સરખો સાંભળે છે તથા કોઈ પુરૂષ આ આત્માને સારી રીતે સાંભળીને પણ જાણતો નથિ. ॥ २९ ॥

मूलम्—देहीनित्यमवध्योयं देहेसर्वस्यभारत ॥
तस्मात्सर्वाणिभूतानि नत्वंशोचितुमर्हसि ॥३०॥

पदानि—देही नित्यं अवध्यः अयं देहे सर्वस्य भारत ॥
तस्मात् सर्वाणि भूतानि न त्वं शोचितुं अर्हसि ॥३०॥

अन्वयार्थः—**भारत** હે ભારત ! **सर्वस्य** સર્વ પ્રાણિના **देहे** દેહ નાશ થાય તો પણ **अयं** આ **देही** આત્મા **अवध्यः** હણાય તેવો નથિ "એ વાત" **नित्यं** નિયત છે **तस्मात्** તે કારણમાટે **त्वं** તું **सर्वाणि** સર્વ **भूतानि** પ્રાણિયોને **शोचितुं** શોક કરવાને **न अर्हसि** યોગ્ય નથિ.

टीका—હે અર્જુન ! બ્રહ્માને આદિ લઇ કીડી પર્યંત જેટલાં પ્રાણિયો છે તે સર્વનો નાશ થાય તો પણ આ લિંગદેહરૂપ ઉપાધિવાળો આત્મા નાશ પામતો નથિ આ વાત ખરીજ છે તે માટે તું સર્વ પ્રાણિયોનો શોક કરવાને યોગ્ય નથિ. જેમ ઘટરૂપ ઉપાધિયોનો નાશ થાય છે તો પણ તે ઘડામાં રહેલું આકાશ નાશ પામતું નથિ તેમ તે દેહોનો નાશ થાય છે તો પણ આ આત્મા નાશ પામતો નથિ. ॥ ३० ॥

मूलम्—स्वधर्ममपिचावेक्ष्य नविकम्पितुमर्हसि ॥
धर्म्याद्धियुद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्यनविद्यते ॥३१॥

पदानि—स्वधर्मं अपि च अवेक्ष्य न विकम्पितुं अर्हसि ॥
धर्म्यात् हि युद्धात् श्रेयः अन्यत् क्षत्रियस्य न विद्यते॥३१॥

अन्वयार्थः—**च** તથા **स्वधर्मं** પોતાના ધર્મને **अवेक्ष्य** જોઇને **अपि** પણ **विकम्पितुं** યુદ્ધથી ચલાયમાન થવાને **न अर्हसि** યોગ્ય નથિ **हि** કારણ કે **क्षत्रियस्य** ક્ષત્રિય રાજાને **धर्म्यात्** ધર્મરૂપ **युद्धात्** યુદ્ધથકી **अन्यत्** બીજું **श्रेयः** શ્રેય **न विद्यते** વિદ્યમાન નથિ.

टीका—હે અર્જુન ! પ્રથમ કહ્યા પ્રમાણે પરમાર્થવિચાર કરીને યુદ્ધથી નિવૃત્ત થવું યોગ્ય નથિ એમ સિદ્ધ છે અને ક્ષત્રિયોનો ધર્મ પણ એવો છે કે યુદ્ધથી પાછું હઠાય નહિ માટે સ્વધર્મને જોઇને પણ તારે યુદ્ધથી પલાયમાન ન થવું જોઇએ કારણ કે ક્ષત્રિય રાજાને ધર્મરૂપ યુદ્ધથકી બીજું શ્રેયનું સાધન વિદ્યમાન નથિ.

मूलम्—यदृच्छयाचोपपन्नं स्वर्गद्वारमपावृतम् ॥
सुखिनःक्षत्रियाःपार्थ लभन्तेयुद्धमीदृशं ॥३२॥

पदानि—यदृच्छया च उपपन्नं स्वर्गद्वारं अपावृतम् ॥
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धं इदृशम् ॥३२॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **यदृच्छया च** પ્રયત્નવિનાજ **उपपन्नं** પ્રાપ્ત થયેલું તથા **अपावृतं** પ્રતિબન્ધથી રહિત **स्वर्गद्वारं** સ્વર્ગના સાધનરૂપ **इदृशम्** આ પ્રકારનું **युद्धं** યુદ્ધ **क्षत्रियाः** ક્ષત્રિયો **लभन्ते** પામે છે " તે ક્ષત્રિયો " **सुखिनः** સુખવાળા કહેવાય છે.

टीका—હે પાર્થ ! તું અમારી સાથે યુદ્ધ કર એવી પ્રાર્થનારૂપ પ્રયત્નવિના જે ક્ષત્રિયો યુદ્ધને પામે છે તે પરમ સુખનેજ પામે છે કારણકે તે યુદ્ધથી કદાચિત્ જય થાય તો પ્રયત્નવિનાજ આ લોકમાં યશની તથા રાજ્યની પ્રાપ્તિ થાય છે અને જો કદાચિત્ પરાજય થાય તો તત્કાલ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે માટે પ્રતિબન્ધથી રહિત અને સ્વર્ગના સાધનરૂપ આ પ્રકારના યુદ્ધને જે ક્ષત્રિયો પામે છે તે સુખી કહેવાય છે. આ ઉપરથી **स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव** ॥ એવું જે અર્જુને કહ્યું હતું તેનું સમાધાન કર્યું.॥૩૨॥

मूलम्—अथचेत्त्वमिमंधर्म्यं संग्रामंनकरिष्यसि ॥
ततःस्वधर्मंकीर्तिंच हित्वापापमवाप्स्यसि ॥३३॥

पदानि—अथ चेत् त्वं इमं धर्म्यं संग्रामं न करिष्यसि ॥
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापं अवाप्स्यसि ॥३३॥

अन्वयार्थः—**अथ** હવે **चेत्** જો **त्वं** તું **इमं** આ **धर्म्यं** ધર્મરૂપ **संग्रामं** સંગ્રામને **न करिष्यसि** ન કરીશ તો **ततः** તે થકી **स्वधर्मं** પોતાના ધર્મને **च** તથા **कीर्तिं** કીર્તિને **हित्वा** ત્યાગ કરીને **पापं** પાપને **अवाप्स्यसि** પામીશ.

टीका—હે અર્જુન ! આ સંગ્રામ શ્રેષ્ઠ પુરૂષોના ધર્મથી અવિરૂદ્ધ છે તેથી ધર્મ્યરૂપ છે માટે અવશ્ય તેનો ત્યાગ ન કરવો જોઇએ અને જો તું આ ધર્મ્યરૂપ સંગ્રામ કરીશ નહિં તો તેથકી પોતાના ધર્મનો તથા કીર્તિનો ત્યાગ કરી પાપને પામીશ મહાદેવ આદિ મહોટા દેવોની સાથે પણ અર્જુને યુદ્ધ કર્યું, એવી જે તારી ઉત્તમ કીર્તિ આજ દિન સુધી ચાલતી આવી છે તેને લાંછન લાગશે. ॥૩૩॥

मूलम्—अकीर्तिंचापिभूतानि कथयिष्यन्तितेऽव्ययाम् ॥

संभावितस्यचाकीर्त्ति-र्मरणादतिरिच्यते ॥३४॥

पदानि—अकीर्तिं च अपि भूतानि कथयिष्यन्ति ते अव्ययाम् ॥
संभावितस्य च अकीर्त्तिः मरणात् अतिरिच्यते ॥३४॥

अन्वयार्थः—**च** તથા **भूतानि** દેવ ઋષિ મનુષ્ય **अपि** પણ **ते** તારી **अव्ययां** લાંબા કાળ સુધી **अकीर्त्तिः** અકીર્ત્તિને **कथयिष्यंति** કહેશે **च** તથા **संभावितस्य** ગુણવાન્ પુરૂષને **अकीर्त्तिः** અકીર્તિ **मरणात्** મરણથકી **अतिरिच्यते** અધિક થાય છે.

टीका—કેવલ સ્વધર્મનો ત્યાગ અને કીર્ત્તિનો ત્યાગ થશે એટલુંજ નહિ પણ આ યુદ્ધથી જો તું પાછો હઠીશ તો દેવ ઋષિ અને મનુષ્યને આદિ લઇ જેટલા ભૂત પ્રાણિયો છે તે સર્વ પરસ્પર કથા પ્રસંગમાં, આ અર્જુન ધર્માત્મા નથિ તથા શૂરવીર પણ નથી, એવા પ્રકારની તારી અકીર્તિ ઘણા કાળ સુધી કથન કરશે માટે સંભાવિત પુરૂષની લોકમાં જે અકીર્ત્તિ થાય તે મરણથી પણ અધિક છે. ॥૩૪॥

मूलम्—भयाद्रणादुपरतं मन्यन्तेत्वांमहारथाः ॥
येषांचत्वंबहुमतो—भूत्वायास्यासिलाघवं ॥३५॥

पदानि—भयात् रणात् उपरतं मन्यन्ते त्वां महारथाः ॥
येषां च त्वं बहुमतः भूत्वा यास्यासि लाघवम् ॥३५॥

अन्वयार्थः—**महारथाः** મહારથિયો **त्वां** તને **भयात्** ભયથકી **रणात्** રણથી **उपरतं** ઉપરામ થયેલો **मन्यन्ते** માનશે **च** તથા **येषां** જેઓની મધ્યે **त्वं** તું **बहुमतः** બહુ માનવા યોગ્ય **भूत्वा** થઇને **लाघवं** લઘુપણું **यास्यसि** પામીશ.

टीका—હે અર્જુન તું એમ કહીશ કે બંધુઓના સ્નેહ અને દયાને લીધે હું યુદ્ધમાંથી પાછો ફરૂં તેમાં મારી અપકીર્ત્તિ કેમ થાય, તો તે વાત બરોબર નથી કારણકે, જો તું યુદ્ધ કરીશ નહિં તો આ ભીષ્મદ્રોણાદિક મહારથી આ અર્જુન ! કર્ણાદિકશૂરવીરોના ભયવડે યુદ્ધમાંથી પાછો હઠયો પણ કાંઇ દયાવડે પાછો વળેલો નથિ એમ તને માનશે અને જે ભીષ્મદ્રોણાદિકોએ તને પરાક્રમ ધૈર્યાદિક અનેકગુણસંપન્ન માનેલો છે તે સઘળા તને કર્ણાદિકના ભયથી પાછો હઠયો એમ માનશે અને તું ભીષ્મ દ્રોણાદિકના અનાદરરૂપી લઘુપણાને પામીશ. ॥૩૫॥

मूलम्—अवाच्यवादांश्चबहून् वदिष्यन्ति तवाहिताः ॥
निन्दन्तस्तवसामर्थ्यं ततोदुःखतरंनुकिम् ॥३६॥

पदानि--अवाच्यवादान् च बहून् वदिष्यन्ति तव अहिताः ॥
निन्दन्तः तव सामर्थ्यं ततः दुःखतरं नु किम् ॥३६॥

अन्वयार्थः--**च** તથા **तव** તારા **अहिताः** શત્રુઓ **तव** તારૂં **सामर्थ्यं** સામર્થ્યને **निन्दन्तः** નિન્દતા છતા **बहून् अवाच्यवादान** અનેક પ્રકારનાં ન કહેવા યોગ્ય વચનોને **वदिष्यन्ति** કહેશે **ततः** તેથકી **दुःखतरं** અધિક દુઃખ **किन्नु** સું છે.

टीका—જ્યારે તું આ યુદ્ધથી નિવૃત્ત થઇશ ત્યારે સર્વે લોકમાં તારા પ્રસિદ્ધ સામર્થ્યને નિન્દનારા આ દુર્યોધનાદિક તારા શત્રુઓ પણ અનેક પ્રકારના ન કહેવા યોગ્ય શબ્દ કહેશે અર્થાત્ અમે જે શૂરવીર પુરૂષો છિયે તેની પાસે આ અર્જુન ક્ષણમાત્ર પણ ઉભો રહેવાને શું સમર્થ છે ? એ તો અમે જ્યાં ન હોઇએ ત્યાં અર્જુનનું પરાક્રમ ચાલે એમ બોલશે, માટે તે નિન્દાથી ઉત્પન્ન થયેલા દુઃખથી બીજું કોઇ પણ દુઃખ અધિક નથિ અને તે દુઃખ તારાથી સહન કરી શકાશે નહિં ॥૩૬॥

मूलम्—हतोवाप्राप्स्यसिस्वर्गं जित्वावाभोक्ष्यसेमहीम् ॥
तस्मादुत्तिष्ठकौन्तेय युद्धायकृतनिश्चयः ॥३७॥

पदानि--हतः वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ॥
तस्मात् उत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥३७॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર ! **वा** જો કદાચિત **हतः** હણાઇશ તો **स्वर्गं** સ્વર્ગને **प्राप्स्यसि** પામીશ **वा** અથવા **जित्वा** જીતીને **महीं** પૃથ્વીને **भोक्ष्यसे** ભોગવીશ **तस्मात्** તે કારણમાટે **कृतनिश्चयः** નિશ્ચયયુક્ત થઇ **युद्धाय** યુદ્ધમાટે **उत्तिष्ठ** ઉભો થા.

टीका—હે અર્જુન ! જો કદાચિત્ આ યુદ્ધમાં તું દુર્યોધનાદિક શત્રુઓથી હણાઇશ તો અવશ્ય સ્વર્ગને પામીશ અને જો કદાચિત્ તું આ દુર્યોધનાદિક શત્રુઓને જીતીશ તો શત્રુરૂપી કાંટાથી રહિત પૃથ્વીનું રાજ્ય ભોગવીશ માટે પરાજયપક્ષમાં અને જય પક્ષમાં તને લાભનીજ પ્રાપ્તિ છે તો હવે શત્રુઓને જીતીશ અથવા મરણ પામીશ, એવા પ્રકારના નિશ્ચયયુક્ત થઇ યુદ્ધ કરવા સારૂ ઉભો થા. ॥૩૭॥

मूलम्—सुखदुःखेसमेकृत्वा लाभालाभौजयाजयौ ॥
ततोयुद्धाययुज्यस्व नैवंपापमवाप्स्यसि ॥३८॥

पदानि—सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ॥
ततः युद्धाय युज्यस्व न एवं पापं अवाप्स्यसि ॥३८॥

अन्वयार्थः—सुखदुःखे સુખ અને દુઃખને **लाभालाभौ** લાભ અને અલાભને તથા **जयाजयौ** જય અને અજયને **समे** સમાન **कृत्वा** કરીને **ततः** ત્યાર પછી **युद्धाय** યુદ્ધ કરવામાટે **युज्यस्व** તૈયાર થા **एवं** એમ કરવાથી **पापं** પાપને **न अवाप्स्यसि** પામીશ નહિ.

टीका—ઇષ્ટ અથવા અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં રાગ દ્વેષથી જે રહિત થવું તેનું નામ સમતા કહેવાય છે. સુખમાં તથા સુખના કારણરૂપ લાભમાં તથા લાભના કારણરૂપ જયમાં રાગ ન કરીને, આવી રીતના દુઃખમાં તથા તે દુઃખના કારણરૂપ અલાભમાં તથા તે અલાભના કારણરૂપ અજયમાં દ્વેષ ન કરીને તું આ યુદ્ધ કરવા માટે તૈયાર થા. આ પ્રકારે સુખની કામનાનો પરિત્યાગ કરીને તથા દુઃખની નિવૃત્તિની કામનાનો પરીત્યાગ કરીને કેવળ સ્વધર્મબુદ્ધિવડે જો તું યુદ્ધ કરીશ તો આ ગુરૂ બ્રાહ્મણોને હણવાથી ઉત્પન્ન થનારાં પાપને પામીશ નહિ. જે પુરૂષ આ લોકના ફલની અથવા પરલોકના ફલની કામનાવડે યુદ્ધ કરે છે તે પુરૂષ ગુરૂ બ્રાહ્મણાદિના નાશથી ઉત્પન્ન થયેલા પાપને અવશ્ય પામે છે માટે ફલની ઇચ્છાવિના કેવળ સ્વધર્મ જાણી યુદ્ધ કરવાથી એ પાપની પ્રાપ્તિ થઈ શકતી નથિ. ॥ ૩૮ ॥

मूलम्—एषातेऽभिहितासांख्ये बुद्धिर्योगेत्विमांशृणु ॥
बुद्ध्यायुक्तोययापार्थ कर्मबन्धंप्रहास्यसि ॥३९॥

પદાનિ—एषा ते अभिहिता सांख्ये बुद्धिः योगे तु इमां शृणु ॥
बुद्ध्या युक्तः यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥३९॥

अन्वयार्थः—पार्थ હે પૃથાના પુત્ર! **ते** તને **एषा** એ **बुद्धिः** બુદ્ધિ **सांख्ये** બ્રહ્મમાં **अभिहिता** કહી **तु** હવે **योगे** કર્મયોગમાં **इमां** આ કહેવાશે તે બુદ્ધિને **शृणु** શ્રવણ કર **यया** જે **बुद्ध्या** બુદ્ધિવડે **युक्तः** યુક્ત થયેલો તું **कर्मबन्ध** કર્મબન્ધને **प्रहास्यसि** પરિત્યાગ કરીશ.

टीका—હે પાર્થ! દેહાદિક સર્વ ઉપાધિયોથી ભિન્ન કરીને પરમાત્માનું વાસ્તવ સ્વરૂપનું પ્રતિપાદન જેનાથી કરીયે તેનું નામ સંખ્ય, અને સંખ્ય અટલે ઉપનિષદ્ કહેવાય છે. તે ઉપનિષદ્‌વડે જે વસ્તુનું પ્રતિપાદન કરિયે તે વસ્તુનું નામ સાંખ્ય છે. એવું જીવનું વાસ્તવ સ્વરૂપ પરમાત્મા છે. એવી રીતે સાંખ્ય નામના પરમાત્મામાં જ્ઞાનરૂપ બુદ્ધિ મેં તને કહી. હવે કર્મયોગનેવિષે આ કહેવાશે એવી બુદ્ધિનું તું શ્રવણ કર કે જે બુદ્ધિથી યુક્ત થઇ તું કર્મબન્ધનો ત્યાગ કરીશ ॥ ૩૯ ॥

मूलम्—नेहाभिक्रमनाशोस्ति प्रत्यवायोनविद्यते ॥
स्वल्पमप्यस्यधर्मस्य त्रायतेमहतोभयात् ॥४०॥

पदानि—न इह अभिक्रमनाशः अस्ति प्रत्यवायः न विद्यते ॥
स्वल्पं अपि अस्य धर्मस्य त्रायते महतः भयात् ॥४०॥

अन्वयार्थः—**इह** આ નિષ્કામકર્મયોગમાં **अभिक्रमनाशः** કર્મફલનો નાશ **न अस्ति** નથિ **प्रत्यवायः** પ્રત્યવાય **न विद्यते** વિદ્યમાન નથિ **अस्य** આ **धर्मस्य** નિષ્કામધર્મનું **स्वल्पं अपि** થોડુંક પણ **महतः** મ્હોટા **भयात्** ભયથી **त्रायते** રક્ષણ કરે છે.

टीका—યજ્ઞ દાનાદિ કર્મોવડે જે ફલનો પ્રારંભ કરાય તે ફલનું નામ અભિક્રમ કહેવાય છે અને તે ફલનો નાશ આ નિષ્કામરૂપ યોગમાં કોઇ વખતે પણ થતો નથિ તથા યજ્ઞદાનાદિક કર્મોના અંગની ન્યૂનતા અને અધિકારીવડે વૈગુણ્યરૂપ પ્રત્યવાય છે તે પ્રત્યવાય પણ આ નિષ્કામરૂપ યોગમાં નથિ તથા આ નિષ્કામધર્મનું થોડુંક પણ પુરૂષને મ્હોટા ભયથી રક્ષણ કરે છે. ॥ ૪૦ ॥

मूलम्—व्यवसायात्मिकांबुद्धि-रेकेहकुरुनन्दन ॥
बहुशाखाह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥४१॥

पदानि—व्यवसायात्मिकाः बुद्धिः एका इह कुरुनन्दन ॥
बहुशाखा हि अनन्ताः च बुद्धयः अव्यवसायिनाम् ।४१।

अन्वयार्थः—**कुरुनन्दन** હે કુરૂકુલને આનન્દ પમાડનાર ! **इह** આશ્રેયના માર્ગમાં **व्यवसायात्मिका** આત્મતત્ત્વના નિશ્ચયરૂપ **बुद्धि** બુદ્ધિ **एका** એક છે **अव्यवसायिनां** સકામપુરુષોની **बुद्धयः** બુદ્ધિયો **बहुशाखाः हि** ઘણી શાખાવાળીયોજ છે **च** તથા **अनन्ताः** અનન્ત છે.

टीका—હે કુરૂનન્દન ! આશ્રેયના માર્ગમાં આત્મતત્વના નિશ્ચયરૂપ બુદ્ધિ એક છે અને સકામપુરૂષોની બુદ્ધિયો તો બહુશાખાવાળિયો તથા અનન્ત હોય છે સાંખ્યવિષયક તથા યોગવિષયક બુદ્ધિ એકજ ફલ ઉત્પન્ન કરે છે માટે એક છે અને તે બુદ્ધિ તે નિર્દોષ વેદવાકયોથી ઉત્પન્ન થઇ છે માટે સર્વવિપરીતબુદ્ધિયોને બાધ કરનારી છે અને અજ્ઞાનિપુરૂષોની જે ઘણી શાખાવાળી અનન્ત બુદ્ધિયો છે તે સર્વબુદ્ધિયો વીપરીત હોવાથી તે વ્યવસાયાત્મિક બુદ્ધિવડે લાઘવ પમાડવા યોગ્ય છે. ॥ ૪૧ ॥

१ अभिक्रमणं अभिक्रमः प्रारंभः

મૂલમ્—**यामिमांपुष्पितांवाचं प्रवदन्त्यविपश्चितः ॥**
वेदवादरताःपार्थ नान्यदस्तीतिवादिनः ॥४२॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ॥
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिंप्रति ॥४३॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ॥
व्यवसायात्मिकाबुद्धिः समाधौनविधीयते ॥४४॥

પદાનિ—**यां इमां पुष्पितां वाचं प्रवदन्ति अविपश्चितः ॥**
वेदवादरताः पार्थ न अन्यत् अस्ति इतिवादिनः ॥४२॥
कामात्मानः स्वर्गपराः जन्मकर्म्म फलप्रदाम् ॥
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥४३॥
भोगैश्वर्यप्रसक्तानां तया अपहृतचेतसाम् ॥
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥४४॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **अविपश्चितः** વિચારહીન પુરૂષો **यां** જે **इमां** આ પ્રસિદ્ધ **वाचं** કર્મકાંડરૂપ વાણીને **प्रवदन्ति** કહે છે. " તે વાણી કેવી છે કે " **पुष्पितां** અવિચારથી રમણીય છે **जन्मकर्मफलप्रदां** જન્મ કર્મના ફલને આપનારી છે તથા **भोगैश्वर्यगतिंप्रति** ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિમાટે **क्रियाविशेषबहुलां** આ અગ્નિહોત્રાદિ કર્મોને વિસ્તારથી પ્રતિપાદન કરનારી છે. "એવી વાણીને કહેનારા તે વિચારહિન પુરૂષો કેવા છે કે " **वेदवादरताः** વેદના અર્થવાદમાં પ્રીતિવાળા છે તથા **अन्यत्** કર્મના ફલથી ભિન્ન એવું કોઈ જ્ઞાનનું ફલ **न अस्ति** નથિ **इति** એ પ્રકારે **वादिनः** કહેનારા છે તથા **कामात्मानः** કામરૂપ છે તથા **स्वर्गपराः** સ્વર્ગજ જેને ઉત્કૃષ્ટ છે એવા છે તથા **भोगैश्वर्यप्रसक्तानां** ભોગ અને ઐશ્વર્ય વિષે જેઓને આસક્તિ છે તથા **तया** તે વાણીવડે **अपहृतचेतसां** આચ્છાદન થયેલાં છે ચિત્ત જેઓનાં એવા બહિર્મુખ પુરૂષોના **समाधौ** અન્તઃકરણમાં **व्यवसायात्मिका** તે નિશ્ચયવાળી **बुद्धिः** બુદ્ધિ **न विधीयते** હોતી નથિ.

टीका—હે અર્જુન ! અવિચારથી રમણીય તથા કર્મફલને આપનારી તથા ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિનેમાટે અગ્નિહોત્રાદિ કર્મોને પ્રતિપાદન કરનારી તથા કર્મકાંડરૂપ એવી જે વાણી તેને તે વિચારહીન પુરૂષો કથન કરે છે. અને તે વિચારહીન પુરૂષો વેદના અ-

ર્થવાદોમાં પ્રીતિવાળા છે તથા કર્મના ફલથી ભિન્ન એવું કોઇ જ્ઞાનનું ફલ નથિ એમ કહેનારા છે તથા કામ રૂપ છે તથા સ્વર્ગને ઉત્કૃષ્ટ માનનારા છે ભોગ અને ઐશ્વર્યમાં આસક્તિવાળા તથા તે વાણીથી આચ્છાદિત થયેલા ચિત્તવાળા જે બહિર્મુખ પુરૂષો તેના અન્તઃકરણમાં તે વ્યવસાયાત્મિક બુદ્ધિ થતી નથિ. ॥ ૪૪ ॥

मूलम्—त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ॥
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ।४५।

पदानि—त्रैगुण्यविषयाः वेदाः निस्त्रैगुण्यः भव अर्जुन ॥
निर्द्वन्द्वः नित्यसत्त्वस्थः निर्योगक्षेमः आत्मवान् ॥४५॥

अन्वयार्थः—अर्जुन હે અર્જુન ! **वेदाः** વેદ **त्रैगुण्यविषयाः** ત્રણ ગુણને વિષય કરનારા છે **निस्त्रैगुण्यः** તું તે ત્રણ ગુણથી રહિત **भव** થા તથા **निर्द्वन्द्वः** સુખદુઃખાદિ ધર્મોથી રહિત થા તથા **नित्यसत्त्वस्थः** નિત્ય સત્વમાં રહે તથા **निर्योगक्षेमः** યોગ અને ક્ષેમથી રહિત થા તથા **आत्मवान्** આત્મવાન્ થા.

टीका—હે અર્જુન ! આ કર્મકાંડરૂપ વેદ ત્રણ ગુણને વિષય કરનારા છે માટે તું તે ત્રણ ગુણથી રહિત થા અને સુખદુઃખાદિધર્મોથી રહિત, નિત્ય સત્વમાં રહેનાર; યોગ ક્ષેમથી રહિત અને આત્મવાન્ થા. જે પુરૂષ જે ફલની ઇચ્છા કરીને જે કર્મ કરેછે તે પુરૂષને તે કર્મ તે ફલ આપનારૂં થાય છે. કોઇ ફલની કામના વિના કોઈ પણ કર્મ કોઇ ફલની પ્રાપ્તિ કરતું નથિ પણ પુરૂષની કામના ફલની પ્રાપ્તિમાં કારણ છે માટે તું સ્વર્ગાદિક ફલની કામનાથી રહિત થા. તે ફલની કામનાથી રહિત એવા તને સંસારની પ્રાપ્તિ થશે નહિં. ॥ ૪૫ ॥

मूलम्—यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ॥
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

पदानि—यावान् अर्थः उदपाने सर्वतः संप्लुतोदके ॥
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥

अन्वयार्थः—उदपाने અલ્પ જલના સ્થાનમાં **यावान्** જેટલું **अर्थः** સ્નાનપાનાદિરૂપ પ્રયોજન સિદ્ધ થાય છે **सर्वतः** સર્વ તરફથી **संप्लुतोदके** મહાજલવાળા તલાવમાં **तावान्** તેટલું સ્નાનપાનાદિક સર્વ પ્રયોજન સિદ્ધ થાય છે તેમ **सर्वेषु** સર્વ **वेदेषु** કામ્યકર્મ રૂપ વેદોમાં " આનન્દ થાય છે તેટલો " **विजानतः** બ્રહ્મસાક્ષાત્કારવાળા **ब्राह्मणस्य** બ્રાહ્મણને થાય છે.

टीका—હે અર્જુન ! પર્વતમાંથી નિકળેલાં અનેક ઝરણાં કોઇ નીચી ભૂમિમાં જઇ-

ને એકઠાં થાય છે તેનું નામ તળાવ કહેવાય છે. તેમાં એક ઝરણાંના જલથી સ્નાનપાન અને વસ્ત્રક્ષાલનાદિ પ્રયોજન યથાક્રમથી સિદ્ધ થાય છે, તે સ્નાનપાનાદિક સઘળું પ્રયોજન તે ઝરણાંના સમૂહરૂપ મ્હોટા તલાવમાં સિદ્ધ થાય છે કારણ કે તે ઝરણાંના સઘળા જલનો તે તલાવમાં અન્તર્ભાવ છે તેમ કર્મકાંડરૂપ વેદમાં કહેલાં અગ્નિહોત્રાદિ કામ્યકર્મવડે પ્રાપ્ત થનાર જે સ્વર્ગલોક તેને આદિ લઇ બ્રહ્મલોક પર્યન્ત વિષયજન્ય આનન્દ છે તે સર્વઆનન્દ બ્રહ્મસાક્ષાત્કારવાળા બ્રહ્મવેત્તા પુરૂષને એકજ કાળમાં પ્રાપ્ત થાય છે કારણ કે ભૂમીને આદિ લઇ બ્રહ્મલોક પર્યન્ત જેટલા વિષયથી ઉત્પન્ન થયેલા ક્ષુદ્ર આનન્દ છે તે સર્વ આનન્દ બ્રહ્માનન્દનો લેશ છે.

मूलम्—कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥
मा कर्मफलहेतुर्भू-र्माते संगोऽस्त्वकर्मणि ॥४७॥

पदानि—कर्मणि एव अधिकारः ते मा फलेषु कदाचन ॥
मा कर्मफलहेतुः भूः मा ते संगः अस्तु अकर्मणि ॥४७॥

अन्वयार्थः—**ते** તારો **कर्माणि एव** કર્મમાંજ **अधिकारः** અધિકાર હો **फलेषु** કર્મના ફલમાં **कदाचन** કોઈ વખતે " તારો અધિકાર " **मा** ન હો " અને તું " **कर्मफलहेतुः** કર્મફલનો ઉત્પન્ન કરનાર **मा भूः** ન હો **अकर्मणि** કર્મ ન કરવામાં **ते** તારો **संगः** પ્રીતિ **मा** ન હો.

टीका—હે અર્જુન ! આત્મજ્ઞાનની ઉત્પત્તિને અયોગ્ય તથા અશુદ્ધ અન્તઃકરણવાળા તને હમણાં અન્તઃકરણની શુદ્ધિદ્વારાએ નિષ્કામકર્મમાંજ અધિકાર થાઓ એવી રીતે કર્મ કરનાર એવા તને તે કર્મનાં સ્વર્ગાદિક ફલને વિષે તે કર્મના અનુષ્ઠાનથી પૂર્વ કાળમાં તથા તે કર્મના અનુષ્ઠાનથી ઉત્તર કાળમાં તથા તે કર્મના અનુષ્ઠાનકાળમાં કોઇ વખતે પણ અધિકાર ન થાઓ. અર્થાત્ તે કર્મોનાં સ્વર્ગાદિક ફલ મારે ભોગવવાં છે એ પ્રકારનો બોધ કોઇ વખતે પણ તને ન થાઓ ॥ ૪૭ ॥

मूलम्—योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनंजय ॥
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योगउच्यते॥४८॥

पदानि—योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनंजय ॥
सिद्ध्यसिद्ध्योः समः भूत्वा समत्वं योगः उच्यते ॥४८॥

अन्वयार्थः—**धनंजय** હે અર્જુન ! તું **योगस्थः** યોગમાં રહી **सङ्गं** ફલની ઇચ્છાને **त्यक्त्वा** ત્યાગ કરી તથા **सिद्ध्यसिद्ध्योः** ફલની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં **समः** હર્ષવિષાદથી રહિત **भूत्वा** થઇને **कर्माणि** કર્મોને **कुरु** કર **समत्वं** હર્ષવિષાદથી રહિત થવું તેને **योगः** યોગ **उच्यते** કહેવાય છે.

टीका—હે **અર્જુન** ! તું યોગમાં સ્થિત થઇને સ્વર્ગાદિ ફલની ઇચ્છારૂપ સંગનો ત્યાગ કરી તથા હું આ કર્મનો કર્ત્તા છું એવી રીતના કર્ત્તાપણાના આગ્રહનો ત્યાગ કરી કર્મ કર અને તે વેદોક્ત કર્મના સ્વર્ગાદિક ફલની પ્રાપ્તિમાં તું હર્ષનો ત્યાગ કરીને તથા તે સ્વર્ગાદિક ફલોની અપ્રાપ્તિમાં ખેદનો પરિત્યાગ કરીને કેવળ ઇશ્વરના આરાધનની બુદ્ધિવડે કર્મ કર તથા એવી રીતે હર્ષવિષાદથી રહિત થવારૂપી જે સમત્વ છે તેનું નામ યોગ કહેવાય છે. ॥૪૮॥

मूलम्—दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ॥
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥४९॥

पदानि—दूरेण हि अवरं कर्म बुद्धियोगात् धनंजय ॥
बुद्धौ शरणं अन्विच्छ कृपणाः फलहेतवः ॥४९॥

अन्वयार्थः--**धनंजय** હે અર્જુન ! **हि** જે કારણ માટે **बुद्धियोगात्** નિષ્કામકર્મથી **कर्म** સકામ કર્મ **दूरेण** દૂર હોવાથી **अवरं** અધમ છે તે માટે **बुद्धौ** પરમાત્મબુદ્ધિનિમિત્ત **शरणं** નિષ્કામ યોગ કરવાને **अन्विच्छ** તું ઇચ્છા કર **फलहेतवः** ફલની કામનાવાળા પુરૂષો **कृपणाः** કૃપણ છે.

टीका—હે અર્જુન ! આત્મજ્ઞાનરૂપ બુદ્ધિના સાધનરૂપ જે નિષ્કામ કર્મ યોગ છે તેનું નામ બુદ્ધિયોગ છે. તે બુદ્ધિયોગવડે જન્મ મરણના હેતુરૂપ સકામ કર્મ અત્યન્ત દૂર હોવાથી અધમ છે. અથવા પરમાત્મવિષયક જે બુદ્ધિરૂપ યોગ છે તેનું નામ બુદ્ધિયોગ કહેવાય છે. તે બુદ્ધિયોગ પાસે આ સઘળાં કર્મ અધમ છે માટે સર્વ અનર્થોની નિવૃત્તિ કરનારી જે પરમાત્મવિષયક બુદ્ધિ છે તે બુદ્ધિની પ્રાપ્તિ માટે પ્રતિબન્ધક પાપકર્મોની નિવૃત્તિદ્વારા જે નિષ્કામકર્મયોગ છે તેને કરવાની તું ઇચ્છા કર. ॥ ૪૯ ॥

मूलम्—बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ॥
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलं ॥५०॥

पदानि—बुद्धियुक्तः जहाति इह उभे सुकृतदुष्कृते ॥
तस्मात् योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥५०॥

अन्वयार्थः— **इह** આ કર્મોમાં **बुद्धियुक्तः** સમપણાની બુદ્ધિથી યુક્ત પુરૂષ **सुकृतदुष्कृते** પુણ્ય પાપ **उभे** બેઉને **जहाति** ત્યાગ કરેછે **तस्मात्** તે કારણમાટે **योगाय** તે સમત્વબુદ્ધિરૂપ યોગનેમાટે **युज्यस्व** ઉદ્યમવાળો થા **योगः** યોગ **कर्मसु** કર્મોનેવિષે **कौशलं** કુશલપણું છે

ટીકા—શાસ્ત્રોમાં વિધાન કરેલાં અગ્નિહોત્રાદિ કર્મોના ફલની પ્રાપ્તિનેવિષે તથા તે ફલની અપ્રાપ્તિને વિષે હર્ષ અને વિષાદની રહિતતારૂપ સમત્વ બુદ્ધિવડે યુક્ત એવો અધિકારી પુરૂષ પુણ્યપાપને અન્તઃકરણની શુદ્ધિ અને જ્ઞાનની પ્રાપ્તિદ્વારા પરિત્યાગ કરે છે માટે તે સમત્વબુદ્ધિરૂપ યોગની પ્રાપ્તિને અર્થે દઢ ઉદ્યમવાળો થા કારણ કે તે સમત્વબુદ્ધિરૂપ યોગજ તે કર્મોનેવિષે પ્રવર્તમાન પુરૂષનું કુશલપણું છે. ॥ ૫૦ ॥

मूलम्—कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ॥
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयं ॥५१॥

पदानि—कर्मजं बुद्धियुक्ताः हि फलं त्यक्त्वा मनीषिणः ॥
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्ति अनामयं ॥५१॥

अन्वयार्थः—**हि** જે કારણ માટે **बुद्धियुक्ताः** સમત્વબુદ્ધિયુક્ત પુરૂષો **कर्मजं** કર્મથી ઉત્પન્ન થયેલા **फलं** ફલને **त्यक्त्वा** ત્યાગ કરીને **मनीषिणः** આત્મસાક્ષાત્કારવાળા થાય છે તથા **जन्मबन्धविनिर्मुक्ताः** જન્મરૂપ બન્ધથી રહિત થઇને **अनामयं** અવિદ્યાદિક રોગોથી રહિત **पदं** મોક્ષરૂપ પદને **गच्छन्ति** પામે છે. " તેમાટે તું પણ એવો થા. "

ટીકા—સમત્વબુદ્ધિવાળા પુરૂષો અગ્નિહોત્રાદિ કર્મોથી ઉત્પન્ન થયેલાં સ્વર્ગાદિક ફલોને ત્યાગ કરીને કેવળ પરમાત્માના આરાધન માટે તે કર્મ કરીને અન્તઃકરણની શુદ્ધિદ્વારા આત્માકારબુદ્ધિરૂપ મનીષાવાળા છે. એ પ્રકારે આત્મજ્ઞાનરૂપ મનીષાને પ્રાપ્ત થઇ તે અધિકારી પુરૂષ જન્મરૂપી બન્ધથી અત્યન્ત મુક્ત થઇ અવિદ્યારૂપી રોગથી રહિત તથા સર્વ ભયથી રહિત જે પરમાનન્દ સ્વરૂપ મોક્ષ છે તે મોક્ષરૂપ પુરૂષાર્થને અભેદવડે પ્રાપ્ત થાય છે. ॥ ૫૧ ॥

मूलम्—यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ॥
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्यश्रुतस्य च ॥५२॥

पदानि—यदा ते मोहकलिलं बुद्धिः व्यतितरिष्यति ॥
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥५२॥

अन्वयार्थः—**यदा** જ્યારે **ते** તારૂં **बुद्धिः** અન્તઃકરણ **मोहकलिलं** અવિવેકરૂપી મલિનપણાને **व्यतितरिष्यति** પરિત્યાગ કરશે **तदा** ત્યારે **श्रोतव्यस्य** શ્રવણ કરવા યોગ્ય કર્મના **च** તથા **श्रुतस्य** શ્રવણ કરેલાં કર્મના **निर्वेदं** વૈરાગ્યને **गन्तासि** પામીશ.

ટીકા—તે નિષ્કામ કર્મ કરવાથી આટલા કાળ પછી અન્તઃકરણની શુદ્ધિ થાયછે એ પ્રકારે કાળનો નિયમ નથિ પણ નિષ્કામ કર્મ કરતાં કરતાં જે વખતે તારૂં અન્તઃકરણ

अहंममता રૂપી અવિવેકના મલિનપણાનો ત્યાગ કરે, અર્થાત્ રજોગુણ તમોગુણરૂપ મલ-નો ત્યાગ કરીને કેવળ શુદ્ધસત્વભાવને પ્રાપ્ત થાય તે કાળનેવિષે, હાલ શ્રવણ કરવા યોગ્ય અગ્નિહોત્રાદિ કર્મના સ્વર્ગાદિક ફલના વૈરાગ્યને તથા પ્રથમ શ્રવણ કરેલા કર્મના સ્વર્ગાદિક ફલના વૈરાગ્યને તું પામીશ. ॥ ૫૨ ॥

मूलम्—श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ॥
समाधावचला बुद्धि-स्तदा योगमवाप्स्यसि ॥५३॥

पदानि—श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ॥
समाधौ अचला बुद्धिः तदा योगं अवाप्स्यसि ॥५३॥

अन्वयार्थः—**श्रुतिविप्रतिपन्ना** પૂર્વે નાનાપ્રકારના ફલના શ્રવણવડે સંશયને પ્રાપ્ત થયેલી **ते** તારી **बुद्धिः** બુદ્ધિ **यदा** જે વખતે **समाधौ** સમાધિમાં **निश्चला** નિશ્ચલ તથા **अचला** અચલ **स्थास्यति** રહેશે **तदा** તે વખત **योगं** યોગને **अवाप्स्यसि** પામીશ.

टीका—પૂર્વે નાનાપ્રકારના ફલોનું શ્રવણ કરવાથી સંશયને પ્રાપ્ત થયેલી તારી બુદ્ધિ જ્યારે પરાત્મામાં નિશ્ચલ તથા અચલ થશે ત્યારે તું યોગને પામીશ. ॥ ૫૩ ॥

अर्जुनउवाच.

मूलम्—स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ॥
स्थितधीःकिं प्रभाषेत किमासीत व्रजेत किम् ५४

पदानि—स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ॥
स्थितधीः किं प्रभाषेत किम् आसीत व्रजेत किम् ॥५४॥

अन्वयार्थः—**केशव** હે કેશવ ! **समाधिस्थस्य** સમાધિમાં રહેલા **स्थितप्रज्ञस्य** સ્થિતપ્રજ્ઞપુરૂષનું **भाषा** લક્ષણ **का** શું છે " તથા સમાધિમાંથી ઉઠેલો તે " **स्थितधीः** સ્થિતપ્રજ્ઞ **किं** કેવા પ્રકારનું **प्रभाषेत** ભાષણ કરે તથા **किं** કેવે પ્રકારે **आसीत** બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ કરે તથા **किं** કેવે પ્રકારે **व्रजेत** વિષયોને પામે છે.

टीका—અર્જુન કહે છે-હે કેશવ ! નિશ્ચલ થયેલી છે પ્રજ્ઞા જેની તેનું નામ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. તે સ્થિતપ્રજ્ઞ પુરૂષ બે પ્રકારની અવસ્થાવાળો હોય છે. એકતો સમાધિમાં સ્થિત હોય છે અને બીજો તે સમાધિથી ઉઠેલા ચિત્તવાળો હોય છે. એટલા માટે તે સ્થિતપ્રજ્ઞ પુરૂષનું સમાધિસ્થ એવું વિશેષણ કહેલું છે એમ સમાધિમાં રહેલા સ્થિતપ્રજ્ઞ પુરૂષનું શું લક્ષણ છે. અર્થાત્ સમાધિમાં રહેલા સ્થિતપ્રજ્ઞ પુરૂષને બીજા પુરૂષો કયા લક્ષણોથી જાણી શકે છે. એ પ્રથમ પ્રશ્ન. સમાધિથી ઉઠેલા ચિત્તવાળો સ્થિતપ્રજ્ઞ

પોતાની સ્તુતિ તથા નિન્દામાં હર્ષપૂર્વક તથા દ્વેષપૂર્વક વચન કેવી રીતે કહે છે. એ બીજો પ્રશ્ન. સમાધિથી ઉઠેલા ચિત્તના નિગ્રહમાટે સ્થિતપ્રજ્ઞ નેત્રાદિ બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ કેવી રીતે કરે છે. એ ત્રીજો પ્રશ્ન. તે બાહ્ય ઇન્દ્રિયોના નિગ્રહના અભાવકાળમાં સ્થિતપ્રજ્ઞ વિષયોને કેવી રીતે પામે છે. એ ચતુર્થ પ્રશ્ન. આ પ્રશ્નોનો અભિપ્રાય એવો છે કે સ્થિતપ્રજ્ઞનું ભાષણ આસન અને વ્રજન એ ત્રણે અજ્ઞાનિપુરૂષના ભાષણાદિકથી કેવી રીતે વિલક્ષણ છે. ॥ ૫૪ ॥

श्रीभगवानुवाच.

मूलम्—प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ॥
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥५५॥

पदानि—प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ॥
आत्मनि एव आत्मना तुष्टः स्थितप्रज्ञः तदा उच्यते ।५५।

अन्वयार्थः—पार्थ હે પાર્થ ! **यदा** જ્યારે " તે સમાધિસ્થ પુરૂષ" **मनोगतान्** પોતાના મનમાં રહેલા **सर्वान्** સર્વ **कामान्** કામોને **प्रजहाति** ત્યાગ કરે છે "તથા" **आत्मनि** આત્માનેવિષે **आत्माना एव** આત્માવડેજ **तुष्टः** પ્રસન્ન થાય છે **तदा** ત્યારે "તે સમાધિસ્થ પુરૂષ" **स्थितप्रज्ञः** સ્થિતપ્રજ્ઞ **उच्यते** કહેવાય છે.

टीका—હે પાર્થ ! સમાધિસ્થ પુરૂષ જે વખતે કામસંકલ્પાદિક સર્વ વૃત્તિયોથી રહિત થાય છે તે વખતે તેનું નામ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. કામ સંકલ્પાદિક સર્વ ધર્મ મનનાજ છે પણ આત્માના નથિ. જો કદાચિત્ તે આત્માના સ્વભાવિકધર્મ હોયતો જેમ અગ્નિનો સ્વાભાવિક ઊષ્ણતા ધર્મ અગ્નિ વિદ્યમાન હોય ત્યાં સુધી કોઇ વખતે પણ નિવૃત્ત થાય નહીં, તેમ આત્મા વિદ્યમાન હોય ત્યાંસુધી તે કામસંકલ્પાદિક ધર્મ કોઇ વખતે પણ નિવૃત્ત થઇ શકે નહિં; તેથી તે કામસંકલ્પાદિક આત્માના ધર્મ નથી પણ મનનાજ ધર્મ છે માટે કારણરૂપ મનનો ત્યાગ કરવાથી તે કામાદિક ધર્મ ત્યાગ કરી શકાય છે. ॥ ૫૫ ॥

मूलम्—दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ॥
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥५६॥

पदानि—दुःखेषु अनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ॥
वीतरागभयक्रोधः स्थितधीः मुनिः उच्यते ॥ ५६ ॥

अन्वयार्थः—दुःखेषु દુઃખોમાં **अनुद्विग्नमनाः** ઉદ્વેગ રહિત મનવાળો **सुखेषु** વિષયસુખોમાં **विगतस्पृहः** સ્પૃહાવિનાનો **वीतरागभयक्रोधः** રાગ ભય અને ક્રોધ

જેના નિવૃત્ત થયેલા છે એવો **मुनिः** મનનશીલ પુરૂષ **स्थितधीः** સ્થિતપ્રજ્ઞ **उच्यते** કહેવાય છે.

टीका—દુઃખ પ્રાપ્ત થાય તો પણ જેનું મન ઉદ્વેગરહિત છે, વિષય સુખોમાં જે સ્પૃહારહિત છે, રાગ ભય અને ક્રોધ જેના નિવૃત્ત થયેલા છે એવો મનનશીલ પુરૂષ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ॥ ૫૬ ॥

मूलम्—यः सर्वत्रानभिस्नेह-स्तत्तत्प्राप्य शुभाशुभम् ॥
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥

पदानि—यः सर्वत्र अनभिस्नेहः तत् तत् प्राप्य शुभाशुभम् ॥
न अभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥

अन्वयार्थः—**यः** "જે" વિદ્વાન્ **सर्वत्र** દેહાદિક સર્વ પદાર્થોમાં **अनभिस्नेह** સ્નેહથી રહિત છે તથા **तत् तत्** તે તે **शुभाशुभं** પ્રિયઅપ્રિયને **प्राप्य** પ્રાપ્ત થઈને **न अभिनन्दति** પ્રશંસા કરતો નથિ **न द्वेष्टि** દ્વેષ કરતો નથિ **तस्य** તે વિદ્વાન્ પુરૂષની **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિત છે.

टीका—જે વિદ્વાન્ પુરૂષ પોતાના દેહ અને જીવનાદિક સર્વ પદાર્થોમાં સ્નેહવિનાનો છે અને પુણ્યકર્મરૂપ પ્રારબ્ધવડે પ્રાપ્ત થયેલા પ્રિયવિષયોને હર્ષસહિત તે વિષયોની પ્રશંસા કરતો નથિ તથા પાપકર્મરૂપ પ્રારબ્ધવડે પ્રાપ્ત થયેલા અને દુઃખના કારણરૂપ અપ્રિય વિષયોને પામીને તે અપ્રિય વિષયોની નિન્દા કરતો નથિ તે મુનિનું નામજ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે ॥ ૫૭ ॥

मूलम्—यदासंहरतेचायं कूर्मोऽङ्गानीवसर्वशः ॥
इन्द्रियाणीन्द्रियार्थेभ्य-स्तस्यप्रज्ञाप्रतिष्ठिता ॥५८॥

पदानि—यदा संहरते च अयं कूर्मः अङ्गानि इव सर्वशः ॥
इन्द्रियाणि इन्द्रियार्थेभ्यः तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥

अन्वयार्थः—**च** તથા **कूर्मः** કાચબો **अङ्गानि** "શિર પાદાદિક" અંગોને **इव** જેમ સંકોચ કરે છે તેમ **अयं** આ "વિદ્વાન્ પુરૂષ" **यदा** જે કાલનેવિષે પોતાની **सर्वशः** સર્વ **इन्द्रियाणि** ઇન્દ્રિયોને **इन्द्रियार्थेभ्यः** "શબ્દાદિક" વિષયોથી **संहरते** સંકોચ કરે છે "તે કાલને વિષે" **तस्य** તે વિદ્વાન્ પુરૂષની **प्रज्ञा** પ્રજ્ઞા **प्रतिष्ठिता** સ્થિર થયેલી છે.

टीका—જેમ કાચબો બીજાના ભયથી પોતાનાં મસ્તક તથા પાદાદિક સર્વ અંગોને પોતાના શરીરમાંજ સંકોચ કરી લે છે તેમ આ વિદ્વાન્ પુરૂષ જે કાલમાં રાગાદિ દોષોની પ્રાપ્તિના ભયથી તથા સમાધિનાં વિઘ્નોના ભયથી પોતાની શ્રોત્રાદિક સર્વ ઇન્દ્રિયોને શબ્દાદિક સર્વ વિષયથી પાછી સંકોચ કરી લે છે તે વખતે તે વિદ્વાનની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત કહેવાય છે. ॥ ૫૮ ॥

मूलम्—विषयाविनिवर्त्तन्ते निराहारस्यदेहिनः ॥
रसवर्जंरसोप्यस्य परंदृष्ट्वानिवर्त्तते ॥ ५९ ॥

पदानि—विषयाः विनिवर्त्तन्ते निराहारस्य देहिनः ॥
रसवर्जं रसः अपि अस्य परं दृष्ट्वा निवर्त्तते ॥५९॥

अन्वयार्थः—**निराहारस्य** ઇન્દ્રિયોવડે વિષયોને ગ્રહણ કરવામાં અસમર્થ **देहिनः** રોગી પુરૂષના **विषयाः** " શબ્દાદિક " વિષયો **विनिवर्त्तन्ते** નિવૃત્ત થઇ જાય છે " પરન્તુ " **रसवर्जं** તે વિષયોની પ્રીતિ નિવૃત્ત થતી નથિ **अस्य** આ " સ્થિતપ્રજ્ઞ પુરૂષને તો " **परं** પરબ્રહ્મને **दृष्ट्वा** સાક્ષાત્કાર કરીને **रसः** રાગ **अपि** પણ **निवर्त्तते** નિવૃત્ત થાય છે.

टीका—શ્રોત્રાદિક ઇન્દ્રિયોવડે શબ્દાદિક વિષયોને ગ્રહણ કરવામાં અસમર્થ રોગી પુરૂષને તે શબ્દાદિક વિષય નિવૃત્ત થઇ જાય છે પરન્તુ શબ્દાદિક વિષયોની પ્રીતિ નિવૃત્ત થતી નથિ કારણ કે તે વિષયોની પ્રીતિ તે વખતે પણ તે આજ્ઞાની પુરૂષને બનેલી હોય છે પણ સ્થિતપ્રજ્ઞ એવા વિદ્વાન્ પુરૂષને તો પરબ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી શબ્દાદિક વિષય તથા તે વિષયની પ્રીતિ એ બેઉ નિવૃત્ત થાય છે. ॥ ૫૯ ॥

मूलम्—यततोह्यपिकौन्तेय पुरुषस्यविपश्चितः ॥
इन्द्रियाणिप्रमाथीनि हरन्तिप्रसभंमनः ॥६०॥

पदानि—यततः अपि कौन्तेय पुरुषस्य विपश्चितः ॥
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥६०॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર ! **यततः** યત્ન કરનારા **विपश्चितः** વિવેકી **पुरुषस्य** પુરૂષના **मनः** મનને **अपि** પણ **प्रमाथिनि** અત્યન્ત બલવાળી **इन्द्रियाणि** શ્રોત્રાદિક ઇન્દ્રિયો **प्रसभं** બલાત્કારે **हरन्ति हि** વિકાર પમાડે છેજ.

ટીકા—હે અર્જુન વારંવાર શબ્દાદિક વિષયોમાં દોષદર્શનરૂપ યત્ન કરનારા વિવેકિ પુરૂષે ક્ષણમાત્ર નિર્વિકાર કરેલા મનને પણ આ અત્યન્ત બલવાળી શ્રોત્રાદિક ઇન્દ્રિયો બલાત્કારે નાનાપ્રકારના વિષયોને પમાડે છે ॥ ૬૦ ॥

મૂલમ્—तानिसर्वाणिसंयम्य युक्तआसीतमत्परः ॥
वशेहियस्येन्द्रियाणि तस्यप्रज्ञाप्रतिष्ठिता ॥६१॥

પદાનિ—तानि सर्वाणि संयम्य युक्तः आसीत मत्परः ॥
वशे हि यस्य इन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६१॥

अन्वयार्थः—**मत्परः** મારો અનન્ય ભક્ત **तानि** તે **सर्वाणि** સર્વ "ઇન્દ્રિયોને" **संयम्य** વશ કરીને **युक्तः** નિગૃહીત મનવાળો થઇ **आसीत** સ્થિત થાય **यस्य** જે પુરૂષની **इन्द्रियाणि** ઇન્દ્રિયો **वशे हि** વશ વર્તે છેજ **तस्य** તે પુરૂષની **प्रज्ञा** પ્રજ્ઞા **प्रतिष्ठिता** સ્થિત છે.

ટીકા—જ્ઞાનના સાધનરૂપ જે શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેંદ્રિયોને તથા વાકને આદિ લઇ પાંચ કર્મેન્દ્રિયોને પોતાને સ્વાધીન કરી તથા તે વિવેકી પુરૂષ મનના નિગ્રહવાળો થઇ અર્થાત્ બાહ્ય અને અન્દર સર્વ વ્યાપારથી રહિત થઈ સ્થિત થાય છે તથા જે વિદ્વાનની શ્રોત્રાદિક ઇન્દ્રિયો વશ વર્તે છે તે વિદ્વાન્ પુરૂષની પ્રજ્ઞા સ્થિરતા પામેલી છે. ॥ ૬૧ ॥

મૂલમ્—ध्यायतोविषयान्पुंसः सङ्गस्तेषूपजायते ॥
सङ्गात्संजायतेकामः कामात्क्रोधोऽभिजायते ६२
क्रोधाद्भवतिसंमोहःसंमोहात्स्मृतिविभ्रमः ॥
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ६३॥

પદાનિ—ध्यायतः विषयान् पुंसः सङ्गः तेषु उपजायते ॥
सङ्गात् संजायते कामः कामात् क्रोधःअभिजायते ॥६२॥
क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ॥
स्मृतिभ्रंशात् बुद्धिनाशः बुद्धिनाशात् प्रणश्यति ॥६३॥

अन्वयार्थः—**विषयान्** "શબ્દાદિ" વિષયોને **ध्यायतः** ધ્યાન કરનારા **पुंसः** પુ-

રૂપને **तेषु** તે વિષયોમાં **सङ्गः** સંગ **उपजायते** ઉત્પન્ન થાય છે **सङ्गात्** સંગથી **कामः** કામ **संजायते** ઉત્પન્ન થાય છે **कामात्** કામથકી **क्रोधः** ક્રોધ **अभिजायते** ઉત્પન્ન થાય છે **क्रोधात्** ક્રોધથકી **संमोह** સંમોહ **भवति** થાય છે **संमोहात्** સંમોહથી **स्मृतिविभ्रमः** સ્મૃતિનો વિભ્રંશ થાય છે **स्मृतिभ्रंशात्** સ્મૃતિના નાશથી **बुद्धिनाशः** બુદ્ધિનો નાશ થાય છે **बुद्धिनाशात्** બુદ્ધિનાશથી **प्रणश्यति** નાશ પામે છે.

टीका—જે પુરૂષ શ્રોત્રાદિ ઇન્દ્રિયોને શબ્દાદિક વિષયોથી પાછી ખેંચીને પણ મનવડે વારંવાર શબ્દાદિક વિષયોનું ચિન્તન કરે છે તે પુરૂષને તે વિષયોમાં અવશ્ય સંગ ઉત્પન્ન થાય છે અને ત્યારપછી તે વિષયોમાં તૃષ્ણારૂપ કામ ઉત્પન્ન થાય છે તે તૃષ્ણારૂપ કામને કોઇ પુરૂષ હણે તો ક્રોધ ઉત્પન્ન થાય છે. તે ક્રોધ થવાથી કાર્યાકાર્યના વિવેકના અભાવરૂપ સંમોહ થાય છે. તે સંમોહથી, ગુરૂ શાસ્ત્રે ઉપદેશ કરેલા અર્થના અનુસન્ધાનરૂપ સ્મૃતિનો નાશ થાય છે. તે સ્મૃતિનો નાશ થવાથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી તે પુરૂષ નાશ પામે છે અર્થાત્ સર્વ પુરૂષાર્થને અયોગ્ય થાય છે. ॥ ६३ ॥

मूलम्—रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ॥
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥६४॥

पदानि—रागद्वेषवियुक्तैः तु विषयान् इन्द्रियैः चरन् ॥
आत्मवश्यैः विधेयात्मा प्रसादं अधिगच्छति ॥६४॥

अन्वयार्थः—विधेयात्मा મનના નિગ્રહવાળો "પુરૂષ" **तु** તો **रागद्वेषवियुक्तैः** રાગદ્વેષથી રહિત **आत्मवश्यैः** મનને આધીન એવી **इन्द्रियैः** ઇન્દ્રિયોવડે **विषयान्** વિષયોને **चरन्** ગ્રહણ કરતો છતો **प्रसादं** ચિત્તની સ્વસ્થતાને **अधिगच्छति** પામે છે.

टीका—જે પુરૂષે મનનો નિગ્રહ કરેલો નથિ તે પુરૂષ શ્રોત્રાદિ ઇન્દ્રિયોનો નિગ્રહ કરે તો પણ રાગદ્વેષયુક્ત મનવડે શબ્દાદિક વિષયોનું ચિન્તન કરીને જેમ પુરૂષાર્થથી ભ્રષ્ટ થાય છે, તેમ મનના નિગ્રહવાળો પુરૂષ તે પુરૂષાર્થથી ભ્રષ્ટ થતો નથિ અને રાગદ્વેષથી રહિત તથા મનને આધીન એવી ઇન્દ્રિયોવડે વિષયોને ગ્રહણ કરતો છતો ચિત્તની સ્વસ્થતા પામે છે ॥ ६४ ॥

मूलम्—प्रसादेसर्वदु:खानां हानिरस्योपजायते ॥
प्रसन्नचेतसोह्याशु बुद्धि:पर्यवतिष्ठते ॥६५॥

पदानि—प्रसादे सर्वदुःखानां हानिः अस्य उपजायते ॥
प्रसन्नचेतसः हि आशु बुद्धिः पर्यवतिष्ठते ॥६५॥

અન્વયાર્થઃ—પ્રસાદે પ્રસાદ થવાથી **અસ્ય** આ "વિદ્વાન્ પુરૂષના" **સર્વદુઃખાનાં** સર્વ દુઃખોનો **હાનિઃ** નાશ **ઉપજાયતે** થાય છે **હિ** કારણ કે **પ્રસન્નચેતસઃ** સ્વસ્થ ચિત્તવાળા પુરૂષની **બુદ્ધિઃ** બુદ્ધિ **આશુ** તત્કાલ **પર્યવતિષ્ઠતે** સ્થિર થાય છે.

ટીકા—ચિત્તની સ્વસ્થતારૂપી પ્રસાદ થયા પછી તે વિદ્વાન્ પુરૂષના સર્વે દુઃખનો નાશ થાય છે કારણ કે સ્વસ્થચિત્તવાળા પુરૂષની બુદ્ધિ ઉતાવળથી સ્થિર થાય છે. ચિત્તની સ્વસ્થતા થયા પછી પણ એકદમ સર્વ દુઃખની નિવૃત્તિ થતી નથિ પણ પરંપરાથી નિવૃત્તિ થાય છે. તે એવી રીતે કે ચિત્તની પ્રસન્નતાથી બુદ્ધિની સ્થિરતા થાય છે, બુદ્ધિની સ્થિરતાથી બુદ્ધિના વિરોધિ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. અજ્ઞાનની નિવૃત્તિથી અજ્ઞાનના કાર્યરૂપ સઘળાં દુઃખની નિવૃત્તિ થાય છે. એમ પરંપરાવડે દુઃખોની નિવૃત્તિ થાય છે. ॥ ૬૫ ॥

મૂલમ્—नास्तिबुद्धिरयुक्तस्य न चायुक्तस्यभावना ॥
नचाभावयतःशान्ति-रशान्तस्यकृतःसुखम् ॥६६॥

પદાનિ—न अस्ति बुद्धिः अयुक्तस्य न च अयुक्तस्य भावना ॥
न च अभावयतः शान्तिः अशान्तस्य कुतः सुखम् ।६६।

અન્વયાર્થઃ—अयुक्तस्य ચિત્તના જયથી રહિત ને **बुद्धि** બુદ્ધિ **न अस्ति** ઉત્પન્ન થતી નથિ **च** તથા **अयुक्तस्य** અયુક્ત ને **भावना** ભાવના **न** ઉત્પન્ન થતી નથિ **च** તથા **अभावयतः** ભાવનાથી રહિત ને **शान्तिः** શાન્તિ **न** ઉત્પન્ન થતી નથિ **अशान्तस्य** શાન્તિ રહિત ને **सुखं** સુખ **कुतः** ક્યાંથી હોય.

ટીકા—જે પુરૂષે પોતાનું ચિત્ત વશ કરેલું નથિ તેનું નામ અયુક્ત કહેવાય છે અને એવા અયુક્ત પુરૂષને આત્મવિષયક બુદ્ધિ ઉત્પન્ન થતી નથિ તે બુદ્ધિના અભાવથી નિદિધ્યાસનરૂપ ભાવના ઉત્પન્ન થતી નથિ અને ભાવનાથી રહિત પુરૂષને શાન્તિ થતી નથિ અને શાન્તિરહિત પુરૂષને મોક્ષાનન્દરૂપ સુખ પ્રાપ્ત થતું નથિ ॥ ૬૬ ॥

મૂલમ્—इन्द्रियाणांहिचरतां यन्मनोऽनुविधीयते ॥
तदस्यहरतिप्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥६७॥

પદાનિ—इन्द्रियाणां हि चरतां यत् मनः अनुविधीयते ॥
तत् अस्य हरति प्रज्ञां वायुः नावं इव अम्भसि ॥६७॥

અન્વયાર્થઃ—हि જે કારણમાટે **चरतां** પોતપોતાના વિષયોમાં પ્રવર્તમાન **इन्द्रियाणां** ઇન્દ્રિયોની મધ્યે **यत्** જે "એક ઇન્દ્રિયને લક્ષ્ય કરી" **मनः** મન **अनुविधीयते**

પ્રવર્તે છે **तत्** તે " એક ઇન્દ્રિય પણ " **अस्य** આ " સાધક પુરૂષની" **प्रज्ञां** બુદ્ધિને **हरति** હરણુ કરે છે **इव** જેમ **अम्भसि** જલમાં **नावं** નૌકાને **वायुः** પ્રતિકૂલ વાયુ " હરણુ કરે છે. "

टीका—જેમ જલમાં રહેલી નૌકાને પ્રતિકૂલ વાયુ પાષાણુદિકમાં લઇ જઇને નાશ કરી નાખે છે, તેમ ઇન્દ્રિયોમાંથી જે ઇન્દ્રિયને લક્ષ્ય કરી મન પ્રવર્તે તે એક ઇન્દ્રિય પણ અધિકારી પુરૂષની પ્રજ્ઞાને બહિર્મુખતાવડે નાશ કરી નાખે છે અર્થાત્ રાગદ્વેષયુક્ત મનની સહાયતાથી એક ઇન્દ્રિય પણ તે પ્રજ્ઞાનો નાશ કરે તો સર્વ ઇન્દ્રિયો તે પ્રજ્ઞાને નાશ કરે એમાં શું કહેવું. ॥ ૬૭ ॥

मूलम्—तस्माद्यस्यमहाबाहो निगृहीतानिसर्वशः ॥
इन्द्रियाणीन्द्रियार्थेभ्य-स्तस्यप्रज्ञाप्रतिष्ठिता ॥६८॥

पदानि—तस्मात् यस्य महाबाहो निगृहीतानि सर्वशः ॥
इन्द्रियाणि इन्द्रियार्थेभ्यः तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥

अन्वयार्थः—तस्मात् તે કારણમાટે **महाबाहो** હે મ્હોટા હાથવાળા **यस्य** જેની **सर्वशः** સર્વ **इन्द्रियाणि** ઇન્દ્રિયો **इन्द्रियार्थेभ्यः** "શબ્દાદિ" વિષયોથી **निगृहितानि** નિવૃત્ત થયેલી છે **तस्य** તેની **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિર થયેલી છે.

टीका—હે મહાબાહો ! જે કારણ માટે બહિર્મુખ થએલી ઇન્દ્રિયો પુરૂષની પ્રજ્ઞાનો નાશ કરે છે તે કારણમાટે જે પુરૂષની સઘળી મનસહિત ઇન્દ્રિયો પોતપોતાના શબ્દાદિક વિષયોથી પાછી વળે છે તે મુમુક્ષુરૂપ સાધક પુરૂષનીજ પ્રજ્ઞા સ્થિર થાય છે પણ ઇન્દ્રિયોના નિગ્રહથી રહિત પુરૂષની પ્રજ્ઞા સ્થિર થતી નથિ. ॥ ૬૮ ॥

मूलम्—यानिशासर्वभूतानां तस्यांजागर्त्तिसंयमी ॥
यस्यांजाग्रतिभूतानि सानिशापश्यतोमुनेः ॥६९॥

पदानि—या निशा सर्व भूतानां तस्यां जागर्त्ति संयमी ॥
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतः मुनेः ॥६९॥

अन्वयार्थः—या જે "પ્રજ્ઞા" **सर्वभूतानां** સર્વ અજ્ઞાનિપુરૂષોની **निशा** રાત્રિ છે **तस्यां** તે પ્રજ્ઞારૂપ રાત્રિમાં **संयमी** ઇન્દ્રિયોના સંયમવાળો પુરૂષ **जागर्ति** જાગે છે **यस्यां** જે અવિદ્યારૂપ નિદ્રામાં **भूतानि** સર્વ અજ્ઞાનિપુરૂષો **जाग्रति** જાગે છે **सा** તે અવિદ્યા **पश्यतः** સાક્ષાત્કારવાળા **मुनेः** સ્થિતપ્રજ્ઞની **निशा** રાત્રિ છે.

टीका—હું બ્રહ્મરૂપ છું એ પ્રકારની સાક્ષાત્કારરૂપ પ્રજ્ઞા અજ્ઞાનિરૂષો પ્રત્યે અપ્રકા-

રૂપ છે માટે તે પ્રજ્ઞા અજ્ઞાનિ પુરુષો પ્રત્યે, જેમ લોક પ્રસિદ્ધ રાત્રિ હોય એમ રાત્રિરૂપ છે. તે રાત્રિમાં મનસહિત ઇન્દ્રિયોને નિયમમાં રાખનારો સ્થિતપ્રજ્ઞ અજ્ઞાનરૂપી નિદ્રાથી જાગ્રત્ થઈ સાવધાન થાય છે અને જે અવિદ્યારૂપ નિદ્રામાં સઘળા અજ્ઞાનિપુરુષ જાગે છે તે અવિદ્યા આત્મસાક્ષાત્કારવાળા સ્થિતપ્રજ્ઞને આ પ્રસિદ્ધ રાત્રિ જેવી છે. ॥ ૬૯ ॥

मूलम्—आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापःप्रविशन्तियद्वत्
तद्वत्कामायंप्रविशन्तिसर्वेसशान्तिमाप्नोतिनकामकामी॥

पदानि—आपूर्यमाणं अचलप्रतिष्ठं समुद्रं आपः प्रविशन्ति यद्वत् ॥
तद्वत्कामाः यं प्रविशन्ति सर्वे सः शान्तिं आप्नोति न कामकामी ॥

अन्वयार्थः—यद्वत् જે પ્રકારે **आपूर्यमाणं** સર્વ નદિયોથી પૂર્ણ **अचलप्रतिष्ठं** અચલ પ્રતિષ્ઠાવાળા **समुद्रं** સમુદ્રપ્રત્યે **आपः** જલ **प्रविशन्ति** પ્રવેશ કરે છે **तद्वत्** તે પ્રકારે **यं** જે સ્થિતપ્રજ્ઞપ્રત્યે **कामाः** શબ્દાદિક વિષય **प्रविशन्ति** પ્રવેશ કરે છે **सः** તે સ્થિતપ્રજ્ઞ **शान्तिं** શાન્તિને **आप्नोति** પામે છે **कामकामी** વિષયોની કામનાવાળો પુરુષ "શાન્તિને" **न** પામતો નથિ.

टीका—ગંગા યમુનાદિક નદિયોનાં જલવડે પૂર્ણ સમુદ્રમાં વૃષ્ટિઆદિક સર્વ જલપ્રવેશ કરે છે પણ તેથકી સમુદ્ર પોતાની મર્યાદાનો ત્યાગ કરતો નથિ એ વાત સર્વ લોકના અનુભવથી સિદ્ધ છે, તેમ નિર્વિકારરૂપવડે રહેલા સ્થિતપ્રજ્ઞને શબ્દાદિક વિષય પ્રારબ્ધ કર્મથી પ્રાપ્ત થાય તો પણ તેને વિકાર કરી શકતા નથિ. એવા વિદ્વાન પુરુષને શાન્તિની પ્રાપ્તિ થાય છે તે શાન્તિને વિષયાસક્ત પુરુષ પામી શકતો નથિ. ॥ ૭૦ ॥

मूलम्—विहायकामान्यः सर्वान् पुमांश्चरतिनिःस्पृहः ॥
निर्ममोनिरहङ्कारः सशान्तिमधिगच्छति ॥७१॥

पदानि—विहाय कामान् यः सर्वान् पुमान् चरति निःस्पृहः ॥
निर्ममः निरहङ्कारः सः शान्तिं अधिगच्छति ॥७१॥

अन्वयार्थः—**यः** જે **पुमान्** પુરુષ **सर्वान्** સર્વ **कामान्** કામોને **विहाय** પરિત્યાગ કરીને **निःस्पृहः** નિસ્પૃહ થઇ **निर्ममः** મમતારહિત થઇ **निरहङ्कारः** અહંકારરહિત થઇ **चरति** વિચરે છે **सः** તે **शान्तिं** શાન્તિને **अधिगच्छति** પામે છે.

टीका—ધનને આદિ લઈ જેટલી બહારની કામના તથા મનોરાજ્યરૂપ જેટલી અન્તરની કામના તથા વાસનામાત્રરૂપ જેટલી કામના છે તે સર્વ કામનાને, જેમ માર્ગમાં ચાલતો પુરુષ તૃણનો સ્પર્શ કરતો જાય તેમ તુચ્છ જાણી ઉપેક્ષા કરી દે છે તથા જે પુરુષ પોતાના જીવનમાત્રની ઇચ્છાથી પણ રહિત છે તથા જે પુરુષ શરીર ઇન્દ્રિયાદિક સંઘાતમાં

આ હું છું એવા અહંકારથી રહિત છે તથા આ મારો પદાર્થ છે એમ મમતાથી જે રહિત છે અને સર્વ પ્રકારે સર્વ પદાર્થોની ઉપેક્ષા કરીને તથા નિઃસ્પૃહ થઇને તથા નિરહંકાર થઇને તથા મમતા રહિતથઇને પ્રારબ્ધ કર્મથી શાસ્ત્રવિહિત ભોગને ભોગવે છે, એવા પ્રકારનો સ્થિતપ્રજ્ઞ પુરૂષ સંસારના સર્વ દુઃખની ઉપર મમતારૂપ તથા કાર્યસહિત અવિદ્યાની નિવૃત્તિરૂપ શાન્તિ તે પામે છે. ॥ ७१ ॥

मूलम्—एषाब्राह्मीस्थितिःपार्थ नैनांप्राप्यविमुह्यति ॥
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति॥७२॥

पदानि—एषा ब्राह्मि स्थितिः पार्थ न एनां प्राप्य विमुह्यति ॥
स्थित्वा अस्यां अन्तकाले अपि ब्रह्मनिर्वाणं ऋच्छति।७२।

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ **एषा** આ **ब्राह्मी** બ્રહ્મવિષયક **स्थितिः** સ્થિતિ છે **एनं** એને **प्राप्य** પામીને "કોઇ પણ પુરૂષ" **न मुह्यति** મોહ પામતો નથિ **अस्यां** આ સ્થિતિમાં **अन्तकाले** અન્ત અવસ્થાનેવિષે **स्थित्वा** રહીને **अपि** પણ **ब्रह्मनिर्वाणं** બ્રહ્મનિર્વાણને **ऋच्छति** પામે છે.

टीका—હે અર્જુન ! સર્વ કર્મના સન્યાસ પૂર્વક પરમાત્માની જ્ઞાનરૂપ જે સ્થિતિછે તેનું નામ બ્રાહ્મી કહેવાય છે. એવી બ્રહ્મનિષ્ઠારૂપ સ્થિતિને જે પુરૂષ પામે છે તે પુરૂષ ફરીથી કોઇ વખતે પણ અજ્ઞાનરૂપ મોહને પામે નહીં કારણ કે અજ્ઞાન ઉત્પત્તિથી રહિત છે માટે જ્ઞાનથી એકવાર જે નાશ પામે તો ફરીથી કોઇ વખતે પણ ઉત્પન્ન થાય નહિ. એવી બ્રહ્મનિષ્ઠારૂપ સ્થિતિમાં જે કોઇ પુરૂષ અન્ત્ય અવસ્થાને વિષે પણ સ્થિર રહે તો તે પુરૂષ પણ બ્રહ્મનિર્વાણને અર્થાત્ બ્રહ્મને વિષેજ આનન્દ પામે છે. આ અધ્યાયમાં વિસ્તારથી નિરૂપણ કરેલા અર્થને સંક્ષેપથી નિરૂપણ કરનારો એક શ્લોક છે તે આ પ્રમાણે **ज्ञानं तत्साधनं कर्म सत्वशुद्धिश्च तत्फलं ॥ तत्फलं ज्ञाननिष्ठैवेत्यध्यायेस्मिन्प्रकीर्तितं ॥** આ ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં જ્ઞાન કહેલું છે તથા તે જ્ઞાનનું પરંપરાના સાધનરૂપ નિષ્કામ કર્મ કહેલું છે અને નિષ્કામ કર્મનું અન્તઃકરણની શુદ્ધિરૂપ ફલ કહેલું છે અને તે અન્તઃકરણની શુદ્ધિનું જ્ઞાન નિષ્ઠારૂપ ફલ કહેલું છે. એ પ્રમાણે આ અધ્યાયમાં કથન કરેલું છે.

इति श्रीमहाभारते शतसाहस्र्यां संहितायां श्री भीष्मपर्वणि
श्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे सांख्ययोगोनाम
द्वितियोऽध्यायः ॥ २ ॥

ॐ

श्रीकृष्णायनमः

अर्जुनउवाच.

मूलम्—ज्यायसीचेत्कर्मणस्ते मताबुद्धिर्जनार्दन ॥
तत्किंकर्मणिघोरेमां नियोजयसिकेशव ॥१॥

पदानि—ज्यायसी चेत् कर्मणः ते मता बुद्धिः जनार्दन ॥
तत् किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ १ ॥

अन्वयार्थः—जनार्दन હે જનાર્દન **ते** તમારે **चेत्** જો **कर्मणः** "નિષ્કામ" કર્મથી **बुद्धिः** આત્મવિષયક બુદ્ધિ **ज्यायसी** શ્રેષ્ઠ **मता** માનેલી છે **तत्** તો પછી **केशव** હે કેશવ **घोरे** " હિંસારૂપ " ઘોર **कर्मणि** કર્મમાં **मां** મને **किं** શામાટે **नियोजयसि** પ્રેરણા કરો છો.

टीका—હે જનાર્દન ! તમારે જો નિષ્કામ કર્મથી આત્મતત્ત્વવિષયક બુદ્ધિ અત્યન્ત શ્રેષ્ઠરૂપતાવડે અભિમત છે તો પછી હે કેશવ ! હિંસાદિક અનેક આયાસોથી યુક્ત એવા આ ઘોર કર્મમાં મને અત્યન્ત ભક્તને આપ વારંવાર શામાટે પ્રેરણા કરો છો. જનાર્દન શબ્દની વ્યુત્પત્તિ આવી રીતે છે કે **जनैरर्द्यतेयाच्यतेस्वाभिलाषितासिद्धयेइतिजनार्दनः** પોત પોતાના. મનવાંછિત પદાર્થોની પ્રાપ્તિમાટે સર્વે મનુષ્યોએ જેની યાચના કરાય છે તેનું નામ જનાર્દન છે એ સમ્બોધનથી અર્જુને એવો અર્થ સૂચન કર્યો કે યાચના કરનારા ભક્તોના આપ મનવાંછિત ફલ આપનારા છો માટે મારા શ્રેયનો નિશ્ચય કરવા સારૂ જે મારી આપ પ્રત્યે પ્રાર્થના છે તે કાંઇ અયોગ્ય નથિ ॥ ૧ ॥

मूलम्—व्यामिश्रेणेववाक्येन बुद्धिंमोहयसीवमे ॥
तदेकंवदनिश्चित्य येनश्रेयोऽहमाप्नुयाम् ॥२॥

पदानि—व्यामिश्रेण इव वाक्येन बुद्धिं मोहयसि इव मे ॥
तत् एकं वद निश्चित्य येन श्रेयः अहं आप्नुयाम् ॥२॥

अन्वयार्थः—व्यामिश्रेण इव મિશ્રિત વચનની પેઠે **वाक्येन** વાક્યે કરીને **मे** મારી **बुद्धिं** બુદ્ધિને **इव** "મોહકર્ત્તાની" પેઠે **मोहयसि** મોહ પમાડો છો **तत्** તેમાટે **एकं**

એક અધિકારને **निश्चित्य** નિશ્ચય કરીને **वद** કહો **येन** જેણે કરીને **अहं** હું અર્જુન **श्रेयः** મોક્ષને **आप्नुयाम्** પ્રાપ્ત થાઉં.

टीका—હે ભગવન્ ! કેટલાંક વચનોવડે આપે જાણે કર્મમાર્ગનો નિષેધ કરેલો હોય એમ જણાય છે અને કેટલાંક વચનોથી કર્મનો અધિકાર દર્શાવેલો છે. કેટલાંક વચનોથી નિવૃત્તિમાર્ગનો ઉપદેશ કરેલો છે અને કેટલાંક વચનોથી પ્રવૃત્તિમાર્ગનો ઉપદેશ કરેલો છે. એવી રીતે જ્ઞાનનિષ્ઠાને તથા કર્મનિષ્ઠાને પ્રતિપાદન કરનારાં આપનાં વચન ભિન્ન ભિન્ન અર્થનું કથન કરતાં જણાય છે માટે એક અધિકારનો નિશ્ચય કરીને કહો કે જેથી હું મોક્ષ પામું. ॥ ૨ ॥

मूलम्—लोकेऽस्मिन्द्विविधानिष्ठा पुराप्रोक्तामयानघ ॥
ज्ञानयोगेनसांख्यानां कर्मयोगेनयोगिनां ॥३॥

पदानि—लोके अस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मया अनघ
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥

अन्वयार्थः—अनघ હે પાપરહિત ! **अस्मिन्** આ **लोके** લોકમાં **पुरा** પૂર્વ અધ્યાયમાં **मया** મેં **द्विविधा** બે પ્રકારની **निष्ठा** નિષ્ઠા **प्रोक्ता** કહેલી " હતી ત્યાં" **सांख्यानां** તત્વવેત્તા પુરૂષોને **ज्ञानयोगेन** જ્ઞાનરૂપ યોગવડે " તે નિષ્ઠા કહી હતી " **योगिनां** કર્મયોગવાળા પુરૂષોની **कर्मयोगेन** કર્મરૂપ યોગવડે "તે નિષ્ઠા કથન કરી હતી.

टीका—હે અર્જુન ! અધિકારીરૂપવડે અંગીકાર કરેલા શુદ્ધ અન્તઃકરણવાળા અને અશુદ્ધ અન્તઃકરણવાળા બેપ્રકારના પુરૂષ છે તેને માટે કર્મનું મુખ્યપણું અને જ્ઞાનનું મુખ્યપણું એમ બે પ્રકારની સ્થિતિરૂપ નિષ્ઠા પૂર્વ અધ્યાયમાં મેં તને સ્પષ્ટ રીતે કહી હતી માટે જ્ઞાનનિષ્ઠા તથા કર્મનિષ્ઠામાં એક અધિકારીની શંકાવડે તું ગ્લાનિ પામમાં ॥ ૩ ॥

मूलम्—नकर्मणामनारंभा न्नैष्कर्म्यंपुरुषोऽश्नुते ॥
नचसंन्यसनादेव सिद्धिंसमधिगच्छति ॥ ४ ॥

पदानि—न कर्मणां अनारंभात् नैष्कर्म्यं पुरुषः अश्नुते ॥
न च संन्यसनात् एव सिद्धिं समधिगच्छति ॥४॥

अन्वयार्थः—पुरुषः અધિકારી પુરૂષ **कर्मणां** નિષ્કામ કર્મના **अनारंभात्** આરંભ ન કરવાથી **नैष्कर्म्यं** નિષ્કર્મ ભાવને **अश्नुते** પામતો નથિ **च** તથા **संन्यसनात् एव** સંન્યાસથી પણ **सिद्धिं** સિદ્ધિને **न समधिगच्छति** પામતો નથિ

टीका—હે અર્જુન ! અધિકારી પુરૂષ નિષ્કામ કર્મનો આરંભ કર્યાવિના નિષ્કર્મ ભાવને પામી શકતો નથિ તથા નિષ્કામ કર્મવડે અન્તઃકરણની શુદ્ધિવિના જો સંન્યાસ કરે તો તે અશુદ્ધ અન્તઃકરણવાળો પુરૂષ મોક્ષ ફલની પ્રાપ્તિ કરનારી જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને પામતો નથિ પણ ઉલટો પ્રત્યવાય પામે છે. ॥ ૪ ॥

મૂલમ્—नहिकश्चित्क्षणमपि जातुतिष्ठत्यकर्मकृत् ॥
कार्यतेह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥५॥

પદાનિ—नहि कश्चित् क्षणं अपि जातु तिष्ठति अकर्मकृत् ॥
कार्यते हि अवशः कर्म्म सर्वः प्रकृतिजैः गुणैः ॥५॥

अन्वयार्थः—**हि** જે કારણમાટે **कश्चित** કોઇ પણ અજ્ઞાની પુરૂષ **क्षणं अपि** ક્ષણમાત્ર પણ **अकर्मकृत्** કર્મ કરનાર ન થઇને **न तिष्ठति** રહેતો નથિ **हि** કારણ કે **प्रकृतिजैः** પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા **गुणैः** સત્વાદિગુણોએ **अवशः** અસ્વતંત્ર **सर्वः** સર્વ અજ્ઞાની પુરૂષ પ્રત્યે **कर्म** કર્મ **कार्यते** કરાવાય છે.

टीका—જે પુરૂષ મનસહિત ઇન્દ્રિયોને પોતાને વશકરતો નથિ તે એક ક્ષણમાત્ર કાળ પર્યંત પણ ખાન પાન આદિક લૌકિક કર્મને તથા અગ્નિહોત્રાદિક વૈદિકકર્મને ન કરીને રહી શકતો નથિ પણ તે લૌકિક વૈદિકકર્મને કરતોજ રહે છે માટે તે અશુદ્ધચિત્તવાળા પુરૂષને સર્વ કર્મનો સંન્યાસ કરવો સંભવે નહિ. ॥ ૫ ॥

મૂલમ્—कर्मेन्द्रियाणिसंयम्य य आस्तेमनसास्मरन् ॥
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः सउच्यते ॥६॥

પદાનિ—कर्मेन्द्रियाणि संयम्य यः आस्ते मनसा स्मरन् ॥
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः सः उच्यते ॥६॥

अन्वयार्थः—**य** જે **विमूढात्मा** મૂઢ પુરૂષ **कर्मेन्द्रियाणि** કર્મેન્દ્રિયોને **संयम्य** નિગ્રહકરીને **इन्द्रियार्थान्** શબ્દાદિવિષયોને **मनसा** મનવડે **स्मरन्** સ્મરણ કરતો છતો **आस्ते** રહે છે **सः** તે **मिथ्याचारः** મિથ્યા આચારવાળો **उच्यते** કહેવાય છે.

टीका—રાગદ્વેષથી દૂષિત અન્તઃકરણવાળો પુરૂષ કેવળ ઉત્સાહમાત્રથી પોતાની વાક્ પાણિ પાદ આદિક કર્મ ઇન્દ્રિયોને વશ રાખી મનવડે શબ્દ સ્પર્શાદિક વિષયોનું સ્મરણ કરે છે અને આત્મતત્ત્વનું સ્મરણ કરતો નથિ અર્થાત મેં સર્વ કર્મનો સંન્યાસ

કરેલો છે એવું અભિમાન કરીને સર્વ કર્મથી રહિત થાય છે તે પુરૂષ મિથ્યા આચારવાળો કહેવાય છે. ॥ ૬ ॥

मूलम्—यस्त्विन्द्रियाणिमनसा नियम्यारभतेऽर्जुन ॥
कर्मेन्द्रियैः कर्मयोग-मसक्तः सविशिष्यते ॥७॥

पदानि—यः तु इन्द्रियाणि मनसा नियम्य आरभते अर्जुन ॥
कर्मेन्द्रियैः कर्मयोगं असक्तः सः विशिष्यते ॥ ७ ॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન **यः** જે **मनसा** મનસહિત **इन्द्रियाणि** ઇન્દ્રિયોને **नियम्य** નિયમમાં રાખીને **असक्तः** ફલની ઇચ્છાથી રહિત થઈ **कर्मेन्द्रियैः** કર્મેન્દ્રિયોવડે **कर्मयोगं** નિષ્કામ કર્મને **आरभते** કરે છે **सः** તે **विशिष्यते** અતિશ્રેષ્ઠ છે.

टीका—હે અર્જુન ! જે અધિકારી પુરૂષ શ્રોત્ર ત્વક્ ચક્ષુ રસન અને ઘ્રાણ એ પંચ જ્ઞાનેન્દ્રિયોને પાપની ઉત્પત્તિના હેતુ જે શબ્દાદિ વિષયોની આસક્તિ છે તે વિષયાસક્તિથી શ્રોત્રાદિ ઇન્દ્રિયોને નિવૃત્તિ કરીને અથવા વિવેકયુક્ત મનવડે તે ઇન્દ્રિયોને રોકીને વાક્ પાણિ આદિક કર્મેન્દ્રિયોવડે શાસ્ત્ર વિહિત કર્મ કરે છે પરન્તુ તે કર્મના ફલની ઇચ્છા કરતો નથિ તે નિષ્કામકર્મ કરવાવાળો અધિકારી પુરૂષ પ્રથમ કહેલા અશુદ્ધ અન્તઃકરણવાળા અને મિથ્યા આચારવાળા સંન્યાસીથી ઘણો શ્રેષ્ઠ છે. એ વિલક્ષણપણું જણાવવા માટે શ્રીભગવાને મૂલશ્લોકમાં **यस्तु** એમ તુ શબ્દ કહેલો છે. ॥ ૭ ॥

मूलम्—नियतंकुरुकर्मत्वं कर्मज्यायोह्यकर्मणः ॥
शरीरयात्रापिचते नप्रसिद्ध्येदकर्मणः ॥८॥

पदानि—नियतं कुरुः कर्म त्वं कर्म ज्यायः हि अकर्मणः ॥
शरीरयात्रा अपि च ते न प्रसिद्ध्येत् अकर्मणः ॥८॥

अन्वयार्थः—**त्वं** તું **नियतं** નિત્ય નૈમિત્તિક **कर्म** કર્મને **कुरु** કર **हि** કારણ કે **अकर्मणः** કર્મ ન કરવાથી **कर्म** કર્મ "કરવું" **ज्यायः** શ્રેષ્ઠ છે **च** તથા **अकर्मणः** કર્મરહિત એવા **ते** તારી **शरीरयात्रा** શરીરની યાત્રા **अपि** પણ **न** **प्रसिद्ध्येत्** સિદ્ધ થશે નહિ.

टीका—શ્રુતિસ્મૃતિયે પ્રતિપાદન કરેલાં સન્ધ્યા ઉપાસનાદિક નિત્યકર્મને તથા શ્રદ્ધાદિક નૈમિત્તિક કર્મને તું સ્વર્ગાદિક ફલની ઇચ્છાથી રહિત થઇ કર કારણ કે કર્મ ન કરવાથી કર્મ કરવું એ સારૂં છે તથા જો તું કર્મ રહિત થઇશ તો તારા શરીરની યાત્રા પણ સિદ્ધ થશે નહિ ॥ ૮ ॥

मूलम्--यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयंकर्मबन्धनः ॥
तदर्थंकर्मकौन्तेय मुक्तसंगःसमाचर ॥ ९ ॥

पदानि—यज्ञार्थात् कर्मणः अन्यत्र लोकः अयं कर्मबन्धनः
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥ ९ ॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર **अयं** આ **लोकः** લોક **यज्ञार्थात् कर्मणः** પરમેશ્વરના આરાધનાર્થ કર્મથી **अन्यत्र** અન્યકર્મમાં **कर्मबन्धनः** કર્મથી બન્ધાય છે **तदर्थं** તે માટે **मुक्तसंगः** ફલની ઇચ્છાથી રહિત થઈ **कर्म** ' પરમેશ્વરના આરાધનાર્થે ' કર્મને **समाचर** સારી રીતે કર.

टीका—**यज्ञोवै विष्णुः** આ શ્રુતિથકી વિષ્ણુ ભગવાન યજ્ઞરૂપ છે અને યજ્ઞ શબ્દ પરમેશ્વરનો વાચક છે એમ સિદ્ધ થાય છે. તે પરમેશ્વરના આરાધનમાટે જે નિત્ય નૈમિત્તિક કર્મ કરાય છે તે કર્મોનું નામ યજ્ઞાર્થ કહેવાય છે. એવાં નિષ્કામ કર્મથી ભિન્ન અને જે સ્વર્ગાદિક ફલોની પ્રાપ્તિમાટે કરાય છે તેનું નામ કામ્ય કર્મ કહેવાય છે. તે કામ્ય કર્મ કરવાથી અધિકારી પુરૂષ બન્ધનવાળો થાય છે અને નિષ્કામ કર્મ કરવાથી બન્ધનવાળો થતો નથી માટે તું સ્વર્ગાદિક ફલોની ઇચ્છાથી રહિત થઈ કેવળ પરમેશ્વરના આરાધનમાટે શ્રદ્ધાભક્તિપૂર્વક તે નિત્ય નૈમિત્તિક કર્મોને તું કર. ॥ ૯ ॥

मूलम्—सहयज्ञाःप्रजाःसृष्ट्वा पुरोवाचप्रजापतिः ॥
अनेनप्रसविष्यध्व-मेषवोस्त्विष्टकामधुक् ॥१०॥

पदानि—सहयज्ञा प्रजाः सृष्ट्वा पुरा उवाच प्रजापतिः ॥
अनेन प्रसविष्यध्वं एषः वः अस्तु इष्टकामधुक् ॥१०॥

अन्वयार्थः—**पुरा** કલ્પનિ આદિમાં **प्रजापतिः** પ્રજાપતિ **सहयज्ञाः** યજ્ઞના અધિકારવાળી **प्रजाः** પ્રજાઓને **सृष्ट्वा** સર્જીને **उवाच** કહેતા હવા કે " હે પ્રજા " **अनेन** આ યજ્ઞવડે **प्रसविष्यध्वं** વૃદ્ધિને પ્રાપ્ત થાઓ **एषः** આ યજ્ઞ **वः** તમારે **इष्टकामधुक्** મન વાંછિત ફલ આપનારો **अस्तु** હો.

टीका—કર્મના અધિકારીયોનું નામ સહયજ્ઞ કહેવાય છે. યજ્ઞરૂપકર્મના અધિકારી બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈસ્ય એ ત્રૈવર્ણિક પ્રજાને સૃષ્ટિના આદિકાળમાં રચીને પરમકૃપાળુ ભગવાન્ પ્રજાપતિયે તે ત્રૈવર્ણિક પ્રજાપ્રત્યે આ પ્રકારનું વચન કહ્યું કે હે પ્રજા ! તમે પોતપોતાના વર્ણાશ્રમ ધર્મને યોગ્ય એવા યજ્ઞાદિક પરમ ધર્મવડે ઉત્તર ઉત્તર કાળમાં વૃદ્ધિ પામો અને આ યજ્ઞજ તમુને મન વાંછિત ફલ આપનારો થાઓ ॥ ૧૦ ॥

मूलम्—देवान्भावयतानेन तेदेवाभावयन्तुवः ॥
परस्परंभावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

पदानि—देवान् भावयत अनेन ते देवाः भावयन्तु वः ॥
परस्परं भावयन्तः श्रेयः परं अवाप्स्यथ ॥११॥

अन्वयार्थः—**अनेन** આ "યજ્ઞાદિરૂપ ધર્મવડે" **देवान्** "ઇન્દ્રાદિ" દેવોને **भावयत** સન્તુષ્ટ કરો "ત્યાર પછી" **ते** તે **देवाः** ઇન્દ્રાદિક દેવ **वः** તમને **भावयन्तु** સન્તુષ્ટ કરે "એવી રીતે" **परस्परं** અન્યો અન્ય **भवयन्तः** સન્તુષ્ટ કરતા છતા **परं** પરમ **श्रेयः** શ્રેયને **अवाप्स्यथ** પામશો.

टीका—હે પ્રજા ! તમે સર્વ યજ્ઞાદિરૂપ ધર્મવડે ઇન્દ્રાદિ દેવતાઓને પ્રસન્ન કરો અને તે યજ્ઞમાં હવિર્ભાગવડે પ્રસન્ન થએલા ઇન્દ્રાદિ દેવ જલની વૃષ્ટિ આદિથી અન્નની ઉત્પત્તિદ્વારા તમને પ્રસન્ન કરે એ પ્રમાણે પરસ્પર સન્તોષ પામી પામી તમે તથા ઇન્દ્રાદિક દેવ મનવાંછિત અર્થરૂપ પરમશ્રેયને પામશો. તમારાથી ઇન્દ્રાદિક દેવ તૃપ્તિરૂપ પરમશ્રેય પામે અને ઇન્દ્રાદિક દેવોને સન્તોષ પમાડી તમે સ્વર્ગરૂપ પરમશ્રેય પામો. ॥ ૧૧ ॥

मूलम्—इष्टान्भोगान्हिवोदेवा-दास्यन्तेयज्ञभाविताः ॥
तैर्दत्तानप्रदायैभ्यो-योभुङ्क्तेस्तेनएवसः ॥१२॥

पदानि—इष्टान् भोगान् हि वः देवाः दास्यन्ते यज्ञभाविताः ॥
तैः दत्तान् अप्रदाय एभ्यः यः भुङ्क्ते स्तेनः एव सः॥१२॥

अन्वयार्थः—**हि** જે કારણમાટે **यज्ञभाविताः** યજ્ઞવડે સન્તોષ પામેલા **देवाः** દેવો **वः** તમને **इष्टान्** મનવાંછિત **भोगान्** ભોગોને **दास्यन्ते** આપશે "તે કારણમાટે" **तैः** તે દેવોએ **दत्तान्** આપેલા ભોગોને **एभ्यः** એ દેવોને અર્થે **अप्रदाय** ન આપીને **यः** જે પુરૂષ **भुङ्क्ते** ભોગવે છે **सः** તે **स्तेन एव** ચોરજ છે.

टीका—હે પ્રજા ! એવી રીતે યજ્ઞરૂપ ધર્મવડે પ્રસન્ન થયેલા ઇન્દ્રાદિ તમને અન્ન પશુ તથા સુવર્ણાદીક મનવાંછીત ભોગ્ય આપશે, જેમ કોઇ પુરૂષ-કોઇનું ઋણ આપેછે તેમ તે ઇન્દ્રાદિ દેવોએ તમારે માટે જે અન્નાદિક ભોગ આપેલા છે તે ભોગ દેવોને ન આપીને અર્થાત્ તે દેવોનો ઉદ્દેશ કરી વ્રીહી આદિ પદાર્થોના ત્યાગરૂપ વૈશ્વદેવ અગ્નિહોત્રાદિ કર્મ ન કરીને જે પુરૂષ કેવળ પોતાના દેહ ઇન્દ્રાદિકની પુષ્ટિ કરવામાટે અન્નાદિક પદાર્થ ભોગવે છે તે પુરૂષ દેવોનો ચોરછે તથા કૃતઘ્ન છે કારણકે તે પુરૂષે દેવોના અન્નાદિક પદાર્થોનું છો હરણ કરેલું છે પણ યજ્ઞાદિ કર્મવડે દેવોના ઋણની નિવૃત્તિ કરિ નથિ. ॥ ૧૨ ॥

मूलम्—यज्ञशिष्टाशिनः सन्तो-मुच्यन्तेसर्वकिल्बिषैः ॥
भुञ्जतेयेत्वघंपापा येपचन्त्यात्मकारणात् ॥१३॥

पदानि—यज्ञशिष्टाशिनः सन्तः मुच्यन्ते सर्वकिल्बिषैः ॥
भुञ्जते ते तु अघं पापाः ये पचन्ति आत्मकारणात्।१३।

अन्वयार्थः—**यज्ञशिष्टाशिनः** યજ્ઞના શેષ અન્નને ભોજન કરનારા **सन्तः** શિષ્ટ-પુરૂષો **सर्वकिल्बिषैः** સર્વ પાપથી **मुच्यन्ते** મુકાય છે **तु** તથા **ये** જે **पापाः** પાપિયો **आत्मकारणात्** પોતાનેજમાટે **पचन्ति** રાંધે છે **ते** તે " પુરૂષો " **अघं** પાપને **भुञ्जते** ખાય છે.

टीका—જે અધિકારી પુરૂષ ઋષિયજ્ઞ દેવયજ્ઞ પિતૃયજ્ઞ મનુષ્યયજ્ઞ અને ભૂત યજ્ઞ, એ પાંચ યજ્ઞ કરી બાકી રહેલું અમૃતરૂપ અન્ન ભોજન કરે છે તે પાંચ હિંસાથી* થનારાં સર્વ પાપોથી મુક્ત થાય છે અને તે શિષ્ટ કહેવાય છે કારણ કે શ્રદ્ધા ભક્તિ પૂર્વક વેદવિહિત કર્મ કરનારા પુરૂષોનેજ શાસ્ત્રમાં શિષ્ટ કહેલા છે એવા શિષ્ટપુરૂષ સર્વ પાપથી મુકાય છે અને જે પાપી પુરૂષ કેવળ પોતાના પેટ ભરવાસારૂજ અન્ન પકાવે છે પણ દેવતા અતિથિ આદિક માટે પકાવતો નથિ તે પુરૂષ કેવળ પાપનુ ભોજન કરે છે. ॥ ૧૩ ॥

मूलम्—अन्नाद्भवन्तिभूतानि पर्जन्यादन्नसंभवः ॥
यज्ञाद्भवतिपर्जन्यो-यज्ञःकर्मसमुद्भवः ॥१४॥

पदानि—अन्नात् भवन्ति भूतानि पर्जन्यात् अन्नसंभवः ॥
यज्ञात् भवति पर्जन्यः यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥

अन्वयार्थः—**अन्नात्** અન્નથી **भूतानि** શરીરો **भवन्ति** ઉત્પન્ન થાય છે **अन्नसंभवः** અન્નની ઉત્પત્તિ **पर्जन्यात्** જલની વૃષ્ટિથી " થાય છે " **पर्जन्यः** જલની વૃષ્ટિ **यज्ञात्** યજ્ઞથી **भवति** થાય છે **यज्ञः** યજ્ઞ **कर्मसमुद्भवः** કર્મથી ઉત્પન્ન થાય છે.

---

*कंडणी पेषणी चुल्ली उदकुंभी च मार्जनी ॥
पंचसूना गृहस्थस्य ताभिः स्वर्गं न विंदति ॥१॥

અર્થ:—ખાંડવામાં, દળવામાં, ચુલામાં, પાણી ભરવા વગેરેમાં વાશીદુ કહાડતાં ગૃહસ્થાશ્રમીઓને પાંચ હીંસા લાગે છે; તે પાંચે હીંસાથી થનારૂં પાતક સદરહુ દર્શાવેલા પાંચ યજ્ઞ કરનાર મનુષ્યને બાધ કરતાં નથી.

टीका—હે અર્જુન! અન્નથી મનુષ્યાદિ સર્વ પ્રાણિયોનાં શરીર ઉત્પન્ન થાય છે અને અગ્નિહોત્રાદિકથી ઉત્પન્ન થયેલો ધર્મ કે જેને શાસ્ત્રમાં અપૂર્વ અને અદૃષ્ટ એવા નામથી કહેલો છે, તે ધર્મરૂપ યજ્ઞથી વરસાદ વરસે છે તેથી અન્નની ઉત્પત્તિ થાય છે અને એ અપૂર્વરૂપ ધર્મ કર્મથી થાય છે. ત્યાં મનુસ્મૃતિ પ્રમાણ છે. **अग्नौप्रस्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते॥ आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नंततः प्रजाः ॥** વૈદિક અગ્નિમાં પ્રાતઃકાળ અને સાયંકાળને વિષે શ્રદ્ધાભક્તિપૂર્વક જે ઘૃતાદિ પદાર્થોની આહુતિ અપાય છે તે અતિ સૂક્ષ્મરૂપવડે આદિત્યમાં સ્થિત થાય છે તથા આહુતિવિશિષ્ટ આદિત્યથી મેઘદ્વારા જલની વૃષ્ટિ ઉત્પન્ન થાય છે તે જલનીવૃષ્ટિથી વ્રીહિ અને યવાદિક અન્ન ઉત્પન્ન થાય છે તથા તે અન્નથી આ મનુષ્યાદિ શરીર ઉત્પન્ન થાય છે તે એવી રીતે કે વ્રીહિયવાદિક અન્ન પુરૂષના ભોજનમાં આવે છે અને તેનું વીર્ય થાય છે. તે વીર્ય પુરૂષથી સ્ત્રીના શરીરમાં પ્રાપ્ત થઇ તેથી શરીર ઉત્પન્ન થાય છે. ૧૪

मूलम्—कर्मब्रह्मोद्भवंविद्धि ब्रह्माक्षरसमुद्भवम् ॥
तस्मात्सर्वगतंब्रह्म नित्यंयज्ञेप्रतिष्ठितं ॥ १५ ॥

पदानि—कर्म ब्रह्मोवद्भं विद्धि ब्रह्म अक्षरसमुद्भवम् ॥
तस्मात् सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥१५॥

अन्वयार्थः—**कर्म** " તે અગ્નિહોત્રાદિક " કર્મ **ब्रह्मोद्भवं** વેદથી ઉત્પન્ન થયેલું **विद्धि** તું જાણ **ब्रह्म** વેદ **अक्षरसमुद्भवं** પરમાત્માથી ઉત્પન્ન થયેલા " જાણ " **तस्मात्** તેમાટે **सर्वगतं** સર્વ અર્થપ્રકાશક **नित्यं** નાશથી રહિત **ब्रह्म** વેદ **यज्ञे** યજ્ઞમાં **प्रतिष्ठितं** સ્થિત છે.

टीका—બ્રહ્મ એવું વેદનું નામ છે તે વેદરૂપ બ્રહ્મ જેમાં પ્રમાણ છે તેનું નામ બ્રહ્મોદ્ભવ કહેવાય છે. વેદે વિધાન કરેલાં અગ્નિહોત્રાદિ કર્મને તું અપૂર્વરૂપ ધર્મનું સાધન જાણ પણ બીજાં પાખંડ શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા કર્મને તારે અપૂર્વ ધર્મનું સાધન જાણવું નહીં. ભ્રમ પ્રમાદાદિક સર્વ દોષોથી રહિત એવા પરમાત્મા દેવથકીજ પુરૂષના શ્વાસની પેઠે પ્રયત્નવિના ઋક્ યજુષ્ સામ અને અથર્વણરૂપ વેદ પ્રગટ થયેલા છે તે માટે સર્વ અર્થને પ્રકાશ કરનારા તથા નાશથી રહિત એવા વેદ, તે ધર્મરૂપ યજ્ઞમાં સ્થિત છે ॥ ૧૫ ॥

मूलम्—एवंप्रवर्त्तितंचक्रं नानुवर्त्तयतीहयः ॥
अघायुरिन्द्रियारामो-मोघंपार्थसजीवति ॥१६॥

पदानि—एवं प्रवर्तितं चक्रं न अनुवर्त्तयति इह यः ॥
अघायुः इन्द्रियारामः मोघं पार्थ सः जीवति ॥१६॥

अन्वयार्थः—**पार्थ** હે પૃથાના પુત્ર **इह** આ લોકમાં **यः** જે " અધિકારી પુરૂષ " **एवं** એવી રીતે **प्रवर्तितं** પ્રવર્તાવેલા **चक्रं** ચક્રને **न** **नुवर्तयति** અનુસરતો નથિ **सः** તે **अघायुः** પાપરૂપ જીવનવાળો **इन्द्रियारामः** ઇન્દ્રિયોમાં આરામવાળો " પુરૂષ " **मोघं** વ્યર્થ **जीवति** જીવે છે.

टीका—હે પાર્થ ! સર્વજ્ઞ પરમેશ્વરથકી સર્વ અર્થનો પ્રકાશ કરનારા વેદ પ્રગટ થાય છે. ત્યારપછી વેદે કહેલાં કર્મનું જ્ઞાન થાય છે. કર્મનું જ્ઞાન થયા પછી અને કર્મ કરવાથી અપૂર્વરૂપ ધર્મની ઉત્પત્તિ થાય છે. તે ધર્મની ઉત્પત્તિ પછી જલની વૃષ્ટિ થાય છે. જલની વૃષ્ટિ થયા પછી વ્રીહિ અને યવાદિક અન્ન ઉત્પન્ન થાય છે. અન્નથી મનુષ્યાદિ ભૂત ઉત્પન્ન થાય છે. ત્યારપછી તે મનુષ્યાદિકની ફરીથી કર્મમાં પ્રવૃત્તિ થાય છે. એવી રીતે સર્વ જગતનો નિર્વાહ કરવા માટે પરમેશ્વરે પ્રવર્ત્તાવેલા ચક્રને જે પુરૂષ અંગીકાર કરતો નથિ તે ઇન્દ્રિયારામ પુરૂષ વ્યર્થ જીવે છે. અર્થાત્ તેને જીવવાથી મરવું સારૂં છે. ॥ ૧૬ ॥

मूलम्—यस्त्वात्मरतिरेवस्या-दात्मतृप्तश्चमानवः ॥
आत्मन्येवचसंतुष्ट-स्तस्यकार्यंनविद्यते ॥१७॥

पदानि—यः तु आत्मरतिः एव स्यात् आत्मतृप्तः च मानवः ॥
आत्मनि एव च संतुष्टः तस्य कार्यं न विद्यते ॥१७॥

अन्वयार्थः—**तु** વળી **यः** જે **मानवः** મનુષ્ય **आत्मरतिः** **एव** આત્મામાં પ્રીતિવાળોજ **स्यात्** હોય **च** તથા **आत्मतृप्तः** આત્માવડે તૃપ્ત **च** તથા **आत्मनि** **एव** આત્મામાંજ **सन्तुष्टः** સન્તુષ્ટ " થાય છે " **तस्य** તેને **कार्यं** " કાંઈ પણ " કાર્ય **न** **विद्यते** વિદ્યમાન નથિ.

टीका—જે વિદ્વાનને પરમાનન્દસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થયેલી છે. તે વિદ્વાન વિષયસુખમાં તુચ્છ બુદ્ધિવાળો થઇ તે સુખની ઇચ્છા કરતો નથિ કારણ કે તે પરમાનન્દ સ્વરૂપ આત્માવડેજ તૃપ્ત છે અને આત્મામાંજ સંન્તોષ પામેલો છે પણ તે પુરૂષ આત્માવિનો બીજા પદાર્થમાં સન્તોષ પામતો નથિ તેને કોઇપણ કર્ત્તવ્ય વિદ્યમાન નથિ. ॥ ૧૭ ॥

मूलम्—नैवतस्यकृतेनार्थो-नाकृतेनेहकश्चन ॥
नचास्यसर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

पदानि—न एव तस्य कृतेन अर्थः न अकृतेन इह कश्चन ॥
न च अस्य सर्वभूतेषु कश्चित् अर्थव्यपाश्रयः ॥१८॥

अन्वयार्थः--**तस्य** તેને **कृतेन** કર્મવડે **अर्थः** પ્રયોજન **न एव** નથીજ **अकृतेन** કર્મ ન કરવાથી **इह** આ લોકમાં **कश्चन** કોઇ ' પ્રયોજન ' **न** નથિ **च** કારણ કે **अस्य** આ ' વિદ્વાનને ' **सर्वभूतेषु** સર્વ પ્રાણિયોમાં **कश्चित्** કોઇ પણ **अर्थव्यपाश्रयः** પ્રયોજનનો સમ્બન્ધ **न** નથિ.

टीका— તે વિદ્વાન્ પુરૂષને કર્મવડે કોઇ સ્વર્ગાદિ પ્રયોજન તથા મોક્ષાદિ પ્રયોજન નથિ કારણકે તેને સ્વર્ગાદિકની પ્રાપ્તિની ઇચ્છામાત્ર પણ નથિ અને મોક્ષરૂપ શ્રેય તો કર્મવડે સિદ્ધ થાય એવું નથિ ત્યાં શ્રુતિ **परिक्ष्यलोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायात्** ॥ પુણ્ય કર્મવડે રચેલાં સ્વર્ગાદિ લોકને અનિત્યતાદિક દોષવાળાં જાણી બ્રાહ્મણને વૈરાગ્ય પામવો. કર્મ ન કરવાથી પણ વિદ્વાનને આ લોકમાં કોઇ પ્રયોજન સિદ્ધ કરવું નથિ તેમાટે આ બ્રહ્મવેત્તા વિદ્વાન્ પુરૂષ બ્રહ્માને આદિ લઇ સ્થાવર પર્યન્ત સર્વ ભૂતોમાં કોઇપણ પ્રયોજનનો સમ્બન્ધ નથિ ॥ ૧૮ ॥

मूलम्—तस्मादसक्तःसततं कार्यंकर्मसमाचर ॥
असक्तोह्याचरन्कर्म परमाप्नोतिपूरुषः ॥ १९ ॥

पदानि--तस्मात् असक्तः सततः कार्यं कर्म समाचर ॥
असक्तः हि आचरन् कर्म परं आप्नोति पूरुषः ॥१९॥

अन्वयार्थः—**तस्मात्** તે કારણ માટે **असक्तः** ફલકામનાથી રહિત થઇને **सततं** નિરન્તર **कार्यं** કરવા યોગ્ય **कर्म** કર્મને **समाचर** સારી રીતે કર **हि** કારણકે **पुरुषः** પુરૂષ **असक्तः** ફલકામનાથી રહિત થઇ **कर्म** કર્મને **आचरन्** કરતો છતો **परं** મોક્ષને **आप्नोति** પામે છે.

टीका—હે અર્જુન ! તું જ્ઞાનવાન્ નથિ પણ કેવળ કર્મોનોજ અધિકારી શ્રદ્ધા ભક્તિ પૂર્વક છે માટે આત્મજ્ઞાનમાં ઉપયોગી એવાં નિત્ય નૈમિત્તિક કર્મને ફલની ઇચ્છાથી રહિત થઇને નિરન્તર કર્મ કર કારણ કે ફલની ઇચ્છાથી રહિતથઇને નિરન્તર નિત્ય નૈમિત્તિક કર્મ કરતાં છતાં પુરૂષ અન્તઃકરણની શુદ્ધિદ્વારા તથા આત્મજ્ઞાનદ્વારા મોક્ષ પામે છે. ॥ ૧૯ ॥

मूलम्—कर्मणैवहिसंसिद्धि–मास्थिताजनकादयः ॥
लोकसंग्रहमेवापि संपश्यन्कर्त्तुमर्हसि ॥२०॥

पदानि—कर्मणा एव हि संसिद्धिं आस्थिताः जनकादयः ॥
लोकसंग्रहं एव अपि संपश्यन् कर्त्तुं अर्हसि ॥२०॥

अन्वयार्थः—**हि** જે કારણમાટે **जनकादयः** જનકાદિ " રાજાઓ " **कर्मणा**

एव કર્મવડેજ **संसिद्धिं** જ્ઞાનનિષ્ઠાને **आस्थिताः** પ્રાપ્ત થયેલા છે "તે કારણમાટે તું કર્મ કરવાને યોગ્ય છે અથવા " **लोकसंग्रहं** લોક સંગ્રહને **संपश्यन्** દેખતાં છતાં **अपि** પણ **कर्त्तुं एव** " કર્મ " કરવાને **अर्हसि** યોગ્ય છે.

टीका—જનકાદિક પ્રસિદ્ધ રાજા નિત્ય નૈમિત્તિક કર્મ કરીનેજ અન્તઃકરણની શુદ્ધિ દ્વારા શ્રવણ મનનાદિકથી સિદ્ધ થનારી જ્ઞાનનિષ્ઠાને પ્રાપ્ત થયા હતા પણ તે કોઇ કર્મોનો ત્યાગ કરી જ્ઞાનનિષ્ઠાને પ્રાપ્ત થયા ન હોતા, આ વાર્તા યથાર્થ છે તેમાટે તું ક્ષત્રિય પણ જ્ઞાનની ઇચ્છાવાળો થઇ અથવા વિદ્વાન્ થઇ સર્વ પ્રકારે કર્મ કરવાનેજ યોગ્ય છે પણ કર્મનો ત્યાગ કરવાને યોગ્ય નથિ. ॥ ૨૦ ॥

मूलम्—यद्यदाचरतिश्रेष्ठ स्तत्तदेवेतरोजनः ॥
सयत्प्रमाणंकुरुते लोकस्तदनुवर्त्तते ॥ २१ ॥

पदानि—यत् यत् आजरति श्रेष्ठः तत् तत् एव इतरः जनः ॥
स यत् प्रमाणं कुरुते लोकः तत् अनुवर्त्तते ॥२१॥

अन्वयार्थः--**श्रेष्ठः** શ્રેષ્ઠ " પુરૂષ " **यत् यत्** જે જે " કર્મને " **आचरति** કરે છે **तत् तत् एव** તે તે કર્મનેજ **इतरः** બીજો **जनः** મનુષ્ય ' કરે છે ' **सः** તે શ્રેષ્ઠ **यत्** જેને **प्रमाणं** પ્રમાણ **कुरुते** કરે છે **तत्** તેને **लोकः** મનુષ્ય **अनुवर्त्तते** અનુસરે છે.

टीका—સર્વ લોકમાં મુખ્ય રાજાદિ શ્રેષ્ઠ મનુષ્યો જે જે શુભ કર્મ કરે છે તે તે કર્મ રાજાદિકની આજ્ઞામાં ચાલનારા મનુષ્યો કરે છે પણ રાજાદિકથી સ્વતંત્ર થઇને કાંઇ પણ કાર્ય કરી શકતાં નથિ અને તે શ્રેષ્ઠ પુરૂષો જે લૌકિક અને વૈદિક પદાર્થને પ્રમાણરૂપ કરી અંગીકાર કરે છે તેજ લૌકિક અને વૈદિક પદાર્થને બીજાં મનુષ્યો પણ પ્રમાણરૂપ અંગીકાર કરે છે માટે સર્વ લોકમાં તું પ્રધાન ભૂત રાજા થઇ લોકના સંરક્ષણ માટે અવશ્ય કર્મ કરવાને યોગ્યછે. ॥ ૨૧ ॥

मूलम्—नमेपार्थास्तिकर्त्तव्यं त्रिषुलोकेषुकिंश्चन ॥
नानवाप्तमवाप्तव्यं वर्त्तएवचकर्मणि ॥ २२ ॥

पदानि--न मे पार्थ अस्ति कर्त्तव्यं त्रिषु लोकेषु किंश्चन ॥
न अनावाप्तं अवाप्तव्यं वर्त्त एव च कर्मणि ॥२२॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ **मे** મારે **त्रिषु लोकेषु** ત્રણ લોકમાં **किंश्चन** કાંઇ પણ **कर्तव्यं** કરવા યોગ્ય **न अस्ति** નથિ **अनवाप्तं** ન પ્રાપ્ત થયેલું **अवाप्तव्यं** પામવા યોગ્ય **न** નથિ " તથાપિ " **कर्मणि** કર્મમાં **च** પ્રસિદ્ધ **वर्त्ते एव** વર્તુ છુંજ.

टीका—જેમ ઘરના સ્વામીને તે ઘરમાં રહેલા સર્વ પદાર્થ પ્રાપ્તજ છે તેમ સર્વ બ્રહ્માંડનો સ્વામી જે હું શ્રીકૃષ્ણ ભગવાન્ તેને તે બ્રહ્માંડોમાં રહેલા સર્વ પદાર્થ પ્રાપ્તજ છે. કોઇ પણ પદાર્થ મને અપ્રાપ્ત નથિ. આ લોકમાં મનુષ્યો જે વસ્તુ પ્રાપ્ત થયેલી નથી તેને માટે પ્રયત્ન કરે છે પણ જે વસ્તુ પ્રાપ્ત થયેલી છે તેની પ્રાપ્તિનેમાટે કોઇ પણ પુરૂષ પ્રયત્ન કરતો નથિ માટે ત્રણ લોકમાં કોઇ પદાર્થની પ્રાપ્તિ સારૂ મારે કાંઇ પ્રયત્ન કરવા જેવું નથિ તો પણ હું વેદવિહિત શુભ કર્મમાં પ્રવર્ત્તલોજ છું પણ તે શુભકર્મનો હું કોઇ વખતે પણ ત્યાગ કરતો નથિ એ વાત તને પણ પ્રત્યક્ષસિદ્ધ છે ॥ ૨૨ ॥

मूलम्—यदित्यहंनवर्त्तेयं जातुकर्मण्यतन्द्रितः ॥
ममवर्त्मानुवर्त्तन्ते मनुष्याःपार्थसर्वशः ॥२३॥

पदानि—यदि हि अहं न वर्त्तेयं जातु कर्मणि अतन्द्रितः ॥
मम वर्त्म अनुवर्त्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥२३॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ **यदि** જો **हि** અવશ્ય **जातु** કદાચિત્ **अहं** હું **अतन्द्रितः** આલસરહિત થઇ **कर्मणि** કર્મમાં **न वर्त्तेय** પ્રવૃત્ત ન થાઊં " તો " **मनुष्याः** " અધિકારી " મનુષ્યો **मम** મારા **वर्त्म** માર્ગને **सर्वशः** સર્વ પ્રકારે **अनुवर्त्तन्ते** અંગીકાર કરે.

टीका—હે અર્જુન ! હું હમણાં કૃતાર્થ છું, કર્મ કરવાથી મારે કિંચિતમાત્ર અર્થ પણ સિદ્ધ કરવા ગોગ્ય રહ્યો નથિ, એવા પ્રકારની કૃતાર્થબુદ્ધિવડે જો કદાચિત્ હું આલસરહિત થઇ શુભ કર્મોમાં પ્રવર્ત્તું નહિં તો કર્મના અધિકારી જેટલાં મનુષ્યો છે તે સર્વ મને શુભ કર્મથી રહિત થયેલો દેખીને પોતે પણ શુભ કર્મોથી રહિત થાય. કારણ કે આ શ્રીકૃષ્ણ ભગવાન્ સર્વજ્ઞ છે, એવા પ્રકારની મારી ઉપર સર્વજ્ઞત્વ બુદ્ધિ કરીને એ સર્વ અધિકારી મનુષ્ય સર્વ પ્રકારથી મારો માર્ગજ અંગીકાર કરે. ॥ ૨૩ ॥

मूलम्—उत्सीदेयुरिमेलोका नकुर्यांकर्मचेदहम् ॥
सङ्करस्यचकर्त्तास्या–मुपहन्यामिमाःप्रजाः ॥२४॥

पदानि—उत्सीदेयुः इमे लोकाः न कुर्यां कर्म चेत् अहम् ॥
सङ्करस्य च कर्त्ता स्यां उपहन्यां इमाः प्रजाः ॥२४॥

अन्वयार्थः—**चेत्** જો **अहं** હું **कर्म** કર્મને **न कुर्यां** કરૂં નહીં " તો " **इमे** આ **लोकाः** લોક **उत्सीदेयुः** નાશ પામે **च** તથા **सङ्करस्य** વર્ણસંકરનો **कर्त्ता** કરનારો **स्यां** થાઊં ' અને " **इमाः** આ **प्रजाः** પ્રજાઓને **उपहन्यां** હણું " એમ સિદ્ધ થાય."

टीका—હે અર્જુન ! સર્વનો ઇશ્વર થઇને હું શાસ્ત્રમાં કરેલું શુભ કર્મ ન કરૂં તો મને અનુસરીને વર્તનારા મનુ આદિ શ્રેષ્ઠ પુરૂષ પણ તે શુભ કર્મમાં પ્રવૃત્ત થાય નહિં અને તેથી જલની વૃષ્ટિદ્વારા સર્વલોકની સ્થિતિના કારણરૂપ યજ્ઞાદિકનો લોપ થાય તથા તે લોપ થવાથી આ સર્વ લોક નાશ પામે. તે સર્વ લોકનો નાશ થવાથી વર્ણસંકર કરનારો હુંજ થાઉં અને તેમાટે સર્વ પ્રજાનું હનન કરનારો હું થાઉં. એ વાર્ત્તા મને અત્યન્ત અનુચિત છે કારણ કે સર્વ પ્રજાનો અનુગ્રહ કરવામાટે પ્રવર્ત્તીને પછી ધર્મનો લોપ કરી પ્રજાને હણવી એ ઘણું અયોગ્ય છે. ॥ ૨૪ ॥

मूलम्—सक्ताःकर्मण्यविद्वांसो-यथाकुर्वन्तिभारत ॥
कुर्याद्विद्वांस्तथासक्त-श्चिकीर्षुर्लोकसंग्रहम् ॥२५॥

पदानि—सक्ताः कर्मणि अविद्वांसः यथा कुर्वन्ति भारत ॥
कुर्यात् विद्वान् तथा असक्तः चिकीर्षुः लोकसंग्रहम् ।२५।

अन्वयार्थः—**भारत** હે ભારત **यथा** જેમ **अविद्वांसः** અજ્ઞાનિપુરૂષો **कर्मणिः** કર્મમાં **सक्ताः** આગ્રહવાળા થઇ " તે કર્મને " **कुर्वन्ति** કરે છે **तथा** તેમ **लोकसंग्रहं** લોકસંગ્રહને **चिकीर्षुः** કરવાની ઇચ્છાવાળો **विद्वान्** વિદ્વાન્ **असक्तः** આસક્તિ રહિત થઇ " તે કર્મને " **कुर्यात्** કરે.

टीका—હે ભારત ! આત્મજ્ઞાનથી રહિત અજ્ઞાની પુરૂષ હું કર્મનો કર્ત્તા છું, એ પ્રકારના કર્ત્તાપણાનું અભિમાન કરીને તથા સ્વર્ગાદિક ફલની ઇચ્છા કરીને યજ્ઞાદિક કર્મમાં આગ્રહવાળો થઇ જેવી રીતે શ્રદ્ધાભક્તિપૂર્વક યજ્ઞાદિક કર્મોને કરે છે, તેવી રીતે લોકસંગ્રહની ઇચ્છાવાળો વિદ્વાન્ પણ શ્રદ્ધાભક્તિપૂર્વક યજ્ઞાદિક કર્મ કરે પરન્તુ તે વિદ્વાન્ કર્ત્તાપણાના અભિમાનથી રહિત થઇ તથા સ્વર્ગાદિ ફલની ઇચ્છાથી રહિત થઇ શુભ કર્મો કરે. ॥ ૨૫ ॥

मूलम्—नबुद्धिभेदंजनये-दज्ञानांकर्मसङ्गिनाम् ॥
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तःसमाचरन् ॥२६॥

पदानि—न बुद्धिभेदं जनयेत् अज्ञानां कर्मसंगिनाम् ॥
जोषयेत् सर्वकर्म्माणि विद्वान् युक्तः समाचरन् ॥२६॥

अन्वयार्थः—**कर्मसङ्गिनां** કર્મમાં સંગવાળા **अज्ञानां** અવિવેકીઓની **बुद्धिभेदं** બુદ્ધિના ભેદને **न जनयेत्** ન ઉત્પન્ન કરે **विद्वान्** વિદ્વાન્ **युक्तः** આદરપૂર્વક **सर्वकर्माणि** સર્વ કર્મોને **समाचरन्** કરતો છતો **जोषयेत्** સેવન કરે.

ટીકા—કર્ત્તાપણાના અભિમાને કરીને તથા સ્વર્ગાદિક ફલની ઇચ્છાએ કરીને યજ્ઞાદિક કર્મમાં આગ્રહવાળા અજ્ઞાની પુરૂષોની, હું આ કર્મ કરૂં છું તથા હું આ ફલને ભોગવીશ, એવા પ્રકારની જે બુદ્ધિ છે તે બુદ્ધિનો ભેદ વિદ્વાન્ પુરૂષે ઉત્પન્ન કરવો નહિ અર્થાત્ તું આત્મા અકર્ત્તા છે અભોક્તા છે, એ પ્રકારનો ઉપદેશ કરીને અજ્ઞાની પુરૂષોની બુદ્ધિને શુભ કર્મથી પાછી ફેરવવી નહિં પણ તે વિદ્વાન્ પુરૂષ પોતે શ્રદ્ધાભક્તિપૂર્વક શુભ કર્મ કરી અજ્ઞાની પુરૂષોને પણ શ્રદ્ધા ઉત્પન્નકરી તેઓને શુભકર્મમાં નિરન્તર જોડે; કારણ કે શાસ્ત્રે કહેલા શુભ કર્મના ઉપદેશથી જેનું અન્તઃકરણ શુદ્ધ થયેલું છે તે પુરૂષજ અકર્ત્તા આત્માના ઉપદેશનો અધિકારી છે. ॥ ૨૬ ॥

મૂલમ્—प्रकृतेःक्रियमाणानि गुणैः कर्माणिसर्वशः ॥
अहङ्कारविमूढात्मा कर्ताहमितिमन्यते ॥ २७ ॥

પદાનિ—प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ॥
अहङ्कारविमूढात्मा कर्त्ता अहं इति मन्यते ॥ २७ ॥

अन्वयार्थः—**प्रकृतेः** માયાના **गुणैः** ગુણોવડે **सर्वशः** સર્વ પ્રકારથી **कर्माणि** સર્વ કર્મ **क्रियमाणानि** કરાય છે **अहङ्कारविमूढात्मा** અહંકારવડે વિમુઢ અન્તઃકરણવાળો **अहं** હું **कर्त्ता** કર્ત્તા છું **इति** એ પ્રકારે **मन्यते** માને છે.

ટીકા—માયારૂપ પ્રકૃતિના વિકારરૂપ દેહ ઇન્દ્રિય અને અન્તઃકરણાદિક કાર્યકારણરૂપ ગુણોવડે સર્વ પ્રકારથી લૌકિક વૈદિક સર્વ કર્મ કરાય છે પણ આ અસંગ આત્મા તે કર્મનો કર્ત્તા નથિ તથાપિ કાર્યકારણરૂપ સંઘાતમાં આત્માપણાની બુદ્ધિરૂપ અહંકારવડે વિમૂઢ થયેલો છે અને હુંજ કર્ત્તા છું એમ પોતાના આત્માને કર્ત્તા માને છે પણ તે પ્રકૃતિના ગુણોને કર્ત્તારૂપ માનતો નથિ ॥ ૨૭ ॥

મૂલમ્—तत्त्ववित्तुमहाबाहो गुणकर्मविभागयोः ॥
गुणागुणेषुवर्तन्ते इतिमत्त्वानसज्जते ॥ २८ ॥

પદાનિ—तत्त्ववित् तु महाबाहो गुणकर्मविभागयोः ॥
गुणाः गुणेषु वर्त्तन्ते इति मत्वा न सज्जते ॥ २८ ॥

अन्वयार्थः—**महाबाहो** હે મહોટા હાથવાળા **गुणकर्मविभागयोः** ગુણ કર્મ વિભાગના **तत्त्ववित्** યથાર્થ સ્વરૂપ જાણનારો **तु** તો **गुणाः** ઇન્દ્રિયાદિ કરણ **गुणेषु** રૂપાદિક વિષયોમાં **वर्त्तन्ते** વર્તે છે **इति** એ પ્રકારે **मत्त्वा** માનીને **न सज्जते** કર્ત્તાપણાનું અભિમાન કરતો નથિ.

टीका—હે મહાબાહો ! ગુણ કર્મ તથા વિભાગનું યથાર્થ સ્વરૂપ જાણનારો વિદ્વાન્ પુરૂષ આ ઇન્દ્રિયાદિ કરણજ વિકારી હોવાથી પોત પોતાના રૂપાદિક વિષયોમાં પ્રવર્ત્તે છે પણ નિર્વિકાર આત્મા રૂપાદિક વિષયોમાં પ્રવર્ત્તતો નથિ એ પ્રકારનો નિશ્ચય કરી પોતાના આત્મામાં કર્ત્તાપણાનું અભિમાન કરતો નથિ. ॥ ૨૮ ॥

मूलम्—प्रकृतेर्गुणसंमुढाः सज्जन्तेगुणकर्मसु ॥
तानकृत्स्नविदोमन्दान्कृत्स्नविन्नविचालयेत्॥२९॥

पदानि—प्रकृतेः गुणसंमूढाः सज्जन्ते गुणकर्म्मसु ॥
तान् अकृत्स्नविदः मन्दान् कृत्स्नवित् न विचालयेत् ॥२९

अन्वयार्थः—**प्रकृतेः** પ્રકૃતિના **गुणसंमूढाः** ગુણોવડે સંમૂઢ થઇ **गुणकर्मसु** ગુણ કર્મોમાં **सज्जन्ते** આસક્તિ કરે છે **तान्** તે **अकृत्स्नविदः** આત્માને નહિ જાણનારા **मन्दान्** અનધિકારી પુરૂષોને **कृत्स्नवित्** આત્મવેત્તા **न विचालयेत्** "શુભ કર્મની શ્રદ્ધાથી" ચલાયમાન ન કરે.

टीका—પ્રકૃતિના ગુણથી સંમૂઢ થયેલો અજ્ઞાની, હું સ્વર્ગાદિક ફલની પ્રાપ્તિ માટે કર્મ કરૂં છું એમ અત્યન્ત દૃઢ બુદ્ધિ રાખે છે તથા કર્મનો અધિકારી, તથા અનાત્મ પદાર્થોના અભિમાનવાળો, અશુદ્ધ ચિત્તવાળો, જ્ઞાનના અધિકારને ન પ્રાપ્ત થયેલો જે અજ્ઞાની પુરૂષ છે તેને વિદ્વાન્ પુરૂષ, તારે ફલની કામનાવડે કર્મ ન કરવું, અથવા એ કર્મોનું ફલ અસત્ય છે, અથવા કર્મોના કર્ત્તા આદિક મિથ્યાજ છે, અથવા તું બ્રહ્મરૂપ છે તારે કાંઇ પણ કર્તવ્ય નથિ, ઇત્યાદિક ઉપદેશવડે શુભ કર્મની શ્રદ્ધાથી ચલાયમાન કરવો નહિં અને જે શુદ્ધ અન્તઃકરણવાળો હોવાથી અધિકારી છે તે તો ઉપદેશ આપ્યા વિના પોતાની મેળે વિવેક ઉત્પન્ન કરી જ્ઞાનનો અધિકાર પામે છે. ॥ ૨૯ ॥

मूलम्—मयिसर्वाणिकर्माणि संन्यस्याध्यात्मचेतसा ॥
निराशीर्निर्ममोभूत्वा युद्ध्यस्वविगतज्वरः ॥३०॥

पदानि—मयि सर्वाणि कर्माणि संन्यस्य अध्यात्मचेतसा ॥
निराशीः निर्ममः भूत्वा युद्ध्यस्व विगतज्वरः ॥३०॥

अन्वयार्थः—**मयि** મારેવિષે **अध्यात्मचेतसा** અધ્યાત્મ ચિત્તવડે **सर्वाणि** સર્વે **कर्माणि** કર્મોને **संन्यस्य** સમર્પણ કરીને **निराशीः** કામનાથી રહિત થઇ **निर्ममः** મમતાથી રહિત થઇ **विगतज्वरः** શોકથી રહિત **भूत्वा** થઇને **युद्ध्यस्व** યુદ્ધ કર.

ટીકા—હે અર્જુન ! સર્વજ્ઞ, સર્વે જગત્‌નો નિયન્તા તથા સર્વનો આત્મારૂપ જે હું પરમેશ્વર વાસુદેવ છું તે મારે વિષે તું સર્વ લૌકિક વૈદિક કર્મને અધ્યાત્મ ચિત્તવડે સમર્પણ કર તથા સર્વ વાસનાઓથી રહિત થઇ, દેહ પુત્ર ભ્રાતાદિકોમાં મમતાથી રહિત થઈ, આ લોકમાં અપકીર્તિનો હેતુરૂપ તથા પરલોકમાં નરકની પ્રાપ્તિનો હેતુરૂપ જે શોકરૂપી જ્વર તેથી રહિત થઇ, આ યુદ્ધ કર. **अध्यात्मचेतसा** એ પદનો વ્યુત્પત્તિસહિત અર્થ આવી રીતે છે કે આત્માનું પ્રતિપાદન કરવા માટે જે શાસ્ત્ર પ્રવર્તે છે તેનું નામ અધ્યાત્મ કહેવાય છે અને એવું ઉપનિષદ્‌રૂપ વેદાન્તશાસ્ત્ર છે તે અધ્યાત્મશાસ્ત્રના વિચારમાં જે ચિત્ત તત્પર થાય તેનું નામ અધ્યાત્મચેતસ્ કહેવાય છે. એવા અધ્યાત્મ ચિત્તવડે તું સર્વ કર્મને પરમેશ્વરમાં અર્પણ કર. ॥ ૩૦ ॥

मूलम्—येमेमतमिदंनित्य-मनुतिष्ठन्तिमानवाः ॥
श्रद्धावन्तोऽनसूयन्तो-मुच्यन्तेतेऽपिकर्मभिः॥३१॥

પદાનિ—ये मे मतं इदं नित्यं अनुतिष्ठन्ति मानवाः ॥
श्रद्धावन्तः अनसूयन्तः मुच्यन्ते ते अपि कर्मभिः॥३१॥

अन्वयार्थः—ये જે **मानवाः** મનુષ્યો **श्रद्धावन्तः** શ્રદ્ધાવાળા થઈ **अनसूयन्तः** અસૂયાથી રહિત થઇ **मे** મારૂં **इदं** આ **नित्यं** નિત્ય **मतं** મતને **अनुतिष्ठन्ति** અંગીકાર કરે છે **ते** તે **अपि** પણ **कर्मभिः** "પુણ્ય પાપ" કર્મથી **मुच्यन्ते** મુકાય છે.

ટીકા—શાસ્ત્ર તથા ગુરૂએ ઉપદેશ કરેલો અર્થ કદાપિ આપણને અનુભવમાં ન આવતો હોય તો પણ આ અર્થ સત્ય છે એ પ્રકારનો જે વિશ્વાસ તેનું નામ શ્રદ્ધા કહેવાયછે અને કોઇ પુરૂષના ગુણોમાં દોષ પ્રગટ કરવા તેનુ નામ અસૂયા કહેવાય છે. ફલની ઇચ્છાથી રહિત થઇ તથા ભગવત્ અર્પણ બુદ્ધિ રાખી અધિકારી પુરૂષે શાસ્ત્રોક્ત શુભ કર્મ કરવું એ મારૂં મત છે તે પ્રમાણે અધિકારી પુરૂષને નિરન્તર કરવા યોગ્યથી તે મત નિત્ય છે. એ મારા મતને કોઈ પુરૂષ શ્રદ્ધાવાળો થઇ તથા અસૂયાથી રહિત થઇ અંગીકાર કરે છે તે મનુષ્ય અન્તઃકરણની શુદ્ધિદ્વારા તથા જ્ઞાનની પ્રાપ્તિદ્વારા, જ્ઞાની પુરૂષોની પેઠે પુણ્યપાપ કર્મથી મુક્ત થાય છે ॥ ૩૧ ॥

मूलम्—येत्वेतदभ्यसूयन्तो-नानुतिष्ठन्तिमेमतम् ॥
सर्वज्ञानविमूढांस्ता-न्विद्धिनष्टानचेतसः ॥३२॥

પદાનિ—ये तु एतत् अभ्यसूयन्तः न अनुतिष्ठन्ति मे मतम् ॥
सर्वज्ञानविमूढान् तान् विद्धि नष्टान् अचेतसः ॥३२॥

अन्वयार्थः—**तु** વળી **ये** જે **अभ्यसूयन्तः** દોષને આરોપણ કરનારા **मे** મારા **एतत्** આ "પ્રથમ કહેલા" **मतं** મતને **न अनुतिष्ठन्ति** નથિ અંગીકાર કરતા **तान्** તેઓને **अचेतसः** દુષ્ટચિત્તવાળા **सर्वज्ञानविमूढान्** સર્વજ્ઞાનમાં વિમૂઢ **नष्टान्** "સર્વ પુરૂષાર્થોથી" નાશ પામેલા **विद्धि** જાણ.

टीका—જે પુરૂષો નાસ્તિકપણાથી ગુરૂશાસ્ત્રોક્ત વચનમાં શ્રદ્ધા રાખતા નથિ તથા ગુણોમાં દોષોના કહેવા રૂપી અસૂયા કરે છે અને પ્રથમ કહેલા મારા મતનો અંગીકાર કરતા નથિ તે પુરૂષોને દુષ્ટચિત્તવાળા, સર્વ જ્ઞાનમાં વિમૂઢ અને સર્વ પુરૂષાર્થોથી નાશ પામેલા છે એમ તું જાણ. ॥ ૩૨ ॥

मूलम्—सदृशंचेष्टतेस्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ॥
प्रकृतिंयान्तिभूतानि निग्रहःकिंकरिष्यति ॥३३॥

पदानि—सदृशं चेष्टते स्वस्याः प्रकृतेः ज्ञानवान् अपि ॥
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥३३॥

अन्वयार्थः—**ज्ञानवान्** જ્ઞાનવાળો **अपि** પણ **स्वस्याः** પોતાની **प्रकृतेः** પ્રકૃતિને **सदृशं** તુલ્ય **चेष्टते** ચેષ્ટા કરે છે **भूतानि** સર્વ પ્રાણિયો **प्रकृतिं** પ્રકૃતિને **यान्ति** અનુસરે છે "તેમાં" **निग्रहः** "અમારો" નિગ્રહ **किं** શું **करिष्यति** કરશે.

टीका—ગુણદોષ જાણનારા જ્ઞાનવન્ત પુરૂષો પણ પોતાના પૂર્વ સંસ્કારરૂપ પ્રકૃતિને અનુસરીનેજ ચેષ્ટા કરે છે તો પછી બીજા અજ્ઞાની પુરૂષો પોતાની પ્રકૃતિને અનુસરીનેજ ચેષ્ટા કરે એમાં શું કહેવું! જો કે એ પ્રકૃતિ અવિવેકી પ્રાણિયોને પુરૂપાર્થથી ભ્રષ્ટ કરનારી છે તથાપિ તે સર્વ પ્રાણી તે પ્રકૃતિનેજ અનુસરે છે તેમાં મેં કરેલો નિગ્રહ તથા રાજાએ કરેલો નિગ્રહ શું કરી શકશે? અર્થાત્ મ્હોટા રાગવડે પાપ કર્મોમાં પ્રવર્ત્તેલા પુરૂષોને એ નિગ્રહ તે પાપકર્મથી નિવૃત્તિ કરવામાં સમર્થ નથિ. ॥ ૩૩ ॥

मूलम्—इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौव्यवस्थितौ ॥
तयोर्नवशमागच्छे-त्तौह्यस्यपरिपन्थिनौ ॥३४॥

पदानि—इन्द्रियस्य इन्द्रियस्य अर्थे रागद्वेषौ व्यवस्थितौ ॥
तयोः न वशं आगच्छेत् तौ हि अस्य परिपन्थिनौ ।३४।

अन्वयार्थः—**इन्द्रियस्य इन्द्रियस्य** પ્રત્યેક ઇન્દ્રિયના **अर्थे** "શબ્દાદિક" વિષયમાં **रागद्वेषौ** રાગ અને દ્વેષ **व्यवस्थितौ** નિયમપૂર્વક રહેલા છે **तयोः** તે "રાગ દ્વેષને" **वशं** આધીન **न आगच्छेत्** થવું નહિં **हि** કારણકે **तौ** તે "રાગદ્વેષ" **अस्य** આ "પ્રાણિના" **परिपन्थिनौ** શત્રુ છે.

ટીકા—શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસન, અને ઘ્રાણ, એ પાંચ જ્ઞાન ઇન્દ્રિયો છે અને વાક્, પાણિ, પાદ, પાયું અને ઉપસ્થ એ પાંચ કર્મઇન્દ્રિયો છે. શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ જ્ઞાનઇન્દ્રિયોના વિષય છે અને વચન. આદાન, ગમન, આનન્દ અને મલ-વિસર્જન, એ કર્મઇન્દ્રિયોના વિષય છે. તે શબ્દાદિક વિષયોમાં તથા વચનાદિક વિષયોમાં જે જે વિષય પુરૂષને અનુકૂલ હોય અને જે જે વિષય પ્રતિકૂલ હોય તે તે વિષય શાસ્ત્ર-માં કોઈ વખતે અનુકૂલ અથવા કોઈ વખતે પ્રતિકૂલ, એમ નિયમપૂર્વક કહેલા છે. તેમાં જે વિષય પ્રીતિ કરનારો હોય પણ શાસ્ત્રે નિષેધ કરેલો હોય તેને ગ્રહણ કરવો નહિ અને પ્રીતિ કરનારો ન હોય પણ જે શાસ્ત્રે કહેલો છે તે ગ્રહણ કરવો. એવી રીતે નિશ્ચય કરી રાગ દ્વેષને આધીન થવું નહિ કારણ કે એ રાગ દ્વેષ પ્રાણિયોના શત્રુ છે. ॥ ૩૪ ॥

मूलम्—श्रेयान्स्वधर्मोविगुणः परधर्मात्स्वनुष्ठितात् ॥
स्वधर्मेनिधनंश्रेयः परधर्मोभयावहः ॥३५॥

पदानि—श्रेयान् स्वधर्मः विगुणः परधर्मात् स्वनुष्ठितात् ॥
स्वधर्मे निधनं श्रेयः परधर्मः भयावहः ॥ ३५ ॥

अन्वयार्थः—स्वनुष्ठितात् સર્વ અંગની સમ્પૂર્ણતાથી કરેલા **परधर्मात्** પરધર્મથી **विगुणः** કાંઇ અંગોની ન્યૂનતાપૂર્વક કરેલો **स्वधर्मः** પોતાનો ધર્મ **श्रेयान्** અત્યન્ત શ્રેષ્ઠ છે **स्वधर्मे** પોતાના ધર્મમાં **निधनं** મરણ "પણ" **श्रेयः** શ્રેષ્ઠ છે **परधर्मः** પરનો ધર્મ **भयावहः** ભય પ્રાપ્ત કરનારો છે.

ટીકા—હે અર્જુન ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર પ્રકારના વર્ણમાં અને બ્રહ્મચર્ય ગૃહસ્થ વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમમાં, જે જે વર્ણ પ્રત્યે તથા જે જે આશ્રમપ્રત્યે ધર્મશાસ્ત્રે જે જે ધર્મ ઉપદેશ કરેલો હોય, તે તે ધર્મ તે વર્ણનો અને તે આશ્રમનો સ્વધર્મ કહેવાય છે તથા બીજા વર્ણનો અને બીજા આશ્રમનો જે ધર્મ તે પરધર્મ કહેવાય છે. જેમ કે શાસ્ત્રમાં બૃહસ્પતિસવ નામનો યજ્ઞ બ્રાહ્મણે કરવો પણ ક્ષત્રિયે કરવો નહિં એમ કહેલું છે માટે તે બૃહસ્પતિસવ યજ્ઞ બ્રાહ્મણને તો સ્વધર્મ છે પણ ક્ષત્રિયને પરધર્મ છે અને જેમ રાજસૂય નામનો યજ્ઞ ક્ષત્રિયે કરવો પણ બ્રાહ્મણે કર-વો નહિં એમ શાસ્ત્રમાં કહેલું છે તો પછી તે રાજસૂયયજ્ઞ ક્ષત્રિયને તો સ્વધર્મ છે પણ બ્રાહ્મણને પરધર્મ છે. એ પ્રમાણે સ્વધર્મ અને પરધર્મનું લક્ષણ શાસ્ત્રથી જાણવું. એ સ્વ-ધર્મ કોઇક અંગોની ન્યૂનતાપૂર્વક હોય તો પણ અત્યન્ત શ્રેષ્ઠ છે અને પોતાના ધર્મમાં મરણ થાય તો પણ શ્રેષ્ઠ છે પરન્તુ પરધર્મ ભય પ્રાપ્ત કરનારો છે ॥ ૩૫ ॥

अर्जुनउवाच.

मूलम्—अथकेनप्रयुक्तोऽयं पापंचरतिपूरुषः ॥

अनिच्छन्नपिवार्ष्णेय बलादिवनियोजितः ॥३६॥

पदानि—अथ केन प्रयुक्तः अयं पापं चरति पूरुषः ॥
अनिच्छन् अपि वार्ष्णेय बलात् इव नियोजितः ॥३६॥

अन्वयार्थः—**वार्ष्णेय** હે વાર્ષ્ણેય **अथ** "એમ છે તો" પછી **अयं** આ **पुरुषः** પુરૂષ **अनिच्छन्** પાપ કરવાની ઇચ્છા ન કરતો છતો **अपि** પણ **बलात्** બલાત્કારથી **नियोजितः इव** પ્રવૃત્ત કરેલા પુરૂષની પેઠે **केन** કેણે **प्रयुक्तः** પ્રેરેલો "થઇ" **पापं** પાપ "કર્મને" **चरति** કરે છે.

टीका—હે વાર્ષ્ણેય ! આ પુરૂષ પોતે પાપ કર્મની ઇચ્છા કરતો નથિ તો પણ બલાત્કારથી પાપ કર્મ કરે છે અને પરમ પુરૂષાર્થના સાધનરૂપ જે આપે ઉપદેશ કરેલું કર્મ તેની ઇચ્છા કરે છે તો પણ પુરૂષ તે કર્મ કરતો નથિ માટે આવું સિદ્ધ થાય છે કે પુરૂષ પરતન્ત્ર છે પણ સ્વતન્ત્ર નથિ કારણ કે પરતન્ત્રતાવિના આ વાર્તા સંભવતી નથિ. જેમ કોઇ રાજા કોઇ કાર્યમાં બલાત્કારથી પોતાના ભૃત્યને પ્રેરણા કરે છે, તે ભૃત્યને તે કાર્ય કરવાની ઇચ્છા ન હોય તો પણ તે કાર્ય અવશ્ય કરે છે તેમ જે બલવાન્ કારણથી પ્રવૃત્ત થયેલો પુરૂષ તમારા મતવિરોધી એવાં પાપકર્મને સર્વ અનર્થનું મૂલ જાણીને પણ કરે છે માટે એ અનર્થમાં પ્રવૃત્તિ કરાવનારા કારણનું સ્વરૂપ આપ મને કહો કે જે કારણનું સ્વરૂપ જાણીને હું તે કારણનો નાશ કરવા માટે પ્રયત્ન કરૂં. ॥ ૩૬ ॥

श्रीभगवानुवाच.

मूलम्—कामएषक्रोधएष रजोगुणसमुद्भवः ॥
महाशनोमहापाप्माविद्ध्येनमिहवैरिणम् ॥३७॥

पदानि—कामः एषः क्रोधः एषः रजोगुणसमुद्भवः ॥
महाशनः महापाप्मा विद्धि एनं इह वैरिणम् ॥३७॥

अन्वयार्थः—"એ અનર્થ માર્ગમાં પ્રવર્ત્તાવનારો" **एषः** આ **कामः** કામ "છે" **एषः** આ "કામ" **क्रोधः** ક્રોધરૂપ "છે" **रजोगुणसमुद्भवः** રજોગુણથી ઉત્પન્ન થયેલો 'છે' **महाशनः** મહોટા આહારવાળો 'છે' **महापाप्मा** અત્યન્ત ઉગ્ર 'છે માટે' **एनं** એ 'કામને' **इह** અહીં **वैरिणं** વૈરીરૂપ **विद्धि** જાણ.

टीका—પુરૂષને બલાત્કારથી અનર્થમાર્ગમાં પ્રવૃત્તિ કરાવનારો કામરૂપી મહોટો શત્રુ છે, એ કામથકી આ પ્રાણિયોને સર્વ અનર્થની પ્રાપ્તિ થાય છે. જો તું એમ શંકા કરીશ કે કામ જેમ પ્રાણિયોને અનર્થમાં પ્રવૃત્તિ કરાવનારો છે તેમ ક્રોધ પણ અનર્થમાં

પ્રવૃત્તિ કરાવનારોછે માટે કેવળ કામજ મારો શત્રુ છે એમ નથી, તો ત્યાં હું કહુંછું કે વિષયની અભિલાષારૂપ જે કામ છે તે કામથી ક્રોધ ભિન્ન નથિ પણ એ કામજ ક્રોધ રૂપેછે. જેમ કોઇ પુરૂષ ધનાદિક પદાર્થની ઇચ્છા કરીને ધનવાળા પુરૂષની સમીપ જાય છે અને ત્યાં કોઇ દુષ્ટ પુરૂષ તે પુરૂષની ઇચ્છા પૂર્ણ થવા આપે નહિં તો તે પુરૂષનો ઇચ્છા-રૂપી કામ તે દુષ્ટ પુરૂષ ઉપર ક્રોધરૂપ થઇ પરિણામ પામેછે એ વાત સર્વ લોકમાં અનુ-ભવથી સિદ્ધછે માટે કામજ ક્રોધરૂપછે અને તે રજોગુણથી ઉત્પન્ન થયો છે, મ્હોટા આ-હારવાળો તે અત્યન્ત ઉગ્રછે માટે એ કામને તું વૈરીરૂપ જાણ. ॥ ૩૭ ॥

मूलम्--धूमेनाव्रियतेवन्हि-र्यथाऽदर्शो मलेन च ॥
यथोल्बेनावृतोगर्भ-स्तथातेनेदमावृतम् ॥३८॥

पदानि--धूमेन आव्रियते वन्हिः यथा आदर्श मलेन च ॥
यथा उल्वेन आवृतः गर्भः तथा तेन इदं आवृतम् ॥३८॥

अन्वयार्थः--**यथा** જેમ **धूमेन** ધુમાડાવડે **वन्हिः** અગ્નિ **आव्रियते** વ્યાપ્ત થાય છે **च** તથા **मलेन** "રજરૂપ" મલવડે **आदर्शः** દર્પણ "વ્યાપ્ત થાય છે" **यथा** જેમ **उल्वेन** જરાયુચર્મવડે **गर्भः** ગર્ભ **आवृतः** ઢંકાયેલો હોય **तथा** તેમ **तेन** તે "કામે" **इदं** આ "જ્ઞાન" **आवृत** ઢાંકેલું છે.

टीका—સ્થૂલ શરીરમાં પ્રકાશ પામેલો કામ સ્થૂલ કહેવાયછે અને તેજ કામ વિ-ષયોને ચિન્તન કરવાની અવસ્થામાં વારંવાર વૃદ્ધિ પામીને સ્થૂલત્તર કહેવાયછે. અને તેજ કામ વિષયોને ભોગવવાની અવસ્થામાં અત્યન્ત વૃદ્ધિને પ્રાપ્ત થઇ સ્થૂલતમ કહેવાય છે. એવી રીતે એકજ કામ સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ એવી ત્રણ અવસ્થાવાલો છે. ત્યાં કામની પ્રથમ સ્થૂલ અવસ્થામાં દ્રષ્ટાન્ત કહેછે કે જેમ અગ્નિની સાથે ઉત્પન્ન થયેલા આ અપ્રકાશરૂપ ધુમાડાથી પ્રકાશરૂપ અગ્નિ ચારે તરફ વ્યાપ્ત થાયછે તેમ સ્થૂલ કામથી જ્ઞાન વ્યાપ્ત થાયછે. હવે તે કામની બીજી સ્થૂલતર અવસ્થામાં બીજું દૃષ્ટાન્ત આવી રીતે છે કે દર્પણ ઉપર ઉત્પન્ન થયેલા રજરૂપ મલવડે તે દર્પણ ઢંકાયછે તેમ આ સ્થૂલતર કામ વડે જ્ઞાન ઢંકાય છે. હવે તે કામની ત્રીજી સ્થૂલતમ અવસ્થામાં આવી રીતે દૃષ્ટાન્ત છે કે જેમ માતાના ઉદરમાં રહેલો ગર્ભ ચારે તરફ જરાયુ નામના ચર્મથી ઢંકાયલો છે તેમ આ સ્થૂલતમ કામે જ્ઞાન ઢાંકી ધીધુંછે. એ પ્રકારે ત્રણ દૃષ્ટાન્તોની વિલક્ષણતાનો અંગીકાર કરીને તે કામની સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ એવી ત્રણ અવસ્થાઓમાં યથાક્રમથી તે ત્રણ દૃષ્ટાન્ત કહેલાંછે અને એ ત્રણ દૃષ્ટાન્તોમાં પરસ્પર એટલો ભેદછે કે ધુમાડાવડે વિંટા-યેલો અગ્નિ દાહાદિરૂપ પોતાના કાર્યને કરતો નથિ અને રજરૂપ મલવડે વિંટાયેલું દર્પણ પ્રતિબિમ્બના ગ્રહણરૂપ પોતાનું કાર્ય કરતું નથિ પણ પોતાના રૂપથી દેખાતું રહેછે તથા જરાયુચર્મથી વીંટાયેલો ગર્ભ હાથ પગ આદિકના પ્રસારણરૂપ પોતાનું કાર્ય કરતો નથિ અને પોતાના સ્વરૂપથી દેખાતો નથિ. ॥ ૩૮ ॥

મૂલમ્—आवृतंज्ञानमेतेन ज्ञानिनोनित्यवैरिणा ॥
कामरूपेणकौन्तेय दुष्पूरेणानलेनच ॥३९॥

પદાનિ—आवृतं ज्ञानं एतेन ज्ञानिनः नित्यवैरिणा ॥
कामरुपेण कौन्तेय दुष्पूरेण अनलेन च ॥ ३९ ॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર **ज्ञानिनः** જ્ઞાનનો **नित्यवैरिणा** નિત્યવૈરી **कामरुपेण** કામરૂપ **अनलेन च** અગ્નિ પેઠે **दुष्पूरेण** ધરાય નહિં એવા **एतेन** આ "કામે" **ज्ञानं** જ્ઞાન **आवृतं** ઢાંકી દીધેલું છે

टीका—હે કૌન્તેય ! આ કામ જ્ઞાની પૂરૂષને તો નિરન્તર વૈરીછે કારણ કે અજ્ઞાની પુરૂષ તો વિષયભોગકાળમાં તે કામને મિત્રની પેઠેજ જાણે છે અને જ્યારે તે અજ્ઞાની પુરૂષને તે કામનું કાર્યરૂપ દુઃખ આવી પડેછે ત્યારે તે અજ્ઞાની પુરૂષ, આ કામેજ મને આ દુઃખની પ્રાપ્તિ કરી એમ તે કામને શત્રુરૂપ જાણેછે માટે અજ્ઞાનીનો પણ કામ નિત્ય વૈરી છે પણ દુઃખરૂપ પરિણામ કાળમાં વૈરી છે અને જ્ઞાનવાન્ પુરૂષ તો વિષયકાળમાં પણ એને નિત્ય વૈરી જાણેછે તેથી એનો નિત્ય વૈરીછે માટે અગ્નિની પેઠે તૃપ્ત ન થતા એવા એ કામે જ્ઞાનને ઢાંકી દીધું છે. ॥ ૩૯ ॥

મૂલમ્—इन्द्रियाणिमनोबुद्धि-रस्याधिष्ठानमुच्यते ॥
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्यदेहिनं ॥ ४० ॥

પદાનિ—इन्द्रियाणि मनः बुद्धिः अस्य अधिष्ठानं उच्यते ॥
एतैः विमोहयति एषः ज्ञानं आवृत्य देहिनम् ॥४०॥

अन्वयार्थः—**इन्द्रियाणि** ઇન્દ્રિયો **मनः** મન **बुद्धि** બુદ્ધિ " એ ત્રણે " **अस्य** આ "કામના" **अधिष्ठानं** અધિષ્ઠાન **उच्यते** કહેવાય છે **एतैः** એ " ત્રણવડે " **एषः** આ "કામ" **ज्ञानं** જ્ઞાનને **आवृत्य** ઢાંકીને **देहिनं** પ્રાણીને **विमोहयति** મોહ પમાડે છે.

टीका—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચેને યથાક્રમથી વિષય કરનારાં શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસન અને પ્રાણ, એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે તથા વચન, આદાન, ગમન, આનન્દ અને વિસર્ગ, એ પાંચ ક્રિયાઓને ઉત્પન્ન કરનારી વાક્. પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો છે તથા સંકલ્પરૂપ મન, નિશ્ચયરૂપ બુદ્ધિ, એ સર્વે કામનું અધિષ્ઠાન કહેવાય છે. તેણે કરીને આ કામ વિવેકજ્ઞાનને ઢાંકી દેહાભિમાની પુરૂષને નાનાપ્રકારના મોહની પ્રાપ્તિ કરે છે.

મૂલમ્—तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्यभरतर्षभ ॥

पाप्मानंप्रजहिह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥४१॥

पदानि—तस्मात् त्वं इन्द्रियाणि आदौ नियम्य भरतर्षभ ॥
पाप्मानं प्रजहि हि एनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥

अन्वयार्थः—**भरतर्षभ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ **तस्मात्** તે કારણ માટે **त्वं** તું **आदौ** પ્રથમ **इन्द्रियाणि** ઇન્દ્રિયોને **नियम्य** વશ કરી ને **पाप्मानं** સર્વ પાપના મૂલભૂત **ज्ञानविज्ञाननाशनम्** જ્ઞાનવિજ્ઞાનનો નાશ કરનાર **एनं** આ " કામને " **हि** અવશ્ય **प्रजहि** નાશ કર.

टीका—હે અર્જુન ! જેમ કોઇ પર્વતમાં તથા કોઇ ગઢ આદિકમાં કોઈ રાજા રહેલો હોય તેને જીતવાને ઇચ્છનારો બીજો કોઇ રાજા તે પર્વત અથવા ગઢ આદિક પોતાને વશ કરીને તેમાં રહેલા રાજાનો નાશ કરે છે પણ પર્વત તથા ગઢને વશ કર્યા વિના નાશ કરી શકતો નથી, તેમ ઇન્દ્રિયોને વશ કર્યાવિના તે કામનો નાશ થઇ શકતો નથિ માટે પ્રથમ ઇન્દ્રિયોને વશ કરી, પાપી અને જ્ઞાન વિજ્ઞાનને નાશ કરનારા કામને અવશ્ય તું હણી નાખ. ॥ ૪૧ ॥

मूलम्—इन्द्रियाणिपराण्याहु-रिन्द्रियेभ्यः परंमनः ॥
मनसस्तुपराबुद्धि-र्योबुद्धेःपरतस्तुसः ॥ ४२ ॥

पदानि—इन्द्रियाणि पराणि आहुः इन्द्रियेभ्यः परं मनः ॥
मनसः तु परा बुद्धिः यः बुद्धेः परतः तु सः ॥ ४२ ॥

अन्वयार्थः—"વેદની શ્રુતિયો આ સ્થૂલ શરીરથી " **इन्द्रियाणि** " શ્રોત્રાદિ ઇન્દ્રિયોને **पराणि** પર **आहुः** કહે છે **इन्द्रियेभ्यः** ઇન્દ્રિયોથી **मनः** મન **परं** પર "છે" **तु** તથા **मनसः** મન થકી **बुद्धिः** બુદ્ધિ **परा** પર ' છે ' **तु** તથા **यः** જે **बुद्धेः** બુદ્ધિથી **परतः** પર રહેલો છે **सः** તે "આ પર આત્મા છે. "

टीका—સ્થૂલ, જડ અને બાહ્ય, એવા દેહાદિ અર્થોની અપેક્ષાથી શ્રોત્રાદિક પંચ જ્ઞાનેન્દ્રિયો સૂક્ષ્મ, પ્રકાશ, વ્યાપક તથા અન્દર રહેલી છે માટે વેદ જાણનારા પુરૂષો અથવા વેદની શ્રુતિયો દેહાદિ અર્થોથી શ્રોત્રાદિ ઇન્દ્રિયોને પર કહે છે. ઇન્દ્રિયોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે અને બુદ્ધિથી પણ જે પર રહેલો છે એ આત્મા છે. ॥ ૪૨ ॥

मूलम्—एवंबुद्धेःपरंबुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ॥
जहिशत्रुंमहाबाहो कामरूपंदुरासदम् ॥४३॥

पदानि—एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्य आत्मानं आत्मना ॥
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥ ४३ ॥

अन्वयार्थः—महाबाहो હે મ્હોટા હાથવાળા **एवं** એવી રીતે **बुद्धेः** બુદ્ધિથી **परं** પર **बुद्ध्वा** જાણીને, **आत्मानं** મનને **आत्मना** "નિશ્ચયરૂપ" બુદ્ધિવડે **संस्तभ्य** સ્થિર કરીને **कामरूपं** તૃષ્ણારૂપ **दुरासदम्** દુઃખવડે વશ થનારા **शत्रुं** કામરૂપ શત્રુને **जहि** નાશ કરે.

टीका—હે મહાબાહો ! આ સાક્ષી આત્મા બુદ્ધિથી પણ પર છે, એ પ્રકારની નિશ્ચયરૂપ બુદ્ધિ કરીને તથા મનને સ્થિર કરીને તું સર્વ પુરૂષાર્થને નાશ કર. કામરૂપી શત્રુ એ તૃષ્ણારૂપ છે તથા આત્માના સાક્ષાત્કાર વિના ઘણા દુઃખથી પણ નાશ કરવાને અશક્ય છે. એવા કામનો નાશ થયા પછી સર્વ અનર્થોની નિવૃત્તિ થાય છે પણ તે કામનો નાશ કર્યા વિનાજ જન્મ મરણાદિ અનર્થોની નિવૃત્તિ થતી નથિ. ॥ ૪૩ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायांयोगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगोनाम

तृतीयोऽध्यायः ॥ ३ ॥

ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्—इमंविवस्वतेयोगं प्रोक्तवानहमव्ययम् ॥
विवस्वान्मनवेप्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥

पदानि—इमं विवस्वते योगं प्रोक्तवान् अहं अव्ययम् ॥
विवस्वान् मनवे प्राह मनुः इक्ष्वाकवे अब्रवीत् ॥ १ ॥

अन्वयार्थः—**अहं** હું **इमं** આ **अव्ययं** નાશથી રહિત **योगं** યોગને **विवस्वते** સૂર્યને **प्रोक्तवान्** કહેતો હવો **विवस्वान्** સૂર્ય **मनवे** મનુને **प्राह** કહેતા હવા **मनुः** મનુ **इक्ष्वाकवे** ઇક્ષ્વાકુને **अब्रवीत्** કહેતા હવા.

टीका—હે અર્જુન ! નાશથી રહિત આ જ્ઞાનયોગને સૃષ્ટિના આદિકાળમાં મેં સૂર્યને કહેલો છે કારણ કે સૂર્ય ક્ષત્રિયવંશનું બીજ છે માટે તેથકી સર્વ ક્ષત્રિયોને જ્ઞાનયોગની પ્રાપ્તિદ્વારા બલની પ્રાપ્તિ થાય અને ક્ષત્રિયોને આધીન થયેલા સર્વ જગતનું પાલન થાય. ત્યારપછી તે મારા શિષ્ય સૂર્યે વૈવસ્વત નામના પોતાના પુત્રને એ જ્ઞાનયોગ કહ્યો અને એ વૈવસ્વત મનુએ પોતાના ઇક્ષ્વાકુ નામના પુત્રને એ જ્ઞાનયોગ કહ્યો અને એ ઇક્ષ્વાકુ સર્વ રાજાઓમાં આદિ રાજા હતા.

જોકે ભગવાનનો ઉપદેશ પ્રત્યેક મન્વન્તરોમાં સ્વાયંભુવ મનુને આદિ લઇ સર્વ મનુઓ પ્રત્યે સાધારણજ છે તથાપિ હાલના સમયમાં વિદ્યમાન વૈવસ્વત મન્વન્તરના અભિપ્રાયથી શ્રીભગવાને સૂર્યને આદિ લઈ વિદ્યાના સંપ્રદાયની ગણના કરી છે. ॥ ૧ ॥

मूलम्—एवंपरम्पराप्राप्त-मिमंराजर्षयोऽविदुः ॥
सकालेनेहमहता योगोनष्टःपरन्तप ॥२॥

पदानि—एवं परंपराप्राप्तं इमं राजर्षयः विदुः ॥
सः कालेन इह महता योगः नष्टः परंतपः ॥ २ ॥

अन्वयार्थः—**परन्तप** હે, શત્રુને તાપ પમાડનાર **एवं** એ પ્રકારે **परम्पराप्राप्तं** પરંપરાથી પ્રાપ્ત થયેલા **इमं** આ 'જ્ઞાનયોગને' **राजर्षयः** રાજર્ષિયો **अविदुः** જાણતા હવા **सः** તે **योगः** યોગ **इह** આ કાળમાં **महता कालेन** લાંબા કાળે કરીને **नष्टः** નાશ પામી ગયો છે.

टीका—હે અર્જુન ! એવીરીતે સૂર્યને આદિ લઇ ગુરૂ શિષ્યોની પરંપરાથી પ્રાપ્ત થયેલા જ્ઞાનયોગને નિમિ, જનક, અજાતશત્રુ અને કૈકેય આદિ રાજર્ષિયોએ પોત પોતાના આચાર્ય અને પિતા આદિકથી જાણેલો છે એ જ્ઞાનયોગને ધર્મની ન્યૂનતા કરનારા લાંબા કાળથી આ દ્વાપરયુગના અન્તમાં દુર્બલ, અજિતેન્દ્રિય અને અનધિકારી પુરૂષોને પ્રાપ્ત થઇ કામ ક્રોધાદિ વિકારોવડે પરાભવ પામી નાશ પામી ગયો છે. એ જ્ઞાનયોગ વિના અધિકારી મનુષ્યોને મોક્ષરૂપ પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ થઇ શકતી નથિ. ॥ ૨ ॥

मूलम्—सएवायंमयातेऽद्य योगः प्रोक्तः पुरातनः ॥
भक्तोऽसिमेसखाचेति रहस्यंह्येतदुत्तमम् ॥३॥

पदानि—सः एव अयं मया ते अद्य योगः प्रोक्तः पुरातनः ॥
भक्तः असि मे सखा च इति रहस्यं हि एतत् उत्तमम् ॥

अन्वयार्थः—**सः एव** તેજ **अयं** આ **पुरातनः** અનાદિ **योगः** યોગ **अद्य** હમણાં **मया** મે **ते** તને **प्रोक्तः** કહ્યો છે **हि** કારણ કે " તું " **मे** મારો **भक्तः** ભક્ત **च** તથા **सखा** મિત્ર **असि** છો **इति** એ માટે **एतत्** આ **उत्तमं** ઉત્તમ **रहस्यं** રહસ્ય " કહ્યું છે. "

टीका—જે જ્ઞાનયોગ મેં સૂર્યાદિ શિષ્યો પ્રત્યે ઉપદેશ કરેલો હતો તે જ્ઞાનયોગ હમણાં અધિકારી પુરૂષોના અભાવથી વિચ્છિન્ન સંપ્રદાયવાળો થયો છે. તથા જે જ્ઞાનયોગ વિના પુરૂષોને મોક્ષરૂપ પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ થતી નથિ તેજ અનાદિ જ્ઞાનયોગ મેં તને વિસ્તારથી કહ્યો પણ બીજા જેવા તેવા પુરૂપ પાસે કહ્યો નથિ કારણકે તું મારો ભક્ત, મારા ઉપર અત્યન્ત પ્રીતિવાળો, મારો સખા અર્થાત્ મારી સમાન અવસ્થાવાળો, મારે વિષે સ્નેહવાળો અને મારી સહાયતા કરનારો છે માટે આ જ્ઞાનયોગ મેં તને કહ્યો છે અને એ ઉત્તમ રહસ્ય છે. ॥ ૩ ॥

अर्जुनउवाच.

मूलम्—अपरंभवतोजन्म परंजन्मविवस्वतः ॥
कथमेतद्विजानीयां त्वमादौप्रोक्तवानिति ॥४॥

पदानि—अपरं भवतः जन्म परं जन्म विवस्वतः ॥
कथं एतत् विजानीयां त्वं आदौ प्रोक्तवान् इति ॥ ४ ॥

अन्वयार्थः—**भवतः** આપનો **जन्म** જન્મ **अपरं** પછી છે **विवस्वतः** સૂર્યનો **जन्म** જન્મ **परं** પર છે " માટે " **त्वं** તમે **आदौ** ' સૃષ્ટિના ' આદિકાળમાં " સ-

यैंप्रत्ये ज्ञानयोग " **प्रोक्तवान्** कहेता हवा **इति** ए प्रकारे **एतत्** ए **कथं** केवीरीते **वी-जानीयां** हुं निश्चय करूं.

टीका—हे भगवन् ! आपनो जन्म आ द्वापरयुगना अन्तमां वसुदेवना घरनेवि-षे थयोछे, ते जन्म पण मनुष्यत्वजातिवाळो होवाथी निकृष्ट छे अने सूर्यनो जन्म तो सृष्टिना आदि काळमां थयोछे तथा ते देवत्व जातिवाळो होवाथी उत्कृष्ट छे माटे आ का-ळमां उत्पन्न थयेला तमे सृष्टिना आदि काळमां उत्पन्न थयेला, सूर्यने आ ज्ञाननो उपदेश कर्यो ए वात मने अत्यन्त विरुद्ध लागेछे. ॥ ४ ॥

श्रीभगवानुवाच.

मूलम्—बहूनिमेव्यतीतानि जन्मानितवचार्जुन ॥
तान्यहंवेदसर्वाणि नत्वंवेत्थपरन्तप ॥ ५ ॥

पदानि—बहूनि मे व्यतीतानि जन्मानि तव च अर्जुन ॥
तानि अहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

अन्वयार्थः—**अर्जुन** हे अर्जुन **मे** मारा **च** तथा **तव** तारा **बहूनि** घणा **जन्मानि** जन्म **व्यतीतानि** गयेला छे **तानि** ते **सर्वाणि** सर्वने **अहं** हुं **वेद** जाणुं छुं **परन्तप** हे शत्रुने ताप पमाडनार **त्वं** तुं **न वेत्थ** जाणुतो नथि.

टीका—हे अर्जुन ! जेम आ लोक, सर्वदा विद्यमानसूर्यनो पण उदय थयेलो मा-ने छे तेम वस्तुताथी जन्मरहित एवा मारा लोकदृष्टिना अभिप्रायथी अनेक जन्म पूर्वे वी-ति गयाछे तेम तारा पण पुण्य पापने आधीनथी देहना ग्रहणरूप अनेक जन्म वीति गयाछे. ते मारा तारा तथा बीजा सर्व जीवना जन्मने हुं जाणी शकुंछुं पण ढंकायेली ज्ञानशक्तिवाळो तुं सर्व जन्मने जाणी शकतो नथी. ॥ ५ ॥

मूलम्—अजोऽपिसन्नव्ययात्मा भूतानामीश्वरोऽपिसन् ॥
प्रकृतिंस्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥६॥

पदानि—अजः अपि सन् अव्ययात्मा भूतानां ईश्वरः अपि सन् ॥
प्रकृतिं स्वां अधिष्ठाय संभवामि आत्ममायया ॥ ६ ॥

अन्वयार्थः—" हुं " **अजः सन्** जन्मथी रहित थइने **अपि** पण " तथा " **अव्ययात्मा** मरण रहित थइने " पण " **भूताना** प्राणियोनो **ईश्वरः सन्** ईश्वर थ-इने **अपि** पण **स्वां प्रकृतिं** पोतानी मायाने **अधिष्ठाय** आश्रय करीने **आत्ममायया** पोतानी मायावडे **संभवामि** जन्मवाळो थाउं छुं.

टीका—હું જન્મ મરણથી રહિત છું તથા બ્રહ્માને આદિ લઇ સ્તમ્બ પર્યન્ત સર્વ પ્રાણિમાત્રનો ઇશ્વરછું તથાપિ સત્વ, રજ અને તમ એવી ત્રિગુણરૂપ પ્રકૃતિને ચિદાભાસદ્વારા વશ કરી દેહવાળા પુરૂષોની પેઠે જન્મ પામીને જણાઉં છું અને મારામાં જે મનુષ્યત્વાદિક ધર્મ જણાયછે તે મારેવિષે વસ્તુતાથી નથિ પણ લોકોના ઊપર અનુગ્રહ કરવા માટે મારી માયાએ કરીને જણાય છે. ॥ ૬ ॥

मूलम्—यदायदाहिधर्मस्य ग्लानिर्भवतिभारत ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानंसृजाम्यहम् ॥७॥

पदानि—यदा यदा हि धर्मस्य ग्लानिः भवति भारत ॥
अभ्युत्थानं अधर्मस्य तदा आत्मानं सृजामि अहम् ॥७॥

अन्वयार्थः—**भारत** હે અર્જુન **हि** નિશ્ચે **यदा यदा** જે જે કાળમાં **धर्मस्य** ધર્મની **ग्लानिः** હાનિ **भवति** થાય છે " તથા " **अधर्मस्य** અધર્મની **अभ्युत्थान** વૃદ્ધિ " થાય છે " **तदा** તે કાળમાં **अह** હું **आत्मानं** દેહને **सृजामि** ઉત્પન્ન કરૂં છું.

टीका—હે અર્જુન ! અગ્નિહોત્રાદિક જે વેદે કહેલાં કર્મછે તેને કરવાં તે પ્રવૃત્તિધર્મ અને પરસ્ત્રીગમનાદિક જે ન કરવું તેનું નામ નિવૃત્તિરૂપ ધર્મ કહેવાય છે. એવા ધર્મની જે જે વખતે હાનિ થાય છે અને વેદે નિષિદ્ધ કરેલો તથા નાનાપ્રકારના દુઃખોના સાધનરૂપ તથા ધર્મનો વિરોધી જે અધર્મ તે જે જે કાળમાં વૃદ્ધિ પામે છે તે તે કાળમાં હુ દેહને સર્જુંછું અર્થાત્ નિત્યસિદ્ધ એવા દેહને માયાવડે જાણે રચેલો હોય એમ દેખાડુંછું. ॥ ૭ ॥

मूलम्—परित्राणायसाधूनां विनाशायचदुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय संभवामियुगेयुगे ॥ ८ ॥

पदानि—परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ ८ ॥

अन्वयार्थः—**साधूनां** શ્રેષ્ઠ ' પુરૂષોના ' **परित्राणाय** સારી રીતે રક્ષણ કરવામાટે **च** તથા **दुष्कृतां** પાપી ' પુરૂષોના ' **विनाशाय** નાશ કરવામાટે " તથા " **धर्मसंस्थापनार्थाय** ધર્મનું સ્થાપન કરવા માટે **युगे युगे** યુગ યુગનેવિષે **संभवामि** હું પ્રગટ થાઊં છું.

टीका—ધર્મની હાનિ થવાથી હાનિ પામનારા, નિરન્તર વેદપ્રતિપાદિત માર્ગમાં રહેલા, વેદવિહિત કર્મ કરનારા અને પોતાના પ્રાણનો નાશ થાય તોપણ સ્વધર્મનો ત્યાગ

ન કરનારા જે શ્રેષ્ઠ પુરૂષોછે તેઓનું નામ સાધુ પુરૂષો કહેવાય છે. તેઓનું રક્ષણ કરવા માટે અને અધર્મની વૃદ્ધિથી વૃદ્ધિ પામનારા, વેદ માર્ગના વિરોધી, શરીર મન તથા વાણીથી, નિરન્તર વેદે નિષેધ કરેલાં પાપકર્મને કરનારા દુષ્ટ પુરૂષોનો મૂલથી નાશ કરવા માટે અને ધર્મનું સારી રીતે સ્થાપન કરવા માટે હું યુગ યુગને વિષે પ્રગટ થાઉં છું. ॥૮॥

મૂલમ્—जन्मकर्मचमेदिव्य-मेवंयोवेत्तितत्वतः ॥
त्यक्त्वादेहंपुनर्जन्म नैतिमामेतिसोऽर्जुन ॥९॥

पदानि—जन्म कर्म च मे दिव्यं एवं यः वेत्ति तत्त्वतः ॥
त्यक्त्वा देहं पुनः जन्म न एति मां एति सः अर्जुन ॥९॥

अन्वयार्थः—अर्जुन હે અર્જુન **यः** જે **मे** મારા **दिव्यं** દિવ્ય **जन्म** જન્મને **च** તથા **कर्म** કર્મને **एवं** એવી રીતે **तत्त्वतः** તત્વથી **वेत्ति** જાણે છે **सः** તે **देहं** દેહને **त्यक्त्वा** ત્યાગ કરીને **पुनः** પછી **जन्म** જન્મને **न एति** પામતો નથિ “ પણ ” **मां** મને **एति** પામે છે.

टीका—હે અર્જુન ! મારૂં જન્મ અને કર્મ એ બેઉ દિવ્ય છે અર્થાત્ બીજા પ્રાકૃત પુરૂષોથી એ કરવાને અશક્ય છે. એવાં મારાં દિવ્ય જન્મકર્મને જે પુરૂષ તત્વથી જાણે છે તે પુરૂષ આ વર્તમાન શરીરનો ત્યાગ કરીને પછી બીજા જન્મને પામતો નથિ પણ તે મનેજ પામેછે. ॥ ૯ ॥

મૂલમ્—वीतरागभयक्रोधा मन्मयामामुपाश्रिताः ॥
बहवोज्ञानतपसा पूतामद्भावमागताः ॥१०॥

पदानि—वीतरागभयक्रोधाः मन्मयाः मां उपाश्रिताः ॥
बहवः ज्ञानतपसा पूताः मद्भावं आगताः ॥ १० ॥

अन्वयार्थः—वीतरागभयक्रोधाः રાગ ભય અને ક્રોધથી રહિત **मन्मयाः** મારે-વિષે ચિત્તવાળા **मां** મને **उपाश्रिताः** શરણ પ્રાપ્ત થયેલા **ज्ञानतपसा** જ્ઞાનરૂપ તપથી **पूताः** પવિત્ર થયેલા **बहवः** ઘણા “ પુરૂષો ” **मद्भावं** મારા સ્વરૂપને **आगताः** પામેલા છે.

टीका—સ્વર્ગાદિક ફલની પ્રાપ્તિની જે તૃષ્ણા તેનું નામ રાગ કહેવાય છે અને સ્ત્રી પુત્ર ધનાદિક સર્વે વિષયોનો ત્યાગ કરીને પછી જ્ઞાનમાર્ગમાં રહી, અમારૂં કેવી રીતે જીવન થશે એ પ્રકારનો જે ત્રાસ છે તેનું નામ ભય કહેવાય છે તથા સર્વે વિષયોને મૂલથી નાશ કરનારો જે જ્ઞાનમાર્ગ છે તે જ્ઞાનમાર્ગ કેવી રીતે અમારે હિતરૂપ થશે કે હિતરૂપ નહિં થાય એવી રીતનો જે દ્વેષ તેનું નામ ક્રોધ કહેવાય છે. તે રાગ, ભય અને ક્રોધ એ ત્રણે, વિવેકવડે જે પુરૂષોને નિવૃત્ત થયેલા હોય તેનું નામ વીતરાગભયક્રોધ એવું

કહેવાય છે અર્થાત્ એ શુદ્ધ અન્તઃકરણવાળા પુરૂષો છે. મારેવિષે ચિત્તવાળા તથા મને પ્રાપ્ત થયેલા અને જ્ઞાનરૂપ તપથકી પાપરહિત થયેલા ઘણા પુરૂષો મારા સ્વરૂપને પામ્યા છે. ॥ ૧૦ ॥

मूलम्—येयथामांप्रपद्यन्ते तांस्तथैवभजाम्यहम् ॥
ममवर्त्मानुवर्त्तन्ते मनुष्याः पार्थसर्वशः ॥११॥

पदानि—ये यथा मां प्रपद्यन्ते तान् तथा एव भजामि अहम् ॥
मम वर्त्म अनुवर्त्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ ११ ॥

अन्वयार्थः—**पार्थ** હે પૃથાના પુત્ર **ये** જે **यथा** જે પ્રકારે **मां** મને **प्रपद्यन्ते** ભજે છે **तान्** તેઓને **अहं** હું **तथा एव** તે પ્રકારેજ **भजामि** ભજું છું ' કારણકે ' **मनुष्याः** મનુષ્યો **सर्वशः** સર્વ પ્રકારે **मम** મારા **वर्त्म** માર્ગને **अनुवर्त्तन्ते** અનુસરે છે.

टीका—આ લોકમાં દુઃખવડે પીડાતા જે દુઃખી પુરૂષો છે તથા ધનાદિકથી પ્રાપ્તિની ઇચ્છા કરનારા જે અર્થાર્થી પુરૂષો છે તથા આત્મા જાણવાની ઇચ્છાવાળા જે જિજ્ઞાસુ પુરૂષો છે તથા તત્ત્વસાક્ષાત્કારવાળા જે જ્ઞાની પુરૂષો છે, તે ચાર પ્રકારના પુરૂષોમાં જે પુરૂષો સકામવડે અથવા નિષ્કામવડે મને ભજે છે તે પુરૂષોને તે મનવાંછિત ફલની હું અનુગ્રહ કરૂં છું પણ વિપરીત ફલની પ્રાપ્તિ કરતો નથિ. મોક્ષની ઇચ્છારહિત જે આર્ત્ત પુરૂષો છે તેની પીડાનો નાશ કરી અનુગ્રહ કરૂં છું મોક્ષની ઇચ્છાથી રહિત અર્થાર્થી પુરૂષોને ધનાદિક પદાર્થોની પ્રાપ્તિ કરી અનુગ્રહ કરૂં છું નિષ્કામ કર્મ કરનારા જિજ્ઞાસુને આત્મજ્ઞાનની પ્રાપ્તિવડે અનુગ્રહ કરૂં છું. જ્ઞાનવાન્ ભક્તોને મોક્ષની પ્રાપ્તિ કરી અનુગ્રહ કરૂં છું માટે કર્મના અધિકારી મનુષ્યો સર્વ પ્રકારે મારીજ ઉપાસના કરે છે. ॥ ૧૧ ॥

मूलम्—कांक्षन्तःकर्मणांसिद्धिं यजन्तइहदेवताः ॥
क्षिप्रंहिमानुषेलोके सिद्धिर्भवतिकर्मजा ॥१२॥

पदानि—कांक्षन्तः कर्म्मणां सिद्धिं यजन्ते इह देवताः ॥
क्षिप्रं हि मानुषे लोके सिद्धिः भवति कर्मजा ॥१२॥

अन्वयार्थः—**इह** આ લોકમાં **कर्मणां** કર્મોની **सिद्धिं** સિદ્ધિને **कांक्षन्तः** ઇચ્છા કરનારા " સકામ પુરૂષો " **देवताः** " ઇન્દ્રાદિક " દેવોને **यजन्ते** પૂજે છે **हि** કારણ કે **मानुषे लोके** મનુષ્ય લોકમાં **कर्मजा** કર્મથી થયેલી **सिद्धिः** સિદ્ધિ **क्षिप्रं** ઝટ **भवति** થાય છે.

टीका—જે સકામ પુરૂષો ઇન્દ્ર, અગ્નિ અને સૂર્યાદિ દેવતાઓને યજ્ઞાદિ કર્મવડે પ્રસન્ન કરે છે તે સકામ પુરૂષોને તે કર્મના ફલની પ્રાપ્તિ આ મનુષ્ય લોકમાં તત્કાલ

થાય છે પણ આત્મજ્ઞાનનું જે મોક્ષરૂપ ફલ છે તે તો અન્તઃકરણની શુદ્ધિવિના પ્રાપ્ત થતું નથિ કારણ કે મોક્ષરૂપી ફલ અન્તઃકરણશુદ્ધિની અપેક્ષા અવસ્ય કરે છે અને અન્તઃકરણની શુદ્ધિ અનેક જન્મનાં પુણ્યથી થાય છે માટે કર્મના ફલની પેઠે તે જ્ઞાનનું ફલ ઝટ પ્રાપ્ત થતું નથિ પણ સકામ પુરૂષોને તો કર્મથી થયેલું ફલ ઝટ પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥

मूलम्—चातुर्वर्ण्यंमयासृष्टं गुणकर्मविभागशः ॥
तस्यकर्त्तारमपिमां विद्ध्यकर्त्तारमव्ययम् ॥१३॥

पदानि—चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ॥
तस्य कर्त्तारं अपि मां विद्धि अकर्त्तारं अव्ययम् ॥१३॥

अन्वयार्थः—**मया** મેં **गुणकर्मविभागशः** ગુણકર્મના વિભાગે કરીને **चातुर्वर्ण्यं** ચાર વર્ણ **सृष्टं** સર્જેલા છે **तस्य** તેના **कर्त्तारं** કર્ત્તારૂપ **अपि** પણ **मां** મને **अकर्त्तारं** અકર્ત્તારૂપ **अव्ययं** અવ્યયરૂપ **विद्धि** જાણ.

टीका—મેં સૃષ્ટિના આદિ કાલમાં સત્વાદિ ગુણોના ભેદવડે તથા શમદમાદિક કર્મોના ભેદવડે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ ભિન્ન ભિન્ન કરી ઉત્પન્ન કરેલા છે તેમાં બ્રાહ્મણોનાં તો સત્ત્વગુણનાં કાર્યરૂપ શમદમાદિકજ કર્મ છે. સત્ત્વગુણ ગૌણ અને રજોગુણપ્રધાનવાળા ક્ષત્રિયને શૌર્ય તેજ આદિક કર્મ છે, તમો ગુણ ગૌણ અને રજોગુણપ્રધાનવાળા વૈશ્યને કૃષિ વાણિજ્યાદિક કર્મ છે. તમોગુણપ્રધાનવાળા શુદ્રને ત્રણ વર્ણની સેવાદિક કર્મ છે. એવી રીતે ગુણોના ભેદે કરીને તથા કર્મોના ભેદે કરીને ચાર વર્ણ રહેલા છે. તે વિષમ સ્વભાવવાળા ચાર વર્ણનો વ્યવહારદૃષ્ટિથી હું કર્તા છું તથાપિ પરમાર્થદૃષ્ટિથી તું મને અકર્ત્તારૂપ તથા અવ્યયરૂપ જાણ. ॥ ૧૩ ॥

मूलम्—नमांकर्माणिलिम्पन्ति नमेकर्मफलेस्पृहा ॥
इतिमांयोऽभिजानाति कर्मभिर्नसबद्ध्यते ॥१४॥

पदानि—न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ॥
इति मां यः अभिजानाति कर्मभिः न सः बद्ध्यते ॥१४॥

अन्वयार्थः—**मां** મને **कर्माणि** કર્મો **न** **लिम्पन्ति** લેપ કરી શકતાં નથિ **मे** મારે **कर्मफले** કર્મના ફલમાં **स्पृहा** ઇચ્છા **न** નથિ **इति** એ પ્રકારે **यः** જે **मां** મને **अभिजानाति** જાણે છે **सः** તે **कर्मभिः** કર્મોવડે **न** **बद्ध्यते** બન્ધાતો નથિ.

टीका—અહંકારરહિત હોવાથી કર્ત્તાપણાના અભિમાનથી રહિત એવો જે હું તેને આ જગતની ઉત્પત્તિની સ્થિતિ આદિ કર્મ લેપ કરી શકતાં નથિ, અર્થાત્ જેમ અજ્ઞા-

ની પુરૂષોને આ કર્મ દેહનો આરંભ કરીને બન્ધન કરે છે તેમ મને બન્ધન કરતાં નથિ માટે વ્યવહારદષ્ટિથી હું કર્મનો કર્ત્તા છું પણ વસ્તુતાથી અકર્ત્તારૂપ છું. જેમ અજ્ઞાની પુરૂષોને કર્મનાં સ્વર્ગાદિક ફલમાં તૃષ્ણા હોય છે તેમ મને તે કર્મના ફલમાં તૃષ્ણા નથિ કારણ કે હું આપ્તકામ છું. એ પ્રકારે જે પુરૂષ મને જાણે છે તે કર્મોવડે બન્ધન પામતો નથિ. ॥ ૧૪ ॥

मूलम्—एवंज्ञात्वाकृतंकर्म पूर्वैरपिमुमुक्षुभिः ॥
कुरुकर्मैवतस्मात्त्वं पूर्वैःपूर्वतरंकृतम् ॥१५॥

पदानि—एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैः अपि मुमुक्षुभिः ॥
कुरु कर्म एव तस्मात् त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥१५॥

अन्वयार्थः—**एवं** એવી રીતે **ज्ञात्वा** જાણીને **पूर्वैः मुमुक्षुभिः** પૂર્વના મુમુક્ષુઓએ **अपि** પણ **कर्म** કર્મ **कृतं** કરેલું છે " તથા " **पूर्वैः** તથી પણ પૂર્વમુમુક્ષુઓએ **पूर्वतरं** યુગાન્તરમાં પણ તે કર્મ **कृतं** કરેલું છે **तस्मात्** તે કારણમાટે **त्वं** તું **कर्म एव** કર્મનેજ **कुरु** કર.

टीका—આ દ્વાપર યુગમાં પૂર્વે મોક્ષની ઇચ્છાવાળા યયાતિ રાજા અને યદુ રાજા આદિક જે રાજાઓ થયેલા છે તેઓ આ આત્માને અકર્ત્તા અભોક્તા જાણીને પોતાના વર્ણાશ્રમ ધર્મને કરતા હતા પણ તે કર્મનો ત્યાગ કરીને મૌનપણાનું અથવા સંન્યાસનું ગ્રહણ નહોતા કરતા માટે તું પણ આત્માને અકર્ત્તા અભોકતા જાણીને કર્મ કર; પણ મૌનપણાનું અથવા સંન્યાસનું ગ્રહણ કરીશમાં. જો તું તત્ત્વવેત્તા ન હો તો પોતાના અન્તઃકરણની શુદ્ધિમાટે કર્મ કર અને જો તું તત્ત્વવેત્તા હો તો લોક સંગ્રહમાટે કર્મ કરવું યોગ્ય છે. ॥ ૧૫ ॥

मूलम्—किंकर्मकिमकर्मेति कवयोऽप्यत्रमोहिताः ॥
तत्तेकर्मप्रवक्ष्यामियज्ज्ञात्वामोक्ष्यसेऽशुभात् ॥१६॥

पदानि—किं कर्म किं अकर्म इति कवयः अपि अत्र मोहिताः ॥
तत् ते कर्म प्रवक्ष्यामि यत् ज्ञात्वा मोक्ष्यसे अशुभात् ।१६।

अन्वयार्थः—**कर्म** કર્મ **किं** શું છે **अकर्म** અકર્મ **किं** શું છે **इति** એ પ્રકારે **अत्र** આ અર્થમાં **कवयः** બુદ્ધિમન્ત **अपि** પણ **मोहिताः** મોહ પામેલા છે **तत्** તે કારણ માટે **ते** તને **कर्म** કર્મ અકર્મને **प्रवक्ष्यामि** કહીશ **यत्** જેને **ज्ञात्वा** જાણીને **अशुभात्** અશુભથી **मोक्ष्यसे** મુકાઇશ.

ટીકા—વસ્તુતાથી જોતાં કર્મ શું વસ્તુ છે તથા અકર્મ શું વસ્તુ છે, એ પ્રકારના અર્થમાં બુદ્ધિમન્ત પુરૂષો પણ મોહ પામેલા છે અર્થાત્ કર્મ અકર્મના સ્વરૂપનો નિર્ણય કરવામાં અસમર્થ થયેલા છે. કોઇક ટીકામાં તો શ્રુતિ સ્મૃતિયે જે કહેલું હોય તે કર્મ અને જે ન કહેલું હોય તે અકર્મ, એમ કર્મ અકર્મનું રૂપ કહેલું છે. કોઇ પંડિતો કહે છે કે શ્રુતિ સ્મૃતિયે કહેલા અર્થનું નામ કર્મ અને તે કર્મના સંન્યાસનું નામ અકર્મ કહેવાય છે. કોઇ કહે છે કે ગમનાદિક ક્રિયાનું નામ કર્મ અને તેથી રહિત થવાનું નામ અકર્મ છે. એવી રીતે કર્મ અકર્મના સ્વરૂપમાં વાદવિવાદ છે માટે કર્મ અને અકર્મનું સ્વરૂપ હું તને કહીશ કે જે જાણીને તું સંસારથી મુક્ત થઇશ. ॥ ૧૬ ॥

मूलम्—कर्मणोत्यपिबोद्धव्यं बोद्धव्यंचविकर्मण: ॥
अकर्मणश्चबोद्धव्यं गहनाकर्मणोगति: ॥१७॥

પદાનિ—कर्मण: अपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मण: ॥
अकर्मण: च बोद्धव्यं गहना कर्मण: गति: ॥१७॥

अन्वयार्थ:—कर्मण: " શાસ્ત્રવિહિત " કર્મનું **अपि** પણ " તત્વ " **बोद्धव्यं** જાણવા યોગ્ય છે **च** તથા **विकर्मण:** નિષિદ્ધ કર્મનું " પણ તત્ત્વ " **बोद्धव्यं** જાણવા યોગ્ય છે **च** તથા **अकर्म:** અકર્મનું " પણ તત્ત્વ " **बोद्धव्यं** જાણવા યોગ્ય છે **हि** કારણકે **कर्मण:** કર્મ વિકર્મ અને અકર્મનું **गति:** તત્વ **गहना** અત્યન્ત દુર્બોધ છે.

ટીકા—શાસ્ત્રે કહેલા અર્થનું નામ કર્મ કહેવાય છે. કર્મનું વાસ્તવ સ્વરૂપ તારે અવશ્ય જાણવા યોગ્ય છે કારણ કે કર્મનું સ્વરૂપ જાણ્યાવિના કર્મ કરી શકાતાં નથિ અને શ્રુતિ સ્મૃતિરૂપ શાસ્ત્રે નિષેધ કરેલા અર્થનું નામ વિકર્મ કહેવાય છે તે વિકર્મનું પણ વાસ્તવ સ્વરૂપ તારે અવશ્ય જાણવા યોગ્ય છે કારણ કે નિષિદ્ધ કર્મથી પાછું હઠી શકાતું નથિ. સર્વ વ્યાપાર રહિત થઇને જે મૌન થવું તેનું નામ અકર્મ કહેવાય છે તે અકર્મનું પણ વાસ્તવ સ્વરૂપ તારે અવશ્ય જાણવા યોગ્ય છે. કારણ કે કર્મ વિકર્મ અને અકર્મ એ ત્રણેનું વાસ્તવ સ્વરૂપ જાણવું એ ઘણું કઠિન છે. ॥ ૧૭ ॥

मूलम्—कर्मण्यकर्मय:पश्ये–दकर्मणिचकर्मय: ॥
सबुद्धिमान्मनुष्येषु सयुक्त:कृत्स्नकर्मकृत् ॥१८॥

પદાનિ—कर्मणि अकर्म य: पश्येत् अकर्मणि च कर्म य: ॥
स: बुद्धिमान् मनुष्येषु स: युक्त: कृत्स्नकर्मकृत् ॥१८॥

अन्वयार्थः—**यः** જે **कर्मणि** કર્મમાં **अकर्म** અકર્મને **पश्येत्** દેખે **च** તથા **यः** જે **अकर्मणि** અકર્મમાં **कर्म** કર્મને " દેખે " **सः** તે **मनुष्येषु** મનુષ્યોમાં **बुद्धिमान्** બુદ્ધિવાળો ' છે તથા ' **सः** તે **युक्तः** યોગયુક્ત ' તથા ' **कृत्स्नकर्मकृत्** સર્વ કર્મ કરનારો છે.

टीका—જેમ વહાણમાં બેઠેલા પુરૂષો કાંઠે રહેલા વૃક્ષોમાં ગમનરૂપ કર્મનું આરોપણ કરે છે તથાપિ વાસ્તવથી જોતાં તે વૃક્ષોમાં ગમનરૂપ કર્મનો અભાવ છે, તેમ મૂઢ પુરૂષો ક્રિયારહિત આત્મામાં દેહાદિકના વ્યાપારરૂપ કર્મનું આરોપણ કરે છે તથાપિ તે ક્રિયારહિત આત્મામાં વાસ્તવથી તે કર્મનો અભાવજ છે એમ જે પુરૂષ કર્મમાં અકર્મ દેખે છે તથા અકર્મમાં કર્મ દેખે છે તે પુરૂષ મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે અને તે યોગ યુક્ત તથા સર્વ કર્મ કરનારો છે. ॥ ૧૮ ॥

मूलम्—यस्यसर्वेसमारम्भाः कामसंकल्पवर्जिताः ॥
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुःपण्डितंबुधाः ॥१९॥

पदानि—यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ॥
ज्ञानाग्निदग्धकर्माणं तं आहुः पण्डितं बुधाः ॥ १९ ॥

अन्वयार्थः—**यस्य** જેના **सर्वे** સર્વ **समारम्भाः** કર્મો **कामसंकल्पवर्जिताः** કામ અને સંકલ્પથી રહિત છે **ज्ञानाग्निदग्धकर्माणं** જ્ઞાનરૂપી અગ્નિવડે બળેલાં છે કર્મ જેનાં એવા **तं** તેને **बुधाः** બ્રહ્મવેત્તાઓ **पण्डितं** પંડિત **आहुः** કહે છે.

टीका—જે પરમાર્થ જાણનારા પુરૂષ લૌકિક તથા વૈદિક કર્મ કરે છે પણ સ્વર્ગાદિક ફલોની તૃષ્ણારહિત થઇને તથા કર્ત્તાપણાના અભિમાનથી રહિત થઇને કરે છે તથા જ્ઞાનરૂપી અગ્નિવડે આ પ્રસિદ્ધ અગ્નિની પેઠે જેનાં શુભાશુભ કર્મ બળી ગયાં છે, તે વિદ્વાન્ પુરૂષને બ્રહ્મવેત્તા પુરૂષો વાસ્તવથી પંડિત કહે છે પંડિત શબ્દનો અર્થ આવી રીતે છે કે સર્વ ઠેકાણે ચૈતન્ય બ્રહ્મમાત્રને વિષય કરનારી જે વૃત્તિ છે તેનું નામ પંડા કહેવાય છે અને પંડા નામની વૃત્તિ જે પુરૂષના અન્તઃકરણમાં ઉત્પન્ન થાય તેનું નામ પંડિત કહેવાય છે. લોકમાં પણ સમ્યક્દર્શી પુરૂષજ પંડિત કહેવાય છે પણ ભ્રાન્ત પુરૂષ પંડિત કહેવાતો નથિ ॥ ૧૯ ॥

मूलम्—त्यक्त्वाकर्मफलासङ्गं नित्यतृप्तोनिराश्रयः ॥
कर्मण्यभिप्रवृत्तोऽपि नैवकिञ्चित्करोतिसः ॥२०॥

पदानि—त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तः निराश्रयः ॥
कर्मणि अभिप्रवृत्तः अपि न एव किंचित् करोति सः॥२०॥

अन्वयार्थः—**कर्मफलासङ्गं** કર્મફલના આસંગને **त्यक्त्वा** ત્યાગ કરીને **नित्यतृप्तः** નિત્યતૃપ્ત થઇ **निराश्रयः** નિરાશ્રય થઈ **कर्मणि** કર્મમાં **अभिप्रवृत्तः** પ્રવર્તેલો **अपि** પણ **सः** તે **किञ्चित्** કાંઇ પણ **न करोति एव** નથીજ કરતો.

टीका—હું આ કર્મોનો કર્તા છું એ પ્રકારના કર્તા પણાના અભિમાનનું નામ કર્માસંગ કહેવાય છે અને તે કર્મના સ્વર્ગાદિકફલોમાં જે ભોગની અભિલાષા તેનું નામ ફલાસંગ કહેવાય છે. તે કર્માસંગનો તથા ફલાસંગનો ત્યાગ કરીને અર્થાત્ આત્માના યથાર્થજ્ઞાનવડે તે આસંગનો બાધ કરીને જે પુરૂષ નિત્યતૃપ્ત થયેલો છે અર્થાત્ પરમાનન્દ સ્વરૂપના લાભવડે સર્વ પદાર્થોમાં આકાંક્ષારહિત થયેલો છે તે જીવન્મુક્ત પુરૂષ કર્મમાં પ્રવર્તેલો છે પણ કાંઇ કરતોજ નથિ. ॥ ૨૦ ॥

मूलम्—निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ॥
शारीरंकेवलंकर्म कुर्वन्नाप्नोतिकिल्बिषम् ॥२१॥

पदानि—निराशीः यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ॥
शारीरं केवलं कर्म कुर्वन् न आप्नोति किल्बिषम् ॥२१॥

अन्वयार्थः—**निराशीः** તૃષ્ણાથી રહિત **यतचित्तात्मा** ચિત્તરૂપી આત્માને નિયમમાં રાખનારો **त्यक्तसर्वपरिग्रहः** સર્વ પરિગ્રહનો ત્યાગ કરનારો "પુરૂષ" **केवलं** કેવળ **शारीरं** શરીરની સ્થિતિમાં ઉપયોગી **कर्म** "ભિક્ષાટનાદિ" કર્મને **कुर्वन्** કરતો છતો **किल्बिषम्** પાપને **न आप्नोति** પામતો નથિ.

टीका—સ્વર્ગાદિક ફલની તૃષ્ણાથી જે રહિત છે તથા જે પુરૂષે અન્તઃકરણરૂપ ચિત્તને તથા બાહ્ય ઇન્દ્રિયો સહિત દેહરૂપ આત્માને નિયમમાં રાખેલો છે તે જીતેન્દ્રિય પુરૂષ તૃષ્ણારહિત હોવાથી સર્વ પરિગ્રહનો ત્યાગ કરનારો છે અને તે કર્તાપણાના અભિમાનથી રહિત થઇ શરીરની સ્થિતિમાં ઉપયોગી એવા ભિક્ષાટનાદિ કર્મ કરે છે તો પણ પાપને પામી શકતો નથિ. યતિયે ભિક્ષા અન્નવડે શરીરનો નિર્વાહ કરવો એ વાત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે એવી રીતે કે **यतयोभिक्षार्थग्रामंप्रविशन्ति** સંન્યાસિયો ભિક્ષાનેમાટે ગામમાં પેસે છે. ઇત્યાદિક શાસ્ત્રે સંન્યાસિયોને ભિક્ષા કરવામાટે જે પ્રયત્ન કહેલો છે તેવી રીતે તે પ્રયત્ન સંન્યાસિયે કરવો બીજા શાસ્ત્રમાં પણ એવી રીતે વાત લખી છે કે ॥ **कौपीनयुगलंवासः कन्थांशीतनिवारिणीं ॥ पादुकेचापिगृह्णीयात्कुर्यान्नान्यस्यसंग्रहं** ॥ આ શ્લોકનો અર્થ આવી રીતે છે કે સન્યાસી બે કૌપીનને તથા તે કૌપીન ઉપર બાંધવામાટે એ કટિવસ્ત્રને તથા શીતની નિવૃત્તિ કરવામાટે કામળાદિ કન્થાને તથા પાદુકાને ગ્રહણ કરે પણ એથી અધિક દ્રવ્યાદિક પદાર્થોનો સંગ્રહ સંન્યાસિયે કરવો નહિ એમ શરીરની સ્થિતિમાટે ભિક્ષાદિક કર્મ કરનાર પુરૂષ પાપ પામતો નથિ. ॥ ૨૧ ॥

मूलम्—यदृच्छालाभसन्तुष्टो-द्वन्द्वातीतोविमत्सरः ॥

समःसिद्धावसिद्धौच कृत्वापिननिबद्ध्यते ॥२२॥

पदानि—यदृच्छालाभसंतुष्टः द्वन्द्वातीतः विमत्सरः ॥

समः सिद्धौ असिद्धो च कृत्वा अपि न निबद्ध्यते ॥२२॥

अन्वयार्थः—**यदृच्छालाभसन्तुष्टः** દૈવ ઇચ્છાથી મળેલા લાભવડે સન્તોષ પામેલો **द्वन्द्वातीतः** ' સુખ દુઃખાદિ ' દ્વન્દ્વધર્મોથી રહિત **विमत्सरः** મત્સરથી રહિત **सिद्धौ** સિદ્ધિમાં **च** તથા **असिद्धौ** અસિદ્ધિમાં **समः** સમાન " પુરૂષ તે ભિક્ષાટનાદિક કર્મોને " **कृत्वा** કરીને **अपि** પણ **न निबद्ध्यते** બન્ધન પામતો નથિ

टीका—સંન્યાસી પ્રત્યે શાસ્ત્રે વિધાન કરેલો જે શરીરની સ્થિતિમાત્રમાં ઉપયોગી પ્રયત્નથી ભિન્ન એવા જે યાચના કૃષિ સેવા અને વાણિજ્યાદિક પ્રયત્ન શાસ્ત્રે નિષેધ કરેલા છે તે શાસ્ત્રનિષિદ્ધ પ્રયન્તોને ન કરવા તેનું નામ યદચ્છા કહેવાય છે. તે યદચ્છાથી મળેલા લાભવડે સન્તોષ પામેલો તથા સુખ દુઃખાદિક દ્વન્દ્વધર્મોથી રહિત તથા મત્સરથી રહિત તથા તથા પ્રાપ્તિ અપ્રાપ્તિમાં સમાન એવો પુરૂષ કર્મ કરીને પણ બન્ધન પામતો નથી ॥ ૨૨ ॥

मूलम्—गतसङ्गस्यमुक्तस्य ज्ञानावस्थितचेतसः ॥

यज्ञायाचरतःकर्म समग्रंप्रविलीयते ॥ २३ ॥

पदानि—गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ॥

यज्ञाय आचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥

अन्वयार्थः—**गतसङ्गस्य** ફલની અભિલાષાથી રહિત **मुक्तस्य** મુક્ત **ज्ञानावस्थितचेतसः** જ્ઞાનમાં રહેલું છે ચિત્ત જેનું એવા **यज्ञाय** યજ્ઞનેમાટે **आचरतः** આચરણ કરનારા ' વિદ્વાન્ પુરૂષનુ ' **कर्म** કર્મ **समग्रं** ફલસહિત **प्रविलीयते** નાશ પામે છે.

टीका—જે પુરૂષ સ્વર્ગાદિક ફલોની અભિલાષાથી રહિત છે તથા જે પુરૂષ ' હું કર્ત્તા છું હું ભોક્તા છું, એ પ્રકારના કર્ત્તાપણાના તથા ભોક્તાપણાના અધ્યાસથી રહિત છે તથા જે પુરૂષ જ્ઞાનમાં રહેલા ચિત્તવાળો છે તથા યજ્ઞાદિકના સંરક્ષણમાટે આચરણ કરનારો છે તે વિદ્વાન્ પુરૂષના યજ્ઞાદિક કર્મ ફલસહિત નાશ પામે છે. ॥૨૩॥

मूलम्—ब्रह्मार्पणंब्रह्महवि-र्ब्रह्माग्नौब्रह्मणाहुतम् ॥

ब्रह्मैवतेनगन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥

પદાનિ—ब्रह्मार्पणं ब्रह्म हविः ब्रह्माग्नौ ब्राह्मणा हुतम् ॥
ब्रह्म एव तेन गन्तव्यं ब्रह्म कर्म समाधिना ॥ २४ ॥

अन्वयार्थः—**अर्पणं** અર્પણ **ब्रह्म एव** બ્રહ્મજ છે " તથા " **हविः** હુતદ્રવ્ય ' પણ ' **ब्रह्म** બ્રહ્મ છે ' તથા ' **ब्रह्माग्नौ** બ્રહ્મરૂપ અગ્નિમાં **ब्रह्मणा** બ્રહ્મરૂપ કર્ત્તાએ 'જે હવન કરેલું છે તે' **हुत** હોમેલું ' પણ ' **ब्रह्म** બ્રહ્મ છે **तेन** તે હવનવડે **गन्तव्य** પામવા યોગ્ય ' સ્વર્ગાદિક પણ ' **ब्रह्म** બ્રહ્મ છે ' તથા ' **कर्मसमाधिना** કર્મમાં બ્રહ્મ બુદ્ધિવાળા પુરૂષે ' બ્રહ્મજ પામવા યોગ્ય છે.

टीका—અર્પણ બ્રહ્મ છે તથા હુતદ્રવ્ય પણ બ્રહ્મ છે તથા બ્રહ્મરૂપ કર્ત્તાએ જે હવન કરેલું છે તે હવન પણ બ્રહ્મ છે તથા તે હવનવડે પ્રાપ્ત થવાયોગ્ય સ્વર્ગાદિક પણ બ્રહ્મરૂપજ છે તથા કર્મને વિષે બુદ્ધિવાળા પુરૂષને પણ પરમાનન્દ સ્વરૂપ એવું બ્રહ્મજ પામવા યોગ્ય છે. ॥ ૨૪ ॥

मूलम्—दैवमेवापरेयज्ञं योगिनःपर्युपासते ॥
ब्रह्माग्नावपरेयज्ञं यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥

पदानि—दैवे एव अपरं यज्ञं योगिनः पर्युपासते ॥
ब्रह्माग्नौ अपरे यज्ञं यज्ञेन एव उपजुह्वति ॥ २५ ॥

अन्वयार्थः—**अपरे** બીજા **योगिनः** કર્મયોગી ' પુરૂષો ' **दैवे** દેવ **यज्ञं एव** યજ્ઞનેજ **पर्युपासते** નિરન્તર કરે છે " અને " **अपरं** બીજા ' તત્વવેત્તા પુરૂષો ' **ब्रह्माग्नौ** બ્રહ્મરૂપ અગ્નિમાં **यज्ञ** યજ્ઞરૂપ આત્માને **यज्ञेन एव** યજ્ઞરૂપ આત્માવડેજ **उपजुह्वति** હોમ કરે છે.

टीका—જે કર્મ કરવાથી ઇન્દ્ર, અગ્નિ અને વાયુ આદિક દેવ સન્તોષ પમાડાય તે કર્મનું નામ દૈવ કહેવાય છે અને એવા દર્શ પૂર્ણમાસ અને જ્યોતિષ્ટોમ આદિક યજ્ઞ છે. તે દૈવ યજ્ઞનેજ કર્મ કરનારા કેટલાક પુરૂષો નિરન્તર કરેછે પણ તે કર્મ કરનારા પુરૂષો જ્ઞાનયજ્ઞને કોઇ વખતે કરતા નથિ અને સત્ય, જ્ઞાન, તથા આનન્દરૂપ બ્રહ્મ સર્વ કર્મને બાળે છે માટે અગ્નિરૂપ છે. તે બ્રહ્મરૂપ અગ્નિમાં તત્ત્વવેત્તા પુરૂષો આત્માને આત્માવડેજ હોમ કરે છે

मूलम्—श्रोत्रादीन्द्रियाण्यन्ये संयमाग्निषुजुह्वति ॥
शब्दादीन्विषयानन्ये इन्द्रियाग्निषुजुह्वति ॥ २६ ॥

पदानि—श्रोत्रादीनि इन्द्रियाणि अन्ये संयमाग्निषु जुह्वति ॥

शब्दादीन् विषयान् अन्यः इन्द्रियाग्निषु जुह्वति ॥२६॥

अन्वयार्थ—अन्ये બીજા પુરૂષો "તો" **श्रोत्रादीनि** શ્રોત્રાદિક **इन्द्रियाणि** ઇન્દ્રિયોને **संयमाग्निषु** સંયમરૂપ અગ્નિયોમાં **जुह्वति** હોમે છે **अन्ये** બીજા "કોઇ પુરૂષો તો" **शब्दादीन्** શબ્દાદિક **विषयान्** વિષયોને **इन्द्रियाग्निषु** 'શ્રોત્રાદિક' ઇન્દ્રિયોરૂપ અગ્નિયોમાં **जुह्वति** હોમે છે.

टीका—જે કોઇ અધિકારી પુરૂષ યમ, નિયમ, આસન અને પ્રાણાયામ, એ ચારને સિદ્ધ કરી પ્રત્યાહાર પરાયણ થાય છે તે અધિકારી પુરૂષ શ્રોત્રાદિક પંચ જ્ઞાનેન્દ્રિયોને પોત પોતાના શબ્દાદિક વિષયોથી નિવૃત્તકરીને સંયમરૂપ અગ્નિમાં હોમ કરે છે **त्रयमेकत्र संयमः** એવી રીતના પતંજલિ ભગવાનના સૂત્રમાં એક વસ્તુને વિષય કરનારાં જે ધ્યાન, ધારણા અને સમાધિ, તેનું નામ સંયમ કહેવાય છે. ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણની સિદ્ધિમાટે શ્રોત્રાદિ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોથી જે પાછી ખેંચવી તેનું નામ પ્રત્યાહાર છે, સમાધિથી ઉઠેલા કોઇ યોગી પુરૂષો રાગદ્વેષથી રહિત થઇ શાસ્ત્રોથી અવિરૂદ્ધ એવા શબ્દાદિ વિષયોને શ્રોત્રાદિ ઇન્દ્રિયોવડે ગ્રહણ કરે છે એજ તે શબ્દાદિ વિષયોનો શ્રોત્રાદિક ઇન્દ્રિયોમાં હોમે છે, ॥ ૨૬ ॥

मूलम्—सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणिचापरे ॥
आत्मसंयमयोगाग्नौ जुह्वतिज्ञानदीपिते ॥२७॥

पदानि—सर्वाणि इन्द्रियकर्माणि प्राणकर्माणि च अपरे ॥
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥२७॥

अन्वयार्थः—**अपरे** બીજા "કોઇ અધિકારિયો તો" **सर्वाणि** સર્વ **इन्द्रियकर्माणि** ઇન્દ્રિયોનાં કર્મને **च** તથા **प्राणकर्माणि** પ્રાણકર્મોને **ज्ञानदीपिते** જ્ઞાનવડે પ્રકાશ પમેલા **आत्मसंयम योगाग्नौ** આત્મસંયમયોગરૂપ અગ્નિમાં **जुह्वति** હોમ કરે છે.

टीका—બીજા કોઇ અધિકારી પુરૂષો તો ઇન્દ્રિયોનાં સર્વે કર્મને તથા પ્રાણોનાં સર્વે કર્મને જ્ઞાનવડે પ્રકાશ પામેલા અર્થાત્ વેદાન્તવાક્યવડે બ્રહ્મસાક્ષાત્કારથી કાર્યસહિત અવિદ્યાના નાશદ્વારા અત્યન્ત ઉજ્વલિત છે એવા આત્મસંયમયોગરૂપ અગ્નિમાં હોમ કરે છે. ॥ ૨૭ ॥

मूलम्—द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ॥
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयःसंशितव्रताः ॥२८॥

पदानि—द्रव्ययज्ञाः तपोयज्ञाः योगयज्ञाः तथा अपरे ॥

स्वाध्यायज्ञानयज्ञाः च यतयः संशितव्रताः ॥२८॥

अन्वयार्थः--**अपरे** બીજા 'કોઇક અધિકારી પુરૂષો ' **द्रव्ययज्ञाः** દ્રવ્યના ત્યાગરૂપ યજ્ઞવાળા **तपोयज्ञाः** તપરૂપ યજ્ઞવાળા **तथा** તથા **योगयज्ञाः** યોગરૂપ યજ્ઞવાળા **च** તથા **स्वाध्यायज्ञानयज्ञाः** વેદાભ્યાસરૂપ અને જ્ઞાનરૂપ યજ્ઞવાળા છે ' તથા કોઇ ' **यतयः** યત્નશીલ ' પુરૂષો ' **संशितव्रताः** અત્યન્ત દૃઢ વ્રતરૂપ યજ્ઞ કરનારા છે.

टीका—શાસ્ત્રના વિધિ પ્રમાણે દાન કરવારૂપી જેને યજ્ઞ છે તે અધિકારી પુરૂષ દ્રવ્યયજ્ઞ કહેવાય છે અને જે પુરૂષ કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિ તપરૂપ યજ્ઞ કરે છે તે તપોયજ્ઞ કહેવાય છે અર્થાત્ કોઇક તપસ્વી પુરૂષ કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિક તપરૂપ યજ્ઞનેજ કરે છે. ચિત્તની વૃત્તિના નિરોધરૂપ જે અષ્ટાંગયોગ છે, તે યોગરૂપ જેને યજ્ઞ છે તે પુરૂષ યોગયજ્ઞ કહેવાય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગ કહેવાય છે. કેટલાક પુરૂષો વેદાભ્યાસ અને જ્ઞાનરૂપ યજ્ઞ કરનારા છે તથા કોઇ યત્નશીલ પુરૂષો અત્યન્ત દૃઢ વ્રતરૂપ યજ્ઞ કરનારા છે. ॥ ૨૮ ॥

मूलम्--अपानेजुह्वतिप्राणं प्राणेऽपानंतथाऽपरे ॥
प्राणापानगतीरुध्वा प्राणायामपरायणाः ॥२९॥
अपरेनियताहाराः प्राणान्प्राणेषुजुह्वति ॥

पदानि—अपाने जुह्वति प्राणं प्राणे अपानं तथा अपरे ॥
प्राणापानगतीः रुध्वा प्राणायामपरायणाः ॥२९॥
अपरे नियताहाराः प्राणान् प्राणेषु जुह्वति ॥

अन्वयार्थः—**अपरे** બીજા ' અધિકારી પુરૂષો તો ' **अपाने** અપાનમાં **प्राणं** પ્રાણને **जुह्वति** હોમે છે **तथा** તથા **प्राणे** પ્રાણમાં **अपानं** અપાનને ' હોમે છે ' **नियताहाराः** નિયત આહારવાળા **अपरे** બીજા ' અધિકારી પુરૂષો તો ' **प्राणापानगतीः** પ્રાણાપાનની ગતિયોને **रुध्वा** રોકીને **प्राणायामपरायणाः** પ્રાણાયામપરાયણ થઇ **प्राणेषु** પ્રાણોનેવિષે **प्राणान्** પ્રાણોને **जुह्वति** હોમે છે.

टीका—કોઇ અધિકારી પુરૂષો તો અપાનની પ્રશ્વાસરૂપ વૃત્તિમાં પ્રાણની શ્વાસરૂપ વૃત્તિનો હોમ કરે છે, અર્થાત બાહ્ય વાયુનો શરીરની અન્દર પ્રવેશ કરીને પૂરક નામના પ્રાણાયામને કરે છે તથા તે અધિકારી પુરૂષો પ્રાણની શ્વાસરૂપ વૃત્તિમાં અપાનની પ્રશ્વાસરૂપ વૃત્તિનો હોમ કરે છે અને આહારને નિયમમાં રાખનારા બીજા કોઇ પુરૂષો તો પ્રાણ અને અપાનની ગતિયો રોકી પ્રાણાયામ પરાયણ થઇ પ્રાણોનેવિષે જ્ઞાનકર્મેન્દ્રિયરૂપ પ્રાણનો હોમ કરે છે. પ્રાણાયામનેમાટે ભગવાન્ પતંજલિનું સૂત્ર છે તે આ પ્રમાણે.

तस्मिन्सतिश्वासप्रश्वास योर्गतिविच्छेदलक्षणःप्राणायामःइति ॥ તે આસન સ્થિર થ-યાપછી શ્વાસ અને પ્રશ્વાસની ગતિને રૂંધવારૂપ લક્ષણવાળો પ્રાણાયમ છે. ॥ ૨૯ ॥

सर्वेऽप्येतेयज्ञविदो-यज्ञक्षपितकल्मषाः ॥३०॥
मूलम्—यज्ञशिष्टामृतभुजो-यान्तिब्रह्मसनातनम् ॥
नायंलोकोस्त्ययज्ञस्य कुतोऽन्यःकुरुसत्तम ॥३१॥

पदानि—सर्वे अपि एते यज्ञविदः यज्ञक्षपित कल्मषाः ॥३०॥
यज्ञशिष्टामृतभुजःयान्ति ब्रह्म सनातनम् ॥
न अयं लोकः अस्ति अयज्ञस्य कुतः अन्य कुरुसत्तम ॥

अन्वयार्थः—यज्ञविदः યજ્ઞને જાણનારા यज्ञक्षपितकल्मषाः યજ્ઞવડે નાશ પામેલાં છે પાપ જેઓનાં એવા ' તથા ' यज्ञशिष्टामृतभुजः યજ્ઞોના ઉત્તર કાળમાં અમૃતરૂપ અન્નનું ભોજન કરનારા एते આ सर्वे अपि સર્વ પણ सनातनम् નિત્ય ब्रह्म બ્રહ્મને यान्ति પામે છે कुरुसत्तम હે કુરૂકુલમાં અતિશ્રેષ્ઠ अयज्ञस्य યજ્ઞોથી રહિત પુરૂષને अयं આ लोकः મનુષ્યલોક ' પણ ' न अस्ति નથિ ' મળતો તો પછી ' अन्यः સ્વર્ગાદિક લોક कुतः ક્યાંથી મળે.

टीका—યજ્ઞો કરવાથી જેનાં પાપ કર્મ નાશ પામેલાં છે તથા તે યજ્ઞોને જાણનારા અને કરનારા તથા યજ્ઞોમાં બાકી રહેલા અમૃતરૂપ અન્નનું ભોજન કરનારા પુરૂષો અન્તઃકરણની શુદ્ધિદ્વારા તથા જ્ઞાનની પ્રાપ્તિદ્વારા નિત્ય બ્રહ્મનેજ પામે છે અર્થાત્ આ જન્મમરણાદિરૂપ સંસારથી મુક્ત થાય છે. પણ જે પુરૂષો કોઇ પણ યજ્ઞ કરતા નથિ તેને અલ્પસુખવાળું મનુષ્યલોક પણ પ્રાપ્ત થતું નથિ અને તે યજ્ઞને ન કરનાર પુરૂષ શિષ્ટ પુરૂષોને નિન્દ્ય છે માટે દુઃખી છે. મનુષ્યલોકનું સુખ ન મળે તો પછી ઘણા પુણ્યવાળું સ્વર્ગાદિક સુખ ન મળે તેમાંશું કહેવું ॥ ૩૧ ॥

मूलम्—एवंबहुविधायज्ञा वितताब्रम्हणोमुखे ॥
कर्मजान्विद्धितान्सर्वा-नेवंज्ञात्वाविमोक्ष्यसे ॥३२॥

पदानि—एवं बहुविधाः यज्ञाः वितताः ब्रह्मणः मुखे ॥
कर्मजान् विद्धि तान् सर्वान् एवं ज्ञात्वा विमोक्ष्यसे ३२

अन्वयार्थः—एवं એ પ્રકારે बहुविधाः બહુ પ્રકારના यज्ञाः યજ્ઞો ब्रह्मणः વેદના मुखे મુખમાં वितताः વિસ્તાર પામેલા છે तान् તે सर्वान् સર્વ યજ્ઞોને कर्मजान् કર્મ-

थी थयेला विद्धि જાણ एवं એ પ્રકારે ज्ञात्वा જાણીને 'તું આ સંસારથી' विमोक्ष्यसे મુક્ત થઇશ.

टीका—સર્વ વૈદિક શ્રેયના સાધનરૂપ જે યજ્ઞો, તે ઋક્ આદિક વેદના મુખમાં વિસ્તાર પામેલા છે અર્થાત્ ઋગાદિક વેદદ્વારાજ તે સર્વ યજ્ઞ જાણવામાં આવે છે પણ કેવળ મારી કલ્પનાથી મેં તે યજ્ઞ કહેલા નથિ. તે સર્વ યજ્ઞ કાયિક વાચિક અને માનસ કર્મોથી ઉત્પન્ન થયેલા છે એમ તું જાણ પણ તે યજ્ઞ આત્માથી ઉત્પન્ન થયેલા જાણવા નહિ કારણ કે આત્મા સર્વ વ્યાપારોથી રહિત છે એ પ્રકારે જાણીને તું આ સંસારથી મુક્ત થઇશ. ॥ ૩૨ ॥

मूलम्—श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञःपरन्तप ॥
सर्वंकर्माखिलंपार्थ ज्ञानेपरिसमाप्यते ॥३३॥

पदानि—श्रेयान् द्रव्यमयात् यज्ञात् ज्ञानयज्ञःपरंतप ॥
सर्वं कर्म अखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥३३॥

अन्वयार्थः—**परन्तप** હે શત્રુને તાપ પમાડનાર **द्रव्यमयात्** દ્રવ્યમય **यज्ञात्** યજ્ઞથી **ज्ञानयज्ञः** જ્ઞાનયજ્ઞ **श्रेयान्** અત્યન્ત શ્રેષ્ઠ છે" કારણ કે ' **पार्थ** હે પાર્થ **सर्वं** સર્વ **अखिलं** સઘળું **कर्म** કર્મ **ज्ञाने** જ્ઞાનમાં **परिसमाप्यते** સમાપ્તિ પામે છે.

टीका—દ્રવ્યમય યજ્ઞને આદિ જ્ઞાનયજ્ઞથી શૂન્ય જેટલા યજ્ઞો છે તે સર્વ યજ્ઞથી જ્ઞાનયજ્ઞ અત્યન્ત શ્રેષ્ટ છે કારણ કે જ્ઞાનયજ્ઞથી શૂન્ય એવા સર્વ યજ્ઞ તો સંસારરૂપ ફલનીજ પ્રાપ્તિ કરનારા છે અને જ્ઞાનયજ્ઞ તો મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ કરનારો છે. ત્યાં શ્રુતિ. ॥ **ज्ञानादेवतुकैवल्यं** ॥ અધિકારી પુરુષને જ્ઞાનથીજ મોક્ષની પ્રાપ્તિ થાય છે. અગ્નિહોત્ર, જ્યોતિષ્ટોમ, સોમયજ્ઞ અને ચયન યજ્ઞાદિક શ્રૌત કર્મ તથા ઉપાસનાદિક જેટલાં સ્માર્ત કર્મ છે તે સર્વ કર્મ પાપરૂપ પ્રતિબન્ધની નિવૃત્તિદ્વારા જ્ઞાનમાંજ સમાપ્તિ પામે છે. ॥ ૩૩ ॥

मूलम्—तद्विद्धिप्रणिपातेन परिप्रश्नेनसेवया ॥
उपदेक्ष्यन्तितेज्ञानं ज्ञानिनस्तत्वदर्शिनः ॥३४॥

पदानि—तत् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ॥
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः ॥३४॥

अन्वयार्थः **तत्** તે 'જ્ઞાનને વિદ્વાન્ આગળ' **प्रणिपातेन** દંડવત્ પ્રણામ કરીને **परिप्रश्नेन** પ્રશ્ન કરીને **सेवया** સેવા કરીને **विद्धि** જાણ **तत्त्वदर्शिनः** તત્વ જાણનારા **ज्ञानिनः** જ્ઞાનિયો **ते** તને **ज्ञानं** જ્ઞાનને **उपदेक्ष्यन्ति** ઉપદેશ કરશે.

टीका—તુ અવશ્ય જ્ઞાનને પ્રાપ્ત થા અને જ્ઞાનની પ્રાપ્તિમાટે આની રીતનો ઉપાયકર. **आचार्यवान् पुरुषोवेद** એ શ્રુતિયે બ્રહ્મવેત્તા આચાર્યના ઉપદેશથીજ જ્ઞાનની પ્રાપ્તિ થાય એમ કહેલું છે માટે તું બ્રહ્મવેત્તા આચાર્યની સમીપ જઇ પ્રથમ દંડવત્ પ્રણામ કર તથા સર્વ પ્રકારે આચાર્યની અનુકૂલતા સંપાદન કરનારી સેવા કર. ત્યાર પછી આચાર્યને એવી રીતે પૂછ કે હે ભગવન્ ! હું કોણ છું ? અને કેવી રીતે બન્ધાયેલો છું ? તથા કયા ઉપાયવડે આ સંસારથી મુક્ત થઇશ ? એ પ્રકારનો પ્રશ્ન તે આચાર્યો પાસે કર. એમ શ્રદ્ધાભક્તિપૂર્વક તારા દંડવત્ પ્રણામથી તથા સેવાથી પ્રસન્ન થએલા તત્ત્વદર્શી આચાર્યો તને જ્ઞાનનો ઉપદેશ કરશે કે જે જ્ઞાન સાક્ષાત્ મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ કરનારૂં છે. ॥૩૪॥

मूलम्—यज्ज्ञात्वानपुनर्मोह-मेवंयास्यसिपाण्डव ॥
येनभूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथोमयि ॥३५॥

पदानि—यत् ज्ञात्वा न पुनः मोहं एवं यास्यसि पाण्डव ॥
येन भूतानि अशेषेण द्रक्ष्यसि आत्मनि अथो मयि॥३५॥

अन्वयार्थः—**पाण्डव** હે પાંડુપુત્ર **यत्** જે **ज्ञात्वा** જાણીને **पुनः** ફરીને **एवं** એ પ્રકારે **मोहं** મોહને **न यास्यसि** પામીશ નહિ **येन** જે જ્ઞાનવડે **भूतानि** સર્વ પ્રાણીને **अशेषेण** સમગ્રપણે **आत्मनि** આત્મામાં **अथो** તથા **मयि** મારામાં **द्रक्ष्यसि** દેખીશ.

टीका—હે અર્જુન ! શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂએ ઉપદેશ કરેલા આત્મજ્ઞાનને પ્રાપ્ત થઇ આ બાન્ધવોના વધાદિક નિમિત્તવાળા ભ્રમરૂપ શોકને તું ફરીને કોઇ વખતે પામીશ નહિ કારણ કે આત્માના અજ્ઞાનવડે ઉત્પન્ન થયેલાં જેટલાં પ્રાણિયો છે તે પ્રાણિયોને જ્ઞાનવડે તું આત્મામાં દેખીશ તથા સર્વના અધિષ્ઠાનભૂત એવા મારેવિષે દેખીશ. ॥ ૩૫ ॥

मूलम्—अपिचेदसिपापेभ्यः सर्वेभ्यःपापकृत्तमः ॥
सर्वंज्ञानप्लवेनैव वृजिनंसन्तरिष्यसि ॥३६॥

पदानि—अपि चेत् असि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ॥
सर्वं ज्ञानप्लवेन एव वृजिनं सन्तरिष्यसि ॥३६॥

अन्वयार्थः—**चेत्** જો કદાચિત્ **सर्वेभ्यः पापेभ्यः** સર્વ પાપકારીથી **पापकृत्तमः** અત્યન્ત પાપકારી **अपि** પણ **असि** હો ' તો પણ તું ' **सर्वं** સર્વ **वृजिनं** પાપરૂપ ' સમુદ્રને ' **ज्ञानप्लवेन एव** જ્ઞાનરૂપ નૌકાવડેજ **सन्तरिष्यति** સારી રીતે તરી જઇશ.

टीका—આ ઠેકાણે **अपि** અને **चेत्** એ બે પદ સંભાવિત અર્થના અંગીકારનું

બોધન કરે છે અર્થાત્ સર્વ પાપકારી પુરૂષોથી તે અર્જુનમાં અત્યન્ત પાપકારીપણું જો કે છે નહિ તથાપિ જ્ઞાનનું ફલ કહેવામાટે અર્જુનમાં અત્યન્ત પાપકારીપણું અંગીકાર કરી શ્રીભગવાન્ કહે છે કે હે અર્જુન ! જો કદાચિત્ તું સર્વ પાપકારી પુરૂષોથી પણ અત્યન્ત પાપકારી હોઇશ તો પણ તે સર્વ પાપરૂપ સમુદ્રને આ જ્ઞાનરૂપ નૌકાવડે તરી જઇશ પણ જ્ઞાનવિના કોઇ બીજા ઉપાયવડે પાપરૂપ સમુદ્ર તરી શકાતો નથિજ ત્યાં શ્રુતિ. ॥ **तरतिशोकमात्मवित्** ॥ આત્મવેત્તા પુરૂષ શોકને તરે છે. ॥ ૩૬ ॥

मूलम्—यथैधांसिसमिद्धोऽग्नि-र्भस्मसात्कुरुतेऽर्जुन. ॥
ज्ञानाग्निःसर्वकर्माणि भस्मसात्कुरुतेतथा ॥३७॥

पदानि—यथा एधांसि समिद्धः अग्निः भस्मसात् कुरुते अर्जुन ॥
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥३७॥

अन्वयार्थः—अर्जुन હે અર્જુન ! **यथा** જેમ **समिद्धः** ઘણો સળગેલો **अग्निः** અગ્નિ **एधांसि** કાષ્ઠોને **भस्मसात्** રાખ **कुरुते** કરે છે **तथा** તેમ **ज्ञानाग्निः** જ્ઞાનરૂપ અગ્નિ **सर्वकर्माणि** સર્વ કર્મોને **भस्मसात्** ભસ્મીભૂત **कुरुते** કરે છે.

टीका—જેમ અત્યન્ત સળગેલો અગ્નિ ઘણાં કાષ્ઠોને પણ બાળીને રાખ કરી નાખે છે, તેમ હું બ્રહ્મ છું એ પ્રકારનો આત્મજ્ઞાનરૂપ અગ્નિ પ્રારબ્ધ કર્મથી ભિન્ન સર્વ પુણ્ય પાપ કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે અર્થાત્ તે જ્ઞાનરૂપ અગ્નિ પુણ્ય પાપરૂપ કર્મના કારણભૂત અજ્ઞાનનો નાશ કરીને તે કર્મનો પણ નાશ કરે છે. ત્યાં શ્રુતિ ॥ **भिद्यतेहृदयग्रन्थिश्छिद्यन्तेसर्वसंशयाः** ॥ **क्षीयन्तेचास्यकर्माणितस्मिन्दृष्टेपरावरे** ॥ તે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે આત્મા અનાત્માના અધ્યાસરૂપ હૃદયગ્રન્થિ ભેદાઇ જાય છે, સર્વ સંશય છેદાઇ જાય છે અને એક પ્રારબ્ધ કર્મને છોડી બીજાં સઘળાં કર્મ ક્ષય પામી જાય છે. ॥ ૩૭ ॥

मूलम्—नहिज्ञानेनसदृशं पवित्रमिहविद्यते ॥
तत्स्वयंयोगसंसिद्धः कालेनात्मनिविन्दति ॥३८॥

पदानि—न हि ज्ञानेन सदृशं पवित्रं इह विद्यते ॥
तत् स्वयं योगसंसिद्धः कालेन आत्मनि विन्दति ॥३८॥

अन्वयार्थः—इह આ લોકમાં **ज्ञानेन सदृशं** જ્ઞાનની તુલ્ય **पवित्रं** પવિત્ર **न हि विद्यते** વિદ્યમાન નથીજ **तत्** તે (જ્ઞાનને) **कालेन** કાળે કરીને **योगसंसिद्धः** કર્મયોગવડે શુદ્ધ ચિત્તવાળો **स्वयं** પોતે **आत्मनि** અન્તઃકરણમાં **विन्दति** પામે છે.

ટીકા—વેદોમાં અથવા આ લોકના વ્યવહારમાં જ્ઞાન જેવો બીજો કોઇ પદાર્થ શુદ્ધિ કરનારો નથિ પણ કેવળ જ્ઞાનજ શુદ્ધિ કરનારૂં છે અને અજ્ઞાનથી ભિન્ન જેટલા બીજા ઉપાય છે તે ઉપાય અજ્ઞાનરૂપ મૂલસહિત પાપની નિવૃત્તિ કરતા નથિ પણ કાંઇક પાપની નિવૃત્તિ કરે છે. જ્યાં પર્યન્ત સર્વ પાપોનું મૂલ કારણરૂપ અજ્ઞાન વિદ્યમાન છે ત્યાં પર્યન્ત કોઈ પ્રાયશ્ચિત્તાદિક ઉપાયથી એક પાપ નાશ થાય તો પણ બીજું પાપ અવશ્ય ઉત્પન્ન થાય છે અને આત્મજ્ઞાનવડે તો અજ્ઞાનરૂપી મૂલસહિત સર્વે પાપની નિવૃત્તિ થાય છે માટે જ્ઞાન સમાન બીજો કોઇ શુદ્ધિ કરવાનો ઉપાય નથિ.

मूलम्—श्रद्धावाँल्लभतेज्ञानं तत्परःसंयतेन्द्रियः ॥

ज्ञानंलब्ध्वापरांशान्ति-मचिरेणाधिगच्छति ॥३९॥

पदानि—श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ॥

ज्ञानं लब्ध्वा परां शान्ति अचिरेण अधिगच्छति ॥३९॥

अन्वयार्थः—**श्रद्धावान्** શ્રદ્ધાવાળો **तत्परः** 'ગુરૂની ઉપાસનામાં' તત્પર 'તથા' **संयतेन्द्रियः** જિતેન્દ્રિય 'પુરૂષ' **ज्ञानं** જ્ઞાનને **लभते** પામે છે **ज्ञानं** જ્ઞાનને **लब्ध्वा** પામીને **अचिरेण** તત્કાળ **परां** કૈવલ્ય **शान्ति** શાન્તિને **अधिगच्छति** પામે છે.

ટીકા—બ્રહ્મવેત્તા ગુરૂઓના વચનોમાં તથા વેદાદિ શાસ્ત્રોના વચનોમાં, આ વચન યથાર્થ છે એ પ્રકારની આસ્તિક બુદ્ધિનું નામ શ્રદ્ધા કહેવાય છે. એવી શ્રદ્ધાવાળો પુરૂષ તે જ્ઞાનને પામે છે. શ્રદ્ધાવાન્ થઇને પણ જે ગુરૂની ઉપાસનામાં તત્પર થાય છે તે જ્ઞાનને પામે છે પણ તત્પરતા વિના જ્ઞાન પામી શકાતું નથિ. શ્રદ્ધાવાન્ હોય તથા તત્પર હોય પણ જેણે પોતાનાં શ્રોત્રાદિ ઇન્દ્રિયોને શબ્દાદિક વિષયોથી નિવૃત્તિ પમાડેલી નથિ તે અજિતેન્દ્રિય પુરૂષ પણ જ્ઞાન પામતો નથિ પણ જે શ્રદ્ધાવાન્ તત્પર અને જીતેન્દ્રિય હોય તેજ જ્ઞાન પામે છે. ॥ ૩૯ ॥

मूलम्—अज्ञश्चाश्रद्दधानश्च संशयात्माविनश्यति ॥

नायंलोकोस्तिनपरो नसुखंसंशयात्मनः ॥४०॥

पदानि—अज्ञः च अश्रद्दधानः च संशयात्मा विनश्यति ॥

न अयं लोकः अस्ति न परः न सुखं संशयात्मनः॥४०॥

अन्वयार्थः—**अज्ञः** અજ્ઞાની **च** તથા **अश्रद्दधानः** અશ્રદ્ધાવાન્ **च** તથા **संशयात्मा** સંશયવાળો 'પુરૂષ' **विनश्यति** વિનાશ પામે છે **संशयात्मनः** સંશયવાળા 'પુરૂષને' **अयं** આ **लोकः** લોક **न अस्ति** સિદ્ધ થતો નથિ **परः** સ્વર્ગાદિરૂપ પરલોક **न** સિદ્ધ થતો નથિ **सुखं** 'ભોજનાદિ કૃત' સુખ પણ **न** સિદ્ધ થતુ નથિ.

टीका— જે પુરૂષ વેદાન્ત શાસ્ત્રના અધ્યયનરહિત હોવાથી જ્ઞાનશૂન્ય છે. તેનું નામ અજ્ઞ છે અને વિદ્વાન્ પુરુષે તથા વેદાન્તશાસ્ત્રે કહેલા અર્થમાં ' આ અર્થ આ પ્રકારનો હશે કે નહિ ' એ પ્રકારની અવળી જે નાસ્તિકબુદ્ધિ તેનું નામ અશ્રદ્ધા છે અને લૌકિક વૈદિક સર્વ અર્થમાં આનો અર્થ આ પ્રકારનો હશે કે બીજા પ્રકારનો હશે એમ સંશયવાળું જે પુરૂષનું ચિત્ત છે તેનું નામ સંશયાત્મા છે. એવો અજ્ઞ પુરૂષ તથા અશ્રદ્ધાવાળો પુરૂષ તથા સંશયયાત્મા પુરૂષ નાશ પામે છે અર્થાત્ પોતાના અર્થથી ભ્રષ્ટ થાય છે.

આ ઠેકાણે સંશયાત્મા પુરૂષ જે પ્રકારે અનર્થને પામે છે તે પ્રકારના અનર્થને અજ્ઞાની તથા અશ્રદ્ધાવાન્ પામતો નથિ પણ તેનાથી ન્યૂન અનર્થને પામે છે, એ પ્રકારે તે સંશયાત્મા પુરૂષથી અજ્ઞ પુરૂષમાં તથા અશ્રદ્ધાવાળા પુરૂષમાં ન્યુનતા જણાવવામાટે તે બેઉના વાચક પદના અન્તમાં **चकार** કરેલોછે. ॥ ૪૦ ॥

मूलम्—योगसंन्यस्तकर्माणं ज्ञानसंच्छिन्नसंशयम् ॥
आत्मवन्तंनकर्माणि निबध्नन्तिधनंजय ॥४१॥

पदानि—योगसंन्यस्तकर्माणं ज्ञानसंच्छिन्नसंशयम् ॥
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ॥४१॥

अन्वयार्थः—धनंजय હે ધનંજય **योगसंन्यस्तकर्माणं** સમત્વ બુદ્ધિરૂપ યોગવડે ભગવત્ અર્પણ કરેલાં છે કર્મ જેણે ' તથા ' **ज्ञानसंच्छिन्नसंशयं** જ્ઞાનવડે છેદન કરેલા છે સંશયો જેણે એવા **आत्मवन्तं** પ્રમાદરહિત ' પુરૂષને ' **कर्माणि** કર્મો **न निबध्नन्ति** બન્ધન કરતાં નથિ.

टीका—હે અર્જુન ! પરમાર્થ વસ્તુના દર્શનરૂપ યોગવડે જેણે સર્વ કર્મનો ત્યાગ કરેલો છે તથા આત્માના નિશ્ચયરૂપ જ્ઞાનવડે જેણે સઘળા સંશય છેદેલા છે તથા જે સર્વ વખતે સાવધાન થ[illegible] છે તે વિદ્વાન પુરૂષને લો[illegible] સંગ્રહ માટે કરેલાં શુભ કર્મ અથવા વ્યર્થ ચેષ્ટારૂપ કર્મ બન્ધન કરતાં નથિ અર્થાત તે કર્મ દેવતાદિરૂપ ઇષ્ટ શરીરનો તથા પશુઆદિરૂપ અનિષ્ટ શરીરનો તથા મનુષ્યાદિરૂપ મિશ્રિત શરીરનો આરંભ કરે નહિ ॥ ૪૧ ॥

मूलम्—तस्मादज्ञानसंभूतं हृत्स्थंज्ञानासिनात्मनः ॥
छित्त्वैनंसंशयंयोग-मातिष्ठोत्तिष्ठभारत ॥४२॥

पदानि—तस्मात् अज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिना आत्मनः ॥
छित्त्वा एनं संशयं योगं आतिष्ठ उत्तिष्ठ भारत ॥४२॥

अन्वयार्थः—भारत હે ભારત **तस्मात्** તે કારણમાટે **अज्ञानसंभूतं** અજ્ઞાનથી

ઉત્પન્ન થયેલા ' તથા ' **हृत्स्थं** બુદ્ધિમાં રહેલા **एनं** આ **संशयं** સંશયને **आत्मनः** આ-ત્માના **ज्ञानासिना** જ્ઞાનરૂપ તરવારવડે **छित्त्वा** છેદીને **योगं** નિષ્કામ કર્મને **आतिष्ठ** કર ' એ કારણમાટે હવે તું યુદ્ધ કરવા સારૂ, **उत्तिष्ठ** ઉભો થા.

टीका—હે ભારત ! અવિવેકથી ઉત્પન્ન થયેલો તથા બુદ્ધિરૂપ હૃદયમાં રહેલો જે આ સર્વે અનર્થોના મૂલભૂત સંશય છે તેને આત્માના નિશ્ચયરૂપ તરવારવડે છેદન કરીને નિષ્કામકર્મયોગ કર તથા એમાટે હવે તું આ વખતે આ યુદ્ધ કરવા સારૂ ઉભોથા.

આ ઠેકાણે **अज्ञानसंभूतं** એ પદે કરીને શ્રીભગવાને સંશયનું કારણ કહ્યું અને **हृत्स्थं** એ પદે કરીને સંશયનો આશ્રય કહ્યો. એમ કહેવાથી એવો અર્થ જણાવ્યો કે જેમ લો-કમાં પોતાના શત્રુનું કારણ તથા આશ્રય જાણવામાં આવે તો તે શત્રુ સુખેથી હણી શ-કાય છે તેમ આ સંશયરૂપ શત્રુનું કારણ તથા આશ્રય જાણવાથી તે કારણાદિકની નિવૃ-ત્તિ કરીને સંશયરૂપ શત્રુ સુખેથી નાશ કરી શકાય છે. ॥ ૪૨ ॥

इति श्रीमन्महाभारतेभीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूपनि-
षत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
यज्ञविभागयोगोनाम

चतुर्थोऽध्यायः ॥ ४ ॥

ॐ

श्रीकृष्णायनमः

अर्जुनउवाच.

मूलम्—संन्यासंकर्मणांकृष्ण पुनर्योगंचशंससि ॥
यच्छ्रेयएतयोरेकं तन्मेब्रूहिसुनिश्चितम् ॥१॥

पदानि—संन्यासं कर्मणां कृष्ण पुनः योगं च शंससि॥
यत् श्रेयः एतयोः एकं तत् मे ब्रूहि सु निश्चितम् ॥१॥

अन्वयार्थः—**कृष्ण** હે કૃષ્ણ **कर्मणां** કર્મોના **संन्यासं** સંન્યાસને **शंससि** કથન કરો છો **च** તથા **पुनः** વળી **योगं** ' કર્મ ' યોગને ' કથન કરો છો ' **एतयोः** એ બેઉમાં **यत्** જે **एकं** એક **सु निश्चितं** સારી રીતે નિશ્ચય કરેલું **श्रेयः** શ્રેય ' હોય ' **तत्** તે **मे** મને **ब्रूहि** કહો.

टीका—હે કૃષ્ણ ! એકજ મુમુક્ષુ પ્રત્યે આપે કર્મનો તથા કર્મના ત્યાગનો ઉપદેશ કરેલો છે, તે જેમ એકજ પુરૂષનેવિષે ઉભું રહેવું તથા ચાલવું એ બેઉ સંભવતાં નથિ તેમ એકજ કાળમાં એકજ અધિકારી પુરૂષ પ્રત્યે એ બેઉ કરવાનું સંભવતું નથિ માટે કર્મ તથા કર્મના ત્યાગરૂપ સંન્યાસ એ બેઉમાં જે એક કર્મને અથવા જે એક સંન્યાસને આપ અત્યન્ત શ્રેષ્ઠ માનતા હો તે કર્મયોગનો અથવા સંન્યાસનો નિશ્ચય કરીને અમારી પ્રત્યે કહો કારણ કે તેને હું મારા શ્રેયનું સાધનરૂપ માનીને સિદ્ધ કરૂં. ॥ ૧ ॥

श्रीभगवानुवाच.

मूलम्—संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ॥
तयोस्तुकर्मसंन्यासात्कर्मयोगोविशिष्यते ॥२॥

पदानि—संन्यासः कर्मयोगः च निःश्रेयसकरौ उभौ ॥
तयोः तु कर्मसंन्यासात् कर्मयोगः विशिष्यते ॥२॥

अन्वयार्थः—**संन्यासः** સંન્યાસ **च** તથા **कर्मयोगः** કર્મયોગ **उभौ** એ બેઉ **निःश्रेयसकरौ** મોક્ષનાં કારણ છે. **तयोः तु** તે બેઉમાં પણ **कर्मसंन्यासात्** કર્મના સંન્યાસથી **कर्मयोगः** કર્મયોગ **विशिष्यते** શ્રેષ્ઠ છે.

टीका—શાસ્ત્રના વિધિપૂર્વક સર્વે કર્મનો જે ત્યાગ કરવો તેનું નામ સંન્યાસ છે તથા પોત પોતાના વર્ણાશ્રમને અનુસરીને નિત્ય નૈમિત્તિક કર્મનું જે કરવું તેનું નામ કર્મયોગ છે. એ બેઉ જ્ઞાનની ઉત્પત્તિના હેતુરૂપ છે માટે મોક્ષની પ્રાપ્તિ કરનારા છે તથાપિ તે બેઉમાં અન્તઃકરણની શુદ્ધિથી રહિત અનધિકારી પુરૂષે જે કર્મોનો સંન્યાસ કરેલો છે તે સંન્યાસથી તે કર્મયોગજ શ્રેષ્ઠ છે કારણ કે તે સંન્યાસ જ્ઞાનનું સંપાદન કરનાર થઇ શકતો નથિ અને નિષ્કામ કર્મયોગ તો જ્ઞાનના અધિકારીપણાનો સંપાદક થઇ શકે છે માટે તે કર્મયોગ સંન્યાસથી શ્રેષ્ઠ છે. ॥ ૨ ॥

मूलम्—ज्ञेयःसनित्यसंन्यासी योनद्वेष्टिनकांक्षति ॥
निर्द्वन्द्वोहिमहाबाहो सुखंबन्धात्प्रमुच्यते ॥३॥

पदानि—ज्ञेयः सः नित्यसंन्यासी यः न द्वेष्टि न कांक्षति ॥
निर्द्वन्द्वः हि महाबाहो सुखं बन्धात् प्रमुच्यते ॥३॥

अन्वयार्थः—**महाबाहो** હે મહાબાહો **यः** જે **न द्वेष्टि** દ્વેષ કરતો નથિ **न कांक्षति** ' સ્વર્ગાદિક ફલોની ' ઇચ્છા કરતો નથિ ' તથા ' **निर्द्वन्द्वः** રાગદ્વેષથી રહિત છે **सः** તે **नित्यसंन्यासी** નિત્યસંન્યાસી **ज्ञेयः** જાણવો **हि** કારણ કે ' તે પુરૂષ ' **सुखं** સુખપૂર્વક **बंधात्** બન્ધથી **प्रमुच्यते** મૂકાય છે.

टीका—[1]ઇશ્વરાર્પણબુદ્ધિવડે કરેલાં કર્મમાં આ સર્વે કર્મ નિષ્ફલ છે એવી નિષ્ફલપણાની શંકાવડે જે દ્વેષ કરતો નથિ તથા તે કર્મનાં સ્વર્ગાદિક ફલમાં જે ઇચ્છા કરતો નથિ તથા રાગ દ્વેષથી જે રહિત છે, તે પુરૂષ પોતાના નિત્ય નૈમિત્તિક કર્મમાં પ્રવર્તેલો છે પણ તેને નિત્યસંન્યાસી જાણવો. કારણ કે નિષ્કામ કર્મ કરનારો પુરૂષ અન્તઃકરણની અશુદ્ધિરૂપ જ્ઞાનના [2]પ્રતિબન્ધથી વગર મેહેનતે વિવેકવડે મૂકાય છે અર્થાત્ શુદ્ધ અન્તઃકરણવાળો થાય છે. ॥ ૩ ॥

मूलम्—सांख्ययोगौपृथग्बालाः प्रवदन्तिनपण्डिताः॥
एकमप्यास्थितःसम्य-गुभयोर्विन्दतेफलम् ॥४॥

पदानि—सांख्ययोगौ पृथक् बालाः प्रवदन्ति न पण्डिताः ॥
एकं अपि आस्थितः सम्यक उभयोः विन्दते फलम् ॥

अन्वयार्थः—**बालाः** વિચારહીન પુરૂષો **सांख्ययोगौ** સંન્યાસ તથા કર્મયોગ એ બેઉને **पृथक्** વિરૂદ્ધ ફલવાળા **प्रवदन्ति** કહે છે **पण्डिताः** પંડિતો **न** 'કહેતા' નથિ 'એ

[1] જે કરવું તે પરમેશ્વરને અર્પણ કરવું તે ઈશ્વરાર્પણ બુદ્ધિ. [2] પ્રતિબન્ધ—અટકાવ.

બેઉમાં ' **एकं** એક પ્રત્યે **अपि** પણ **सम्यक्** સારીરીતે **आस्थितः** રહેલો ' પુરૂષ ' **उभयोः** બેઉના **फलं** ફલને **विन्दते** પામે છે.

टीका—સંશય અને [1]વિપરીતભાવનાથી રહિત [2]યથાર્થબુદ્ધિનું નામ સંખ્યા, અને સંખ્યાની જે પ્રાપ્તિ કરે તેનું નામ સાંખ્ય કહેવાય છે અને એ સંન્યાસજ છે. એ સંન્યાસ અને કર્મયોગને વિચારહીન પુરૂષો વિરૂદ્ધ ફલવાળા કહે છે પણ પંડિતો કહેતા નથિ. એ બેઉમાં એકનો આશ્રય કરીને પણ જે સારી રીતે રહેલો હોય તે બેઉના મોક્ષરૂપ ફલને પામે છે. ॥ ૪ ॥

मूलम्—यत्सांख्यैःप्राप्यतेस्थानं तद्योगैरपिगम्यते ॥
एकंसांख्यंचयोगंच यःपश्यतिसपश्यति ॥५॥

पदानि—यत् सांख्यैः प्राप्यते स्थानं तत् योगैः अपि गम्यते ॥
एकं सांख्यं च योगं च यः पश्यति सः पश्यति ॥ ५ ॥

अन्वयार्थः—सांख्यैः સાંખ્ય પુરૂષોએ **यत्** જે **स्थानं** સ્થાન **प्राप्यते** પમાય છે **तत्** તે **योगैः** યોગી પુરૂષોએ **अपि** પણ **गम्यते** પમાય છે **च** તથા **यः** જે ' પુરૂષ ' **सांख्यं** સાંખ્યને **च** તથા **योगं** યોગને **एकं** એકરૂપ **पश्यति** દેખે છે **सः** તે ' પુરૂષ ' **पश्यति** ' સારી રીતે ' દેખે છે.

टीका—જ્ઞાનનિષ્ઠાવાળા જે સંન્યાસિયો આ જન્મમાં કર્મના [3]અનુષ્ઠાનથી રહિત થઈ પૂર્વ જન્મનાં કર્મવડે શુદ્ધ અન્તઃકરણવાળા છે અને તેઓને જે મોક્ષરૂપ સ્થાન પ્રાપ્ત થાય છે તે મોક્ષરૂપ સ્થાન પ્રથમ કહેલા નિષ્કામ કર્મવાળા યોગી પુરૂષોને પણ પ્રાપ્ત થાય છે અને એવી રીતે સર્વ કર્મના ત્યાગરૂપ સંન્યાસનું તથા નિષ્કામ કર્મયોગનું મોક્ષરૂપ ફલ એકજ છે માટે જે પુરૂષ સાંખ્ય નામના સંન્યાસને તથા નિષ્કામ કર્મયોગને એક રૂપે દેખે છે તે યથાર્થ દેખે છે પણ જે તેને ભિન્ન દેખે છે તે યથાર્થદર્શી કહેવાય નહિં પણ [4]ભિન્નદર્શી કહેવાય છે. ॥ ૫ ॥

मूलम्—संन्यासस्तुमहाबाहो दुःखमाप्तुमयोगतः ॥
योगयुक्तोमुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति ॥६॥

पदानि—संन्यासः तु महाबाहो दुःखं आप्तुं अयोगतः ॥
योगयुक्तः मुनिः ब्रह्म न चिरेण अधिगच्छति ॥६॥

---

૧ વિપરીતભાવના—અવળું સમજવું. ૨ યથાર્થ બુદ્ધિ—ખરેખરૂં જાણવું. ૩ અનુષ્ઠાન—કરવું.
૪ ભિન્નદર્શી—ભેદ દૃષ્ટિવાળો.

अन्वयार्थः—महबाहो હે મ્હોટા હાથવાળા **अयोगतः** કર્મયોગવિના ' કરેલો ' **संन्यासः तु** સન્યાસ તો **दुःखं आप्तुं** દુઃખ પામવામાટે છે 'અને' **योगयुक्तः** કર્મયોગયુક્ત ' પુરૂષ ' **मुनिः** સંન્યાસી ' થઈ ' **ब्रह्म** બ્રહ્મને **न चिरेण** તત્કાલજ **अधिगच्छति** સાક્ષાત્કાર કરે છે.

टीका—શાસ્ત્રે કહેલાં અને અંતઃકરણની શુદ્ધિ કરનારાં નિત્ય [1]નૈમિત્તિક કર્મ ન કરીને જે પુરૂષ કેવળ હઠમાત્રથી સંન્યાસ કરે છે તે સન્યાસ તેને કેવળ દુઃખ આપે છે. તે સંન્યાસથી કાંઈ પણ સુખ થઈ શકતું નથિ કારણ કે તેનું અન્તઃકરણ શુદ્ધ થયું નથિ અને સંન્યાસનું ફલ જે જ્ઞાનનિષ્ઠા તે તો અશુદ્ધ અન્તઃકરણવાળા સંન્યાસીને કોઇ વખતે પણ પ્રાપ્ત થતી નથિ અને અન્તઃકરણની શુદ્ધિ કરનારાં નિષ્કામ કર્મમાં તો તે સંન્યાસીને અધિકાર નથિ માટે કર્મનિષ્ઠા તથા જ્ઞાનનિષ્ઠા એ બેઉથી ભ્રષ્ટ થયેલો અને અશુદ્ધ અન્તઃકરણવાળો સંન્યાસી મહાસંકટ પામે છે. અને કર્મયોગયુક્ત પુરૂષ તો સંન્યાસી થઈ તત્કાલજ બ્રહ્મને સાક્ષાત્કાર કરે છે અર્થાત્ પ્રત્યક્ષ દેખી શકે છે. ॥ ૬ ॥

मूलम्—योगयुक्तोविशुद्धात्मा विजितात्माजितेन्द्रियः ॥
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपिनलिप्यते ॥७॥

पदानि—योगयुक्तः विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ॥
सर्वभूतात्मभूतात्मा कुर्वन् अपि न लिप्यते ॥७॥

अन्वयार्थः—योगयुक्तः યોગયુક્ત **विशुद्धात्मा** વિશુદ્ધ મનવાળો **विजितात्मा** દેહને વશ રાખનારો **जितेन्द्रियः** ઇન્દ્રિયોને જીતનારો **सर्वभूतात्मभूतात्मा** સર્વ ભૂતોના આત્મારૂપ છે આત્મા જેનો એવો 'પુરૂષ તે કર્મને' **कुर्वन्** કરતો છતો **अपि** પણ **न लिप्यते** લેપાતો નથિ

टीका—જે પુરૂષ રજતમથી રહિત અન્તઃકરણવાળો છે તથા જે દેહને વશ રાખનારો છે તથા જે સર્વ ઇન્દ્રિયોને જીતનારો છે તથા જે સર્વ ભૂતના આત્મારૂપ આત્માવાળો છે તે પુરૂષ કર્મ કરે છે તોપણ લેપાતો નથિ. ॥ ૭ ॥

मूलम्—नैवकिंचित्करोमीति युक्तोमन्येततत्त्ववित् ॥
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन्
प्रलपन्विसृजनगृह्णन्नुन्मिषान्निमिषन्नपि ॥
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्त्तन्तइतिधारयन् ॥९॥

---

1 નૈમિત્તિક-કોઈ પણ કારણથી કહેલ.

पदानि—न एव किञ्चित् करोमि इति युक्तः मन्येत् तत्त्ववित् ॥
पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन् अश्नन् गच्छन् स्वपन् श्वसन् ॥
प्रलपन् विसृजन् गृह्णन् उन्मिषन् निमिषन् अपि ॥
इन्द्रियाणि इन्द्रियार्थेषु वर्त्तन्ते इति धारयन् ॥९॥

अन्वयार्थः—**युक्तः** યોગયુક્ત **तत्त्ववित्** તત્વ જાણનાર **पश्यन्** દેખતો છતો **अपि** પણ **शृण्वन्** સાંભળતો છતો **स्पृशन्** સ્પર્શ કરતો છતો **जिघ्रन्** ગન્ધગ્રહણ કરતો છતો **अश्नन्** ભક્ષણ કરતો છતો **गच्छन्** ગતિ કરતો છતો **स्वपन्** નિંદ્રા કરતો છતો **श्वसन्** શ્વાસ ખાતો છતો **प्रलपन्** શબ્દ કરતો છતો **विसृजन्** ત્યાગ કરતો છતો **गृह्णन्** ગ્રહણ કરતો છતો **उन्मिषन्** ઉન્મેષ કરતો છતો **निमिषन्** નિમેષ કરતો છતો **इन्द्रियाणि** ઇન્દ્રિયો **इन्द्रियार्थेषु** પોત પોતાના રૂપાદિક અર્થોમાં **प्रवर्त्तन्ते** પ્રવર્ત્તે છે **इति** એ પ્રકારે **धारयन्** ધારણ કરતો છતો ' હું ' **किञ्चित्** કાંઇ પન **न एव करोमि** નથિજ કરતો **इति** એ પ્રકારે **मन्येत** માને.

टीका—જે પુરૂષ ચિત્તને વશ રાખનારો તથા તત્ત્વ જાણનારો છે તે પુરૂષ ચક્ષુ-આદિ પંચજ્ઞાનેન્દ્રિયોવડે તથા વાક્‌ને આદિ લઇ પંચ કર્મેન્દ્રિયોવડે તથા પંચ પ્રાણોવડે તથા બુદ્ધિ આદિ ચાર અન્તઃકરણોવડે શાસ્ત્રવિહિત રૂપાદિક વિષયોને ગ્રહણ કરે છે તો-પણ તે રૂપાદિ વિષયોમાં આ ઇન્દ્રિયાદિકજ પ્રવર્ત્તે છે પણ હું અસંગ આત્મા કિંચિત્ મા-ત્ર પણ કરતો નથિ એ પ્રકારે તે નિરન્તર માને છે, ॥ **पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन् अश्नन्** ॥ એ પાંચ પદોવડે યથાક્રમથી ચક્ષુ શ્રોત્ર ત્વક્ ઘ્રાણ અને રસન એ પાંચ ઇન્દ્રિ-યોનો વ્યાપાર કહેલો છે તથા ॥ **पाद वाक् पायु हस्त** ॥ એ ચાર કર્મેન્દ્રિયોવડે ગમ-નાદિ વ્યાપાર કહેલો છે. ॥ ૯ ॥

मूलम्—ब्रह्मण्याधायकर्माणि सङ्गंत्यक्त्वाफलानिच ॥
लिप्यतेनसपापेन पद्मपत्रमिवाम्भसा ॥१०॥

पदानि—ब्रह्मणि आधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोतियः ॥
लिप्यते न सः पापेन पद्मपत्रं इव अम्भसा ॥१०॥

अन्वयार्थः—**यः** જે **ब्रह्मणि** બ્રહ્મમાં **आधाय** સમર્પણ કરીને ' તથા ' **सङ्गं** ફલની ઇચ્છાને **त्यक्त्वा** ત્યાગ કરીને **च** તથા **फलानि** ફલોને ત્યાગકરીને **कर्माणि** ક-ર્મોને **करोति** કરે છે **सः** તે **अम्भसा** જલે કરીને **पद्मपत्रं इव** કમલનું પાંદડું જેમ 'લે-પાય નહિં તેમ ' **पापेन** કર્મવડે **न लिप्यते** લેપાતો નથિ.

टीका—જેમ કોઇ ચાકરૂ પોતાના સ્વામિને માટે સર્વે કર્મ કરે છે તેમ હું પણ કેવળ પરમેશ્વરની પ્રસન્નતામાટે કર્મ કરૂં છું એ પ્રકારના અભિપ્રાયથી જે પુરૂષ પરમેશ્વર-

માં લૌકિક વૈદિક સર્વ કર્મને સમર્પણકરીને કર્મનાં સ્વર્ગાદિક ફલની ઇચ્છાનો ત્યાગ કરે છે તે પુરૂષ, જેમ પાણીથી કમલનું પત્ર લેપાય નહિ તેમ પુણ્યપાપકર્મવડે લેપાતો નથિ અર્થાત્ નિષ્કામ કર્મ અધિકારી પુરૂષને બન્ધનું કારણ થતું નથિ પણ અન્તઃકરણની શુદ્ધિનું કારણ થાય છે. ॥ ૧૦ ॥

मूलम्—कायेनमनसाबुद्ध्या केवलैरिन्द्रियैरपि ॥
योगिनः कर्मकुर्वन्ति सङ्गंत्यक्त्वाऽऽत्मशुद्धये ॥११॥

पदानि—कायेन मनसा बुद्ध्या केवलैः इन्द्रियैः अपि ॥
योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वा आत्मशुद्धये ॥११॥

अन्वयार्थः—योगिनः કર્મયોગવાળા પુરૂષો **सङ्गं** ફલની ઇચ્છાને **त्यक्त्वा** ત્યાગ કરીને **आत्मशुद्धये** અંતઃકરણની શુદ્ધિમાટે **केवलैः** કેવલ **इन्द्रियैः** ઇન્દ્રિયોવડે **अपि** પણ **कायेन** શરીરવડે **मनसा** મનવડે **बुद्ध्या** બુદ્ધિવડે **कर्म** કર્મને **कुर्वन्ति** કરે છે.

टीका-મોક્ષની ઇચ્છાવાળા અધિકારી પુરૂષો પોતાના અન્તઃકરણની શુદ્ધિ માટે સ્વર્ગાદિક ફલની ઇચ્છાનો પરિત્યાગ કરીને કેવળ શરીરવડે તથા કેવળ મનવડે તથા કેવળ બુદ્ધિવડે તથા કેવળ ઇન્દ્રિયોવડે પોત પોતાના વર્ણાશ્રમને અનુસારે નિત્ય નૈમિત્તિક કર્મ કરે છે. આ કર્મને હું ઇશ્વરની પ્રસન્નતા માટે કરૂં છું પણ કાંઇ પોતાને સ્વર્ગાદિક ફલની પ્રાપ્તિમાટે કરતો નથિ એ પ્રકારની મમતાનો જે અભાવ છે તેજ શરીર મન, બુદ્ધિ અને ઇન્દ્રિય એ ચારમાં કેવલરૂપ છે. ॥ ૧૧ ॥

मूलम्—युक्तःकर्मफलंत्यक्त्वा शान्तिमाप्नोतिनैष्ठिकीम् ॥
अयुक्तः कामकारेण फलेसक्तोनिबध्यते ॥१२॥

पदानि—युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिं आप्नोति नैष्ठिकीम् ॥
अयुक्तः कामकारेण फलेसक्तः निबद्ध्यते ॥१२॥

अन्वयार्थः—युक्तः યુક્ત ' પુરૂષ ' **कर्मफलं** કર્મના ફલને **त्यक्त्वा** ત્યાગ કરીને ' કર્મ કરતાં કરતાં **नैष्ठिकीम्** સત્વશુદ્ધિના ક્રમથી થયેલી **शान्तिं** ' મોક્ષરૂપ ' શાન્તિને **आप्नोति** પામે છે ' અને ' **अयुक्तः** અયુક્ત ' પુરૂષ ' **कामकारेण** કામનાવડે **फले** ફલમાં **सक्तः** આ સક્ત ' થઇ ' **निबद्ध्यते** બન્ધાય છે.

टीका—સર્વ કર્મ ઇશ્વરની પ્રસન્નતામાટે છે પણ ફલમાટે નથિ, એવા અભિપ્રાયવાળો યુક્તપુરૂષ કર્મના ફલને ત્યાગ કરીને કર્મ કરતાં કરતાં સત્વશુદ્ધિના ક્રમથી થયેલી મોક્ષરૂપ શાન્તિને પામે છે તથા અયુક્ત પુરૂષ કામનાવડે ફલમાં આસક્ત થઇ બન્ધાય છે. ॥ ૧૨ ॥

मूलम्—सर्वकर्माणिमनसा संन्यास्यास्तेसुखंवशी ॥
नवद्वारेपुरेदेही नैवकुर्वन्नकारयन् ॥१३॥

पदानि—सर्वकर्माणि मनसा संन्यस्य आस्ते सुखं वशी ॥
नवद्वारे पुरे देही न एव कुर्वन् न कारयन् ॥१३॥

अन्वयार्थः—सर्वकर्माणि સર્વ કર્મને **मनसा** મનવડે **संन्यस्य** પરિત્યાગ કરીને **देही** દેહથી ભિન્ન આત્મદર્શી **वशि** ઇન્દ્રિયોને વશ રાખનારો **नवद्वारे** નવદ્વારવાળા **पुरे** દેહમાં **सुखं** સુખપૂર્વક **आस्ते** રહે છે ' પણ ' **न कुर्वन् एव** કાંઈ કરતો છતો રહેતો નથીજ **न कारयन्** કાંઇ કરાવતો છતો ' રહેતો નથિ. '

टीका—નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને પ્રતિષિદ્ધ એ ચાર પ્રકારનાં કર્મનો જ્ઞાનવડે સંન્યાસ કરી તે આત્મદર્શી સંન્યાસી પુરૂષ પ્રારબ્ધ કર્મને વશથી નવદ્વારવાળા આ દેહમાં સુખેથી રહે છે પણ કાંઇ કર્મ કરીને રહેતો નથિ તેમ કાંઈ કરાવતો છતો રહેતો નથિ કારણ કે તેને અકર્ત્તા અને અભોક્તા એવા આત્મસ્વરૂપનું જ્ઞાન સારી રીતે થયેલું છે. ॥ ૧૩ ॥

मूलम्—नकर्तृत्वंनकर्माणि लोकस्यसृजतिप्रभुः ॥
नकर्मफलसंयोगं स्वभावस्तुप्रवर्त्तते ॥१४॥

पदानि—न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥
न कर्मफलसंयोगं स्वभावः तु प्रवर्त्तते ॥१४॥

अन्वयार्थः—प्रभुः પરમાત્મા **लोकस्य** દેહાદિકના **कर्तृत्वं** કર્ત્તા પણાને **न सृजति** ઉત્પન્ન કરતા નથિ **कर्माणि** કર્મોને **न** ' ઉત્પન્ન કરતા ' નથિ **कर्मफलसंयोगं** કર્મફલના સંયોગને **न** ' ઉત્પન્ન કરતા ' નથિ **तु** ' ત્યારે એ બધું કોણ કરે છે ' તો **स्वभावः** અજ્ઞાનરૂપ માયા ' પોતાનું કાર્ય કરવા માટે ' **प्रवर्त्तते** પ્રવર્ત્તે છે.

टीका—આ આત્મા દેહ ઇન્દ્રિયાદિકનું કર્ત્તાપણું ઉત્પન્ન કરતો અર્થાત્ તું આ કાર્ય કર એ પ્રકારની પ્રેરણા કરીને કોઈ પણ કાર્ય કરાવતો નથિ તથા આત્મા ઘટાદિક પદાર્થોનો કર્ત્તા પણ થતો નથિ; માટે એમાં કર્ત્તાપણું પણ સંભવે નહિં તથા કર્મ કરનારા લોકોનો જે પરસ્પર તે તે કર્મના ફલની સાથે સમ્બન્ધ છે તે કર્મ ફલના સમ્બન્ધને પણ આત્મા ઉત્પન્ન કરતો નથિ અર્થાત્ આત્મા કોઇને ફલ ભોગવાવતો નથિ માટે એમાં ભોગવાવવું તથા ભોગવવું એ સંભવતું નથિ પણ અજ્ઞાનરૂપ માયા પોતાનું કાર્ય કરવામાટે પ્રવર્ત્તે છે. ॥ ૧૪ ॥

मूलम्—नादत्तेकस्यचित्पापं नचैवसुकृतंविभुः ॥
अज्ञानेनावृतंज्ञानं तेनमुह्यन्तिजन्तवः ॥१५॥

पदानि—न आदत्ते कस्यचित् पापं न च एव सुकृतं विभुः ॥
अज्ञानेन आवृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥१५॥

अन्वयार्थः—**विभुः** પરમેશ્વર **कस्यचित्** કોઈ જીવના **पापं** પાપને **न आदत्ते** ગ્રહણ કરતા નથિ **च** તથા **सुकृतं** પુણ્યને **न एव** ‘ ગ્રહણ કરતા ’ નથીજ ‘ પણ ’ **अज्ञानेन** અજ્ઞાનવડે **आवृतं** ઢંકાયેલું **ज्ञानं** જે જ્ઞાન છે તે **तेन** તેણે કરીને **जन्तवः** સઘળા જીવ **मुह्यन्ति** મોહ પામે છે.

टीका—સર્વ ઠેકાણે વ્યાપક હોવાથી ક્રિયારહિત પરમેશ્વર પાપ તથા પુણ્યને ગ્રહણ કરતા નથિ કારણ કે પરમાર્થદ્દષ્ટિવડે આ જીવમાં પાપપુણ્ય કર્મનું કર્ત્તાપણું નથિ અને ઇશ્વરમાં તે પાપપુણ્ય કર્મનું કરાવવાપણું નથિ પણ અજ્ઞાનવડે ઢંકાયેલું જે જ્ઞાન છે તેણેકરીને આ સઘળા જીવ મોહ પામે છે. ॥ ૧૫ ॥

मूलम्—ज्ञानेनतुतदज्ञानं येषांनाशितमात्मनः ॥
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयतितत्परम् ॥१६॥

पदानि—ज्ञानेन तु तद् अज्ञानं येषां नाशितं आत्मनः ॥
तेषां आदित्यवत् ज्ञानं प्रकाशयति तत् परम् ॥१६॥

अन्वयार्थः—**तु** વળી **येषां** જે પુરૂષનું **तत्** તે **अज्ञानं** અજ્ઞાન **आत्मनः** આત્માના **ज्ञानेन** જ્ઞાનવડે **नाशितं** નાશ થયેલું છે **तेषां** તે પુરૂષોનું **तत्** તે **ज्ञानं** જ્ઞાન **आदित्यवत्** સૂર્યની પેઠે **परं** પરબ્રહ્મને **प्रकाशयति** પ્રકાશ કરે છે.

टीका—જે અજ્ઞાનને શાસ્ત્રમાં માયા, અવિદ્યા, પ્રકૃતિ, પ્રધાન, અવ્યક્ત, અને શક્તિ, ઇત્યાદિ નામથી કહેલું છે તે અજ્ઞાન જે અધિકારી પુરૂષના આત્મવિષયક જ્ઞાનવડે નાશ થયેલું છે તે પુરૂષોનું જ્ઞાન, જેમ સૂર્ય પોતાના ઉદયથી સઘળા અન્ધકારની નિવૃત્તિ કરીને ઘટપટાદિ પદાર્થોને પ્રકાશ પમાડે છે તથા તેમાં તેને જેમ કોઈ બીજા સહાયની જરૂર રહેતી નથિ તેમ પરબ્રહ્મનું જ્ઞાન પણ પોતાના ઉદયમાત્રથી કાર્યસહિત અવિદ્યાની નિવૃત્તિ કરીને પરમાત્મતત્ત્વનો પ્રકાશ કરે છે. એમાં તેને કોઇનો સહાય લેવો પડતો નથિ. ॥ ૧૬ ॥

मूलम्—तद्बुद्धयस्तदात्मान-स्तन्निष्ठास्तत्परायणाः ॥

गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७॥

पदानि—तद्बुद्धयः तदात्मानः तन्निष्ठाः तत्परायणाः ॥
गच्छन्ति अपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७॥

अन्वयार्थः—**तद्बुद्धयः** તે પરબ્રહ્મમાંછે બુદ્ધિ જેઓની 'તથા' **तदात्मानः** તે પરબ્રહ્મમાં છે આત્મા જેઓનો 'તથા' **तन्निष्ठाः** તે પરબ્રહ્મમાં છે નિષ્ઠા જેઓની 'તથા' **तत्परायणाः** તે પરબ્રહ્મ છે પામવાયોગ્ય જેઓને 'તથા' **ज्ञाननिर्धूतकल्मषाः** જ્ઞાનવડે નિવૃત્ત થયેલાં છે પુણ્ય પાપ જેઓનાં એવા 'વિદ્વાન પુરૂષો' **अपुनरावृत्तिं** મોક્ષને **गच्छन्ति** પામે છે.

टीका—તે પરબ્રહ્મમાં જેઓની બુદ્ધિ રહેલી છે તથા તે પરબ્રહ્મમાં જેઓનો આત્મા રહેલો છે તથા તે પરબ્રહ્મમાં જેઓની નિષ્ઠા રહેલી છે તથા તે પરબ્રહ્મ જેઓને પામવા યોગ્ય છે તથા જ્ઞાનવડે જેઓનાં પુણ્ય પાપ નિવૃત્ત થયેલાં છે એવા વિદ્વાન્ પુરૂષો મોક્ષ પામે છે. આત્મસાક્ષાત્કારથી વિદ્વાન્ પુરૂષના અનાદિ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે અને તે અજ્ઞાનની નિવૃત્તિ થયા પછી અજ્ઞાનનાં કાર્યરૂપ પુણ્યપાપકર્મ પણ નિવૃત્ત થાય છે અને પુણ્ય પાપ નિવૃત્ત થવાથી તે વિદ્વાન્ પુરૂષને ફરીથી શરીરની પ્રાપ્તિ કેમ થઇ શકે ! અર્થાત્ થઇ શકે નહિ. ॥ ૧૭ ॥

मूलम्—विद्याविनयसम्पन्ने ब्राह्मणेगविहस्तिनि ॥
शुनिचैवश्वपाकेच पण्डिताः समदर्शिनः ॥१८॥

पदानि—विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ॥
शुनि च एव श्वपाके च ब्राह्मणाः समदर्शिनः ॥१८॥

अन्वयार्थः—**पण्डिताः** પંડિતો **विद्याविनयसम्पन्ने** વિદ્યાવિનયથી યુક્ત **ब्राह्मणे** બ્રાહ્મણનેવિષે **गवि** ગોવિષે **हस्तिनि** હસ્તિવિષે **च** તથા **शुनि** શ્વાનવિષે **च** તથા **श्वपाके** ચાંડાલવિષે **समदर्शिनः एव** સમદષ્ટિવાળાજ હોય છે.

टीका—વેદના અર્થને સારી રીતે જાણવારૂપી વિદ્યાને પ્રાપ્ત થયલો તથા નિરહંકાર રૂપી વિનયને પ્રાપ્ત થયલો જે સર્વોત્તમ સાત્વિક બ્રાહ્મણ તેનેવિષે તથા તે બ્રાહ્મણની અપેક્ષાથી મધ્યમ અને સંસ્કારોથી રહિત જે રાજસ ગૌ છે તથા અત્યન્ત તમો ગુણયુક્ત અને સર્વથી અધમ એવાં જે હાથી, શ્વાન અને ચાંડાલ, અર્થાત્ ઉત્તમ મધ્યમ અને અધમરૂપ જેટલાં સાત્વિક રાજસ અને તામસ પ્રાણી છે તે સર્વ ઉંચનીચ પ્રાણિયોનેવિષે જ્ઞાનવન્ત પુરૂષો સમદષ્ટિવાળા હોય છે. ॥ ૧૮ ॥

मूलम्—इहैवतैर्जितःसर्गो-येषांसाम्येस्थितंमनः ॥
निर्दोषंहिसमंब्रह्म तस्माद्ब्रह्मणितेस्थिताः ॥१९॥

पदानि—इह एव तैः जितः सर्गः येषां साम्ये स्थितं मनः ॥
निर्दोषं हि समं ब्रह्म तस्मात् ब्रह्मणि ते स्थिताः ॥१९॥

अन्वयार्थः—**येषां** જે પુરૂષોનું **मनः** મન **साम्ये** બ્રહ્મભાવમાં **स्थितं** રહેલું છે **तैः** તે પુરૂષોએ **इह एव** આ જીવનદશામાંજ **सर्गः** દ્વૈતપ્રપંચ **जितः** જીતેલો છે **हि** કારણકે **ब्रह्म** બ્રહ્મ **निर्दोषं** નિર્દોષ ' તથા ' **समं** સમ છે **तस्मात्** તે કારણમાટે **ते** તે 'સમદર્શી પુરૂષો ' **ब्रह्मणि** બ્રહ્મમાં **स्थिताः** રહેલા છે.

टीका—બ્રહ્મના સમભાવમાં જે પુરૂષોનું શુદ્ધ મન નિશ્ચલ થયેલું છે એવા સમદર્શી પંડિત પુરૂષો આ જીવિતદશામાંજ સર્વે દ્વૈતપ્રપંચને અતિક્રમણ કરે છે અર્થાત્ સર્વે દ્વૈતપ્રપંચનો બાધ કરે છે. હવે જ્યારે જીવિતદશામાંજ પંડિતોને દ્વૈતપ્રપંચનો બાધ થાય છે તો પછી દેહ પડ્યા પછી બાધ થાય એમાં શું કહેવું તે પરબ્રહ્મ નિર્દોષ તથા સમ છે અર્થાત્ જન્મમરણાદિ સર્વે વિકારોથી રહિત છે માટે પંડિત પુરૂષો પરબ્રહ્મમાંજ રહેલા છે. ॥ १९ ॥

मूलम्—नप्रहृष्येत्प्रियंप्राप्य नोद्विजेत्प्राप्यचाप्रियम् ॥
स्थिरबुद्धिरसंमूढो-ब्रह्मविद्ब्रह्मणिस्थितः ॥२०॥

पदानि—न प्रहृष्येत् प्रियं प्राप्य न उद्विजेत् प्राप्य च अप्रियम् ॥
स्थिरबुद्धिः असंमूढः ब्रह्मवित् ब्रह्मणि स्थितः ॥२०॥

अन्वयार्थः—' તે વિદ્વાન્ ' **प्रियं** પ્રિયને **प्राप्य** પામીને **न प्रहृष्येत्** હર્ષ ન પામે **च** તથા **अप्रियम्** અપ્રિયને **प्राप्य** પામીને **न उद्विजेत्** ઉદ્વેગ ન પામે ' કારણ કે તે વિદ્વાન્ ' **स्थिरबुद्धिः** સ્થિર બુદ્ધિવાળો **असंमूढः** સંમોહથી રહિત **ब्रह्मवित्** બ્રહ્મ જાણનાર 'તથા' **ब्रह्मणि** બ્રહ્મમાં **स्थितः** રહેલો છે.

टीका—સમદર્શી વિદ્વાન્ પુરૂષ સુખ કરનારા પ્રિય પદાર્થોને પામીને હર્ષ પામતો નથિ તથા દુઃખ કરનારા અપ્રિય પદાર્થોને પામીને ખેદ પામતો નથિ પણ તે બેઉ પોતાના પ્રારબ્ધ કર્મનાં ફલરૂપ છે એમ જાણીને નિરંતર એક રસ રહે છે કારણ કે તે વિદ્વાન્, સ્થિર બુદ્ધિવાળો, સંમોહથી રહિત, બ્રહ્મ જાણનાર તથા બ્રહ્મમાં રહેલો છે ॥ २० ॥

मूलम्—बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनियत्सुखम् ॥
सब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥२१॥

पदानि—बाह्यस्पर्शेषु असक्तात्मा विन्दति आत्मनि यत् सुखम्
सः ब्रह्मयोगयुक्तात्मा सुखं अक्षय्यं अश्नुते ॥२१॥

अन्वयार्थः—बाह्यस्पर्शेषु બહારના શબ્દાદિક વિષયોમાં **असक्तात्मा** આસક્તિરહિત **आत्मनि** અન્તઃકરણમાં **यत्** જે **सुखं** સુખને **विन्दति** પામે છે **सः** તે **ब्रह्मयोगयुक्तात्मा** બ્રહ્મયોગમાં યુક્ત ચિત્તવાળો **अक्षय्यं** નાશરહિત **सुखं** સુખને **अश्नुते** પામેછે.

टीका—શ્રોત્રાદિક ઇન્દ્રિયોવડે ગ્રહણ કરવા યોગ્ય શબ્દાદિક વિષયો અનાત્મવસ્તુનો ધર્મ છે માટે બાહ્ય કહેવાય છે. એ બાહ્ય શબ્દાદિ વિષયોમાં આસક્તિરહિત ચિત્તવાળો નિષ્કામ પુરૂષ તૃષ્ણારહિત તથા અત્યન્ત વૈરાગ્યવાન્ થઇ શાન્તિરૂપ સુખને નિર્મલ અન્તઃકરણની વૃત્તિવડે અનુભવ કરે છે. ત્યાં શ્લોક છે ॥ **यच्चकामसुखंलोके यच्चदिव्यंमहत्सुखं ॥ तृष्णाक्षयसुखस्यैते नार्हतः षोडशींकलाम्** ॥ તેનો અર્થ આ પ્રમાણે છે કે લોકમાં જે કામ સુખ છે તથા જે દિવ્ય એવું મ્હોટું સુખ છે, તે સર્વ સુખ તૃષ્ણાની નિવૃત્તિથી ઉત્પન્ન થયેલા સુખની સોળમી કળાને પણ તુલ્ય થઇ શકતાં નથિ. ॥૨૧॥

मूलम्—येहिसंस्पर्शजाभोगा दुःखयोनयएवते ॥
आद्यन्तवन्तःकौन्तेय नतेषुरमतेबुधः ॥२२॥

पदानि—ये हि संस्पर्शजाः भोगाः दुःखयोनयः एव ते ॥
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥२२॥

अन्वयार्थः—कौन्तेय હે કુન્તીપુત્ર **हि** જે કારણમાટે **ये** જે **संस्पर्शजाः** વિષયેન્દ્રિયના સમ્બન્ધથી ઉત્પન્ન થનારા **भोगाः** વિષયો છે **ते** તે ‘ સર્વ વિષયો ’ **दुःखयोनयः एव** દુઃખના કારણજ છે ‘તથા’ **आद्यन्तवन्तः** આદિ અન્તવાળા છે ‘તે માટે’ **बुधः** વિવેકી **तेषु** તે ‘ભોગોમાં’ **न रमते** પ્રીતિ કરતો નથિ.

टीका—શબ્દાદિક વિષયોની સાથે જે શ્રોત્રાદિક ઇન્દ્રિયોનો સમ્બન્ધ છે તેનું નામ સંસ્પર્શ કહેવાય છે. તે સંસ્પર્શવડે જેટલા ક્ષુદ્ર સુખના અનુભવરૂપી ભોગ છે એ આ મનુષ્યલોકને આદિ લઈ બ્રહ્મલોક પર્યન્ત ત્રણે કાળમાં દુઃખનાં કારણ છે તથા તે આદિ અને અન્તકાળમાં નાશવન્ત છે માટે વિવેકી પુરૂષ તેમાં પ્રીતિ કરતો નથિ અર્થાત્ તે ભોગોને પ્રતિકૂલ જાણી તેમાં પ્રીતિનો અનુભવ કરતો નથિ. ત્યાં પતંજલિ ભગવાનનું સૂત્ર છે. ॥ **परिणामतापसंस्कारदुःखैर्गुणवृत्तिविरोधाच्चदुःखमेवसर्वंविवेकिनः** ॥ એનો અર્થ આવી રીતે છે કે પરિણામ તાપ અને સંસ્કારનાં દુઃખોવડે ગુણવૃત્તિના વિરોધથી વિવેકિને સર્વ દુઃખ રૂપજ છે અર્થાત્ આ લોકમાં તથા પરલોકમાં સર્વ વિષયસુખ દુઃખ રૂપજ જણાય છે.

मूलम्—शक्नोतीहैवयःसोढुं प्राक्शरीरविमोक्षणात् ॥
कामक्रोधोद्भवंवेगं सयुक्तःससुखीनरः ॥२३॥

पदानि—शक्नोति इह एव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ॥
कामक्रोधोद्भवं वेगं सः युक्तः सः सुखी नरः ॥२३॥

अन्वयार्थः—**यः** જે **शरीरविमोक्षणात् प्राक्** શરીરથી છુટવાની પૂર્વે **कामक्रोधोद्भवं** કામ ક્રોધથી ઉત્પન્ન થયેલા **वेगं** વેગને **इह एव** અહીંજ **सोढुं** સહન કરવાને **शक्नोति** સમર્થ થાય છે **सः** તે **नरः** પુરૂષ **युक्तः** યુક્ત છે 'તથા' **सः** તે **सुखी** સુખી 'જાણવો'

टीका—જે પુરૂષ શરીર છુટવાથી પૂર્વે કામ ક્રોધથી ઉત્પન્ન થયેલા વેગને અહીંજ સહન કરવાને સમર્થ થાય છે તે પુરૂષ યોગી છે તથા તેને સુખી જાણવો. જેમ નદી ચોમાસામાં અત્યન્ત પ્રબલતાથી, ખાડા આદિકમાં ન પડવાની ઇચ્છાવાળા પુરૂષોને પણ ખાડામાં નાખીને ડુબાવે છે તથા નીચેના ભાગઉપર લઈ જાય છે, તેમ કામક્રોધનો વેગ પણ નિરન્તર વિષયોના ચિન્તનરૂપ વર્ષાકાળવડે અત્યન્ત પ્રબલતાથી, વિષયોને ન ઇચ્છનારા પુરૂષોને પણ વિષયરૂપ ખાડામાં પછાડી સંસારરૂપ સમુદ્રમાં ડુબાવે છે તથા મહાનરકરૂપ નીચેના ભાગઉપર લઈ જાય છે. "આ સર્વ અર્થ શ્રીભગવાને **वेगं** એ શબ્દથી જણાવ્યો ॥ ૨૩ ॥

मूलम्—योन्तःसुखोन्तराराम-स्तथान्तर्ज्योतिरेवयः ॥
सयोगीब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥२४॥

पदानि—यः अन्तःसुखः अन्तरारामः तथा अन्तर्ज्योतिः एव यः ॥
सः योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतः अधिगच्छति ॥२४॥

अन्वयार्थः—**यः** જે **अन्तःसुखः एव** અન્દર સુખવાળોજછે **तथा** તથા **यः** જે **अन्तरारामः** અન્દર આરામવાળોછે **अन्तर्ज्योतिः** અન્દર પ્રકાશવાળો છે **सः** તે **योगी** યોગી **ब्रह्मभूतः** બ્રહ્મરૂપ થઈ **निर्वाणं** નિર્વાણ **ब्रह्म** બ્રહ્મને **अधिगच्छति** પામે છે.

टीका—બહારના વિષયોની અપેક્ષાવિના પોતાની અન્દર સ્વરૂપભૂત સુખની જેને પ્રાપ્તિ થયેલી છે તે અન્તઃસુખ છે, અર્થાત્ જે પુરૂષ બહારનાં વિષયજન્ય સુખથી રહિત છે તથા જે અન્દર આરામવાળો છે તથા જે અન્દર પ્રકાશવાળો છે તે બ્રહ્મરૂપ યોગી પુરૂષ નિર્વાણ બ્રહ્મને પામે છે તથા તત્ત્વનો સાક્ષાત્કાર થવાથી તેને અવિદ્યારૂપ આવરણની નિવૃત્તિ થઈ પરમાનન્દ સ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થયેલી છે. ॥ ૨૪ ॥

मूलम्—लभन्तेब्रह्मनिर्वाण-मृषयःक्षीणकल्मषाः ॥
छिन्नद्वैधायतात्मानः सर्वभूतहितेरता : ॥२५॥

पदानि—लभन्ते ब्रह्मनिर्वाणं ऋषयः क्षीणकल्मषाः ॥
छिन्नद्वैधाः यतात्मानः सर्वभूतहितेरताः ॥२५॥

अन्वयार्थः—**क्षीणकल्मषाः** પાપોથી રહિત થયેલા **छिन्नद्वैधाः** સંશયથી રહિત થયેલા **यतात्मानः** એકાગ્રચિત્તવાળા **सर्वभूतहिते** સર્વ ભૂતના હિતમાં **रताः** પ્રીતિવાળા **ऋषयः** ઋષિયો **निर्वाणं** નિર્વાણરૂપ **ब्रह्म** બ્રહ્મને **लभन्ते** પામે છે,

टीका—જે પુરૂષો પ્રથમ યજ્ઞદાનાદિ નિષ્કામ કર્મોવડે પાપથી રહિત થયેલા છે, તથા જે પુરૂષો અન્તઃકરણની શુદ્ધિવડે ઋષિભાવને પામેલા છે તથા જે પુરૂષો શાસ્ત્રના શ્રવણ મનનથી સંશયરહિત થયેલા છે તથા જે પુરૂષો એકાગ્રચિત્તવાળા થયેલા છે તથા જે પુરૂષો પ્રાણિમાત્રના હિતમાં તત્પર થયેલા છે તે પુરૂષો નિર્વાણરૂપ બ્રહ્મને પામે છે. ॥ ૨૫ ॥

मूलम्—कामक्रोधवियुक्तानां यतीनांयतचेतसाम् ॥
अभितोब्रह्मनिर्वाणं वर्त्ततेविदितात्मनाम् ॥२६॥

पदानि—कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ॥२६॥
अभितः ब्रह्मनिर्वाणं वर्त्तते विदितात्मनाम् ॥२६॥

अन्वयार्थः—**कामक्रोधवियुक्तानां** કામક્રોધની ઉત્પત્તિથી રહિત 'તથા' **यतचेतसाम्** ચિત્તને સ્વાધીન કરનારા 'તથા' **विदितात्मनाम्** આત્મસાક્ષાત્કારવાળા **यतीनाम्** સન્યાસિયોને **अभितः** સર્વ અવસ્થામાં **निर्वाणं** નિર્વાણરૂપ **ब्रह्म** બ્રહ્મ **वर्त्तते** પ્રાપ્ત છે.

टीका—જે સંન્યાસિયો કામક્રોધની ઉત્પત્તિથી રહિત છે અર્થાત જેઓને કામ ક્રોધ ઉત્પન્ન થતો નથિ તથા જેઓ ચિત્તનો નિગ્રહ કરનારા છે તથા જેઓ આત્માના સાક્ષાત્કારવાળા છે તે વિદ્વાન્ સંન્યાસિયોને જીવિતકાળમાં તથા મરણકાળમાં નિર્વાણ બ્રહ્મરૂપ મોક્ષ નિરન્તર પ્રાપ્તજ છે કારણ કે બ્રહ્મરૂપ મોક્ષ નિત્ય છે પણ સ્વર્ગાદિકની પેઠે સિદ્ધ કરવા યોગ્ય નથી માટે વિદ્વાન્ પુરૂષો બ્રહ્મરૂપ મોક્ષને આગળ પામશે એ પ્રકારનો ભવિષ્ય વ્યવહાર સંભવતો નથિ. ॥ ૨૬ ॥

मूलम्—स्पर्शान्कृत्वाबहिर्बाह्यां-श्चक्षुश्चैवान्तरेभ्रुवोः ॥
प्राणापानौसमौकृत्वा नासाभ्यन्तरचारिणौ ॥२७॥

यतेन्द्रियमनोबुद्धि-र्मुनिर्मोक्षपराणः ॥
विगतेच्छाभयक्रोधो-यःसदामुक्तएवसः ॥२८॥

पदानि--स्पर्शान् कृत्वा बहिः बाह्यान् चक्षुः च एव अन्तरे भ्रुवोः॥
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥२७॥
यतेन्द्रियमनोबुद्धिः मुनिः मोक्षपरायणः ॥
विगतेच्छाभयक्रोधः यः सदा मुक्तः एव सः ॥२८॥

अन्वयार्थः—**बाह्यान्** બહાર રહેલા **स्पर्शान्** વિષયોને **बहिः** બહાર **कृत्वा** કરીને **च** તથા **चक्षुः** આંખને **भ्रुवोः** બે ભ્રુકુટીના **अन्तरे एव** મધ્યમાંજ 'સ્થિર કરીને' **प्राणापानौ** પ્રાણ અપાન બેઉને **समौ** સમાન **नासाभ्यन्तरचारिणौ** નાસિકાની અન્દર ગતિ કરનારા **कृत्वा** કરીને **यतेन्द्रियमनोबुद्धिः** જીતેલાં છે ઇન્દ્રિય મન અને બુદ્ધિ જેણે **विगतेच्छाभयक्रोधः** નિવૃત્ત થયેલા છે ઇચ્છા, ભય અને ક્રોધ જેના **मोक्षपरायणः** મોક્ષમાં પરાયણ એવો **यः** જે **मुनिः** મનનશીલ ' પુરૂષ ' **सः** તે **सदा** નિરન્તર **मुक्तः एव** મુક્તજ છે.

टीका—સ્વભાવથીજ બહારના દેશઉપર રહેનારા શબ્દાદિક વિષય બહાર રહેલાં શ્રોત્રાદિક ઇન્દ્રિયદ્વારા તે તે શબ્દાદિક આકારને પ્રાપ્તકરી અને અન્તઃકરણની વૃત્તિને દ્વાર કરી ચિત્તમાં પ્રવેશ કરે છે. એવા શબ્દાદિક વિષયોને જે પુરૂષ બહાર કરે છે અર્થાત્ પરમ વૈરાગ્યના પ્રભાવથી વિષયાકાર વૃત્તિને ઉત્પન્ન કરતો નથિ તથા [1]નેત્રને ભ્રુકુટીના મધ્ય ભાગમાં સ્થિર કરીને તથા પ્રાણાપાન વાયુને નાસિકાની અન્દર ગતિ કરનારા કરીને તથા ઇન્દ્રિય, મન અને બુદ્ધિ જેણે જીતેલાં છે તથા ઇચ્છા, ભય અને ક્રોધ જેના નિવૃત્તિ પામેલા છે અને મોક્ષમાં પરાયણ એવો મનનશીલ પુરૂષ નિરન્તર મુક્તજ છે.

અહિયાં શ્રીભગવાને શબ્દાદિક વિષયોને **बाह्यान्** એવું વિશેષણ આપેલું છે તેનો અભિપ્રાય એવો છે કે, શબ્દાદિક વિષયો જો કદાચિત્ સ્વભાવથીજ અન્દર રહેલા હોય તો અગ્નિનું ઉષ્ણુપણું જેમ મટેજ નહિં તેમ હજારો ઉપાયવડે પણ બહાર કરી શકાય નહિં કારણ કે વસ્તુના સ્વભાવની કોઈ વખતે પણ હાનિ થઈ શક્તિ નથિ અને જો વિષયો બહારનાજ છે એમ અંગીકાર કરીયે તો જેમ મૃત્તિકાથી મેલું વસ્ત્ર મૃતિકાને બહાર કહાડવાથી શુદ્ધ થાય છે તેમ તેને બહાર કહાડી શકાય છે ॥ ૨૮ ॥

मूलम्--भोक्तारंयज्ञतपसां सर्वलोकमहेश्वरम् ॥
सुहृदंसर्वभूतानां ज्ञात्वामांशान्तिमृच्छति ॥२९॥

---

[1] એક નેત્ર અત્યંત વીંચી જાય તો નિંદ્રાએ કરીને મન તલ્લીન થઇ જાય; અને આંખો વધારે ખુલ્લી રાખે તો મન બહાર ભ્રમણ કરવા માંડે માટે ભ્રુકુટિના મધ્યમાં દૃષ્ટિ રાખવી.

पदानि--भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ॥
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिं ऋच्छति ॥२९॥

अन्वयार्थः—यज्ञतपसां યજ્ઞ અને તપનો **भोक्तारं** ભોક્તા રૂપ **सर्वलोकमहेश्वरम्** સર્વ લોકનો મ્હોટો ઈશ્વર **सर्वभूतानां** સર્વ પ્રાણિયોનો **सुहृदं** સુહૃદરૂપ 'એવો જે હું તે' **मां** મને **ज्ञात्वा** જાણીને 'યોગ યુક્ત પુરૂષ' **शान्तिं** મોક્ષને **ऋच्छति** પામે છે.

टीका—વેદવડે પ્રતિપાદન કરેલો જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ તથા કૃચ્છ્રચાન્દ્રાયણાદિ જે વ્રત, તેના યજમાનાદિ કર્ત્તારૂપવડે તથા ઇન્દ્રાદિ દેવતારૂપવડે ભોક્તારૂપ, પાલન કરનારો સર્વ પ્રાણિયોનો સુહૃદ્, એવો જે હું તે મને યોગયુક્ત પુરૂષ જાણીને સર્વ સંસારની નિવૃત્તિભૂત મોક્ષરૂપ શાન્તિને પામે છે. એવી રીતે મારા સ્વરૂપનું જ્ઞાનજ મુક્તિનું કારણ છે.

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
संन्गासयोगोनाम
पंचमोऽध्याय :

ॐ

श्रीकृष्णायनमः

अर्जुनउवाच.

मूलम्—अनाश्रितः कर्मफलं कार्यंकर्मकरोतियः ॥
संसंन्यासीचयोगच ननिरग्निर्नचाक्रियः ॥१॥

पदानि—अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ॥
सः संन्यासी च योगी च न निरग्निः न च अक्रियः॥१॥

अन्वयार्थः—**यः** જે **कर्मफलं** કર્મના ફલને **अनाश्रितः** આશ્રયે ન રહેલો 'પુરુષ' **कार्यं** કરવા યોગ્ય **कर्म** કર્મને **करोति** કરે છે **सः** તે 'પુરુષ જો કે' **निरग्निः** અગ્નિથી રહિત **न** નથિ **च** તથા **अक्रियः** ક્રિયાથી રહિત **न** નથિ **च** તથા 'તે પુરુષ' **संन्यासी** સંન્યાસી **च** તથા **योगी** યોગી છે.

टीका—જે પુરૂષ કર્મનાં સ્વર્ગાદિક ફલોની ઇચ્છાથી રહિત થઇ શાસ્ત્રે કહેલાં અગ્નિહોત્રાદિક નિત્ય નૈમિત્તિક કર્મને શ્રદ્ધાપૂર્વક કરે છે તે પુરૂષ કર્મવાળો છે તોપણ સંન્યાસી તથા યોગી છે અને એવી રીતે એ કર્મ કરનારા પુરૂષની સ્તુતિ કરી શકાય છે કારણ કે ત્યાગનું નામ સંન્યાસ છે અને ચિત્તમાં રહેલા વિક્ષેપના અભાવનું નામ યોગ છે. એ પ્રકારે સંન્યાસ તથા યોગ એ બેઉ નિષ્કામ પુરૂષને વિષે વિદ્યમાન છે અર્થાત્ એ ફલનો ત્યાગ કરનારો છે માટે સંન્યાસી છે અને ફલની તૃષ્ણારૂપ વિક્ષેપના અભાવવાળો છે માટે યોગી છે. ॥ ૧ ॥

मूलम्—यंसंन्यासमितिप्राहु-र्योगंतंविद्धिपाण्डव ॥
नह्यसंन्यस्तसंकल्पो-योगीभवतिकश्चन॥२॥

पदानि—यं संन्यासं इति प्राहुः योगं तं विद्धि पाण्डव ॥
न हि असंन्यस्तसंकल्पः योगी भवति कश्चन ॥२॥

अन्वयार्थः—**पाण्डव** હે પાંડુપુત્ર **यं** જેને 'શ્રુતિયો' **संन्यासं** સંન્યાસ **इति** એ નામે કરીને **प्राहुः** કહે છે **तं** તેને 'તું' **योगं** યોગ **विद्धि** જાણ **हि** કારણકે **असंन्यस्तसंकल्पः** સંકલ્પના ત્યાગથી રહિત **कश्चन** કોઇ પણ 'પુરૂષ' **योगी** યોગી **न** **भवति** થતો નથિ.

टीका—હે અર્જુન ! ફલસહિત સર્વ કર્મના ત્યાગને સંન્યાસ એવા નામથી વિદ્વાનો કહે છે તે સંન્યાસનેજ તું યોગરૂપ જાણ. ફલના સંકલ્પનો ત્યાગ કર્યાવિના કોઈ પણ પુરૂષ યોગી થઇ શકતો નથિ પરન્તુ સર્વ યોગી પુરૂષો ફલ સંકલ્પના ત્યાગવાળાજ હોય છે તેમાટે ફલનો ત્યાગ કરવાથી તથા તૃષ્ણારૂપ ચિત્તવૃત્તિનો નિરોધ કરવાથી કર્મ કરનાર પુરૂષ સંન્યાસી તથા યોગી છે. એ અર્થમાં યોગસૂત્ર છે. ॥ **योगश्चित्तवृत्तिनिरोधः ॥ प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः इति** ॥ એનો અર્થ આવી રીતે છે કે ચિત્તની સર્વ વૃત્તિયોનો જે નિરોધ તેનું નામ યોગ કહેવાય છે તે ચિત્તની વૃત્તિયો **प्रमाण १ विपर्यय २ विकल्प ३ निद्रा ४** અને **स्मृति ५** એ પાંચ પ્રકારની છે. ॥ ૨ ॥

मूलम्—आरुरुक्षोर्मुनेर्योगं कर्मकारणमुच्यते ॥
योगारूढस्यतस्यैव शमःकारणमुच्यते ॥३॥

पदानि—आरुरुक्षोः मुनेः योगं कर्म कारणं उच्यते ॥
योगारूढस्य तस्य एव शमः कारणं उच्यते ॥३॥

अन्वयार्थः—योगं યોગ પ્રત્યે **आरुरुक्षोः** આરોહણ કરવાની ઇચ્છાવાળા **मुनेः** મુનિને ' તે યોગની પ્રાપ્તિમાં ' **कर्म** કર્મ **कारणं** સાધનરૂપ **उच्यते** કહેવાય છે ' **तथा** ' **योगारूढस्य** યોગમાં આરૂઢ થયેલા **तस्य** તે પુરૂષને 'જ્ઞાનનિષ્ઠાની પ્રાપ્તિમાટે' **शमःएव** સંન્યાસજ **कारणं** સાધનરૂપ **उच्यते** કહેવાય છે.

टीका—જેટલા કાળપર્યન્ત અધિકારી પુરૂષને અન્તઃકરણની શુદ્ધિપૂર્વક વૈરાગ્યની પ્રાપ્તિ થઇ નથિ તેટલા કાળ પર્યન્ત તે પુરૂષ વૈરાગ્યની પ્રાપ્તિમાટે ફલની ઇચ્છાથી રહિત થઇ કર્મ કરે અને જે કાળમાં નિષ્કામ કર્મથી અન્તઃકરણની શુદ્ધિપૂર્વક વૈરાગ્ય પ્રાપ્ત થાય તે કાળમાં કર્મનો ત્યાગ કરી જ્ઞાનનિષ્ઠાની પ્રાપ્તિમાટે સર્વ કર્મના ત્યાગરૂપ સંન્યાસ ગ્રહણ કરે માટે યોગને વિષે આરોહણ કરવાની ઇચ્છાવાળા મુનિને તે યોગની પ્રાપ્તિમાં નિત્ય કર્મ સાધનરૂપ કહેવાય છે તથા યોગમાં આરૂઢ થયેલા પુરૂષને જ્ઞાનનિષ્ઠાની પ્રાપ્તિમાટે સંન્યાસજ સાધનરૂપ કહેવાય છે. ॥ ૩ ॥

मूलम्—यदाहिनेन्द्रियार्थेषु नकर्मस्वनुषज्जते ॥
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥४॥

पदानि—यदा हि न इन्द्रियार्थेषु न कर्मसु अनुषज्जते ॥
सर्वसंकल्पसंन्यासी योगारूढः तदा उच्यते ॥४॥

अन्वयार्थः—यदा જ્યારે **हि** નિશ્ચે **इन्द्रियार्थेषु** શબ્દાદિક વિષયોમાં **न अनुषज्जते** આસક્ત થતો નથિ ' તથા ' **कर्मसु** કર્મોમાં **न** ' આસક્ત થતો ' નથિ ' તથા '

सर्वसंकल्पसंन्यासी सर्वे संकल्पथी रहित ' थाय छे ' **तदा** त्यारे **योगारूढः** योगारूढ **उच्यते** कहेवाय छे.

टीका—आ अधिकारी पुरुष चित्तना निरोधकाळमां श्रोत्रादि इन्द्रियोना शब्दादिक विषयोमां आसक्ति करतो नथि तथा नित्य, नैमित्तिक, काम्य, लौकिक, अने प्रतिषिद्ध इत्यादि कर्मोमां आसक्ति राखतो नथि अर्थात् आ कर्मनो हुं कर्त्ता छुं तथा भोक्ता छुं तथा आ शब्दादिक विषय मारे भोगववा योग्य छे ए प्रकारनो आग्रह करतो नथि तथा सर्वे संकल्पथी रहित थाय छे त्यारे योगारूढ कहेवाय छे. ॥ ४ ॥

मूलम्—उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ॥
आत्मैवह्यात्मनोबन्धु-रात्मैवरिपुरात्मनः ॥५॥

पदानि—उद्धरेत् आत्मना आत्मानं न आत्मानं अवसादयेत् ॥
आत्मा एव हि आत्मनः बन्धुः आत्मा एव रिपुः आत्मनः

अन्वयार्थः—'अधिकारी पुरुष' **आत्मानं** जीवात्माने **आत्मना** विवेकयुक्त मनवडे 'आ संसारथी' **उद्धरेत्** उद्धार करे 'पण' **आत्मानं** ते जीवात्माने 'संसार समुद्रमां' **न अवसादयेत्** न डुबावे **हि** कारणके **आत्मा एव** आत्माज **आत्मनः** आत्मानो **बन्धुः** बन्धु छे 'तथा' **आत्मा एव** आत्माज **आत्मनः** आत्मानो **रिपुः** शत्रु छे.

टीका—समुद्रनी पेठे आ संसारसमुद्र पण स्त्रीपुत्रधनादि पदार्थोने विषय करनारा महामोहरूपी अनेक [1]आवर्त्तोथी युक्त छे तथा अनेक प्रकारना महारोगरूपी तिमिंगलो-थी युक्त छे तथा खावुं पीवुं इत्यादिरूप म्होटा तरंगोथी युक्त छे तथा त्रण तापरूपी वडवानलथी युक्त छे तथा अनेक प्रकारना महाध्वनिरूप प्रलापथी युक्तछे तथा निरन्तर दुर्वासनारूप शेवालथी युक्त छे तथा विषयरूप विषथी पूर्ण छे. एवी रीतना आ संसा-ररूपी समुद्रमां पडेला पुरुष पोताना जीवात्माने विवेकयुक्त शुद्ध मनवडे संसारसमुद्रथी बहार कहाडवो परन्तु विषयोमां आसक्तिवडे संसार समुद्रमां डुबाववो नहिं कारणके आत्मा पोतेज पोतानो बन्धु छे अर्थात् आ संसारथी मुक्त करनारोछे अने एम न थाय तो आत्माज आत्मानो शत्रु छे ॥ ५ ॥

मूलम्—बन्धुरात्मात्मनस्तस्य येनैवात्मात्मनाजितः ॥
अनात्मनस्तुशत्रुत्वे वर्तेतात्मैवशत्रुवत् ॥६॥

पदानि—बन्धुः आत्मा आत्मनः तस्य येन एव आत्मा आत्मना जितः
अनात्मनः तु शत्रुत्वे वर्तेत आत्मा एव शत्रुवत् ॥६॥

[1] जळनां म्होटां कुंडाळां.

अन्वयार्थः—**येन** જે આત્માએ **आत्मा** આ સંઘાત **आत्मना एव** વિવેકયુક્ત મનવડેજ **जितः** જીતેલો છે **तस्य** તેનો **आत्मा** આત્મા **आत्मनः** આત્માને **बन्धुः** બન્ધુ છે **तु** અને **अनात्मनः** અજિત આત્માના **शत्रुत्वे** શત્રુભાવમાં **शत्रुवत्** શત્રુની પેઠે **आत्मा एव** પોતાનો આત્માજ **वर्तेत** વર્તે.

टीका—જે આત્માએ આ દેહાદિરૂપ સંઘાત વિવેકયુક્ત મનવડે પોતાને વશ કરેલો છે પણ બીજા કોઈ શસ્ત્રાદિ ઉપાયથી વશ કરેલો નથિ તે આત્માનો આત્માજ બન્ધુ છે કારણકે જેમ સાંકળયુક્ત પુરૂષથી પોતાની ઇચ્છામાં આવે તેમ પ્રવૃત્તિ થતી નથિ તેમ તે આત્માની પણ જેમ ઇચ્છામાં આવે તેમ પ્રવૃત્તિ થતી નથિ અને આ જીવાત્માની જે નેત્રાદિ ઇન્દ્રિયદ્વારા રૂપાદિ વિષયોમાં પ્રવૃત્તિ છે તે આત્માને અનેક પ્રકારના અનર્થનું કારણ છે માટે વિવેકવડે તે સંઘાતને વશ રાખનારો પોતે આત્માવડે પોતાનો બન્ધુ છે અને જે આત્માએ તે દેહ ઇન્દ્રિયાદિરૂપ સંઘાતને વિવેકવડે વશ કર્યો નથિ તે પોતે પોતાનો શત્રુ છે. ॥ ૬ ॥

मूलम्—जितात्मनःप्रशान्तस्य परमात्मासमाहितः ॥
शीतोष्णसुखदुःखेषु तथामानापमानयोः ॥७॥

पदानि—जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ॥
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥७॥

अन्वयार्थः—**शीतोष्णसुखदुःखेषु** શીત ઉષ્ણ અને સુખ દુઃખ પ્રાપ્ત થાય 'તોપણ' **तथा** તથા **मानापमानयोः** માન અપમાન પ્રાપ્ત થાય 'તોપણ' **जितात्मनः** જિતેન્દ્રિયને 'તથા' **प्रशान्तस्य** પ્રશાન્તને **परमात्मा** પરમાત્મા **समाहितः** સમાધિનો વિષય થાય છે.

टीका—ચિત્તના વિક્ષેપની પ્રાપ્તિ કરનારા શીત ઉષ્ણ અને સુખદુઃખાદિક દ્વન્દ્વધર્મ વિદ્યમાન હોય તોપણ તથા માન અપમાન વિદ્યમાન હોય તોપણ શ્રોત્રાદિ સર્વે ઇન્દ્રિયોને જેણે વશ કરેલાં છે તથા જે સર્વ ઠેકાણે સમત્વબુદ્ધિવડે રાગદ્વેષાદિ વિકારોથી રહિત છે, તે આત્મા યોગારૂઢ થઇ શકે છે. ॥ ૭ ॥

मूलम्—ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थोविजितेन्द्रियः ॥
युक्तइत्युच्यतेयोगी समलोष्टाश्मकाञ्चनः ॥८॥

पदानि—ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थः विजितेन्द्रियः ॥
युक्तः इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥८॥

अन्वयार्थः - **ज्ञानविज्ञानतृप्तात्मा** જ્ઞાનવિજ્ઞાનવડે તૃપ્ત થયેલું છે ચિત્ત જેનું એવો 'તથા' **कूटस्थः** સર્વ વિક્રિયાથી રહિત 'તથા' **विजितेन्द्रियः** જિતેલી છે ઇન્દ્રિયો જેણે એવો 'તથા' **समलोष्टाश्मकाञ्चनः** સમાન છે મૃત્તિકાપિંડ પાષાણુ અને કંચન જેને એવો **योगी** યોગી **युक्तः** યોગારૂઢ **इति** એ પ્રકારે **उच्यते** કહેવાય છે.

टीका—ગુરૂના ઉપદેશથી ઉત્પન્ન થએલી અને શાસ્ત્રોક્ત પદાર્થોને વિષય કરનારી જે બુદ્ધિ તેનું નામ જ્ઞાન કહેવાય છે અને અપ્રમાણ્ય શંકાની નિવૃત્તિરૂપી ફલવાળા વિચારવડે શાસ્ત્રોક્ત પદાર્થોનું પોતાના અનુભવથી જે પ્રત્યક્ષ કરવું તેનું નામ વિજ્ઞાન કહેવાય છે. તે જ્ઞાનવિજ્ઞાનવડે તૃપ્ત થયેલા ચિત્તવાળો તથા સર્વ વિક્રિયાથી રહિત તથા જિતેન્દ્રિય તથા મૃત્તિકાપિંડ પાષાણુ અને કંચનને સમાન જોનારો જે યોગી પુરૂષ તે યોગારૂઢ એવા નામથી કહેવાય છે. ॥ ૮ ॥

मूलम्—सुहृन्मित्रार्युदासीन-मध्यस्थद्वेष्यबन्धुषु ॥
साधुष्वपिचपापेषु समबुद्धिर्विशिष्यते ॥९॥

पदानि—सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ॥
साधुषु अपि च पापेषु समबुद्धिः विशिष्यते ॥९॥

अन्वयार्थः—**सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु** સુહૃદ્ મિત્ર શત્રુ ઉદાસીન મધ્યસ્થ દ્વેષ્ય અને બન્ધુ એ સર્વનેવિષે **साधुषु** સાધુઓવિષે **च** તથા **पापेषु** પાપિયો વિષે **अपि** પણ **समबुद्धिः** સમ બુદ્ધિવાળો 'પુરૂષ' **विशिष्यते** સર્વથી ઉત્કૃષ્ટ છે.

टीका—પ્રત્યુપકારની અપેક્ષા ન કરીને, પૂર્વના સ્નેહવિના તથા પૂર્વના સમ્બન્ધવિના જે ઉપકાર કરે છે તેનું નામ સુહૃદ કહેવાય છે. પૂર્વસ્નેહની અપેક્ષાથી જે ઉપકાર કરે છે તેનું નામ મિત્ર કહેવાય છે. પોતે કરેલા અપકારની અપેક્ષા ન કરીને કેવળ પોતાના ક્રૂર સ્વભાવથી જે પુરૂષ અપકાર કરે છે તેનું નામ અરિ કહેવાય છે. પરસ્પર વિવાદ કરનારા બે પુરૂષને જોઇ અને તેઓના હિતની તથા અહિતની ઇચ્છા ન કરીને તે બેઉની જે ઉપેક્ષા કરે છે તેનું નામ ઉદાસીન કહેવાય છે. પરસ્પર વિવાદ કરનારા બે પુરૂષના હિતની ઇચ્છા કરનારનું નામ મધ્યસ્થ કહેવાય છે. પોતાના ઉપર કરેલા અપકારની અપેક્ષાવડે જે અપકાર કરે છે તે દ્વેષ્ય કહેવાય છે. કાંઇક સમ્બન્ધ હોવાથી જે પુરૂષ ઉપકાર કરે છે તે બન્ધુ કહેવાય છે. એવી રીતે સુહૃદ, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય અને બન્ધુ, એ સર્વનેવિષે, સાધુઓવિષે, પાપિઓવિષે તથા બીજા સર્વ પ્રાણિયોવિષે જે સમબુદ્ધિવાળો પુરૂષ છે તે સર્વથી ઉત્કૃષ્ટ છે. ॥ ૯ ॥

मूलम्—योगीयुञ्जीतसतत-मात्मानंरहसिस्थितः ॥
एकाकीयतचित्तात्मा निराशीरपरिग्रहः ॥१०॥

पदानि—योगी युञ्जीत सततं आत्मानं रहसि स्थितः ॥
एकाकी यतचित्तात्मा निराशीः अपरिग्रहः ॥१०॥

अन्वयार्थः—**योगी** યોગી **रहसि** એકાન્તમાં **स्थितः** રહો છતો **एकाकी** એકલો ' થઈ ' **यतचित्तात्मा** ચિત્તને નિયમમાં રાખનાર ' થઇ ' **निराशीः** આશા રહિત ' થઇ ' **अपरिग्रहः** પદાર્થના સંગ્રહથી રહિત ' થઇ ' **आत्मानं** ચિત્તને **सततं** નિરન્તર **युञ्जीत** સમાધિમાં જોડે.

टीका—યોગી પુરૂષ એકાન્તમાં રહિ તથા એકલો થઇ, ચિત્તને નિયમમાં રાખી, તૃષ્ણારહિત થઈ તથા યોગની સિદ્ધિને અટકાવનારા સર્વ પદાર્થોની તૃષ્ણાથી રહિત થઈ પોતાના ચિત્તને સમાધિમાં જોડે. આ ઠેકાણે ॥ **सततं** ॥ એ પદવડે તે યોગાભ્યાસ કરવામાં નિરન્તરપણું કહ્યું અને ॥ **निराशीः** ॥ એ પદવડે સત્કાર કથન કર્યો અર્થાત્ નિરન્તર સત્કાર પૂર્વક કરેલો યોગાભ્યાસજ ફલનો હેતુ છે. ॥ ૧૦ ॥

मूलम्—शुचौदेशेप्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ॥
नात्युच्छ्रितंनातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥११॥

पदानि—शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरं आसनं आत्मनः ॥
न अत्युच्छ्रितं न अतिनीचं चैलाजिनकुशोत्तरम् ॥११॥

अन्वयार्थः—' તે યોગી પુરૂષ ' **शुचौ** પવિત્ર **देशे** દેશમાં **आत्मनः** પોતાનું **स्थिरं** નિશ્ચલ **आसनं** આસનને **प्रतिष्ठाप्य** સ્થાપન કરે ' કે જે આસન ' **न अतिउच्छ्रितं** અત્યન્ત ઉંચું નહિ **न अतिनीचं** અત્યન્ત નીચું નહિ 'તથા' **चैलाजिनकुशोत्तरं** દર્ભઉપર મૃગચર્મ અને વસ્ત્રવડે યુક્ત હોય.

टीका—જે દેશ સ્વભાવથી શુદ્ધ હોય અથવા મૃત્તિકાદિકનું લેપન કરવાથી શુદ્ધ કરેલો હોય તથા જે દેશ મનુષ્યોના સમુદાયથી રહિત હોય તથા જે ભયથી રહિત હોય, એવો જે ગંગાતટ અથવા પર્વતની ગુહાઆદિક હોય તે સમાન સ્થલમાં યોગી પોતાનું નિશ્ચલ આસન સ્થાપન કરે. તે આસન અતિ ઉચું ન જોઇએ તથા અતિ નીચું પણ ન જોઇએ પણ દર્ભઉપર મૃગચર્મ તથા વસ્ત્રવડે યુક્ત જોઇએ. ॥ ૧૧ ॥

मूलम्- तत्रैकाग्रंमनःकृत्वा यतचित्तेन्द्रियक्रियः ॥
उपविश्यासनेयुञ्ज्याद्योगमात्मविशुद्धये ॥१२॥

पदानि—तत्र एकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ॥
उपविश्य आसने युंज्यात् योगं आत्मविशुद्धये ॥१२॥

अन्वयार्थः—**तत्र** તે **आसने** આસનઉપર **उपविश्य** બેશીને **यतचित्तेन्द्रियक्रियः** નિયમમાં રાખેલી છે ચિત્ત અને ઇન્દ્રિયોની ક્રિયા જેણે એવો ' પુરૂષ ' **मनः** મનને **एकाग्रं** એકાગ્ર **कृत्वा** કરીને **आत्मविशुद्धये** અન્તઃકરણની શુદ્ધિમાટે **योगं युञ्ज्यात्** સમાધિવિષયક અભ્યાસ કરે.

टीका—શબ્દાદિક વિષયોનું સ્મરણ કરવું એ ચિત્તની ક્રિયા છે અને શબ્દાદિક વિષયોનું ગ્રહણ કરવું એ શ્રોત્રાદિક ઇન્દ્રિયોની ક્રિયા છે. તે ચિત્તની ક્રિયાને તથા શ્રોત્રાદિક ઇન્દ્રિયોની ક્રિયાને વશ રાખનાર પુરૂષ પ્રથમ કહેલા આસનઉપર બેશી તથા મનને એકાગ્ર કરી અન્તઃકરણની શુદ્ધિમાટે સમાધિરૂપ યોગનો અભ્યાસ કરે. ત્યાં શ્રુતિ. ॥ **दृश्यतेत्वग्र्ययाबुद्ध्यासूक्ष्मयासूक्ष्म दर्शिभिः** ॥ સૂક્ષ્મદર્શી પુરૂષોએ એકાગ્ર અને સૂક્ષ્મબુદ્ધિવડે બ્રહ્મ સાક્ષાત્કાર કરાય છે. ॥ ૧૨ ॥

मूलम्—**समंकायशिरोग्रीवं धारयन्नचलंस्थिरः**
संप्रेक्ष्यनासिकाग्रंस्वंदिशश्चानवलोकयन् ॥१३॥

पदानि—**समं कायशिरोग्रीवं धारयन् अचलं स्थिरः ॥**
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशः च अनवलोकयन् ॥१३॥

अन्वयार्थः—' તે યોગાભ્યાસવાળો પુરૂષ ' **स्थिरः** દૃઢ પ્રયત્નવાળો થઇને **कायशिरोग्रीवं** કાય મસ્તક અને ગ્રીવા એ ત્રણેને **समं** સમાન ' તથા ' **अचलं** અચલ **धारयन्** ધારણ કરતો છતો **स्वं** પોતાના **नासिकाग्रं** નાસિકાના અગ્રભાગને **संप्रेक्ष्य** જોઇને **च** તથા **दिशः** દિશાઓને **अनवलोकयन्** ન જોતો છતો ' રહે '

टीका—યોગાભ્યાસ કરનારો જે પુરૂષ અત્યન્ત દૃઢ પ્રયત્નવાળો થઇને પોતાના શરીરના મધ્ય દેશરૂપ કાયને તથા મસ્તક અને ડોકને સમાન તથા અચલ ધારણ કરી રહે અને પોતાના નાસિકાના અગ્રભાગ સામું જોઇ તથા દિશાઓને જોઇને રહે. " આ ઠેકાણે ચક્ષુવડે નાસિકાના અગ્રભાગનું દર્શન કહેલું છે તે, ચક્ષુવડે રૂપાદિક વિષયોનું ગ્રહણ ન કરવું એ નિયમને માટે કહેલું છે. " ॥ ૧૩ ॥

मूलम्—**प्रशान्तात्माविगतभी-र्ब्रह्मचारिव्रतेस्थितः ॥**
मनः संयम्यमच्चित्तो-युक्तआसीतमत्परः ॥१४॥

पदानि—**प्रशान्तात्मा विगतभीः ब्रह्मचारिव्रते स्थितः ॥**
मनः संयम्य मच्चित्तः युक्तः आसीत मत्परः ॥१४॥

अन्वयार्थः—**प्रशान्तात्मा** પ્રશાન્ત આત્માવાળો, થઇ **विगतभीः** ભયરહિત થઇ **ब्रह्मचारिव्रते** બ્રહ્મચારીના વ્રતમાં **स्थितः** રહેલો ' પુરૂષ ' **मनः** મનને **संयम्य** નિ-

યમમાં રાખી **मच्चितः** મારે વિષે ચિત્તવાળો થઇ **मत्परः** મને પરાયણ થઇ **युक्तः** યુક્ત થઇ **आसीत** રહે.

टीका—રાગદ્વેષાદિકથી રહિત થયેલા અન્તઃકરણવાળો તથા શાસ્ત્રના દૃઢ નિશ્ચયવડે સંશયરૂપ ભય જેનો નિવૃત્ત થઇ ગયો છે તથા બ્રહ્મચર્ય, ગુરૂ, શુશ્રૂષા, ભિક્ષાભોજન ઇત્યાદિક બ્રહ્મચારીના વ્રતમાં રહી પોતાના મનને વિષયાકારવૃત્તિયોથી શૂન્ય કરી, મારેવિષે ચિત્ત રાખી, મનેજ મુખ્ય રાખી, મુક્ત થઈ રહે પણ બીજા પદાર્થો ઉપર પ્રીતિ રાખે નહિ. ત્યાં શ્રુતિ. ॥ **तदेतत्प्रेयःपुत्रात्प्रेयो वित्तात्प्रेयोऽन्यस्मात्सर्वस्मादन्तरतरंयदमात्मा इति** ॥ જે આનન્દ સ્વરૂપ આત્મા દેહ, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિઆદિક સર્વે પદાર્થોથી અત્યન્ત જુદો છે તે આત્મા પુત્રથી પણ પ્રિય છે, ધનથી પણ પ્રિય છે તથા બીજા સર્વે પદાર્થોથી પણ પ્રિય છે. ॥ ૧૪ ॥

मूलम्—युञ्जन्नेवंसदात्मानं योगीनियतमानसः ॥
शान्तिंनिर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥१५॥

पदानि—युञ्जन् एवं सदा आत्मानं योगी नियतमानसः ॥
शान्तिं निर्वाणपरमां मत्संस्थां अधिगच्छति ॥१५॥

अन्वयार्थः—**एवं** એ પ્રકારે **आत्मानं** 'પોતાના' મનને **युञ्जन्** જોડતો છતો **सदा** નિરન્તર **योगी** યોગાભ્યાસવાન્ 'પુરૂષ' **नियतमानसः** મનને નિયમમાં રાખનાર થઇ **मत्संस्थां** મારા સ્વરૂપભૂત **निर्वाणपरमां** નિર્વાણ પરમ **शान्तिं** શાન્તિને **अधिगच्छति** પામે છે.

टीका—એવી રીતે એકાન્તમાં રહી જેટલા નિયમ પ્રથમ કહેલા છે તે સર્વે નિયમોવડે પોતાના મનને અભ્યાસ અને વૈરાગ્યના બલથી એકાગ્ર કરી નિરન્તર યોગાભ્યાસ પરાયણ થઇ તથા નિયતમાનસ થઈ શાન્તિ પામે છે. અભ્યાસની દૃઢતાવડે નિરૂદ્ધ કરેલું છે પોતાનું મન જેણે તે નિયતમાનસ કહેવાય અથવા અભ્યાસની દૃઢતાવડે જેણે મનની વૃત્તિરૂપ વિકાર નિવૃત્ત કરેલા છે તેનું નામ નિયતમાનસ કહેવાય છે. એવો નિયતમાનસ પુરૂષ શાન્તિ પામે છે તે શાન્તિ નિર્વાણ પરમ છે અર્થાત તત્વસાક્ષાત્કારની ઉત્પત્તિદ્વારા સર્વે કામ કર્મ અવિદ્યાની નિવૃત્તિરૂપ મુક્તિમાં સમાપ્તિવાળી છે. ॥ ૧૫ ॥

मूलम्—नात्यश्नतस्तुयोगोऽस्ति नचैकान्तमनश्नतः ॥
नचातिस्वप्नशीलस्य जाग्रतोनैवचार्जुन ॥१६॥

पदानि—न अति अश्नतः तु योगः अस्ति न च एकान्तं अनश्नतः
न च अतिस्वप्नशीलस्य जाग्रतः न एव च अर्जुन ॥१६॥

अन्वयार्थः—**अर्जुन** हे अर्जुन **अति अश्नतः** अत्यन्त भोजन करनाराने **तु** पण **योगः** योग **न अस्ति** सिद्ध थतो नथि **च** तथा **एकान्तं** केवळ **अनश्नतः** भोजन न करनाराने 'पण' **न** ' ते योग ' ' सिद्ध थतो ' नथि **च** तथा **अति स्वप्नशीलस्य** अत्यन्त निद्रा करनारने 'पण' **न** ' ते योग सिद्ध थतो ' नथि **च** तथा **जाग्रतः** ' अत्यन्त ' जागनाराने ' पण ' **न एव** ' ते योग सिद्ध थतो ' नथीज.

टीका—हे अर्जुन ! जे अन्न जम्या पछी जठराग्निवडे पची जइ कार्य करवानुं सामर्थ्य संपादन करे छे ते अन्न शास्त्रमां आत्मसम्मित कहेवाय छे. ते आत्मसम्मित अन्नने भोजन न करी जे पुरुष लोभने आधीन थई अधिक अन्न जमे छे ते पुरुषने समाधिरूप योग सिद्ध थतो नथि कारणके ते भोजन करेलुं अधिक अन्न अजीर्ण भावने पामी धातुनी विषमताद्वारा नानाप्रकारना ज्वर शूलादि व्याधियोने उत्पन्न करे छे, ते ज्वरादिक व्याधियोवडे पीडायेला पुरुषथी योगाभ्यास करी शकातो नथि अने जे पुरुष अन्ननुं भोजन करतो नथि अथवा अत्यन्त अल्प भोजन करे छे ते पुरुषने पण योग सिद्ध थतो नथि कारणके अन्ननुं भोजन न करवाथी अथवा अत्यन्त अल्प भोजन करवाथी शरीरना धातुओनुं पोषण थतुं नथि तेथी ते शरीर कोई पण कार्य करवामां समर्थ थाय नहि तथा क्षुधावडे पीडित पुरुषनी वृत्ति पण एकाग्र थाय नहि माटे एवा असमर्थ शरीरवडे योगाभ्यास सिद्ध थइ शके नहि. ॥ १६ ॥

मूलम्—युक्ताहारविहारस्य युक्तचेष्टस्यकर्मसु ॥
युक्तस्वप्नावबोधस्य योगोभवतिदुःखहा ॥१७॥

पदानि—युक्ताहार विहारस्य युक्तचेष्टस्य कर्मसु ॥
युक्तस्वप्नावबोधस्य योगः भवति दुःखहा ॥१७॥

अन्वयार्थः—**युक्ताहार विहारस्य** नियमथी आहार तथा विहार करनारा **कर्मसु** " प्रणव जपादि ' कर्मोमां **युक्तचेष्टस्य** नियमथी प्रवृत्तिवाळा **युक्तस्वप्नावबोधस्य** नियमथी निद्रा तथा जाग्रतवाळा ' पुरुषने ' **योगः** ' ते समाधिरूप ' योग **दुःखहा** दुःखने नाश करनार **भवति** थाय छे.

टीका—अन्नरूप आहार तथा गमन आगमनरूप विहारने नियम पूर्वक राखनार तथा प्रणवादि मंत्रोनो जप तथा उपनिषदोना पाठ, इत्यादिकमां कालनी नियमपूर्वक प्रवृत्तिवाळो तथा निद्रा अने जाग्रतने नियममां राखनारो जे पुरुष छे ते साधन संपन्न पुरुषनेज समाधिरूप योग सिद्ध थाय छे पण आहार विहारादिकोना नियमथी रहित पुरुषने ते समाधिरूप योग सिद्ध थतो नथि. ॥ १७ ॥

मूलम्—यदाविनियतंचित्त-मात्मन्येवावतिष्ठते ॥
निःस्पृहःसर्वकामेभ्यो-युक्तइत्युच्यतेतदा ॥१८॥

पदानि—यदा विनियतं चित्त आत्मनि एव अवतिष्ठते ॥
निःस्पृहः सर्वकामेभ्यः युक्तः इति उच्यते तदा ॥१८॥

अन्वयार्थः—**यदा** જ્યારે **विनियतं** નિરૂદ્ધ કરેલું **चित्तं** ચિત્ત **आत्मनि एव** આત્મામાંજ **अवतिष्ठते** રહે છે 'તથા' **सर्वकामेभ्यः** સર્વ વિષયોથી **निःस्पृहः** નિસ્પૃહ થાય છે' **तदा** ત્યારે **युक्तः** યુક્ત **इति** એવા નામથી **उच्यते** કહેવાય છે.

टीका—જે કાળમાં આ અન્તઃકરણરૂપ પોતાના સ્વચ્છભાવને વશ થવાથી વિષયના આકારને ગ્રહણ કરવામાં સમર્થ હોય તોપણ પરમ વૈરાગ્યથી સર્વ વૃત્તિયોનો નિરોધ કરી તથા રજતમથી રહિત થઇ આત્માને વિષેજ સદા અચલ થાય છે ત્યારે સર્વ ઇચ્છાથી નિઃસ્પૃહ થઇ તે સર્વ વૃત્તિયોના નિરોધકાળમાં સમાધિરૂપ યોગવડે યુક્ત કહેવાય છે. ॥ १८ ॥

मूलम्—यथादीपोनिवातस्थो-नेङ्गतेसोपमास्मृता ॥
योगिनोयतचित्तस्य युञ्जतोयोगमात्मनः ॥१९॥

पदानि—यथा दीपः निवातस्थः न ईंगते सा उपमा स्मृता ॥
योगिनः यतचित्तस्य युञ्जतः योगं आत्मनः ॥१९॥

अन्वयार्थः—**यथा** જેમ **निवातस्थः** વાયુથી રહિત દેશમાં રહેલો **दीपः** દીવો **न इङ्गते** ચલાયમાન થતો નથિ **सा** તે **उपमा** દૃષ્ટાન્ત **यतचित्तस्य** નિરૂદ્ધ ચિત્તવાળા 'તથા' **योग** યોગને **युञ्जतः** કરનારા **योगिनः** યોગી 'પુરૂષને' **आत्मनः** અન્તઃકરણનું **स्मृता** કહેલું છે.

टीका—દીવાને ચલાયમાન કરવામાં કારણ એવો જે વાયુ તેથી રહિત દેશ ઉપર રહેલો દીવો જેમ ચલાયમાન થતો નથિ, તેમ જે યોગી પુરૂષ સર્વ ચિત્તની વૃત્તિયોને રૂંધી એકાન્ત સ્થલમાં યોગાભ્યાસ કરનારો છે તેનું અન્તઃકરણ તે દીવાની પેઠે નિશ્ચલ તથા સત્વગુણની અધિકતાથી પ્રકાશક છે માટે યોગશાસ્ત્ર જાણનારાઓએ યોગી પુરૂષના અન્તઃકરણને નિશ્ચલ દીપકરૂપ દૃષ્ટાન્ત કહ્યું છે. અર્થાત્ જેમ દીવો ચલાયમાનપણાથી રહિત હોય છે તેમ યોગી પુરૂષનું અન્તઃકરણ પણ ચલાયમાનપણાથી રહિત હોય છે. ॥ १९ ॥

मूलम्—यत्रोपरमतेचित्तं निरुद्धंयोगसेवया ॥
यत्रचैवात्मनात्मानं पश्यन्नात्मानितुष्यति ॥२०॥

पदानि—यत्र उपरमते चित्तं निरुद्धं योगसेवया ॥
यत्र च एव आत्मना आत्मानं पश्यन् आत्मनि तुष्यति

अन्वयार्थः **योगसेवया** યોગની સેવાવડે **यत्र** જેમાં **निरुद्धं** રૂંધેલું **चित्तं** ચિત્ત **उपरमते** ઉપરામ પામે છે **च** તથા **यत्र** જેમાં **आत्मना** અન્તઃકરણવડે **आत्मानं** આત્માને **पश्यन्** સાક્ષાત્કાર કરતો છતો **आत्मनि एव** આત્માને વિષેજ **तुष्यति** સન્તોષ પામે છે 'તેને યોગ જાણવો.'

टीका—શ્રદ્ધાપૂર્વક યોગાભ્યાસનું સેવન કરવાથી જેમાં રૂંધેલું ચિત્ત એક વસ્તુને વિષય કરનારી વૃત્તિયો પ્રવાહરૂપ એકાગ્રતાનો ત્યાગ કરીને, કાષ્ઠરહિત અગ્નિની પેઠે ઉપશમ પામેછે અર્થાત્ તે ચિત્ત સર્વ વૃત્તિરહિત હોવાથી સર્વ વૃત્તિયોના નિરોધરૂપવડે પરિણામ પામે છે તથા જેમાં અન્તઃકરણવડે આત્માને સાક્ષાત્કાર કરતો છતો આત્માને વિષેજ સન્તોષ પામે છે તેને યોગ જાણવો. ॥ ૨૦ ॥

मूलम्—**सुखमात्यन्तिकंयत्त-द्बुद्धिग्राह्यमतीन्द्रियम् ॥**
वेत्तियत्रनचैवायं स्थितश्चलतितत्त्वतः ॥२१॥

पदानि—**सुखं आत्यन्तिकं यत् तत् बुद्धिग्राह्यं अतीन्द्रियम् ॥**
वेत्ति यत्र न च एव अयं स्थितः चलति तत्त्वतः॥२१॥

अन्वयार्थः—**यत्** જે **सुखं** સુખ **आत्यन्तिकं** અનન્ત **अतीन्द्रियम्** ઇન્દ્રિયનો અવિષય **बुद्धिग्राह्यं** બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય છે **तत्** તે 'સુખને' આ યોગી પુરૂષ **यत्र** જે અવસ્થામાં **वेत्ति** અનુભવ કરે છે **च** તથા ' જેમાં ' **स्थितः** રહેલો **अयं** આ ' વિદ્વાન્ ' **तत्त्वतःएव** તત્ત્વથી કદાચિત્ પણ **न** **चलति** ચલાયમાન થતો નથિ 'તેનેજ યોગ શબ્દનો અર્થ જાણવો.'

टीका—જે સુખ આત્યન્તિક છે તથા જે સુખ નેત્રાદિક ઇન્દ્રિયોના સમ્બન્ધથી ઉત્પન્ન થયેલા જ્ઞાનનો વિષય નથિ તથા જે સુખ કેવળ સત્વ પ્રધાન બુદ્ધિવડેજ ગ્રહણ કરી શકાય છે, તે સુખનો યોગી પુરૂષ જે અવસ્થામાં અનુભવ કરે છે તથા જે અવસ્થામાં રહેલો વિદ્વાન્ પુરૂષ તત્ત્વથી ચલાયમાન થતો નથિ તે અવસ્થાનું નામ યોગ શબ્દના અર્થરૂપ જાણવું. ॥ ૨૧ ॥

मूलम्—**यंलब्ध्वाचापरंलाभं मन्यतेनाधिकंततः ॥**
यस्मिन्स्थितोनदुःखेनगुरुणापिविचाल्यते ॥२२॥

पदानि—**यं लब्ध्वाच अपरं लाभं मन्यते न अधिकं ततः ॥**
यस्मिन् स्थितः न दुःखेन गुरुणा अपि विचाल्यते॥२२॥

अन्वयार्थः—**यं** જેને **लब्ध्वा** પામીને 'તે યોગી' **अपरं** બીજા **लाभं** લાભને **ततः** તેથકી **अधिकं** અધિક **न** **मन्यते** નથિ માનતો **च** તથા **यस्मिन्** જે અવસ્થામાં

स्थितः રહેલો ' તે યોગી ' **गुरुणा** મહોટા **दुःखेन** દુઃખવડે **अपि** પણ **न विचाल्यते** ચલાયમાન કરાતો નથિ.

टीका—જે અવસ્થાને પ્રાપ્ત થઈ તે યોગી પુરૂષ તેથી અધિક બીજા લાભને માનતો નથિ તથા જે અવસ્થામાં રહેલો તે યોગી પુરૂષ મહોટા દુઃખથી પણ ચલાયમાન થતો નથિ પરન્તુ તે અવસ્થાની પ્રાપ્તિવડે પોતાને કૃતાર્થ માને છે તથા પ્રાપ્તપ્રાપણીય માને છે. ઉપાયોથી પ્રાપ્ત થનારાં સુખ જેને એકજ કાળમાં પ્રાપ્ત થાય છે તેને પ્રાપ્તપ્રાપણીય કહેવાય છે. ॥ ૨૨ ॥

मूलम्—**तंविद्याद्दुःखसंयोग-वियोगंयोगसंज्ञितम् ॥**
सनिश्चयेनयोक्तव्यो-योगोनिर्विण्णचेतसा ॥२३॥

પદાનિ—**तं विद्यात् दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ॥**
सः निश्चयेन योक्तव्यः योगः अनिर्विण्णचेतसा ॥२३॥

अन्वयार्थः—**दुःखसंयोगवियोगं** દુઃખના સમ્બન્ધથી રહિત **तं** તે 'નિરોધ અવસ્થાને' **योगसंज्ञितं** યોગ શબ્દનો અર્થ **विद्यात्** જાણવી **सः** તે **योगः** યોગ **निश्चयेन** નિશ્ચયવડે 'તથા' **निर्विण्णचेतसा** ઉદ્વેગ રહિત ચિત્તવડે **योक्तव्यः** અભ્યાસ કરવા યોગ્ય છે.

टीका—દુઃખના સમ્બન્ધથી રહિત તે નિરોધ અવસ્થાને યોગ શબ્દનો અર્થ જાણવો તે યોગ નિશ્ચયવડે તથા ઉદ્વેગ રહિત ચિત્તવડે અભ્યાસ કરવા યોગ્ય છે અને એ મહાફલની પ્રાપ્તિ કરનારો છે. આટલાકાળસુધી અભ્યાસ કરતાં પણ મને યોગ સિદ્ધ થયો નહિ માટે આગળ જતાં કેમ સિદ્ધ થશે એ પ્રકારના તાપથી રહિત થઈ યોગાભ્યાસ કરવો અર્થાત્ નિરન્તર અભ્યાસ કરતાં કરતાં આ જન્મને વિષે અથવા બીજા જન્મને વિષે યોગ અવશ્ય સિદ્ધ થશે માટે એમાં અત્યન્ત ઉતાવળ કરવાનું શું પ્રયોજન છે, એમ ધૈર્યયુક્ત મનવડે યોગાભ્યાસ કરવો. ॥ ૨૩ ॥

मूलम्—**संकल्पप्रभवान्कामां-स्त्यक्त्वासर्वानशेषतः ॥**
मनसैवेन्द्रियग्रामं विनियम्यसमंततः ॥२४॥

પદાનિ—**संकल्पप्रभवान् कामान् त्यक्त्वा सर्वान् अशेषतः ॥**
मनसा एव इन्द्रियग्रामं विनियम्य समंततः ॥२४॥

अन्वयार्थः—'આ અધિકારી પુરૂષ' **संकल्पप्रभवान्** સંકલ્પથી ઉત્પન્ન થયેલા **सर्वान्** સર્વ **कामान्** કામોને **अशेषतः** વાસનાસહિત **त्यक्त्वा** ત્યાગ કરીને **मनसा एव** મનવડેજ **इन्द्रियग्रामं** ઇન્દ્રિયોના સમૂહને **समन्ततः** સર્વ વિષયોથી **विनियम्य** રોકીને 'મનનો નિરોધ કરે.'

टीका—આ લોકમાં તથા પરલોકમાં અનર્થના હેતુરૂપ અત્યન્ત દુષ્ટ વિષયોમાં રહેલું અશોભનપણું ન દેખીને, આ વિષય તો ઘણા રમણીય છે એ પ્રકારના શોભનપણાનો જે અભ્યાસ તેનું નામ સંકલ્પ છે તથા આ વિષય મને પ્રાપ્ત થાય એ પ્રકારે તે સંકલ્પથી જે વિષયની અભિલાષા થાય તેનું નામ કામ છે. કામનો તથા સંકલ્પનો વાસના સહિત ત્યાગ કરીને મનવડેજ ઇન્દ્રિયોના સમૂહને સર્વ વિષયોથી રોકી મનનો નિરોધ કરવો. ॥ ૨૪ ॥

मूलम्—शनैःशनैरुपरमे-द्बुद्ध्याधृतिगृहीतया ॥
आत्मसंस्थंमनःकृत्वा नकिंचिदपिचिन्तयेत् ॥२५॥

पदानि—शनैः शनैः उपरमेत् बुद्ध्या धृतिगृहीतया ॥
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चित् अपि चिन्तयेत्॥२५॥

अन्वयार्थः—'તે યોગી' **धृतिगृहीतया** ધૈર્યયુક્ત **बुद्ध्या** બુદ્ધિવડે **शनैः शनैः** ધીમે ધીમે **उपरमेत्** મનનો નિરોધ કરે **आत्मसंस्थं** આત્મામાં રહેલું **मनः** મન **कृत्वा** કરીને **किंचित्** કિંચિન્માત્ર **अपि** પણ **न चिन्तयेत्** ચિન્તન ન કરે.

टीका—કોઇ કાળમાં પણ આ યોગ અવશ્ય સિદ્ધ થશે, એમાં ઘણી ઉતાવળ કરવાનું શું પ્રયોજન છે એવા પ્રકારના ધૈર્યથી યુક્ત એવી બુદ્ધિવડે ધીમે ધીમે મનનો નિરોધ કરે અને આત્મામાં મન રાખી કાંઇ પણ ચિન્તન ન કરે. ત્યાં શ્રુતિ. ॥ **यच्छेद्वाङ्मनसीप्राज्ञस्तद्यच्छेज्ज्ञानआत्मनि ज्ञानमात्मनिमहतिनियच्छेत्तद्यच्छेच्छान्तआत्मनि इति** ॥ લૌકિક તથા વૈદિક એવી જે વાણી તેને આ બુદ્ધિમાન્ અધિકારી વ્યાપારસહિત મનમાં લય કરે અર્થાત્ બાહ્ય ઇંદ્રિયના સર્વ વ્યાપારનો પરિત્યાગ કરીને કેવળ મનના વ્યાપારમાત્રવાળો થાય. ॥ ૨૫ ॥

मूलम्—यतोयतोनिश्चरति मनश्चंचलमस्थिरम् ॥
ततस्ततोनियम्यैत-दात्मन्येववशंनयेत् ॥२६॥

पदानि—यतः यतः निश्चरति मनः चञ्चलं अस्थिरम् ॥
ततः ततः नियम्य एतत् आत्मनि एव वशं नयेत् ॥२६॥

अन्वयार्थः—**यतः यतः** જે જે નિમિત્તથી **चंचलं** ચંચલ **अस्थिरं** અસ્થિર **मनः** મન **निश्चरति** વિષયાકાર વૃત્તિને ઉત્પન્ન કરે છે **ततः ततः** તે તે નિમિત્તથી **एतत्** એ મનને **नियम्य** નિયમમાં રાખીને **आत्मनि एव** આત્મામાંજ **वशं नयेत्** વશ રાખે.

टीका—જે જે નિમિત્તથી વિક્ષેપને અભિમુખ થયેલું તથા લયને અભિમુખ થયેલું આ મન વિષયાકાર વૃત્તિને ઉત્પન્ન કરે છે, તે તે નિમિત્તથી એ મનને રોકીને આત્મામાંજ નિરોધ કરે. આત્મામાં નિરૂદ્ધ કરેલું મન વિક્ષેપ પામતું નથિ તથા લયને પણ પ્રાપ્ત થતું નથિ. । ૨૬ ॥

मूलम्—प्रशान्तमनसंह्येनं योगिनं सुखमुत्तमम् ॥
उपैतिशान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥२७॥

पदानि—प्रशान्तमनसं हि एनं योगिनं सुखं उत्तमम् ॥
उपैति शान्तरजसं ब्रह्मभूतं अकल्मषम् ॥२७॥

अन्वयार्थः—**प्रशान्तमनसं** પ્રશાન્ત છે મન જેનું **शान्तरजसं** નિવૃત્ત થયેલો છે રજોગુણ જેનો **अकल्मषम्** નિવૃત્ત થયેલો છે તમોગુણ જેનો 'તથા, **ब्रह्मभूतं** બ્રહ્મભૂત એવા **एनं** આ **योगिनं** યોગી પુરૂષને **हि** નિશ્ચે **उत्तमं** ઉત્તમ **सुखं** સુખ **उपैति** પામે છે.

टीका—સર્વે વૃત્તિયોથી રહિત હોવાથી જેનું મન રૂંધાયેલું છે તથા વિક્ષેપનો હેતુ રજોગુણ જેનો નાશ પામેલો છે **અર્થાત્** જે વિક્ષેપદોષથી રહિત છે તથા જેને વિષે લયનો હેતુ તમોગુણ વિધમાન નથિ અર્થાત્ જે લયદોષથી રહિત છે તથા જે બ્રહ્મભૂત છે **અર્થાત્** આ સર્વે જગત્ બ્રહ્મરૂપ છે એ પ્રકારના નિશ્ચયવડે સમ બ્રહ્મને પામેલો છે, તે યોગી પુરૂષનેજ ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૭ ॥

मूलम्—युञ्जन्नेवंसदात्मानं योगीविगतकल्मषः ॥
सुखेनब्रह्मसंस्पर्श-मत्यन्तंसुखमश्नुते ॥२८॥

पदानि—युञ्जन् एवं सदा आत्मानं योगी विगतकल्मषः ॥
सुखेन ब्रह्मसंस्पर्शं अत्यन्तं सुखं अश्नुते ॥ २८ ॥

अन्वयार्थः—**एवं** એ પ્રકારે **सदा** નિરન્તર **आत्मानं** મનને **युञ्जन्** જોડતો છતો **विगतकल्मषः** પાપરહિત **योगी** યોગી **सुखेन** સુખે કરીને **ब्रह्मसंस्पर्शं** બ્રહ્મસ્વરૂપ **अत्यन्तं** અપાર **सुखं** સુખને **अश्नुते** પામે છે.

टीका—એ પ્રથમ કહેલા ક્રમ પ્રમાણે જે પુરૂષ પોતાના મનને નિરન્તર આત્મામાં રાખીને રહે છે તથા જે પુરૂષ સંસારની પ્રાપ્તિ કરનારા પાપથી રહિત છે તે યોગી પુરૂષ સર્વે અન્તરાયની નિવૃત્તિ કરીને અનાયાસથીજ સુખનો અનુભવ કરે છે. ત્યાં પતંજલિ ભગવાનનું સૂત્ર છે. ॥ **व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानिचित्तविक्षेपास्तेऽन्तरायाः** ॥ એનો અર્થ આવી રીતે છે કે **व्याधि १ स्त्यान २ संशय ३ प्रमाद ४ आलस्य ५ अविरति ६ भ्रान्तिदर्शन ७ अल-**

ऽभूमिकत्व ८ अनवस्थितत्व ९ આ નવ પ્રકારના ચિત્તવિક્ષેપ અન્તરાય કહેવાયછે. ॥૨૮॥

मूलम्—सर्वभूतस्थमात्मानं सर्वभूतानिचात्मनि ॥
ईक्षतेयोगयुक्तात्मा सर्वत्रसमदर्शनः ॥२९॥

पदानि—सर्वभूतस्थं आत्मानं सर्वभूतानि च आत्मनि ॥
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥२९॥

अन्वयार्थः—**योगयुक्तात्मा** યોગયુક્ત આત્માવાળો ' પુરૂષ ' **सर्वत्र** સર્વ પ્રપંચમાં **समदर्शनः** સમબુદ્ધિવાળો થઇ **सर्वभूतस्थं** સર્વ ભૂતોમાં રહેલા **आत्मानं** આત્માને **च** તથા **आत्मनि** આત્માવિષે **सर्व भूतानि** સર્વ ભૂતોને **ईक्षते** દેખે છે.

टीका—સ્થાવર જંગમરૂપ સર્વ પ્રાણિયોના ભોક્તારૂપે રહેલા એક અદ્વિતીયસચ્ચિદાનન્દ આત્માનો સાક્ષાત્કાર કરનાર યોગી પુરૂષ સર્વ પ્રપંચમાં સમબુદ્ધિવાળો થઇ સર્વ ભૂતોમાં રહેલા આત્માને તથા આત્માવિષે સર્વ ભૂતોને દેખે છે. જે પુરૂષ યોગયુક્ત આત્માવાળો તથા સમદષ્ટિવાળો છે તે પુરૂષ આત્માનો સાક્ષાત્કાર કરે છે. " એટલું કહેવાથી શ્રીભગવાને યોગી તથા સમદર્શી એ બેઉ પુરૂષ આત્મસાક્ષાત્કારના અધિકારી છે એમ જણાવ્યું. " ॥ ૨૯ ॥

मूलम्—योमांपश्यतिसर्वत्र सर्वंचमयिपश्यति ॥
तस्याहंनप्रणश्यामि सचमेनप्रणश्यति ॥३०॥

पदानि—यः मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ॥
तस्य अहं न प्रणश्यामि सः च मे न प्रणश्यति॥३०॥

अन्वयार्थः—**यः** જે **सर्वत्र** સર્વ ઠેકાણે **मां** મને **पश्यति** દેખે છે **च** તથા **सर्वं** સર્વે **मयि** મારામાં **पश्यति** દેખે છે **तस्य** તેને **अहं** હું **न प्रणश्यामि** પરોક્ષ થતો નથિ **च** તથા **सः** તે **मे** મને **न प्रणश्यति** પરોક્ષ થતો નથિ.

टीका—માયારૂપ ઉપાધિવાળો થઇ સર્વ પ્રપંચનો કારણરૂપ, વાસ્તવથી જોતાં સર્વ ઉપાધિયોથી રહિત, પરમાર્થ સત્ય, આનન્દઘન તથા અનન્તરૂપ એવો જે હું પરમેશ્વર તેને જે યોગી પુરૂષ સર્વ પ્રપંચમાં વ્યાપક દેખે અર્થાત્ યોગથી ઉત્પન્ન થયેલા પ્રત્યક્ષ જ્ઞાનવડે મને અપરોક્ષ કરે છે તથા જે યોગી પુરૂષ માયાવડે આરોપણ કરેલા સર્વ પ્રપંચને અધિષ્ઠાનરૂપ પરમેશ્વરથી જુદો મિથ્યારૂપવડે દેખે છે તે યોગી પુરૂષને હું કોઈ વખતે પણ પરોક્ષ થતો નથિ. અને તે યોગી મને પરોક્ષ થતો નથિ. "આ વાર્તા શ્રુતિમાં પણ કહેલી છે. ત્યાં શ્રુતિ. ॥ सएनमविदितोनभुनक्ति ॥ એનો અર્થ આવી રીતે છે કે તે પર-

આત્મા જો કે આ જીવનો આત્મા રૂપજ છે અને જીવને જાણવામાં આવતો નથિ પણ આ જીવને જન્મમરણરૂપ સંસારથી રક્ષણ કરતો નથિ. ॥ ૩૦ ॥

मूलम्—सर्वभूतस्थितंयोमां भजत्येकत्वमास्थितः ॥
सर्वथावर्त्तमानोऽपि सयोगीमयिवर्त्तते ॥३१॥

पदानि--सर्वभूतस्थितं यः मां भजति एकत्वं आस्थितः ॥
सर्वथा वर्त्तमानः अपि सः योगी मयि वर्त्तते ॥३१॥

अन्वयार्थः—**यः** જે **सर्वभूतस्थितं** સર્વ ભૂતોમાં રહેલા **मां** મને **एकत्वं** અભેદને **आस्थितः** નિશ્ચય કરતો છતો **भजति** ભજે છે **सः** તે **योगी** યોગી **सर्वथा** સર્વ પ્રકારે **वर्त्तमानः** વ્યવહાર કરતો છતો **अपि** પણ **मयि** મારે વિષે **वर्त्तते** વર્તે છે.

टीका—જે યોગી પુરૂષ સર્વ ભૂતોમાં રહેલા એવા મને અભેદવડે નિશ્ચય કરીને ભજે છે તે યોગી સર્વ પ્રકારે વ્યવહાર કરે છે તોપણ કાર્યસહિત અવિદ્યાની નિવૃત્તિ કરી તથા જીવન્મુક્ત થઇ કૃતાર્થ થાય છે. તે જીવન્મુક્તને જેટલા કાળ પર્યન્ત શરીરાદિકનું દર્શન વિદ્યમાન છે તેટલા કાળ પર્યન્ત વિલક્ષણ એવા પ્રારબ્ધ કર્મની પ્રબલતાથી યાજ્ઞવલ્ક્યાદિકની પેઠે સર્વ કર્મનો ત્યાગ કરીને તે વર્ત્તે અથવા વસિષ્ઠ જનકાદિકની પેઠે અગ્નિહોત્રાદિ કર્મ કરીને વર્ત્તે પણ તે મારેવિષેજ વર્ત્તે છે. અર્થાત્ તે વિદ્વાન્ પુરૂષને સર્વ પ્રકારે મોક્ષના પ્રતિબન્ધની શંકા થાય નહિ. ત્યાં શ્રુતિ. ॥ **तस्यहनदेवाश्चनाभूत्याईशातआत्माह्येषांसंभवति** ॥ એનો અર્થ આવી રીતે છે કે મહોટા પ્રભાવવાળા ઇન્દ્રાદિક દેવો પણ તે વિદ્વાન્ પુરૂષના મોક્ષવિષે પ્રતિબન્ધ કરવાને સમર્થ નથિ કારણકે તે વિદ્વાન્ પુરૂષ દેવોના આત્મારૂપેજ છે. ॥ ૩૧ ॥

मूलम्—आत्मौपम्येनसर्वत्र समंपश्यातियोऽर्जुन ॥
सुखंवायदिवादुःखं सयोगीपरमोमतः ॥३२॥

पदानि—आत्मौपम्येन सर्वत्र समं पश्यति यः अर्जुन ॥
सुखं वा यदि वा दुःखं सः योगी परमः मतः ॥३२॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન **यः** જે **सर्वत्र** સર્વ પ્રાણિયોમાં **आत्मौपम्येन** પોતાના આત્માના દૃષ્ટાન્તવડે **सुखं वा** સુખને વા **यदि वा** અથવા **दुःखं** દુઃખને **समं** તુલ્ય **पश्यति** દેખે છે **सः** તે **योगी** યોગી **परमः** શ્રેષ્ઠ **मतः** માનેલો છે.

टीका—જે વિદ્વાન્ સર્વ પ્રાણિમાત્રમાં સુખ અથવા દુઃખને પોતાના આત્માના દૃષ્ટાન્તવડે તુલ્ય જાણે છે અર્થાત્ રાગદ્વેષરહિત હોવાથી તે વિદ્વાન્ જેમ પોતાનું અનિષ્ટ કરે નહિ તેમ બીજા પ્રાણિયોનું પણ અનિષ્ટ કરે નહિ અને જેમ પોતાનું ઇષ્ટ સંપાદન

કરે તેમ અન્યનું ઇષ્ટ પણ સંપાદન કરે છે. એમ નિર્વાસનાથી શાન્તમનવાળો યોગી પુરૂષ પ્રથમ કહેલા અપૂર્ણ યોગથી શ્રેષ્ઠ છે અર્થાત્ મનોનાશ અને વાસનાક્ષયથી રહિત કેવળ તત્ત્વવેત્તા પુરૂષથી મનોનાશ અને વાસનાક્ષયસહિત એવો તત્ત્વવેત્તા પુરૂષ શ્રેષ્ઠ છે માટે તત્ત્વજ્ઞાન, મનોનાશ, તથા વાસનાક્ષય; એ ત્રણેનો યથાક્રમથી અધિકારી પુરૂષે અભ્યાસ કરવો. ॥ ૩૨ ॥

अर्जुनउवाच.

मूलम्—योऽयंयोगस्त्वयाप्रोक्तः साम्येनमधुसुदन ॥
एतस्याहंनपश्यामि चंचलत्वात्स्थितिंस्थिराम् ॥३३॥

पदानि—यः अयं योगः त्वया प्रोक्तः सम्येन मधुसूदन ॥
एतस्य अहं न पश्यामि चंचलत्वात् स्थितिं स्थिराम् ॥३३॥

अन्वयार्थः—**मधुसूदन** હે મધુસૂદન **त्वया** તમે **यः** જે **अयं** આ **योगः** યોગ **साम्येन** સમપણાવડે **प्रोक्तः** કહેલો છે **एतस्य** એની **स्थिरां** સ્થિર **स्थितिं** સ્થિતિને 'મનનું' **चंचलत्वात्** ચંચલપણું છે માટે **अहं** હું **न पश्यामि** જોતો નથિ.

टीका—હે મધુસૂદન ! સર્વઠેકાણે સમદૃષ્ટિરૂપ પરમયોગ તમે પ્રથમ સમભાવવડે કહેલો છે અર્થાત્ ચિત્તમાં રહેલા અને વિષમ દૃષ્ટિના હેતુભૂત રાગદ્વેષાદિકનું નિરાકરણ કરી જે યોગ કહેલો છે તે યોગની ઘણા કાળ પર્યન્ત રહેનારી સ્થિતિને હું દેખતો નથિ અર્થાત્ સર્વ વૃત્તિયોના નિરોધરૂપી યોગની દીર્ઘ કાળ પર્યન્ત સ્થિતિ થાય એવી સંભવના મને નથિ કારણ કે મન ઘણું ચંચલ છે અને એક ક્ષણમાત્ર પણ સ્થિર થતું નથિ. ॥૩૩॥

मूलम्—चंचलंहिमनःकृष्ण प्रमाथिबलवद्दृढम् ॥
तस्याहंनिग्रहंमन्ये वायोरिवसुदुष्करम् ॥३४॥

पदानि—चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवत् दृढम् ॥
तस्य अहं निग्रहं मन्ये वायोः इव सुदुष्करम् ॥३४॥

अन्वयार्थः—**कृष्ण** હે કૃષ્ણ **मनः** મન **हि** નિશ્ચે **चंचलं** ચંચલ **प्रमाथि** ઇન્દ્રિયો તથા શરીરને ક્ષોભ પમાડનારૂં **बलवत्** બલવાળું 'તથા' **दृढम्** દૃઢ છે **तस्य** તેના **अहं** હું **निग्रहं** નિગ્રહને **वायोः इव** વાયુના નિગ્રહની પેઠે **सुदुष्करम्** અત્યન્ત કઠિન **मन्ये** માનું છું.

टीका—હે કૃષ્ણ ! આ મન અત્યન્ત ચંચલ સ્વભાવવાળું છે તથા શરીર અને ઇન્દ્રિયોને ક્ષોભ પમાડનારૂં છે તથા તે મનને જે વિષયની ઇચ્છા હોય તે વિષયથી કોઈ પણ ઉપાયથી તેને પાછું વાળી શકાય એમ નથિ તથા અત્યન્ત બલવાન્ અને અત્યન્ત

દઢ છે અર્થાત્ અનેક જન્મની હજારોહજાર વિષયવાસનાથી યુક્ત છે તેથી ભેદવાને અશક્ય છે માટે જેમ વાયુને વશ રાખવો એ અત્યન્ત કઠિન છે તેમ મનને વશ રાખવું એ પણ અત્યન્ત કઠિન છે એમ હું માનું છું.

श्रीभगवानुवाच.

मूलम्—असंशयंमहाबाहो मनोदुर्निग्रहंचलम् ॥
अभ्यासेनतुकौन्तेय वैराग्येणचगृह्यते ॥३५॥

पदानि—असंशयं महाबाहो मनः दुर्निग्रहं चलम् ॥
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥३५॥

अन्वयार्थः—**महाबाहो** હે મહાબાહો **मनः** મન **दुर्निग्रहं** દુઃખથી વશ થાય એવું ' તથા ' **चलं** ચંચલ ' એ વાત ' **असंशयं** સંશયરહિત છે **तु** તોપણ **कौन्तेय** હે કુન્તીપુત્ર 'તે મન' **अभ्यासेन** અભ્યાસવડે **च** તથા **वैराग्येण** વૈરાગ્યવડે **गृह्यते** ગ્રહણ કરી શકાય છે.

टीका—હે મ્હોટા હાથવાળા ! તેં પ્રથમ કહ્યું કે મન દુઃખથી વશ કરી શકાય એવું છે તથા સ્વભાવથી ચંચલ છે, એ તારા કહેવામાં કાંઈ પણ સંશય નથિ અર્થાત્ એ તારૂં કહેવું યથાર્થ છે તથાપિ સમાધિમાત્રરૂપ ઉપાયથી તથા વૈરાગ્યરૂપ અભ્યાસથી મનને વશ રાખી શકાય છે. " ત્યાં એક શ્લોક છે. ॥ **उपविश्योपविश्यैव चित्तज्ञेनमुहुर्मुहुः ॥ न शक्यतेमनोजेतुंविनायुक्तिमनिन्दितां ॥** ચિત્તનો સ્વભાવ જાણનારા પુરૂષથી ઉત્તમ યુક્તિવિના વારંવાર આસન ઉપર બેસવાથી મન જીતી શકાતું નથિ." ॥૩૫॥

मूलम्—असंयतात्मनायोगो-दुष्प्रापइतिमेमतिः ॥
वश्यात्मनातुयतता शक्योऽवाप्तुमुपायतः ॥३६॥

पदानि—असंयतात्मना योगः दुष्प्रापः इति मे मतिः ॥
वश्यात्मना तु यतता शक्यः अवाप्तुं उपायतः ॥३६॥

अन्वयार्थः—**असंयतात्मना** અસંયતાત્મા પુરૂષથી **योगः** યોગ **दुष्प्रापः** દુઃખવડે પણ પામી શકાતો નથિ **इति** આ વાર્ત્તા **मे** મારે **मतिः** સંમત છે **तु** તોપણ **यतता** મહેનત કરતા **वश्यात्मना** મન વશ રાખનારા ' પુરૂષથી ' **उपायतः** ઉપાયથી **अवाप्तुं** પામવાને **शक्यः** યોગ્ય છે.

टीका—તત્ત્વનો સાક્ષાત્કાર થયા પછી પણ શાસ્ત્રનાં વ્યાખ્યાનાદિકોમાં ચિત્ત લાગવાથી અથવા આલસ્યાદિક દોષથી, અભ્યાસ તથા વૈરાગ્યવડે જેણે અન્તઃકરણને નિય-

મમાં રાખેલું નથિ તેને અસંયતાત્મા કહેવાય છે. એવો અસંયતાત્મા પુરૂષ પ્રારબ્ધ કર્મેથી થયેલી ચિત્તની ચંચલતાથી મનની સર્વ વૃત્તિયોના નિરોધરૂપ યોગને દુઃખથી પણ પામી શકે નહિં, એ પ્રકારનું જે વચન તેં મને કહ્યું તે મારે પણ સંમત છે પણ જેનું અન્તઃકરણ વિષયોની પરતંત્રતાથી રહિત થયેલું છે તથા જે પ્રયત્ન કરનારો છે તે તો તે યોગને ઉપાયથી પામવાનો યોગ્ય છે. ॥ ૩૬ ॥

मूलम्—अयतिःश्रद्धयोपेतो-योगाच्चलितमानसः ॥
अप्राप्ययोगसंसिद्धिं कांगतिंकृष्णगच्छति ॥३७॥

पदानि—अयतिः श्रद्धया उपेतः योगात् चलित मानसः
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥३७॥

अन्वयार्थः—कृष्ण હે કૃષ્ણ ‘ જે પુરૂષ ’ **अयतिः** અલ્પ પ્રયત્નવાળો છે **श्रद्धया** શ્રદ્ધાએ **उपेतः** યુક્ત છે ‘તથા’ **योगात्** યોગથી **चलितमानसः** ચલાયમાન થયેલા મનવાળો છે ‘તે પુરૂષ’ **योगसंसिद्धिं** યોગની સંસિદ્ધિને **अप्राप्य** ન પામીને ‘મરણ પામે તો’ **कां** કઈ **गतिं** ગતિને **गच्छति** પામે છે.

टीका—હે કૃષ્ણ આયુષ્યની અલ્પતાથી જે પુરૂષ અલ્પ પ્રયત્નવાળો છે તથા શાસ્ત્રમાં વિશ્વાસરૂપ શ્રદ્ધાથી જે યુક્ત છે તથા યોગથી ચલાયમાન થયેલા ચિત્તવાળો છે તે પુરૂષ યોગની સંસિદ્ધિને ન પામી મરણ પામે તો કઈ ગતિને પામે છે ? અર્થાત્ સારી ગતિને પામે છે કે દુર્ગતિ પામે છે ? શ્રવણ મનનાદિકથી ઉત્પન્ન થયેલા તત્ત્વ સાક્ષાત્કારનું નામ યોગ છે તે યોગના ફલને પ્રાપ્ત ન થવાથી શુભ ગતિ થવી એ પણ સંભવતું નથિ તથા તે યોગમાર્ગમાં ચાલ્યા પછી દુર્ગતિ થાય એ પણ સંભવતું નથિ. ॥ ૩૭ ॥

मूलम्—कच्चिन्नोभयविभ्रष्ट-श्छिन्नाभ्रमिवनश्यति ॥
अप्रतिष्ठोमहाबाहो विमूढोब्रह्मणःपथि ॥३८॥

पदानि—कच्चित् न उभयविभ्रष्टः छिन्नाभ्रं इव नश्यति ॥
अप्रतिष्ठः महाबाहो विमूढः ब्रह्मणः पथि ॥३८॥

अन्वयार्थः—महाबाहो હે મહાબાહો **ब्रह्मणः** બ્રહ્મના **पथि** માર્ગમાં **विमूढः** વિમૂઢ ‘ તથા ’ **अप्रतिष्ठः** કર્મ ઉપાસનાથી ’ રહિત એવો **उभयविभ्रष्टः** બેઉ તરફથી ભ્રષ્ટ થયેલો ‘પુરૂષ’ **छिन्नाभ्रं इव** છેદાઈ ગયેલાં વાદળાંની પેઠે **कच्चित्** કેમ **न नश्यति** નાશ ન પામે ?

टीका—હે મહાબાહો ! જે પુરૂષ અદ્વિતીય બ્રહ્મની પ્રાપ્તિમાટે આત્મજ્ઞાનરૂપ માર્ગનાં વિમૂઢ તથા જે કર્મઉપાસનાથી રહિત ઉભય ભ્રષ્ટ પુરૂષ છે અર્થાત્ કર્મમાર્ગથી અને

જ્ઞાનમાર્ગથી ભ્રષ્ટ થયેલો પુરૂષ જુદાં પડેલાં વાદળાંની પેઠે કેમ નાશ નહિ પામે અર્થાત્ જેમ વાયુએ પૂર્વ મેઘથી જુદું કરેલું વાદળું પૂર્વ મેઘથી ભ્રષ્ટ થઈ તથા ઉત્તર મેઘને ન પ્રાપ્ત થઈ તથા વૃષ્ટિને અયોગ્ય થઇ મધ્યમાંજ નાશ પામે છે તેમ તે યોગભ્રષ્ટ પુરૂષ પણ પ્રથમ કર્મમાર્ગથી વિછિન્ન થઇ તથા જ્ઞાનમાર્ગને ન પ્રાપ્ત થઇ મધ્યમાંજ નાશ પામે માટે એવો યોગભ્રષ્ટ પુરૂપ કર્મ ફલનું તથા જ્ઞાનનું ફલ પામવાને અયોગ્ય નથિ કેમ ? ॥ **કચ્ચિત્** ॥ આ પદ અભિલાષાસહિત પ્રશ્ન કહેનારૂં છે. ॥ ૩૮ ॥

मूलम्—एतन्मेसंशयंकृष्ण छेत्तुमर्हस्यशेषतः ॥
त्वदन्यःसंशयस्यास्य छेत्तानत्युपपद्यते ॥३९॥

पदानि—एतत् मे संशयं कृष्ण छेत्तुं अर्हसि अशेषतः ॥
त्वत् अन्यः संशयस्य अस्य छेत्ता न हि उपपद्यते ॥३९॥

अन्वयार्थः **कृष्ण** હે કૃષ્ણ **मे** મારા **एतत्** આ **संशयं** સંશયને **अशेषतः** સમગ્રપણાથી **छेत्तुं** મટાડવાને ' આપજ ' **अर्हसि** યોગ્ય છો **हि** કારણ કે **त्वदन्यः** તમારાથી બીજો કોઇ પણ **अस्य** આ **संशयस्य** સંશયનો **छेत्ता** છેદનાર **न उपपद्यते** સંભવતો નથિ.

टीका—હે કૃષ્ણ ! મેં આપને જે સંશય દેખાડેલો છે તે મારા સંશયને સારી રીતે પાપ નાશ કરવાને સમર્થ છો અને જો તમે કહેશો કે મારાથી બીજો કોઇ દેવ અથવા ઋષિ તારો સંશય મટાડશે, તો ત્યાં હું કહું છું કે આપથી ભિન્ન એવા જેટલા ઋષિ અને દેવ છે તે સર્વ અનીશ્વર હોવાથી અસર્વજ્ઞજ છે માટે તે કોઈ ઉત્તર આપીને મારા સંશયનો નાશ કરે એમ જણાતું નથિ માટે સર્વના પરમગુરૂ આપ ઈશ્વરજ આ મારો સંશય મટાડવાને યોગ્યછો ॥ ૩૯ ॥

श्री भगवानुवाच.

मूलम्—पार्थनैवेहनामुत्र विनाशस्तस्यविद्यते ॥
नहिकल्याणकृत्कश्चि-द्दुर्गतिंतातगच्छति ॥४०॥

पदानि—पार्थ न एव इह न अमुत्र विनाशः तस्य विद्यते ॥
न हि कल्याणकृत्॥कश्चित् दुर्गतिं तात गच्छति ॥४०॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ **तस्य** તે 'યોગભ્રષ્ટ પુરૂષને' **इह** આ લોકમાં **एव** કોઈ વખતે પણ **विनाशः** વિનાશ **न विद्यते** વિદ્યમાન નથિ 'તથા' **अमुत्र** પરલોકમાં 'વિનાશ' **न** નથિ **हि** કારણકે **तात** હે તાત **कल्याणकृत्** શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરનાર **कश्चित्** કોઈ પણ 'પુરૂષ' **दुर्गतिं** દુર્ગતિને **न गच्छति** પામતો નથિ.

टीका—હે પાર્થ ! જે પુરૂષે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સર્વ કર્મોના પરિત્યાગરૂપ સંન્યાસ કરેલા છે તથા જે સર્વથી વિરક્ત છે તથા જે ગુરૂ સમીપ જઈ શાસ્ત્ર શ્રવણ કરે છે તથા તે શ્રવણ મનનાદિક કરતાં કરતાં મધ્યમાં મરણ પામેલો છે, તે યોગભ્રષ્ટ પુરૂષનો આ લોકમાં તથા પરલોકમાં વિનાશ થાય નહિ કારણકે હે તાત ? શાસ્ત્રપ્રમાણે ચાલનાર કોઈ પણ પુરૂષ દુર્ગતિ પામતો નથિ ॥ ૪૦ ॥

मूलम्—प्राप्यपुण्यकृतांल्लोका-नुषित्वाशाश्वतीःसमाः
शुचीनांश्रीमतांगेहे योगभ्रष्टोऽभिजायते ॥४१॥

पदानि—प्राप्य पुण्यकृतान् लोकान् उषित्वा शाश्वतीः समाः ॥
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टः अभिजायते ॥४१॥

अन्वयार्थः—**योगभ्रष्टः** યોગથી ભ્રષ્ટ થયેલો 'પુરૂષ' **पुण्यकृतान्** પુણ્યાતમા પુરૂષોને પ્રાપ્ત થનારા **लोकान्** લોકોને **प्राप्य** પામીને 'ત્યાં' **शाश्वतीः** બહુ **समाः** સંવત્સર પર્યન્ત **उषित्वा** નિવાસ કરીને 'ત્યાર પછી' **शुचीनां** પવિત્ર **श्रीमतां** શ્રીમાન્ પુરૂષોના **गेहे** ઘરમાં **अभिजायते** ઉત્પન્ન થાય છે.

टीका—જે પુરૂષ યોગમાર્ગમાં પ્રવર્ત્યો છે તથા જેણે સર્વ કર્મના ત્યાગરૂપ સંન્યાસ કરેલો છે તથા જે નિરન્તર શાસ્ત્રનું શ્રવણાદિક કરે છે અને એમ કરતાં કરતાં મરણ પામે તો તેમાં કોઇક યોગભ્રષ્ટ તો પ્રથમ અનુભવ કરેલા વિષયોની ઇચ્છા કરે છે અને કોઈક યોગભ્રષ્ટ વૈરાગ્યની દ્રઢતાથી વિષયોની ઇચ્છા કરતો નથી. તે પ્રથમ યોગભ્રષ્ટ બ્રહ્મલોકને પ્રાપ્ત થઇ તથા ત્યાં બ્રહ્માના આયુષ્ય જેટલા સંવત્સર નિવાસ કરી પછી પવિત્ર અને ચક્રવર્તિ મહારાજાના કુલમાં અજાતશત્રુ અને જનકાદિકની પેઠે જન્મ પામેછે. ॥૪૧॥

मूलम्—अथवायोगिनामेव कुलेभवतिधीमताम् ॥
एतद्धिदुर्लभतरं लोकेजन्मयदीदृशम् ॥४२॥

पदानि—अथवा योगिनां एव कुले भवति धीमताम् ॥
एतत् हि दुर्लभतरं लोके जन्म यत् ईदृशम् ॥४२॥

अन्वयार्थः—**अथवा** અથવા 'તે યોગભ્રષ્ટ, **धीमतां** બ્રહ્મવિદ્યાવાળા **योगिनां** 'દરિદ્ર' બ્રાહ્મણોના **कुले एव** કુલમાંજ **भवति** થાય છે **हि** કારણકે **लोके** લોકમાં **ईदृशम्** આવું **यत्** જે **जन्म** જન્મ **एतत्** એ **दुर्लभतरं** ઘણું દુર્લભ છે.

टीका—જે પુરૂષ શ્રદ્ધા વૈરાગ્યાદિક શુભ ગુણોની અધિકતાથી વાસના રહિત છે, તે યોગભ્રષ્ટ મરણ પછી પુણ્યકારી લોકને ન પ્રાપ્ત થઈ બ્રહ્મવિદ્યાવાળા તથા યોગાભ્યાસવાળા દરિદ્રી બ્રાહ્મણોના કુલમાં જન્મ પામે છે પણ શ્રીમાન રાજાઓના કુલમાં જન્મ પા-

મતો નથી. એવા બ્રહ્મવેત્તા દરિદ્રી બ્રાહ્મણોના કુલમાં યોગભ્રષ્ટનો જન્મ સર્વ પ્રમાદનાં કારણોથી રહિત હોવાથી દુર્લભતરછે. પવિત્ર શ્રીમાન્ રાજાઓના ઘરમાં યોગભ્રષ્ટનો જન્મ અનેક સુકૃતથી થાય છે અને તે પણ મોક્ષ આપનાર છે માટે દુર્લભ છે અને પવિત્ર તથા બ્રહ્મવિદ્યાવાળા દરિદ્રી બ્રાહ્મણના કુલમાં જે જન્મ આવેછે તે જન્મ તો પ્રમાદના હેતુભૂત એવા ધનાદિક પદાર્થ રહિત હોવાથી તે દુર્લભ જન્મથી પણ અત્યન્ત દુર્લભ છે માટે એ જન્મ દુર્લભતર કહેવાય છે. એવી રીતે બીજો યોગભ્રષ્ટ સ્તુતિ કરવા યોગ્ય છે. ॥ ૪૨ ॥

मूलम्—तत्रतंबुद्धिसंयोगं लभतेपौर्वदेहिकम् ॥
यततेचततोभूयः संसिद्धौकुरुनन्दन ॥४३॥

पदानि—तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ॥
यतते च ततः भूयः संसिद्धौ कुरुनन्दन ॥४३॥

अन्वयार्थः—कुरुनन्दन હે કુરૂકુલને આનન્દ પમાડનાર **तत्र** તે બેઉ પ્રકારના જન્મમાં **पौर्वदेहिकं** પૂર્વ દેહમાં પ્રારંભ કરેલા **तं** તે **बुद्धिसंयोगं** જ્ઞાનના શ્રવણાદિક સાધનને **लभते** પામે છે **च** વળી **ततः** ત્યાર પછી **संसिद्धौ** મોક્ષનિમિત્ત **भूयः** અધિક **यतते** પ્રયત્ન કરે છે.

टीका—હે અર્જુન ! બ્રહ્મની પ્રાપ્તિમાટે તે યોગભ્રષ્ટે પૂર્વદેહમાં પ્રારંભ કરેલાં વિવેકાદિ ચાર સાધન તથા સર્વ કર્મનો સન્યાસ તથા બ્રહ્મવેત્તા ગુરૂના સમીપ જવું તથા ગુરૂના મુખથી શાસ્ત્ર શ્રવણ તથા મનન અને નિદિધ્યાસન, ઇત્યાદિક જે જે સાધન જેટલે જેટલે પર્યન્ત કરી તે યોગભ્રષ્ટ મરણ પામે તે તે સાધન તે બેઉ પ્રકારના જન્મમાં પામે છે અને વળી ત્યારપછી મોક્ષ નિમિત્ત અધિક પ્રયત્ન કરે છે. ॥ ૪૩ ॥

मूलम्—पूर्वाभ्यासेनतेनैव ह्रियतेह्यवशोऽपिसः
जिज्ञासुरपियोगस्य शब्दब्रह्मातिवर्त्तते ॥४४॥

पदानि—पूर्वाभ्यासेन तेन एव ह्रियते हि अवशः अपि सः ॥
जिज्ञासुः अपि योगस्य शब्दब्रह्म अतिवर्त्तते ॥४४॥

अन्वयार्थः—सः તે **अवशः** પ્રયત્ન ન કરતો છતો **अपि** પણ **तेन** તે **पूर्वाभ्यासेन एव** પૂર્વના અભ્યાસથીજ **ह्रियते** પ્રવૃત્તિ કરાવાય છે **हि** કારણકે **योगस्यः** યોગનો **जिज्ञासुः** જાણવાની ઇચ્છાવાળો **अपि** પણ **शब्दब्रह्म** કર્મકાંડરૂપ વેદને **अतिवर्त्तते** અતિક્રમણ કરે છે.

टीका—ઉત્તમ લોકમાં ભોગ ભોગવી શ્રીમાન્ રાજાઓના ઘરમાં આવેલો યોગભ્રષ્ટ પૂર્વે જન્મમાં સંપાદન કરેલા અભ્યાસથી આ જન્મમાં મોક્ષનાં સાધનનો પ્રયત્ન ન કરે તોપણ પૂર્વેના સંસ્કારથી ભોગવાસનાની નિવૃત્તિ કરી મોક્ષનાં સાધનોમાં પ્રવર્તે છે. જ્ઞાનવાસના અલ્પકાળમાં અભ્યાસ કરેલી છે અને ભોગવાસના ઘણા કાળથી અભ્યાસ કરેલી છે. તો-પણ જ્ઞાનવાસના વસ્તુવિષયક છે અને ભોગવાસના અવસ્તુવિષયક છે માટે જ્ઞાન વાસના અલ્પકાળમાં અભ્યાસ કરેલી છે તોપણ ઘણા કાળસુધી અભ્યાસ કરેલી ભોગવાસનાથી અત્યન્ત પ્રબલ છે માટે તે પ્રબલ જ્ઞાનવાસનાથી અપ્રબલ એવી ભોગવાસના પરાભવ પામે છે. ॥ ॥ ૪૪ ॥

मूलम्—प्रयत्नाद्यतमानस्तु योगीसंशुद्धकिल्बिषः ॥
अनेकजन्मसंसिद्ध-स्ततोयातिपरांगातिम् ॥४५॥

पदानि—प्रयत्नात् यतमानः तु योगी संशुद्धकिल्बिषः ॥
अनेकजन्मसंसिद्धः ततः याति परां गतिम् ॥४५॥

अन्वयार्थः—**प्रयत्नात्** પ્રયત્નથી **यतमानः** મહેનત કરતો **योगी तु** યોગી તો **संशुद्धकिल्बिषः** પાપ જેનાં નાશ પામેલાં છે ' તથા ' **अनेकजन्मसंसिद्धः** અનેક જન્મનાં પુણ્ય કર્મથી પ્રાપ્ત થયેલો છે અન્ત્ય જન્મ જેને ' એવો તે યોગી પુરૂષ ' **ततः** ત્યારપછી **परां** પર **गतिम्** મોક્ષને **याति** પામે છે.

टीका—પૂર્વે જન્મમાં કરેલા પ્રયત્નથી પણ અધિક અધિક પ્રયત્ન કરતાં એવા તે યોગી પુરૂષનાં પાપ નાશ પામેછે અને એવી રીતે જ્ઞાનના સંસ્કારોની વૃદ્ધિ થવાથી તથા પૂર્વે જન્મના સંસ્કારના પ્રભાવથી અન્ત્ય જન્મ જેને પ્રાપ્ત થયો છે એવો તે યોગભ્રષ્ટ શ્રવણાદિક સાધનોનાં ફલ ઉદય થવાથી મુક્તિ પામે છે એમાં કાંઇ સંશય નથિ. ॥૪૫॥

मूलम्—तपस्विभ्योऽधिकोयोगी ज्ञानिभ्योऽपिमतोऽधिकः
कर्मिभ्यश्चाधिकोयोगी तस्माद्योगीभवार्जुन ॥४६॥

पदानि—तपस्विभ्यः अधिकः योगी ज्ञानिभ्यः अपि मतः अधिकः॥
कर्मिभ्यः च अधिकः योगी तस्मात् योगी भव अर्जुन ४६

अन्वयार्थः—**अर्जुन** અર્જુન **योगी** યોગી **तपस्विभ्यः** તપસ્વિયોથી ' મને ' **अधिकः** અધિક **मतः** સંમત છે ' તથા ' **ज्ञानिभ्यः** જ્ઞાનિયોથી **अपि** પણ **अधिकः** અધિક ' સંમત છે ' **च** તથા **योगी** 'તે' યોગી **कर्मिभ्यः** કર્મ કરનારાઓથી ' પણ ' **अधिकः** અધિક 'સંમત છે' **तस्मात्** તે કારણમાટે 'તું' **योगी** યોગી **भव** થા.

टीका—તપસ્વિયોથી પણ યોગી મારે અધિક સંમત છે તથા જ્ઞાનિયોથી પણ અધિક સંમત છે તથા કર્મ કરનારાઓથી પણ અધિક સંમત છે તે માટે તું યોગી થા.

ત્યાં શ્રુતિ. ॥ विद्ययातदारोहन्ति । यत्रकामाः परागताः ॥ नतत्रदक्षिणायन्ति । नाविद्वांसस्तपस्विनः ॥ જે પદમાં સર્વે કામ સમાપ્તિ પામે છે તથા જે પદમાં યજ્ઞાદિ કર્મ કરનારાં પુરૂષો પણ પ્રાપ્ત થતા નથિ તથા અવિદ્વાન્ તપસ્વિયો પણ પ્રાપ્ત થતા નથિ, તે પદને તત્વવેત્તા યોગી બ્રહ્મવિદ્યાથી પામે છે. ॥ ૪૬ ॥

मूलम्—योगिनामपिसर्वेषां मद्गतेनान्तरात्मना ॥
श्रद्धावान्भजतेयोमां समेयुक्ततमोमतः

पदानि—योगिनां अपि सर्वेषां मद्गतेन अन्तरात्मना ॥
श्रद्धावान् भजते यः मां सः मे युक्त तमः मतः ॥४७॥

अन्वयार्थः—**यः** જે **श्रद्धावान्** શ્રદ્ધાવાળો થઈ **मद्गतेन** મારેવિષે રહેલા **अन्तरात्मना** અન્તઃકરણવડે **मां** મને **भजते** ભજે છે **सः** તે **सर्वेषां** સર્વ **योगिनां** યોગિયોની મધ્યે **अपि** પણ **युक्ततमः** અત્યન્ત શ્રેષ્ઠ **मे** મને **मतः** સંમત છે.

टीका—મારે વિષે અત્યન્ત પ્રીતિવાળો થઈ તથા મારા ભજનમાં અત્યન્ત શ્રદ્ધાવાળો થઈ મને જે ભજે છે **અર્થાત્** આ કૃષ્ણ ભગવાન્ મનુષ્ય છે એ પ્રકારના ભ્રમનો ત્યાગ કરી જે મારૂં ચિન્તન કરે છે તેને વસુ, રૂદ્ર, આદિત્યાદિ દેવોને ભજનારા યોગી પુરૂષોથી હું અત્યન્ત શ્રેષ્ઠ માનુંછું. મારી ભક્તિથી રહિત એવા યોગીથી મારો ભક્ત ઘણો શ્રેષ્ઠ છે અને તું પણ મારો પરમ ભક્ત હોવાથી સર્વોત્તમ છે. ॥ ૪૭ ॥

इति श्रीमन्महाभारते श्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे आत्मसंयमयोगोनाम षष्ठोऽध्यायः ६

ॐ

श्रीकृष्णायनमः

मूलम्—मय्यासक्तमनाः पार्थ योगंयुञ्जन्मदाश्रयः
असंशयंसमग्रंमा यथाज्ञास्यासितच्छृणु ॥१॥

पदानि—मयि आसक्तमनाः पार्थ योगं युञ्जन् मदाश्रयः ॥
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तत् शृणु ॥१॥

अन्वयार्थः—पार्थ હે પાર્થ **मयि** મારે વિષે **आसक्तमनाः** આસક્ત છે મન જેનું ' તથા ' **मदाश्रयः** મારેશરણ ' એવો તું ' **योगं** યોગને **युञ्जन्** કરતો છતો **असंशयं** સંશયથી રહિત **समग्रं** સર્વવિભૂતિ સંપન્ન એવા **मां** મને **यथा** જે પ્રકારે **ज्ञास्यसि** જાણીશ **तत्** તે **शृणु** સાંભળ.

टीका—હે અર્જુન ! તું મારેવિષે ઘણોજ આસક્તિવાળો છે તથા મનેજ શરણ આવેલો છે અર્થાત્ જેમ કોઈ રાજાનો ચાકર રાજાનો આશ્રિત થાય પણ રાજામાં મનની આસક્તિવાળો થતો નથિ પરન્તુ પોતાનાં સ્ત્રી પુત્ર તથા ધનાદિક પદાર્થોમાંજ મનની આસક્તિ રાખે છે તેવો તું નથિ પણ તું તો મારોજ આશ્રિત તથા મારેવિષેજ મનની આસક્તિવાળો છે, એવો તું જેવી રીતે સંશયરહિત થઇ મને જાણીશ તેવી રીતે હું તને કહીશ તે તું સાંભળ. ॥ ૧ ॥

मूलम्—ज्ञानंतेऽहंसविज्ञान-मिदंवक्ष्याम्यशेषतः ॥
यज्ज्ञात्वानेहभूयोन्य-ज्ज्ञातव्यमवशिष्यते ॥२॥

पदानि—ज्ञानं ते अहं सविज्ञानं इदं वक्ष्यामि अशेषतः ॥
यत् ज्ञात्वा न इह भूयः अन्यत् ज्ञातव्यं अवशिष्यते॥२॥

अन्वयार्थः—अहं હું **ते** તને **इदं** આ **सविज्ञानं** વિજ્ઞાનસહિત **ज्ञानं** જ્ઞાનને **अशेषतः** સાધનફલાદિક સહિત **वक्ष्यामि** કહીશ **यत्** જેને **ज्ञात्वा** જાણીને **इह** અહિયાં **भूयः** પછી **अन्यत्** બીજું **ज्ञातव्यं** જાણવા યોગ્ય **न अवशिष्यते** બાકી રહેતું નથિ.

टीका—હું તને આ વિજ્ઞાનસહિત જ્ઞાનને સાધનફલાદિક સહિત કહીશ કે જે જાણીને તારે ઠેકાણે કોઇ બીજો પદાર્થ જાણવા યોગ્ય રહેશે નહિં. ત્યાં શ્રુતિ ॥ **येनाश्रुतंश्रुतंभवत्यमतंमतमविज्ञातंविज्ञातमिति कस्मिन्नुभगवोविज्ञातेसर्वमिदंविज्ञातंभवति ॥**

ઇત્યાદિક શ્રુતિયોમાં એક પરમાત્માના જ્ઞાનથીજ સર્વ જગતનું જ્ઞાન થાય એમ કહ્યું છે. જેમ દોરીમાં અજ્ઞાનથી સર્પ, દંડ, માળા અને જલધારા આદિકની પ્રતીતિ થાય છે પણ આ દોરીજ છે એમ જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તે કલ્પિત સર્પાદિકોનો બાધ થઇજાય છે અને દોરી અવશેષ રહેછે તેમ પરમાત્માનું જ્ઞાન થયા પછી પ્રપંચનો બાધ થાયછે અને એક પરમાત્માજ અવશેષ રહે છે. ॥ ૨ ॥

मूलम्—मनुष्याणांसहस्रेषु कश्चिद्यततिसिद्धये ॥
यततामपिसिद्धानां कश्चिन्मांवेत्तितत्त्वतः ॥३॥

पदानि—मनुष्याणां सहस्रेषु कश्चित् यतति सिद्धये ॥
यततां अपि सिद्धानां कश्चित् मां वेत्ति तत्त्वतः ॥३॥

अन्वयार्थः—**मनुष्याणां** મનુષ્યોના **सहस्रेषु** સહસ્રોમાં **कश्चित्** કોઇક **सिद्धये** જ્ઞાનની ઉત્પત્તિમાટે **यतति** પ્રયત્ન કરે છે **यततां** પ્રયત્ન કરનારા **सिद्धानां** અધિકારિયોમાં **अपि** પણ **कश्चित्** કોઇક **मां** મને **तत्त्वतः** તત્વથી **वेत्ति** જાણે છે.

टीका—શાસ્ત્રે પ્રતિપાદન કરેલાં જ્ઞાનકર્મને કરનારા બ્રાહ્મણાદિક હજારો અધિકારી મનુષ્યોમાં કોઇક મનુષ્યજ પૂર્વના અનેક જન્મનાં પુણ્યથી નિત્યાનિત્ય વસ્તુના વિવેકવાળો થઈ અન્તઃકરણની શુદ્ધિદ્વારા જ્ઞાનની ઉત્પત્તિમાટે પ્રયત્ન કરે છે, તેમજ આત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે પ્રયત્ન કરનારા હજારો મનુષ્યોમાં પણ કોઇક મનુષ્ય શ્રવણ, મનન, અને નિદિધ્યાસવડે મારો સાક્ષાત્કાર કરેછે ॥ ૩ ॥

मूलम्—भूमिरापोनलोवायुः खंमनोबुद्धिरेवच ॥
अहङ्कारइतीयंमे भिन्नाप्रकृतिरष्टधा ॥४॥

पदानि—भूमिः आपः अनलः वायुः खं मनः बुद्धिः एव च ॥
अहङ्कारः इति इयं मे भिन्ना प्रकृतिः अष्टधा ॥४॥

अन्वयार्थः—**भूमिः** પૃથ્વી **आपः** જલ **अनलः** તેજ **वायुः** વાયુ **खं** આકાશ **मनः** મન **बुद्धिः** બુદ્ધિ **च एव** તેમજ **अहङ्कारः** અહંકાર **इति** એ પ્રકારે **मे** મારી **इयं** આ **प्रकृतिः** પ્રકૃતિ **अष्टधा** આઠ પ્રકારે **भिन्ना** ભેદવાળી છે.

टीका—પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એવી રીતે મારી આ પ્રકૃતિ આઠ પ્રકારે ભેદવાળી છે. તેમાં સાંખ્યશાસ્ત્ર જાણનારા પુરૂષો પંચ તન્માત્રા, અહંકાર, મહતત્વ, અને અવ્યક્ત, એ આઠને પ્રકૃતિ કહે છે અને પંચમહાભૂત, પંચકર્મેન્દ્રિય, પંચજ્ઞાનેન્દ્રિય, એક મન, એ સોળને વિકાર કહે છે. તે આઠ પ્રકૃતિ તથા સોળ વિકાર મળી ચોવીસ તત્ત્વ કહેવાય છે. ॥ ૪ ॥

मूलम्—अपरेयमितस्त्वन्यां प्रकृतिंविद्धिमेपराम् ॥
जीवभूतांमहाबाहो ययेदंधार्यतेजगत् ॥५॥

पदानि—अपरा इयं इतः तु अन्यां प्रकृतिं विद्धि मे पराम् ॥
जीवभूतां महाबाहो यया इदं धार्यते जगत् ॥५॥

अन्वयार्थः—**महाबाहो** હે મહાબાહો **इयं** આ ' આઠ પ્રકારની પ્રકૃતિ **अपरा** અપરા ' એવા નામથી કહેવાય છે ' **तु** હવે **इतः** આ ' અપરા પ્રકૃતિથી ' **अन्यां** બીજી **मे** મારી **जीवभूतां** જીવરૂપ **परां** પરા **प्रकृतिं** પ્રકૃતિને **विद्धि** જાણ **यया** જે 'પરા પ્રકૃતિયે' **इदं** આ **जगत्** જગત્ **धार्यते** ધારણ કરાય છે.

टीका—હે મહાબાહો ! આ પ્રથમ કહેલી આઠ પ્રકારની પ્રકૃતિ અપરા એવા નામથી કહેવાય છે. એ પરા પ્રકૃતિથી વિલક્ષણ એવી મારી જીવરૂપ પ્રકૃતિ છે તેને તું જાણ કે જે પ્રકૃતિથી આ સર્વ જગત્ ધારણ કરાય છે. સર્વ સંઘાતોમાં પડેલી ક્ષેત્રજ્ઞ નામની જીવરૂપ પ્રકૃતિવડેજ આ દેહે ઇન્દ્રિયાદિરૂપ જડ જગત્ ધારણ કર્યું છે. ત્યાં શ્રુતિ. ॥ **अनेनजीवेनात्मनानुप्रविश्यनामरूपेव्याकरवाणिइति** ॥ હું પરમાત્મા આ પોતાના જીવરૂપથી પ્રવેશ કરી નામ રૂપને પ્રગટ કરૂં ॥ ५ ॥

मूलम्—एतद्योनीनिभूतानि सर्वाणीत्युपधारय ॥
अहंकृत्स्नस्यजगतः प्रभवःप्रलयस्तथा ॥६॥

पदानि—एतद्योनीनि भूतानि सर्वाणि इति उपधारय ॥
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयः तथा ॥६॥

अन्वयार्थः—**सर्वाणि** સર્વે **भूतानि** પ્રાણિયો **एतद्योनीनि** એ બેઉ પ્રકૃતિના કાર્ય રૂપે છે **इति** એ પ્રકારે **उपधारय** નિશ્ચય કર **अहं** હું **कृत्स्नस्य** સમગ્ર **जगतः** જગતની **प्रभवः** ઉત્પત્તિનો કારણ છું **तथा** તથા **प्रलयः** પ્રલયનું કારણ છું.

टीका—આ સર્વ કાર્ય ચેતન અને અચેતનની [1]ગ્રન્થિરૂપ છે માટે તે કાર્યરૂપ હેતુથી પ્રકૃતિરૂપ કારણને પણ તું ચેતન અચેતનની ગ્રન્થિરૂપ છે એમ અનુમાન કર કારણ કે કાર્યકારણનો સમાન સ્વભાવજ લોકવિષે દેખવામાં આવે છે તેમાટે ચેતન અચેતનની ગ્રન્થિરૂપ કાર્યથી તેના ચેતન અચેતનની ગ્રન્થિરૂપ કારણનું અનુમાન થઇ શકે છે. એ પ્રકારે સર્વ ભૂતોના કારણરૂપ ક્ષેત્રજ્ઞ નામની બે પ્રકારની પ્રકૃતિ મારી ઉપાધિરૂપ છે, માટે સર્વજ્ઞ તથા સર્વનો ઇશ્વર હું પ્રથમ કહેલી પ્રકૃતિદ્વારા આ ચરાચરરૂપ સર્વ જગતની ઉત્પત્તિનું કારણ છું તથા સર્વ જગતના વિનાશનું કારણ છું. ॥ ६ ॥

---

1 ગાંઠ.

मूलम्—मत्तःपरतरंनान्य-त्किंचिदस्तिधनञ्जय ॥
मयिसर्वमिदंप्रोतं सूत्रेमणिगणाइव ॥७॥

पदानि—मत्तः परतरं न अन्यत् किञ्चित् अस्ति धनञ्जय ॥
मयि सर्वं इदं प्रोतं सूत्रे मणिगणाः इव ॥७॥

अन्वयार्थः—**धनञ्जय** હે અર્જુન **मत्तः** મારાથી **अन्यत्** બીજું **किंचित्** કાંઇ પણ 'વસ્તુ' **परतरं** પરમાર્થ સત્ય **न अस्ति** નથિ **इव** જેમ **सूत्रे** સૂત્રમાં **मणिगणाः** મણિયોનો સમૂહ 'ગુંથેલો છે તેમ' **मयि** મારે વિષે **इदं** આ **सर्वं** સર્વ **प्रोतं** ગુંથેલું છે.

टीका—જેમ સ્વપ્નના પદાર્થ સ્વપ્ન જોનારાથી જુદા થઇ અને પરમાર્થથી સત્ય થઇ શકતા નથિ, તેમ સર્વ જગતના પ્રકાશક સ્વપ્રકાશ પરમાનન્દ ચૈતન્યઘન તથા પરમાર્થથી સત્ય એવો જે હું તેથી જુદો બીજો કોઇ પણ પદાર્થ પરમાર્થસત્ય નથિ અને સૂત્રમાં જેમ મણિયોનો સમૂહ ગુંથેલો હોય તેમ મારે વિષે આ સર્વ જગત્ ગુંથાયેલું છે ॥ ૭ ॥

मलम्—रसोहमप्सुकौन्तेय प्रभास्मिशशिसूर्ययोः ॥
प्रणवःसर्ववेदेषु शब्दःखेपौरुषंनृषु ॥८॥

पदानि—रसः अहं अप्सु कौन्तेय प्रभा अस्मि शशिसूर्ययोः ॥
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥८॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર **अप्सु** જલમાં **रसः** રસ **अहं** હું **अस्मि** છું **शशिसूर्ययोः** ચન્દ્રસૂર્યમાં **प्रभा** કાન્તિ **सर्ववेदेषु** સર્વ વેદોમાં **प्रणवः** પ્રણવ **खे** આકાશમાં **शब्दः** શબ્દ **नृषु** મનુષ્યોમાં **पौरुषं** પૌરૂષ 'હું છું.'

टीका—સર્વ જલમાં રહેલો, સર્વ જલનો સારભૂત, સર્વ જલનો કારણભૂત તથા સર્વ જલમાં વ્યાપક એવો જે રસ છે તે હું છું. સૂર્ય તથા ચન્દ્રમા પ્રભારૂપ કાન્તિ છે કે જેણે કરીને સર્વ લોકનો વ્યવહાર સિદ્ધ થાય છે તે પ્રકાશ હું છું. સર્વ વેદોમાં રહેલો ઓંકારરૂપ પ્રણવ હું છું. આકાશના કારણરૂપ અને શબ્દતન્માત્રારૂપ પુણ્ય શબ્દ હું છું તથા પુરૂષોમાં રહેલું પૌરૂપ પણ હું છું ॥ ૮ ॥

मूलम्—पुण्योगन्धःपृथिव्यांच तेजश्चास्मिविभावसौ ॥
जीवनंसर्वभूतेषु तपश्चास्मितपस्विषु ॥९॥

पदानि--पुण्यः गन्धः पृथिव्यां च तेजः च अस्मि विभावसौ ॥
जीवनं सर्वभूतेषु तपः च अस्मि तपस्विषु ॥९॥

अन्वयार्थः—**च** તથા **पृथिव्यां** પૃથ્વીમાં **पुण्यः** પુણ્ય **गन्धः** ગન્ધ **च** તથા **विभावसौ** અગ્નિમાં **तेजः** તેજ **अस्मि** છું **सर्वभूतेषु** સર્વ ભૂતોમાં **जीवनं** જીવન **च** તથા **तपस्विषु** તપસ્વિયોમાં **तपः** તપ **अस्मि** હું છું.

टीका—પૃથ્વીનો કારણરૂપ તથા તન્માત્રરૂપ પુણ્ય ગન્ધ હું છું. સર્વ પદાર્થોને પ્રકાશ કરનારૂં તથા સર્વ પદાર્થોને બાળવાના સામર્થ્યવાળું તથા ઉષ્ણ સ્પર્શસહિત એવું જે તેજ છે તે હું છું. સર્વ પ્રાણિયોમાં જીવન તથા તપસ્વિયોમાં તપ હું છું. ॥ **पुण्योगन्धः पृथिव्यांच** ॥ એ વાક્યમાં રહેલો **चकार** રસાદિકમાં પણ પુણ્યપણું જણાવવા માટે છે અને તેનું તાત્પર્ય એવું છે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પંચવિષય સ્વભાવથી તો પુણ્યરૂપે છે પણ પ્રાણિયોના અધર્મવશથી તેમાં અપુણ્યપણું થાય છે. ॥ ૯ ॥

मूलम्—बीजंमांसर्वभूतानां विद्धिपार्थसनातनम्
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥१०॥

पदानि—बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ॥
बुद्धिः बुद्धिमतां अस्मि तेजः तेजस्विनां अहम् ॥१०॥

अन्वयार्थः—**पार्थ** હે અર્જુન ! **सनातनं** ઉત્પત્તિરહિત **मां** મને **सर्वभूतानां** સર્વ ભૂતોનું **बीजं** બીજ **विद्धि** જાણ **बुद्धिमतां** બુદ્ધિમન્તોની **बुद्धिः** બુદ્ધિ **अहं** હું **अस्मि** છું **तेजस्विनां** તેજસ્વિયોનું **तेजः** તેજ 'હું છું.'

टीका—હે અર્જુન ! પોતાની ઉત્પત્તિમાં અન્ય કારણની અપેક્ષારહિત હોઈ જે પ્રાણિયોનું એક નિત્યકારણ છે તે હું છું એમ તું જાણ. મારાથી ભિન્ન બીજી કોઈ . વસ્તુ સર્વ પ્રાણિયોનું બીજરૂપ નથિ અને શ્રુતિમાં આકાશાદિકથી વાયુની જે ઉત્પત્તિ કહી છે તે પણ કેવળ જડ આકાશથી કહી નથિ પણ આકાશાદિકમાં રહેલા પરમાત્માથીજ કહેલી છે. તત્ત્વ અતત્ત્વ વસ્તુના વિવેકનું જે સામર્થ્ય તેનું નામ બુદ્ધિ છે અને તે બુદ્ધિ જેને હોય તેનું નામ બુદ્ધિમાન્ કહેવાય છે. એવા બુદ્ધિમન્ત પુરૂષોની બુદ્ધિ હું છું તથા તેજસ્વી પુરૂષોનું તેજ પણ હું છું. ॥ ૧૦ ॥

मूलम्—बलंबलवतांचाहं कामरागविवर्जितम् ॥
धर्माविरुद्धोभूतेषु कामोऽस्मिभरतर्षभ ॥११॥

पदानि—बलं बलवतां च अहं कामरागविवर्जितम् ॥
धर्माविरुद्धः भूतेषु कामः अस्मि भरतर्षभ ॥११॥

अन्वयार्थः—**भरतर्षभ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ **बलवतां** બલવાન્ પુરૂષોનું **कामरागविवर्जितम्** કામ અને રાગથી રહિત **बलं** બલ **अहं** હું **अस्मि** છું **च** તથા **भूतेषु** પ્રાણિયોમાં **धर्माविरुद्धः** ધર્મથી અવિરૂદ્ધ **कामः** કામ 'હું છું.'

टीका—હે અર્જુન ! અપ્રાપ્ત વિષયની પ્રાપ્તિ કરનારાં કારણનો અભાવ હોય તોપણ 'આ વિષય મને પ્રાપ્ત થાય' એ પ્રકારની જે ચિત્તવૃત્તિનો ભેદ તેનું નામ કામ કહેવાય છે અને પ્રાપ્ત થયેલા વિષયને નાશ કરનારાં કારણ વિદ્યમાન હોય તો પણ 'આ વિષય નાશ પામશે નહિ' એ પ્રકારની ચિત્તવૃત્તિનો જે ભેદ તેનું નામ રાગ કહેવાય છે. એવા કામ અને રાગથી રહિત બલવાન્ પુરૂષોનું જે બલ તે હું છું અને ધર્મશાસ્ત્રે નહિ નિષેધ કરેલો અથવા ધર્મને અનુકૂલ સ્ત્રી પુત્ર ધનાદિકની અભિલાષારૂપ જે કામ તે હું છું. ॥ ૧૧ ॥

मूलम्—येचैवसात्विकाभावा राजसास्तामसाश्चये ॥
मत्तएवेतितान्विद्धि नत्वहंतेषुतेमयि ॥१२॥

पदानि—ये च एव सात्विकाः भावाः राजसाः तामसाः च ये ॥
मत्तः एव इति तान् विद्धि न तु अहं तेषु ते मयि १२

अन्वयार्थः—**ये एव** જે કોઈ બીજા પણ **सात्विकाः** સાત્વિક **भावाः** પદાર્થો છે **च** તથા **ये** જે **राजसाः** રાજસ **च** તથા **तामसाः** તામસ 'પદાર્થો છે' **तान्** તે 'સર્વ પદાર્થોને' **मत्तः एव** મારાથકીજ **इति** પ્રથમ કહ્યા પ્રમાણે 'ઉત્પન્ન થયેલા' **विद्धि** જાણ **तु** તો પણ **अहं** હું **तेषु** તે 'પદાર્થોમાં' **न** નથિ **ते** તે 'પદાર્થો' **मयि** મારેવિષે છે.

टीका—અન્તઃકરણના પરિણામરૂપ એવા શમદમાદિક જે સાત્વિકભાવ તથા હર્ષગર્વાદિક જે રાજસભાવ છે તથા શોકમોહાદિક જે તામસભાવ છે તે તે સર્વ મારાથકી ઉત્પન્ન થયેલાછે એમ તું જાણ. અથવા સત્વગુણ પ્રધાનવાળા દેવ, ઋષિ, બ્રાહ્મણ, તથા સાકર આદિક પદાર્થ અને રજોગુણ પ્રધાનવાળા ગન્ધર્વ, યક્ષ, ક્ષત્રિય, તથા મરચાં આદિ પદાર્થ તથા તમોગુણવાળા રાક્ષસ, માંસ ખાનારાં પ્રાણી, શૂદ્ર, અને ગૃંજનાદિક પદાર્થો છે તે સર્વે મારાથીજ ઉત્પન્ન થયેલા છે એમ તું જાણ એ છતાં પણ હું તે પદાર્થોમાં નથિ તથા તે પદાર્થો મારે વિષે છેજ. ॥ ૧૨ ॥

मूलम्—त्रिभिर्गुणमयैर्भावै-रेभिस्सर्वमिदंजगत् ॥
मोहितंनाभिजानाति मामेभ्यःपरमव्ययम् ॥१३॥

पदानि--त्रिभिः गुणमयैः भावैः एभि सर्वं इदं जगत् ॥
मोहितं न अभिजानाति मां एभ्यः परं अव्ययम् ॥१३॥

अन्वयार्थः—**एभिः** એ **गुणमयैः** ગુણમય **त्रिभिः** ત્રણ પ્રકારના **भावैः** ભાવોએ **इदं** આ **सर्वं** સર્વ **जगत्** જગત્ **मोहितं** મોહ પમાડેલું છે **एभ्यः** એ ગુણમય ભાવથી **परं** પર **अव्ययं** અવિનાશી એવા **मां** મને **न** **अभिजानाति** જાણતું નથિ.

टीका—પ્રથમ કહેલા સત્વ રજ અને તમ એ ત્રણ પ્રકારના ગુણોના વિકારરૂપ ત્રણ પ્રકારના ભાવપદાર્થ છે, તે ત્રણ પ્રકારના પદાર્થોએ આ સર્વ પ્રાણિયોને મોહ પમાડેલા છે અર્થાત્ નિત્ય અનિત્ય વસ્તુના વિવેકની અયોગ્યતાને પ્રાપ્ત કરેલા છે. એ કારણમાટે આ પ્રાણી મને જાણતા નથિ. એ ત્રણ પ્રકારના ભાવથી હું પર છું તથા તે સર્વ ભાવથી અત્યન્ત [1]વિલક્ષણ છું કારણકે મારે કોઈ પણ જન્મમરણાદિક વિકાર નથિ. એવી રીતે હું અત્યન્ત સમીપ રહેલો છું તોપણ મને આ જગત્ જાણતું નથિ. ॥ ૧૩ ॥

मूलम्—दैवीह्येषागुणमयी ममयायादुरत्यया ॥
मामेवयेप्रपद्यन्ते मायामेतांतरन्तिते ॥१४॥

पदानि—दैवी हि एषा गुणमयी मम माया दुरत्यया ॥
मां एव ये प्रपद्यन्ते मायां एतां तरन्ति ते ॥१४॥

अन्वयार्थः—**मम** મારી **एषा** આ **गुणमयी** ' સત્વાદિ ' ગુણરૂપ **हि** પ્રસિદ્ધ **दैवी** દૈવી **माया** માયા **दुरत्यया** દુઃખથી ઉલ્લંઘન થાય એવી છે ' માટે ' **ये** જે 'પુરૂષો' **मां** **एव** મનેજ **प्रपद्यन्ते** સાક્ષાત્કાર કરે છે **ते** તે ' પુરૂષોજ ' **एतां** આ **मायां** માયાને **तरन्ति** તરે છે.

टीका—જેમ અન્ધકાર જે ઘરનો આશ્રય કરીને રહે છે તે ઘરને ઢાંકે છે માયા પણ જે શુદ્ધ ચૈતન્યનો આશ્રય કરી રહે છે. તે શુદ્ધ ચૈતન્યને વિષય કરે છે. એવી રીતે ચૈતન્યને આશ્રિત તથા ચૈતન્યને વિષય કરનારી તે માયાનું નામ દૈવી કહેવાય છે. એ સત્વાદિ ગુણરૂપ અને પ્રસિદ્ધ એવી દૈવી માયા દુઃખથી ઉલ્લંઘન થાય એવી છે માટે જે પુરૂષો મારે શરણે આવે છે તેજ પુરૂષો એ માયાને તરે છે. " ત્યાં શ્રુતિ. ॥ **मायांतुप्रकृतिविद्यान्मायिनंतुमहेश्वरं** ॥ આ સર્વ જગત્નું માયા ઉપાદાન કારણ છે અને તે માયાવાળો મહેશ્વર કહેવાય છે.

[1] જુદો.

मूलम्—नमांदुष्कृतिनोमूढाः प्रपद्यन्तेनराधमाः ॥
माययापहृतज्ञाना आसुरंभावमाश्रिताः ॥१५॥

पदानि—न मां दुष्कृतिनः मूढाः प्रपद्यन्ते नराधमाः ॥
मायया अपहृतज्ञानाः आसुरं भावं आश्रिताः ॥१५॥

अन्वयार्थः—**दुष्कृतिनः** પાપકર્મવાળા **मूढाः** મૂઢ **नराधमाः** મનુષ્યોમાં અધમ **मायया** માયાવડે **अपहृतज्ञानाः** નિવૃત્તિ થયેલું છે જ્ઞાન જેઓનું એવા 'તથા' **आसुरं** 'દંભ બયાદિ' આસુર **भावं** ભાવને **आश्रिताः** આશ્રિત થઇ **मां** મને **न प्रपद्यन्ते** શરણે આવતા નથિ.

टीका—જે પુરૂષો નિરન્તર પાપયુક્ત છે અને પાપયુક્ત હોવાથી જે સર્વ મનુષ્યોમાં મધ્યમ છે અર્થાત્ એ પાપી પુરૂષો આ લોકમાં તો શ્રેષ્ઠ પુરૂષોની નિન્દાને યોગ્ય થાય છે અને પરલોકમાં હજારો અનર્થ પામે છે માટે તેઓ સર્વ મનુષ્યોમાં અધમ છે. તેમજ તે પુરૂષો, આ કાર્ય અમારે અર્થનું સાધન છે તથા આ કાર્ય અમારે અર્થનું સાધન છે, એ પ્રકારના વિવેકથી શૂન્ય છે માટે તેઓ નિરન્તર પાપ કરે છે. તેઓનું જ્ઞાન માયાવડે નાશ થયેલું છે તેથી તે પુરૂષો દંભ અને ગર્વાદિક આસુરભાવનો આશ્રય કરી મારે શરણે આવતા નથિ. ॥ ૧૫ ॥

मूलम्—चतुर्विधाभजन्तेमां जनाःसुकृतिनोऽर्जुन ॥
आर्त्तोजिज्ञासुरर्थार्थी ज्ञानीचभरतर्षभ ॥१६॥

पदानि—चतुर्विधाः भजन्ते मां जनाः सुकृतिनः अर्जुन ॥
आर्त्तः जिज्ञासुः अर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥१६॥

अन्वयार्थः—**भरतर्षभ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! **अर्जुन** હે અર્જુન ! **आर्त्तः** દુઃખી **जिज्ञासुः** જાણવાની ઇચ્છાવાળો **अर्थार्थी** અર્થની ઇચ્છાવાળો **च** તથા **ज्ञानी** જ્ઞાનવાન્ 'એ' **चतुर्विधाः** ચાર પ્રકારના **सुकृतिनः** સુકૃતવાળા **जनाः** મનુષ્યો **मां** મને **भजन्ते** ભજે છે.

टीका—હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન ! જે પુરૂષો સુકૃતી છે અર્થાત્ જેઓએ પૂર્વ જન્મમાં પુણ્યનો સંચય કરેલો છે તે પુરૂષો 'જન' કહેવાય છે અર્થાત્ સફલ જન્મવાળા છે અને તેથી ભિન્ન પુરૂષો નિષ્ફલ જન્મવાળા છે. એવા સુકૃતી પુરૂષોજ મને ભજે છે. મારૂં ભજન કરનારાઓમાં પણ ચાર ભેદ છે. આર્ત્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. એ ચારમાં આર્ત્ત, જિજ્ઞાસુ, અને અર્થાર્થી એ ત્રણ ભક્ત સકામ અને જ્ઞાની નિષ્કામ છે.

मूलम्—तेषांज्ञानीनित्ययुक्त एकभक्तिर्विशिष्यते ॥
प्रियोहिज्ञानिनोऽत्यर्थ-महंसचममप्रियः ॥१७॥

पदानि—तेषां ज्ञानी नित्ययुक्तः एकभक्तिः विशिष्यते ॥
प्रियः हि ज्ञानिनः अत्यर्थं अहं सः च मम प्रियः ॥१७॥

अन्वयार्थः—**तेषां** તે ચારમાં **नित्ययुक्तः** નિત્યયુક્ત ' તથા ' **एकभक्तिः** કેવળ ભક્તિવાળો **ज्ञानी** જ્ઞાન **विशिष्यते** ઉત્કૃષ્ટ છે **हि** કારણકે **अहं** હું **ज्ञानिनः** જ્ઞાનિને **अत्यर्थं** અત્યન્ત **प्रियः** પ્રિય છું **च** તથા **सः** તે ' જ્ઞાની ' **मम** મને ' અત્યન્ત ' **प्रियः** પ્રિય છે.

टीका—આર્ત્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એ ચાર પ્રકારના ભકતોમાં જ્ઞાની શ્રેષ્ઠ છે કારણકે તે સર્વ વાસનાઓથી રહિત છે. તે જ્ઞાની સર્વ [1]વિક્ષેપના અભાવથી ચિત્તને નિયમમાં રાખે છે વળી તે જ્ઞાની ભક્તને એક પરમાત્માવિના બીજા કોઇની ભક્તિ નથિ માટે જ્ઞાની ભક્ત સર્વથી ઉત્કૃષ્ટ છે અને હું જ્ઞાનિને અત્યન્ત પ્રિય છું તથા તે જ્ઞાની મને અત્યન્ત પ્રિય છે. ॥ ૧૭ ॥

मूलम्—उदाराःसर्वएवैते ज्ञानीत्वात्मैवमेमतम् ॥
आस्थितःसाहियुक्तात्मा मामेवानुत्तमांगतिम् ॥१८॥

पदानि—उदाराः सर्वे एव एते ज्ञानी तु आत्मा एव मे मतम् ॥
आस्थितः सः हि युक्तात्मा मा एव अनुत्तमां गतिम् ॥१८॥

अन्वयार्थः—**एते** એ **सर्वे** સર્વે **उदाराः एव** ઉત્કૃષ્ટજ છે **तु** પરન્તુ **ज्ञानी** જ્ઞાની 'તો મારો' **आत्मा एव** આત્માજ છે ' એ પ્રકારે ' **मे** મારૂં **मतं** મત છે **हि** કારણકે **सः** તે જ્ઞાની **युक्तात्मा** ચિત્તને નિયમમાં રાખનારો થઈ **मां एव** મનેજ **अनुत्तमां** સર્વથી ઉત્કૃષ્ટ **गतिं** ગતિપ્રત્યે **आस्थितः** રહેલો છે.

टीका—જો કે આર્ત્ત જિજ્ઞાસુ અને અર્થાર્થી, એ ત્રણે મારા ભક્ત સકામ છે તો પણ મારી ભક્તિથી રહિત પ્રાણિયોથી તે ત્રણે ભક્ત ઉત્કૃષ્ટ છે કેમકે પૂર્વ જન્મમાં તે પુરૂષોએ અનેક પ્રકારનાં સુકૃત કરેલાં છે કે જેણે કરીને આ જન્મમાં તેઓને મારી ભક્તિ પ્રાપ્ત થઇ છે. પૂર્વના સુકૃત વિના મારી ભક્તિ પ્રાપ્ત થતી નથી. જો કદાચિત્ તેઓને પૂર્વ જન્મનું સુકૃત ન હોયતો તે પુરૂષો મને કોઇ વખતે પણ ભજે નહિ કારણકે આ લોકમાં મને ન ભજનારા કેટલાક આર્ત્ત, જિજ્ઞાસુ તથા અર્થાર્થી પુરૂષો બીજા ક્ષુદ્ર

[1] ચિત્તનું આડું અવળું દોડવું.

દેવતાઓનું ભજન કરતા જોવામાં આવે છે. ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાની તો મારો આત્માજ છે એમ મારૂં મત છે; કારણકે જ્ઞાની ચિત્તને નિયમમાં રાખી મને સર્વથી ઉત્કૃષ્ટ અને પરમ ફલરૂપ અંગીકાર કરે છે. ॥ ૧૮ ॥

मूलम्—बहूनांजन्मनामन्ते ज्ञानवान्मांप्रपद्यते ॥
वासुदेवःसर्वमिति समहात्मासुदुर्लभः ॥१९॥

पदानि—बहूनां जन्मनां अन्ते ज्ञानवान् मां प्रपद्यते ॥
वासुदेवः सर्वं इति सः महात्मा सुदुर्लभः ॥१९॥

अन्वयार्थः—**ज्ञानवान्** જ્ઞાનવાન્ **बहूनां** બહુ **जन्मनां** જન્મના **अन्ते** અન્તમાં **सर्वं** સર્વ **वासुदेवः** વાસુદેવરૂપ છે **इति** એ પ્રકારે 'જાણી' **मां** મને **प्रपद्यते** પામે છે **सः** તે **महात्मा** મહાત્મા **सुदुर्लभः** અત્યન્ત દુર્લભ છે.

टीका—સર્વ પુણ્યના ફલરૂપ અન્ત્ય જન્મમાં જ્ઞાની પુરૂષ આ સર્વ જગત્ વાસુદેવ રૂપજ છે એ પ્રકારના જ્ઞાનવાળો થઈ મનેજ નિરન્તર ભજે છે માટે તે જ્ઞાનપૂર્વક મારી ભક્તિ કરનારો વિદ્વાન્ મહાત્મા કહેવાય છે અર્થાત્ તે અત્યન્ત શુદ્ધ અન્તઃકરણવાળો હોવાથી સર્વોત્કૃષ્ટ છે. તે જીવન્મુક્ત વિદ્વાનની તુલ્ય બીજો કોઈ નથિ તો તેથી અધિક તો ક્યાંથીજ હોય ! માટે એવો મહાત્મા પુરૂષ અત્યન્ત દુર્લભ છે. ॥ ૧૯ ॥

मूलम्—कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ॥
तंतंनियममास्थाय प्रकृत्यानियताःस्वया ॥२०॥

पदानि—कामैः तैः तैः हृतज्ञानाः प्रपद्यन्ते अन्यदेवताः ॥
तं तं नियमं आस्थाय प्रकृत्या नियताः स्वयाः ॥२०॥

अन्वयार्थः—**तैः तैः** તે તે **कामैः** કામનાઓવડે **हृतज्ञानाः** પરમેશ્વરથી વિમુખ થયેલું છે અન્તઃકરણ જેઓનું 'એવા પુરૂષો' **स्वया** પોતાની **प्रकृत्या** પ્રકૃતિવડે **नियताः** વશ થઈ **तं तं** તે તે **नियमं** નિયમને **आस्थाय** આશ્રય કરી **अन्यदेवताः** બીજા દેવોને **प्रपद्यन्ते** ભજે છે.

टीका—તે તે કામનાઓવડે પરમેશ્વરથી અન્તઃકરણને વિમુખ રાખનારા પુરૂષો પોતાની પૂર્વવાસનારૂપ પ્રકૃતિને આધીન થઈ તથા તે તે નિયમનો આશ્રય કરી અન્ય દેવતાઓનું ભજન કરે છે અને તેમાં જપ ઉપવાસ પ્રદક્ષિણા અને નમસ્કારાદિક નિયમનો આશ્રય કરી મારણમોહનાદિ ક્ષુદ્રફલની ઇચ્છા કરેછે. ॥ ૨૦ ॥

मूलम्—योयोयांयांतनुंभक्तः श्रद्धयार्चितुमिच्छति ॥
तस्यतस्याचलांश्रद्धां तामेवविदधाम्यहम् ॥२१॥

पदानि—यः यः यां तनुं भक्तः श्रद्धया अर्चितुं इच्छति ॥
तस्य तस्य अचलां श्रद्धां तां एव विदधामि अहम् २१

अन्वयार्थः—**य यः** જે જે **भक्तः** ભક્ત **यां यां** જે જે **तनुं** દેવતા મૂર્તિને **श्रद्धया** શ્રદ્ધાવડે **अर्चितुं** પૂજા કરવાને **इच्छति** ઇચ્છે છે **तस्य तस्य** તે તે પુરૂષની **तां एव** તે દેવતા મૂર્તિ પ્રત્યેજ **अचलां** સ્થિર **श्रद्धां** શ્રદ્ધાને **अहं** હું **विदधामि** કરૂંછું.

टीका—અન્ય દેવોનું ભજન કરનારા પુરૂષોમાં જે જે સકામ પુરૂષ ભક્તિયુક્ત થઈ જે જે દેવોની મૂર્તિને પૂર્વ જન્મની વાસનાના બલથી પ્રગટ થયેલી શ્રદ્ધાવડે પૂજા કરવા ઇચ્છે છે, તે તે સકામ પુરૂષની તે તે દેવોની મૂર્તિમાંજ શ્રદ્ધાને હું સ્થિર કરૂંછું પણ તે દેવતાઓથી શ્રદ્ધાને હઠાવી મારે વિષે હું શ્રદ્ધા કરાવતો નથિ. ॥ ૨૧ ॥

मूलम्—सतयाश्रद्धयायुक्त स्तस्याराधनमीहते ॥
लभतेचततःकामा-न्मयैवविहितान्हितान् ॥२२॥

पदानि—सः तया श्रद्धया युक्तः तस्य आरधनं ईहते ॥
लभते च ततः कामान् मया एव विहितान् हितान् २२

अन्वयार्थः—**सः** તે 'સકામ પુરૂષ' **तया** તે **श्रद्धया** શ્રદ્ધાવડે **युक्तः** યુક્ત થઇ **तस्य** તેનું **आरधनं** આરાધન **ईहते** કરે છે **च** તથા **ततः** તે દેવની મૂર્તિથી **माया एव** મેંજ **विहितान्** રચેલા **तान्** તે **कामान्** કામોને **हि** પ્રસિદ્ધ **लभते** પામે છે.

टीका—તે સકામ પુરૂષ મેં તે તે દેવતાઓમાં સ્થિર કરેલી શ્રદ્ધાથી યુક્ત થઇ તે દેવતાની મૂર્તિનુંજ પૂજન કરે છે પણ મારૂં પૂજન કરતા નથિ. તે પૂજન કરવાથી પોતાના સંકલ્પ પ્રમાણે અર્થ પામે છે. તે ફલ આપનાર પણ હુંજ છું સર્વ જીવોના પુણ્ય પાપ કર્મને જાણુનાર તથા તે સર્વ કર્મના ફલને આપનાર તથા સર્વ દેવતાઓનો અન્તર્યામી એવો જે હું તેણે સર્વ કર્મનું ફલ ઉત્પન્ન કરેલું છે. મારાવિના તે દેવતાઓ તે તે ફલ ઉત્પન્ન કરવામાં સમર્થ નથિ માટે હું સાક્ષાત્ અથવા અન્યદ્વારા સર્વ કર્મના ફલનો આપનાર છું ॥ ૨૨ ॥

मूलम्—अन्तवत्तुफलंतेषां तद्भवत्यल्पमेधसाम् ॥
देवान्देवयजोयान्ति मद्भक्तायान्तिमामपि ॥२३॥

पदानि—अन्तवत् तु फलं तेषां तद् भवति अल्पमेधसाम् ॥
देवान् देवयजः यान्ति मद्भक्ताः यान्ति मां अपि ॥२३॥

अन्वयार्थः—**तु** વળી **तेषां** તે **अल्पमेधसां** અલ્પ બુદ્ધિવાળા ' પુરૂષોનું ' **तत्** તે **फलं** ફલ **अन्तवत्** નાશવાળું **भवति** છે ' કારણકે ' **देवयजः** દેવોનું આરાધન કરનારાઓ **देवान्** દેવોને **यान्ति** પામે છે ' અને ' **मद्भक्ताः** મારા ભક્તો **मां अपि** મનેજ **यान्ति** પામે છે.

टीका—મન્દતાથી યથાર્થ વસ્તુનો વિવેક કરવામાં અસમર્થ બુદ્ધિવાળા પુરૂષોને જો કે મેંજ તે તે દેવતાઓના આરાધનથી ઉત્પન્ન થયેલું ફલ આપેલું છે તથાપિ તે ફલ નાશવાળુંજ છે અને મારાથી અન્ય એવા ઇન્દ્રાદિ દેવોનું ઉપાસન કરનારા પુરૂષો ઇન્દ્રાદિ દેવોનેજ પામેછે પણ મને પામતા નથિ. એવી રીતે યક્ષ રાક્ષસોના ભક્તો યક્ષ રાક્ષસોનેજ પામેછે. પરમાર્થ વસ્તુના વિવેકથી રહિત એવા પુરૂષોને કર્મથી જે ફલ થાય છે તે નાશવાળુંજ છે ત્યાં શ્રુતિ **योवाएतदक्षरंगार्ग्यविदित्वा ऽस्मिंल्लोकेजुहोतियजतेतपस्तप्यते बहूनिवर्षसहस्राण्य न्तवदेवास्यतद्भवति** એનો અર્થ આ પ્રમાણે છે કે હે ગાર્ગિ ! જે પુરૂષ આ અક્ષર એવા પરમાત્માને ન જાણીને આ લોકોમાં હોમ કરે છે તથા યજ્ઞ કરે છે તથા અનેક સહસ્ર વર્ષપર્યન્ત તપ કરે છે તે તે સર્વ કર્મ આ પુરૂષને નાશવાન્ ફલનીજ પ્રાપ્તિ કરેછે.

मूलम्—अव्यक्तंव्यक्तिमापन्नं मन्यन्तेमामबुद्धयः ॥
परंभावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥२४॥

पदानि—अव्यक्तं व्यक्तिं आपन्नं मन्यन्ते मां अबुद्धयः
परं भावं अजानन्तः मम अव्ययं अनुत्तमम् ॥२४॥

अन्वयार्थः—**अबुद्धयः** વિવેકશૂન્ય 'પુરૂષો' **मम** મારા **परं** સર્વ કારણરૂપ 'તથા' **अव्ययं** નિત્ય **भावं** ભાવરૂપ **अनुत्तमं** સર્વથી ઉત્કૃષ્ટ [1]'નિરૂપાધિ સ્વરૂપને' **अजानन्तः** ન જાણી **अव्यक्तं** અસ્પષ્ટરૂપ **मां** મને **व्यक्तिं** વ્યક્તિને **आपन्नं** પ્રાપ્ત થયેલો **मन्यन्ते** માને છે, 'એ કારણથીજ એ અવિવેકી પુરૂષો મારાથી વિમુખ રહે છે.'

टीका—વિવેકરહિત પુરૂષો સર્વ કારણરૂપ એવા મને કાર્યભાવને પામેલો માને છે કારણકે તેઓને મારા સ્વરૂપનો વિવેક કરનારી બુદ્ધિ નથિ. તેઓને એમ માનવાનું કારણ એજ છે કે તેઓ સર્વ જગતના કારણરૂપ તથા નિત્ય એવા મારા સ્વરૂપને જાણતા નથિ તથા મારા સર્વોત્તમ ભાવને પણ જાણતા નથિ માટે મારો ત્યાગ કરી અન્ય દેવોની ઉપાસના કરે છે અને તેથી અનિત્ય ફલ પામે છે. ॥ ૨૪ ॥

[1] જેમાં કાંઈપણ માયિક ઉપાધિ નથી તે.

मूलम्—नाहंप्रकाशःसर्वस्य योगमायासमावृतः ॥
मूढोऽयंनाभिजानाति लोकोमामजमव्ययम् ॥२५॥

पदानि—न अहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ॥
मूढः अयं न अभिजानाति लोकः मां अजं अव्ययम् २५

अन्वयार्थः—**अहं** હું **सर्वस्य** સર્વને **प्रकाशः** પ્રગટ **न** નથિ થતો ' કારણકે ' **योगमायासमावृतः** યોગમાયાવડે ઢંકાયેલો છું ' તેથી ' **मूढः** મૂઢ થયેલો **अयं** આ **लोकः** લોક **अजं** જન્મથી રહિત ' તથા ' **अव्ययं** મરણથી રહિત **मां** મને **न अभिजानाति** જાણતો નથિ

टीका—હું સર્વ લોકને મારા સ્વરૂપવડે પ્રગટ થતો નથી પણ મારા ભક્તને પ્રગટ થાઉંછું અને મારા સંકલ્પ પ્રમાણે વર્ત્તનારી જે યોગમાયા તેણે કરીને હું સારી રીતે ઢંકાયેલો છું માટે સર્વ લોકને હું મારા વાસ્તવ સ્વરૂપથી પ્રગટ થતો નથિ. એ મારી યોગમાયાથી મૂઢ થયેલા લોકો ઉત્પત્તિનાશથી રહિત એવો જે હું તે મને જાણી શકતા નથિ પણ વિપરીત દૃષ્ટિથી, આ કોઇક મનુષ્ય છે એ માને છે. અને તેથીજ તે વિપરીત દૃષ્ટિવાળા મૂઢલોકો મારો ત્યાગ કરી અન્ય દેવોની ઉપાસના કરે છે. ॥ ૨૫ ॥

मूलम्—वेदाहंसमतीतानि वर्त्तमानानिचार्जुन ॥
भविष्याणिचभूतानि मांतुवेदनकश्चन ॥२६॥

पदानि--वेद अहं समतीतानि वर्त्तमानानि च अर्जुन ॥
भविष्याणि च भूतानि मा तु वेद न कश्चन ॥२६॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન **अहं** હું **समतीतानि** પ્રથમ વીતી ગયેલાં **च** તથા **वर्त्तमानानि** ચાલતાં **च** તથા **भविष्याणि** હવે થનારાં **भूतानि** પ્રાણિયોને **वेद** જાણું છું 'અને' **मां तु** મને તો **कश्चन** કોઇ 'અભક્ત' **न वेद** જાણતો નથી.

टीका—હે અર્જુન ! મારી માયાવડે સર્વ લોકને હું મોહ પમાડું છું તોપણ આગળ થઈ ગયેલાં અને હમણાં વર્ત્તમાન તથા આગળ થનારાં સ્થાવર જંગમ પ્રાણિયોને પ્રત્યક્ષ જાણું છું એમાં તારે કાંઇ સંશય કરવો નહિ. જેમ ઐન્દ્રજાલિકની માયાથી મોહ પામેલા લોકો ઐન્દ્રજાલિકને જાણી શકતા નથિ પણ ઐન્દ્રજાલિકને અનુગ્રહના પાત્રભૂત જે તેના પુત્રાદિક મનુષ્યો છે, તે મનુષ્યો ઐન્દ્રજાલિકની માયાને જાણે છે; તેમ મારા અનુગ્રહને પાત્રભૂત જે મારા ભક્તજન તેથી ભિન્ન બીજા સર્વ પ્રાણિયો મારી યોગમાયાવડે મોહિત થઇ મને જાણતા નથિ પણ મારા ભક્તજનજ મને વાસ્તવ સ્વરૂપથી જાણે છે. ॥ ૨૬ ॥

मूलम्—इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेनभारत ॥
सर्वभूतानिसंमोहं सर्गेयान्तिपरन्तप ॥२७॥

पदानि—इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ॥
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥२७॥

अन्वयार्थः—**भारत** હે ભારત **परन्तप** હે શત્રુને તાપ પમાડનાર **सर्वभूतानि** સર્વ પ્રાણિયો **सर्गे** સ્થૂળ શરીરની ઉત્પત્તિ થયા પછી **इच्छाद्वेषसमुत्थेन** ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા **द्वन्द्वमोहेन** શીત ઉષ્ણાદિક દ્વન્દ્વ નિમિત્તક મોહવડે **संमोहं** સંમોહને **यान्ति** પામે છે.

टीका—હે ભરતવંશમાં થયેલા ! હે શત્રુને તાપ પમાડનાર ! ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા તથા શીત, ઉષ્ણ, સુખ, દુઃખ, ક્ષુધા અને પિપાસાદિક જે દ્વન્દ્વ ધર્મથી ' હું સુખી હું દુઃખી ' એવો મોહ ઉત્પન્ન થાય છે, એ મોહથી સર્વ પ્રાણિયો સ્થૂલ શરીરની ઉત્પત્તિ થયા પછી નિત્યાનિત્ય વસ્તુના વિવેકની અયોગ્યતારૂપ સંમોહ પામે છે.

मूलम्—येषांत्वन्तगतंपापं जनानांपुण्यकर्मणाम् ॥
तेद्वन्द्वमोहनिर्मुक्ता भजन्तेमांदृढव्रताः ॥२८॥

पदानि—येषां तु अन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ॥
ते द्वन्द्वमोह निर्मुक्ताः भजन्ते मां दृढव्रताः ॥२८॥

अन्वयार्थः—**तु** વળી **येषां** જે **पुण्यकर्मणां** પુણ્યકર્મવાળા **जनानां** મનુષ્યોનું **पापं** પાપ **अन्तगतं** નાશ પામેલું છે **ते** તે 'મનુષ્યો' **द्वन्द्वमोहनिर्मुक्ताः** દ્વન્દ્વમોહથી રહિત થઇ **दृढव्रताः** દૃઢ સંકલ્પવાળા થઇ **मां** મને **भजन्ते** ભજે છે.

टीका—પૂર્વના અનેક જન્મમાં પુણ્ય કર્મનો સંચય કરવાથી સફલ જન્મવાળા તે અધિકારી પુરૂષોનાં પાપ નાશ પામે છે અને તેથી તેઓને જ્ઞાનનો ઉદય થાય છે અને તે પુરૂષો ' હું સુખી હું દુઃખી ' એવી રીતના મોહને અયોગ્ય જાણી ત્યાગ કરેછે. એવી રીતે દ્વન્દ્વમોહથી રહિત તથા અચલ સંકલ્પવાળા પુરૂષો જ્ઞાનવન્ત થઇ મારૂં આરાધન કરે છે.

मूलम्—जरामरणमोक्षाय मामाश्रित्ययतन्तिये ॥
तेब्रह्मतद्विदुःकृत्स्न-मध्यात्मंकर्मचाखिलम् ॥२९॥

पदानि—जरामरणमोक्षाय मां आश्रित्य यतन्ति ये ॥
ते ब्रह्म तत् विदुःकृत्स्नं अध्यात्मं कर्म च अखिलम् ॥२९॥

अन्वयार्थः—**ये** જે **जरामरणमोक्षाय** જરામરણની નિવૃત્તિમાટે **मां** મને **आश्रित्य** આશ્રય કરીને **यतन्ति** પ્રયત્ન કરે છે **ते** તે ' પુરૂષો ' **तत्** તે **ब्रह्म** બ્રહ્મને **कृत्स्नं** અપરિછિન્ન **अध्यात्मं** ત્વંપદના લક્ષ્યઅર્થરૂપ આત્માને **च** તથા **अखिलं** સંપૂર્ણ **कर्म** શ્રવણાદિ સાધનને **विदुः** જાણે છે.

टीका—સંસારનાં જરામરણાદિક દુઃખોથી વૈરાગ્ય પામી જે અધિકારી પુરૂષ તે સર્વ દુઃખોની નિવૃત્તિ કરવામાટે મારો આશ્રય કરે છે અર્થાત્ ફલની ઇચ્છાથી રહિત થઇ શાસ્ત્ર વિહિત શુભ કર્મ મારેવિષે અર્પણ કરે છે, તે અધિકારી પુરૂષ ક્રમેકરી શુદ્ધ અન્તઃકરણવાળો થઈ બ્રહ્મને જાણે છે તથા શરીરનો આશ્રય કરી પ્રકાશમાન થવાથી અધ્યાત્મ સંજ્ઞાને પ્રાપ્ત થયેલો અને ઉપાધિકૃત સર્વ વિભાગથી રહિત એવો જે પ્રત્યક્ આત્મા છે તે આત્માને જાણે તે તથા સંપૂર્ણ [1]શ્રવણાદિ સાધનને જાણે છે. ॥ ૨૯ ॥

मूलम्—**साधिभूताधिदैवंमां साधियज्ञंचयेविदुः ॥**
प्रयाणकालेऽपिचमां तेविदुर्युक्तचेतसः ॥३०॥

पदानि—**साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ॥**
प्रयाणकाले अपि च मां ते विदुः युक्तचेतसः ॥३०॥

अन्वयार्थः—**ये** જે 'અધિકારી પુરૂષો' **साधिभूताधिदैवं** અધિભૂત અધિદૈવ સહિત **च** તથા **साधियज्ञं** અધિયજ્ઞસહિત **मां** મને **विदुः** જાણે છે **ते** તે ' અધિકારી પુરૂષો ' **युक्तचेतसः** 'મારે વિષે' જોડાયેલા ચિત્તવાળા થઇ **च** અને **प्रयाणकाले** મરણકાળમાં **अपि** પણ **मां** મને **विदुः** જાણે છે.

टीका—એવી રીતે મારા ભક્તોને મરણ કાળમાં પણ મારા વિસ્મરણની શંકા તારે કરવી નહિ કારણ કે અધિભૂતસહિત તથા અધિદૈવસહિત તથા અધિયજ્ઞસહિત એવા મને જે અધિકારી ચિન્તન કરે છે તે નિરન્તર મારેવિષે ચિત્ત રાખી સર્વાત્મારૂપ એવા મને મરણકાળમાં પણ જાણે છે ॥ ૩૦ ॥

इति श्रीमन्महाभारतेभीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
ज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ॥७॥

---

[1] શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર.

ॐ

श्रीकृष्णायनमः

अर्जुनउवाच.

मूलम्—किंतद्ब्रह्मकिमध्यात्मं किंकर्मपुरुषोत्तम ॥
अधिभूतंचकिंप्रोक्त-मधिदैवंकिमुच्यते ॥१॥
अधियज्ञःकथंकोऽत्रदेहेऽस्मिन्मधुसूदन ॥
प्रयाणकालेचकथं ज्ञेयोऽसिनियतात्मभिः ॥२॥

पदानि—किं तत् ब्रह्म किं अध्यात्मं किं कर्म पुरुषोत्तम ॥
अधिभूतं च किं प्रोक्तं अधिदैवं किं उच्यते ॥१॥
अधियज्ञः कथं कः अत्र देहे अस्मिन् मधुसूदन ॥
प्रयाणकाले च कथं ज्ञेयः असि नियतात्मभिः ॥२॥

अन्वयार्थः—**पुरुषोत्तम** હે પુરૂષોમાં ઉત્તમ ! **मधुसूदन** હે [1]મધુસૂદન ! **तत्** તે **ब्रह्म** બ્રહ્મ **किं** શું છે **अध्यात्मं** અધ્યાત્મ **किं** શું છે **कर्म** કર્મ **किं** શું છે **च** તથા **अधिभूतं** અધિભૂત **किं** શું **प्रोक्तं** કહ્યું છે **अधिदैवं** અધિદૈવ **किं** શું **उच्यते** કહેવાય છે ' તથા ' **अत्र** અહિયાં **अधियज्ञः** અધિયજ્ઞ **कः** કોણ ' તથા ' **कथं** કેવે પ્રકારે ' ચિન્તનકરવા યોગ્ય છે તથા તે અધિયજ્ઞ ' **अस्मिन्** આ **देहे** દેહમાં ' વર્ત્તે છે કે દેહ બાહ્ય વર્ત્તે છે ' **च** તથા **प्रयाणकाले** મરણકાળમાં **नियतात्मभिः** ચિત્તને નિયમમાં રાખનારા ' પુરૂષોએ તમે ' **कथं** કેવી રીતે **ज्ञेयः** જાણવા યોગ્ય **असि** છો.

टीका—હે પુરૂષોત્તમ ! હે મધુસૂદન ! જ્ઞેયરૂપવડે આપે જે બ્રહ્મ કહેલું છે તે બ્રહ્મ કોણ છે અર્થાત્ તે ઉપાધિસહિત છે કે ઉપાધિરહિત છે ! એ પ્રથમ પ્રશ્ન આત્માના સમ્બન્ધવાળો હોવાથી આત્મા શબ્દે કરીને પ્રતિપાદન કરેલો જે આ દેહરૂપ આત્મા તેનો આશ્રય કરીને જે રહે તેનું નામ અધ્યાત્મ છે તે અધ્યાત્મ કોણ છે અર્થાત્ શ્રોત્રા-

[1] મધુ નામના દૈત્યનો નાશ કરનાર

દિક ઇન્દ્રિયોનું નામ અધ્યાત્મ છે કે અન્તર્યામી ચૈતન્યનું નામ અધ્યાત્મ છે ? એ બીજો પ્રશ્ન. કર્મ શું છે અર્થાત્ કર્મ યજ્ઞરૂપ છે કે યજ્ઞથી ભિન્ન એવું બીજું કોઇ કર્મ છે ? એ ત્રીજો પ્રશ્ન. આપ અધિભૂત કોને કહો છો ? અર્થાત્ પૃથ્વી આદિભૂતોનો આશ્રય કરીને રહેલું કોઇ કર્મ કહેવાની ઇચ્છા છે કે સઘળાં કાર્ય કહેવાની ઇચ્છા છે ? એ ચોથો પ્રશ્ન. દૈવનો આશ્રય કરીને જે રહે તેનું નામ અધિદૈવ છે, તે અધિદૈવ આપ કોને કહોછો અર્થાત્ દેવતાઓનું જે ધ્યાન કરવું તેને અધિદૈવ કહોછો કે દેવતાઓના સૂર્યમંડલાદિકમાં વ્યાપક એવા ચૈતન્યને અધિદૈવ કહોછો ? એ પાંચમો પ્રશ્ન. યજ્ઞનો આશ્રય કરીને જે રહે તેનું નામ અધિયજ્ઞ છે, તે અધિયજ્ઞ આ ઠેકાણે કોણ છે અર્થાત્ કોઇ દેવતાનું નામ અધિયજ્ઞ છે, કે પરબ્રહ્મનું નામ અધિયજ્ઞ છે, તે અધિયજ્ઞ પણ અધિકારી પુરૂષને કેવી રીતે ચિન્તન કરવા યોગ્ય છે તથા અધિયજ્ઞ આ દેહમાં રહે છે કે દેહથી બહાર રહે છે તથા તે અધિયજ્ઞ બુદ્ધિ આદિરૂપે છે કે બુદ્ધિ આદિકથી ભિન્ન છે ? એ છઠો પ્રશ્ન. મરણકાળમાં શ્રોત્રાદિક સર્વે ઇન્દ્રિયોનો સમૂહ સાવધાનરહિત હોય છે માટે તે મરણકાળમાં, ચિત્તને નિયમમાં રાખનારા પુરૂષોને તમે કેવી રીતે જાણવા યોગ્ય છો ? એ સાતમો પ્રશ્ન આપ સર્વજ્ઞ અને પરમ દયાળુ છો માટે આ સર્વ અર્થ મને કહો. ॥૧॥૨॥

श्रीभगवानुवाच.

मूलम्--अक्षरंब्रह्मपरमं स्वैभावोऽध्यात्ममुच्यते ॥
भूतभावोद्भवकरो-विसर्गःकर्मसंज्ञित्तः ॥३॥

पदानि—अक्षरं ब्रह्म परमं स्वभावः अध्यात्मं उच्यते ॥
भूतभावोद्भवकरः विसर्गः कर्मसंज्ञितः ॥३॥

अन्वयार्थः—**परमं** પરમ **अक्षरं** અક્ષર **ब्रह्म** બ્રહ્મ **उच्यते** કહેવાય છે 'તથા' **स्वभावः** સ્વભાવ **अध्यात्मं** અધ્યાત્મ ' કહેવાય છે તથા' **भूतभावोद्भवकरः** ભૂતોની ઉત્પત્તિ વૃદ્ધિ કરનારા **विसर्गः** યજ્ઞદાનાદિક **कर्मसंज्ञितः** કર્મ કહેવાય છે.

टीका—જ્ઞાનથી, અજ્ઞાનથી, દેશકાળથી તથા કોઇ અન્ય પ્રકારથી જે નાશ ન પામે તેને અક્ષર કહેવાય છે અર્થાત્ ઉત્પત્તિનાશથી રહિત તથા સર્વત્ર વ્યાપક વસ્તુનું નામ અક્ષર છે. ત્યાં શ્રુતિ ॥ **तद्वैतदक्षरंगार्गिब्राह्मणाअभिवदन्तिअस्थूलमनणवहस्वमदीर्घम्** ॥ આ શ્રુતિનો અર્થ આ પ્રમાણે છે કે હે ગાર્ગિ ! એ અક્ષરને બ્રાહ્મણો સ્થૂલભાવથી રહીત, અણુભાવથી રહિત, હ્રસ્વભાવથી રહિત, તથા દીર્ઘ ભાવથી રહિત કહે છે તે અક્ષર બ્રહ્મરૂપજ છે. અને બ્રહ્મશબ્દે કરીને આ ઠેકાણે ઉપાધિરહિત બ્રહ્મ કહેવાની ઇચ્છા છે પણ ઉપાધિસહિત બ્રહ્મ કહેવાની ઇચ્છા નથિ. એ પ્રથમ પ્રશ્નનો ઉત્તર. અ-

ક્ષર બ્રહ્મના સ્વરૂપભૂત ચૈતન્ય આ દેહરૂપ મિથ્યા આત્માનો આશ્રય કરી ભોક્તારૂપે વર્તાને અધ્યાત્મ એવા નામથી કહેવાય છે. તે ભોક્તાચૈતન્યથી ભિન્ન શ્રોત્રાદિ ઇન્દ્રિયોનો સમૂહ અધ્યાત્મ શબ્દવડે કહેવાતો નથિ. એ બીજા પ્રશ્નનો ઉત્તર. ઇન્દ્રાદિ દેવતાઓનો ઉદ્દેશ કરી દ્રવ્યના ત્યાગરૂપ જે યાગ તથા વૈદિક અગ્નિમાં ઘૃત યવાદી પદાર્થો નાખવા રૂપી જે હોમ તથા બ્રાહ્મણોને સુવર્ણ ગાય આદિ પદાર્થોની દક્ષિણારૂપ જે દાન તે કર્મ એવા શબ્દથી કહેવાય છે પણ બીજાું જે કરવું તે આ ઠેકાણે કર્મ કહેલું નથિ. એ ત્રીજા પ્રશ્નનો ઉત્તર. ॥ ૩ ॥

मूलम्—अधिभूतंक्षरोभावः पुरुषश्चाधिदैवतम् ॥
अधियज्ञोऽहमेवात्र-देहेदेहभृतांवर ॥४॥

पदानि—अधिभूतं क्षरः भावः पुरुषः च अधिदैवतम् ॥
अधियज्ञः अहं एव अत्र देहे देह भृतां वर ॥४॥

अन्वयार्थः—देहभृत्तांवर હે સર્વ પ્રાણિયોમાં શ્રેષ્ટ **क्षरः** નાશવાન્ **भावः** પદાર્થ **अधिभूतं** અધિભૂત ' કહેવાય છે ' **च** તથા **पुरुषः** 'હિરણ્યગર્ભ નામનો' પુરૂષ **अधिदैवतं** અધિદૈવ ' કહેવાય છે તથા ' **अधियज्ञः** 'વિષ્ણુરૂપ' અધિયજ્ઞ **अहं एव** હું વાસુદેવજ છું 'તે અધિયજ્ઞ' **अत्र** આ **देहे** દેહમાં 'વર્તે છે.'

टीका—જે પદાર્થ વિનાશ પામે છે તેનું નામ ક્ષર છે અને જે પદાર્થ ઉત્પન્ન થાયછે તેનું નામ ભાવ છે. એવા ઉત્પત્તિ નાશવાળા જેટલા પદાર્થો સર્વ પ્રાણિયોનો આશ્રય કરીને રહે છે તે અધિભૂત એવે નામે કહેવાય છે. એ ચોથા પ્રશ્નનો ઉત્તર. સર્વ કાર્યમાત્ર જેણે કરેલાં છે તેનું નામ પુરૂષ છે. અથવા શરીરરૂપ સર્વ પુરોમાં જે નિવાસ કરે છે તેનું નામ પુરૂષ છે. એવો પુરૂષ હિરણ્યગર્ભ આદિત્યાદિક દેવતાઓનો આશ્રય કરીને ચક્ષુઆદિ ઇન્દ્રિયોઉપર અનુગ્રહ કરે છે માટે તે અધિદૈવ એવા નામથી કહેવાય છે. એ પાંચમા પ્રશ્નનો ઉત્તર. સર્વ યજ્ઞોનો અધિષ્ઠાતારૂપ તથા સર્વ યજ્ઞોના ફલનો આપનાર જે વિષ્ણુ દેવ, તે પ્રથમ કહેલા યજ્ઞનો આશ્રય કરીને રહેછે માટે તે વિષ્ણુ અધિયજ્ઞ એવા નામથી કહેવાયછે. જે વિષ્ણુને ॥ **यज्ञोवैविष्णुः** ॥ એ શ્રુતિ પણ યજ્ઞરૂપે કહેછે એવા અન્તર્યામી વિષ્ણુરૂપ અધિયજ્ઞ હું વાસુદેવજ છું મારાથી ભિન્ન કોઇ વસ્તુ નથિ. એ છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર. ॥ ૪ ॥

मूलम्—अन्तकालेचमामेव स्मरन्मुक्त्वाकलेवरम् ॥
यःमयातिसमद्भावं-यातिनास्त्यत्रसंशयः ॥५॥

पदानि—अन्तकाले च मां एव स्मरन् मुक्त्वा कलेवरम् ॥
यः प्रयाति सः मद्भावं याति न अस्ति अत्र संशयः॥५॥

अन्वयार्थः—यः જે अन्तकाले च મરણકાળમાં પણ मां एव મનેજ स्मरन् સ્મરણ કરતો છતો कलेवरं. શરીરને मुक्त्वा ત્યાગ કરી प्रयाति જાય છે सः તે मद्भावं મારા ભાવને याति પામે છે अत्र આ અર્થમાં संशयः સંશય न अस्ति નથિ.

टीका—જે પુરૂષ મરણ કાળમાં પણ મારૂં સ્મરણ કરતો છતો શરીરનો ત્યાગ કરીને જાય છે તે મારા ભાવને પામે છે એમાં કાંઈ સંશય નથિ ત્યાં શ્રુતિ ॥ ब्रह्मैवसन्ब्रह्माप्येति ॥ તે તત્વવેત્તા પુરૂષ બ્રહ્મરૂપ થઈ બ્રહ્મભાવને પામે છે. આત્મા દેહથી ભિન્ન છે તથા દેહથી ભિન્ન થયેલો આત્મા પણ ઇશ્વિરથી ભિન્ન છે કે અભિન્ન છે. એ પ્રકારનો કોઈપણ સંશય અહિંયાં નથિ. કારણ કે તત્વસાક્ષાત્કાર થયા પછી ॥ छिद्यन्ते सर्वसंशयाः એ શ્રુતિયે સર્વ સંશયોની નિવૃત્તિ કહી છે. એ સાતમા પ્રશ્નનો ઉત્તર. ॥૫॥

मूलम्—यंयंवापिस्मरन्भावं त्यजत्यन्तेकलेवरम् ॥
तंतमेवैतिकौन्तेय सदातद्भावभावितः ॥६॥

पदानि—यं यं वा अपि स्मरन् भावं त्यजति अन्ते कलेवरम् ॥
तं तं एव एति कौन्तेय सदा तद्भावभावितः ॥६॥

अन्वयार्थः—कौन्तेय હે કુન્તીપુત્ર सदा નિરન્તર तद्भावभावितः તે તે દેવતાવિષયક ભાવનાવાળો થઇ 'પુરૂષ' अन्ते મરણકાળમાં यं यं वा अपि જે જે પણ भावं ભાવને स्मरन् સ્મરણ કરતો છતો कलेवरं શરીરને त्यजति ત્યાગ કરે છે 'તે પુરૂષ' तं तं एव તે તે દેવતાના ભાવનેજ एति પામે છે.

टीका—હે અર્જુન ! મરણકાળમાં મને સ્મરણ કરનારો પુરૂષ મારા ભાવને પામે છે એવોજ કેવળ નિયમ નથિ પરંતુ તે મરણકાળમાં જે કોઈ દેવનું અથવા અન્ય પણ કોઈ પ્રિય અપ્રિય પદાર્થનું સ્મરણ કરી આ શરીરનો પરિત્યાગ કરે છે, તે પુરૂષ તે મરણ પછી તે તે ભાવનેજ પામે છે પણ તેનાથી બીજા ભાવને પામતો નથિ. ॥ ૬ ॥

मूलम्—तस्मात्सर्वेषुकालेषु मामनुस्मरयुध्यच ॥
मय्यर्पितमनोबुद्धि-र्मामेवैष्यस्यसंशयम् ॥७॥

पदानि—तस्मात् सर्वेषु कालेषु मां अनुस्मर युद्ध्य च ॥
मयि अर्पितमनोबुद्धिः मां एव एष्यसि असंशयम् ॥७॥

અન્વયાર્થઃ—**તસ્માત્** તેમાટે **સર્વેષુ** સર્વ **કાલેષુ** કાળમાં **માં** મને **અનુસ્મર** સ્મરણ કર **ચ** તથા **યુધ્ય** યુદ્ધ કર **મયિ** મારે વિષે **અર્પિતમનોબુદ્ધિઃ** અર્પણ કરેલાં મન બુદ્ધિવાળો તું **માં એવ** મનેજ **એષ્યસિ** પામીશ 'એ અર્થમાં કાંઇપણ' **અસંશયં** સંશય નથિ.

ટીકા—તે માટે તું સર્વ કાળમાં ઘણા આદરસહિત મારૂં ચિન્તન કર. જો કદાચિત્ પોતાના અન્તઃકરણની અશુદ્ધિથી નિરન્તર મારૂં ચિન્તન કરવામાં તું સમર્થ ન હો તો તે અન્તઃકરણની શુદ્ધિ થવાસારૂ યુદ્ધ કર અર્થાત્ અન્તઃકરણની શુદ્ધિમાટે તું યુદ્ધાદિક નિત્ય નૈમિત્તિક કર્મ કર. એવી રીતે નિત્ય નૈમિત્તિક કર્મ કરવાથી અન્તઃકરણની શુદ્ધિ થયા પછી મને અર્પણ કરેલું છે સંકલ્પરૂપ મન તથા નિશ્ચય રૂપ બુદ્ધિ જેણે એવો તું મનેજ પામીશ એમાં કાંઇ પણ સંશય નથિ. ॥ ૭ ॥

મૂલમ્—अभ्यासयोगयुक्तेन चेतसानान्यगामिना ॥
परमंपुरुषंदिव्यं यातिपार्थानुचिन्तयन् ॥८॥

પદાનિ—अभ्यासयोगयुक्तेन चेतसा न अन्यगामिना ॥
परमं पुरुषं दिव्यं याति पार्थ अनुचिन्तयन् ॥८॥

અન્વયાર્થઃ—**પાર્થ** હે પૃથાના પુત્ર **અનુચિન્તયન્** 'પરમાત્માનું' ચિન્તન કરતો છતો **અભ્યાસયોગયુક્તેન** અભ્યાસરૂપ યોગથી યુક્ત ' પુરૂષ ' **નાન્યગામિના** અન્ય વિષયોમાં નહિ જનારા **ચેતસા** ચિત્તે કરીને **પરમં** પરમ **દિવ્યં** દિવ્ય **પુરુષં** પુરૂષને **યાતિ** પામે છે.

ટીકા—હે અર્જુન ! નિરન્તર પરમાત્માનું ચિન્તન કરનારો પુરૂષ અભ્યાસરૂપ યોગથી યુક્ત તથા અન્ય વિષયોમાં ન જનાર એવા ચિત્તકરીને પરમ દિવ્ય પુરૂષને પામે છે. એ વાર્તા શ્રુતિમાં પણ કહેલી છે ત્યાં શ્રુતિ ॥ **यथानद्यः स्पन्दमानाःसमुद्रेऽस्तंगच्छन्तिनामरूपेविहायतथाविद्वान्पुण्यपापेविधूयपरात्परंपुरुषमुपैतिदिव्यम्** ॥ જેમ ગંગા યમુનાદિક નદિયો પોતાના નામરૂપનો પરિત્યાગ કરીને સમુદ્રમાં મળી એકભાવને પામે છે તેમ આ વિદ્વાન્ પુરૂષ પણ પુણ્યપાપકર્મનો પરિત્યાગ કરીને સૂત્રાત્માથી પણ પર એવા અન્તર્યામી દિવ્યપુરૂષને પામે છે. ॥ ૮ ॥

મૂલમ્—कविंपुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः॥
सर्वस्यधातारमचिन्त्यरूपमादित्यवर्णंतमसःपरस्तात्

પદાનિ—कविं पुराणं अनुशासितारं अणोः अणीयांसं अनुस्मरेत् यः॥
सर्वस्य धातारं अचिन्त्य रूपम् आदित्यवर्णं तमसःपरस्तात्॥

अन्वयार्थः—**कविं** સર્વજ્ઞ **पुराणं** અનાદિ **अनुशासितारं** સર્વનો નિયન્તા **अणोः अणीयांसं** સૂક્ષ્મથી પણ અતિસૂક્ષ્મ **सर्वस्य** સર્વનો **धातारं** ધારણ કરનાર **अचिन्त्यरूपं** ચિન્તવનમાં ન આવે એવા રૂપવાળો **आदित्यवर्णं** સૂર્યનીપેઠે પ્રકાશવાળો **तमसः** અજ્ઞાનથી **परस्तात्** પર રહેલો ' એવો જે દિવ્યપુરૂષ તેને ' **यः** જે 'પુરૂષ, **अनुस्मरेत्** સ્મરણ કરે છે તે પુરૂષ તે• દિવ્ય પુરૂષને પામે છે.

टीका—મોક્ષની ઇચ્છાવાળા પુરૂષોને ચિન્તન કરવા યોગ્ય તથા પામવા યોગ્ય પરમાત્મા કવિ છે અર્થાત્ ભૂત ભવિષ્ય અને વર્ત્તમાન એવી સર્વ વસ્તુનો જોનાર હોવાથી સર્વજ્ઞછે. પુરાણછે અર્થાત્ સર્વ જગત્‌ના કારણછે માટે અનાદિછે. સૂર્ય ચન્દ્રાદિક સર્વ જગત્‌ને નિયમમાં ચલાનાવરા છે. આકાશાદિક સર્વ પ્રપંચના કારણ હોવાથી આકાશાદિક સૂક્ષ્મ પદાર્થોથી પણ અત્યન્ત સૂક્ષ્મછે. સર્વ પ્રાણિયોને ધારણ કરનારા છે અર્થાત્ પ્રાણિયોને પોત પોતાનાં પુણ્ય પાપકર્મનાં ફ્લ વિચિત્ર રૂપથી આપનારા છે. અપાર મહિમાવાળા છે માટે ચિન્તન કરવામાં ન આવે એવા રૂપવાળા છે. સૂર્યની પેઠે સર્વ જગત્‌નો પ્રકાશ કરનારા છે. અજ્ઞાનરૂપ અન્ધકારથી પરછે એવા દિવ્ય પુરૂષનું જે ચિન્તન કરે છે તે પુરૂષ તે અભ્યાસની દૃઢતાથી પરમ દિવ્યય પુરૂષનેજ પામે છે. ॥ ૯ ॥

प्रयाणकालेमनसाऽचलेन भक्त्यायुक्तोयोगबलेनचैव ॥
भ्रूवोर्मध्येप्राणमावेश्यसम्यक् सतंपरंपुरुषमुपैतिदिव्यम् १०

पदानि—प्रयाणकाले मनसा अचलेन भक्त्या युक्तः योगबलेन च एव ॥
भ्रुवोःमध्ये प्राणं आवेश्य सम्यक् सतंः परं पुरुषं उपैति दिव्यम् १०

अन्वयार्थः—**प्रयाणकाले** મરણકાળમાં **अचलेन** એકાગ્ર **मनसा** મને કરીને **भक्त्या युक्तः** ભક્તિયુક્ત થઇ **च एव** તેમજ **योगबलेन** યોગબલવડે 'યુક્ત થઇ' **सः** તે 'પુરૂષ' **भ्रुवोः** બેઉ ભ્રકુટિના **मध्ये** મધ્યમાં **प्राणं** પ્રાણને **सम्यक्** સારી રીતે **आवेश्य** સ્થાપન કરીને **तं** તે **परं** પરમ **दिव्यम्** દિવ્ય **पुरुषं** પુરૂષને **उपैति** પામે છે.

टीका—જે પુરૂષ મરણ કાળમાં એકાગ્ર મનવડે દિવ્ય પુરૂષનું સ્મરણ કરે છે તથા જે પરમેશ્વરમાં પ્રેમયુક્ત છે તથા જે યોગબલયુક્ત છે તથા જે બેઉ ભ્રકુટિના મધ્યમાં પ્રાણને સાર રીતે સાવધાન થઇ સ્થાપન કરે છે તે ઉપાસક પુરૂષજ પરમ દિવ્ય પુરૂષને પામે છે. ॥ ૧૦ ॥

मूलम्—यदक्षरंवेदविदोवदन्ति विशन्तियद्यतयोवीतरागाः॥
यदिच्छन्तोब्रह्मचर्यंचरन्ति तत्तेपदंसंग्रहेणप्रवक्ष्ये११

पदानि—यत् अक्षरं वेदविदः वदन्ति विशन्ति यत् यतयः वीतरागाः॥
यत् इच्छन्तः ब्रह्मचर्यं चरन्ति तत् ते पदं संग्रहेण प्रवक्ष्ये११

अन्वयार्थः--**वेदविदः** વેદ જાણનારા 'પુરૂષો' **यत्** જે **अक्षरं** અક્ષરને **वदन्ति** કહે છે 'તથા' **वीतरागाः** સ્પૃહારહિત **यतयः** સંન્યાસિયો **यत्** જે 'અક્ષરને' **विशन्ति** પામે છે 'તથા સાધકપુરૂષો' **यत्** જે 'અક્ષરને' **इच्छन्तः** ઇચ્છતા છતા **ब्रह्मचर्यं** બ્રહ્મચર્યને **चरन्ति** કરે છે **तत्** તે **पदं** અક્ષરને **ते** તને **संग्रहेण** સંક્ષેપે **प्रवक्ष्ये** કહીશ.

टीका—વેદ જાણનાર પુરૂષો જે અક્ષરને કહે છે તથા નિઃસ્પૃહ સંન્યાસિયો જે અક્ષરને પામે છે તથા સાધકપુરૂષો જે અક્ષરની ઇચ્છા કરીને બ્રહ્મચર્ય કરે છે તે અક્ષર હું તને સંક્ષેપથી કહીશ. આ વાતમાં આ શ્રુતિ પ્રમાણ છે.॥ **यःपुनरेतत्त्रिमात्रेणोमित्यनेनैवाक्षरेणपरंपुरुषमभिध्यायीतसतमधिगच्छति** ॥ જે પુરૂષ અકાર ઉકાર અને મકાર એ ત્રણ માત્રાવાળા ॥ ॐ ॥ અક્ષરવડે પરમ પુરૂષનું ચિન્તન કરે છે તે પુરૂષ પરમપુરૂષનેજ પામે છે. ॥ ૧૧ ॥

मूलम्—सर्वद्वाराणिसंयम्य मनोहृदिनिरुध्यच ॥
मूर्ध्न्याधा यात्मनःप्राण-मास्थितोयोगधारणाम्१२

मूलम्—ॐमित्येकाक्षरंब्रह्म व्याहरन्मामनुस्मरन् ॥
यःप्रयातित्यजन्देहं सयातिपरमांगतिम्॥१३॥

पदानि—सर्वद्वाराणि संयम्य मनःहृदि निरुध्य च ॥
मूर्ध्नि आधाय आत्मनः प्राणं आस्थितःयोगधारणाम् १२

पदानि—ॐ इति एकाक्षरं ब्रह्म व्याहरन् मां अनुस्मरन् ॥
यः प्रयाति त्यजन् देहं सः याति परमां गतिम् ॥१३॥

अन्वयार्थः—**यः** જે **सर्वद्वाराणि** સર્વ ઇન્દ્રિયના દ્વારોને **संयम्य** નિયમમાં રાખીને **च** તથા **मनः** મનને **हृदि** હૃદયમાં **निरुध्य** રોકીને **प्राणं** પ્રાણને **मूर्ध्नि** મૂર્દ્ધાદેશઉપર **आधाय** સ્થિત કરીને **आत्मनः** આત્મવિષયક **योगधारणाम्** સમાધિરૂપ ધારણા પ્રત્યે **आस्थितः** રહ્યો છતો ॐ ઓમ્ **इति** એ પ્રકારે **ब्रह्म** બ્રહ્મરૂપ **एकाक्षरं** એક અક્ષરને **व्याहरन्** ઉચ્ચારણ કરતો છતો **मां** મને **अनुस्मरन्** સ્મરણ કરતો છતો **देहं** દેહને **त्यजन्** ત્યાગ કરતો છતો **प्रयाति** જાય છે **सः** તે **परमां** પરમ **गतिं** ગતિને **याति** પામે છે.

टीका—જે પુરૂષ શબ્દાદિક વિષયોમાં વારંવાર દોષ જોવાના અભ્યાસથી તે વિષયોથી વિમુખ થઈ શ્રોત્રાદિક ઇન્દ્રિયોવડે શબ્દાદિક વિષયોનું ગ્રહણ ન કરીને રહેલો છે તથા જે પોતાની અન્દર વિષયોની ચિન્તા ન કરીને રહેલો છે અને બહાર તથા અન્દર જ્ઞાનના દ્વારરૂપ મનસહિત શ્રોત્રાદિક ઇન્દ્રિયરૂપ સર્વ દ્વારોનો નિરોધ કરીને ક્રિયાના દ્વારભૂત પ્રાણનો પણ સર્વ તરફથી નિગ્રહ કરી મૂર્દ્ધાદેશમાં સ્થાપન કરી રહે છે તથા જે પુરૂષ સમાધિરૂપ ધારણાને કરતો છતો તથા ૐ એ પ્રકારે બ્રહ્મરૂપ એક અક્ષરને ઉચ્ચારણ કરતો છતો તથા મને સ્મરણ કરતો છતો દેહ ત્યાગ કરીને જાય છે તે પુરૂષ પરમ ગતિને પામે છે. ત્યાં શ્રુતિ. ॥ एषाऽस्यपरमागतिरेषाऽस्यपरमासंपदेषोऽस्यपरमआनन्दः॥ આનન્દસ્વરૂપ બ્રહ્મ, વિદ્વાન્ પુરૂષને પરમ ગતિરૂપ છે, પરમ સંપત્તિરૂપ તથા પરમ આનન્દરૂપ છે. ॥ ૧૨ ॥ ॥ ૧૩ ॥

मूलम्—**अनन्यचेताःसततं योमांस्मरतिनित्यशः ॥**
तस्याहंसुलभःपार्थ नित्ययुक्तस्ययोगिनः ॥१४॥

पदानि—**अनन्यचेताः सततं यः मां स्मरति नित्यशः ॥**
तस्य अहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥१४॥

अन्वयार्थः—**पार्थ** હે પૃથાપુત્ર **यः** જે **अनन्यचेताः** અન્યમાં ચિત્ત ન રાખનારો થઈ **सततं** નિરન્તર **नित्यशः** જીવિતકાળપર્યન્ત **मां** મને **स्मरति** સ્મરણ કરે છે **तस्य** તે **नित्ययुक्तस्य** ચિત્તને નિયમમાં રાખનારા **योगिनः** યોગી **अहं** હું **सुलभः** સુલભ છું.

टीका—હે અર્જુન પરમેશ્વરવિના કોઇ પણ બીજા પદાર્થમાં જેનું ચિત્ત આસક્ત નથિ તેનું નામ અનન્યચેતા છે. એવો અનન્યચેતા પુરૂષ નિરન્તર જીવિતકાળપર્યન્ત મારૂં ચિન્તન કરે છે, તે ચિત્તને નિયમમાં રાખનારો પુરૂષ પ્રથમ કહ્યા પ્રમાણે સ્વાધીનતાથી દેહનો પરિત્યાગ કરે અથવા પરાધીનતાથી દેહનો પરિત્યાગ કરે પણ સર્વ પ્રકારે તેને હું અત્યન્ત સુલભ છું અર્થાત્ બીજા પુરૂષોને તો અત્યન્ત દુર્લભ છું પણ તે પુરૂષને તો સુખથી પ્રાપ્ત થવા યોગ્ય છું. ॥ ૧૪ ॥

मूलम्—**मामुपेत्यपुनर्जन्म दुःखालयमशाश्वतम् ॥**
नाप्नुवन्तिमहात्मानः संसिद्धिंपरमांगताः ॥१५॥

पदानि—**मां उपेत्य पुनः जन्म दुःखालयं अशाश्वतम् ॥**
न आप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥१५॥

અન્વયાર્થઃ—'તે ઉપાસક પુરૂષો' **માં** મને **उपेत्य** પ્રાપ્ત થઈ **पुनः** ફરીને **दुःखालयं** સર્વ દુઃખોના સ્થાનભૂત **अशाश्वतम्** નાશવાળા **जन्म** જન્મને **न आप्नुवन्ति** પામતા નથિ 'કારણકે' **महात्मानः** મહાત્માઓ **परमां** સર્વોત્કૃષ્ટ **संसिद्धिं** મોક્ષને **गताः** પામેલા છે.

ટીકા—તે ઉપાસક પુરૂષો મને પ્રાપ્ત થઈ ફરીને સર્વ દુઃખોના સ્થાનભૂત અને નાશવાળા જન્મને પામતા નથિ કારણ કે તેઓ સર્વોત્કૃષ્ટ મોક્ષ પામેલા છે અર્થાત્ તે ઉપાસક પુરૂષો મારા લોકને પ્રાપ્ત થઇ ત્યાં અનેક પ્રકારના દિવ્યભોગ ભોગવી, તેના અન્તમાં બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત થઇ સર્વથી ઉત્કૃષ્ટ એવી કૈવલ્યમુક્તિને પામે છે માટે તે પુરૂષ ફરીને જન્મ પામતો નથિ. ॥ ૧૫ ॥

मूलम्—आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्त्तिनोऽर्जुन ॥
मामुपेत्यतुकौन्तेय ॥ पुनर्जन्मनविद्यते ॥१६॥

पदानि—आब्रह्मभुवनात् लोकाः पुनः आवर्तिनः अर्जुन ॥
मां उपेत्य तु कौन्तेय पुनः जन्म न विद्यते ॥१६॥

અન્વયાર્થઃ—**अर्जुन** હે અર્જુન **आब्रह्मभुवनात्** બ્રહ્મલોકસહિત **लोकाः** સર્વલોક **पुनरावर्तिनः** ફરીને આવવાવાળા છે **कौन्तेय** હે કુન્તીપુત્ર **मां** મને **उपेत्य** પ્રાપ્ત થઈને **तु** તો **पुनः** ફરીને **जन्म** જન્મ **न विद्यते** નથિ.

ટીકા—હે અર્જુન ! મારાથી વિમુખ થયેલા પુરૂષો બ્રહ્મલોકાદિક સર્વલોકોથી નીચે પડી ફરીને જન્મ પામે છે પરન્તુ હે કૌન્તેય ! એક મને પ્રાપ્ત થયેલા અધિકારી પુરૂષોને ફરીથી જન્મ પ્રાપ્ત થતો નથિ ॥ **आब्रह्मभुवनात्** ॥ એ પ્રકારનો જો કોઈ પુસ્તકમાં પાઠ હોય તોપણ આ ઉપર કહેલા અર્થથી કાંઈ વિલક્ષણતા નથિ કારણકે ॥ **भवन्तियत्रभुतानीतिभुवनम्** ॥ જેમાં પ્રાણિયો વિદ્યમાન હોય તેનું નામ ભુવન છે. એ પ્રકારની વ્યુત્પત્તિથી તે ભુવનશબ્દ લોકનો વાચક છે અને ભવનશબ્દ પણ લોકનોજ વાચક છે. ॥૧૬॥

मूलम्—सहस्रयुगपर्यन्त-महर्यद्ब्रह्मणोविदुः ॥
रात्रिंयुगसहस्रान्तां तेऽहोरात्रविदोजनाः ॥१७॥

पदानि—सहस्रयुगपर्यन्तं अहः यत् ब्रह्मणः विदुः ॥
रात्रिं युगसहस्रां तां ते अहोरात्रविदः जनाः ॥१७॥

અન્વયાર્થઃ—**यत्** જે 'પુરૂષ' **ब्रह्मणः** બ્રહ્માના **सहस्रयुगपर्यन्तं** ચાર યુગ હજાર વખત જાય ત્યાં પર્યન્ત **अहः** દિવસને **विदुः** જાણે છે 'તથા' **युगसहस्रान्तां** ચાર યુગ

હજાર વખત જાય ત્યાં પર્યન્ત **रात्रिं** રાત્રિને ' જાણે છે, **ते** તે **जनाः** મનુષ્યો **अहोरात्रविदः** દિવસ રાત્રિને જાણુનારા છે.

टीका– સત્તર લક્ષ અને અઠ્ઠાવીશ હજાર વર્ષે સત્યયુગનું પરિમાણુ છે તથા બાર લક્ષ અને છન્નુ હજાર વર્ષે ત્રેતાયુગનું પરિમાણુ છે તથા આઠ લક્ષ ચોવિશ હજાર વર્ષે દ્વાપરયુગનું પરિમાણુ છે તથા ચાર લક્ષ અને બત્રીશ હજાર વર્ષે કલિયુગનું પરિમાણુ છે. એવી રીતે ચારયુગ એક હજાર વખત જાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે અને એવી રીતે ચારયુગ એક હજાર વખત જાય ત્યારે બ્રહ્માની એક રાત્રિ થાય છે. એ પ્રકારે બ્રહ્માના દિવસને તથા રાત્રિને જે પુરૂષો જાણે છે તે પુરૂષોજ રાત્રિદિવસ જાણુનારા કહેવાય છે અને જે પુરૂષો સૂર્ય ચન્દ્રમાની ગતિવડે દિવસરાત્રિને જાણે છે તે પુરૂષો દિવસરાત્રિને જાણુનારા કહેવાય છે. ॥ ૧૭ ॥

मूलम्—अव्यक्ताद्व्यक्तयःसर्वाः प्रभवन्त्यहरागमे ॥
रात्र्यागमेप्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥

पदानि—अव्यक्तात् व्यक्तयः सर्वाः प्रभवन्ति अहरागमे ॥
रात्र्यागमे प्रलीयन्ते तत्र एव अव्यक्तसंज्ञके ॥१८॥

अन्वयार्थः—अहरागमे ' તે બ્રહ્માનો ' દિવસ આવે છે ત્યારે **अव्यक्तात्** અવ્યક્તથી **सर्वाः** આ સર્વ **व्यक्तयः** વ્યક્તિયો **प्रभवन्ति** ઉત્પન્ન થાય છે ' તથા ' **रात्र्यागमे** રાત્રિ આવે છે ' ત્યારે તે સર્વ વ્યક્તિયો' **तत्र** તે **अव्यक्तसंज्ञके एव** અવ્યક્ત નામના કારણુમાંજ **प्रलीयन्ते** પ્રલય પામે છે.

टीका—સુષુપ્તિ અવસ્થાને પામેલા પ્રજાપતિનું નામ અવ્યક્ત કહેવાય છે. એ અવ્યક્તથી આ શરીર તથા વિષયાદિરૂપ ભોગની ભૂમિયોરૂપ વ્યક્તિયો ઉત્પન્ન થાય છે અર્થાત્ પ્રથમ સૂક્ષ્મરૂપે રહેલી તે વ્યક્તિયો વ્યવહાર કરવામાં સમર્થરૂપે કરીને સ્પષ્ટતા પામે છે અને બ્રહ્માની સુષુપ્તિકાળમાં તે સર્વ વ્યક્તિયો જે અવ્યક્તરૂપ કારણુથી પ્રથમ પ્રગટ થઈ હતી તે અવ્યક્ત નામના કારણુમાં લય પામે છે. ॥ ૧૮ ॥

मूलम्—भूतग्रामःसएवायं भूत्वाभूत्वाप्रलीयते ॥
रात्र्यागमेऽवशःपार्थ प्रभवत्यहरागमे ॥१९॥

पदानि—भूतग्रामः सः एव अयं भूत्वा भूत्वा प्रलीयते ॥
रात्र्यागमे अवशः पार्थ प्रभवति अहरागमे ॥१९॥

अन्वयार्थः—**पार्थ** હે અર્જુન 'જે પૂર્વ કલ્પમાં હતો' **सः एव** તેજ **अयं** આ **भूतग्रामः** પ્રાણિયોનો સમુદાય 'ઉત્તર ઉત્તર કલ્પમાં' **भूत्वा भूत्वा** ઉત્પન્ન થઇ થઇને **अवशः** પરતંત્ર થઇ **राज्यागमे** બ્રહ્માની રાત્રિ આવે છે ત્યારે **प्रलीयते** લય થાય છે 'અને' **अहरागमे** દિવસ આવે છે ત્યારે **प्रभवति** ઉત્પન્ન થાય છે.

टीका—હે અર્જુન ! જે સ્થાવર જંગમ ભૂતોનો સમુદાય પૂર્વકલ્પમાં હતો તેજ ભૂતોનો સમુદાય ઉત્તર ઉત્તર કલ્પમાં ઉત્પન્ન થાય છે પણ કલ્પ કલ્પમાં અન્ય અન્ય નવીન ભૂતોનો સમુદાય ઉત્પન્ન થતો નથિ. તેજ પ્રાણિયોનો સમુદાય ઉત્પન્ન થઈ થઇને તથા પરતંત્ર થઈ બ્રહ્માનો દિવસ આવે ત્યારે ઉત્પન્ન થાય છે અને રાત્રિ આવે ત્યારે લય થાયછે. ત્યાં શ્રુતિ. ॥ **सूर्याचन्द्रमसौधातायथा पूर्वमकल्पयत् दिवंचपृथिवींचान्तरिक्षमथोस्वः** ॥ સૂર્ય, ચન્દ્રમા, પૃથ્વી, અન્તરિક્ષ, અને સ્વર્ગ, ઇત્યાદિક આ સર્વ જગત્ જેવી રીતે પૂર્વ કલ્પમાં હતું તેવી રીતે ઉત્તર ઉત્તર કલ્પમાં પરમેશ્વર રચે છે. ॥ ૧૯ ॥

मूलम्—परस्तस्मात्तुभावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ॥ यःससर्वेषुभूतेषु नश्यत्सुनविनश्यति ॥२०॥

पदानि—परः तस्मात् तु भावः अन्यः अव्यक्तः अव्यक्तात् सनातनः॥ यः सः सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥२०॥

अन्वयार्थः—**तु** વળી **यः** જે **भावः** સત્તારૂપ ભાવ **तस्मात्** તે **अव्यक्तात्** અવ્યક્તથી **परः** પર **अन्यः** અત્યન્ત વિલક્ષણ **अव्यक्तः** ઇન્દ્રિયોનો અવિષય 'તથા' **सनातनः** નિત્ય છે **सः** તે 'સત્તારૂપ ભાવ' **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂત **नश्यत्सु** નાશ પામે તોપણ **न विनश्यति** વિનાશ પામતો નથિ.

टीका—સર્વ કલ્પિત પ્રપંચમાં રહેલો સત્તારૂપ ભાવ તે અવ્યક્તથી પણ પર છે અર્થાત્ તે સત્તારૂપ ભાવ હિરણ્યગર્ભરૂપ અવ્યક્તનો પણ કારણરૂપ છે. તે સત્તારૂપ ભાવ તે અવ્યક્તથી અત્યન્ત વિલક્ષણ છે. કોઈ અંશમાં પણ અવ્યક્તની તુલ્ય નથિ. ત્યાં શ્રુતિ ॥ **नतस्यप्रतिमास्ति** ॥ એનો અર્થ એવો છે કે તે સત્તારૂપ પરમાત્મા જેવો બીજો કોઇ પદાર્થ નથિ તે સત્તારૂપ ભાવ રૂપાદિક ગુણોથી રહિત છે માટે ચક્ષુઆદિ ઇન્દ્રિયોનો અવિષય છે ત્યાં શ્રુતિ. ॥ **नचक्षुषापश्यतिकश्चिदेनं** ॥ એનો અર્થ એવો છે કે આ આત્માને ચક્ષુઆદિ ઇન્દ્રિયોવડે કોઇ દેખી શકતું નથિ તે સત્તારૂપ ભાવ ઉત્પત્તિ નાશથી રહિત છે માટે નિત્ય છે અને સર્વ ભૂતો નાશ પામે તો પણ તે નાશ પામતો નથિ. ॥૨૦॥

मूलम्—अव्यक्तोऽक्षरइत्युक्त-स्तमाहुःपरमांगातिम् ॥ यंप्राप्यननिवर्त्तन्ते तद्धामपरमंमम ॥२१॥

पदानि—अव्यक्तः अक्षरः इति उक्तः तं आहुः परमां गतिम् ॥
यं प्राप्य न निवर्त्तन्ते तत् धाम परमं मम ॥२१॥

अन्वयार्थः—'જે સત્તારૂપ ભાવ અહિં' **अव्यक्तः** અવ્યક્ત ' અને ' **अक्षरः** અક્ષર **इति** એ નામવડે **उक्तः** કહેલો છે **तं** તે ' સત્તારૂપ ભાવને શ્રુતિ સ્મૃતિયો ' **परमां** પરમ **गतिम्** ગતિને **आहुः** કહે છે **यं** જે 'સત્તારૂપ ભાવને' **प्राप्य** પ્રાપ્ત થઇને **न निवर्त्तन्ते** ફરીથી જન્મ પામતા નથિ **तत्** તે ' સત્તારૂપ ભાવ ' **मम** મારૂં **परमं** સર્વોત્કૃષ્ટ **धाम** સ્વરૂપ છે.

टीका—જે સત્તારૂપ ભાવ અવ્યક્ત એવા નામથી પ્રથમ કહ્યો છે તે સત્તારૂપ ભાવ નાશ રહિત છે અને સર્વ ઠેકાણે વ્યાપક છે માટે અક્ષર એવા નામથી પ્રથમ કહ્યો છે. તથા બીજી શ્રુતિસ્મૃતિયોમાં પણ અવ્યક્ત તથા અક્ષર એવા નામથી કહેલો છે. તે સત્તારૂપ ભાવને શ્રુતિસ્મૃતિયો પરમગતિરૂપ કહે છે. ત્યાં શ્રુતિ. ॥ **एषास्यपरमागतिःपुरुषान्नपरंकिंचित्साकाष्ठासावरागतिः** ॥ સત્ ચિત્ આનન્દ સ્વરૂપ પરમાત્માજ વિદ્વાન્ પુરૂષની પરમ ગતિ છે પણ પરમાત્માથી બીજી કોઇ વસ્તુ નથિ અને પરમાત્માજ સર્વનો અવધિ છે તથા પરમગતિ છે. અધિકારી પુરૂષો જે સત્તારૂપ ભાવને પામી ફરીથી જન્મ પામતા નથિ તે સત્તારૂપ ભાવ મારૂં સર્વોત્કૃષ્ટ સ્વરૂપ છે. ॥ ૨૧ ॥

मूलम्—पुरुषःसपरःपार्थ भक्त्यालभ्यस्त्वनन्यया ॥
यस्यान्तस्थानिभूतानि येनसर्वमिदंततम् ॥२२॥

पदानि—पुरुषः सः परः पार्थ भक्त्या लभ्यः तु अनन्यया ॥
यस्य अन्तःस्थानि भूतानि येन सर्वं इदं ततम् ॥२२॥

अन्वयार्थः—**पार्थ** હે અર્જુન ! **सः** તે **परः** પર **पुरुषः** પુરૂષ **अनन्यया** અનન્ય **भक्त्या तु** ભક્તિવડેજ **लभ्यः** પામવા યોગ્ય છે **यस्य** જેની **अन्तःस्थानि** અન્દર રહેલાં **भूतानि** સર્વ ભૂત છે 'તથા' **येन** જેણે **इदं** આ **सर्वं** સર્વ **ततं** વ્યાપ્ત કરેલું છે.

टीका—હે અર્જુન ! તે પરપુરૂષ અનન્યભક્તિવડે પામવા યોગ્ય છે કે જેની અન્દર સર્વ ભૂત રહેલાં છે તથા જેનાથી આ સઘળું વ્યાપ્ત છે, ત્યાં શ્રુતિ. **यस्मात्परंनापरमस्तिकिंचित्यस्मान्नाणीयोनज्यायोस्तिकश्चित्वृक्षइवस्तब्धोदिवितिष्ठत्येकस्तेनेदंपूर्णंपुरुषेणसर्वं** જે પરમાત્માથી કોઇ પણ વસ્તુ પર અથવા અપર નથિ તથા જે પરમાત્માથી કોઇ પણ વસ્તુ અત્યન્ત અણુ તથા અત્યન્ત મહોટી નથિ તથા જે પરમાત્મા મહોટા વૃક્ષની પેઠે નિશ્ચલ છે તથા જે પરમાત્મા પોતાના સ્વયંજ્યોતિ સ્વરૂપમાં રહેલા છે તે પરમાત્માએ આ સર્વ જગત્ પૂર્ણ કરેલું છે. ॥ ૨૨ ॥

मूलम्—यत्रकालेत्वनावृत्ति-मावृत्तिंचैवयोगिनः ॥
प्रयातायान्तितंकालं वक्ष्यामिभरतर्षभ ॥२३॥

पदानि—यत्र काले तु अनावृत्तिं आवृत्तिं च एव योगिनः ॥२३॥
प्रयाताः यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥२३॥

अन्वयार्थः—**तु** વળી **भरतर्षभ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! **यत्र** જે **काले** કાળમાં **प्रयाताः** ગયેલા **योगिनः** યોગિયો **अनावृत्तिं** મોક્ષને **च** તથા **आवृत्तिं** જન્મને **यान्ति एव** પામે છેજ **तं** તે **कालं** કાલને **वक्ष्यामि** કહીશ.

टीका—હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! જે માર્ગમાં ગતિ કરનારા ઉપાસક અને કર્મ કરનારા પુરૂષો મોક્ષ પામે છે તથા જે માર્ગમાં ગતિ કરનારા પુરૂષો જન્મ પામે છે તે માર્ગ હું તને કહીશ. આ ઠેકાણે ॥**योगिनः**॥ આ પદે કરીને ઉપાસક પુરૂષોનું તથા કર્મ કરનારા પુરૂષોનું ગ્રહણ કરવું. ॥ ૨૩ ॥

मूलम्—अग्निर्ज्योतिरहःशुक्लः षण्मासाउत्तरायणम् ॥
तत्रप्रयातागच्छन्ति ब्रह्मब्रह्मविदोजनाः ॥२४॥

पदानि—अग्निः ज्योतिः अहः शुक्लः षट् मासाः उत्तरायणम् ॥
तत्र प्रयाताः गच्छन्ति ब्रह्म ब्रह्मविदः जनाः ॥२४॥

अन्वयार्थः—'જે માર્ગમાં' **ज्योतिः** તેજરૂપ **अग्निः** અગ્નિ **अहः** દિવસ **शुक्लः** શુક્લપક્ષ **षट्मासाः** ૭ માસરૂપ **उत्तरायणं** ઉત્તરાયણ 'ઇત્યાદિક રહેલું છે' **तत्र** તે માર્ગમાં **प्रयाताः** ગતિ કરેલા **ब्रह्मविदः** સગુણ બ્રહ્મના ઉપાસક **जनाः** મનુષ્યો **ब्रह्म** 'તે સગુણ' બ્રહ્મને **गच्छन्ति** પામે છે.

टीका—જે દેવયાન માર્ગમાં પ્રથમ જ્યોતિરૂપ અગ્નિ છે, ત્યારપછી દિવસ છે; ત્યારપછી શુક્લ પક્ષ છે અને ત્યારપછી છ માસરૂપ ઉત્તરાયણ છે, તે માર્ગમાં ગતિ કરનારા સગુણ બ્રહ્મના ઉપાસક મનુષ્યો તે સગુણ બ્રહ્મને પામે છે. આ ઠેકાણે ॥ **अग्निर्ज्योतिः** ॥ એ શબ્દે કરીને અગ્નિના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું એ અગ્નિને શ્રુતિમાં ॥ **अर्चिः** ॥ એવે નામે કહેલો છે. અને ॥ **अहः** ॥ એ શબ્દે કરીને દિનના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું તથા ॥ **शुक्लः** ॥ એ પદે કરીને શુક્લ પક્ષના અભિમાની દેવતાનું ગ્રહણું કરવું તથા ॥**षण्मासाउत्तरायणं**॥ એ વચનથી છ માસરૂપ ઉત્તરાયણના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું ॥ ૨૪ ॥

मूलम्--धूमोरात्रिस्तथाकृष्णः षण्मासादक्षिणायनम् ॥
तत्रचान्द्रमसंज्योति-र्योगीप्राप्यानिवर्त्तते ॥२५॥

पदानि—धूमः रात्रिः तथा कृष्णः षट् मासाः दक्षिणायनम् ॥
तत्र चान्द्रमसं ज्योतिः योगी प्राप्य निवर्त्तते ॥२५॥

अन्वयार्थः—'જે માર્ગમાં' **धूम** ધુમ **रात्रिः** રાત્રિ **तथा** તથા **कृष्णः** કૃષ્ણુપક્ષ **षट्मासाः** છ માસરૂપ **दक्षिणायनम्** દક્ષિણાયન ' ઇત્યાદિક રહેલું છે ' **तत्र** તે માર્ગમાં ' ગતિ કરનારો ' **योगी** કર્મ કરનાર ' પુરૂષ ' **चान्द्रमसं** ચન્દ્રમાથી પ્રાપ્ત થયેલા **ज्योतिः** કર્મફલને **प्राप्य** પ્રાપ્ત થઇ 'પછી' **निवर्त्तते** જન્મ પામે છે.

टीका—જે માર્ગમાં ધુમ, રાત્રિ, કૃષ્ણુપક્ષ, તથા છ માસરૂપ દક્ષિણાયન ઇત્યાદિક રહેલું છે તે માર્ગમાં ગતિ કરનારો કર્મી પુરૂષ ચન્દ્રમાથી પ્રાપ્ત થયેલું કર્મ ફલ પામીને પછી જન્મ પામે છે. અહિંયા પણ ॥ **धूमः** ॥ આ શબ્દવડે ધૂમના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું તથા ॥ **रात्रिः** ॥ એ શબ્દે કરીને રાત્રિના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું તથા ॥ **कृष्णः** ॥ એ શબ્દે કરીને કૃષ્ણુપક્ષના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું તથા ॥ **षण्मासादक्षिणायनम्** ॥ એ વચનથી છ માસરૂપ દક્ષિણાયનના અભિમાની દેવતાનું ગ્રહણ કરવું ॥ ૨૫ ॥

मूलम्—शुक्लकृष्णगतीह्येते जगतःशाश्वतेमते ॥
एकयायात्यनावृत्ति-मन्ययाऽऽवर्त्ततेपुनः ॥२६॥

पदानि—शुक्लकृष्णे गती हि एते जगतः शाश्वते मते ॥
एकया याति अनावृत्तिं अन्यया आवर्त्तते पुनः॥२६॥

अन्वयार्थः—**जगतः** આ લોકના **एते** આ **हि** પ્રસિદ્ધ **शुक्लकृष्णगती** શુક્લકૃષ્ણુ એવા બે માર્ગ **शाश्वते** અનાદિ **मते** માનેલા છે 'તે બેઉ માર્ગમાં' **एकया** એક શુક્લમાર્ગવડે 'કોઇક ઉપાસક પુરૂષ' **अनावृत्तिं** મોક્ષને **याति** પામે છે 'અને' **अन्यया** બીજા કૃષ્ણુમાર્ગવડે 'સર્વ મનુષ્યો' **पुनः** ફરીને **आवर्त्तते** જન્મને પામે છે. '

टीका—આ લોકના આ પ્રસિદ્ધ શુક્લ અને કૃષ્ણુ એવા બે માર્ગ અનાદિસિદ્ધ છે તે બે માર્ગમાં કોઇક ઉપાસક પુરૂષ શુક્લમાર્ગવડે મોક્ષ પામે છે અને બીજા કૃષ્ણુમાર્ગવડે

સર્વ મનુષ્યો જન્મ ફરીને પામે છે. મોક્ષ પામે છે; ત્યાં શ્રુતિ. ॥ **નચપુનરાવર્त्तते** ॥ ક્રમ મુક્તિવાળો ઉપાસક પુરૂષ ફરીને જન્મ પામતો નથિ. એવિના બીજા કૃષ્ણમાર્ગવડે સ્વર્ગને પ્રાપ્ત થયેલા કર્મી પુરૂષો તો ફરીને જન્મ પામે છે. ત્યાં શ્રુતિ. ॥ **प्राप्यान्तंकर्मणस्तस्ययत्किंचेहकरोत्ययंतस्माल्लोकात्पुनरेतिअस्मैलोकायकर्मणे** ॥ પુરૂષ આ મનુષ્યલોકમાં જે જે પુણ્ય કર્મ કરે છે તે પુણ્ય કર્મને વશથી સ્વર્ગ લોકમાં જઈ પુણ્ય કર્મ ભોગવી તે લોકથી પછી આ મનુષ્યલોકની પ્રાપ્તિમાટે આવે છે. ॥ ૨૬ ॥

मूलम्—नैतेसृतीपार्थजानन् योगी मुत्यातिकश्चन ॥
तस्मात्सर्वेषुकालेषु योगयुक्तोभवार्जुन ॥२७॥

पदानि—न एते सृती पार्थ जानन् योगी मुह्यति कश्चन ॥
तस्मात् सर्वेषु कालेषु योगयुक्तः भव अर्जुन ॥२७॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ **एते** આ **सृती** બેઉ માર્ગ **जानन्** જાણનાર **कश्चन** કોઈ પણ **योगी** યોગી **न मुह्यति** મોહ પામતો નથિ **तस्मात्** તે કારણમાટે **अर्जुन** હે અર્જુન **सर्वेषु** સર્વ **कालेषु** કાળમાં **योगयुक्तः** ધ્યાન પરાયણ **भव** થા.

टीका—હે પાર્થ ! આ દેવયાન નામનો શુક્લમાર્ગ ક્રમમુક્તિની પ્રાપ્તિ કરનારો છે અને પિતૃયાણ નામનો કૃષ્ણમાર્ગ તો વળી સંસારની પ્રાપ્તિ કરનારો છે માટે એ બેઉ માર્ગ જાણનારો અને સગુણ બ્રહ્મના ધ્યાનપરાયણ એવો કોઈ પણ પુરૂષ મોહ પામતો નથિ અને તે સગુણ બ્રહ્મના ધ્યાનરૂપ યોગ મોક્ષની પ્રાપ્તિ કરનારો છે માટે હે અર્જુન ! તું સર્વ કાળમાં મોક્ષરૂપ ફલની પ્રાપ્તિમાટે સમાધિપરાયણ થા. ॥ ૨૭ ॥

मूलम्—वेदेषुयज्ञेषुतपस्सुचैव दानेषुयत्पुण्यफलंप्रदिष्टं ॥
अत्येतितत्सर्वमिदंविदित्वा योगीपरंस्थानमुपैतिचाद्यम्२८

पदानि—वेदेषु यज्ञेषु तपस्सु च एव दानेषु यत् पुण्यफलं प्रदिष्टम् ॥
अत्येति तत् सर्वं इदं विदित्वा योगी परं स्थानं उपैति च अद्यम् २८

अन्वयार्थः—**वेदेषु** વેદોમાં **यज्ञेषु** યજ્ઞોમાં **च** તથા **तपस्सु** તપોમાં **एव** તથા **दानेषु** દાનોમાં **यत्** જે **पुण्यफलं** પુણ્યનું સ્વર્ગાદિક ફલ **प्रदिष्टं** શાસ્ત્રે ' કહ્યું છે ' **तत्** તે **सर्वं** સર્વ **योगी** ધ્યાનનિષ્ઠ ' પુરૂષ ' **इदं** આ ' પ્રથમ કહેલા અર્થને ' **विदित्वा** જાણીને **अत्येति** અતિક્રમણ કરે છે **च** તથા **परं** સર્વથી ઉત્કૃષ્ટ **आद्यं** કારણરૂપ **स्थानं** સ્થાનને **उपैति** પામે છે.

ટીકા—વેદોનું અધ્યયન કરવામાં શાસ્ત્રે કહેલા બ્રહ્મચર્યાદિક નિયમોનું પાલન કરી વ્યાકરણાદિક છ અંગસહિ અધ્યયન કરેલા તે વેદોથી જે ફલ થાય છે અને યજ્ઞ કરવાથી જે પુણ્યનું ફલ શાસ્ત્રે કહ્યું છે તથા મન બુદ્ધિની એકાગ્રતાવડે શ્રદ્ધાપૂર્વક કહેલાં કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિક તપનું જે પુણ્યફલ શાસ્ત્રે કહ્યું છે તથા ઉત્તમ દેશકાળમાં સુપાત્રને શાસ્ત્રવિધિપૂર્વક કરેલા દાનનું જે પુણ્યફલ શાસ્ત્રે કહ્યું છે, તે સર્વ પુણ્યફલને ધ્યાનનિષ્ઠ પુરૂષ આ પ્રથમ કહેલા અર્થને જાણી અતિક્રમણ કરે છે તથા સર્વથી ઉત્કૃષ્ટ અને કારણરૂપ એવા સ્થાનને પામે છે. ॥ ૨૮ ॥

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-निषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे महापुरुषयोगोनाम अष्टमोऽध्यायः ८

अष्टमोऽध्यायः ॥ ८ ॥

ॐ

श्रीकृष्णायनमः

श्री भगवानुवाच.

मूलम्—इदंतुतेगुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे
ज्ञानंविज्ञानसहितं यज्ज्ञात्वामोक्ष्यसेऽशुभात् ॥१॥

पदानि—इदं तु ते गुह्यतमं प्रवक्ष्यामि अनसूयवे ॥
ज्ञानं विज्ञानसहितं यत् ज्ञात्वा मोक्ष्यसे अशुभात् ॥१॥

अन्वयार्थः—**अनसूयवे** અસૂયાથી રહિત એવા **ते** તને **इदं** આ **गुह्यतमं** અત્યન્ત ગુહ્ય 'તથા' **विज्ञानसहितं** વિજ્ઞાનસહિત **ज्ञानं** જ્ઞાન **तु** તો **प्रवक्ष्यामि** કહીશ **यत्** જે 'જ્ઞાનને' **ज्ञात्वा** પ્રાપ્ત થઇને **अशुभात्** સંસારથી **मोक्ष्यसे** 'તું' મુકાઇશ.

टीका—જે જ્ઞાન પ્રથમ પણ ઘણી વાર મેં તને કહેલું છે તથા આગળ કહેવું છે તથા આ અધ્યાયમાં પણ કહેવાશે તે જ્ઞાન હું તને કહુંછું તે સાવધાન થઇ શ્રવણ કર. તે જ્ઞાન ઘણું ગુહ્ય રાખવા જેવું છે તથાપિ તને કહું છું. આવું અતિરહસ્ય જ્ઞાનપણ હું તને કહું છું તેનું કારણ એ છે કે તું અસૂયાથી (ગુણોમાં દોષ દૃષ્ટિ કરવી) રહિત છે અ-ર્થાત્ આ શ્રીકૃષ્ણ ભગવાન્ મારી સમીપે નિરન્તર પોતાનું ઐશ્વર્ય કહીને પોતાનીજ સ્તુ-તિ કરે છે એ પ્રકારની અસૂયાથી તું રહિત છે. ॥ **इदंतु** ॥ એ વચનમાં રહેલો **तु** શબ્દ પૂર્વ અધ્યાયમાં કહેલા સગુણ બ્રહ્મના ધ્યાનથી આ અધ્યાય સમ્બન્ધી જ્ઞાનમાં વિલક્ષ-ણતા જણાવવા માટે છે. ॥ ૧ ॥

मूलम्—राजविद्याराजगुह्यं पवित्रमिदमुत्तमम् ॥
प्रत्यक्षावगमंधर्म्यं सुसुखंकर्त्तुमव्ययम् ॥२॥

पदानि—राजविद्या राजगुह्यं पवित्रं इदं उत्तमम् ॥
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्त्तुं अव्ययम् ॥२॥

अन्वयार्थः—**इदं** આ 'જ્ઞાન' **राजविद्या** વિદ્યાઓમાં રાજા છે ' તથા ' **राजगुह्यं** સર્વ ગુહ્ય પદાર્થોમાં રાજા છે 'તથા' **उत्तमं** ઉત્તમ **पवित्रं** પવિત્ર છે 'તથા' **प्रत्यक्षावगमं** પ્રત્યક્ષ પ્રમાણવાળું **धर्म्यं** ધર્મના ફલરૂપ **सुसुखं** ઘણા સુખપૂર્વક **कर्त्तुं** કરવાને 'યોગ્ય છે તથા' **अव्ययं** અક્ષય ફલવાળું છે.

ટીકા—આ જ્ઞાન લૌકિક તથા શાસ્ત્રીય એવી સર્વ વિદ્યાઓમાં રાજા છે અર્થાત્ સર્વ વિદ્યાઓથી અત્યન્ત શ્રેષ્ઠ છે કારણ કે આ જ્ઞાન અવિદ્યાનો મૂલથી નાશ કરનાર છે. એ જ્ઞાન સર્વ ગુહ્ય પદાર્થોમાંથી પણ અત્યન્ત ગુહ્ય છે કારણ કે એ જ્ઞાન અનેક જન્મમાં કરેલાં નિષ્કામ કર્મથી પમાય છે અને પુણ્ય કર્મોથી રહિત પુરૂષો જો કે પોતાનિ બુદ્ધિના બલથી અનેક ગુહ્ય પદાર્થો જાણે છે તથાપિ તે જ્ઞાનને જાણી શકતા નથિ માટે એ જ્ઞાન સર્વ પદાર્થોથી અત્યન્ત ગુહ્ય છે. તે જ્ઞાન ઉત્તમ, પવિત્ર, પ્રત્યક્ષ પ્રમાણવાળું, ધર્મના ફલરૂપ, ઘણા સુખથી કરવાને યોગ્ય, તથા અક્ષય ફલવાળું છે.

मूलम्—अश्रद्दधाना:पुरुषा धर्मस्यास्यपरन्तप ॥
अप्राप्यमांनिवर्त्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥३॥

पदानि—अश्रद्दधानाः पुरुषाः धर्मस्य अस्य परन्तप ॥
अप्राप्य मां निवर्त्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥३॥

अन्वयार्थः—**परन्तप** હે શત્રુને તાપ પમાડનાર **अस्य** આ **धर्मस्य** ધર્મની **अश्रद्दधानाः** શ્રદ્ધાથી રહિત **पुरुषाः** પુરૂષો **मां** મને **अप्राप्य** ન પામીને **मृत्युसंसारवर्त्मनि** મૃત્યુયુક્ત સંસારરૂપ માર્ગમાં **निवर्त्तन्ते** નિરન્તર ભ્રમણ કરે છે.

ટીકા—હે અર્જુન ! આ જ્ઞાન સંપાદન કરવું એ અત્યન્ત સુગમ છે તથા તે સર્વથી ઉત્કૃષ્ટ અને મહાફલનું કારણ છે તથાપિ તે જ્ઞાનમાં સર્વ પ્રાણિયોની પ્રવૃત્તિ થતિ નથિ તેમાં એ પ્રાણિયોની અશ્રદ્ધાજ કારણ છે. જે પુરૂષો દંભ દર્પાદિક આસુર ભાવને ધારણ કરે છે તે શ્રદ્ધાહીન પુરૂષો પોતાની બુદ્ધિની કલ્પનાથી અને શાસ્ત્રવિહિત કર્મ ન કરવાથી મને પામતા નથિ. તથા મારી પ્રાપ્તિનાં સાધનોને પણ પામતા નથિ માટે તે આ મૃત્યુયુક્ત સંસારના માર્ગમાં નિરન્તર ભ્રમણ કર્યા કરે છે. ॥ ૩ ॥

मूलम्—मयाततमिदंसर्वं जगदव्यक्तमूर्त्तिना ॥
मत्स्थानिसर्वभूतानि नचाहंतेष्ववस्थितः ॥४॥

पदानि—मया ततं इदं सर्वं जगत् अव्यक्तमूर्तिना ॥
मत्स्थानि सर्व भूतानि न च अहं तेषु अवस्थितः ॥४॥

अन्वयार्थः—**अव्यक्तमूर्तिना** અવ્યક્ત મૂર્તિવાળા **मया** મેં **इदं** આ **सर्वं** સર્વ **जगत्** જગત્ **ततं** વ્યાપ્ત કર્યું છે 'માટે' **सर्वभूतानि** સર્વ ભૂત **मत्स्थानि** મારામાં રહેલાં છે **च** અને **अहं** હું **तेषु** તે ભૂતોમાં **न** **अवस्थित** રહેલો નથિ.

ટીકા—અવ્યક્ત મૂર્તિવાળો જે હું તેણે આ સર્વ જગત્ વ્યાપ્ત કર્યું છે માટે સર્વ ભૂત મારામાં રહેલાં છે પણ હું તે કલ્પિત ભૂતોમાં વસ્તુતાએ રહ્યો નથિ કારણ કે અક-

લ્પિતરૂપ એવો જે હું તથા કલ્પિતરૂપ જે આ ભૂત, તેનો કોઇ સમ્બન્ધ સંભવતો નથિ. સમ્બન્ધવિના તે ભૂતોમાં વસ્તુતાથી જોતાં મારી સ્થિતિ સંભવતી નથિ એ કારણથીજ વેદવેત્તા પુરૂષોએ આવું વચન કહ્યું છે કે ॥ **यत्रयदध्यस्तंतत्कृतेनगुणेनदोषेणवाऽणुमात्रेणापिनससम्बद्धयते** ॥ જે અધિષ્ઠાનમાં જે વસ્તુ કલ્પિત છે તે કલ્પિત વસ્તુના ગુણની સાથે અથવા દોષની સાથે તે અધિષ્ઠાન કિંચિતમાત્ર પણ સમ્બન્ધ પામતું નથિ. ॥ ૪ ॥

मूलम्—नचमत्स्थानिभूतानिपश्यमेयोगमैश्वरं ॥
भूतभृन्नचभूतस्थो-ममात्माभूतभावनः ॥५॥

पदानि—न च मत्स्थानि भूतानि पश्य मे योगं ऐश्वरम् ॥
भूत भृत् न च भूतस्थः मम आत्मा भूतभावनः ॥५॥

अन्वयार्थः—च તથા **भूतानि** સર્વભૂતો **मत्स्थानि** મારેવિષે રહેલાં **न** નથિ **मे** મારા **ऐश्वरं योगं** અદ્ભૂત પ્રભાવને **पश्य** જો **मम** મારૂં **आत्मा** સચ્ચિદાનન્દ સ્વરૂપ **भूतभृत्** ભૂતોને ધારણ કરતું છતું **च** તથા **भूतभावनः** ભૂતોને ઉત્પન્ન કરતું છતું **भूतस्थः** ભૂતોમાં રહ્યું **न** નથિ.

टीका—આ સર્વ ભૂત મારેવિષે રહેલાં નથિ. જેમ કોઇક માયાવી પુરૂષનો અઘટિત અર્થ બનાવવામાં ચતુરતારૂપી પ્રભાવ છે તેમ મહામાયાવી એવો જે હું તેનો આ અઘટિત એવો અર્થ બનાવવાની ચતુરતારૂપી પ્રભાવ છે તેને તું દેખ. વસ્તુતાથી કોઇ વસ્તુનો આધેયરૂપ પણ હું નથિ તથા આધારરૂપ પણ હું નથિ તથાપિ આ સર્વ ભૂતોમાં રહ્યો છું તથા મારેવિષે આ સર્વ ભૂત રહ્યાં છે એ મારી એક મ્હોટી માયા છે. મારૂં સચ્ચિદાનન્દ સ્વરૂપ ભૂતોને ધારણ કરતું છતું તથા ભૂતોને ઉત્પન્ન કરતું છતું ભૂતોમાં રહ્યું નથિ.

मूलम्—यथाकाशस्थितोनित्यं वायुःसर्वत्रगोमहान् ॥
तथासर्वाणिभूतानि मत्स्थानीत्युपधारय ॥६॥

पदानि—यथा आकाशस्थितः नित्यं वायुः सर्वत्रगः महान् ॥
तथा सर्वाणि भूतानि मत्स्थानि इति उपधारय ॥६॥

अन्वयार्थः—यथा જેમ **सर्वत्रगः** સર્વ દિશાઓમાં ગતિ કરનારો **महान्** મ્હોટા પરિમાણવાળો **नित्यं** નિરન્તર **वायुः** 'ગતિ કરવારૂપી સ્વભાવવાળો' વાયુ **आकाशस्थितः** આકાશમાં રહ્યો છે **तथा** તેમ **सर्वाणि** સર્વ **भूतानि** ભૂતો **मत्स्थानि** મારે વિષે રહ્યાં છે **इति** એ પ્રકારે 'તું' **उपधारय** નિશ્ચય કર.

टीका—જેમ પૂર્વાદિક દિશાઓમાં ગતિ કરનારો અને મ્હોટા પરિમાણવાળો તથા ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારમાં ચલનસ્વભાવવાળો વાયુ અસંગ સ્વભાવવાળા આકાશમાં રહે છે. પરન્તુ તે અસંગ આકાશની સાથે વસ્તુતાથી કોઇ વખતે પણ સમ્બન્ધ પામતો

નથિ, તેમ અસંગ સ્વભાવવાળો જે હું તેનેવિષે વસ્તુતાથી આ આકાશાદિક ભૂતોનો સમ્બન્ધ નથિ તોપણ એ આકાશાદિક ભૂત મારે વિષે રહ્યાં છે એ પ્રકારે તું નિશ્ચય કર.॥૬॥

मूलम्—सर्वभूतानिकौन्तेय प्रकृतिंयान्तिमामिकाम् ॥
कल्पक्षयेपुनस्तानि कल्पादौविसृजाम्यहम् ॥७॥

पदानि—सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ॥
कल्पक्षये पुनः तानि कल्पादौ विसृजामि अहम् ॥७॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર **कल्पक्षये** પ્રલયકાળમાં **सर्वभूतानि** સર્વભૂત **मामिकां** મારી **प्रकृतिं** 'ત્રિગુણાત્મરૂપ' માયાને **यान्ति** પામે છે **पुनः** ફરીને **कल्पादौ** સૃષ્ટિકાળમાં **अहं** હું **तानि** તે 'ભૂતોને' **विसृजामि** ઉત્પન્ન કરૂં છું'

टीका—મારી શક્તિરૂપે કલ્પના કરેલી જે ત્રિગુણાત્મક માયા તેનેજ આકાશાદિક સર્વ ભૂત પ્રલયકાળમાં પામે છે **અર્થાત્** આકાશાદિક સર્વ ભૂત પ્રલયકાળમાં પોતાના કારણરૂપ એવી માયા નામની પ્રકૃતિમાં સૂક્ષ્મરૂપવડે લય પામે છે, તે આકાશાદિક સર્વ ભૂતને હું સૃષ્ટિકાળમાં ભિન્ન ભિન્ન કરીને ઉત્પન્ન કરૂં છું.

मूलम्—प्रकृतिंस्वामवष्टभ्य विसृजामिपुनःपुनः ॥
भूतग्रामामिमंकृत्स्न-मवशंप्रकृतेर्वशात् ॥८॥

पदानि—प्रकृतिं स्वां अवष्टभ्य विसृजामि पुनः पुनः ॥
भूतग्रामं इमं कृत्स्नं अवशं प्रकृतेः वशात् ॥८॥

अन्वयार्थः—**स्वां** પોતાની **प्रकृतिं** ' માયારૂપ પ્રકૃતિને **अवष्टभ्य** આશ્રય કરીને **प्रकृतेः** માયાના **वशात्** પ્રભાવથી **अवशं** પરાધીન થયેલા **इमं** આ **कृत्स्नं** સમગ્ર **भूतग्रामं** ' આકાશાદિક ' ભૂતોના સમુદાયને **पुनः पुनः** વારંવાર **विसृजामि** ઉત્પન્ન કરૂં છું.

टीका—મારે આધીન એવી મારી પ્રકૃતિરૂપ માયાનો આશ્રય કરીને માયાવી એવો હું પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ એવા આકાશાદિક ભૂતોના સમુદાયરૂપ પ્રપંચને જીવના કર્મોને અનુસારે વિવિધપ્રકારથી ઉત્પન્ન કરૂં છું. તે આકાશાદિક ભૂતોનો સમુદાય પ્રકૃતિના પ્રભાવથી ઉત્પન્ન થાય છે **અર્થાત્** માયારૂપ પ્રકૃતિના અવિદ્યાદિક પંચક્લેશોના કારણ ભૂત એવો જે આવરણ વિક્ષેપ શક્તિરૂપ પ્રભાવ તેથી ઉત્પન્ન થાય છે. ॥ ૮ ॥

मूलम्—नचमांतानिकर्माणि निबध्नान्तिधनञ्जय ॥
उदासीनवदासीन-मसक्तंतेषुकर्मसु ॥९॥

पदानि—न च मां तानि कर्माणि निबध्नन्ति धनञ्जय ॥
उदासीनवत् आसीनं असक्तं तेषु कर्मसु ॥९॥

अन्वयार्थः—धनञ्जय હે અર્જુન **उदासीनवत्** ઉદાસી પુરૂષની પેઠે **आसीनं** રહેલા **च** તથા **तेषु** તે **कर्मसु** કર્મોમાં **असक्तं** આસક્તિરહિત એવા **मां** મને **तानि** તે **कर्माणि** 'સૃષ્ટિ આદિક' કર્મ **न निबध्नन्ति** બન્ધન કરતાં નથિ.

टीका—જેમ માયાવી પુરૂષ પોતાની માયાવડે અનેક પદાર્થોની ઉત્પતિ સ્થિતિ અને લય કરે છે પરન્તુ તે ઉત્પત્તિ સ્થિતિ અને લયરૂપ કર્મ તે માયાવી પુરૂષને બન્ધન કરતાં નથિ અને જેમ સ્વપ્ન જોનાર પુરૂષ સ્વપ્નમાં અનેક પદાર્થોની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરે છે પરન્તુ તે ઉત્પત્યાદિક કર્મ સ્વપ્ન જોનાર પુરૂષને બન્ધન કરતાં નથિ તેમ હું પણ મારી માયાશક્તિથી આકાશાદિક પ્રપંચની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરૂં છું પણ તે ઉત્પત્યાદિક કર્મ મને બન્ધન કરતાં નથિ અર્થાત્ તે કર્મ સુકૃત ભોગવાવી શકતાં નથિ તથા નિગ્રહ કરીને મને દુષ્કૃત ભોગવાવી શકતાં નથિ કારણકે તે કર્મ સ્વપ્નની પેઠે મિથ્યા છે. હું ઉદાસીન પેઠે રહેલો છું અને કર્મોમાં આસક્તિરહિત છું. ॥ ૯ ॥

मूलम्—मयाध्यक्षेणप्रकृतिः सूयतेसचराचरम् ॥
हेतुनाऽनेनकौन्तेय जगद्विपरिवर्त्तते ॥१०॥

पदानि—मया अध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ॥
हेतुना अनेन कौन्तेय जगत् विपरिवर्त्तते ॥१०॥

अन्वयार्थः—कौन्तेय હે કુન્તીપુત્ર **अध्यक्षेण** પ્રકાશરૂપ એવા **मया** મેં 'પ્રકાશિત કરેલી' **प्रकृतिः** માયા **सचराचरम्** સ્થાવરજંગમસહિત જગતને **सूयते** ઉત્પન્ન કરે છે **अनेन** એ પ્રકાશપણારૂપી **हेतुना** નિમિત્તવડે **जगत्** જગત્ **विपरिवर्त्तते** નાના પ્રકારે પ્રવર્ત્તે છે.

टीका—હે અર્જુન ! સત્વ, રજ અને તમ, એ ત્રણગુણવાળી અને મેં પ્રકાશ કરેલી એવી માયારૂપ પ્રકૃતિ આ સ્થાવર જંગમરૂપ સર્વ જગતને ઉત્પન્ન કરછે. હું તો કાર્યસહિત માયાને કેવળ પ્રકાશમાત્ર કરૂં છું. તે કાર્યસહિત માયાના પ્રકાશમાત્રથી ભિન્ન એવો બીજો કોઈ વ્યાપાર હું કરતો નથિ તે પ્રકાશપણારૂપી નિમિત્તથી સ્થાવરજંગમરૂપ સર્વ જગત્ નાના પ્રકારે કરીને પ્રવર્ત્તે છે અર્થાત્ આ જગત્ જન્મથી આદિ લઈ વિનાશપર્યન્ત અનેક પ્રકારના વિકારોને નિરન્તર પામે છે ॥ ૧૦ ॥

मूलम्—अवजानन्तिमांमूढा मानुषींतनुमाश्रितम् ॥
परंभावमजानन्तो-ममभूतमहेश्वरम् ॥११॥

पदानि—अवजानन्ति मां मूढाः मानुषीं तनुं आश्रितम् ॥
परं भावं अजानन्तः मम भूतमहेश्वरम् ॥११॥

अन्वयार्थः—मूढाः અવિવેકી પુરૂષો **मम** મારા **भूतमहेश्वरम्** સર્વ ભૂતોના મહાન્ ઇશ્વરરૂપ **परम्** સર્વોત્કૃષ્ટ **भावं** પરમાર્થિક તત્વને **अजानन्तः** ન જાણતા છતા **मानुषीं तनुं** આ મનુષ્યસમ્બન્ધી મૂર્તિને **आश्रितं** આશ્રય કરેલા **मां** મને **अवजानन्ति** અનાદર કરે છે.

टीका—વિચારહીન મૂઢ પુરૂષો મારી અવજ્ઞા કરે છે અર્થાત્ આ શ્રીકૃષ્ણ સાક્ષાત્ ઇશ્વર છે એમ આદર કરતા નથિ પણ ઉલટી મારી નિન્દા કરે છે. તે મૂઢ પુરૂષો અવજ્ઞા કરે છે તેનું કારણ એ છે કે ભક્તજનો ઉપર અનુગ્રહ કરવા માટે મેં આ દેહ ગ્રહણ કર્યો છે એમ જાણતા નથિ તથા હું અન્ય મનુષ્યોની પેઠે વ્યવહાર કરૂં છું માટે આ કૃષ્ણ પણ અમારા સરખા મનુષ્ય છે. એ પ્રકારની ભ્રાન્તિવડે તેઓનાં અન્તઃકરણ ઢંકાઇ ગયેલાં છે માટે મારૂં સર્વોત્કૃષ્ટ પરમાર્થિક તત્વ જાણતા નથિ. ॥ ૧૧ ॥

मूलम्—मोघाशामोघकर्माणो-मोघज्ञानाविचेतसः ॥
राक्षसीमासुरींचैव प्रकृतिंमोहिनींश्रिताः ॥१२॥

पदानि—मोघाशाः मोघकर्माणः मोघज्ञानाः विचेतसः ॥
राक्षसीं असुरीं च एव प्रकृतिं मोहिनीं श्रिताः ॥१२॥

अन्वयार्थः—मोघाशाः નિષ્ફલ છે આશા જેઓની 'તથા' **मोघकर्माणः** નિષ્ફલ છે કર્મ જેનાં 'તથા' **मोघज्ञानाः** નિષ્ફલ છે જ્ઞાન જેનાં એવા **विचेतसः** વિચારહીન 'પુરૂષો' **राक्षसीं** રાક્ષસસમ્બન્ધી **च एव** તેમજ **आसुरीं** અસુરસમ્બન્ધી **मोहिनीं** મોહ કરનારી **प्रकृतिं** પ્રકૃતિને **श्रिताः** આશ્રય કરીને રહેલા છે.

टीका—અન્તર્યામી અને સર્વજ્ઞ એવા ઇશ્વરવિના જડ કર્મમાં સ્વતંત્રપણે ફલ આપવાનું સામર્થ્ય નથિ માટે એવાં અસમર્થ કર્મથી ફલની પ્રાપ્તિની જે ઇચ્છા કરવી તે વ્યર્થ છે તેથી જેઓની આશા નિષ્ફલ છે તથા જેઓનાં કર્મ નિષ્ફલ છે તથા જેઓનાં જ્ઞાન નિષ્ફલ છે એવા વિચારહીન પુરૂષો રાક્ષસી અને આસુરી એવી જે મોહ કરનારી પ્રકૃતિ તેનો આશ્રય કરીને રહેલા છે. ॥ ૧૨ ॥

मूलम्—महात्मानस्तुमांपार्थ दैवींप्रकृतिमाश्रिताः ॥
भजन्त्यनन्यमनसो-ज्ञात्वाभूतादिमव्ययम् ॥१३॥

पदानि—महात्मानः तु मां पार्थ दैवीं प्रकृतिं आश्रिताः ॥
भजन्ति अनन्यमनसः ज्ञात्वा भूतादिं अव्ययम् ॥१३॥

अन्वयार्थः—**पार्थ** હે અર્જુન **दैवीं** દૈવી **प्रकृतिं** પ્રકૃતિને **आश्रिताः** આશ્રય કરીને રહેલા 'તથા' **अनन्यमनसः** મારાવિના અન્યમાં મન નહિ રાખનારા **महात्मनः तु** મહાત્માઓ તો **मां** મને **भूतादिं** સર્વ ભૂતનો આદિ ' તથા ' **अव्ययम्** નાશથી રહિત **ज्ञात्वा** જાણીને **भजन्ति** ભજે છે.

टीका—હે અર્જુન ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરીને રહેલા તથા મારાવિના બીજામાં મન નહિ રાખનારા મહાત્મા પુરૂષો તો મને સર્વ ભૂતોનો કારણરૂપ તથા નાશરહિત જાણીને ભજે છે, અનેક જન્મમાં કરેલાં પુણ્યકર્મવડે શુદ્ધ અને ક્ષુદ્ર એવા કામાદિ વિકારોથી ન પરાભવ પામેલા અન્તઃકરણવાળા પુરૂષોનું નામ મહાત્મા કહેવાય છે. આ ઠેકાણે ॥ **महात्मानस्तु** ॥ એ વચનમાં રહેલો ॥ **तु** ॥ શબ્દ પ્રથમ કહેલા મૂઢ પુરૂષોથી મહાત્મા પુરૂષોમાં મ્હોટી વિલક્ષણતા જણાવવા માટે છે. ॥ ૧૩ ॥

मूलम्—सततंकीर्त्तयन्तोमां यतन्तश्चदृढव्रताः ॥
नमस्यन्तश्चमांभक्त्या नित्ययुक्ताउपासते ॥१४॥

पदानि--सततं कीर्तयन्तः मां यतन्तः च दृढव्रताः ॥
नमस्यन्तः च मां भक्त्या नित्ययुक्ताः उपासते ॥१४॥

अन्वयार्थः--'તે મહાત્મા પુરૂષો' **सततं** નિરન્તર **मां** મને **कीर्त्तयन्तः** કીર્તન કરતા છતા **च** તથા **यतन्तः** પ્રયત્ન કરતા છતા **दृढव्रताः** દૃઢ વ્રતવાળા થઈ **च** તથા **मां** મને **नमस्यन्तः** નમસ્કાર કરનારા થઇ 'તથા મારી' **भक्त्या** ભક્તિવડે **नित्ययुक्ताः** નિત્યયુક્ત થઇ 'મને' **उपासते** ચિન્તન કરે છે.

टीका—તે મહાત્મા પુરૂષો નિરન્તર મારૂં કીર્તન કરતા છતા તથા પ્રયત્ન કરતા છતા દૃઢ વ્રતવાલા થઈ તથા મને નમસ્કાર કરનારા થઇ મારી ભક્તિવડે નિત્યયુક્ત થઇ મારૂં ચિન્તન કરે છે. સર્વ ઉપનિષદોવડે પ્રતિપાદન કરવા યોગ્ય એવા પરમાત્માનું તે મહાત્મા પુરૂષો બ્રહ્મવેત્તા ગુરૂની સમીપે જઇ વેદાન્તવાક્યોનો વિચાર કરી કીર્તન કરે છે અને તે ગુરૂની સમીપથી ભિન્ન કાળમાં પ્રણવાદિક મંત્રોનો જપ કરીને તથા ઉપનિષદોની આવૃત્તિ કરીને કીર્તન કરે છે. ॥ ૧૪ ॥

मूलम्—ज्ञानयज्ञेनचाप्यन्ये यजन्तोमामुपासते ॥
एकत्वेनपृथक्त्वेन बहुधाविश्वतोमुखम् ॥१५॥

पदानि—ज्ञानयज्ञेन च अपि अन्ये यजन्तः मां उपासते ॥
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥

अन्वयार्थः—अन्ये બીજા 'ઉત્તમ અધિકારિયો' **ज्ञानयज्ञेन** જ્ઞાનરૂપ યજ્ઞવડે **यजन्तः** મારૂં પૂજન કરતા છતા **अपि** કેવળ **एकत्वेन** એકત્વરૂપવડે **मां च** મનેજ **उपासते** ચિન્તન કરે છે 'તથા કોઇ મધ્યમ અધિકારિયો તો' **पृथकृत्वेन** ભેદરૂપવડે ' ચિન્તન કરે છે તથા કોઈ મન્દ અધિકારિયો તો ' **बहुधा** બહુ પ્રકારે **विश्वतोमुखम्** વિશ્વરૂપ એવા મને 'ચિન્તન કરે છે.'

टीका—બીજા કેટલાક ઉત્તમ અધિકારીયો જ્ઞાનરૂપં યજ્ઞવડે મારૂં પૂજન કરીને કેવળ એકત્વરૂપવડે મારૂં ચિન્તન કરેછે તથા કોઈ મધ્યમ અધિકારીયો તો ભેદરૂપવડે ચિન્તન કરેછે તથા કોઇ મન્દ અધિકારીયો તો વિશ્વરૂપ એવો જે હું તેને બહુ પ્રકારે ચિન્તન કરેછે. ॥ **ज्ञानयज्ञेनचाप्यन्ये** ॥ આ વાક્યમાં રહેલા **च** અને **अपि** એ બેઉ શબ્દમાં પ્રથમ **च** શબ્દ તો **एव** શબ્દનો અર્થ જણાવનાર છે માટે તે **च** શબ્દનો **मां** એ શબ્દ સાથે અન્વય કરવો અને અપિ શબ્દ તો બીજાં સાધનોની નિવૃત્તિ જણાવનારો છે. ॥ ૧૫ ॥

मूलम्—अहंक्रतुरहंयज्ञः स्वधाहमहमौषधम् ॥
मन्त्रोऽहमहमेवाज्य-महमग्निरहंहुतम् ॥१६॥

पदानि—अहं क्रतुः अहं यज्ञः स्वधा अहं अहं औषधम् ॥
मन्त्रः अहं अहं एव आज्यं अहं अग्निः अहं हुतम्॥१६॥

अन्वयार्थः—अहं હું **क्रतुः** ક્રતુરૂપ **अहं** હું **यज्ञः** યજ્ઞરૂપ **अहं** હું **स्वधा** સ્વધારૂપ **अहं** હું **औषधं** ઓષધરૂપ **अहं** હું **मन्त्रः** મન્ત્રરૂપ **अहं एव** હુંજ **आज्यं** ઘૃતરૂપ **अहं** હું **अग्निः** અગ્નિરૂપ 'તથા' **अहं** હું **हुतम्** હવનરૂપ છું.

टीका—અગ્નિષ્ટોમાદિ કર્મરૂપ ક્રતુ પણ હું છું તથા વૈશ્વદેવાદિક યજ્ઞરૂપ પણ હું છું 'તથા સ્વધા (પિતરોને આપેલું અન્ન) પણ હું છું તથા રોગની નિવૃત્તિના ઉપાયભૂત ઓષધ પણ હું છું તથા સ્વાહા સ્વધા જેના અન્તમાં છે એવા **इन्द्रायस्वाहा** ॥ **पितृभ्यः स्वधा** ઇત્યાદિક મંત્રરૂપ પણ હું છું તથા અગ્નિમાં નાખેલા ઘૃતાદિક પદાર્થરૂપ હુતદ્રવ્ય પણ હુંજ છું તથા હુતદ્રવ્ય જેમાં નંખાય છે એવા અગ્નિરૂપે પણ હું છું આ ઠેકાણે એક ॥ **अहं** ॥ શબ્દના ઉચ્ચારણ કરવાથી પ્રથમ કહેલા અર્થની સિદ્ધિ થઈ શકે છે તથાપિ એક એક ક્રતુયજ્ઞાદિક શબ્દની સાથે જે ॥ **अहं** ॥ શબ્દનો ઉચ્ચાર કર્યો છે તે ઉચ્ચાર તે ક્રતુયજ્ઞાદિકોમાં એક એકનું જ્ઞાન પણ પરમેશ્વરનીજ ઉપાસના છે એવો અર્થ જણાવવામાટે છે. ॥ ૧૬ ॥

मूलम्—पिताहमस्यजगतो-माताधातापितामहः ॥
वेद्यंपवित्रमोंकार ऋक्सामयजुरेवच ॥१७॥

पदानि—पिता अहं अस्य जगतः माता धाता पितामहः ॥
वेद्यं पवित्रं ॐ कारः ऋक् साम यजुः एव च ॥१७॥

अन्वयार्थः—**अस्य** આ **जगतः** જગતનો **पिता** પિતારૂપ **माता** માતારૂપ **धाता** ધાતારૂપ 'તથા' **पितामहः** પિતામહરૂપ **अहं** હું છું **च** તથા **वेद्यं** જાણવાયોગ્ય વસ્તુરૂપ **पवित्रं** પવિત્ર વસ્તુરૂપ **ॐकार** ઓંકારરૂપ **ऋक्** ઋગ્વેદરૂપ **साम** સામવેદરૂપ 'તથા' **यजुः एव** યજુર્વેદરૂપ પણ 'હું છું.'

टीका—સર્વે પ્રાણીમાત્રરૂપ જગતનો ઉત્પન્ન કરનાર પિતારૂપે પણ હું છું આ જગતને ઉત્પન્ન કરનારી માતારૂપ પણ હું છું તથા જગતનો ધાતારૂપ પણ હું છું અર્થાત્ આ જગતનો પોષણ કરનાર તથા તેને પુણ્ય પાપરૂપ કર્મના સુખદુઃખરૂપ ફલ આપનારો પણ હુંજ છું અને એ પ્રાણિયોના પિતાનો પિતા અર્થાત્ પિતામહ પણ હુંછું તથા જાણવા યોગ્ય વસ્તુરૂપ, પવિત્ર, વસ્તુરૂપ, ઓંકારરૂપ, ઋગ્વેદરૂપ, તથા યજુર્વેદરૂપ પણ હું છું. ૧૭।

मूलम्—गतिर्भर्त्ताप्रभुःसाक्षी निवासःशरणंसुहृत् ॥
प्रभवःप्रलयःस्थानं निधानंबीजमव्ययम् ॥१८॥

पदानि—गतिः भर्त्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ॥
प्रभवः प्रलयः स्थानं निधानं बीजं अव्ययम् ॥१८॥

अन्वयार्थः—**गतिः** ગતિરૂપ **भर्त्ता** પોષણ કરનારરૂપ **प्रभुः** પ્રભુરૂપ **साक्षी** સાક્ષીરૂપ **निवासः** નિવાસરૂપ **शरणं** શરણરૂપ **सुहृत** સુહૃદરૂપ **प्रभवः** ઉત્પત્તિરૂપ **प्रलयः** પ્રલયરૂપ **स्थानं** સ્થિતિરૂપ **निधानं** નિધાનરૂપ 'તથા' **अव्ययं** નાશથી રહિત એવા **बीजं** બીજરૂપ હું છું.

टीका—જે ફલ કર્મવડે પ્રાપ્ત થાય તેનું નામ ગતિ છે તે ગતિરૂપ હું છું, તથા સુખનાં સાધનોની પ્રાપ્તિ કરીને જે પોષણ કરે તેનું નામ ભર્ત્તા છે તે ભર્ત્તારૂપ પણ હું છું તથા આ પુત્રાદિક પદાર્થ અમારા છે, એ પ્રકારે તે પુત્રાદિક પદાર્થોને સ્વીકાર કરનારો જે સ્વામી તે પ્રભુ કહેવાય છે તે પ્રભુરૂપ હું છું તથા સર્વે પ્રાણિયોના શુભાશુભ કર્મને દેખનારો સાક્ષી હું છું તથા નિવાસરૂપ, શરણરૂપ, સુહૃદરૂપ, ઉત્પત્તિરૂપ, પ્રલયરૂપ, અને સ્થિતિરૂપ હું છું તથા સૂક્ષ્મરૂપ એવી સર્વ વસ્તુના આશ્રયરૂપ જે પ્રલયસ્થાન તેનું નામ નિધાન છે તે નિધાનરૂપ હું છું અથવા શંખપદ્માદિક નિધિનું નામ નિધાન છે તે નિધાનરૂપ હું છું તથા નાશરહિત એવે બીજરૂપે પણ હું છું. ॥ ૧૮ ॥

मूलम्—तपाम्यहमहंवर्षं निगृह्णाम्युत्सृजामिच ॥
अमृतंचैवमृत्युश्च सदसच्चाहमर्जुन ॥१९॥

पदानि—तपामि अहं अहं वर्षं निगृह्णामि उत्सृजामि च ॥
अमृतं च एव मृत्युःच सत् असत् च अहं अर्जुन १९

अन्वयार्थः—अर्जुन હે અર્જુન **अहमेव** હુંજ **तपामि** તાપ કરૂં છું 'તથા' **अहं** હું **वर्षं** જલરૂપ રસને **निगृह्णामि** આકર્ષણ કરૂં છું **च** તથા 'રસને વળી ભૂમિમાં' **उत्सृजामि** પરિત્યાગ કરૂં છું **च** તથા **अहं** હું **अमृतं** અમૃતરૂપ **च** તથા **मृत्युः** મૃત્યુરૂપ **सत्** સત્‌રૂપ **च** તથા **असत्** અસત્‌રૂપછું.

टीका—સર્વનો આત્મારૂપ હું સૂર્યરૂપ થઇને આ લોકમાં તાપ કરૂં છું તથા તે તાપના પ્રભાવથી પ્રથમ કરેલા વૃષ્ટિરૂપ રસને પોતાના કિરણોમાં રાખી કાર્તિક આદિક આઠ માસમાં આ પૃથ્વી ઉપરથી આકર્ષણ કરૂં છું ત્યારપછી તે સૂર્યરૂપ એવો હું તે આકર્ષણ કરેલા રસને આષાઢાદિક ચારમાસમાં આ પૃથ્વી ઉપર વૃષ્ટિરૂપે કરીને નાખું છું. સર્વ પ્રાણિયોના જીવનરૂપ અમૃત પણ હું છું તથા મૃત્યુરૂપ, સત્‌રૂપ, અને અસત્‌રૂપ પણ હું છું.

मूलम्—त्रैविद्यामांसोमपाःपूतपापा यज्ञैरिष्ट्वास्वर्गतिंप्रार्थयन्ते
तेपुण्यमासाद्यसुरेन्द्रलोकमश्नन्तिदिव्यान्दिविदेवभोगान् २०

पदानि—त्रैविद्याःमां सोमपाः पूतपापाः यज्ञैः इष्ट्वा स्वर्गतिंप्रार्थयन्ते॥
ते पुण्यं आसाद्य सुरेन्द्रलोकं अश्नन्ति दिव्यान् दिवि देवभोगान् २०

अन्वयार्थः—त्रैविद्याः 'ઋક્‌આદિ' ત્રણ વેદોને જાણનારા 'પુરૂષો' **यज्ञैः** 'કામ્ય' યજ્ઞોવડે **मां** મને **इष्ट्वा** પૂજન કરી **सोमपाः** સોમપાન કરનારા થઇ **पूतपापाः** પાપરહિત થઇ **स्वर्गतिः** સ્વર્ગની પ્રાપ્તિને **प्रार्थयन्ते** ઇચ્છે છે **ते** તે 'સકામપુરૂષો' **पुण्यं** પુણ્યના ફલરૂપ **सुरेन्द्रलोकं** સ્વર્ગ લોકને **आसाद्य** પામીને **दिवि** 'તે' સ્વર્ગલોકમાં **दिव्यान्** દિવ્ય **देवभोगान्** દેવતાઓના ભોગોને **अश्नन्ति** ભોગવે છે.

टीका—ઋગ્વેદાદિક ત્રણ વેદને જે સારી રીતે જાણે તેનું નામ ત્રૈવિદ્ય કહેવાય છે તે ત્રણ વેદને જાણનારા યાજ્ઞિક પુરૂષો અગ્નિષ્ટોમાદિક કામ્યયજ્ઞોવડે ઇન્દ્ર, વસુ, રૂદ્ર, તથા આદિત્યરૂપે મારૂં પૂજન કરે છે તથા સોમપાન કરે છે અને પાપરહિત થઈ સ્વર્ગની પ્રાપ્તિને ઇચ્છે છે તે સકામ પુરૂષો પુણ્યના ફલરૂપ સ્વર્ગ લોકને પામી અને તેમાં દિવ્ય એવા દેવતાઓના ભોગોને ભોગવે છે. ॥ ૨૦ ॥

तेतंभुक्त्वास्वर्गलोकंविशालंक्षीणेपुण्येमर्त्यलोकंविशन्ति॥
एवंत्रयीधर्ममनुप्रपन्नागतागतंकामकामालभन्ते ॥२१॥

पदानि—ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणेपुण्येस्वर्गलोकंविशंन्ति
एवं त्रयीधर्मं अनुप्रपन्नाःगतागतं कामकांमाःलभन्ते ॥२१॥

अन्वयार्थः—**ते** તે 'સકામ પુરૂષો' **तं** તે **विशालं** વિશાલ **स्वर्गलोकं** સ્વર્ગલોકને **भुक्त्वा** ભોગવી **पुण्ये** પુણ્ય **क्षीणे** નાશ થાય છે ત્યારે 'પછી' **मर्त्यलोकं** મનુષ્ય લોકને **विशन्ति** પામે છે **एवं** એ પ્રકારે **त्रयीधर्मं** વેદપ્રતિપાદિત કામ્યકર્મને **अनुप्रपन्नाः** આશ્રય કરનારા 'તથા' **कामकामाः** દિવ્યભોગોની કામના કરનારા 'તે સકામ પુરૂષો' **गतागतं** [1]ગમનાગમનને **लभन्ते** પામે છે.

टीका—તે સકામ પુરૂષો વિશાલ સ્વર્ગ લોકને ભોગવી પુણ્ય ક્ષય થાય છે ત્યારે મૃત્યુ લોકમાં આવે છે, એ પ્રકારે વેદપ્રતિપાદિત કામ્ય કર્મનો આશ્રય કરનારા તથા દિવ્ય ભોગોની ઇચ્છા રાખનારા તે સકામ પુરૂષો વારંવાર જવું આવવું પામે છે. સકામ પુરૂષો આવી રીતે જાણે છે કે ॥ **त्रिकर्मकृत्तरतिजन्ममृत्युदक्षिणावन्तोऽमृतत्वंभजन्ते** ॥ ત્રણ વેદપ્રતિપાદિત કર્મોને કરનારા પુરૂષો જન્મ મૃત્યુથી રહિત થાય છે અને દક્ષિણાવાળા પુરૂષો અમૃતભાવને પામે છે. ॥ ૨૧ ॥

मूलम्—अनन्याश्चिन्तयन्तोमां येजनाःपर्युपासते ॥
तेषांनित्याभियुक्तानां योगक्षेमंवहाम्यहम् ॥२२॥

पदानि—अनन्याः चिन्तयन्तः मां ये जनाः पर्युपासते ॥
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहामि अहम् ॥२२॥

अन्वयार्थः—**ये** જે **जना** 'અધિકારી' પુરૂષો **अनन्याः** અનન્ય થઇને **चिन्तयन्तः** ચિન્તન કરતા છતા **मां** મને **पर्युपासते** સાક્ષાત્કાર કરે છે **तेषां** તે **नित्याभियुक्तानां** નિત્યયુક્ત પુરૂષોના **योगक्षेमं** યોગક્ષેમને **अहं** હું **वहामि** પ્રાપ્ત કરૂં છું.

टीका—ભેદદષ્ટિનો વિષય જેને વિદ્યમાન નથિ તેનું નામ અનન્ય કહેવાય છે એવી રીતે અનન્ય થઇને તથા મને ચિન્તન કરતા છતા જે અધિકારી પુરૂષો મારો સાક્ષાત્કાર કરે છે તે નિત્યયુક્ત પુરૂષોને યોગ ક્ષેમ હું પ્રાપ્ત કરૂં છું. નિરન્તર આદરપૂર્વક પરમેશ્વરના ધ્યાનમાં જે તત્પર થાય તે નિત્યાભિયુક્ત કહેવાય છે. પ્રથમ ન પ્રાપ્ત થયેલા અન્નવસ્ત્રાદિક પદાર્થોની જે પ્રાપ્તિ તેનું નામ યોગ છે અને પ્રાપ્ત થએલા એવા તે પદાર્થોનું જે રક્ષણ કરવું તેનું નામ ક્ષેમછે જો કે તત્વવેત્તા પુરૂષ પોતાના શરીરની સ્થિતિ માટે તે યોગ ક્ષેમની ઇચ્છા કરતા નથિ તોપણ તેઓને હું યોગ ક્ષેમની પ્રાપ્તિ કરૂં છું. ॥ ૨૨ ॥

---

૧ આવવું જવું.

मूलम्—येऽप्यन्यदेवताभक्ता यजन्तेश्रद्धयान्विताः ॥
तेऽपिमामेवकौन्तेय यजन्त्यविधिपूर्वकम्॥२३॥

पदानि—ये अपि अन्यदेवताभक्ताः यजन्ते श्रद्धया अन्विताः ॥
ते अपि मां एव कौन्तेय यजन्ति अविधिपूर्वकम् ॥२३॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર **ये** જે **अन्यदेवताभक्ताः** અન્ય દેવતાઓના ભક્ત **अपि** પણ **श्रद्धया** શ્રદ્ધાવડે **अन्विताः** યુક્ત થઈ **यजन्ते** પૂજન કરે છે **ते** તે 'ભકતો' **अपि** પણ **अविधिपूर्वकं** અજ્ઞાનપૂર્વક **मां एव** મનેજ **यजन्ति** પૂજે છે.

टीका—હે અર્જુન ! જે અન્ય દેવતાઓના ભકતો પણ શ્રદ્ધાયુક્ત થઈ તે દેવતાઓનું પૂજન કરે છે, તે ભકતો પણ મને અવિધિપૂર્વક પૂજન કરે છે. આ ઠેકાણે અવિધિ એવું અજ્ઞાનનું નામ છે. 'અજ્ઞાન પૂર્વક મારૂં પૂજન કરે છે' અર્થાત્ સર્વ જગતના આત્મારૂપ મને ન જાણીને તથા તે ઇન્દ્રાદિક દેવતાઓની મારાથી ભિન્ન કલ્પના કરીને તે અન્ય દેવતાઓના ભક્ત મારૂં પૂજન કરે છે. માટેજ તે દેવતાઓના ભક્ત વારંવાર જન્મમરણરૂપ સંસારને પામે છે. ॥ ૨૩ ॥

मूलम्—अहंहिसर्वयज्ञानां भोक्ताचप्रभुरेवच ॥
नतुमामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्तिते ॥२४॥

पदानि—अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुः एव च ॥
न तु मा अभिजानन्ति तत्त्वेन अतःच्यवन्ति ते ॥२४॥

अन्वयार्थः—**अहं एव** હુંજ **सर्वयज्ञानां** સર્વે યજ્ઞોનો **भोक्ता** ભોક્તા છું **च** તથા **प्रभुः** ફલ આપનાર છું ' આ વાર્તા ' **हि** પ્રસિદ્ધ છે **तु** પરંતુ ' તે સકામ પુરૂષો ' **मां** મને **तत्त्वेन** તત્ત્વથી **न अभिजानन्ति** જાણુતા નથિ **च** અને **अतः** એ કારણમાટે **ते** તે ' સકામ પુરૂષો ' **च्यवन्ति** ફરીને જન્મ પામે છે.

टीका—હુંજ સર્વ યજ્ઞોનો ભોક્તા છું તથા ફલ આપનાર છું, આ વાત પ્રસિદ્ધ છે પરન્તુ સકામ પુરૂષો મને તેવે રૂપે જાણુતા નથિ તે કારણુ માટેજ તે પુરૂષો ફરીને જન્મ પામે છે. નાનાપ્રકારના ભોગને ઉત્પન્ન કરનારાં જે પુણ્ય કર્મ છે તે કર્મોનો ભોગવવાથી નાશ થાય છે. પછી તે સકામ પુરૂષ જે દેવતાના દેહને પામ્યો હોય તેથી વિયોગ પામી ફરીને દેહ ગ્રહણુ કરવા માટે આ મનુષ્ય લોકમાં આવે છે. ॥ ૨૪ ॥

मूलम्—यान्तिदेवव्रतादेवान् पितॄन्यान्तिपितृव्रताः ॥
भूतानियान्तिभूतेज्यायान्तिमद्याजिनोऽपिमाम् २५

पदानि—यान्ति देवव्रताः देवान् पितॄन् यान्ति पितृव्रताः ॥
भूतानि यान्ति भूतेज्याः यान्ति मद्याजिनः अपि माम् २५

अन्वयार्थः—**देवव्रताः** દેવોનું પૂજન કરનારા **देवान्** દેવોને **यान्ति** પામે છે **पितृव्रताः** પિતરોનું પૂજન કરનારા **पितॄन** પિતરોને **यान्ति** પામે છે **भूतेज्याः** ભૂતોનું પૂજન કરનારા **भूतानि** ભૂતોને **यान्ति** પામે છે **मद्याजिनः** મારૂં પૂજન કરનારા **मां अपि** મનેજ **यान्ति** પામે છે.

टीका—દેવતાઓનું પુજન કરનારા પુરૂષો દેવતાઓને પામે છે, પિતરોનું પૂજન કરનારા પિતરોને પામે છે, ભૂતોનું પૂજન કરનારા ભૂતોને પામે છે અને મારૂં પૂજન કરનારા મનેજ પામે છે. તે ભજન કરનારાઓમાં સાત્વિક, રાજસ, અને તામસ એવા ત્રણ ભેદ છે. તેમાં ઇન્દ્રાદિક દેવોનું પૂજન કરનારા પુરૂષો સાત્વિક કહેવાય છે અને શ્રદ્ધાદિક કર્મોવડે અગ્નિષ્વાતાદિક પિતરોનું આરાધન કરનારા પુરૂષો રાજસ કહેવાય છે તથા યક્ષ રાક્ષસ અને માતૃગણુ આદિક ભૂતોનું યજન કરનારા પુરૂષો તામસ કહેવાય છે. જે પુરૂષ જેનું આરાધન કરે છે તે પુરૂષ તે ભાવનેજ પામે છે ત્યાં શ્રુતિ. ॥ **तंयथायथोपासतेतदेवभवति** ॥ જે પુરૂષ જે જે દેવની ઉપાસના કરે છે તે પુરૂષ મરણુ પછી તે તે દેવતાના ભાવનેજ પામે છે. ॥ ૨૫ ॥

मूलम्—पत्रंपुष्पंफलंतोयं योमेभक्त्याप्रयच्छति ॥
तदहंभक्त्युपहृत-मश्नामिप्रयतात्मनः ॥२६॥

पदानि—पत्रं पुष्पं फलं तोयं यः मे भक्त्या प्रयच्छति ॥
तत् अहं भक्त्युपहृतं अश्नामि प्रयतात्मनः ॥ २६ ॥

अन्वयार्थः—**यः** જે 'કોઇ પુરૂષ' **मे** મને **भक्त्या** ભક્તિવડે **पत्रं** પત્ર **पुष्पं** પુષ્પ **फलं** ફલ **तोयं** જલ **प्रयच्छति** આપે છે **प्रयतात्मनः** 'તે' શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષના **तत्** તે **भक्त्युपहृतं** ભક્તિપૂર્વક અર્પણુ કરેલા 'પત્ર પુષ્પાદિકને' **अहं** હું **अश्नामि** અંગીકાર કરૂં છું.

टीका—જે કોઈ પુરૂષ મને ભક્તિવડે પત્ર, પુષ્પ, ફલ અથવા, જલ આપેછે તે શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષના ભક્તિપૂર્વક અર્પણુ કરેલા તે પત્ર પુષ્પાદિકને હું અંગીકાર કરૂં છું. મનુષ્યોની પેઠે દેવ ભોજન કરતા નથિ એમ શ્રુતિમાં પણુ છે માટે ॥ **अश्नामि** ॥ એ પદની સ્વીકારરૂપ અર્થમાં લક્ષણા કરવી એ યોગ્ય છે. ત્યાં શ્રુતિ. ॥ **नहवैदेवाअश्नन्तिनपिबन्तिएतदेवामृतंदृष्ट्वातृप्यन्ति** ॥ જેમ મનુષ્ય અન્નાદિક પદાર્થોનું ભોજન કરે છે તથા જલાદિકનું પાન કરે છે તેમ દેવ અન્નાદિકનું ભોજન કરતા નથિ તથા જલાદિકનું પાન પણુ કરતા નથિ પરન્તુ તે દેવતાઓ કેવળ અમૃતનું દર્શનમાત્ર કરીનેજ તૃપ્તિ પામે છે.

मूलम्—यत्करोषियदश्नासि यज्जुहोषिददासियत् ॥
यत्तपस्यसिकौन्तेय तत्कुरुष्वमदर्पणम् ॥२७॥

पदानि—यत् करोषि यत् अश्नासि यत् जुहोषि ददासि यत् ॥
यत् तपस्यसि कौन्तेय तत् कुरुष्व मदर्पणम् ॥ २७ ॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર 'તું' **यत्** જે **करोषि** કરે છે **यत्** જે **अश्नासि** ભોજન કરે છે **यत्** જે **जुहोषि** હોમ કરે છે **यत्** જે **ददासि** આપે છે **यत्** જે **तपस्यसि** તપ કરે છે **तत्** તે **मदर्पणं** મારે અર્પણુ **कुरुष्व** કર.

टीका—હે અર્જુન ! તું જે કરે છે તથા જે ભોજન કરે છે તથા જે હોમ કરે છે તથા જે દાન કરે છે તથા જે તપ કરે છે તે સર્વે મને અર્પણુ કર. આ ઠેકાણે ॥ **कुरुष्व** ॥ એ પદવડે શ્રીભગવાને એવો અર્થ જણાવ્યો કે એ પ્રમાણે જે પુરૂષ મારે વિષેજ સર્વે કર્મનું સમર્પણુ કરે છે તે સમર્પણુનું મોક્ષરૂપ ફલ તે સમર્પણુ કરનાર પુરૂષનેજ મળે છે પણુ તેમાં મને કાંઈ ફલ થતું નથિ. આ ઉપરથી આવો અર્થ સિદ્ધ થયો કે અવસ્ય કરવા યોગ્ય કર્મનું જે પરમેશ્વરમાં અર્પણુ કરવું તે અર્પણુજ ઈશ્વિરનું ભજન છે. ॥૨૭॥

मूलम्—शुभाशुभफलैरेवं मोक्ष्यसेकर्मबन्धनैः ॥
संन्यासयोगयुक्तात्मा विमुक्तोमामुपैष्यसि ॥२८॥

पदानि—शुभाशुभफलैः एवं मोक्ष्यसे कर्मबन्धनैः ॥
संन्यासयोगयुक्तात्माः विमुक्तः मां उपैष्यसि ॥ २८ ॥

अन्वयार्थः—**एवं** એવી રીતે **शुभाशुभफलैः** શુભઅશુભ ફલવાળા **कर्मबन्धनैः** કર્મરૂપ બન્ધનોથી 'તું' **मोक्ष्यसे** મુકાઇશ 'તથા' **संन्यासयोगयुक्तात्माः** સંન્યાસ યોગવડે યુક્ત છે ચિત્ત જેનું એવો **विमुक्तः** વિમુક્ત થઇને **मां** મને **उपैष्यसि** પામીશ.

टीका—એવી રીતે શુભઅશુભ ફલવાળા કર્મબન્ધનોથી તું મુકાઇશ તથા સંન્યાસયોગવડે યુક્ત એવા ચિત્તવાળો થઇ તુ તે કર્મનાં બન્ધનોથી વિમુક્ત થઇ મને પામીશ. સર્વે કર્મનુ પરમાત્મામાં જે અર્પણુ કરવું તેનું નામ સંન્યાસ છે તે સંન્યાસજ યોગની પેઠે ચિત્તને શુદ્ધ કરનારો છે માટે યોગરૂપ છે. એવા સંન્યાસયોગવડે જેનું અન્તઃકરણુ શુદ્ધ હોય તેનું નામ સંન્યાસયોગયુક્તાત્મા એવું છે. અથવા ફલસહિત સર્વે કર્મોનો પરિત્યાગ કરવાનું નામ સંન્યાસયોગ છે તે સંન્યાસવડે જેનું ચિત્તયુક્ત છે તેનું નામ સંન્યાસયોગયુક્તાત્મા છે. એવો થઇને તું મને પામીશ. ॥ ૨૮ ॥

मूलम्—समोऽहंसर्वभूतेषु नमेद्वेष्योऽस्तिनप्रियः ॥

येभजन्तितुमांभक्त्या मयितेतेषुचाप्यहम् ॥२९॥

पदानि—**समः अहं सर्वभूतेषु न मे द्वेष्यः अस्ति न प्रियः ॥**
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु च अपि अहम् २९

अन्वयार्थः—**अहं** હું **सर्वभूतेषु** સર્વ પ્રાણિયોમાં **समः** સમાન ' છું ' માટે કોઈ પણ પ્રાણી ' **मे** મારે **द्वेष्यः** દ્વેષ કરવા યોગ્ય **न अस्ति** નથિ **प्रियः** પ્રિય **न** નથિ **तु** તોપણ **ये** જે પુરૂષો **मां** મને **भक्त्या** ભક્તિવડે **भजन्ति** સેવન કરે છે **ते च** તે પુરૂષોજ **मयि** મારેવિષે ' વર્ત્તે છે તથા ' **अहं अपि** હું પણ **तेषु** તે પુરૂષોમાં 'વર્તુંછું.'

टीका—જે મનુષ્યો મારા ભક્ત છે તથા જે મનુષ્યો મારાથી વિમુખ છે. તે સર્વ મનુષ્યોમાં હું સમાન છું માટે જેમ આકાશમંડલમાં વ્યાપક એવા સૂર્યના પ્રકાશને કોઇ પણ પદાર્થમાં દ્વેષ તથા પ્રીતિ નથિ તેમ મારે કોઇ પણ પ્રાણી દ્વેષ કરવાયોગ્ય નથિ અને પ્રીતિ કરવા યોગ્ય નથિ. આ ઠેકાણે જો તું એમ શંકા કરીશ કે, જો કોઇ પણ પ્રાણી ઉપર તમારે દ્વેષ અથવા પ્રીતિ નથિ તો પછી તમારા ભકતોમાં તથા અભકતોમાં ફલની વિષમતા કેમ થાય છે ? તો ત્યાં હું કહું છું કે જે પુરૂષો મારે વિષે સર્વ કર્મને અર્પણ કરવા રૂપ ભક્તિવડે મારૂં સેવન કરે છે તે ભક્ત જન શ્રેષ્ઠ છે અને તે પુરૂષો મારેવિષેજ વર્તે છે તથા હું પણ તે પુરૂષોમાં વર્તું છું. ॥ ૨૯ ॥

मूलम्—**अपिचेत्सुदुराचारो-भजतेमामनन्यभाक् ॥**
साधुरेवसमन्तव्यः सम्यग्व्यवसितोहिसः ॥३०॥

पदानि—**अपि चेत् सुदुराचारः भजते मां अनन्यभाक् ॥**
साधुः एव सः मन्तव्यःसम्यक् व्यवसितः हि सः ॥३०॥

अन्वयार्थः—**सुदुराचारः** અત્યન્ત દુરાચારવાળો ' પુરૂષ ' **अपि** પણ **चेत्** જો **अनन्यभाक्** અનન્ય ચિત્તવાળો થઈ **मां** મને **भजते** ભજે છે ' તો ' **सः** તે ' પુરૂષ ' **साधुःएव** શ્રેષ્ઠજ **मन्तव्यः** માનવા યોગ્યછે **हि** કારણ કે **सः** તે ' પુરૂષ ' **सम्यक्** શ્રેષ્ઠ **व्यवसितः** નિશ્ચયવાળો છે.

टीका—જે કોઇ પુરૂષ અત્યન્ત દુરાચરણવાળો હોય તોપણ કોઈ પૂર્વ કર્મના ઉદયથી અનન્ય ચિત્તવાળો થઈ મને સેવન કરે છે તે પુરૂષ પ્રથમ શ્રેષ્ઠ ન હોય તોપણ તે ભજનસમયમાં શ્રેષ્ઠ માનવો કારણકે તે પુરૂષ તે કાળમાં શ્રેષ્ઠ નિશ્ચયવાળો છે. ॥ ૩૦ ॥

मूलम्—**क्षिप्रंभवतिधर्मात्मा शश्वच्छान्तिनिगच्छति ॥**
कौन्तेयप्रतिजानीहि नमेभक्तः प्रणश्यति ॥३१॥

पदानि—क्षिप्रं भवति धर्मात्मा शश्वत् शान्तिं निगच्छति ॥
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ३१ ॥

अन्वयार्थः—' તે પુરૂષ ' **क्षिप्रं** તત્કાળ **धर्मात्मा** ધર્માત્મા **भवति** થાય છે ' તથા ' **शश्वत्** નિરન્તર **शान्तिं** શાન્તિને **निगच्छति** પામે છે **कौन्तेय** હે કુન્તીપુત્ર **मे** મારો **भक्तः** ભક્ત **न प्रणश्यति** નાશ નથિ પામતો .' એવી તું ' **प्रतिजानीहि** પ્રતિજ્ઞા કર.

टीका—જે પુરૂષ ઘણા કાળથી અધર્માત્મા હોય છે તે પુરૂષ પણ મારા ભજનના પ્રભાવથી તત્કાળ ધર્માત્મા થાય છે અર્થાત્ તે પુરૂષ ધર્મના પ્રભાવથી પૂર્વનાં દુરાચરણનો ઝટ ત્યાગ કરી ધર્મમાં પ્રીતિવાળો થાય છે અને શુદ્ધ અન્તઃકરણવાળો તથા તીવ્ર વૈરાગ્યવાળો થઈ સર્વ ભોગની ઇચ્છાથી રહિત થાયછે અને નિરન્તર શાન્તિ પામે છે. આ વાતમાં તારે કાંઇ આશ્ચર્ય માનવું નહીં કારણ કે આ મારી ભક્તિનો પ્રભાવ નિશ્ચય કરેલો છે માટે હે અર્જુન ! આ મારી ભક્તિમાં વિવાદ કરનારા જે પુરૂષો છે તેઓની સન્મુખ ઉભો રહીને તથા ઊંચા હાથ કરીને આ પ્રકારની પ્રતિજ્ઞા કર કે પરમેશ્વરનો ભક્ત દુર્ગતિ પામતો નથિ. ॥ ૩૧ ॥

मूलम्—मांहिपार्थव्यपाश्रित्य येऽपिस्युःपापयोनयः ॥
स्त्रियोवैश्यास्तथाशूद्रा-स्तेऽपियान्तिपरांगतिम्॥३२॥

पदानि—मां हि पार्थ व्यपाश्रित्य ये अपि स्युः पापयोनयः ॥
स्त्रियःवैश्याःतथा शूद्राः ते अपि यान्ति परां गतिम् ॥३२॥

अन्वयार्थः—**पार्थ** હે પૃથાપુત્ર **मां** મને **व्यपाश्रित्य** આશ્રય કરીને **ये** જે ' પુરૂષ ' **पापयोनयः** દોષયુક્ત ચંડાલાદિક જાતિવાળા **अपि** પણ **स्युः** હોય **तथा** તથા **स्त्रियः** સ્ત્રિયો **वैश्याः** વૈશ્યો **शूद्राः** શૂદ્રો ' હોય છે ' ' **ते** તે ' સર્વ ' **अपि** પણ **परां** પરમ **गतिं** ગતિને **यान्ति** પામે છે **हि** ' આ વાર્ત્તા ' નિશ્ચિત છે.

टीका—હે અર્જુન ! જાતિદોષવડે દુષ્ટ એવાં જે ચંડાલાદિક મનુષ્યો, તથા વેદના અધ્યયનાદિકથી રહિત હોવાથી અતિ નિકૃષ્ટ એવી જે સ્ત્રિયો તથા ખેડ અને વાણિજ્યાદિક લૌકિક વ્યાપારોમાં તત્પર એવા જે વૈશ્યો તથા શૂદ્રજાતિમાં વેદના અધ્યયનાદિકનો અભાવ હોવાથી પરમ ગતિને અયોગ્ય એવા જે શૂદ્રો તે સર્વ મારી ભક્તિના પ્રભાવથી શુદ્ધ અન્તઃકરણવાળા થઈ મોક્ષરૂપ પરમ ગતિને પામે છે એ વાત તારે નક્કી જાણવી. ॥૩૨॥

मूलम्—किंपुनर्ब्राह्मणाःपुण्या भक्ताराजर्षयस्तथा ॥
अनित्यमसुखंलोक-मिमंप्राप्यभजस्वमाम् ॥३३॥

पदानि—किं पुनः ब्राह्मणाः पुण्याः भक्ताः राजर्षयः तथा ॥
अनित्यं असुखं लोकं इमं प्राप्य भजस्व माम् ॥ ३३ ॥

अन्वयार्थः—**भक्ताः** ' મારા ભકતો **पुण्याः** ઉત્તમ જાતિવાળા **ब्राह्मणाः** બ્રાહ્મણો **तथा** તથા **राजर्षयः** રાજર્ષિયો ' પરમ ગતિ પામે છે એમાં' **पुनः** ફરીને **किं** શું કહેવું ? માટે તું **इमं** આ **अनित्यं** અનિત્ય **असुखं** દુઃખયુક્ત **लोकं** મનુષ્ય દેહને **प्राप्य** પામીને **मां** મને **भजस्व** આરાધન કર.

टीका—જ્યારે પ્રથમ કહેલા શૂદ્રાદિક મનુષ્યો પણ મારી ભક્તિવડે પરમ ગતિ પામે છે તો પછી શ્રેષ્ઠ આચારવાળા તથા ઉત્તમ જાતિવાળા જે બ્રાહ્મણો તથા સૂક્ષ્મ વસ્તુનો વિવેક કરનારા જે ક્ષત્રિયો તે મારી ભક્તિવડે પરમ ગતિને પામે એમાં શું કહેવું ! આ વાતમાં કોઇને પણ સંશય નથિ. મારો મહાન્ પ્રભાવ છે માટે સર્વ પુરૂષાર્થોને સિદ્ધ કરવા યોગ્ય તથા અત્યન્ત દુર્લભ એવા આ મનુષ્ય દેહને પામી અને જેટલા કાળ પર્યન્ત મનુષ્ય દેહ નાશ ન પામે તથા રોગાદિયુક્ત ન થાય તેટલા કાળમાં અતિ શીઘ્રતાથી મહાપ્રયત્નવડે તું મારો શરણાગત થા. ॥ ૩૩ ॥

मूलम्—मन्मनाभवमद्भक्तो-मद्याजीमांनमस्कुरु ॥
मामेवैष्यसियुक्त्वैव-मात्मानंमत्परायणः ॥३४॥

पदानि—मन्मनाः भव मद्भक्तः मद्याजी मां नमस्कुरु ॥
मां एव एष्यसि युक्त्वा एवं आत्मानं मत्परायणः ॥३४॥

अन्वयार्थः—**मन्मनाः** મારેવિષે મનવાળો **मद्भक्तः** મારો ભક્ત ' તથા ' **मद्याजी** મારા પૂજનમાં પરાયણ **भव** થા **मां** મને **नमस्कुरु** નમસ્કાર કર **एवं** એ પ્રકારે **मत्परायणः** મારે શરણ થયેલો ' તું પોતાના ' **आत्मानं** અન્તઃકરણને મરેવિષે **युक्त्वा** જોડીને **मां एव** મનેજ **एष्यसि** પામીશ.

टीका—તું મારે વિષે મનવાળો, મારો ભક્ત, તથા મારા પૂજનમાં તત્પર થા અને મને નમસ્કાર કર. એ પ્રકારે મારે શરણે આવેલો તું પોતાના અન્તઃકરણને મારામાં જોડીને મનેજ પામીશ. ત્યાં શ્રુતિ. ॥ **यथानद्यःस्यन्दमानाःसमुद्रेऽस्तंगच्छन्तिनामरूपेविहायतथाविद्वान्नामरूपाद्विमुक्तःपरात्परंपुरुषमुपैतिदिव्यम्** ॥ જેમ ગંગાયમુનાદિક નદિયો પોતાના નામ રૂપનો પરિત્યાગ કરીને સમુદ્રમાં જઇ એકતા પામે છે તેમ વિદ્વાન્ પુરૂષ પણ નામરૂપથી રહિત થઇ સ્વયંજ્યોતિ એવા પરમાત્મા પુરૂષને પામે છે. ॥ ૩૪ ॥

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
विद्याराजगुह्ययोगो नाम
नवमोऽध्यायः ॥९॥

ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्--भूयएवमहाबाहो शृणुमेपरमंवचः ॥
यत्तेऽहंप्रीयमाणाय वक्ष्यामिहितकाम्यया ॥१॥

पदानि—भूयः एव महाबाहो शृणु मे परमं वचः
यत् ते अहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥

अन्वयार्थः— **महाबाहो** હે મ્હોટા હાથવાળા **भूयः एव** ફરીને પણ **मे** મારૂં **परमं** ઉત્કૃષ્ટ **वचः** વચન **शृणु** સાંભળ **यत्** જે ' વચન ' **अहं** હું **हितकाम्यया** 'તારા' હિતની કામનાવડે **ते** તને **प्रीयमाणाय** પ્રીતિવાળાને **वक्ष्यामि** કહીશ.

टीका— હે મ્હોટા હાથવાળા અર્જુન ! ફરીતે પણ મારૂં અત્યન્ત ઉત્કૃષ્ટ વચન શ્રવણ કર. જે વચન હું તારા હિતની ઇચ્છાથી કહું છું. જેમ અમૃતનું પાન કરવાથી પ્રીતિનો અનુભવ કરાય છે તેમ મારા વચનરૂપ અમૃતનું પાન કરવાથી તું પ્રીતિનો અનુભવ કરનારો છે તે માટે તને ફરીથી પણ ઉપદેશ કરૂંછું. આ ઠેકાણે ॥ **प्रीयमाणाय** ॥ એ વચનવડે શ્રીભગવાને એવો અર્થ સૂચવ્યો કે, આ પુરૂષોનું વચન સાંભળવાથી અમારા મનોરથની સિદ્ધિ અવશ્ય થશે એવી દૃઢ ભાવનાવડે જે પુરૂષ પ્રીતિસહિત તે વચનોને સાંભળે છે તે અધિકારી પુરૂષોનેજ તત્વવેત્તા પુરૂષોએ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો; પણ પ્રીતિ રહિત પુરૂષને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો નહિ. ॥ ૧ ॥

मूलम्—नमेविदुःसुरगणाः प्रभवंनमहर्षयः ॥
अहमादिर्हिदेवानां महर्षीणांचसर्वशः ॥ २. ॥

पदानि—न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ॥
अहं आदिः हि देवानां महर्षीणां च सर्वशः ॥ २ ॥

अन्वयार्थः—**मे** મારા **प्रभवं** પ્રભાવને **सुरगणाः** ઇન્દ્રાદિક દેવો **न विदुः** જાણતા નથિ ' તથા ' **महर्षयः** ભૃગુ આદિક મહોટા ઋષિયો **न** ' જાણતા ' નથિ **हि** કારણ કે **अहं** હું **देवानां** દેવોનો **च** તથા **महर्षीणां** મહર્ષિયોને **सर्वशः** સર્વ પ્રકારે **आदिः** કારણ છું.

टीका—આકાશાદિક સર્વ પ્રપંચની ઉત્પત્તિ સ્થિતિ અને સંહારાદિક કરવાના સામર્થ્યરૂપ જે પ્રભાવ અથવા અનેક આવિર્ભાવરૂપ જે પ્રભાવ તેને ઇન્દ્રાદિક દેવ તથા ભૃગુ આદિક મ્હોટા ઋષિયો સર્વજ્ઞ છતાં પણ જાણી શકતા નથિ કારણકે હું ઇન્દ્રાદિક દેવોનો તથા ભૃગુ આદિક મહાન્ ઋષિયોનો સર્વ પ્રકારે કારણ છું અર્થાત્ તે ઇન્દ્રાદિક દેવતાઓનો તથા તે મહર્ષિયોનો ઉત્પન્ન કરનાર હોવાથી તથા બુદ્ધિ આદિકનો પ્રવર્તક હોવાથી કારણ છું. ॥ ૨ ॥

मूलम्—योमामजमनादिंच वेत्तिलोकमहेश्वरम् ॥
असंमूढःसमर्त्येषु सर्वपापैःप्रमुच्यते ॥ ३ ॥

पदानि—यः मां अजं अनादिं च वेत्ति लोकमहेश्वरम् ॥
असंमूढः सः मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

अन्वयार्थः—' **अजं** જન્મથી રહિત **च** તથા **अनादिं** કારણથી રહિત **लोकमहेश्वरम्** સર્વ લોકોનો મહાઇશ્વર એવો **मां** મને **यः** જે ' પુરૂષ ' **वेत्ति** જાણે છે **सः** તે ' પુરૂષ ' **मर्त्येषु** સર્વ મનુષ્યોમાં **असंमूढः** સંમોહથી રહિત થઇ **सर्वपापैः** સર્વ પાપોથી **प्रमुच्यते** મુકાય છે.

टीका—હું સર્વ જગતનો કારણ છું. માટે અનાદિ છું અને અનાદિ હોવાથી અજ છું અર્થાત્ ઉત્પત્તિરૂપ જન્મથી રહિત છું તથા સર્વ લોકનો મહેશ્વર છું. એવી રીતના મને જે અધિકારી મનુષ્ય સાક્ષાત્કાર કરે છે તે મનુષ્ય સર્વ મનુષ્યોમાં સંમોહથી રહિત થઈ અને સર્વ પાપથી મુકાય છે. એ વિષયમાં ॥ **क्षीयन्तेचास्यकर्माणि तस्मिन्दृष्टेपरावरे** ॥ **ज्ञानाग्निःसर्वकर्माणि भस्मसात्कुरुतेतथा** ॥ ઇત્યાદિક અનેક શ્રુતિ તથા સ્મૃતિયો પ્રમાણરૂપ છે. ॥ ૩ ॥

मूलम्—बुद्धिर्ज्ञानमसंमोहः क्षमासत्यंदमःशमः
सुखंदुखंभवोभावो-भयंचाभयमेवच ॥४॥
अहिंसासमतातुष्टि-स्तपोदानंयशोऽयशः ॥
भवन्तिभावाभूतानां मत्तएवपृथग्विधाः ॥ ५ ॥

पदानि—बुद्धिः ज्ञानं असंमोहः क्षमा सत्यं दमः शमः ॥
सुखं दुःखं भवः भावः भयं च अभयं एव च ॥४॥

पदानि—अहिंसा समता तुष्टिः तपः दानं यशः अयशः ॥
भवन्ति भावाः भूतानां मत्तः एव पृथग्विधाः ॥ ५ ॥

अन्वयार्थः–**बुद्धि** બુદ્ધિ **ज्ञानं** જ્ઞાન **असंमोहः** અસંમોહ **क्षमा** ક્ષમા **सत्यं** સત્ય **दमः** દમ **शमः** શમ **सुखं** સુખ **दुःखं** દુઃખ **भवः** ભવ **भावः** ભાવ **भयं** ભય **च** તથા **अभयं** અભય **अहिंसा** હિંસા ન કરવી **समता** સમપણું **तुष्टिः** સન્તોષ **तपः** તપ **दानं** દાન **यशः** યશ **अयशः** અયશ **एव च** પ્રસિદ્ધ **पृथग्विधाः** નાનાપ્રકારના **भूतानां** સર્વ પ્રાણિયોનાં **भावाः** કાર્યો **मत्तः एव** મારાથીજ **भवन्ति** ઉત્પન્ન થાય છે.

टीका—આ બુદ્ધિને આદિ લઇ અયશ પર્યન્ત પ્રાણિયોમાં સઘળાં કાર્ય મારાથીજ ઉત્પન્ન થાય છે પણ બીજા કોઇથી ઉત્પન્ન થતાં નથિ. તે બુદ્ધિઆદિકનું સ્વરૂપ આવી રીતે જાણવું. અન્તઃકરણમાં સૂક્ષ્મ અર્થનો વીવેક કરવાનું જે સામર્થ્ય તેનું નામ બુદ્ધિ છે તથા અનાત્મ એવા સર્વ પદાર્થોનો જે અવબોધ તેનુ નામ જ્ઞાન છે તથા જાણવા યોગ્ય અને કરવા યોગ્ય એવા પદાર્થોમાં વ્યાકુલતા રહિત થઇને વિવેકપૂર્વક જે પ્રવૃતિ કરવી તેનું નામ અસંમોહ છે તથા કઠોર વાણીથી અથવા દંડાદિકથી જો કોઇ હણે તોપણ તે હણનારનું અનિષ્ટ ચિન્તન ન કરવું તેનું નામ ક્ષમા છે તથા પ્રત્યક્ષાદિક પ્રમાણોવડે જે અર્થ જેવી રીતે નિશ્ચય કર્યો હોય તે અર્થને તેવી રીતે કહેવો તેનું નામ સત્ય છે તથા શ્રોત્રાદિક બાહ્ય ઇન્દ્રિયોની શબ્દાદિક બાહ્ય વિષયોથી જે નિવૃત્તિ તેનું નામ દમ કહેવાય છે તથા અન્તઃકરણની જે તે શબ્દાદિક વિષયોથી નિવૃત્તિ તેનું નામ શમ કહેવાય છે તથા અનુકૂલતાથી સર્વ પ્રાણિયોને જ્ઞાનનો વિષય જે આનન્દ તેનું નામ સુખ કહેવાય છે તથા કેવળ અધર્મરૂપી કારણવાળું અને પ્રતિકૂલ રૂપવડે સર્વ પ્રાણિયોને જ્ઞાનનો વિષય એવો જે પરિતાપ તે દુઃખ કહેવાય છે તથા ભવ એટલે ઉત્પત્તિ અને ભાવ એટલે સત્તા તથા ત્રાસ રહિત જે થવું તે અભય કહેવાય છે અને એવી રીતે અહીંસા સમતા, સન્તોષ, તપ, દાન, યશ, અયશ, ઇત્યાદિક આ લોક પ્રસિદ્ધ એવાં જે નાના પ્રકારનાં સર્વે પ્રાણિયોનાં કાર્યો તે મારાથીજ ઉત્પન્ન થાય છે. ॥ ૪ ॥ ૫ ॥

मूलम्—महर्षयःसप्तपूर्वे चत्वारोमनवस्तथा ॥
मद्भावामानसाजाता येषांलोकइमाःप्रजाः ॥६॥

पदानि—महर्षयःसप्त पूर्वे चत्वारः मनवः तथा ॥
मद्भावाः मानसाः जाताः येषां लोकः इमाः प्रजाः ॥६॥

अन्वयार्थः-**पूर्वे** સૃષ્ટિના આદિકાળમાં ઉત્પન્ન થયેલા **सप्त** 'ભૃગુ આદિ' સાત **महर्षयः** મહર્ષિયો છે **तथा** તથા **चत्वारः** 'સાવર્ણી આદિક' ચાર **मनवः** મનુઓ છે **ते मद्भावाः** મારે પરાયણ છે.' તથા ' **मानसाः** મનના સંકલ્પમાત્રથી ઉત્પન્ન થયેલા છે

' તથા ' **येषां** જે ભૃગુ આદિકની **लोकः** આ લોકમાં **इमाः** આ **प्रजाः** ' બ્રાહ્મણાદિક ' પ્રજાઓ ' છે તે પણ મારાથી ' **जाताः** ઉત્પન્ન થાય છે.

टीका—પૂર્વે સૃષ્ટિના આદિકાળમાં ઉત્પન્ન થયેલા ભૃગુઆદિક સાત ઋષિયો છે. તે ઋષિયો વેદોના પાઠને તથા વેદોના અર્થને સારી રીતે જાણનારા છે તથા સર્વજ્ઞ છે તથા વેદવિદ્યાના સંપ્રદાયની પ્રવૃત્તિ કરનારા છે માટે તે ભૃગુઆદિક સપ્ત ઋષિયોને શાસ્ત્રોમાં મહર્ષિયો કહેલા છે. સૃષ્ટિના આદિકાળમાં ઉત્પન્ન થયેલા અને સાવર્ણી આદિક નામથી પ્રસિદ્ધ એવા ચાર મનુઓ, અથવા ॥ **महर्षयःसप्त** ॥ એ વચનવડે તો ભૃગુઆદિક સપ્ત મહર્ષિયોનું ગ્રહણ કરવું અને ॥ **पूर्वेचत्वारः** ॥ એ વચનવડે તો ભૃગુઆદિક સપ્ત ઋષિયોથી પણ પૂર્વે ઉત્પન્ન થયેલા એવા ચાર સનકાદિક મહાર્ષિયોનું ગ્રહણ કરવું અને ॥ **मनवस्तथा** ॥ એ વચનવડે સ્વાયંભુવઆદિક ચઉદ મનુઓનું ગ્રહણ કરવું. તે ભૃગુઆદિક સર્વે મારે વિષે ભાવનાવાળા છે તથા બ્રહ્માના સંકલ્પ માત્રથી ઉત્પન્ન થયેલા છે. જે ભૃગુઆદિકની આ લોકમાં બ્રાહ્મણાદિક પ્રજાઓ છે. ॥ ૬ ॥

मूलम्—**एतांविभूतिंयोगंच ममयोवेत्तितत्त्वतः ॥**
सोऽविकम्पेनयोगेन युज्यतेनात्रसंशयः ॥७॥

पदानि—**एतां विभूतिं योगं च मम यः वेत्ति तत्त्वतः ॥**
सः अविकम्पेन योगेन युज्यते न अत्र संशयः ॥७॥

अन्वयार्थः—**यः** જે ' પુરૂષ ' **मम** મારી **एतां** આ **विभूतिं** વિભૂતિને **च** તથા **योगं** યોગને **तत्त्वतः** યથાર્થ **वेत्ति** જાણે છે **सः** તે ' પુરૂષ ' **अविकम्पेन** અચલ **योगेन** યોગવડે **युज्यते** જોડાય છે **अत्र** એમાં **संशयः** સંશય **न** નથી.

टीका—ભૃગુઆદિ સપ્ત મહર્ષિરૂપ સનકાદિક તથા સ્વાયંભુવ આદિક ચઉદ મનુરૂપ જે મારી વિભૂતિ તથા બુદ્ધિને આદિ લઈ અયશ પર્યન્ત જે મારી વિભૂતિ તેને જે પુરૂષ જાણે તથા મારા યોગને જે જાણે છે તે પુરૂષ અચલ યોગ સાથે જોડાય છે એમાં કાંઇ સંશય નથિ. ॥ ૭ ॥

मूलम्—**अहंसर्वस्यप्रभवो-मत्तःसर्वंप्रवर्त्तते ॥**
इतिमत्वाभजन्तेमां बुधाभावसमन्विताः ॥८॥

पदानि—**अहं सर्वस्य प्रभवः मत्तः सर्वं प्रवर्त्तते ॥**
इति मत्वा भजन्ते मां बुधाः भावसमन्विताः ॥८॥

अन्वयार्थः—**अहं** હું **सर्वस्य** સર્વની **प्रभवः** ઉત્પત્તિનો કારણ છું 'તથા' **मत्तः** મારાથી **सर्वं** સઘળું **प्रवर्त्तते** પ્રવર્ત્તે છે **इति** એ પ્રકારે **मत्वा** માનીને **बुधाः** બુદ્ધિમન્ત 'પુરૂષો' **भावसमन्विताः** પ્રેમરૂપ ભાવવડે યુક્ત **थइ** **मां** મને **भजन्ते** ભજે છે.

टीका—હું આ સર્વનો ઉપાદાન કારણ તથા નિમિત્તનું કારણ છું તથા આ જગતનો ઉત્પત્તિસ્થિત્યાદિક વ્યવહાર પણ મારાથીજ પ્રવર્તે છે એવી રીતે મારા સ્વરૂપને વિવેકવડે જાણીને બુદ્ધિમન્ત પુરૂષો પરમાર્થતત્વના ગ્રહણરૂપ જે પ્રેમરૂપ ભાવ તેવડે યુક્ત થઇને મને ભજે છે અર્થાત્ નિરન્તર મારૂંજ ચિન્તન કરે છે. ॥ ૮ ॥

मूलम्—मच्चित्तामद्गतप्राणा बोधयन्तःपरस्परम् ॥
कथयन्तश्चमांनित्यं तुष्यन्तिचरमन्तिच ॥९॥

पदानि—मच्चित्ताः मद्गतप्राणाः बोधयन्तः परस्परम् ॥
कथयन्तः च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥९॥

अन्वयार्थः—**मच्चित्ताः** મારે વિષે છે ચિત્ત જેઓનું 'તથા' **मद्गतप्राणाः** મને પ્રાપ્ત થયા છે પ્રાણ જેઓના 'તથા' **परस्परं** પરસ્પર 'મારો' **बोधयन्तः** બોધ કરતા છતા **च** તથા **नित्यं** નિરન્તર **मां** મને **कथयन्तः** કથન કરતા છતા 'તે મારા ભક્તો' **तुष्यन्तिः** સન્તોષ પામે છે **च** તથા **रमन्ति** આનન્દ પામે છે.

टीका—જે પુરૂષો ચિત્તવડે સર્વદા મારૂંજ ચિન્તન કરે છે તથા જેના પ્રાણ પણ મારે વિષે છે તે પુરૂષો પરસ્પર મારો બોધ કરતા છતા તથા નિરન્તર મને કથન કરતા છતા સન્તોષ પામે છે અને આનન્દ પામે છે. તે સન્તોષવડે વિદ્વાન્ પુરૂષો સર્વોત્તમ સુખનો અનુભવ કરે છે. સન્તોષવડે ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે ત્યાં પતંજલિ ભગવાનનું સૂત્ર છે ॥ **सन्तोषादनुत्तमःसुखलाभः** ॥ અધિકારી પુરૂષને સન્તોષથી સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. ॥ ૯ ॥

मूलम्—तेषांसततयुक्तानां भजतांप्रीतिपूर्वकम् ॥
ददामिबुद्धियोगंतं ॥ येनमामुपयान्तिते ॥१०॥

पदानि—तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ॥
ददामि बुद्धियोगं तं येन मां उपयान्ति ते ॥१०॥

अन्वयार्थः—**सततयुक्तानां** મારે વિષે નિરન્તર બુદ્ધિ રાખનારા 'તથા' **प्रीतिपूर्वकं** પ્રીતિપૂર્વક **भजतां** 'મારૂં' ભજન કરનારા **तेषां** 'તે ભક્તજનોના **तं** તે

'પ્રથમ કહેલા' **बुद्धियोगं** બુદ્ધિયોગને 'હું' **ददामि** ઉત્પન્ન કરૂં છું **येन** જે 'બુદ્ધિયોગવડે **ते** તે 'ભક્તજનો' **मां** મને **उपयान्ति** પામે છે.

टीका--મારે વિષે નિરન્તર બુદ્ધિ રાખનારા તથા પ્રીતિસહિત મારૂં ભજન કરનારા ભકતજનોને પ્રથમ કહેલો બુદ્ધિયોગ હું ઉત્પન્ન કરૂં છું કે જે બુદ્ધિયોગવડે તે ભક્તજનો મને પામે છે. જેમ ગંગાયમુનાદિક નદિયો નામરૂપનો ત્યાગ કરી સમુદ્રમાં મળે છે તેમ મારા ભક્ત પણ મારી ભક્તિવડે ઉત્પન્ન થયેલા સાક્ષાત્કારથી મને પામે છે. ॥૧૦॥

મૂલમ્—तेषामेवानुकम्पार्थ-महमज्ञानजंतमः ॥
नाशयाम्यात्मभावस्थोज्ञानदीपेनभस्वता ॥११॥

પદાનિ—तेषां एव अनुकम्पार्थं अहं अज्ञानजं तमः ॥
नाशयामि आत्मभावस्थः ज्ञानदीपेन भास्वता ॥११॥

अन्वयार्थः--**तेषां एव** તેઓનાજ **अनुकम्पार्थं** અનુગ્રહમાટે **आत्मभावस्थः** આત્મભાવમાં રહેલો **अहं** હું **भास्वता** ચિદાભાસ યુક્ત **ज्ञानदीपेन** તે વૃત્તિજ્ઞાનરૂપ દીવાવડે "તેઓના" **अज्ञानजं** અજ્ઞાનથી ઉત્પન્ન થએલા **तमः** 'આવરણરૂપ' તમને **नाशयामि** નાશ કરૂં છું.

टीका પ્રથમ કહ્યા પ્રમાણે જે અધિકા[illegible] પુરૂષો મારૂં ભજન કરે છે તે ભક્તજનો ઉપર દયા કરવા માટે અર્થાત્ આ મારા ભકતોનું કોઈ પણ પ્રકારે શ્રેય થાય એ પ્રકારના અનુગ્રહને માટે હું અન્તર્યામી એ ભકતોના આત્મભાવમાં રહીને તેઓના ચિદાભાસયુક્ત અન્તઃકરણની વૃત્તિરૂપ જ્ઞાનદીપકવડે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અન્ધકારનો નાશ કરૂં છું ॥ ૧૧ ॥

अर्जुनउवाच.

મૂલમ્—परंब्रह्मपरंधाम पवित्रंपरमंभवान् ॥
पुरुषंशाश्वतंदिव्य-मादिदेवमजंविभूम् ॥१२॥
आहुस्त्वामृषयस्सर्वे देवर्षिर्नारदस्तथा ॥
असितोदेवलोव्यासः स्वयंचैवब्रवीषिमे ॥१३॥

પદાનિ—परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ॥
पुरुषं शाश्वतं दिव्यं आदिदेवं अजं विभुम् ॥१२॥
आहुः त्वां ऋषयः सर्वे देवर्षिः नारदः तथा ॥
असितः देवलः व्यासः स्वयं च एव ब्रवीषि मे ॥१३॥

अन्वयार्थः— **परं** પર **ब्रह्म** બ્રહ્મ ' તથા **परं** પર **धाम** ધામ ' તથા ' **परमं** પરમ **पवित्रं** પવિત્ર **भवान्** આપછો ' કારણકે **सर्वे** ' ભૃગુઆદિક સર્વે **ऋषयः** ઋષિયો **तथा** તથા **देवर्षिः** દેવર્ષિ **नारदः** નારદ ' તથા ' **असितः** અસિત **देवलः** દેવલ **व्यासः** વ્યાસ ' એ સર્વે ' **मे** મને **त्वां** તમને **पुरुषं** પુરૂષ **शाश्वतं** શાશ્વત **दिव्यं** દિવ્ય **आदिदेवं** આદિદેવ **अजं** અજ **विभुं** વિભુરૂપ **आहुः** કહે છે **च** તથા **स्वयं एव** સાક્ષાત્ આપજ ' એમ ' **ब्रवीषि** કહો છો.

टीका— હે ભગવન્ તત્વવેત્તા પુરૂષોને પામવા યોગ તથા સર્વ ઉપાધિયોથી રહિત એવું જે નિર્વિકાર બ્રહ્મ તે આપજ છો તથા આપ પરમધામરૂપ છો અર્થાત્ પરમ પ્રકાશ રૂપ છો તથા આપ પરમ પવિત્ર છો અર્થાત્ લોકશાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા જેટલા તીર્થાદિક પદાર્થો છે તે સર્વથી આપ પરમ ઉત્તમ તથા પવીત્ર કરનારા છો. જો આપ આવી રીતે શંકા કરશો કે એવું મારૂં સ્વરૂપ તે કેવળ પોતાની બુદ્ધિવડે નિશ્ચય કર્યો છે કે કોઇ પ્રમાણોથી નિશ્ચય કર્યો છે? તો ત્યાં હું કહું છું કે હે ભગવન્! જ્ઞાનનિષ્ઠાવાળા જે ભૃગુઆદિક ઋષિયો તથા દેવર્ષિ નારદ, અસિતઋષિ, દેવલઋષિ, વ્યાસમુની, એ સર્વે મારી પ્રત્યે તમારા સ્વરૂપનું કથન કરે છે તે એવી રીતે કે શ્રી કૃષ્ણભગવાન્ સાક્ષાત પરબ્રહ્મરૂપ છે તથા ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળમાં એક રૂપ છે તથા દિવ્ય છે અર્થાત્ સર્વ પ્રપંચથી રહિત છે તથા આદિદેવ છે અર્થાત સર્વ જગતના કારણ અને સ્વપ્રકાશ છે તથા જન્મથી રહિત છે તથા સર્વ વ્યાપક છે. હે ભગવાન્! ભૃગુઆદિક ઋષિયોજ મને એવી રીતે આપના સ્વરૂપને કહેતા નથિ પણ આપણા વેદરૂપ વચનોને અનુસારેજ તે ઋષિયોનાં વચન પ્રમાણરૂપ થાય છે. આપ સાક્ષાત્ પણ એવી રીતેજ મને (**भोक्तारंयज्ञतपसां**) ઇત્યાદિક વાક્યોથી પોતાના સ્વરૂપને કહો છો. ॥ ૧૨ ॥ ૧૩ ॥

मूलम्--सर्वमेतदृतंमन्ये यन्मांवदसिकेशव ॥
नहितेभगवन्व्यक्तिं विदुर्देवानदानवाः ॥१४॥

पदानि—सर्वं एतत् ऋतं मन्ये यत् मां वदसि केशव ॥
न हि ते भगवन् व्यक्तिं विदुः देवाः न दानवाः ॥१४॥

अन्वयार्थः—**केशव** હે કેશવ! **मां** મારી પ્રત્યે **यत्** જે " વચન આપ **वदसि** કહો છો **एतत्** એ **सर्वं** સર્વ **ऋतं** સત્ય **मन्ये** માનું છું **हि** કારણ કે **भगवन्** હે ભગવન્! **ते** તમારા **व्यक्तिं** પ્રભાવને **देवाः** દેવતાઓ ' તથા **दानवाः** દાનવો **न विदुः** જાણતા નથિ.

टीका—મને જે આપે આપનું સ્વરૂપ કહેલુ છે તથા ભૃગુઆદિક ઋષિઓયે જે આપનું સ્વરૂપ કહેલું છે તે સર્વ વચનોને હું માનું છું પણ તેમાં મને કાંઇ પણ અપ્રમાણપણાની શંકા થતી નથિ એ મારા હૃદયની વાતને આપ સર્વજ્ઞ હોવાથી જાણો છો. હે

ભગવાન્ ! આપના સ્વભાવને સર્વજ્ઞ એવા ઇન્દ્રાદિક દેવ તથા બીજા દાનવ અને ભૃગુઆદિક મહર્ષિયો પણ જાણી શકતા નથી તો પછી આ કાળમાં અલ્પજ્ઞ એવા મનુષ્યો આપના તે પ્રભાવને જાણી ન શકે એમાં શું કહેવું ? ॥ ૧૪ ॥

मूलम्—स्वयमेवात्मनाऽत्मानं वेत्थत्वंपुरुषोत्तम ॥
भूतभावनभूतेश देवदेवजगत्पते ॥ १५ ॥

पदानि—स्वयं एव आत्मना आत्मानं वेत्थ त्वं पुरुषोत्तम ॥
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥ १५ ॥

अन्वयार्थः—**पुरुषोत्तम** હે પુરૂષોમાં ઉત્તમ ! **भूतभावन** હે સર્વ ભૂતોને ઉત્પન્ન કરનાર ! **भूतेश** હે સર્વ ભૂતોના નિયન્તા ! **देवदेव** હે દેવોના પણ દેવ ! **जगत्पते** હે જગતના પતિ ! **स्वयं एव** પોતાની મેળેજ **त्वं** તમે **आत्मना** પોતાના સ્વરૂપવડે **आत्मानं** પોતાના આત્માને **वेत्थ** જાણો છો.

टीका—હે પુરૂષોમાં ઉત્તમ ! હે સર્વે ભૂતોના ઉત્પન્ન કરનાર ! હે સર્વે ભૂતોના નિયન્તા ! હે દેવોના પણ દેવ ! હે જગત્‌નાપ્રતિ ! ; તમે કોઇના ઉપદેશવિના પોતાના આત્માને પોતાની મેળે જાણો છો. **पुरुषोत्तम** 'એ સંબોધન ઉપરથી અર્જુને એવો અર્થ જણાવ્યો કે તમારી અપેક્ષાથી બીજા સર્વ પુરૂષો અપકૃષ્ટ છે માટે બીજા પુરૂષોને જાણવાને જે અર્થ અશક્ય છે તે સર્વે અર્થ આપ પુરૂષોત્તમને જાણવા યોગ્ય છે. ॥ ૧૫ ॥

मूलम्—वक्तुमर्हस्यशेषेण-दिव्याह्यात्मविभूतयः ॥
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वंव्याप्यतिष्ठसि ॥१६॥

पदानि—वक्तुं अर्हसि अशेषेण दिव्याः हि आत्मविभूतयः ॥
याभिःविभूतिभिःलोकान् इमान् त्वं व्याप्य तिष्ठसि ॥१६॥

अन्वयार्थः—**याभिः** જે **विभूतिभिः** વિભૂતિયોવડે **इमान्** આ **लोकान्** સર્વે લોકને **व्याप्य** વ્યાપીને **त्वं** તમે **तिष्ठसि** રહો છો ' તે વિભૂતિયો ' **दिव्याःहि** દિવ્યજ છે ' માટે આપ ' **अशेषेण** સમગ્ર **आत्मविभूतयः** પોતાની વિભૂતિયો **वक्तुं** કહેવાને **अर्हसि** યોગ્ય છો.

टीका—જે પોતાની વિભૂતિયોવડે આપ આ મનુષ્ય લોકને આદિ લઇ બ્રહ્મલોક પર્યન્ત સર્વે લોકને પ્રાપ્ત કરી રહેલા છો તે આપની અસાધારણ વિભૂતિયો દિવ્યજ છે અર્થાત્ અમારા જેવા અસર્વજ્ઞ પુરૂષો તેને પોતાની મેળે જાણવાને અશક્ય છે. અને એ વિભૂતિયો જાણવી તો અવશ્ય જોઇએ માટે આપજ તે વિભૂતિયો કહેવાને યોગ્ય છો. ૧૬

मूलम्—कथंविद्यामहंयोगिं-स्त्वांसदापरिचिन्तयन् ॥
केषुकेषुचभावेषु चिन्त्योऽसिभगवन्मया ॥१७॥

पदानि—कथं विद्या अहं योगिन् त्वां सदा परिचिन्तयन् ॥
केषु केषु च भावेषु चिन्त्यः असि भगवन् मया ॥१७॥

अन्वयार्थः—**योगिन्** હે યોગિન્ **अहं** હું **सदा** નિરન્તર **परिचिन्तयन्** ધ્યાન કરતો છતો **त्वां** તમને **कथं** કેવી રીતે **विद्यां** જાણું **च** તથા **भगवन्** હે ભગવન્ ! **केषु केषु** કઇ કઇ **भावेषु** વસ્તુઓમાં **मया** મારે ' તમે **चिन्त्यः** ચિન્તન કરવા યોગ્ય **असि** છો.

टीका—હે યોગીન્ ! અત્યન્ત સ્થૂલ બુદ્ધિવાળો હું સર્વકાળમાં તમારૂં ધ્યાન કરતો છતો દેવાદિકોથી પણ જાણવાને અશક્ય એવા તમોને કેવી રીતે જાણું અને હે ભગવન્ ! તમારી વિભૂતિરૂપ કઇ કઇ વસ્તુઓમાં મારે આપ ચિન્તન કરવા યોગ્ય છો અર્થાત કઈ કઈ વિભૂતિયોમાં હું આપનું ચિન્તન કરૂં તે મને કહો. ॥૧૭॥

मूलम्—विस्तरेणात्मनोयोगं विभूतिंचजनार्द्दन ॥
भूयःकथयतृप्तिर्हि शृण्वतोनास्तिमेऽमृतम् ॥१८॥

पदानि—विस्तरेण आत्मनः योगं विभूतिं च जनार्द्दन ॥
भूयः कथय तृप्तिः हि शृण्वतः नास्ति मे अमृतम् ॥१८॥

अन्वयार्थः—**जनार्द्दन** હે જનાર્દન ' આપ ' **आत्मनः** પોતાના **योगं** યોગને **च** તથા **विभूतिं** વિભૂતિને **भूयः** ફરીને **विस्तरेण** વિસ્તારવડે **कथय** કહો **हि** કારણકે ' તમારા વચનરૂપ ' **अमृतं** અમૃતને **शृण्वतः** સાંભળતાં **मे** મારી **तृप्तिः** તૃપ્તિ **न अस्ति** થતી નથી.

टीका—હે જનાર્દન ! સર્વજ્ઞપણું તથા સર્વ શક્તિસંપન્નપણું, ઇત્યાદિ ઐશ્વર્યતારૂપ જે યોગ તેને તથા અધિકારી મનુષ્યોને ધ્યાનના આલમ્બનરૂપ જે વિભૂતિયો તેને આપ ફરીથી વિસ્તાર કરીને કહો; જો કે તે યોગને તથા વિભૂતિને આપ સપ્તમ અધ્યાયમાં તથા નવમ અધ્યાયમાં સંક્ષેપથી કહી આવ્યા છો તથાપિ હમણાં તે યોગને તથા વિભૂતિને વિસ્તારથી કહો. કારણ કે તમારાં વચનરૂપ અમૃતને સાંભળતો એવો જે હું તેને તૃપ્તિ નથિ ॥ ૧૮ ॥

श्रीभगवानुवाच.

मूलम्—हन्ततेकथयिष्यामि दिव्याह्यात्मविभूतयः ॥

प्राधान्यत:कुरुश्रेष्ठ नास्त्यन्तोविस्तरस्यमे ॥१९॥

पदानि—हन्त ते कथयिष्यामि दिव्याः हि आत्मविभूतयः ॥
प्राधान्यतः कुरुश्रेष्ठ न अस्ति अन्तःविस्तरस्य मे ॥१९॥

अन्वयार्थः—**कुरुश्रेष्ठ** હે કુરૂકુલમાં શ્રેષ્ઠ ! **हन्त** હમણાં **ते** તને **हि** પ્રસિદ્ધ ‘ તથા ’ **दिव्याः** દિવ્ય **आत्मविभूतयः** મારી વિભૂતિયો **प्राधान्यतः** પ્રધાનપણાથી **कथयिष्यामि** કહીશ ‘ કારણકે ’ **मे** મારી ‘ વિભૂતિયોના ’ **विस्तरस्य** વિસ્તારનો **अन्तः** પાર **न अस्ति** નથિ.

टीका—આ ઠેકાણે **हन्त** એ શબ્દ **इदानीं** એ અર્થનો કહેનારો છે અર્થાત હમણાં એ વિભુતિયો તને કહું છું અથવા એ શબ્દ અનુમતિ અર્થ કહેનારો છે અર્થાત મારી પાસે જે અર્થ જાણવાની તેં પ્રાર્થના કરી છે તે અર્થ અવસ્ય હું તને કહીશ તું વ્યાકુલ થઇશમાં; એ પ્રકારનું ધૈર્ય આપીને શ્રીભગવાન્ કહે છે કે હે કુરૂકુલમાં શ્રેષ્ઠ પ્રસિદ્ધ અને દિવ્ય એવી મારી વિભૂતિયો પ્રધાનપણાથી હું તને કહીશ કારણકે મારી વિભુતિયોના વિસ્તારનો પાર નથિ. ॥ ૧૯ ॥

मूलम्—अहमात्मागुडाकेश सर्वभूताशयस्थितः ॥
अहमादिश्चमध्यंच भूतानामन्तएवच ॥२०॥

पदानि—अहं आत्मा गुडाकेश सर्वभूताशयस्थितः ॥
अहं आदिः च मध्यं च भूतानां अन्तः एव च ॥२०॥

अन्वयार्थः—**गुडाकेश** હે અર્જુન ! **सर्व भूताशयस्थितः** સર્વ પ્રાણિયોના હૃદય દેશમાં રહેલો **आत्मा** આત્મારૂપ **अहं** હું છું **च** તથા **अहं एव** હુંજ **भूतानां** સર્વ ભૂતોની **आदिः** ઉત્પત્તિ છું **च** તથા **अन्तः** વિનાશ છું.

टीका—હે અર્જુન ! સર્વ પ્રાણિયોના હૃદય દેશમાં પરમાત્મારૂપ એવો હું રહ્યો છું એમ જાણી તારે મારૂં ધ્યાન કરવું અને એવી રીતે ધ્યાન કરવામાં જો તું અસમર્થ હો તો લોકમાં ચેતનરૂપવડે પ્રસિદ્ધ એવા જેટલા પ્રાણિયો છે તે સર્વની હું ઉત્પત્તિ, સ્થિતિ, તથા વિનાશ કરનાર છું અર્થાત્ સર્વ પ્રાણિયોની ઉત્પત્તિ સ્થિતિ નાશરૂપવડે તથા કારણરૂપવડે હુંજ તને ધ્યાન કરવા યોગ્ય છું. ॥ ૨૦ ॥

मूलम्—आदित्यानामहंविष्णु-र्ज्योतिषांरविरंशुमान् ॥
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहंशशी ॥२१॥

पदानि—आदित्यानां अहं विष्णुः ज्योतिषां रविःअंशुमान् ॥
मरीचिः मरुतां अस्मि नक्षत्राणां अहं शशी ॥२१॥

अन्वयार्थः—**आदित्यानां**,આદિત્યોની મધ્યે **अहं** હું **विष्णुः** વિષ્ણુ ' નામનો આદિત્ય ' **ज्योतिषां** પ્રકાશ કરનારાઓમાં **अंशुमान्** કિરણોવાળો **रविः** સૂર્ય **मरुतां** મરૂતગણોમાં **मरीचिः** મરીચિ નામનો મરૂત ' તથા ' **नक्षत्राणां** ,નક્ષત્રોની મધ્યે **शशी** ચન્દ્રમા **अहं** હું **अस्मि** છું.

टीका—બાર આદિત્યોની મધ્યમાં વિષ્ણુ નામનો આદિત્ય હું છું તથા અગ્નિને આદિ લઇ જેટલા પ્રકાશ કરનારા છે તે સર્વ પ્રકાશકોની મધ્યે સૂર્ય જે છે તે હું છું તથા મરૂતગણ નામે ઓગણપચાસ જે કોઇ દેવ વિશેષ છે તે મરૂતોની મધ્યે મરીચિ નામનો મરૂત હું છું તથા અશ્વિનીને આદિ લઇ આકાશમાં રહેલાં જેટલાં નક્ષત્રો છે તે સર્વ નક્ષત્રોનો અધિપતિ જે ચન્દ્રમા તે પણ હું છું. ॥ ૨૧ ॥

मूलम्—वेदानांसामवेदोऽस्मि देवानामस्मिवासवः
इन्द्रियाणांमनश्चास्मि भूतानामस्मिचेतना ॥२२॥

पदानि—वेदानां सामवेदः अस्मि देवानां अस्मि वासवः ॥
इन्द्रियाणां मनःच अस्मि भूतानां अस्मि चेतना ॥२२॥

अन्वयार्थः—**वेदानां** વેદોની મધ્યે **सामवेदः** સામવેદ **अस्मि** હું છું **देवानां** દેવોની મધ્યે **वासवः** ઇન્દ્ર **अस्मि** હું છું **च** તથા **इन्द्रियाणां** ઇન્દ્રિયોની મધ્યે **मनः** મન **अस्मि** હું છું 'તથા' **भूतानां** ભૂતોની મધ્યે **चेतना** ચેતના **अस्मि** હું છું.

टीका—ઋક્, યજુષ્, સામ અને અથર્વણ એ ચાર વેદમાં ગાયનની મધુરતાથી રમણીય એવો સામવેદ હું છું તથા અગ્નિ, વાયુ આદિક સર્વ દેવોની મધ્યે તે સર્વ દેવોનો અધિપતિ એવો જે ઇન્દ્ર તે હું છું તથા ચક્ષુ, શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, વાયુ, ઉપસ્થ, અને મન એ અગીઆર ઇન્દ્રિયોની મધ્યે સર્વ ઇન્દ્રિયોનું પ્રવર્ત્તક એવું જે મન તે હું છું તથા ભૂતોની મધ્યે ચૈતન્યને સ્પષ્ટ કરનારી જે બુદ્ધિની વૃત્તિરૂપ ચેતના તે પણ હું છું. ॥ ૨૨ ॥

मूलम्—रुद्राणांशंकरश्चास्मि वित्तेशोयक्षरक्षसाम् ॥
वसूनापावकश्चास्मि मेरुःशिखरिणामहम् ॥२३॥

पदानि—रुद्राणां शङ्करः च अस्मि वित्तेशः यक्षरक्षसाम् ॥
वसूनां पावकः च अस्मि मेरुः शिखरिणां अहम् ॥२३॥

अन्वयार्थः—**रुद्राणां** રૂદ્રોની મધ્યે **शंकरः** શંકર **अस्मि** હું છું **च** તથા **यक्षराक्षसां** યક્ષરાક્ષસોની મધ્યે **वित्तेशः** કુબેર 'હું છુ' **च** તથા **वसूनां** વસૂઓની મધ્યે **पावकः** અગ્નિ **अस्मि** હું છું 'તથા' **शिखरिणां** પર્વતોની મધ્યે **मेरुः** મેરૂ પર્વત તે પણ **अहं** હું છું.

टीका—અગીઆર રૂદ્રોની મધ્યે મોક્ષરૂપ આનન્દની પ્રાપ્તિ કરનારા શંકર નામનો રૂદ્ર હું છું તથા યક્ષરાક્ષસોની મધ્યે સંપૂર્ણ ધનનો અધિપતિ જે કુબેર તે હું છું તથા આઠ વસૂઓની મધ્યે અત્યન્ત શ્રેષ્ઠ એવો અગ્નિ હું છું તથા નાનાપ્રકારના રત્નરૂપ શિખરવાળા પર્વતોની મધ્યે સુવર્ણમય અને અત્યન્ત રમણીય એવો જે સુમેરૂ પર્વત તે પણ હું છું. ॥ ૨૩ ॥

मूलम्—पुरोधसांचमुख्यंमां विद्धिपार्थबृहस्पतिम् ॥
सेनानीनामहंस्कन्दः सरसामस्मिसागरः ॥२४॥

पदानि—पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ बृहस्पतिम् ॥
सेनानीनां अहं स्कन्दः सरसां अस्मि सागरः ॥२४॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! પુરોહિતો(ની) મધ્યે **मां** મને **मुख्यं** સર્વથી શ્રેષ્ઠ **बृहस्पतिम्** બૃહસ્પતિરૂપ **विद्धि** જાણ **च** તથા **सेनानीनां** સેનાપતિયોની મધ્યે **स्कन्दः** સ્કંદ **अहं** હું છું 'તથા' **सरसां** સરોવરની મધ્યે **सागरः** સાગર **अस्मि** હું છું.

टीका—હે પાર્થ ! સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ અને ત્રણ લોકનો પતિ એવો જે ઇન્દ્ર તેના પણ પુરોહિત એવા જે બૃહસ્પતિ તે સર્વ રાજાઓના પુરોહિતોથી શ્રેષ્ઠ છે માટે સર્વ પુરોહિતોની મધ્યે મને તું બૃહસ્પતિરૂપે જાણ તથા સર્વ સેનાપતિયોની મધ્યે દેવોની સેનાના પતિ જે સ્કન્દ તે હું છું તથા સરોવરોને વિષે સાગર તે પણ હું છું. ॥ ૨૪ ॥

मूलम्—महर्षीणांभृगुरहं गिरामस्म्येकमक्षरम् ॥
यज्ञानांजपयज्ञोऽस्मि स्थावराणांहिमालयः ॥२५॥

पदानि—महर्षीणां भृगुः अहं गिरां अस्मि एकं अक्षरम् ॥
यज्ञानां जपयज्ञः अस्मि स्थावराणां हिमालयः ॥२५॥

अन्वयार्थः—**महर्षीणां** મહર્ષિયોની મધ્યે **भृगुः** ભૃગુ 'નામના ઋષિ' **अस्मि** હું છું **गिरां** 'સર્વ' ગિરાઓની મધ્યે 'ૐકારરૂપ' **एकं** એક **अक्षरं** અક્ષર **अस्मि** હું છું **यज्ञानां** યજ્ઞોની મધ્યે **जपयज्ञः** જપરૂપ યજ્ઞ **अस्मि** હું છું 'તથા' **स्थावराणां** સ્થાવરોની મધ્યે **हिमालयः** હિમાલય 'પર્વત' હું છું.'

टीका—બ્રહ્માના પુત્રરૂપ એવા મહર્ષિયોની મધ્યે અત્યન્ત તેજસ્વી એવા જે ભૃગુમુનિ તે હું છું તથા અર્થને કહેનાર એવાં પદરૂપ જેટલી વાણી છે તે સર્વ વાણિયોની મધ્યે બ્રહ્મનો વાચક જે ૐકાર તે હું છું તથા અશ્વમેધ અને જ્યોતિષ્ટોમાદિક સર્વ યજ્ઞોને વિષે અત્યન્ત શુદ્ધિ કરનારો જપયજ્ઞ હું છું તથા જેટલા સ્થાવર પદાર્થો છે તેઓની મધ્યે હિમાલય પર્વત તે પણ હું છું. ॥ ૨૫ ॥

मूलम्—अश्वत्थःसर्ववृक्षाणां देवर्षीणांचनारदः ॥
गन्धर्वाणांचित्ररथः सिद्धानांकपिलोमुनिः ॥२६॥

पदानि—अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ॥
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलः मुनिः ॥२६॥

अन्वयार्थः—सर्ववृक्षाणां સર્વ વૃક્ષોની મધ્યે **अश्वत्थः** પિપળો ' હું છું ' **च** તથા **देवर्षीणां** દેવર્ષિયોની મધ્યે **नारदः** નારદ ' હું છું ' તથા ' **गन्धर्वाणां** ' સર્વ ' ગન્ધર્વોની મધ્યે **चित्ररथः** ચિત્રરથ 'ગન્ધર્વ હું છું તથા' **सिद्धानां** સિદ્ધોની મધ્યે **कपिलः** કપિલ **मुनिः** મુનિ ' હું છું.'

टीका—વનસ્પતિરૂપ સર્વ વૃક્ષો[illegible] મધ્યે પિપળાનું વૃક્ષ હું છું તથા દેવર્ષિયોમાં નારદ ઋષિ હું છું તથા ગાયન કરનારા ગન્ધર્વોની મધ્યે ચિત્રરથ નામનો ગન્ધર્વ હું છું જે પુરૂષો પ્રયત્ન વિના જન્મમાત્રવડે ધર્મજ્ઞાન વૈરાગ્ય અને ઐશ્વર્યાદિક ગુણોને પ્રાપ્ત થાય છે તથા પરમાર્થ વસ્તુનો નિશ્ચય કરે છે તેઓનું નામ સિદ્ધ કહેવાય છે એવા સિદ્ધપુરૂષોને વિષે કપિલ મુનિ તે પણ હું છું ॥ ૨૬ ॥

मूलम्—उचैःश्रवसमश्वानां विद्धिमाममृतोद्भवम् ॥
ऐरावतंगजेन्द्राणां नराणांचनराधिपम् ॥२७॥

पदानि—उच्चैःश्रवसं अश्वानां विद्धि मां अमृतोद्भवम् ॥
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥२७॥

अन्वयार्थः—अश्वानां અશ્વોની મધ્યે **अमृतोद्भवं** અમૃતમાટે મથન કરતાં ઉત્પન્ન થયેલો **उच्चैःश्रवसं** ઉચ્ચૈઃશ્રવા 'નામનો અશ્વ' **मां** મને **विद्धि** જાણ **गजेन्द्राणां** મ્હોટા હાથિયોમાં **ऐरावतं** ઐરાવત 'નામનો હાથી મને જાણ' **च** તથા **नराणां** પુરૂષોની મધ્યે **नराधिपम्** રાજારૂપ 'મને જાણ.'

टीका—સર્વ અશ્વોની મધ્યે અત્યન્ત શ્રેષ્ઠ એવો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ હું છું એમ મને તું જાણ, જે ઉચ્ચૈઃશ્રવા અમૃતની પ્રાપ્તિમાટે સમુદ્રનું મંથન કરતાં ઉત્પન્ન થયો

હતો. સર્વ મ્હોટા હાથિયોમાં ઐરાવત નામનો હાથી તું મને જાણ્ કે જે ઐરાવત હાથી અમૃતની પ્રાપ્તિ માટે મંથન કરતાં સમુદ્રથી પ્રગટ થયો હતો. સર્વ પુરૂષોના મધ્યે સર્વ પ્રજાને ધર્મમાં પ્રવૃત્તિ કરનારો તથા અધર્મની નિવૃત્તિ કરનારો જે રાજા તે તું મને જાણ્.

મૂલમ્—आयुधानामहंवज्रं धेनूनामस्मिकामधुक् ॥
प्रजनश्चास्मिकन्दर्पः सर्पाणामस्मिवासुकिः ॥२८॥

પદાનિ—आयुधानां अहं वज्रं धेनूनां अस्मि कामधुक् ॥
प्रजनः च अस्मि कन्दर्पः सर्पाणां अस्मि वासुकिः ॥२८॥

अन्वयार्थः—आयुधानां આયુધોની મધ્યે **वज्रं** વજ્ર **अहं** હું **अस्मि** છું **धेनूनां** 'સર્વ' ધેનુઓની મધ્યે **कामधुक्** કામધેનુ 'હું છું' **च** તથા 'સર્વ કામોની મધ્યે **प्रजनः** પુત્રની ઉત્પત્તિરૂપ અર્થવાળો **कन्दर्पः** કામ **अस्मि** હું છું 'તથા' **सर्पाणां** સર્પોની મધ્યે **वासुकिः** વાસુકિ 'નામનો સર્પ **अस्मि** હું છું.

टीका—સર્વ આયુધોની મધ્યે દધિચિ ઋષિના હાડકાંથી ઉત્પન્ન થયેલું જે વજ્ર તે હું છું તથા દુધ આપનારી સર્વ ધેનુઓની મધ્યે મનવાંછિત કામ પ્રાપ્તિ કરનારી તથા સમુદ્રના મંથનથી પ્રગટ થયેલી જે કામધેનુ તથા મૈથુનની અભિલાષારૂપ સર્વ કામોની મધ્યે પુત્રની ઉત્પત્તિને માટે જે કામ છે તે હું છું તથા સર્વ સર્પોની મધ્યે વાસુકિ નામનો સર્પ હું છું આ ઠેકાણે ॥ **प्रजनश्च** ॥ એ વચનમાં રહેલો **च**કાર પુત્રની ઉત્પત્તિવિના વ્યર્થ મૈથુનના હેતુરૂપ કામની નિવૃત્તિનો બોધ કરે છે. ॥ ૨૮ ॥

મૂલમ્—अनन्तश्चास्मिनागानां वरुणोयादसामहम् ॥
पितृणामर्यमाचास्मि यमःसंयमतामहम् ॥२९॥

પદાનિ--अनन्तः च अस्मि नागानां वरुणः यादसां अहम् ॥
पितृणां अर्यमा च अस्मि यमः संयमतां अहम् ॥२९॥

अन्वयार्थः—नागानां નાગોની મધ્યે **अनन्तः** અનન્ત 'નાગ' **अहं** હું **अस्मि** છું **च** તથા **यादसां** જલચરોની મધ્યે **वरुणः** વરૂણ 'હું છું' **च** તથા **पितृणां** પિતરોની મધ્યે **अर्यमा** અર્યમા **अस्मि** હું છું 'તથા' **संयमतां** નિયમ કરનારાઓની મધ્યે **यमः** યમ **अहं** હું છું.

टीका—સર્વ નાગોની મધ્યે સર્વ નાગના રાજારૂપ અને શેષ એવા નામવાળા જે અનન્ત નાગ તે હું છું તથા સર્વ જલચારી જીવોના રાજારૂપ વરૂણ હું છું તથા સર્વ પિતરોની મધ્યે સર્વ પિતરોના રાજા એવા અર્યમા નામના જે પિતર છે તે હું છું તથા ધર્માધર્મના સુખદુઃખરૂપ ફલની પ્રાપ્તિ કરીને અનુગ્રહ નિગ્રહરૂપ સંયમ કરનારા જેટલા સમર્થ પુરૂષો છે તે સર્વમાં શ્રેષ્ઠ એવો યમ હું છું ॥ ૨૯ ॥

मूलम्—प्रल्हादश्चास्मिदैत्यानां कालःकलयतामहम् ॥
मृगाणांचमृगेन्द्रोऽहं वैनतेयश्चपक्षिणाम् ॥३०॥

पदानि—प्रह्लादः च अस्मि दैत्यानां कालः कलयतां अहम् ॥
मृगाणां च मृगेन्द्रः अहं वैनतेयः च पक्षिणाम् ॥३०॥

अन्वयार्थः—**दैत्यानां** દૈત્યોની મધ્યે **प्रल्हादः** પ્રલ્હાદ **अहं** હું **अस्मि** છું **च** તથા **कलयतां** સંખ્યા કરનારાઓની મધ્યે **कालः** કાલ 'હું છું' **च** તથા **मृगाणां** મૃગાદિક પશુઓની મધ્યે **मृगेन्द्रः** સિંહ **अहं** હું છું **च** તથા **पक्षिणां** સર્વ પક્ષિયોની મધ્યે **वैनतेयः** ગરૂડ પણ હું છું.

टीका—દિતિના વંશમાં ઉત્પન્ન થયેલા સર્વ દૈત્યોની મધ્યે પ્રલ્હાદ હું છું તથા જેટલા સંખ્યાની ગણુના કરનારા છે તે સર્વની મધ્યે કાલ હું છું તથા મૃગને આદિ લઇ સઘળાં પશુઓની મધ્યે સર્વ પશુઓનો રાજા જે સિંહ તે હું છું તથા સર્વ પક્ષિયોની મધ્યે પક્ષિયોનો રાજા જે ગરૂડ તે પણ હું છું. ॥ ૩૦ ॥

मूलम्—पवनःपवतामस्मि रामःशस्त्रभृतामहम् ॥
झषाणांमकरश्चास्मि स्रोतसामस्मिजाह्नवी ॥३१॥

पदानि—पवनः पवतां अस्मि रामः शस्त्रभृता अहम् ॥
झषाणां मकरः च अस्मि स्रोतसां अस्मि जाह्नवी ॥३१॥

अन्वयार्थः—**पवतां** વેગવાળાઓની મધ્યે **पवनः** વાયુ **अहं** હું **अस्मि** છું 'તથા' **शस्त्रभृतां** શસ્ત્રધારિયોની મધ્યે **रामः** રામ 'હું છું' **च** 'તથા' **झषाणां** મત્સ્યોને વિષે **मकरः** મગર **अस्मि** હું છું 'તથા' **स्रोतसां** નદિયોની મધ્યે **जाह्नवी** ગંગા **अस्मि** હું છું.

टीका—પાવન કરનારા પદાર્થોમાં અથવા વેગવાળા પદાર્થોમાં પવન હું છું તથા યુદ્ધમાં કુશલ અને શસ્ત્રધારી યોદ્ધાઓમાં પરમ શૂરવીર એવા જે દશરથના પુત્ર શ્રીરામચન્દ્ર તે હું છું તથા સર્વ મત્સ્યોને વિષે મકર નામનો મત્સ્ય હું છું તથા વેગથી ચલાયમાન જલવાળી યમુના અને ગોદાવરી આદિક સર્વ નદિયોમાં અત્યન્ત શ્રેષ્ઠ જે ગંગાનદી તે પણ હું છું. ॥ ૩૧ ॥

मूलम्—सर्गाणामादिरन्तश्च मध्यंचैवाहमर्जुन ॥
अध्यात्मविद्याविद्यानां वादःप्रवदतामहम् ॥३२॥

पदानि---सर्गाणां आदिः अन्तः च मध्यं च एव अहं अर्जुन ॥
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतां अहम् ॥३२॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! **सर्गाणां** અચેતનરૂપ કાર્યોની **आदिः** ઉત્પત્તિ **च** તથા **मध्यं** સ્થિતિ **च** તથા **अन्तः** લય **अहंएव** હુંજ છું ' તથા ' **विद्यानां** સર્વ વિદ્યાઓની મધ્યે **अध्यात्मविद्या** અધ્યાત્મવિદ્યા ' હું છું ' તથા ' **प्रवदतां** વિવાદકર્ત્તા ' પુરૂષોની કથાઓ મધ્યે ' **वादः** વાદ ' નામની કથા ' **अहं** હું છું.

टीका—હે અર્જુન ! અચેતન રૂપવડે પ્રસિદ્ધ એવાં જેટલાં ઉત્પત્તિવાળાં કાર્ય છે તે સર્વ કાર્યોની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય હુંજ છું જે કે ॥ **अहमादिश्चमध्यंचभूतानामन्तएवच** ॥ એ વાકયમાં પ્રથમ શ્રીભગવાને પોતાને સર્વ ભૂતોની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયરૂપ કથન કર્યું હતું તથાપિ તે તો ચેતન રૂપવડે પ્રસિદ્ધ એવા ભૂતોનિજ ઉત્પત્તિ, સ્થિતિની લયરૂપતા કહી હતી અને આ ઠેકાણે અચેતનરૂપવડે પ્રસિદ્ધ એવા ભૂતોની ઉત્પત્તિ અને સ્થિતિની લયરૂપતા કહેલીછે માટે અહિં પુનરૂક્તિ દોષની મુદ્દલ પ્રાપ્તિ નથિ. સર્વ વિદ્યાઓની મધ્યે અધ્યાત્મવિદ્યા હું છું તથા વિવાદકર્ત્તા પુરૂષોની મધ્યે વાદ નામની કથા હું છું ॥૩૨॥

मूलम्—अक्षराणामकारोऽस्मि द्वन्द्वःसामासिकस्यच ॥
अहमेवाक्षयःकालो-धाताहंविश्वतोमुखः ॥३३॥

पदानि---अक्षराणां अकारः अस्मि द्वन्द्वः सामासिकस्य च ॥
अहं एव अक्षयः कालः धाता अहं विश्वतोमुखः॥३३॥

अन्वयार्थः—**अक्षराणां** અક્ષરોની મધ્યે **अकारः** અકાર ' અક્ષર ' **अस्मि** હું છું **च** તથા **सामासिकस्य** શમાસસમૂહમાં **द्वन्द्वः** દ્વન્દ્વ ' સમાસ હું છું તથા ' **अहं एव** હુંજ **अक्षयः** ક્ષયથી રહિત **कालः** કાલરૂપ છું ' ફલ આપનારાઓની મધ્યે ' **धाता** સર્વ કર્મોનું ફલ આપનાર **विश्वतोमुखः** અન્તર્યામી ' ઇશ્વર ' **अहं** હું છું.

टीका—અક્ષરોની મધ્યે અકાર અક્ષર હું છું તથા સર્વ સમાસોની મધ્યે દ્વન્દ્વસમાસ હું છું તથા ક્ષણ ઘટિકાદિક નાશવાન્ કાલનો અભિમાનીરૂપ તથા તે સર્વ કાલજાણનારો અક્ષય કાલરૂપ પણ હું છું તથા કરેલાં કર્મના ફલની પ્રાપ્તિ કરનારા જે રાજાઆદિક પુરૂષો છે તે સર્વે ફલ આપનારાઓની મધ્યે સર્વ કર્મનું ફલ આપનાર અન્તર્યામી ઇશ્વર હું છું " જે કે ॥ **कालःकलयतामहम** ॥ એ વાકયવડે શ્રીભગવાને પ્રથમ પોતાને કાલરૂપપણું કહ્યું હતું તથાપિ તે નાશવાન્ કાલરૂપતા કહી હતી અને આ ઠેકાણે તો અક્ષય કાલરૂપતા કહેલી છે માટે તેમાં પણ પુનરૂક્તિ દોષ નથિ. ॥ ૩૩ ॥

मूलम्—मृत्युःसर्वहरश्चाह-मुद्भवश्चभविष्यताम् ॥
कीर्त्तिःश्रीर्वाक्चनारीणांस्मृतिर्मेधाधृतिःक्षमा ३४

पदानि—मृत्युः सर्वहरः च अहं उद्भवः च भविष्यताम् ॥
कीर्तिः श्रीःर्वाक् च नारीणां स्मृतिःमेधा धृतिः क्षमा ३४

अन्वयार्थः—**च** તથા ' સંહાર કરનારાઓની મધ્યે' **सर्वहरः** સર્વનો સંહાર કરનારો **मृत्युः** મૃત્યુ **अहं** હું છું **च** તથા **भविष्यताम्** ભાવીકલ્યાણોની મધ્યે **उद्भवः** 'ઉત્કર્ષરૂપ' ઉદ્‌ભવ ' હું છું ' **च** તથા **नारीणां** નારિયોની મધ્યે **कीर्तिः** કીર્તિ **श्रीः** શ્રી **वाक्** વાક્ **स्मृतिः** સ્મૃતિ **मेधा** મેધા **धृतिः** ધૃતિ **क्षमा** ક્ષમા 'એ ધર્મની સાત પત્નિયો હું છું.'

टीका—સંહાર કરનારાઓની મધ્યે સર્વ જગતનો સંહાર કરનાર જે મૃત્યુ તે હું છું તથા થનારાં કલ્યાણનેવિષે ઐશ્વર્યના ઉત્કર્ષરૂપ જે ઉદ્‌ભવ તે હું છું તથા સર્વ નારિયોની મધ્યે ધર્મની પત્નિયોરૂપ જે કીર્તી, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ, અને ક્ષમા, એ સાત સ્ત્રિયો તેપણ હું છું. હવે ચાર દિશાઓમાં રહેલા અનેક દેશોમાં રહેનારા લોકોના જ્ઞાનની વિષયતારૂપ જે પ્રખ્યાતિ તેનું નામ કીર્તિ છે. તેમજ ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનું જે નામ તે શ્રી છે, વળી સર્વ અર્થને પ્રકાશ કરનારી સંસ્કૃત વાણીરૂપ જે સરસ્વતી તેનું નામ વાક્ છે. તથા પ્રથમ અનુભવ કરેલા અર્થની જે ઘણા કાળ પછી પણ સ્મરણની જે શક્તિ તેનું નામ સ્મૃતિ છે. તેમજ અનેક ગ્રન્થોના અર્થ ધારણ કરનારી જે શક્તિ તેનું નામ મેધા છે. તથા અનેક પ્રકારની પીડા થાય તોપણ શરીર ઇન્દ્રિયરૂપ સમૂહને સ્થિરતા કરનારી જે શક્તિ તેનું નામ ધૃતિ છે. તથા હર્ષ અને વિષાદ એ બેઉમાં જે ચિત્તની અવિકારતા તેનું નામ ક્ષમા છે. ॥ ૩૪ ॥

मलम्—बृहत्सामतथासाम्नां गायत्रीछन्दसामहम् ॥
मासानांमार्गशीर्षोऽहमृतूनांकुसुमाकरः ॥३५॥

पदानि—बृहत्साम तथा साम्नां गायत्री छन्दसां अहम् ॥
मासानां मार्गशीर्षः अहं ऋतूनां कुसुमाकरः ॥ ३५ ॥

अन्वयार्थः—**साम्नां** ' ગીતિ વિશેષરૂપ ' સામોની મધ્યે **बृहत्साम** બૃહત્સામ ' હું છું ' **तथा** તથા **छन्दसां** છન્દોની મધ્યે **गायत्री** ગાયત્રી ' છન્દ ' **अहं** હું છું ' તથા ' **मासानां** માસોની મધ્યે **मार्गशीर्षः** માર્ગશીર્ષ ' માસ ' **अहं** હું છું ' તથા ' **ऋतूनां** ઋતુઓની મધ્યે **कुसुमाकरः** વસન્તઋતૂ ' હું છું. '

टीका—**त्वामिद्धिहवामहे** એ ઋચામાં રહેલા ગીતિ વિશેષરૂપ જે બૃહત્સામ તે હું છું. નિયમપૂર્વક અક્ષર તથા પાદ જેમાં હોય તેને છન્દ કહેવાય છે તે છન્દ ભાવેકરીને વિશિષ્ટ એવી જે વેદની ઋચાઓ તેને વિષે ગાયત્રીમન્ત્ર હું છું તથા બાર માસોની મધ્યે અત્યન્ત શીત તથા અત્યન્ત તાપથી રહિત એવો માર્ગશીર્ષ માસ હું છું તથા છ ઋતુ-

ઓની મધ્યે સર્વ સુગન્ધીવાળા પુષ્પોની ખાણુ હોવાથી અત્યન્ત રમણીય એવો જે વસન્ત તે પણ હું છું. ॥ ૩૫ ॥

मूलम्—द्यूतंछलयतामस्मि तेजस्तेजस्विनामहम् ॥
जयोऽस्मिव्यवसायोऽस्मिसत्त्वंसत्त्ववतामहम् ३६

पदानि—द्यूतं छलयतां अस्मि तेजः तेजस्विनां अहम् ॥
जयः अस्मि व्यवसायः अस्मि सत्वं सत्ववतां अहम् ३६

अन्वयार्थः—**छलयतां** છલ કરનારા 'પુરૂષોની મધ્યે' **द्यूतं** જુગટારૂપી છલ **अहं** હું **अस्मि** છું 'તથા' **तेजस्विनां** 'તેજસ્વી' પુરૂષોનું **तेजः** તેજ 'હું છું તથા જય કરનારા પુરૂષોનો' **जयः** જય **अस्मि** હું છું 'વ્યવસાયવાળા પુરૂષોનો **व्यवसायः** વ્યવસાય **अस्मि** હું છું' તથા **सत्त्ववतां** 'સત્વવાળા' પુરૂષોનું **सत्त्वं** સત્વ **अहं** હું છું.

टीका—અન્યને છેતરવારૂપ જે છલ કરનારા ધૂર્ત્ત પુરૂષો તેઓની મધ્યે સર્વસ્વ હરણુ કરનારૂં જે જુગટારૂપી છલ તે હું છું તથા અત્યન્ત ઉગ્ર પ્રભાવવાળા તેજસ્વી પુરૂષોની ન હણાયલી આજ્ઞારૂપ જે તેજ તે હું છું તથા જય કરનારા પુરૂષોનો જે જય તે હું છું તથા વ્યવસાયવાળા પુરૂષોને જે નિયમથી ફલની પ્રાપ્તિ કરનારો વ્યવસાય તે હું છું તથા સત્વવાળા પુરૂષોનું સત્વ પણ હું છું. ॥ ૩૬ ॥

मूलम्—वृष्णीनांवासुदेवोऽस्मि पाण्डवानांधनञ्जयः ॥
मुनीनामप्यहंव्यासः कवीनामुशनाःकविः ॥३७॥

पदानि—वृष्णीनां वासुदेवः अस्मि पाण्डवानां धनञ्जयः ॥
मुनिनां अपि अहं व्यासः कवीनां उशनाः कविः ॥३७॥

अन्वयार्थः—**वृष्णीनां** યાદવોની મધ્યે **वासुदेवः** વાસુદેવનો પુત્ર કૃષ્ણ **अस्मि** હું છું 'તથા' **पाण्डवानां** પાંડવોની મધ્યે **धनञ्जयः**। ધનંજય 'હું છું' **अपि** તથા **मुनिनां** મુનિયોની મધ્યે **व्यासः** વ્યાસમુનિ **अहं** હું છું 'તથા' **कवीनां** કવિયોની મધ્યે **उशनाः कविः** શુક્રકવિ 'હું છું.'

टीका—સર્વ યાદવોની મધ્યે વસુદેવના પુત્રરૂપે પ્રસિદ્ધ અને તારીપ્રત્યે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનારો આ કૃષ્ણ તે હું છું તથા સર્વ પાંડવોની મધ્યે ધનંજય નામનો જે તું તે પણ હું છું. તથા મનનશીલ મુનિયોની મધ્યે શ્રીવ્યાસમુનિ હું છું તથા સૂક્ષ્મ અર્થનો વિવેક કરનારા કવિયોની મધ્યે શુક્રકવિ પણ હું છું. ॥ ૩૭ ॥

मूलम्—दण्डोदमयतामस्मि नीतिरस्मिजिगीषताम् ॥
मौनंचैवास्मिगुह्यानां ज्ञानंज्ञानवतामहम् ॥३८॥

पदानि—दण्डः दमयतां अस्मि नीतिःअस्मि जिगीषताम् ॥
मौनं च एवं अस्मि गुह्यानां ज्ञानं ज्ञानवतां अहम् ॥३८॥

अन्वयार्थः—**दमयतां** ' શિક્ષા કરનારા પુરૂષોના **दण्डः** દંડ **अस्मि** હું છું ' તથા ' **जिगीषताम्** જીતવાની ઇચ્છાવાળા ' પુરૂષોની ' **नीतिः** નીતિ **अस्मि** હું છું **च एव** તેમજ **गुह्यानां** ગુહ્ય અર્થોનું **मौनं** મૌન **अस्मि** હું છું 'તથા' **ज्ञानवतां** જ્ઞાનવાળા ' પુરૂષોનું ' **ज्ञानं** જ્ઞાન **अहं** હું છું.

टीका—દુષ્ટ પુરૂષોને નઠારા માર્ગમાંથી પાછા વાળીને સારા માર્ગમાં પ્રવર્ત્તાવનારા રાજાદિક પુરૂષો જે તે દુષ્ટોને દંડ આપે છે તે દંડ હું છું તથા જીતવાની ઇચ્છાવાળા પુરૂષોને જયના ઉપાયની પ્રકાશ કરનાર જે નીતિ તે હું છું તથા ગુહ્ય અર્થને છાના રાખવાનું કારણ અને વાક્ ઇન્દ્રિયને વશ રાખવારૂપી જે મૌન તે હું છું "એવું તાત્પર્ય એવું છે કે જે પુરૂષ વાક્ ઇન્દ્રિયનો નિગ્રહ કરીને મૌન રહે છે તે પુરૂષના અન્દરના અભિપ્રાયને કોઈ પણ જાણી શકતું ન[illegible]" અને જ્ઞાનવાળા પુરૂષનું જ્ઞાન પણ હું છું.

मूलम्—यच्चापिसर्वभूतानां बीजंतदहमर्जुन ॥
नतदस्तिविनायत्स्या-न्मयाभूतंचराचरम् ॥३९॥

पदानि—यत् च अपि सर्वभूतानां बीजं तत् अहं अर्जुन ॥
न तत् अस्ति विना यत् स्यात् मया भूतं चराचरम् ३९

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! **च** તથા **यत्** જે ' ચેતન ' **सर्वभूतानां** સર્વ ભૂતોનું **बीजं** કારણરૂપ છે **तत्** તે ' કારણ ' **अपि** પણ **अहं** હું છું **मयाविना** મારા વિના **यत्** જે **चराचरं** ચર અચરરૂપ **भूतं** વસ્તુ **स्यात्** હોય **तत्** તે **न अस्ति** નથિ.

टीका—હે અર્જુન ! જેમ વૃક્ષોને ઉગવાનું કારણ બીજ હોય છે તેમ આ સર્વ ભૂતોને પ્રગટ થવાનું કારણ માયોપહિત ચેતન છે, તે કારણ પણ હું છું. મારાવિના વિદ્યમાન હોય એવી તો કોઈ ચરાચર વસ્તુ નથિ. ॥ ૩૯ ॥

मूलम्—नान्तोस्तिममदिव्यानां विभूतिनांपरन्तप ॥
एषस्तूद्देशतःप्रोक्तो-विभूतेर्विस्तरोमया ॥४०॥

पदानि—न अन्तः अस्ति मम दिव्यानां विभूतिनां परन्तप ॥
एषः तु उद्देशतः प्रोक्तः विभूतेः विस्तरः मया ॥४०॥

अन्वयार्थः—**परन्तप** હે શત્રુઓને તાપ પમાડનાર ! **मम** મારી **दिव्यानां** દિવ્ય **विभूतिनां** વિભૂતિયોનો **अन्तः** અન્ત **न अस्ति** નથિ **तु** અને **एषः** આ **मया** મેં ' તારા પ્રત્યે ' **विभूतेः** વિભૂતિનો **विस्तरः** વિસ્તાર ' કહ્યો છે ' તે ' **उद्देशतः** એક દેશે કરીને **प्रोक्तः** કહ્યો છે.

टीका—હે અર્જુન ! મારી દિવ્ય વિભૂતિયોનો કોઈ પાર નથિ, અર્થાત્ એ વિભૂતિયો આટલી છે એમ તેની સંખ્યા કરવાને કોઈ સમર્થ નથિ. તેમ સર્વજ્ઞ પુરૂષો પણ મારી વિભૂતિયોની સંખ્યા જાણવાને અથવા કહેવાને સમર્થ નથિ અને આ જે મેં તુને મારી વિભૂતિયોનો વિસ્તાર કહ્યો છે તે પણ કોઈ એક દેશને લઇને કહ્યો છે. ।૪૦।

मूलम्—यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेववा ॥
तत्तदेवावगच्छत्वं ममतेजोंशसंभवम ॥४१॥

पदानि—यत् यत् विभूतिमत् सत्वं श्रीमत् ऊर्जितं एव वा ॥
तत् तत् एव अवगच्छ त्वं मम तजोंशसंभवम् ॥ ४१ ॥

अन्वयार्थः—**यत् यत्** જે જે **सत्वं** પ્રાણી **विभूतिमत्** ઐશ્વર્યવાળું છે 'તથા' **श्रीमत्** લક્ષ્મીવાળું છે **वा** અથવા **ऊर्जितं** બલવાળું છે **तत् तत् एव** તે તે પ્રાણીનેજ **त्वं** તું **मम** મારા **तेजोंशसंभवम्** શક્તિના અંશથી ઉત્પન્ન થયેલું **अवगच्छ** જાણ.

टीका—આ લોકમાં જે જે પ્રાણી ઐશ્વર્યરૂપ વિભૂતિથી યુક્ત છે તથા જે જે પ્રાણી લક્ષ્મીથી અથવા સંપત્તિથી અથવા શોભાથી અથવા કાન્તિથી યુક્ત છે તથા જે જે પ્રાણી અત્યન્ત બલાદિકથી યુક્ત છે તે તે પ્રાણીનેજ તું પરમેશ્વરની શક્તિના અંશથી ઉત્પન્ન થયેલાં જાણ.

આ પ્રકારનું શ્રીભગવાનનું વચન પ્રથમ ન કહેલી વિભૂતિયોના પણ સંગ્રહ કરવા માટે છે. ॥ ૪૧ ॥


मूलम्—अथवाबहुनैतेन किंज्ञातेनतवार्जुन ॥
विष्टभ्याहमिदंकृत्स्न-मेकांशेनस्थितोजगत् ॥४२॥

...था बहुना एतेन किं ज्ञातेन तव अर्जुन ॥
विष्टभ्य अहं इदं कृत्स्नं एकांशेन स्थितः जगत् ॥४२॥

अन्वयार्थः—अथवा અથવા **अर्जुन** હે અર્જુન ! **एतेन** આ **बहुना** બહુ **ज्ञातेन** જાણ્યાથી **तव** તારે **किं** શું ' સિદ્ધ થવાનું છે ' **इदं** આ **कृत्स्नं** સર્વ **जगत्** જગત્‌ને **अहं** હું **एकांशेन** એક દેશ માત્રે **विष्टभ्य** ધારણ કરીને **स्थितः** રહ્યા છું.

टीका—હે અર્જુન ! મન્દ અધિકારિયોને ધ્યાનમાટે આ મેં મારી વિભૂતિ કહેલી છે પણ આ પ્રમાણે ઝાઝી વિભૂતિયો કહેવાથી તને ઉત્તમ અધિકારીને શું ફલ થવાનું છે? અર્થાત્ કંઇ ફલ થવાનું નથિ, કારણકે પ્રથમ કહેલી યત્કિંચિત્ વિભૂતિનું જ્ઞાન થવાથી પણ સર્વ વિભૂતિયોનું જ્ઞાન થતું નથિ માટે તારે ઉત્તમ અધિકારીને તો આ પ્રકારે અમારૂં ધ્યાન કરવું જોઇએ કે, હું આ સર્વ જગત્‌ને પોતાના એક દેશમાત્રવડે ધારણ કરીને અથવા વ્યાપ્ત કરીને રહ્યા છું પણ મારાથી બીજી કોઈ વસ્તુ નથિ. ॥ ૪૨ ॥

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगोनाम दशमोऽध्यायः ॥१०॥



ॐ

श्रीकृष्णायनमः

अर्जुनउवाच.

मूलम्—मदनुग्रहायपरमं गुह्यमध्यात्मसंज्ञितम् ॥.
यत्त्वयोक्तंवचस्तेन मोहोऽयंविगतोमम ॥१॥

पदानि—मदनुग्रहाय परमं गुह्यं अध्यात्मसंज्ञितम् ॥
यत् त्वया उक्तं वचः तेन मोहः अयं विगतः मम ॥१॥

अन्वयार्थः—**मदनुग्रहाय** મારા અનુગ્રહમાટે **त्वया** આપે **यत्** જે **परमं** પરમ **गुह्यं** ગુહ્ય **अध्यात्मसंज्ञितम्** અધ્યાત્મ નામવાળું **वचः** વચન **उक्तं** કહ્યું **तेन** તે વચને કરીને **मम** મારો **अयं** આ **मोहः** મોહ **विगतः** નાશ પામ્યો.

टीका—મારા અનુગ્રહમાટે આપે જે અધ્યાત્મ નામવાળું વચન કહ્યું છે તેથી આ મારો મોહ નાશ પામ્યો. તે વચન પરમ છે અર્થાત્ મોક્ષરૂપ પુરૂષાર્થમાં સમાપ્તિવાળું છે અથવા તત્કાળ મોહની નિવૃત્તિ કરે છે. માટે ઉત્કૃષ્ટ છે. વળી તે વચન ગુહ્ય છે અર્થાત્ શાસ્ત્રથી નિષિદ્ધ કરેલાં કર્મમાં પ્રવર્ત્તેલા તથા શ્રદ્ધારહિત તથા વિષયોમાં આસક્ત એવા અનધિકારી પુરૂષોને દેવાને અયોગ્ય છે. ॥ ૧ ॥

मूलम्—भवाप्ययौहिभूतानां श्रुतौविस्तरशोमया ॥
त्वत्तःकमलपत्राक्ष माहात्म्यमपिचाव्ययम् ॥२॥

पदानि—भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशः मया ॥
त्वत्तः कमलपत्राक्ष महात्म्यं अपि च अव्ययम् ॥२॥

अन्वयार्थः—**कमलपत्राक्ष** હે કમલપત્રાક્ષ ! **भूतानां** ભૂતોના **भवाप्ययौ** ઉત્પત્તિ અને પ્રલય એ બેઉ **त्वत्तः** તપારાથકી **हि** નિશ્ચે **मया** મેં **विस्तरशः** વિસ્તારથી **श्रुतौ** સાંભળ્યા ' તથા આપનું ઉપાધિસહિત **महात्म्यं** મહાત્મ્ય **च** તથા ' નિરૂપાધિક **अव्ययं** અવ્યયરૂપ ' મહાત્મ્ય ' **अपि** પણ ' મેં સાંભળ્યું.

टीका—કમલના પત્રની પેઠે દીર્ઘ, વિશાલ, કાંઇક રક્તતાયુક્ત અને અત્યન્ત મનોહરનેત્રવાળા હે ભગવન્ ! આપના મુખથી આ સર્વે ભૂતોની ઉત્પત્તિ અને પ્રલય મેં વિ-


नप लोक
जिवलोक
महर्लोक
इंद्रादिदेव स्थान
आकाश
स्वर्ग
भूलोक
अतल
वितल
अर्जुन
सुतल
तळातल
रसातल
पाताल

સ્તારથી સાંભળ્યાં અને આપનું મહાત્મ્ય પણ ઘણી વાર સાભળ્યું તે મહાત્મ્ય આવી રીતે કે, આ લોકમાં જે કર્ત્તા હોય છે તે વિકારીજ હોય છે અને પરમેશ્વર તો જગતની ઉત્પત્તિ આદીકના કર્ત્તા છતાં પણ અવિકારી છે. જે પુરૂષ બીજાઓને પ્રેરણા કરીને શુભાશુભ કર્મ કરાવે છે તે પુરૂષ વિષમતા દોષવાળો થાય છે અને પરમેશ્વર તો જીવોને પ્રેરણા કરી શુભાશુભ કર્મ કરાવે છે તોપણ વિષમતારૂપ દોષથી રહિત છે. એવી રીતે બીજું પણ સોપાધિક મહાત્મ્ય ઘણી વાર સાંભળ્યું છે, એટલુંજ નહિ પણ આપનું નિરૂપાધિક અવ્યયરૂપ મહાત્મ્ય પણ સાંભળ્યું છે. ॥ ૨ ॥

मूलम्—एवमेतद्यथात्थत्व-मात्मानंपरमेश्वर ॥
द्रष्टुमिच्छामितेरूप-मैश्वरंपुरुषोत्तम ॥३॥

पदानि—एवं एतत् यथा आत्थ त्वं आत्मानं परमेश्वर ॥
द्रष्टुं इच्छामि ते रूपं ऐश्वरं पुरुषोत्तम ॥ ३ ॥

अन्वयार्थः—**परमेश्वर** હે પરમેશ્વર ! **यथा** જેવી રીતે **आत्मानं** પોતાને **त्वं** આપ **आत्थ** કહો છો **एतत्** એ આપનું કહેવું **एवं** યથાર્થ છે ‘ તથાપિ ’ **पुरुषोत्तम** હે પુરૂષોત્તમ **ते** તમારૂં **ऐश्वरं** ઐશ્વર **रूपं** રૂપ **द्रष्टुं** જોવાને **इच्छामि** ઇચ્છુંછું.

टीका—હે પરમેશ્વર ! જેવી રીતે આપ આપનું સ્વરૂપ કહોછો તે આપનું કહેવું યથાર્થ છે, કોઈ કાળમાં પણ આપનું કહેવું અયથાર્થ નથિ, અર્થાત્ આપના વચનમાં કોઈ ઠેકાણે મને અવિશ્વાસ નથિ. હે પુરૂષોત્તમ ! મને આપનાં વચનોમાં દ્દઢ વિશ્વાસ છે તોપણ કૃતાર્થ થવા માટે હું આપનું ઐશ્વરરૂપ દેખવાની ઇચ્છા કરૂંછું. ॥ ૩ ॥

मूलम्—मन्यसेयदितच्छक्यं मयाद्रष्टुमितिप्रभो ॥
योगेश्वरततोमेत्वं दर्शयात्मानमव्ययम् ॥४॥

पदानि—मन्यसे यदि तत् शक्यं मया द्रष्टुं इति प्रभो ॥
योगेश्वर ततः मे त्वं दर्शय आत्मानं अव्ययम् ॥४॥

अन्वयार्थः—**प्रभो** હે પ્રભો ! **तत्** તે ‘ રૂપ ’ **मया** મારે **द्रष्टु** દેખવાને **शक्यं** શક્ય છે **इति** એ પ્રકારે **यदि** જો ‘ આપ ’ **मन्यसे** માનતા હો **ततः** તો **योगेश्वर** હે યોગિયોના ઇશ્વર ! **मे** મને **त्वं** આપ **अव्ययम्** નાશરહિત ‘ તે ઐશ્વરરૂપ વિશિષ્ટ ’ **आत्मानं** આત્માને **दर्शय** દેખાડો.

टीका—હે પ્રભો ! તે આપનું ઐશ્વરરૂપ મારે દેખવાને યોગ્ય છે, એમ જો આપ માનતા હો તો હે યોગિયોના ઇશ્વર ! મને આપ નાશથી રહિત અને તે ઐશ્વરરૂપ સહિ-

ત આત્માને દેખાડો. યોગી પુરૂષો પણ પોતાની ઇચ્છાથી અશક્ય કામ કરી શકે છે તો પછી આપ યોગિયોના ઇશ્વિરને આપનું સ્વરૂપ દેખાડવાની ઇચ્છા હોય તો અવશ્ય આપનું સ્વરૂપ હું દેખું એમાં આશ્ચર્ય નથિ. ॥ ૪ ॥

श्रीभगवानुवाच.

मूलम्—पश्यमेपार्थरूपाणि शतशोऽथसहस्रशः ॥
नानाविधानिदिव्यानि नानावर्णाकृतीनिच ॥५॥

पदानि—पश्य मे पार्थ रूपाणि शतशः अथ सहस्रशः ॥
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥५॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **नानावर्णाकृतीनि च** નાના પ્રકારના છે વર્ણ તથા આકૃતિ જેઓની એવાં **नानाविधानि** નાનાપ્રકારનાં **दिव्यानि** દિવ્ય **शतशः** અનેક શત **अथ** તથા **सहस्रशः** અનેક સહસ્ર **मे** મારાં **रूपाणि** રૂપોને **पश्य** દેખ.

टीका—હે પાર્થ ! નીલ પીતાદિક વિલક્ષણ વર્ણવાળાં અને વિલક્ષણ અવયવોની રચનાવાળાં, અનેક પ્રકારનાં, અત્યન્ત અદ્ભુત તથા અપાર સંખ્યાવાળાં મારાં રૂપ છે તે રૂપ દેખવાને તું યોગ્ય થા. " આ શ્લોકથી આરંભીને આગલા ચાર શ્લોકમાં (**पश्य**) એ શબ્દની આવૃત્તિ કરીને શ્રીગભવાન્ તે પોતાનું દિવ્યરૂપ હું તને દેખાડું છું તું સાવધાન થા, એ પ્રકારે અર્જુનને અભિમુખ કરે છે " અને (**शतशः अथसहस्रशः**) એ સંખ્યા વાચક બે પદે કરીને શ્રીભગવાને તે રૂપોમાં અપરિમિતરૂપત્વ કથન કર્યું. ॥ ૫ ॥

मूलम्—पश्यादित्यान्वसून्रुद्रा-नश्विनौमरुतस्तथा ॥
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणिभारत ॥६॥

पदानि—पश्य आदित्यान् वसून् रुद्रान् अश्विनौ मरुतः तथा ॥
बहूनि आदृष्टपूर्वाणि पश्य आश्चर्याणि भारत ॥ ६ ॥

अन्वयार्थः—**भारत** હે ભારત **आदित्यान्** આદિત્યોને **वसुन्** વસુઓને **रुद्रान्** રૂદ્રોને **अश्विनौ** અશ્વિની કુમારોને ' તથા ' **मरुतः** મરૂતોને **पश्य** દેખ **तथा** તથા **अदृष्टपूर्वाणि** પ્રથમ ન દેખેલાં **बहूनि** બહુ **आश्चर्याणि** આશ્ચર્યોને **पश्य** દેખ.

टीका—હે અર્જુન ! તું બાર આદિત્યોને, આઠ વસુઓને, એકાદશ રૂદ્રોને, બે અશ્વિનીકુમારોને તથા ઓગણપચાસ વાયુઓને દેખ અને એથકી અન્ય દેવોને પણ દેખ. હે અર્જુન ! જે રૂપ તેં તથા અન્ય પ્રાણિયે આ મનુષ્ય લોકમાં કોઈ વખતે દેખ્યું નથિ એવાં ઘણાં અદ્ભુતરૂપને તું હમણાં દેખ. ॥ ૬ ॥

मूलम्—**इहैकस्थंजगत्कृत्स्नं पश्याद्यसराचरम् ॥**
ममदेहेगुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥७॥

पदानि—**इह एकस्थं जगत् कृत्स्नं पश्य अद्य सचराचरम् ॥**
मम देहे गुडाकेश यत् च अन्यत् द्रष्टुं इच्छसि ॥७॥

अन्वयार्थः—**गुडाकेश** હે ગુડાકેશ ! **मम** મારા **इह** આ **देहे** દેહમાં **एकस्थं** એક અવયમાં રહેલું **सचराचरं** સ્થાવર જંગમસહિત **कृत्स्नं** સમગ્ર **जगत्** જગત્‌ને **अद्य** હમણાં **पश्य** દેખ **च** તથા **यत्** જે **अन्यत्** અન્ય ' પણ જય પરાજયાદિક ' **द्रष्टुं** દેખવાને **इच्छसि** તું ઇચ્છે છે ' તે પણ દેખ.

टीका—હે નિદ્રાને જીતનારા અર્જુન ! આ મારા દેહમાં કોઈ એક નખના અગ્ર માત્રરૂપ અવયવમાં રહેલા આ સ્થાવર જંગમસહિત સમગ્ર જગતને તું હમણાં દેખ જે સર્વ જગત તે તે સ્થાનમાં ભ્રમણ કરીને સો વર્ષ પર્યન્ત પણ દેખવાને અશક્ય છે. બીજું પણ જય પરાજયાદિક જે કાંઈ દેખવાની ઇચ્છા હોય તે તારા સંશયની નિવૃત્તિ કરવા માટે આ મારા દેહમાં દેખ. ॥ ૭ ॥

मूलम्—**नतुमांशक्यसेद्रष्टुमनेनैवस्वचक्षुषा ॥**
दिव्यंददामितेचक्षुः पश्यमेयोगमैश्वरम् ॥८॥

पदानि—**न तु मां शक्यसे द्रष्टुं अनेन एव स्वचक्षुषा ॥**
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगं ऐश्वरम् ॥ ८ ॥

अन्वयार्थः—**तु** વળી ' તું ' **अनेन** આ **स्वचक्षुषा** પોતાની ચક્ષુવડે **मां** ' દિવ્યરૂપ ' મને **एव** કદાચિત્ પણ **द्रष्टुं** જોવાને **न शक्यसे** સમર્થ થઇશ નહિ ' તે માટે હું ' **ते** તને **दिव्यं** દિવ્ય **चक्षुः** ચક્ષુ **ददामि** આપું છું ' તે દિવ્ય ચક્ષુવડે ' **मे** મારા **ऐश्वरं** ઐશ્વરરૂપ **योगं** યોગને **पश्य** જો.

टीका—આ તારી પ્રાકૃત ચક્ષુવડે તું દિવ્યરૂપ એવો જે હું તેને દેખવામાં કોઈ વખતે પણ સમર્થ થઇશ નહિ માટે દિવ્યરૂપ દેખવામાં સમર્થ એવી ચક્ષુ હું તને આપું છું. તે દિવ્ય ચક્ષુવડે તું મારા યોગને અર્થાત્ ન બનેલ; અર્થને બનાવવાની સમર્થતારૂપ યોગને દેખ. તે યોગ મારો અસાધારણ ધર્મ છે બીજા કોઇમાં તે યોગ રહેતો નથિ. ।૮।

संजय उवाच.

मूलम्—**एवमुक्त्वाततोराजन् महायोगेश्वरोहरिः ॥**

दर्शयामासपार्थाय परमंरूपमैश्वरम् ॥९॥

पदानि—एवं उक्त्वा ततः राजन् महायोगेश्वरः हरिः ॥
दर्शयामास पार्थाय परमं रूपं ऐश्वरम् ॥ ९ ॥

अन्वयार्थः—राजन् હે ધૃતરાષ્ટ્ર ! **महायोगेश्वरः** તે મહાયોગેશ્વર **हरिः** કૃષ્ણ ભગવાન્ **एवं** એવી રીતે **उक्त्वा** કહીને **ततः** ત્યારપછી **पार्थाय** પાર્થને 'પોતાનું' **परमं** દિવ્ય **ऐश्वरं** ઐશ્વર **रूपं** રૂપ **दर्शयामास** દેખાડતા હવા.

टीका—હે ધૃતરાષ્ટ્ર ! તે મહાયોગેશ્વર હરિ અર્થાત્ સર્વથી ઉત્કૃષ્ટ તથા સર્વ યોગીજનોના ઇશ્વર તથા પોતાના ભક્તજનોના સર્વ ક્લેશ હરણ કરનારા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે એ પ્રમાણે વચન કહીને તે દિવ્ય ચક્ષુ આપ્યા પછી પોતાનું દિવ્ય ઐશ્વરરૂપ દેખાડયું ॥ ૯ ॥

मूलम्—अनेकवक्त्रनयनं अनेकाद्भुतदर्शनम् ॥
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥१०॥

पदानि—अनेक वक्त्रनयनं अनेकाद्भुत दर्शनम् ॥
अनेक दिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥१०॥

अन्वयार्थः—अनेकवक्त्रनयनं અનેક છે મુખ તથા નેત્ર જેમાં **अनेकाद्भुतदर्शनं** અનેક અદ્દ્ભૂત વસ્તુઓનું છે દર્શન જેમાં **अनेकदिव्याभरणं** અનેક છે દિવ્ય આભરણો જેમાં 'તથા' **दिव्यानेकोद्यतायुधं** દિવ્ય અને અનેક તથા ઉગામેલાં જે આયુધો જેમાં ' એવું રૂપ શ્રીભગવાને અર્જુનને દેખાડયું.'

टीका—હે રાજન્ ! અનેક છે મુખ તથા નેત્ર જેને વિષે તથા વિસ્મયની પ્રાપ્તિ કરનારી અનેક વસ્તુઓનું છે દર્શન જેને વિષે તથા અનેક દિવ્ય ભૂષણ છે જેને વિષેતથા ઉગામેલાં છે ચક્ર, ગદા આદિક અનેક દિવ્ય આયુધ જેને વિષે એવું સ્વરૂપ તે શ્રીભગવાને અર્જુનને દેખાડયું. ॥ ૧૦ ॥

मूलम्—दिव्यमालाम्बरधरं दिव्यगन्धानुलेपनम् ॥
सर्वाश्चर्यमयंदेव-मनन्तंविश्वतोमुखम् ॥११॥

पदानि—दिव्यामालाम्बरधरं दिव्यगन्धानुलेपनम् ॥
सर्वाश्चर्यमयं देवं अनन्तं विश्वतोमुखम् ॥ ११ ॥

अन्वयार्थः—**दिव्यमालाम्बरधरं** દિવ્યમાલા તથા વસ્ત્રને ધારણ કરનારૂં 'તથા' **दिव्यगन्धानुलेपनं** દિવ્યગન્ધવાળી વસ્તુઓનું છે લેપન જેને વિષે એવું 'તથા' **सर्वाश्चर्यमयं** સર્વ આશ્ચર્યમય **देवं** પ્રકાશરૂપ **अनन्तं** અવિચ્છિન્ન **विश्वतोमुखं** સર્વ તરફ છે મુખ જેને વિષે " એવું રૂપ શ્રીભગવાને દેખાડયું. "

टीका—હે રાજન્ ! દિવ્યમાળા તથા દિવ્ય વસ્ત્ર ધારણ કરનારૂં, દિવ્ય ગન્ધવાળી વસ્તુઓના લેપનવાળું, સર્વ આશ્ચર્યમય, પ્રકાશરૂપ, અપરિચ્છિન્ન તથા સર્વ તરફ છે મુખ જેમાં એવું રૂપ શ્રીભગવાને અર્જુનને દેખાડયું. " પૂર્વ શ્લોકમાં રહેલા ॥ **दर्शयामास** ॥ એ પદની સાથે આ બેઉ શ્લોકનો અન્વય કરવો અથવા **अर्जुनोददर्श** ॥ એ પદનો અધ્યાહાર કરીને એ બેઉ શ્લોકનો અન્વય કરવો અર્થાત્ એવા સ્વરૂપને અર્જુને દેખ્યું. ॥ ૧૧ ॥

मूलम्—दिविसूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ॥
यदिभाःसदृशीसास्या-द्भासस्तस्यमहात्मनः ॥१२॥

पदानि—दिवि सूर्यसहस्रस्य भवेत् युगपत् उत्थिता ॥
यदि भाः सदृशी सा स्यात् भासः तस्य महात्मनः ॥१२॥

अन्वयार्थः—**दिवि** આકાશમાં **युगपत्** એક કાળમાં **सूर्यसहस्रस्य** હજારો સૂર્યની **यदि** જો **भाः** પ્રભા **उत्थिता** પ્રકટ થયેલી **भवेत्** હોય 'તો' **सा** તે 'પ્રભા' **तस्य** તે **महात्मनः** વિશ્વરૂપની **भासः** પ્રભાની **सदृशी** તુલ્ય **स्यात्** થાય.

टीका—હે રાજન્ ! આકાશવિષે એકજ વખત ઉદય થયેલા અપાર સૂર્યોના સમુહોની એકજ કાળમાં જો કદાચિત પ્રભા પ્રગટ થયેલી હોય તો તે પ્રભા તે વિશ્વરૂપની પ્રભાને તુલ્ય થાય અથવા ન પણ તુલ્ય થાય માટે હું તો એમ માનું છું કે તે સૂર્યોની પ્રભાથી પણ વિશ્વરૂપની પ્રભા અતિ ઉત્કૃષ્ટ છે. આ ઠેકાણે આ અદ્ભૂત ઉપમા સંજયે કહી એ ઉપરથી એવો અર્થ સૂચવ્યો કે સર્વ પ્રકારે વિશ્વરૂપની પ્રભાની ઉપમા સંભવતી નથિ. ॥ ૧૨ ॥

मूलम्—तत्रैकस्थंजगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ॥
अपश्यद्देवदेवस्य शरीरेपाण्डवस्तदा ॥१३॥

पदानि—तत्र एकस्थं जगत् कृत्स्नं प्रविभक्तं अनेकधा ॥
अपश्यत् देवदेवस्य शरीरे पाण्डवः तदा ॥ १३ ॥

अन्वयार्थः—**तदा** તે વખતે **पाण्डवः** અર્જુન **देवदेवस्य** દેવને પૂજ્ય એવા 'ભગવાનના' **तत्र** તે **शरीरे** શરીરમાં **एकस्थं** 'કોઇક' એક દેશમાં રહેલું **अनेकधा** અનેક પ્રકારે **प्रविभक्तं** ભિન્નભિન્ન **कृत्स्नं** સમગ્ર **जगत्** જગત **अपश्यत्** દેખતો હવો.

ટીકા—હે રાજન્ ! જે વખતે શ્રીભગવાને અર્જુનપ્રત્યે આશ્ચર્યમય વિશ્વરૂપ દેખાડયું. તે વખતે તે અર્જુને ઇન્દ્રાદિક સર્વ દેવોને પૂજ્ય એવા શ્રીભગવાનના તે વિશ્વરૂપ શરીરમાં કેટલાક અવયવોને વિષે, દેવ પિતર અને મનુષ્ય ઇત્યાદિક અનેક પ્રકારોથી ભિન્ન ભિન્ન સર્વ જગત્ દેખ્યું. ॥ ૧૩ ॥

मूलम्—ततःसविस्मयाविष्टो-हृष्टरोमाधनञ्जयः ॥
प्रणम्यशिरसादेवं कृताञ्जलिरभाषत ॥१४॥

पदानि—ततः सः विस्मयाविष्टः हृष्टरोमा धनञ्जयः ॥
प्रणम्य शिरसा देवं कृताञ्जलिः अभाषत ॥ १४ ॥

अन्वयार्थः—**ततः** ત્યારપછી **विस्मयाविष्टः** વિસ્મયથી વ્યાપ્ત થયેલો ' તથા ' **हृष्टरोमा** પુલકિત રોમાંચવાળો **सः** તે **धनञ्जयः** ધનંજય **देवं** તે ભગવાનને **शिरसा** મસ્તકવડે **प्रणम्य** નમસ્કાર કરીને **कृताञ्जलिः** બે હાથ જોડી **अभाषत** ' આ પ્રમાણે કહેતો હવો.

ટીકા—તે વિશ્વરૂપનું દર્શન થયા પછી અર્જુન વિસ્મય પામ્યો અર્થાત્ તે અદ્ભુત રૂપનું દર્શન થયા પછી ચિત્તમાં કોઈ અલૌકિક ચમત્કારયુક્ત થયો અને તેથી તેના શરીરનાં સઘળાં રૂંવાડાં ઉભાં થયાં. પછી તે અર્જુને તે વિશ્વરૂપ ધારણ કરનારા ભગવાનને પૃથ્વીઉપર પોતાના મસ્તકનો સ્પર્શ કરી અત્યન્ત શ્રદ્ધાભક્તિપૂર્વક નમસ્કાર કરી તથા પોતાના બે હાથ જોડી આ પ્રમાણે કહ્યું. ॥ ૧૪ ॥

अर्जुनउवाच.

मूलम्—पश्यामिदेवांस्तवदेवदेहे सर्वांस्तथाभूतविशेषसंघान्
ब्रह्माणमीशंकमलासनस्थमृषींश्चसर्वानुरगांश्चदिव्यान्

पदानि—पश्यामि देवान् तव देव देहे सर्वान् तथा भूतविशेषसंघान्
ब्रह्माणं ईशं कमलासनस्थं ऋषीन् च सर्वान् उरगान् च दिव्यान्

अन्वयार्थः—**देव** હે દેવ ! **तव** તમારા **देहे** શરીરમાં **सर्वान्** સર્વ **देवान्** દેવોને **पश्यामि** જોઉં છું **तथा** તથા **भूतविशेषसंघान्** સ્થાવર જંગમરૂપ ભૂતોના સમૂહને ' દેખું છું તથા ' **कमलासनस्थं** કમલરૂપ આસનમાં બેઠેલા **ईशं** સર્વના નિયન્તા **ब्रह्माणं** બ્રહ્માને **च** તથા **सर्वान्** સર્વ **ऋषीन्** ઋષિયોને **च** તથા **दिव्यान्** દિવ્ય **उरगान्** સર્પોને ' દેખું છું. '

ટીકા—હે વિશ્વરૂપ ધારણ કરનાર દેવ ! આ તમારા વિશ્વરૂપ દેહમાં હું વસુ,

રૂદ્ર, અને આદિત્ય, ઇત્યાદિક સર્વ દેવોને દિવ્ય ચક્ષુવડે જોઉં છું. તેમજ સ્થાવર જંગમરૂપ ભુતોના સમૂહને તથા કમલરૂપ આસનમાં રહેલા સર્વના નિયન્તા બ્રહ્માને તથા સર્વ ઋષિયોને તથા દિવ્ય સર્પોને પ્રત્યક્ષ દેખું છું. ॥ ૧૫ ॥

મૂલમ્—अनेकबाहूदरवक्त्रनेत्रंपश्यामित्वांसर्वतोऽनन्तरूपम्
नान्तंनमध्यंनपुनस्तवादिंपश्यामिविश्वेश्वरविश्वरूपम्

પદાનિ—अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतः अनन्तरूपम् ॥
न अन्तं न मध्यं न पुनः तव आदिं पश्यामि विश्वेश्वर विश्वरूपम्

અન્વયાર્થઃ—विश्वेश्वर હે વિશ્વના ઇશ્વર ! **विश्वरूप** હે વિશ્વરૂપ **अनेकबाहूदरवक्त्रनेत्रं** અનેક છે બાહુ, ઉદર, મુખ અને નેત્ર જેને વિષે ' તથા ' **सर्वतः** સર્વ ઠેકાણે **अनन्तरूपं** અનન્તરૂપવાળા **त्वां** તમને **पश्यामि** જોઉં છું **पुनः** વળી **तव** તમારા **अन्तं** અન્તને **न पश्यामि** દેખાતો નથિ **मध्यं** મધ્યને **न** ' દેખતો નથિ 'અને' **आदिं** આદિને **न** ' દેખતો ' નથિ.

ટીકા—હે વિશ્વના ઇશ્વર ! હે વિશ્વરૂપ ! અનેક બાહુ, ઉદર, મુખ અને નેત્ર જેમાં છે એવા તમારા વિશ્વરૂપને હું દિવ્ય ચક્ષુવડે દેખું છું તથા સર્વ ઠેકાણે અનન્ત રૂપવાળા તમને દેખું છું. તમારા અવસાનને દેખતો નથિ, તેમ મધ્યને દેખતો નથિ તથા આદિને પણ દેખતો નથિ કારણ કે જે પદાર્થ દેશ કાળથી પરિચ્છિન્ન હોય તે પદાર્થના આદિ, મધ્ય અને અન્ત હોયછે અને આપ તો સર્વ દેશમાં અને સર્વ કાળમાં વિદ્યમાન છો; માટે આપનાં આદિ, મધ્ય અને અન્ત સંભવતાં નથિ. ॥ ૧૬ ॥

મૂલમ્—किरीटिनंगदिनंचक्रिणंचतेजोराशिंसर्वतोदीप्तिमन्तम्
पश्यामित्वांदुर्निरीक्षंसमन्ताद्दीप्तानलार्कद्युतिमप्रमेयम्

પદાનિ—किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतः दीप्तिमन्तम्
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंतात् दीप्तानलार्कद्युति अप्रमेयम्

અન્વયાર્થઃ—किरीटिनं કિરીટ ધારણ કરનારા **गदिनं** ગદા ધારણ કરનારા **चक्रिणं** ચક્ર ધારણ કરનારા **च** તથા **तेजोराशिं** તેજના સમૂહરૂપ **सर्वतः** ચારે તરફથી **दीप्तीमन्तं** પ્રકાશવાળા **दुर्निरीक्षं** દેખવાને અશક્ય **दीप्तानलार्कद्युतिं** પ્રકાશમાં અગ્નિ સૂર્યની પ્રભાની પેઠે પ્રભાવાળા ' તથા ' **अप्रमेयं** અપ્રમેય એવા **त्वां** તમને ' હું ' **समन्तात्** સર્વ તરફથી **पश्यामि** દેખુંછું.

ટીકા—કિરીટ ધારણ કરનારા, ગદા ધારણ કરનારા, ચક્ર ધારણ કરનારા, તેજના સમૂહરૂપ, સર્વ તરફથી પ્રકાશમાન્ દેખવાને અશક્ય, પ્રકાશમાં અગ્નિ સૂર્યની પ્રભા જેવી પ્રભાવાળા તથા અપ્રમેય એવા તમને હું સર્વ તરફથી દેખું છું. ॥ ૧૭ ॥

मूलम्—त्वमक्षरंपरमंवेदितव्यं त्वमस्यविश्वस्यपरंनिधानम्॥
त्वमव्ययःशाश्वतधर्मगोप्तासनातनस्त्वंपुरुषोमतोमे

पदानि—त्वं अक्षरं परमं वेदितव्यं त्वं अस्य विश्वस्य परं निधानम् ॥
त्वं अव्ययः शाश्वतधर्मगोप्ता सनातनः त्वं पुरुषः मतः मे ॥

अन्वयार्थः—**त्वं** આપ **परमं** પરમ **अक्षरं** અક્ષર ' છો અને ' **वेदितव्यं** જાણવા યોગ્ય છો ' તથા ' **त्वं** આપ **अस्य** આ **विश्वस्य** વિશ્વનો **परं** પરમ **निधानं** આશ્રય ' છો તથા ' **त्वं** આપ **अव्ययः** અવ્યય ' છો ' **शाश्वतधर्मगोप्ता** સનાતન ધર્મના રક્ષણ કરનારા ' છો તથા ' **त्वं** આપ **सनातनः** સનાતન **पुरुषः** પરમાત્મા પુરૂષ **मे** મારે **मतः** સંમત છો.

टीका—આપજ પરમ અક્ષર છો તથા આપજ જાણવા યોગ્ય છો તથા આપજ આ જગતના પરમ આશ્રય છો તથા આપજ અવ્યય છો તથા આપ અનાદિ ધર્મના પાલક છો અને આપજ સનાતન પરમાત્મા પુરૂષ છો; એ વાત મારે સંમત છે. ॥ ૧૮ ॥

मूलम्—अनादिमध्यान्तमनन्तवीर्य-मनन्तबाहुं शशिसूर्यनेत्रम्
पश्यामित्वांदीप्तहुताशवक्त्रंस्वतेजसाविश्वमिदंतपन्तम्

पदानि—अनादिमध्यान्तं अनन्तवीर्यं अनन्तबाहुं शशिसूर्यनेत्रम् ॥
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वं इदं तपन्तम्

अन्वयार्थः—**अनादिमध्यान्तं** ઉત્પત્તિ, સ્થિતિને નાશરહિત **अनन्तवीर्यं** અનન્ત પ્રભાવવાળા **अनन्तबाहुं** અનન્ત બાહુવાળા **शशिसूर्यनेत्रं** ચન્દ્ર અને સૂર્યરૂપી નેત્રવાળા **दीप्तहुताशवक्त्रं** પ્રજ્વલિત અગ્નિ છે મુખોવિષે જેને એવા ' તથા ' **स्वतेजसा** પોતાના તેજવડે **इदं** આ **विश्वं** વિશ્વને **तपन्तं** તપાયમાન કરનારા **त्वां** તમને **पश्यामि** હું જોઉં છું.

टीका—ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશથી રહિત, અનન્ત પ્રભાવવાળા, અનન્ત બાહુવાળા, ચન્દ્ર અને સૂર્યરૂપી નેત્રવાળા, પ્રજ્વલિત અગ્નિ છે મુખો વિષે જેના એવા તથા પોતાના તેજવડે આ સર્વ વિશ્વને તપાયમાન કરનાર, આપને આ દિવ્ય ચક્ષુવડે હું જોઉં છું. ॥ ૧૯ ॥

मूलम्—द्यावापृथिव्योरिदमन्तरंहिव्याप्तंत्वयैकेनदिशश्चसर्वाः
दृष्ट्वाद्भुतंरूपमुग्रंतवेदं लोकत्रयंप्रव्यथितंमहात्मन् २०

द्यावापृथिव्योः इदं अन्तरं हि व्याप्तं त्वया एकेन दिशः च सर्वाः ॥
दृष्ट्वा अद्भुतं रूपं उग्रं तव इदं लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥२०॥

अन्वयार्थः—**महात्मन्** હે મહાત્મન્ ! **त्वया** આપે **एकेन हि** એકલેજ **द्यावापृथिव्योः** સ્વર્ગ અને પૃથ્વીનું **अन्तरं** મધ્ય **व्याप्तं** વ્યાપ્ત કરેલું છે **च** તથા **सर्वाः** સર્વ **दिशः** દિશાઓ 'વ્યાપ્ત કરી છે' **तव** તમારૂં **इदं** આ **अद्भुतं** અદ્દ્ભુત **उग्रं** ઉગ્ર **रूपं** રૂપ **दृष्ट्वा** દેખીને **लोकत्रयं** ત્રણેલોક **प्रव्यथितं** અત્યન્ત ભયયુક્ત થયેલાં છે.

टीका—હે મહાત્મન્ ! આપે એકેજ સ્વર્ગ પૃથ્વીના મધ્યમાં આ અન્તરિક્ષ વ્યાપ્ત કર્યું છે તથા સર્વ દિશાઓ વ્યાપ્ત કરી છે અને આ તમારા રૂપને દેખી ત્રણુલોક અત્યન્ત ભયયુક્ત થયાં છે કારણકે આ તમારૂં વિશ્વરૂપ અદ્દ્ભુત છે અર્થાત્ જોવાથી અત્યન્ત વિસ્મય કરનારૂં છે અને ઉગ્ર છે અર્થાત્ મહા તેજસ્વી હોવાથી અત્યન્ત દુઃખથી જાણી શકાય એવું છે. ॥ ૨૦ ॥

मूलम्—**अमीहित्वांसुरसंघाविशन्ति**
केचिद्भीताःप्रांजलयोगृणन्ति ॥
स्वस्तीत्युक्त्वामहर्षिसिद्धसंघाः
स्तुवन्तित्वांस्तुतिभिःपुष्कलाभिः ॥२१॥

पदानि—**अमी हि त्वां सुरसंघाः विशन्ति**
केचित् भीताः प्राञ्जलयः गृणन्ति ॥
स्वस्ति इति उक्त्वा महर्षिसिद्धसंघाः
स्तुवन्ति त्वां स्तुतिभिःपुष्कलाभिः ॥ २१ ॥

अन्वयार्थः—**अमी** આ **सुरसंघाः** દેવોના સમૂહ **त्वां** તમારી પ્રત્યે **हि** નિશ્ચે **विशन्ति** પ્રવેશ કરે છે 'તથા' **केचित्** કોઈ 'પુરૂષો' **भीताः** ભય પામી **प्राञ्जलयः** બે હાથ જોડી **गृणन्ति** સ્તુતિ કરે છે **महर्षिसिद्धसंघाः** મહર્ષિ અને સિદ્ધોના સમૂહ **स्वस्ति** 'આ જગતનું' કલ્યાણ થાઓ **इति** એવી રીતે **उक्त्वा** કહીને **त्वां** તમને **पुष्कलाभिः** પરિપૂર્ણ અર્થને બોધ કરનારાં **स्तुतिभिः** વચનોવડે **स्तुवन्ति** સ્તુતિ કરે છે.

टीका—આ દેવોના સમૂહ તમારી પ્રત્યેજ પ્રવેશ કરે છે તથા કોઈ પુરૂષો ભય પામી બે હાથ જોડી સ્તુતિ કરે છે તથા મહર્ષિ અને સિદ્ધોના સમૂહ 'આ જગતનું કલ્યાણ થાઓ' એમ કહી પરિપૂર્ણ અર્થનો બોધ કરનારાં વચનોવડે આપની સ્તુતિ કરે છે.

मू०-रुद्रादित्यावसवोयेचसाध्याविश्वेऽश्विनौमरुतश्चोष्मपाश्च
गन्धर्वयक्षासुरसिद्धसंघावीक्षन्तेत्वांविस्मिताश्चैवसर्वे
रुद्रादित्याः वसवः ये च साध्याः विश्वे अश्विनौ मरुतः च उष्मपाः च
गन्धर्वयक्षाः सुरसिद्धसंघाः वीक्षन्ते त्वां विस्मिताः च एव सर्वे २२

अन्वयार्थः—ये જે रुद्रादित्याः રૂદ્રો અને આદિત્યો वसवः વસુઓ च તથા साध्याः સાધ્યો विश्वे વિશ્વદેવો अश्विनौ અશ્વિની કુમારો च તથા मरुतः મરૂતો च તથા उष्मपाः ઉષ્મપા 'એવા પિતરો' गन्धर्वयक्षासुरसिद्धसंघाः ગન્ધર્વ 'યક્ષ' અસુર અને સિદ્ધોના સમૂહો છે सर्वे તે સર્વે एव નિશ્ચે त्वां તમને वीक्षन्ते દેખે છે च તથા विस्मिताः વિષ્મય પમેલા છે.

टीका—રૂદ્ર નામના દેવોનો સમૂહ, આદિત્ય નામના દેવોનો સમૂહ, વસુ નામના દેવાનો સમૂહ, સાધ્ય નામના દેવોનો સમૂહ, વિશ્વ નામના દેવોનો સમૂહ, બે અશ્વિની-કુમાર, મરૂત્ નામના દેવોનો સમૂહ, ઉષ્મપા નામના પિતરોનો સમૂહ, ગન્ધર્વોનો સમૂહ, અસુરોનો સમૂહ તથા સિદ્ધોનો સમૂહ, એ સર્વે આપને વિશ્વરૂપવાળા દેખે છે અને તે અદ્દભુતરૂપ દેખ્યા પછી તે સર્વે વિસ્મય પામે છે. ॥ ૨૨ ॥

मूलम्—रूपंमहत्तेबहुवक्त्रनेत्रं महाबाहोबहुबाहूरुपादम् ॥
बहूदरंबहूदंष्ट्राकरालं दृष्ट्वालोकाःप्रव्यथितास्तथाहं
प०-रूपं महत् ते बहुवक्त्रनेत्रं महाबाहो बहु बाहूरुपादम् ॥
बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथिताः तथा अहम् २३

अन्वयार्थः—महाबाहो હે મહાબાહુવાળા महत् મહોટું बहुवक्त्रनेत्रं ઘણાં મુખ તથા નેત્રવાળું बहुबाहुरुपादं ઘણા હાથ ઉરૂ અને પગવાળું बहुदरं ઘણા ઉદર વાળું बहुदंष्ट्राकरालं ઘણી ડાઢોથી અતિ ભયંકર તે તમારૂં रूपं રૂપ दृष्ट्वा દેખીને लोकाः સપ્રાણી तथा તથા अहं હું प्रव्यथिताः વ્યથા પામ્યા છીયે.

टीका—હે મહાબાહુવાળા ! તમારા આ અદ્દભુત વિશ્વરૂપને દેખી સર્વે પ્રાણી ભયવડે અત્યન્ત પીડા પામેલા છે તથા હું પણ અત્યન્ત પીડા પામ્યો છું. તે વિશ્વરૂપ અત્યન્ત મહોટા પરિમાણુવાળું છે, ઘણાં મુખ અને નેત્રવાળું છે, ઘણા હાથ, ઉરૂ અને પગવાળું છે, ઘણા ઉદરવાળું છે, તથા ઘણી ડાઢથી અત્યન્ત ભયાનક છે. એવા આપના રૂપને દેખી હું સહિત સર્વે પ્રાણી ભયથી પીડા પામ્યાં છે ॥ ૨૩ ॥

मूलम्—नभःस्पृशंदीप्तमनेकवर्णं व्यात्ताननंदीप्तविशालनेत्रम्
दृष्ट्वाहित्वांप्रव्यथितान्तरात्माधृतिंनविन्दामिशमंचविष्णो

૫૦-नभःस्पृशं दीप्तं अनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ॥
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा धृतिं न विन्दामि शमं च विष्णो

अन्वयार्थः—विष्णो હે વિષ્ણો! **नभःस्पृशं** સમ્પૂર્ણ આકાશમાં વ્યાપક **दीप्तं** અત્યન્ત પ્રજ્વલિત **अनेकवर्णं** અનેક છે વર્ણ જેના **व्यात्ताननं** વિસ્તારેલાં છે મુખ જેણે **दीप्तविशालनेत्रं** પ્રજ્વલિત તથા વિશાલ છે નેત્ર જેનાં એવા **त्वां** તમને **दृष्ट्वा** દેખીને **हि** નિશ્ચે **प्रव्यथितान्तरात्मा** વ્યથા પામેલું છે મન જેનું ' એવો હું ' **धृतिं** ધૈર્યને **च** તથા **शमं** શમને **न विन्दामि** પામતો નથિ.

टीका—હે વિષ્ણો ! સંપૂર્ણ આકાશમાં વ્યાપક, અત્યન્ત પ્રજ્વલિત, અનેક વર્ણવાળા, વિસ્તારેલા મુખવાળા, પ્રજ્વલિત વિશાલ નેત્રવાળા તમને દેખીનેજ વ્યથાને પ્રાપ્ત થયેલું છે મન જેનું એવો હું ધૈર્યને તથા શમને પામતો નથિ. ॥ ૨૪ ॥

दंष्ट्राकरालानिचतेमुखानि दृष्ट्वैवकालानलसन्निभानि ॥
दिशोनजानेनलभेचशर्मप्रसीददेवेशजगन्निवास ॥२५॥

दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वा एव कालानलसन्निभानि ॥
दिशः न जाने न लभे च शर्म प्रसीद देवेश जगन्निवास ॥२५॥

अन्वयार्थः—दंष्ट्राकरालानि દંષ્ટ્રાઓથી ભયંકર **च** તથા **कालानलसन्निभानि** પ્રલયઅગ્નિની તુલ્ય **ते** તમારાં **मुखानि** મુખોને **दृष्ट्वा एव** દેખીનેજ ' હું ' **दिशः** દિશાઓને **न जाने** જાણતો નથિ **च** તથા **शर्म** સુખને **न लभे** પામતો નથિ ' માટે ' **देवेश** હે દેવોના ઇશ્વર ! **जगन्निवास** હે જગતના નિવાસરૂપ ! ' મારી ઉપર ' **प्रसीद** પ્રસન્ન થાઓ.

टीका—દંષ્ટ્રાઓવડે અત્યન્ત વિકરાલ હોવાથી ભયની પ્રાપ્તિ કરનારૂં તથા પ્રલયકાળના અગ્નિની તુલ્ય એવું જે આપનું મુખ, તેમાં હું પ્રાપ્ત થયો નથિ તોપણ કેવળ આપના મુખને દેખીનેજ ભયને આધીન થઈ હું પૂર્વ અપર ઇત્યાદિક ભેદવડે દિશાઓને જાણતો નથિ. એટલા માટેજ તમારૂં દર્શન થયું તોપણ હું સુખ પામતો નથિ માટે હે દેવેશ ! હે જગન્નિવાસ ! મારી ઉપર પ્રસન્ન થાઓ ॥ ૨૫ ॥

अमीचत्वांधृतराष्ट्रस्यपुत्राः सर्वेसहैवावनिपालसंघैः ॥
भीष्मोद्रोणःसूतपुत्रस्तथाऽसौसहास्मदीयैरपियोधमुख्यैः२६
वक्त्राणितेत्वरमाणाविशन्तिदंष्ट्राकरालानिभयानकानि॥

केचिद्विलग्नादशनान्तरेषुसंदृश्यतेचुर्णितैरुत्तमाङ्गैः ॥२७॥

पदानि—**अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राःसर्वे सह एव अवनिपालसंघैः भीष्मः द्रोणः सूतपुत्रःतथा असौ सह अस्मदीयैः अपि योधमुख्यैः वक्त्राणि ते त्वरमाणाःविशन्ति दंष्ट्राकरालानि भयानकानि ॥ केचित् विलग्नाः दशनान्तरेषु संदृश्यते चूर्णितैः उत्तमाङ्गैः ॥**

अन्वयार्थः—**च** વળી **अमी** આ **धृतराष्ट्रस्य** ધૃતરાષ્ટ્રના **पुत्राः** પુત્રો **सर्वे** સર્વ **अवनिपालसंघैः** રાજાઓના સમૂહ **सह एव** સહિતજ **त्वरमाणाः** ઉતાવળા થઈ **त्वां** તમારી પ્રત્યે **विशन्ति** પ્રવેશ કરે છે **भीष्मः** ભીષ્મ **द्रोणः** દ્રોણ **तथा** તથા **असौ** આ **सूतपुत्रः** કર્ણ ' એ ત્રણે ' **अस्मदीयैः** અમારા સમ્બન્ધીરૂપ **अपि** પણ **योधमुख्यैः** મુખ્ય યોદ્ધાઓ **सह** સહિત ' તમારેવિષે પ્રવેશ કરે છે ' **दंष्ट्राकरालानि** દંષ્ટ્રાઓથી વિકરાલ **भयानकानि** અતિ ભયાનક એવાં **ते** તમારાં **वक्त्राणि** મુખોપ્રત્યે ' આ દુર્યોધનાદિક સર્વ તત્કાળ પ્રવેશ કરે છે ' **केचित्** કઇક ' યોદ્ધાઓ ' **चूर्णितैः** ચૂર્ણ થયેલાં **उत्तमांगैः** શિરોસહિત **दशनान्तरेषु** દાંતોના મધ્ય સન્ધિયોમાં **विलग्नाः** ચોટેલા **संदृश्यते** દેખવામાં આવે છે.

टीका—ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિક સર્વ પુત્ર, શલ્ય રાજાને આદિ લઈ સર્વ રાજાઓ સહિત અત્યન્ત શીઘ્રતાથી તમારે વિષે પ્રવેશ કરેછે. ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય અને આ સૂતપુત્ર કર્ણ, એ ત્રણે પણ અમારા સમ્બન્ધીરૂપ ધૃષ્ટદ્યુમ્નાદિક સહિત તમારે વિષે પ્રવેશ કરેછે. આપનાં મુખ દંષ્ટ્રાઓથી વિકરાલ છે તેથીજ સર્વને તે ભયાનક લાગે છે. એવાં આપનાં મુખોમાં આ દુર્યોધનાદિક સર્વ અત્યન્ત શીઘ્રતાથી પ્રવેશ કરે છે. તે પ્રવેશ કરનારાઓમાં પણ કોઇક યોદ્ધાઓ ચૂર્ણ થયેલાં મસ્તકો યુક્ત થઈ આપના દાંતના મધ્યસન્ધિયોમાં ચોટેલા છે એમ મને દેખાય છે. ॥ ૨૬ ॥ ૨૭ ॥

मूलम्—यथानदिनाबह्वोऽम्बुवेगाःसमुद्रमेवाभिमुखाद्रवन्ति ॥ तथातवामीनरलोकवीराविशन्तिवक्त्राण्यभितोज्वलन्ति२८

यथा नदीनां बह्वःअम्बुवेगाःसमुद्रं एव अभिमुखाः द्रवन्ति ॥ तथा तव अमी नरलोकवीराः विशन्ती वक्त्राणि अभितः ज्वलन्ति

अन्वयार्थः—**यथा** જેમ **नदीनां** નદિયોના **बह्वः** ઘણા **अम्बुवेगाः** પાણીના પ્રવાહો **अभिमुखाः** અભિમુખ થઈ **समुद्रं एव** સમુદ્રનેજ **द्रवन्ति** પામે છે **तथा** તેમ **अमी** આ **नरलोकवीराः** મનુષ્યલોકના વીર ' પુરૂષો ' **तव** તમારાં **अभितः** ચારે તરફ **ज्वलन्ति** પ્રકાશવાળાં **वक्त्राणि** મુખોપ્રત્યે **विशन्ति** પ્રવેશ કરેછે.

टीका—જેમ નદિયોના ઘણા પાણીના પ્રવાહ, સમુદ્રની સન્મુખ થઈ સમુદ્રમાં જાય છે તેમ આ મનુષ્યલોકના વીરપુરૂષો તમારી ચારે તરફ પ્રકાશવાળાં મુખોપ્રત્યે પ્રવેશ કરેછે. ॥ **अभितोज्वलन्ति** ॥ એ ઠેકાણે ॥ **अभिविज्वलन्ति** ॥ એવો પણ પાઠછે, તેનો પણ પ્રથમ કહેલોજ અર્થ જાણવો. ॥ ૨૮ ॥

मूलम्—यथाप्रदीप्तंज्वलनंपतङ्गा विशन्तिनाशायसमृद्धवेगाः
तथैवाशनायविशन्तिलोकास्तवापिवक्त्राणिसमृद्धवेगाः २९

पदानि—यथा प्रदीप्तं ज्वलनं पतङ्गाःविशन्ति नाशाय समृद्धवेगाः ॥
तथा एव नाशाय विशन्ति लोकाः तव अपि वक्त्राणि समृद्धवेगाः

अन्वयार्थः—**यथा** જેમ **पतङ्गा** પતંગિયા **समृद्धवेगाः** અત્યન્ત વેગવાળા થઇ **नाशाय** નાશમાટે **प्रदीप्तं** પ્રદીપ્ત થયેલા **ज्वलनं** અગ્નિપ્રત્યે **विशन्ति** પ્રવેશ કરે છે **तथा एव** તેવી રીતેજ **लोकाः** ‘ આ દુર્યોધનાદિક ’ મનુષ્યો **अपि** પણ **समृद्धवेगाः** અત્યન્ત વેગવાળા થઇ **नाशाय** ‘ પોતાના ’ નાશમાટે **तव** તમારાં **वक्त्राणि** મુખોપ્રત્યે **विशन्ति** પ્રવેશ કરે છે.

टीका—જેમ પતંગિયા અત્યન્ત વેગવાળા થઇ પોતાના મરણમાટે પ્રજ્વલિત અગ્નિમાં પ્રવેશ કરેછે તેમ આ દુર્યોધનાદિક સર્વ રાજાઓ અત્યન્ત વેગવાળા થઈ પોતાના મરણમાટે તમારાં મુખોમાં પ્રવેશ કરે છે. ॥ ૨૯ ॥

लेलिह्यसेग्रसमानःसमन्ताल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः॥
तेजोभिरापूर्यजगत्समग्रंभासस्तवोग्राःप्रतपन्तिविष्णो३०

लेलिह्यसे ग्रसमानःसमन्तात् लोकान् समग्रान्वदनैः ज्वलद्भिः ॥
तेजोभिः आपूर्य जगत् समग्रं भासः तव उग्राःप्रतपन्ति विष्णो३०

अन्वयार्थः--**विष्णो** હે વિષ્ણો ! **समग्रान्** સમગ્ર **लोकान्** લોકોને **ग्रसमानः** ગ્રાસ કરતા છતા ‘ તમે ’ **ज्वलद्भिः** પ્રજ્વલિત **वदनैः** મુખોવડે **समन्तात्** ચારે તરફથી **लेलिह्यसे** આસ્વાદન કરો છો **समग्रं** સમગ્ર **जगत्** જગત્‌ને **तेजोभिः** ‘ પોતાની’ કાન્તિયોવડે **आपूर्य** સર્વ તરફથી પૂર્ણ કરીને **तव** તમારી **उग्राः** ઉગ્ર **भासः** કાન્તિયો **प्रतपन्ति** સન્તાપ ઉત્પન્ન કરે છે.

टीका—હે વિષ્ણો ! અર્થાત્ હે સર્વ વ્યાપક વિશ્વરૂપ ભગવન્ ! એવી રીતે અત્યન્ત વેગથી તમારા મુખમાં પ્રવેશ કરનારા દુર્યોધનાદિક રાજાઓનો ગ્રાસ કરતા છતા તમે

પોતાના પ્રજ્વલિત મુખોવડે સર્વ તરફથી આસ્વાદન કરો છો અને આ સમગ્ર જગતને પોતાની કાન્તિયો ચારે તરફથી પૂર્ણ કરે છે માટે તે તમારી ઉગ્ર કાન્તિયો સન્તાપ ઉત્પન્ન કરે છે. ॥ ૩૦ ॥

मूलम्—आख्याहिमेकोभवानुग्ररूपो नमोऽस्तुतेदेववरप्रसीद॥
विज्ञातुमिच्छामिभवन्तमाद्यंनहिप्रजानामितवप्रवृत्तिम्३१

पदानि—आख्याहि मे कःभवान् उग्ररूपःनमःअस्तु ते देववर प्रसीद
विज्ञातुं इच्छामि भवन्तं आद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ३१

अन्वयार्थः—उग्ररूपः એવા ઉગ્ર રૂપવાળા **भवान्** આપ **कः** કોણ ' છો એ વાત ' **मे** મને **आख्याहि** કહો **देववर** હે દેવતાઓમાં શ્રેષ્ઠ ! **ते** તમને **नमः** નમસ્કાર **अस्तु** હો ' આપ ' **प्रसीद** પ્રસન્ન થાઓ ' હું ' **आद्यं** સર્વના કારણરૂપ **भवन्तं** આપને **विज्ञातुं** જાણવાને **इच्छामि** ઇચ્છું છું ' કારણ કે હું ' **तव** તમારી **प्रवृत्तिं** પ્રવૃત્તિને **न हि प्रजानामि** જાણતો નથીજ.

टीका—એવી રીતના ઉગ્ર રૂપવાળા આપ કોણ છો ? અર્થાત્ પ્રલયકાળના રુદ્ર છો ? અથવા પ્રલયકાળના અગ્નિ છો ? અથવા સર્વાન્તક મૃત્યુ છો ? અથવા કાલાનીક છો ? અથવા પરમ પુરૂષ છો ? અથવા એ સર્વથી કોઇ અન્ય છો ? જે હમણાં આપનું સ્વરૂપ છે તે મને કૃપા કરીને કહો. હે દેવતાઓમાં શ્રેષ્ઠ ! તમને નમસ્કાર હો અને આપ પ્રસન્ન થાઓ. હું સર્વના કારણરૂપ આપને જાણવા ઇચ્છું છું કારણકે તમારી પ્રેમવૃત્તિને હું જાણતોજ નથિ. ॥ ૩૧ ॥

श्रीभगवानुवाच.

कालोऽस्मिलोकक्षयकृत्प्रवृद्धो-लोकान्समाहर्तुमिहप्रवृत्तः॥
ऋतेऽपित्वांनभविष्यन्तिसर्वेयेऽवस्थिताःप्रत्यनीकेषुयोधाः

कालःअस्मि लोकक्षयकृत् प्रवृद्धःलोकान् समाहर्तुं इह प्रवृत्तः
ऋते अपि त्वां न भविष्यन्ति सर्वेःये अवस्थिताःप्रत्यनीकेषु योधाः

अन्वयार्थः—लोकक्षयकृत् લોકોનો સંહાર કરનાર **प्रवृद्धः** અત્યન્ત વૃદ્ધિ પામેલો **कालः** કાલરૂપ **अस्मि** હું છું ' તથા ' **इह** આ કાળમાં **लोकान्** દુર્યોધનાદિકોને **समाहर्तुं** ભક્ષણ કરવામાટે **प्रवृत्तः** પ્રવર્તેલો છું ' માટે ' **प्रत्यनीकेषु** પ્રતિપક્ષિયોની સેનામાં **ये** જે **योधाः** યોધાઓ **अवस्थिताः** રહ્યા છે **सर्वे** તે સર્વે **त्वां ऋते** તારા યુદ્ધરૂપ વ્યાપાર વિના **अपि** પણ **न भविष्यन्ति** વિદ્યમાન રહેશે નહિ.

टीका—લોકોનો સંહાર કરનાર, અત્યન્ત વૃદ્ધિ પામેલો હું કાલરૂપ પરમેશ્વર છું તથા આ સમયે દુર્યોધનાદિકોને ભક્ષણ કરવામાટે પ્રવર્ત્તેલો છું માટે પ્રતિપક્ષિયોની સેનામાં જે યોધાઓ રહેલા છે તે સર્વ યોધાઓ તારા યુદ્ધરૂપી વ્યાપારવિના પણ વિદ્યમાન રહેશે નહિ. ॥ ૩૨ ॥

तस्मात्त्वमुत्तिष्ठयशोलभस्व जित्वाशत्रून्भुंक्ष्वराज्यंसमृद्धं॥
मयैवैतेनिहताःपूर्वमेवनिमित्तमात्रंभवसव्यसाचिन् ३३

तस्मात् त्वं उत्तिष्ठ यशःलभस्व जित्वा शत्रून् भुङ्क्ष्व राज्यं समृद्धम्
मया एव एते निहताःपूर्वं एव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥३३॥

अन्वयार्थः—**तस्मात्** તે કારણમાટે **त्वं** તું **उत्तिष्ठ** ' યુદ્ધ કરવામાટે ' ઉદ્યમવાળો થા **यशः** યશ **लभस्व** પામ **शत्रून्** શત્રૂઓને **जित्वा** જીતીને **समृद्धं** નિષ્કંટક **राज्यं** રાજ્યને **भुंक्ष्व** ભોગવ **सव्यसाचिन्** હે અર્જુન ! **एते** આ ' તારા શત્રૂઓ ' **पूर्वं एव** ' આ તારા યુદ્ધથી ' પૂર્વેંજ **मया एव** મેંજ **निहताः** હનન કરી છોડેલા છે ' તું કેવળ ' **निमित्तमात्रं** નિમિત્તમાત્ર **भव** થા.

टीका—તે કારણમાટે તું યુદ્ધ કરવા સારૂ ઉદ્યમવાળો થા અને યશ પામ તથા શત્રુને જીતીને નિષ્કંટક રાજ્ય ભોગવ. હે અર્જુન ! આ તારા શત્રુઓને તારા યુદ્ધથી પ્રથમજ મેંજ હણીને છોડેલા છે તું કેવળ નિમિત્તમાત્ર થા. ॥ ૩૩ ॥

द्रोणंचभीष्मंचजयद्रथंच कर्णंतथान्यानपियोधवीरान् ॥
मयाहतांस्त्वंजहिमाव्यथिष्ठायुद्ध्यस्वजेतासिरणेसपत्नान्

द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथा अन्यान् अपि योधवीरान्
मया हतान् त्वं जहि मा व्यथिष्ठाः युद्ध्यस्व जेतासि रणे सपत्नान्

अन्वयार्थः—**द्रोणं** દ્રોણાચાર્યને **च** તથા **भीष्मं** ભીષ્મપિતામહને **च** તથા **जयद्रथं** જયદ્રથને **च** તથા **कर्णं** કર્ણને **तथा** તથા **अन्यान्** બીજા **अपि** પણ **योधवीरान्** યોદ્ધાઓમાં વીરોને **मया** મેં **हतान्** હણીને ' રાખેલા છે તે સર્વ યોદ્ધાઓને ' **त्वं** તું **जहि** હણી નાખ **माव्यथिष्ठाः** વ્યથા પામમાં **युद्ध्यस्व** યુદ્ધ કર **रणे** સંગ્રામમાં **सपत्नान्** શત્રુઓને **जेतासि** ' અવશ્ય ' જીતીશ.

टीका—દ્રોણાચાર્ય તથા ભીષ્મપિતામહ તથા જયદ્રથ તથા કર્ણ તથા એનાથી ભિન્ન બીજા પણ જેટલા મહાન્ યોદ્ધાઓ છે તેઓને કાળરૂપ એવો જે હું તેણે તારા યુદ્ધથી પ્રથમજ હણીને રાખેલા છે. તેઓને હમણાં તું હણી નાખ વ્યથા પામમાં અને યુદ્ધ કર. સંગ્રામમાં શત્રુઓને તું અવશ્ય જીતીશ. ॥ ૩૪ ॥

सञ्जय उवाच.

मूलम्—एतच्छ्रुत्वावचनंकेशवस्य कृताञ्जलिर्वेपमानःकिरीटी
नमस्कृत्वाभूयएवाहकृष्णंसगद्गदंभीतभीतःप्रणम्य॥३५॥

एतत् श्रुत्वा वचनं केशवस्य कृताञ्जलिः वेपमानः किरीटी ॥
नमस्कृत्वा भूयः एव आह कृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ३५

अन्वयार्थः—**केशवस्य** શ્રીભગવાનના **एतत्** એ **वचनं** વચનને **श्रुत्वा** સાંભળી **कृताञ्जलिः** બે હાથ જોડી **वेपमानः** કંપાયમાન થઈ **भीतभीतः** અત્યન્ત ભયયુક્ત થઈ **किरीटी** અર્જુન **कृष्णं** શ્રીકૃષ્ણ ભગવાનને **नमस्कृत्वा** નમસ્કાર કરી **प्रणम्य** અત્યન્ત નમ્ર થઈ **सगद्गदं** ગદ્‌ગદ કંઠે થઈ **भूयः एव** ફરીને પણ **आह** કહેવા લાગ્યો.

टीका—શ્રીભગવાનનું એ પૂર્વોક્ત વચન સાંભળી, બે હાથ જોડી, કમ્પાયમાન થઈ તથા અત્યન્ત ભયયુક્ત થઇને તે અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્મકાર કરીને તથા અત્યન્ત નમ્ર થઇને તથા ગદ્‌ગદ કંઠે થઈ ફરીને પણ કહેવા લાગ્યો. ॥ ૩૫ ॥

अर्जुनउवाच.

मूलम्—स्थानेहृषीकेशतवप्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यतेच ॥
रक्षांसिभीतानिदिशोद्रवन्तिसर्वेनमस्यन्तिच सिद्धसंघाः३६

स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत् प्रहृष्यति अनुरज्यते च ॥
रक्षांसि भीतानि दिशः द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ३६

अन्वयार्थः—**हृषीकेश** હે સર્વ ઇન્દ્રિયોના પ્રવર્તક **तव** તમારી **प्रकीर्त्या** પ્રકીર્તિવડે **जगत्** 'આ સર્વ' જગત્ **प्रहृष्यति** ઘણો હર્ષ પામે છે **च** તથા **अनुरज्यते** અનુરાગ પામે છે **रक्षांसि** રાક્ષસો **भीतानी** ભય પામી **दिशः** દિશાઓ પ્રત્યે **द्रवन्ति** દોડે છે **च** તથા **सर्वे** સર્વ **सिद्धसंघाः** સિદ્ધોના સમૂહો **नमस्यान्ति** નમસ્કાર કરે છે 'આ સર્વ વાર્ત્તા **स्थाने** યુક્તજ છે.

टीका—હે સર્વ ઇન્દ્રિયોના પ્રવર્તક ! તમારી પ્રકીર્ત્તીવડે આ સર્વ જગત્ હર્ષ પામે છે તથા અનુરાગ પામે છે. રાક્ષસો ભય પામી સર્વ દિશાઓમાં ભાગી જાય છે તથા કપિલાદિ સર્વ સિદ્ધોના સમૂહો તમને શ્રદ્ધા ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે એ વાત યુક્તજ છે કારણકે તમે અત્યન્ત અદ્‌ભૂત પ્રભાવવાળા છો. કોઈક ટીકામાં આવો અર્થ છે કે પૂ-

સ્ત્રીમાં ભારરૂપ દુષ્ટ મનુષ્યોને સંહાર કરવા માટે હું કાળરૂપ પરમેશ્વર પ્રવર્ત્તેલો છું, એ આપે પ્રથમ કહ્યું હતું તે આપની પ્રકૃષ્ટવચનરૂપ પ્રકીર્ત્તીને સાંભળી આ શ્રેષ્ઠ મનુષ્યરૂપ જગત્ પરમ સન્તોષ પામે છે તે પણ યુક્ત છે તથા તે શ્રેષ્ઠ પુરૂષો તમારામાં અનુરાગ કરે છે તે પણ યુક્ત છે તથા તમારૂં તે પ્રકૃષ્ટ વચન સાંભળી પૂર્વાદિક દિશાઓમાં ભય પામી રાક્ષસો ભાગી જાય છે તે પણ યુક્ત છે તથા તે તમારૂં પ્રકૃષ્ટ વચન સાંભળી સર્વ લોકના સુખની ઇચ્છા કરનારા સિદ્ધ પુરૂષો તમને નમસ્કાર કરે છે તે પણ યુક્તજ છે. ॥૩૬॥

मूलम्—कस्माच्चतेननमेरन्महात्मन् गरीयसेब्रह्मणोऽप्यादिकर्त्रे
अनन्तदेवेशजगन्निवासत्वमक्षरंसदसत्तत्परंयत् ॥३७॥

कस्मात् च ते न नमेरन् महात्मन् गरीयसे ब्रह्मणः अपि आदि कर्त्रे
अनन्त देवेश जगन्निवास त्वं अक्षरं सदसत् तत् परं यत् ॥ ३७ ॥

अन्वयार्थः—महात्मन् હે મહાત્મન્ **अनन्त** હે અનન્ત **देवेश** હે દેવેશ **जगन्निवास** હે જગન્નિવાસ **ब्रह्मणः** બ્રહ્માના **अपि** પણ **गरीयसे** ગુરૂરૂપ ‘ તથા ’ **आदिकर्त्रे** જનકરૂપ એવા **ते** તમને ‘ તે સર્વ દેવો ’ **कस्मात्** શામાટે **न नमेरन्** નમસ્કાર નહિ કરે **च** કિન્તુ કરશેજ **त्वं** તમે **सत्** સતરૂપ **असत्** અસતરૂપ **तत्परं** તે બેઉથી પર **यत्** જે **अक्षरं** અક્ષરબ્રહ્મ ‘ તે પણ [illegible]જ છો. ’

टीका—હે મહાત્મન્ ! હે અનન્ત ! હે દેવેશ ! હે જગન્નિવાસ ! અર્થાત્ સર્વ જગતના આશ્રયરૂપ તમને તે સર્વ સિદ્ધોના સમૂહ તથા સર્વ દેવ શા માટે નમસ્કાર નહિ કરે ? કિન્તુ તે સઘળાએ આપને નમસ્કાર કરવો એ યોગ્યજ છે. સર્વ જગતના ગુરૂરૂપ જે બ્રહ્મા તે બ્રહ્માના પણ તમે ઉત્પન્ન કરનારા છો. સતરૂપ, અસતરૂપ તથા તે બેઉથી પર જે અક્ષર તે પણ તમેજ છો. ॥ ૩૭ ॥

मूलम्—त्वमादिदेवःपुरुषःपुराण-स्त्वमस्यविश्वस्यपरंनिधानम्
वेत्तासिवेद्यंचपरंचधाम त्वयाततंविश्वमनन्तरूप ॥३८॥

त्वं आदिदेवः पुरुषः पुराणः त्वं अस्य विश्वस्य परं निधानम्
वेत्ता असि वेद्यं च परं च धाम त्वया ततं विश्वं अनन्तरूप ॥३८॥

अन्वयार्थः—अनन्तरूप હે અનન્તરૂપ **त्वं** તમે **आदिदेवः** આદિદેવ **पुरुषः** પુરૂષ ‘ તથા ’ **पुराणः** પુરાણ છો **त्वं** તમે **अस्य** આ **विश्वस्य** વિશ્વનું **परं** પરમ **निधानं** નિધાન ‘છો તથા’ **वेत्ता** ‘સર્વને’ જાણનારા **असि** છો **च** તથા **वेद्यं** સર્વ દૃશ્યરૂપ છો **च** તથા **परं** પરમ **धाम** ધામરૂપ ‘ છો તથા ’ **त्वया** તમે **विश्वं** જગત **ततं** વ્યાપ્ત કર્યું છે.

टीका—હે અનન્તરૂપ ! આ સર્વ જગતની ઉત્પત્તિના કારણ હોવાથી તમે આદિ દેવ છો અથવા સર્વ શરીરરૂપ પુરિયોમાં શયન કર્ત્તા હોવાથી પુરૂષરૂપ છો. તથા આપ

પુરાણ છો તથા આપ આ વિશ્વનું પરમ નિધાન છો તથા સર્વને જાણનારા છો તથા સર્વ દૃશ્યરૂપ છો તથા પરમ ધામરૂપ છો એવા તમોએ આ સર્વ જગત્ વ્યાપ્ત કર્યું છે.

मूलम्—वायुर्यमोऽग्निर्वरुणःशशांकःप्रजापतिस्त्वंप्रपितामहश्च
नमोनमस्तेऽस्तुसहस्रकृत्वःपुनश्चभूयोऽपिनमोनमस्ते३९

वायुः यमः अग्नि वरुणः शशाङ्कः प्रजापतिः त्वं प्रपितामहः च ॥
नमः नमः ते अस्तु सहस्रकृत्वः पुनः च भूयः अपि नमः नमः ते

अन्वयार्थः—**वायुः** વાયુ **यमः** યમ **अग्निः** અગ્નિ **वरुणः** વરુણ **शशांकः** ચન્દ્રમા **प्रजापतिः** પ્રજાપતિ **च** તથા **प्रपितामहः** પ્રપિતામહ ' ઇત્યાદિક સર્વ દેવરૂપ **त्वं** તમે ' છો માટે ' **ते** તમને **सहस्रकृत्वः** હજારો વખત **नमः नमः** નમસ્કાર નમસ્કાર **अस्तु** હો **च** તથા **ते** તમને **पुनः** ફરીને **अपि** પણ **भूयः** વારંવાર **नमः नमः** નમસ્કાર નસસ્કાર ' હો. '

टीका—વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચન્દ્રમા, પ્રજાપતિ, તથા પ્રપિતામહ ઇત્યાદિક સર્વ દેવરૂપ તમે છો માટે તમને હજારો વખત નમસ્મકાર હો તથા તમને ફરીને પણ વારંવાર નમસ્કાર હો. ' આ ઠેકાણે વારંવાર નમસ્કારોની આવૃત્તિ કરીને અર્જુને ભક્તિ-શ્રદ્ધાપૂર્વક ભગવાનને નમસ્કારો કરવામાં અલંબુદ્ધિનો અભાવ સૂચન કર્યો. ॥ ૩૯ ॥

मूलम्—नमःपुरस्तादथपृष्ठतःस्ते नमोऽस्तुतेसर्वतएवसर्व॥
अनन्तवीर्याऽमिततविक्रमस्त्वंसर्वंसमाप्नोषिततोऽसिसर्वः

नमः पुरस्तात् अथ पृष्ठतः ते नमः अस्तु ते सर्वतः एव सर्व ॥
अनन्तवीर्य अमितविक्रमः त्वं सर्वं समाप्नोषिततः असि सर्वः

अन्वयार्थः—**सर्व** હે સર્વ **ते** તમને **पुरस्तात्** અગ્રભાગમાં ' અમારો ' **नमः** નમસ્કાર **अस्तु** હો **अथ** તથા **पृष्ठतः** પૃષ્ઠમાં **नमः** નમસ્કાર ' હો તથા ' **ते** તમને **सर्वतः** સર્વ દિશાઓમાં **एव** નિશ્ચે ' નમસ્કાર હો ' **त्वं** તમે **अनन्तवीर्यामितविक्रमः** અનન્ત વીર્ય અને અમિત પરાક્રમવાળા છો ' તથા તમે ' **सर्वं** સર્વ ' જગતને ' **समाप्नोषि** વ્યાપ્ત કરો છો **ततः** તે કારણમાટે ' તમે ' **सर्वः** સર્વરૂપ **असि** છો.

टीका—હે સર્વ ! અર્થાત્ હે સર્વાત્મારૂપ ભગવાન્ ! અગ્રભાગમાં મારો તમને નમસ્કાર હો તથા પૃષ્ઠમાં પણ નમસ્કાર હો તથા તમને સર્વ દિશાઓમાં નમસ્કાર હો. તમે અનન્ત વીર્ય અને અપાર પરાક્રમવાળા છો તથા તમે સર્વ જગતને વ્યાપ્ત કરો છો તે માટે તમે સર્વરૂપ કહેવાઓ છો ॥ ૪૦ ॥

मूलम्—सखेतिमत्वाप्रसभंयदुक्तं हेकृष्णहेयादवहेस खेति ॥
अजानतामहिमानंतवेदं मयाप्रमादात्प्रणयेनवापि॥४१॥

सखा इति मत्वा प्रसभं यत् उक्तं हे कृष्ण हे यादव हे सखा इति
अजानता महिमानं तव इदं मया प्रमादात् प्रणयेन वा अपि

अन्वयार्थः—**तव** તમારા **इदं** આ ' વિશ્વરૂપને તથા ' **महिमानं** ઐશ્વર્યને **अजानता** ન જાણનારા **मया** મેં **सखा** ' આ કૃષ્ણ મારા ' સખા છે **इति** એવી રીતે **मत्वा** માનીને **प्रमादात्** ચિત્તવિક્ષેપથી **वा** અથવા **प्रणयेन** સ્નેહવડે **अपि** પણ **यत्** જે **हे कृष्ण** હે કૃષ્ણ ! **हे यादव** હે યાદવ ! **हे सखा** હે સખા ! **इति** એ પ્રકારે **प्रसभं** અભિભવ પૂર્વક **उक्तं** કહ્યું હોય ' તે સર્વે આપ ક્ષમા કરો.

टीका—આ કૃષ્ણ ભગવાન્ અમારા સખા છે અર્થાત સમાન વયવાળા છે અથવા અમારા મામાના પુત્ર છે એ પ્રકારે તમને માનીને મેં પોતાના ચિત્તના વિક્ષેપરૂપ પ્રમાદથી અથવા સ્નેહથી આપ પ્રત્યે જે અભિભવવચન કહેલું છે તે સર્વે આપ મારો અપરાધ ક્ષમા કરો. હે ભગવન્ ! તમારા આ વિશ્વરૂપને તથા તમારા ઐશ્વર્યરૂપ મહિમાને હું પ્રથમ જાણતો નહોતો તે માટે મેં હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા ! એ પ્રકારે અભિભવપૂર્વક કહ્યું હોય તે આપ ક્ષમા કરો. ॥ ૪૧ ॥

मूलम्—यच्चावहासार्थमसत्कृतोऽसिविहारशय्यासनभोजनेषु
एकोऽथवाप्यच्युततत्समक्षंतत्क्षामयेत्वामहमप्रमेयम्

पदानि—यत् च अवहासार्थं असत्कृतः असि विहारशय्यासनभोजनेषु
एकः अथवा अपि अच्युत तत् समक्षं तत् क्षामये त्वां अहं अप्रमेयम्

अन्वयार्थः—**अच्युत** હે અચ્યુત **च** તથા **अवहासार्थं** પરિહાસમાટે **विहारशय्यासनभोजनेषु** વિહાર શય્યા આસન અને ભોજનવિષે **एकः** એકલા રહી **अथवा** અથવા **अपि** કદાચિત્ **तत्समक्षं** તે સખાઓની સન્મુખ ઉભા રહી 'તમને મેં' **यत्** જે **असत्कृतः असि** અસત્કાર કર્યો છે **तत्** તે ' સર્વ અપરાધ ' **अहं** હું **त्वां** તમને **अप्रमेयं** અપ્રમેયને **क्षामये** ક્ષમા કરાવું છું.

टीका—હે અચ્યુત ! તથા પરિહાસને માટે વીહાર, શય્યા, આસન અને ભોજનમાં એકલા ઉભા રહી અથવા કદાચિત્ તે સખાઓની સન્મુખ ઉભા રહી તમને મેં જે અસત્કાર કર્યો હોય તે સર્વે અપરાધ હું અપ્રમેય અર્થાત્ અચિન્ત્ય પ્રભાવવાળા તમને ક્ષમાપન કરાવું છું. ॥ ૪૨ ॥

મૂલમ્—पितासिलोकस्यचराचरस्य त्वमस्यपूज्यश्चगुरुर्गरीयान्
नत्वत्समोऽस्त्यभ्यधिकःकुतोऽन्योलोकत्रयेप्यप्रतिमप्रभाव

पिता असि लोकस्य चराचरस्य त्वं अस्य पूज्यः च गुरुः गरीयान्
न त्वत्समः अस्ति अभ्यधिकः कुतः अन्यः लोकत्रये अपि अप्रतिमप्रभाव

अन्वयार्थः—**अप्रतिमप्रभाव** હે ઉપમારહિત પ્રભાવવાળા **अस्य** આ **चराचरस्य** ચરાચરરૂપ **लोकस्य** લોકના **त्वं** તમે **पिता** પિતારૂપ **असि** છો **च** તથા **पूज्यः** પૂજવા યોગ્ય **गुरुः** ગુરૂરૂપ **गरीयान्** ઘણા મ્હોટા છો **लोकत्रये** ત્રણ લોકમાં **त्वत्समः** તમારી તુલ્ય **अपि** પણ **अन्यः** બીજો **न अस्ति** નથિ ' તો તમારાથી ' **अभ्यधिकः** અધિક **कुतः** ક્યાંથી હોય.

टीका—હે ઉપમારહિત પ્રભાવવાળા ! આ ચરાચરરૂપ સર્વ લોકના તમે પિતા-રૂપ છો તથા પૂજ્ય છો તથા ગુરૂરૂપ છો તથા અતિ મ્હોટા છો. ત્રણ લોકમાં તમારી સમાન પણ કોઇ બીજો નથિ તો પછી તમારાથી અધિક ક્યાંથી હોય ? ત્યાં શ્રુતિ ॥ **न-तत्समश्चाभ्याधिकश्चदृश्यते** ॥ તે પરમેશ્વરની સમાનપણ કોઈ દેખવામાં આવતું નથિ તથા તે પરમેશ્વરથી અધિક પણ કોઈ દેખવામાં આવતું નથિ. ॥ ૪૩ ॥

મૂલમ્—तस्मात्प्रणम्यप्रणिधायकायं प्रसादयेत्वामहमीशमीड्यं
पितेवपुत्रस्यसखेवसख्युःप्रियःप्रियायार्हसिदेवसोढुम्

तस्मात् प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वां अहं ईशं ईड्यम्
पिता इव पुत्रस्य सखा इव सख्युःप्रियःप्रियायाःअर्हसि देव सोढुम्

अन्वयार्थः—**तस्मात्** તેમાટે **प्रणम्य** નમસ્કાર કરીને **कायं** ' મારા ' દેહને **प्रणिधाय** ' ભૂમિમાં દંડનીપેઠે ' ધારણ કરીને **अहं** હું **ईड्यं** સ્તુતિ કરવા યોગ્ય **त्वां** તમને **ईशं** ઇશ્વિરને **प्रसादये** પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના કરૂં છું તેમાટે **देव** દેવ **पुत्रस्य** પુત્રના ' અપરાધને ' **पिता इव** પિતાની પેઠે **सख्युः** મિત્રના ' અપરાધને ' **सखा इव** મિત્રની પેઠે **प्रियायाः** પ્રિયાના ' અપરાધને ' **प्रियः इव** પતિની પેઠે ' મારા અપરાધને ' આપ **सोढुं** ક્ષમા કરવાને **अर्हसि** યોગ્ય છો.

टीका—તે માટે તમને નમસ્કાર કરીને તથા પોતાના દેહને ભૂમિઉપર દંડની પેઠે ધારણ કરીને હું સર્વને સ્તુતિ કરવા યોગ્ય એવા તમને ઇશ્વિરને પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના કરૂં છું તે માટે હે દેવ ! પુત્રના અપરાધને પિતા જેમ ક્ષમા કરે છે તથા મિત્રના અપરાધને મિત્ર જેમ ક્ષમા કરે છે તથા પતિવ્રતા પ્રિયાના અપરાધને જેમ પતિ ક્ષમા કરે છે તેમ મારા અપરાધને પણ આપ ક્ષમા કરવા યોગ્ય છો. ॥ ૪૪ ॥

मूलम्—अदृष्टपूर्वंहृषितोऽस्मिदृष्ट्वा भयेनचप्रव्यथितंमनोमे ॥
तदेवमेदर्शयदेवरूपंप्रसीददेवेशजगन्निवास ॥४५॥

पदानि—अदृष्टपूर्वं हृषितः अस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनः मे
तत् एव में दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ४५

अन्वयार्थः—अदृष्टपूर्वं પૂર્વે કોઈ વખતે પણ ન દેખેલા 'આ વિશ્વરૂપને' **दृष्ट्वा** દેખી ' હું '• **हृषितः** હર્ષવાન્ **अस्मि** થયો છું **च** તથા **भयेन** ભયવડે **मे** મારૂં **मनः** મન **प्रव्यथितं** વ્યાકુલ થયું છે ' માટે ' મે મને **तत्** તે **रूपं एव** રૂપજ **दर्शय** દેખાડો **देव** હે દેવ ! **देवेश** હે દેવેશ ! **जगन्निवास** હે જગન્નિવાસ ! ' મારી ઉપર ' **प्रसीद** પ્રસન્ન થાઓ.

टीका—મેં પૂર્વે કોઇ વખતે પણ ન દેખેલું જે આ વિશ્વરૂપ તેને દેખી હું હર્ષ પામ્યો છું તથા વિકરાલરૂપ જોવાથી ઉત્પન્ન થયેલા ભયવડે મારૂં મન વ્યાકુલ પણ થયું છે માટે મને પ્રાણથી પણ પ્રિય એવું પોતાનું પૂર્વરૂપ દેખાડો. હે દેવ ! હે દેવેશ ! હે જગન્નિવાસ ! અર્થાત્ સર્વ જગતના આધારરૂપ ! મારી ઉપર તે પૂર્વના દર્શનરૂપ પ્રસાદ કરો. ॥ ૪૫ ॥

मूलम्—किरीटिनंगदिनंचक्रहस्त-मिच्छामित्वांद्रष्टुमहंतथैव
तेनैवरूपेणचतुर्भुजेनसहस्रबाहोभवविश्वमूर्ते॥४६॥

पदानि—किरीटिनं गदिनं चक्रहस्त इच्छामित्वां द्रष्टुं अहं तथा एव॥
तेन एव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमुर्ते ॥४६॥

अन्वयार्थः—अहं હું **किरीटिनं** કિરીટવાળા **गदिनं** ગદાવાળા **चक्रहस्तं** ચક્ર છે હાથમાં જેને એવા **त्वां** તમને **तथा एव** પ્રથમની પેઠેજ **द्रष्टुं** દેખવાને **इच्छामि** ઇચ્છું છું ' માટે ' **सहस्रबाहो** હે સહસ્રબાહુવાળા **विश्वमूर्ते** હે વિશ્વમૂર્તે ' હવે આપ ' **तेन** તે **चतुर्भुजेन** ચાર હાથવાળા **रूपेण एव** રૂપે કરીનેજ **भव** પ્રગટ થાઓ.

टीका—કિરીટ ધારણ કરનારા, ગદા ધારણ કરનારા, અને ચક્ર ધારણ કરનારા એવા તમને આ વિશ્વરૂપથી પ્રથમ જેવી રીતે હું દેખતો હતો તે આપના સુન્દર સ્વરૂપને હું દેખવાની ઇચ્છા કરૂં છું માટે હે હજારો હાથવાળા ! તથા હે વિશ્વમૂર્તે ! અર્થાત્ હે સર્વ વિશ્વરૂપ મૂર્તિને ધારણ કરનારા ! હવે એ પૂર્વના ચતુર્ભુજ રૂપવડેજ આપ પ્રગટ થાઓ.

श्रीभगवानुवाच.

मूलम्—मयाप्रसन्नेनतवार्जुनेदं रूपंपरंदर्शितमात्मयोगात् ॥

तेजोमयंविश्वमनन्तमाद्यंयन्मेत्वदन्येननदृष्टपूर्वम् ४७

पदानि—मया प्रसन्नेन तव अर्जुन इदंरूपं परं दर्शितं आत्मयोगात् तेजोमयं विश्वं अनन्तं आद्यं यत् मे त्वत् अन्येन न दृष्टपूर्वम् ४७

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન! **प्रसन्नेन** પ્રસન્ન થયેલી **मया** મેં **आत्मयोगात्** પોતાના સામર્થ્યથી **तव** તને **इदं** આ 'વિશ્વાત્મક' **परं** શ્રેષ્ઠ **रूपं** રૂપ **दर्शितं** દેખાડ્યું છે 'તે રૂપ' **तेजोमयं** તેજોમય **विश्व** સર્વ વિશ્વરૂપ **अनन्तं** અનન્ત **आद्यं** અનાદિ છે 'તથા' **यत्** જે **मे** મારૂં 'રૂપ' **त्वदन्येन** તારાવિના બીજા કોઇએ પણ **न दृष्टपूर्वम्** પૂર્વે દેખ્યું નથિ.

टीका—હે અર્જુન! તું આ મારૂં વિશ્વરૂપ દેખીને ભય પામીશમાં, તને ભયની પ્રાપ્તિ કરવામાટે આ વિશ્વરૂપ દેખાડ્યું નથિ પરંતુ પ્રસન્ન થઇને મારૂં વિશ્વરૂપાત્મક શ્રેષ્ઠરૂપ મારા સામર્થ્યથી મેં દેખાડ્યું છે તે કેવળ તારી ઉપર કૃપા કરીને દેખાડ્યું છે. તે રૂપ તેજોમય, સર્વ વિશ્વરૂપ, અનન્ત અને અનાદિ છે તથા જે મારૂં રૂપ તારાવિના બીજા કોઇએ પણ પૂર્વે દેખ્યું નથિ. ॥ ૪૭ ॥

मूलम्—नवेदयज्ञाध्ययनैर्नदानै-र्नचक्रियाभि र्नतपोभिरुग्रैः॥
एवंरूपःशक्यअहंनृलोकेद्रष्टुंत्वदन्येनकुरुप्रवीर ४८

पदानि—नवेदयज्ञाध्ययनैः न दानैः न च क्रियाभिः न तपोभिः उग्रैः एवं रूपः शक्यः अहं नृलोके द्रष्टुं त्वत् अन्येन कुरुप्रवीर

अन्वयार्थः—**कुरुप्रवीर** હે કુરુવંશમાં અતિ શૂરવીર **एवंरूपः** એ પ્રકારના વિશ્વરૂપવાળો **अहं** હું **त्वदन्येन** તારાથી અન્ય પુરૂષે **नृलोके** મનુષ્યલોકમાં **वेदयज्ञाध्ययनैः** વેદોનાં તથા યજ્ઞોનાં અધ્યનવડે **द्रष्टुं** જોવાને **न शक्यः** શક્ય નથિ **दानैः** દાનોવડે **न** 'દેખવાને શક્ય' નથિ **च** તથા **क्रियाभिः** ક્રિયાઓવડે **न** 'દેખવાને શક્ય' નથિ **उग्रैः** ઉગ્ર **तपोभिः** તપોવડે **न** 'દેખવાને શક્ય' નથિ.

टीका—હે કુરુવંશમાં અતિ શૂરવીર! આ મનુષ્યલોકમાં એ પ્રકારે વિશ્વરૂપવાળા મને તારાથી બીજો પુરૂપ વેદો તથા યજ્ઞોના અધ્યયનવડે દેખવાને સમર્થ નથિ તથા દાનોવડે દેખવાને સમર્થ નથિ તથા કર્મોવડે દેખવાને સમર્થ નથિ તથા ઉગ્ર તપવડે પણ દેખવાને સમર્થ નથિ. ॥ ૪૮ ॥

मूलम्—मातेऽव्यथामाचविमूढभावोदृष्ट्वारूपंघोरमीदृङ्ममेदम्
व्यपेतभीःप्रीतमनाःपुनस्त्वंतदेवमेरूपमिदंप्रपश्य ४९

पदानि—मा ते व्यथा मा च विमूढभावः दृष्ट्वा रूपं घोरं ईदृक् मम इदम्
व्यपेतभीः प्रीतमनाः पुनः त्वं तत् एव मे रूपं इदं प्रपश्य

अन्वयार्थः—**मम** મારૂં **ईदृक्** આવી રીતે **इदं** આ **घोर** ઘોર **रूपं** રૂપ **दृष्ट्वा** દેખીને **ते** તને **मा व्यथा** વ્યથા ન થાઓ **च** તથા **विमूढभावः** વિમૂઢભાવ **मा** ન થાઓ 'કિન્તુ' **व्यपेतभीः** ભયરહિત થઈ **प्रीतमनाः** પ્રસન્ન મનવાળો થઈ **त्वं** તું **पुनः** ફરીને **मे** મારૂં **तत्** તે **इदं** આ **रूपं** **एव** રૂપજ **प्रपश्य** દેખ.

टीका—અનેક બાહુ અને મુખાદિકથી યુક્ત હોવાથી અત્યન્ત ભયાનક એવું જે આ મારૂં વિશ્વરૂપ તેને દેખનાર એવા તને વ્યથા પ્રાપ્ત ન થાઓ અર્થાત્ ભયરૂપ નિમિત્તથી ઉત્પન્ન થયેલી પીડા ન થાઓ તથા આ મારા વિશ્વરૂપનું દર્શન થયાપછી પણ જે તને વિમૂઢભાવ પ્રાપ્ત થયો છે તે પણ ન પ્રાપ્ત થાઓ કિન્તુ ભયરહિત થઇને તથા પ્રસન્ન મનવાળો થઇને તું તે મારૂં ચતુર્ભુજ રૂપજ દેખ. ॥ ૪૯ ॥

सञ्जय उवाच.

मूलम्—इत्यर्जुनंवासुदेवस्तथोक्त्वा-स्वकंरूपंदर्शयामासभूयः
आश्वासयामासचभीतमेनंभूत्वापुनःसौम्यवपुर्महात्मा ५०

पदानि—इति अर्जुनं वासुदेवः तथा उक्त्वा स्वकं रूपं दर्शयामास भूयः
आश्वासयामास च भीतं एनं भूत्वा पुनः सौम्यवपुः महात्मा ५०

अन्वयार्थः—' હે ધૃતરાષ્ટ્ર ' ! **वासुदेवः** કૃષ્ણ ભગવાન્ **अर्जुनं** અર્જુનપ્રત્યે **इति** એ પ્રકારનું વચન **उक्त्वा** કહીને **तथा** તે પ્રકારનું **स्वकं** પોતાનું **रूपं** રૂપ **भूयः** ફરીને **दर्शयामास** દેખાડતા હવા **च** તથા **महात्मा** પરમ કૃપાળુ ભગવાન્ **पुनः** ફરીને **सौम्यवपुः** સૌમ્ય શરીરવાળા **भूत्वा** થઇને **भीतं** ભયવાળા **एनं** એ ' અર્જુનને ' **आश्वासयामास** આશ્વાસન કરતા હવા.

टीका—હે ધૃતરાષ્ટ્ર ! તે વાસુદેવ ભગવાને અર્જુનપ્રત્યે એ પ્રકારનું વચન કહીને વિશ્વરૂપ ધારણ કરવાથી પૂર્વે જેવી રીતના રૂપવાળા હતા તે પ્રકારનું પોતે પોતાનું રૂપ ફરીને દેખાડયું અર્થાત્ મસ્તકઉપર કિરીટ ધારણ કરનારૂં તથા કાનમાં મકરાકાર કુંડળ ધારણ કરનારૂં તથા ચાર ભુજમાં શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરનારૂં તથા શ્રીવત્સ કૌસ્તુભ વનમાળા પીતામ્બર ઇત્યાદિકવડે શોભાયમાન એવું પોતાનું પૂર્વરૂપ અર્જુનને દેખાડયું તથા તે પરમ કારણિક ભગવાને પરમ અનુગ્રહરૂપ શરીરવાળા થઇને અર્જુનની આશ્વાસના કરી. ॥ ૫૦ ॥

अर्जुन उवाच.

मूलम्—दृष्ट्वेदंमानुषंरूपं तवसौम्यंजनार्दन ॥

इदानीमस्मिसंवृत्तः सचेता:प्रकृतिंगतः ॥५१॥

पदानि—दृष्ट्वा इदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ॥
इदानीं अस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥५१॥

अन्वयार्थः– जनार्दन હે જનાર્દન ! तव તમારૂં इदं આ मानुषं મનુષ્ય સમ્બન્ધી सौम्यं સૌમ્ય रूपं રૂપ दृष्ट्वा દેખીને इदानीं હમણાં 'હું' सचेताः અવ્યાકુલચિત્તવાળો संवृत्तः થયેલો अस्मि છું 'તથા' प्रकृतिं સ્વસ્થતાને गतः પ્રાપ્ત થયો છું.

टीका—હે જનાર્દન ! આ સૌમ્ય માનુષરૂપ દેખીને હું વિશ્વરૂપ જોવાથી થયેલા ભયથી વ્યામોહના અભાવે કરીને ચિત્તની વ્યાકુલતાથી રહિત થયો છું તથા હમણાં પ્રકૃતિને પામ્યો છું અર્થાત્ તે ભયથી ઉત્પન્ન થયેલી વ્યથારહિત થઈ સ્વસ્થભાવ પામ્યો છું ।૫૧।

श्रीभगवानुवाच.

मूलम्—सुदुर्दर्शमिदंरूपं दृष्टवानसियन्मम ॥
देवाअप्यस्यरूप नित्यंदर्शनकांक्षिणः ॥५२॥

पदानि—सदुर्दर्शं इदं रूपं दृष्टवान् असि यत् मम ॥
देवाः अपि अस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥५२॥

अन्वयार्थः—मम મારૂં यत् જે रूपं વિશ્વરૂપ 'તું હમણાં' दृष्टवान् असि દેખતો હતો इदं એ सुदुर्दर्शं દેખવાને અત્યન્ત અશક્ય છે 'કારણકે' देवाः अपि દેવતાઓ પણ नित्यं નિરન્તર अस्य આ रूपस्य વિશ્વરૂપને दर्शनकांक्षिणः દેખવાની ઇચ્છા કરે છે.

टीका—મારૂં જે વિશ્વરૂપ હમણાં તેં દેખ્યું તે રૂપ બીજાને દેખવું ઘણું અશક્ય છે કારણકે ઇન્દ્રાદિક દેવો પણ નિરન્તર આ મારા વિશ્વરૂપના દર્શનની ઇચ્છાજ કર્યા કરે છે પરન્તુ જેમ તેં મારૂં વિશ્વરૂપ દેખ્યું તેમ તે દેવોયે પૂર્વે પણ એ વિશ્વરૂપ દેખ્યું નથિ અને આગળ પણ દેખશે નહિ. ॥ ५२ ॥

मूलम्—नाहंवेदैर्नतपसा नदानेननचेज्यया ॥
शक्यएवंविधोद्रष्टुं दृष्टवानसिमांयथा ॥५३॥

पदानि—न अहं वेदैः न तपसा न दानेन न च इज्यया ॥
शक्यः एवंविधः द्रष्टुं दृष्टवान् असि मां यथा ॥५३॥

अन्वयार्थः—**यथा** જેવી રીતે **मां** મને ' **दृष्टवान् असि** દેખતો હવો **एवंविधः** એ પ્રકારના વિશ્વરૂપવાળો **अहं** હું **वेदैः** વેદોના અધ્યયનવડે **द्रष्टुं** દેખવાને **न शक्यः** સમર્થ નથિ **तपसा** તપવડે **न** ' દેખવાને સમર્થ ' નથિ **दानेन** દાનવડે ' દેખવાને સમર્થ **न** નથિ **च** તથા **इज्यया** અગ્નિહોત્રાદિક કર્મવડે 'પણ દેખવાને સમર્થ' **न** નથિ.

टीका—વિશ્વરૂપ એવો જે હું તેને તેં હમણાં જેવી રીતે દેખ્યો એવી રીતે બીજો કોઈ પુરૂષ ચાર વેદના અધ્યયનવડે દેખવાને સમર્થ નથિ, તપવડે દેખવાને સમર્થ નથિ, દાનવડે દેખવાને સમર્થ નથિ તથા અગ્નિહોત્રાદિક કર્મવડે દેખવાને પણ સમર્થ નથિ. (**नवेदयज्ञाध्ययनः**) એ શ્લોકમાં જે અર્થ કહ્યો હતો તેજ અર્થ (**नाहंवेदैर्नतपसा**) એ શ્લોકમાં ફરીને કહ્યો છે તે વિશ્વરૂપના દર્શનની અત્યંત દુર્લભતા જણાવવા માટે કહ્યો છે માટે પુનરૂક્તિ દોષની પ્રાપ્તિ નથિ. ॥ ૫૩ ॥

मूलम्—**भक्त्यात्वनन्ययाशक्य अहमेवंविधोऽर्जुन ॥**
ज्ञातुंद्रष्टुंचतत्त्वेन प्रवेष्टुंचपरन्तप ॥५४॥

पदानि—**भक्त्या तु अनन्यया शक्यः अहं एवं विधः अर्जुन ॥**
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥५४॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! **परन्तप** હે પરન્તપ **एवंविधः** એ પ્રકારના વિશ્વરૂપવાળો **अहं** હું **अनन्यया** અનન્ય **भक्त्या तु** ભક્તિવડેજ **ज्ञातुं** જાણવાને **शक्यः** શક્ય છું **च** તથા **तत्त्वेन** વાસ્તવ રૂપે કરીને **द्रष्टुं** સાક્ષાત્કાર કરવાને યોગ્ય છું **च** તથા **प्रवेष्टुं** પ્રાપ્ત થવાને યોગ્ય છું.

टीका—હે પરન્તપ ! અર્થાત્ હે અજ્ઞાનરૂપ શત્રુઓને નાશ પમાડનારા ! એ પ્રકારે દિવ્ય વિશ્વરૂપ ધારણ કરનારો હું એક અનન્ય ભક્તિવડેજ જાણવાને શક્ય છું હે અર્જુન ! વાસ્તવ રૂપે કરીને સાક્ષાત્કાર કરવાને યોગ્ય છું તથા તે સાક્ષાત્કારની પ્રાપ્તિ થયા પછી પોતાના વાસ્તવરૂપથી પામવાને યોગ્ય છું. ॥ ૫૪ ॥

मूलम्—**मत्कर्मकृन्मत्परमो-मद्भक्तःसङ्गवर्जितः ॥**
निर्वैरःसर्वभूतेषु यःसमामेतिपाण्डव ॥५५॥

पदानि—**मत्कर्मकृत् मत्परमः मद्भक्तः सङ्गवर्जितः ॥**
निर्वैरः सर्वभूतेषु यः सः मां एति पाण्डव ॥५५॥

अन्वयार्थः—पाण्डव હે અર્જુન ! **यः** જે ' પુરૂષ ' **मत्कर्मकृत्** મારૂં કર્મ કરનારો **मत्परमः** હું જેને મુખ્ય છું એવો **मद्भक्तः** મારો ભક્ત **सङ्गवर्जितः** સંગરહિત **सर्वभूतेषु** સર્વ પ્રાણિયોમાં **निर्वैरः** વૈરરહિત છે **सः** તે 'પુરૂષ' **मां** મને **एति** પામે છે.

टीका—હે પાંડુપુત્ર અર્જુન ! જે અધિકારી પુરૂષ મારી પ્રસન્નતા માટે અગ્નિહોત્રાદિક શ્રોત સ્માર્ત્ત કર્મ કરે છે તથા હુંજ પામવા યોગ્ય છું એમ જે મનેજ મુખ્ય રાખે છે તથા જે મારો ભક્ત છે તથા જે સંગરહિત છે તથા જે સર્વ પ્રાણિયોમાં વૈરરહિત છે અર્થાત જે પ્રાણી પોતાના ઉપર અપકાર કરે તેના ઉપર પણ જે દ્વેષરરિત છે તે પુરૂષ મને પામે છે. ।। ૫૫ ।।

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
विश्वरूपदर्शनं नाम एकादशोऽध्यायः



ॐ

श्रीकृष्णायनमः

अर्जुन उवाच.

मूलम्—एवंसततयुक्तायेभक्तास्त्वांपर्युपासते ॥
येचाप्यक्षरमव्यक्तं तेषांकेयोगवित्तमाः ॥१॥

पदानि—एवं सततयुक्ताः ये भक्ताः त्वां पर्युपासते ॥
ये च अपि अक्षरं अव्यक्तं तेषां के योगवित्तमाः ॥१॥

अन्वयार्थः—**एवं** એ પ્રકારે **सततयुक्ताः** નિરન્તર યુક્ત થયેલા **ये** જે **भक्ताः** ભકતો **त्वां** તમને **पर्युपासते** નિરન્તર ચિન્તન કરે છે **च** તથા **ये** જે 'વિરક્ત પુરૂષો' **अक्षरं** અક્ષર 'તથા' **अव्यक्तं** **अपि** અવ્યક્તરૂપ તમનેજ 'ચિન્તન કરે છે' **तेषां** તેઓની મધ્યે **के** કોણ **योगवित्तमाः** અતિશય યોગ જાણનારો છે.

टीका—જે અધિકારી પુરૂષો સતતયુક્ત છે અર્થાત્ નિરન્તર ભગવત્ અર્પણ કર્માદિકમાં સાવધાનીથી પ્રવર્ત્તેલા છે તથા જે અધિકારી પુરૂષો ભક્ત છે અર્થાત સાકાર વસ્તુનેજ શરણે થયેલા છે. એવી રીતે જે પુરૂષો આપને શ્રદ્ધાભક્તિપૂર્વક નિરન્તર ચિન્તન કરે તે તથા જે પુરૂષો સર્વ સંસારથી વિરક્ત થઈ તથા સર્વ કર્મોનો ત્યાગ કરી અક્ષરરૂપ અને અવ્યક્તરૂપ એવું તમારૂં નિરન્તર ચિન્તન કરે છે તે અધિકારીયોમાં અતિશય યોગ જાણનારા કોણ ? ॥ ૧ ॥

श्रीभगवानुवाच.

मूलम्—मय्यावेश्यमनोयेमां नित्ययुक्ताउपासते ॥
श्रद्धयापरयोपेता-स्तेमेयुक्ततमामताः ॥२॥

पदानि—मयि आवेश्य मनः ये मां नित्ययुक्ता उपासते ॥
श्रद्धया परया उपेताः ते मे युक्ततमाः मताः ॥२॥

अन्वयार्थः—**ये** જે 'પુરૂષો' **मनः** મનને **मयि** મારે વિષે **आवेश्य** એકાગ્ર કરીને **नित्ययुक्ताः** નિત્ય યુક્ત થઈ **परया** સાત્વિક **श्रद्धया** શ્રદ્ધાવડે **उपेताः** યુક્ત થઈ

मां મને **उपासते** ચિન્તન કરે છે **ते** તે ' પુરૂષો ' **मे** મને **युक्ततमाः** યુક્તતમ **मताः** અભિમત છે.

टीका—જે પુરૂષો મારેવિષે પોતાનું મન એકાગ્ર કરીને તથા મારૂં ચિન્તન કરવામાં ઉદ્યમવાળા થઇને તથા સાત્વિક શ્રદ્ધાયુક્ત થઇને સર્વ યોગેશ્વરોનો પણ ઇશ્વરરૂપ તથા સર્વજ્ઞ તથા સમગ્ર કલ્યાણ ગુણોના સ્થાનરૂપ એવો જે હું તેને નિરન્તર ચિન્તન કરે છે તે પુરૂષો મનયુક્ત તમરૂપવડે અભિમત છે અર્થાત્ તે પુરૂષો સર્વકાળમાં મારેવિષે આસક્ત ચિત્તવાળા હોવાથી સર્વ વિષયોથી વિમુખ થઈ મારૂં ચિન્તન કરતાં કરતાં સંપૂર્ણ દિનરાત્રિયો વ્યતીત કરે છે. ॥ ૨ ॥

मूलम्—येत्वक्षरमनिर्देश्य-मव्यक्तंपर्युपासते ॥
सर्वत्रगमचिन्त्यंच कूटस्थमचलंध्रुवम् ॥३॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्रसमबुद्धय: ॥
तेप्राप्नुवन्तिमामेव सर्वभूतहितेरता: ॥४॥

पदानि—ये तु अक्षरं अनिर्देश्यं अव्यक्तं पर्युपासते ॥
सर्वत्रगं अचिन्त्यं च कूटस्थं अचलं ध्रुवम् ॥३॥
सन्नियम्य इन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ॥
ते प्राप्नुवन्ति मां एव सर्वभूतहितेरताः ॥४॥

अन्वयार्थः—**तु** વળી **ये** જે ' પુરૂષો ' **इन्द्रियग्रामं** ઇન્દ્રિયોના સમૂહને **सन्नियम्य** રૂંધીને **सर्वत्र** સર્વ ઠેકાણે **समबुद्धयः** સમબુદ્ધિવાળા થઇ **सर्वभूतहितेरताः** સર્વ પ્રાણિયોના હિતમાં તત્પર થઈ **अनिर्देश्यं** અનિર્દેશ્ય **अव्यक्तं** અવ્યક્ત **सर्वत्रगं** સર્વત્ર વ્યાપક, **अचिन्त्यं** અચિન્ત્ય **च** તથા **कूटस्थं** કૂટસ્થ **अचलं** અચલ **ध्रुवम्** ધ્રુવ **अक्षरं** અક્ષરને **पर्युपासते** નિરન્તર ચિન્તન કરે છે **ते** તે ' અધિકારી પુરૂષો ' **मां एव** મનેજ **प्राप्नुवन्ति** પામે છે.

टीका—વળી જે પુરૂષો ઇન્દ્રિયોના સમૂહને રૂંધીને સર્વ ઠેકાણે સમબુદ્ધિવાળા થઈ તથા સર્વ પ્રાણિયોના હિતમાં તત્પર થઇ અનિર્દેશ્ય અર્થાત્ કોઈ શબ્દવડે કહેવાને અશક્ય તથા અવ્યક્ત સર્વ ઠેકાણે વ્યાપક, અચિન્ત્ય, વિકાર રહિત, અચલ અને પરિણામી ભાવથી રહિત એવું જે અક્ષર તેને નિરન્તર ચિન્તન કરે છે તે અધિકારી પુરૂષો મનેજ પામે છે. ત્યાં શ્રુતિ. ॥ **ब्रह्मैवसन्ब्रह्माप्येति** ॥ **ब्रह्मविद्ब्रह्मैवभवति** ॥ અધિકારી પુરૂષ બ્રહ્મરૂપ થઇ બ્રહ્મનેજ પામે છે અને હું બ્રહ્મરૂપ છું એમ જાણનાર પુરૂષ બ્રહ્મરૂપજ થાય છે. ॥ ૩ ॥ ॥ ૪ ॥

मूलम्—क्लेशोऽधिकतरस्तेषा-मव्यक्तासक्तचेतसाम् ॥
अव्यक्ताहिगतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥५॥

पदानि—क्लेशः अधिकतरः तेषां अव्यक्तासक्तचेतसाम् ॥
अव्यक्ता हि गतिः दुःखं देहवद्भिः अवाप्यते ॥५॥

अन्वयार्थः—**अव्यक्तासक्तचेतसाम्** નિર્ગુણ બ્રહ્મમાં આસક્ત છે ચિત્ત જેઓનું એવા **तेषां** તે 'પુરૂષોને' **अधिकतरः** અતિ અધિક **क्लेशः** ક્લેશ 'થાય છે' **हि** કારણકે **देहवद्भिः** દેહાભિમાની પુરૂષોએ **अव्यक्ता** નિર્ગુણ **गतिः** બ્રહ્મ **दुःखं** 'બહુ' દુઃખ થાય એવી રીતે **अवाप्यते** પમાય છે.

टीका—નિર્ગુણ બ્રહ્મમાં આસક્ત છે ચિત્ત જેઓનું એવા તે પુરૂષોને અતિ અધિક ક્લેશ થાય છે કારણ કે દેહાભિમાની પુરૂષોએ તે નિર્ગુણબ્રહ્મ ઘણા દુઃખથી પામી શકાય છે. "મુમુક્ષુપુરૂષો તત્વજ્ઞાનવડે જેને પ્રાપ્ત થાય એવું જે ગન્તવ્ય ફલરૂપ નિર્ગુણબ્રહ્મ તેનું નામ ગતિ છે" ત્યાં શ્રુતિ ॥ **साकाष्ठासापरागतिः** ॥ તે નિર્ગુણ બ્રહ્મજ સર્વેનો અવાધરૂપ છે તથા પરમ ગતિરૂપ છે. ॥ ५ ॥

मूलम्—येतुसर्वाणिकर्माणि मयिसंन्यस्यमत्पराः ॥
अनन्येनैवयोगेन मांध्यायन्तउपासते ॥६॥
तेषामहंसमुद्धर्त्ता मृत्युसंसारसागरात् ॥
भवामिनचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥७॥

पदानि—ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ॥
अनन्येन एव योगेन मां ध्यायन्तः उपासते ॥६॥
तेषां अहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् ॥
भवामि न चिरात् पार्थ मयि आवेशितचेतसाम् ॥७॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **तु** વળી **ये** જે 'પુરૂષો' **सर्वाणि** સર્વ **कर्माणि** કર્મોને **मयि** મારેવિષે **संन्यस्य** અર્પણ કરીને **मत्पराः** મારે પરાયણ થઈ 'તથા' **अनन्येन** અનન્ય **योगेन** સમાધિરૂપ' યોગવડે **मां एव** મનેજ **ध्यायन्तः** ચિન્તન કરતા છતા

उपासते 'મારી' ઉપાસના કરે છે **मयि** મારેવિષે **आवेशितचेतसाम्** પ્રવેશ કરાવેલા ચિત્તવાળા **तेषां** તે 'પુરૂષોને' **अहं** હું **मृत्युसंसारसागरात्** મૃત્યુયુક્ત સંસારસમુદ્રથી **नचिरात्** તત્કાળ **समुद्धर्त्ता** ઉદ્ધાર કરનારો **भवामि** થાઉં છું.

टीका—જે અધિકારી પુરૂષો મારેવિષે નિત્ય, નૈમિત્તિક, સ્વાભાવિક સર્વ કર્મોનું અર્પણ કરીને મારે વિષેજ તત્પર થાય છે તથા અનન્ય યોગવડે મારૂં ચિન્તન કરે છે તથા મારી ઉપાસના કરે છે, તે મારે વિષે ચિત્ત રાખનારા પુરૂષોને હું મૃત્યુ સંસારસાગરથી ઉદ્ધાર કરૂં છું અર્થાત ઉપાસક પુરૂષોને હું જ્ઞાનરૂપ આશ્રયની પ્રાપ્તિ કરીને પ્રયાસ વિના તથા થોડા કાળમાં સર્વ પ્રપંચના બાધના અવધિભૂત શુદ્ધ બ્રહ્મરૂપી ઉર્ધ્વ સ્થાનમાં ધારણુ કરનારો થાઉં છું ॥ ૬ ॥ ॥ ૭ ॥

मूलम्—मय्येवमनआधत्स्व मयिबुद्धिंनिवेशय ॥
निवसिष्यसिमय्येव अतऊर्ध्वंनसंशयः ॥८॥

पदानि—मयि एव मनः आधत्स्व मयि बुद्धिं निवेशय ॥
निवसिष्यसि मयि एव अतः ऊर्ध्वं न संशय : ॥८॥

अन्वयार्थः—**मनः** મન **मयि एव** મારે વિષેજ **आधत्स्व** સ્થિત કર **बुद्धिं** બુદ્ધિને **मयि** મારે વિષે **निवेशय** સ્થિત કર ' તેમ કરવાથી ' **अतः** આ દેહપાતથી **ऊर्ध्वं** અનન્તર **मयि एव** મારે વિષેજ **निवसिष्यसि** રહીશ ' એ વિષયમાં ' **संशय** સંશય **न** ' કરવો ' નહિ.

टीका—તારા સંકલ્પ વિકલ્પ મનને મારે વિષેજ સ્થિત કર અર્થાત્ મનની સર્વ વૃત્તિયોને મારે વિષયક કર, મારાથી ભિન્ન એવા બીજા શબ્દાદિક વિષયોમાં રાખીશ માં તથા નિશ્ચયરૂપ બુદ્ધિને પણ મારે વિષેજ સ્થિત કર. એવી રીતે જો તું નિરંતર મારૂં ચિન્તન કરીશ તો આ દેહપાતથી અનન્તર મારે વિષેજ રહીશ, એ વિષયમાં કાંઈ પણ તારે સંશય કરવો નહિ. ॥ ૮ ॥

मूलम्—अथचित्तंसमाधातुं नशक्नोषिमयिस्थिरम् ॥
अभ्यासयोगेनततो मामिच्छाप्तुंधनञ्जय ॥९॥

पदानि—अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ॥
अभ्यासयोगेन ततः मां इच्छ आप्तुं धनञ्जय ॥९॥

अन्वयार्थः—**धनञ्जय** હે ધનંજય ! **अथ** જો **मयि** મારેવિષે **चित्तं** ચિત્તને **स्थिरं** સ્થિર **समाधातुं** સ્થાપન કરવાને **न शक्नोषि** સમર્થ ન થા **ततः** તો **अभ्यासयोगेन** અભ્યાસયોગવડે **मां** મને **आप्तुं** પ્રાપ્ત થવામાટે **इच्छ** ઇચ્છા કર.

टीका—હે ધનંજય ! જો તું મારેવિષે ચિત્તને જેવી રીતે સ્થિર થાય તેવી રીતે સ્થાપન કરવામાં અશક્ત હો તો તું અભ્યાસયોગવડે મને પામવા માટે ઇચ્છા કર અર્થાત પ્રયત્ન કર. "આ શ્લોકના આદિમાં જે અથ શબ્દ છે તે પ્રથમ કહેલા પક્ષની અપેક્ષાથી બીજા પક્ષના આરંભનો બોધક છે. ॥ ૯ ॥

मूलम्—अभ्यासेऽप्यसमर्थोसि मत्कर्मपरमोभव ॥
मदर्थमपिकर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥१०॥

पदानि—अभ्यासे अपि असमर्थः असि मत्कर्मपरमः भव ॥
मदर्थं अपि कर्माणि कुर्वन् सिद्धिं अवाप्स्यसि ॥१०॥

अन्वयार्थः—**अभ्यासे** 'પ્રથમ કહેલા' અભ્યાસમાં **अपि** પણ **असमर्थः** અસમર્થ **असि** હો 'તો તું' **मत्कर्मपरमः** મારા કર્મમાં પરાયણ **भव** થા **मदर्थं** મારે અર્થે **कर्माणि** કર્મોને **अपि** પણ **कुर्वन्** કરતો છતો **सिद्धिं** બ્રહ્મભાવને **अवाप्स्यसि** પામીશ.

टीका—પૂર્વ શ્લોકમાં કહેલો અભ્યાસ કરવામાં પણ જો તું અસમર્થ હો તો તું મારા કર્મમાં તત્પર થા. એ પ્રકારે મારી પ્રસન્નતા સારૂ શ્રવણ કીર્તનાદિક ભગવત્સંબંધી કર્મોને કરતો છતો અન્તઃકરણની શુદ્ધિદ્વારા તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિદ્વારા નિર્ગુણ બ્રહ્મભાવનિ પ્રાપ્તિરૂપ સિદ્ધિને પામીશ. ॥ ૧૦ ॥

मूलम्—अथैतदप्यशक्तोऽसि कर्तुंमद्योगमाश्रितः
सर्वकर्मफलत्यागं ततःकुरुयतात्मवान् ॥११॥

पदानि—अथ एतत् अपि अशक्तः असि कर्तुं मद्योगं आश्रितः ॥
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥११॥

अन्वयार्थः—**अथ** જો **एतत्** એ 'પ્રથમ કહેલું ભગવત્સમ્બન્ધી કર્મ' **अपि** પણ **कर्तुं** કરવાને **अशक्तः** અશક્ત **असि** હો **ततः** તો **मद्योगं** મારા યોગને **आश्रितः** આશ્રય કરીને **यतात्मवान्** યતાત્મવાન્ થઈ **सर्वकर्मफलत्यागं** સર્વે કર્મના ફલનો ત્યાગ **कुरु** કર.

टीका—જો તું શ્રવણ કીર્તનાદિક ભાગવત ધર્મોને પણ સંપાદન કરવામાં અશક્ત હો તો મારા યોગનો આશ્રય કરીને અર્થાત્ મારી શરણતાનો આશ્રય કરીને યતાત્મવાન્

થા અને પછી પ્રથમ કહેલાં શ્રોત સ્માર્ત્ત કર્મોના ફલનો ત્યાગ કર અર્થાત્ તે કર્મના ફલની ઇચ્છાનો પરીત્યાગ કર. " યતાત્મવાન્ " એ શબ્દનો અર્થ આવી રીતે છે કે શબ્દાદિક સર્વ વિષયોથી નિવૃત્ત કરી છે શ્રોત્રાદિક સર્વ ઇન્દ્રિયો જેણે તેનું નામ યત છે અને વિવેકીનું નામ આત્મવાન્ છે. યત હોય અને એજ આત્મવાન્ હોય તેનું નામ યતાત્મવાન્ છે અર્થાત્ શ્રોત્રાદિક સર્વ ઇન્દ્રિયોના નિરોધવાળા વિવેકી પુરૂષનું નામ યતાત્મવાન્ છે.

मूलम्--श्रेयोहिज्ञानमभ्यासा-ज्ज्ञानाद्ध्यानंविशिष्यते ॥
ध्यानात्कर्मफलत्याग-स्त्यागाच्छान्तिरनन्तरम् १२

पदानि—श्रेयः हि ज्ञानं अभ्यासात् ज्ञानात् ध्यानं विशिष्यते ॥
ध्यानात् कर्मफलत्यागः त्यागात् शान्तिः अनन्तरम् १२

अन्वयार्थः—**अभ्यासात्** અભ્યાસથી **ज्ञानं** જ્ઞાન **हि** નિશ્ચે **श्रेयः** શ્રેષ્ઠ છે **ज्ञानात्** જ્ઞાનથી **ध्यानं** ધ્યાન **विशिष्यते** શ્રેષ્ઠ છે **ध्यानात्** ધ્યાનથી **कर्मफलत्यागः** કર્મના ફલનો ત્યાગ ' શ્રેષ્ઠ છે ' **त्यागात्** ત્યાગથી **अनन्तरम्** અનન્તર **शान्तिः** ' મોક્ષરૂપી ' શાન્તિ 'થાય છે'

टीका—અભ્યાસથી જ્ઞાન અવશ્ય શ્રેષ્ઠ છે અને જ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ છે અને ધ્યાનથી કર્મના ફલનો ત્યાગ શ્રેષ્ઠ છે અને ત્યારપછી મોક્ષરૂપ શાન્તિ થાય છે. તે શાન્તિ કાલાન્તરની અપેક્ષા કરતી નથી. ત્યાં શ્રુતિ ॥ **यदासर्वेप्रमुच्यन्ते कामायेऽस्यहृदिस्थिताः ॥ अथमर्त्योऽमृतोभाव त्यत्रब्रह्मसमश्नुते** ॥ આ જીવના હૃદયમાં રહેલાં સર્વ કામ જે વખતે નિવૃત્ત થાય છે તે વખતેજ તે અમૃતરૂપ થાય છે અને આ દેહમાંજ બ્રહ્મભાવ પામે છે. ॥ ૧૨ ॥

मूलम्—अद्वेष्टासर्वभूतानां मैत्र:करुणएवच ॥
निर्ममोनिरहङ्कार: समदु:खसुख:क्षमी ॥१३॥
सन्तुष्ट:सततंयोगी यतात्माद‍ृढनिश्चय: ॥
मय्यर्पितमनोबुद्धि-र्योमद्भक्त:समेप्रिय: ॥१४॥

पदानि—अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुणः एव च ॥
निर्ममः निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥१३॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ॥
मयि अर्पितमनोबुद्धिः यः मद्भक्तः सः मे प्रियः ॥१४॥

अन्वयार्थः—' જે પુરૂષ ' **सर्वभूतानां** સર્વ ભૂતોનો **अद्वेष्टा** દ્વેષ નહિ કરનારો **मैत्रः एव** મૈત્રીવાળોજ **च** તથા **करुणः** કરૂણાવાળો **निर्ममः** મમતા રહિત **निरहङ्कारः** અહંકારરહિત **समदुःखसुखः** સમ છે દુઃખ અને સુખ જેને એવો **क्षमी** ક્ષમાવાળો 'તથા' **यः** જે **सततं** નિરન્તર **सन्तुष्टः** સન્તોષ પામેલો **योगी** સમાહિત ચિત્તવાળો **यतात्मा** વશ કર્યો છે ઇન્દ્રિયોરૂપ સંઘાત જેણે એવો **दृढनिश्चयः** દૃઢ નિશ્ચયવાળો **मयि** મારેવિષે **अर्पितमनोबुद्धिः** અર્પણ કરેલાં છે મન બુદ્ધિ જેણે એવો **मद्भक्तः** મારો ભક્ત 'છે' **सः** તે 'ભક્ત' **मे** મને **प्रियः** પ્રિય છે.

टीका—જે પુરૂષ સર્વ ભૂતોનો દ્વેષ નહિ કરનારો, મૈત્રીવાળો, તથા કરૂણાવાળો, મમતારહિત, અહંકારરહિત, દુઃખ અને સુખને સમાન માનનારો, ક્ષમાવાળો, નિરન્તર સન્તોષ પામેલો, ચિત્તને નિયમમાં રાખનારો ઇન્દ્રિયોને નિયમમાં રાખનારો, દૃઢ નિશ્ચયવાળો અર્થાત્ કુતાર્કિક પુરૂષોથી પરાભવ કરવાને અશક્ય હોવાથી સ્થિર નિશ્ચયવાળો, મારેવિષે અર્પણ કરેલાં છે મન બુદ્ધિ જેણે એવો જે મારો ભક્ત તે મને પ્રિય છે. ॥ ૧૪ ॥

मूलम्—यस्मान्नोद्विजतेलोको-लोकान्नोद्विजतेचयः ॥
हर्षामर्षभयोद्वेगै-र्मुक्तोयःसचमेप्रियः ॥१५॥

पदानि—यस्मात् न उद्विजते लोकः लोकात् न उद्विजते च यः ॥
हर्षामर्षभयोद्वेगैः मुक्तः यः सः च मे प्रियः ॥१५॥

अन्वयार्थः—**यस्मात्** જે પુરૂષથી **लोकः** લોક **न उद्विजते** સન્તાપ પામતો નથિ **च** તથા **यः** જે **लोकात्** લોકથી **न उद्विजते** સન્તાપ પામતો નથિ **च** તથા **यः** જે **हर्षामर्षभयोद्वेगैः** હર્ષ અમર્ષ ભય અને ઉદ્વેગથી **मुक्तः** મુકાયેલો છે **सः** તે 'પુરૂષ' **मे** મને **प्रियः** પ્રિય છે.

टीका—સર્વ પ્રાણિયોને અભયની પ્રાપ્તિ કરનાર જે પુરૂષથી કોઈ પણ પ્રાણી સન્તાપ પામતો નથિ અર્થાત્ જે તત્વવેત્તા પુરૂષ કોઈ પણ પ્રાણિને શરીર મન અને વાણીવડે પીડાની પ્રાપ્તિ કરતો નથિ તથા અપરાધવિના સન્તાપની પ્રાપ્તિ કરનારા દુષ્ટ પ્રાણિરૂપ લોકથી જે પુરૂષ સન્તાપ પામતો નથિ તથા જે પુરૂષ હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગથી મુકાયેલો છે તે પુરૂષ મને પ્રિય છે. ॥ ૧૫ ॥

मूलम्—अनपेक्षःशुचिर्दक्ष उदासीनोगतव्यथः ॥
सर्वारम्भपरित्यागी योमद्भक्तः समेप्रियः ॥१६॥

पदानि—अनपेक्षः शुचिः दक्षः उदासीनः गतव्यथः ॥

सर्वारम्भपरित्यागी यः मद्भक्तः सः मे प्रियः ॥१६॥

अन्वयार्थः—**यः** જે **मद्भक्तः** મારો ભક્ત **अनपेक्षः** અપેક્ષારહિત **शुचिः** પવિત્ર **दक्षः** ડહાપણવાળો **उदासीनः** ઉદાસીન **गतव्यथः** વ્યથારહિત **सर्वारम्भपरित्यागी** સર્વ આરંભનો પરિત્યાગ કરનારો છે **सः** તે 'ભક્ત' **मे** મને **प्रियः** પ્રિય છે.

टीका—જે પુરૂષ અનપેક્ષ છે અર્થાત્ પ્રયત્નવિના પ્રાપ્ત થયેલા ભોગનાં સાધનોમાં જે સ્પૃહારહિત છે તથા જે પુરૂષ બહાર અને અન્તર બેઉ પ્રકારની પવિત્રતાથી યુક્ત છે તથા જે પુરૂષ દક્ષ છે અર્થાત અવસ્ય કરવા યોગ્ય અને અવસ્ય જાણવા યોગ્ય અર્થ પ્રાપ્ત થાય તો, તે તે અર્થને જાણવામાં તથા કરવામાં સમર્થ છે તથા જે ઉદાસીન છે અર્થાત્ જે કોઈ મિત્રાદિકનો પણ પક્ષ, કરતો નથિ તથા જે પુરૂષ ગતવ્યથ છે અર્થાત્ કોઈ દુષ્ટ પુરૂષે તાડન કર્યું છતાં પણ પીડા રહિત છે તથા જે પુરૂષ આ લોકના ફલની પ્રાપ્તિ કરનારો તથા પરલોકના ફલની પ્રાપ્તિ કરનારો સર્વ આરંભનો પરિત્યાગ કરે છે તે મને પ્રિય છે. ॥ ૧૬ ॥

मूलम्—योनहृष्यतिनद्वेष्टि नशोचतिनकाङ्क्षति ॥
शुभाशुभपरित्यागी ॥ भक्तिमान्यःसमेप्रियः ॥१७॥

पदानि—यः न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ॥
शुभाशुभपरित्यागी भक्तिमान् यः सः मे प्रियः ॥१७॥

अन्वयार्थः—**यः** જે 'પુરૂષ' **न हृष्यति** હર્ષ કરતો નથિ **न द्वेष्टि** દ્વેષ કરતો નથિ **न शोचति** શોક કરતો નથિ **न काङ्क्षति** ઇચ્છા કરતો નથિ **शुभाशुभपरित्यागी** શુભ અશુભ કર્મનો પરિત્યાગ કરનારો **यः** જે **भक्तिमान्** ભક્તિવાળો 'પુરૂષ છે' **सः** તે 'પુરૂષ' **मे** મને **प्रियः** પ્રિય છે.

टीका—જે પુરૂષ પ્રિય વસ્તુને પામી હર્ષ પામતો નથિ તથા અપ્રિય વસ્તુને પામી દ્વેષ પામતો નથિ તથા પ્રાપ્ત થયેલી પ્રિય વસ્તુનો વિયોગ થવાથી શોક કરતો નથિ તથા ઇષ્ટ વસ્તુના સંયોગની અને અનિષ્ટ વસ્તુના વિયોગની જે ઇચ્છા કરતો નથિ તથા શુભ અશુભ કર્મનો જે પરિત્યાગ કરે છે તે ભક્તિમાન્ પુરૂષ મને પ્રિય છે. ॥ ૧૭ ॥

मूलम्—समःशत्रौचमित्रेच तथामानापमानयोः ॥
शीतोष्णसुखदुःखेषु समःसङ्गविवर्जितः ॥१८॥

पदानि—समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ॥
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥१८॥

अन्वयार्थः—**च** વળી ' જે પુરૂષ ' **शत्रौ** શત્રુમાં **च** તથા **मित्रे** મિત્રમાં **समः** સમાન છે **तथा** તથા **मानापमानयोः** માન અપમાન એ બેઉમાં ' સમાન છે તથા ' **शीतोष्णसुखदुःखेषु** શીત ઉષ્ણ, સુખ દુઃખ એ સર્વમાં **समः** સમાન છે ' તથા ' **सङ्गविवर्जितः** સંગરહિત છે.

टीका—જે પ્રાણી કોઇનો અપકાર કરે છે તેનું નામ શત્રુ કહેવાય છે અને જે પ્રાણી કોઇનો ઉપકાર કરે છે તેનું નામ મિત્ર કહેવાય છે. એવા અપકાર કરનારા શત્રુમાં તથા ઉપકાર કરનારા મિત્રમાં જે પુરૂષ સમાન છે અર્થાત્ પોતાના પાપ પુણ્યરૂપ પ્રારબ્ધ કર્મથી આ દેહનો કોઈ પ્રાણી શત્રુ થાય અથવા મિત્ર થાય એ પ્રકારનો મનમાં વિચાર કરી જે પુરૂષ શત્રુ મિત્રમાં સમદષ્ટિવાળો થાય છે તથા માન અપમાનમાં સમાન થાયછે તથા શીત ઉષ્ણ, સુખદુઃખ એ સર્વમાં સમાન થાય છે તથા સંગરહિત છે. ॥૧૮॥

मूलम्—तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टोयेनकेनचित् ॥
अनिकेतः स्थिरमति-र्भक्तिमान्मेप्रियोनरः ॥१९॥

पदानि—तुल्यनिन्दास्तुतिः मौनी संतुष्टः येन केनचित् ॥
अनिकेतः स्थिरम[illegible] भक्तिमान् मे प्रियः नरः ॥१९॥

अन्वयार्थः—**तुल्यनिन्दास्तुतिः** તુલ્ય છે નિન્દા અને સ્તુતિ જેને એવો **मौनी** મૌનવાળો **येन केनचित्** જે કોઇક અન્નવસ્ત્રાદિકથી **सन्तुष्टः** સન્તુષ્ટ **अनिकेतः** ઘરથી રહિત **स्थिरमतिः** સ્થિર બુદ્ધિવાળો **भक्तिमान्** ભક્તિમાન્ **नरः** પુરૂષ **मे** મને **प्रियः** પ્રિય છે.

टीका—કોઇનો દોષ કથન કરવો તેનું નામ નિન્દા છે અને કોઇનો ગુણ કથન કરવો તેનું નામ સ્તુતિ છે. એવી નિન્દા તથા સ્તુતિ એ બેઉ જેને તુલ્ય છે અર્થાત્ જેમ અજ્ઞાની પુરૂષ પોતાની સ્તુતિ સાંભળીને સુખી થાય છે તથા નિન્દા સાંભળીને દુઃખી થાય છે તેમ જે પોતાની સ્તુતિ નિન્દાથી સુખ અથવા દુઃખ પામતો નથિ તથા જે મૌનવાળો છે તથા જે પુરૂષ પ્રયત્નવિના જે કાંઇ અન્નવસ્ત્રાદિક મળે તેથીજ સંતુષ્ટ થયેલો છે તથા જે નિયમ પૂર્વક એક સ્થાનમાં નિવાસથી રહિત છે તથા જે સ્થિરબુદ્ધિવાળો છે, તે ભક્તિમાન્ પુરૂષ મને પ્રિય છે. ॥ ૧૯ ॥

मूलम्—येतुधर्मामृतमिदं यथोक्तंपर्युपासते ॥
श्रद्दधानामत्परमा भक्तास्तेऽतीवमेप्रियाः ॥२०॥

पदानि—ये तु धर्मामृतं इदं यथा उक्तं पर्युपासते ॥
श्रद्दधानाः मत्परमाः भक्ताः ते अति इव मे प्रियाः २०

अन्वयार्थः—तु વળી **ये** જે **श्रद्दधानाः** શ્રદ્ધાવાળા થઇને 'તથા' **मत्परमाः** મારે પરાયણ થઈ **इदं** આ **यथा** પૂર્વ **उक्तं** કહેલું **धर्मामृतं** ધર્મરૂપી અમૃત **पर्युपासते** સ- મ્પાદન કરે છે **ते** તે **भक्ताः** ભકતો **मे** મને **अतीव** અત્યન્ત **प्रियाः** પ્રિય છે.

टीका—" દ્વેષ ન કરવો " ઇત્યાદિક ધર્મજ મુક્તિનું સાધન છે એ પ્રકારની વિ- શ્વાસરૂપ શ્રદ્ધાથી યુક્ત થઇને તથા મારે પરાયણ થઇને જે પુરૂષો આ પ્રથમ કહેલા ધર્મરૂપી અમૃતનું સમ્પાદન કરેછે અર્થાત્ મોક્ષરૂપ અમૃતનું સાધન હોવાથી અમૃતરૂપ અથવા અમૃતની પેઠે આસ્વાદન કરવા યોગ્ય હોવાથી અમૃતરૂપ એવા જે '**अद्वेष्टा सर्वभूतानां**' ઇત્યાદિક વચનોથી કહેલા ધર્મ તે ધર્મરૂપ અમૃતને જે મુમુક્ષુ પુરૂષો પ્રય- ત્નથી સંપાદન કરે છે તે પુરૂષો મને અત્યન્ત પ્રિય છે. ॥ ૨૦ ॥

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥१२॥



ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्—इदंशरीरंकौन्तेय क्षेत्रमित्यभिधीयते ॥
एतद्योवेत्तितंप्राहुः क्षेत्रज्ञइतितद्विदः ॥१॥

पदानि—इदं शरीरं कौन्तेय क्षेत्रं इति अभिधीयते ॥
एतत् यः वेत्ति तं प्राहुः क्षेत्रज्ञं इति तद्विदः ॥ १ ॥

अन्वयार्थः—कौन्तेय હે કુન્તીપુત્ર **इदं** આ **शरीरं** શરીર **क्षेत्रं** ક્ષેત્ર **इति** એ-વા નામથી **अभिधीयते** કહેવાય છે **एतत्** એ **क्षेत्रं** ક્ષેત્રને **यः** જે **वेत्ति** જાણે છે **तं** તેને **तद्विदः** ક્ષેત્ર ક્ષેત્રજ્ઞને જાણનારા પુરૂષો **क्षेत्रज्ञः** ક્ષેત્રજ્ઞ **इति** એ નામથી **प्राहुः** કહેછે.

टीका—હે કૌન્તેય ! શ્રોત્રાદિ દશ ઇન્દ્રિયોસહિત તથા ચાર અંતઃકરણ સહિત તથા પંચપ્રાણસહિત જે આ સુખ દુઃખને ભોગવવાના આયતનરૂપ શરીર છે તે શરીર ક્ષેત્ર એવા નામથી કહેવાય છે એવા આ શરીરરૂપ ક્ષેત્રને જે જાણે છે અર્થાત શરીરરૂપ ક્ષેત્ર-માં જે " અહંમમ " એવું અભિમાન કરે છે તેને ક્ષેત્રજ્ઞ એવા નામે કરીને ક્ષેત્ર ક્ષેત્ર-જ્ઞને જાણનારા પુરૂષો કહે છે " ક્ષેત્ર શબ્દનો અર્થ આવી રીતે છે. અવિદ્યાવડે જે પો-તાનો ક્ષય કરે છે અને વિદ્યાવડે જે આત્માનું રક્ષણ કરે છે તેનું નામ ક્ષેત્ર છે અથવા શમદમાદિક સાધન યુક્ત પુરૂષને જન્મમરણાદિક અનર્થરૂપ ક્ષયથી જે રક્ષણ કરે છે તેનું નામ ક્ષેત્ર છે અથવા સર્વ કાલમાં દીવા શિખાની પેઠે પોતે ક્ષય પામેછે માટે તેનું નામ ક્ષેત્ર છે અથવા સુખદુઃખાદિરૂપ ફલની ઉત્પત્તિમાં લોક પ્રસિદ્ધ ભૂમિરૂપ ક્ષેત્રની પેઠે આચ-રણ કરે છે માટે તેનું નામ ક્ષેત્ર છે. ॥ ૧ ॥

मूलम्—क्षेत्रज्ञंचापिमांविद्धि सर्वक्षेत्रेषुभारत ॥
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानंमतंमम ॥२॥

---

*अर्जुन उवाच.

प्रकृतिंपुरुषंचैव क्षेत्रंक्षेत्रज्ञमेवच ॥ एतद्वेदितुमिच्छामि ज्ञानंज्ञेयंचकेशव ॥ १ ॥

टीका—હે કેશવ ! પ્રકૃતિ પુરૂષ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ; તેમજ જ્ઞાન અને જ્ઞેય એ હું જાણવાને ઈચ્છું છું.

आ श्लोक क्षेपक छे.

पदानि—क्षेत्रज्ञं च अपि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ॥
क्षेत्रक्षेत्रज्ञयोः ज्ञानं यत् तत् ज्ञानं मतं मम ॥२॥

अन्वयार्थः—**भारत** હે ભારત ! **च** વળી **सर्वक्षेत्रेषु** સર્વ ક્ષેત્રોમાં ' રહેલા ' **क्षेत्रज्ञं** ક્ષેત્રજ્ઞને ' તું ' **मां अपि** મનેજ **विद्धि** જાણ **क्षेत्रक्षेत्रज्ञयोः** ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉનું **यत्** જે **ज्ञानं** જ્ઞાન ' છે ' **तत्** તે **ज्ञानं** જ્ઞાન **मम** મને **मतं** અભિમત છે.

टीका—હે ભારત ! અર્થાત્ હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલા અર્જુન ! અથવા આત્માકાર વૃત્તિનું નામ " ભા " છે તે આત્માકાર અખંડવૃત્તિમાં જે નિરન્તર રમણ કરે છે અથવા તે અખંડવૃત્તિમાં જે નિરન્તર પ્રીતિવાળો છે તેનું નામ ભારત છે. અર્થાત્ હે આત્મજ્ઞાનમાં પ્રીતિવાળા અર્જુન ! સર્વ ક્ષેત્રમાં રહેલા ક્ષેત્રજ્ઞ હું છું એમ મને તું જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉનું જે જ્ઞાન છે તે જ્ઞાન મને અભિમત છે. ॥ ૨ ॥

मूलम्—तत्क्षेत्रंयच्चयादृक्च यद्विकारियतश्चयत् ॥
सचयोयत्प्रभावश्च तत्समासेनमेशृणु ॥३॥

पदानि—तत् क्षेत्रं यत् च यादृक् च यद्विकारि यतः च यत् ॥
सः च यः यत्प्रभावः च तत् समासेन मे शृणु ॥३॥

अन्वयार्थः—**तत्** તે ' શરીરરૂપ ' **क्षेत्रं** ક્ષેત્ર **यत्** જે ' સ્વભાવવાળું છે ' **च** તથા **यादृक्** જેવું ઇચ્છાદિક ધર્મવાળું છે **च** તથા **यद्विकारि** જે ઇન્દ્રિયાદિક વિકારોવાળું છે **च** તથા **यतः** જે ક્ષેત્રરૂપ કારણથી **यत्** જે ' કાર્ય ઉત્પન્ન થાય છે ' **च** તથા **सः** તે ' ક્ષેત્રજ્ઞ ' **यः** જે સ્વભાવવાળો છે **च** તથા **यत्प्रभाव** જે પ્રભાવવાળો છે **तत्** તે ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ **मे** મારા વચનથી **समासेन** સંક્ષેપવડે **शृणु** શ્રવણ કર.

टीका—(**इदंशरीरंकौन्तेय**) એ પ્રથમ કહેલા વચનવડે દેહ ઇન્દ્રિય અન્તઃકરણ ઇત્યાદિક જડવર્ગરૂપ ક્ષેત્ર કહ્યું છે તે ક્ષેત્ર પોતાના સ્વરૂપવડે જે જડ આદિક સ્વભાવવાળું છે તથા તે ક્ષેત્ર જે ઇચ્છા દ્વેષાદિક ધર્મવાળું છે તથા તે ક્ષેત્ર જે ઇન્દ્રિયાદિક વિકારોથી યુક્ત છે તથા જે ક્ષેત્રરૂપ કારણથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તથા જે સ્થાવર જંગમાદિક ભેદવડે ભિન્ન ભિન્ન છે તે ક્ષેત્રનું સ્વરૂપ તને હું સંક્ષેપથી કહું છું તે તું સાંભળ. " હવે ક્ષેત્રજ્ઞના સ્વરૂપનો વિચાર કરે છે " (**एतद्योवेत्ति**) એ વચનવડે પ્રથમ કહેલો જે ક્ષેત્રજ્ઞ તે પણ પોતાના સ્વરૂપથી જે સ્વપ્રકાશ ચૈતન્ય આનન્દ સ્વભાવવાળો છે તથા જે પ્રભાવવાળો છે તે ક્ષેત્રજ્ઞના યથાર્થ સ્વરૂપને તું મારા વચનથી સંક્ષેપવડે શ્રવણ કર.

मूलम्—ऋषिभिर्बहुधागीतं छन्दोभिर्विविधैःपृथक् ॥
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥४॥

पदानि—ऋषिभिः बहुधा गीतं छन्दोभिः विविधैः पृथक् ॥
ब्रह्मसूत्रपदैः च एव हेतुमद्भिः विनिश्चितैः ॥ ४ ॥

अन्वयार्थः—' તે ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ, **ऋषिभिः** ઋષિયોએ **बहुधा** બહુ પ્રકારે **गीतं** નિરૂપણ કર્યું છે ' તથા ' **विविधैः** બહુ પ્રકારે **छन्दोभिः** ' ઋગાદિ ' વેદોએ **पृथक्** ભિન્ન ' ભિન્ન કહેલું છે ' **च** તથા **हेतुमद्भिः** યુક્તિવાળાં **विनिश्चितैः** નિશ્ચિત અર્થવાળાં **ब्रह्मसूत्रपदैः एव** બ્રહ્મ સૂત્રના પદોએ પણ ' તે રૂપ બહુ પ્રકારે કહેલું છે. '

टीका—ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ ઋષિયોએ પણ યોગશાસ્ત્રમાં ધારણા ધ્યાનના વિષયોવડે ઘણા પ્રકારે નિરૂપણ કર્યું છે તથા નાનાપ્રકારના છન્દોએ પણ એ રૂપને જુદું નિરૂપણ કર્યું છે અર્થાત્ નિત્ય નૈમિત્તિક કામ્ય કર્માદિક વિષયવાળા જે ઋગાદિક વેદોના મંત્રો તથા બ્રાહ્મણ ગ્રંથો છે તેઓએ પણ ભિન્ન ભિન્ન કરીને તે ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે યુક્તિવાળાં અને નિશ્ચિત અર્થવાળાં બ્રહ્મસૂત્રનાં પદોએ પણ તે રૂપ બહુ પ્રકારે કહ્યું છે. ॥ ૪ ॥

मूलम्—महाभूतान्यहङ्कारो-बुद्धिरव्यक्तमेवच ॥
इन्द्रियाणिदशैकंच पञ्चचेन्द्रियगोचराः ॥५॥
इच्छाद्वेषःसुखंदुःखं संघातश्चेतनाधृतिः ॥
एतत्क्षेत्रंसमासेन सविकारमुदाहृतम् ॥६॥

पदानि—महाभूतानि अहङ्कारः बुद्धिः अव्यक्तं एव च ॥
इन्द्रियाणि दश एकं च पञ्च च इन्द्रियगोचराः ॥५॥
इच्छा द्वेषः सुखं दुःखं संघातः चेतना धृतिः ॥
एतत् क्षेत्रं समासेन सविकारं उदाहृतम् ॥ ६ ॥

अन्वयार्थः—**महाभूतानि** પંચમહાભૂત **अहङ्कारः** અહંકાર **बुद्धिः** બુદ્ધિ **एव च** તથા **अव्यक्तं** અવ્યક્ત **दश** દશ **इन्द्रियाणि** ઇન્દ્રિયો **च** તથા **एकं** એક **मनः** મન **च** તથા **पञ्च** પાંચ **इन्द्रियगोचराः** ઇન્દ્રિયોના વિષયો **इच्छा** ઇચ્છા **द्वेषः** દ્વેષ **सुखं** સુખ **दुःखं** દુઃખ **संघातः** સંધાત **चेतना** ચેતના **धृतिः** ધૃતિ **एतत्** એ ' સર્વ ' **सविकारं** વિકારસહિત **समासेन** સંક્ષેપેકરીને **क्षेत्रं** ક્ષેત્રરૂપ **उदाहृतं** કહ્યું છે.

टीका—પંચમહાભૂત, અહંકાર, બુદ્ધિ તથા અવ્યક્ત કે જે સર્વનું કારણરૂપ છે પણ કોઇનું કાર્ય નથિ, ઇન્દ્રિયો, મનતથા પંચઇન્દ્રિયોના વિષયો, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ,

સંઘાત, ચેતના ધૃતિ, એ સર્વ વિકારસહિત સંક્ષેપવડે ક્ષેત્રરૂપ કહ્યું. " અવ્યક્ત શબ્દવડે અનિર્વચનીય[1] એવા અવ્યાકૃતનું ગ્રહણ કરવું. જે અવ્યાકૃતને ॥ **મમમાયાદુરત્યયા** ॥ એ વચનવડે શ્રીભગવાને પરમેશ્વરની શક્તિરૂપ કહેલું છે. ॥ ૫ ॥ ૬ ॥

मूलम्—अमानित्वमदम्भित्व-मर्हिंसाक्षान्तिरार्जवम् ॥
अचार्योपासनंशौचं स्थैर्यमात्मविनिग्रहः ॥७॥

पदानि—अमानित्वं अदम्भित्वं अहिंसा क्षान्तिः आर्जवम् ॥
आचार्योपासनं शौचं स्थैर्यं आत्मविनिग्रहः ॥ ७ ॥

अन्वयार्थः—**अमानित्वं** અમાનિપણું **अदम्भित्वं** અદંભિપણું **अहिंसा** અહિંસા **क्षान्तिः** ક્ષાન્તિ **आर्जवम्** આર્જવ **आचार्योपासनं** આચાર્યની ઉપાસના **शौचं** શૌચ **स्थैर्यं** સ્થિરતા **आत्मविनिग्रहः** આત્માનો નિગ્રહ ' એ સર્વ જ્ઞાનનું સાધન હોવાથી જ્ઞાનરૂપ છે. '

टीका—જે ગુણ પોતાનામાં વિદ્યમાન હોય અને જે ગુણ પોતાનામાં વિદ્યમાન નહિ હોય, એવા વિદ્યમાન ગુણોવડે તથા અવિદ્યમાન ગુણોવડે જે પોતાની સ્તુતિ તેનું નામ માનીપણું છે, તે માનીપણાથી જે રહિત થવું તેનું નામ અમાનિત્વ છે. ૧. લાભ, પૂજા અને ખ્યાતિને માટે લોકોની આગળ જે ધર્મનું પ્રગટ કરવું તેનું નામ દંભીપણું છે, તે દંભીપણાથી જે રહિત થવું તેનું નામ અદંભિત્વ છે ૨. શરીર, મન અને વાણીવડે જે પ્રાણીયોને પીડા કરવી તેનું નામ હિંસા છે અને તે હિંસાથી જે રહિત થવું તેનું નામ અહિંસા છે. ૩. ચિત્તના ક્રોધાદિક વિકારોના કારણરૂપ જે દુષ્ટ પુરૂષોએ કરેલો અપરાધ, તે અપરાધ પ્રાપ્ત થાય તોપણ જે નિર્વિકાર ચિત્તથી અપરાધનું સહન કરવું તેનું નામ ક્ષાન્તિ છે. ૪. જેવું પોતાના હૃદયમાં હોય તેવો બહાર વ્યવહાર કરવો એ પ્રકારનું જે અકુટિલપણું[2] તેનું નામ આર્જવ છે. ૫. બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર જે આચાર્ય તેનું શ્રદ્ધા ભક્તિ પૂર્વક પૂજન, નમસ્કારાદિકવડે જે સેવન કરવું તેનું નામ આચાર્યોપાસન છે. ૬. શુદ્ધિનું નામ શૌચ છે. ૭. મોક્ષના સાધનમાં પ્રવર્ત્તેલા પુરૂષને અનેક પ્રકારનાં વિઘ્ન પ્રાપ્ત થાય તોપણ તે ઉદ્યમનો ત્યાગ ન કરીને જે વારંવાર અધિક પ્રયત્ન કરવો તેનું નામ સ્થૈર્ય છે. ૮. દેહ ઇન્દ્રિયોના સંઘાતરૂપ આત્માને મોક્ષથી પ્રતિકૂલસ્થાનમાં સ્વભાવથી પ્રાપ્ત થએલી પ્રવૃત્તિનો નિરોધ કરીને મોક્ષના સાધનમાં જે વ્યવસ્થાપન, તેનું નામ આત્મવિનિગ્રહ છે. ૯ આ અમાનિત્વાદિક સર્વ જ્ઞાનનું સાધન હોવાથી જ્ઞાનરૂપ કહ્યાં છે. એવી રીતે આ શ્લોકનો તથા હવે કહેવાશે તે શ્લોકનો (**एतज्ज्ञानमितिप्रोक्तं**) એ વચનની સાથે અન્વય કરવો.

૧ જેનું નિરૂપણ કરી શકાય નહિં તે. ૨. જેમાં અળવાઈ ન હોય તે.

मूलम्—इन्द्रियार्थेषुवैराग्य-मनहङ्कारएवच ॥
जन्ममृत्युजराव्याधि-दुःखदोषानुदर्शनम् ॥८॥

पदानि—इन्द्रियार्थेषु वैराग्यं अनहङ्कारः एव च ॥
जन्ममृत्युंजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥

अन्वयार्थः—**इन्द्रियार्थेषु** ઇન્દ્રિયોના વિષયોમાં **वैराग्यं एव** વૈરાગ્યજ **च** તથા **अनहङ्कारः** અહંકારરહિતપણું **जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम्** જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખ અને દોષ એ સર્વેનું વારંવાર જોવું.

टीका—શ્રોત્રાદિક ઇન્દ્રિયોના શબ્દાદિક વિષયોમાં તથા આ લોકના અને પરલોક-ના વિષયભોગોમાં જે પ્રીતિરહિત થવું તેનું નામ વૈરાગ્ય છે. ૧૦. લોકમાં કોઇ પોતાની સ્તુતિ કરતું ન હોય તોપણ હું સર્વથી શ્રેષ્ઠ છું એવી રીતે મનમાં પ્રગટ થયેલો જે ગર્વ તેનું નામ અહંકાર અને અહંકારનો જે અભાવ તેનું નામ અનહંકાર છે. ૧૧. માતાના ઉદરમાં નવમાસ પર્યંત નિવાસ કરીને યોનિદ્વારા જે બહાર નિકળવું તેનું નામ જન્મ છે. પ્રાણોને બહાર નિકળવાના સમયમાં મર્મસ્થાનોનું જે છેદન તેનું નામ મૃત્યુ છે. જે અવસ્થામાં બુદ્ધિની મન્દતા તથા સર્વ અંગની શિથિલતા તથા સ્વજનાદિકે કરેલો પરાભ-વ, ઇત્યાદિક દોષ પ્રાપ્ત થાય છે તે અવસ્થાનું નામ જરા છે. જ્વર અતિસાર આદિક રો-ગોનું નામ વ્યાધિ છે અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવરૂપી નિમિત્તથી ચિત્તના પરિતા-પરૂપ જે પરિણામ તેનું નામ દુઃખ છે. વાત પિત્ત શ્લેષ્મ મલ મૂત્ર ઇત્યાદિકથી પરિપૂર્ણ હોવાથી આ શરીરમાં જે નિન્દિતપણું તેનું નામ દોષ છે. એવી રીતે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, દુઃખ, અને દોષ એ સર્વેને વારંવાર વિચાર કરીને દેખવાં. ૧૨ ॥ ૮ ॥

मूलम्—असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ॥
नित्यंचसमचित्तत्व-मिष्टानिष्टोपपत्तिषु ॥९॥

पदानि—असक्तिः अनभिष्वङ्गः पुत्रदार गृहादिषु ॥
नित्यं च समचित्तत्वं इष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥

अन्वयार्थः—**पुत्रदारगृहादिषु** પુત્ર સ્ત્રી અને ગૃહાદિક પદાર્થોમાં **असक्तिः** સક્તિથી રહિત થવું **अनभिष्वङ्गः** અભિષ્વંગથી રહિત થવું **च** તથા **इष्टानिष्टोपपत्तिषु** ઇષ્ટ અને અનિષ્ટની પ્રાપ્તિમાં **नित्यं** નિરન્તર **समचित्तत्वं** સમચિત્તપણું.

टीका—આ પદાર્થો મારા છે એમ અભિમાન કરીને તે પદાર્થોમાં જે પ્રીતિ કરવી તેનું નામ સક્તિ છે, તે સક્તિથી રહિત થવાનું નામ અસક્તિ છે ૧૩ આ પદાર્થ હુંજ

છું એ પ્રકારની અભેદભાવનાવડે તે પદાર્થમાં ઘણી પ્રીતિ કરવી તેનું નામ અભિષ્વંગ છે તે અભિષ્વંગથી જે રહિત થવું તેનું નામ અનભિષ્વંગ છે ૧૪ પુત્ર સ્ત્રી અને ઘરમાં સક્તિ તથા અભિષ્વંગ પરિત્યાગ કરવા યોગ્ય છે. પ્રિય પદાર્થોની પ્રાપ્તિમાં હર્ષ ન કરવો અને અપ્રિય પદાર્થોની પ્રાપ્તિમાં ખેદ ન કરવો એનું નામ સમચિત્તપણું છે. ૧૫ ॥ ૯ ॥

मूलम्—मयिचानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ॥
विविक्तदेशसेवित्व-मरतिर्जनसंसदि ॥१०॥

पदानि—मयि च अनन्ययोगेन भक्तिः अव्यभिचारिणी ॥
विविक्तदेशसेवित्वं अरतिः जनसंसदि ॥ १० ॥

अन्वयार्थः—**अनन्ययोगेन** અનન્યયોગવડે **अव्यभिचारिणी** અવ્યભિચારિણી **मयि** મારે વિષે **भक्तिः** ભક્તિ **च** તથા **विविक्तदेशसेवित्वं** એકાન્ત દેશનું સેવન 'તથા' **जनसंसदि** ' વિષયી ' જનોની સભામાં **अरतिः** અપ્રીતિ.

टीका—પરમેશ્વર સર્વથી ઉત્કૃષ્ટ છે એ પ્રકારે મારે વિશે જે ભક્તિ છે તે ભક્તિ અનન્યયોગવડે અવ્યભિચારિણી હોવી જોઇએ. ભગવાનથી બીજું કોઈ પર નથિ માટે તે ભગવાનજ મારી ગતિ છે એ પ્રકારે જે નિશ્ચય તેનું નામ અનન્યયોગ છે એવા અનન્યયોગવડે જે ભક્તિ અવ્યભિચારિણી છે અર્થાત્ કોઇ પણ પ્રતિકુલ હેતુવડે નિવૃત્ત કરવાને અશક્ય છે, એવી ભક્તિ જ્ઞાનનો હેતુ છે ૧૬ જે દેશ સ્વભાવથી શુદ્ધ હોય અથવા સંસ્કારોવડે શુદ્ધ કરેલો હોય તથા અપવિત્ર એવા સર્પ વ્યાઘ્રાદિકથી રહિત હોય તથા ચિત્તની પ્રસન્નતાકરનારો હોય તેનું નામ વિવિક્ત દેશ છે. તે દેશનું સેવન કરવાનો જે સ્વભાવ તેનું નામ વિવિક્તદેશ સેવિત્વ છે. ૧૭ આત્મજ્ઞાનથી વિમુખ અને વિષયભોગમાં લંપટ એવા પુરૂષોની સભામાં જે પ્રીતિ રહિત થવું તેનું નામ અરતિ છે. ૧૮ ॥ ૧૦ ॥

मूलम्—अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ॥
एतज्ज्ञानमितिप्रोक्त-मज्ञानंयदतोऽन्यथा ॥११॥

पदानि—अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ॥
एतत् ज्ञानं इति प्रोक्तं अज्ञानं यत् अतः अन्यथा ॥११॥

अन्वयार्थः—**अध्यात्मज्ञाननित्यत्वं** અધ્યાત્મજ્ઞાનમાં નિરન્તર નિષ્ઠા રાખવી **तत्त्वज्ञानार्थदर्शनं** તત્ત્વજ્ઞાનના પ્રયોજનનું જોવું **एतत्** એ ' અમાનિત્વાદિક સર્વ ' **ज्ञानं** જ્ઞાન **इति** એવા નામથી **प्रोक्तं** કહેલું છે **अतः** એથકી **अन्यथा** વિપરીત **यत्** જે ' માનિત્વાદિક છે તે સર્વ ' **अज्ञानं** અજ્ઞાનરૂપ છે.

टीका—આત્માનો આશ્રય કરીને પ્રવર્તેલું જે આત્મઅનાત્મવિવેકનું જ્ઞાન તેનું નામ અધ્યાત્મજ્ઞાન છે, તે અધ્યાત્મજ્ઞાનમાંજ જે અત્યન્ત નિષ્ઠા તેનું નામ અધ્યાત્મજ્ઞાનનિત્યત્વ છે. વિવેકમાં નિષ્ઠાવાળોજ મહાવાક્યનો અર્થ જાણવામાં સમર્થ થાય છે માટે અધિકારી પુરૂષે અધ્યાત્મજ્ઞાનમાં અવશ્ય નિષ્ઠા કરવી. ૧૯ તત્વજ્ઞાનના મોક્ષરૂપ અર્થને વારંવાર વિચાર કરીને જે દેખવું તેનું નામ તત્વજ્ઞાનાર્થ દર્શન છે. ૨૦ એવી રીતે તત્વજ્ઞાનાર્થનું દર્શન પણ અધિકારી પુરૂષને અવશ્ય કરવા યોગ્ય છે કારણકે તે તત્વજ્ઞાનના ફલનું દર્શન થયા પછી તે સાધનોમાં પ્રવૃત્તિ થાય છે. ફલના જ્ઞાનવિના તેના સાધનોમાં પ્રવૃત્તિ થાય નહિ. એવી રીતે " અમાનિત્વ " ને આદિ લઇ " તત્વજ્ઞાનાર્થદર્શન " પર્યન્ત જે વીશ સાધનો કહેલાં છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણ છે માટે જ્ઞાન એવા નામથી કહેવાય છે અને એ " માનિત્વ, દંભિત્વ, હિંસા " ઇત્યાદિક આત્મજ્ઞાનને વિરોધી હોવાથી અજ્ઞાન એવા નામથી કહેવાય છે માટે અધિકારિયોએ અજ્ઞાન નામવાળાં માનિત્વ દંભિત્વ આદિકનો પરિત્યાગ કરીને અમાનિત્વ અને અદંભિત્વ આદિક વીશ સાધન અવશ્ય સંપાદન કરવાં. ॥ ૧૧ ॥

मूलम्—ज्ञेयंयत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ॥
अनादिमत्परंब्रह्म नसत्तन्नासदुच्यते ॥१२॥

पदानि—ज्ञेयं यत् तत् प्रवक्ष्यामि यत् ज्ञात्वा अमृतं अश्नुते ॥
अनादिमत् परं ब्रह्म न सत् तत् न असत् उच्यते १२

अन्वयार्थः—' મુમુક્ષુજનોને ' **यत्** જે ' વસ્તુ ' **ज्ञेयं** જાણવા યોગ્ય છે **तत्** તે 'જ્ઞેય વસ્તુ હું તને ' **प्रवक्ष्यामि** કહીશ **यत्** જે ' જ્ઞેય વસ્તુ ' **ज्ञात्वा** જાણીને ' મુમુક્ષુઓ ' **अमृतं** અમૃત ભાવને **अश्नुते** પામે છે **तत्** તે ' જ્ઞેય વસ્તુ ' **अनादिमत्** અનાદિમત્ **परं** પર **ब्रह्म** બ્રહ્મ **सत्** સત્ **न** **उच्यते** કહેવાતું નથિ ' તથા ' **असत्** અસત્ **न** **उच्यते** કહેવાતું નથિ.

टीका—મુમુક્ષુ પુરૂષોને પ્રથમ કહેલાં અમાનિત્વાદિક સાધનોવડે જે વસ્તું જાણવા યોગ્ય છે તે જ્ઞેય વસ્તુ હું તને સ્પષ્ટ કરીને કહું છું કે જે જ્ઞેય વસ્તુ જાણીને અધિકારી પુરૂષ અમૃત ભાવને પામે છે અર્થાત્ આ અનર્થરૂપ સંસારથી મુક્ત થાય છે તે વસ્તુ શું છે એમ તું કહીશ તો હું કહું છું કે તે પરબ્રહ્મજ જ્ઞેય વસ્તુરૂપ છે અર્થાત્ મુમુક્ષુ પુરૂષોને પ્રથમ કહેલાં સાધનોથી જાણવા યોગ્ય છે. તે પરબ્રહ્મ અનાદિમત્ છે. આદિ એવું કારણનું નામ છે અથવા ઉત્પત્તિનું નામ આદિ છે અને તે આદિ જે વસ્તુને હોય તેનું નામ આદિમત્ છે. એવી રીતે આદિમત્ દેહાદિક પદાર્થ છે તે આદિમત પદાર્થોથી જે વિલક્ષણ હોય અર્થાત કારણ તથા ઉત્પત્તિથી રહિત હોય તેનું નામ અનાદિમત છે બ્રહ્મ સત અને અસત એ બેઉથી વિલક્ષણ હોવાને લીધે સત્ પણ કહેવાતું નથિ અને અસત પણ કહેવાતું નથિ. ત્યાં શ્રુતિ ॥ **यतोवाचोनिनिवर्त्तन्ते अप्राप्यमनसासह ॥** મનસહિત વાણી જે નિર્ગુણબ્રહ્મને પ્રાપ્ત ન થઇને જે નિર્ગુણ બ્રહ્મથી નિવૃત્ત થાય છે.

मूलम्—सर्वतःपाणिपादंत त्सर्वतोऽक्षिशिरोमुखम् ॥
सर्वतःश्रुतिमल्लोके सर्वमावृत्यतिष्ठति ॥१३॥

पदानि—सर्वतः पाणिपादं तत् सर्वतः अक्षिशिरोमुखम् ॥
सर्वतः श्रुतिमत् लोके सर्वं आवृत्य तिष्ठति ॥१३॥

अन्वयार्थः—**तत्** તે બ્રહ્મ **सर्वतःपाणिपादं** સર્વ દેહમાં છે હાથ પગ જેના **सर्वतोऽक्षिशिरोमुखं** સર્વ દેહમાં છે નેત્ર શિર અને મુખ જેનાં **सर्वतःश्रुतिमत्** સર્વ દેહમાં શ્રવણ ઇન્દ્રિયવાળું **लोके** ' સર્વ પ્રાણિયોના ' શરીરમાં **सर्वं** સર્વ ' અચેતન વર્ગને' **आवृत्य** વ્યાપ્ત કરીને **तिष्ठति** રહે છે.

टीका—જ્ઞેયરૂપ બ્રહ્મ, સર્વ દેહમાં છે હાથ પગ જેના એવું તથા સર્વ દેહમાં છે નેત્ર શિર અને મુખ જેનાં એવું તથા સર્વ દેહમાં શ્રવણ ઇન્દ્રિયવાળું તથા સર્વ અચેતન વર્ગને વ્યાપ્ત કરીને રહ્યું છે " આ શ્લોકવડે શ્રીભગવાને બે અનુમાન સૂચવ્યાં, તે એવી રીતે કે શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેન્દ્રિયો અને વાક્‌આદિક પાંચ કર્મેન્દ્રિયો તથા મન બુદ્ધિઆદિક ચાર અન્તઃકરણ, એ સર્વ ચેતન શક્તિરૂપ નિમિત્તથી પોતપોતાના વ્યાપારવાળાં છે અને સ્વભાવથી જડ હોવાને લીધે ચર્મની અથવા કાષ્ટની પ્રતિમા જેવાં છે એ પહેલું અનુમાન. દેહ અને ઇન્દ્રિયાદિક સર્વ સ્વભાવથી જડ છે અને બીજા અધિષ્ઠાતાની બુદ્ધિ પૂર્વક પ્રવૃત્તિવાળાં હોવાથી રથાદિકની પેઠે છે એ બીજું અનુમાન. એવી રીતે સર્વ પ્રાણિયોના દેહ ઇન્દ્રિયાદિક ઉપાધિયોવડે તે જ્ઞેય બ્રહ્મનું અસ્તિપણું નિશ્ચય કરી શકાય છે. ॥ ૧૩ ॥

मूलम्—सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ॥
असक्तंसर्वभृच्चैव निर्गुणंगुणभोक्तृच ॥१४॥

पदानि—सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ॥
असक्तं सर्वभृत् च एव निर्गुणं गुण भोक्तृ च ॥१४॥

अन्वयार्थः—' તે જ્ઞેયરૂપ બ્રહ્મ ' **सर्वेन्द्रियविवर्जितं** સર્વ ઇન્દ્રિયોથી રહિત **सर्वेन्द्रियगुणाभासं** સર્વ ઇન્દ્રિયોના વ્યાપારવડે ભાસમાન **असक्तं** સર્વ સમ્બન્ધથી રહિત **च** તથા **सर्वभृत् एव** સર્વને ધારણ કરનારૂંજ **निर्गुणं** નિર્ગુણ **च** તથા **गुणभोक्तृ** સત્વાદિક ગુણનું ભોક્તા છે.

टीका—તે જ્ઞેયરૂપબ્રહ્મ પરમાર્થથી તો શ્રોત્રાદિક સર્વ ઇન્દ્રિયોથી રહિત છે તથા પોતાની માયાવડે સર્વ ઇન્દ્રિયોના ગુણથી ભાસમાન છે અર્થાત્ તે પરબ્રહ્મ સર્વ ઇન્દ્રિયોના વ્યાપારવડે વ્યાપારવાળાની પેઠે જણાય છે. ત્યાં શ્રુતિ ॥ **ध्यायतिवलेलायतीव** ॥ બુદ્ધિ આદિક ઉપાધિયોના સમ્બન્ધથી આત્માધ્યાન કરનારની પેઠે અને ચલાયમાન થયે-

શાની પેઠે જણાય છે. તે બ્રહ્મ સર્વ સમ્બન્ધથી રહિત, નિર્ગુણ તથા સર્વને ધારણ કરનારૂંજ તથા સત્વાદિક ગુણનું ભોક્તા છે. ॥ ૧૪ ॥

मूलम्—बहिरन्तश्चभूताना मचरंचरमेवच ॥
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थंचान्तिकेचतत् ॥१५॥

पदानि—बहिः अन्तः च भूतानां अचरं चरं एव च ॥
सूक्ष्मत्वात् तत् अविज्ञेयं दूरस्थं च अन्तिके च तत् १५

अन्वयार्थः—**तत् एव** તે ' જ્ઞેય બ્રહ્મ ' જ **भूतानां** ભૂતોનું **बहिः** બહાર **च** તથા **अन्तः** અન્તર **च** તથા **अचरं** સ્થાવરરૂપ **चरं** જંગમરૂપ **सूक्ष्मत्वात्** સૂક્ષ્મ હોવાથી **अविज्ञेयं** અવિજ્ઞેય **च** તથા **तत्** તે ' જ્ઞેય બ્રહ્મ ' **दुरस्थं** દૂર રહ્યું છે **च** તથા **अन्तिके** અત્યન્ત સમીપમાં છે.

टीका—તે આધિષ્ઠાનરૂપ બ્રહ્મ સર્વ ભૂતોની બહાર તથા અન્દર વ્યાપક છે. ત્યાં શ્રુતિ ॥ **तदन्तरस्यसर्वस्यतदुसर्वस्यास्यबाह्यतः** ॥ તે અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મજ આ સર્વ પ્રપંચની અન્દર તથા બહાર વ્યાપક છે. સર્વ ઠેકાણે વ્યાપક હોવાથી તે પરબ્રહ્મજ સર્વ સ્થાવર ભૂતરૂપ તથા સર્વ જં[illegible] ભૂતરૂપ છે. તે પરબ્રહ્મ સર્વના આત્મારૂપે છે તોપણ અત્યન્ત સૂક્ષ્મ હોવાથી તથા રૂપાદિક ગુણોથી રહિત હોવાથી સ્પષ્ટ રીતે જાણી શકાય એમ નથિ. તે પરબ્રહ્મ બહિર્મુખ પુરૂષોને ઘણું દુર છે. અને વિવેક વૈરાગ્યાદિક સાધનો સહિત એવા પુરૂષોને અત્યન્ત સમીપ છે. ॥ ૧૫ ॥

मूलम्—अविभक्तंचभूतेषु विभक्तमिवचस्थितम् ॥
भूतभर्तृचतज्ज्ञेयं ग्रसिष्णुप्रभविष्णुच ॥१६॥

पदानि—अविभक्तं च भूतेषु विभक्तं इव च स्थितम् ॥
भूतभर्तृ च तत् ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥१६॥

अन्वयार्थः—**च** તથા ' તે બ્રહ્મ ' **भूतेषु** સર્વ પ્રાણિયોમાં **अविभक्तं** એક છે **च** તથા **विभक्तं इव** જાણે ભિન્ન હોય એવી રીતે **स्थितं** રહ્યું છે **तत्** તે 'પરબ્રહ્મજ' **भूतभर्तृ** સર્વ ભૂતોનું ધારણ કરનારૂં **च** તથા **ग्रसिष्णु** સંહાર કરનારૂં **च** તથા **प्रभविष्णु** ઉત્પન્ન કરનારૂં **ज्ञेयं** જાણવું.

टीका—તે પરબ્રહ્મ સર્વ પ્રાણિયોમાં એકજ છે પણ પ્રત્યેક દેહમાં ભિન્ન ભિન્ન નથિ કારણકે તે આકાશની પેઠે સર્વ ઠેકાણે વ્યાપક છે. ત્યાં શ્રુતિ ॥ **एकोदेवस्सर्वभूतेषुगूढः** જેમ સર્વ કાષ્ટમાં અગ્નિ ગુપ્ત થઇને રહ્યો છે. તેમ એક પરમાત્માજ સર્વ ભૂતો-

માં ગુપ્ત થઇને રહેલો છે, તથા જાણે ભિન્ન હોય એવી રીતે રહ્યું છે તથા તે પરબ્રહ્મજ સર્વ ભૂતોને ધારણ કરનારૂં, સંહાર કરનારૂં અને ઉત્પન્ન કરનારૂં છે એમ જાણવું. ॥૧૬॥

मूलम्—ज्योतिषामपितज्ज्योति-स्तमसःपरमुच्यते ॥
ज्ञानंज्ञेयंज्ञानगम्यं हृदिसर्वस्याधिष्ठितम् ॥१७॥

पदानि—ज्योतिषां अपि तत् ज्योतिः तमसः परं उच्यते ॥
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥१७॥

अन्वयार्थः—तत् તે 'બ્રહ્મ' **ज्योतिषां** 'સૂર્યાદિક' જ્યોતિષોનું **अपि** પણ **ज्योतिः** જ્યોતિ છે. **तमसः** 'જડવર્ગરૂપ' તમથી **परं** પર **उच्यते** કહેવાય છે **ज्ञानं** જ્ઞાનરૂપ **ज्ञेयं** જ્ઞેયરૂપ **ज्ञानगम्यं** જ્ઞાનથી પામવા યોગ્ય 'તથા' **सर्वस्य** સર્વ પ્રાણીની **हृदि** બુદ્ધિમાં **धिष्ठितं** રહેલું છે.

टीका—તે બ્રહ્મ જ્યોતિઓનું પણ જ્યોતિ છે અર્થાત્ અનાત્મ પદાર્થોનો પ્રકાશ કરનારા જે આદિત્ય, ચન્દ્રમા, અગ્નિ અને વિદ્યુત્ ઇત્યાદિક બાહ્યજ્યોતિ છે તથા મન બુદ્ધિઓનું પણ જ્યોતિ આદિક અન્તરજ્યોતિ છે તે સર્વ જ્યોતિયોને પણ તે બ્રહ્મ પ્રકાશ કરનારૂં છે. ત્યાં શ્રુતિ ॥ **येनसूर्यस्तपतितेजसेद्धः । तस्यभासासर्वमिदंविभाति ॥** જે સ્વયંજ્યોતિ પરમાત્માવડે આ તેજ યુક્ત સૂર્ય પ્રકાશમાન થાય છે તથા જે પારમાત્માના પ્રકાશવડે આ સૂર્ય ચન્દ્રાદિક સર્વ જગત્ પ્રકાશમાન થાય છે, તે બ્રહ્મ અજ્ઞાનથી પર કહેવાય છે. જ્ઞાનરૂપ, જ્ઞેયરૂપ, જ્ઞાનથી પ્રામવા યોગ્ય તથા સર્વ પ્રાણીની બુદ્ધિમાં તે રહેલું છે.

मूलम्—इतिक्षेत्रंतथाज्ञानं ज्ञेयंचोक्तंसमासतः ॥
मद्भक्तएतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥१८॥

पदानि—इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं च उक्तं समासतः ॥
मद्भक्तः एतत् विज्ञाय मद्भावाय उपपद्यते ॥१८॥

अन्वयार्थः—इति એ પ્રમાણે **क्षेत्रं** ક્ષેત્ર **तथा** તથા **ज्ञानं** જ્ઞાન **च** તથા **ज्ञेयं** જ્ઞેય **समासतः** સંક્ષેપથી **उक्तं** કહ્યું **मद्भक्तः** મારો ભક્ત **एतत्** એ ક્ષેત્રાદિક ત્રણને **विज्ञाय** જાણીને **मद्भावाय** મારા ભાવની પ્રાપ્તિને **उपपद्यते** યોગ્ય થાય છે.

टीका—એ પ્રમાણે ક્ષેત્ર તથા જ્ઞાન તથા જ્ઞેય સંક્ષેપથી કહ્યું છે. મારો ભક્ત એ ક્ષેત્રાદિક ત્રણને જાણીને મારા ભાવની પ્રાપ્તિને યોગ્ય થાય છે " પરમેશ્વરની ભક્તિવડે અધિકારી પુરૂષને બ્રહ્મભાવની પ્રાપ્તિ થાય છે. ત્યાં શ્રુતિ. ॥ **यस्यदेवेपराभक्तिर्यथादेवे-तथागुरौ ॥ तस्यैतेकथिताह्यर्थाःप्रकाशन्तेमहात्मनः** ॥ જે પુરૂષને પરમાત્મામાં અનન્યભક્તિ છે અને જેવી પરમાત્મામાં ભક્તિ છે તેવીજ ગુરૂમાં ભક્તિ છે તે પુરૂષને આ વેદાન્તપ્રતિપાદિત અર્થ પ્રકાશમાન થાય છે. ॥ ૧૮ ॥

मूलम्—प्रकृतिंपुरुषंचैव विद्ध्यनादीउभावपि ॥
विकारांश्चगुणांश्चैव विद्धिप्रकृतिसंभवान् ॥१९॥

पदानि—प्रकृतिं पुरुषं च एव विद्धि अनादी उभौ अपि ॥
विकारान् च गुणान् च एव विद्धि प्रकृतिसंभवान् ॥१९॥

अन्वयार्थः—प्रकृतिं પ્રકૃતિને च તથા पुरुषं પુરૂષને उभौ બેઉને अपि પણ अनादी एव અનાદિજ विद्धि જાણ च તથા विकारान् વિકારોને च તથા गुणान् ગુણોને प्रकृतिसंभवान् एव પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાજ विद्धि જાણ

टीका—પ્રકૃતિ અને પુરૂષ એ બેઉને પણ તું અનાદિજ જાણ તથા વિકારોને તથા ગુણોને પ્રકૃતિથકીજ ઉત્પન્ન થયેલા જાણ. તે માયારૂપ પ્રકૃતિમાં કેવળ યુક્તિવડેજ અનાદિપણું નથિ પરન્તુ ॥ अजामेकांलोहितशुक्लकृष्णां ॥ એ શ્રુતિવડે પણ તે પ્રકૃતિમાં અનાદિપણું સિદ્ધ છે અને તેવીજ રીતે ક્ષેત્રજ્ઞ નામના જીવાત્મા ॥ अजोह्येकोजुषमाणोऽनुशेते ॥ ઇત્યાદિ શ્રુતિવડે તથા યુક્તિવડે આનાદિપણું સિદ્ધ છે. ॥ ૧૯ ॥

मूलम्—कार्यकरणकर्तृत्वे हेतुःप्रकृतिरुच्यते ॥
पुरुषःसुखदुःखानां भोक्तृत्वेहेतुरुच्यते ॥२०॥

पदानि—कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिः उच्यते
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुः उच्यते ॥२०॥

अन्वयार्थः—कार्यकरणकर्तृत्वे કાર્યકરણોના કર્ત્તાપણાને વિષે प्रकृतिः પ્રકૃતિઃ हेतुः હેતુ उच्यते કહેવાય છે ' તથા ' सुखदुःखानां સુખદુઃખોના भोक्तृत्वे ભોક્તાપણામાં पुरुषः પુરૂષ हेतुः હેતુ उच्यते કહેવાય છે.

टीका—શરીરનું નામ કાર્ય છે અને શરીરમાં રહેલી પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, એ તેર ઇન્દ્રિયોનું નામ કરણ છે આ દેહનો આરંભ કરનારાં આકાશાદિક પંચભૂત તથા શબ્દાદિક પંચવિષય એ સર્વ તે શરીરરૂપ કાર્યના ગ્રહણવડે ગ્રહણ કરવું સુખ દુઃખ અને મોહરૂપ જે સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ તે કરણના આશ્રિત હોવાથી કરણના ગ્રહણવડે ગ્રહણ કરવા તે કાર્ય કારણના આકારના પરિણામમાં મહર્ષિયોએ તે માયારૂપ પ્રકૃતિનેજ કારણ કહી છે અને ક્ષેત્રજ્ઞ પુરૂષ સુખ દુઃખોના ભોક્તાપણામાં કારણ કહેવાય છે. કોઈ પુસ્તકમાં ॥ कार्यकारणकर्तृत्वे ॥ એવો પાઠ છે તેનો પણ પ્રથમ કહ્યા પ્રમાણે અર્થ જાણવો. ॥ ૨૦ ॥

मूलम्—पुरुषःप्रकृतिस्थोहि भुङ्क्तेप्रकृतिजान्गुणान् ॥
कारणंगुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥२१॥

पदानि—पुरुषः प्रकृतिस्थः हि भुङ्क्ते प्रकृतिजान् गुणान् ॥
कारणं गुणसङ्गः अस्य सदसद्योनिजन्मसु ॥२१॥

अन्वयार्थः—पुरुषः ' ક્ષેત્રજ્ઞ ' પુરૂષ **प्रकृतिस्थः** પ્રકૃતિમાં સ્થિત થઈ **हि** નિશ્ચે **प्रकृतिजान्** પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા **गुणान्** ' સુખદુઃખાદિક ' ગુણોને **भुंक्ते** ભોગવે છે ' માટે ' **सदसद्योनिजन्मसु** સત્ અસત્ યોનિજન્મોમાં **अस्य** આ ' પુરૂષને ' **गुणसङ्गः** ત્રિગુણાત્મક પ્રકૃતિની સાથે તાદાત્મ્ય **कारणं** કારણ છે.

टीका—ક્ષેત્રજ્ઞ નામનો પુરૂષ પ્રકૃતિમાં સ્થિત થઈ અર્થાત માયારૂપ પ્રકૃતિની સાથે મિથ્યા તાદાત્મ્ય ભાવને પ્રાપ્ત થઈ તે પ્રકૃતિજન્ય સુખદુઃખાદિ ગુણોને ભોગવે છે અર્થાત્ અન્તઃકરણની વૃત્તિવડે તે સુખદુઃખાદિકનો અનુભવ કરે છે માટે તે સુખદુઃખાદિ ગુણોના ભોગનું સ્થાપનરૂપ જે સત્ યોનિમાં જન્મ તથા અસત્ યોનિમાં જન્મ તથા સત્ અસત્ યોનિમાં જન્મ, તે જન્મોની પ્રાપ્તિમાં આ ક્ષેત્રજ્ઞ નામના પુરૂષનો સત રજ આદિક ગુણનો સંગજ કારણ છે. ॥ ૨૧ ॥

मूलम्—उपद्रष्टानुमन्ताच भर्ताभोक्तामहेश्वरः ॥
परमात्मेतिचाप्युक्तो-देहेऽस्मिन्पुरुषःपरः ॥२२॥

पदानि—उपद्रष्टा अनुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ॥
परमात्माइति च अपि उक्तः देहे अस्मिन् पुरुषः परः२२

अन्वयार्थः—अस्मिन् આ **देहे** દેહમાં ' વર્ત્તમાન છતાં પણ ' **पुरुषः** પુરૂષ **पर** સર્વથી ભિન્ન છે ' કારણકે એ પુરૂષ ' **उपद्रष्टा** ઉપદ્રષ્ટા **अनुमन्ता** અનુમન્તા **भर्ता** ભર્ત્તા **भोक्ताः** ભોક્તા **महेश्वरः** મહેશ્વર **च** તથા ' શ્રુતિમાં ' **परमात्मा** પરમાત્મા **इति** એ નામવડે **अपि** પણ **उक्तः** કહેલો છે.

टीका—માયારૂપ પ્રકૃતિના પરિણામરૂપ જે આ દેહ તેને વિષે જીવરૂપવડે વર્ત્તમાન એવો ક્ષેત્રજ્ઞ નામનો પુરૂષ પર છે, અર્થાત પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણોના સમ્બન્ધથી રહિત છે તથા પોતાના સ્વરૂપવડે પરમાર્થથી અસંસારી છે. ઉપદ્રષ્ટા છે અર્થાત્ દેહ ઇન્દ્રિયાદિકની પેઠે પોતે કર્ત્તા થતો નથિ તથા આત્મા અનુમન્તા છે અર્થાત્ વાદ કરતા એ પુરૂષથી જેમ તટસ્થ પુરૂષ ભિન્ન હોય તેમ દેહ ઇન્દ્રિયાદિકથી ભિન્ન છે તથા આત્મા ભર્ત્તા છે અર્થાત્ દેહ ઇન્દ્રિયાદિકને પોતાની સત્તાથી ધારણ કરનારો છે અને પોષણ કરનારો છે, તથા આત્મા ભોકતા છે, મહેશ્વર છે અને તેને શ્રુતિમાં પરમાત્મા એવે નામે કહ્યો છે. ॥ ૨૨ ॥

मूलम्—यएवंवेत्तिपुरुषं प्रकृतिंचगुणैःसह ॥
सर्वथावर्त्तमानोऽपि नसभूयोऽभिजायते ॥२३॥

पदानि—यः एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ॥
सर्वथा वर्त्तमानः अपि न सः भूयः अभिजायते ॥२३॥

अन्वयार्थः—**यः** જે **एवं** આ પ્રથમ કહ્યાપ્રમાણે **पुरुषं** ' ક્ષેત્રજ્ઞ ' પુરૂષને **च** તથા **गुणैः सह** પોતાના વિકારોસહિત **प्रकृतिं** ' અવિદ્યારૂપ ' પ્રકૃતિને **वेत्ति** જાણે છે **सः** તે ' પુરૂષ ' **सर्वथा** સર્વ પ્રકારે **वर्त्तमानः** વર્તમાન છતો **अपि** પણ **भूयः** ફરીને **न अभिजायते** જન્મ પામતો નથિ.

टीका.—જે અધિકારી પુરૂષ આ પ્રથમ કહ્યા પ્રમાણે ક્ષેત્રજ્ઞ નામના પુરૂષને જાણે છે તથા જે પુરૂષ દેહાદિક વિકારો સહિત અવિદ્યારૂપ પ્રકૃતિને જાણે છે અર્થાત્ આ દેહાદિક વિકારો સહિત અવિદ્યા આત્મજ્ઞાનવડે બાધિત હોવાથી મિથ્યાભૂતજ છે એ પ્રકારે જે પુરૂષ તે ગુણસહિત પ્રકૃતિને જાણે છે તે પુરૂષ જે શરીરમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ છે તે શરીર પડયા પછી ફરીને દેહ ગ્રહણ કરતો નથિ. બ્રહ્મવિદ્યાવડે અવિદ્યારૂપ કારણનો જ્યારે નાશ થાય છે ત્યારે તે અવિદ્યાનાં જન્માદિક કાર્યોનો પણ અભાવ થઇ જાય છે. ॥ ૨૩ ॥

मूलम्—ध्यानेनात्मनिपश्यन्ति केचिदात्मानमात्मना ॥
अन्येसांख्येनयोगेन कर्मयोगेनचापरे ॥२४॥

पदानि—ध्यानेन आत्मनि पश्यन्ति केचित् आत्मानं आत्मना ॥
अन्ये सांख्येन योगेन कर्मयोगेन च अपरे ॥२४॥

अन्वयार्थः—**केचित्** કોઇક ' પુરૂષો ' **ध्यानेन** ધ્યાનવડે **आत्मनि** પોતાની બુદ્ધિમાં **आत्मानं** ' પ્રત્યક્ ' આત્માને **आत्मना** ' ધ્યાનયુક્ત ' અન્તઃકરણવડે **पश्यन्ति** જુવે છે **अन्ये** બીજા ' પુરૂષો ' **सांख्येन** સાંખ્યવડે **योगेन** યોગવડે ' આત્માને જુવે છે ' **च** તથા **अपरे** બીજા કોઇક ' અધિકારી પુરૂષો ' **कर्मयोगेन** કર્મયોગવડે આત્માને સાક્ષાત્કાર કરે છે.

टीका—આ લોકમાં ચાર પ્રકારના અધિકારી જન હોય છે. તે એવી રીતે કે એક ઉત્તમ, એક મધ્યમ, એક મન્દ અને એક મન્દતર, એ પ્રમાણે છે. આત્મચિન્તનનું નામ ધ્યાન છે. એવા ધ્યાનવડે કેટલાક ઉત્તમ અધિકારીયો પોતાની બુદ્ધિમાં પ્રત્યક ચેતનરૂપ આત્માનો ધ્યાનયુક્ત શુદ્ધ અન્તઃકરણવડે સાક્ષાત્કાર કરે છે. શ્રવણ મનનરૂપ આત્મચિન્તનનું નામ સાંખ્યયોગ છે. એવા સાંખ્યયોગવડે કેટલાક મધ્યમ અધિકારીયો પોતાની બુદ્ધિમાં તે પ્રત્યેક આત્માને ધ્યાનની ઉત્પત્તિદ્વારા સાક્ષાત્કાર કરે છે. એવા કર્મયોગવડે કેટલાક મન્દ અધિકારીયો પોતાની બુદ્ધિમાં તે પ્રત્યક આત્માને અન્તઃકરણની શુદ્ધિ, શ્રવણ, મનન, ધ્યાન, એ ચારેની ઉત્પત્તિ દ્વારા સાક્ષાત્કાર કરે છે. ॥ ૨૪ ॥

मूलम्—अन्येत्वेवमजानन्तः श्रुत्वाऽन्येभ्यउपासते ॥
तेऽपिचातितरन्त्येव मृत्युंश्रुत्तिपरायणाः ॥२५॥

पदानि—अन्ये तु एवं अजानन्तः श्रुत्वा अन्येभ्यः उपासते ॥
ते अपि च अतितरन्ति एव मृत्युं श्रुतिपरायणाः ॥२५॥

अन्वयार्थः—**तु** વળી **अन्ये** બીજા 'અધિકારિયો' **एवं** એવી રીતે **अजानन्तः** 'આત્માને' ન જાણતા છતા **अन्येभ्यः** અન્ય 'ગુરૂઓથી' **श्रुत्वा** શ્રવણ કરીને **उपासते** 'આત્માનું' ચિંતન કરે છે **ते अपिच** તેઓ પણ **श्रुतिपरायणाः** શ્રવણપરાયણ થઇ **मृत्युं** મૃત્યુને **एव** અવશ્ય **अतितरन्ति** અતિક્રમણ કરે છે.

टीका—પૂર્વ શ્લોકમાં કહેલા, ધ્યાન, સાંખ્યોગ અને કર્મયોગ એ ત્રણ ઉપાય છે. તે ત્રણે ઉપાયોમાં શ્રેષ્ઠ પણ ઉપાયથી આત્માને ન જાણનારા મન્દતર અધિકારિયો દયાયુક્ત આચાર્યોથી શ્રવણ કરીને ઉપાસના કરે છે અર્થાત્ આત્માને આવી રીતે તું ચિન્તન કર એમ ઉપદેશ કરનારા કૃપાળુ ગુરૂઓના વચનમાં અત્યન્ત શ્રદ્ધાવાળા થઈ તેવી રીતે આત્માનું ચિન્તન કરે છે તે શ્રુતિપરાયણ પુરૂષો પણ આ મૃત્યુયુક્ત સંસારને અવશ્ય તરી જાય છે. "આ શ્લોકમાં ॥ **अन्येतु** ॥ એ વચનમાં રહેલો **तु** શબ્દ પૂર્વ શ્લોકમાં કહેલા ત્રણ પ્રકારના અધિકારિયોથી આ મન્દતર અધિકારિયોમાં વિલક્ષણતા જણાવવા માટે છે. ॥ ૨૫ ॥

मूलम्—यावत्संजायतेकिंचि-त्सत्त्वंस्थावरजंगमम् ॥
क्षेत्रक्षेत्रज्ञसंयोगा-त्तद्विद्धिभरतर्षभ ॥ ॥२६॥

पदानि—यावत् संजायते किञ्चित् सत्वं स्थावरजङ्गमम् ॥
क्षेत्रक्षेत्रज्ञसंयोगात् तत् विद्धि भरतर्षभ ॥२६॥

अन्वयार्थः—**भरतर्षभ** હે ભરતવંશમાં શ્રેષ્ઠ ! **यावत्** જેટલું **किञ्चित्** કાંઈ **स्थावरजंगमं** સ્થાવર જંગમરૂપ **सत्त्वं** વસ્તુ **सञ्जायते** ઉત્પન્ન થાય છે **तत्** તે 'સર્વેને તું' **क्षेत्रक्षेत्रज्ञसंयोगात्** ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉના સંયોગથી ઉત્પન્ન થયેલું **विद्धि** જાણ.

टीका—હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! અવિદ્યા તથા અવિદ્યાના કાર્યરૂપ જેટલો ભાવ અભાવરૂપ દૃશ્ય પ્રપંચ છે તે સર્વ ક્ષેત્રરૂપ છે અને તે ક્ષેત્રથી વિલક્ષણ તથા ક્ષેત્રનો પ્રકાશક તથા સર્વ ધર્મોથી રહિત એવું જે અદ્વિતીય ચૈતન્ય તેનું નામ ક્ષેત્રજ્ઞ છે. ત્રણ લોકમાં જે કોઈ સ્થાવરરૂપ અને જંગમરૂપ વસ્તુ ઉત્પન્ન થાય છે તે સર્વ વસ્તુઓને તું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉના સંયોગથી ઉત્પન્ન થયેલી છે એમ જાણ. ॥ ૨૬ ॥

मूलम्—समंसर्वेषुभूतेषु तिष्टन्तंपरमेश्वरम् ॥
विनश्यत्स्वविनश्यन्तं यःपश्यतिसपश्यति ॥२७॥

पदानि—समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ॥
विनश्यत्सु.अविनश्यन्तं यः पश्यति सः पश्यति ॥२७॥

अन्वयार्थः—**विनश्यत्सु** નાશ પામનારા **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂતોમાં **समं** સમ **तिष्ठन्तं** 'નિર્વિકાર રૂપથી' રહેલા **अविनश्यन्तं** વિનાશથી રહિત **परमेश्वरं** પરમેશ્વરને **यः** જે **पश्यति** દેખે છે **सः** તે **पश्यति** દેખે છે.

टीका—નાશ પામનારાં સર્વ સ્થાવર જંગમરૂપ ભૂતોમાં આ આત્મા સમ છે અર્થાત્ સર્વ ઠેકાણે એકરૂપ છે તથા આ આત્મા તે સર્વ ભૂતોમાં જન્માદિક પરિણામોથી રહિત હોવાથી નિર્વિકારરૂપે રહ્યો છે તથા આ આત્મા પરમેશ્વર છે અર્થાત્ દેહાદિક સર્વ જડવર્ગ પ્રત્યે સત્તા સ્ફૂર્તિનો આપનાર હોવાથી બાધ્યબાધક ભાવથી રહિત છે. નાશ થવા યોગ્ય વસ્તુનું નામ બાધ્ય કહેવાય છે અને નાશ કરનારી વસ્તુનું નામ બાધક કહેવાય છે. તે આત્મા વિનાશથી રહિત છે. ત્યાં શ્રુતિ. ॥ **अविनाशीवाअरेऽयमात्मा** ॥ અર્થ આવી રીતે છે કે, આ આત્મા નાશથી રહિત છે. એવી રીતે જે પુરૂષ પરમેશ્વરરૂપ આત્માને દેખે છે તે દેખે છે. ॥ ૨૭ ॥

मूलम्—समंपश्यन्हिसर्वत्र समवस्थितमीश्वरम् ॥
नहिनस्त्यात्मनाऽत्मानंततोयातिपरांगतिम् ॥२८॥

पदानि—समं पश्यन् हि सर्वत्र समवस्थितं ईश्वरम् ॥
न हिनस्ति आत्मना आत्मानं ततः याति परां गतिम्

अन्वयार्थः—**सर्वत्र** સર્વ ભૂતોમાં **समं** સમ **समवस्थितं** સારી રીતે રહેલા **ईश्वरं** ઇશ્વરને **पश्यन्** દેખતો છતો ' આ વિદ્વાન્ પુરૂષ ' **हि** જે કારણમાટે **आत्मना** આત્માવડે **आत्मानं** આત્માને **न हिनस्ति** હણતો નથિ **ततः** તે કારણ માટે **परां** પર **गतिं** ગતિને **याति** પામે છે.

टीका—સ્થાવર જંગમરૂપ સર્વ ભૂતોમાં જે આત્મા સમછે અર્થાત્ સર્વ ઠેકાણે એકરૂપ છે તથા જે આત્મા સમવસ્થિત છે અર્થાત્ જન્મને આદિ લઇ વિનાશ પર્યન્ત સર્વ ભાવ વિકારોથી રહિત થઇ રહેલો છે તથા જે આત્મા ઇશ્વર છે અર્થાત્ સર્વ પ્રાણિયોની પ્રવૃત્તિનું કારણ છે તે આત્માને સાક્ષાત્કાર કરતો છતો વિદ્વાન્ પુરૂષ પોતાના આત્માને આત્માવડે હનન કરતો નથિ માટે તે પરમ ગતિને પામે છે. ॥ ૨૮ ॥

मूलम्—प्रकृत्यैवचकर्माणि क्रियमाणानिसर्वशः

यःपश्यतितथात्मान-मकर्त्तारंसपश्यति ॥२९॥

पदानि—प्रकृत्या एव च कर्माणि क्रियमाणानि सर्वशः ॥
यः पश्यति तथा आत्मानं अकर्त्तारं सः पश्यति ॥२९॥

अन्वयार्थः—**च** તથા **प्रकृत्या एव** 'માયારૂપ' પ્રકૃતિયેજ **सर्वशः** સર્વ પ્રકારે **कर्माणि** સર્વ કર્મ **क्रियमाणानि** કરાય છે 'એવી રીતે **यः** જે **पश्यति** જુવે છે **तथा** તથા **आत्मानं** આત્માને **अकर्त्तारं** અકર્ત્તા 'જુવે છે' **सः** તે **पश्यति** જુએ છે.

टीका—શરીર, મન અને વાણીવડે આરંભ કરવા યોગ્ય એવાં જે લૌકિક વૈદિક કર્મ તે સર્વે કર્મ સર્વ પ્રકારે પ્રકૃતિથીજ કરાય છે. સર્વ વિકારોથી શુન્ય એવા ક્ષેત્રજ્ઞ નામના પુરૂષથી તે કર્મ કરાતાં નથિ. એ પ્રકારે જે વિવેકી પુરૂપ શાસ્ત્રરૂપી ચક્ષુવડે દેખે છે તથા એ પ્રકારે પ્રકૃતિરૂપ ક્ષેત્રે જે કરેલાં કર્મ, તે કર્મમાં જે પુરૂપ ક્ષેત્રજ્ઞ આત્માને અકર્ત્તા દેખે છે તથા સર્વ ઉપાધિયોથી રહિત દેખે છે તે પુરૂપજ પરમાર્થદર્શી હોવાથી દેખનારો છે અને એવી રીતે ન જાણનારા અજ્ઞાની પુરૂષો અન્ધ છે. ॥ ૨૯ ॥

मूलम्—यदाभूतपृथग्भाव-मेकस्थमनुपश्यति ॥
ततः एवचविस्तारं ब्रह्मसंपद्यतेतदा ॥३०॥

पदानि—यथा भूतपृथग्भावं एकस्थं अनुपश्यति ॥
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥३०॥

अन्वयार्थः—' અધિકારી પુરૂષ ' **यदा** જે કાળીમાં **भूतपृथग्भावं** ભૂતોના પૃથક્ભાવને **एकस्थं** એક આત્મામાં રહેલો **अनुपश्यति** દેખે છે **च** તથા **ततः एव** તે એક આત્માથકીજ **विस्तारं** 'તે ભૂતોના' વિસ્તારને 'દેખે છે' **तदा** તે કાળમાં **ब्रह्म** બ્રહ્મરૂપ **सम्पद्यते** થાય છે.

टीका—અધિકારી પુરૂષ જે વખતે ભૂતોના પૃથક્ભાવને એક આત્મામાં રહેલો જુવે છે તથા તે એક આત્માથકીજ તે ભૂતોના વિસ્તારને દેખે છે તે વખતે બ્રહ્મરૂપ થાય છે. ॥ **यस्मिन्सर्वाणिभूतान्यात्मैवाभूद्विजानतः ॥ तत्रकोमोहः कः शोक एक त्वमनुपश्यतः** જે જ્ઞાન અવસ્થામાં વિદ્વાન્ પુરૂષને સ્થાવર જંગમરૂપ સર્વ ભૂત પોતાના આત્મારૂપજ થાય છે તે જ્ઞાન અવસ્થામાં આત્માના એક અદ્વિતીય ભાવને દેખનારા તે તત્ત્વવેત્તા પુરૂષને શોક તથા મોહ કોઈ વખતે પણ થાય નહિ. ॥ ૩૦ ॥

मूलम्—अनादित्वान्निर्गुणत्वा-त्परमात्मायमव्ययः ॥
शरीरस्थोऽपिकौन्तेय नकरोतिनलिप्यते ॥३१॥

पदानि—अनादित्वात् निर्गुणत्वात् परमात्मा अयं अव्ययः ॥
शरीरस्थः अपि कौन्तेय न करोति न लिप्यते ॥३१॥

अन्वयार्थः—कौन्तेय હે કુન્તી પુત્ર ! **अनादित्वात्** અનાદિ હોવાથી **निर्गुणत्वात्** નિર્ગુણ હોવાથી **अयं** આ **परमात्मा** પરમાત્મા **अव्ययः** અવ્યય છે ' એવો આત્મા ' **शरीरस्थः अपि** શરીરમાં રહ્યો છતો પણ **न करोति** કરતો નથિ **न लिप्यते** લેપાતો નથિ.

टीका—હે અર્જુન ! આ આત્મા અવ્યય છે અર્થાત્ જન્મમરણાદિક સર્વ વિકારોથી રહિત છે. જેમ ઘટાદિક પદાર્થોને પોતાની ઉત્પત્તિથી પૂર્વે અસત્વ અવસ્થાજ આદિ છે, તેમ જે વસ્તુને આદિ ન હોય તેનું નામ અનાદિ છે. એવો આ પરમાત્મા અનાદિ હોવાથી અને નિર્ગુણ હોવાથી જન્માદિ વિકારરહિત છે. ત્યાં શ્રુતિ. ॥ **नतस्यकश्चिज्जनितानचाधिपः** ॥ તે આત્માને કોઈ ઉત્પન્ન કરનારૂં કારણ નથિ અને તે આત્માનો કોઈ પણ અધિષ્ઠાતા નથિ. એવો આ આત્મા શરીરમાં રહ્યો છતો પણ કાંઈ કરતો નથિ અને કાંઈ લેપાતો નથિ. ॥ ૩૧ ॥

मूलम्—यथासर्वगतंसौक्ष्म्या-दाकाशंनोपलिप्यते ॥
सर्वत्रावस्थितोदेहे तथात्मानोपलिप्यते ॥३२॥

पदानि—यथा सर्वगतं सौक्ष्म्यात् आकाशं न उपलिप्यते ॥
सर्वत्र अवस्थितः देहे तथा आत्मा न उपलिप्यते ॥३२॥

अन्वयार्थः—यथा જેમ **सर्वगतं** સર્વત્ર વ્યાપક **आकाशं** આકાશ **सौक्ष्म्यात्** અસંગ સ્વભાવવાળું હોવાથી **न उपलिप्यते** લેપાતું નથિ **तथा** તેવી રીતે **सर्वत्र** સર્વ **देहे** દેહમાં **अवस्थितः** રહેલો **आत्मा** આત્મા ' અસંગ સ્વભાવવાળો હોવાથી ' **न उपलिप्यते** લેપાતો નથિ.

टीका—જેમ આ આકાશ સૂક્ષ્મ હોવાથી અર્થાત અસંગ સ્વભાવવાળું હોવાથી મૂર્તિવાળા પદાર્થોના સુગન્ધ દુર્ગન્ધ, વૃષ્ટિ, તડકો, અગ્નિ, ધૂમાડો, રજ, ઇત્યાદિ ગુણ દોષોવડે લેપાતું નથિ; તેમ દેવ, મનુષ્ય, અને પશુ આદિક ઉંચ નીચ સર્વ દેહોમાં અન્દર તથા બહાર રહેલો આ આત્મા અસંગ સ્વભાવવાળો હોવાથી દેહાદિકે કરેલાં શુભાશુભ કર્મવડે લેપાતો નથિ. ત્યાં શ્રુતિ. ॥ **असङ्गोनहिषज्जते** ॥ આ આત્મા અસંગ હોવાથી કોઈ પણ વસ્તુની સાથે સમ્બન્ધ પામતો નથિ. ॥ ૩૨ ॥

मूलम्—यथाप्रकाशयत्येकः कृत्स्नंलोकमिमंरविः ॥
क्षेत्रंक्षेत्रीतथाकृत्स्नं प्रकाशयतिभारत ॥३३॥

पदानि—यथा प्रकाशयति एकः कृत्स्नं लोकं इमं रविः ॥
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥३३॥

अन्वयार्थः—भारत હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલા ! **यथा** જેમ **एकः** એક **रविः** સૂર્ય **इमं** આ **कृत्स्नं** સર્વ **लोकं** લોકને **प्रकाशयति** પ્રકાશ કરે છે **तथा** તેમ **क्षेत्री** ક્ષેત્રજ્ઞ નામનો આત્મા **कृत्स्नं** સર્વ **क्षेत्रं** ક્ષેત્રને **प्रकाशयति** પ્રકાશ કરે છે.

टीका—હે અર્જુન ! જેમ એક સૂર્ય આ સર્વ લોકને પ્રકાશ કરે છે તેવી રીતે આ ક્ષેત્રજ્ઞ નામનો આત્મા સર્વ ક્ષેત્રને પ્રકાશ કરે છે, પરન્તુ સૂર્ય જેમ પોતાને પ્રકાશ કરવા યોગ્ય એવા પદાર્થોથી લેપાતો નથિ તેમ આત્મા પણ પ્રકાશ કરવા યોગ્ય એવી દેહાદિક વસ્તુથી લેપાતો નથિ. ત્યાં શ્રુતિ ॥ **सूर्योयथासर्वलोकस्यचक्षुर्नलिप्यतेचाक्षुषैर्बाह्यदोषैः** ॥ **एकस्तथासर्वभूतान्तरात्मानलिप्यतेलोकदुःखेनबाह्यः** ॥ અર્થ. ॥ જેમ સર્વ લોકોનો ચક્ષુરૂપ સૂર્ય ચક્ષુના વિષયરૂપ એવા બાહ્ય પદાર્થોના દોષોવડે લેપાતો નથિ તેમ સર્વ જડ પદાર્થોને પ્રકાશ કરનારો તથા દેહાદિક સંઘાતથી ભિન્ન એવો સર્વ ભૂતનો અન્તરાત્મા દેહાદિકનાં દુઃખથી લેપાતો નથિ. ॥ ૩૩ ॥

मूलम्—क्षेत्रक्षेत्रज्ञयोरेव-मन्तरंज्ञानचक्षुषा ॥
भूतप्रकृतिमोक्षंच येविदुर्यान्तितेपरम् ॥३४॥

पदानि—क्षेत्रक्षेत्रज्ञयोः एवं अन्तरं ज्ञानचक्षुषा ॥
भूतप्रकृतिमोक्षं च ये विदुः यान्ति ते परम् ॥३४॥

अन्वयार्थः—**ये** જે 'પુરૂષો' **क्षेत्रक्षेत्रज्ञयोः** ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉની **अन्तरं** વિલક્ષણતાને **एवं** પ્રથમ કહ્યા પ્રમાણે **ज्ञानचक्षुषा** જ્ઞાનરૂપી ચક્ષુવડે **विदुः** જાણે છે **च** તથા **भूतप्रकृतिमोक्षं** ભૂતોની કારણરૂપ માયાના અસન્તાભાવને 'જાણે છે' **ते** તે 'અધિકારી પુરૂષો' **परं** કૈવલ્યમુક્તિને **यान्ति** પામે છે.

टीका—જે પુરૂષો ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞની વિલક્ષણતાને જ્ઞાનરૂપ ચક્ષુવડે જાણે છે, અર્થાત્ આ ક્ષેત્ર તો જડ, કર્ત્તા, વિકારી, તથા પરિચ્છિન્ન છે અને આ ક્ષેત્રજ્ઞ આત્મા તો ચેતન, અકર્ત્તા, અવિકારી અને અપરિચ્છિન્ન છે એ પ્રકારે બેઉથી વિલક્ષણતાને જે પુરૂષો જ્ઞાનરૂપ ચક્ષુવડે જુવે છે તથા જે ભૂતોની કારણરૂપ માયાના અસન્તાભાવને જાણે છે તે અધિકારી પુરૂષો કૈવલ્યમુક્તિ પામે છે. ॥ ૩૪ ॥

इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्—परंभूयःप्रवक्ष्यामि ज्ञनानांज्ञानमुत्तमम् ॥
यज्ज्ञात्वामुनयःसर्वे परांसिद्धिमितोगताः ॥१॥

पदानि—परं भूयःप्रवक्ष्यामि ज्ञानानां ज्ञानं उत्तमम् ॥
यत् ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिं इतः गताः ॥१॥

अन्वयार्थः—**ज्ञानानां** જ્ઞાનસાધનોની મધ્યે **उत्तमं** ઉત્તમ ' તથા ' **परं** શ્રેષ્ઠ **ज्ञानं** જ્ઞાનસાધનને ' હું ' **भूयः** ફરીને ' તારીપ્રત્યે ' **प्रवक्ष्यामि** કહીશ **यत्** જે 'સાધનને ' **ज्ञात्वा** અનુષ્ઠાન કરીને **सर्वे** સર્વ **मुनयः** મુનિયો **इतः** આ દેહબન્ધનથી **परां** પરમ **सिद्धिं** સિદ્ધિને **गताः** પામ્યા છે.

टीका—॥ ज्ञायतेऽनेनेतिज्ञानं ॥ જે સાધનોવડે આત્મવસ્તુ જાણી શકાય તેનું નામ જ્ઞાન છે. એ પ્રકારની વ્યુત્પત્તિવડે આ ઠેકાણે જ્ઞાનશબ્દ પરમાત્મવિષયક જ્ઞાનના સાધનને કહેનારો છે. તે જ્ઞાન પર છે અર્થાત્ પરમાત્મારૂપી પર વસ્તુને વિષય કરનારૂં છે માટે શ્રેષ્ઠ છે અને સર્વ જ્ઞાનમાં ઉત્તમ છે. તે ઉત્તમ ફલની પ્રાપ્તિ કરનારૂં અને આત્મજ્ઞાનનું સાધનરૂપ એવું જે જ્ઞાન તેને હું ફરીને તારી પ્રત્યે કહું છું તે જાણીને સર્વે મુનિયો કૈવલ્યમોક્ષરૂપ પરમસિદ્ધિને આ દેહબન્ધનથી મુક્ત થઈ પ્રાપ્ત થયા છે. ॥ ૧ ॥

मूलम्—इदंज्ञानमुपाश्रित्य ममसाधर्म्यमागताः ॥
सर्गेऽपिनोपजायन्ते प्रलयेनव्यथन्तिच ॥२॥

पदानि—इदं ज्ञानं उपाश्रित्य मम साधर्म्यं आगताः ॥
सर्गे अपि न उपजायन्ते प्रलये न व्यथन्ति च ॥२॥

अन्वयार्थः—**इदं** આ **ज्ञानं** ' સાધનરૂપ ' જ્ઞાનને **उपाश्रित्य** અનુષ્ઠાન કરીને **मम** મારા **साधर्म्यं** અદ્વિતીય સ્વરૂપને **आगताः** પામેલા ' વિદ્વાન્ પુરૂષો ' **सर्गे** સૃષ્ટિકાળમાં **अपि** પણ **न उपजायन्ते** ઉત્પન્ન થતા નથિ **च** તથા **प्रलये** પ્રલય કાળમાં **न व्यथन्ति** લય પામતા નથિ.

ટીકા—આ સાધનરૂપ જ્ઞાનને શ્રદ્ધા ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરીને મારા અદ્વિતીય નિર્ગુણ સ્વરૂપને જે પ્રાપ્ત થયેલા છે તે વિદ્વાન્ પુરૂષો સૃષ્ટિકાળમાં પણ ઉત્પન્ન થતા નથિ તથા પ્રલયકાળમાં પણ લય પામતા નથિ અર્થાત્ હિરણ્યગર્ભાદિકોની ઉત્પત્તિ થયા પછી પણ તત્ત્વવેત્તા પુરૂષો ઉત્પન્ન થતા નથિ તથા તે હિરણ્યગર્ભના વિનાશકાળરૂપ ,પ્રલયકાળમાં લય ભાવને પામતા નથિ. ॥ ૨ ॥

मूलम्—ममयोनिर्महद्ब्रह्म तस्मिन्गर्भंदधाम्यहम् ॥
संभवःसर्वभूतानां ततोभवतिभारत ॥३॥

पदानि—मम योनिः महत् ब्रह्म तस्मिन् गर्भं दधामि अहम् ॥
संभवः सर्वभूतानां ततः भवति भारत ॥३॥

अन्वयार्थः—**भारत** હે ભારત ! **महत्ब्रह्म** ત્રિગુણાત્મક માયા **मम** મારૂં **योनीः** ગર્ભાધાનનું સ્થાન છે **तस्मिन्** તે માયામાં **अहं** હું **गर्भं** ' સંકલ્પરૂપ ' ગર્ભને **दधामि** ધારણ કરૂં છું **ततः** તેથકી **सर्वभूतानां** સર્વ ભૂતોની **संभवः** ઉત્પત્તિ **भवति** થાય છે.

ટીકા—હે અર્જુન ! મહત્ બ્રહ્મ મને ગર્ભાધાન કરવાનું કારણ છે. " આ ઠેકાણે મહત્ શબ્દવડે અવ્યાકૃતનું ગ્રહણ કરવું. જે અવ્યાકૃતને શાસ્ત્રમાં અવિદ્યા, અજ્ઞાન, ત્રિગુણાત્મિક માયા, ઇત્યાદિક નામવડે કહે છે. તે અવ્યાકૃત પોતાના આકાશાદિક સર્વ કાર્યોની અપેક્ષાથી અધિક હોવાને લીધે મહત્ કહેવાય છે તથા પોતાનાં સર્વ કાર્યોની વૃદ્ધિનું કારણ હોવાથી બ્રહ્મ કહેવાય છે " તે માયારૂપ યોનિમાં હું ગર્ભ ધારણ કરૂં છું. તે થકી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. ॥ ૩ ॥

मूलम्—सर्वयोनिषुकौन्तेय मूर्त्तयःसंभवन्तियाः ॥
तासांब्रह्ममहद्योनि-रहंबीजप्रदःपिता ॥४॥

पदानि—सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ॥
तासां ब्रह्म महत् योनिः अहं बीजप्रदः पिता ॥४॥

अन्वयार्थः—**कौन्तेय** હે કૌન્તેય ! **सर्वयोनिषु** ' દેવાદિક ' સર્વ યોનિયોમાં **याः** જે **मूर्त्तयः** શરીરો **संभवन्ति** ઉત્પન્ન થાય છે **तासां** તે ' શરીરોની ' **महद्ब्रह्म** તે માયા **योनिः** માતારૂપ છે **अहं** હું **बीजप्रदः** બીજ આપનારો **पिता** પિતારૂપ છું.

ટીકા—હે અર્જુન ! દેવ, પિતર, મનુષ્ય, પશુ, ઇત્યાદિક સર્વ યોનિયોમાં જે જે મૂર્ત્તિયો ઉત્પન્ન થાય છે અર્થાત્ જરાયુજ, અંડજ, સ્વેદજ, અને ઉદ્ભિજ, ઇત્યાદિક ભેદવડે નાનાપ્રકારના આકારવાળાં જે શરીરો ઉત્પન્ન થાય છે તે શરીરરૂપ સર્વ મૂર્ત્તિયોના કારણભાવને પ્રાપ્ત થયેલી તે અવ્યાકૃત નામની માયા કારણરૂપ છે અને હું તો તે માયારૂપ યોનિમાં ગર્ભાધાન કરનારો અને તે સર્વ શરીરોનો પિતારૂપ છું. ॥ ૪ ॥

मूलम्—सत्वंरजस्तमइति-गुणा:प्रकृतिसंभवा: ॥
निबन्धन्तिमहाबाहो देहेदेहिनमव्ययम् ॥५॥

पदानि—सत्वं रजः तमः इति गुणाः प्रकृतिसंभवाः ॥
निबध्नन्ति महाबाहो देहे देहिनं अव्ययम् ॥५॥

अन्वयार्थः—महाबाहो હે મ્હોટા હાથવાળા ! **सत्त्व** સત્વ **रजः** રજ **तमः** તમ **इति** એ પ્રમાણે **प्रकृतिसंभवाः** માયાથી ઉત્પન્ન થયેલા **गुणाः** ગુણો **देहे** દેહમાં **अव्ययं** અવ્યય **देहिनं** જીવાત્માને **निबध्नन्ति** બન્ધન કરે છે.

टीका—હે મ્હોટા હાથવાળા ! સત્વ, રજ, અને તમ, એ નામવાળા ત્રણ ગુણ માયાથી ઉત્પન્ન થયેલા છે. તે સત્વાદિક ત્રણ ગુણ આ દેહમાં અર્થાત તે પ્રકૃતિના કાર્યરૂપ સંઘાતમાં અવ્યયરૂપ દેહીને અર્થાત્ વાસ્તવથી જન્મમરણાદિક સર્વ વિકારોથી રહિત હોવાથી અવ્યયરૂપ તથા અવિદ્યાવડે દેહની સાથે તાદાત્મ્યભાવને પ્રાપ્ત થયેલા જીવને બન્ધન કરે છે અર્થાત્ વાસ્તવથી નિર્વિકાર જીવાત્માને તે સત્વાદિક ગુણો પોતાના વિકારોથી યુક્ત હોય એમ દેખાડે છે. ॥

मूलम्—तत्रसत्त्वंनिर्मलत्वा-त्प्रकाशकमनामयम् ॥
सुखसङ्गेनबन्धाति ज्ञानसङ्गेनचानघ ॥६॥

पदानि—तत्र सत्वं निर्मलत्वात् प्रकाशकं अनामयम् ॥
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन च अनघ ॥६॥

अन्वयार्थः—अनघ હે નિર્દોષ ! **तत्र** તે ગુણોની મધ્યે **निर्मलत्वात्** સ્વચ્છ હોવાથી **प्रकाशकं** પ્રકાશક **अनामयं** દુઃખથી રહિત **सत्त्वं** સત્વ ગુણ 'આ' જીવાત્માને **सुखसङ्गेन** સુખના સંગથી **च** તથા **ज्ञानसङ्गेन** જ્ઞાનના સંગથી **बध्नाति** બાંધે છે.

टीका—હે નિર્દોષ ! પ્રથમ કહેલા સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોમાં નિર્મલ હોવાથી સત્વગુણ પ્રકાશક છે અર્થાત્ તમોગુણે ચૈતન્યને કરેલું જે આવરણ તેને નાશ કરનારો છે અને દુઃખરૂપ જે આમય તેને વિરોધી જે સુખ તેને તે સત્વગુણ પ્રકાશ કરનારો છે, એવી રીતે સત્વગુણ આ જીવાત્માને સુખના સંગથી તથા જ્ઞાનના સંગથી બન્ધન કરે છે. ॥ ૬ ॥

मूलम्—रजोरागात्मकंविद्धि तृष्णासङ्गसमुद्भवम् ॥
तन्निबध्नातिकौन्तेय कर्मसङ्गेनदेहिनम् ॥७॥

पदानि—रजः रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ॥
तं निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ॥७॥

अन्वयार्थः—कौन्तेय હે કૌન્તેય ! **तृष्णासङ्गसमुद्भवं** તૃષ્ણા અને આસંગ એ બેઉની ઉત્પત્તિ છે જે થકી એવા **रजः** રજોગુણને **रागात्मकं** રાગરૂપ **विद्धि** જાણ **तत्** તે ' રજોગુણ ' **देहिनं** દેહાભિમાની જીવને **कर्मसङ्गेन** કર્મના સંગે કરીને **निबध्नाति** બાંધે છે.

टीका—હે કૌન્તેય ! ન પ્રાપ્ત થયેલી વસ્તુની જે અભિલાષા તેનું નામ તૃષ્ણા અને પ્રાપ્ત થયેલી વસ્તુનો વિનાશ થાય તોપણ તે વસ્તુને રક્ષણ કરવાની જે અભિલાષા તેનું નામ આસંગ છે તે તૃષ્ણા અને આસંગ એ બેઉની ઉત્પત્તિ જેથકી થાય તેનું નામ તૃષ્ણાસંગસમુદ્‌ભવ છે. એવો રજોગુણ રાગરૂપ છે અને તે રજોગુણ દેહાભિમાની જીવને કર્મના સંગેકરીને બાંધે છે. ॥ ૭ ॥

मूलम्—तमस्त्वज्ञानजंविद्धि मोहनंसर्वदेहिनाम् ॥
प्रमादालस्यनिद्राभि-स्तन्निबध्नातिभारत ॥८॥

पदानि—तमः तु अज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ॥
प्रमादालस्यनिद्राभिः तत् निबध्नाति भारत ॥८॥

अन्वयार्थः—भारत હે ભારત ! **तु** વળી **तमः** તમોગુણને **अज्ञानजं** અજ્ઞાની થયેલો **विद्धि** જાણ **सर्वदेहिनां** સર્વ જીવોને **मोहनं** ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર **तत्** તે ' તમોગુણ ' **प्रमादालस्यनिद्राभिः** પ્રમાદ, આલસ્ય અને નિદ્રાવડે ' આ જીવને ' **निबध्नाति** બાંધે છે

टीका—હે ભારત ! તમોગુણને તું આવરણશક્તિરૂપ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો જાણ. તે માટેજ તે તમોગુણ સર્વ દેહાભિમાની જીવોનું મોહન છે અર્થાત અવિવેકતારૂપવડે ભ્રાન્તિ ઉત્પન્ન કરનારો છે એવો તમોગુણ આ દેહાભિમાની પુરૂષને પ્રમાદવડે, આલસ્યવડે, તથા નિદ્રાવડે બન્ધન કરે છે વસ્તુનો વિવેક કરવાનું જે અસામર્થ્ય તેનું નામ પ્રમાદ છે. તે પ્રમાદ સત્વગુણના પ્રકાશરૂપ કાર્યનો વિરોધી છે પ્રવૃત્તિ કરવાનું જે અસામર્થ્ય તેનું નામ આલસ્ય છે, તે આલસ્ય રજોગુણની પ્રવૃત્તિરૂપ કાર્યનું વિરોધી છે. તમોગુણને આલમ્બન કરનારી જે લયરૂપ કોઇક વૃત્તિ તેનું નામ નિદ્રા છે. તે નિદ્રા સત્વગુણના કાર્યને તથા રજોગુણના કાર્યને વિરોધી છે. ॥ ૮ ॥

मूलम्—सत्त्वंसुखेसञ्जयति रजःकर्मणिभारत ॥
ज्ञानमावृत्यतुतमः प्रमादेसञ्जयत्युत ॥९॥

पदानि—सत्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ॥
ज्ञानं आवृत्य तु तमः प्रमादे सञ्जयति उत ॥९॥

अन्वयार्थः—भारत હે ભારત ! **सत्वं** સત્વગુણ **सुखे** સુખમાં **सञ्जयति** યુક્ત કરે છે **रजः** રજોગુણ **कर्मणि** કર્મમાં **सञ्जयति** યુક્ત કરે છે **तु** અને **तमः** તમોગુણ **ज्ञानं** જ્ઞાનને **आवृत्य** આચ્છાદન કરીને **प्रमादेउत** પ્રમાદમાં પણ **सञ्जयति** યુક્ત કરે છે.

टीका—હે ભારત ! પ્રથમ કહેલો સત્વગુણ ઉત્કર્ષતાને પ્રાપ્ત થઈ દેહાભિમાની પુરૂષને સુખમાં યુક્ત કરે છે અર્થાત્ દુઃખનાં કારણનો પરાભવ કરીને સુખમાં જોડે છે. એ પ્રકારે રજોગુણ પણ ઉત્કર્ષતાને પ્રાપ્ત થઇ સુખનાં કારણનો પરાભવ કરી આ જીવાત્માને લૌકિક વૈદિક કર્મોમાં જોડે છે અને તમોગુણ તો સત્વગુણના કાર્યરૂપ જ્ઞાનને ઢાંકીને મનુષ્યને પ્રમાદમાં જોડે છે. જે વસ્તુ અવશ્ય જાણવી છે તે વસ્તુને પણ જે નહિ જાણવું તેનું નામ પ્રમાદ છે. ॥ ૯ ॥

मूलम्—रजस्तमश्चाभिभूय सत्त्वंभवतिभारत ॥
रजःसत्वंतमश्चैव तमस्सत्वंरजस्तथा ॥१०॥

पदानि—रजः तमः च अभिभूय सत्वं भवति भारत ॥
रजः सत्वं तमः च एव तमः सत्वं रजः तथा ॥१०॥

अन्वयार्थः—भारत હે ભારત ! **रजः** રજોગુણને **च** તથા **तमः** તમોગુણને **अभिभूय** તિરસ્કાર કરીને ' જ્યારે ' **सत्वं** સત્વગુણ **भवति** વૃદ્ધિ પામે છે **रजः** રજોગુણને **एव** તેમજ **सत्वं** સત્વગુણને તિરસ્કાર કરીને જ્યારે ' **तमः** તમોગુણ ' વૃદ્ધિ પામે છે ' **तमः** તમોગુણને **तथा** તથા **सत्वं** સત્વગુણને ' તિરસ્કાર કરીને જ્યારે ' **रजः** રજોગુણ 'વૃદ્ધિ પામે છે ત્યારે તે સત્વાદિક ગુણ પોત પોતાનાં કાર્ય કરે છે.'

टीका—હે ભારત ! જ્યારે રજ અને તમ એ બેઉ ગુણનો એકજ વખતે અભિભવ કરીને અર્થાત્ તિરસ્કાર કરીને સત્વગુણ વૃદ્ધિ પામે છે તે કાળમાંજ તે સત્વગુણ પ્રથમ કહેલાં પોતાનાં કાર્ય ઉત્પન્ન કરે છે. એ પ્રકારે રજોગુણ પણ જે કાળમાં સત્વગુણને તથા તમોગુણને તિરસ્કાર કરીને વૃદ્ધિ પામે છે તે વખતે રજોગુણ પ્રથમ કહેલાં પોતાનાં કાર્ય ઉત્પન્ન કરે છે. એ પ્રકારે તમોગુણ પણ જે વખતે સત્વગુણને તથા રજોગુણને તિરસ્કાર કરીને વૃદ્ધિ પામે છે તે કાળમાં તે પ્રથમ કહેલાં પોતાનાં કાર્ય ઉત્પન્ન કરે છે. ॥ ૧૦ ॥

मूलम्—सर्वद्वारेषुदेहेऽस्मिन् प्रकाशउपजायते ॥
ज्ञानंयदातदाविद्या द्विवृद्धंसत्त्वमित्युत ॥११॥

पदानि—सर्वद्वारेषु देहे अस्मिन् प्रकाशः उपजायते ॥
ज्ञानं यदा तदा विद्यात् विवृद्धं सत्त्वं इति उत ॥११॥

अन्वयार्थः--**अस्मिन्** આ **देहे** દેહમાં **सर्वद्वारेषु** શ્રોત્રાદિક સર્વ ઇન્દ્રિયોને વિષે **यदा** જ્યારે **ज्ञानं** જ્ઞાનરૂપ **प्रकाशः** પ્રકાશ **उपजायते** ઉત્પન્ન થાય છે **तदा** ત્યારે **सत्त्वं उत** સત્વગુણ પણ **विवृद्धं** વૃદ્ધિ પામેલો છે **इति** એ પ્રકારે **विद्यात्** જાણવું.

टीका—જીવાત્માને સુખ દુઃખના સાધનરૂપ આ દેહમાં શબ્દાદિક વિષયોની ઉપલબ્ધિના સાધનરૂપ જે શ્રોત્રાદિક ઇન્દ્રિયોરૂપ સર્વ દ્વાર છે તે સર્વ દ્વારોને વિષે જે વખતે જ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થાય છે તે વખતે પ્રકાશરૂપ સત્વગુણ વૃદ્ધિ પામેલો છે એમ જાણવું. ॥ **सत्त्वमित्य** ॥ એ વચનમાં રહેલો **उत** શબ્દ **अपि** શબ્દના અર્થને કહેનારો છે તે ઉપરથી આવા અર્થનો બોધ થયો કે જેમ જ્ઞાનરૂપ પ્રકાશવડે સત્વગુણની વૃદ્ધિ જાણી શકાય છે તેમ સુખાદિક ચિન્હવડે પણ સત્વગુણની વૃદ્ધિને પુરૂષ જાણે છે. ॥૧૧॥

मूलम्—लोभःप्रवृत्तिरारंभः कर्मणामशमःस्पृहा ॥
रजस्येतानिजायन्ते विवृद्धेभरतर्षभ ॥१२॥

पदानि—लोभः प्रवृत्तिः आरंभः कर्मणां अशमः स्पृहा ॥
रजसि एतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥१२॥

अन्वयार्थः—**भरतर्षभ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! **रजसि** રજોગુણ **विवृद्धे** વૃદ્ધિ પામતે છતે **लोभः** લોભ **प्रवृत्तिः** પ્રવૃત્તિ **कर्मणां** કર્મોનો **आरंभः** આરંભ **अशमः** અશમ **स्पृहा** સ્પૃહા **एतानि** એ સર્વ **जायन्ते** ઉત્પન્ન થાય છે.

टीका—હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! રજોગુણ જ્યારે વૃદ્ધિ પામે છે ત્યારે પુરૂષમાં લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશમ, અને સ્પૃહા, એ ચિન્હ ઉત્પન્ન થાય છે અર્થાત્ લોભાદિક ચિન્હવડે રજોગુણની વૃદ્ધિ જાણવી, ધનાદિક પદાર્થો પ્રાપ્ત થાય તોપણ દિન દિનપ્રત્યે વૃદ્ધિ પામેલી જે ધનાદિકની અભિલાષા તેનું નામ લોભ છે. નિરન્તર પ્રયત્નવાળું થવું તેનું નામ પ્રવૃત્તિ છે. કર્મોને માટે જે ઉદ્યમ તેનું નામ કર્મોનો આરંભ છે. આ કામ કરીને બીજું કામ કરીશ અને બીજું કામ કરીને વળી ત્રીજું કામ કરીશ, એ પ્રકારે સંકલ્પના પ્રવાહનું જે શાન્ત ન થવું તેનું નામ અશમ છે. કોઇના ધનાદિક પદાર્થો જોઇને હર કોઈ પણ પ્રકારે તે ધનાદિક પદાર્થો ગ્રહણ કરવાની જે ઇચ્છા તેનું નામ સ્પૃહા છે. એ લોભાદિક ચિન્હો વૃદ્ધિ પામવાથી રજોગુણની વૃદ્ધિ જાણવી ॥ ૧૨ ॥

मूलम्—अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादोमोहएवच ॥
तमस्येतानिजायन्ते विवृद्धेकुरुनन्दन ॥१३॥

पदानि—अप्रकाशः अप्रवृत्तिः च प्रमादः मोहः एव च ॥
तमसि एतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥१३॥

अन्वयार्थः—**कुरुनन्दन** હે કુરૂકુલને આનન્દ પમાડનાર ! **तमसि** તમોગુણ **विवृद्धे** વૃદ્ધિ પામતે છતે. **एव** નિશ્ચે **अप्रकाशः** અપ્રકાશ **च** તથા **अप्रवृत्तिः** અપ્રવૃત્તિ **प्रमादः** પ્રમાદ **च** તથા **मोहः** મોહ **एतानि** એ ' ચિન્હો ' **जायन्ते** ઉત્પન્ન થાય છે.

टीका—હે કુરૂકુલને આનન્દ પમાડનાર ! જે વખતે તમોગુણની વૃદ્ધિ થાય છે તે વખતે અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ, મોહ એટલાં ચિન્હ ઉત્પન્ન થાય છે. ગુરૂ અને શાસ્ત્ર, ઇત્યાદિક બોધનાં કારણો વિદ્યમાન છતાં જે સર્વ પ્રકારે તે બોધની અયોગ્યતા તેનું નામ અપ્રકાશ છે ॥ **अग्निहोत्रंजुहुयात्** ॥ ઇત્યાદિક શાસ્ત્ર વિદ્યમાન છતાં જે સર્વ પ્રકારે તે અગ્નિહોત્રાદિક કર્મોમાં પ્રવૃત્તિની અયોગ્યતા છે તેનું નામ અપ્રવૃત્તિ છે. તેવી રીતે પ્રમાદ અને મોહ એ સર્વ તમોગુણનાં ચિન્હ છે. ॥ ૧૩ ॥

मूलम्—यदासत्त्वेप्रवृद्धेतु प्रलयंयातिदेहभृत् ॥
तदोत्तमविदांलोका-नमलान्प्रतिपद्यते ॥१४॥

पदानि—यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ॥
तदा उत्तमविदां लोकान् अमलान् प्रतिपद्यते ॥१४॥

अन्वयार्थः—**तु** વળી **देहभृत्** દેહાભિમાની જીવ **यदा** જ્યારે **सत्त्वे** સત્વગુણ **प्रवृद्धे** વૃદ્ધિ પામતે છતે **प्रलयं** મૃત્યુને **याति** પામે છે **तदा** ત્યારે **उत्तमविदां** ઉપાસક પુરૂષોના **अमलान्** મલરહિત **लोकान्** લોકોને **प्रतिपद्यते** પામે છે.

टीका—વળી દેહાભિમાની જીવ જ્યારે સત્ત્વગુણ વૃદ્ધિ થયા પછી મૃત્યુ પામે છે ત્યારે તે ઉત્તમવિત્ પુરૂષોના લોકોને પામે છે. હિરણ્યગર્ભાદિક દેવતાઓનું નામ ઉત્તમ છે. તે હિરણ્યગર્ભાદિક દેવતાઓની જે પુરૂષો ઉપાસના કરે છે તે પુરૂષોનું નામ ઉત્તમવિત્ છે તે ઉત્તમવિત્ પુરૂષોના જે લોક છે અર્થાત્ દિવ્ય સુખ ભોગવવાનાં જે કોઇ સ્થાનો છે તેને તે પુરૂષો પામે છે. તે સ્થાનો રજ તમરૂપી મલથી રહિત છે. ॥ ૧૪ ॥

मूलम्—रजसिप्रलयंगत्वा कर्मसङ्गिषुजायते ॥
तथाप्रलीनस्तमसि मूढयोनिषुजायते ॥१५॥

पदानि—रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ॥
तथा प्रलीनः तमसि मूढयोनिषु जायते ॥१५॥

અન્વયાર્થઃ—'દેહાભિમાની' **रजसि** રજોગુણ 'વૃદ્ધિ થયે છતે' **प्रलयं** મૃત્યુને **गत्वा** પામીને **कर्मसङ्गिषु** કર્મના અધિકારી મનુષ્યોમાં **जायते** ઉત્પન્ન થાય છે **तथा** તથા **तमसि** તમોગુણ 'વૃદ્ધિ થયે છતે' **प्रलीनः** મરણ પામેલો 'જીવ' **मूढयोनिषु** પશ્વાદિક યોનિયોમાં **जायते** ઉત્પન્ન થાય છે.

ટીકા—શ્રુતિ સ્મૃતિયે વિધાન કરેલાં જે અગ્નિહોત્રાદિક કર્મ તથા શ્રુતિ સ્મૃતિયે નિષિદ્ધ કરેલાં જે હિંસાદિક કર્મ, તે કર્મમાં તથા તે કર્મનાં ફલોમાં જે અધિકારી મનુષ્યો છે તેઓનું નામ કર્મસંગી છે. આ દેહાભિમાની જીવ રજોગુણની વૃદ્ધિ થયા પછી જો મૃત્યુ પામે તો તે કર્મસંગિયોમાં ઉત્પન્ન થાય છે અને એ પ્રકારે તમોગુણની વૃદ્ધિ થયા પછી જો મૃત્યુ પામે તો કાર્ય અકાર્યના વિચારથી હીન એવી પશ્વાદિક મૂઢયોનિયોમાં જન્મ પામે છે ॥ ૧૫ ॥

मूलम्—कर्मणःसुकृतस्याहुः सात्विकंनिर्मलंफलम् ॥
रजसस्तुफलंदुःख-मज्ञानंतमसःफलम् ॥१६॥

पदानि—कर्मणः सुकृतस्य आहुः सात्विकं निर्मलं फलम् ॥
रजसः तु फलं दुःखं अज्ञानं तमसः फलम् ॥१६॥

અન્વયાર્થઃ—' મહર્ષિયો ' **सुकृतस्य** સાત્વિક **कर्मणः** કર્મનું **सात्विकं** સાત્વિક **निर्मलं** નિર્મલ **फलं** ફલ **आहुः** કહે છે **तु** વળી **रजसः** રાજસ કર્મનું **दुःखं** દુઃખરૂપ **फलं** ફલ 'કહે છે' **तमसः** તામસ કર્મનું **अज्ञानं** અજ્ઞાનરૂપ **फलं** 'ફલ કહે છે.'

ટીકા—મહર્ષિયો ઉત્તમ સાત્વિક ધર્મનું સાત્વિક તથા નિર્મલ ફલ કહે છે અને પાપમિશ્રિત પુણ્યરૂપ જે રાજસધર્મનું રાજસ દુઃખરૂપ ફલ કહે છે, અર્થાત્ રજોગુણથી ઉત્પન્ન થયેલું અને બહુ દુઃખથી મિશ્રિત જે અલ્પ સુખ તે રાજસ ધર્મનું ફલ કહે છે અને તે મહર્ષિયો તામસધર્મનું અજ્ઞાનરૂપ ફલ કહે છે. ॥ ૧૬ ॥

मूलम्—सत्त्वात्संजायतेज्ञानं रजसोलोभएवच ॥
प्रमादमोहौतमसो-भवतोऽज्ञानमेवच ॥१७॥

पदानि—सत्वात् संजायते ज्ञानं रजसः लोभः एव च ॥
प्रमादमोहौ तमसः भवतः अज्ञानं एव च ॥१७॥

અન્વયાર્થઃ—**सत्वात्** સત્વગુણથી **ज्ञानं** જ્ઞાન **संजायते** ઉત્પન્ન થાય છે **तथा** **च** તથા **रजसः** રજોગુણથી **लोभः एव** લોભજ ' ઉત્પન્ન થાય છે ' **च** તથા **तमसः** તમોગુણથી **प्रमादमोहौ** પ્રમાદ અને મોહ **भवतः** થાય છે ' તથા ' **अज्ञानं एव** અજ્ઞાન પણ ' થાય છે. '

टीका—શ્રોત્રાદિક ઇન્દ્રિયો જેમાં દ્વાર છે એવું જે શબ્દાદિક વિષયનું જ્ઞાન તે પ્રકાશરૂપ જ્ઞાન તો કેવળ સત્વગુણથી ઉત્પન્ન થાય છે તે માટે તે પ્રકાશરૂપ જ્ઞાનને અનુસરનારા સાત્વિક કર્મના ઘણા પ્રકાશવાળું સુખરૂપ ફલજ થાય છે. રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે, નિરન્તર વૃદ્ધિ પામેલો તથા પૂરણ કરવાને અશક્ય એવો લોભ દુઃખનું કારણ છે એ વાત પ્રસિદ્ધ છે માટે લોભપૂર્વક રાજસકર્મનું પણ દુઃખજ ફલ છે, તમોગુણથી પ્રમાદ અને મોહ એ બેઉ ઉત્પન્ન થાય છે તથા અજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે.

मूलम्—ऊर्ध्वंगच्छन्तिसत्त्वस्था मध्येतिष्ठन्तिराजसाः ॥
जघन्यगुणवृत्तस्था अधोगच्छन्तितामसाः ॥१८॥

पदानि—ऊर्ध्वं गच्छन्ति सत्वस्थाः मध्ये तिष्ठन्ति राजसाः ॥
जघन्यगुणवृत्तस्थाः अधः गच्छन्ति तामसाः ॥१८॥

अन्वयार्थः—**सत्वस्थाः** સત્વવૃત્તિમાં રહેલા 'પુરૂષો' **ऊर्ध्वं** ઉપરના લોકને **गच्छन्ति** પામે છે **राजसाः** રજોવૃત્તિમાં રહેલા 'પુરૂષો' **मध्ये** મનુષ્ય લોકમાં **तिष्ठन्ति** રહે છે **जघन्यगुणवृत्तस्थाः** નિકૃષ્ટ તમોગુણની વૃત્તિમાં રહેલા **तामसाः** તામસ 'પુરૂષો' **अधः** નીચે **गच्छन्ति** ગતિ કરે છે.

टीका—સત્વગુણની વૃત્તિમાં રહેલા અર્થાત શ્રદ્ધાભક્તિપૂર્વક તે વૃત્તિને ધારણ કરનારા પુરૂષો બ્રહ્મલોક પર્યન્ત ઉપરના દેવલોકને પામે છે પણ મનુષ્યશરીરને તથા પશ્વાદિક શરીરને તે સાત્વિક પુરૂષો પામતા નથિ. જે પુરૂષો રજોગુણના લોભાદિ પૂર્વક રાજસ કર્મરૂપ વૃત્તિમાં રહેલા છે અર્થાત તે રાજસ કર્મરૂપ આચરણને અત્યન્ત પ્રીતિપૂર્વક કરે છે તે પુરૂષો આ મનુષ્યલોકમાંજ રહે છે પણ તેઓ દેવશરીરને તથા પશ્વાદિક શરીરોને પામતા નથિ સત્વગુણ અને રજોગુણની અપેક્ષાથી નિકૃષ્ટ અને તમોગુણની નિદ્રા આલસ્યાદિરૂપ વૃત્તિમાં પ્રીતિવાળા તામસ પુરૂષો પશુઆદિક યોનિયોમાં ઉત્પન્ન થાય છે.

मूलम्—नान्यंगुणेभ्यःकर्त्तारं यदाद्रष्टानुपश्यति ॥
गुणेभ्यश्चपरंवेत्ति मद्भावंसोऽधिगच्छति ॥१९॥

पदानि—न अन्यं गुणेभ्यः कर्त्तारं यदा द्रष्टा अनुपश्यति ॥
गुणेभ्यः च परं वेत्ति मद्भावं सः अधिगच्छति ॥१९॥

अन्वयार्थः—**यदा** જ્યારે **द्रष्टा** દ્રષ્ટા ' પુરૂષ ' **गुणेभ्यः** સત્વાદિક ' ગુણોથી **अन्यं** અન્ય **कर्त्तारं** કર્ત્તાને **न** **अनुपश्यति** જોતો નથી **च** તથા **गुणेभ्यः** ગુણોથી ' આત્માને ' **परं** પર **वेत्ति** જાણે છે ' તે વખતે ' **सः** તે **मद्भावं** મારા ભાવને **अधिगच्छति** પામે છે.

टीका—જ્યારે દ્રષ્ટા પુરૂષ સત્વાદિક ગુણોથી અન્ય કર્તાને દેખતો નથિ પણ સત્વાદિક ગુણુજ અન્તઃકરણુ, શરીર અને વિષય, ઇત્યાદિક ભાવને પ્રાપ્ત થઇ સર્વ લૌકિક વૈદિક કર્મના કર્ત્તારૂપે થાય છે એમ તે ગુણોને જે પુરૂષ દેખે છે તથા તે ગુણોથી આત્માને પર જાણે છે તે વખતે તે દ્રષ્ટા પુરૂષ મારા ભાવને પામે છે ત્યાં શ્રુતિ ॥ **ब्रह्मवेदब्रह्मैव भवति** ॥ જે પુરૂષ બ્રહ્મને જાણે છે તે પુરૂષ બ્રહ્મરૂપજ થાય .છે. ॥ ૧૯ ॥

मूलम्--**गुणानेतानतीत्यत्रीन् देहीदेहसमुद्भवान् ॥**
जन्ममृत्युजरादुःखै-र्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

पदानि—**गुणान् एतान् अतीत्य त्रीन् देही देहसमुद्भवान् ॥**
जन्ममृत्युजरादुःखैः विमुक्तः अमृतं अश्नुते ॥२०॥

अन्वयार्थः—**देहसमुद्भवान्** દેહની ઉત્પત્તિના બીજરૂપ **एतान्** એ **त्रीन्** ' સત્વાદિક ' ત્રણુ **गुणान्** ગુણોને **अतीत्य** પરિત્યાગ કરીને **जन्ममृत्युजरादुःखैः** જન્મ મૃત્યુ જરા અને દુઃખોવડે **विमुक्तः** વિમુક્ત થઈ **देही** પુરૂષ **अमृतं** મોક્ષને **अश्नुते** પામે છે.

टीका—દેહની ઉત્પત્તિના બીજરૂપ જે સત્વ, રજ, અને તમ, એ ત્રણુ ગુણોને અતિક્રમણુ કરીને અર્થાત્ જીવનકાળમાંજ તત્વજ્ઞાન[illegible] તે ગુણોનો બાધ કરીને તથા જન્મ, મૃત્યુ, જરા, અને અધ્યાત્મિકાદિક દુઃખોથી મુક્ત થઇ અર્થાત્ જીવતાં છતાંજ જન્મ મૃત્યુઆદિક સમ્બન્ધથી રહિત થઈ વિદ્વાન્ પુરૂષ મોક્ષ પામે છે. ॥ ૨૦ ॥

मूलम्--**कैर्लिङ्गैस्त्रीन्गुणानैता-नतीतोभवतिप्रभो ॥**
किमाचारःकथंचैतां-स्त्रीन्गुणानतिवर्त्तते ॥२१॥

पदानि—**कैः लिङ्गैः त्रीन् गुणात् एतान् अतीतः भवति प्रभो ॥**
किमाचारः कथं च एतान् त्रीन् गुणान् अतिवर्त्तते ॥२१॥

अन्वयार्थः—**प्रभो** હે પ્રભો ! **एतान्** એ **त्रीन्** ' સત્વાદિક ' ત્રણુ **गुणान्** ગુણોને **अतीतः** અતિક્રમણુ કરનારો ' પુરૂષ ' **कैः** કયાં **लिङ्गैः** ચિન્હોસહિત **भवति** હોય છે 'તથા' **किमाचारः** કેવા આચારવાળો હોય છે **च** તથા **एतान्** એ **त्रीन्** ત્રણુ **गुणान्** ગુણોને **कथं** કેવી રીતે **अतिवर्त्तते** અતિક્રમણુ કરે છે.

टीका—સત્વ, રજ અને તમ, એ ત્રણુ ગુણોને અતિક્રમણુ કરનારો તત્ત્વવેત્તા પુરૂષ કયાં ચિન્હોસહિત હોય છે અર્થાત્ જે લક્ષણોવડે તે તત્વવેત્તા પુરૂષ જાણી શકાય તે લક્ષણુ આપ મને કહો. એ પ્રથમ પ્રશ્ન ૧ તે ગુણાતીત પુરૂષ કેવા આચારવાળો હોય છે અર્થાત્ પોતાની ઇચ્છા પ્રમાણે ચેષ્ટા કરવાવાળો હોય છે કે નિયમપૂર્વ ચેષ્ટા કરવાવાળો હોય છે તે પણ મને કહો. એ બીજો પ્રશ્ન ૨ તે તત્વવેત્તા પુરૂષ કેવા પ્રકારથી એ ત્રણે

ગુણોને અતિક્રમણ કરે છે અર્થાત્ તે ગુણાતીતપણાનો શું ઉપાય છે તે ઉપાય આપ પણ મને કહો. એ ત્રીજો પ્રશ્ન. ૩ **प्रभो** ! ॥ એ સમ્બોધન ઉપરથી અર્જુને એવો અર્થ જણાવ્યો કે રાજાદિક સમર્થ પુરૂષ જેમ પોતાના ભૃત્યોનું દુઃખ નિવૃત્ત કરે છે તેમ આપ સમર્થ હોવાથી અમારૂં દુઃખ નિવારણ કરવામાં સમર્થ છો. ॥ ૨૧ ॥

श्रीभगवानुवाच.

मूलम्—प्रकाशंचप्रवृत्तिंच मोहमेवचपाण्डव ॥
नद्वेष्टिसंप्रवृत्तानि ननिवृत्तानिकाङ्क्षति ॥२२॥

पदानि—प्रकाशं च प्रवृत्तिं च मोहं एव च पाण्डव ॥
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति॥२२॥

अन्वयार्थः—**पाण्डव** હે પાંડવ ! **संप्रवृत्तानि** પ્રવર્ત્તેલા **प्रकाशं** પ્રકાશને **च** તથા **प्रवृत्तिं** પ્રવૃત્તિને **च** તથા **मोहं** મોહને 'જે પુરૂષ' **एव** કોઇ વખતે પણ **न द्वेष्टी** દ્વેષ કરતો નથિ **च** તથા **निवृत्तानि** નિવૃત્ત થયેલા 'એવા તેઓને' **नकाङ्क्षति** ઇચ્છા કરતો નથિ 'તે પુરૂષ ગુણાતીત કહેવાય છે.'

टीका—સત્વગુણના કાર્યરૂપ જે પ્રકાશ તથા રજોગુણના કાર્યરૂપ જે પ્રવૃત્તિ તથા તમોગુણના કાર્યરૂપ જે મોહ તે સર્વ પોતપોતાની સામગ્રીને વશ થઇ ઉત્પન્ન થાય છે અને તે પછી દુઃખરૂપજ છે તોપણ જે વિદ્વાન્ પુરૂષ દુઃખબુદ્ધિવડે તે કાર્યોનો દ્વેષ કરતો નથિ તથા તે સત્વાદિક ગુણોનાં પ્રકાશાદિક કાર્ય પોતપોતાના વિનાશની સામગ્રીને વશ થઇ નિવૃત્ત થવાથી સુખરૂપ છે તો પણ જે વિદ્વાન્ પુરૂષ સુખબુદ્ધિવડે તેઓની ઇચ્છા કરતો નથિ તે પુરૂષ ગુણાતીત કહેવાય છે. આ શ્લોકનો અન્વય ॥ **गुणातीत सउच्यते** ॥ એ ચોથા શ્લોકના વચનની સાથે કરવો. ॥ ૨૨ ॥

मूलम्—उदासीनवदासीनो-गुणैर्योनविचाल्यते ॥
गुणावर्त्तन्तइत्येव योऽवतिष्ठतिनेङ्गते ॥२३॥

पदानि—उदासीनवत् आसीनः गुणैः यः न विचाल्यते ॥
गुणाः वर्त्तन्ते इति एव यः अवतिष्ठति न इङ्गते ॥२३॥

अन्वयार्थः—જે 'પુરૂષ' **यः** **उदासीनवत्** ઉદાસીન પુરૂષની પેઠે **आसीनः** રહ્યો છે 'તથા, **गुणैः** 'સત્વાદિક' ગુણોએ **न विचाल्यते** ચલાયમાન કરાતો નથિ ' તથા **गुणाः एव** તે ગુણોજ ' પરસ્પર ' **वर्त्तन्ते** વર્ત્તે છે **इति**' એ પ્રકારના નિશ્ચયવડે **यः** જે ' પુરૂષ ' **अवतिष्ठति** રહે છે ' અને ' **न इङ्गते** ' કાંઇ પણ ' વ્યાપાર કરતો નથિ ' તે ગુણાતીત પુરૂષ કહેવાય છે. '

टीका—જે પુરૂષ ઉદાસીન પુરૂષની પેઠે રહે છે તથા સત્વાદિક ગુણોથી ચલાયમાન કરી શકાતો નથિ તથા તે ગુણોજ પરસ્પર વર્ત્તે છે એ પ્રકારના નિશ્ચયવડે જે રહે છે અને કાંઇ પણ વ્યાપાર કરતો નથિ તે પુરૂષ ગુણાતીત કહેવાય છે. 'ઉપલા શ્લોક પ્રમાણે આ શ્લોકનો ત્રીજા શ્લોકમાં રહેલા ॥ **गुणातीत सउच्यते** ॥ એ વચન સાથે અન્વય કરવો. ॥ २३ ॥

मूलम्—समदुःखसुखःस्वस्थः समलोष्टाश्मकाञ्चनः ॥
तुल्यप्रियाप्रियोधीर-स्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥२४॥

पदानि—समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ॥
तुल्यप्रियाप्रियः धीरः तुल्यनिन्दात्मसंस्तुतिः ॥२४॥

अन्वयार्थः—**समदुःखसुखः** સમ છે સુખ અને દુઃખ એ બેઉ જેને **स्वस्थः** સ્વરૂપમાં સ્થિતિવાળો **समलोष्टाश्मकाञ्चनः** સમ છે લોષ્ઠ, અશ્મ, અને કાંચન જેને **तुल्यप्रियाप्रियः** તુલ્ય છે પ્રિય અને અપ્રિય જેને **तुल्यनिन्दात्मसंस्तुतिः** તુલ્ય છે પોતાની નિન્દા અને સ્તુતિ જેને એવો **धीरः** ધીર તે૰ષ ગુણાતીત કહેવાય છે.

टीका—તત્ત્વવેત્તા પુરૂષને દુઃખમાં દ્વેષ નથિ, સુખમાં રાગ નથિ અને તે દુઃખ સુખ અનાત્મરૂપ અન્તઃકરણના ધર્મ છે તથા સ્વપ્નની પેઠે મિથ્યા છે એમ જાણીને તે તત્ત્વવેત્તા પુરૂષ દુઃખસુખને સમાન માને છે. દુઃખસુખને સમાન માનવાથી તે પુરૂષ પોતાના આનન્દસ્વરૂપ આત્મામાં રહ્યો છે. માટે તેને મૃત્તિકાનો પિંડ પાષણ અને સુવર્ણ, એ સઘળું સરખું છે. એ બધું સરખું હોવાથી સુખના સાધનરૂપ પ્રિય અને દુઃખના સાધનરૂપ અપ્રિય તેને તુલ્ય છે. તે તત્ત્વવેત્તા પુરૂષ ધીર છે માટે તેને નિન્દા અને સ્તુતિ પણ તુલ્ય છે માટે તે ગુણાતીત કહેવાય છે. ॥ २४ ॥

मूलम्—मानापमानयोतुल्य-स्तुल्योमित्रारिपक्षयोः ॥
सर्वारम्भपरित्यागी गुणातीतःसउच्यते ॥२५॥

पदानि—मानापमानयोः तुल्यः तुल्यः मित्रारिपक्षयोः ॥
सर्वारंभपरित्यागी गुणातीतः सः उच्यते ॥२५॥

अन्वयार्थः—**मानापमानयोः** માન અને અપમાનમાં **तुल्यः** તુલ્ય **मित्रारिपक्षयोः** મિત્રપક્ષ અને શત્રુ પક્ષમાં **तुल्यः** તુલ્ય **सर्वारम्भपरित्यागी** સર્વ આરંભનો ત્યાગ કરનારો **सः** તે 'પુરૂષ' **गुणातीतः** ગુણાતીત **उच्यते** કહેવાય છે.

टीका—જે તત્વવેત્તા માન અને અપમાનમાં તુલ્ય છે અર્થાત્ જેને માનની પ્રાપ્તિ થાય તો હર્ષ પામતો નથિ અને અપમાનની પ્રાપ્તિ થાય તો ખેદ થતો નથિ તથા જે તત્વવેત્તા મિત્રના પક્ષમાં અને શત્રુના પક્ષમાં તુલ્ય છે તથા કર્મ રૂપ સર્વ આરંભનો જે ત્યાગ કરે છે તે તત્વવેત્તા પુરૂષ ગુણાતીત કહેવાય છે. ॥ ૨૫ ॥

मूलम्—मांचयोऽव्यभिचारेण भक्तियोगेनसेवते ॥
सगुणान्समतीत्यैतान् ब्रह्मभूयायकल्पते ॥२६॥

पदानि—मां च यः अव्यभिचारेण भक्तियोगेन सेवते ॥
सः गुणान् समतीत्य एतान् ब्रह्मभूयाय कल्पते ॥२६॥

अन्वयार्थः—**च** તથા **यः** જે 'પુરૂષ' **मां** મને **अव्यभिचारेण** અનન્ય **भक्तियोगेन** ભક્તિયોગવડે **सेवते** ચિન્તન કરે છે **सः** તે **एतान्** એ **गुणान्** ગુણોને **समतीत्य** અતિક્રમણ કરીને **ब्रह्मभूयाय** બ્રહ્મ થવામાટે **कल्पते** સમર્થ થાય છે.

टीका—જે અધિકારી પુરૂષ અનન્ય ભક્તિવડે મને નિરન્તર ચિન્તન કરે છે, તે પરમેશ્વરનો અનન્ય ભક્ત પ્રથમ કહેલા સત્ત્વાદિક ત્રણ ગુણોનું અતિક્રમણ કરીને અર્થાત્ એ સત્ત્વાદિક ત્રણ ગુણનો બાધ કરીને નિર્ગુણ બ્રહ્મભાવની પ્રાપ્તિરૂપ મોક્ષમાટે સમર્થ થાય છે માટે સર્વ કાળમાં મારૂં ચિન્તન કરવું એજ ગુણાતીત થવાનો ઉપાય છે. ॥૨૬॥

मूलम्—ब्रह्मणोहिप्रतिष्ठाह-ममृतस्याव्ययस्यच ॥
शाश्वतस्यचधर्मस्य सुखस्यैकान्तिकस्यच ॥२७॥

पदानि—ब्रह्मणः हि प्रतिष्ठा अहं अमृतस्य अव्ययस्य च ॥
शाश्वतस्य च धर्मस्य सुखस्य एकान्तिकस्य च ॥२७॥

अन्वयार्थः—**हि** જે કારણમાટે **अमृतस्य** અમૃતરૂપ **च** તથા **अव्ययस्य** અવ્યયરૂપ **च** તથા **शाश्वतस्य** શાશ્વતરૂપ **धर्मस्य** ધર્મરૂપ **च** તથા **एकान्तिकस्य** એકાન્તિક **सुखस्य** સુખરૂપ **ब्रह्मणः** 'સોપાધિક કારણ' બ્રહ્મનું **अहं** હું નિરૂપાધિક વાસુદેવ, **प्रतिष्ठा** વાસ્તવરૂપ છું 'તે માટે મારી ભક્તિથી મોક્ષની પ્રાપ્તિ યુક્તજ છે.

टीका—જે કારણમાટે અમૃતરૂપ તથા અવ્યયરૂપ તથા શાશ્વતરૂપ તથા ધર્મરૂપ તથા એકાન્તિક સુખરૂપ સોપાધિકકારણ બ્રહ્મનું હું નિર્વિકલ્પ વાસુદેવ વાસ્તવરૂપ છું માટે મારી ભક્તિવડે મોક્ષની પ્રાપ્તિ થવી એ યોગ્યજ છે. ॥ **तत्वमसी** ॥ એ વાક્યમાં રહેલું જે **तत्** પદ, તે **तत्** પદના વાચ્ય અર્થરૂપ તથા સર્વ જગતની ઉત્પતિ, સ્થિતિ અને લયના કારણરૂપ તથા માયાવિશિષ્ટ જે છે તેનું નામ સોપાધિક બ્રહ્મ છે. ॥ ૨૭ ॥

इतिश्रीमन्महाभारते भीष्मपर्वणिश्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणत्रितयविभाग योगो नाम चतुर्दशोऽध्यायः ॥१४॥

ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्--ऊर्ध्वमूलमधःशाख-मश्वत्थंप्राहुरव्ययम् ॥
छन्दांसियस्यपर्णानि यस्तंवेदसवेदवित् ॥१॥

पदानि--उर्ध्वमूलं अधःशाखं अश्वत्थं प्राहुः अव्ययम् ॥
छन्दांसि यस्य पर्णानि यः तं वेद सः वेदवित् ॥१॥

अन्वयार्थः—'આ સંસારરૂપી વૃક્ષને' શ્રુતિ સ્મૃતિયો, **ऊर्ध्वमूल** ઊંચા મૂલવાળો **अधःशाखं** નીચે શાખાવાળો **अश्वत्थं** અશ્વત્થ 'તથા **अव्ययं** અવ્યય **प्राहुः** કહે છે **यस्य** જે 'સંસારવૃક્ષના' **छन्दांसि** વેદો **पर्णानि** [illegible]ાં છે **तं** તે 'સંસારવૃક્ષને' **यः** જે 'પુરૂષ' **वेद** જાણે છે **सः** તે 'પુરૂષ' **वेदवित्** વેદ જાણનારો છે.

टीका—નિત્ય અને કારણરૂપ જે બ્રહ્મ તેનું નામ ઊર્ધ્વ છે તે ઊર્ધ્વ છે મૂલ એટલે કારણ જેનું તેનું નામ **उर्ध्वमूलः** છે. વળી એ સંસારવૃક્ષ **अधः शाखः** છે આ ઠેકાણે **अधः** એ શબ્દવડે પછી ઉત્પન્ન થયેલા અને કાર્યરૂપ ઉપાધિવાળા હિરણ્યગર્ભાદિકોનું ગ્રહણ કરવું અને જેમ આ લોકમાં પ્રસિદ્ધ દેખાતાં વૃક્ષ પૂર્વાદિક દિશાઓમાં પ્રસાર પામે છે. તેમ તે હિરણ્ય ગર્ભાદિક પણ નાનાપ્રકારની દિશાઓમાં પ્રસાર પામે છે માટે તે હિરણ્ય ગર્ભાદિક આ પ્રસિદ્ધ શાખાઓની પેઠે જેની શાખા છે તેનું નામ **अधः शाख** છે. આ સંસારરૂપ વૃક્ષ **अश्वत्थ** છે. જે વસ્તુ આગલે દિવસે રહેશે, એ પ્રકારના વિશ્વાસને યોગ્ય ન હોય તેનું નામ અશ્વત્થ છે. એવી રીતે વિશ્વાસને અયોગ્ય હોવાથી આ સંસાર વૃક્ષ **अश्वत्थ** છે. વળી આ સંસારરૂપ વૃક્ષ અવ્યય છે અર્થાત્ અનાદિ અનન્તરૂપ જે આ દેહાદિકનો પ્રવાહ તેનો આશ્રય છે. તથા આત્મજ્ઞાનવિના આ સંસારવૃક્ષનો ઉચ્છેદ થતો નથિ માટે અવ્યય છે. જે સંસારવૃક્ષનાં વેદો પાંદડાં છે તે સંસાર વૃક્ષને જે પુરૂષ જાણે છે તે પુરૂષ વેદ જાણનારો છે. ॥ ૧ ॥

मूलम्—अधश्चोर्ध्वंप्रसृतास्तस्यशाखा गुणप्रवृद्धाविषयप्रवाला
अधश्चमूलान्यनुसन्ततानि कर्मानुबन्धीनिमनुष्यलोके॥२॥

पदानि—अधः च उर्ध्वंप्रसृताः तस्य शाखाः गुणप्रवृद्धाः विषयप्रवालाः अधः च मूलानि अनुसंततानि कर्मानुबन्धीनि मनुष्यलोके ॥२॥

अन्वयार्थः—**तस्य** તે ' સંસારવૃક્ષની ' **शाखाः** શાખાઓ **अधः** નીચે **च** તથા **ऊर्ध्वं** ઉપર **प्रसृताः** પ્રસરેલી છે ' જે શાખાઓ ' **गुण प्रवृद्धाः** ' સત્વાદિક ' ગુ-ણુવડે વૃદ્ધિ પામેલી છે **विषयप्रवालाः** ' શબ્દાદિક ' વિષયોરૂપ પલ્લવવાળી છે ' તે સં-સારવૃક્ષનાં ' **मूलानि** ' વાસનારૂપી ' મૂલ **अधः** નીચે **च** તથા 'ઉપર' **अनुसन्तानि** અનુસ્યૂત છે ' જે મૂલ ' **मनुष्यलोके** મનુષ્ય દેહમાં **कर्मानुबन्धीनि** ' પુણ્ય પાપરૂપ ' કર્મ ઉત્પન્ન કરનારાં છે.

टीका—તે શાખારૂપ જીવોમાં પણ જે નિષિદ્ધ આચરણવાળા જીવ છે તે આ સંસારવૃક્ષની નીચે પ્રસાર પામેલી શાખાઓ છે અને શાસ્ત્રપ્રમાણે આચરણવાળા જે ધ-ર્માત્મા જીવ છે તે આ સંસારવૃક્ષની, ઉપર પ્રસાર પામેલી શાખાઓ છે જે શાખાઓ સત્ત્વાદિક ગુણવડે વૃદ્ધિ પામી છે તથા શબ્દાદિક વિષયોરૂપ પલ્લવોવાળી છે. તે સંસારરૂપ વૃક્ષનાં મૂલ નીચે તથા ઉપર અનુસ્યૂત થઇને રહેલાં છે અને તે અધિકારી એવા મનુષ્ય દેહમાં પુણ્ય પાપરૂપ કર્મ ઉત્પન્ન કરનારાં છે. ॥ ૨ ॥

मूलम्—नरूपमस्येहतथोपलभ्यते नान्तोनचादिर्नचसंप्रतिष्ठा
अश्वत्थमेनंसुविरूढमूल-मसङ्गशस्त्रेणदृढेनछित्वा३

न रूपं अस्य इह तथा उपलभ्यते न अन्तः न च आदिः न च संप्रतिष्ठा अश्वत्थं एनं सुविरूढमूलं असङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥३॥

अन्वयार्थः—**इह** આ સંસારમાં ' રહેલાં પ્રાણિયોથી ' **अस्य** આ સંસારવૃક્ષનું' **तथा** તથા તે પ્રકારનું **रूपं** રૂપ **न उपलभ्यते** જાણી શકાતું નથિ **अन्तः** અન્ત **न** ' જાણી શકાતો ' નથિ **च** તથા **आदिः** આદિ **न** ' જાણી શકાતો ' નથિ **च** તથા **संप्रतिष्ठा** મધ્ય **न** જાણી શકાતું ' નથિ **एनं** એ **सुविरूढमूलं** ઘણા દૃઢ મૂલવાળા **अश्वत्थं** અશ્વત્થરૂપ સંસારવૃક્ષને ' **दृढेन** દૃઢ **असङ्गशस्त्रेण** વૈરાગ્યરૂપ શસ્ત્રવડે **छित्त्वा** છેદીને 'બ્રહ્મ જાણવા યોગ્ય છે.

टीका—સંસારમાં રહેલાં પ્રાણિયોથી સંસારવૃક્ષનું તે પ્રકારનું રૂપ જાણી શકાતું નથિ અને અવસાનરૂપ અન્ત પણ જાણી શકાતો નથિ અર્થાત્ આટલા કાળ પછી આ સંસારવૃક્ષ સમાપ્તિ પામશે એમ અન્ત પણ જાણી શકાતો નથિ. એનો આદિપણ જાણુ-વામાં આવતો નથિ અર્થાત્ આ સંસારવૃક્ષ આ કાળથી લઇને પ્રવર્ત્તેલો છે, એમ તેનો આદિપણ જાણવામાં આવતો નથિ. આ સંસારવૃક્ષનું મધ્ય પણ જાણી શકાતું નથિ અ-

र्थात् जेना आदि अन्त छे तेनुं मध्य होय छे पण जेने आदि अन्त नथि तेनुं मध्य पण सिद्ध थतुं नथि. एवी रीते घणा दृढ मूळवाळा अश्वत्थरूप संसारवृक्षने वैराग्यरूप शस्त्रवडे छेदीने ब्रह्म जाणवा योग्य छे. ॥ ३ ॥

मूलम्—ततःपदंतत्परिमार्गितव्यं यस्मिन्गतानिवर्त्तन्तिभूयः
तमेवचाद्यंपुरुषंप्रपद्ये यतःप्रवृत्तिःप्रसृतापुराणी॥४॥

पदानि—ततः पदं तत् परिमार्गितव्यं यस्मिन् गताः न निवर्त्तन्ति भूयः
तं एव च आद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥४॥

अन्वयार्थः—ततः त्यारथकी अनन्तर तत् ते 'ब्रह्मरूप' पदं पद परिमार्गितव्यं जाणवा योग्य छे यस्मिन् जे 'पदमां गताः रहेला' 'विद्वान् पुरुषो' भूयः फरीने न निवर्त्तन्ति जन्म पामता नथि च तथा यतः जे 'पुरुषथी' प्रवृत्तिः 'संसारवृक्षनी' प्रवृत्ति पुराणी अनादि प्रसृता प्रसरेली छे तं ते आद्यं आद्य पुरुषं एव पुरुषनेज प्रपद्ये 'शरणु' प्राप्त थयो छुं.

टीका—त्यारथकी अनन्तर ते ब्रह्मरूप पदज अधिकारी पुरुषोने श्रवण मननादिक जाणवा योग्य छे. त्यां श्रुति. ॥ सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः ॥ अर्थ ॥ ते परब्रह्मज अधिकारी पुरुषने खोळवा योग्य छे तथा ते परब्रह्मज अधिकारी पुरुषने जाणवानी इच्छा करवा योग्य छे. जे पदमां रहेला विद्वान् पुरुषो फरीने जन्म पामता नथि तथा जे पुरुषथी संसारवृक्षनी प्रवृत्ति अनादिथी प्रसरेली ते आद्यपुरुषनेज हुं शरणे प्राप्त थयेलो छुं. अर्थात् ए आद्यपुरुषने शरणे जवुं एज ते पदने जाणवानो उपाय छे. ॥ ४ ॥

निर्मानमोहाजितसङ्गदोषाअध्यात्मनित्याविनिवृत्तकामाः
द्वन्द्वैर्विमुक्ताःसुखदुःखसंज्ञै-र्गच्छन्त्यमूढाःपदमव्ययंतत् ॥५॥

पदानि—निर्मानमोहाःजितसङ्गदोषाः अध्यात्मनित्याःविनिवृत्तकामाः
द्वन्द्वैः विमुक्ताः सुखदुःखसंज्ञैः गच्छन्ति अमूढाः पदं अव्ययं तत्

अन्वयार्थः—निर्मानमोहाः निवृत्त थयां छे मान अने मोह जे थकी जितसङ्गदोषाः जीत्या छे संगदोष जेओए अध्यात्मनित्याः परमात्मस्वरूपना विचारमां तत्पर विनिवृत्तकामाः निवृत्त थया छे, काम जेओना सुखदुःखसंज्ञैः सुखदुःख नामवाळां द्वन्द्वैः 'शीत उष्णादिक' द्वंद्वोथी विमुक्ताः छूटेला अमूढाः विद्वान् पुरुषो तत् ते अव्ययं अविनाशी पदं पदने गच्छन्ति पामे छे.

ટીકા—જે પુરૂષોથી માન અને મોહ એ બેઉ નીકળી ગયેલાં છે અર્થાત અહંકાર અને અવિવેકથી જે રહિત થયા છે તથા જે પુરૂષોએ સંગ અને દોષને જીતેલા છે જે પુરૂષો પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવામાં તત્પર છે તથા જે પુરૂષોએ વિવેકવૈરાગ્યદ્વારા સર્વ કર્મનો ત્યાગ કરેલો છે તથા જે પુરૂષો સુખદુઃખના કારણ હોવાથી સુખદુઃખ નામવાળા શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા આદિક દ્વન્દ્વથી છુટેલા છે તે વિદ્વાન્ પુરૂષો તે અવિનાશી પદને પામે છે. ॥ ૫ ॥

मूलम्—नतद्भासयतेसूर्यो-नशशाङ्कोनपावकः ॥
यद्गत्वाननिवर्त्तन्ते तद्धामपरमंमम ॥६॥

पदानि—न तत् भासयते सूर्यः न शशाङ्कः न पावकः ॥
यत् गत्वा न निवर्त्तन्ते तत् धाम परमं मम ॥६॥

अन्वयार्थः—यत् જે 'પદને' **गत्वा** પામીને 'તત્ત્વવેત્તા પુરૂષો' **न निवर्त्तन्ते** પાછા જન્મ પામતા નથિ **तत्** તે 'પદને' **सूर्यः** સૂર્ય **न भासयते** પ્રકાશ કરતો નથિ **शशाङ्कः** ચન્દ્રમા **न** 'પ્રકાશ કરતો' નથિ **पावकः** અગ્નિ **न** 'પ્રકાશ કરતો' નથિ 'કારણકે' **मम** મારૂં **तत्** તે 'પદ' **परमं** [illegible]ોત્કૃષ્ટ **धाम** સ્વયંપ્રકાશ સ્વરૂપ છે.

ટીકા—જે પદને પામીને તત્ત્વવેત્તા પુરૂષો પાછા જન્મ પામતા નથિ તે પદને સૂર્ય પ્રકાશ પમાડતો નથિ. ચન્દ્રમા પ્રકાશ પમાડતો નથિ, અગ્નિ પ્રકાશ પમાડતો નથિ કારણકે મારૂં તે પદ સર્વોત્કૃષ્ટ સ્વયંપ્રકાશ સ્વરૂપ છે. ત્યાં શ્રુતિ **॥नतत्रसूर्योभातिनचन्द्रतारकंनेमाविद्युतोभान्तिकुतोऽयमग्निः ॥ तमेवभान्तमनुभाति सर्वंतस्यभासासर्वमिदंविभाति ॥** અર્થ ॥ તે પરબ્રહ્મરૂપ પદને સૂર્ય પ્રકાશ કરી શકતો નથિ તથા ચન્દ્રમા અને તારાગણ પણ પ્રકાશ કરી શકતો નથિ તથા વિજલિયો પણ પ્રકાશ કરી શકતિ નથિ તો અલ્પ પ્રકાશવાળો અગ્નિ કેમ પ્રકાશ કરી શકશે ? અર્થાત્ કરી શકશે નહિ. પરબ્રહ્મના પ્રકાશની પછવાડે આ સર્વ પ્રકાશમાન થાય છે તથા તે પરબ્રહ્મની પ્રકાશરૂપ દીપ્તિવડે આ સર્વ જગત્ પ્રતીત થાયછે. ॥ ૬ ॥

मूलम्—ममैवांशोजीवलोके जीवभूतःसनातनः ॥
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानिकर्षति ॥७॥

पदानि—मम एव अंशः जीवलोके जीवभूतः सनातनः ॥
मनः षष्ठानि इन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥

अन्वयार्थः—**जीवलोके** સંસારમાં **मम** મારો **एव** નિશ્ચે **अंशः** અંશ **सनातनः** સનાતન **जीवभूतः** જીવભૂત 'છે તે જીવ' **मनःषष्ठानि** મન છે છઠ્ઠું જેઓમાં એવી **प्रकृतिस्थानि** પ્રકૃતિમાં રહેલી **इन्द्रियाणि** 'શ્રોત્રાદિક' ઇન્દ્રિયોને **कर्षति** ખેંચે છે.

टीका—આ સંસારમાં મારોજ અંશ પ્રાણોના ધારણરૂપ ઉપાધિવડે જીવભૂત થયો છે અર્થાત કર્ત્તા, ભોક્તા, સંસારી એ પ્રકારની મિથ્યા પ્રસિદ્ધિ પામેલો છે. તે જીવરૂપ અંશ સનાતન છે માટે આત્મજ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થયા પછી પોતાના સ્વરૂપભૂત બ્રહ્મને પ્રાપ્ત થઇને ફરીથી જન્મ પામતો નથિ અને તે જીવ મન જેમાં છઠ્ઠું છે એવી અને પ્રકૃતિમાં રહેલી શ્રોત્રાદિક ઇન્દ્રિયોનું આકર્ષણ કરે છે. ॥ ૭ ॥

मूलम्—शरीरंयदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ॥
गृहीत्वैतानिसंयाति वायुर्गन्धाविवाशयात् ॥८॥

पदानि—शरीरं यत् अवाप्नोति यत् च अपि उत्क्रामति ईश्वरः ॥
गृहीत्वा एतानि संयाति वायुः गन्धान् इव आशयात् ॥८॥

अन्वयार्थः—**यत्** જે કાળમાં **ईश्वरः** આત્મા **उत्क्रामति** ઉત્ક્રમણ કરે છે 'તે કાળમાં તે ઇન્દ્રિયોનું આકર્ષણ કરે છે' **च** તથા **यत्** જે કાળમાં **शरीरं** 'બીજા' શરીરને **अवाप्नोति** પામે છે 'તે કાળમાં' **एतानि** એ 'મનસહિત ઇન્દ્રિયોને' **गृहीत्वा** ગ્રહણ કરીને **अपि** પણ **संयाति** જાય છે **इव** જેમ **आशयात्** પુષ્પાદિક સ્થાનથી **वायुः** વાયુ **गन्धान्** ગન્ધોને ગ્રહણ કરીને જાય છે: "

टीका—દેહ ઇન્દ્રિયરૂપ સંઘાતનો સ્વામી હોવાથી ઇશ્વરરૂપ આ જીવાત્મા જે કાળમાં ઉત્ક્રમણ કરે છે અર્થાત્ આ દેહથી બહાર નિર્ગમન કરે છે તે કાળમાં તે દેહથકી મનસહિત શ્રોત્રાદિક ઇન્દ્રિયોનું આકર્ષણ કરે છે. કેવળ આકર્ષણ કરે છે એટલુંજ નહિ પણ જે કાળમાં આ પૂર્વ શરીરથી બીજા શરીરને પામે છે તે વખતે મનસહિત શ્રોત્રાદિક ઇન્દ્રિયોને ગ્રહણ કરીને જાય છે પણ તેને છોડીને જતો નથિ. ત્યાં દૃષ્ટાન્ત આવી રીતે જાણવું કે જેમ વાયુ પુષ્પાદિક સ્થાનમાંથી ગન્ધને ગ્રહણ કરી જાય છે. ॥ ૮ ॥

मूलम्—श्रोत्रंचक्षुःस्पर्शनंच रसनंघ्राणमेवच ॥
अधिष्ठायमनश्चायं विषयानुपसेवते ॥९॥

पदानि—श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणं एव च ॥
अधिष्ठाय मनः च अयं विषयान् उपसेवते ॥९॥

अन्वयार्थः—अयं આ ' જીવાત્મા ' **श्रोत्रं** શ્રોત્રને **चक्षुः** ચક્ષુને **च** તથા **स्पर्शनं** ત્વક્ ' ઇન્દ્રિયને ' **रसनं** રસન ' ઇન્દ્રિયને ' **च** તથા **घ्राणं** ઘ્રાણુ ' ઇન્દ્રિયને ' **च** તથા **मनः** મનને **अधिष्ठाय एव** આશ્રય કરીનેજ **विषयान्** ' શબ્દાદિક ' વિષયોને **उपसेवते** ભોગવે છે.

टीका—આ જીવાત્મા શ્રોત્ર ઇન્દ્રિયને તથા ચક્ષુ ઇન્દ્રિયોને તથા ત્વક ઇન્દ્રિયને તથા રસન ઇન્દ્રિયને તથા ઘ્રાણુ ઇન્દ્રિયને તથા મનને આશ્રય કરીને જે શબ્દાદિક વિષયોને ભોગવે છે. આ ઠેકાણે ॥**घ्राणमेवच**॥ એ વચનમાં રહેલા **च**કારવડે વાક્ આદિક પાંચ કર્મ ઇન્દ્રિયોનું તથા પ્રાણનું પણ ગ્રહણ કરવું અને ॥ **मनश्च** ॥ એ વચનમાં રહેલા **च**કારવડે બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ ત્રણેનું પણ ગ્રહણ કરવું અર્થાત્ પંચ જ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચપ્રાણ ચતુષ્ટય અન્તઃકરણ, એ સર્વનો આશ્રય કરીને આ જીવાત્મા શબ્દાદિક વિષયો ભોગવે છે પણ તે ઇન્દ્રિયાદિકનો આશ્રય કર્યાવિના કેવળ શુદ્ધ આત્મા શબ્દાદિક વિષયોને ભોગવતો નથિ ત્યાં શ્રુતિ ॥ **आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः** ॥ અર્થ.—શ્રોત્રાદિક ઇન્દ્રિયોવડે તથા મનવડે યુક્ત આત્મા ભોક્તા થાય છે, એ પ્રકારે વેદવેત્તા બુદ્ધિમન્ત પુરૂષો કહે છે. ॥ ૯ ॥

मूलम्—उत्क्रामन्तंस्थितंवाऽपि भुञ्जानंवागुणान्वितम् ॥
विमूढानानुपश्यन्ति पश्यन्तिज्ञानचक्षुषः ॥१०॥

पदानि—उत्क्रामन्तं स्थितं वा अपि भुञ्जानं वा गुणान्वितम् ॥
विमूढाः न अनुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥१०॥

अन्वयार्थः—उत्क्रामन्तं ઉત્ક્રમણ કરનારા **वा** અથવા **स्थितं** 'તે દેહમાં ' રહેલા **वा** અથવા **भुञ्जानं** ' વિષયોને ' ભોગવનારા ' તથા ' **गुणान्वितम्** ગુણોવડે યુક્ત 'એવા આત્માને' **अपि** પણ **विमूढाः** વિમૂઢ 'પુરૂષો' **न अनुपश्यन्ति** દેખતાં નથિ 'પરન્તુ' **ज्ञानचक्षुषः** જ્ઞાનરૂપી ચક્ષુવાળા 'પુરૂષો' **पश्यन्ति** દેખે છે.

टीका—વસ્તુતાથી જોતાં ગમનાદિક સર્વ વિકારોથી રહિત છતાં પણ અન્તઃકરણાદિક ઉપાધિના તાદાત્મ્ય અધ્યાસથી પૂર્વ શરીરનો પરિત્યાગ કરીને ગમન કરનારો જે આ આત્મા, અથવા તે પૂર્વનાજ શરીરમાં રહેલો જે આ આત્મા, અથવા તે બીજા શરીરમાં શબ્દાદિક વિષયોને ભોગવનારો જે આ આત્મા, તથા સુખદુઃખ મોહરૂપ સત્ત્વ, રજ, અને તમ, એ ગુણોવડે યુક્ત જે આત્મા છે તે આત્મા સર્વ અવસ્થાઓમાં દેખવાને યોગ્ય છતાં પણ વિમૂઢ પુરૂષો તેને દેખી શકતા નથિ અને જે પુરૂષો શ્રુતિના પ્રમાણુથી ઉત્પન્ન થયેલા જ્ઞાનરૂપ ચક્ષુવાળા છે તે વિવેકી પુરૂષો તો ઉત્ક્રમણાદિક સર્વ અવસ્થાઓમાં આત્માને દેહાદિકોથી ભિન્ન કરીને દેખે છે. ॥ ૧૦ ॥

यतन्तोयोगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ॥
यतन्तोऽप्यकृतात्मानो नैनंमश्यन्त्यचेतसः ॥११॥

पदानि—यतन्तःयोगिनः च एनं पश्यन्ति आत्मनि अवस्थितम् ॥
यतन्तः अपि अकृतात्मानः न एनं पश्यन्ति अचेतसः॥११॥

अन्वयार्थः—**च** तथा **यतन्तः** प्रयत्न करता એવા **योगिनः** યોગી 'પુરૂષો' **आत्मनि** 'પોતાની' બુદ્ધિમાં **अवस्थितं** રહેલા **एनं** એ 'આત્માને **पश्यन्ति** દેખે છે 'અને' **यतन्तः** પ્રયત્ન કરતા છતા **अपि** પણ **अकृतात्मानः** અશુદ્ધ અ તઃકરણવાળા **अचेतसः** અવિવેકી 'પુરૂષો' **एनं** એ 'આત્માને' **न पश्यन्ति** દેખતા નથી.

टीका—ધ્યાનાદિક ઉપયોગવડે પ્રયત્ન કરનારા અને શુદ્ધ અન્તઃકરણવાળા યોગી પુરૂષો પોતાને બુદ્ધિમાં રહેલા આ આનન્દ સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરે છે અને જે પુરૂષોએ યજ્ઞાદિક નિષ્કામ કર્મ કરીને પોતાના અન્તઃકરણને શુદ્ધ કર્યું નથિ તથા આત્મા-અનાત્માના વિવેકથી રહિત છે તે અશુદ્ધ અન્તઃકરણવાળા અવિવેકી પુરૂષો તો પ્રયત્ન કરતાં છતાં પણ આત્માનો સાક્ષાત્કાર કરી શકતા નથિ. ॥ ११ ॥

मूलम्—यदादित्यगतंतेजो-जगद्भासयतेऽखिलम् ॥
यच्चन्द्रमसियच्चाग्नौ तत्तेजोविद्धिमामकम् ॥१२॥

पदानि—यत् आदित्यगतं तेजः जगत् भासयते अखिलम् ॥
यत् चन्द्रमसि यत् च अग्नौ तत् तेजः विद्धि मामकम् १२

अन्वयार्थः—**आदित्यगतं** સૂર્યમાં રહેલું **यत्** જે **तेजः** તેજ 'તથા' **चन्द्रमसि** ચન્દ્રમા ' રહેલું ' **यत्** જે 'તેજ **च** તથા **अग्नौ** અગ્નિમાં 'રહેલું' **यत्** જે 'તેજ છે તથા જે તેજ' **अखिलं** સર્વ **जगत्** જગતને **भासयते** પ્રકાશ કરે છે **तत्** તે **तेजः** તેજને **मामकम्** મારૂં સ્વરૂપ **विद्धि** જાણ.

टीका—આદિત્યમાં રહેલું જે ચૈતન્યાત્મક જ્યોતિરૂપ તેજ છે તથા ચન્દ્રમામાં ર-હેલું જે ચૈતન્યાત્મક જ્યોતિરૂપ તેજ છે તથા અગ્નિમાં રહેલું જે ચૈતન્યાત્મક જ્યોતિરૂપ તેજ છે કે જે ચૈતન્ય જ્યોતિરૂપ તેજ આ સર્વ જગતને પ્રકાશ કરે છે તે ચૈતન્યાત્મક જ્યોતિરૂપ તેજને તું મારૂં સ્વરૂપભૂતજ છે એમ જાણ. જોકે સ્થાવર જંગમરૂપ સર્વ પ-દાર્થોમાં તે ચૈતન્યરૂપ જ્યોતિ સમાનજ છે તોપણ સત્ત્વગુણની ઉત્કર્ષતાવડે તે આદિત્યાદિ, સર્વથી ઉત્કૃષ્ટ છે માટે તે આદિત્યાદિકોમાં તે ચૈતન્યરૂપ જ્યોતિ અતિશય સ્પષ્ટપણું પામે છે.

मूलम्—गामाविश्यचभूतानि धारयाम्यहमोजसा ॥
पुष्णामिचौषधीःसर्वाःसोमोभूत्वारसात्मकः ॥१३॥

पदानि—गां आविश्य च भूतानि धारयामि अहं ओजसा ॥
पुष्णामि च ओषधीः सर्वाः सोमः भूत्वा रसात्मकः॥१३॥

अन्वयार्थः—**च** તથા **ओजसा** 'પોતાના' બલવડે **गां** પૃથ્વી પ્રત્યે **आविश्य** પ્રવેશ કરીને **भूतानि** સર્વ ભૂતોને **अहं** હું **धारयामि** ધારણ કરૂં છું **च** તથા **रसात्मकः** 'સર્વ' રસસ્વભાવવાળો **सोमः** સોમરૂપ **भूत्वा** થઇને **सर्वाः** સર્વ **औषधीः** ઔષધિયોને **पुष्णामि** પોષણ કરૂં છુ.

टीका—હું પૃથ્વીથી દેવતારૂપવડે આ પૃથ્વીને સર્વ તરફથી વ્યાપ્ત કરીને તથા ધૂળની મુઠીની પેઠે પોતાના બલવડે અત્યન્ત દૃઢ કરીને આ પૃથ્વી ઉપર રહેનારા સ્થાવર જંગમરૂપ સર્વ ભૂતોને ધારણ કરૂં છું. ત્યાં શ્રુતિ ॥ **येनद्यौरुग्रापृथिवीचदृढासदाधार-पृथिवी** ॥ અર્થ ॥ જે પરમાત્માએ સ્વર્ગલોક તથા આ પૃથિવી દૃઢ કરેલાં છે કે જેવડે ગુરૂત્વ ધર્મવાળાં છતાં પણ આ સ્વર્ગ અને પૃથ્વી નીચે પડતાં નથિ તથા સત્યપરમાત્માને-જ આધારે છે. સર્વ રસસ્વભાવવાળો સોમરૂપે થઇને હું વ્રીહિયવાદિક સર્વ ઔષધિયોને પોષણ કરૂં છું. ॥ ૧૩ ॥

मूलम्—अहंवैश्वानरोभूत्वा प्राणिनांदेहमाश्रितः ॥
प्राणापानसमायुक्तः पचाम्यन्नंचतुर्विधम् ॥१४॥

पदानि—अहं वैश्वानरः भूत्वा प्राणिनां देहं आश्रितः ॥
प्राणापानसमायुक्तः पचामि अन्नं चतुर्विधम् ॥१४॥

अन्वयार्थः—**अहं** હું **वैश्वानरः** જઠરાગ્નિરૂપ **भूत्वा** થઇને **प्राणिनां** પ્રાણિયોના **देहं** દેહને **आश्रितः** આશ્રય કરી રહ્યો છું 'તથા' **प्राणापानसमायुक्तः** પ્રાણ અપાન-વડે પ્રજ્વલિત થઈ **चतुर्विधम्** ચાર પ્રકારના **अन्नं** અન્નને **पचामि** પાચન કરૂ છું.

टीका—હું જઠરાગ્નિરૂપે થઈ પ્રાણિયોના દેહોની અન્દર પ્રવિષ્ટ થઇ તથા તે જઠરાગ્નિને પ્રજ્વલિત કરનારા પ્રાણ અપાનવડે યુક્ત થઈ પ્રાણીયોએ ભોજન કરેલા ભક્ષ્ય 'ભોજ્ય' લેહ્ય અને ચોષ્ય' એ ચાર પ્રકારના અન્નને પાચન કરૂં છું. જે વસ્તુ દાંત-વડે કકડા કરીને ભક્ષણ કરી શકાય તેનું નામ 'ભક્ષ્ય' છે, જેમ કે પુરી વગેરે, તથા જે વસ્તુ દાંતના વ્યાપારવિના કેવળ જીભથી હલાવીને અન્દર ગળી જવાય તેનું નામ 'ભોજ્ય' છે, જેમ કે દૂધપાક અને દાળ વગેરે. તથા જે વસ્તુ જીભને પ્રાપ્ત થયા છતાં રસના સ્વાદમાત્રથી અન્દર ગળી શકાય અને કાંઈ રસરૂપ હોય તે 'લેહ્ય' કહેવાય છે, જેમકે

ગોળ અને કેરીનો રસ વગેરે. તથા જે વસ્તુ દાંતથી દાબીને તેનો રસ અન્દર ગળીને બાકી રહેલા અસાર ભાગનો પરિત્યાગ કરાય છે તે વસ્તુને ' ચોષ્ય ' કહેવાય છે, જેમ કે શેરડી વગેરે. ॥ पचाम्यन्नंचतुर्विधं ॥ એનો બીજો પણ આવો અર્થ છે કે હું જઠરાગ્નિરૂપે થઇ મનુષ્યાદિક સર્વ પ્રાણિયોની અન્દર રહી પાર્થિવ, આપ્ય, તૈજસ, અને વાયવ્ય, એ ચાર પ્રકારના અન્નને પાચન કરૂં છું. તેમાં મનુષ્યાદિક પ્રાણિયોનું તો વ્રીહિયવાદિક ' પાર્થિવ ' અન્ન છે અને ચાતકાદિક પ્રાણીયોનું તો જલરૂપ 'આપ્ય'. અન્ન છે અને વાલખિલ્યાદિક પ્રાણિયોનું તો અગ્નિરૂપ ' તૈજસ ' અન્ન છે અને સર્પાદિક પ્રાણિયોનું તો વાયુરૂપ 'વાયવ્ય' અન્ન છે. ॥ ૧૪ ॥

मूलम्—सर्वस्यचाहंहृदिसन्निविष्टो-मत्तःस्मृतिर्ज्ञानमपोहनंच॥
वेदैश्चसर्वैरहमेववेद्योवेदान्तकृद्वेदविदेवचाहम् ॥१५॥

सर्वस्य च अहं हृदि सन्निविष्टः मत्तः स्मृतिः ज्ञानं अपोहनं च ॥
वेदैः च सर्वैः अहं एव वेद्यः वेदान्तकृत् वेदवित् एव च अहम् ।१५।

अन्वयार्थः—**च** તથા **अहं** હું **सर्वस्य** સર્વની **हृदि** બુદ્ધિમાં **सन्निविष्टः** પ્રવિષ્ટ થયો છું 'તે માટે' **मत्तः** મારાથકીજ તે સર્વ પ્રાણીની **स्मृतिः** સ્મૃતિ **ज्ञानं** જ્ઞાન **च** તથા **अपोहनं** તે સ્મૃતિ અને જ્ઞાનનો અભાવ 'થાય છે' **च** તથા **सर्वैः** સર્વ **वेदैः** વેદોવડે **अहं एव** હુંજ **वेद्यः** જાણવા યોગ્ય છું **वेदान्तकृत्** વેદાન્ત અર્થના સંપ્રદાયનો પ્રવર્તક **च** તથા **अहं एव** હુંજ **वेदवित्** સર્વ વેદના અર્થનો જાણનાર છું.

टीका—બ્રહ્માને આદિ લઇ સ્થાવર પર્યન્ત જેટલાં ઉંચનીચ પ્રાણિયો છે તે સર્વ પ્રાણિયોની બુદ્ધિમાં હું પ્રવિષ્ટ થયો છું. ત્યાં શ્રુતિ. ॥ **सएष इहप्रविष्टः अनेनजीवात्मनाऽनुप्रविश्य नामरूपेव्याकरवाणि** ॥ અર્થ ॥ તે પરમાત્મા જીવાત્મારૂપ થઈ આ સંઘાતમાં પ્રવિષ્ટ થયો છે અને આ જીવાત્મા રૂપવડે આ સંઘાતમાં પ્રવેશ કરી હું પરમાત્મા આ નામરૂપને સ્પષ્ટ કરૂં છું. તે માટે મારા થકીજ તે સર્વ પ્રાણિયોની સ્મૃતિ, જ્ઞાન તથા તે સ્મૃતિ અને જ્ઞાનનો અભાવ થાય છે તથા સર્વ વેદોવડે હુંજ જાણવા યોગ્ય છું. વેદાન્ત અર્થના સંપ્રદાયનો પ્રવર્તક તથા સર્વ વેદના અર્થનો જાણનાર હુંજ છું. ॥ ૧૫ ॥

मूलम्—द्वाविमौपुरुषौलोके क्षरश्चाक्षरएवच ॥
क्षरःसर्वाणिभूतानि कूटस्थोऽक्षरउच्यते ॥१६॥

पदानि—द्वौ इमौ पुरुषौ लोके क्षरः च अक्षरः एव च ॥
क्षरः सर्वाणि भूतानि कूटस्थः अक्षरः उच्यते ॥१६॥

अन्वयार्थः—**लोके** સંસારમાં **इमौ** આ **द्वौ एव** બેજ **पुरुषौ** પુરૂષ છે **च** એક તો **क्षरः** ક્ષર 'પુરૂષ છે' **च** તથા 'બીજો' **अक्षरः** અક્ષર 'પુરૂષ છે તેમાં' **सर्वाणि** 'કાર્યરૂપ' સર્વ **भूतानि** ભૂત **क्षरः** ક્ષર 'પુરૂષ છે તેમાં' **उच्यते** કહેવાય છે 'અને' **कूटस्थः** કારણરૂપ માયા **अक्षरः** અક્ષર પુરૂષ કહેવાય છે.'

टीका—સંસારમાં આ બેજ પુરૂષ છે, તેમાં એકતો 'ક્ષર' પુરૂષ છે અર્થાત ઉત્પત્તિ નાશવાળા જેટલા કાર્યસમૂહ છે તે, અને બીજો 'અક્ષર' નામે પુરૂષ છે અર્થાત્ આત્મજ્ઞાનવિના વિનાશથી રહિત તથા ક્ષર નામના પુરૂષની ઉત્પત્તિનું બીજરૂપ જે ભગવતની માયાશક્તિ તે બીજો અક્ષર નામે પુરૂષ છે. તે કૂટસ્થ છે. યથાર્થ વસ્તુનું આચ્છાદન કરીને અયથાર્થ વસ્તુનો જે પ્રકાશ છે કે જેને વંચન અને માંયા પણ કહે છે તેનું નામ કૂટ છે અને તે કૂટરૂપવડે જે રહે તેનું નામ કૂટસ્થ છે. તેમાં કાર્યરૂપ સર્વ ભૂતક્ષરપુરૂષ કહેવાય છે અને કૂટસ્થ અક્ષર પુરૂષ કહેવાય છે. કોઇક ટીકામાં તો ક્ષર શબ્દવડે સર્વ અચેતન વર્ગનું ગ્રહણ કરીને (**कूटस्थोऽक्षरउच्यते**) એ વચનવડે ક્ષેત્ર નામના જીવાત્માનું ગ્રહણ કર્યું છે. ॥ ૧૬ ॥

मूलम्—उत्तमःपुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥
योलोकत्रयमाविश्य बिभर्त्यव्ययईश्वरः ॥१७॥

पदानि—उत्तमः पुरुषः तु अन्यः परमात्मा इति उदाहृतः ॥
यः लोकत्रयं आविश्य बिभर्ति अव्ययः ईश्वरः ॥१७॥

अन्वयार्थः—**तु** અને **उत्तमः** અત્યન્ત ઉત્કૃષ્ટ **पुरुषः** પુરૂષ 'તો તે ક્ષર અને અક્ષરથી' **अन्यः** 'ભિન્ન છે તથા' **परमात्मा** પરમાત્મા **इति** એ નામવડે **उदाहृतः** કહ્યોછે **यः** જે 'પુરૂષ' **लोकत्रयं** ત્રણ લોકપ્રત્યે **आविश्य** પ્રવેશ કરીને 'તેને' **बिभर्त्ति** ધારણ કરે છે 'તથા તે' **अव्यय** અવ્યયરૂપ 'અને' **ईश्वरः** ઇશ્વરરૂપ છે.

टीका—અને અત્યન્ત ઉત્કૃષ્ટ પુરૂષ તો અન્યજ છે અર્થાત્ ક્ષર શબ્દવડે કહેલો જે કાર્યસમૂહ તથા અક્ષર શબ્દવડે કહેલી જે માયારૂપ કારણ ઉપાધિ તે બેઉ જડ ઉપાધિયોથી અત્યન્ત વિલક્ષણ તથા તે બે ઉપાધિયોનો પ્રકાશ કરનારો અને ત્રીજો છે. જે પુરૂષને વેદાન્તશાસ્ત્રમાં પરમાત્મા, એ નામવડે કહેલો છે તથા જે ત્રણ લોકને સ્વાશ્રીત કરીને ધારણ પોષણ કરે છે. તે પરમાત્મા અવ્યયરૂપ અને ઇશ્વિર રૂપ છે. ॥ ૧૭ ॥

मूलम्—यस्मात्क्षरमतीतोऽह-मक्षरादपिचोत्तमः ॥
अतोऽस्मिलोकेवेदेच प्रथितःपुरुषोत्तम ॥१८॥

पदानि—यस्मात् क्षरं अतीतः अहं अक्षरात् अपि च उत्तमः
अतः अस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥१८॥

अन्वयार्थः—यस्मात् જે કારણમાટે **अहं** હું **क्षरं** ક્ષરને **अतीतः** અતિક્રમણ ક-ર્તા છું **च** તથા **अक्षरात्** અક્ષરથકી **अपि** પણ **उत्तमः** અત્યન્ત ઉત્કૃષ્ટ છું **अतः** એ કારણમાટે **लोके** લોકમાં **च** તથા **वेदे** વેદમાં **पुरुषोत्तमः** પુરૂષોત્તમ 'એ નામવડે' **प्रथितः** પ્રસિદ્ધ **अस्मि** થયો છું.

टीका—સ્વપ્નાદિકની પેઠે માયામય સંસારવૃક્ષરૂપ ક્ષરને જે કારણથી હું અતિક્રમણ કર્તા છું તથા માયા, અવિદ્યા, અજ્ઞાન અને ભગવતશક્તિ ઇત્યાદિક નામવડે પ્રસિદ્ધ તથા સર્વ જગતના કારણરૂપ માયા નામવાળું જે અક્ષર તેથકી પણ હું ઉત્તમ છું માટે આ લોકમાં તથા વેદમાં પુરૂષોત્તમ એવા નામવડે પ્રસિદ્ધ છું. " લોકમાં એટલે કવિપુરૂષોએ રચેલાં કાવ્યાદિરૂપ લોકમાં તો ॥ **हरिर्यथैकः पुरुषोत्तमः** ॥ ઇત્યાદિક વચનોવડે પુરૂષોત્ત-મ એવા નામથી પ્રસિદ્ધ છું અને વેદમાં તો ॥ **सउत्तमः पुरुषः** ॥ ઇત્યાદિક વચનોવડે હું પુરૂષોત્તમ એવા નામથી પ્રસિદ્ધ છું. ॥ ૧૮ ॥

मूलम्—योमामेवमसंमूढो-जानातिपुरुषोत्तमम् ॥
ससर्वविद्भजतिमां सर्वभावेनभारत ॥१९॥

पदानि—यः मां एवं असंमूढः जानाति पुरुषोत्तमम् ॥
सः सर्ववित् भजति मां सर्वभावेन भारत ॥१९॥

अन्वयार्थः—भारत હે ભારત **यः** જે 'પુરૂષ' **असंमूढः** સંમોહથી રહિત થઈ **मां** મને **एवं** એ પ્રકારે **पुरुषोत्तमं** પુરૂષોત્તમરૂપ **जानाति** જાણે છે **सः** તે 'પુરૂષ' **सर्व-वित्** સર્વજ્ઞ 'થાય છે તથા' **सर्वभावेन** ભક્તિયોગવડે **मां** મને **भजति** સેવે છે.

टीका—હે અર્જુન ! જે પુરૂષ સંમોહથી રહિત થઈ અર્થાત્ આ કૃષ્ણ પણ કોઈ મનુષ્ય વિશેષજ છે, એ પ્રકારના સંમોહથી રહિત થઈ મને પુરૂષોત્તમ નામવડે અર્થજ્ઞાન-પૂર્વક પુરૂષોત્તમજ જાણે છે તે અધિકારી પુરૂષ મને અપાર ભક્તિયોગવડે સેવન કરે છે તથા તે પુરૂષ સર્વવિત્ છે અર્થાત્ મને સર્વના આત્મારૂપે જાણનારો પુરૂષ સર્વજ્ઞ છે.॥૧૯॥

मूलम्—इतिगुह्यतमंशास्त्र-मिदमुक्तंमयाऽनघ ॥
एतद्बुध्वाबुद्धिमान्स्या-त्कृतकृत्यश्चभारत ॥२०॥

पदानि—इति गुह्यतमं शास्त्रं इदं उक्तं मया अनघ ॥
एतत् बुध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यः च भारत ॥२०॥

अन्वयार्थः—**अनघ** હે નિર્દોષ **भारत** હે ભારત **मया** મેં 'તારીપ્રત્યે **इति** એ પૂર્વેઉક્ત પ્રકારવડે **गुह्यतमं** અત્યન્ત રહસ્યરૂપ 'તથા' **शास्त्रं** ' સંપૂર્ણ ' શાસ્ત્રરૂપ **इदं** આ **उक्तं** કહ્યું છે **एतत्** એને **बुध्वा** જાણીને ' પુરૂષ ' **बुद्धिमान्** બુદ્ધિવાળો **स्यात्** થાય **च** તથા **कृतकृत्यः** કૃતાર્થ 'થાય.'

टीका—હે અનઘ ! અર્થાત હે સર્વ વ્યસનોથી રહિત ! હે ભારત ! મેં તને પ્રથમ કહેલા પ્રકારવડે અત્યન્ત રહસ્યરૂપ સંપૂર્ણ શાસ્ત્ર સંક્ષેપથી કહ્યું છે અર્થાત અષ્ટાદશ અધ્યાયરૂપ સર્વ ગીતાશાસ્ત્રનો જેટલો અર્થ છે તે સંપૂર્ણ અર્થ સંક્ષેપથી આ પંદરમા અધ્યાયમાં તને કહ્યો છે માટે આ પન્દરમા અધ્યાયના અર્થને બ્રહ્મવેત્તા ગુરૂના મુખથી નિશ્ચય કરીને અધિકારી પુરૂષ બુદ્ધિમાન્ થાય છે અને કૃતાર્થ થાય છે. ॥ ૨૦ ॥

**इति श्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
पुरुषोत्तमयोगो नाम पंचदशोऽध्यायः ॥१५॥**



ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्—अभयंसत्त्वसंशुद्धि-र्ज्ञानयोगव्यवस्थितिः ॥
दानंदमश्चयज्ञश्च स्वाध्यायस्तपआर्जवम् ॥१॥

पदानि—अभयं सत्त्वसंशुद्धिः ज्ञानयोगव्यवस्थितिः ॥
दानं दमः च यज्ञः च स्वाध्यायः तपः आर्जवम् ॥१॥

अन्वयार्थः—**अभयं** અભય **सत्त्वसंशुद्धिः** અન્તઃતકરણની શુદ્ધિ **ज्ञानयोगव्यवस्थितिः** જ્ઞાન અને યોગ એ બેઉમાં સ્થિતિ **दानं** દાન **च** તથા **दमः** દમ **च** તથા **यज्ञः** યજ્ઞ **स्वाध्यायः** સ્વાધ્યાય **तपः** તપ **आर्जवं** આર્જવ 'એ સર્વ દૈવીસંપદ્રૂપ છે.

टीका—શાસ્ત્રે ઉપદેશ કરેલા અર્થમાં સંશય રહિત થઇને તે અર્થ કરવામાં જે તત્પર રહેવું તેનું નામ અભય છે, અન્તઃકરણની જે સારી રીતે નિર્મલતા તેનું નામ સત્વસંશુદ્ધિ છે. અધ્યાત્મશાસ્ત્રથી આત્મસ્વરૂપનો જે નિશ્ચય કરવો તેનું નામ જ્ઞાન છે. ચિત્તની એકાગ્રતાવડે તે સ્વરૂપનું પોતાનેવિષે જે આરૂઢપણું તેનું નામ યોગ છે. તે જ્ઞાનયોગમાં જે નિરન્તર તત્પર રહેવું તેનું નામ જ્ઞાનયોગવ્યવસ્થિતિ છે. એવી રીતે અભય, અન્તઃકરણની શુદ્ધિ, જ્ઞાનયોગમાં વ્યવસ્થિતિ, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ અને આર્જવ અર્થાત્ વક્રભાવથી રહિત થવું; એ સર્વ દૈવી સંપદ્રૂપ છે. ॥ ૧ ॥

मूलम्—अहिंसासत्यमक्रोध-स्त्यागःशान्तिरपैशुनम् ॥
दयाभूतेष्वलोलुत्वं मार्दवंह्रीरचापलम्॥२॥

पदानि—अहिंसा सत्यं अक्रोधः त्यागः शान्तिः अपैशुनम् ॥
दया भूतेषु अलोलुत्वं मार्दवं ह्रीः अचापलम् ॥२॥

अन्वयार्थः—**अहिंसा** અહિંસા **सत्यं** સત્ય **अक्रोधः** અક્રોધ **त्यागः** ત્યાગ **शान्तिः** શાન્તિ **अपैशुनम्** અપૈશુન **भूतेषु** પ્રાણિયોઉપર **दया** દયા **अलोलुत्वं** અલોલુત્વ **मार्दवं** માર્દવ **ह्रिः** હ્રિ **अचापलं** અચાપલ 'એ સર્વ દૈવીસંપદ્રૂપ છે.'

टीका—અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાન્તિ, **અર્થાત** અન્તઃકરણમાં ઉપશમ, **અપૈશુન અર્થાત** પરોક્ષકાળમાં અન્ય પુરૂષના દોષોને અન્ય પુરૂષોની પાસે પ્રગટ કરવાથી રહિત થવું, દયા એટલે દુઃખી પ્રાણિયો ઉપર કૃપા, અલોલુત્વ અર્થાત્ વિષયો સમીપ પ્રાપ્ત થાય તોપણ અને ભોગનું સામર્થ્ય વિદ્યમાન હોય તોપણ ઇન્દ્રિયોનું અવિકારીપણું, માર્દવ એટલે ક્રૂરસ્વભાવથી રહિત થવું, હ્રી એટલે લોકલજ્જા, અચાપલ એટલે ચપલતારહિત થવું; એ પ્રથમ કહેલું સઘળું બ્રાહ્મણના દૈવી સંપદ્રૂપ અસાધારણ ધર્મ છે. ॥ ૨ ॥

मूलम्—तेजःक्षमाधृतिःशौच-मद्रोहोनातिमानिता ॥
भवन्तिसंपदंदैवी-मभिजातस्यभारत ॥३॥

पदानि—तेजः क्षमा धृतिः शौचं अद्रोहः न अतिमानिता ॥
भवन्ति संपदं दैवीं अभिजातस्य भारत ॥३॥

अन्वयार्थः—**भारत** હે ભારત **तेजः** તેજ **क्षमा** ક્ષમા **धृतिः** ધૃતિ **शौचं** શૌચ **अद्रोहः** અદ્રોહ **नातिमानिता** નાતિમાનિતા 'એ સર્વ' **दैवीं** સત્ત્વગુણવાળી **संपदं** વાસનાને **अभिजातस्य** સંપાદન કરીને જન્મેલા 'પુરૂષને' **भवन्ति** થાય છે.

टीका—સ્ત્રીબાલકાદિક મૂઢ જનોથી જે અભિભવને ન પ્રાપ્ત થવું તેનું નામ તેજ છે અને સામર્થ્ય વિદ્યમાન છતાં પણ તે પરિભવ કરનારા પુરૂષો ઉપર ક્રોધ ન કરવો તેનું નામ ક્ષમા છે અને વ્યાકુલતાને પ્રાપ્ત થયા છતાં પણ દેહ ઇન્દ્રિયોને સ્થિરતા કરવાનો કોઇ પ્રયત્ન કે જે કરવાથી સ્થિર કરેલાં શરીર ઇન્દ્રિય વ્યાકુલતા પામે નહિ તેનું નામ ધૃતિ છે. એ તેજ, ક્ષમા, અને ધૃતિ, ક્ષત્રિયોની દૈવીસંપદ્રૂપ અસાધારણ ધર્મ છે ધનાદિક અર્થોને સંપાદન કરવામાં જે માયા અને અનૃત આદિકથી રહિત થવું તેનું નામ શૌચછે. અને કોઇ પ્રાણીને હણવાની ઇચ્છાવડે જે શસ્ત્રાદિકનું ગ્રહણ તે દ્રોહ કહેવાય અને દ્રોહથી જે નિવૃત્ત થવું તેનું નામ અદ્રોહછે. આ શૌચ અને અદ્રોહ એ બેઉ વૈશ્યના દૈવીસંપદ્રૂપ અસાધારણ ધર્મ છે. અત્યન્ત માનીપણાનું નામ અતિમાનિતા અર્થાત્ પોતાને વિષે અત્યન્ત પૂજ્યપણાની ભાવના, અને અતિમાનીતાથી જે રહિત થવું તેનું નામ નાતિમાનિતા છે. એ નાતિમાનીતા શૂદ્રને દૈવી સંપદ્રૂપ અસાધારણ ધર્મ છે. એ સર્વે સત્વગુણવાળી વાસનાને સંપાદન કરીને જન્મેલા પુરૂષને થાય છે. ॥ ૩ ॥

मूलम्—दंभोदर्पोऽतिमानश्च क्रोधःपारुष्यमेवच ॥
अज्ञानंचाभिजातस्य पार्थसंपदमासुरीम् ॥४॥

पदानि—दम्भः दर्पः अतिमानः च क्रोधः पारुष्यं एव च ॥
अज्ञानं च अभिजातस्य पार्थ संपदं आसुरीम् ॥४॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **आसुरीं** રજો તમો ગુણમય **संपदं** અશુભવાસનાને **अभिजातस्य** સંપાદન કરીને જન્મેલા 'પુરૂષને' **दंभः** દંભ **दर्पः** દર્પ **च** તથા **अतिमानः** અતિમાન **क्रोधः** ક્રોધ **च** તથા **पारुष्यं** પારૂષ્ય **च** તથા **अज्ञानं एव** અજ્ઞાન એ દોષજ 'પ્રાપ્ત થાય છે.'

टीका—હે પાર્થ ! પોતાનું મહાનપણું સિદ્ધ કરવા માટે લોકોની સમીપે પોતાને અત્યન્ત ધર્માત્માપણે જે પ્રસિદ્ધ થવું તેનું નામ દંભ છે અને ધન વિદ્યાદિક છે નિમિત્ત જેમાં એવો જે શ્રેષ્ઠ પુરૂષના અપમાનનો કારણભૂત કોઇક ગર્વ તેનું નામ દર્પ છે અને પોતાને વિષે અત્યન્ત પૂજ્યત્વરૂપ અતિશયપણાનો જે આરોપ કરવો તેનું નામ અતિમાન છે અને પોતાના અનિષ્ટ કરવામાં તથા પારકુ અનિષ્ટ કરવામાં જે પ્રવૃત્તિ કરાવનારો છે તેનું નામ ક્રોધછે અને પ્રત્યક્ષ જે અત્યન્ત કઠોર વચનનું ઉચ્ચારણ કરવું તેનું નામ પારૂષ્ય છે. અને આ મારે કરવા યોગ્યછે તથા આ મારે કરવા યોગ્ય નથિ એવી રીતના વિવેકનો જે અભાવ તેનું નામ અજ્ઞાન છે. આ શરીરના આરંભકાળમાં પૂર્વના પાપકર્મવડે અભિવ્યક્તિને પ્રાપ્ત થયેલો તથા અસુરપુરૂષોની પ્રીતિનો વિષય જે રજોગુણ તમોગુણમય અશુભ વાસનાઓનો સમૂહ છે, તે અશુભ વાસનાઓના સમૂહને પોતાના અન્તઃકરણમાં પ્રાદુર્ભાવ થયેલો દેખીને જન્મ પામેલો જે પુરૂષ તેને એ દંભ ને આદિલઇ અજ્ઞાન પર્યન્ત સર્વ દોષ પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

मूलम्--दैवीसंपद्विमोक्षाय निबन्धायासुरीमता ॥
माशुचःसंपदंदैवी-मभिजातोऽसिपाण्डव ॥५॥

पदानि—दैवी संपत् विमोक्षाय निबन्धाय आसुरी मता ॥
मा शुचः संपदं दैवी अभिजातः असि पाण्डव ॥५॥

अन्वयार्थः—**दैवीसंपत्** દૈવીસંપત્ **विमोक्षाय** વિમોક્ષમાટે ' થાય છે ' **आसुरी** આસુરી ' સંપત્ ' **निबन्धाय** બન્ધનેમાટે **मता** માની છે **पाण्डव** હે પાંડવ 'તું' **दैवी** દૈવી **संपदं** સંપદ્‌ને **अभिजातः असि** સંપાદન કરી જન્મ્યો છે ' માટે તું ' **मा शुचः** શોક ન કર.

टीका—દૈવીસંપત્ અધિકારી પુરૂષને કૈવલ્યમોક્ષની પ્રાપ્તિ કરે છે માટે પોતાનું શ્રેય ઇચ્છનારા પુરૂષોએ તે દૈવીસંપદ્ ગ્રહણ કરવા યોગ્ય છે અને આસુરી સંપત્ બન્ધન માટે છે અર્થાત્ સર્વ શાસ્ત્રવેત્તા પુરૂષો આસુરી સંપદ્‌ને વારંવાર જન્મમરણરૂપ સંસારના બન્ધનનું કારણજ કહેછે માટે શ્રેયની પ્રાપ્તિની ઇચ્છાવાળા પુરૂષોએ તે આસુરી સંપદ્ અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. હવે હું અર્જુન દૈવીસંપદ્‌થી યુક્ત છું કે આસુરીસંપદ્‌થી યુક્ત છું, એ પ્રકારના સંશયયુક્ત અર્જુન પ્રત્યે શ્રીભગવાન્ કહેછે કે હે પાંડવ ! હું આસુરી સંપદ્‌થી યુક્ત છું એ પ્રકારની શંકાવડે તું શોક પામ માં, કારણકે આ જન્મથી પૂર્વેપણ તેં કલ્યાણનું સંપાદન કરેલું છે અને આગળ પણ તારૂં કલ્યાણ થવુંછે માટે પોતાને વિષે આસુરી સંપદ્‌ની શંકા કરીને તારે શોક કરવો યોગ્ય નથિ ॥ ૫ ॥

મૂલમ્—દ્વૌભૂતસર્ગૌલોકેસ્મિ ન્દૈવઆસુરએવચ ॥
દૈવોવિસ્તરશઃપ્રોક્ત અસુરંપાર્થમેશૃણુ ॥૬॥

પદાનિ—દ્વૌ ભૂતસર્ગૌ લોકે અસ્મિન્ દૈવઃ આસુરઃ એવ ચ ॥
દૈવઃ વિસ્તરશઃ પ્રોક્તઃ આસુરં પાર્થ મે શ્રૃણુ ॥૬॥

અન્વયાર્થઃ—પાર્થ હે પાર્થ ! **અસ્મિન્** આ **લોકે** લોકમાં **દ્વૌ એવ** બે પ્રકારનાજ **ભૂતસર્ગૌ** ભૂતસર્ગ ' છે એક તો ' **દૈવઃ** દૈવ 'સર્ગ છે' **ચ** તથા 'બીજો' **આસુરઃ** આસુર 'સર્ગ છે તેમાં' **દૈવઃ** દૈવ 'સર્ગ' **વિસ્તરશઃ** વિસ્તારથી **પ્રોક્તઃ** કહ્યા 'હવે બીજા' **આસુરં** આસુર 'સર્ગને તું' **મે** મારાથી **શ્રૃણુ** શ્રવણુ કર.

ટીકા—આ સંસારમાં બે પ્રકારનીજ મનુષ્યોની સૃષ્ટિ છે, તેમાં એક દૈવસર્ગછે અને બીજો આસુરસર્ગછે. એ બે સર્ગથી ત્રીજો કોઈ રાક્ષસસર્ગ અથવા માનુષ્ય સર્ગ નથી જે મનુષ્ય જે વખતે શાસ્ત્રથી થયેલા સંસ્કારોની પ્રબલતાથી સ્વભાવસિદ્ધ રાગદ્વેષની પ્રબલતાવડે શાસ્ત્રથી થયેલા સંસ્કારોનો અભિભવ કરીને કેવળ ધર્મપરાયણુ થાય છે તે મનુષ્ય તે વખતે દેવ કહેવાય છે અને જે મનુષ્ય જે કાળમાં સ્વભાવ સિદ્ધ રાગ દ્વેષની પ્રબલતાવડે શાસ્ત્રથી થયેલા સંસ્કારો અભિભવ કરીને કે[illegible] અધર્મ પરાયણુ થાય છે તે મનુષ્ય તે વખતે અસુર કહેવાય છે તેમાં દૈવસર્ગ તો મેં તને પ્રથમ વિસ્તારથી કહ્યો હવે બીજા આસુરસર્ગને તું મારાથી શ્રવણુ કર. ॥ ૬ ॥

મૂલમ્—પ્રવૃત્તિંચનિવૃત્તિંચ જનાનવિદુરાસુરાઃ ॥
નશૌચંનાપિચાચારો-નસત્યંતેષુવિદ્યતે ॥૭॥

પદાનિ—પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જનાઃ ન વિદુઃ આસુરાઃ ॥
ન શૌચં ન અપિ ચ આચારઃ ન સત્યં તેષુ વિદ્યતે ॥૭॥

અન્વયાર્થઃ—આસુરાઃ અસુરસ્વભાવવાળા **જનાઃ** મનુષ્યો **પ્રવૃત્તિં** ધર્મને **ચ** તથા **નિવૃત્તિં** અધર્મને **ન વિદુઃ** જાણુતા નથિ **ચ** તથા 'તે માટેજ' **તેષુ** તે અસુર મનુષ્યોમાં **શૌચં** શૌચ **ન વિદ્યતે** રહેતું નથિ **ચ** તથા **આચારઃ** આચાર **અપિ** પણુ **ન** 'રહેતો' નથિ **સત્યં** સત્ય 'પણુ' **ન** 'રહેતું' નથિ.

ટીકા—દંભ દર્પઆદિક રૂપે અસુરસ્વભાવવાળાં મનુષ્યો પ્રવૃત્તિને પણુ જાણુતાં નથિ અર્થાત્ પ્રવૃત્તિના વિષયભૂત ધર્મને જાણુતાં નથિ તથા તે અસુર મનુષ્યો નિવૃત્તિને પણુ જાણુતાં નથિ અર્થાત્ નિવૃત્તિના વિષયભૂત અધર્મને જાણુતાં નથિ. તેમાટેજ તે આસુર મનુષ્યોમાં શૌચ રહેતું નથિ તથા આચાર પણુ રહેતો નથિ અને સત્ય પણુ રહેતું નથિ. ॥ ૭ ॥

मूलम्—असत्यमप्रतिष्ठंते जगदाहुरनीश्वरम् ॥
अपरस्परसंभूतं किमन्यत्कामहेतुकम् ॥८॥

पदानि—असत्यं अप्रतिष्ठं ते जगत् आहुः अनीश्वरम् ॥
अपरस्परसंभूतं किम् अन्यत् कामहेतुकम् ॥८॥

अन्वयार्थः—**ते** તે ' આસુર પુરૂષો ' **जगत्** જગતને **असत्यं** અસત્ય **अप्रतिष्ठं** અપ્રતિષ્ઠ **अनीश्वरं** અનીશ્વર **अपरस्परसंभूतं** અપરસ્પર સંભૂત **कामहेतुकं** કામહેતુક **आहुः** કહે છે ' પણ આ જગતનું ' **अन्यत्** બીજું ' કોઈ કારણ ' **किं** નથી. ' એમ કહે છે. '

टीका—તે આસુર પુરૂષો આ જગતને અસત્ય કહે છે. અપ્રતિષ્ઠ કહે છે અર્થાત ધર્મ અધર્મરૂપ વ્યવસ્થાનો હેતુ જેમાં નથિ તેનું નામ અપ્રતિષ્ઠ છે, તે અપ્રતિષ્ઠરૂપે કહે છે તથા તે આસુર પુરૂષો આ જગતને અનીશ્વર કહે છે. શુભ અશુભ કર્મના સુખ દુઃખરૂપ ફલ આપવામાં ઇશ્વર જેનો નિયંતા નથિ તેનું નામ અનીશ્વર છે. એવું અનીશ્વર આ જગતને કહે છે. તે આસુર પુરૂષો આ જગતને ઈશ્વરથી ઉત્પન્ન થયેલું માનતા નથિ પણ અપરસ્પરસંભૂત માને છે અર્થાત્ વિષયસુખની અભિલાષારૂપ કામવડે પ્રેરણા કરેલા પુરૂષ તથા સ્ત્રીના સંયોગથી આ જગત ઉત્પન્ન થયેલું છે માટે આ જગત કામહેતુક છે, અર્થાત આ જગતનું કારણ કામજ છે પણ બીજું કોઈ કારણ નથિ એમ તે આસુર પુરૂષો કહે છે. ॥ ૮ ॥

मूलम्—एतांदृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ॥
प्रभवन्त्युग्रकर्माणः क्षयायजगतोऽहिताः ॥९॥

पदानि—एतां दृष्टिं अवष्टभ्य नष्टात्मानः अल्पबुद्धयः ॥
प्रभवन्ति उग्रकर्माणः क्षयाय जगतः अहिताः ॥ ९ ॥

अन्वयार्थः—**एतां** એ ' પ્રથમ કહેલી ' **दृष्टिं** દૃષ્ટિને **अवष्टभ्य** આશ્રય કરીને **नष्टात्मानः** નષ્ટાત્મા **अल्पबुद्धयः** અલ્પ બુદ્ધિવાળા **उग्रकर्माणः** ઉગ્ર કર્મવાળા **अहिताः** શત્રુ પુરૂષો **जगतः** જગતના 'પ્રાણિયોના' **क्षयाय** નાશ માટે ' વ્યાઘ્ર સર્પાદિ રૂપવડે ' **प्रभवन्ति** ઉત્પન્ન થાય છે.

टीका—એ પ્રથમ કહેલી દૃષ્ટિનો આશ્રય કરીને તે આસર પુરૂષો નષ્ટાત્મ થાય છે. કામ ક્રોધાદિકરૂપ રજતમદોષવડે જેની વિવેકબુદ્ધિ ઢંકાયેલી છે તે નષ્ટાત્મા છે તથા તે આસુર પુરૂષો અલ્પ બુદ્ધિવાળા છે અર્થાત અસન્ત તુચ્છ એવાં જે સ્રક ચન્દન વનિતા આદિકવિષયોના ભોગ તેનું નામ અલ્પ છે અને તે અલ્પમાં છે બુદ્ધિ જેઓની તેનું નામ અલ્પ બુદ્ધિવાળા છે એવી રીતે અલ્પબુદ્ધિવાળા અને ઉગ્રકર્મવાળા શત્રુ પુરૂષો પ્રાણિયોના નાશ માટે વ્યાઘ્ર સર્પાદિક રૂપે ઉત્પન્ન થાય છે. ॥ ૯ ॥

मूलम्—काममाश्रित्यदुष्पूरं दंभमानमदान्विताः ॥
मोहाद्गृहीत्वासद्ग्राहा-न्प्रवर्त्तन्तेऽशुचिव्रताः ॥१०॥

पदानि—कामं आश्रित्य दुष्पूरं दंभमानमदान्विताः ॥
मोहात् गृहीत्वा असद्ग्राहान् प्रवर्त्तन्ते अशुचिव्रताः ॥१०॥

अन्वयार्थः—**दुष्पुरं** દુષ્પૂર **कामं** કામને **आश्रित्य** આશ્રય કરીને **दंभमानमदान्विताः** દંભ માન અને મદવડે યુક્ત થયેલા **अशुचिव्रताः** અશુચિવ્રતવાળા ' તે આસુર પુરૂષો ' **मोहात्** અવિવેકથી **असद्ग्राहान्** અશુભ નિશ્ચયોને **गृहीत्वा** ગ્રહણ કરીને 'વેદવિરૂદ્ધ કર્મોમાં **प्रवर्त्तन्ते** પ્રવર્ત્તે છે.

टीका—શતકોટિ વર્ષપર્યન્ત પણ વિષયોના ભોગવડે પૂર્ણ જે ન થાય તેનું નામ દુષ્પૂર છે. એવા દુષ્પૂરકામનો આશ્રય કરીને દંભ, માન, તથા મદવડે યુક્ત થયેલા અને અપવિત્ર વ્રતવાળા તે આસુર પુરૂષો અવિવેકથી અશુભ નિશ્ચયોને ગ્રહણ કરીને વેદવિરૂદ્ધ કર્મોમાં પ્રવર્ત્તે છે. એવા આસુરપુરૂષો મરીને નરકમાં પડે છે. એવી રીતે આ શ્લોકનો ॥ **पतन्तिनरकेऽशुचौ** ॥ એ કહેવાશે એવા વચન સાથે અન્વય કરવો. ॥ ૧૦ ॥

मूलम्—चिन्तामपरिमेयांच प्रलयान्तामुपाश्रिताः ॥
कामोपभोगपर[illegible] एतावदितिनिश्चिताः ॥११॥

पदानि—चिन्तां अपरिमेयां च प्रलयान्तां उपाश्रिताः ॥
कामोपभोगपरमाः एतावत् इति निश्चिताः ॥११॥

अन्वयार्थः—**च** તથા **प्रलयान्तां** મરણપર્યન્ત **अपरिमेयां** અપરિમિત **चिन्तां** ચિન્તાને ' જેઓએ ' **उपाश्रिताः** આશ્રય કરી છે ' તથા ' **कामोपभोगपरमाः** શબ્દાદિક વિષયોના ભોગ છે પરમ પુરૂષાર્થ જેઓને ' તથા ' **एतावत्** આ વિષયજન્ય દૃષ્ટ સુખ **इति** એ પ્રકારે **निश्चिताः** નિશ્ચયવાળા.

टीका—અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિરૂપ જે યોગ તથા પ્રાપ્ત વસ્તુનું પરિરક્ષણરૂપ જે ક્ષેમ તથા પોતાના યોગ ક્ષેમના ઉપાયની ચિન્તનરૂપ જે ચિન્તા તે અપરિમેય છે અર્થાત્ આટલી સંખ્યાવાળી છે એ પ્રકારનો નિશ્ચય કરવાને અશક્ય છે અને તે ચિન્તા જીવત્કાળપર્યન્ત વર્તમાન છે. એવી અપરિમેય તથા પ્રલયાન્ત ચિન્તાનો તે આસુર પુરૂષો આશ્રય કરે છે. તે આસુર પુરૂષો સર્વકાળમાં અનન્ત ચિન્તાઓથી યુક્ત છે પણ કોઇ વખતે પરલોકની ચિન્તાથી યુક્ત હોતા નથિ અને શબ્દાદિક વિષયોને પરમ પુરૂષાર્થરૂપ જાણનારા છે તથા આ વિષયજન્ય સુખની કામનાવાળા છે. ॥ ૧૧ ॥

मूलम्—आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ॥
ईहन्तेकामभोगार्थ-मन्यायेनार्थसंचयान् ॥१२॥

पदानि—आशापाशशतैः बद्धाः कामक्रोधपरायणाः ॥
ईहन्ते कामभोगार्थं अन्यायेन अर्थसंचयान् ॥१२॥

अन्वयार्थः—**आशापाशशतैः** આશારૂપી પાશલાઓના સમૂહવડે **बद्धाः** બંધાયેલા ' તથા ' **कामक्रोधपरायणाः** કામ અને ક્રોધ છે આશ્રય જેઓના ' એવા તે આસુર પુરૂષો ' **कामभोगार्थं** વિષયભોગમાટે **अन्यायेन** અન્યાયવડે **अर्थसंचयान्** ધનાદિક પદાર્થોને **ईहन्ते** ઇચ્છે છે.

टीका—જે વસ્તુની પ્રાપ્તિનો ઉપાય કરવાને અશક્ય હોય તે વસ્તુની પ્રાપ્તિની જે પ્રાર્થના તેનું નામ આશા છે તે આશા લોકપ્રસિદ્ધ પાશલાની પેઠે પુરૂષને બન્ધનનું કારણ હોવાથી પાશરૂપ છે. એવા આશારૂપ પાશલાઓનાં અનેક શતવડે અર્થાત્ અનેક સમૂહવડે તે આસુર પુરૂષો બંધાયેલા છે તથા તે પુરૂષો કામ અને ક્રોધનો આશ્રય કરનારા છે અર્થાત્ પરસ્ત્રિયોના સંભોગની અભિલાષાવડે તથા પારકું અનિષ્ટ કરવાની અભિલાષાવડે નિરન્તર યુક્ત છે. એવા તે આસુર પુરૂષો વિષય ભોગમાટે અન્યાયવડે ધનાદિક પદાર્થોને ઇચ્છે છે. ॥ ૧૨ ॥

मूलम्—इदमद्यमयालब्ध-मिमंप्राप्स्येमनोरथम् ॥
इदमस्तीदमपिमे भविष्यति पुनर्धनम् ॥१३॥

पदानि—इदं अद्य मया लब्धं इमं प्राप्स्ये मनोरथम् ॥
इदं अस्ति इदं अपि मे भविष्यति पुनः धनम् ॥१३॥

अन्वयार्थः—**इदं** આ ' ધન **अद्य** આ કાળમાં **मया** મેં **लब्धं** પ્રાપ્ત કર્યું છે **इमं** આ **मनोरथं** મનોરથને ' હું ઝટ ' **प्राप्स्ये** પામીશ **इदं** આ ' દ્રવ્ય ' **मे** મારા ' ઘરમાં પ્રથમથીજ ' **अस्ति** વિદ્યમાન છે ' તથા ' **इदं** આ **धनं** ધન **अपि** પણ **पुनः** ફરીને **भविष्यति** થશે.

टीका—તે આસુર પુરૂષો ધનની તૃષ્ણાવડે યુક્ત છે તે માટેજ તેઓ એવું મનોરાજ્ય કરે છે કે આ ધન હમણાં મેં આ ઉપાયવડે મેળવ્યું છે અને આ ધનથી બીજું પણ મનની પ્રસન્નતા કરનારૂં ધન હું હમણાંજ પામીશ અને આ આટલું ધન તો મારા ઘરમાં મેં પ્રથમથીજ એકઠું કર્યું છે અને તે પણ આ ઉપાયવડે આગલા વર્ષમાં ઘણું વૃદ્ધિ પામશે. આ પ્રકારે મનની તૃષ્ણાવાળા પુરૂષો અપવિત્ર નરકમાં પડે છે. એવી રીતે આ શ્લોકનો ॥ **पतन्तिनरकेऽशुचौ** ॥ એ કહેવાશે એવા શ્લોક સાથે અન્વય કરવો.

मूलम्—असौमयाहतःशत्रु-र्हनिष्येचापरानपि ॥
ईश्वरोहमहंभोगी सिद्धोऽहंबलवान्सुखी ॥१४॥

पदानि—असौ मया हतः शत्रुः हनिष्ये च अपरान् अपि ॥
ईश्वरः अहं अहं भोगी सिद्धः अहं बलवान् सुखी ॥१४॥

अन्वयार्थः—**मया** મેં **असौ** આ **शत्रुः** શત્રુ **हतः** હણ્યો છે **च** તથા **अपरान्** બીજાઓને **अपि** પણ **हनिष्ये** હણીશ **अहं** હું **ईश्वरः** ઇશ્વર **अहं** હું **भोगी** ભોગી **अहं** હું **सिद्धः** સિદ્ધ **बलवान्** બલવાળો ' તથા ' **सुखी** સુખી છું. .

टीका—અત્યન્ત દુર્જય એવો જે મારો શત્રુ હતો તેને મેં હણી નાખ્યો માટે હવે પ્રયાસવિના બીજા પણ શત્રુઓને હણી નાખીશ. મારાથી કોઈ પણ શત્રુ હવે જીવન પામશે નહિ. હું ઇશ્વર છું કેવળ મનુષ્ય નથિ કે જે મનુષ્યપણાવડે મારી તુલ્ય અથવા અધિક કોઇ થઇ શકે. આ અત્યન્ત તુચ્છબલવાળાં દીન મનુષ્યો મારી શું હાનિ કરી શકશે. સર્વ પ્રકારે મારી તુલ્ય કોઈ નથિ. હું ભોગી છું અર્થાત વિષયભોગનાં સઘળાં સાધનથી યુક્ત છું તથા સિદ્ધ છું અર્થાત ભ્રાતા, પુત્ર અને ભૃત્ય આદિકના સહાયથી યુક્ત છું અને હું પંડે પણ બલવાન્ છું તથા સુખી છું. ॥ ૧૪ ॥

मूलम्—आढ्योऽभिजनवानस्मि कोऽन्योस्तिसदृशोमया ॥
यक्ष्येदास्यामिमोदिष्य इत्यज्ञानविमोहिताः ॥१५॥

पदानि—आढ्यः अभिजनवान् अस्मि कः अन्यः अस्ति सदृशः मया ॥
यक्ष्ये दास्यामि मोदिष्ये इति अज्ञानविमोहिताः ॥१५॥

अन्वयार्थः—**आढ्यः** ધનવાન્ ' તથા ' **अभिजनवान्** કુલવાન્ **अस्मि** છું ' માટે ' **मया** મારે **सदृशः** તુલ્ય **अन्यः** બીજો **कः** કોણ **अस्ति** છે **यक्ष्ये** હું યાગ કરીશ **दास्यामि** દાન કરીશ ' તેથકી ' **मोदिष्ये** હર્ષ પામીશ **इति** એ પ્રકારે ' તે આસુર પુરૂષો **अज्ञानविमोहिताः** અવિવેકવડે મોહ પામેલા છે.

टीका—હું ધનવાન્ છું તથા કુલવાન્ છું માટે આ લોકમાં ધનવડે તથા કુલવડે મારી સમાન બીજું કોઇ નથિ. કોઈ એમ કહે કે ધનવડે તથા કુલવડે તમારી તુલ્ય કોઇ ભલે ન થાઓ પણ યાગવડે તથા દાનવડે તમારી તુલ્ય કોઇ થશે, તો હું કહું છું કે મારી પ્રતિષ્ઠામાટે હું મહાન્ યાગ કરીશ અને તે યાગવડે બીજા સર્વ યાગ કરનારા પુરૂષોનો પરાભવ કરીશ માટે યાગવડે પણ કોઇ મારી તુલ્ય નથિ અને મારી સ્તુતિ કરનારા જે નટ ભાટ અને નર્તકી આદિક છે, તેઓને હું ઘણું ધન આપીશ અને ધન આપવાથી નર્તકી આદિકની સાથે ઘણો હર્ષ પામીશ માટે દાનવડે પણ મારી તુલ્ય કોઈ પુરૂષ નથિ. આની રીતે અવિવેકવડે તે આસુરપુરૂષો મોહ પામેલા છે. ॥ ૧૫ ॥

मूलम्—अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ॥
प्रसक्ताःकामभोगेषु पतन्तिनरकेऽशुचौ ॥१६॥

पदानि—अनेकचित्त विभ्रान्ताः मोहजालसमावृताः ॥
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरके अशुचौ ॥१६॥

अन्वयार्थः—अनेकचित्तविभ्रान्ताः અનેક દુષ્ટ સંકલ્પોવડે વિભ્રાન્ત થ-યેલા **मोहजालसमावृताः** મોહરૂપી જાલથી ઢંકાયેલા **कामभोगेषु** વિષયભોગોમાં **प्रसक्ताः** અત્યન્ત આસક્ત થયેલા ' તે આસુરપુરૂષો ' **अशुचौ** અપવિત્ર **नरके** નર-કમાં **पतन्ति** પડે છે.

टीका—ચિત્તના અનેક પ્રકારના દુષ્ટ સંકલ્પોવડે જેઓને વિવિધ પ્રકારની ભ્રાન્તિ થયેલી છે એવા તે આસુરપુરૂષો મોહજાલથી ઢંકાયેલા છે અને તે પુરૂષો સર્વ પ્રકારે વિ-ષયભોગમાંજ અત્યન્ત આસક્ત થયા છે અને તે વિષયભોગથી અત્યન્ત આસક્તિવડે ક્ષણું-ક્ષણુમાં પાપનો સંચય કરીને અશુચિ એવા નરકમાં પડે છે. અર્થાત વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, રૂધિર, ઇત્યાદિક મલિન પદાર્થથી પૂર્ણ જે વૈતરણી આદિક નરક, તેમાંજ તેઓ પડે છે

मूलम्—आत्मसंभाविताःस्तब्धा धनमानमदान्विताः ॥
यजन्तेनामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥१७॥

पदानि—आत्मसंभाविताः स्तब्धाः धनमानमदान्विताः ॥
यजन्ते नामयज्ञैः ते दम्भेन अविधिपूर्वकम् ॥१७॥

अन्वयार्थः—आत्मसंभाविताः આત્મસંભાવિત **स्तब्धाः** સ્તબ્ધ **धनमानमदान्विताः** ધન, માન, અને મદવડે યુક્ત **ते** તે ' આસુરપુરૂષો ' **नामयज्ञैः** નામમાત્ર યજ્ઞોએ કરીને **अविधिपूर्वकम्** અવિધિપૂર્વક **दम्भेन** દંભવડે **यजन्ते** યજન કરે છે.

टीका—તે પુરૂષો આત્મસંભાવિત છે અર્થાત અમે સર્વ ગુણુસંપન્ન હોવાથી અ-ત્યન્ત શ્રેષ્ઠ છિયે એ પ્રકારે પોતે પોતાવડેજ પૂજ્યપણું પામેલા છે પણ કોઈ શ્રેષ્ઠ પુરૂષોવડે પૂજ્યપણું પામેલા નથિ તથા તે પુરૂષો સ્તબ્ધ છે અર્થાત નમ્રભાવથી રહિત છે કારણકે તેઓ ધન, માન અને મદવડે યુક્ત છે. એવી રીતે રહેલા તે આસુરપુરૂષો નામમાત્ર ય-જ્ઞોને પણ વિધિપૂર્વક કરતા નથિ, અને વેદોએ કહેલાં જે દ્રવ્ય, દેવતા, મંત્ર, દક્ષિણા, ઇત્યાદિક અંગ તે અંગોની સંપૂર્ણતાનો ત્યાગ કરીને તથા શ્રદ્ધારહિત થઇને દંભવડે કરે છે. ॥ ૧૭ ॥

मूलम्—अहङ्कारंबलंदर्पं कामंक्रोधंचसंश्रिताः ॥
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥१८॥

पदानि—अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ॥
मां आत्मपरदेहेषु प्रद्विषन्तः अभ्यसूयकाः ॥१८॥

अन्वयार्थः—**अहङ्कारं** અહંકારને **बलं** બલને **दर्पं** દર્પને **कामं** કામને **क्रोधं** ક્રોધને **संश्रिताः** આશ્રય કરનારા **च** તથા **आत्मपरदेहेषु** પોતાના દેહ અને પરદેહમાં રહેલા **मां** મને **प्रद्विषन्तः** દ્વેષ કરનારા **अभ्यसूयकाः** અસુયાદોષવાળા ' તે આસુરપુરૂષો નરકમાં પડે છે.

टीका—અહંકાર, બલ, દર્પ, કામ અને ક્રોધનો આશ્રય કરીને રહેલા તથા પોતાના દેહ અને પરદેહમાં રહેલો જે હું તેને દ્વેષ કરનારા અને અસૂયાદોષવાળા તે આસુરપુરૂષો નરકમાં પડે છે. જે ગુણ પોતાનામાં ન હોય તે ગુણોનું પોતાને વિષે આરોપણ કરીને તે આરોપિત ગુણોવડે જે પોતાના મહાન્પણાનું અભિમાન તેનું નામ અહંકાર છે તથા અન્ય પ્રાણિયોનો પરાભવ કરવામાટે શરીરમાં રહેલું જે સામર્થ્ય તેનું નામ બલ છે. એવી રીતે આ ઠેકાણે અહંકાર અને બલ શબ્દનો અર્થ જાણવો. ॥ ૧૮ ॥

मूलम्—तानहंद्विषतःक्रूरान् संसारेषुनराधमान् ॥
क्षिपाम्यजस्रमशुभा-नासुरीष्वेवयोनिषु ॥१९॥

पदानि—तान् अहं द्विषतः क्रूरान् संसारेषु नराधमान् ॥
क्षिपामि अजस्रं अशुभान् आसुरीषु एव योनिषु ॥१९॥

अन्वयार्थः—**द्विषतः** દ્વેષ કરનારા **क्रूरान्** ક્રૂર **नराधमान्** મનુષ્યોમાં અધમ **अजस्रं** નિરન્તર **अशुभान्** અશુભ કર્મ કરનારા **तान्** તે આસુરપુરૂષોને **अहं** હું **संसारेषु** સંસારમાર્ગોમાં **क्षिपामि** નાખું છું ત્યારપછી **आसुरीषु** અત્યન્ત ક્રૂર **योनिषु एव** વ્યાઘ્ર સર્પાદિક યોનિયોમાંજ નાખું છું.

टीका—શાસ્ત્રે પ્રતિપાદન કરેલા સત્યમાર્ગના વિરોધી પુરૂષો મારો તથા શ્રેષ્ઠ પુરૂષોનો દ્વેષ કરનારા છે તથા તે ક્રૂર મનુષ્યોમાં અધમ અને નિરન્તર અશુભ કર્મ કરનારા તે અસુરપુરૂષોને સંસારમાર્ગોમાં હું નાખું છું. ત્યાં શ્રુતિ. ॥ **अथकपूयचरणाअभ्यासोहयत्तेकपूयांयोनिमापद्येरन्श्वयोनिंवाशुकरयोनिंवाचाण्डालयोनिंवा** ॥ અર્થ ॥ શાસ્ત્ર નિષિદ્ધ એવાં પાપકર્મોને કરનારા પુરૂષો તત્કાળ નીચ યોનિને પામે છે, કોઇ વખતે શ્વાન યોનિને પામે છે, અને કોઇ વખતે શૂકરયોનિને પામે છે, કોઇ વખતે ચાંડાલયોનિને પામે છે તથા એ વગેરે બીજી અનેક નીચ યોનિને પામે છે. ॥ ૧૯ ॥

मूलम्—आसुरींयोनिमापन्ना मूढाजन्मनिजन्मनि ॥

मामप्राप्यैवकौन्तेय ततोयान्त्यधमांगतिम् ॥२०॥

पदानि—आसुरीं योनिं आपन्नाः मूढाः जन्मनि जन्मनि ॥
मां अप्राप्य एव कौन्तेय ततः यान्ति अधमां गतिम् ॥२०॥

अन्वयार्थः—कौन्तेय હે કૌન્તેય ' જે પુરૂષો **आसुरीं** આસુરી **योनिं** યોનિને **आपन्नाः** પામ્યાછે 'તે પુરૂષો' **जन्मनि जन्मनि** જન્મજન્મમાં **मूढाः** મૂઢ થઇને તથા **मां** વેદરૂપ મને **अप्राप्य एव** ન પ્રાપ્ત થઇનેજ **ततः** તેથકી પણ **अधमां** અધમ **गतिं** ગતિને **यान्ति** પામે છે.

टीका—હે અર્જુન ! જે પુરૂષ કોઈ પણ વખતે આસુરીયોનિને પ્રાપ્ત થાય છે તે પુરૂષો જન્મજન્મમાં ઘણા તમોગુણથી વિવેકશૂન્ય થઈ તથા મને ન પ્રાપ્ત થઇને -અર્થાત્ મેં ઉપદેશ કરેલા વેદમાર્ગને ન પ્રાપ્ત થઇને તેથકી પણ અત્યન્ત નિકૃષ્ટ ગતિને પામે છે. આ ઠેકાણે ॥ **मामप्राप्यैव** ॥ એ વચનના અન્તમાં રહેલો **एव** શબ્દ સ્થાવરાદિક યોનિયોમાં વેદમાર્ગની પ્રાપ્તિની અયોગ્યતાનો બોધ કરે છે. ॥ ૨૦ ॥

मूलम्—त्रिविधंनरकस्येद द्वारंनाशनमात्मनः ॥
कामःक्रोधस्तथालोभ-स्तस्मादेतत्त्रयंत्यजेत् ॥२१॥

पदानि—त्रिविधं नरकस्य इदं द्वारं नाशनं आत्मनः ॥
कामः क्रोधः तथा लोभः तस्मात् एतत् त्रयं त्यजेत्॥२१॥

अन्वयार्थः—आत्मनः આ પુરૂષને **नाशनं** અધમયોનિને પ્રાપ્તિ કરનારૂં **इदं** આ **त्रिविधं** ત્રણ પ્રકારનું **नरकस्य** નરકનું **द्वारं** દ્વાર છે **कामः** કામ **क्रोधः** ક્રોધ **तथा** તથા **लोभः** લોભ **तस्मात्** તે કારણમાટે **एतत्** એ **त्रयं** ત્રણેને **त्यजेत्** ત્યાગ કરે.

टीका—નરકની પ્રાપ્તિનું આ ત્રણ પ્રકારનું દ્વાર છે અને તે દ્વાર પ્રથમ કહેલી સર્વ આસુરી સંપદ્નું મૂલભૂત છે તથા આત્માનું નાશ કરનારૂં છે અર્થાત્ ધર્મમોક્ષાદિક સર્વ પુરૂષાર્થોની અયોગ્યતા સંપાદન કરીને અત્યન્ત અધમ યોનિયોની પ્રાપ્તિ કરનારૂં છે. એ ત્રણ પ્રકારનું દ્વાર કમ, ક્રોધ, અને લોભ, એ ત્રણ છે અને તે વ્યાઘ્ર, સર્પ, કીટ, પતંગ, અને વૃક્ષઆદિક અત્યન્ત અધમ યોનિયોની પ્રાપ્તિ કરનારૂં છે તે માટે અધિકારી પુરૂષે એ ત્રણેનો અવશ્ય પરિત્યાગ કરવો. ॥ ૨૧ ॥

मूलम्—एतैर्विमुक्तःकौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ॥
आचरत्यात्मनःश्रेय-स्ततोयातिपरांगतिम् ॥२२॥

पदानि—एतैः विमुक्तः कौन्तेय तमोद्वारैः त्रिभिः नरः ॥
आचरति आत्मनः श्रेयः ततः याति परां गतिम् ॥२२॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર ! **तमोद्वारैः** નરકના દ્વારભૂત **एतैः** એ **त्रिभिः** ત્રણથી **विमुक्तः** છુટેલો **नरः** પુરૂષ **आत्मनः** પોતાના **श्रेयः** શ્રેયને **आचरति** આચરે છે **ततः** તેથકી **परां** પરમ **गतिं** ગતિને **याति** પામે છે.

टीका—હે અર્જુન ! નરકની પ્રાપ્તિના સાધનભૂત તથા અત્યન્ત અધમ યોનિની પ્રાપ્તિના સાધનભૂત જે કામ, ક્રોધ, અને લોભ, તે ત્રણેથી રહિત થયેલો પુરૂષ પોતાના શ્રેયને સિદ્ધ કરે છે પણ તે કામાદિકથી બંધાયેલો પુરૂષ તે શ્રેયને સિદ્ધ કરી શકતો નથિ પણ ઉલટો પોતાનું અશ્રેય સંપાદન કરે છે કે જેવડે એ પુરૂષને નરકમાંજ પડવું થાય છે. એવી રીતે શ્રેયને સિદ્ધ કરનારો પુરૂષ તે શ્રેયથી પરમ ગતિને પામે છે. ॥૨૨॥

मूलम्—यःशास्त्रविधिमुत्सृज्य वर्त्ततेकामकारतः ॥
नससिद्धिमवाप्नोति नसुखंनपरांगतिम् ॥२३॥

पदानि—यः शास्त्रविधिं उत्सृज्य वर्त्तते कामकारतः ॥
न सः सिद्धिं अवाप्नोति न सुखं न परां गतिम् ॥२३॥

अन्वयार्थः—**यः** જે 'પુરૂષ' **शास्त्रविधिं** શાસ્ત્રવિધિને **उत्सृज्य** પરિત્યાગ કરીને **कामकारतः** પોતાની ઇચ્છામાત્રથી **वर्त्तते** વર્ત્તે છે **सः** તે 'પુરૂષ, **सिद्धिं** અન્તઃકરણની શુદ્ધિને **न अवाप्नोति** પામતો નથિ **न सुखं** સુખ પામતો નથિ તથા સ્વર્ગ મોક્ષરૂપ **परां** પર **गतिं** ગતિને 'પણ' **न** પામતો નથિ.

टीका—જે પુરૂષ શાસ્ત્રના વિધિનો અશ્રદ્ધાથી પરિત્યાગ કરીને પોતાની ઇચ્છા માત્રથી વર્ત્તે છે અર્થાત્ શાસ્ત્રવિહિત કર્મ કરતો નથિ પણ શાસ્ત્રનિષિદ્ધ કર્મ કરે છે, તે શાસ્ત્રવિધિનો પરિત્યાગ કરનારો પુરૂષ પુરૂષાર્થની પ્રાપ્તિની યોગ્યતારૂપ અન્તઃકરણની શુદ્ધિને પામતો નથિ તથા આલોકના સુખને પણ પામતો નથિ તથા સ્વર્ગરૂપ ઉત્કૃષ્ટ ગતિને તથા મોક્ષરૂપ ઉત્કૃષ્ટ ગતિને પણ પામતો નથિ પણ ઉલટો પુરૂષાર્થથી ભ્રષ્ટ થાય છે. ।૨૩।

मूलम्—तस्माच्छास्त्रंप्रमाणंते कार्याकार्यव्यवस्थितौ ॥
ज्ञात्वाशास्त्रविधानोक्तं कर्मकर्त्तुमिहार्हसि ॥२४॥

पदानि—तस्मात् शास्त्रं प्रमाणं ते कार्याकार्य व्यवस्थितौ ॥
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्त्तुं इह अर्हसि ॥२४॥

अन्वयार्थः—**तस्मात्** તે કારણમાટે **ते** તારે **कार्याकार्यव्यवस्थितौ** કાર્ય અને અકાર્યની વ્યવસ્થામાં **शास्त्रं** શાસ્ત્ર **प्रमाणं** પ્રમાણ રાખવું ' અને ' **इह** આ કર્મની અધિકારભૂમિમાં **शास्त्रविधानोक्तं** શાસ્ત્રવિધાનવડે કહેલા **कर्म** કર્મને **ज्ञात्वा** જાણીને ' તું યુદ્ધાદિક કર્મ ' **कर्त्तुं** કરવાને **अर्हसि** યોગ્ય છે.

टीका—તેમાટે શ્રેયની ઇચ્છાવાન્ એવા તને કાર્ય અને અકાર્યની વ્યવસ્થામાં કેવળ શાસ્ત્રજ પ્રમાણરૂપ છે અર્થાત્ મારે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથિ એવી રીતે જે કર્ત્તવ્ય અને અકર્ત્તવ્ય અર્થની વ્યવસ્થા તેને વિષે શ્રુતિ સ્મૃતિ અને ઇતિહાસાદિરૂપ શાસ્ત્રનું પ્રમાણ બોધક છે પણ પોતાની બુદ્ધિ તથા નાસ્તિકાદિકોનાં વાક્ય તે વ્યવસ્થામાં પ્રમાણરૂપ નથિ માટે આ કર્મની અધિકાર ભૂમિમાં શાસ્ત્રવિધાને કહેલું કર્મ જાણીને તું પોતાનું યુદ્ધાદિક કર્મ કરવાને યોગ્ય છે. ।। ૨૪ ।।

इतिश्रीमन्महाभारते भीष्मपर्वणिश्रीमद्भगवद्गीतासूपनि-
षत्सुब्रह्मविद्यायांयोगशास्त्रेश्रीकृष्णार्जुनसंवादेदैवा-
सुरसंपद्विभागयो[illegible]नाम

षोडशोऽध्यायः ॥१६॥



ॐ

श्रीकृष्णायनमः

अर्जुन उवाच.

मूलम्—येशास्त्रविधिमुत्सृज्य यजन्तेश्रद्धयान्विताः ॥
तेषांनिष्ठातुकाकृष्ण सत्त्वमाहोरजस्तमः ॥१॥

पदानि—ये शास्त्रविधिं उत्सृज्य यजन्ते श्रद्धया अन्विताः ॥
तेषां निष्ठा तु का कृष्ण सत्वं आहो रजः तमः ॥१॥

अन्वयार्थः—**कृष्ण** હે કૃષ્ણ ! **ये** જે 'પુરૂષ' **शास्त्रविधिं** શાસ્ત્રવિધિને **उत्सृज्य** પરિત્યાગ કરીને **श्रद्धया** શ્રદ્ધાવડે **अन्विताः** યુક્ત થઇ **यजन्ते** યજન કરે છે **तेषां** તેઓની **तु** વળી **का** કેવા પ્રકારની **निष्ठा** નિષ્ઠા છે **सत्त्वं** સાત્વિકી છે **आहो** અથવા **रजः** રાજસી **तमः** તામસી છે.

टीका—હે કૃષ્ણ ! જે પુરૂ[illegible]તિ સ્મૃતિરૂપ શાસ્ત્રના વિધિનો ત્યાગ કરીને વર્ત્તે છે તથા જેમ અસુર પુરૂષો શ્રદ્ધારહિત હોય છે તેમ જેઓ શ્રદ્ધાથી રહિત હોતા નથી પણ પોતાના પિતા અને પિતામહાદિક વૃદ્ધ પુરૂષોને અનુસરવા માત્રથી શ્રદ્ધાયુક્ત થઇ યજન કરે છે તે પુરૂષોની યજનાદિક ક્રિયાની વ્યવસ્થિતિ કેવા પ્રકારની છે ? સાત્વિકી છે અથવા રાજસીતામસી છે ? જો કદાચિત સાત્વિકી હોય તો સાત્વિક સ્વભાવવાળા હોવાથી તે પુરૂષો દેવરૂપેજ થવા જોઇએ અને જો તે નિષ્ઠા કદાચિત્ રાજસીતામસી હોય તો તે પુરૂષો અસુરજ થવા જોઇએ. ॥ ૧ ॥

श्रीभगवानुवाच.

मूलम्—त्रिविधाभवतिश्रद्धा देहिनांसास्वभावजा ॥
सात्त्विकीराजसीचैव तामसीचेतितांशृणु ॥२॥

पदानि—त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ॥
सात्त्विकी राजसी च एव तामसी च इति तां शृणु ॥२॥

अन्वयार्थः—**देहिनां** દેહાભિમાનવાળા 'પુરૂષોની' **सा** તે **स्वभावजा** સ્વભાવજન્ય **श्रद्धा** શ્રદ્ધા **सात्त्विकी** સાત્વિકી **च** તથા **राजसी** રાજસી **च** તથા **तामसी** તામસી **इति** એ પ્રકારે **त्रिविधा एव** ત્રણ પ્રકારનીજ **भवति** થાય છે **तां** તે 'શ્રદ્ધાને, **शृणु** શ્રવણ કર.

टीका—જે શ્રદ્ધાથી યુક્ત થયેલા પુરૂષો શાસ્ત્રવિધિનો પરિત્યાગ કરીને યજનાદિક કર્મ કરે છે તે દેહાભિમાની પુરૂષોની સ્વભાવજન્ય શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે. અન્ય જન્મોમાં સંપાદન કરેલા ધર્મ અધર્માદિક સંસ્કારોવડે આ જન્મનો આરંભ કર્યો છે તે સંસ્કારોનું નામ સ્વભાવ છે. તે જીવોનો સ્વભાવ સાત્ત્વિક, રાજસ, અને તામસ એ ત્રણ પ્રકારનો છે. તે ત્રણ પ્રકારના સ્વભાવથી ઉપત્પન્ન થયેલી શ્રદ્ધા પણ સાત્ત્વિકી રાજસી અને તામસી, એવા ભેદવડે ત્રણ પ્રકારની છે, તે ત્રણ પ્રકારની. શ્રદ્ધાને તું શ્રવણ કર. તે શ્રદ્ધાને સાંભળીને તે પુરૂષોમાં દેવભાવનો અથવા આસુરભાવનો તું પોતાની મેળે નિશ્ચય કરીશ ॥ ૨ ॥

मूलम्—सत्त्वानुरूपासर्वस्य श्रद्धाभवतिभारत ॥
श्रद्धामयोऽयंपुरुषो योयच्छ्रद्धः सएवसः ॥३॥

पदानि—सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ॥
श्रद्धामयः अयं पुरुषः यः यच्छ्रद्धः सः एव सः ॥३॥

अन्वयार्थः—**भारतः** હે ભારત **सर्वस्य** સર્વ પ્રાણિમાત્રની **सत्त्वानुरूपा** અન્તઃકરણને અનુસારે **श्रद्धा** શ્રદ્ધા **भवति** થાય છે **अयं** આ **पुरुषः** પુરૂષ **श्रद्धामयः** શ્રદ્ધામય થાય છે માટે **यः** જે પુરૂષ **यच्छ्रद्धः** જે [illegible]વાળો થાય છે **सः** તે પુરૂષ **सः एव** તત્સદૃશજ થાય છે.

टीका—હે ભારત ! સર્વ પ્રાણીમાત્રને પોતપોતાના અન્તઃકરણને અનુસારેજ શ્રદ્ધા થાય છે અર્થાત્ તે અન્તઃકરણની વિચિત્રતાથી શ્રદ્ધા પણ વિચિત્ર થાય છે, સત્વગુણ છે પ્રધાન જેમાં એવું જે અન્તઃકરણ તેને વિષે સાત્ત્વિકી શ્રદ્ધા થાય છે તથા રજોગુણ છે પ્રધાન જેમાં એવા અન્તઃકરણમાં રાજસી શ્રદ્ધા થાય છે તથા તમોગુણ છે પ્રધાન જેમાં એવા અન્તઃકરણમાં તામસી શ્રદ્ધા થાય છે. એ પ્રમાણે અધિકારી પુરૂષ શ્રદ્ધામય થાય છે અને જે પુરૂષ જેવી શ્રદ્ધાવાળો થાય છે તે પુરૂષ તત્સદૃશજ થાય છે અર્થાત્ જે સાત્વિકી શ્રદ્ધાવાળો છે અથવા રાજસી શ્રદ્ધાવાળો છે અથવા તામસી શ્રદ્ધાવાળો છે તે પુરૂષ પોતાની શ્રદ્ધાને અનુસારે સાત્ત્વિક કહેવાય છે અથવા રાજસ કહેવાય છે અથવા તામસ કહેવાય છે. માટે શ્રદ્ધાવડે તે નિષ્ઠા જાણી શકાય છે. ॥ ૩ ॥

मूलम्—यजन्तेसात्त्विकादेवान् यक्षरक्षांसिराजसाः ॥
प्रेतान्भूतगणांश्चान्ये यजन्तेतामसाजनाः ॥४॥

पदानि—यजन्ते सात्त्विकाः देवान् यक्षरक्षांसि राजसाः ॥
प्रेतान् भूतगणान् च अन्ये यजन्ते तामसाः जनाः ॥४॥

अन्वयार्थः—**जनाः** 'જે' પુરૂષો **देवान्** દેવોને **यजन्ते** પૂજન કરે છે 'તે પુરૂષો' **सात्त्विकाः** સાત્વિક ' જાણવા અને જે પુરૂષો ' **यक्षरक्षांसि** યક્ષ રાક્ષસોને ' યજન કરે છે તે પુરૂષો ' **राजसाः** રાજસ ' જાણવા અને જે પુરૂષો ' **प्रेतान्** પ્રેતોને **च** તથા **भूतगणान्** ભૂતગણોને **यजन्ते** યજન કરે છે તે **अन्ये** અન્ય ' પુરૂષે ' **तामसाः** તામસ ' જાણવા '

टीका—તે શ્રદ્ધાવડે જે પુરૂષો સાત્વિક દેવતાઓનું યજન કરે છે તે અન્ય પુરૂષો સાત્વિક જાણવા અને શાસ્ત્રથી થયેલા વિવેકના જ્ઞાનથી રહિત એવા જે પુરૂષો તે સ્વભાવથી થયેલા જ્ઞાનવડે કુબેરાદિક યક્ષોનું તથા નૈઋત આદિક રાક્ષસોનું યજન કરે છે તે અન્ય પુરૂષ રાજસ જાણવા તથા જે પુરૂષો તમોગુણવાળા પ્રેતોનું તથા ભૂતગણોનું યજન કરે છે તે અન્ય પુરૂષો તામસ જાણવા. ॥ **भूतगणांश्चान्ये** ॥ એ વચનના અન્તમાં રહેલું જે **अन्ये** એવું પદ તે પદનો **सात्त्विकाः राजसाः तामसाः** એ ત્રણે પદ સાથે સમ્બન્ધ કરવો. તેથકી સાત્વિક રાજસ અને તામસ એ ત્રણ પ્રકારના પુરૂષોને વિષે પરસ્પર વિલક્ષણતા સિદ્ધ થાય છે. ॥ ૪ ॥

मूलम्—**अशास्त्रविहितंघोरं तप्यन्तेयेतपोजनाः ॥**
दंभाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥५॥
कर्षयन्तःशरीर[illegible] भूतग्राममचेतसः ॥
मांचैवान्तःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ॥६॥

पदानि—**अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपः जनाः ॥**
दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥५॥
कर्षयन्तः शरीरस्थं भूतग्रामं अचेतसः ॥
मां च एव अन्तः शरीरस्थं तान् विद्धि आसुरनिश्चयान्

अन्वयार्थः—**ये** જે **जनाः** મનુષ્યો **अशास्त्रविहितं** શાસ્ત્રે ન કહેલું **घोरं** ઘોર **तपः** તપ **तप्यन्ते** કરે છે 'તથા ' **दम्भाहङ्कारसंयुक्ताः** દંભ અને અહંકારથી સંયુક્ત છે **कामरागबलान्विताः** કામ રાગ અને બલવડે યુક્ત છે 'તથા' **शरीरस्थं** શરીરમાં રહેલા **भूतग्रामं** ભૂતોના સમૂહને **कर्षयन्तः** કૃશ કરેછે **च** તથા **अन्तः** અન્દર **शरीरस्थं** શરીરમાં રહેલા **मां एव** મને પણ ' કૃષ કરે છે તથા **अचेतसः** વિવેકથી રહિત છે **तान्** તે ' પુરૂષોને ' **आसुरनिश्चयान्** આસુર નિશ્ચયવાળા **विद्धि** જાણ

टीका—જે પુરૂષો શાસ્ત્રમાં નહિ કહેલું ઘોર તપ કરે છે તથા જે પુરૂષો દંભ અને અહંકારથી સંયુક્ત છે તથા જે પુરૂષો કામ રાગ બલવડે યુક્ત છે અર્થાત્ શબ્દા-

દિક વિષયોરૂપી કામ અને તે વિષયરૂપ કામમાં અત્યન્ત આસક્તિરૂપ રાગ અને તે રાગરૂપ નિમિત્તવાળા અત્યન્ત દુઃખના સહન કરવારૂપી બલથી નિરન્તર યુક્ત છે તથા શરીરમાં રહેલા ભૂતોના સમૂહને કૃશ કરે છે તથા અન્તર્યામિરૂપવડે આ શરીરમાં રહેલો અને બુદ્ધિ તથા બુદ્ધિની વૃત્તિયોનો સાક્ષીરૂપ જે હું તેને પણ શાસ્ત્રરૂપ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જે કૃશ કરે છે અને તે થકીજ જે વિવેકશૂન્ય છે તે પુરૂષોને આસુરનિશ્ચયવાળા છે એમ તું જાણ. તે પુરૂષો જો કે મનુષ્યરૂપે જણાય છે તોપણ અસુરોનાં કર્મ કરે છે માટે તેઓને તું અસુરરૂપજ જાણ અર્થાત્ તેઓને અસુરરૂપ જાણીને ઉપેક્ષા કર. ॥૫-૬॥

मूलम्—आहारस्त्वपिसर्वस्य त्रिविधोभवतिप्रियः ॥
यज्ञस्तपस्तथादानं तेषांभेदमिमंश्रृणु ॥७॥

पदानि—आहारः तु अपि सर्वस्य त्रिविधः भवति प्रियः ॥
यज्ञः तपः तथा दानं तेषां भेदं इमं श्रृणु ॥७॥

अन्वयार्थः—**तु** વળી **सर्वस्य** સર્વ પ્રાણીને **प्रियः** પ્રિય **आहारः** આહાર **अपि** પણ **त्रिविधः** ત્રણ પ્રકારનોજ **भवति** હોય છે **तथा** તથા **यज्ञः** યજ્ઞ **तपः** તપ **दानं** દાન 'એ પણ ત્રણ પ્રકારનુંજ હોય છે' **तेषां** તે 'આહારાદિકોના' **इमं** આ **भेदं** 'સાત્વિકાદિક' **श्रृणु** ભેદને શ્રવણ કર

टीका—પ્રથમ કહેલી શ્રદ્ધાજ કેવળ ત્રણ પ્રકારની છે એટલુંજ નહિ પરન્તુ સર્વ પ્રાણિયોનો પ્રિય આહાર પણ ત્રણ પ્રકારનો છે. તેવી રીતે ધર્મની ઉત્પત્તિદ્વારા સ્વર્ગાદિકરૂપ અદૃષ્ટઅર્થની સિદ્ધિ કરનારા જે યજ્ઞ, તપ, અને દાન તે પણ સાત્વિક, રાજસ અને તામસ એવા ભેદવડે ત્રણ પ્રકારના છે, તે આહારાદિકનો સાત્વિકાદિક ભેદ હું તને કહું છું તે તું સાવધાન થઇને શ્રવણ કર. ॥ ૭ ॥

मूलम्—आयुःसत्त्वबलारोग्य-सुखप्रीतिविवर्द्धनाः ॥
रस्याःस्निग्धाःस्थिराहृद्याआहाराःसात्विकप्रियाः ॥८॥

पदानि—आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्द्धनाः ॥
रस्याः स्निग्धाः स्थिराः हृद्याः आहाराः सात्त्विकप्रियाः

अन्वयार्थः—**आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्द्धनाः** આયુષ્, સત્ત્વ બલ, આરોગ્ય, સુખ અને પ્રીતિ એ સર્વને વધારનારા **रस्याः** અત્યન્ત સ્વાદુ **स्निग्धाः** સ્નિગ્ધ **स्थिराः** સ્થિર **हृद्याः** હૃદ્ય 'એવા' **आहाराः** આહારો **सात्त्विकप्रियाः** સાત્વિક પુરૂષોને પ્રિય છે.

टीका—ઘણાકાળ સુધી જે જીવવું તેનું નામ આયુષ્ છે, બલવાન્ દુઃખ પ્રાપ્ત થાય તોપણ નિર્વિકારપણે જે ચિત્તમાં ધૈર્ય રાખવું તેનું નામ સત્વ છે, પોતાને યોગ્ય કામ કરવામાં પરિશ્રમ પડવા ન આપે એવું જે શરીરનું સામર્થ્ય તેનું નામ બલ છે, જ્વર અને શૂલ આદિક વ્યાધિયોનો જે અભાવ તેનું નામ આરોગ્ય છે, ભોજન પછી જે પોતાની અન્દર તૃપ્તિ તેનું નામ સુખ છે, ભોજનવિષે ઇચ્છાનું જે ઉત્કૃષ્ટપણું તેનું નામ પ્રીતિ છે, એવી રીતે આયુષ્ય સત્ત્વ બલ આરોગ્ય સુખ અને પ્રીતિ એ સર્વને જે આહાર વૃદ્ધિ પમાડનારા છે તથા જે આહાર રસ્ય છે અર્થાત્ મધુર રસની પ્રધાનતાવડે અત્યન્ત સ્વાદુ છે તથા જે આહાર સ્નિગ્ધ છે અર્થાત્ જે સ્વભાવસિદ્ધ સ્નેહવડે તથા આગન્તુક એવા ઘૃતાદિકરૂપી સ્નેહવડે યુક્ત છે તથા જે આહાર સ્થિર છે અર્થાત રસાદિક અંશવડે શરીરમાં ચિરકાળપર્યન્ત રહેનારા છે તથા જે આહાર હૃદ્ય છે અર્થાત દુર્ગન્ધાદિક દોષથી રહિત હોવાથી જે પોતાને જોવામાત્રથીજ હૃદયની પ્રસન્નતા આપે છે તે આહાર સાત્ત્વિક પુરૂષોનેજ પ્રિય થાય છે અને તે આહાર પણ સાત્ત્વિક છે. ॥ ૮ ॥

મૂલમ્—कट्वम्ललवणात्युष्ण-तीक्ष्णरूक्षविदाहिनः ॥
आहाराराजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥

પદાનિ—कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ॥
आहाराः राजस[illegible]इष्टाः दुःख शोकामयप्रदाः ॥९॥

अन्वयार्थः—**कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः** કટુ, અમ્લ, લવણ, અતિઉષ્ણ, તીક્ષ્ણ, રૂક્ષ, દાહ કરનારા ‘ તથા ’ **दुःखशोकामयप्रदाः** દુઃખ, શોક અને રોગ એ ત્રણેની પ્રાપ્તિ કરનારા એવા **आहाराः** આહારો **राजसस्य** રાજસ ‘ પુરૂષને ’ **इष्टाः** ઇષ્ટ છે.

टीका—આ ઠેકાણે **अति उष्ण** એ શબ્દમાં રહેલા **अति** શબ્દનો કટુ આદિક સાત શબ્દોની સાથે અન્વય કરવો, તેથકી આવો અર્થ સિદ્ધ થાય છે કે જે આહાર અતિ કટુ છે, અતિ ખાટા છે, અતિ ખારા છે, અતિ ઉના છે, અતિ તીક્ષ્ણ છે, અતિ રૂક્ષ છે, તથા અતિ દાહ કરનારા છે, તથા દુઃખ શોક અને રોગ એ ત્રણેની પ્રાપ્તિ કરનારા છે તે આહાર રાજસ પુરૂષને પ્રિય છે. તેમાં નિમ્બઆદિકનો આહાર અતિ કટુ કહેવાય છે, લીંબુ આદિકનો આહાર અતિ અમ્લ કહેવાય છે, સૈન્ધવાદિકનો આહાર અતિ લવણ કહેવાય છે, જે આહાર કર્યાપછી મુખ તથા હાથને દાહ થાય તે આહાર અતિઉષ્ણ કહેવાય છે, મરચાંઆદિકનો આહાર અતિ તીક્ષ્ણ કહેવાય છે, કાંગ અને કોદરા આદિકનો આહાર અતિ રૂક્ષ કહેવાય છે, અત્યન્ત સન્તાપની પ્રાપ્તિ કરનારો જે આહાર તે અતિ વિદાહી કહેવાય છે, એવી રીતે તેનાં લક્ષણ છે. એ આહાર રાજસ પુરૂષને પ્રિય છે. ॥ ૯ ॥

મૂલમ્—यातयामंगतरसं पूतिपर्युषितंचयत्॥

उच्छिष्टमपिचामेध्यं भोजनंतामसप्रियम् ॥१०॥

पदानि—यातयामं गतरसं पूति पर्युषितं च यत् ॥
उच्छिष्टं अपि च अमेध्यं भोजनं तामस प्रियम् ॥१०॥

अन्वयार्थः—**च** તથા **यत्** જે 'ભોજન' **यातयामं** અર્દ્ધ પાકેલું **गतरसं** 'અત્યન્ત પાકવાથી' સુકાયેલું **पूति** દુર્ગન્ધવાળું **पर्युषितं** 'એક રાત જવાથી' ટાઢું **उच्छिष्टं** ઉચ્છિષ્ટ **अपि च** તથા **अमेध्यं** અમેધ્ય છે તે **भोजनं** ભોજન **तामसप्रियं** તામસ પુરૂષોને પ્રિય છે

टीका—જે આહાર યાતયામ છે અર્થાત્ અર્દ્ધ પકવ છે અથવા જે ભાતઆદિક આહાર પ્રહરાદિક કાળના વ્યવધાનથી શીતલતા પામેલો છે તે આહારનું નામ યાતયામ છે તથા જે આહારનો સારભાગ કહાડી લીધો છે તે આહારનું નામ ગતરસ છે તથા જે આહાર દુર્ગન્ધિવાળો છે તથા જે અગ્નિવડે પકવ થયેલો છે તે એક રાત્રિના વ્યવધાનથી ભોજન કરનારા પુરૂષને તત્કાળ ઉન્માદની પ્રાપ્તિ કરનારો છે તથા જે આહાર કોઇના ભોજન થયાપછી ઉચ્છિષ્ટ થયો છે તથા જે આહાર યજ્ઞને અયોગ્ય અને માંસ મત્સ્યાદિકરૂપે છે, તે સઘળા આહાર તામસ પુરૂષોને પ્રિય છે માટે સાત્વિક પુરૂષોએ તેનો ત્યાગ કરવો. ॥ ૧૦ ॥

मूलम्—अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टोयइज्यते ॥
यष्टव्यमेवेतिमनः समाधायससात्त्विकः ॥११॥

पदानि—अफलाकाङ्क्षिभिः यज्ञः विधिदृष्टः यः इज्यते ॥
यष्टव्यं एव इति मनः समाधाय सः सात्विकः ॥११॥

अन्वयार्थः—**अफलाकाङ्क्षिभिः** ફલની ઇચ્છાથી રહિત પુરૂષોએ **यष्टव्यं एव** આ અવશ્ય યજન કરવા યોગ્યજ છે **इति** એ પ્રકારે **मनः** મને **समाधाय** નિશ્ચિત કરીને **यः** જે **विधिदृष्टः** શાસ્ત્રવિહિત **यज्ञः** યજ્ઞ **इज्यते** અનુષ્ઠાન કરાય છે **सः** તે 'યજ્ઞ' **सात्विकः** સાત્વિક કહેવાય છે.'

टीका—અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ, અને જ્યોતિષ્ટોમ, ઇત્યાદિકનું નામ યજ્ઞ કહેવાય છે. તે યજ્ઞ બે પ્રકારનો હોય છે એક કામ્યયજ્ઞ અને બીજો નિત્યયજ્ઞ. સ્વર્ગાદિ ફલના સંયોગવડે વિધાન કરેલો જે યજ્ઞ તેનું નામ કામ્યયજ્ઞ કહેવાય છે. તે કામ્યયજ્ઞ સર્વ અંગની સંપૂર્ણતાપૂર્વક પોતાથીજ કરાય છે પણ બ્રાહ્મણાદિક પ્રતિનિધિ દ્વારા કરાતો નથિ. ॥ **यावज्जीवमग्निहोत्रंजुहोति** ॥ ઇત્યાદિક વચનોવડે ફલના સંયોગવિનાજ કેવળ જીવનાદિક નિમિત્તના સંયોગવડે કહેલો જે યજ્ઞ-સર્વ અંગોની પૂર્ણતાનો અભાવ છતે બ્રાહ્મણાદિક પ્રતિનિધિવડે પણ કરાય છે તે યજ્ઞ નિત્યયજ્ઞ કહેવાય છે. એ નિત્યયજ્ઞ અવશ્ય કરવાયોગ્ય છે એ પ્રકારે મનમાં નિશ્ચય કરીને જે શાસ્ત્રવિહિત યજ્ઞ કરાય છે તે યજ્ઞ સાત્વિક કહેવાય છે. ॥ ૧૧ ॥

मूलम्—अभिसन्धायतुफलं दम्भार्थमपिचैवयत् ॥
ईज्यतेभरतश्रेष्ठ तंयज्ञंविद्धिराजसम् ॥१२॥

पदानि—अभिसन्धाय तु फलं दम्भार्थं अपि च एव यत् ॥
ईज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥१२॥

अन्वयार्थः—**भरतश्रेष्ठ** હે ભરતવંશમાં શ્રેષ્ઠ ! **तु** વળી **फलं** 'સ્વર્ગાદિક' ફલને **अभिसन्धाय** ઉદ્દેશ કરીને **च एव** તથા **दम्भार्थं** દંભનેમાટે **अपि** પણ **यत्** જે 'યજ્ઞ' **ईज्यते** અનુષ્ઠાન કરાય છે **तं** તે **यज्ञं** યજ્ઞને 'તું' **राजसं** રાજસ **विद्धि** જાણ.

टीका—હે ભરતકુલમાં શ્રેષ્ઠ અર્જુન ! પુરૂષોની કામનાનાં વિષયભૂત જે સ્વર્ગાદિક ફલ તેનો ઉદ્દેશ કરીને જે યજ્ઞ કરાય પણ અન્તઃકરણની શુદ્ધિના ઉદ્દેશ માટે જે કરાતો નથિ તથા લોકમાં અમે ધર્માત્મા છિયે એમ દંભને માટે પણ જે યજ્ઞ કરાય છે તે યજ્ઞને તું રાજસયજ્ઞ છે એમ જાણ. આ ઠેકાણે ॥ भरतश्रेष्ठः ॥ એ સમ્બોધનવડે શ્રીભગવાને અર્જુનમાં તે રાજસ કર્મનો પરિત્યાગ કરવાની યોગ્યતા સૂચન કરી. ॥ ૧૨ ॥

मूलम्—विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ॥
श्रद्धाविरहितंयज्ञं तामसंपरिचक्षते ॥ १३ ॥

पदानि—विधिहीनं असृष्टान्नं मन्त्रहीनं अदक्षिणम् ॥
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥१३॥

अन्वयार्थः—**विधिहीनं** શાસ્ત્રના વિધિથી રહિત **असृष्टान्नं** અન્નદાનથી રહિત **मंत्रहीनं** મંત્રથી રહિત **अदक्षिणम्** દક્ષિણાથી રહિત **श्रद्धाविरहितं** શ્રદ્ધાથી રહિત એવા **यज्ञं** યજ્ઞને 'વેદ જાણનારા શિષ્ટ પુરૂષો' **तामसं** તામસ 'યજ્ઞ' **परिचक्षते** કહે છે.

टीका—જે યજ્ઞ વિધિહીન છે અર્થાત્ જે પ્રકારે શાસ્ત્રે તે યજ્ઞ કરવામાટે કહ્યું હોય તે શાસ્ત્રોક્ત રીતિથી જે યજ્ઞ વિપરીત છે તથા જે યજ્ઞમાં બ્રાહ્મણાદિકોને અન્નદાન કરાતું નથિ તથા જે યજ્ઞ ઉદાત્તાદિક સ્વરોવડે તથા કકારાદિક વર્ણોવડે બરોબર યુક્ત એવા મંત્રોથી રહિત છે તથા જે યજ્ઞ દક્ષિણાથી રહિત છે તથા જે યજ્ઞ ઋત્વિક્ અને બ્રાહ્મણાદિકના દ્વેષાદિક થવાથી શ્રદ્ધા રહિત છે તે યજ્ઞને વેદ જાણનારા શિષ્ટ પુરૂષો તામસયજ્ઞ કહે છે. ॥ ૧૩ ॥

मूलम्—देवद्विजगुरुप्राज्ञ-पूजनंशौचमार्जवम् ॥
ब्रह्मचर्यमहिंसाच शारीरंतपउच्यते ॥१४॥

पदानि—देवद्विजगुरुप्राज्ञपूजनं शौचं आर्जवम् ॥
ब्रह्मचर्यं अहिंसा च शारीरं तपः उच्यते ॥१४॥

अन्वयार्थः—**देवद्विजगुरुप्राज्ञपूजनं** દેવ, દ્વિજ, ગુરૂ, અને પ્રાજ્ઞ એ સર્વેનું પૂજન **शौचं** શરીરની શુદ્ધિ **आर्जवं** આર્જવ **ब्रह्मचर्यं** બ્રહ્મચર્ય **च** તથા **अहिंसा** અહિંસા ' એ સર્વ ' **शारीरं** શરીર સમ્બન્ધી **तपः** તપ **उच्यते** કહેવાય છે.

टीका—બ્રહ્માદિક દેવોનું પૂજન, સદાચારયુક્ત ઉત્તમ બ્રાહ્મણોનું પૂજન, પિતા માતા અને આચાર્ય વગેરે વૃદ્ધ પુરૂષોરૂપી ગુરૂઓનું પૂજન, વેદના અર્થ જાણનારા પ્રાજ્ઞ પુરૂષોનું પૂજન, શરીરની શુદ્ધિ, આર્જવ, બ્રહ્મચર્ય તથા અહિંસા, એ સર્વ શરીરસમ્બધી તપ કહેવાય છે. એ પ્રકારે દેવ પૂજનને આદિ લઇ અહિંસા પર્યન્ત સર્વ શારીર તપ છે.

मूलम्—अनुद्वेगकरंवाक्यं सत्यंप्रियहितंचयत् ॥
स्वाध्यायाभ्यसनंचैव वाङ्मयंतपउच्यते ॥१५॥

पदानि—अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ॥
स्वाध्यायाभ्यसनं च एव वाङ्मयं तपः उच्यते ॥१५॥

अन्वयार्थः—**अनुद्वेगकरं** ઉદ્વેગની પ્રાપ્તિ નહિ કરનારૂં **सत्यं** સત્ય **च** તથા **प्रियहितं** પ્રિયહિત એવું **यत्** જે **वाक्यं** વાક્ય **च एव** તેમજ **स्वाध्यायाभ्यसनं** વેદોનો અભ્યાસ ' એ સર્વ ' **वाङ्मयं** વાઙ્મય **तपः** તપ **उच्यते** કહેવાય છે.

टीका—જે વાકય કોઈ પણ સાંભળનાર પ્રાણીને દુઃખની પ્રાપ્તિ કરતું નથિ તથા જે વાકય સત્ય છે તથા જે વાકયનો અર્થ કોઈ અન્ય પ્રમાણવડે બાધ પામતો નથિ તથા જે વાકય પોતાના ઉચ્ચારણ કાળમાંજ શ્રોતા પુરૂષોની શ્રોત્રઇંદ્રિયને સુખ પ્રાપ્તિ કરનારૂં છે તથા જે વાકય આગળ જતાં પરિણામમાં પણ શ્રોતા પુરૂષને સુખકારક છે. એવી રીતે જે વાકયનો ઉચ્ચાર કરવો તેનું નામ વાઙ્ગમય તપ છે અર્થાત્ વાચિક તપ કહેવાય છે અને શાસ્ત્રે વેદોના અધ્યયન કાળમાં જે જે નિયમ કહેલા છે તે શાસ્ત્રોક્ત નિયમ પૂર્વક જે ઋગાદિક વેદોનો અભ્યાસ તે પણ વાચિક તપ કહેવાય છે. ॥ ૧૫ ॥

मूलम्—मनःप्रसादःसौम्यत्वं मौनमात्मविनिग्रहः ॥
भावसंशुद्धिरित्येत-त्तपोमानसमुच्यते ॥१६॥

पदानि—मनः प्रसादः सौम्यत्वं मौनं आत्मविनिग्रहः ॥
भावसंशुद्धिः इति एतत् तपः मानसं उच्यते ॥१६॥

अन्वयार्थः—**मनःप्रसादः** મનનો પ્રસાદ **सौम्यत्वं** સૌમ્યપણું **मौनं** મૌન **आत्मविनिग्रहः** મનનો વિગ્રહ **भावसंशुद्धिः** હૃદયની શુદ્ધિ **इति** એ પ્રકારે **एतत्** એ 'સર્વે' **तपः** તપ **मानसं** માનસ ' તપ ' **उच्यते** કહેવાય છે.

टीका—વિષયોની ચિન્તાથી રહિતપણારૂપી જે મનની સ્વસ્થતા તેનું નામ મનઃપ્રસાદ છે અને સર્વ લોકોના હિતની ઇચ્છા કરવી તથા શાસ્ત્રનિષિદ્ધ પદાર્થોનું ચિન્તન ન કરવું, એમ જે સારૂં મન રાખવું તેનું નામ સૌમ્યત્વ છે અને વાક્ ઇન્દ્રિયના સંયમભૂત જે મનનો સંયમ તેનું નામ મૌન છે. મનની સર્વ વૃત્તિયોનો જે વિશેષે કરીને નિગ્રહ કરવો તેનું નામ આત્મવિનિગ્રહ છે. હૃદયમાં કામ ક્રોધાદિરૂપ અશુદ્ધિને જે ન ઉત્પન્ન કરવી તેનું નામ ભાવસંશુદ્ધિ છે અથવા વ્યવહારકાળમાં અન્ય પુરૂષોની સાથે જે છલકપટરૂપ માયાથી રહિત થવું તેનું નામ ભાવસંશુદ્ધિ છે. એ પ્રકારે મનઃપ્રસાદને આદિ લઈ ભાવસંશુદ્ધિ પર્યન્ત સર્વ માનસ તપ કહેવાય છે ॥ ૧૬ ॥

मूलम्—**श्रद्धयापरयातप्तं तपस्तत्त्रिविधंनरैः ॥**
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकंपरिचक्षते ॥१७॥

पदानि—**श्रद्धया परया तप्तं तपः तत् त्रिविधं नरैः ॥**
अफलाकाङ्क्षिभिः युक्तैः सात्त्विकं परिचक्षते ॥१७॥

अन्वयार्थः—**अफलाकाङ्क्षिभिः** ફલની ઇચ્છાથી રહિત **युक्तैः** એકાગ્રચિત્તવાળા **नरैः** પુરૂષોએ **परया** પરમ **श्रद्धया** શ્રદ્ધાવડે **तप्तं** તપેલું **तपः** ' પૂર્વોક્ત ' તપ **त्रिविधं** ત્રણ પ્રકારનું છે **तत्** તે ' તપને શિષ્ટ પુરૂષો ' **सात्त्विकं** સાત્વિક ' તપ ' **परिचक्षते** કહે છે.

टीका—ફલની ઇચ્છાથી રહિત જે યુક્ત પુરૂષો અર્થાત કાર્યની સિદ્ધિ અસિદ્ધિમાં હર્ષ વિષાદરૂપ વિકારભાવથી રહિત જે એકાગ્રચિત્તવાળા પુરૂષો છે તેઓએ આસ્તિક્ય બુદ્ધિરૂપ શ્રદ્ધાવડે અનુષ્ઠાન કરેલું જે શારીર, વાચિક, અને માનસ એ ત્રણ પ્રકારનું તપ, તેને વેદ જાણનારા શિષ્ટપુરૂષો સાત્ત્વિકતપ કહે છે. ॥ ૧૭ ॥

मूलम्—**सत्कारमानपूजार्थं तपोदम्भेनचैवयत् ॥**
क्रियतेतदिहप्रोक्तं राजसंचलमध्रुवम् ॥१८॥

पदानि—**सत्कारमानपूजार्थं तपः दम्भेन च एव यत् ॥**
क्रियते तत् इह प्रोक्तं राजसं चलं अध्रुवम् ॥१८॥

अन्वयार्थः—**च** તથા **यत्** જે **तपः** તપ **सत्कारमानपूजार्थं** સત્કાર માન અને પૂજાને વાસ્તે **दंभेन एव** દંભવડેજ **क्रियते** કરાય છે **तत्** તે ' તપ શિષ્ટપુરૂષોએ ' **राजसं** રાજસ **प्रोक्तं** કહ્યું છે. ' તે તપ ' **इह** આ લોકમાં ફલ આપે છે **चलं** ચલ ' છે તથા ' **अध्रुवं** અધ્રુવ છે.

टीका– આ તપસ્વી પુરૂષ ઘણો શ્રેષ્ઠ છે એ પ્રકારે અવિવેકી પુરૂષોએ કરેલી જે સ્તુતિ તેનું નામ સત્કાર છે અને અવિવેકી પુરૂષોએ કરેલું જે અભ્યુત્થાનાદિક તેનું નામ માન છે. અને અવિવેકી પુરૂષોયે કરેલું જે પાદપ્રક્ષાલન, અર્ચન અને ધનનું દાન તેનું નામ પૂજા છે. એવી રીતે સત્કાર માન તથા પૂજામાટે કેવળ દંભવડે જે તપ કરાય તેનું નામ શાસ્ત્રવેત્તાઓએ રાજસં તપ કહ્યું છે. તે તપ આ લોકમાંજ કેવળ ફલ આપનારૂં છે અને અલ્પ કાળસુધી રહેનારા ફલને આપનારૂં છે તથા અધ્રુવ છે અર્થાત્ ફલની કારણુતાના નિયમથી રહિત છે કારણકે રાજસતપ કરનારા પુરૂષોને નિયમથી ફલ પ્રાપ્ત થતું નથિ. ॥ ૧૮ ॥

मूलम्—मूढग्राहेणात्मनोयत् पीडयाक्रियतेतपः ॥
परस्योत्सादनार्थंवा तत्तामसमुदाहृतम् ॥१९॥

पदानि—मूढग्राहेण आत्मनः यत् पीडया क्रियते तपः ॥
परस्य उत्सादनार्थं वा तत् तामसं उदाहृतम् ॥१९॥

अन्वयार्थः—**यत्** જે **तपः** તપ **मूढग्राहेण** દુરાગ્રહવડે **आत्मनः** આ સંઘાતને **पीडया** પીડાવડે **क्रियते** કરાય છે. **वा** અથવા **परस्य** અન્ય પ્રાણીના **उत्सादनार्थं** વિનાશ કરવા માટે ' કરાય છે ' **तत्** તે 'તપ શિષ્ટ પુરૂષોએ' **तामसं** તામસ **उदाहृतं** કહ્યું છે.

टीका—ઘણા અવિવેકથી કરેલા દુરાગ્રહવડે દેહ ઇન્દ્રિયરૂપ સાંઘાતની પીડા કરીને જે તપ કરાય છે અથવા બીજા કોઈ પ્રાણિયોના વિનાશમાટે જે તપ કરાય છે તે તપને શાસ્ત્રવેત્તા શિષ્ટપુરૂષોએ તામસ તપ કહેલું છે. ॥ ૧૯ ॥

मूलम्—दातव्यमितियद्दानं दीयतेऽनुपकारिणे ॥
देशेकालेचपात्रेच तद्दानंसात्त्विकंस्मृतम् ॥२०॥

पदानि—दातव्यं इति यत् दानं दीयते अनुपकारिणे ॥
देशे काले च पात्रे च तत् दानं सात्त्विकं स्मृतम् ॥२०॥

अन्वयार्थः—**दातव्यं** આ દાન અવશ્ય કરવા યોગ્ય છે **इति** એ પ્રકારના ' નિશ્ચયવડે ' **यत्** જે **दानं** દાન **देशे** ' ઉત્તમ ' દેશમાં **च** તથા **काले** ' ઉત્તમ ' કાળમાં **च** તથા **अनुपकारिणे** અનુપકારી **पात्रे** પાત્રમાં **दीयते** અપાય છે **तत्** તે **दानं** દાન **सात्त्विकं** સાત્વિક **स्मृतं** કહ્યું છે.

टीका—આ દાન મારે અવશ્ય કરવા યોગ્ય છે એ પ્રકારના નિશ્ચયવડે તથા તે દાનના ફ્લની ઇચ્છાથી રહિત થઇને સુવર્ણ અન્ન ભૂમિ ગાય; ઇત્યાદિક પદાર્થોનું દાન, ઉત્તમ દેશ, તથા ઉત્તમ કાળમાં અનુપકારી પાત્રને આપવામાં આવે તે દાન શાસ્ત્ર જાણુનારા પુરૂષોએ સાત્વિક કહ્યું છે. કુરૂક્ષેત્રાદિક તીર્થભૂમિનું નામ ઉત્તમ દેશ છે અને સૂર્યગ્રહણાદિક કાળનું નામ ઉત્તમ કાળ છે અને જે પુરૂષ પોતાની ઉપર કોઇ વખતે પણ ઉપકાર કરતો નથિ તેનું નામ અનુપકારી છે. વિદ્યાદિક ગુણવડે જે બ્રાહ્મણયુક્ત હોય તેનું નામ પાત્ર છે. ॥ ૨૦ ॥

मूलम्—यत्तुप्रत्युपकारार्थं फलमुद्दिश्यवापुनः ॥
दीयतेचपरिक्लिष्टं तद्दानंराजसंस्मृतम् ॥२१॥

पदानि—यत् तु प्रत्युपकारार्थं कलं उद्दिश्य वा पुनः ॥
दीयते च परिक्लिष्टं तत् दानं राजसं स्मृतम् ॥२१॥

अन्वयार्थः—**पुनः** વળી **यत्तु** જે ' દાન ' **प्रत्युपकारार्थं** પ્રતિઉપકારમાટે **वा** અથવા **फलं** ' સ્વર્ગાદિક ' ફ્લને **उद्दिश्य** ઉદ્દેશ કરીને **च** તથા **परिक्लिष्टं** પશ્ચાત્તાપયુક્ત **दीयते** દેવાય છે **तत्** તે **दानं** દાન **राजसं** રાજસ **स्मृतं** કહ્યું છે.

टीका—જે દાન પ્રતિ ઉપકારમાટે દેવાય છે અર્થાત્ આ બ્રાહ્મણને જો હું દાન આપીશ તો આ બ્રાહ્મણ કોઇ પણ વખતે મારી ઉપર ઉપકાર કરશે, એ પ્રકારની બુદ્ધિવડે કેવળ દૃષ્ટ પ્રયોજનની સિદ્ધિમાટેજ જે દાન દેવાય છે અથવા આ દાનવડે મને સ્વર્ગાદિક ફ્લ મળશે એ પ્રકારે સ્વર્ગાદિક ફ્લના ઉદ્દેશવડે જે દાન દેવાય છે તથા આટલું બધું ધન મેં શામાટે ખરચ્યું, એ પ્રકારે પશ્ચાત્તાપવાળું થઇને જે દાન દેવાય છે તે દાન શાસ્ત્રવેત્તા શિષ્ટપુરૂષોએ રાજસ કહ્યું છે. આ ઠેકાણે ॥ **यत्तु** ॥ એ વચનમાં રહેલો તુ શબ્દ પ્રથમ કહેલા સાત્વિકદાનથી આ રાજસદાનમાં વિલક્ષણપણું જણાવવામાટે છે. ॥૨૧॥

मूलम्—अदेशकालेयद्दान-मपात्रेभ्यश्चदीयते ॥
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥२२॥

पदानि—अदेशकाले यत् दानं अपात्रेभ्यः च दीयते ॥
असत्कृतं अवज्ञातं तत् तामसं उदाहृतम् ॥२२॥

अन्वयार्थः—**च** તથા **यत्** જે **दानं** દાન **अदेशकाले** અદેશકાળમાં **अपात्रेभ्यः** અપાત્રોને **असत्कृतं** સત્કારથી રહિત **अवज्ञातं** અવજ્ઞાપૂર્વક **दीयते** અપાય છે **तत्** તે ' દાન શિષ્ટ પુરૂષોએ ' **तामसं** તામસ **उदाहृतं** કહ્યું છે.

टीका—સ્વભાવથી અથવા દુર્જન પુરૂષોના સમ્બન્ધથી પાપનું કારણરૂપ જે અપવિત્ર સ્થાન તેનું નામ અદેશ છે અને પુણ્યના કારણરૂપવડે અપ્રસિદ્ધ જે કોઇક કાળ તેનું નામ અકાળ છે અથવા અશૌચ કાળનું નામ અકાળ છે એવા અદેશ તથા અકાળમાં વિદ્યા અને તપથી રહિત પુરૂષોને જે સુવર્ણાદિક પદાર્થોનું દાન દેવાય તે દાન શાસ્ત્રવેત્તા શિષ્ટપુરૂષોએ તામસ કહેલું છે. ઉત્તમ દેશ ઉત્તમ કાળ અને ઉત્તમ પાત્ર આ ત્રણે પ્રાપ્ત હોય પણ જે સત્કારરહિત અને અવજ્ઞાપૂર્વક દેવાય તે દાનને શિષ્ટપુરૂષોએ તામસ કહેલું છે. ॥ ૨૨ ॥

मूलम्—ॐतत्सदितिनिर्देशो-ब्रह्मणस्त्रिविधःस्मृतः ॥
ब्राह्मणास्तेनवेदाश्च यज्ञाश्चविहिताः पुरा ॥२३॥

पदानि—ॐ तत् सत् इति निर्देशः ब्रह्मणः त्रिविधः स्मृतः ॥
ब्राह्मणाः तेन वेदाः च यज्ञाः च विहिताः पुरा ॥२३॥

अन्वयार्थः—**ॐतत्सत्** ॐ તત્સત્ **इति** એ પ્રકારના **त्रिविधः** ત્રણ અવયવવાળું **ब्रह्मण** પરબ્રહ્મનું **निर्देशः** નામ **स्मृतः** સ્મરણ કર્યું છે **च** અને **तेन** તે નામવડે **पुरा** સૃષ્ટિના આદિકાળમાં ' પ્રજાપતિયે ' **ब्राह्मणाः** બ્રાહ્મણાદિક કર્ત્તા **वेदाः** 'કરણરૂપ' વેદો **च** તથા **यज्ञाः** ' કર્મરૂપ ' યજ્ઞો **विहिताः** ઉત્પન્ન કર્યા છે.

टीका—જેમ **अकार उकार** અને **मकार** એ ત્રણ અવયવોવાળું એકજ પ્રણવ નામ પરબ્રહ્મનું છે તેમ ॐ **तत्** અને **सत्** એ ત્રણ અવયવવાળું એ એક પરબ્રહ્મનું નામ વેદાન્ત જાણનારા પુરૂષોએ સ્મરણ કર્યું છે. તેમાટે હમણાં પણ વેદાન્ત જાણનારાઓએ ॐ **तत्सत्** એ પરબ્રહ્મનું નામ અવશ્ય સ્મરણ કરવું. એ નામ સ્મરણ કરવાથી પુરૂષને યજ્ઞ, તપ અને દાનાદિક કર્મોમાં વિગુણતા દોષની પ્રાપ્તિ થતી નથિ તે નામવડે સૃષ્ટિના આદિકાળમાં પ્રજાપતિયે બ્રાહ્મણાદિક કર્ત્તા, કરણરૂપ વેદ તથા કર્મરૂપ યજ્ઞો ઉત્પન્ન કર્યા છે. ॥ ૨૩ ॥

मूलम्—तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ॥
प्रवर्त्तन्तेविधानोक्ताः सततंब्रह्मवादिनाम् ॥२४॥

पदानि—तस्मात् ॐ इति उदाहृत्य यज्ञदानतपः क्रियाः ॥
प्रवर्त्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥

अन्वयार्थः—**तस्मात्** તે કારણુમાટે ૐ ૐ **इति** એવી રીતના શબ્દને **उदाहृत्य** ઉચ્ચારણુ કરીને **ब्रह्मवादिनां** વેદવેત્તા શિષ્ટપુરૂષોની **विधानोक्ताः** વિધિશાસ્ત્રોક્ત **यज्ञदानतपः क्रियाः** યજ્ઞ દાન અને તપરૂપ ક્રિયાઓ **सततं** નિરન્તર **प्रवर्त्तन्ते** પ્રવર્ત્તે છે.

टीका—તે માટે ૐ એ શબ્દના ઉચ્ચારણુવડેજ વેદવેત્તા શિષ્ટપુરૂષોની વિધિશાસ્ત્રબોધિત યજ્ઞ, દાન અને તપરૂપ સર્વ ક્રિયાઓ નિરન્તર પ્રવર્તે છે અર્થાત્ તે પુરૂષો શાસ્ત્રવિહિત જે જે યજ્ઞ, તપ અને દાનાદિરૂપ ક્રિયા કરે છે તે તે ક્રિયાથી પૂર્વે ૐ એ શબ્દનો ઉચ્ચાર કરીનેજ તે તે ક્રિયા કરે છે. તે ૐકારના ઉચ્ચારણુના પ્રભાવથી વેદવેત્તા પુરૂષોની યજ્ઞદાનાદિકરૂપ ક્રિયાઓ ત્રિગુણુતા દોષથી રહિત થઇને સમાપ્ત થાય છે. ॥૨૪॥

मूलम्—तदित्यनभिसन्धाय फलंयज्ञतपःक्रियाः ॥
दानक्रियाश्चविविधाःक्रियन्तेमोक्षकाङ्क्षिभिः २५

पदानि—तत् इति अनभिसन्धाय फलं यज्ञतपः क्रियाः ॥
दानक्रियाः च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥२५॥

अन्वयार्थः—**मोक्षकाङ्क्षिभिः** મોક્ષની ઇચ્છાવાળા પુરૂષોએ **तत्** તત્ **इति** એ શબ્દનું ' ઉચ્ચારણુ કરીને ' **फलं** ફલને **अनभिसन्धाय** ઇચ્છિને **विविधाः** નાનાપ્રકારની **यज्ञतपःक्रियाः** યજ્ઞ અને તપરૂપ ક્રિયાઓ **च** તથા **दानक्रियाः** દાનરૂપ ક્રિયાઓ **क्रियन्ते** કરાય છે.

टीका—મોક્ષની ઇચ્છાવાળા પુરૂષોયે **तत्** એ નામનું ઉચ્ચારણુ કરીને ફલની ઇચ્છારહિત થઈ જે પોતાના અન્તઃકરણુની શુદ્ધિમાટે નાનાપ્રકારની યજ્ઞરૂપ ક્રિયાઓ કરાય છે તથા નાનાપ્રકારની તપરૂપ ક્રિયાઓ કરાય છે તથા નાનાપ્રકારની દાનરૂપ ક્રિયાઓ કરાય છે. તે **तत्** શબ્દના ઉચ્ચારણુના પ્રભાવથી મુમુક્ષુજનોની યજ્ઞ, તપ અને દાનાદિરૂપ સર્વ ક્રિયા નિર્વિઘ્ને સમાપ્ત થાય છે માટે **तत्** શબ્દ પણુ અત્યન્ત શ્રેષ્ઠ છે. ॥ ૨૫ ॥

मूलम्—सद्भावेसाधुभावेच सदित्येतत्प्रयुज्यते ॥
प्रशस्तेकर्मणितथा सच्छब्दःपार्थयुज्यते ॥२६॥

पदानि—सद्भावे साधुभावे च सत् इति एतत् प्रयुज्यते ॥
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥२६॥

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **सद्भावे** સદ્ભાવમાં **च** તથા **साधुभावे** સાધુભા-

વમાં ' શિષ્ટપુરૂષોએ ' **सत्** સત **इति** એ પ્રકારે **एतत्** એ શબ્દ **प्रयुज्यते** જોડી શકાય છે **तथा** તથા **प्रशस्ते** શ્રેષ્ઠ **कर्मणि** કર્મમાં **सच्छब्दः** સત્ શબ્દ **युज्यते** જોડાય છે.

टीका—હે અર્જુન ! સત એવું જે બ્રહ્મનું નામ છે તેને શાસ્ત્રવેત્તા શિષ્ટપુરૂષો સદ્‌ભાવમાં ઉચ્ચારણ કરે છે અર્થાત્ જે વસ્તુની અવિદ્યમાનપણાની શંકા હોય તે વસ્તુના વિદ્યમાનપણામાં તે સત્ શબ્દ ઉચ્ચારણ કરાય છે તથા શિષ્ટપુરૂષો સાધુભાવમાં પણ તે સત્ શબ્દનો ઉચ્ચાર કરે છે અર્થાત્ જે વસ્તુની અસાધુપણાની શંકા હોય તે વસ્તુના સાધુપણામાં પણ તે શબ્દ ઉચ્ચારણ કરાય છે માટે આ સત્ શબ્દ વિગુણતા દોષની નિવૃત્તિ કરીને તે યજ્ઞાદિક કર્મોનું સાધુપણું કરવામાટે તથા તે યજ્ઞાદિક કર્મોના ફલની વિદ્યમાનતા કરવાને સમર્થ છે અને તેથી શ્રેષ્ટ કર્મમાં તે જોડાય છે. ॥ ૨૬ ॥

मूलम्--यज्ञेतपसिदानेच स्थितिःसदितिचोच्यते ॥
कर्मचैवतदर्थीयं सदित्येवाभिधीयते ॥२७॥

पदानि—यज्ञे तपसि दाने च स्थितिः सत् इति च उच्यते ॥
कर्म च एव तदर्थीयं सत् इति एव अभिधीयते ॥२७॥

अन्वयार्थः—**च** તથા **यज्ञे** યજ્ઞમાં **तपसि** તપમાં **च** તથા **दाने** દાનમાં **स्थितिः** સ્થિતિ ' પણ ' **सत्** સત્ **इति** એ પ્રકારે **उच्यते** કહેવાય છે **च** તથા **तदर्थीयं** તદર્થીય **कर्म** કર્મ **एव** પણ **सत्** સત્ **इति एव** એ પ્રકારેજ **अभिधीयते** કહેવાય છે.

टीका—તથા યજ્ઞમાં, તપમાં અને દાનમાં જે સ્થિતિ છે તેને પણ વિદ્વાન્ પુરૂષોએ સત્ એવા નામવડે કહેલી છે. તથા તદર્થીય કર્મ પણ સત્ એવા નામવડે કહેલું છે. તેમાં યજ્ઞ, તપ અને દાનરૂપ અર્થોમાં ઉત્પન્ન થયેલો જે તે યજ્ઞાદિકોને અનુકુલ કર્મવિશેષ તેનું નામ તદર્થીય કર્મ છે. અથવા જે બ્રહ્મનું સત્ એવું નામ કહેલું છે તે બ્રહ્મ છે વિષય જેનો તેનું નામ તદર્થ છે અને એવું તદર્થરૂપ શુદ્ધ બ્રહ્મવિષયક જ્ઞાન છે. તે બ્રહ્મજ્ઞાનને અનુકુલ જે કર્મ તેનું નામ તદર્થીય કર્મ છે. એવા તદર્થીય કર્મને પણ વિદ્વાન્ પુરૂષો સત્ એવા નામથી કહે છે. ॥ ૨૭ ॥

मूलम्—अश्रद्धयाहुतंदत्तं तपस्तप्तंकृतंचयत् ॥
असदित्युच्यतेपार्थ नचतत्प्रेत्यनोइह ॥२८॥

पदानि—अश्रद्धया हुतं दत्तं तपः तप्तं कृतं च यत् ॥
असत् इति उच्यते पार्थ न च तत् प्रेत्य तो इह ॥२८॥

अन्वयार्थः—पार्थ હે પાર્થ ! **अश्रद्धया** અશ્રદ્ધાવડે **हुतं** હોમેલું **दत्तं** દાન કરેલું **तपः तप्तं** તપ કરેલું **च** તથા **यत्** જે કોઇ બીજું 'પણ કર્મ' **कृतं** કરેલું 'હોય તે સર્વે' **असत्** અસત્ **इति** એ નામવડે **उच्यते** કહેવાય છે **च** કારણકે **तत्** તે 'શ્રદ્ધારહિત કર્મ ' **प्रेत्य** પરલોકમાં ' પણ ' **न** ' ફલ આપતું ' નથિ **इह** આ લોકમાં ' પણ **नो** ' ફલ આપતું ' નથિ.

टीका—હે પાર્થ ! પુરૂષે અશ્રદ્ધાવડે જે અગ્નિમાં હોમેલું છે તથા બ્રાહ્મણોને સુવર્ણાદિક પદાર્થોનું દાન આપેલું છે તથા શારીર તપ, વાચિક તપ, માનસ તપ, એ ત્રણ પ્રકારનું જે તપ કરાયલું છે તથા એથકી પણ અન્ય જે સ્તુતિ નમસ્કારાદિક કર્મ કરાયલું છે; તે અશ્રદ્ધાવડે કરેલાં હવનાદિક સર્વે કર્મ અસત્ એ પ્રકારના નામવડે કહેવાય છે માટે શ્રદ્ધાવિના કરેલાં તે કર્મોનો ॥ ॐ **तत्सत्** ॥ એ નામવડે તે સાધુભાવ કરી શકાતો નથિ. ॥ ૨૮ ॥

इतिश्रीमन्महाभारते भीष्मपर्वणिश्रीमद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगोनाम सप्त[illegible]ऽध्यायः ॥ १७ ॥



ॐ

श्रीकृष्णायनमः

श्रीभगवानुवाच.

मूलम्—संन्यासस्यमहाबाहो तत्त्वमिच्छामिवेदितुम् ॥
त्यागस्यचहृषीकेश पृथक्केशिनिषूदन ॥१॥

पदानि—संन्यासस्य महाबाहो तत्त्वं इच्छामि वेदितुम् ॥
त्यागस्य च हृषीकेश पृथक् केशिनिषूदन ॥१॥

अन्वयार्थः—महाबाहो હે મહોટા હાથવાળા ! **हृषीकेश** હે ઇન્દ્રિયોના ઇશ ! **केशिनिषूदन** હે કેશિદૈત્યને નાશ કરનારા ! **संन्यासस्य** સંન્યાસનું **च** તથા **त्यागस्य** ત્યાગનું **तत्त्वं** સ્વરૂપ ' હું ' **पृथक्** જુદું જુદું **वेदितुं** જાણવાને **इच्छामि** ઇચ્છું છું ' તે કૃપા કરીને કહો.

टीका—હે મહાબાહો ! હે ઇન્દ્રિયોના ઇશ ! કેશિદૈત્યને નાશ કરનારા ! સંન્યાસનું તથા ત્યાગનું સ્વરૂપ હું પૃથક્ પૃથક્ જાણવાને ઇચ્છું છું તે મને કૃપા કરીને કહો. મહોટા જેના બે હાથ છે તેનું નામ મહાબાહુ છે અને કેશિનામના દૈત્યનો જેણે નાશ કર્યો છે તે કેશિનિષૂદન છે. એ બે સમ્બોધનવડે અર્જુને શ્રીભગવાન્‌માં બાહ્ય ઉપદ્રવ નિવૃત્ત કરવાનું સામર્થ્ય સૂચન કર્યું. હૃષીક એવું નામ ઇન્દ્રિયોનું છે તે ઇન્દ્રિયોનો જે ઇશ હોય અર્થાત્ પ્રવર્ત્તક હોય તેનું નામ હૃષીકેશ છે. એ સમ્બોધનવડે અર્જુને શ્રીભગવાન્‌માં અન્દરના કામ ક્રોધાદિક ઉપદ્રવોને નિવૃત્ત કરવાનું સામર્થ્ય સૂચન કર્યું. ॥ ૧ ॥

श्रीभगवानुवाच.

मूलम्—काम्यानांकर्मणांन्यासं संन्यासंकवयोविदुः ॥
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागंविचक्षणाः ॥२॥

पदानि—काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयः विदुः ॥
सर्वकर्मफलत्यागं प्राहुः त्यागं विचक्षणाः ॥२॥

अन्वयार्थः—काम्यानां કામ્ય **कर्मणां** કર્મના **न्यासं** ત્યાગને **कवयः** વિદ્વાનો **संन्यासं** સંન્યાસ **विदुः** જાણે છે ' તથા ' **विचक्षणाः** વિચારમાં કુશલ ' પુરૂષો ' **सर्वकर्मफलत्यागं** સર્વ કર્મોના ફલના ત્યાગને **त्यागं** ત્યાગ **प्राहुः** કહે છે.

टीका—॥ **स्वर्गकामोयजेत । पुत्रकामोयजेत** ॥ ઇત્યાદિક વિધિવચનોએ સ્વર્ગાદિક ફલની કામનાવાળા પુરૂષો પ્રત્યે વિધાન કરેલાં જે જ્યોતિષ્ટોમાદિક કામ્યકર્મ કે જે અન્તઃકરણની શુદ્ધિ કરવામાં કિંચિતમાત્રપણ ઉપયોગ આવતાં નથિ, એવા કામ્યકર્મોનો જે ત્યાગ તેને કેટલાક સૂક્ષ્મદર્શી પુરૂષો સંન્યાસરૂપ જાણે છે. આ એક પ્રથમ મત જાણવું. સર્વ કામ્યકર્મોના તથા સર્વ નિત્યકર્મોના ફલનો જે ત્યાગ અર્થાત્ અન્તઃકરણની શુદ્ધિની ઇચ્છાવડે અને જ્ઞાનની પ્રાપ્તિ માટે તે કામ્ય અને નિત્યરૂપ સર્વ કર્મનું અનુષ્ઠાન છે તે સર્વ કર્મના ફલના ત્યાગને વિચારમાં કુશલ પુરૂષો ત્યાગરૂપ કહે છે. આ બીજું મત જાણવું. ॥ ૨ ॥

मूलम्—त्याज्यंदोषवदित्येके कर्मप्राहुर्मनीषिणः ॥
यज्ञदानतपःकर्म नत्याज्यमितिचापरे ॥३॥

पदानि—त्याज्यं दोषवत् इति एके कर्म प्राहुः मनीषिणः ॥
यज्ञदानतपःकर्म न त्याज्यं इति च अपरे ॥३॥

अन्वयार्थः—दोषवत् દોષવાળું **कर्म** કર્મ **त्याज्यं** ત્યાગ કરવાયોગ્ય છે **इति** એ પ્રકારે **एके** કોઇક **मनीषिणः** બુદ્ધિ[illegible] ' પુરૂષો ' **प्राहुः** કહે છે **च** તથા **यज्ञदानतपः कर्म** યજ્ઞ દાન અને તપરૂપ કર્મ [illegible]**याज्यं** ત્યાગ કરવાયોગ્ય નથી **इति** એપ્રકારે **अपरे** બીજા ' બુદ્ધિમન્ત પુરૂષો કહે છે.

टीका—દોષવાળું સઘળું કર્મ મનુષ્યોને ત્યાગ કરવા યોગ્ય છે, એ પ્રકારે કોઇક બુદ્ધિમન્ત પુરૂષો કહે છે. આ શ્લોકના પૂર્વાર્દ્ધથી એક પક્ષ થયો, હવે શ્લોકના ઉત્તરાર્દ્ધવડે બીજો પક્ષ કહે છે કે હે અર્જુન ! અન્તઃકરણની શુદ્ધિથી રહિત જે કર્મના અધિકારી પુરૂષો તેઓએ અન્તઃકરણની શુદ્ધિદ્વારા જીજ્ઞાસાની ઉત્પત્તિમાટે યજ્ઞ દાન અને તપરૂપ કર્મ કોઈ વખતે પણ ત્યાગ કરવું નહિ, એમ બીજા બુદ્ધિમન્ત પુરૂષો કહે છે. ॥ ૩ ॥

मूलम्—निश्चयंशृणुमेतत्र त्यागेभरतसत्तम ॥
त्यागोहिपुरुषव्याघ्र त्रिविधःसंप्रकीर्त्तितः ॥४॥

पदानि—निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ॥
त्यागः हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्त्तितः ॥४॥

अन्वयार्थः—भरतसत्तम હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! **तत्र** તે **त्यागे** કર્મત્યાગમાં **मे** મારા **निश्चयं** નિશ્ચયને **शृणु** શ્રવણ કર **पुरुषव्याघ्र** હે પુરૂષવ્યાઘ્ર ! **त्यागः** ત્યાગ **त्रिविधः** ત્રણ પ્રકારનો **हि** નિશ્ચય **संप्रकीर्त्तितः** કહેલો છે.

टीका—હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! અન્તઃકરણની શુદ્ધિથી રહિત એવા કર્મના અધિકારી પુરૂષો જેના કર્ત્તા છે તથા સંન્યાસ અને ત્યાગ એ બે શબ્દવડે જે ત્યાગનું સ્વરૂપ તેં મને પુછેલું છે તે ત્યાગમાં પૂર્વ આચાર્યોએ જે નિશ્ચય કરેલો છે તે નિશ્ચયને તું મારાથી શ્રવણ કર. હે પુરૂષવ્યાઘ્ર ! તે ત્યાગ ત્રણ પ્રકારનો નિશ્ચે કહેલો છે અર્થાત્ તામસ, રાજસ અને સાત્ત્વિક, એ ભેદવડે કહેલો છે. ॥ ૪ ॥

मूलम्—यज्ञदानतपःकर्म नत्याज्यंकार्यमेवतत् ॥
यज्ञोदानंतपश्चैव पावनानिमनीषिणाम् ॥५॥

पदानि—यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यं एव तत् ॥
यज्ञः दानं तपः च एव पावनानि मनीषिणाम् ॥५॥

अन्वयार्थः—यज्ञदानतपःकर्म યજ્ઞ દાન અને તપરૂપ કર્મ **न त्याज्यं** ત્યાગ કરવા યોગ્ય નથિ ' કિન્તુ ' **तत्** તે ' કર્મ ' **कार्यं एव** કરવા યોગ્યજ છે ' કારણકે ' **यज्ञः** યજ્ઞ **दानं** દાન **च** તથા **तपः** તપ **मनीषिणां** બુદ્ધિમન્ત 'પુરૂષોને' **पावनानि एव** પવિત્ર કરનારાંજ છે.

टीका—અગ્નિહોત્રાદિકરૂપ જે યજ્ઞ તથા શાસ્ત્રવિધિપ્રમાણે ઉત્તમ દેશકાળમાં સુપાત્રને ગાય સુવર્ણ અને અન્નાદિક પદાર્થોનું જે દાન તથા કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિક જે તપ, તે સર્વે બુદ્ધિમન્ત પુરૂષોને પવિત્ર કરનારાં છે અર્થાત્ જ્ઞાનના પ્રતિબન્ધક પાપરૂપ મલની નિવૃત્તિ કરીને તથા જ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતારૂપ પુણ્ય ગુણનું આધાન કરીને ફલની ઇચ્છાથી રહિત પુરૂષોને પવિત્ર કરનારાં છે માટે બુદ્ધિમન્ત પુરૂષોએ તે યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ અવશ્ય કરવાં જોઇએ. ॥ ૫ ॥

मूलम्—एतान्यपितुकर्माणि सङ्गंत्यक्त्वाफलानिच ॥
कर्त्तव्यानीतिमेपार्थ निश्चितंमतमुत्तमम् ॥६॥

पदानि—एतानि अपि तु कर्म्माणि सङ्गं त्यक्त्वा फलानि च ॥
कर्त्तव्यानि इति मे पार्थ निश्चितं मतं उत्तमम् ॥६॥

अन्वयार्थः—पार्थ હે પાર્થ ! **तु** વળી **एतानि** એ **कर्माणि** ' યજ્ઞદાનાદિક ' કર્મ **अपि** પણ **सङ्गं** કર્તૃત્વ અભિમાનને **च** તથા **फलानि** ' સ્વર્ગાદિક ' ફલોને **त्यक्त्वा** ત્યાગ કરીને **कर्त्तव्यानि** કરવા યોગ્ય છે **इति** એ પ્રકારે **मे** મારૂં **उत्तमं** ઉત્તમ **निश्चितं** નિશ્ચત **मतं** મત છે.

टीका—હે પાર્થ ! જોકે કામ્યકર્મ પણ પોતાના ધર્મસ્વભાવથી આ પુરૂષના અન્તઃકરણની શુદ્ધિ કરે છે તો પણ તે કામ્યકર્મથી થયેલી અન્તઃકરણની શુદ્ધિ તે કામ્ય-

કર્મોના સુખરૂપ ફલના ભોગમાત્રમાં ઉપયોગી થાય છે પણ આત્મજ્ઞાનમાં કાંઇ ઉપયોગી થતી નથિ માટે મુમુક્ષુઓએ ફલની ઇચ્છાપૂર્વક યજ્ઞાદિક કર્મ કરવાં નહિ પણ કર્તૃત્વઅભિમાનનો ત્યાગ કરીને તથા ફલની ઇચ્છાનો ત્યાગ કરીને તે યજ્ઞદાનાદિક કર્મ અવશ્ય કરવા યોગ્ય છે માટે યજ્ઞદાનાદિક કર્મ ત્યાગ કરવા યોગ્ય છે કે ત્યાગ કરવા યોગ્ય નથિ એ બે પ્રકારના મતમાં તે કર્મ ત્યાગ કરવા યોગ્ય નથિ એ પ્રકારનું મારૂં અત્યન્ત શ્રેષ્ઠ મત છે.

मूलम्—नियतस्यतुसंन्यासः कर्मणोनोपपद्यते ॥
मोहात्तस्यपरित्याग-स्तामसःपरिकीर्त्तितः ॥७॥

पदानि—नियतस्य तु संन्यासः कर्मणः न उपपद्यते ॥
मोहात् तस्य परित्यागः तामसः परिकीर्तितः ॥७॥

अन्वयार्थः—**तु** પુનઃ **नियतस्य** નિત્ય **कर्मणः** કર્મનો **संन्यासः** ત્યાગ **न उपपद्यते** ઘટતો નથિ ' અને ' **तस्य** તે ' નિત્યકર્મનો ' **मोहात्** મોહથકી **परित्यागः** પરિત્યાગ **तामसः** તામસ ' ત્યાગ ' **परिकीर्तितः** કહેલો છે.

टीका—નિત્યકર્મનો ત્યાગ કરવો એ સંભવતું નથિ અને નિત્યકર્મનો મોહથી જે પરિત્યાગ તે તામસત્યાગ વિદ્વાનોએ [illegible]ા છે. શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રે અગ્નિહોત્ર અને સન્ધ્યોપાસનાદિક નિત્યકર્મ કહેલાં છે[illegible]માં નિત્યકર્મોનો જે ત્યાગ કરવો તે અન્તઃકરણની શુદ્ધિની ઇચ્છાવાળા મુમુક્ષુપુરૂષોને શાસ્ત્રવડે તથા યુક્તિવડે સંભવતો નથિ માટે તે નિત્ય કર્મ અવશ્ય કરવા યોગ્ય છે અને જો તેનો મોહથી ત્યાગ થાય તો તે તામસત્યાગ કહેવાય છે. ॥ ૭ ॥

मूलम्—दुःखमित्येवयत्कर्म कायक्लेशभयात्त्यजेत् ॥
सकृत्वाराजसंत्यागं नैवत्यागफलंलभेत् ॥८॥

पदानि—दुःखं इति एव यत् कर्म कायक्लेशभयात् त्यजेत् ॥
सः कृत्वा राजसं त्यागं न एव त्यागफलं लभेत् ॥८॥

अन्वयार्थः—' આ કર્મ ' **दुःखं एव** દુઃખરૂપજ છે **इति** એ પ્રકારે ' માનીને ' **कायक्लेशभयात्** શરીરના કલેશના ભયથી **कर्म** કર્મને **त्यजेत्** ત્યાગ કરે ' એવો ' **यत्** જે ' ત્યાગ છે તે ત્યાગ રાજસ છે એવા ' **राजसं** રાજસ **त्यागं** ત્યાગને **कृत्वा** કરીને **सः** તે ' પુરૂષ ' **त्यागफलं** ત્યાગના ફલને **एव** કદાચિત્ પણ **न लभेत्** પામે નહિ.

टीका—અગ્નિહોત્ર અને અને સન્ધ્યોપાસનાદિક સર્વ નિત્યકર્મ દુઃખરૂપ છે એમ માનીને તથા તે નિત્યકર્મ કરવાથી શરીરમાં કલેશ થાય છે એમ કલેશનો ભય માનીને

જે નિત્યકર્મનો પરિત્યાગ કરવો તે રાજસ ત્યાગ કહેવાય છે માટે પ્રથમ કહેલા મોક્ષથી રહિત રાજસ પુરૂષ હોય તોપણ તે પુરૂષ તે રાજસ ત્યાગના ફલને કોઇ વખતે પણ પામે નહિ અર્થાત્ સાત્ત્વિકત્યાગનું જે જ્ઞાનનિષ્ઠારૂપી ફલ છે તેને તે પામે નહિ. ॥૮॥

मूलम्—कार्यमित्येवयत्कर्म नियतंक्रियतेऽर्जुन॥
सङ्गंत्यक्त्वाफलंचैव सत्यागःसात्त्विकोमतः ॥९॥

पदानि—कार्यं इति एव यत् कर्म नियतं कुरुते अर्जुन ॥
सङ्गं त्यक्त्वा फलं च एव सः त्यागः सात्त्विकः मतः ॥९॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! ' આ કર્મ ' **कार्यं एव** કરવા યોગ્યજ છે **इति** એ પ્રકારે ' માનીને ' **यत्** જે **नियतं** નિત્ય **कर्म** કર્મ **सङ्गं** સંગને **च** તથા **फलं** ફલને **त्यक्त्वा एव** ત્યાગ કરીનેજ **क्रियते** કરાય છે **सः** તે **त्यागः** ત્યાગ ' શિષ્ટપુરૂષોએ ' **सात्त्विकः** સાત્વિક **मतः** માન્યો છે.

टीका—અગ્નિહોત્ર અને સન્ધ્યોપાસન ઇત્યાદિક નિત્ય કર્મોનું વિધાન કરનારાં જે ॥ **अग्निहोत्रंजुहोति** ॥ **अहरहःसन्ध्यामुपासीत** ॥ ઇત્યાદિક વચનો છે, તેઓમાં જોકે તે નિત્યકર્મનું ફલ કહેલું નથિ તોપણ વેદવિહિત હોવાથી આ નિત્યકર્મ મારે અવશ્ય કરવા યોગ્ય છે એપ્રકારના નિશ્ચયવડે સંગ તથા [illegible] ત્યાગ કરીને જે નિત્યકર્મ કરાય છે તે ત્યાગ શિષ્ટપુરૂષોએ સાત્ત્વિક માનેલો છે. ॥ [illegible] ॥

मूलम्—नद्वेष्ट्यकुशलंकर्म कुशलेनानुषज्जते ॥
त्यागीसत्त्वसमाविष्टो-मेधावीछिन्नसंशयः ॥१०॥

पदानि—न द्वेष्टि अकुशलं कर्म कुशले न अनुषज्जते ॥
त्यागी सत्त्वसमाविष्टः मेधावी छिन्नसंशयः ॥१०॥

अन्वयार्थः—**त्यागी** ' તે પ્રથમ કહેલા ' ત્યાગવાળો ' પુરૂષ ' **सत्त्वसमाविष्टः** ' જ્યારે ' સત્વવડે વ્યાપ્ત થાય છે ' ત્યારે ' **मेधावी** તત્વજ્ઞાનવાળો ' થાય છે તથા ' **छिन्नसंशयः** સર્વ સંશયોથી રહિત થાય છે ' ત્યારે ' **अकुशलं** અશોભન **कर्म** કર્મને **न द्वेष्टि** દ્વેષ કરતો નથિ ' તથા ' **कुशले** શોભન કર્મમાં **न अनुषज्जते** પ્રીતિ કરતો નથિ.

टीका—જે ત્યાગી પુરૂષ સાત્વિક ત્યાગવડે યુક્ત છે અર્થાત્ કર્તાપણાના અભિનિવેશને તથા સ્વર્ગાદિક ફલની ઇચ્છાને પરિત્યાગ કરીને અન્તઃકરણની શુદ્ધિમાટે વેદવિહિત નિત્યકર્મ કર્યા કરે છે તે ત્યાગીપુરૂષ જે કાળમાં સત્ત્વવડે વ્યાપ્ત થાય છે ત્યારે તત્ત્વજ્ઞાનવાળો થાય છે અને સર્વ સંશયથી રહિત થાય છે. પછી તે અશોભન કર્મનો દ્વેષ કરતો નથિ અને શોભન કર્મમાં પ્રીતિ કરતો નથિ. ॥ ૧૦ ॥

मूलम्—नहिदेहभृताशक्यं त्यक्तुंकर्माण्यशेषतः ॥
यस्तुकर्मफलत्यागी सत्यागीत्यभिधीयते ॥११॥

पदानि—न हि देहभृता शक्यं त्यक्तुं कर्माणि अशेषतः ॥
यः तु कर्मफलत्यागी सः त्यागी इति अभिधीयते ॥११॥

अन्वयार्थः—देहभृता દેહાભિમાની ' પુરૂષે ' **अशेषतः** અવશેષ ન રહે એવી રીતે **कर्माणि** કર્મ **त्यक्तुं** ત્યાગ કરવાને **हि** નિશ્ચે **न शक्यं** શક્ય નથિ **तु** પરન્તુ **यः** જે **कर्मफलत्यागी** કર્મ ફલને ત્યાગ કરનારો છે **सः** તે **त्यागी** ત્યાગી **इति** એ નામવડે **अभिधीयते** કહેવાય છે.

टीका—કર્મના અધિકારનું કારણભુત એવું દેહાભિમાન જેને નિવૃત્ત થયું નથિ તેનું નામ દેહભૂત છે. એવા દેહાભિમાની પુરૂષથી, અવશેષ ન રહે એવી રીતે સર્વ કર્મ ત્યાગ કરવાને શક્તિમાન્ થવાતું નથિ માટે જે પુરૂષ કર્મના ફલનો ત્યાગ કરે છે તે પુરૂષ ત્યાગી એવા નામથી કહેવાય છે. આ ઠેકાણે ॥ **यस्तु** ॥ એ વચનમાં રહેલો **तु** શબ્દ તે કર્મફલ ત્યાગીની દુર્લભતા જણાવવા માટે છે અર્થાત્ ફલની ઇચ્છાનો ત્યાગ કરીને અન્તઃકરણની શુદ્ધિમાટે નિત્યકર્મ કરનારો પુરૂષ પણ દુર્લભ છે. ॥ ૧૧ ॥

मूलम्—अनिष्टमिष्टंमिश्रंच त्रिविधंकर्मणःफलम् ॥
भवत्यत्यागिनांप्रेत्य नतुसंन्यासिनांकचित् ॥१२॥

पदानि—अनिष्टं इष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ॥
भवति अत्यागिनां प्रेत्य न तु संन्यासिनां कचित् ॥१२॥

अन्वयार्थः—अत्यागिनां તે ગૌણ સંન્યાસિયોને તો **प्रेत्य** મરણથી અનન્તર **कर्मणः** કર્મનું **अनिष्टं** અનિષ્ટ **इष्टं** ઇષ્ટ **च** તથા **मिश्रं** મિશ્ર **त्रिविधं** આ ત્રણ પ્રકારનું **फलं** ફલ **भवति** થાય છે **तु** અને **संन्यासिनां** મુખ્ય સંન્યાસિયોને તો **कचित्** કોઇ વખતે ' તે ત્રણ પ્રકારનું ફલ ' **न** ' પ્રાપ્ત થતું ' નથિ.

टीका—કર્મના સ્વર્ગાદિક ફલોને ત્યાગ કરનારા છતાં કર્મનું અનુષ્ઠાન કરનારા જે આત્મજ્ઞાનથી રહિત ગૌણ સંન્યાસિયો તેનું નામ અત્યાગી છે. એવા અત્યાગી પુરૂષો મરણથી અનન્તર પ્રથમ કરેલાં કર્મનું શરીર ગ્રહણરૂપી ફલ અવશ્ય પામે છે. તે ફલ કારણરૂપ કર્મના ત્રિવિધપણાથી અનિષ્ટ, ઇષ્ટ, અને મિશ્રિત એ ત્રણ પ્રકારે થાય છે; તેમાં પાપનું અનિષ્ટ ફલ થાય છે તથા પુણ્યકર્મનું ઇષ્ટ ફલ થાય છે અને પુણ્ય પાપ એ બેઉ મિશ્રિત કર્મથી મિશ્ર ફલ થાય છે. અને મુખ્ય સંન્યાસિયોને તો કોઈ વખતે તે ત્રણ પ્રકારનું ફલ પ્રાપ્ત થતું નથિ. ॥ ૧૨ ॥

मूलम्—पञ्चेमानिमहाबाहो कारणानिनिबोधमे ॥
सांख्येकृतान्तेप्रोक्तानि सिद्धयेसर्वकर्मणाम् ॥१३॥

पदानि—पञ्च इमानि महाबाहो कारणानि निबोध मे ॥
साङ्ख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

अन्वयार्थः—**महाबाहो** હે મ્હોટા હાથવાળા ! **सर्वकर्मणाम्** સર્વ કર્મોની **सिद्धये** સિદ્ધિમાટે **इमानि** આ ' હવે કહેવાશે તે ' **पञ्च** પાંચ **कारणानि** કારણોને **मे** મારા વચનથી **निबोध** નિશ્ચય કર ' જે પાંચ કારણ ' **कृतान्ते** સર્વ કર્મોની સમાપ્તિવાળાં **सांख्ये** વેદાન્તશાસ્ત્રમાં **प्रोक्तानि** કહ્યાં છે.

टीका—હે મ્હોટા હાથવાળા અર્જુન ! જેટલાં લૌકિક અને વૈદિકકર્મ છે તે સર્વ કર્મની સિદ્ધિનેમાટે આ હવે કહેવાશે તે અધિષ્ઠાનાદિક પાંચ કારણોને મારા વચનથી નિશ્ચય કર અર્થાત્ તે અધિષ્ઠાનાદિક પાંચનું સ્વરૂપ જાણવાને સાવધાન થા. જે પાંચ કારણ સર્વ કર્મોની સમાપ્તિવાળાં વેદાન્ત શાસ્ત્રમાં કહ્યાં છે. અધિકારી પુરૂષને જાણવાયોગ્ય જે જીવબ્રહ્મનું સ્વરૂપ તેના બોધને માટે શ્રવણ મનનાદિક પદાર્થ જેમાં પ્રતિપાદન કરેલાં છે તે શાસ્ત્રનું નામ સાંખ્ય છે, એવું સાંખ્ય નામવાળું ઉપનિષદ્રૂપ વેદાન્તશાસ્ત્ર છે. કૃતાન્ત શબ્દનો અર્થ આવી રીતે છે કે ॥ **निष्कलंनिष्क्रियंशान्तं** ॥ ઇત્યાદિક વચનોવડે કૃત એટલે સ્પષ્ટ કર્યો છે અન્ત એટલે આત્મ અનાત્મનો [illegible] નિશ્ચય જે શાસ્ત્રમાં છે તેનું નામ કૃતાન્ત છે. ॥ ૧૩ ॥

मूलम्—अधिष्ठानंतथाकर्त्ता करणंचपृथग्विधम् ॥
विविधाश्चपृथक्चेष्टा दैवंचैवात्रपञ्चमम् ॥१४॥

पदानि—अधिष्ठानं तथा कर्त्ता करणं च पृथग्विधम् ॥
विविधाः च पृथक् चेष्टा दैवं च एव अत्र पञ्चमम् ॥१४॥

अन्वयार्थः—**अधिष्ठानं** અધિષ્ઠાન **तथा** તથા **कर्त्ता** કર્ત્તા **च** તથા **पृथग्विधम्** નાનાપ્રકારનું **करणं** કરણ **च** તથા **विविधाः** નાનાપ્રકારની **पृथक्** ભિન્ન ભિન્ન **चेष्टाः** ચેષ્ટાઓ **च एव** તેમજ **अत्र** એ કારણોમાં **पञ्चमं** પાંચમું **दैवं** દૈવ ' આ પાંચે કર્મનાં કારણ છે.

टीका—ઇચ્છા દ્વેષ સુખ દુઃખ અને ચેતના ઇત્યાદિક ધર્મોની અભિવ્યક્તિના આશ્રયરૂપ જે આ પંચીકૃત ભૂતોનું કાર્યરૂપ સ્થૂલ શરીર છે તેનું નામ અધિષ્ઠાન છે. હું કર્ત્તા છું એ પ્રકારના અભિમાનવાળો અને અન્તઃકરણ, બુદ્ધિ અને વિજ્ઞાન ઇત્યાદિકરૂપે કહેવાતો તથા પોતાની અન્દર રહેલા કર્તૃત્વાદિક ધર્મોને આત્મામાં આરોપણ કરનારો જે અહંકાર તેનું નામ કર્ત્તા છે. અપંચીકૃત મહાભૂતોથી ઉત્પન્ન થયેલાં તથા શબ્દાદિક વિષયોની ઉપલબ્ધિનાં સાધનરૂપ જે શ્રોત્રાદિક ઇન્દ્રિયો તેનું નામ કરણ છે તે કરણ નાનાપ્રકા-

નું છે અર્થાત્ શ્રોત્રાદિક પંચ જ્ઞાનઇન્દ્રિય તથા વાક્આદિક પંચ કર્મઇન્દ્રિય તથા મન, બુદ્ધિ, એ બાર ભેદવડે નાનાપ્રકારનું છે. ક્રિયારૂપ પ્રાણાદિકોનું નામ ચેષ્ટા છે. તે ચેષ્ટા નાનાપ્રકારની છે અર્થાત્ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, અને સમાન એ ભેદવડે પાંચ પ્રકારની છે. અથવા નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, અને ધનંજય એ પાંચ મેળવીને દશ પ્રકારની છે. તે પ્રાણરૂપ ચેષ્ટા પૃથક્ છે અર્થાત્ કાર્યના ભેદથી ભિન્ન ભિન્ન છે. પૂર્વોક્ત શરીરરૂપ અધિષ્ઠાન, અહંકારરૂપ કર્ત્તા, બાર પ્રકારનું કરણ, અને પ્રાણાદિરૂપ ચેષ્ટા, એ સર્વ ઉપર યથાક્રમથી અનુગ્રહ કરનારા જે દેવતાઓ તેનું નામ દૈવ છે. તે દૈવ આ કારણ વર્ગમાં પાંચમું છે. ॥ ૧૪ ॥

मूलम्—शरीरवाङ्मनोभिर्य-त्कर्मप्रारभतेनरः ॥
न्याय्यंवाविपरीतंवा पञ्चैतेतस्यहेतवः ॥१५॥

पदानि—शरीरवाङ्मनोभिः यत् कर्म प्रारभते नरः ॥
न्याय्यं वा विपरीतं वा पञ्च एते तस्य हेतवः ॥१५॥

अन्वयार्थः—**नरः** પુરૂષ **शरीरवाङ्मनोभिः** શરીર, વાક્, અને મન એ ત્રણે-વડે **यत्** જે **न्याय्यं** ધર્મરૂપ **वा** અથવા **विपरीतं वा** અધર્મરૂપ **कर्म** કર્મને **प्रारभते** પ્રારંભ કરે છે **तस्य** તે ' સ[illegible]ર્મનાં ' **एते** આ **पञ्च** ' અધિષ્ઠાનાદિક ' પાંચ **हेतवः** કારણ છે.

टीका—આ અધિકારી પુરૂષ શરીરવડે અથવા વાણીવડે અથવા મનવડે જે ન્યાય્યરૂપ કર્મનો અથવા વિપરીત કર્મનો પ્રારંભ કરે છે તે સર્વ કર્મનાં આ પ્રથમ કહેલાં અધિષ્ઠાનાદિક પાંચજ કારણો છે. શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રે કહેલા જે અગ્નિહોત્રાદિક ધર્મ તેનું નામ ન્યાય્ય છે અને તે શ્રુતિસ્મૃતિયે નિષિદ્ધ કરેલા જે હિંસાદિક અધર્મ તેનું નામ વિપરીત છે. ॥ ૧૫ ॥

मूलम्—तत्रैवंसतिकर्त्तार-मात्मानंकेवलंतुयः ॥
पश्यत्यकृतबुद्धित्त्वा-न्नसपश्यतिदुर्मतिः ॥१६॥

पदानि—तत्र एवं सति कर्त्तारं आत्मानं केवलं तु यः
पश्यति अकृतबुद्धित्वात् न सः पश्यति दुर्मतिः ॥१६॥

अन्वयार्थः—**तत्र** તે સર્વ કર્મમાં **एवं सति** એમ છતે **यः** જે **केवलं तु** કેવળજ **आत्मानं** આત્માને **कर्त्तारं** કર્ત્તારૂપ **पश्यति** દેખે છે **सः** તે **दुर्मतिः** દુર્મતિ **अकृतबुद्धित्वात्** શાસ્ત્રજન્ય વિવેકબુદ્ધિથી રહિત હોવાથી **न पश्यति** દેખતો નથિ.

ટીકા—પ્રથમ કહેલાં ધર્મ અધર્મરૂપ સર્વ કર્મમાં પૂર્વોક્ત અધિષ્ઠાનાદિક પાંચ કારણોવડે જન્યતા સિદ્ધ થાય તોપણ વસ્તુતાથી અસંગ અને ઉદાસીનરૂપ આત્માને જે મૂઢપુરૂષ કર્ત્તારૂપે દેખે છે તે દુર્મતિ પુરૂષ શાસ્ત્રજન્ય વિવેક બુદ્ધિથી રહિત હોવાથી દેખતો નથિ. વિવેકને પ્રતિબન્ધ કરનારાં પાપકર્મવડે જેની બુદ્ધિ મલિન થયેલી છે તેનું નામ દુર્મતિ છે. એવો દુર્મતિ હોવાથી તે ભ્રાન્ત પુરૂષ બ્રહ્મવેત્તા ગુરૂની પાસે જઇને વેદાન્ત વાક્યોનો વિચાર કરતો નથિ. ॥ ૧૬ ॥

मूलम्—यस्यनाहंकृतोभावो बुद्धिर्यस्यनलिप्यते ॥
हत्वाऽपिसइमाँल्लोका-न्नहन्तिननिबध्यते ॥१७॥

पदानि—यस्य न अहंकृतः भावः बुद्धिः यस्य न लिप्यते ॥
हत्वा अपि सः इमान् लोकान् न हन्ति न निबध्यते॥

अन्वयार्थः—**यस्य** જેને **अहंकृतः** હું કર્ત્તા છું એ પ્રકારની **भावः** વૃત્તિ **न** નથિ **यस्य** જેની **बुद्धिः** બુદ્ધિ **न लिप्यते** લેપાતિ નથિ **सः** તે **इमान्** આ **लोकान्** લોકોને **हत्वा** હણીને **अपि** પણ **न हन्ति** હણાતો નથિ **न निबध्यते** બન્ધાતો નથિ.

ટીકા—જે પુરૂષને હું કર્ત્તા છું એ પ્રકારની [illegible] થતી નથિ તથા જે પુરૂષની બુદ્ધિ લેપાતી નથિ તે વિદ્વાન્ પુરૂષ આ લોકોને હણીને પણ હણાતો નથિ તથા બન્ધન પામતો નથિ. ત્યાં શ્રુતિ. ॥ **नैनंकृताकृतेतपतः । एषनित्योमहिमाब्राह्मणस्यनवर्द्धते-कर्मणानोकनीयान् । तंविदित्वानलिप्यतेकर्मणापापकेन । यथापुष्करपलाशआपोन-श्लिष्यन्तएवमेवंविदिपापंकर्मनश्लिष्यते** ॥ અર્થ ॥ કરેલું પાપકર્મ તથા નહિ કરેલું પુણ્યકર્મ જેમ અજ્ઞાની પુરૂષને તપાયમાન કરે છે તેમ બ્રહ્મવેત્તા પુરૂષને કરેલું પાપકર્મ તથા નહિ કરેલું પુણ્યકર્મ તપાયમાન કરતું નથિ અને બ્રહ્મવેત્તા વિદ્વાન્ પુરૂષનો આ મહાન્ પ્રભાવ છે કે જે પુણ્યકર્મવડે હર્ષ ન પામવું અને પાપકર્મવડે પરિતાપ ન પામવો અને હું બ્રહ્મ છું એ પ્રકારે પ્રત્યગભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને તત્વવેત્તા પુરૂષ પુણ્યપાપકર્મથી લેપાતો નથિ અને જેમ જલમાં રહેલા પત્ર ઉપર જલ સ્પર્શ કરતું નથિ તેમ તત્વવેત્તા પુરૂષને પુણ્ય પાપકર્મ સ્પર્શ કરતાં નથિ. ॥ ૧૭ ॥

मूलम्—ज्ञानंज्ञेयंपरिज्ञाता त्रिविधाकर्मचोदना ॥
करणंकर्मकर्त्तेति त्रिविधःकर्मसङ्ग्रहः ॥१८॥

पदानि—ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ॥
करणं कर्म कर्त्ता इति त्रिविधः कर्मसंग्रहः ॥१८॥

अन्वयार्थः—**ज्ञानं** જ્ઞાન **ज्ञेयं** જ્ઞેય **परिज्ञाता** પરિજ્ઞાતા **त्रिविधाः** એ ત્રણ પ્રકારની **कर्मचोदना** કર્મની પ્રેરણા છે **करणं** કરણ **कर्म** કર્મ **कर्त्ता** કર્ત્તા **इति** એ પ્રકારે **त्रिविधः** ત્રણ પ્રકારનો **कर्मसंग्रहः** કર્મનો આશ્રય છે.

टीका—વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેથકી પ્રકાશમાન થાય તેનું નામ જ્ઞાન છે અર્થાત્ પ્રત્યક્ષાદિક પ્રમાણોવડે ઉત્પન્ન થનારી જે ઘટાદિક વિષયોની પ્રકાશરૂપ ક્રિયા તેનું નામ જ્ઞાન છે. તે જ્ઞાનરૂપ ક્રિયાને કર્મભૂત જે ઘટાદિક પદાર્થ તેનું નામ જ્ઞેય છે. તે જ્ઞાનરૂપ ક્રિયાનો આશ્રયભૂત તથા અન્તઃકરણરૂપ ઉપાધિવડે પરિકલ્પિત એવો જે ભોક્તા તેનું નામ પરિજ્ઞાતા છે. જ્ઞાન, જ્ઞેય, અને પરિજ્ઞાતા એ ત્રણ પ્રકારે કર્મની પ્રેરણા છે અને કરણ, કર્મ, તથા કર્ત્તા એ ત્રણ પ્રકારનો કર્મનો આશ્રય છે. ॥ ૧૮ ॥

मूलम्—ज्ञानंकर्मचकर्त्ताच त्रिधैवगुणभेदतः ॥
प्रोच्यतेगुणसङ्ख्याने यथावच्छृणुतान्यपि ॥१९॥

पदानि—ज्ञानं कर्म च कर्त्ता च त्रिधा एव गुणभेदतः ॥
प्रोच्यते गुणसङ्ख्याने यथावत् श्रृणु तानि अपि ॥१९॥

अन्वयार्थः—**गुणसङ्ख्याने** સાંખ્યશાસ્ત્રમાં **ज्ञानं** જ્ઞાન **च** તથા **कर्म** કર્મ **च** તથા **कर्त्ता** કર્ત્તા **गुणभेदतः** 'સત્વાદિક ત્રણ' ગુણોના ભેદથી **त्रिधा एव** ત્રણ પ્રકારેજ **प्रोच्यते** કહેવાય છે **तानि अपि** તે 'જ્ઞાનાદિકોને તથા તેના ભેદોને પણ, **यथावत्** બરોબર **श्रृणु** સાંભળ.

टीका—સત્વ રજ અને તમ, એ ત્રણે ગુણ કાર્યના ભેદવડે જે શાસ્ત્રમાં પ્રતિપાદન કરાય તે શાસ્ત્રનું નામ ગુણસંખ્યાન છે. એવું કપિલમુનિકૃત સાંખ્યશાસ્ત્ર છે. તે સાંખ્યશાસ્ત્રમાં જ્ઞાન, કર્મ અને કર્ત્તા એ ત્રણે સત્વાદિક ગુણોના ભેદવડે સાત્વિક રાજસ અને તામસ એ ત્રણ પ્રકારે કહેવાય છે. તે જ્ઞાનાદિક ત્રણેને તથા સત્વાદિ ગુણકૃત તે જ્ઞાનાદિકોના ભેદને તું યથાવત્ શ્રવણ કર અર્થાત્ શાસ્ત્રમાં જે પ્રકારે તેઓનું સ્વરૂપ કહેલું છે તે પ્રકારના તેઓના સ્વરૂપને શ્રવણ કરવામાટે તું સાવધાન થા. ॥ ૧૯ ॥

मूलम्—सर्वभूतेषुयेनैकं भावमव्ययमीक्षते ॥
अविभक्तंविभक्तेषु तज्ज्ञानंविद्धिसात्त्विकम् ॥२०॥

पदानि—सर्वभूतेषु येन एकं भावं अव्ययं ईक्षते ॥
अविभक्तं विभक्तेषु तत् ज्ञानं विद्धि सात्त्विकम् ॥२०॥

અન્વયાર્થઃ—**વિભક્તેષુ** પરસ્પર ભેદવાળાં **સર્વભૂતેષુ** સર્વ ભૂતોમાં **અવિભક્તં** સર્વ વ્યાપક **एकं** એક **अव्ययं** અવ્યય **भावं** 'સત્તારૂપ' ભાવને **येन** જે જ્ઞાનવડે **ईक्षते** સાક્ષાત્કાર કરે છે **तत्** તે **ज्ञानं** જ્ઞાનને **सात्त्विकं** સાત્વિક **विद्धि** જાણ.

ટીકા—પરસ્પર ભેદવાળાં સર્વ ભૂતોમાં સત્તારૂપ ભાવને જે વેદાન્તવાક્યોના વિચારથી ઉત્પન્ન થયેલા જ્ઞાનવડે આ અધિકારી પુરૂષ સાક્ષાત્કાર કરે છે અર્થાત્ તે સર્વ ભૂતોમાં પરમાર્થ સત્તારૂપ સ્વપ્રકાશ આનંદ આત્માને જે જ્ઞાનવડે સાક્ષાત્કાર કરે છે તે જ્ઞાનને તું સાત્વિક જાણ. તે પરમાર્થ સત્તારૂપ ભાવ એક છે અર્થાત્ સર્વ ભેદથી રહિત છે અને અવ્યય છે અર્થાત્ ઉત્પત્તિ નાશાદિક સર્વ વિકારોથી રહિત છે અને અવિભક્ત છે અર્થાત્ સર્વ પદાર્થોના અધિષ્ઠાનરૂપવડે સર્વત્ર વ્યાપક છે. ॥ ૨૦ ॥

मूलम्—पृथक्त्वेनतुयज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ॥
वेत्तिसर्वेषुभूतेषु तज्ज्ञानं विद्धिराजसम् ॥२१॥

पदानि—पृथक्त्वेन तु यत् ज्ञानं नानाभावान् पृथग्विधान् ॥
वेत्ति सर्वेषु भूतेषु तत् ज्ञानं विद्धि राजसम् ॥२१॥

અન્વયાર્થઃ—**तु** વળી **पृथक्त्वेन** પરસ્પર [illegible]ડે રહેલાં **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂતોમાં **पृथग्विधान्** પરસ્પર વિલક્ષણ **नानाभावान्** [illegible]ના આત્માઓને **यत्** જે **ज्ञानं** જ્ઞાન **वेत्ति** જાણે છે **तत्** તે **ज्ञानं** જ્ઞાનને **राजसं** રાજસ **विद्धि** જાણ.

ટીકા—પરસ્પર ભેદવડે રહેલાં દેહાદિક સર્વ ભૂતોમાં પરસ્પર વિલક્ષણ એવા નાનાપ્રકારના આત્માને જે દેખે છે તે જ્ઞાનને રાજસ જાણ. આ ઠેકાણે એવું તાત્પર્ય છે કે આ લોકમાં કોઇ પ્રાણી સુખી છે, કોઇ દુઃખી છે, કોઇ પંડિત છે, કોઇ મૂર્ખ છે, ઇત્યાદિક અનેક પ્રકારની વિલક્ષણતા દેખવામાં આવે છે. જો કદાચિત્ સર્વ દેહમાં એકજ આત્મા હોય તો પછી એક પ્રાણી સુખી થવાથી સર્વ પ્રાણી સુખી થવાં જોઇએ અને એક પ્રાણી દુઃખી થવાથી સર્વ પ્રાણી દુઃખી થવાં જોઇએ. પણ એવી રીતે દેખવામાં આવતું નથિ માટે સર્વ દેહમાં એક આત્મા નથિ કિન્તુ દેહ દેહમાં ભિન્ન ભિન્ન આત્મા છે. એ પ્રકારનું જે જ્ઞાન છે તેને તું રાજસ જાણ. ॥ ૨૧ ॥

मूलम्—यत्तुकृत्स्नवदेकस्मिन् कार्येसक्तमहैतुकम् ॥
अतत्त्वार्थवदल्पंच तत्तामसमुदाहृतम् ॥२२॥

पदानि—यत् तु कृत्स्नवत् एकस्मिन् कार्ये सक्तं अहैतुकम् ॥
अतत्त्वार्थवत् अल्पं च तत् तामसं उदाहृतम् ॥२२॥

अन्वयार्थः—**तु** વળી **यत्** જે ' જ્ઞાન ' **एकस्मिन्** કોઇક **कार्ये** કાર્યમાં **कृत्स्नवत्** પરિપૂર્ણ અર્થની પેઠે **सक्तं** અભિનિવેશવાળું **अहैतुकम्** યુક્તિથી રહિત **अतत्त्वार्थवत्** પરમાર્થ આલમ્બનથી રહિત **च** તથા **अल्पं** અલ્પ છે **तत्** તે 'જ્ઞાન' **तामसं** તામસ **उदाहृतम्** કહ્યું છે.

टीका—આ ઠેકાણે ॥ **यत्तु** ॥ એ વચનમાં રહેલો **तु** શબ્દ પૂર્વે શ્લોકમાં કહેલા રાજસજ્ઞાનથી આ તામસજ્ઞાનમાં વિલક્ષણતા જણાવવા માટે છે. તે આવી રીતે કે આકાશાદિક પંચભૂતનાં ઘણાં કાર્ય વિદ્યમાન છતાં પણ કોઇ એક દેહાદિકરૂપ કાર્યમાં આ દેહ જેટલોજ આત્મા છે પણ એથકી પર કોઇ આત્મા નથિ એવો આગ્રહ કરીને જે જ્ઞાન તે દેહાદિકરૂપ કોઇ કાર્યમાં આસક્ત થાય છે તે જ્ઞાન તામસ કહ્યું છે તથા યુક્તિથી રહિત, પરમાર્થ આલમ્બનથી રહિત, તથા જે અલ્પ છે તે જ્ઞાન પણ તામસ કહ્યું છે.

मूलम्—**नियतंसङ्गरहित-मरागद्वेषतःकृतम् ॥**
अफलप्रेप्सुनाकर्म यत्तत्सात्विकमुच्यते ॥२३॥

પદાનિ—**नियतं सङ्गरहितं अरागद्वेषतः कृतम् ॥**
अफलप्रेप्सुना कर्म यत् तत् सात्विकं उच्यते ॥२३॥

अन्वयार्थः—**अफलप्रेप्सु**[illegible]લની ઇચ્છાથી રહિત 'પુરૂષે' **सङ्गरहितं** સંગરહિત **अरागद्वेषतः** રાગદ્વેષથી રહિત **यत्** જે **नियतं** નિત્ય **कर्म** કર્મ **कृतं** કરાય છે **तत्** તે 'કર્મ' **सत्त्विकं** સાત્વિક **उच्यते** કહેવાય છે.

टीका—ફલની ઇચ્છાથી રહિત એવા પુરૂષે જે કર્મ સંગરહિત થઇને કરાય છે અર્થાત્ અભિમાનરૂપ રાજસગર્વનો ત્યાગ કરીને જે કરાય છે તથા જે કર્મ રાગદ્વેષથી રહિત થઇને કરાય છે તે સાત્વિક છે. આ ઠેકાણે આપ્રમાણે સમજવું કે આ કર્મવડે હું રાજસન્માનને પ્રાપ્ત થઇશ, એ પ્રકારના અભિપ્રાયનું નામ રાગ છે અને આ કર્મવડે હું શત્રુનો પરાજય કરીશ, એ પ્રકારના અભિપ્રાયનું નામ દ્વેષ છે તે રાગદ્વેષવડે જે કર્મ કરાતું નથિ તે યજ્ઞદાનાદિકરૂપ નિત્યકર્મ ફલની ઇચ્છારહિત એવા નિષ્કામ પુરૂષે સ્વધર્મ જાણીને કરાય છે અને તે સાત્વિક કહેવાય છે. ॥ ૨૩ ॥

मूलम्—**यत्तुकामेप्सुनाकर्म साहङ्कारेणवापुनः ॥**
क्रियतेबहुलायासं तद्राजसमुदाहृतम् ॥२४॥

પદાનિ—**यत् तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ॥**
क्रियते बहुलायासं तत् राजसं उदाहृतम् ॥२४॥

अन्वयार्थः—**तु** વળી **कामेप्सुना** સકામ પુરૂષે **वा** અથવા **साहङ्कारेण** અહંકારયુક્ત પુરૂષે **पुनः** અનિયત **बहुलायासं** બહુ કલેશની પ્રાપ્તિ કરનારૂં **यत्** જે **कर्म** કામ્યકર્મ **क्रियते** કરાય છે **तत्** તે **राजसं** રાજસ **उदाहृतं** કહ્યું છે.

टीका—સ્વર્ગાદિક ફલની ઇચ્છાવાળા સકામ પુરૂષે તથા સંગરૂપ ગર્વયુક્ત પુરૂષે ઘણા પ્રયાસસહિત જે કામ્યકર્મ કરાય છે તેને શિષ્ટપુરૂષોએ રાજસ કહ્યું છે. સર્વ અંગની સમ્પૂર્ણતાપૂર્વક કરેલું કામ્યકર્મ ફલની પ્રાપ્તિ કરે છે પણ કાંઇક અંગની વિગુણતા થવાથી ફલનું કારણ થતું નથિ. માટે સર્વ અંગની પરિપૂર્ણતા કરવામાટે કામ્યકર્મ કર્તાપુરૂષને ઘણા કલેષની પ્રાપ્તિ કરનારૂં છે. ॥ **वापुनः** ॥ એ વચનમાં રહેલો **पुनः** શબ્દ આ રાજસ કર્મમાં અનિયતપણાનો બોધ કરે છે કારણકે જેમ નિત્યકર્મમાં નિરન્તર કર્તવ્યતા રહે છે તેમ આ કામ્યકર્મમાં નિરન્તર કર્તવ્યતા રહેતી નથિ. ॥ ૨૪ ॥

मूलम्—अनुबन्धंक्षयंहिंसा-मनपेक्ष्यचपौरुषम् ॥
मोहादारभ्यतेकर्म यत्तत्तामसमुच्यते ॥२५॥

पदानि—अनुबन्धं क्षयं हिंसां अनपेक्ष्य च पौरुषम् ॥
मोहात् आरभ्यते कर्म यत् तत् तामसं उच्यते ॥२५॥

अन्वयार्थः—**च** તથા **अनुबन्धं** અનુબન્ધ **क्षयं** ક્ષયને **हिंसां** હિંસાને **पौरुषम्** પૌરૂષને **अनपेक्ष्य** ન વિચારીને **मोहात्** અવિવેકથી **यत्** જે **कर्म** કર્મ **आरभ्यते** આરંભ કરાય છે **तत्** 'તેકર્મ' **तामसं** તામસ **उच्यते** કહેવાય છે.

टीका—આગળ થનારૂં જે અશુભ ફલ તેનું નામ અનુબન્ધ છે. શરીનું સામર્થ્ય, ધન તથા સેનાનો જે વિનાશ તેનું નામ ક્ષય છે. પ્રાણિયોને જે પીડા કરવી તેનું નામ હિંસા છે. પોતાનું જે સામર્થ્ય તેનું નામ પૌરૂષ છે. એવા અનુબન્ધ, ક્ષય, હિંસા તથા પૌરૂષને કર્મના પ્રારંભથી પૂર્વે ન વિચારીને કેવળ અવિવેકરૂપ મોહને આધીન થઇને જે કર્મનો આરંભ કરાય છે તે તામસકર્મ કહેવાય છે. ॥ ૨૫ ॥

मूलम्—मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ॥
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्त्तासात्विकउच्यते२६

पदानि—मुक्तसङ्गः अनहंवादी धृत्युत्साहसमन्वितः ॥
सिद्ध्यसिद्ध्योः निर्विकारः कर्त्ता सात्विकः उच्यते॥२६॥

अन्वयार्थः—**मुक्तसङ्गः** ફલની ઇચ્છાથી રહિત **अनहंवादी** અનહંવાદી **धृत्युत्साहसमन्वितः** ધૃતિ અને ઉત્સાહ એ બેવડે યુક્ત **सिद्ध्यसिद्ध्योः** સિદ્ધિ અને અસિદ્ધિમાં **निर्विकारः** વિકારરહિત **कर्त्ता** કર્તા **सात्विकः** સાત્વિક **उच्यते** કહેવાય છે.

टीका—જે પુરૂષ મુક્તસંગ છે અર્થાત્ કર્મફલની ઇચ્છાનો ત્યાગ કરનાર છે તથા જે પુરૂષ અનહંવાદી છે અર્થાત્ હું કર્ત્તા છું એ પ્રકારના અભિમાનપૂર્વક વચનને જે ઉચ્ચારણ કરતો નથિ તથા જે પુરૂષ ધૈર્ય અને ઉત્સાહથી યુક્ત છે તથા જે પુરૂષ કરેલા કર્મના ફલની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં હર્ષશોકથી રહિત છે તથા જે પુરૂષ કેવળ શાસ્ત્રપ્રમાણવડેજ કર્મમાં પ્રવર્ત્તેલો છે પણ ફલ અથવા રાગવડે પ્રવર્ત્તેલો નથિ તે કર્ત્તાપુરૂષ સાત્વિક કહેવાય છે. ॥ ૨૬ ॥

मूलम्—रागीकर्मफलप्रेप्सु-र्लुब्धोहिंसात्मकोऽशुचिः ॥
हर्षशोकान्वित:कर्त्ता राजस:परिकीर्त्तितः ॥२७॥

पदानि—रागी कर्मफलप्रेप्सुः लुब्धः हिंसात्मकः अशुचिः ॥
हर्षशोकान्वितः कर्त्ता राजसः परिकीर्तितः ॥२७॥

अन्वयार्थः—**रागी** રાગવાળો **कर्मफलप्रेप्सुः** કર્મના ફલની ઇચ્છાવાળો **लुब्धः** લોભી **हिंसात्मकः** હિંસા સ્વભાવવાળો **अशुचिः** અપવિત્ર **हर्षशोकान्वितः** હર્ષશોકવડે યુક્ત **कर्त्ता** કર્ત્તા **राजसः** રાજસ **परिकीर्त्तितः** કહેલો છે.

टीका—જે પુરૂષ રાગી છે અર્થાત્ કામાદિકયુક્ત ચિત્તવાળો છે તથા જે પુરૂષ કર્મના સ્વર્ગાદિક ફલના ઇચ્છાવાળો છે તથા જે પુરૂષ લુબ્ધ છે અર્થાત્ પારકાં ધનાદિક પદાર્થની ઇચ્છા કરનારો છે અથવા ધનવાન્ છતાં પણ ધર્મ માટે ખરચ કરવામાં અસમર્થ છે તથા જે પુરૂષ હિંસા કરવાના સ્વભાવવાળો છે તથા જે પુરૂષ અશુચિ છે અર્થાત્ શાસ્ત્રે કહેલા બહાર અને અન્દરની પવિત્રતાથી રહિત છે તથા જે પુરૂષ કર્મફલની સિદ્ધિમાં અને અસિદ્ધિમાં હર્ષ અને શોકયુક્ત છે તે પુરૂષને શિષ્ટપુરૂષોએ રાજસ કહ્યો છે.

मूलम्—अयुक्त:प्राकृत:स्तब्धः शठोनैष्कृतिकोऽलसः ॥
विषादिदिर्घसूत्रीच कर्त्तातामसउच्यते ॥२८॥

पदानि—अयुक्तः प्राकृतः स्तब्धः शठः नैष्कृतिकः अलसः ॥
विषादी दीर्घसूत्री च कर्त्ता तामसः उच्यते ॥२८॥

अन्वयार्थः—**च** તથા **अयुक्तः** અયુક્ત **प्राकृतः** પ્રાકૃત **स्तब्धः** સ્તબ્ધ **शठः** શઠ **नैष्कृतिकः** નૈષ્કૃતિક **अलसः** આલસુ **विषादी** વિષાદવાળો 'તથા' **दीर्घसूत्री** દીર્ઘસૂત્રી **कर्त्ता** કર્ત્તા **तामसः** તામસ **उच्यते** કહેવાય છે.

टीका—જે પુરૂષ અયુક્ત છે અર્થાત્ સર્વકાળમાં વિષયોને વિષે ચિત્ત લાગવાથી કરવા યોગ્ય કામમાં ચિત્તની સાવધાનતાથી રહિત છે તથા જે પુરૂષ પ્રાકૃત છે અર્થાત્ મૂઢ બાલકની પેઠે શાસ્ત્રના સંસ્કારથી રહિત બુદ્ધિવાળો છે તથા જે પુરૂષ સ્તબ્ધ છે અર્થાત્

ગુરૂઆદિકોની પાસે પણ નમ્ર ભાવથી રહિત છે તથા જે પુરૂષ શઠ છે અર્થાત્ અન્ય પુરૂષોને છેતરવામાટે અન્યપ્રકારે અર્થ જાણતાં છતાં પણ તે અર્થને અન્યપ્રકારે કહે છે તથા જે પુરૂષ નૈષ્કૃતિક છે અર્થાત્ આ અમારો ઘણો ઉપકારી છે એ પ્રકારનો ઉપકારીપણાનો ભ્રમ પોતાને વિષે બીજા પુરૂષનો ઉત્પન્ન કરી અને તે પુરૂષની જીવિકા છેદન કરી પોતાના સ્વાર્થની સિદ્ધિ કરનારો છે તથા જે પુરૂષ અલસ છે અર્થાત્ અવશ્ય કરવાયોગ્ય કામમાં પ્રવૃત્તિ કરતો નથિ તથા જે પુરૂષ વિષાદી છે અર્થાત્ અસન્તુષ્ટ સ્વભાવવાળો હોવાથી નિરન્તર અનુશોચન સ્વભાવવાળો છે તથા જે પુરૂષ દીર્ઘસૂત્રી છે અર્થાત્ નિરન્તર હજારો શંકાયુક્ત અન્તઃકરણવાળો હોવાથી અત્યન્ત શિથિલ પ્રવૃત્તિવાળો છે તે કર્ત્તા પુરૂષ તામસ કહેવાય છે. ॥ ૨૮ ॥

मूलम्—बुद्धेर्भेदंधृतेश्चैव गुणतस्त्रिविधंशृणु ॥
प्रोच्यमानमशेषेण पृथक्त्वेनधनञ्जय ॥२९॥

पदानि—बुद्धेः भेदं धृतेः च एव गुणतः त्रिविधं शृणु ॥
प्रोच्यमानं अशेषेण पृथक्त्वेन धनञ्जय ॥२९॥

अन्वयार्थः—धनञ्जय હે ધનંજય ! **बुद्धेः** બુદ્ધિના **च** તથા **धृतेः** ધૃતિના **गुणतः** 'સત્વાદિક' ગુણથી **त्रिविधं एव** ત્રણ [illegible] નાજ **भेदं** ભેદને **अशेषेण** સમગ્રપણે **पृथक्त्वेन** ભિન્નભિન્નવડે **प्रोच्यमानं** કહેવાય છે [illegible] **शृणु** સાંભળ.

टीका—હે અર્જુન ! નિશ્ચયાદિરૂપવૃત્તિયોવાળી બુદ્ધિનો તથા તે બુદ્ધિની કોઈક વૃત્તિરૂપ ધૃતિનો સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોના ભેદવડે સાત્વિક રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનો ભેદ થાય છે. તે ત્રણ પ્રકારનો ભેદ સમગ્ર પૃથકપણાવડે કહેવાય છે અર્થાત્ સમગ્ર રૂપવડે તથા આ ગ્રહણ કરવા યોગ્ય છે અને આ ગ્રહણ કરવા યોગ્ય નથિ એ પ્રકારના વિવેકવડે કહેવાય છે તે બુદ્ધિના [illegible] પ્રકારના ભેદને તથા ધૃતિના ત્રણ પ્રકારના ભેદને શ્રવણ કર અર્થાત્ તે સાંભળવાને તું સાવધાન થા. ॥ ૨૯ ॥

मूलम्—प्रवृत्तिंचनिवृत्तिंच कार्याकार्येभायभये ॥
बन्धंमोक्षंचयावेत्ति बुध्धिःसापार्थसात्त्विकी ॥३०॥

पदानि—प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ॥
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥३०॥

अन्वयार्थः—पार्थ હે પાર્થ ! **या** જે **बुद्धिः** બુદ્ધિ **प्रवृत्तिं** પ્રવૃત્તિને **च** તથા **निवृत्तिं** નિવૃત્તિને **च** તથા **कार्याकार्ये** કાર્ય અકાર્યને **भयाभये** ભયાભયને **बन्धं** બન્ધને **च** તથા **मोक्षं** મોક્ષને **वेत्ति** જાણે છે **सा** તે 'બુદ્ધિ' **सात्त्विकी** સાત્વકી કહેવાય છે.'

टीका—કર્મમાર્ગનું નામ પ્રવૃત્તિ અને સંન્યાસમાર્ગનું નામ નિવૃત્તિ છે. તે પ્રવૃત્તિ માર્ગમાં રહિને જે કર્મ કરવું તેનું નામ કાર્ય છે. અને તે નિવૃત્તિમાર્ગમાં રહીને જે કર્મ ન કરવું તેનું નામ અકાર્ય છે. તે પ્રવૃત્તિમાર્ગમાં જે ગર્ભવાસાદિક દુઃખ તેનું નામ ભય છે અને તે નિવૃત્તિ માર્ગમાં જે ગર્ભવાસાદિક દુઃખોનો અભાવ તેનું નામ અભય છે. તે પ્રવૃત્તિમાર્ગમાં મિથ્યા જ્ઞાનકૃત જે કર્તૃત્વાદિક અભિમાન તેનું નામ બન્ધ છે અને તે નિવૃત્તિમાર્ગમાં જે તત્ત્વજ્ઞાનકૃત અજ્ઞાન અને તેના કાર્યનો અભાવ તેનું નામ મોક્ષ છે. એ પ્રમાણે પ્રવૃત્તિ, નિવૃત્તિ, કાર્ય, અકાર્ય, ભય, 'અભય, બન્ધ અને મોક્ષને જે બુદ્ધિ જાણે છે તે બુદ્ધિ સાત્વિકી કહેવાય છે. ॥ ૩૦ ॥

मूलम्—यया धर्ममधर्मंच कार्यंचाकार्यमेवच ॥
अयथावत्प्रजानाति बुध्धिःसापार्थराजसी ॥३१॥

पदानि—यया धर्मं अधर्मं च कार्यं च अकार्यं एव च ॥
अयथावत् प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ॥३१॥

अन्वयार्थः—पार्थ હે પાર્થ ! **यया** જે 'બુદ્ધિવડે' **धर्मं** ધર્મને **च** તથા **अधर्मं** અધર્મને **च** તથા **कार्यं** કાર્યને **च** તથા **अकार्यं** અકાર્યને **अयथावत्** અયથાવત્ **एव** નિશ્ચે **प्रजानाति** જાણે છે **सा** [illegible]**द्धिः** બુદ્ધિ **राजसी** રાજસી કહેવાય છે.

टीका—શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રે કહેલાં અગ્નિહોત્રાદિક કર્મનું નામ ધર્મ છે અને તે શ્રુતિ સ્મૃતિરૂપ શાસ્ત્રે નિષિદ્ધ કરેલાં જે હિંસાદિક કર્મ તેનું નામ અધર્મ છે, એ ધર્મ અને અધર્મ અદષ્ટ અર્થની પ્રાપ્તિ કરનારા છે કાર્ય અને અકાર્ય એ બેઉ દષ્ટ અર્થની પ્રાપ્તિ કરનારા છે તે ધર્મ અધર્મને તથા કાર્ય અકાર્યને પુરૂષ જે બુદ્ધિવડે અયથાવત્ જાણે છે અર્થાત્ આ શું છે એ પ્રકારના અનિશ્ચયને અથવા આ વસ્તુ આ પ્રકારની છે કે અન્યપ્રકારની છે એ પ્રકારના સંશયને જે બુદ્ધિવડે પામે છે તે બુદ્ધિ રાજસી કહેવાયછે. ॥૩૧॥

मूलम्—अधर्मंधर्ममितिया मंन्यतेतमसावृता ॥
सर्वार्थान्विपरीतांश्च बुध्धिःसापार्थतामसी ॥३२॥

पदानि—अधर्मं धर्मं इति या मन्यते तमसा आवृता ॥
सर्वार्थान् विपरीतान् च बुद्धिः सा पार्थ तामसी ॥३२॥

अन्वयार्थः—पार्थ હે પાર્થ ! **तमसा** તમવડે **आवृता** ઢંકાયેલી **या** જે **बुद्धिः** બુદ્ધિ **अधर्मं** અધર્મને **धर्मं** ધર્મ **इति** એ પ્રકારે **मन्यते** માને છે **च** તથા **सर्वार्थान्** સર્વ અર્થોને **विपरीतान्** વિપરીત ' માને છે ' **सा** તે ' બુદ્ધિ ' **तामसी** તામસી ' કહેવાય છે. '

ટીકા—હે પાર્થ ! તમરૂપ દોષવડે આવૃત થયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મરૂપવડે માને છે અર્થાત્ અદૃષ્ટ અર્થની પ્રાપ્તિ કરનારાં સર્વ કામમાં જે બુદ્ધિ અવળી થાય છે તથા દૃષ્ટ પ્રયોજનવાળા સર્વ જ્ઞેય પદાર્થોને પણ જે બુદ્ધિ વિપરીતજ માને છે અર્થાત્ સુખાદિક હેતુભૂત પદાર્થોને પણ જે દુઃખાદિકના હેતુભૂતજ માને છે તે વિપર્યયવાળી બુદ્ધિ તામસી કહેવાય છે. ॥ ૩૨ ॥

मूलम्—धृत्यायराधारयते मनःप्राणेन्द्रियाक्रियाः ॥
योगेनाव्यभिचारिण्या धृतिःसापार्थसात्विकी ॥

पदानि—धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ॥
योगेन अव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ३३

अन्वयार्थः—**पार्थ** હે પાર્થ ! **योगेन** યોગવડે **अव्यभिचारिण्या** વ્યાપ્ત એવી **यया** જે **धृत्या** ધૃતિવડે 'પુરૂષ' **मनःप्राणेन्द्रियक्रियाः** મન, પ્રાણ ઇન્દ્રિયોની ક્રિયાઓને **धारयते** નિરૂદ્ધ કરે છે **सा** તે **धृतिः** ધૃતિ **सात्त्विकी** સાત્વિકી 'કહેવાય છે.'

ટીકા—સમાધિરૂપ યોગવડે વ્યાપ્ત એવી જે ધૃતિ કે જે ધૃતિવડે મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ચેષ્ટારૂપ ક્રિયાઓને ધારણ કરે છે અર્થાત્ શાસ્ત્રનિષિદ્ધ માર્ગથી રૂંધે છે તથા જે ધૃતિવડે અધિકારી પુરૂષને અવસ્ય સમાક્ષય થાય છે તથા જે ધૃતિવડે ધારણ કરેલી મન, પ્રાણ અને ઇન્દ્રિયાદિકોની ક્રિયા શાસ્ત્રાર્થનું ઉલ્લંઘન ન કરીને શાસ્ત્ર પ્રતિપાદિત અર્થથી અન્ય અર્થને વિષય કરતી નથિ, એ પ્રકારની જે ધૃત્તિ તે સાત્ત્વિકી કહેવાય છે. ॥ ૩૩ ॥

मूलम्—ययातुधर्मकामार्थान् धृत्याधारयतेऽर्जुन ॥
प्रसङ्गेनफलाकाङ्क्षी धृतिःसापार्थराजसी ॥३४॥

पदानि—यया तु धर्मकामार्थान् धृत्या धारयते अर्जुन ॥
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ॥३४॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! **तु** વળી **प्रसङ्गेन** કર્તૃત્વાદિક અભિનિવેશવડે **फलाकाङ्क्षि** ફલની ઇચ્છાવાળો થઇ 'પુરૂષ' **यया** જે **धृत्या** ધૃતિવડે **धर्मकामार्थान्** ધર્મ કામ અર્થ એ ત્રણેને **धारयते** ધારણ કરે છે **पार्थ** હે પાર્થ ! **सा** તે **धृतिः** ધૃતિ **राजसी** રાજસી 'કહેવાય છે.'

ટીકા—હે અર્જુન ! કર્તૃત્વાદિક અભિનિવેશવડે સ્વર્ગાદિક ફલની ઇચ્છા કરનારો આ પુરૂષ જે ધૃતિવડે ધર્મ કર્મ, તથા અર્થને ધારણ કરે છે અર્થાત્ તે ધર્મ કર્મ અને અર્થ મારે અવસ્ય સંપાદન કરવાયોગ્ય છે એ પ્રકારે તે ધર્માદિકને નિત્ય કર્તવ્યતા રૂપ-

વડે નિશ્ચય કરે છે પરન્તુ કદાચિત્ પણ મોક્ષ સમ્પાદન કરવાનો નિશ્ચય કરતો નથિ. હે પાર્થ ! એ પ્રકારની ધૃતિ તે રાજસધૃતિ કહેવાય છે. આ ઠેકાણે ॥ **ययातु** ॥ એ વચનમાં રહેલો **તુ** શબ્દ પ્રથમ કહેલી સાત્વિકી ધૃતિથી આ રાજસી ધૃતિમાં ભિન્નપણું જણાવે છે. ॥ ૩૪ ॥

मूलम्- यथास्वप्नंभयंशोकं विषादंमदमेवच ॥
नविमुञ्चतिदुर्मेधा धृतिःसापार्थतामसी ॥३५॥

पदानि--यथा स्वप्नं भयं शोकं विषादं मदं एव च ॥
न विमुञ्चति दुर्मेधाः धृतिः सा पार्थ तामसी ॥३५॥

अन्वयार्थः--**पार्थ** હે પાર્થ ! **दुर्मेधा** દુર્બુદ્ધિપુરૂષ **यया** જે ધૃતિવડે **स्वप्नं** સ્વપ્નને **भयं** ભયને **शोकं** શોકને **विषादं** વિષાદને **च** તથા **मदं** મદને **एव** કોઇ વખતે પણ **न विमुञ्चति** ત્યાગ કરતો નથિ **सा** તે **धृतिः** ધૃતિ **तामसी** તામસી ' કહેવાય છે. '

टीका આ ઠેકાણે નિદ્રાનું નામ સ્વપ્ન છે તથા પ્રતિકૂલ વસ્તુને જોવાથી ઉત્પન્ન થયેલો જે ત્રાસ તેનું નામ ભય છે, પોતાને ઇષ્ટ એવી વસ્તુના વિયોગથી ઉત્પન્ન થયેલો જે સન્તાપ તેનું નામ શોક છે તથા ઇન્દ્રિયોની જે વ્યાકુલતા તેનું નામ વિષાદ છે તથા શાસ્ત્રનિષિદ્ધ વિષયોને સેવન કરવામાં જે અભિમુખ થવું તેનું નામ મદ છે. એવી રીતે હે પાર્થ ! સ્વપ્ન, શોક, ભય, વિષાદ તથા મદને દુષ્ટ બુદ્ધિવાળો અવિવેકી પુરૂષ જે ધૃતિવડે કોઇ વખતે પણ ત્યાગ કરતો નથિ તે ધૃતિ તામસી કહેવાય છે. ॥ ૩૫ ॥

मूलम--सुखंत्विदानींत्रिविधं शृणुमेभरतर्षभ ॥
अभ्यासाद्रमतेयत्र दुःखान्तंचनिगच्छति ॥३६॥

पदानि--सुखं तु इदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ॥
अभ्यासात् रमते यत्र दुःखान्तं च निगच्छति ॥३६॥

अन्वयार्थः--**भरतर्षभ** હે ભરતવંશમાં શ્રેષ્ઠ ! **तु** વળી **इदानीं** હમણાં **मे** મારાથકી **त्रिविधं** ત્રણ પ્રકારના **सुखं** સુખને **शृणु** શ્રવણ કર **यत्र** જે સુખમાં ' આ પુરૂષ ' **अभ्यासात्** અભ્યાસથી **रमते** રમણ કરે છે **च** તથા **दुःखान्तं** દુઃખના અન્તને **निगच्छति** પામે છે.

टीका--હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! હમણાં તું મારા વચનથી સાત્વિક, રાજસ અને તામસ એ ભેદવડે સુખના ત્રિવિધપણાને શ્રવણ કર; અર્થાત્ આ સુખ પરિત્યાગ કરવા યોગ્ય છે અને આ સુખ ગ્રહણ કરવા યોગ્ય છે એ પ્રકારના વિવેકવાસથી અન્ય

સંકલ્પોનો પરિત્યાગ કરીને તે શ્રવણમાં પોતાના મનને સ્થિર કર, કારણકે યમનિયમાદિક સાધનથી સમ્પન્ન પુરૂષ જે સમાધિસુખમાં અભ્યાસથી રમણ કરે છે, અર્થાત્ અત્યન્ત પરિચયથી તૃપ્ત થાય છે તથા જે દુઃખના અવસાનરૂપ અન્તને પામે છે. ॥ ૩૬ ॥

मूलम्—यत्तदग्रेविषमिव परिणामेऽमृतोपमम् ॥
तत्सुखंसात्त्विकंप्रोक्त-मात्मबुद्धिप्रसादजम् ॥३७॥

पदानि—यत् तत् अग्रे विषं इव परिणामे अमृतोपमम् ॥
तत् सुखं सात्त्विकं प्रोक्तं आत्मबुद्धिप्रसादजम् ॥३७॥

अन्वयार्थः—**यत्** જે **तत्** તે સુખ **अग्रे** પ્રથમ આરંભમાં **विषं इव** વિષની પેઠે ' હોય છે તથા ' **परिणामे** પરિણામમાં **अमृतोपमम्** અમૃતની તુલ્ય ' હોય છે તથા' **आत्मबुद्धिप्रसादजम्** આત્મવિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થાય છે **तत्** તે **सुखं** સુખ ' યોગી પુરૂષોએ ' **सात्त्विकं** સાત્વિક **प्रोक्तं** કહ્યું છે.

टीका—જે સમાધિસુખ પ્રથમ વિષની પેઠે થાય છે અર્થાત્ જ્ઞાન વૈરાગ્યવડે ધ્યાન સમાધિના આરંભકાળમાં અત્યન્ત પ્રયાસવડે સાધ્ય હોવાથી પ્રસિદ્ધ વિષયની પેઠે કોઇક દ્વેષની પ્રાપ્તિ કરનારૂં છે તથા જે સુખ પરિણામમાં અમૃતની તુલ્ય છે અર્થાત્ તે જ્ઞાન વૈરાગ્યના પરિપાકમાં અમૃતની પેઠે અત્યન્ત પ્રીતિ ઉત્પન્ન છે તથા જે સુખ આત્મવિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થાય છે તે સુખને યોગી પુરૂષોએ સાત્ત્વિક કહેલું છે. ॥ ૩૭ ॥

मूलम्—विषयेन्द्रियसंयोगा-द्यत्तदग्रेऽमृतोपमम् ॥
परिणामेविषमिव तत्सुखंराजसंस्मृतम् ॥३८॥

पदानि—विषयेन्द्रियसंयोगात् यत् तत् अग्रे अमृतोपमम् ॥
परिणामे विषं इव तत् सुखं राजसं स्मृतम् ॥३८॥

अन्वयार्थः—**यत्** જે **तत्** પ્રસિદ્ધ **सुखं** સુખ **विषयेन्द्रियसंयोगात्** વિષયઇન્દ્રિયના સંયોગથી ' ઉત્પન્ન થાય છે તથા ' **अग्रे** પ્રથમ આરંભમાં **अमृतोपमम्** અમૃતની તુલ્ય છે ' તથા ' **परिणामे** પરિણામમાં **विषं इव** વિષ જાણે હોય એવી રીતે **तत्** તે **सुखं** સુખ **राजसं** રાજસ **स्मृतं** કહ્યું છે.

टीका—જે સુખ શબ્દાદિક વિષયોના તથા શ્રોત્રાદિક ઇન્દ્રિયોના સમ્બન્ધથી ઉત્પન્ન થાય છે તથા જે સુખ પ્રથમ આરંભમાં મન ઇન્દ્રિયાદિકોના સંયમાદિરૂપ કલેશના અભાવથી ભોક્તા પુરૂષને અમૃતની સમાન થાય છે તથા જે સુખ પરિણામ કાળમાં ભોક્તા પુરૂષને આ લોકના દુઃખોનું તથા પરલોકના દુઃખોનું પ્રાપક હોવાથી વિષની સમાન છે એવું જે સ્રક્ ચન્દન વનિતા સંગાદિકથી ઉત્પન્ન થયેલું વિષયસુખ છે તેને શિષ્ટપુરૂષોએ રાજસસુખ કહેલું છે. ॥ ૩૮ ॥

मूलम्—यदग्रेचानुबन्धेच सुखंमोहनमात्मनः ॥
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदात्हतम् ॥३९॥

पदानि—यत् अग्रे च अनुबन्धे च सुखं मोहनं आत्मनः ॥
निद्रालस्यप्रमादोत्थं तत् तामसं उदाहृतम् ॥३९॥

अन्वयार्थः—**यत्** જે **सुखं** સુખ **अग्रे** પ્રથમ આરંભમાં **च** તથા **अनुबन्धे** પરિણામમાં **आत्मनः** પોતાની બુદ્ધિને **मोहनं** મોહ કરનારૂં ' છે ' **च** તથા **निद्रालस्यप्रमादोत्थं** નિદ્રા આલસ્ય અને પ્રમાદથી ઉત્પન્ન થયું છે **तत्** તે ' સુખ ' **तामसं** તામસ **उदाहृतम्** કહ્યું છે.

टीका—જે સુખ પ્રથમ આરંભમાં તથા પરિણામમાં બુદ્ધિને મોહની પ્રાપ્તિ કરનારૂં છે તથા જે સુખ નિદ્રા આલસ્ય અને પ્રમાદ એ ત્રણેથી ઉત્પન્ન થયેલું છે પણ સાત્વિક સુખની પેઠે આત્મવિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થયેલું નથિ તથા રાજસસુખની પેઠે વિષયઇન્દ્રિયના સંયોગથી પણ ઉત્પન્ન થયેલું નથિ તે સુખને શિષ્ટપુરૂષોએ તામસ કહેલું છે. આ ઠેકાણે નિદ્રા અને આલસ્ય એ બેઉ શબ્દનો અર્થ તો પ્રસિદ્ધ છે અને કરવાયોગ્ય અર્થનો નિશ્ચય કર્યાવિના જે કેવળ મનોરાજ્ય માત્ર છે તેનું નામ પ્રમાદ છે ॥ ૩૯ ॥

मूलम्—नतदस्तिपृथिव्यांवा दिविदेवेषुवापुनः ॥
सत्त्वंप्रकृत्तिजैर्मुक्तं यदेभिःस्यात्त्रिभिर्गुणैः ॥४०॥

पदानि—न तत् अस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ॥
सत्वं प्रकृतिजैः मुक्तं यत् एभिः स्यात् त्रिभिः गुणैः ४०

अन्वयार्थः—**वा पुनः** વળી **यत्** જે **सत्वं** પદાર્થ **प्रकृतिजैः** પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા **एभिः** આ પૂર્વોક્ત **त्रिभिः** ત્રણ **गुणैः** ગુણોવડે **मुक्तं** રહિત **स्यात्** હોય **तत्** તે ' પદાર્થ ' **पृथिव्यां** પૃથ્વીમાં **वा** અથવા **दिवि** સ્વર્ગમાં **देवेषु** દેવોમાં **न अस्ति** વિધમાન નથિ.

टीका—સત્વ રજ અને તમ એ ત્રણ ગુણની સામ્ય અવસ્થારૂપ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જે સત્વાદિક પૂર્વોક્ત ગુણ તેથકી રહિત હોય એવો પદાર્થ આ પૃથ્વીમાં રહેલા મનુષ્યાદિક તથા સ્વર્ગમાં રહેલા દેવોમાં નથી અર્થાત્ કોઇ પણ લોકમાં સત્વાદિક ત્રણ ગુણોથી રહિત કોઇપણ અનાત્મ વસ્તુ નથિ અર્થાત્ સર્વ અનાત્મવસ્તુ તે ગુણોવડે યુક્ત છે. ॥ ૪૦ ॥

मूलम्—ब्राह्मणक्षत्रियाविशां शूद्राणांचपरन्तप ॥
कर्माणिप्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥४१॥

पदानि—ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ॥
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैः गुणैः ॥४१॥

अन्वयार्थः—**परन्तप** હે શત્રુઓને તાપ પમાડનાર **ब्राह्मणक्षत्रियविशां** બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે વર્ણોના **च** તથા **शूद्राणां** શૂદ્રોનાં **कर्माणि** કર્મ **स्वभावप्रभवैः** સ્વભાવથી ઉત્પન્ન થયેલા **गुणैः** ગુણોવડે **प्रविभक्तानि** જુદાં જુદાં ' વ્યવસ્થિત છે તેઓને શ્રવણ કર. '

टीका—હે પરન્તપ ! અર્થાત્ હે અન્તરબાહ્ય શત્રુઓને સન્તાપની પ્રાપ્તિ કરનારા અર્જુન ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણેનાં તથા શૂદ્રોનાં બ્રાહ્મણત્વ ક્ષત્રિયત્વાદિકરૂપ સ્વભાવોના કારણભૂત એવા સત્ત્વાદિક ગુણોવડે તે ચાર વર્ણનાં કર્મ પરસ્પર ભિન્ન ભિન્ન રહેલાં છે, તેને તું શ્રવણ કર. આ ઠેકાણે ગૌતમ મુનિનું વચન છે. ॥ **द्विजातीनामध्ययनमीज्यादानं ब्राह्मणस्याधिकाप्रवचनयाजनप्रतिग्रहाः पूर्वेषुनियमस्तुराज्ञोऽधिकंरक्षणं सर्वभूतानांन्याय्यदण्डत्वं वैश्यस्याधिकंकृषिवाणिज्यपशुपाल्यं कुसीदंच शूद्रश्चतुर्थोवर्ण एकजातिस्तस्यापिसत्यमक्रोधः शौचमाचमनार्थपाणिपादप्रक्षालनमेवैकश्राद्धकर्मभृत्यभरणं स्वदारवृत्तिः परिचर्योत्तरेषां इति** ॥ અર્થ ॥ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય એ ત્રણ વર્ણોનું નામ દ્વિજાતિ છે. તે દ્વિજાતિ પુરૂષોને તો વેદોનું અધ્યયન, અગ્નિહોત્રાદિક કર્મ અને દાન એ ત્રણ સાધારણ ધર્મ છે. વેદોનું અધ્યયન કરાવવું, યજ્ઞ કરાવવો, તથા દાન લેવું એ ત્રણ ધર્મ બ્રાહ્મણને [illegible] છે. ક્ષત્રિય અને વૈશ્યના એ ત્રણ ધર્મ નથિ. પ્રથમ કહેલા જે અધ્યયન ઇજ્યા અને દાન એ ત્રણે ધર્મની આવશ્યકતા તથા સર્વ ભૂતોનું રક્ષણ, દુષ્ટ પ્રાણિયોને નીતિપૂર્વક દંડ કરવો એ ધર્મ ક્ષત્રિયના અધિક છે. કૃષિ, વાણિજ્ય, ગૌઆદિક પશુઓનું પાલન, તથા વૃદ્ધિમાટે ધનના પ્રયોગરૂપ કુસીદ એ ધર્મ વૈશ્યના અધિક છે. એક જન્મવાળા શૂદ્રના તો સત્ય, અક્રોધ, શૌચ, આચમનમાટે હાથ પગનું પ્રક્ષાલન, એક શ્રાદ્ધકર્મ ભૃત્યોનું પોષણ, સ્વસ્ત્રીમાં વૃત્તિ, અને ત્રણ વર્ણોની સેવા ઇત્યાદિક ધર્મ છે. ॥ ૪૧ ॥

मूलम्—शमोदमस्तपःशौचं क्षान्तिरार्जवमेवच ॥
ज्ञानंविज्ञानमास्तिक्यं ब्रह्मकर्मस्वभावजम् ॥४२॥

पदानि—शमः दमः तपः शौचं क्षान्तिः आर्जवं एव च ॥
ज्ञानं विज्ञानं आस्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥

अन्वयार्थः—**शमः** શમ **दमः** દમ **तपः** તપ **शौचं** શૌચ **क्षान्तिः** ક્ષાન્તિ **आर्जवं** આર્જવ **च एव** તેમજ **ज्ञानं** જ્ઞાન **विज्ञानं** વિજ્ઞાન **आस्तिक्यं** આસ્તિક્ય ' એ નવ ' **स्वभावजं** સ્વભાવથી થનારૂં **ब्रह्मकर्म** બ્રાહ્મણનું કર્મ છે.

टीका— અન્તઃકરણનો જે નિગ્રહ તેનું નામ શમ છે. શ્રોત્રાદિક બાહ્યઇન્દ્રિયોનો જે નિગ્રહ તેનું નામ દમ છે. આગળ કહેલું જે શારીર, વાચિક અને માનસ એ ત્રણ

પ્રકારનું તપ તે આ ઠેકાણે તપ શબ્દવડે ગ્રહણ કરવું. મૃત્તિકા અને જલવડે જે બહારની શુદ્ધિ તેને બાહ્યશૌચ કહે છે અને અન્તઃકરણની શુદ્ધિને અન્તઃશૌચ કહે છે, એ બે પ્રકારનું શૌચ આ ઠેકાણે શૌચ શબ્દવડે ગ્રહણ કરવું. કોઇએ કઠોર વચન કહ્યા છતાં તથા તાડન કર્યાછતાં પણ ક્રોધથી જે રહિત થવું તેનું નામ ક્ષમા છે. તે ક્ષમાનું આ ઠેકાણે ક્ષાન્તિ શબ્દવડે ગ્રહણ કરવું. કુટિલતાથી જે રહિત થવું તેનું નામ આર્જવ છે. ષટ્ અંગસહિત વેદને તથા વેદના અર્થને વિષય કરનારી જે અન્તઃકરણની વૃત્તિ તેનું નામ જ્ઞાન છે. કર્મકાંડમાં યજ્ઞાદિક કર્મોની જે કુશલતા તથા જ્ઞાનકાંડમાં જે બ્રહ્માત્માનો અનુભવ તેનું નામ વિજ્ઞાન છે. પ્રથમ કહેલી જે સાત્ત્વિક શ્રદ્ધા તેનું નામ આસ્તિક્ય છે. એ પ્રકારે શમ, દમ, તપ, શૌચ, ક્ષાન્તિ, આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિક્ય એ સત્ત્વગુણના સ્વભાવકૃત નવ ધર્મ કહેવાય છે અર્થાત્ બ્રાહ્મણજાતિનાં કર્મ કહેવાય છે. ॥૪૨॥

मूलम्—शौर्यंतेजोधृतिर्दाक्ष्यं युद्धेचाप्यपलायनम् ॥
दानमीश्वरभावश्च क्षात्रंकर्मस्वभावजम् ॥४३॥

पदानि—शौर्यं तेजः धृतिः दाक्ष्यं युद्धे च अपि अपलायनम् ॥
दानं ईश्वरभावः च क्षात्रं कर्म स्वभावजम् ॥४३॥

अन्वयार्थः--**शौर्यं** શૌર્ય ते[illegible]તેજ **धृतिः** ધૃતિ **दाक्ष्यं** દાક્ષ્ય **च** અને **युद्धे** યુદ્ધમાં **अपि** પણ **अपलायनं** [illegible]ાયન **दानं** દાન **च** તથા **ईश्वरभावः** ઇશ્વરભાવ 'એ સર્વ' **स्वभावजम्** સ્વભાવથી થનારૂં **क्षात्रं** ક્ષત્રિયજાતિને વિહિત **कर्म** કર્મ છે.

टीका--અત્યન્ત બલવાન્ પુરૂષોને પણ પ્રહાર કરવામાં પ્રવૃત્તિરૂપ જે વિક્રમ તેનું નામ શૌર્ય છે, અન્ય શત્રુઓથી પરાભવ ન પામવારૂપી જે પ્રબલતા તેનું નામ તેજ છે. મ્હોટી વિપત્તિ પ્રાપ્ત થાય તો પણ દેવ ઇન્દ્રિયરૂપ સંઘાતને જે વ્યાકુલ ન કરવો તેનું નામ ધૃતિ છે. એકદમ ઉત્પન્ન થયેલા કાર્યોમાં પણ વ્યામોહથી રહિત થઇને પ્રવૃત્તિરૂપ જે ડહાપણ તેનું નામ દાક્ષ્ય છે. યુદ્ધમાં મ્હોટાં શસ્ત્રોનો પ્રહાર થતો હોય તોપણ તે યુદ્ધથી જે પાછું ન હઠવું તેનું નામ અપલાયન છે. સંકોચથી રહિત થઇને સુવર્ણ, ગાય, ગૃહ, અન્ન અને ભૂમિઆદિક ધનમાં પોતાના મમત્વનો ત્યાગ કરીને બ્રાહ્મણોને જે આપવું તેનું નામ દાન છે. પ્રજાનું પાલન કરવા માટે પોતાના ભૃત્યોની સમીપે પોતાની પ્રભુ શક્તિનું જે પ્રગટ કરવું તેનું નામ ઇશ્વર ભાવ છે, અથવા શાસ્ત્રે નિષિદ્ધ કરેલા માર્ગમાં પ્રવર્તનારા દુષ્ટ પ્રાણિયોને નિયમ કરવાની જે શક્તિ તેનું નામ ઇશ્વરભાવ છે. આ શૌર્યને આદિ લઇ ઇશ્વરભાવપર્યંત સઘળાં કર્મ ક્ષત્રિયોનાં છે અને તે કર્મ ક્ષત્રિયોને સ્વભાવથીજ ઉત્પન્ન થનારાં છે.

मूलम्—कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्मस्वभावजम् ॥
परिचर्यात्मकंकर्म शूद्रस्यापिस्वभावजम् ॥४४॥

पदानि—कृषिगोरक्षवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ॥
परिचर्यात्मकं कर्म शूद्रस्य अपि स्वभावजम् ॥४४॥

अन्वयार्थः—**कृषिगोरक्ष्यवाणिज्यं** કૃષિ ગાયોનું રક્ષણ અને વાણિજ્ય ' એ સર્વે ' **स्वभावजं** સ્વભાવજન્ય **वैश्यकर्म** વૈશ્યોનું કર્મ છે **अपि** તથા **शूद्रस्य** શૂદ્રનું **परिचर्यात्मकं** ' દ્વિજાતિ પુરૂષોની ' શુશ્રૂષારૂપ **स्वभावजम्** સ્વભાવજન્ય **कर्म** કર્મ છે.

टीका—વ્રીહિયવાદિક અન્નોની ઉત્પત્તિ માટે જે ભૂમિનું વિલેખન તેનું નામ કૃષિ છે. ગાય આદિક પશુઓનું જે પાલન તેનું નામ ગોરક્ષ્ય છે. અન્નાદિક પદાર્થોનો ક્રયવિક્રયરૂપ જે વ્યાપાર તેનું નામ વાણિજ્ય છે. વૃદ્ધિમાટે ધનના પ્રયોગરૂપ જે કુસીદ તેનો પણ આ વાણિજ્યમાં અન્તર્ભાવ જાણવો. આ ત્રણે વૈશ્યજાતિનાં સ્વભાવજન્ય કર્મ છે. બ્રાહ્મણ ક્ષત્રિય, અને વૈશ્ય એ ત્રણ વર્ણોની શુશ્રૂષારૂપ જે કર્મ તે શૂદ્ર જાતિને સ્વભાવજન્ય કર્મ છે.

मूलम्—स्वेस्वेकर्मण्यभिरतः संसिद्धिंलभतेनरः ॥
स्वकर्मनिरतःसिद्धिं यथाविन्दतितच्छृणु ॥४५॥

पदानि—स्वे स्वे कर्मणि अभिरतः संसिद्धिं लभते नरः ॥
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तत् शृणु ॥४५॥

अन्वयार्थः—**नरः** મનુષ્ય **स्वे स्वे** પોતપોતાન **कर्मणि** કર્મમાં **अभिरतः** નિષ્ઠાવાળો થઇ **संसिद्धिं** સંસિદ્ધિને **लभते** પામે છે **स्वकर्मनिरतः** પોતાના કર્મમાં નિષ્ઠાવાળો ' પુરૂષ ' **यथा** જે પ્રકારે **सिद्धिं** સિદ્ધિને **विन्दति** પામે છે **तत्** તેને **शृणु** શ્રવણ કર.

टीका—શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રે વર્ણાશ્રમપ્રત્યે જે જે કર્મ કહેલાં છે તે પોતપોતાના કર્મમાં સારી રીતે તત્પર થયેલો અને વર્ણાશ્રમના અભિમાનવાળો પુરૂષ સંસિદ્ધિને પામે છે અર્થાત્ દેહ ઇન્દ્રિયરૂપ સંઘાતની અશુદ્ધિનો ક્ષય કરીને સમ્યક્ જ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતા પામે છે અને શાસ્ત્રે કહેલાં પોતાના વર્ણાશ્રમના કર્મમાં નિષ્ઠાવાળો થઇને જે પ્રકારે તે સંસિદ્ધિને પામે છે તે પ્રકારને તું હમણાં શ્રવણ કર અર્થાત્ શ્રવણ કરી તે પ્રકારનો નિશ્ચય કર. ॥ ૪૫ ॥

मूलम्—यतःप्रवृत्तिर्भूतानां येनसर्वमिदंततम् ॥
स्वकर्मणातमभ्यर्च्य सिद्धिंविन्दतिमानवः ॥४६॥

पदानि—यतः प्रवृत्तिः भूतानां येन सर्वं इदं ततम् ॥
स्वकर्मणा तं अभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥४६॥

अन्वयार्थः—**यतः** જેથકી **भूतानां** ' આકાશાદિક ' ભૂતોની **प्रवृत्तिः** ઉત્પત્તિ ' થાય છે તથા ' **येन** જેણે **इदं** આ **सर्वं** સર્વ **ततं** વ્યાપ્ત કર્યું છે **तं** તે ' ઇશ્વરને ' **स्वकर्मणा** પોતાના કર્મવડે **अभ्यर्च्य** સન્તુષ્ટ કરીને **मानवः** મનુષ્ય **सिद्धिं** અન્તઃકરણની શુદ્ધિને **विन्दति** પામે છે.

टीका—જે ઇશ્વરથકી આ આકાશાદિક સર્વે ભૂતની ઉત્પત્તિ થાય છે તથા જે ઇશ્વરે આ દશ્ય પ્રપંચ ત્રણ કાળમાં વ્યાપ્ત કર્યો છે તે ઇશ્વરને શાસ્ત્રવિહિત પોતાના વર્ણ આશ્રમના કર્મવડે સન્તુષ્ટ કરીને તે અન્તર્યામી ઇશ્વરના પ્રસાદથી મનુષ્ય સિદ્ધિ પામે છે. અન્તર્યામી ઇશ્વરથી સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયાદિક થાય છે એ વાત શ્રુતિમાં પ્રસિદ્ધ છે. ત્યાં શ્રુતિ. ॥ **यतोवाइमानिभूतानिजायन्ते येमजातानिजीवन्ति यत्प्रयन्त्यभिविशन्ति तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति** ॥ ॥ અર્થ ॥ જે કારણરૂપ વસ્તુથકી આ આકાશાદિક સર્વ ભૂત ઉત્પન્ન થાય છે તથા ઉત્પન્ન થયેલાં તે સર્વ ભૂત જે કારણરૂપ વસ્તુવડે જીવે છે તથા વિનાશને પ્રાપ્ત થએલાં તે સર્વ ભૂત જે કારણરૂપ વસ્તુમાં લય પામે છે તે કારણરૂપ વસ્તુને તું બ્રહ્મરૂપ જાણ અને એવા કારણરૂપ બ્રહ્મનો વિચાર કર. ॥ ૪૬ ॥

मूलम्—**श्रेयान्स्वधर्मोविगुणः परधर्मात्स्वनुष्ठितात् ॥**
स्वभावनियतंकर्म कुर्वन्नाप्नोतिकिल्बिषम् ॥४७॥

पदानि—**श्रेयान् स्वधर्मः विगुणः परधर्मात् स्वनुष्ठितात् ॥**
स्वभावनियतं कर्म कुर्वन् न आप्नोति किल्बिषम् ॥४७॥

अन्वयार्थः—**स्वनुष्ठितात्** સારી રીતે કરેલા **परधर्मात्** પરધર્મથી **विगुणः** સારી રીતે ન અનુષ્ઠાન કરેલો **स्वधर्मः** સ્વધર્મ **श्रेयान्** અતિ શ્રેષ્ઠ છે **स्वभावनियतं** સ્વભાવજન્ય **कर्म** કર્મને **कुर्वन्** કરતો છતો ' પુરૂષ ' **किल्बिषं** પાપને **न आप्नोति** પામતો નથિ.

टीका—મંત્ર દ્રવ્ય આદિક સર્વ અંગોની સમ્પૂર્ણતાપૂર્વક સારી રીતે કરેલા પરધર્મથકી કિંચિત્ મંત્રાદિક અંગોથી રહિત અને સારી રીતે ન અનુષ્ઠાન કરયા છતાં પણ સ્વધર્મ અત્યન્ત શ્રેષ્ઠ છે. માટે આ યુદ્ધાદિરૂપ ધર્મ જોકે હિંસાવડે યુક્ત છે અને ભિક્ષાટનાદિરૂપ ધર્મ તે હિંસાદિ દોષથી રહિત છે તોપણ તને ક્ષત્રિયને તે યુદ્ધાદિરૂપ સ્વધર્મજ અનુષ્ઠાન કરવા યોગ્ય છે પણ ભિક્ષાટનાદિરૂપ પરધર્મ અનુષ્ઠાન કરવા યોગ્ય નથિ અને હે અર્જુન! પ્રથમ (**शौर्यंतेजोधृतिर्दाक्ष्यं**) ઇત્યાદિક વચન વડે કહેલો જે ક્ષત્રિયરાજાનો ગુણકૃત સ્વભાવ, તેવડે ઉત્પન્ન થયેલાં યુદ્ધાદિક કર્મ કરનારો ક્ષત્રિયરાજા બાન્ધવોની હિંસાનિમિત્ત પાપને પામતો નથી. ॥ ૪૭ ॥

मूलम्—सहजंकर्मकौन्तेय सदोषमपिनत्यजेत् ॥
सर्वारम्भाहिदोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥

पदानि—सहजं कर्म कौन्तेय सदोषं अपि न त्यजेत्॥
सर्वारम्भाः हि दोषेण धूमेन अग्निः इव आवृताः ॥४८॥

अन्वयार्थः—**कौन्तेय** હે કૌન્તેય **सहजं** સ્વભાવજન્ય **सदोषं** દોષસહિત **अपि** પણ **कर्म** કર્મને ' પુરૂષ ' **नत्यजेत्** ત્યાગ ન કરે **हि** કારણકે **सर्वारम्भाः** સર્વ ધર્મ **धूमेन** ધૂમવડે ઢંકાયલો **अग्निः इव** અગ્નિ જાણે હોય એમ **दोषेण** ' સામાન્ય ' દોષવડે **आवृताः** ઢંકાયલા છે.

टीका—હે અર્જુન! પૂર્વોક્ત સ્વભાવથી ઉત્પન્ન થયેલું જે સ્વવર્ણાશ્રમનું કર્મ તે દોષસહિત હોય તો પણ તારે અથવા બીજા કોઇ પુરૂષને ત્યાગ કરવું ન જોઇએ, કારણકે આત્મજ્ઞાનથી રહિત એવો કોઈ પણ અજ્ઞાની પુરૂષ એક ક્ષણ માત્ર કર્મ ન કરીને રહેવાને સમર્થ થતો નથિ તથા સ્વધર્મનો પરિત્યાગ કરીને પરધર્મને અનુષ્ઠાન કરનારો પુરૂષ પણ દોષથી મુક્ત થતો નથિ કારણકે આ લોકપ્રસિદ્ધ અગ્નિ જેમ ધૂમ ડાવડે ઢંકાયેલો છે તેમ જેટલા સ્વધર્મ અને પરધર્મ છે તે સર્વ ધર્મ તે સત્ત્વાદિક ત્રણ ગુણરૂપ સામાન્ય દોષવડે ઢંકાયેલા છે માટે તે સર્વ ધર્મ દોષયુક્ત છે તો પછી સ્વધર્મનો ત્યાગ શા માટે કરવો જોઇએ.

मूलम्—असक्तबुध्धिःसर्वत्र जितात्माविगतस्पृहः ॥
नैष्कर्म्यसिध्धिंपरमां संन्यासेनाधिगच्छति ॥४९॥

पदानि—असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ॥
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेन अधिगच्छति ॥४९॥

अन्वयार्थः—**सर्वत्र** સર્વ ઠેકાણે **असक्तबुद्धिः** અસક્તબુદ્ધિ **जितात्मा** અન્તઃકરણ જેણે જીતેલું છે એવો **विगतस्पृहः** સ્પૃહારહિત ' એવો અધિકારી પુરૂષ ' **परमां** પરમ **नैष्कर्म्यसिद्धिं** નૈષ્કર્મ્યસિદ્ધિને **संन्यासेन** સંન્યાસવડે **अधिगच्छति** પામે છે.

टीका—હું આ ધનાધિક પદાર્થોનો છું અને આ ધનાદિક પદાર્થ મારાં છે એ પ્રકારના અભિષ્વંગથી રહિત જેની બુદ્ધિ છે તેનું નામ અસક્ત બુદ્ધિ છે આ ઠેકાણે આત્મા શબ્દવડે અન્તઃકરણનું ગ્રહણ કરવું, તે અન્તઃકરણને સર્વ વિષયોથી નિવૃત્ત કરીને જેણે વશ કરેલું છે તેનું નામ જીતાત્મા છે ॥ **निष्कलंनिष्क्रियंशान्तं** ॥ એ શ્રુતિયે બ્રહ્મને ક્રિયારૂપ કર્મથી રહિત કહેલું છે માટે બ્રહ્મનું નામ નિષ્કર્મ છે. તે નિષ્કર્મને વિષય કનારૂં જે વેદાન્ત વિચારથી ઉત્પન્ન થયેલું આત્મજ્ઞાન તેનું નામ નૈષ્કર્મ્ય છે. એવી જે નૈષ્કર્મ્યરૂપ સિદ્ધિ તેનું નામ નૈષ્કર્મ્ય સિદ્ધિ છે. ॥ ૪૯ ॥

मूलम्—सिद्धिंप्राप्तोयथाब्रह्म तथाप्नोतिनिबोधमे ॥
समासेनैवकौन्तेय निष्ठाज्ञानस्ययापरा ॥५०॥

પદાનિ—सिद्धिं प्राप्तः यथा ब्रह्म तथा आप्नोति निबोध मे ॥
समासेन एव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥५०॥

अन्वयार्थः—**कौन्तेय** હે કુન્તીપુત્ર **सिद्धिं** સિદ્ધિને **प्राप्तः** પ્રાપ્ત થયેલો ' પુરૂષ ' **यथा** જે પ્રકારે **ब्रह्म** બ્રહ્મને **आप्नोति** પામે છે **तथा** તે પ્રકારને **मे** મારાથકી **समासेन एव** સંક્ષેપવડેજ **निबोध** નિશ્ચય કર 'તથા સિદ્ધિ અસિદ્ધિને પ્રાપ્ત થયેલા પુરૂષની ' **या** જે **ज्ञानस्य** જ્ઞાનની **परा** પર **निष्ठा** નિષ્ઠા '‘છે તેને પણ તું નિશ્ચય કર. '

टीका—હે કૌન્તેય! પોતાનાં વર્ણાશ્રમ કર્મવડે અન્તર્યામી ઇશ્વરનું આરાધન કરવાથી જ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતારૂપ સિદ્ધિને પામેલો પુરૂષ જેવી રીતે બ્રહ્મને પામે છે તે પ્રકારે તું મારા વચનથી સંક્ષેપવડેજ નિશ્ચય કર તથા સિદ્ધિ અને અસિદ્ધિને પ્રાપ્ત થયેલા પુરૂષની જે જ્ઞાનની નિષ્ઠા છે તેને પણ તું નિશ્ચય કર. તે નિષ્ઠા પર છે અર્થાત્ અત્યન્ત શ્રેષ્ઠ છે અથવા સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાથી તે નિષ્ઠા સર્વના અન્તમાં રહેલી છે. ॥ ૬૯ ॥

મૂલમ્—बुद्ध्याविशुद्ध्यायुक्तो-धृत्यात्मानंनियम्यच ॥
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौव्युदस्यच ॥५१॥

પદાનિ—बुद्ध्या विशुद्धया [illegible]ः धृत्या आत्मानं नियम्य च ॥
शब्दादीन् विषयान् त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥५१॥

अन्वयार्थः—**विशुद्धया** વિશુદ્ધ **बुद्ध्या** બુદ્ધિવડે **युक्तः** યુક્ત થયેલો પુરૂષ **धृत्या** ધૈર્યવડે **आत्मानं** ' આ ' સંઘાતને **नियम्य** નિયમમાં રાખી **च** તથા **शब्दादीन्** શબ્દાદિક **विषयान्** વિષયોને **त्यक्त्वा** ત્યાગ કરીને **च** તથા **रागद्वेषौ** રાગદ્વેષને **व्युदस्य** ત્યાગ કરીને ' બ્રહ્મભાવને પામે છે. '

टीका—સર્વ સંશયોથી રહિત હોવાથી વિશુદ્ધ એવી બુદ્ધિની વૃત્તિવડે યુક્ત થયેલો અધિકારી પુરૂષ ધૈર્યરૂપ ધૃતિવડે શરીર અને ઇન્દ્રિયના સંઘાતરૂપ આત્માને નિયમમાં રાખીને અર્થાત્ તે સંઘાતને શાસ્ત્રનિષિદ્ધ માર્ગની પ્રવૃત્તિથી નિવૃત્ત કરીને તથા શબ્દાદિક વિષયોનો પરિત્યાગ કરીને તથા રાગ દ્વેષનો પરિત્યાગ કરીને વિવિક્તસેવી ઇત્યાદિક વિશેષણોવડે યુક્ત થાય તે અધિકારી પુરૂષ બ્રહ્મસાક્ષાત્કારમાટે સમર્થ થાય છે. આની રીતે આ શ્લોકનો તથા આગલા શ્લોકનો ॥ **ब्रह्मभुयायकल्पते** ॥ એ ત્રીજા શ્લોકના વચનની સાથે અન્વય કરવો. ॥ ૫૧ ॥

મૂલમ્—विविक्तसेवीलघ्वाशी यतवाक्कायमानसः ॥
ध्यानयोगपरोनित्यं वैराग्यंसमुपाश्रितः ॥५२॥

पदानि--विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ॥
ध्यानयोगपरः नित्यं वैराग्यं समुपाश्रितः ॥५२॥

अन्वयार्थः—' જે પુરૂષ ' **विविक्तसेवी** એકાન્ત દેશનું સેવન કરનારો **लघ्वाशी** પરિમિત ભોજન કરનારો **यतवाक्कायमानसः** જીતેલાં છે વાણી, શરીર અને મન જેણે એવો **नित्यं** નિરન્તર **ध्यानयोगपरः** ધ્યાનયોગ પરાયણ ' તથા ' **वैराग्यं** વૈરાગ્યને **समुपाश्रितः** આશ્રય કરીને રહેલો ' છે તે પુરૂષ ' બ્રહ્મસાક્ષાત્કારમાટે સમર્થ થાય છે.

टीका– મનુષ્યના સંસર્ગથી રહિત એવું કોઈ વન, અથવા પર્વતની ગુફા આદિકનું નામ વિવિક્ત દેશ છે અને એવા વિવિક્તદેશને સેવન કરવાનો જેનો સ્વભાવ છે તેનું નામ વિવિક્તસેવી છે. પરિમિત અને પવિત્ર અન્નનું ભોજન કરવાનો જેનો સ્વભાવ હોય તેનું નામ લઘ્વાશી છે. બહિર્મુખ પ્રવૃત્તિથી વાણી, શરીર અને મન એ ત્રણેને જેણે રૂંધેલાં છે તેનું નામ યતવાકકાયમાનસ છે. ચિત્તમાં આત્માકાર વૃત્તિયોની જે આવૃત્તિ તેનું નામ ધ્યાન અને તે ધ્યાનવડે ચિત્તની સર્વ વૃત્તિયોથી રહિતપણાનું જે સંપાદન તેનું નામ યોગ અને તે ધ્યાન તથા યોગમાં જે નિરન્તર તત્પર રહે તેનું નામ ધ્યાનયોગપર છે. એવી રીતે જે પુરૂષ વિવિક્તસેવી, લઘ્વાશી, યતવાક્કાયમાનસ, અને ધ્યાનયોગપર થયેલો, તથા વૈરાગ્યને આશ્રય કરીને રહેલો છે તે પુરૂષ બ્રહ્મરૂપ થવાને યોગ્ય થાય છે. ૫૨

मूलम्--अहङ्कारंबलंदर्पं कामंक्रो[illegible]रिग्रहम् ॥
विमुच्यनिर्ममःशान्तो ब्रह्मभूयायकल्पते ॥५३॥

पदानि--अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ॥
विमुच्य निर्ममः शान्तः ब्रह्मभूयाय कल्पते ॥५३॥

अन्वयार्थः—**अहङ्कारं** અહંકારને **बलं** બલને **दर्पं** દર્પને **कामं** કામને **क्रोधं** ક્રોધને **परिग्रहं** પરિગ્રહને **विमुच्य** ત્યાગ કરી **निर्ममः** મમતાથી રહિત થઇ ' તથા ' **शान्तः** વિક્ષેપથી રહિત થઇ ' પુરૂષ ' **ब्रह्मभूयाय** બ્રહ્મ સાક્ષાત્કારમાટે **कल्पते** સમર્થ થાય છે.

टीका—હું મ્હોટા કુળમાં ઉત્પન્ન થયો છું તથા મહાન્ પુરૂષોનો હું શિષ્ય છું તથા હું અતિવિરક્ત છું તથા મારી સમાન બીજો કોઇ નથિ એ પ્રકારનું જે અભિમાન તેનું નામ અહંકાર છે. શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રથી વિરૂદ્ધ એવો જે અસત્ય આગ્રહ તેનું નામ બલ છે. ઘણું કરીને શરીરના સામર્થ્યનું નામ બલ કહેવાય છે તોપણ આ ઠેકાણે બલ શબ્દેકરીને શરીરનું બલ ગ્રહણ કરવું નહિ કારણકે સ્વાભાવિક હોવાથી શરીરનું બલ ત્યાગ કરવાને અશક્ય છે તથા આત્મજ્ઞાનના સાધનો સંપાદન કરવામાં અનુકૂલ છે. હર્ષથી ઉત્પન્ન થયેલો અને ધર્મનું અતિક્રમણ કરવામાં કારણરૂપ જે મદ તેનું નામ દર્પ છે. આ લોક અથવા પરલોકના વિષયોની જે અભિલાષા તેનું નામ કામ છે. દ્વેષનું નામ ક્રોધ છે. સ્પૃહાનો

અભાવ છતાં પણ શરીરના રક્ષણમાટે બીજા લોકોએ પ્રાપ્ત કરેલાં જે બાહ્યભોગનાં સાધન તેનું નામ પરિગ્રહ છે. એવા અહંકારનો, બલનો, દર્પનો, કામનો, ક્રોધનો, પરિગ્રહનો તથા મમતાનો પરિત્યાગ કરીને વિક્ષેપથી રહિત થયેલો શાન્તપુરૂષ બ્રહ્મસાક્ષાત્કાર માટે સમર્થ થાય છે. ।। ૫૩ ।।

मूलम्—ब्रह्मभूतःप्रसन्नात्मा नशोचातिनकाङ्क्षाति ॥
समःसर्वेषुभूतेषु मद्भक्तिंलभतेपराम् ॥५४॥

पदानि—ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥५४॥

अन्वयार्थः—'જે પુરૂષ' **ब्रह्मभूतः** બ્રહ્મભૂત 'તથા' **प्रसन्नात्मा** પ્રસન્ન મનવાળો છે 'તથા' **न शोचति** શોક કરતો નથિ 'તથા' **न काङ्क्षति** ઇચ્છા કરતો નથિ 'તથા' **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂતોમાં **समः** સમ 'છે તે પુરૂષ' **पराम्** પર એવી **मद्भक्तिं** મારી ભક્તિને **लभते** પામે છે.

टीका—જે અધિકારી પુરૂષ બ્રહ્મભૂત છે અર્થાત્ વેદાન્તશાસ્ત્રના શ્રવણ મનનના અભ્યાસથી **अहंब्रह्मास्मि** એ પ્રકારના દૃઢ નિશ્ચયવાળો છે તથા જે પુરૂષ પ્રસન્નાત્મા છે અર્થાત્ શમ દમાદિક સાધનોના [illegible]સથી શુદ્ધ ચિત્તવાળો છે અને તે કારણ માટેજ જે પુરૂષ નાશ પામેલા પદાર્થનો [illegible] કરતો નથિ તથા ન પ્રાપ્ત થયેલા પદાર્થની ઇચ્છા કરેતો નથિ અને સર્વ ભૂતો ઉપર સમદૃષ્ટિવાળો છે તે પુરૂષ પર એવી મારી ભક્તિને પામે છે. ।। ૫૪ ।।

मूलम्—भक्त्यामामभिजानाति यावान्यश्चास्मितत्त्वतः ॥
ततोमांतत्त्वतोज्ञात्वा विशतेतदनन्तरम् ॥५५॥

पदानि—भक्त्या मां अभिजानाति यावान् यः च अस्मितत्त्वतः ॥
ततः मां तत्त्वतः ज्ञात्वा विशते तदनन्तरम् ॥५५॥

अन्वयार्थः—'હું' **यावान्** જે પરિમાણવાળો **च** તથા **यः** જે સ્વરૂપવાળો **अस्मि** છું એવા **मां** મને **भक्त्या** ભક્તિવડે 'જે પુરૂષ' **तत्त्वतः** તત્વથકી **अभिजानाति** સાક્ષાત્કાર કરે છે 'તે પુરૂષ' **ततः** તે 'ભક્તિથી' **मां** મને **तत्त्वतः** તત્વથી **ज्ञात्वा** જાણીને **तदनन्तरं** દેહપાતથી અનન્તર **विशते** 'મારે વિષે' પ્રવેશ કરે છે.

टीका—હું જે પરિમાણવાળો તથા જે સ્વરૂપવાળો છું તેવી રીતે મને ભક્તિવડે જે પુરૂષ તત્ત્વથકી સાક્ષાત્કાર કરે છે તે પુરૂષ તે ભક્તિવડે મને તત્ત્વથી જાણીને દેહપાતથી અનન્તર મારેવિષે પ્રવેશ કરે છે (**तदनन्तरं**) એ વચનનો "જ્ઞાનથી અનન્તર" એ પ્રકાર-

નો અર્થ કોઇ ટીકાકારે કરેલો છે તથાપિ તે અર્થ બરોબર સંભવતો નથિ કારણકે આત્મજ્ઞાન અને બ્રહ્મમાં પ્રવેશ એ એઉનો પૂર્વઉત્તર ભાવ તો (**ज्ञात्वा**) એ વચનમાં રહેલા **क्त्वा** નામના પ્રત્યયવડેજ સિદ્ધ થાય છે તોપછી (**तदनन्तरं**) એ પદ વ્યર્થ થવું જોઇએ માટે એ પદનો "દેહપાતથી અનન્તર" એ અર્થજ ઠીક દેખાય છે આ શ્લોકમાં શ્રીભગવાને ॥ **तस्यतावदेवचिरंयावन्नविमोक्ष्येऽथसंपत्स्ये** ॥ એ શ્રુતિનો અર્થ કહી દેખાડયો છે. એ શ્રુતિનો અર્થ આવો છે કે, તે બ્રહ્મવેત્તા પુરૂષને વિદેહ મોક્ષની પ્રાપ્તિમાં જેટલા કાલપર્યન્ત પ્રારબ્ધ કર્મના ભોગવડે આ દેહપાત ન થાય તેટલા કાળપર્યન્તજ વિલમ્બ છે પણ દેહપાત થયાપછી સર્વ ઉપાધિયોથી રહિત થયેલો તે બ્રહ્મવેત્તા પુરૂષ નિર્ગુણ અદ્વિતિય બ્રહ્મની પ્રાપ્તિરૂપ વિદેહમોક્ષને પામે છે. ॥ ૫૫ ॥

मूलम्—सर्वकर्माण्यपिसदा कुर्वाणोमद्व्यपाश्रयः ॥
मत्प्रसादादवाप्नोति शाश्वतंपदमव्ययम् ॥५६॥

पदानि—सर्वकर्माणि अपि सदा कुर्वाणः मद्व्यपाश्रयः ॥
मत्प्रसादात् अवाप्नोति शाश्वतं पदं अव्ययम् ॥५६॥

अन्वयार्थः—सर्वकर्माणि સર્વ કર્મોને **सदा** નિરન્તર **कुर्वाणः** કરનારો **अपि** પણ **मद्व्यपाश्रयः** મારો શરણાગત 'પુરૂષ' **मत्प्रसादात्** મારા અનુગ્રહથી **शाश्वतं** શાશ્વત **अव्ययं** અવ્યય **पदं** પદને **अवाप्नोति** પામે છે.

टीका—સર્વ કર્મોને નિરન્તર કરનારો પણ મારો શરણાગત પુરૂષ મારા અનુગ્રહથી મારા પદને પામે છે. ॥ **मद्व्यपाश्रयः** ॥ એ પદનો અર્થ આવી રીતે છે કે, હું વાસુદેવ છું વ્યપાશ્રય એટલે શરણ જેનું તેનું નામ મદ્વ્યપાશ્રય છે અર્થાત્ કેવળ મારે શરણે થઇને મારેવિષે અર્પણ કરેલો છે સર્વાત્મભાવ જેણે તેનું નામ મદ્વ્યપાશ્રય છે. તે મારૂં પદ શાશ્વત છે અર્થાત્ ઉત્પત્તિ વિનાશથી રહિત છે તથા અવ્યય છે અર્થાત્ પરિણામભાવથી રહિત છે. ॥ ૫૬ ॥

मूलम्—चेतसासर्वकर्माणि मयिसंन्यस्यमत्परः ॥
बुद्धियोगमुपाश्रित्य मच्चितःसततंभव ॥५७॥

पदानि—चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ॥
बुद्धियोगं उपाश्रित्य मच्चितः सततं भव ॥५७॥

अन्वयार्थः—चेतसा ચિત્તવડે **सर्वकर्माणि** સર્વ કર્મોને **मयि** મારેવિષે **संन्यस्य** સમર્પણ કરીને **मत्परः** મારે આધીન થઇ 'તું' **बुद्धियोगं** બુદ્ધિયોગને **उपाश्रित्य** સ્વીકાર કરીને **सततं** નિરન્તર **मच्चितः** મારામાં ચિત્ત રાખનાર **भव** થા.

ટીકા—આ લોકના દૃષ્ટ અર્થની પ્રાપ્તિ કરનારાં તથા સ્વર્ગાદિક લોકના અદૃષ્ટ અર્થની પ્રાપ્તિ કરનારાં લૌકિક વૈદિક સર્વે કર્મોને વિવેકયુક્ત બુદ્ધિવડે મારેવિષે અર્પણ કરીને તથા મત્પરાયણ થઇને તથા બુદ્ધિનો સ્વીકાર કરીને નિરંતર મારામાં ચિત્ત રાખનારો થા. કોઈ મૂળ પુસ્તકમાં ॥ **बुद्धियोगमपाश्रित्य** ॥ એ પ્રકારનો પણ પાઠ છે. તેમાં પણ પ્રથમ કહેલો અર્થ જાણવો ॥ ૫૭ ॥

मूलम्—मच्चित्तःसर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ॥
अथचेत्त्वमहङ्कारान्नश्रोष्यसिविनङ्क्ष्यसि ॥५८॥

पदानि—मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात् तरिष्यसि ॥
अथ चेत् त्वं अहङ्कारात् न श्रोष्यसि विनङ्क्ष्यसि ॥५८॥

અન્વયાર્થઃ—**मच्चित्तः** મારેવિષે ચિત્ત રાખનાર થયેલો ' તું ' **मत्प्रसादात्** મારા પ્રસાદથી **सर्वदुर्गाणि** દુસ્તર કામક્રોધાદિકોને **तरिष्यसि** તરી જાઇશ **अथ चेत्** અને જો કદાચિત્ **त्वं** તું **अहङ्कारात्** અહંકારથી ' મારા વચનને ' **न श्रोष्यसि** સાંભળીશ નહિ ' તો ' **विनङ्क्ष्यसि** નાશ પામીશ.

ટીકા—મારેવિષે ચિત્ત રાખનારો તું મારા પ્રસાદથી સર્વ દુર્ગને તરી જઇશ. તેમાં સંસાર દુઃખના સાધનરૂપ જે અપાર કામ ક્રોધાદિક છે તેઓનું નામ દુર્ગ છે, એવા કામ ક્રોધાદિરૂપ સર્વ દુર્ગોને તું પોતાના પ્રયત્નવિનાજ કેવળ મારા અનુગ્રહથી સુખે કરીને અતિક્રમણ કરીશ. અને જો કદાચિત્ તું મારા વચનોમાં અવિશ્વાસ કરીને હું પંડિત છું એ પ્રકારના ગર્વરૂપ અહંકારથી મારાં વચન સાંભળીશ નહિ અર્થાત્ મારા વચનપ્રમાણે કરીશ નહિ તો નાશ પામીશ અર્થાત્ પોતાની ઇચ્છાથી યુદ્ધાદિક સ્વધર્મનો પરિત્યાગ કરીને સંન્યાસાદિક પરધર્મના અનુષ્ઠાનથી તું સર્વ પુરુષાર્થોથી ભ્રષ્ટ થઇશ. ॥ ૫૮ ॥

मूलम्—यदहङ्कारमाश्रित्य नयोत्स्यइतिमन्यसे ॥
मिथ्यैवव्यवसायस्ते प्रकृतिस्त्वांनियोक्ष्यति ॥५९॥

पदानि—यत् अहङ्कारं आश्रित्य न योत्स्ये इति मन्यसे ॥
मिथ्या एव व्यवसायः ते प्रकृतिः त्वां नियोक्ष्यति ॥५९॥

અન્વયાર્થઃ—' તું ' **अहङ्कारं** અહંકારને **आश्रित्य** આશ્રય કરીને **नयोत्स्ये** હું યુદ્ધ નહિ કરૂં **इति** એ પ્રકારે **यत्** જો **मन्यसे** માનતો હો ' તો તે ' **ते** તારો **व्यवसायः** નિશ્ચય **मिथ्या एव** મિથ્યાજ છે ' કારણ ' **त्वां** તને **प्रकृतिः** પ્રકૃતિ ' અવશ્ય **नियोक्ष्यति** પ્રેરણા કરશે.

ટીકા—હું ધર્માત્મા છું માટે આ યુદ્ધરૂપ કર્મ કરીશ નહિ, એ પ્રકારના મિથ્યા અભિમાનને આશ્રય કરીને આ યુદ્ધ હું નહિ કરૂં એમ જો તું માનતો હોય તો તે તારો

નિશ્ચય નિષ્ફલજ છે કારણકે ક્ષત્રિય જાતિનો આરંભ કરનારી અને રજોગુણરૂપવાળી જે પ્રકૃતિ છે તે તને આ યુદ્ધરૂપ કર્મમાં અવશ્ય પ્રવર્ત્તાવશે. ॥૫૯॥

मूलम्—स्वभावजेनकौन्तेय निबद्धःस्वेनकर्मणा ॥
कर्त्तुंनेच्छसियन्मोहा-त्करिष्यस्यवशोऽपितत्॥६०॥

पदानि—स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ॥
कर्त्तुं न इच्छसि यत् मोहात् करिष्यसि अवशः अपि तत्॥६०

अन्वयार्थः—**कौन्तेय** હે કૌન્તેય **स्वभावजेन** સ્વભાવજન્ય **स्वेन** પોતાના **कर्मणा** કર્મવડે **निबद्धः** વશીકૃત થયેલો 'તું' **मोहात्** મોહથકી **यत्** જે 'યુદ્ધ' **कर्त्तुं** કરવાને **न इच्छसि** ઇચ્છતો નથિ **तत्** તે 'યુદ્ધને' **अवशः** પરવશ થઇને **अपि** પણ **करिष्यसि** કરીશ.

टीका—પૂર્વ ઉક્ત ક્ષત્રિય સ્વભાવથી થયેલા જે શૌર્યાદિકના આગન્તુક કર્મ, તેને વશ થયેલો તું મોહને આધીન થઈ જે યુદ્ધ કરવાને ઇચ્છતો નથી, અર્થાત્ હું સ્વતંત્ર છું માટે જે જે અર્થની ઇચ્છા કરીશ તે તે અર્થને સમ્પાદન કરીશ એ પ્રકારના ભ્રમરૂપ મોહને આધીન થઇ જે તું બન્ધુવધાદિકના નિમિત્તભૂત એવા આ યુદ્ધને કરવાને ઇચ્છિતો નથિ તે યુદ્ધરૂપ કર્મને તું પરવશ થઇને જરૂર કરીશ ॥ ૬૦ ॥

मूलम्—ईश्वरःसर्वभूतानां हृद्देशेऽर्जुनतिष्ठति ॥
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानिमायया ॥६१॥

पदानि—ईश्वरः सर्वभूतानां हृद्देशे अर्जुनं तिष्ठति ॥
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥६१॥

अन्वयार्थः—**अर्जुन** હે અર્જુન ! **ईश्वरः** ઇશ્વર **यंत्रारूढानि** યંત્રઉપર બેસાડેલી 'કાષ્ઠની પ્રતિમાઓની પેઠે' **सर्वभूतानि** સર્વ પ્રાણિયોને **मायया** માયાવડે 'જ્યાં ત્યાં' **भ्रामयन्** ભ્રમણ કરાવતાછતા સર્વ **सर्वभूतानां** પ્રાણિયોના **हृद्देशे** હૃદયદેશમાં **तिष्ठति** રહે છે.

टीका—હે અર્જુન ! અન્તર્યામી ઇશ્વર પોતાની માયાવડે તે સર્વ પ્રાણિયોને પોતપોતાના પુણ્ય પાપ કર્મોને અનુસારે તથા પૂર્વના સંસ્કારોને અનુસારે જ્યાં ત્યાં શુભ અશુભ કર્મમાં પ્રવર્ત્તાવીને તે સર્વ પ્રાણિયોના હૃદયદેશનેવિષે રહે છે. આ અર્થમાં આવી રીતે દૃષ્ટાન્ત જાણવું કે, જેમ યંત્રઉપર બેસારેલી કાષ્ઠની અશ્વાદિક પ્રતિમાઓ અત્યન્ત પરતંત્ર છે અને તે પ્રતિમાઓને જેમ માયાવી પુરૂષ ભ્રમણ કરાવે છે, તેમ આ અન્તર્યામી ઇશ્વર પણ પોતાની માયાવડે તે સર્વ પ્રાણિયોને જ્યાં ત્યાં ભ્રમણ કરાવે છે માટે તું તે યુદ્ધ કરવાની ઇચ્છા નહિ કરીશ તોપણ તે અન્તર્યામી ઇશ્વરની પ્રેરણાથી અવશ્ય યુદ્ધ કરીશ ॥ ૬૧ ॥

मूलम्—तमेवशरणंगच्छ सर्वभावेनभारत ॥
तत्प्रसादात्परांशान्तिं स्थानंप्राप्स्यसिशाश्वतम् ६२

पदानि—तं एव शरणं गच्छ सर्वभावेन भारत ॥
तत्प्रसादात् परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ६२

अन्वयार्थः—**भारत** હે ભારત **सर्वभावेन** સર્વ પ્રકારે **तं** તે ' ઈશ્વરરૂપ ' **शरणं एव** આશ્રયનેજ **गच्छ** પામ **तत्प्रसादात्** તેના પ્રસાદથકી **परां** પર **शान्तिं** શાન્તિને ' તથા **शाश्वतम्** શાશ્વત **स्थानं** સ્થાનને **प्राप्स्यसि** પામીશ.

टीका—જે અન્તર્યામી ઈશ્વર સર્વ પ્રાણિયોના હૃદય દેશમાં રહીને તેઓને શુભ અશુભ કાર્યોમાં પ્રવર્ત્તાવે છે તે સર્વના આશ્રયરૂપ ઈશ્વરને આ સંસાર સમુદ્ર ઉતરવા માટે સર્વ ભાવવડે આશ્રય કર. એવી રીતે જો તું સર્વ પ્રકારે તે ઈશ્વરનો આશ્રય કરીશ તો તે ઈશ્વરના અનુગ્રહથી પર શાન્તિને પામીશ તથા ઉત્પત્તિ નાશ રહિત એવું જે સ્થાન તેને પામીશ. ॥ ૬૨ ॥

मूलम्—इतितेज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरंमया ॥
विमृश्यैतदशेषेण यथेच्छसितथाकुरु ॥६३॥

पदानि—इति ते ज्ञानं आख्यातं गुह्यात् गुह्यतरं मया ॥
विमृश्य एतत् अशेषेण यथा इच्छसि तथा कुरु ॥६३॥

अन्वयार्थः—**मया** મેં **ते** તને **इति** એ પ્રકારે **गुह्यात्** ગુહ્યથી ' પણ ' **गुह्यतरं** અત્યન્ત ગુહ્ય **ज्ञानं** જ્ઞાન **आख्यातं** કહ્યું છે ' માટે ' **एतत्** એને **अशेषेण** આદિ અન્તપર્યન્ત **विमृश्य** વિચાર કરીને **यथा** જે પ્રકારે **इच्छसि** ઇચ્છા કરતો હો **तथा** તે પ્રકારે **कुरु** કર.

टीका—મેં તને પ્રથમ કહ્યા પ્રમાણે મોક્ષના સાધનરૂપ આત્મ વિષયક જ્ઞાન કહ્યું છે. તે જ્ઞાન ગુહ્ય પદાર્થથી પણ અત્યન્ત ગુહ્ય છે, અર્થાત્ પરમ રહસ્યરૂપ એવો જે સંન્યાસ પર્યન્ત નિષ્કામ કર્મયોગ તેથકી પણ આ જ્ઞાન અત્યન્ત રહસ્યરૂપ છે કારણકે તે સંન્યાસ પર્યન્ત કર્મયોગનું આ જ્ઞાન ફલરૂપજ છે અથવા આ વાક્યનો આવો પણ અર્થ થાય છે કે મંત્ર તંત્ર મણિ અને રસાયનાદિક ગુહ્ય પદાર્થોથી પણ આ જ્ઞાન ગુહ્ય છે કારણકે મંત્ર તંત્રાદિ સઘળું આ પુરૂષને કેવળ સાંસારિક અનિત્ય સુખ પ્રાપ્ત કરે છે અને આ જ્ઞાન તો બ્રહ્માનન્દ રૂપી નિત્ય સુખની પ્રાપ્તિ કરે છે માટે તે મંત્રતંત્રાદિકોથી આત્મ જ્ઞાનમાં અત્યન્ત ગુહ્ય રૂપતા યુક્ત છે માટે આ ગીતારૂપ શાસ્ત્રને આદિ અન્તપર્યન્ત વિચાર કરીને જે પ્રકારે તારી ઇચ્છા હોય તેમ તું કર' પણ આ ગીતારૂપ શાસ્ત્રનો આદિ અન્તપર્યન્ત વિચાર કર્યાવિના કેવળ પોતાની ઇચ્છામાત્રથી તારે કાંઇ પણ કાર્ય કરવાને યોગ્ય નથિ. ॥ ૬૩ ॥

૪૫

मूलम्—सर्वगुह्यतमंभूयःशृणुमेपरमंवचः ॥
इष्टोऽसिमेदृढमिति ततोवक्ष्यामितेहितम् ॥६४॥

पदानि—सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ॥
इष्टः असि मे दृढं इति ततः वक्ष्यामि ते हितम् ॥६४॥

अन्वयार्थः—भूयः ફરીને **सर्वगुह्यतमं** સર્વથી અત્યન્ત ગુહ્ય **मे** મારૂં **परमं** પરમ **वचः** વચન **शृणु** શ્રવણ કર **इति** કારણકે **मे** મારે ' તું **दृढ** અતિશય **इष्टः** પ્રિય **असि** છે **ततः** તેમાટે **ते** તને **हितं** હિત **वक्ष्यामि** કહું છું.

टीका—સર્વથી અત્યન્ત ગુહ્ય એવું મારૂં પરમ વચન તું ફરીને પણ શ્રવણ કર, અર્થાત્ પ્રથમ તે તે પ્રસંગમાં વિસ્તારથી કહેલું તે વચન કેવળ તારા અનુગ્રહમાટે હું ફરીને સંક્ષેપવડે કહું છું તેને તું શ્રવણ કર ગુહ્ય પદાર્થથી જે અતિગુહ્ય હોય તેનું નામ ગુહ્યતર છે અને તે ગુહ્યતર પદાર્થથી પણ જે અતિગુહ્ય હોય તેનું નામ ગુહ્યતમ છે. હે અર્જુન ! કોઇ પદાર્થના લોભમાટે અથવા પોતાની પૂજામાટે અથવા પોતાની ખ્યાતિમાટે તે વચન હું તને કહેતો નથિ પણ તું મને અત્યન્ત પ્રિય છે માટે પુછ્યાવિના પણ તને કૃપા કરીને પરમ શ્રેયરૂપ હિત કહું છું. ॥ ૬૪ ॥

मूलम्—मन्मनाभवमद्भक्तो-मद्याजीमांनमस्कुरु ॥
मामेवैष्यसिसत्यंते प्रतिजानेप्रियोऽसिमे ॥६५

पदानि—मन्मनाः भव मद्भक्तः मद्याजी मां न मस्कुरु ॥
मां एव एष्यसि सत्यं ते प्रतिजाने प्रियः असि मे ॥६५॥

अन्वयार्थः—**मन्मनाः** મારેવિષે મન રાખનારો **मद्भक्तः** મારો ભક્ત **मद्याजी** મને યજન કરનારો **भव** થા ' તથા ' **मां** મને **नमः** નમસ્કાર **कुरु** કર ' એમ કરવાથી તું ' **मां एव** મનેજ **एष्यसि** પામીશ **ते** તારે ' સમીપ હું ' **सत्यं** સત્ય **प्रतिजाने** પ્રતિજ્ઞા કરૂં છું ' કે તું ' **मे** મારે **प्रियः** પ્રિય **असि** છે.

टीका—મારેવિષે મન રાખનારો થા અર્થાત સર્વ કાળમાં મારૂં તું ચિન્તન કર તથા મારો ભક્ત થા અને મને યજન કરનારો થા તથા મને નમસ્કાર કર. એમ કરવાથી મનેજ પામીશ અને તારે સમીપ હું સત્ય પ્રતિજ્ઞા કરૂં છું કે તું મને પ્રિય છે માટે તારી સાથે મારે વંચના કરવી એ યોગ્ય નથિ. અથવા ॥ **सत्यन्ते** ॥ એ વચનમાં ॥ **सति अन्ते** ॥ એ પ્રકારનો પદચ્છેદ કરીને આવો અર્થ કરવો કે પ્રારબ્ધ કર્મનો નાશ થયે છતે તું મને પ્રાપ્ત થઇશ. આ બીજા વ્યાખ્યાનથી પ્રથમ વ્યાખ્યાનજ શ્રેષ્ઠ છે. ॥ ૬૫ ॥

मूलम्—सर्वधर्मान्परित्यज्य मामेकंशरणंव्रज ॥
अहंत्वांसर्वपापेभ्यो-मोक्षयिष्यामिमाशुचः ॥६६॥

पदानि—सर्वधर्मान् परित्यज्य मां एकं शरणं व्रज ॥
अहं त्वां सर्व पापेभ्यः मोक्षयिष्यामि मा शुचः ॥६६॥

अन्वयार्थः—**सर्वधर्मान्** સર્વ ધર્મોને **परित्यज्य** પરિત્યાગ કરીને **एकं** એક **मां** મને **शरणं** શરણ **व्रज** પામ **अहं** હું **त्वां** તને **सर्वपापेभ्यः** સર્વ પાપોથી **मोक्षयिष्यामि** મુક્ત કરીશ ' તું ' **मा शुचः** શોક કરમાં.

टीका—કોઇક વર્ણ ધર્મ હોય છે અને કોઇક આશ્રમ ધર્મ હોય છે અને કોઇક સામાન્ય ધર્મ હોય છે. તેમાં શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રે બ્રાહ્મણાદિક વર્ણપ્રત્યે જે ધર્મ કહેલા છે તે વર્ણધર્મ કહેવાય છે, અને તે શાસ્ત્રે બ્રહ્મચર્યાદિક આશ્રમમાત્રપ્રત્યે જે ધર્મ કહેલા છે તે આશ્રમધર્મ કહેવાય છે, અને તે શાસ્ત્રે વર્ણાશ્રમપ્રત્યે સાધારણરૂપથી જે ધર્મ કહેલા છે તે સામાન્યધર્મ કહેવાય છે તે સર્વ ધર્મનો પરિત્યાગ કરીને અથવા જેટલા વિદ્યમાન અને અવિદ્યમાન ધર્મ છે તે સર્વનો પરિત્યાગ કરીને અર્થાત્ આ ધર્મજ અમારૂં શરણ છે પણ ઇશ્વર અમારૂં શરણ નથિ એ પ્રકારે સ્વશરણતારૂપે તે ધર્મોનો સ્વીકાર નહિ કરીને તું સર્વ ધર્મોના અધિષ્ઠાનરૂપ તથા [illegible] ધર્મના ફલ પ્રદાતારૂપ એવા મને શરણ પ્રાપ્ત થા. સર્વ ધર્મ કાર્યોનો પ્રવર્તક એવો [illegible] બન્ધુવધાદિક નિમિત્તક તથા સંસારના કારણરૂપ સર્વ પાપથી પ્રાયશ્ચિત્તવિનાજ મુક્ત કરીશ. આ ઠેકાણે આવું તાત્પર્યછેકે ॥ **धर्मेणपापमपनुदति** ॥ એ શ્રુતિમાં ધર્મને પાપની નિવૃત્તિનો હેતુભૂત કહેલો છે તે ધર્મરૂપ હુંજ છું માટે પ્રાયશ્ચિત્તવિનાજ હું ધર્મરૂપ પરમેશ્વર તને સર્વ પાપથી મુક્ત કરીશ માટે તું શોક કર માં અર્થાત્ આ બન્ધુવધાદિક નિમિત્તથી થયેલા પ્રત્યવાયથી કેવી રીતે નિસ્તાર થશે એ પ્રકારનો શોક કરવાને તું યોગ્ય નથિ. ॥ ૬૬ ॥

मूलम्—इदंतेनातपस्काय नाभक्तायकदाचन ॥
नचाशुश्रूषवेवाच्यं नचमांयोऽभ्यसूयति ॥६७॥

पदानि—इदं ते न अतपस्काय न अभक्ताय कदाचन ॥
न च अशुश्रूषवे वाच्यं न च मां यः अभ्यसूयति ॥६७॥

अन्वयार्थः—**ते** તારા હિતમાટે કથન કરેલું **इदं** આ ' ગીતાશાસ્ત્ર ' **अतपस्काय** ઇન્દ્રિયોના નિગ્રહથી રહિતને **कदाचन** કોઇ વખતે પણ **न वाच्यं** ઉપદેશ કરવા યોગ્ય નથિ ' તથા ' **अभक्ताय** ભક્તિરહિત ' પુરૂષને ' **न** ' ઉપદેશ કરવા યોગ્ય ' નથિ **च** તથા **अशुश्रूषवे** શુશ્રૂષાથી રહિતને **न** ' ઉપદેશ કરવા યોગ્ય ' નથિ. ' **च** તથા **यः** જે **मां** મને **अभ्यसूयति** અસૂયા કરે છે ' તેને પણ ' **न** ઉપદેશ કરવા યોગ્ય ' નથિ '.

ટીકા—સર્વે શાસ્ત્રોના અર્થના રહસ્યરૂપ જે આ ગીતાશાસ્ત્રનો મેં ઉપદેશ કર્યો છે તે ઉપદેશ ઇન્દ્રિયોના નિગ્રહથી રહિત પુરૂષને કોઈ વખતે પણ ઉપદેશ કરવાયોગ્ય નથિ. આ ઠેકાણે ॥ **कदाचन** ॥ એ પદનો હવે કહેવાશે એવા ત્રણે પર્યાયોમાં સમ્બન્ધ કરવો. હે અર્જુન! જે પુરૂષ ઇન્દ્રિયોના નિગ્રહવાળો તો છે પણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનારા ગુરૂમાં તથા ઇશ્વરમાં ભક્તિથી રહિત છે તે અભક્ત પુરૂષને આ ગીતાશાસ્ત્ર કોઇ વખતે પણ ઉદેશ કરવા યોગ્ય નથિ તથા જે પુરૂષ ઇન્દ્રિયોના નિગ્રહવાળો હોય અને ભક્તિવાળો હોય પરન્તુ ગુરૂના પાદપ્રક્ષાલનાદિ સેવારૂપ શુશ્રૂષાથી રહિત હોય તે પુરૂષને આ ગીતાશાસ્ત્ર કોઇ વખતે પણ ઉપદેશ કરવા યોગ્ય નથિ તથા જે પુરૂષ ઇન્દ્રિયના નિગ્રહવાળો હોય, ભક્તિવાળો હોય, અને શુશ્રુષાવાળો હોય પરન્તુ મને મનુષ્ય માનીને તથા અસર્વજ્ઞત્વાદિ ગુણોવાળો માનીને અસૂયા (ગુણમાં દોષ આરોપણ કરવા) કરે છે. એવા પુરૂષને આ ગીતાશાસ્ત્ર કોઇ વખતે પણ ઉપદેશ કરવા યોગ્ય નથિ કિન્તુ જે પુરૂષ મનસહિત શ્રોત્રાદિક ઇન્દ્રિયોના નિગ્રહરૂપ તપવાળો છે તથા ગુરૂમાં ભક્તિવાળો છે તથા ગુરૂની સેવારૂપ શુશ્રૂષાવાળો છે તથા મારેવિષે અનુરાગવાળો છે તે અધિકારી પુરૂષનેજ આ ગીતાશાસ્ત્ર ઉપદેશ કરવા યોગ્ય છે. આ શ્લોકમાં એક નકાર કહેવાથી પણ ઉપર કરેલા અર્થની સિદ્ધિ થઇ શકે છે તથાપિ શ્રીભગવાને અહિંયાં ચાર નકાર કરેલા છે તે એક એક વિશેષણનો અભાવ છતાં પણ આ ગીતાશાસ્ત્રના ઉપદેશની તેઓમાં અયોગ્યતા જણાવવામાટે કહેલા છે. આ શ્લોકમાં શ્રીભગવાને વિદ્યોપદેશના સંપ્રદાયનો પ્રકાર કહેલો છે અને તે શ્રુતિમાં પણ છે. ત્યાં શ્રુતિ. ॥ **विद्या [illegible]ह्मणमाजगाम गोपायमाशेवधिष्टेहमस्मि असूयकायानृजवेऽयताय नमाब्रूया अ[illegible]र्ती तथास्याम** ॥ કોઇ એક વખતે અનધિકારી પુરૂષોને પ્રાપ્ત થઇને ખેદ પામેલી વેદવિદ્યા, વિદ્યાના ઉપદેશ કરનારા બ્રાહ્મણોની સમીપે જઇને આ પ્રમાણે વચન કહેવા લાગી કે હે બ્રાહ્મણો! તમે મને ગુપ્ત રાખો અને તેથી હું તમને ભોગ અને મોક્ષ એ બેઉની પ્રાપ્તિ કરીશ અને જે પુરૂષ ગુણોમાં દોષોના આરોપણ કરવારૂપી અસૂયા દોષવાળો છે તથા ઋજુભાવથી રહિત છે તથા મનસહિત ઇન્દ્રિયોના નિગ્રહથી રહિત છે તથા ગુરૂની સેવાભક્તિથી રહિત છે એવા અનધિકારી પુરૂષો પ્રત્યે તમોએ કોઇ વખતે પણ મારો ઉપદેશ કરવો નહિ અને જો કદાચિત એવા અનધિકારી પુરૂષોને મારો ઉપદેશ કરશો તો વન્ધ્યા સ્ત્રીની પેઠે હું નિસ્ફલ થઇશ. માટે જે પુરૂષ અસૂયા દોષથી રહિત હોય, ઋજુભાવવાળો હોય, ઇન્દ્રિયોના નિગ્રહરૂપ તપવાળો હોય, ગુરૂની સેવા ભક્તિવાળો હોય તથા ઇશ્વરમાં અનુરાગવાળો હોય તે અધિકારી પુરૂષને તમોએ મારો ઉપદેશ કરવો. ॥ ૬૭ ॥

મૂલમ્—यइदंपरमंगुह्यं मद्भक्तेष्वभिधास्यति ॥
भक्तिंमयिपरांकृत्वा मामेवैष्यत्यसंशयः ॥६८॥

પદ્૦ ।। નિ—यः इदं परमं गुह्यं मद्भक्तेषु अभिधास्यति ॥
भक्तिं मयि परां कृत्वा मां एव एष्यति असंशयः ॥६८॥

અન્વયાર્થઃ—**યઃ** જે ' પુરૂષ ' **મયિ** મારેવિષે **પરાં** પર **भक्तिं** ભક્તિ **कृत्वा** કરીને **इदं** આ **परमं** પરમ **गुह्यं** ગુહ્ય ' શાસ્ત્ર ' **मद्भक्तेषु** મારાભક્તોને વિષે **अभिधास्यति** સ્થાપન કરશે ' તે પુરૂષ ' **मां एव** મનેજ **एष्यति** પામશે ' એમાં ' **असंशयः** સંશય નથિ.

ટીકા- તારા અને મારા સંવાદરૂપ આ ગીતાશાસ્ત્ર, મોક્ષરૂપ પુરૂષાર્થનું સાધન હોવાથી સર્વોત્કૃષ્ટ છે તથા આ ગીતાશાસ્ત્ર ગુહ્ય છે અર્થાત્ સર્વ શાસ્ત્રોના રહસ્ય અર્થનું પ્રતિપાદન કરનાર હોવાથી જેવા તેવા પુરૂષને ઉપદેશ કરવા યોગ્ય નથિ. એવી રીતનું જે આ શાસ્ત્ર તેને જે વિદ્વાન્ પુરૂષ મારા ભક્તોનેવિષે સ્થાપન કરે છે અર્થાત્ મારે વિષે અનુરાગરૂપ ભક્તિવાળા પુરૂષોમાં આ શાસ્ત્રને પાઠરૂપથી તથા અર્થરૂપથી સ્થાપન કરશે તે પુરૂષ જન્મમરણરૂપ સંસારથી તત્કાલ મુક્ત થઇ મનેજ પામશે એ અર્થમાં તારે કોઇ વખતે પણ સંશય કરવો નહિ. ॥ **यइदंपरमंगुह्यं** ॥ એ વચનના સ્થાનવિષે કોઇ પુસ્તકમાં ॥ **यइमंपरमंगुह्यं** ॥ એ પ્રકારનો પણ પાઠ છે. તેમાં પણ પ્રથમ કહેલોજ અર્થ જાણવો. ॥ ૬૮ ॥

મૂલમ્—नचतस्मान्मनुष्येषु कश्चिन्मेप्रियकृत्तमः ॥
भवितानचमेतस्मा-दन्यःप्रियतरोभुवि ॥६९॥

પદાનિ—न च तस्मात् मनुष्येषु कश्चित् मे प्रियकृत्तमः ॥
भविता न च मे [illegible]त् अन्यः प्रियतरः भुवि ॥६९॥

અન્વયાર્થઃ—**च** તથા **मनुष्येषु** મનુષ્યોનેવિષે **तस्मात्** તે ' પુરૂષથી ' **कश्चित्** કોઇ પણ **मे** મારેવિષે **प्रियकृत्तमः** અતિશય પ્રીતિવાળો **न** નથિ **भविता** થનાર ' નથિ ' **च** તથા **मे** મારે **तस्मात्** તેથકી **अन्यः** અન્ય પુરૂષ **भुवि** પૃથ્વીમાં **प्रियतरः** અતિ પ્રીતિ કરવા યોગ્ય **न** નથિ.

ટીકા—મારા ભક્તોમાં આ ગીતાશાસ્ત્રના સંપ્રદાયની પ્રવૃત્તિ કરનાર વિદ્વાન્ પુરૂષથી સર્વ મનુષ્યોમાં બીજો કોઇ પણ પુરૂષ મારેવિષે અતિશય પ્રીતિવાળો હમણાં વિદ્યમાન નથિ તથા પૂર્વે કોઈ થયો નથિ અને આગળ જતાં કોઇ થનારો નથિ કિન્તુ તે ગીતાના સંપ્રદાયને પ્રવર્ત્તાવનારો વિદ્વાન્ પુરૂષજ મારેવિષે અતિશય પ્રીતિવાળો છે અને મારે પણ તે સંપ્રદાય પ્રવર્તક પુરૂષથી બીજો કોઇ પણ પુરૂષ અતિશય પ્રીતિ કરવા યોગ્ય પૂર્વે થયો નથિ અને હમણાં વિદ્યમાન નથિ તથા આગળ થનારો નથિ કિન્તુ ગીતાનો સંપ્રદાય પ્રવર્ત્તાવનારો પુરૂષજ મને અતિશય પ્રીતિ કરવા યોગ્ય છે. ॥ ૬૯ ॥

મૂલમ્—अध्येष्यतेचयइमं धर्म्यंसंवादमावयोः ॥
ज्ञानयज्ञेनतेनाह-मिष्टःस्यामितिमेमतिः ॥७०॥

પદાનિ—अध्येष्यते च यः इमं धर्म्यं संवादं आवयोः ॥
ज्ञानयज्ञेन तेन अहं इष्टः स्यां इति मे मतिः ॥७०॥

अन्वयार्थः—**च** તથા **यः** જે 'પુરૂષ' **आवयोः** તારા અને મારા **इमं** આ **धर्म्यं** ધર્મ્યરૂપ **संवादं** સંવાદને **अध्येष्यते** અધ્યયન કરશે **तेन** તેણે **ज्ञानयज्ञेन** જ્ઞાનયજ્ઞવડે **अहं** હું **इष्टः** પૂજિત **स्यां** થાઉં **इति** એ પ્રકારે **मे** મારો **मतिः** નિશ્ચય છે.

टीका—ધર્મથી અવિરૂદ્ધ હોવાથી ધર્મ્યરૂપ એવું જે આ તારા અને મારા સંવાદરૂપ ગીતાશાસ્ત્ર છે તેને જે અધિકારી પુરૂષ અધ્યયન કરશે અર્થાત્ જપરૂપવડે પાઠ કરશે તો તે પાઠ કરનારા પુરૂષવડે હું જ્ઞાનયજ્ઞથી પૂજિત થઇશ એ પ્રકારનો મારો નિશ્ચય છે. હવે જો કે પાઠ કરનારો પુરૂષ ગીતાશાસ્ત્રના અર્થને જાણતો નથિ અને કેવળ પાઠજ કરે છે તોપણ તે પાઠવડે મારૂંજ ચિન્તન કરે છે માટે જ્ઞાનયજ્ઞના ફલરૂપમોક્ષને અન્તઃકરણની શુદ્ધિદ્વારાએ પામે છે. હવે જો કે ગીતાશાસ્ત્રના પાઠમાત્રથી પણ પરંપરાવડે મોક્ષરૂપ ફલ પામે છે તોપછી આ ગીતાશાસ્ત્રના અર્થના અનુસન્ધાનપૂર્વક પાઠ કરનારો પુરૂષ મોક્ષરૂપ ફલ પામે તેમાં શું કહેવું! ॥ ૭૦ ॥

मूलम्—श्रद्धावाननसूयश्च शृणुयादपियोनरः ॥
सोऽपिमुक्तःशुभाँल्लोकान् प्राप्नुयात्पुण्यकर्मणाम्

पदानि—श्रद्धावान् अनसूयः च शृणुयात् अपि यः नरः ॥
सः अपि मुक्तः शुभान् लोकान् प्राप्नुयात् पुण्यकर्मणाम्

अन्वयार्थः—**यः** જે **नरः** પુરૂષ **श्रद्धावान्** શ્રદ્ધાવાન્ થઇ **च** તથા **अनसूयः** અસૂયા દોષથી રહિત થઇને **अपि** પણ **शृणुयात्** સાંભળે 'તો' **सः** તે **अपि** પણ **मुक्तः** મુક્ત થઇ **पुण्यकर्मणाम्** પુણ્યકર્મવાળાઓના **शुभान्** શુભ **लोकान्** લોકોને **प्राप्नुयात्** પામે.

टीका—લોકો ઉપર કરૂણા કીને ઊંચે સ્વરે આ ગીતાશાસ્ત્રનો પાઠ કરનારા પુરૂષના મુખથી કોઇ બીજો પુરૂષ આસ્તિક્ય બુદ્ધિરૂપ શ્રદ્ધાવાળો થઇને તથા અસૂયા દોષથી રહિત થઇને કેવળ શ્રવણમાત્રજ કરે છે તે કેવળ પાઠમાત્રનો શ્રોતા પુરૂષ પણ સર્વ પાપથી મુક્ત થઈ પુણ્ય કર્મ કરનારા ધર્માત્મા પુરૂષોના શુભ લોકોને પામે છે અર્થાત્ જે ઉત્તમ લોકોને અશ્વમેધાદિક કર્મ કરનારા પુરૂષો પામે છે તે ઉત્તમ લોકોનેજ ગીતાનો પાઠમાત્ર શ્રવણ કરનારા પુરૂષો પણ પામે છે. આ ઠેકાણે ॥ **शृणुयादपि सोऽपि** ॥ એ વચનમાં રહેલા **अपि** શબ્દવડે શ્રીભગવાને કૈમુતિકન્યાય સૂચન કર્યો કે આ ગીતાશાસ્ત્રના અર્થજ્ઞાનથી રહિત કેવળ અક્ષરમાત્રનું શ્રવણ કરનાર પુરૂષ પણ જ્યારે ઉત્તમ લોકોને પામે છે તોપછી અર્થજ્ઞાન પૂર્વક ગીતાશાસ્ત્રનું શ્રવણ કરનારા પુરૂષો ઉત્તમ લોકોને પામે એમાં શું કહેવું! ॥ ૭૧ ॥

मूलम्—कच्चिदेतच्छ्रुतंपार्थ त्वयैकाग्रेणचेतसा ॥
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्तेधनञ्जय ॥७२॥

पदानि—कच्चित् एतत् श्रुतं पार्थ त्वया एकाग्रेण चेतसा ॥
कच्चित् अज्ञानसंमोहः प्रनष्टः ते धनञ्जय ॥७२॥

अन्वयार्थः--**पार्थ** હે પાર્થ **त्वया** તેં **एतत्** આ ' ગીતાશાસ્ત્ર ' **एकाग्रेन** એકાગ્ર **चेतसा** ચિત્તવડે. **श्रुतं** સાંભળ્યું **कच्चित्** કે કેમ **धनञ्जय** હે ધનંજય **ते** તારો **अज्ञानसंमोहः** અજ્ઞાનથી થયેલો સંમોહ **प्रनष्टः** નાશ પામ્યો. **कच्चित्** કે કેમ ' તે તું મને કહે.

टीका—હે પાર્થ ! મેં તને જે આ બ્રહ્મવિદ્યારૂપ ગીતાશાસ્ત્રનો ઉપદેશ કર્યો તે તેં એકાગ્રચિત્તવડે સાંભળ્યો કે કેમ ? અને હે ધનંજય ! આ ગીતાશાસ્ત્રનું શ્રવણ કરીને તારો અજ્ઞાનકૃત વિપર્યયરૂપ સંમોહ અજ્ઞાનરૂપ કારણસહિત નાશ પામ્યો કે કેમ ? આ ઠેકાણે આવું તાત્પર્ય છે કે જો કદાચિત્ હજી સુધી પણ અજ્ઞાનકૃત સંમોહ જો નાશ ન પામ્યો હોય તો હું તને ફરીને પણ ઉપદેશ કરૂં માટે તું તારા ચિત્તનો વૃત્તાન્ત મારી પાસે કહી દેખાડ. આ ઠેકાણે ॥ **कच्चित्** ॥ એ બે શબ્દ પ્રશ્નના વાચક છે. અનાત્મારૂપ દેહાદિકમાં જે આત્મતત્વબુદ્ધિ છે તથા સ્વધર્મરૂપ યુદ્ધમાં જે અધર્મત્વ બુદ્ધિ છે તે વિપર્યયજ આ ઠેકાણે અજ્ઞાનકૃત સંમોહ જાણવો. ॥ ૭૨ ॥

अर्जुन उवाच.

मूलम्—नष्टोमोहःस्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ॥
स्थितोऽस्मिगतसन्देहः करिष्येवचनंतव ॥७३॥

पदानि—नष्टः मोहः स्मृतिः लब्धा त्वत्प्रसादात् मया अच्युत ॥
स्थितः अस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥७३॥

अन्वयार्थः—**अच्युत** હે અચ્યુત ! **मया** મેં **त्वत्प्रसादात्** તમારા પ્રસાદથી **स्मृतिः** સ્મૃતિ **लब्धा** પ્રાપ્ત કરી છે ' તેવડે મારો ' **मोहः** મોહ **नष्टः** નાશ પામ્યો ' તે માટે ' **गतसन्देहः** સર્વ સંશયોથી રહિત થઇ 'તમારી આજ્ઞામાં ' **स्थितः अस्मि** રહ્યો છું ' અને ' **तव** તમારૂં **वचनं** વચન **करिष्ये** કરીશ.

टीका—હે અચ્યુત ! મારો મોહ નાશ પામ્યો કારણકે આ બ્રહ્મવિદ્યારૂપ તમારો ઉપદેશ મેં સાંભળ્યો અને તેથી સર્વ સંશયરહિત થઈ હું આત્મજ્ઞાનરૂપી સ્મૃતિ પામ્યો છું. તે સ્મૃતિની પ્રાપ્તિથી સર્વ સન્દેહરહિત થઇને હું યુદ્ધની કર્તવ્યતારૂપ તમારી આજ્ઞામાં રહ્યો છું અને જ્યાંપર્યન્ત મારૂં જીવન છે ત્યાંપર્યન્ત હું તમારૂં વચન સત્ય કરીશ અર્થાત્ પરમ ગુરૂરૂપ એવા આપની આજ્ઞાને અવશ્ય પાલન કરીશ. આ ઠેકાણે ॥ **गतसन्देहः** ॥ એ વચનવડે અર્જુને દેહાદિક અનાત્મ પદાર્થોમાં આત્મત્વ બુદ્ધિરૂપ મોહનો નાશ દેખાડયો અને ॥ **करिष्येवचनंतव** ॥ એ વચનવડે અર્જુને સ્વધર્મરૂપ યુદ્ધમાં અધર્મત્વ બુદ્ધિરૂપ મોહનો નાશ દેખાડયો. ॥ ૭૩ ॥

सञ्जय उवाच.

मूलम्—इत्यहंवासुदेवस्य पार्थस्यचमहात्मनः ॥
संवादमिममश्रौष-मद्भुतंरोमहर्षणम् ॥७४॥

પદાનિ—इति अहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ॥
संवादं इमं अश्रौषं अद्भुतं रोमहर्षणम् ॥७४॥

अन्वयार्थः—'હે ધૃતરાષ્ટ્ર' **इति** એવી રીતે **अहं** હું **महात्मनः** મહાત્મા એવા **वासुदेवस्य** વાસુદેવનો **च** તથા **पार्थस्य** અર્જુનનો **इमं** આ **अद्भुतं** અદ્‌ભુત **रोमहर्षणम्** રૂંવાડાં ઉભાં કરે એવો **संवादं** સંવાદ **अश्रौषं** સાંભળતો હવો.

टीका—હે ધૃતરાષ્ટ્ર ! મેં મહાત્મા એવા વાસુદેવનો તથા અર્જુનનો આ સંવાદ સાંભળ્યો છે. તે સંવાદ અદ્‌ભુત છે અર્થાત્ ચિત્તને અત્યન્ત વિસ્મય પમાડનારો છે અને રોમહર્ષણ છે અર્થાત્ લોકોમાં અસંભાવ્યમાન હોવાથી અને અદ્‌ભુત રસવાળો હોવાથી શરીરનાં રૂંવાડાંને ઉભાં કરનારો છે. ॥ ૭૪ ॥

मूलम्—व्यासप्रसादाच्छ्रुतवा-निमंगुह्यमहंपरम् ॥
योगंयोगेश्वरात्कृष्णा-त्सा[illegible]त्कथयतःस्वयम् ॥७५॥

પદાનિ—व्यासप्रसादात् श्रुतवान् एतत् गुह्यं अहं परम् ॥
योगं योगेश्वरात् कृष्णात् साक्षात् कथयतः स्वयम् ७५

अन्वयार्थः—**व्यासप्रसादात्** વ્યાસના પ્રસાદથી **अहं** હું **इमं** આ **परं** પરમ **गुह्यं** ગુહ્ય **योगं** યોગને **स्वयं** પોતે **कथयतः** કહેતા એવા **योगेश्वरात्** યોગેશ્વર **कृष्णात्** કૃષ્ણુથકી **साक्षात्** સાક્ષાત્ **श्रुतवान्** સાંભળતો હવો.

टीका—હે ધૃતરાષ્ટ્ર ! વ્યાસ ભગવાને મને જે દિવ્યચક્ષુ અને શ્રોત્રાદિક આપેલું છે તે મારાઉપર વ્યાસ ભગવાન્‌નો પ્રસાદ છે. તે પ્રસાદથી મેં આ સંવાદ પોતે કહેતા એવા અને સર્વ યોગિઓના ઈશ્વરરૂપ એવા શ્રીકૃષ્ણુભગવાનથકી સાક્ષાત્ શ્રવણુ કર્યો છે પણુ કોઇ પરંપરાથી કાંઇ શ્રવણુ કરેલો નથિ. તે સંવાદ ગુહ્ય છે અર્થાત્ સર્વ શાસ્ત્રોના રહસ્યરૂપ હોવાથી જેવા તેવા પુરૂષને આપવા યોગ્ય નથિ. વળી તે સંવાદ પર છે અર્થાત્ મોક્ષનું સાધન હોવાથી સર્વથી શ્રેષ્ઠ છે. વળી તે સંવાદ યોગ છે અર્થાત્ જ્ઞાનયોગરૂપછે. ॥ **श्रुतवानिमम्** ॥ એ વચનના સ્થાનનેવિષે કોઇ મૂલપુસ્તકમાં ॥ **श्रुतवानेतत्** ॥ એ પ્રકારનો પણુ પાઠ છે, તે પણુ બરોબર છે. ॥ ૭૫ ॥

मूलम्—राजन्संस्मृत्यसंस्मृत्य संवादमिममद्भुतम् ॥
केशवार्जुनयोःपुण्यं हृष्यामिचमुहुर्मुहुः ॥७६॥

पदानि—राजन् संस्मृत्य संस्मृत्य संवादं इमं अद्भुतम् ॥
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुः मुहुः ॥७६॥

अन्वयार्थः—**राजन्** હે રાજન્ ! **केशवार्जुनयोः** શ્રીકૃષ્ણ અને અર્જુનના **इम** આ **पुण्यं** પુણ્યરૂપ **च** તથા **अद्भुतं** અદ્દ્ભુત **संवादं** સંવાદને **संस्मृत्य** સ્મરણ કરીને **संस्मृत्य** સ્મરણ કરીને **मुहुः मुहुः** વારંવાર **हृष्यामि** હર્ષ પામું છું.

टीका—હે ધૃતરાષ્ટ્ર ! શ્રીકૃષ્ણભગવાન્ તથા અર્જુનનો આ ' ગીતાશાસ્ત્રરૂપ સંવાદ અદ્દ્ભુત છે અર્થાત્ ચિત્તને વિસ્મયની પ્રાપ્તિ કરનારો છે તથા પુણ્ય છે અર્થાત્ કેવળ શ્રવણમાત્રવડે પણું સર્વ પાપ નાશ કરનારો છે. તે સંવાદનું પુનઃ પુનઃ સ્મરણ કરીને વારંવાર હું હર્ષ પામું છું. અથવા ॥ **हृष्यामि** ॥ એ પદનો આવી રીતે અર્થ કરવો કે તે સંવાદને પુનઃ પુનઃ સ્મરણ કરીને વારંવાર મારા શરીરમાં રૂવાડાં ઉભાં થાય છે. આ ઠેકાણે તાત્પર્ય આવું છે કે પૂર્વ મેં અનેક જન્મમાં એવું શું પુણ્ય કર્યું છે તથા એવું શું તપ કર્યું છે તથા એવું શું દાન કર્યું છે કે જેનાથી આ શ્રીકૃષ્ણભગવાનનો અને અર્જુનનો સંવાદ મારા સાંભળવામાં આવ્યો, તે પુણ્યને હું જાણી શકતો નથિ. ॥ ૭૬ ॥

मूलम्—तच्चसंस्मृत्यसंस्मृत्य रूपमत्यद्भुतंहरेः ॥
विस्मयोमेमहान्राजन् हृष्यामिचपुनःपुनः ॥७७॥

पदानि—तत् च संस्मृत्य संस्मृत्य रूपं अति अद्भुतं हरेः ॥
विस्मयः मे महान् राजन् हृष्यामि च पुनः पुनः ॥७७॥

अन्वयार्थः—**राजन्** હે ધૃતરાષ્ટ્ર ! **च** તથા **हरेः** શ્રીકૃષ્ણ ભગવાનના **तत्** તે **अत्यद्भुतं** અતિ અદ્દ્ભુત **रूपं** વિશ્વરૂપને **संस्मृत्य** સ્મરણ કરીને **संस्मृत्य** સ્મરણ કરીને **मे** મને **महान्** મ્હોટો **विस्मयः** વિસ્મય ' થાય છે ' **च** અને ' હું ' **पुनःपुनः** ફરીફરીને **हृष्यामि** હર્ષ પામું છું.

टीका—શ્રીકૃષ્ણભગવાને અર્જુન પ્રત્યે ધ્યાન કરવા માટે જે પોતાનું વિશ્વરૂપ દેખાડયું છે તે અતિ અદ્દ્ભુત વિશ્વરૂપને પુનઃ પુનઃ સ્મરણ કરીને મને મ્હોટો વિસ્મય થાય છે અને તે માટેજ હું વારંવાર હર્ષ પામું છું. ॥ ૭૭ ॥

હે ધૃતરાષ્ટ્ર ! તું પોતાના દુર્યોધનાદિક પુત્રોની વિજયાદિક આશાનો પરિત્યાગ કરીને આ પાંડવો સાથે મેળાપ કર, એ અર્થને સંજય હવે ધૃતરાષ્ટ્રપ્રત્યે કહે છે.

मूलम्—यत्रयोगेश्वरःकृष्णो-यत्रपार्थोधनुर्धरः ॥
तत्रश्रीर्विजयोभूति-र्ध्रुवानीतिर्मतिर्मम ॥७८॥

पदानि—यत्र योगेश्वरः कृष्णः यत्र पार्थः धनुर्धरः ॥
तत्र श्रीः विजयः भूतिः ध्रुवा नीतिः मतिः मम ॥७८॥

अन्वयार्थः—**यत्र** જે પક્ષમાં **योगेश्वरः** યોગેશ્વર **कृष्णः** કૃષ્ણ ' છે તથા ' **यत्र** જે પક્ષમાં **धनुर्धरः** ધનુષ્ ધારણ કરનારો **पार्थः** અર્જુન છે **तत्र** તે પક્ષમાં **श्रीः** રાજ્યલક્ષ્મી **विजयः** વિજય **भूतिः** ભૂતિ **नीतिः** નીતિ **ध्रुवा** અવશ્ય થનારી 'એ પ્રકારે' **मम** મારી **मतिः** બુદ્ધિ છે.

टीका—જે યુધિષ્ઠિરના પક્ષમાં સર્વ યોગસિદ્ધિયોના ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાન્ રહેલા છે તથા જે યુધિષ્ઠિરના પક્ષમાં ગાંડીવ નામના ધનુષ્‌ને ધારણ કરનારા અર્જુન રહેલા છે તે યુધિષ્ઠિરના પક્ષમાં શ્રી, વિજય, ભૂતિ, અને નીતિ એ ચારે અવશ્ય પ્રાપ્ત થશે. એ પ્રકારનો મારો નિશ્ચય યથાર્થ છે માટે તું તારા દુર્યોધનાદિક પુત્રોના વિજયથી વ્યર્થ આશાનો પરિત્યાગ કરીને લક્ષ્મી વિજયાદિકોથી યુક્ત એવા પાંડવોસાથે મેલાપ કર. રાજ્યલક્ષ્મીનું નામ શ્રી છે. શત્રુઓના પરાજય નિમિત્તક જે ઉત્કર્ષ તેનું નામ વિજય છે. ઉત્તરોત્તર રાજ્યલક્ષ્મીની જે વૃદ્ધિ તેનું નામ ભૂતિ છે. ન્યાય પ્રમાણે જે વર્તવું તેનું નામ નીતિ છે. ॥ ૭૮ ॥

इतिश्रीमन्महाभारते भीष्मपर्वणि श्रीमद्भगवद्गीतासूप-
निषत्सुब्रह्मविद्यायांयोगशास्त्रेश्रीकृष्णार्जुनसंवादे
मोक्षयोगोनाम अष्टादशोऽध्यायः ॥ १८ ॥

ॐ

शान्तिः शान्तिः शान्तिः

॥ सम्पूर्णा श्रीमद्भगवद्गीता ॥

श्रीमन्महाभारते अनुशासनिकपर्वणि

भीष्मयुधिष्ठिरसंवादे.

श्री विष्णुसहस्रनामस्तोत्रनुं

गुजराती भाषान्तर.

श्रीमच्छंकराचार्यना भाष्यउपरथी.

अथ न्यासः

अस्य श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रमंत्रस्य ॥ भगवान् वेदव्यास ऋषिः ॥ श्रीविष्णुः परमात्मा देवता ॥ अनुष्टुप् छंदः ॥ अमृतांशूद्भवोभानुरिति बीजम् ॥ देवकीनंदनः स्रष्टेति शक्तिः ॥ त्रिसामा सामगः सामेति हृदयम् ॥ शंखभृन्नंदकीचक्रीति कीलकम् शार्ङ्गधन्वा गदाधर इत्यस्त्रम् ॥ रथाङ्गपाणिरक्षोभ्य इति कवचम्॥ उद्भवः क्षोभणो देव इति परमो मंत्रः ॥ श्रीमहाविष्णुप्रीत्यर्थे जपे विनियोगः॥ विश्वंविष्णुर्वषट्कार इत्यंगुष्ठाभ्यां नमः॥अमृतांशूद्भवो भानुरिति तर्जनीभ्यां नमः॥ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मेति मध्यमाभ्यां नमः॥सुवर्णबिंदुरक्षोभ्य इत्यनामिकाभ्यां नमः॥निमिषोऽनिमिषः स्रग्वीतिकनिष्ठिकाभ्यांनमः ॥ रथांगपाणिरक्षोभ्य इतिकरतलकरपृष्ठाभ्यां नमः ॥

टीका.

આ વિષ્ણુના દિવ્ય સહસ્રનામ સ્તોત્રરૂપી મંત્રના ભગવાન્ વેદવ્યાસ ઋષિ છે. શ્રી વિષ્ણુ પરમાત્મા, એ દેવતા છે. અનુષ્ટુપ્ છંદ છે. ॥ अमृतांशूद्भवोभानुः ॥ એ બીજ છે. ॥ देवकीनन्दनः स्रष्टा ॥ એ શક્તિ છે. ॥ त्रिसामा सामगः साम ॥ એ હૃદય છે. ॥ शंखभृन्नंदकी चक्री ॥એ કીલક છે. ॥ शार्ङ्गधन्वा गदाधरः ॥ એ અસ્ત્ર છે. ॥ रथाङ्गपाणिरक्षोभ्यः ॥ એ કવચ છે. ॥ उद्भवः क्षोभणो देवः ॥ એ પરમ મંત્ર છે. શ્રી મહાવિષ્ણુની પ્રસન્નતા થાય એટલા માટે જપ કરવામાં વિનિયોગ છે. ॥ विश्वं विष्णुर्वषट्कारः ॥ એણે કરીને બે અંગુઠાને નમસ્કાર. ॥ अमृतांशूद्भवोभानुः ॥ એણે કરીને બે તર્જનીને નમસ્કાર. ॥ ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्म ॥ એણે કરીને બે મધ્યમાને નમસ્કાર. ॥ सुवर्ण बिन्दुरक्षोभ्यः ॥ એણે કરીને બે અનામિકાને નમસ્કાર निमिषोऽनिमिषः स्रग्वी ॥ એણે કરીને કનિષ્ઠિકાને નમસ્કાર ॥ रथाङ्गपाणिरक्षोभ्यः ॥ એણે કરીને કરનું તલ.અને કરના પૃષ્ઠ ભાગને નમસ્કાર.

अथ ध्यानं

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशम् ।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम् ॥
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम् ।
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥१॥

શેષશાયી ભગવાનનું ધ્યાન.

શાન્ત જેનો આકાર છે, શેષ ઉપર જે પોઢેલા છે, જેની નાભિમાં કમલ છે, દેવતાઓના જે ઇશ્વર છે, જગતના જે આધારરૂપ છે, આકાશ જેવું જેનું સ્વરૂપ છે, મેઘના જેવો જેનો વર્ણ છે, લક્ષ્મીના જે પતિ છે, કમલ સરખાં જેનાં નેત્ર છે, ધ્યાન કરવાથી યોગિ લોકોને જે પ્રાપ્ત થાય છે, સંસારના ભયનું જે હરણ કરે છે, અને સર્વ લોકના જે કેવળ અધિપતિ છે, તે વિષ્ણુને હું નમસ્કાર કરૂં છું.

આ પ્રમાણે ધ્યાન કરવું.

शेषशायी भगवान.



ॐ

॥ श्री विष्णुसहस्रनाम प्रारभ्यते ॥

॥ श्रीगणेशाय नमः ॥ श्रीगोपालकृष्णाय नमः ॥

यस्य स्मरणमात्रेण जन्मसंसारबंधनात् ॥
विमुच्यते नमस्तस्मै विष्णवे प्रभविष्णवे ॥ १ ॥

॥ वैशंपायन उवाच ॥

श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ॥
युधिष्ठिरः शांतनवं पुनरेवाभ्यभाषत ॥ २ ॥

॥ युधिष्ठिर उवाच ॥

किमेकं दैवतं लोके किंवाप्येकं परायणम् ॥
स्तुवंतः कं कमर्चंतः प्राप्नुयुर्मानवाः शुभम् ॥३॥
को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ॥
किं जपन् मुच्यते जंतुर्जन्मसंसारबंधनात् ॥ ४ ॥

गुजराती भाषान्तर.

મનુષ્ય જે વિષ્ણુના કેવળ સ્મરણથી જન્મમરણના બંધનમાંથી છૂટે છે તે મહાવિષ્ણુને હું નમસ્કાર કરૂં છું. ॥ ૧ ॥

વૈશંપાયન કહેછે—હે જન્મેજય ! આ લોક અને પરલોકમાં શ્રેય કરનાર એવા સર્વ વૈદિક ધર્મો યુધિષ્ઠિરે સાંભળ્યા, અને પાપ નાશ કરનારાં બીજાં પણ કેટલાંક આખ્યાનો સાંભળ્યાં, ત્યારપછી ફરીને ભીષ્મને આ પ્રમાણે પૂછ્યું. ॥ ૨ ॥

યુધિષ્ઠિર પુછે છે—હે પિતામહ ! આ લોકમાં કયો એક દેવ છે? તેમજ પામવા યોગ્ય એવું એક સ્થાન તે કયું છે ? કયા દેવનું ગુણ કીર્તન કરવાથી અને કયા દેવનું બાહેર અને અંદર નાના પ્રકારનું પૂજન કરવાથી મનુષ્યનું કલ્યાણ થાય તે વાત આપ બતાવો. સર્વ ધર્મોમાં કયો ધર્મ આપ ઉત્તમ માનો છો ? શેનો જપ કરવાથી મનુષ્ય જન્મમરણના બંધનથી છૂટી જાય, તે આપ કહો. ॥ ૩ ॥ ॥ ૪ ॥

भीष्म उवाच.

जगत्प्रभुं देवदेवमनंतं पुरुषोत्तमम् ॥
स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥ ५ ॥
तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ॥
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥ ६ ॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ॥
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥७॥
ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ॥
लोकनाथं महद्भुतं सर्वभूतभवोद्भवम् ॥८॥
एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ॥
यद्भक्त्या पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥९॥
परमं यो महत्तेजः परमं यो महत्तपः ॥
परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥१०॥

भीष्म कहेछे—હે યુધિષ્ઠિર ! સ્થાવર જંગમરૂપ સર્વ જગતના સ્વામી, દેવના દેવ, અનંત અને પુરૂષોત્તમરૂપ એવા વિષ્ણુને આ કહેવાશે એવાં સહસ્ર નામથી હમ્મેશ જે સ્તુતિ કરે છે, અને અવ્યય એવા પુરૂષનું ભક્તિવડે જે નિરંતર પૂજન કરે છે, જે ધ્યાન સ્તુતિ અને નમસ્કાર કરે છે, જેમાં કોઇ પણ પ્રકારનો વિકાર નથી, જે વ્યાપક છે, જે સર્વ લોકમાં મોટા ઇશ્વર છે અને નિયન્તા છે, તેને સ્તુતિ કરનાર પુરૂષ સર્વ દુઃખમાંથી છૂટે છે. બ્રહ્મા, બ્રાહ્મણ, તપ અને શ્રુતિને માટે હિતરૂપ, સર્વ ધર્મને જાણનાર, પોતાની સત્તાથી સર્વ લોકની કીર્તિ વધારનાર, સર્વ લોકના અધિપતિ, વ્યાપક અને પરમાર્થથી સત્યરૂપ, સર્વ પ્રાણિયોનો સંસાર જેનાથી ઉત્પન્ન થાય છે, એવા વિષ્ણુની સ્તુતિ કરનાર મનુષ્ય સર્વ દુઃખથી છૂટે છે. ॥ ૮ ॥

વેદે કહેલા સર્વ ધર્મોમાં, જે હવે પછી કહેવાશે તે ધર્મ સર્વ કરતાં અધિક છે. એમ મારૂં માનવું છે. તે કયો ધર્મ કે હૃદયરૂપી કમલમાં પ્રકાશમાન વિષ્ણુની સ્તુતિયોવડે મનુષ્યે પૂજા કરવી તે મુખ્ય ધર્મ છે ॥ ૯ ॥

જે દેવ પરમ અને મ્હોટા તેજરૂપ છે, અને જે દેવ સર્વ પ્રાણિયોને નિયમમાં રાખે છે, અને જે દેવ પરમ પૂજ્યપણાથી યુક્ત અને વ્યાપક છે અને જેને પામવાથી ફરીથી જન્મમરણાદિની શંકા રહેતી નથી તે દેવ સર્વ પ્રાણિયોને પામવાનું સ્થાન છે. ॥ ૧૦ ॥

पवित्राणां पवित्रं यो मंगलानां च मंगलम् ॥
दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ॥११॥

यतः सर्वाणि भूतानि भवंत्यादियुगागमे ॥
यस्मिंश्च प्रलयं यान्ति पुनरेव युगक्षये ॥१२॥

तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ॥
विष्णोर्नामसहस्रं मे शृणु पापभयापहम् ॥१३॥

यानि नामानि गौणानि विख्यातानि महात्मनः ॥
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये ॥१४॥

॥ ॐ नमो भगवते वासुदेवाय ॥

विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः ॥
भूतकृद्भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥१॥

જે દેવ પવિત્રમાં પવિત્ર છે, સર્વ મંગળમાં મંગળરૂપ છે, સર્વ દેવતાઓનું પરમ દૈવત છે અને જે સર્વ પ્રાણિયોના અવિનાશી પિતા છે. તેજ ભગવાન્ વિષ્ણુ છે. ॥૧૧॥

જે વિષ્ણુથી સર્વ પ્રાણી કલ્પની આદિમાં ઉત્પન્ન થાય છે અને મહા પ્રલયમાં જેને વિષે પ્રલય પામે છે, તે લોકોમાં મુખ્ય એવા અને જગતના પતિ એવા વિષ્ણુનાં હજાર નામ હે યુધિષ્ઠિર ! તું મારી પાસેથી સાંભળ કે જે હજાર નામ અશુભ કર્મથી થયેલાં પાપોને અને સંસારથી ઉત્પન્ન થયેલા ભયને નાશ કરનારાં છે. ॥ ૧૨ ॥ ૧૩ ॥

વિષ્ણુના જે નામો કોઈ પ્રકારના ગુણોના યોગથી થયેલાં છે, તેમજ જે નામો પ્રસિદ્ધ છે અને મંત્ર જોનારા ઋષિઓએ જે નામો કહેલાં છે, તે નામો ચાર પ્રકારના પુરૂષાર્થની સિદ્ધિને માટે હું કહી દેખાડીશ. ॥ ૧૪ ॥

॥ ઓમ્ ॥ ૧ ॥ **विश्वं**—વિશ્વ શબ્દે કરીને " ॐ " કાર કહેવાય છે તે ॐકારરૂપ અક્ષરરૂપ છે. ૨ **विष्णुः** સર્વ વ્યાપક ૩ **वषट्कारः** જેને ઉદ્દેશીને વષટ્ એવા યાગની ક્રિયા થાય છે તે વષટ્કારરૂપ. ૪ **भूतभव्यभवत्प्रभुः** ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલના સ્વામી. ૫ **भूतकृत्** રજોગુણનો આશ્રય કરીને અથવા વિરંચિરૂપે કરીને સર્વ પ્રાણીને ઉત્પન્ન કરનાર. ૬ **भूतभृत्** પ્રાણિયોનું પોષણ કરનારા. ૭ **भावः** પ્રપંચરૂપે થનારા ૮ **भूतात्मा** સર્વ પ્રાણિયોના અંતર્યામી. ૯ **भूतभावनः** સર્વ પ્રાણિયોને વૃદ્ધિ પમાડનારા. ॥ ૧ ॥

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ॥
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥२॥

योगो योगविदांनेता प्रधानपुरुषेश्वरः ॥
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः ॥३॥

૧૦ **પૂતાત્મા** પવિત્ર જેનું સ્વરૂપ છે એવા. ૧ **પરમાત્મા** કાર્ય કારણથી જુદો અને નિત્ય શુદ્ધ મુક્ત જેનો સ્વભાવ છે એવા. ૨ **મુક્તાનાંપરમાગતિઃ** મુક્ત પુરૂષો જેને પામીને ફરીથી જન્મ લેતા નથી માટે મુક્તોને ઉત્કૃષ્ટ રીતે પામવા યોગ્ય. ૩ **અવ્યયઃ** જેને કોઇ પણ પ્રકારનો નાશ નથી અને કોઇ વિકાર નથી તે ૪ **પુરુષઃ** ઘણા ઉત્કર્ષવાળા પદાર્થોમાં રહેનારા અથવા ઘણાં ભુવનોને સંહાર વખતે નાશ કરનારા અથવા પૂર્ણપણાથી યુક્ત એવા. ૫ **સાક્ષી** કોઈ પણ પ્રકારના વ્યવધાન વગર સર્વ વસ્તુઓને જોનારા ૬ **ક્ષેત્રજ્ઞઃ** ક્ષેત્ર એવું શરીરનું નામ છે. તે ક્ષેત્રોને સારી રીતે જાણનારા માટે ક્ષેત્રજ્ઞ. ૭ **અક્ષરઃ** જે વસ્તુ નાશ ન પામે તેનું નામ અક્ષર. ॥ ૨ ॥

૮ **યોગઃ** સર્વ ઇન્દ્રિયોને મનની સાથે રે[illegible] ક્ષેત્રજ્ઞ અને પરમાત્માની જે એકપણાની ભાવના તે યોગ કહેવાય. તેવા યોગ સ્વરૂપ[illegible] **યોગવિદાંનેતા** યોગને જાણનાર અને યોગનો જે વિચાર કરનાર પુરૂષો તેનું નામ યોગવિત્ કહેવાય છે, તેવા યોગવિતના સ્વામીરૂપ. ૨૦ **પ્રધાન પુરુષેશ્વરઃ** પ્રધાન એટલે માયા અને પુરૂષ એટલે જીવ, તે બેઉના જે ઇશ્વર તેનું નામ પ્રધાન પુરૂષેશ્વર **નારસિંહવપુઃ**—નર અને સિંહના અવયવો જેની અંદર જોવામાં આવે એવું જેનું શરીર છે તે નારસિંહવપુ કહેવાય. ૨ **શ્રીમગવાન્** જેના વક્ષઃસ્થલમાં નિરન્તર લક્ષ્મીનિવાસ કરે છે તેવા સ્વરૂપવાળા. ૩ **કેશવઃ** સુંદર જેના કેશ છે તેનું નામ કેશવ અથવા **क** એટલે બ્રહ્મા, **अ** એટલે વિષ્ણુ અને **ईश** એટલે શંકર, તે જેને સ્વાધીન વર્ત્તે છે તેનું નામ કેશવ કહેવાય અથવા વિષ્ણુ પુરાણમાં શ્રીકૃષ્ણ પ્રત્યે નારદ મુનિનું વચન છે કે ॥ **यस्मात्त्वयैव दुष्टात्मा हतः केशी जनार्दन ॥ तस्मात् केशवनाम्ना त्वं लोके गोपोमविष्यसि** ॥ આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે કે હે જનાર્દન ! તમે દુષ્ટ મનવાળા કેશી નામના દૈત્યને માર્યા માટે લોકમાં તમે કેશવ એવા નામના ગોપ થશો. આ પ્રમાણે પણ કેશવ શબ્દનો અર્થ થાય છે. ૪ **પુરુષોત્તમઃ** સર્વ પુરૂષોમાં ઉત્તમ. **પુરુષાણાંઉત્તમઃ** આવો ષષ્ઠી વિભક્તિનો સમાસ કરવાથી આ પ્રમાણે અર્થ થાય છે અને પંચમી સાથે સમાસ કરવો હોય તો ભગવદ્ગીતાનું વચન ત્યાં પ્રમાણરૂપ છે, જેમ કે ॥ **यस्मात् क्षरमतीतोऽहम क्षरादपि चोत्तमः ॥ अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः** ॥ આ વચનનો અર્થ આ પ્રમાણે છે કે હે અર્જુન ! હું ક્ષર અને અક્ષરથી પણ ઉત્તમ છું માટે લોક અને વેદમાં પુરૂષોત્તમ એવા નામથી પ્રસિદ્ધ છું. ॥ ૩ ॥

सर्वः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ॥
संभवो भावनो भर्त्ता प्रभवः प्रभुरीश्वरः ॥४॥
स्वयंभूः शंभुरादित्यः पुष्कराक्षो महास्वनः ॥

૫ **सर्वः** ભગવાન્ વ્યાસમુનિનું વચન છે કે ॥ **असतश्च सतश्चैव सर्वस्य प्रभवाप्ययौ ॥ सर्वस्य सर्वदा ज्ञानात् सर्वमेनं प्रचक्षते ॥** અર્થ ॥ અસત્ સત્ અને સર્વના ઉત્પત્તિ પ્રલય કરવાથી અને સર્વનું સર્વ વખતે જ્ઞાન રાખવાથી તે વિષ્ણુનું **सर्व** એવું નામ કહેવાય છે. ૬ **शर्वः** પ્રલય કાલમાં સર્વનો સંહાર કરનાર. ૭ **शिवः** સત્વગુણ અને તમોગુણથી રહિત હોવાથી વિષ્ણુ શિવરૂપ કહેવાય છે શિવ વગેરે શંકરનાં નામોથી પણ વિષ્ણુની સ્તુતિ થઈ શકે છે કારણ કે શાસ્ત્રમાં વિષ્ણુ અને શિવને અભેદરૂપે માનવાની આજ્ઞા કરી છે. ત્યાં પ્રમાણ ॥ **सब्रह्म सशिवः** ॥ તે બ્રહ્મરૂપ છે અને તે શિવરૂપ છે ૮ **स्थाणुः** સ્થિર હોવાથી સ્થાણુ. ૯ **भूतादिः** સર્વ પ્રાણિયોનું આદિ કારણ હોવાથી ભૂતાદિ એવું વિષ્ણુનું નામ છે. ૩૦ **निधिः** પ્રલયકાલમાં આ સર્વ જગત્ જેની અંદર ભંડાર રૂપે રહે છે અને તે નિધિરૂપ વિષ્ણુ અવિનાશી છે. ૧ **संभवः** પોતાની ઇચ્છાથી સારી રીતે જે અવતાર ધારણ કરે છે માટે સંભવ એવું વિષ્ણુનું નામ છે. ત્યાં ગીતાનું પ્રમાણ છે કે ॥ **संभवामि युगे युगे** ॥ હું પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરૂં છું. બીજું પણ પ્રમાણ છે કે ॥ **तथा [illegible]विनाशाय साधूनां रक्षणाय च ॥ स्वेच्छया संभवाम्येवं गर्भदुःखविवर्जितः** [illegible] અર્થ ॥ દુષ્ટોનો વિનાશ કરવાને તથા સાધુ પુરૂષોનું રક્ષણ કરવાને માટે ગર્ભના દુઃખોથી રહિત થઇ પોતાની ઇચ્છાથી હું અવતાર ધારણ કરૂં છું. ૨ **भावनः** સર્વ ભોક્તાઓને ફલ આપનાર. ૩ **भर्त्ता** આ સર્વ જગતને પોતે આશ્રયરૂપ થઇ ધારણ કરે છે માટે ભર્ત્તા કહેવાય છે. ૪ **प्रभवः** પંચ મહાભૂત જેનાથી ઉત્કૃષ્ટપણે ઉત્પન્ન થાય છે તે અથવા ઉત્કૃષ્ટ જેનો જન્મ છે તે પ્રભવ. ૫ **प्रभुः** સર્વ ક્રિયાઓમાં અત્યન્ત સામર્થ્ય હોવાથી પ્રભુ કહેવાય છે ૬ **ईश्वरः** ઉપાધિ રહિત ઐશ્વર્ય જેને રહેલું છે તે ઇશ્વર. ત્યાં શ્રુતિ પ્રમાણ છે ॥ **एषसर्वेश्वरः** ॥ આ પરમાત્મા સર્વ ઇશ્વરના છે. ॥ ૪ ॥

૭ **स्वयंभूः** પોતાની મેળેજ જે ઉત્પન્ન થાય તે સ્વયંભૂ ત્યાં મનુસ્મૃતિનું પ્રમાણ છે. ॥ **स एव स्वयमुद्बभौ** ॥ તે ઇશ્વર પોતે પોતાની મેળેજ પ્રકટ થયા. ૮ **शम्भुः** ભક્ત જનને સુખ ઉત્પન્ન કરે તેથી શંભુ ૯ **आदित्यः** સૂર્યના મંડલમાં રહેલો હિરણ્યમય જે પુરૂષ છે તે આદિત્ય કહેવાય છે અથવા બાર સૂર્યમાં વિષ્ણુ નામના જે સૂર્ય છે તે આદિત્ય સમજવા. ત્યાં ગીતાનું પ્રમાણ ॥ **आदित्यानामहं विष्णुः** ॥ બાર આદિત્યમાં વિષ્ણુ નામના આદિત્ય મારૂં સ્વરૂપ છે. અથવા આ પ્રમાણે અર્થ કરવો કે જેમ સૂર્ય એક છતાં અનેક જલપાત્રોની અંદર અનેક હોય એમ દેખાય છે તેમ અનેક શરીરોમાં એકજ આત્મા છતાં અનેક હોય એમ જણાય છે, એમ સૂર્યના સાધર્મ્યથી આદિત્ય એવું વિષ્ણુનું નામ છે. ૪૦ **पुष्कराक्षः** કમલના સરખાં જેનાં નેત્ર છે એવા ૧ **महास्वनः** વેદરૂપ જેનો મહોટો નાદ છે એવા, આ ઠેકાણે શ્રુતિ પ્રમાણ છે. ॥ **अस्य महतोभूतस्य निःश्व-**

अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः ॥५॥
अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ॥
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः ॥६॥
अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ॥
प्रभूतस्त्रिककुब्धाम पवित्रं मङ्गलं परम् ॥७॥

सितमेतदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरसः ॥ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વ વેદ, એ આ મહાન્ પરમાત્મા તો નિશ્વાસ છે. ૨ **अनादिनिधनः** આદિ એટલે જન્મ અને નિધન એટલે નાશ, એ બે જેને નથી તે અનાદિ નિધન કહેવાય. ૩ **धाता** કર્મ અને તેનાં ફલોના કર્ત્તા. ૪ **विधाता** જેનો આદિ અંત નથી તેના પણ ધારણ કરનાર અથવા વિશેષે કરીને ધારણુ કરનારા હોવાથી વિધાતા, એમ અર્થ કરવો. ૫ **धातुरुत्तमः** પૃથ્વિ વગેરે સર્વ ધાતુથી ઉત્કૃષ્ટ એવા ચૈતન્ય ધાતુ અથવા ધાતા એટલે વિરંચિ તેથકી ઉત્તમ ॥ ૫ ॥

૬ **अप्रमेयः** શબ્દાદિ રહિત હોવાથી જે પ્રત્યક્ષ પ્રમાણથી જણાઇ શકતા નથી. વ્યાપ્તિરૂપી ચિન્હ નહિં હોવાથી જે અનુમાન પ્રમાણથી જણાઇ શકાતા નથી. સાદૃશ્યપણાનો અભાવ હોવાથી ઉપમાન પ્રમાણથી પણ જે જણાઇ શકાતા નથી એ વગેરે બીજા પ્રમાણોથી પણ અગમ્ય હોવાથી અપ્રમેય કહેવાય છે. ૭ **हृषीकेशः** ઇન્દ્રિયોના નિયન્તા અથવા ઇન્દ્રિયો જેને સ્વાધીન વર્ત્તે છે તે અથવા જે સૂર્યરૂપ વિષ્ણુના જગતને પ્રીતિ કરાનારાં કિરણો છે તે હૃષીકેશ ૮ **पद्मनाभः** જગતના કારણરૂપ કમલ જેની નાભિની અંદર રહેલું છે તે પદ્મનાભ કહેવાય ત્યાં શ્રુતિ પ્રમાણ છે. ॥ **अजस्य नाभावध्येकमर्पितम्** ॥ વિષ્ણુની નાભિકમલમાં જગત્ રહેલું છે. **अमरप्रभुः** દેવોના સ્વામી ૫૦ **विश्वकर्मा** વિચિત્ર પ્રકારની સૃષ્ટિનું નિર્માણ કરવાની શક્તિ ધારણ કરે છે માટે અથવા વિશ્વકર્મા એટલે ત્વષ્ટા નામના દેવ છે તેના સરખાપણાથી વિષ્ણુનું નામ વિશ્વકર્મા છે. ૧ **मनुः** મનન કરવાથી મનુ કહેવાય છે અને મંત્ર અથવા પ્રજાપતિ એવો પણ અર્થ છે. ૨ **त्वष्टा** સંહાર કરવાના સમયમાં સર્વ પ્રાણીને પોતાનામાં લીન કરે છે માટે ત્વષ્ટા. ૩ **स्थविष्ठः** અત્યન્ત સ્થૂલ. ૪ **स्थविरः** ઘણા જુના આ અર્થમાં શ્રુતિ છે કે ॥ **एकं ह्यस्य स्थविरस्यनाम** ॥ આ સ્થવિરનું એક નામ છે. અથવા આ ઠેકાણે સ્થવિર શબ્દ અવસ્થાવાચક સમજવો. સ્થિર હોવાથી ધ્રુવ એવું વિશેષણ છે માટે **स्थविरोध्रुवः** એ વિશેષણસહિત એકજ નામ સમજવું. ॥ ૬ ॥

૫ **अग्राह्यः** કર્મ ઇન્દ્રિયોથી જે ગ્રહણ કરી શકાતા નથી. ત્યાં શ્રુતિ છે ॥ **यतोवाचोनिवर्त्तन्ते अप्राप्य मनसा सह** ॥ મનસહિત વાણી જેને ન પામીને પાછી વળે છે. ૬ **शाश्वतः** સર્વ કાલમાં સત્તારૂપે રહેનાર તે શાશ્વત. ત્યાં શ્રુતિ ॥ **शाश्वतं शिवमच्युतम्** શાશ્વત શિવ અને અચ્યુત એવું વિષ્ણુનું સ્વરૂપ છે. ૭ **कृष्णः** શ્રી કૃષ્ણરૂપ. **कृषिर्भूवाचकः शब्दोणश्च निर्वृतिवाचकः ॥विष्णुस्तद्भावयोगाच्च कृष्णो भवति शाश्वतः॥**

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ॥
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥८॥

કૃષ્ણ શબ્દમાં **कृषि** શબ્દ **भू** વાચક છે અને **ण** શબ્દ નિવૃતિવાચક છે. તે બેઉ શબ્દના યોગથી **कृष्ण** શબ્દ ઉત્પન્ન થયો છે. તે કૃષ્ણ શાશ્વત એવા વિષ્ણુ રૂપે છે. મહાભારતમાં પણ લખ્યું છે કે ॥ **कृष्णो वर्णश्च मे यस्मात् तस्मात्कृष्णोऽहमर्जुन** ॥ હે અર્જુન ! મારો કાળો વર્ણ છે તે ઉપરથી હું કૃષ્ણ કહેવાઉં છું ૮ **लोहिताक्षः** ॥ લાલ જેનાં નેત્ર છે એવા. ત્યાં શ્રુતિ. ॥ **असौवृषभोलोहिताक्षः** ॥ આ શ્રેષ્ઠ વિષ્ણુ લોહિતાક્ષ કહેવાય છે. ૯ **प्रतर्दनः** પ્રલય સમયે પ્રાણિયોનો નાશ કરનારા. ૬૦ **प्रभूतः** જ્ઞાન અને ઐશ્વર્યાદિકથી સંપન્ન. ૧ **त्रिककुब्धाम** ઉંચો ભાગ નીચો ભાગ અને મધ્યભાગ, એવા ત્રણ ભેદથી ત્રણ દિશાઓના પણ સ્વરૂપવાળા **त्रिककुप्** અને **धाम** એ બે શબ્દ મળીને એકજ નામ સમજવું. ૨ **पवित्रम्** જેવડે પવિત્ર થાય છે અથવા જે પવિત્ર કરે છે તે ઋષિ અથવા દેવતા પવિત્ર કહેવાય છે. તે પવિત્ર એવું વિષ્ણુનું નામ છે. ૩. **मङ्गलम्** ॥ કલ્યાણરૂપ હોવાથી અને સર્વ પ્રાણિયોમાં ઉત્તમ હોવાથી મંગળરૂપ. તેને માટે વિષ્ણુપુરાણનું વચન છે કે **अशुभानि निराचष्टे तनोतिशुभसन्ततिम्** ॥ **स्मृतिमात्रेण यत् पुंसां ब्रह्म तन्मङ्गलं विदुः** ॥ અર્થ ॥ મનુષ્યોને જે કેવળ સ્મરણ માત્રથી અશુભનો નાશ કરે છે અને ઘણું શુભ આપે છે, એવું જે બ્રહ્મ તેને ઋષિયો ' મંગળ ' એમ જાણે છે. આ ઠેકાણે **मङ्गलम्** એવું એકજ નામ સમજવું અને **परम्** એવો જે શબ્દ છે તે મંગળ શબ્દનું વિશેષણ છે એમ સમજવું. ॥ ૭ ॥

૪ **ईशानः** સર્વભૂતના નિયન્તા હોવાથી ઇશાન. ૫ **प्राणदः** પ્રાણોને આપે છે માટે પ્રાણદ. ત્યાં શ્રુતિ છે. ॥ **कोह्येवान्यत्कः प्राण्यात्** ॥ વિષ્ણુ સિવાય બીજો કોણ પ્રાણ આપનાર છે. અથવા **प्राणान् कालात्मना द्यति खण्डयतीति प्राणदः** એટલે કાલ સ્વરૂપે કરીને પ્રાણોનો જે નાશ કરે છે તે પ્રાણદ કહેવાય અથવા **प्राणान् दापयति शोधयतीति प्राणदः** એટલે પ્રાણોને શુદ્ધ કરનાર ૬ **प्राणः** પ્રાણ એટલે ક્ષેત્રજ્ઞ અથવા પરમાત્મા. અથવા **प्राणस्य प्राणम्** એવી શ્રુતિ છે માટે મુખ્ય પ્રાણ પણ વિષ્ણુનું નામ છે. ૭ **ज्येष्ठः** સર્વથી વૃદ્ધ. ૮. **श्रेष्ठः** સર્વથી ઉત્તમ હોવાથી શ્રેષ્ઠ. ૯ **प्रजापतिः** સર્વ પ્રજાઓના સ્વામી. ૭૦ **हिरण्यगर्भः** બ્રહ્માંડ જેના ગર્ભમાં રહેલું છે એવા અથવા વિરંચિના સ્વરૂપે રહેનારા ત્યાં શ્રુતિ. ॥ **हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत्** ॥ સર્વ પ્રાણિયોના પતિ હિરણ્યગર્ભ પ્રથમ હતા. ૧ **भूगर्भः** પૃથ્વી જેનો ગર્ભ છે એવા. ૨ **माधवः** લક્ષ્મીના પતિ અથવા વ્યાસનું વચન છે કે ॥ **मौनाद्ध्यानाच्च योगाच्च विद्धि भारत माधवम्** હે ભારત ! મૌનથી ધ્યાનથી અને યોગથી વિષ્ણુને માધવ એવા નામથી જાણ. ૩ **मधुसूदनः** મધુ એવા નામના અસુરને મારવાથી વિષ્ણુ મધુસૂદન કહેવાય છે ત્યાં મહાભારતનું પ્રમાણ છે. **कर्णमिश्रोद्भवं चापि मधुं नाम महासुरम्** ॥ **ब्रह्मणोऽपचितिं कुर्वन् जघान पुरुषोत्तमः** ॥ १ ॥ **तस्य तात वधादेव देवदानवमानवाः** ॥ **मधुसूदनइत्याहुर्ऋषयश्चजनार्दनम्** ॥ २ ॥ અર્થ ॥ બ્રહ્માનું પૂજન

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ॥
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥९॥
सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ॥
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः ॥ १० ॥
अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ॥

કરતા છતા ભગવાન્ વિષ્ણુએ કર્ણમિશ્રથી ઉત્પન્ન થયેલા મધુ નામના મ્હોટા અસુરને માર્યો. હે તાત ! તે મધુ નામના અસુરનો વધ થવાથી પ્રસન્ન થયેલા દેવ દાનવ અને ઋષિયોએ વિષ્ણુને મધુસૂદન એવું નામ આપ્યું.॥ ૮ ॥

૪ **ईश्वरः** સર્વ શક્તિમાન્ હોવાથી ઇશ્વર ૫ **विक्रमी** શૌર્યના યોગથી પરાક્રમવાન્. ૬ **धन्वी** ધનુષ્ જેને વિદ્યમાન છે એવા. ત્યાં ગીતાનું પ્રમાણ છે કે ॥ **रामः शस्त्रभृतामहम्** ॥ શસ્ત્ર ધારણ કરનારાઓમાં રામ મારૂં સ્વરૂપ છે. ૭ **मेधावी** બહુ ગ્રન્થોને ધારણ કરવાનું જે સામર્થ્ય તેનું નામ મેધા કહેવાય અને તેવી મેધા જેને વિદ્યમાન છે તે મેધાવી. ૮ **विक्रमः** જગત્નું જેણે આક્રમણ કર્યુ છે તે. ૯ **क्रमः** ગરૂડ નામના પક્ષી વગર પણ ગતિ કરનાર. ૮૦ **अनुत्तमः** જેનાથી કોઇ બીજો પુરૂષ ઉત્તમ નથી તે ત્યાં શ્રુતિ છે. ॥ **यस्य ज्ञानं उत्तमम्** ॥ **यस्मात् परं नापरं [illegible] किञ्चित्** ॥ જેનું જ્ઞાન ઉત્તમ છે અને જેથકી પર અને અપર કાંઇ નથી સ્મૃતિપણ [illegible] કે ॥ **न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यः** તમારી તુલ્ય બીજો કોઈ નથી તો પછી અધિક તો ક્યાંથીજ હોય. ૧ **दुराधर्षः** દૈત્ય વગેરેથી જે પરાભવ પામી શકે નહીં તે દુરાધર્ષ. ૨ **कृतज्ञः** પ્રાણિયોનાં કરેલાં પુણ્યપાપ કર્મને જાણે તે અથવા જે ભક્તજનો પત્ર પુષ્પ વગેરે થોડું પણ વિષ્ણુને અર્પણ કરે છે તેઓને મોક્ષ આપે છે માટે કૃતજ્ઞ. ૩ **कृतिः** પુરૂષ પ્રયત્નરૂપ. ૪ **आत्मवान्** પોતાના મહિમાની અંદર રહેલ હોવાથી ત્યાં શ્રુતિ. ॥ **स्वेमहिम्नि प्रतिष्ठितः** ॥ પોતાના મહિમાની અંદર રહેલા. ૯

૫ **सुरेशः** દેવોના ઇશ્વર. ૬ **शरणं** દુઃખિયાઓનું દુઃખહરણ કરેછે માટે શરણું. ૭ **शर्म** પરમાનન્દરૂપ હોવાથી સુખરૂપ. ૮ **विश्वरेताः** સમગ્ર જગત્ના કારણ. ૯ **प्रजाभवः** સર્વ પ્રજાઓ જેનાથી ઉત્પન્ન થાયછે તે. ૯૦ **अहः** પ્રકાશરૂપ હોવાથી દિવસરૂપ. ૧ **संवत्सरः** કાલરૂપે રહેલા વિષ્ણુ સંવત્સર કહેવાય છે. ૨ **व्यालः** સર્પ જેમ ગ્રહણ કરી શકાતો નથી તેમ વિષ્ણુ પણ ગ્રહણ કરવાને અશક્ય હોવાથી વ્યાલરૂપ કહેવાય છે. ૩ **प्रत्ययः** બુદ્ધિની પ્રતિતિરૂપ. **प्रज्ञानं ब्रह्म** એવી શ્રુતિ છે. ૪ **सर्वदर्शनः** સર્વના સાક્ષી હોવાથી સર્વદર્શન કહેવાય છે. ॥ ૧૦ ॥

૫ **अजः** નહિં ઉત્પન્ન થવાથી વિષ્ણુ અજ કહેવાય છે. ત્યાં શ્રુતિ. ॥ **न जातोनजनिष्यते इति** ॥ ઉત્પન્ન થયેલ નથી અને ઉત્પન્ન થશે નહીં. મહાભારતમાં પણ લખેલું છે કે ॥ **न हि जातोन जायेऽहं न जनिष्ये कदाचन** ॥ **क्षेत्रज्ञः सर्वभूतानां तस्मादहमजः स्मृतः** ॥ સર્વભૂતમાં ક્ષેત્રજ્ઞ એવો હું કોઇ પણ વખતે ઉત્પન્ન થયો નથી, ઉત્પ-

वृषकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥११॥

वसुर्वसुमनाः सत्यः समात्मा संमितः समः ॥
अमोघः पुण्डरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥१२॥

ન થતો નથી અને ઉત્પન્ન થઇશ નહીં, માટે હુંજ અજ" એમ કહેવાઉં છું. ૬ **सर्वेश्वरः** ઇશ્વરોના પણ ઇશ્વર તેથી સર્વેશ્વર. ત્યાં શ્રુતિ. ॥ **एषसर्वेश्वरः** ॥ એ વિષ્ણુ સર્વના ઇશ્વર છે. ૭ **सिद्धः** સદાકાળ જેનું સ્વરૂપછે માટે સિદ્ધ ૮ **सिद्धिः** સર્વભૂતના આદિકારણ હોવાથી. ૯ **सर्वादिः** સર્વપ્રાણિઓના આદિકારણ. ૧૦૦ **अच्युतः** પોતાનાં સમર્થપણાથી જેને પડવાપણું નથી તે. ત્યાં શ્રુતિ પણ છે. ॥ **शाश्वतं शिवमच्युतम्** ॥ શાસ્વત શિવ અને અચ્યુત એવું બ્રહ્મ છે. આ પ્રમાણે આ ઠેકાણે વિષ્ણુનાં સો નામ પૂરાં થયાં. ૧ **वृषाकपिः** સર્વ મનોરથને પૂરા કરવાથી ધર્મનું નામ **वृष** કહેવાય છે. અને **कपि** શબ્દની વ્યુત્પત્તિ આવી છે કે **कात् तोयात् भूमिं अपात् इति कपिः** એટલે જલથી પૃથ્વીનું જેણે રક્ષણ કરેલું છે તે **कपि.** કપિ એવું વરાહનું નામ છે. વરાહ એ વિષ્ણુનો અવતાર છે. ધર્મરૂપ હોવાથી અને વરાહરૂપ હોવાથી વિષ્ણુનું નામ વૃષાકપિ છે. આ નામને માટે મહાભારતમાં પ્રમાણ છે કે ॥ **कपिर्वराहः श्रेष्ठश्च धर्मश्च वृषउच्यते । तस्मा वृषाकपिं प्राह काश्यपोमां प्रजापतिः** ॥ કપિ એટલે વરાહ અને શ્રેષ્ઠ અને ધર્મ જે છે તે વૃષ એવા નામથી કહેવાય [illegible]ટે કાશ્યપ નામના પ્રજાપતિ મને વૃષાકપિ એવા નામથી કહે છે. ૨ **अमेयात्मा** [illegible]મા આટલોજ છે એમ માપી શકવામાં આવતો નથી તેથી અમેયાત્મા કહેવાય છે. ૩ **सर्वयोगविनिःसृतः** નાના પ્રકારના શાસ્ત્રોમાં કહેલા યોગથી બહાર રહેલા. ત્યાં શ્રુતિ ॥ **असङ्गोह्ययं पुरुषः** ॥ આ પરમાત્મા અસંગ છે. ॥ ૧૧ ॥

૪ **वसुः** સર્વ પ્રાણી જેની અંદર રહે છે અને સર્વ પ્રાણીની અંદર જે રહે છે તે વસુ કહેવાય છે અથવા **वसूनामस्मि पावकः** વસુની અંદર પાવક હું છું, એમ ગીતામાં કહેલા વચન પ્રમાણે વસુ શબ્દનો અર્થ સમજવો. ૫ **वसुमनाः** ધનવાચી વસુ શબ્દે કરીને પ્રશસ્તપણાનો અર્થ આવી શકે છે **वसुनाम प्रशस्तं मनोयस्य सः वसुमनाः** ઉત્તમ જેનું મન છે એવા. રાગ દ્વેષાદિ ક્લેશો વડે અને મહદાદિ ઉપક્લેશો વડે જે મન મેલું થઇ શકતું નથી તે મન પ્રશસ્ત કહેવાય છે. ૬ **सत्यः** અવિનાશીરૂપ હોવાથી પરમાત્મા સત્ય છે. ત્યાં શ્રુતિ ॥ **सत्यं ज्ञान मनन्तं ब्रह्म** ॥ સત્ય જ્ઞાન અને અનન્તરૂપ એવું બ્રહ્મ છે. ૭ **समात्मा** રાગ દ્વેષાદિ થકી દૂષિત જેનો આત્મા નથી તે સમાત્મા. ત્યાં શ્રુતિ. **सर्व भूतेषु सम एक आत्मा च समात्मेति विद्यात्** સર્વ પ્રાણીમાં જે એક આત્મા છે તે સમાત્મા છે એમ જાણવું. **संमितः** સર્વ પદાર્થોથી પરિચ્છિન્ન માટે સંમિત અથવા સર્વથી જે અપરિચ્છિન્ન તે અસંમિત એમ સમજવું. ૮ **असांमित** અને **सांमित** એમ બે રીતે પદચ્છેદ થઇ શકે છે. **समः** સર્વ કાલમાં સર્વવિકાર રહિત હોવાથી સમ એમ કહેવાયછે અથવા **मया लक्ष्म्या सहवर्त्तते इति समः** 'મા' એટલે લક્ષ્મી તેની સાથે જે વર્ત્તે તે સમ કહેવાય. ૧૦ **अमोघः** પૂજા કરવાથી સ્તુતિ કરવાથી અને

रुद्रो बहुशिरा बभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ॥
अमृतः शाश्वतः स्थाणुर्वरारोहो महातपाः ॥१३॥
सर्वगः सर्वविद्भानुर्विष्वक्सेनो जनार्दनः ॥
वेदो वेदविदव्यंगो वेदाङ्गो वेदवित्कविः ॥१४॥

સ્મરણ કરવાથી સર્વફલ આપેછે અને કાંઇ વૃથા કરતા નથી માટે અમોઘ કહેવાય છે. અથવા સત્ય સંકલ્પ હોવાથી અમોઘ કહેવાયછે. ત્યાં શ્રુતિ છે. ॥ **सत्यसंकल्पः** ॥ પરમાત્મા સત્યસંકલ્પ છે. ૧ **पुण्डरीकाक्षः** હૃદય કમલને વ્યાપ્ત કરીને રહેનારા. ત્યાં શ્રુતિ. ॥ **यत्पुण्डरीकं पुरमध्यसंस्थम्** ॥ જે કમળ શરીરમાં રહેલું છે અથવા કમલસરખાં જેનાં નેત્ર છે, એવો અર્થ કરવો. ૨ **वृषकर्मा** ધર્મરૂપ કર્મ જેનું છે તે. ૩ **वृषाकृतिः** ધર્મ રક્ષણ કરવાને માટે જેનો અવતાર છે એવા. ત્યાં ભગવદ્ગીતાનું પ્રમાણ. ॥ **धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे** ॥ ધર્મનું સ્થાપન કરવા માટે પ્રત્યેક યુગમાં હું ઉત્પન્ન થાઉં છું. ॥ ૧૨ ॥

૪ **रुद्रः** જગતના સંહાર વખતે પ્રજાઓનો સંહાર કરતાં રૂદન કરાવે છે માટે રૂદ્ર અથવા રૂત્ એટલે દુઃખ તેનું કારણ તેનો નાશ કરે છે માટે વિષ્ણુ રૂદ્ર કહેવાય છે. લિંગપુરાણમાં વચન છે કે ॥ **रुद्रइत्युच्यते तस्मात् शिवं परमकारणम्** ॥ પરમ કારણ અને કલ્યાણરૂપ બ્રહ્મ રૂદ્ર એવા નામથી કહેવાય છે. ૫ **बहुशिराः** ॥ અનન્ત જેનાં મસ્તક છે એવા. ત્યાં શ્રુતિ. **सहस्रशीर्षा पुरुषः** ॥ અનન્ત મસ્તકવાળા પરમાત્મા છે ૬ **बभ्रुः** લોકોને જે ધારણ અને પોષણ કરેછે તે બભ્રુ કહેવાય છે. ૭ **विश्वयोनिः** જગતનું કારણ છે માટે વિશ્વયોનિ કહેવાય છે. ૮ **शुचिश्रवाः** જેનાં પવિત્ર અને શ્રવણ કરવા યોગ્ય નામો છે તે. ૯ **अमृतः** જેને મરણ નથી તે અમૃત. ત્યાં શ્રુતિ **अजरोऽमरः** જેને જરા અને મરણ નથી. ૨૦ **शाश्वतस्थाणुः** શાશ્વત છતાં સ્થાણુરૂપ. ૧ **वरारोहः** શ્રેષ્ઠ જેનો ખોળો છે એવા અથવા ઉત્તમ આરોહણ જેની અંદર રહેલું છે એવા મોક્ષ પામેલાનો ફરીથી જન્મ થતો નથી ત્યાં શ્રુતિ. ॥ **न स पुनरावर्त्तते** ॥ પરમાત્માને પામેલો પુરૂષ ફરી જન્મ પામતો નથી ત્યાં સ્મૃતિનું પણ પ્રમાણ છે. ॥ **यं प्राप्य न निवर्त्तन्ते तद्धाम परमं मम** ॥ ભગવાન્ કહે છે કે જેને પામીને ફરી જન્મ પામતો નથી તે મારૂં પરમ ધામ છે એમ સમજવું ૨ **महातपाः** સર્જવાના સંબંધનું મ્હોટું જેને જ્ઞાન છે તે મહાતપા. ॥ ૧૩ ॥

૩ **सर्वगः** કારણ પણાથી સર્વ ઠેકાણે વ્યાપ્ત છે માટે સર્વમાં ગતિકરનારા. ૪ **सर्वविद्भानुः** સર્વને જાણનાર હોવાથી અને પ્રકાશમાન હોવાથી સર્વવિત્ અને ભાનુરૂપ કહેવાય છે. ત્યાં શ્રુતિ ॥ **तमेव भान्तमनुभान्ति सर्वम्** ॥ પ્રકાશમાન એવા પરમાત્માની પછવાડે સર્વ વસ્તુ પ્રકાશ પામે છે. ગીતામાં પણ લખેલું છે કે ॥ **यदादित्यगतं तेजस्तत्तेजोविद्धि मामकम्** ॥ હે અર્જુન ! સૂર્યમાં જે તેજ રહેલું છે તે મારૂં તેજ છે એમ તું જાણ. સર્વવિદ્ભાનુ એ એક નામ છે. **विष्वक्सेनः** જે વિષ્ણુના રણસંગ્રામના ઉદ્યોગમાત્રથીજ દૈત્યની સેનાઓ નાસતી ફરેછે તેથી વિષ્વ-

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ॥
चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥१५॥

કૃસેન કહેવાય છે. ૬ **जनार्दनः** દુષ્ટ મનુષ્યોને હણે છે અથવા નરક પ્રત્યે પમાડે છે તે અથવા આ લોક અને પરલોકના શ્રેયરૂપી પુરૂષાર્થમાટે જેની પ્રત્યે ગમન થાય છે તે જનાર્દન ૭ **वेदः** જણાવે છે તે વેદ ભગવાનનું વચન છે કે ॥ **तेषामेवानु कम्पार्थमहमज्ञानजं तमः । नाशयत्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता** ॥ આત્મભાવમાં રહેલો હું જ્ઞાનરૂપી દીવાથી, તેઓના ઉપર કૃપાથીજ અજ્ઞાનથી થયેલા અન્ધકારનો નાશ કરૂં છું. મહાભારતમાં પણ લખ્યું છે કે ॥ **सर्वे वेदाः सर्ववेद्याः सशास्त्राः सर्वे यज्ञाः सर्वेइज्यश्च कृष्णः ॥ विदुः कृष्णं ब्राह्मणास्तत्त्वतोये तेषां राजन् सर्वयज्ञाः समाप्ताः ॥** શાસ્ત્રસહિત સર્વ પ્રકારે જાણવા યોગ્ય સર્વ વેદો, જાણવા યોગ્ય અને યજનકરવા યોગ્ય શ્રીકૃષ્ણનું યજન કરે છે અને જે બ્રાહ્મણો શ્રીકૃષ્ણને તત્વથી જાણે છે તેના સર્વ યજ્ઞો સમાપ્ત થયા એમ સમજવું. ૮ **वेदवित्** વેદમાં જે વિદ્યમાન છે તે. ૯ **अव्यङ्गः** જ્ઞાનાદિકથી પરિપૂર્ણ અથવા જેની વ્યક્તિ નથી તે અવ્યંગ ॥ **अव्यक्तोऽयमचिन्त्योऽयम्** ॥ એવું ભગવાનનું ગીતામાં વચન છે માટે અવ્યંગ. ૩૦ **वेदाङ्गः** વેદો જેના અંગભૂત રહેલા છે તે વેદાંગ. ૧ **वेदविद्** વેદોનો વિચાર કરનારા. ૨ **कविः** સર્વને જોનારા. ત્યાં શ્રુતિ ॥ **नान्यदतोऽस्ति द्रष्टा** ॥ પરમેશ્વર સિવાય બીજો કોઇ જોનાર નથી. બીજા મંત્રમાં પણ છે કે ॥ **कविर्मनीषी** જે પરમાત્મા કવિ અને મનીષી છે. ॥ ૧૪ ॥

૩ **लोकाध्यक्षः** પ્રધાનપણાથી સર્વ લોકોના ઉપદ્રષ્ટા. ૪ **सुराध्यक्षः** લોકપાલનામના દેવોના અધ્યક્ષ ૫ **धर्माध्यक्षः** યોગ્યફળ આપવાને માટે ધર્મ તથા અધર્મને જે સાક્ષાત્ જુએ છે તે ધર્માધ્યક્ષ. ૬ **कृताकृतः** કાર્યરૂપે કરીને વિષ્ણુ કૃત કહેવાય છે અને કારણ રૂપે કરીને અકૃત કહેવાય છે માટે કૃતાકૃત. ૭ **चतुरात्मा** જગતની ઉત્પત્તિ વગેરે કરવા વખતે જુદી જુદી જેની ચાર વિભૂતિયો છે તે ચતુરાત્મા કહેવાય. ત્યાં વિષ્ણુપુરાણનું પ્રમાણ. ॥ **ब्रह्मा दक्षादयः कालस्तथैवा खिलजन्तवः विभूतयो हरेरेता जगतः सृष्टि हेतवः** ॥ બ્રહ્મા, દક્ષાદિક, કાલ અને સમગ્રપ્રાણી, એ ચારૂ વિષ્ણુની વિભૂતિયો છે અને તે સૃષ્ટિના કારણ છે. ॥ **विष्णुर्मन्वादयः कालः सर्वभूतानि च द्विज । स्थिते र्निमित्त भूतस्य विष्णोरेता विभूतयः** ॥ વિષ્ણુ, મન્વાદિક, કાલ, અને સર્વ પ્રાણી, એ સર્વ સ્થિતિના નિમિત્તભૂત એવા જે વિષ્ણુ, તેની વિભૂતિયો છે. ॥ **रुद्रः कालान्तकाद्याश्च समस्ताश्चैव जन्तवः । चतुर्धा प्रलयायैता जनार्दनविभूतयः** ॥ રુદ્ર, કાલ, અન્તકાદિ, અને સમસ્ત પ્રાણી, વિષ્ણુની એ ચાર વિભુતિયો પ્રલયને માટે છે. ૮ **चतुर्व्यूहः** વ્યાસમુનિનું પણ વચન છે કે ॥ **व्यूह्यात्मानं चतुर्धाऽवै वासुदेवादि मूर्त्तिभिः ॥ सृष्टयादीन् प्रकरोत्येष विश्रुतात्मा जनार्दनः** ॥ પ્રસિદ્ધ જેનું સ્વરૂપ છે એવા વિષ્ણુ, વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એવી ચાર મૂર્તિવડે પોતાના આત્માને રચીને ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરે છે માટે ચતુર્વ્યૂહ કહેવાય છે. ૯ **चतुर्दंष्ट्रः** નૃસિંહાવતારમાં ચાર જેને દાઢ છે તે ચતુર્દંષ્ટ્ર કહેવાય અથવા દંષ્ટ્રા એવું

भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ॥
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः ॥१६॥
उपेन्द्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ॥
अतीन्द्रः संग्रहः सर्गो घृतात्मा नियमो यमः ॥१७॥

શીંગડાનું નામ છે. કારણકે **चत्वारिश्रृङ्गात्रयो अस्यपादाः** ॥ ચાર જેને શીંગડાં છે, અને ત્રણ જેને પગછે. આ ઉપરથી દંષ્ટ્રા એટલે શ્રૃંગ સમજવું. ૪૦ **चतुर्भुजः** ચાર હાથવાળા. ॥ ૧૫ ॥

૧ **भ्राजिष्णुः** કેવળ પ્રકાશમયછે માટે ભ્રાજિષ્ણુ કહેવાય છે. ૨ **भोजनं** ભોગ્ય રૂપ- હોવાથી માયા જેનું ભોજનછે એવા. ૩ **भोक्ता** પુરૂષરૂપેકરીને માયાને ભોગવે છે માટે ભોક્તા. ૪ **सहिष्णुः** હિરણ્યાક્ષ વગેરે દૈત્યોનો પરાભવ કરેછે માટે સહિષ્ણુ. ૫ **जगदादिजः** હિરણ્યગર્ભરૂપવડે જગતના આદિમાં પોતે ઉત્પન્ન થાય છે માટે જગદાદિજ કહેવાય છે. ૬ **अनघः** નિષ્પાપ. ત્યાં શ્રુતિછે. ॥ **अपहतपाप्मा** ॥ જેને પાપ નથી એવા. ૭ **विजयः** જ્ઞાનવૈરાગ્ય અને ઐશ્વર્યાદિ ગુણોવડે વિશ્વને જીતેછે માટે વિજય કહેવાય છે. ૮ **जेता** સર્વપ્રાણીને સ્વભાથી જીતેછે માટે જેતા. ૯ **विश्वयोनिः** વિશ્વરૂપ છતાં કારણરૂપ. ૫૦ **पुनर्वसुः** શરીરોની અંદર વારંવાર ક્ષેત્રજ્ઞરૂપે રહે છે માટે પુનર્વસુ કહેવાય છે. ॥ ૧૬ ॥

૧ **उपेन्द्रः** ઈન્દ્રના નાનાભાઈ રૂપેકરીને રહેલ માટે ઉપેન્દ્ર. ૨ **वामनः** બલી રાજા પાસે વામનરૂપે કરીને યાચના કરી માટે વામન અથવા સારી રીતે ભજન કરવા યોગ્ય. ત્યાં શ્રુતિ. ॥ **मध्ये वामनमासीनं विश्वेदेवा उपासते** ॥ મધ્યમાં બેઠેલા વામનને વિશ્વે દેવા ઉપાસે છે. ૩ **प्रांशुः** તે વામન ભગવાને ત્રણ જગત્‌નું આક્રમણ કર્યું માટે પ્રાંશુ કહેવાય છે. ત્યાં હરિવંશનું પ્રમાણ ॥ **सर्वदेवमयं रूपं दर्शयामास वैप्रभुः** ॥ **भूः पादौ द्यौः शिरश्चास्य चन्द्रादित्यौ च चक्षुषी** ॥ **तस्य विक्रमतो भूमिं चन्द्रादित्यौ स्तनान्तरे** ॥ **नभः प्रक्रममाणस्य नाभ्यां तौ समवस्थितौ** ॥ પ્રભુએ સર્વ દેવમય એવું પોતાનું રૂપ દેખાડયું. પૃથ્વી એ પગ થઇ, સ્વર્ગ મસ્તક થયું અને સૂર્ય ચન્દ્ર નેત્ર થયાં. જ્યારે વામને ત્રણ પગલાં ભૂમિ માપવા માંડી ત્યારે સૂર્ય ચન્દ્ર સ્તન પાસે આવ્યા, અને આકાશ માપવા માંડયું ત્યારે સૂર્ય ચન્દ્ર નાભિ પાસે આવ્યા અને સ્વર્ગને માપવા માંડયું ત્યારે સૂર્ય ચન્દ્ર જાનુના મૂળ પાસે આવી રહ્યા. ૪ **अमोघः** વ્યર્થ જેની ચેષ્ટા નથી તે અમોઘ. ૫ **शुचिः** સ્મરણ કરનારને સ્તુતિ કરનારને તથા અર્ચન કરનારને પવિત્ર કરે છે માટે શુચિ. મંત્રમાં પણ છે કે ॥ **अस्य स्पर्शश्च महान् शुचिः** ॥ આ વિષ્ણુનો સ્પર્શ મહા પવિત્ર છે. ૬ **ऊर्जितः** અત્યન્ત બલવાન્ હોવાથી ઊર્જિત. ૭ **अतीन्द्रः** સ્વભાવ સિદ્ધ એવાં જ્ઞાન ઐશ્વર્યાદિકથી ઇન્દ્રને ઉલ્લંઘન કરી રહેલ છે માટે અતીન્દ્ર કહેવાય છે. ૮ **संग्रहः** સર્વનો સંહાર કરે છે માટે સંગ્રહ ૯ **सर्गः** સૃષ્ટિનું કારણ છે માટે સર્ગ. ૬૦ **धृतात्मा** એકરૂપ હોવાથી અને જન્માદિકથી રહિત હોવાથી ધૃતાત્મા. ૧ **नियमः** પોત પોતાના અધિકારમાં પ્રજાઓને નિયમમાં રાખે છે માટે નિયમ. ૨ **यमः** અન્તર્યામી રૂપથી અંદર રહી સઉને નિયમમાં રાખે છે માટે યમ. ॥ ૧૭ ॥

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ॥
अतीन्द्रियो महामायो महोत्साहो महाबलः ॥१८॥
महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ॥
अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ॥१९॥
महेष्वासो महीभर्ता श्रीनिवासः सतांगतिः ॥
अनिरुद्धः सुरानन्दो गोविन्दो गोविन्दांपतिः ॥२०॥

૩ **वेद्यः** મોક્ષની ઇચ્છાવાળા પુરૂષોને જે જાણવા યોગ્ય તે વેદ્ય. ૪ **वैद्यः** સર્વ વિદ્યાને જાણનાર હોવાથી વૈદ્ય. ૫ **सदायोगी** નિરન્તર સ્વરૂપ જેનું પ્રગટ છે તે સદાયોગી. ૬ **वीरहा** ધર્મ રક્ષણ કરવાને અસુરોના વીર પુરૂષોને જે હણે છે તે વીરહા. ૭ **माधवः मा** એટલે વિદ્યા, તેના જે પતિ તે માધવ. હરિવંશમાં લખ્યું છે કે ॥ **मा विद्या च हरेः प्रोक्ता तस्या ईशो यतो भवान् ॥ तस्मा न्माधवनामासि धवः स्वामीति शब्दितः ॥** હરિની વિદ્યાતું નામ **मा** કહેવાય છે, તેના આપ સ્વામી છો માટે આપ માધવ એવા નામથી કહેવાઓછો. **धव** શબ્દનો અર્થ સ્વામી એવો થાય છે. ૮ **मधुः** જેમ મધ પરમ પ્રીતિને ઉત્પન્ન કરે છે તેમ વિષ્ણુ પરમ પ્રીતિ આપે છે માટે મધુ કહેવાય છે. ૯ **अतीन्द्रियः** શબ્દાદિ વિષયો પહોચી શકતા નથી માટે અતીન્દ્રિય કહેવાય છે. ૧૦ **महामायः** માયાવિઓને પણ મોહ પમાડે છે માટે માહામાય. ત્યાં ગીતાનું પ્રમાણુ ॥ **मम माया दुरत्यया** ॥ મારી માયા ઘણી કઠણ છે. ૧ **महोत्साहः** જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને માટે નિરન્તર તૈયાર હોવાથી મહોત્સાહ. ૨ **महाबलः** સર્વ બલવાન્ પુરૂષોમાં પણ અધિક બલવાળા છે માટે મહાબલ. ॥ ૧૮ ॥

૩ **महाबुद्धिः** સર્વ બુદ્ધિમાન્ પુરૂષોમાં પણ વિશેષ બુદ્ધિમાન્ હોવાથી મહાબુદ્ધિ. ૪ **महावीर्यः** આ જગતની ઉત્પત્તિનું કારણરૂપ એવી જે અવિદ્યા તે જેનું મહોટું વીર્ય છે માટે તે વિષ્ણુ મહાવીર્ય કહેવાય છે. ૫ **महाशक्तिः** મોટું સામર્થ્ય જેનું છે તે મહાશક્તિ. ૬ **महाद्युतिः** બહાર અને અંદર જેની મોટી કાન્તિ છે એવા ત્યાં શ્રુતિ **स्वयंज्योतिश्च** ॥ જે પરમાત્મા સ્વયંજ્યોતિ છે. ૭ **अनिर्देश्यवपुः** આવી જાતનું પરમાત્માનું શરીર છે, એમ જેનું સ્વરૂપ કોઇથી ઓળખી શકાતું નથી તેવા. ૮ **श्रीमान्** ઐશ્વર્યરૂપી સમગ્ર લક્ષ્મી જેની પાસે રહેલી છે એવા. ૯ **अमेयात्मा**. સર્વ પ્રાણિયો જેના શરીરને આવી શકતા નથી તે અમેયાત્મા ૧૦ **महाद्रिधृक्** અમૃત મંથન કરવા વખતે મહોટા મન્દરાચલને ધારણ કરનાર અથવા ગોકુલનું રક્ષણ કરવાને ગોવર્ધન પર્વત ધારણ કરનાર. ॥ ૧૯ ॥

૧ **महेष्वासः** બાણ ક્ષેપણ કરવાનું જેનું ઘણું છે તે. ૨ **महीभर्ता** કેવળ સમુદ્રમાં રહેલી પૃથ્વીને જેણે ધારણ કરી માટે મહીભર્તા. ૩ **श्रीनिवासः** જેના વક્ષઃસ્થલમાં નિરન્તર લક્ષ્મી રહેલી એવા. ૪ **सतांगतिः** વૈદિક માર્ગનું રક્ષણ કરનાર પુરૂષોને સર્વ પુરૂ-

मरीचिर्दमनो हंसः सुपर्णो भूजगोत्तमः ॥
हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ॥२१॥
अमृत्युःसर्वदृक् सिंहःसंधाता संधिमान् स्थिरः ॥
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥२२॥

પાર્થ આપનાર. ૫ **अनिरुद्धः** પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવામાં કોઇએ રૂંધેલા નથી માટે અનિરૂદ્ધ. ૬ **सुरानन्दः** દેવોને આનન્દ પમાડનાર. ૭ **गोविन्दः** વરાહ અવતારમાં પૃથ્વીને શોધી કહાડનાર. મોક્ષધર્મમાં લખ્યું છે કે. ॥ **नष्टां वै धरणिं पूर्वमविदं वै गुहागताम् ॥ गोविन्द इति तेनाहं देवैर्वाग्भिरभिष्टुतः** ॥ પૂર્વે નાશ પામેલી પૃથ્વીને ગુહામાં રહેલી છે, એમ મેં જાણી તે ઉપરથી દેવોએ વાણીવડે મારી, ગોવિન્દ એવા નામથી સ્તુતિ કરી. હરિવંશમાં પણ લખ્યું છે કે ॥ **अहं किलेन्द्रो देवानां त्वं गवामिन्द्रतां गतः ॥ गोविन्दइति लोकास्त्वां स्तोष्यन्ति भुवि शाश्वतम्** ॥ ઇન્દ્ર ભગવાનને કહે છે કે મહારાજ ! હું દેવોનો ઇન્દ્ર છું અને આપ ગાયોના ઇન્દ્રપણાને પામ્યા માટે જગતમાં લોકો આપની ગોવિન્દ એવા નામથી સ્તુતિ કરશે. ॥ **गोरेषा तु तथा वाणी तांच विन्दयते भवान् ॥ गोविन्दस्तु ततो देव मुनिभिः कथ्यते भवान्** ॥ **गै** એવું વાણીનું નામ છે તેને આપ જાણો છો માટે હે દેવ મુનિયો આપને ગોવિન્દ એવા નામથી કહે છે. ૮ **गोविन्दांपतिः** વાણી ભણનાર પુરૂષો વિશેષે કરીને પતિ ॥ ૨૦ ॥

૯ **मरीचिः** તેજવાળા પુરૂષોમાં પણ ઘણા તેજસ્વી હોવાથી મરીચી, ૯૦ **दमनः** પ્રજાઓને દમન કરવાનું જેનું આચરણ છે એવા. ૧ **हंसः अहं सः** હું તે છું, એમ તાદાત્મ્યપણાથી જે ઇશ્વરની ભાવના કરે છે તેના સંસારના ભયને હણે છે માટે હંસ અથવા સર્વના શરીરોમાં ગતિ કરે છે માટે હંસ કહેવાય છે. **हंसः शुचिषत्** એવો મંત્ર પણ છે. ૨ **सुपर्णः** સારાં જેનાં પર્ણ છે માટે સુપર્ણ. **द्वा सुपर्णा** એવો મંત્ર છે. ૩ **भुजगोत्तमः** હાથવડે ચાલનારાઓમાં ઉત્તમ અથવા શેષનાગરૂપ ૪ **हिरण्यनाभः** સુવર્ણ સરખી શોભાયમાન જેની નાભિ છે એવા. ૫ **सुतपाः** બદરીકાશ્રમમાં નર નારાયણરૂપે થઇને સુંદર તપ કરનારા. ॥ **मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः** ॥ મન અને ઇન્દ્રિયોનું જે એકાગ્રપણું કરવું તે પરમ તપ કહેવાય છે ૬ **पद्मनाभः** કમલના સરખી જેની ગોળ નાભિ છે એવા અથવા હૃદય કમલની નાભિની અંદર પ્રકાશમાન થનારા. ૭ **प्रजापतिः** પ્રજાઓના પિતારૂપ ॥ ૨૧ ॥

૮ **अमृत्युः** મૃત્યુ એટલે વિનાશ તે જેને વિદ્યમાન નથી તે અમૃત્યુ. ૯ **सर्वदृक्** પ્રાણિયોનું કરેલું અને ન કરેલું એવું જે સર્વ કર્મ, તેને સ્વાભાવિક જ્ઞાનથી જોનારા. ૨૦૦ **सिंहः** પ્રલય વખતે સંહાર કરનાર હોવાથી અથવા નાશ કરનાર હોવાથી સિંહ, આવી રીતે આ ઠેકાણે બસો નામનું ભાષાન્તર પુરૂં થયું. ૧ **सन्धाता** પુરૂષોને કર્મનાં ફલ આપે છે માટે સંધાતા. ૨ **सन्धिमान्** પરમાત્મા ફલ ભોક્તા છે. ૩ **स्थिरः** સદા સ્થિરરૂપ હોવાથી સ્થિર. ૪ **अजः** ગમન કરે છે અને ક્ષેપણ કરે છે માટે અજ ૫ **दुर्मर्षणः** દાનવ દૈત્યોથી જે સહન કરી શકાતા નથી તે દુર્મર્ષણ. ૬ **शास्ता** શ્રુતિ સ્મૃતિ આદિવડે

गुरुर्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः ॥
निमिषोऽनिमिषः स्रग्वि वाचस्पतिरुदारधीः ॥२३॥
अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ॥
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥२४॥
आवर्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ॥
अहः संवर्तको वन्हिरनिलो धरणीधरः ॥२५॥

સર્વને અનુશાસન કરે છે માટે શાસ્તા. ૭ **विश्रुतात्मा** સત્ય જ્ઞાનાદિવાળો પ્રસિદ્ધ જેને આત્મા છે માટે વિશ્રુતાત્મા **सुरारिहा** દેવોના શત્રુઓને હણે છે માટે સુરારિહા. ॥૨૨॥

૯ **गुरुः** સર્વ વિદ્યાઓનો ઉપદેશ કરનાર હોવાથી અથવા સર્વના ઉત્પન્ન કરનાર હોવાથી ગુરૂ કહેવાય છે. ૧૦ **गुरुतमः** વિરંચિ વગેરેને પણ બ્રહ્મવિદ્યા આપનાર હોવાથી ગુરૂતમ. ત્યાં શ્રુતિ ॥ **यो ब्रह्माणं विदधाति पूर्वं वै यो वेदांश्च प्रहिणोति** ॥ જે બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને વેદની પ્રેરણા કરે છે તેને હું શરણે જાઉં છું ૧. **धाम** જ્યોતિરૂપ. ॥ **नारायणः परोज्योतिः** ॥ એવી શ્રુતિ છે અથવા કામરૂપી પુરૂષાર્થનું સ્થાન છે માટે ધામ એવા શબ્દથી [illegible]ય છે ત્યાં શ્રુતિ. ॥ **परं ब्रह्म धाम** ॥ પરબ્રહ્મ ધામરૂપ છે. ૨ **सत्य** સત્યવાનરૂપી[illegible]ને ધર્મ રહેલો છે તેથી તે સત્ય. ॥ **सत्यं परमं वदन्ति** ॥ જેને પરમ સત્ય કહે છે અથવા વિષ્ણુ સત્યના પણ સત્યરૂપ છે ૩ **सत्यपराक्रमः** ખરૂં જેનું પરાક્રમ છે તે સત્યપરાક્રમ. ૪ **निमिषः** યોગ નિદ્રામાં જે નેત્ર વીંચે છે તે નિમિષ. ૫ **अनिमिषः** જેનું સ્વરૂપ નિરન્તર જાગૃત્ અવસ્થામાં રહેલું છે તે અનિમિષ. ૬ **स्रग्वी** પંચ તન્માત્રારૂપી વૈજયન્તી માલા જે નિરન્તર ધારણ કરે છે તે સ્રગ્વી ૭ **वाचस्पतिरुदारधीः** વિદ્યાના પતિ અને શબ્દાર્થને વિષય કરનારી જેની બુદ્ધિ છે એવા વાચસ્પતિ અને ઉદારધી, એ બે પદ મળીને એકજ નામ છે. ॥ ૨૩ ॥.

૮ **अग्रणीः** ઉત્કૃષ્ટ પદને પમાડે છે માટે અગ્રણી. ૯ **ग्रामणीः** સર્વ પ્રાણિયોના સમૂહને પોત પોતાના વ્યવહારમાં જે પ્રવર્ત્તાવે છે તે ગ્રામણી. ૨૦ **श्रीमान्** સર્વથી ઉત્તમ જેની કાન્તિ છે તે શ્રીમાન્ ૧ **न्यायः** પ્રમાણને અનુસરીને ભેદબુદ્ધિ કરનાર એવો જે તર્ક તે ન્યાય કહેવાય છે અને તે ન્યાય ઇશ્વરનું સ્વરૂપ છે. ૨ **नेता** જગતરૂપી યંત્રને પ્રવર્ત્તાવનાર. ૩ **समीरणः** શ્વાસરૂપે સર્વ પ્રાણિયોને ચેષ્ટા કરાવનાર. ૪ **सहस्रमूर्धा** અનન્ત જેને મસ્તક છે એવા. ૫ **विश्वात्मा** જગતના આત્મારૂપ. ૬ **सहस्राक्षः** અનન્ત જેનાં નેત્ર છે એવા. ૭ **सहस्रपात्** અનન્ત જેના પગ છે એવા. ત્યાં શ્રુતિ. ॥ **सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्** ॥ આ શ્રુતિમાં સહસ્ર શબ્દ અનન્ત શબ્દનો વાચક છે. ॥ ૨૪ ॥

૮ **आवर्तनः** સંસાર ચક્ર ફેરવવાનું જેનું આચરણું છે તે આવર્તન. ૯ **निवृत्तात्मा** સંસારના બન્ધનથી જેનું સ્વરૂપ નિવૃત્ત થયેલું છે તે નિવૃત્તાત્મા. ૩૦ **संवृत्तः** પોતાની ઇચ્છાથી અવિદ્યાએ આચ્છાદન કરેલા છે માટે સંવૃત્ત. ૧ **संप्रमर्दन** રુદ્ર અને કાળ

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः॥
सत्कर्ता सत्कृतः साधुर्जन्हुर्नारायणो नरः ॥ २६ ॥

વગેરે પોતાની વિભૂતિથી જે લોકોનો સંહાર કરે છે તે સંપ્રમર્દન. ૨ **अहः संवर्त्तकः** દિવસોની સૂર્યરૂપે સારી પ્રવૃત્તિ કરે છે માટે અહઃ સંવર્તક કહેવાય છે. ૩ **वन्हिः** સર્વ જગત્‌ને વહન કરે છે માટે વન્હિ. ૪ **अनिलः** વાયુ જેમ નિર્લેપ છે તેમ નિર્લેપ. ૫ **धरणीधरः** શેષ નારાયણના રૂપથી અને દિગ્ગજ વગેરેના રૂપથી પૃથ્વીને ધારણ કરનાર તે ધરણીધર. ॥ ૨૫ ॥

૬ **सुप्रसादः** પોતાના ઉપર વૈર કરનાર એવા જે શિશુપાલાદિક તેઓને પણ મોક્ષ આપનાર હોવાથી સુપ્રસાદ ૭. **प्रसन्नात्मा.** રજોગુણ અને તમોગુણથી જેનું અન્તઃકરણ વિકાર નથી પામ્યું એવા અથવા પ્રસન્ન સ્વભાવવાળા. ૮ **विश्वधृक्** વિશ્વને જેણે ધારણ કરેલું છે એવા ૯ **विश्वभुक्** જગત્‌નું પાલન કરનારા, ૧૦ **विभुः** હિરણ્યગર્ભાદિ નાના પ્રકારના રૂપે થનારા. ત્યાં શ્રુતિ. ॥ **नित्यं विभुम्** ॥ નિત્ય અને વિભુરૂપ ૧ **सत्कर्त्ता** સત્કાર કરનાર. ૨ **सत्कृतः** પૂજ્ય લોકોએ પણ પૂજેલા. ૩ **साधुः** ન્યાયમાં પ્રવૃત્ત હોવાથી સાધુ. ૪ **जन्हुः** સંહાર વખતે લોકોનો લય કરનાર. ૫ **नारायणः** નર એટલે આત્મા, તેથકી ઉત્પન્ન થયેલાં જે આકાશાદિક તે **नार** એવા નામથી કહેવાય છે. તે આકાશાદિકને કારણરૂપે કરીને જે વ્યાપ્ત કરે છે અને તે આકાશાદિક **अयन** એટલે જેનું સ્થાન છે તે નારાયણ કહેવાય છે. ત્યાં પ્રમાણ. ॥ **यच्च किञ्चित् जगत्सर्वं दृश्यते श्रूयतेऽपि वा ॥ अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ॥** જે આ કાંઇ સર્વ જગત્ દેખાય છે અને સંભળાય છે, તે સઘળાને અંદર અને બહારથી વ્યાપ્ત થઇને નારાયણ રહેલા છે. ॥ **नराज्जातानि तत्वानि नाराणीति ततोविदुः ॥ तान्येव चायनं तस्य तेन नारायणः स्मृतः ॥** નરથકી ઉત્પન્ન થયેલાં જે તત્ત્વ, તેને નાર એવા શબ્દથી કહે છે, તે નાર પ્રત્ય જેનું **अयन** એટલે ગમન છે તે નારાયણ કહેવાય છે; આ પ્રમાણે મહાભારતમાં છે. બ્રહ્મવૈવર્ત્ત પુરાણમાં પણ આ પ્રમાણે છે કે ॥ **नारायणाम्यनं यस्मात्तेन नारायणः स्मृतः** ॥ નાર જે આકાશાદિક તેનું અયન છે માટે નારાયણ કહેવાય છે. મનુસ્મૃતિમાં પણ લખ્યું છે કે. ॥ **आपो नाराइति प्रोक्ता आपोवै नरसूनवः ॥ ता यदस्यायनं पूर्वं तस्मान्नारायणः स्मृतः** ॥ જલને **नार** એવા શબ્દથી કહેવામાં આવે છે કારણ કે જલ નરથી ઉત્પન્ન થયેલ છે, તે જલ જેનું અયન એટલે સ્થાન છે માટે નારાયણ કહેવાય છે. નૃસિંહ પુરાણમાં પણ લખ્યું છે કે ॥ **नारायणाय नम इत्ययमेव सत्यं संसार घोरविषसंहरणाय मन्त्रः श्रण्वन्तु भव्यमतयो यतयोऽनुरागा दुच्चैस्तरामुपदिशाम्यहमूर्ध्वबाहुः नारायणायनमः** આવો જે મંત્ર છે તે સંસારરૂપી ઘોર વિષને હરણ કરવાને માટે છે. માટે હે સુંદર બુદ્ધિવાળા યતિપુરૂષો ! હું તમને ઉંચા હાથ કરીને પ્રીતિથકી ઉપદેશ કરૂં છું. ૬ **नरः** લોકોને સંસાર પમાડે તે નર. ॥ **नयतीति नरः प्रोक्तः परमात्मा सनातनः** ॥ સનાતન પરમાત્મા નરરૂપે કહેવાય છે. ॥ ૨૬ ॥

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः ॥
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः ॥२७॥
वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः ॥
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः ॥२८॥
सुभुजो दुर्धरो वाग्मी महेन्द्रो वसुदो वसुः ॥
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ॥२९॥

૭ **असंख्येयः** જેને વિષે સંખ્યાનો ભેદ વિધમાન નથી તે અસંખ્યેય. ૮ **अप्रमेयात्मा** જેનું સ્વરૂપ માપવામાં આવી શકતું નથી એવા. ૯ **विशिष्टः** સર્વથી વિશેષ હોવાથી વિશિષ્ટ. ૫૦ **शिष्टकृत्** શાસન કરનારા અથવા શિષ્ટોનું પાલન કરનારા. ૧ **शुचिः** માયાથી રહિત. ૨ **सिद्धार्थः** જેને કોઈ અર્થ મેળવવા યોગ્ય નથી એવા. ત્યાં શ્રુતિ ॥ **सत्यकामः** ॥ સત્ય મનોરથવાળા. ૩ **सिद्धसंकल्पः** સત્ય જેનો સંકલ્પ છે એવા. ત્યાં શ્રુતિ. ॥ **सत्यसंकल्पः** ॥ સત્ય સંકલ્પવાળા. ૪ **सिद्धिदः** પોત પોતાના અધિકાર પ્રમાણે કર્ત્તાઓને જે ફલ આપે છે તે સિદ્ધિદ. ૫ **सिद्धिसाधनः** સિદ્ધિને સિદ્ધ કરનારા. ॥ ૨૭ ॥

૬ **वृषाहि** વૃષ એટલે ધર્મ [illegible]વા પુણ્ય અને તે રૂપી જે દ્વાદશાહાદિ દિવસ તેનું નામ વૃષાહ કહેવાય અને તે વૃષાહ જેને છે તેને વૃષાહી. ૭ **वृषभः** ભક્તોના મનોરથ પૂરણ કરનારા. ૮ **विष्णुः** પૃથ્વી વગેરેને માપનાર. ત્યાં શ્રુતિ. ॥ **विष्णु र्विचक्रमणात्** ॥ વામન રૂપે પૃથ્વી વગેરેનું માપ કર્યું તેથી વિષ્ણુ. ૯ **वृषपर्वा.** પરમ ધામમાં આરોહણ કરવાને ધર્મરૂપી જેને પગથીઆં છે તે વૃષપર્વા. ૬૦ **वृषोदरः** ધર્મ જેનું સ્વરૂપ છે એવા. ૧ **वर्धन** લોકોને વૃદ્ધિપમાડનારા. ૨ **वर्धमान** પ્રપંચરૂપે કરીને વૃદ્ધિ પામનાર. ૩ **विविक्तः** એવી રીતે વૃદ્ધિ પામતાં છતાં પણ પોતે જૂદા રહે છે માટે વિવિક્ત. ૪ **श्रुतिसागरः** શ્રુતિયોના સમુદ્રરૂપ અથવા શ્રુતિયોજેની અંદર રહે છે એવા. ॥ ૨૮ ॥

૫ **सुभुजः** જગતની રક્ષાકરનારા સુંદર જેના હાથ છે તે સુભુજ ૬ **दुर्धरः** સર્વ પ્રાણિયોને ધારણકરનાર એવાં પૃથિવી આદિ તત્ત્વ કે જેને કોઇ ધારણકરી શકતું નથી તે પૃથ્વી વગેરેને પણ ધારણ કરનાર હોવાથી બીજો કોઇ જેને ધારણ કરી શકે એમ નથી માટે દુર્ધર કહેવાય છે અથવા મુમુક્ષુ પુરૂષો ધ્યાન વખતે હૃદયમાં દુઃખે કરીને જેને ધારણ કરી શકે છે તે દુર્ધર. ૭ **वाग्मी** બ્રહ્મમય વાણી જેનાથી નિકળી છે તે વાગ્મી ૮ **महेन्द्र** મહોટા એવા જે ઇન્દ્ર તે મહેન્દ્ર અર્થાત્ ઇશ્વરોના પણ ઇશ્વર. ૯. **वसुदः** ધન આપનાર. ત્યાં શ્રુતિ ॥ **अन्नदो वसुदानः** ॥ અન્ન અને ધન આપનાર. ૭૦ **वसुः** જે ધન આપવામાં આવે છે તે ધન પણ ઇશ્વર છે માટે વસુ કહેવાય છે. ત્યાં શ્રુતિ. ॥ **वसुरन्तारिक्षसत्** ॥ ૧ **नैकरूपः** ॥ એકરૂપ જેને નથી તે નૈકરૂપ. ત્યાં શ્રુતિ. ॥ **इन्द्रोमायाभिः पुरुरूप ईयते** ॥ ઇન્દ્ર એવું ઇશ્વરનું નામ છે. ઇશ્વર માયા-

ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ॥
ऋद्धः स्पष्टाक्षरो मन्त्रश्चन्द्रांशुर्भास्करद्युतिः ॥३०॥

अमृतांशूद्भवो भानुः शशबिन्दुः सुरेश्वरः ॥
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः ॥ ३१ ॥

વડે ઘણા રૂપવાળા દેખાય છે. ૨ **बृहद्रूपः** વરાહાદિક જેનું મહોટું રૂપ છે તે બૃહદ્રૂપ. ૩ **शिपिविष्टः** શિપિ એટલે પશુ, તેની અંદર યજ્ઞરૂપે કરીને જે રહે છે તે શિપિવિષ્ટ. ત્યાં શ્રુતિ. ॥ **यज्ञो वै विष्णुः पशवः शिपिर्यज्ञएव पशुषु प्रतिष्ठति** ॥ યજ્ઞ એટલે વિષ્ણુ, પશુ એટલે શિપિ, યજ્ઞજ પશુઓની અંદર રહે છે અથવા શિપિ એટલે કિરણો, તેની અંદર રહેલા તે શિપિવિષ્ટ. ત્યાં પ્રમાણ ॥ **शैत्याच्छयन योगाच्च शीति वारि प्रचक्षते ॥ तत्पात्युक्षणाच्चैव शिपयोरश्मयो मताः ॥ तेषु प्रवेशा द्विश्वेशः शिपिविष्टइहोच्यते** ॥ શીતપણું અને શયનના યોગથી " શિ " એવું જલ કહેવાય છે. તે પાત્રીઓ શુદ્ધ કરવાથી શિપિ એટલે કિરણો કહેવાય છે. તે કિરણોમાં પ્રવેશ કરવાથી વિષ્ણુ શિપિવિષ્ટ કહેવાય છે. ૪ **प्रकाशनः** સર્વને પ્રકાશમાન કરવાનું શીલ હોવાથી પ્રકાશન કહેવાય છે. । ૨૯ ॥

૫ **ओजस्तेजोद्युतिधरः** ઓજ એટલે પ્રાણનું બલ, તેજ એટલે શૌર્ય વગેરે ગુણો, દ્યુતિ એટલે શોભા, તેઓને ધારણકરે છે તે ઓજસ્તેજો દ્યુતિધર એમ કહેવાય છે. ૬ **प्रकाशात्मा** પ્રકાશરૂપ ૭ **प्रतापनः** સૂર્ય વગેરે વિભૂતિયોવડે જગતને પ્રતાપ પમાડનારા. ૮ **ऋद्धः** ધર્મજ્ઞાન અને વૈરાગ્યાદિકથી યુક્ત. ૯ **स्पष्टाक्षरः** ૐકારરૂપી જેનું લક્ષણ છે એવા. ૮૦ **मन्त्रः** ઋગ્વેદ યજુર્વેદ અને સામવેદરૂપ હોવાથી મંત્ર અથવા મંત્રોથી જાણીશકાય છે માટે મંત્ર ૧ **चन्द्रांशुः** ત્રણુતાપથી સંતાપ પામેલા મનુષ્યોને ચંદ્રના કિરણોની પેઠે આનન્દ આપે છે. માટે ચન્દ્રાંશું. ૨ **भास्करद्युतिः** સૂર્યના જેવી જેની કાન્તિ છે એવા. ॥ ૩૦ ॥

૩ **अमृतांशुद्भवः** અમૃત મથન કરવા વખતે ચન્દ્ર જેનાથી ઉત્પન્ન થયેલો છે એવા. ૪ **भानूः** શોભાવાળા. ૫ **शशबिन्दुः** ચન્દ્રમારૂપ. ત્યાં ગીતાનું પ્રમાણ ॥ **पुष्णामि चौषधी सर्वाः सोमोभुत्वा रसात्मकः** ॥ રસરૂપ ચન્દ્રમા થઈ હું સર્વ ઔષધિઓનું પોષણ કરૂં છું. ૬ **सुरेश्वरः** દેવોના ઇશ્વર. ૭ **औषधं** સંસારરૂપી રોગને મટાડે છે માટે ઔષધરૂપ. ૮ **जगतः सेतुः** જગતનો ઉદ્ધાર કરે છે માટે અને વર્ણાશ્રમની મર્યાદાનુભેદન થવા દેતા નથી માટે જગતની મર્યાદારૂપ. ત્યાં શ્રુતિ. ॥ **स एवसेतुर्विधरणएषां लोकाना म संभेदाय** ॥ વર્ણાશ્રમની મર્યાદાનો ભેદ થવા દેતા નથી માટે જગતની મર્યાદારૂપ છે. ૯ **सत्यधर्मपराक्रमः** ધર્મજ્ઞાન વગેરે ગુણો અને પરાક્રમ જેનું સત્ય છે એવા. ॥ ૩૧ ॥

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ॥
कामहा कामकृत्कान्तः कामः कामप्रदः प्रभुः ॥३२॥
युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ॥
अदृश्योऽव्यक्तरूपश्च सहस्रजिदनंतजित् ॥३३॥
इष्टो विशिष्टः शिष्टेष्टः शिखण्डी नहुषो वृषः ॥
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥३४॥

૯૦ **भूतभव्यभवन्नाथः** થયેલાં, થાય છે, અને થશે એવા જે પ્રાણિયોના સમૂહ તેના અધિપતિ અથવા પ્રાણિયોનો સમૂહ જેની યાચના કરે છે એવા અથવા પ્રાણિયોના સમૂહને જે ઉતપાત પમાડે છે અથવા પ્રાણિયોના સમૂહના જે ઇશ્વર છે તે ભૂતભવ્યભવન્નાથ એવા નામથી કહેવાય છે. ૧ **पवनः** શુદ્ધ કરે છે તે પવન. ત્યાં ગીતાનું પ્રમાણ. ॥ **पवनः पवतामस्मि** ॥ શુદ્ધ કરનારમાં પવન હું છું. ૨ **पावनः** જેની પ્રેરણાથી સર્વ ગતિ કરે છે એવા. ત્યાં શ્રુતિ ॥ **भीषास्माद्वातः पवते** ॥ જે ઇશ્વરના ભયથી પવન ગતિ કરે છે. ૩ **अनलः** પ્રાણોને પોતાના સ્વરૂપે કરીને જે ગ્રહણ કરે છે તે અનલ અથવા જેને કોઈ જાતનો ગન્ધ નથી એવા. ત્યાં શ્રુતિ. ॥ **अगन्धमरसं** ॥ જેને ગન્ધ નથી અને રસ નથી એવું બ્રહ્મરૂપ છે. અથવા જેની સમાપ્તિ નથી તે અનલ. ૪ **कामहा** ભક્ત જનોની અથવા મુમુક્ષુઓની કામવાસનાનો નાશ કરનારા. ૫ **कामकृत्** કામને ઉત્પન્ન કરનારા અથવા કામ એટલે પ્રદ્યુમ્ન તેના પિતા હોવાથી કામકૃત્. ૬ **कान्तः** ઘણા સ્વરૂપવાન્. ૭ **कामः** પુરૂષાર્થની ઇચ્છાવાળાઓ જેની કામના કરે છે તે કામ. ૮ **कामप्रदः** ભક્તોના સારી રીતે મનોરથ પૂર્ણ કરનાર. ૯ **प्रभुः** ઉત્કૃષ્ટ રીતે સત્તાવાન્ હોવાથી પ્રભુ એવું નામછે. ॥ ૩૨ ॥

૩૦૦ **युगादिकृत्.** કાલના જુદા જુદા ભેદના કરનાર હોવાથી યુગાદિકૃત અથવા યુગના આરંભ કરનાર. એ પ્રમાણે ૩૦૦ ત્રણસો નામોનું વ્યાખ્યાન સંપૂર્ણ થયું. ૧ **युगावर्त्तः** સત્યયુગ વગેરેની વારંવાર આવૃત્તિ કરે છે તે યુગાવર્ત્ત. ૨ **नैकमायः** એક માયા જેને વિદ્યમાન નથી તે નૈકમાય. ૩ **महाशनः** મ્હોટું જેનું ભોજન છે તે મહાશન. ૪. **अदृश्यः** બુદ્ધિ ઇન્દ્રિયો વગેરે સર્વને અગમ્ય. ૫ **अव्यक्तरूपः** સ્થૂલરૂપે કરીને જેનું સ્પષ્ટરૂપ ઓળખાતું નથી એવા. ૬ **सहस्रजित्** યુદ્ધમાં હજારો અસુરોને જિતનાર. ૭ **अनन्तजित्** સર્વ જગતને ક્રિડાએ કરીને જિતનાર ॥ ૩૩ ॥

૮ **इष्टः** પરમાનન્દરૂપ હોવાથી પ્રિય અથવા યજ્ઞે કરીને પૂજિત થયેલા. ૯ **विशिष्टः** સર્વમાં અન્તર્યામી પણાએ કરીને વિશિષ્ટ ૧૦ **शिष्टेष्टः** વિદ્વાન્ પુરૂષોને પ્રિય અથવા વિદ્વાન્ પુરૂષો જેને પ્રિય છે એવા. ત્યાં ગીતાનું પ્રમાણ ॥ **प्रियोहि ज्ञानिनोऽत्यर्थमहं सच मम प्रियः** ॥ હું જ્ઞાનીને અત્યન્ત પ્રિય છું અને જ્ઞાની મને અત્યન્ત પ્રિય છે અથવા શિષ્ટ લોકોએ જેની ઇચ્છા કરેલી છે એવા. ૧ **शिखण्डी** ગોપાલના વેષમાં મસ્તક ઉપર જેણે મોરમુકુટ ધારણ કરેલો છે એવા. ૨ **नहुषः** માયાએ કરીને પ્રાણિયોનું બંધન

अच्युतः प्रथितःप्राणः प्राणदो वासवानुजः ॥
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥३५॥

स्कन्दः स्कन्दधरो धुर्यो वरदो वायुवाहनः ॥
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरन्दरः ॥३६॥

કરનાર. ૩ **वृषः** સર્વે કામનાઓ પરિપૂર્ણ કરનાર ધર્મરૂપ. મહાભારતમાં શ્લોક છે કે ॥ **वृषोहि भगवान् धर्मः स्मृतो लोकेषु भारत ॥ नैघण्टुकपदा ख्यातंविद्धि मां वृष इत्युत ॥** હે ભારત ! લોકોની અંદર વૃષ એવું ભગવાન્ ધર્મનું નામ છે. કોશ અને ક્રિયાપદથી વૃષ એવું મારૂં નામ છે એમ તું જાણ. ૪ **क्रोधहा** સાધુ પુરૂષોના ક્રોધને હણનારા. ૫ **क्रोधकृत्** અસાધુ પુરૂષો ઉપર ક્રોધ કરનાર ૬ **कर्त्ता** જગતના કરનાર. ત્યાં શ્રુતિ **एषां पुरुषाणां सकर्त्ता यस्य वै तत्कर्म सवै वेदितव्यः ॥** આ પુરૂષોમાં તે પરમાત્મા કર્ત્તા છે, અને જગત્ જેનું કર્મ છે તે પરમાત્મા અવશ્ય જાણવા યોગ્ય છે અથવા ક્રોધ કરનાર જે દૈત્યાદિક તેઓનું છેદન કરનાર એવું એક નામ સમજવું. ૭ **विश्वबाहुः** સર્વે જગતના આલંબનરૂપે કરીને સર્વ જેના હાથ છે એવા અથવા ચારે તરફ જેના હાથ છે તે વિશ્વબાહુ ॥ **विश्वतोबाहुः** ॥ ચારે તરફ હાથવાળા આવી શ્રુતિ છે. ૮ **महिधरः** પૂજા અથવા પૃથ્વીને ધારણ કરનારા. ॥ ૩૪ ॥

૯ **अच्युतः** ૭ પ્રકારના વિકારોથી રહિત હોવાને લીધે અચ્યુત. ત્યાં શ્રુતિ. ॥ **शाश्वतं शिवमच्युतं ॥** શાશ્વત શિવ અને અચ્યુતરૂપ. ૨૦ **प्रथितः** જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયથી જે પ્રસિદ્ધ છે તે પ્રથિત. ૧ **प्राणः** સૂત્રાત્મા સ્વરૂપ ધારણ કરીને પ્રજાઓને જે જીવાડે છે તે પ્રાણ. ત્યાં શ્રુતિ ॥ **प्राणोवा अहमस्मि ॥** પ્રાણ હું છું. ૨ **प्राणदः** સુર તથા અસુરોને બલ આપનાર અથવા તેઓના બલનું ખંડન કરનાર. તેથી પ્રાણદઃ કહેવાય છે. ૩ **वासवानुजः** કશ્યપ ઋષિથકી અદિતિને વિષે ઇન્દ્ર ઉત્પન્ન થયેલ છે, તે ઇન્દ્રના નાના ભાઇ હોવાથી વાસવાનુજ. ૪ **अपांनिधिः** જેમાં પાણી રહેલું છે એવા. અર્થાત્ સાગરરૂપ ત્યાં ગીતાનું પ્રમાણ. ॥ **सरसामस्मि सागरः** ॥ સરોવરમાં સાગર મારૂં સ્વરૂપ છે. ૫ **अधिष्ठानं** પરમાત્મા ઉપાદાન કારણરૂપે સર્વ પ્રાણીઓને રાખે છે માટે અધિષ્ઠાન. ત્યાં ભગવાન્‌નું વચન ॥ **मत्स्थानि सर्वभूतानि** ॥ મારે વિષે સર્વ ભૂતો રહેલાં છે. ૬ **अप्रमत्तः** અધિકારિયોને પોત પોતાના કર્મ પ્રમાણે ફલ આપનાર. ૭ **प्रतिष्ठितः** પોતાના મહિમામાં રહેલા. ત્યાં શ્રુતિ. ॥ **स भगवः कस्मिन् प्रतिष्ठितः इति स्वे माहिम्नि ॥** હે ભગવાન્ ! તે પરમાત્મા શેની અંદર રહેલા છે ? ત્યાં ઉત્તર એવો કે તે પરમાત્મા પોતાના મહિમાની અંદર રહેલા છે. ॥ ૩૫ ॥

૮ **स्कन्दः** અમૃતરૂપે કરીને ગતિ કરનાર અને વાયુરૂપે કરીને શોષણ કરનાર તે સ્કન્દ. ૯ **स्कन्दधरः** સ્કન્દ એટલે ધર્મનો માર્ગ, તેને ધારણ કરનાર. ૩૦ **धुर्यः** સમપ્રાણિયોના જન્માદિકને વહન કરનારા. ૧ **वरदः** ભક્ત જનોને જોઇએ તેવા મનોરથ આપનારા અથવા યજમાનરૂપે થઈ શ્રેષ્ટ દક્ષિણા આપનારા તે વરદ. ૨ **वायुवाहनः**

अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ॥
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥३७॥
पद्मनाभोऽरविन्दाक्षः पद्मगर्भः शरीरभृत् ॥

વાયુને વહન કરાવનારા. ૩ **वासुदेवः** વસતિ એટલે રહે છે અથવા **वासयति** એટલે આચ્છાદન કરે છે તે વાસુ કહેવાય છે. **दीव्यति** એટલે ક્રીડા કરે છે અથવા જિતવા ઇચ્છે છે અથવા વ્યવહાર કરે છે અથવા પ્રકાશે છે અથવા સ્તુતિ કરાય છે અથવા ગમન કરે છે તે દેવ એવા શબ્દથી કહેવાય છે. **वासुश्चासौ देवश्च वासुदेवः** વાસુ છતાં દેવરૂપ. મહા ભારતના ઉદ્યોગ પર્વમાં લખ્યું છે કે ॥ **छादयामि जगद्विश्वं भूत्वा सूर्य इवांशुभिः ॥ सर्व भूताधिवासश्च वासुदेवस्ततः स्मृतः ॥ वसनात्सर्वभूतानां वसुत्वाद्देवयोनितः वासुदेवस्ततो ज्ञेयः ॥** સૂર્ય જેમ પોતાના કિરણોથી જગતને ઢાંકે છે તે પ્રમાણે હું જગતનું આચ્છાદન કરૂં છું અને હું સર્વ ભૂતનું નિવાસનું સ્થાન છું માટે હું વાસુદેવ કહેવાઉં છું સર્વ ભૂત મારી અંદર રહે છે અને દેવયોનિથી વસુરૂપે છું માટે હું વાસુદેવ કહેવાઉં છું વિષ્ણુ પુરાણમાં પણ આ પ્રમાણે છે કે ॥ **सर्वत्रासौ समग्रं च वसत्यत्रेति वै यतः॥ ततः स वासुदेवेति विद्वद्भिः परिपठ्यते ॥ सर्वाणि तत्र भूतानि वसन्ति परमात्मनि ॥ भूतेषु च स सर्वात्मा वासुदेवस्ततः स्मृतः ॥** સર્વ પ્રત્યે અને સર્વમાં વસે છે તેથી વિદ્વાનો તે ઇશ્વરને વાસુદેવ એવા નામથી કહે છે. સર્વ ભૂત પ્રાણીમાત્ર તે પરમાત્માની અંદર રહેલ છે અને પ્રાણીઓની અંદર પરમાત્મા રહેલા છે માટે વાસુદેવ કહેવાય છે. ૩ **बृहद्भानुः** મહોટા કિરણોવાળા. ॥ **बृहन्तो भानवो यस्य चन्द्रसूर्यादिगामिनः ॥ विश्वं जगद्भासयति सबृहद्भानुरुच्यते ॥** ચન્દ્ર સૂર્ય પ્રત્યે ગતિ કરનારાં જેનાં મહોટાં કિરણો છે અને જે સમગ્ર જગતનો પ્રકાશ કરે છે તે બૃહદ્ભાનુ કહેવાય છે. ૪ **आदिदेवः** પ્રકાશમાન વગેરે ગુણો હોવાથી દેવરૂપ અને આદિ એટલે કારણરૂપ એવા જે દેવ તે આદિદેવ કહેવાય છે. ૫ **पुरन्दरः** અસુરોનાં નગરોને નાશ કરે છે માટે પુરન્દર. ॥ ૩૬ ॥

૬ **अशोकः** શોક વગેરે છ ઉર્મિથી જે વર્જિત તે અશોક. ૭ **तारणः** સંસાર સાગરથી જે તારે છે તે તારણ. ૮ **तारः** ગર્ભ, જન્મ, જરા અને મૃત્યુરૂપી ભયથી જે તારે છે તે તાર. ૯ **शूरः** મહાપરાક્રમી હોવાથી શૂર. ૪૦ **शौरिः** શૂર નામના યાદવના કુલમાં ઉત્પન્ન થયેલ છે માટે શૌરિ. ૧ **जनेश्वरः** સમગ્રપ્રાણીના ઇશ્વર. ૨ **अनुकूलः** આત્મરૂપે કરીને સર્વને અનુકૂલ. ૩ **शतावर्त्तः** ધર્મરક્ષણ કરવાને માટે અનન્ત જેના અવતાર છે તે શતાવર્ત્ત અથવા શત નાડીયોમાં પ્રાણરૂપે કરીને જે રહે છે તે. ૪ **पद्मी** કમલ જેના હસ્તકમાં છે એવા. ૫ **पद्मनिभेक्षणः** કમલ સરખાં જેનાં નેત્ર છે એવા. ॥ ૩૭ ॥

૬ **पद्मनाभः** કમલની નાભિ જે કર્ણિકા તેની અંદર રહેલા. ૭ **अरविन्दाक्षः** કમલ સરખાં નેત્રવાળા. ૮ **पद्मगर्भः** હૃદયરૂપી કમલના મધ્યભાગમાં ઉપાસના કરવા યોગ્ય હોવાથી પદ્મગર્ભ. ૯ **शरीरभृत्** પ્રાણરૂપે કરીને પ્રાણિયોનાં શરીરને ધારણ કરનારા અ-

महर्द्धि ऋद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥३८॥

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ॥

सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिंजयः ॥३९॥

विक्षरो रोहितो मार्गो हेतुर्दामोदरः सहः ॥

महीधरो महाभागो वेगवानमिताशनः ॥४०॥

થવા માયાયે કરીને પોતે શરીરનું ધારણ કરનારા. ૫૦ **महर्द्धिः** મ્હોટી જેની સંપત્તિ છે એવા. ૧ **ऋद्धः** પ્રપંચરૂપે કરીને વૃદ્ધિ પામનારા. ૨ **वृद्धात्मा** પુરાતન જેનો આત્મા છે એવા. ૩ **महाक्षः** મ્હોટાં જેનાં નેત્ર છે એવા. ૪ **गरुडध्वजः** ગરૂડના ચિન્હવાળો જેનો ધ્વજ છે તે ગરૂડધ્વજ. ॥ ૩૮ ॥

૫ **अतुलः** જેની ઉપમા કોઇને આપી શકાય નહી તે અતુલ. ત્યાં શ્રુતિ. ॥ **न तस्य प्रतिमास्ति यस्य नाम महद्यशः** ॥ જેનું મ્હોટું યશ છે તે પરમાત્માની તુલ્ય બીજું કોઈ નથી. ૬ **शरभः** શરીરોની અંદર અન્તર્યામી રૂપે કરીને જે શોભે છે તે શરભ. ૭ **भीमः** જેનાથી સર્વ ભય પામે છે તે ભીમ. ૮ **समयज्ञः** સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કાલને જાણનાર અથવા સર્વ ભૂતોમાં સમત્વ રાખનાર. ॥ **समत्वमाराधनमच्युतस्य** ॥ સમપણું એ ભગવાનનું આરાધન છે. એવું પ્રલ્હાદનું વચન છે. ૯ **हविः** યજ્ઞમાં હુતદ્રવ્યનું વહન કરે છે માટે હરિ કહેવાય અથવા સ્મૃતિ માત્રથી પુરૂષોના પાપને હરણ કરે છે માટે હરિ. ॥ **हराम्यघं हि स्मर्तृणां हविर्भागं क्रतुष्वहम्** ॥ સ્મરણ કરનારના પાપને હું હરણ કરૂં છું અને યજ્ઞમાં હુત દ્રવ્યનું હરણ કરૂં છું માટે હરિ કહેવાઉં છું. ૬૦ **सर्वलक्षण लक्षण्यः** સર્વ પ્રમાણોથી જેનું જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સર્વ લક્ષણ લક્ષણ્ય. ૧ **लक्ष्मीवान्** જેના વક્ષઃસ્થલમાં લક્ષ્મી નિવાસ કરે છે તે લક્ષ્મીવાન. ૨ **समितिंजयः** યુદ્ધને જિતનાર. ॥ ૩૯ ॥

૩ **विक्षरः** જેનો નાશ નથી એવા. ૪ **रोहितः** સ્વચ્છન્દપણાથી મત્સ્ય મૂર્ત્તિને ધારણ કરનારા. ૫ **मार्गः** મુમુક્ષુઓ જે પરમાત્માને શોધે છે તે માર્ગ અથવા પરમાનન્દ જેણે કરીને પ્રાપ્ત થાય છે તે માર્ગ. ૫ **हेतुः** ઉપાદાન અને નિમિત્તરૂપ. ૬ **दामोदरः** દમાદિ સાધને કરીને ઉદાર એવીજે બુદ્ધિ અને તે બુદ્ધિએ કરીને જે પમાય તે દામોદર. મહાભારતમાં લખ્યું છે કે ॥ **दमाद्दामोदरं विदुः** ॥ દમ ઉપરથી દામોદર કહેવાય છે. અથવા યશોદાજીએ દોરડાથી ઉદરની અંદર જે બાંધેલા તેથી દામોદર. બ્રહ્મ પુરાણમાં પણ છે કે ॥ **तयोर्मध्यगतं बद्धं दाम्ना गाढं तयोदरे** ॥ **ततश्च दामोदरतां सय यौ दामबन्धनात्** ॥ તે બેની વચમાં યશોદાજીએ ભગવાનના પેટ ઉપર દોરડું બાંધ્યું તે દોરડાના બંધનથી ભગવાન્ દામોદર કહેવાયા. ૭ **सहः** સર્વનો પરાજય કરે છે અને સર્વને ક્ષમા આપે છે તેથી સહ. ૮ **महीधरः** પર્વતના રૂપથી પૃથ્વીનું જે ધારણ કરે છે તે મહીધર. ૯ **महाभागः** અવતારોને વિષે જેનું મ્હોટું ભાગ્ય છે તે મહાભાગ.

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ॥
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः ॥४१॥

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ॥
परर्धिः परमः स्पष्ट स्तुष्टः पुष्टः शुभेक्षणः ॥४२॥

૯૦ **वेगवान्** વેગવાળા. ત્યાં શ્રુતિ. ॥ **अनेजदेकं मनसो जवीयः** ॥ નકંપનાર અને મનથકી પણ વેગવાળું બ્રહ્મ છે. ૧ **अमिताशनः** સંહાર સમયમાં વિશ્વનું ભક્ષણ કરનારા. એ ઉપરથી અમિતાશન કહેવાય છે. ॥ ૪૦ ॥

૨ **उद्भवः** સંસારથી બહાર રહેલા અથવા જગતની ઉત્પત્તિનું ઉપાદન કારણ હોવાથી ઉદ્ભવ. ૩ **क्षोभणः** ઉત્પત્તિના સમયમાં પ્રકૃતિ પુરૂષને જેણે ક્ષોભ પમાડેલો છે એવા. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે ॥ **प्रकृतिं पुरुषं चैव प्रविश्यात्मेच्छया हरिः ॥ क्षोभयामास भगवान् सर्गकाले व्ययाव्ययौ** ॥ વિષ્ણુએ પોતે પોતાની ઇચ્છાથી પ્રકૃતિ પુરૂષમાં પ્રવેશ કરીને સૃષ્ટિ વખતે તેને ક્ષોભ પમાડયાં. ૪ **देवः** જે ક્રીડા કરે છે અથવા સૃષ્ટિ વગેરેથી અસુરોને જે જિતે છે એવા સર્વ ભૂતોમાં આત્મારૂપે જે પ્રકાશે છે અથવા વેદ વડે જે સ્તુતિ કરાય છે તે દેવ એવા શબ્દથી કહેવાય છે. ત્યાં શ્રુતિ ॥ **एकोदेवः सर्व भूतेषु गूढः** ॥ સર્વ ભૂતમાં ગૂઢ રહેલા એવા એક દેવ છે. ૫ **श्री गर्भः** વિભૂતિ જેન ગર્ભની અંદર રહેલી છે એવા. ૬ **परमेश्वरः** પરમ એવા ઇશ્વિર. ત્યાં ગીતાનું વચનછે.॥ **समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम्** ॥ ૭ **करणं** જગતને સિદ્ધ કરનારા. ૮ **कारणं** જગતની ઉત્પત્તિમાં ઉપાદન કારણરૂપ. ૯ **कर्त्ता** સ્વતંત્ર કરનાર. ૮૦ **विकर्त्ता** નાના પ્રકારનાં ભુવન ઉત્પન્ન કરનારા. ૧ **गहनः** જેનું સ્વરૂપ, સામર્થ્ય અને ચેષ્ટા જાણી શકાતી નથી તે ઉપરથી ગહન. ૨ **गुहः** માયાએ કરીને સ્વરૂપ વગેરેને જે ઢાંકે છે તેથી ગુહ કહેવાય છે. ॥૪૧॥

૩ **व्यवसायः** જ્ઞાનમાં સ્વરૂપ હોવાથી વ્યવસાય. ૪ **व्यवस्थानः** જેને વિષે સર્વની સ્થિતિ છે તે વ્યવસ્થાન અથવા જાતિ, વર્ણ, આશ્રમ અને તેના ધર્મોને જુદા જુદા કરીને જે સ્થાપન કરે છે તે વ્યવસ્થાન. ૫ **संस्थानः** જેને વિષે પ્રાણિયોની પ્રલયસ્વરૂપવાળી સ્થિતિ રહેલી છે એવા અથવા ઉત્તમ જેનું સ્થાન છે એવા. ૬ **स्थानदः** ધ્રુવ વગેરેને કર્મ પ્રમાણે જે સ્થાન આપે છે તે સ્થાનદ. ૭ **ध्रुवः** અવિનાશી જ્ઞાન હોવાથી ધ્રુવસ્વરૂપ. ૮ **परर्द्धि** જેની ઉત્કૃષ્ટ વિભૂતિ છે એવા. ૯ **परमस्पष्टः** જ્ઞાનરૂપ હોવાથી બીજાને આધીન જેની સ્થિતિ નથી એવા. ૯૦ **तुष्टः** પરમાનન્દ સ્વરૂપવાળા ૧ **पुष्टः** સર્વ રીતે સંપૂર્ણ. ૨ **शुभेक्षणः** મુમુક્ષુઓને મોક્ષ આપનારૂં અને સર્વ સંદેહ નાશ કરનારૂં તથા અવિદ્યાને મટાડનારૂં એવું જેનું પવિત્ર જોવું છે તે શુભેક્ષણ કહેવાય છે. ॥ ૪૨ ॥

रामो विरामो विरजो मार्गो नेयो नयोऽनयः ॥
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥४३॥
वैकुण्ठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः ॥
हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायुरधोक्षजः ॥४४॥

૩ **रामः** નિત્ય આનન્દરૂપ જે પરમાત્મામાં યોગિયો રમે છે તે રામ. ત્યાં પદ્મપુરાણનું વચન. ॥ **रमन्ते योगिनो यस्मिन् नित्यानन्दे चिदात्मनि ॥ इति राम पदेनैव तत्परं ब्रह्माभिधीयते** ॥ નિત્યાનન્દ અને ચિદાનન્દ એવા જે પરમાત્મામાં યોગી પુરૂષો આનન્દ પામે છે તે રામ એવા શબ્દે કરીને પરબ્રહ્મ કહેવાય છે. અથવા પોતાની ઇચ્છાએ કરીને દશરથ રાજાના પુત્રરૂપ એવા રામચંદ્રજીનો જેણે અવતાર ધારણ કરેલો છે એવા. ૪ **विरामः**-પ્રાણિયોની સમાપ્તિ જેની અન્દર છે તે ઉપરથી વિરામ નામ પડયું છે. ૫. **विरजः** વિષય સેવનમાં જે રજોગુણ રહિત છે તે વિરજ. ૬ **मार्गः** જે માર્ગને જાણીને મુમુક્ષુ પુરૂષો મોક્ષને માટે સમર્થ થાય છે તે માર્ગનું નામ પણ ઇશ્વરજ છે ત્યાં શ્રુતિ. ॥ **नान्यः पन्था विद्यतेऽयनाय** ॥ મોક્ષને માટે ઇશ્વરને જાણવા સિવાય બીજો કોઇ માર્ગ નથી. ૭ **नेयः** જીવ અને પરમાત્માના સારા જ્ઞાનથી નેય. ૮ **नयः** સર્વને નિયમમાં રાખનાર ૯ **अनयः** જેનો કોઇ નેતા નથી એવા. ૪૦૦ **वीरः** પરાક્રમથી શોભનાર. આ પ્રમાણે વિષ્ણુનાં ચારસો નામનું વ્યાખ્યાન સંપૂર્ણ થયું. ૧ **शक्तिमतांश्रेष्ठः** વિરંચિ વગેરે જે શક્તિવાળા પુરૂષો છે તેઓની અંદર શ્રેષ્ઠ. ૨ **धर्मः** સર્વ ભૂતોને ધારણ કરે છે માટે ધર્મ. ત્યાં શ્રુતિ. ॥ **अणुरेषधर्मः** ॥ સૂક્ષ્મ ધર્મરૂપ એવા ઇશ્વર છે. ૩ **धर्मविदुत्तमः** ધર્મ જાણનાર એવા સર્વ પુરૂષોની અન્દર ઉત્તમ કારણ કે શ્રુતિયો અને સ્મૃતિયો પણ જેની આજ્ઞાની અંદર રહેલી છે. ॥ ૪૩ ॥

૪ **वैकुण्ठः** જગતના આરંભમાં જુદાં જુદાં પ્રાણિયોને પરસ્પર એકઠાં કરીને જે બાંધે છે તે વૈકુંઠ. ત્યાં શાન્તિ પર્વનું પ્રમાણ ॥ **मया संश्लेषिता भूमिरद्भिर्व्योम च वायुना ॥ वायुश्च तेजसा सार्द्धं वैकुण्ठत्वं ततोमम** ॥ મેં પ્રાણી સાથે પૃથ્વી જોડી અને આકાશ વાયુ સાથે અને વાયુ તેજ સાથે જોડયો માટે મારૂં નામ વૈકુંઠ કહેવાય છે. ૫ **पुरुषः** શરીરરૂપી સર્વ પુરની અંદર રહેનાર. ૬ **प्राणः** પ્રાણ સ્વરૂપે કરીને જે ચેષ્ટા કરાવે છે તે પ્રાણ. ૭ **प्राणदः** પ્રલય વગેરેમાં પ્રાણિયોના પ્રાણને જે ખંડન કરે છે તે પ્રાણદ. ૮ **प्रणवः** સ્તુતિ કરે છે તે પ્રણવ. ત્યાં શ્રુતિ. ॥ **तस्मात् ॐ इति प्रणौति** ॥ ॐ એ પ્રમાણે સ્તુતિ કરે છે અથવા જેને વેદ પ્રણામ કરે છે તે પ્રણવ. ત્યાં સનત્કુમારનું વચન. ॥ **प्रणमन्ती ह यं वेदाः सोऽस्मात्प्रणव उच्यते** ॥ જેને વેદ પ્રણામ કરે છે માટે તે પ્રણવ કહેવાય છે. ૯ **पृथुः** આ પ્રપંચરૂપે કરીને વિસ્તાર પામેલા હોવાથી પૃથુ. ૧૦ **हिरण्य गर्भः** આ સુવર્ણરૂપી અંડ જેના ગર્ભમાં રહેલું છે તે હિરણ્યગર્ભ. ૧ **शत्रुघ्नः** દેવોના શત્રુઓને હણનાર. ૨ **व्याप्तः** કારણરૂપે કરીને સર્વ કાર્યમાં વ્યાપેલ છે માટે વ્યાપ્ત. ૩ **वायुः** ગન્ધ કરે છે માટે વાયુ. ત્યાં ગીતાનું વચન. ॥ **पुण्योगन्धः पृथिव्यां च** ॥

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ॥
उग्रः संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः ॥४५॥
विस्तारः स्थावरः स्थाणुः प्रमाणं बीजमव्ययम्
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः ॥४६॥

પૃથ્વીમાં પવિત્ર ગંધરૂપ હું છું. ૪ **अधोक्षजः** નીચે જેનો ક્ષય નથી તે અધોક્ષજ. ઉદ્યોગપર્વમાં લખ્યું છે કે **अधो न क्षीयते जातु यस्मा त्तस्मादधोक्षजः** ॥ નીચે ક્ષય ન હોવાથી અધોક્ષજ કહેવાય છે. ॥ ૪૪ ॥

૫ **ऋतुः** કાલસ્વરૂપે કરીને ઋતુ શબ્દવડે જે જણાય છે તે ઋતુ. ૬ **सुदर्शनः** મોક્ષરૂપી ફલવાળું સુન્દર જેનું જ્ઞાન છે તે સુદર્શન અથવા કમલ સરખાં સુન્દર જેનાં નેત્ર છે એવા અથવા સુન્દર દેહને ધારણ કરનારા અથવા ભક્તિવડે સુખે કરીને જે જોઇ શકાય એવા. ૭ **कालः** સર્વને પ્રવર્તાવનાર. ત્યાં ગીતાનું વચન. ॥ **कालः कलयतामहम्** ॥ ગતિ કરાવનારની અન્દર કાલ મારૂં સ્વરૂપ છે. ૮ **परमेष्ठी.** પરમ ઉત્કૃષ્ટ એવા પોતાના મહિમારૂપ હૃદયાકાશમાં રહેવાનું જેનું આચરણ છે તે પરમેઠી. ત્યાં શ્રુતિ ॥ **परमेष्ठी विभ्राजते** ॥ પરમેઠી શોભે છે. ૯ **परिग्रहः** પત્ર પુષ્પ વગેરે ભકતોએ જે અર્પણ કરેલું તેને જે ગ્રહણ કરેછે તે પરિગ્રહ કહેવાયછે અથવા શરણાર્થી જેનું ગ્રહણ કરે છે એવા. ૨૦ **उग्रः** સૂર્યાદિકોને પણ ભયનું કારણ હોવાથી ઉગ્ર. ત્યાં શ્રુતિ. ॥ **भीष्मोदेति सूर्यः** ॥ જેના ભયથી સૂર્ય ઉદય પામે છે ૧ **संवत्सरः** સર્વ પ્રાણી જેની અંદર સારી રીતે રહે છે તે સંવત્સર. ૨ **दक्षः** જગતરૂપે કરીને વધે છે અથવા સર્વ કર્મ ઉતાવળથી કરે છે માટે દક્ષ. ૩ **विश्रामः** સંસાર સાગરમાં ભુખ તથા તરશ વગેરે ૭ ઉર્મીથી થયેલા અવિદ્યા વગેરે મહાકલેશોવડે અને મદ વગેરે ઉપકલેશોવડે જેઓ વશ થએલા છે મોક્ષની ઇચ્છા રાખનારા છે તેઓને મોક્ષ આપનાર હોવાથી વિશ્રામ કહેવાય છે.૪ **विश्वदक्षिणः** સર્વ જગત્ કરતાં શક્તિમાન્ અથવા સર્વ કર્મોમાં બુદ્ધિમત્તા હોવાથી વિશ્વદક્ષિણ. ॥૪૫॥

૫ **विस्तारः** સમગ્ર જગત્ જેની અંદર વિસ્તાર પામે છે તે વિસ્તાર. ૬ **स्थावरः स्थाणुः** સ્થિતિમાન્ હોવાથી સ્થાવર. સ્થિતિવાળાં પૃથિવી વગેરે જેની અંદર રહે છે તે સ્થાણુ. સ્થાવર છતાં જે સ્થાણુ કહેવાય છે તે સ્થાવર સ્થાણુ. સ્થાવર સ્થાણુ એ બે શબ્દ મળીને એક નામ સમજવું. ૭ **प्रमाणं** જ્ઞાનરૂપે કરીને પ્રમાણ અથવા પ્રત્યક્ષાદિ પ્રમાણરૂપ. ૮ **बीजं** કારણરૂપ. ૯ **अव्ययम्** સુખરૂપ હોવાથી અવ્યય. ૩૦ **अर्थः** સર્વ લોક જેની યાચના કરે છે તે અર્થ. ૧ **अनर्थः** આપ્ત કામ હોવાથી જેને કોઈ પણ પ્રકારનું પ્રયોજન વિદ્યમાન નથી તે અનર્થ. ૨ **महाकोशः** જેના અન્નમય પ્રાણમય વગેરે કોશો છાદન કરનારા છે તે મહાકોશ. ૩ **महाभोगः** સુખરૂપ મ્હોટો જેનો વિલાસ છે તે મહાભોગ. ૪ **महाधनः** ભોગના સાધનરૂપી મ્હોટું જેને ધન છે તે માહાધન. ॥ ૪૬ ॥

अनिर्विण्णः स्थविष्ठो भूर्धर्मयूपो महामखः ॥४७॥
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥४७॥

यज्ञ इज्योमहेज्यश्च क्रतुः सत्रं सतांगतिः ॥
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमंम् ॥४८॥

૫ **अनिर्विण्णः** જેના સર્વ મનોરથ પૂર્ણ હોવાથી જેને કોઈ પ્રકારની ગ્લાનિ નથી તે અનિર્વીણ્ણ. ૬ **स्थविष्ठः** વૈરાજરૂપે રહેલા હોવાથી સ્થવિષ્ઠ. ત્યાં શ્રુતિ. ॥ **अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ** ॥ અગ્નિ એ ઈશ્વરનું મસ્તક છે અને સૂર્ય ચન્દ્ર એ બે નેત્ર છે. ૭ **भूः** અજન્મા અથવા સત્તાવાન્ હોવાથી ઈશ્વર ભૂ એવા નામથી કહેવાય છે અથવા પૃથ્વીરૂપ. ૮ **धर्मयूपः** યજ્ઞના સ્તંભમાં પશુની પેઠે, સમારાધનરૂપ ધર્મો જેની અંદર બંધાય છે તે ધર્મયૂપ. ૯ **महामखः** જે ઈશ્વરને વિષે અર્પણ કરેલા યજ્ઞો મોક્ષ આપનાર થઈ મ્હોટા સ્વરૂપે થાય છે તે મહામખ. ૪૦ **नक्षत्रनेमिः** જ્યોતિષચક્રમાં વિષ્ણુના હૃદયરૂપ. ॥ **नक्षत्र तारकैः सार्द्धं चन्द्रसूर्यादयो ग्रहाः ॥ वायुपाशमयैर्बंधै निंबद्धा ध्रुवसंज्ञिते** ॥ ધ્રુવની અંદર વાયુના પાશથી બંધાયેલ ચન્દ્ર સૂર્યાદિ ગ્રહો નક્ષત્ર તારકાઓની સાથે ભ્રમણ કરે છે. સ્વાધ્યાય બ્રાહ્મણમાં શિશુમાર ચક્રના વર્ણનમાં **विष्णुहृदयम्** એવા નામથી કહેલ છે. ૧ **नक्षत्री.** ચન્દ્રરૂપે કરીને નક્ષત્રવાળા. **नक्षत्राणामहं शशी** નક્ષત્રોમાં હું ચન્દ્રરૂપ છું, એવું ભગવાનનું વચન છે. ૨ **क्षमः** સર્વ કાર્યમાં સમર્થ અથવા સહન કરનાર. ત્યાં વાલ્મીક ઋષિનું વચન. ॥ **क्षमया पृथिवी समः** ॥ ક્ષમાએ કરીને પૃથ્વી તુલ્ય ઈશ્વર છે. ૩ **क्षामः** સર્વ ભૂતમાં પોતાના સ્વરૂપે કરીને રહેલા. ૪ **समीहनः** સૃષ્ટિ વગેરેને માટે સારી રીતે ચેષ્ટાવાળા. ॥ ૪૭ ॥

૫ **यज्ञः** સર્વ યજ્ઞના સ્વરૂપ રૂપે છે માટે યજ્ઞરૂપ. ત્યાં શ્રુતિ. ॥ **यज्ञो वै विष्णुः** ॥ યજ્ઞ વિષ્ણુરૂપે છે. ૬ **इज्यः** યજન કરવા યોગ્ય પણ વિષ્ણુજ છે માટે ઈજ્ય. હરિવંશમાં કહ્યું છે કે ॥ **ये यजन्ति मखैः देवतादीन् पितृनपि ॥ आत्मानमात्मना नित्यं विष्णुमेव यजन्ति ते** ॥ જે પુરૂષો પિતૃ અને દેવ વગેરેને પવિત્ર યજ્ઞોવડે યજન કરે છે તે પુરૂષો આત્માવડે આત્મરૂપ વિષ્ણુનેજ નિરન્તર યજન કરે છે. ૭ **महेज्यः** વિષ્ણુ મોક્ષરૂપી ફલને આપે છે માટે સર્વ દેવતાઓમાં ઉત્કૃષ્ટપણાથી તેનીજ પૂજા કરવી યોગ્ય છે તેથી તે મહેજ્ય કહેવાય છે. ૮ **क्रतुः** યૂપ સહિત જે યજ્ઞ તેનું નામ ક્રતુ કહેવાય છે તે ક્રતુરૂપ. ૯ **सत्रं** સત્ થકી જે રક્ષણ કરે તે સત્ર. ૫૦ **सतांगतिः** મુમુક્ષુ પુરૂષોની ગતિરૂપ. ૧ **सर्वदर्शी.** સ્વાભાવિક જ્ઞાને કરીને પ્રાણિયોનું સર્વ કૃત્ય જોનારા. ૨ **विमुक्तात्मा.** સ્વભાવે કરીને વિમુક્ત એવા આત્મા. ૩ **सर्वज्ञः** સર્વ જાણનાર. ત્યાં શ્રુતિ ॥ **इदं सर्वं यदयमात्मा** ॥ જે આ આત્મા છે તે આ સર્વરૂપે છે. ૪ **ज्ञानमुत्तमम्.** વિશેષણ સહિત બે શબ્દ મળીને આ એકજ નામ છે. ઉત્તમ જ્ઞાનરૂપ. ત્યાં શ્રુતિ. ॥ **ब्रह्मासीतज्ज्ञानम्** ॥ જ્ઞાનરૂપ તે બ્રહ્મ હતું. ॥૪૮॥

सुव्रतः सुमुख सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ॥
मनोहरो जितक्रोधो वीरबाहुविदारणः ॥४९॥
स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ॥
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥५०॥

૫ **सुव्रतः** સારૂં જેનું વ્રત છે તે સુવ્રત. રામાયણમાં રામચન્દ્રનું વચન છે કે ॥ **सकृदेव प्रपन्नाय तवास्मीति तु याचते ॥ अभयं सर्वथा तस्मै ददाम्ये तद्व्रतं मम ॥** એકજ વખત મારે શરણે આવેલો અને હું તમારો છું એમ.મારી પાસે યાચના. કરનારો જે પુરૂષ તેને હું સર્વ પ્રકારે અભયદાન આપું છું, એ મારૂં વ્રત છે. ૬ **सुमुखः** સુન્દર મુખાળા. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે ॥ **प्रसन्नवदनं चारु पद्मपत्रायतेक्षणम् ॥** સુન્દર કમલના પત્ર સરખાં નેત્રવાળા અને પ્રસન્ન મુખવાળા અથવા વનવાસ જવાને માટે પણ સુન્દર જેનું મુખ છે તે સુમુખ એટલે દશરથ રાજાના પુત્ર શ્રીરામચન્દ્રનુ સમજવા. ॥ **स पितुर्वचनं रामोऽनभिषेकपरं प्रियम् ॥ मनसा पूर्वमासाद्य वाचाप्रतिगृहीतवान् ॥ इमानि तु महारण्ये विहृत्य नव पञ्चधा ॥ वर्षाणि परमप्रीतः स्थास्यामि वचने तव ॥ न वनं गन्तुकामस्य त्यजतश्च वसुन्धराम् ॥ सर्वलोकातिगस्यैव मनोरामस्य विव्यथे ॥** અભિષેક ન કરવા વિષે પિતાનું વચન સાંભળીને મનથકી પ્રથમ પામી વાણીએ તે વચન ગ્રહણ કર્યું અને પિતાને કહ્યું કે મહાઅરણ્યમાં ચઉદવરસ રહીને પરમ પ્રસન્ન થઈ આપના વચનમાં રહીશ. પૃથ્વીનો ત્યાગ કરનાર અને વનમા જવાને ઇચ્છિનાર અને સર્વ લોકથી પ્રથક્ એવા રામનું વચન પીડા ન પામ્યું. આવી રીતે ભારત અને રામાયણમાં લખેલું છે. અથવા સર્વ વિદ્યાના ઉપદેશે કરીને સુમુખ. ૭ **सूक्ष्मः** સૂક્ષ્મરૂપ. શબ્દાદિ કારણથી રહિત હોવાથી શબ્દાદિક જે આકાશાદિકનાં કારણ છે તે જેને નથી તે સૂક્ષ્મ. ત્યાં શ્રુતિ ॥ **सर्वगतं सूक्ष्मं** ॥ બ્રહ્મ સર્વગત અને સૂક્ષ્મ છે. ૮ **सुघोषः** સુન્દર જેનો ઘોષ છે એવા. અથવા મેઘના સરખા જેનો ગંભીર શબ્દ છે તે સુઘોષ છે. ૯ **सुखदः** સારાં આચરણવાળા પુરૂષોને સુખ આપે છે માટે સુખદ અથવા નઠારાં આચરણવાળા પુરૂષોનાં સુખને ખંડન કરે છે એવા. ૫૦ **सुहृद्** હિતકારી. ૧ **मनोहरः** મનને હરણ કરનાર. ૨ **जितक्रोधः** ક્રોધને જિતનાર. ૩ **वीरबाहुः** પરાક્રમવાળા જેના હાથ છે એવા. ૪ **विदारणः** અધાર્મિક જનનો નાશકરનારા. ॥૪૯॥

૫ **स्वापनः** નિદ્રા કરનારા પ્રાણિયોને માયાવડે સુવાડનાર. ૬ **स्ववशः** સ્વતંત્ર ત્યાં શ્રુતિ. ॥ **आकाशवत् सर्वगतश्च नित्यः** ॥ આકાશની પેઠે સર્વ ઠેકાણે રહેનારા અને નિત્ય. ૭ **व्यापी** સર્વ કાર્યોને કારણપણાથી વ્યાપ્ત કરે છે માટે વ્યાપી. ૮ **नैकात्मा** જગતની ઉત્પત્તિ વગેરે અનેક રૂપોને નિમિત્તની વિભૂતિ વડે અનેક પ્રકારે આશ્રય કરીને રહેનાર તે નૈકાત્મા. ૯ **नैककर्मकृत्** જગતની ઉત્પત્તિ સંપત્તિ અને વિપત્તિનાં કર્મ કરે છે તે નૈકકર્મકૃત. ૭૦ **वत्सरः** જેની અન્દર સર્વ રહે છે તે વત્સર. ૧ **वत्सलः** ભક્તોના ઉપર સ્નેહ રાખે છે માટે વત્સલ. ૨ **वत्सी** કૃષ્ણાવતારમાં વાછરડાંઓનું પાલન કર્યું છે માટે વત્સી અથવા વત્સ રૂપે. આ સઘળી પ્રજા છે તેને પિતારૂપ થઇ પાલન કરે છે માટે

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ॥
अविज्ञाता सहस्त्रांशुर्विधाता कृतलक्षणः ॥५१॥
गभस्तिनेमिः सत्वस्थः सिंहो भूतमहेश्वरः
आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरुः ॥५२॥

વત્સી કહેવાય છે. ૩ **रत्नगर्भः** જેની અન્દર સર્વ રત્નો રહેલાં છે તેવા સમુદ્રરૂપ હોવાથી રત્નગર્ભ. ૪ **धनेश्वरः** સર્વ પ્રકારના ધનના ઈશ્વર. ॥ ૫૦ ॥

धर्मगुप् ધર્મનું રક્ષણ કરનાર. ત્યાં ગીતાનું પ્રમાણ. ॥ **धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे** ॥ ધર્મનું સ્થાપન કરવાને હું પ્રત્યેક યુગમાં પ્રકટ થાઉં છું. ૬ **धर्मकृत्** ઇશ્વર ધર્માધર્મથી રહિત છે તોપણ ધર્મમર્યાદાનું સ્થાપન કરવા માટે ધર્મનેજ કરે છે માટે ધર્મકૃત. ૮ **धर्मी** ધર્મના આધાર હોવાથી ધર્મવાળા. ૮ **सत्** સત્તારૂપ ॥ ત્યાં શ્રુતિ. ॥ **सदेव सोम्येदम्** ॥ હે સૌમ્ય આ સર્વ સતરૂપ છે. ૯ **असत्** એટલે **वाचारंभणं विकारो नामधेयं** ॥ એ શ્રુતિ પ્રમાણે વાણીથી જે નામ બોલાય છે તે વિકારરૂપ છે અને તે પણ ઇશ્વરીય સત્તાથી છે માટે ઇશ્વરનું રૂપ છે. ૮૦ **क्षरं** સર્વ ભૂતરૂપ. ૧ **अक्षरं** કૂટસ્થરૂપ. ત્યાં ગીતાનું વચન. ॥ **क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते** ॥ સર્વ ભૂત ક્ષર કહેવાય છે અને કૂટસ્થ અક્ષર કહેવાય છે. ૨ **अविज्ञाता** આત્માને વિષે કર્તાપણાનું જે જ્ઞાન છે તે કલ્પિત છે અને તેની પાપવાસના વાળો જીવ તે અવિજ્ઞાતા. ૩ **सहस्त्रांशुः** સૂર્યમાં રહેલાં કિરણો ઇશ્વરનાંજ કિરણો છે માટે ઇશ્વરજ મુખ્ય સહસ્ત્રાંશુ છે. ત્યાં શ્રુતિ. **येन सूर्यस्तपति तेजसेद्धः** જે ઇશ્વરના તેજથી પ્રકાશમાન થયેલો સૂર્ય તપે છે. ગીતામાં પણ છે કે ॥ **यदादित्य गतं तेजस्तत्तेजो विद्धि मामकम्** ॥ હે અર્જુન સૂર્યમાં જે તેજ છે તેજ મારૂં છે એમ તું જાણ. ૪ **विधाता** શેષનારાયણને તથા દિગ્ગજ અને પર્વતોને જે ધારણ કરે છે તે વિધાતા. અથવા સર્વ પ્રાણીને જે ધારણ કરે છે તે વિધાતા. ૫ **कृतलक्षणः** નિત્ય સિદ્ધ થયેલા ચૈતન્યરૂપ હોવાથી કૃતલક્ષણ અથવા જેણે શાસ્ત્રો રચેલાં છે તે કૃતલક્ષણ. ત્યાં પ્રમાણ. ॥ **वेदा शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात्** ॥ વેદ શાસ્ત્ર અને વિજ્ઞાન, એ સર્વ પરમાત્માથી ઉત્પન્ન થાય છે એમ આ પ્રકરણમાંજ બતાવાશે અથવા સજાતીય અને વિજાતીય એવું જેણે સર્વ ભાવનારૂપ લક્ષણ કરેલું છે કૃતલક્ષણ અથવા પોતાના વક્ષઃસ્થલમાં શ્રીવત્સચિન્હ જેણે કરેલું છે તે કૃતલક્ષણ. ॥ ૫૧ ॥

૬ **गभस्तिनेमिः** કિરણોના સમૂહમાં સૂર્યરૂપે જે રહેલ છે તે ગભસ્તિનેમિ. ૭ **सत्वस्थः** સત્ત્વગુણનો પ્રધાનપણાથી આશ્રય કરે છે અથવા સર્વ પ્રાણિયોની અન્દર રહે છે માટે સત્ત્વસ્થ. ૮ **सिंहः** પરાક્રમથી શોભે છે માટે સિંહજેવા અથવા **नृसिंह** શબ્દમાંથી **नृ** શબ્દનો લોપ કરવાથી સિંહ એવો શબ્દ અવશિષ્ટ રહ્યો. માટે આ ઠેકાણે સિંહ શબ્દથી નૃસિંહ એવો અર્થપણ લઈ શકાય. ત્યાં પ્રમાણ એ છે કે જેમ **भामा** શબ્દ બોલવાથી **सत्यभामा** એવો અર્થ થાય છે તેમ આ ઠેકાણે પણ સિંહ એવા શબ્દ નૃસિંહ એવો અર્થ થઇ શકે. ૯ **भूत्तमहेश्वरः** સર્વ પ્રાણીના મ્હોટા ઇશ્વર ૯૦ **आदिदेवः** સર્વ પ્રાણી જેનાથી ગ્રહણ થાય છે તે આદિ અને આદિ એવા જે દેવ તે આદિદેવ. ૧ **महादेवः**

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ॥
शरीरभूतभृद्भोक्ता कपीन्द्रो भूरिदक्षिणः ॥५३॥
सोमपोऽमृतपः सोमः पुरुजित्पुरुसत्तमः
विनयोजयः सत्यसंधोदाशार्हः सात्वतां पतिः ॥५४॥
जीवो विनयिता साक्षी मुकुन्दोऽमितविक्रमः ॥

સર્વ ભાવનો ત્યાગ કરી પોતાના ઐશ્વર્યમાંજ જે રહે છે તે મહાદેવ. ૨ **देवेशः** પ્રધાનપણાથી દેવોના ઇશ્વર. ૩ **देवभृद्गुरुः** દેવોનું જે ધારણ પોષણ કરે છે તે દેવભૃત્ હવે ભૃત્ એવું ઇન્દ્રનું નામ છે. ઇન્દ્રના પણ ગુરૂ હોવાથી દેવભૃદ્દગુરૂ એવા નામથી કહેવાય છે.

૪ **उत्तरः** સંસાર સાગરથી જે તારે છે તે અથવા સર્વથી ઉત્કૃષ્ટ તે ઉત્તર. ૫ **गोपतिः** ગોપ વેષધારણ કરી ગાયોનું રક્ષણ કરનાર અથવા પૃથ્વીનું રક્ષણ કરનાર. ૬ **गोप्ता** જગતના પિતા થઇ સમસ્ત પ્રાણીનું રક્ષણ કરે છે માટે ગોપ્તા. ૭ **ज्ञानगम्यः** કેવલ કર્મથી અથવા કેવલ જ્ઞાનકર્મથી જે પામી શકાતા નથી પણ જ્ઞાનથી જે પામી શકાય છે તે જ્ઞાનગમ્ય. ૮ **पुरातनः** સત્તારૂપે પ્રથમથીજ રહેનાર. ૯ **शरीरभूतभृत्** શરીરનાં આરંભ કરનાર પંચમહાભૂતને ધારણ કરનાર હોવાથી અને પ્રાણરૂપ ધારણ કરનાર હોવાથી શરીરભૂતભૃત્ ૫૦૦ **भोक्ता** પાલન કરનાર અથવા અપાર આનન્દના સમૂહને ભોગવવાથી ભોક્તા. ૧ **कपीन्द्रः** કપિ એટલે વરાહ તેમાં ઇન્દ્ર એટલે શ્રેષ્ઠ. અર્થાત્ વરાહની મૂર્તિ જેણે ધારણ કરેલી છે એવા અથવા કપિ એટલે વાંદરાઓ અને તેઓના ઇન્દ્ર એટલે સ્વામી. અર્થાત્ શ્રીરામચન્દ્રરૂપ. ૨ **भूरिदक्षिणः** ધર્મની મર્યાદા દેખાડવા માટે રામકૃષ્ણાદિ અવતારોમાં જેણે ઘણી દક્ષિણા આપેલી છે એવા ॥ ૫૩ ॥

૩ **सोमपः** સર્વ યજ્ઞોમાં યજન કરવા યોગ્ય હોવાથી દેવતારૂપે કરીને જે સોમવલ્લીનું પાન કરે છે તે સોમપ અથવા ધર્મ મર્યાદા દેખાડવા માટે યજમાનરૂપે કરી જે જે સોમરસનું પાન કરે છે તે સોમપ. ૪ **अमृतपः** આત્મારૂપી અમૃતરસનું પાન કરનાર અથવા અમૃતમથન વખતે અમૃત નિકળ્યા પછી અસુરો અમૃત લઇને ભાગતા હતા તેઓ પાસેથી અમૃત પાછું લઇ તે દેવોને પાયું અને પોતે પણ પીધું માટે અમૃતપ એવા નામથી કહેવાય છે. ૫ **सोमः** ચન્દ્રરૂપે કરીને ઔષધિનું પોષણ કરે છે માટે સોમ અથવા ઉમાંએ સહિત જે શિવજીનું સ્વરૂપ છે તેપણ વિષ્ણુનુંજ સ્વરૂપ છે માટે સોમ કહેવાય છે. ૬ **पुरुजित्** બહુને જિતે છે તે પુરૂજિત્. ૭ **पुरुसत्तमः** વિશ્વરૂપ હોવાથી પુરૂ અને ઉત્કૃષ્ટ હોવાથી સત્તમ. એ બે શબ્દનું એક નામ છે. ૮ **विनयः** દુષ્ટોને નિયમમાં રાખનાર ૯ **जयः** સર્વને જિતનાર. ૧૦ **सत्यसन्धः** સત્ય સંકલ્પવાળો ત્યાં શ્રુતિ. ॥ **सत्यसङ्कल्पः** ॥ ૧ **दाशार्हः** દાન આપનાર અથવા કૃષ્ણાવતારમાં દશાર્હ કુલમાં ઉત્પન્ન થયા માટે દાશાર્હ ૨ **सात्वतां पतिः** ભક્ત જનોના યોગક્ષેમને સિદ્ધ કરનાર. ॥ ૫૪ ॥

૩ **जीवः** ક્ષેત્ર રૂપે કરીને પ્રાણ ધારણ કરનાર. ૪ **विनयितासाक्षी** પ્રજાઓના વિનયપણાને સાક્ષાત્ જોનારા અથવા આત્મા સિવાય બીજી વસ્તુને નહિ જોનાર.

अम्भोनिधिरनंतात्मा महोदधिशयोऽतकः ॥५५॥
अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः
आनंदो नंदनो नंदः सत्यधर्मा त्रिविक्रमः ॥ ५६ ॥
महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ॥
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृंगः कृतांतकृत् ॥५७॥

૫ **मुकुन्दः** મુક્તિ આપનાર. ૬ **अमितविक्रमः** માપમાં ન આવે એવાં ત્રણ પગલાં જેનાં છે તે અમિતવિક્રમ. અથવા અપાર પરાક્રમવાળા. ૭ **अम्भोनिधिः** દેવ મનુષ્ય પિતૃ અને અસુરરૂપી જલ જેની અન્દર આરોપણ થાય છે તે અંભોનિધિ. ત્યાં શ્રુતિ. ॥ **तानि ह वा एतानि चत्वार्यम्भांसि देवा मनुष्याः पितरोऽसुराः** ॥ તે ચાર જલ છે. દેવ મનુષ્ય પિતૃ અને અસુર. અથવા અંભોનિધિ અને સાગરરૂપ. ૮ **अनन्तात्मा** દેશ કાલ અને વસ્તુથી જેનું માપ થઇ શકતું નથી માટે અનન્તાત્મા. ૯ **महोदधिशयः** સર્વ પ્રાણીયોનો સંહાર કરીને કેવળ સમુદ્રમાં શયન કરનારા. ૨૦ **अन्तकः** પ્રાણીઓનો નાશ કરનાર. ॥ ૫૫ ॥

૧ **अजः 'अ'** એટલે વિષ્ણુ અને તે વિષ્ણુથી જે ઉત્પન્ન થયેલ તે અજ એટલે કામદેવરૂપ. ૨ **महार्हः** પૂજા કરવાને યોગ્ય. ૩ **स्वाभाव्यः** સ્વભાવથીજ નિત્ય સિદ્ધ સ્વરૂપવાળા. ૪ **जितामित्रः** અન્દરના રાગ દ્વેષાદિક અને બહારના રાવણાદિક શત્રુઓ જેણે જિતેલા છે તે જિતામિત્ર. ૫ **प्रमोदनः** પોતાના આત્મારૂપી અમૃત રસથી નિરન્તર આનન્દવાળા અથવા ધ્યાન કરનારાઓને આનન્દ આપે છે માટે પ્રમોદન. ૬ **आनन्दः** આનન્દવાળું જેનું સ્વરૂપ છે તે આનન્દ. ત્યાં શ્રુતિ. ॥ **एतस्यैवानन्द-स्यानि भूतानि मात्रामुपजीवन्ति** ॥ એ પરમાત્માનાજ આનન્દના અંશ ઉપર સર્વ પ્રાણીઓ ઉપજીવિકા કરે છે માટે આનન્દ કહેવાય છે. ૭ **नन्दनः** આનન્દ પમાડનાર. ૮ **नन्दः** સર્વ સંપત્તિમાન. ૯ **सत्यधर्मा** ધર્મ જ્ઞાનાદિરૂપ જેને સત્યધર્મ રહેલો છે તે સત્યધર્મા. ૩૦ **त्रिविक्रमः** ત્રણ પગલાંથી ત્રણ લોક જેણે માપેલ છે તે ત્રિવિક્રમ. ત્યાં શ્રુતિ. ॥ **त्रीणिपदा विचक्रमे** ॥ ત્રણ પગલાંથી જેણે માપ કર્યું હરિવંશમાં લખ્યું છે કે ॥ **त्रिरित्येव त्रयोलोकाः कीर्त्तिता मुनिसत्तमैः क्रमसे तांस्तथा सर्वांस्त्रिक्रमोऽसि जनार्द्दन** ॥ ઉત્તમ મુનિયોએ ત્રણ લોકને ત્રિ એવા નામથી કહેલ છે, હે જનાર્દન ! તે ત્રણ લોકને તમે આક્રમણ કરોછો માટે ત્રિવિક્રમ કહેવાઓ છો.

૧ **महर्षिः कपिलाचार्यः** વિશેષણ સહિત આ એકજ નામ છે. સમગ્ર વેદનું સંપૂર્ણ જ્ઞાન હોવાથી મહર્ષી કહેવાય છે. વેદનો એક દેશ જોવાથી ઋષિ કહેવાય છે. **शुद्धात्म तत्वविज्ञानं सांख्यमित्यभिधीयते** ॥ શુદ્ધ એવું જે આત્મતત્વનું વિજ્ઞાન તે સાંખ્ય કહેવાય છે. આવું વ્યાસસ્મૃતિનું વચન છે. સાંખ્ય શાસ્ત્રના આચાર્ય કપિલમુનિ છે. તે કપિલમુનિ ઇશ્વરનું સ્વરૂપ છે. ॥ **ऋषिप्रभूतं कपिलं महान्तम्** ॥ તેમજ ગીતામાં પણ છે કે ॥ **सिद्धानां कपिलो मुनिः** ॥ સિદ્ધોમાં કપિલ મુનિ મારૂં સ્વરૂપછે. એમ

महावराहो गोविन्दः सुषेणः कनकांगदी ॥
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥५८॥
वेधाः स्वाङ्गोऽजितः कृष्णो दृढः संकर्षणोऽच्युतः ॥
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥५९॥

એમ ભગવાન્ અર્જુનને કહે છે. ૨ **कृतज्ञः** કૃત એટલે જગત્ અને ज्ञ એટલે આત્મા તેનું નામ કૃતજ્ઞ કહેવાય છે. ૩ **मेदिनीपतिः** પૃથ્વીના પતિ. ૪ **त्रिपदः** વામન અવતારમાં ત્રણ પગલાં વાળા. ૫ **त्रिदशाध्यक्षः** ગુણોએ કરીને ત્રણ અવસ્થાઓ જેને રહેલી છે એવા. ૬ **महाश्रृङ्गः** મત્સ્યાવતારમાં વિષ્ણુને એક મ્હોટું શીંગડું હતું અને તેના ઉપર એક વહાણુ બાંધીને પ્રલય સમુદ્રના જલમાં ક્રીડા કરી હતી તેથી વિષ્ણુનું નામ મહાશૃંગ છે. ૭ **कृतान्तकृत्** કરેલા જગતમાં સંહાર કરનારા અથવા મૃત્યુનો નાશકરનારા. ॥ ૫૭ ॥

૮ **महावराहः** મ્હોટો વરાહ અવતાર જેણે ધારણ કરેલો છે એવા. ૯ **गोविन्दः** વેદરૂપી વાણીથી જાણવા યોગ્ય. વિષ્ણુ તિલકમાં લખેલું છે કે ॥ **गोभिरेव यतो वेद्यो गोविन्दः स उदाहृतः** ॥ વાણીથી જે જાણવા યોગ્ય છે તે ગોવિન્દ એવા નામથી કહેલ છે. ૪૦ **सुषेणः** ઉત્તમ જેની સેવા છે તે સુષેણ. ૧ **कनकाङ्गदीः** સુવર્ણનાં અંગદ જેને રહેલાં છે એવા. ૨ **गुह्यः** ઉપનિષદ્‌થી જણાય એવા અથવા હૃદયાકાશમાં રહેલા. ૩ **गभीरः** જ્ઞાન ઐશ્વર્ય અને બલાદિકથી ગંભીર. ૪ **गहनः** અશક્ય પ્રવેશવાળા અથવા ત્રણ અવસ્થાના ભાવાભાવના સાક્ષી તે ગહન. ૫ **गुप्तः** વાણી અને મનને અગોચર હોવાથી ગુપ્ત. ત્યાં શ્રુતિ. ॥ **एषु सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते** ॥ આ સર્વ પ્રાણીમાં ગુઢ આત્મા છે તે ગુપ્ત રહે છે. ૬ **चक्रगदाधरः** ચક્ર અને ગદા ધારણ કરનારા. **मनस्तत्वात्मकं चक्रं बुध्दितत्वात्मिकां गदाम् ॥ धारयन् लोकरक्षणार्थे मुक्तश्चक्रगदाधरः** ॥ લોકની રક્ષાને માટે મનતત્વરૂપી ચક્રને ધારણ કરનાર તથા બુદ્ધિતત્વરૂપી ગદાને ધારણ કરનાર હોવાથી ચક્રગદાધર એમ કહેવાય છે. ॥ ૫૮ ॥

૭ **वेधाः** ઉત્પન્ન કરનાર. ૮ **स्वाङ्गः** પોતેજ કાર્યકારણમાં સહાયક હોવાથી સ્વાંગ. ૯ **अजितः** અવતારોને વિષે કોઇએ પણ નહિ જિતેલા તે અજિત. ૫૦ **कृष्णः** કૃષ્ણ દ્વૈપાયન વ્યાસરૂપ ત્યાં વિષ્ણુપુરાણનું વચન. ॥ **कृष्णद्वैपायनं व्यासं विद्धि नारायणं प्रभुम् ॥ कोह्यन्य पुण्डरीकाक्षान्महाभारतकृन्द्भवेत्** ॥ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ નારાયણ પ્રભુ છે એમ તું જાણ, કારણ કે નારાયણ સિવાય મહાભારત કરવાને બીજો કોણ સમર્થ થઇ શકે. ૧ **दृढः** પોતાના સ્વરૂપના સામર્થ્યનો નાશ થતો નથી માટે દૃઢ. ૨-૩ **संकर्षणोऽच्युतः** સંકર્ષણ અને અચ્યુત એ બે મળીને એકજ નામ છે. સંહાર વખતે પ્રજાઓને એકદમ નાશ કરનારા. ૪ **वरुणः** સાયંકાળે સૂર્ય પોતાનાં કિરણોને ખેંચી લેછે માટે વરૂણ કહેવાય છે. તે વરૂણ ઇશ્વરનું નામ છે. ૫ **वारुणः** વરૂણના પુત્ર વસિષ્ઠ અથવા અગસ્ત્યરૂપ. ૬ **वृक्षः** વૃક્ષની પેઠે અચલપણાથી રહેલા. ૭ **पुष्कराक्षः** હૃદયકમલમાં ચિન્તવન કરવાથી પોતાના રૂપથી પ્રકાશ પામનારા. ૮ **महामनाः** મ્હોટા

भगवान् भगहा नन्दी वनमाली हलायुधः ॥
आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः ॥ ६० ॥
सुधन्वा खंडपरशुर्दारुणो द्रविणप्रदः ॥
दिवस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ॥६१॥
त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ॥

મનવાળા. ત્યાં વિષ્ણુપુરાણનું વચન. ॥ **मनसैव जगत्सृष्टिं संहारं च करोति यः** ॥ જે વિષ્ણુ પોતાના મનથીજ જગત્‌ની સૃષ્ટિ અને સંહાર કરે છે. ॥ ૫૯ ॥

૯ **भगवान्** ભાગ્યવાન્. **ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः ॥ वैराग्यस्य च मोक्षस्य षण्णां भग इतीरणा ॥** સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય અને મોક્ષ, એછનું નામ ભગ કહેવાય છે. તે ભગ જેને વિદ્યમાન છે તે ભગવાન્. વિષ્ણુપુરાણનું પણ વચન છે કે. ॥ **उत्पत्तिं प्रलयं चैव भूतानामगतिं गतिम्॥ वेत्ति विद्यामविद्यां च सवाच्यो भगवानिति ॥** પ્રાણિયોની ઉત્પત્તિ, પ્રલય, અગતિ, ગતિ, એને જે જાણે છે તેમજ વિદ્યા અને અવિદ્યાને જે જાણે છે તે ભગવાન્ એવા શબ્દથી કહેવાય છે. ૬૦ **भगहा** સંહાર વખતે ઐશ્વર્યાદિકનો જે નાશ કરે છે તે ભગહા. ૧ **नन्दी** સુખરૂપ છે માટે નન્દી અથવા આનન્દી એવો પદચ્છેદ કરવો. સર્વ સંપત્તિથી પૂર્ણ છે માટે આનન્દી. ૨ **वनमाली** ભૂત તન્માત્રારૂપી વૈજયન્તી નામની વનમાલા ધારણ કરે છે માટે વનમાલી કહેવાય છે ૩ **हलायुधः** હલરૂપી આયુધ જેને છે તે હલાયુધ અર્થાત્ બલભદ્રની આકૃતિવાળા વિષ્ણુ. ૪ **आदित्यः** અદિતિ કશ્યપમુનિ થકી વામનરૂપે ઉત્પન્ન થએલા તે આદિત્ય ૫ **ज्योतिरादित्यः** સૂર્યમંડલમાં રહેવાથી તેજસ્વરૂપ આદિત્ય. ૬ **सहिष्णुः** શીત ઉષ્ણ વગેરે દ્વન્દ્વ સહન કરનાર. ૭ **गतिसत्तमः** ગતિરૂપ છતાં અતિ ઉત્તમ. ॥ ૬૦ ॥

૮ **सुधन्वा** ઇન્દ્રિયાદિમય એવું સુંદર શાર્ઙ્ગ ધનુષ્ જેને વિદ્યમાન છે એવા. ૯ **खण्डपरशुः** શત્રુઓનું ખંડન કરે છે માટે ખંડ કહેવાય છે. પરશુરામ અવતારમાં શત્રુઓને નાશકરનારો કુહાડો જેને હાથ રહેલો છે તે ખંડપરશુ. ૭૦ **दारुणः** સન્માર્ગના શત્રુઓને ભયંકર ૧ **द्रविणप्रदः** ભક્તોના મનોરથ પૂરા કરે છે માટે દ્રવિણ પ્રદ. ૨ **दिवस्पृक्** સ્વર્ગમાં રહેનાર ૩ **सर्वदृक्व्यासः** સર્વજ્ઞનો વિસ્તાર કરનારા. વ્યાસ એટલે ઋગ્વેદાદિ વિભાગે કરીને ચાર વેદનો વિભાગ કરનાર અને પુરાણનો વિસ્તાર કરનાર તે વ્યાસ. ૪ **वाचस्पतिः** વિદ્યાના પતિ ૫ **अयोनिजः** જમીનમાં ન ઉત્પન્ન થએલા. ॥ ૬૧ ॥

૬ **त्रिसामा** સામવેદ જાણનારાઓએ ત્રણ સામથી સ્તુતિ કરેલા. ૭ **सामगः** સામગાન કરનાર. ૮ **साम** સામવેદરૂપ ત્યાં ભગવાનનું વચન છે. ॥ **वेदानां सामवेदोऽस्मि ॥** વેદોમાં સામવેદ મારૂં સ્વરૂપ છે. ૯ **निर्वाणं** સર્વ દુઃખની જેમાં શાન્તિ છે એવા પરમાનન્દરૂપ. ૮૦ **भेषजं** સંસારરૂપી રોગના ઔષધરૂપ. ૧ **भिषक्** સંસારરૂપી

संन्यासकृच्छमः शान्तो निष्ठा शान्तिः परायणम् ॥६२॥
शुभाङ्गः शान्तिदः स्रष्टा कुमुदः कुवलेशयः ॥
गोहितो गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥६३॥
अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ॥
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतांवरः ॥६४॥

રોગને છોડવનારી પર વિદ્યાનો ઉપદેશ કરનાર. ત્યાં શ્રુતિ. **भिषक्तमं त्वां भिषजां शृणोमि ॥** વૈદ્યોમાં ઉત્તમ વૈદ્ય એવા તમને સાંભળું છું. ૨ **संन्यासकृत्** મોક્ષને માટે ચોથો આશ્રમ કરનાર. ૩ **शमः** સંન્યાસિયોને પ્રધાનપણાથી શમ કહેનારા. ત્યાં સ્મૃતિ. **॥ यतीनां प्रशमो धर्मो नियमोवनवासिनां ॥ दानमेव गृहस्थानां शुश्रूषा ब्रह्मचारिणाम् ॥** સંન્યાસિયોને પ્રશમ એજ મુખ્ય ધર્મ છે વાનપ્રસ્થોને નિયમ એ ધર્મ છે. ગૃહસ્થોને દાન એજ મુખ્ય ધર્મ છે અને બ્રહ્મચારિયોને ગુરૂની સેવા કરવી એ ધર્મ છે અથવા સર્વ પ્રાણીને શમન કરે છે માટે શમ કહેવાય છે. ૪ **शान्तः** વિષય સુખમાં અસંગ હોવાથી શાન્ત. ત્યાં શ્રુતિ. **॥ निष्कलं निष्क्रियं शान्तम् ॥** ક્રિયારહિત કલારહિત અને શાન્ત એવું બ્રહ્મ છે. ૫ **निष्ठा** પ્રલયકાલમાં સર્વ પ્રાણિયો જેની અંદર રહે છે તે નિષ્ઠા. ૬ **शान्तिः** સમસ્ત અવિદ્યાની નિવૃત્તિ કરનાર હોવાથી શાન્તિરૂપ. ૭ **परायणः** તે શાન્તિરૂપ પરમાત્માજ જન્મમરણ રહિત એવું સ્થાન છે માટે પરાયણ કહેવાય છે. ॥ ૬૨ ॥

૮ **शुभाङ्गः** સુન્દર દેહધારણ કરનાર. ૯ **शान्तिदः** રાગ દ્વેષાદિને છોડવારૂપી શાન્તિ આપનારા. ૯૦ **स्रष्टा** સૃષ્ટિના આરંભમાં સર્વ પ્રાણીને સરજનાર હોવાથી સ્રષ્ટા. ૧ **कुमुदः** પૃથ્વીમાં આનન્દ પામનાર. ૨ **कुवलेशयः** શેષ ઉપર શયન કરનારા અથવા બોરની અન્દર રેહેનાર તક્ષક નામનો સર્પ પણ ઇશ્વિરની વિભૂતિ છે તેથી કુવલેશય કહેવાય છે. ૩ **गोहितः** ગાયોની વૃદ્ધિને માટે કૃષ્ણાવતારમાં ગોવર્ધનપર્વત જેણે ધારણ કરેલો છે અને ગાયોનું હિત કરેલું છે માટે ગોહિત અથવા ગો એટલે પૃથ્વી તેનો ભાર ઉતારવાને શરીર ગ્રહણ કરનારા તે ગોહિત કહેવાય છે. ૪ **गोपतिः** પૃથ્વી વગેરેના સ્વામી. ૫ **गोप्ता** જગતના રક્ષણ કરનાર અથવા પોતાની માયાએ કરીને પોતાના આત્માને ઢાંકનાર. ૬ **वृषभाक्षः** સર્વ મનોરથને પૂર્ણ કરનાર જેનાં નેત્રછે એવા અથવા વૃષ એટલે ધર્મ તેજ જેનાં નેત્ર છે એવા. ૭ **वृषप्रियः** ધર્મ જેને પ્રિય છે એવા. ॥ ૬૩ ॥

૮ **अनिवर्त्ती** દેવ અને અસુરના સંગ્રામથી પાછા નહી ફરનાર અથવા ધર્મથી જે પાછા નથી ફરતા તે અનિવર્તી. ૯ **निवृत्तात्मा** વિષયોથી જેનો આત્મા નિવૃત્ત થયેલો છે એવા. ૬૦૦ **संक्षेप्ता** વિસ્તાર પામેલા જગતને સંહાર વખતે સૂક્ષ્મ રૂપમાં લાવનાર. ૧ **क्षेमकृत्** ગ્રહણ કરેલનું રક્ષણ કરનાર. ૨ **शिवः** સ્મરણમાત્રથી પવિત્ર કરનાર. ૧ **श्रीवत्सवक्षाः** શ્રીવત્સ નામનું ચિન્હ જેના વક્ષઃસ્થલમાં રહેલું છે એવા. ૪ **श्रीवासः** જેના વક્ષઃસ્થલમાં લક્ષ્મી નિરન્તર રહે છે તે શ્રીવાસ. ૫ **श्रीपतिः** અમૃતનું મથન કરવા વખતે સર્વ દેવ અસુરોને પડતા મુકી લક્ષ્મી વિષ્ણુને વર્યાં માટે શ્રીપતિ અથવા શ્રી એટલે પર એવી

श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः ॥
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः ॥६५॥
स्वक्षः स्वंगः शतानन्दो नन्दिर्ज्योतिर्गणेश्वरः ॥
विजितात्मा विधेयात्मा सत्कीर्ति श्छिन्नसंशयः ॥६६॥
उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतः स्थिरः
भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः ॥६७॥

જે શક્તિ તેનો પતિ. ત્યાં શ્રુતિ. **परास्य शक्ति र्विविधैव श्रूयते** ॥ આ પરમાત્માની શક્તિ નાના પ્રકારની સંભળાય છે. ૬ **श्रीमतां वरः** ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદરૂપી શ્રી જેને વિદ્યમાન છે તે શ્રીમન્ત. અને શ્રીમન્ત એવા જે વિરંચિ વગેરે તેમાં મુખ્ય તે શ્રીમતાંવર કહેવાય છે. ત્યાં શ્રુતિ. ॥ **ऋचः सामानि यजूंषि साहि श्रीरमृता सताम्** ॥ ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ એ શ્રી કહેવાય છે અને તે શ્રી અમૃતરૂપ છે. ॥ ૬૪ ॥

૭ **श्रीदः** ભક્તજનોને લક્ષ્મી આપનાર. ૮ **श्रीशः** લક્ષ્મીપતિ. ૯ **श्रीनीवासः** શ્રીમાનની અંદર નિવાસ કરેલા. શ્રી શબ્દનો આ ઠેકાણે શ્રીમંત એવો અર્થ કરવો. ૧૦ **श्रीनिधिः** લક્ષ્મીના ભંડારરૂપ. ૧ **विभावनः** કર્મ પ્રમાણે સર્વ પ્રાણીને નાના પ્રકારની લક્ષ્મી આપનાર. ૨ **श्रीधरः** સર્વ પ્રાણીની માતારૂપ લક્ષ્મીને વક્ષઃસ્થલમાં વહન કરનાર. ૩ **श्रीकरः** ભક્ત જનોને લક્ષ્મીવાન્ કરનાર ૪ **श्रेयः** અવિનાશી સુખની પ્રાપ્તિ કરવારૂપી જે શ્રેય તે પરમેશ્વરનુંજ છે માટે શ્રેયરૂપ. ૫ **श्रीमान्** લક્ષ્મી જેને વિદ્યમાન્ છે એવા. ૬ **लोकत्रयाश्रयः** ત્રણ લોકના આશ્રયરૂપ. ॥ ૬૫ ॥

૭ **स्वक्षः** કમલસરખાં નેત્રવાળા. ૮ **स्वंगः** સારાં અંગવાળા. ૯ **शतानन्दः** એકજ પરમાત્મા ઉપાધિના ભેદથી અનન્ત પ્રકારે થાય છે તે શતાનન્દ. ૨૦ **नन्दिः** પરમ આનન્દરૂપ શરીરવાળા. ૧ **ज्योतिर्गणेश्वरः** જે તેજવાળા પદાર્થો જણાય છે તેના ઇશ્વર. ૨ **विजितात्मा.** મનને જિતનાર. ૩ **अविधेयात्मा** કોઇથી જેનું સ્વરૂપ કરી શકાતું નથી એવા. ૪ **सत्कीर्त्तिः** સત્ય કીર્ત્તિવાળા. ૫ **छिन्नसंशयः** સર્વનો સાક્ષાત્કાર કરવાથી જેને કોઇ ઠેકાણે સંશય નથી એવા. ॥ ૬૬ ॥

૬ **उदीर्णः** સર્વ પ્રાણીથી ઉત્તમ. ૭ **सर्वतश्चक्षुः** પોતાના ચૈતન્યથી સર્વને સર્વ તરફથી જોનાર. ત્યાં શ્રુતિ. ॥ **विश्वतश्चक्षुः** ॥ ચારે તરફ નેત્રવાળા. ૮ **अनीशः** જેનો કોઈ બીજો ઇશ્વર નથી એવા. ત્યાં શ્રુતિ. ॥ **तस्येशः कश्चनः** ॥ તે પરમાત્મા ઉપર બીજો કોઈ ઇશ્વર નથી. ૯ **शाश्वतस्थिरः** નિરન્તર હોનાર છતાં કોઈ સખત વિકાર નથી પામતા ને શાશ્વતસ્થિર. બે શબ્દ મળી આ એકજ નામ છે ૩૦ **भूशयः** લંકાનો માર્ગ શોધવા વખતે રામાવતારમાં પૃથ્વી ઉપર તફાવત કરનારા. ૧ **भूषणः** ઘણા અવતારોથી પૃથ્વીને શોભાવનારા. ૨ **भूतिः** સત્તારૂપ અથવા સંપત્તિરૂપ અથવા સર્વ વિભૂતિયોનું કારણ. ૩ **विशोकः** પરમાનન્દરૂપ હોવાથી જેનો શોક નાશ પામેલો છે એવા. ૪ **शोकनाशनः** સ્મરણ માત્રથી ભક્તોનો શોક નાશ પમાડનાર ॥ ૬૭ ॥

अर्चिष्मानर्चितः कुम्भो विशुद्धात्मा विशोधनः
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥६८॥
कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ॥६९॥
कामदेवः कामपालः कामी कान्तः कृतागमः
अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनंतो धनञ्जयः ॥७०॥

૫ **अर्चिष्मान्** જેના તેજથી ચંદ્ર સૂર્યાદિક તેજવાળા થાય છે તેવા તેજસ્વી ૬ **अर्चितः** સર્વ લોકાદિકોએ અને વિરંચિ વગેરેએ પૂજા કરેલા. ૭ **कुम्भः** કુંભની પેઠે જેની અન્દર સર્વ જગત્ રહેલું છે એવા. ૮ **विशुद्धात्मा** ત્રિગુણાતીત હોવાથી શુદ્ધ જેનો આત્મા છે એવા. ૯ **विशोधनः** સ્મૃતિમાત્રે કરીને પાપનો નાશ કરનાર હોવાથી વિશોધન. ૪૦ **अनिरुद्धः** ચતુર્વ્યૂહમાં અનિરૂદ્ધ સ્વરૂપવાળા. ૧ **अप्रतिरथः** જેને કોઈ પ્રતિપક્ષ નથી તે અપ્રતિરથ. ૨ **प्रद्युम्नः** ચતુર્વ્યૂહમાં પ્રદ્યુમ્ન સ્વરૂપવાળા. ૩ **अमितविक्रमः** અપાર પરાક્રમવાળા. ॥ ૬૮ ॥

૪ **कालनेमिनिहा** કાલનેમિનામના અસુરને મારનારા. ૫ **वीरः** શૂરવીર. ૬ **शौरिः** શૂરસેનના કુલમાં થયેલા. ૭ **शूरजनेश्वरः** ઇન્દ્ર વગેરે શુરવીરોમાં અતિ શ્રેષ્ઠ, ૮ **त्रिलोकात्मा** ત્રણલોકમાં અન્તર્યામિપણાથી રહેનારા અથવા ત્રણલોક પરમાર્થથી જોતાં જેનાથી જુદાં નથી તે ત્રિલોકાત્મા. ૯ **त्रिलोकेशः** જેની આ આજ્ઞાથી ત્રણલોક પોતપોતાના કામમાં પ્રવર્ત્તે છે તે ત્રિલોકેશ. ૫૦ **केशवः** બ્રહ્મા વિષ્ણુ અને શિવનામવાળી શક્તિયો કેશ શબ્દે કરીને કહેવાય છે. તે શક્તિયો જેને વિદ્યમાન્ છે તે કેશવ. ૧ **केशिहा** કેશી નામના દૈત્યને જેણે મારેલો છે તે કેશિહા. ૨ **हरिः** કારણ સહિત સંસારનો નાશ કરનારા. ॥ ૬૯ ॥

૩ **कामदेवः** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરૂષાર્થની ઇચ્છાવાળા પુરૂષો જેની કામના કરે છે તે કામ કહેવાય છે અને કામરૂપ છતાં જે દેવ તે કામદેવ. ૪ **कामपालः** કામિ લોકોના કામને પાલન કરનાર. ૫ **कामी** પૂર્ણ કામ હોવાથી કામી અથવા કામ જેને વિદ્યમાન છે તે કામી. ત્યાં શ્રુતિ. ॥ **सोऽकामयत** ॥ તે ઇશ્વર ઇચ્છા કરતા હવા. ૬ **कान्त** બે પરાર્ધ વરસના અન્તમાં બ્રહ્માનો અન્ત જેનાથી થાય છે તે કાન્ત. **कृतागमः** શ્રુતિ સ્મૃતિરૂપ આગમ જેણે ઉત્પન્ન કરેલ છે એવા. ૮ **अनिर्देश्यवपुः** જેનું સ્વરૂપ દેખાડી શકાતું નથી એવા, કારણ કે તેમનું સ્વરૂપ ત્રણ ગુણથી પૃથક્ છે ૯ **विष्णुः** પૃથ્વી અને સ્વર્ગને વ્યાપીને જેની કાન્તિ ઘણી અધિક રહેલી છે એવા. ૬૦ **वीर** ગતિ વગેરે જેની અન્દર રહેલ છે એવા. ૧ **अनन्तः** વ્યાપક નિત્ય અને સર્વાત્મા હોવાથી દેશ કાલ અને વસ્તુથી જે અપરિચ્છિન્ન છે તે અનન્ત. ત્યાં શ્રુતિ. ॥ **सत्यं ज्ञानमनन्तं ब्रह्म** ॥ સત્ય, જ્ઞાન અને અનન્તરૂપ બ્રહ્મ છે. વિષ્ણુ પુરાણમાં વચન છે કે ॥ **गन्धर्वाप्सरसः सिद्धाः किन्नरोरगचारणाः । नान्तं गुणानां**

ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ॥
ब्रह्मविद्ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ॥७१॥
महाक्रमो महाकर्मा महातेजा महोरगः ॥
महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥७२॥

गच्छन्ति तेनानन्तोऽयमव्ययः ॥ ગન્ધર્વ, અપ્સરા, સિદ્ધ, કિન્નર, ઉરગ અને ચારણ જે ઇશ્વરના ગુણોના અન્તને પામતા નથી, તે ઇશ્વર અનન્ત અને અવિનાશી છે. ૨ **धनञ्जयः** દિગ્વિજયમાં ઘણું ધન જેણે જિત્યું તે ધનંજય. અર્જુન પણ ઇશ્વરનું સ્વરૂપ છે કારણ ભગવદ્ ગીતામાં લખ્યું છે કે ॥ **पाण्डवानां धनञ्जयः** પાંડવોમાં અર્જુન મારૂં સ્વરૂપ છે. ૭૦

ब्रह्मण्यः તપ અને વેદ વગેરેને હિતરૂપ. ॥ **तपो वेदाश्च जातिश्च ज्ञानंच ब्रह्म संज्ञितं** ॥ તપ વેદ જાતિ અને જ્ઞાન, એ બ્રહ્મસંજ્ઞાવાળાં છે. ૪ **ब्रह्मकृत्** તપ વગેરેના કરનાર હોવાથી બ્રહ્મકૃત્. ૫ **ब्रह्मा** સર્વને સરજનાર. ૬ **ब्रह्म** ઘણા મહોટા અને વૃદ્ધિ પામનાર હોવાથી અને સત્યાદિ લક્ષણવાન્ હોવાથી બ્રહ્મરૂપ. ત્યાં વિષ્ણુપુરાણનું વચન. ॥ **प्रत्यस्तमितभेदं यत् सत्तामात्रमगोचरम्** ॥ **वचसामात्मसंवेद्यं तज्ज्ञानं ब्रह्मसंज्ञितम्** ॥ જેમાં કોઇ પ્રકારનો ભેદ નથી, જે સત્તામાત્ર છે અને વાણીને પણ અપ્રત્યક્ષ છે અને પોતાની સત્તાથી સર્વમાં રહેલું છે તે જ્ઞાન બ્રહ્મ સંજ્ઞાવાળું છે. ૭ **ब्रह्मविवर्धनः** તપ વગેરેની વૃદ્ધિ પમાડનારા. ૮ **ब्रह्मवित्** વેદ વેદાર્થને બરોબર મેળવનાર અથવા જાણનાર. ૯ **ब्राह्मणः** બ્રહ્મારૂપે અથવા બ્રાહ્મણરૂપે સર્વને પ્રત્યક્ષ કરનાર. ૭૦ **ब्रह्मी** બ્રહ્મસંજ્ઞાવાળા જે છે તે ઇશ્વરના શેષરૂપ છે માટે બ્રહ્મી. ૧ **ब्रह्मज्ञः** વેદ જાણનાર. ૨ **ब्राह्मणप्रियः** ॥ બ્રાહ્મણોને પ્રિયછે અથવા બ્રાહ્મણો જેને પ્રિય છે એવા મહાભારતમાં લખ્યું છે કે **घ्नन्तं शपन्तं परूषं वदन्तं योब्राह्मणं न प्रणमेद्यथार्हम्** ॥ **सपापकृत् ब्रह्मदवाग्निदग्धा वध्यश्च दण्ड्यश्च न चास्मदीयः** ॥ બ્રાહ્મણ જોઇએ તો હણે, શાપ આપે, કઠોર વચન કહે તથાપિ તેવા બ્રાહ્મણને પણ જે યથાયોગ્ય પ્રણામ કરતો નથી તે પાપી પુરૂષ બ્રાહ્મણરૂપી દાવાગ્નિથી બળે છે અને હણવા યોગ્ય છે તથા દંડ કરવા યોગ્ય છે અને ભગવાન્ કહે છે કે તે અમારો ભક્ત નથી. ॥ **यं देवं देवकी देवी वसुदेवादजीजनत्** । **भौमस्य ब्रह्मणोगुप्त्ये दीप्तमग्निमिवारणिः** ॥ અરણિ જેમ પ્રકાશમાન અગ્નિને ઉત્પન્ન કરે તેમ, આ પૃથ્વી ઉપર રહેલા બ્રાહ્મણોનું રક્ષણ કરવા માટે જે વિષ્ણુને દેવકી દેવીએ વસુદેવથી જન્મ આપ્યો. ॥ ૭૧ ॥

૩ **महाक्रमः** ઘણાં મહોટાં પગલાં વાળા. ૪ **महाकर्म्मा** જગત્‌ની ઉત્પત્તિ વગેરે મહોટું જેનું કર્મ છે એવા. ૫ **महातेजाः** મહોટા તેજવાળા. ૬ **महोरगः** મહોટા સર્પરૂપ. ત્યાં ગીતાનું વચન. ॥ **सर्पाणामस्मि वासुकिः** ॥ સર્પોમાં હું વાસુકિ છું. ૭ **महाक्रतुः** મહોટા ક્રતુ નામના યજ્ઞરૂપ. ૮ **महायज्वा** લોક સંગ્રહને માટે યજ્ઞો કરનાર હોવાથી મહાયજ્વા. ૯ **महायज्ञः** મહોટા યજ્ઞરૂપ. ત્યાં ગીતાનું વચન. ॥ **यज्ञानां जपयज्ञोऽस्मि** ॥ યજ્ઞોમાં જપ યજ્ઞ તે હું છું. ૮૦ **महाहविः** બ્રહ્મસ્વરૂપમાં સર્વ જગત્ તદ્રૂપથી હોમાય છે માટે મહાહવિરૂપ. ॥ ૭૨ ॥

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः ॥
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥७३॥
मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ॥
वसुप्रदो वासुदेवो वसुर्वसुमना हविः ॥७४॥
सद्गतिः सत्कृतिः सत्ता सद्भुतिः सत्परायणः ॥
सूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥७५॥

૧ **स्तव्यः** સ્તુતિ કરવા યોગ્ય. ૨ **स्तवप्रियः** સ્તતિ જેને પ્રિય છે એવા. ૩ **स्तोत्रं** સ્તોત્રરૂપ. ૪ **स्तुतिः** સ્તવન કરવાની ક્રિયારૂપ. ૫ **स्तोता** સ્તુતિ કરનાર હોવાથી રણપ્રિય. ૭ **पूर्णः** સર્વ કામ અને સર્વ શક્તિથી સંપન્ન હોવાથી પૂર્ણ. ૮ **पूरयिता** કેવલ પૂર્ણ છે એમ નહીં પણ સંપત્તિવડે સર્વનાં મનોરથ પૂરનાર. ૯ **पुण्यः** સ્મૃતિમાત્રથી પાપનો નાશ કરનાર. ૯૦ **पुण्यकीर्तिः** જેની કીર્તિ લોકોને પવિત્ર કરે છે એવા. ૧ **अनामयः** કર્મથી ઉત્પન્ન થયેલા અંદરના તથા બહારના વ્યાધિયોથી જે પીડાતા નથી તે અનામય.

मनोजवः સર્વમાં રહેનાર હોવાથી મનના સરખા વેગવાળા. **तीर्थकरः** ચઉદ વિદ્યા અને બહારની બીજી વિદ્યાઓના પ્રવક્તા અથવા સૃષ્ટિના આરંભમાં હયગ્રીવરૂપ ધારણ કરી, મધુકૈટભ નામના દૈત્યોને હણી બ્રહ્માને સર્વ શ્રુતિયો અને બીજી વિદ્યાઓનો ઉપદેશ કર્યો માટે તીર્થંકર. ॥ ૪ **वसुरेताः** સુવર્ણરૂપી જેનું વીર્ય છે એવા ॥ **अपएव ससर्जादौ तासुवीर्यमथासृजत् । तदण्डमभवद्धैमं सहस्रांशुसमप्रभम्** ॥ પરમાત્માએ પ્રથમ જલ ઉત્પન્ન કર્યું. અને તેની અંદર વીર્ય આરોપણ કર્યું. તે અંડ સુવર્ણનું અને અનન્ત સૂર્યની કાન્તિવાળું થયું. ૫ **वसुप्रदः** પરમેશ્વર સાક્ષાત્ ધનના અધ્યક્ષ છે અને બીજો કોઇ ધનાધ્યક્ષતો ઇશ્વિરની કૃપાથી થાય છે. સારી રીતે ધન આપનાર હોવાથી વસુપ્રદ કહેવાય છે. ૬ **वसुप्रदः** વસુ એટલે ઉત્તમ એવું મોક્ષરૂપી ફલ. અને તે ફલ ઇશ્વર ભક્તજનોને આપે છે માટે વસુપ્રદ કહેવાય છે. ભગવાનનું વસુપ્રદ એવું આ સ્થળે બીજું નામ છે અથવા અસુરોના દ્રવ્યને સારી રીતે ખંડન કરનાર હોવાથી વસુપ્રદ કહેવાય છે ૭. **वासुदेवः** વસુદેવના પુત્ર ૮ **वसुः** માયાથી પોતાનું સ્વરૂપ આચ્છાદન કરનારા. ૯ **वसुमनाः** સર્વ વિષયોમાં અભેદ મનવાળા ૭૦૦ **हविः** હુતદ્રવ્યરૂપ. એ પ્રમાણે આ સ્થળે શ્રીવિષ્ણુ ભગવાનનાં સાતસો નામ પુરાં થયાં. ॥ ૭૪ ॥

૧ **सद्गतिः** સન્ત પુરૂષોને પામવા યોગ્ય ત્યાં શ્રુતિ. ॥ **अस्ति ब्रह्मेति चेद्वद सन्तमेनं ततो विदुः** ॥ બ્રહ્મની સત્તા છે એમ જાણનારને સન્ત કહે છે અથવા શ્રેષ્ઠ જેની બુદ્ધિ છે એવા. ૨ **सत्कृतिः** જગતની ઉત્પત્તિ વગેરે લક્ષણવાળી ઉત્તમ જેની કૃતિ છે તે સત્કૃતિ. ૩ **सत्ता** પોતાની અન્દર સજાતીય વિજાતીય એવા ભેદ રહિત જે અનુભવ તેનું નામ સત્તા. ત્યાં શ્રુતિ. ॥ **एकमेवाद्वितीयं ब्रह्म** ॥ બ્રહ્મ એક અને અદ્વિતીય છે. ૪ **सद्भूतिः** ચૈતન્યરૂપ પરમાત્મા સર્વ પ્રાણિયોના આત્મભૂત હોવાથી સદ્ભૂતિ કહેવાય છે કારણ કે આત્મા શિવાય બીજી સર્વ પ્રતીતિનો બાધ છે. ૫ **सत्परायणः** સત્પુરૂષોના મહોટા સ્થાન

भूतावासो वासुदेवः सर्वासुनिलयो नलः ॥
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥७६॥
विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ॥
अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥७७॥
एकोऽनेकः सवः कः किं यत्तत्पदमनुत्तमम् ॥
लोकबन्धुर्लोकनाथो माधवो भक्तवत्सलः ॥७८॥

રૂપ. ૬ **शूरसेनः** રામાવતારમાં હનુમાન્ જેવા શૂર પુરૂષો જેની સેનાની અન્દર રહેલા છે તે શૂરસેન. ૮ **यदुश्रेष्ठः** સર્વ યાદવોમાં મુખ્ય. ૮ **सन्निवासः** વિદ્વાનોના આશ્રયરૂપ. ૯ **सुयामुनः** યમુનાને કાંઠે મંડળ વાળીને શોભાયમાન રીતે બેસનારા અથવા ગોપાળનો વેષ ધારણ કરી બ્રહ્મા વગેરે દેવ જેની પાસે રહેલા છે એવા. ॥ ૭૫ ॥

૧૦ **भूतावासः** પ્રાણિયો મુખ્ય કરીને જેની અન્દર રહેછે તે ભૂતાવાસ. હરિ વંશમાં લખ્યું છે કે ॥ **वसन्ति त्वयि भूतानि भूतावास स्ततोभवान्** ॥ તમારે વિષે પ્રાણિયો નિવાસ કરે છે માટે તમે ભૂતાવાસ કહેવાઓ છો. ૧ **वासुदेवः** માયા વડે જગતને આચ્છાદન કરનાર. ૨ **सर्वासुनिलयः** જીવરૂપ એવા જે આશ્રયની અન્દર સર્વ પ્રાણ રહે છે તે સર્વાસુનિલય. ૩ **अनलः** અપાર શક્તિવાળા ૪ **दर्पहा** ધર્મવિરૂદ્ધ માર્ગમાં રહેનારા લોકોનો ગર્વ નાશ કરનારા. ૫ **दर्पदः** ધર્મના માર્ગમાં રહેનારા લોકોને દર્પ આપનારા. ૬ **दृप्तः** પોતાના આત્મારૂપી અમૃતરસનો આનન્દ લેવાથી હર્ષ પામેલા. ૭ **दुर्धरः** સમાધિ વગેરેમાં પણ જેની ધારણા ઝટ થઇ શકતી નથી તથાપિ હજારો જન્મની ભાવનાથી કેટલાક લોકો જેને ધારણ કરી શકેછે એવા. ૮ **अपराजितः** અન્દરના રાગવગેરે શત્રુઓએ અને બહારના શત્રુઓએ જેનો પરાજય કર્યો નથી એવા. ॥ ૭૬ ॥

૯ **विश्वमूर्तिः** સર્વરૂપ હોવાથી સર્વ જગત્ જેની મૂર્તિ છે એવા. ૨૦ **महामूर्तिः** શેષનારાયણરૂપી પલંગ ઉપર સુવા વખતે મ્હોટી મૂર્ત્તિવાળા. ૧ **दीप्तमूर्तिः** જ્ઞાનવાળી અથવા પોતાની ઇચ્છાથી તેજવાળી જેની મૂર્ત્તિ છે એવા. ૨ **अमूर्त्तिमान्** કર્મ બન્ધનવાળી મૂર્ત્તિ વગરના. ૩ **अनेकमूर्त्तिः** અવતારોમાં પોતાની ઇચ્છાથી લોકોને ઉપકાર કરનારી જેની ઘણી મૂર્ત્તિયો જોવામાં આવે છે એવા. ૪ **अव्यक्तः** જો કે ભગવાન્‌ની ઘણી મૂર્ત્તિયો છે તથાપિ આ ભગવાન્ આવાજ છે એમ જે સ્પષ્ટ થતા નથી તે અવ્યક્ત. ૫ **शतमूर्त्तिः** નાના પ્રકારના વિકલ્પથી થયેલી અનન્ત મૂર્ત્તિવાળા. ૬ **शताननः** અનન્ત મુખવાળા. ॥ ૭૭ ॥

૭ **एकः** પરમાર્થથી જોતાં સજાતીય વિજાતીય એવો કોઇ પણ પ્રકારનો જેની અન્દર ભેદ નથી તે એક. ૮ **नैकः** માયાએ કરીને ઘણા પ્રકારના રૂપવાન્ હોવાથી નૈક. ૯ **सवः** સોમવલ્લી જેની અન્દર ખાંડવામાં આવે છે એવોજ અધ્વર (યજ્ઞ) તે સવ કહેવાય છે. ૩૦ **कः** સુખકરનાર. ત્યાં શ્રુતિ ॥ **कंब्रह्म** ॥ **क** એવું બ્રહ્મનું નામ છે. ૧

सुवर्णवर्णो हेमाङ्गो वराङ्गश्चन्दनाङ्गदी ॥
विरहा विषमः शून्यो घृताशीरचलश्चलः ॥७९॥
अमानी मानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ॥
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥८०॥

किम् સર્વ પુરૂષાર્થ રૂપ હોવાથી બ્રહ્મજ વિચાર કરવા યોગ્ય છે માટે **किम्** કહેવાય છે. ૨ **यत्** સ્વતઃ સિદ્ધ વસ્તુનો વાચક યત્‌શશબ્દ છે. તે ઉપરથી બ્રહ્મનો નિર્દેશ થાય છે. ત્યાં શ્રુતિ. ॥ **यतोवा इमानि भूतानि जायन्ते** ॥ જે ઇશ્વર થકી આ સર્વે પ્રાણી ઉત્પન્ન થાય છે. ૩ **तत्** વિસ્તાર કરે તે તત. ભગવાનનું વચન છે કે ॥ **ॐ तत्सदिति निर्देशोब्रह्मणस्त्रिविधः स्मृतः** ॥ **ॐ तत्सत्** એ ત્રણ પ્રકારે બ્રહ્મનો નિર્દેશ કરેલો છે. ૪ **पदं अनुत्तमं** મુમુક્ષુ પુરૂષો જેને પામે છે એવા. પદ અને અનુત્તમ, એ બે મળીને એકજ નામ છે. ૫ **लोकबन्धु** આધારભૂત એવા જેની અંદર લોકો બંધાય છે તે લોકબન્ધુ અથવા લોકોને ઉત્પન્ન કરે છે માટે પિતારૂપ છે અને પિતા જેવો જગત્‌માં કોઇ બન્ધુ નથી માટે લોક બન્ધુ. ૬ **लोकनाथः** લોકો જેની યાચના કરે છે એવા અથવા લોકોના ઇશ્વર. ૭ **माधवः** મધુનામવાળા કુલમાં ઉત્પન્ન થયેલા ૮ **भक्तवत्सलः** ભક્તોના ઉપર સ્નેહવાળા. ॥ ૭૮ ॥

૯ **सुवर्णवर्णः** સોના જેવા વર્ણવાળા. ૪૦ **हेमाङ्गः** હેમ સરખુ જેનું શરીર છે. એવા ત્યાં શ્રુતિ. ॥ **यः एषः अन्तरादित्यः हिरणमयः पुरुषः** ॥ જે આ અન્તરાદિત્ય અને હિરણ્મય પુરૂષ છે ૧ **वराङ्गः** શોભાયમાન અંગવાળા. ૨ **चन्दनाङ्गदी** ચન્દનની પેઠે આનન્દ આપનારા કેયૂરવડે શોભિત થયેલા. ૩ **वीरहा** ધર્મ રક્ષણ કરવા માટે મહોટા અસુરોને હણનારા. ૪ **विषमः** સર્વથી વિલક્ષણ હોવાને લીધે જેની તુલ્ય કોઇ નથી તે વિષમ ત્યાં ગીતાનું વચન. ॥ **न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यः** ॥ તમારી તુલ્ય કોઇ નથી તો પછી તમારાથી અધિક કયાંથી હોય. ૫ **शून्यः** સર્વ પ્રકારના ભેદથી રહિત હોવાથી શૂન્યની પેઠે જણાય છે માટે શૂન્ય. ૬ **अघृताशीः** જેની પ્રાર્થનાઓ નાશ પામેલી છે એવા. ૭ **अचलः** કોઇપણ પ્રકારના ચલન વગરના. ૮ **चलः** કીર્તન કરેલા અચ્યુત વાયુ રૂપે ચલાયમાન થાય છે માટે ચલ. ॥ ૭૯ ॥

૯ **अमानी.** અનાત્મ વસ્તુમાં અભિમાનથી રહિત. ૫૦ **मानदः**– તત્વજ્ઞાનીને પોતાના આત્માનું અભિમાન આપનારા અથવા અભક્ત પુરૂષોનું માન ખંડન કરનારા. ૧ **मान्यः** સર્વના ઇશ્વર હોવાથી સર્વને પૂજવા યોગ્ય. ૨ **लोकस्वामी** ચઉદ લોકના ઇશ્વર હોવાથી લોકસ્વામી. ૩ **त्रिलोकधृक्.** ત્રણ લોકને ધારણ કરનારા. ૪ **सुमेधा** શોભાયમાન બુદ્ધિવાળા. ૫ **मेधजः** મેધ એવું અધ્વર નામના યજ્ઞનું નામછે. તે અધ્વરમાં ઉત્પન્ન થનારા. ૬ **धन्यः** કૃતાર્થ. ૭ **सत्यमेधाः** સત્ય બુદ્ધિવાળા. ૮ **धराधरः** શેષનારાયણ વગેરે પોતાના સઘળા અંશોવડે પૃથ્વીને ધારણ કરનારા. ॥ ૮૦ ॥

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतांवरः
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृंगो गदाग्रजः ॥८१॥
चतुर्मूर्त्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ॥
चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥८२॥
समावर्त्तो निवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ॥
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥८३॥

૯ **तेजोवृषः** નિરન્તર સૂર્યરૂપે કરીને કાન્તિની વૃષ્ટિ કરેછે માટે તેજોવૃષ. ૬૦ **द्युतिधरः** અંગમાં રહેલી કાન્તિને ધારણ કરનાર, ૧ **सर्वशस्त्रभृतांवरः** સર્વ શસ્ત્રધારિયોમાં શ્રેષ્ઠ. ૨ **प्रग्रहः** ભકતોએ આપેલા પત્ર પુષ્પવગેરેને ગ્રહણ કરનાર હોવાથી પ્રગ્રહ કહેવાય છે. ૩ **निग्रहः** પોતાના આધીનપણાથી સર્વને વશ રાખનાર. ૪ **व्यग्रः** નાશરહિત અથવા ભકતોનો અનુગ્રહ કરવામાં વ્યગ્રથયેલા. ૫ **नैकशृङ्गः** જેને એક શૃંગ નથી એવા. ત્યાં શ્રુતિ ॥ **चत्वारि शृङ्गास्त्रयो अस्यपादाः** ॥ ચાર જેને શૃંગછે અને ત્રણ પગ છે. આમંત્રના ઘણા અર્થ થાય છે પણ વિસ્તારને લીધે અહિં લખતા નથી. ૬ **गदाग्रजः** મંત્રવડે પ્રથમ ઉત્પન્ન થનારા અથવા ગદ એવા નામનો શ્રીકૃષ્ણનો નાનો ભાઇ હતો તેના અગ્રજ એટલે મહોટા ભાઈ તે ગદાગ્રજ. ॥ ૮૧ ॥

૭ **चतुर्मूर्तिः** વિરાટ્, સૂત્રાત્મા, પ્રાકૃત અને તુરીય, એવી ચાર મૂર્તિ ધારણ કરનારા. **चतुर्बाहुः** ચાર હાથવાળા. ૯ **चतुर्व्यूहः** પુરૂષછન્દ, પુરૂષ, વેદપુરૂષ અને મહાપુરૂષ, એ પ્રમાણે ઋગ્વેદના ઉપનિષદ્‌માં કહેલા ચાર પુરૂષો જેને વ્યૂહરૂપે છે તે ચતુર્વ્યૂહ. ૭૦ **चतुर्गतिः** ધર્મશાસ્ત્ર પ્રમાણે ચાલનારા ચાર વર્ણ અને ચાર આશ્રમની ગતિરૂપ. ૧ **चतुरात्मा** રાગ દ્વેષાદિથી, રહિત હોવાને લીધે જેનો આત્મા ચતુર છે એવા અથવા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવા ચારરૂપ હોવાથી ચતુરાત્મા. ૨ **चतुर्भावः** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરૂષાર્થ જે થકી ઉત્પન્ન થાય છે તે ચતુર્ભાવ. ૩ **चतुर्वेदवित्** ચાર વેદનો સારી રીતે અર્થ જાણનાર. ૪ **एकपात्** એક પગવાળા. ત્યાં શ્રુતિ ॥ **पादोऽस्य विश्वाभूतानि** ॥ સમગ્ર પ્રાણી ભગવાનનો એક પાદ છે. સ્મૃતિ પણ આ અર્થમાં છે કે ॥ **विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितोजगत्** ॥ ભગવાન્ કહે છે કે હું એક અંશથી આ સર્વ જગતને ધારણ કરીને રહ્યો છું. ॥ ૮૨ ॥

૫ **समावर्त्तः** સંસાર ચક્રને સારી રીતે ફેરવનાર ૬ **आनिवृत्तात्मा** સર્વ ઠેકાણે વર્તમાન હોવાથી જેનો આત્મા નિવૃત્ત થયેલો નથી એવા. ૭ **दुर्जयः** કોઇથી પણ જિતાઇ શકાય નહિં એવા. ૮ **दुरतिक्रमः** જેની આજ્ઞા કોઇ ઉલ્લંઘન કરી શકતું નથી એવા. ॥ **भयादस्याग्नि स्तपति भयांन्तपति सूर्य्यः** ॥ **भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः** ॥ આ ઇશ્વરના ભયથી અગ્નિ પ્રજ્વલિત થાય છે, એ ઇશ્વરના ભયથી સૂર્ય તપે છે અને એના ભયથી ઇન્દ્ર વાયુ અને પાંચમો મૃત્યુ પણ ગતિ કરેછે. ૯ **दुर्लभः**-દુર્લભ

शुभाङ्गो लोकसारंगः सुतंतुस्तन्तुवर्धनः ॥
इन्द्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥८४॥
उद्भवः सुन्दरः सुन्दो रत्ननाभः सुलोचनः ॥
अर्को वाजसनः शृङ्गी जयन्तः सर्वविज्जयी ॥८५॥
सुवर्णबिन्दुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ॥
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥८६॥

એવી ભક્તિથી મળે છે માટે દુર્લભ ॥ **जन्मान्तर सहस्रेषु तपोज्ञानसमाधिभिः । नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥** હજારો જન્મમાં તપ, જ્ઞાન અને સમાધિવડે જેનાં પાપ નાશ પામેલાં છે એવા પુરૂષોને કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. એવું વ્યાસનું વચન છે. ગીતામાં પણ ભગવાનનું વચન છે કે ॥ **भक्त्या लभ्यस्त्व नन्यया ॥** હું અનન્યભક્તિથી પામી શકાઉં છું ૮૦ **दुर्गमः** દુઃખથી જાણી શકાય એવા ૧ **दुर्गः** દુઃખથી પમાય એવા. ૨ **दुरावासः** સમાધિમાં યોગી પુરૂષોએ ચિત્તની અન્દર દુઃખથી પામી શકાય એવા. ૩ **दुरारिहा** દાનવ વગેરેને હણુનારા. ॥ ૮૩ ॥

शुभाङ्गः શોભાયમાન અંગોથી ધ્યા[ન] કરવા યોગ્ય હોવાથી શુભાઙ્ગ ૫ **लोकसारङ्गः** લોકનો સાર ગ્રહણ કરાવનારા. ત્યાં શ્રુતિ. ॥ **प्रजापति र्लोकानभ्यतपत् ॥** પ્રજાપતિ લોકોને તાપ પમાડતા હવા અથવા લોકોની જે બુદ્ધિમત્તા તેણે કરીને પામવા યોગ્ય. ૬ **सुतन्तुः** વિસ્તાર પામેલો જેનો પ્રપંચ છે એવા. ૭ **तन्तुवर्धनः** પ્રપંચનું છેદન કરનારા. ૮ **इन्द्रकर्म्मा** ઇન્દ્રના જેવા ઐશ્વર્યવાળા. ૯ **महाकर्म्मा** આકાશ વગેરે પંચ મહાભૂત જેનાં મહોટાં કાર્ય છે એવા. ૯૦ **कृतकर्म्मा** જેને કોઈ બાકી રહેલું કર્તવ્ય કર્મ નથી તે કૃતકર્મા અથવા ધર્મ રૂપી કાર્ય જેણે કરી મુકેલું છે એવા, ૧ **कृतागमः** વેદરૂપ આગમ જેણે રચેલો છે એવા. ॥ ૮૪ ॥

૨ **उद्भवः** ઉત્કૃષ્ટ જન્મને પોતાની ઇચ્છાથી ધારણ કરનારા અથવા સર્વના કારણરૂપ હોવાથી જેને જન્મ નથી તે ઉદ્ભવ. ૩ **सुन्दरः** સર્વ જગત્ કરતાં અત્યન્ત સોભાગ્યમાન. ૪ **सुन्दः** દયાના સમુદ્ર. ૫ **रत्ननाभः** રત્ન શબ્દનો શોભા એવો અર્થ થાય છે. રત્નની પેઠે સુન્દર નાભિવાળા. ૬ **सुलोचनः** સુન્દર નેત્ર અથવા સુન્દર નેત્રવાળા તે સુલોચન. **अर्कः** અત્યન્ત પૂજ્ય એવા બ્રહ્માદિક પણ જેની પૂજા કરે છે તે અર્ક. ૮ **वाजसनः** યાચકોને અન્ન આપનાર. ૯ **शृङ्गी** પ્રલયના જલમાં મત્સ્યાવતાર ધારણ કરી માથે શીંગડું ધારણ કરનારા. ૮૦૦ **जयन्तः** મહોટા શત્રુઓને સારી રીતે જિતનારા અથવા જયના કારણરૂપ તે જયન્ત. ૧ **सर्वविज्जयी** સર્વને જાણનાર તે સર્વવિત્ અને અન્દરના રાગાદિક શત્રુઓને તથા બહારના હિરણ્યાક્ષ વગેરે શત્રુઓને જિતનારા. **सर्ववित्** અને **जयी,** એ બે શબ્દ મળીને એકજ નામ સમજવું. ॥ ૮૫ ॥

૨ **सुवर्ण बिन्दुः** સુવર્ણ જેવા અવયવ વાળા. ત્યાં શ્રુતિ, ॥ **आ प्रनखात् सर्व एव सुवर्णः ॥** નખશિખ પર્યન્ત સર્વ સુવર્ણમય મૂર્ત્તિવાળા. અથવા સારા અક્ષર અને

कुमुदः कुन्दरः कुन्दः पर्जन्यः पावनोऽनिलः ॥

अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥८७॥

બિન્દુ જે મંત્રની અન્દર રહેલા છે તેવા મંત્રના સ્વરૂપવાળા. ૩ **अक्षोभ्यः** રાગ દ્વેષાદિવડે અને શબ્દાદિ પંચવિષયોવડે તથા દેવતાઓના શત્રુવડે જે ક્ષોભ પામતા નથી તે અક્ષોભ્ય. ૪ **सर्ववागीश्वरेश्वरः** બ્રહ્માદિકોના પણ ઈશ્વર. ૫ **महाह्रदः** જેના આનન્દને પામી યોગિયો મહાસુખમાં રહે છે તે મહાહ્રદ. ૬ **महागर्त्तः** મ્હોટા ખાડાની પેઠે જેની માયા ઉલ્લંઘન કરવાને ઘણી કઠણ છે તે મહાગર્ત. ॥ **मम माया दुरत्यया** ॥ માયા તરવી ઘણી કઠિન છે, આવું ભગવાનનું વચન છે. અથવા નિરૂક્તમાં (ગર્ત) શબ્દનો અર્થ રથ એવો કરેલો છે માટે મહાગર્ત એટલે મહારથી ભારત વગેરેમાં ભગવાનનું મહારથીપણું પ્રસિદ્ધ છે. ૭ **महाभूतः** ત્રણ કાલમાં જેનું સ્વરૂપ બાધ નથી પામતું તે મહાભૂત. ૮ **महानिधिः** સર્વે પ્રાણી જેની અન્દર રહેછે તે નિધિ કહેવાય. અને મ્હોટા એવા જે નિધિ તે મહાનિધિ. ॥ ૮૬ ॥

૯ **कुमुदः** પૃથ્વીનો ભાર ઉતારીને આનન્દ પામનારા. ૧૦ **कुन्दरः** મોગરાના પુષ્પો જેવાં શુદ્ધ ફલ આપનારા અથવા શુદ્ધ ફલ ગ્રહણ કરનારા. અથવા.॥ **कु धरां दारयामास हिरण्याक्ष जिघांसया ॥ वाराहं रूपमास्थाय ।** હિરણ્યાક્ષ નામના અસુરને મારવા માટે વારાહરૂપ ધારણ કરી પૃથ્વીનું જેણે વિદારણ કર્યું તેથી કુન્દર એવું વિષ્ણુનું નામ છે. **कुन्दः** મોગરાના પુષ્પ જેવું સ્વચ્છ શરીર હોવાથી કુન્દ. અથવા ॥ **निःक्षत्रियां यश्च चकार मेदिनीमनेकशोबाहुवनं तथाच्छिनत् । यः कार्त्तवीर्यस्य स भार्गवोत्तमः ॥** જે વિષ્ણુએ પરશુરામ અવતાર ધારણ કરી અનેક વખત ક્ષત્રિયો વગરની પૃથ્વી કરી અને કાર્તવીર્ય રાજાના હાથનું વન કાપી નાખ્યું તે ભાર્ગવમાં ઉત્તમ છે. આ ઉપરથી **कु** એટલે પૃથ્વીના રાજાઓ, એવો અર્થ કરવો અથવા **कु** એટલે પૃથ્વી, તે પરશુરામે કશ્યપને આપી માટે કુન્દ. ત્યાં હરિવંશનું વચન. ॥ **सर्वपाप विशुद्ध्यर्थं वाजिमेधेन चेष्टवान् । तस्मिन् यज्ञे महादाने दक्षिणां भृगुनन्दनः । मारीचाय ददौ प्रीतिः कश्यपाय वसुन्धराम् ॥** સર્વ પાપની વિશુદ્ધિ માટે પરશુરામે અશ્વમેધ કર્યો. તે યજ્ઞમાં પ્રસન્ન થઈ મરીચિના પુત્ર કશ્યપને પૃથ્વીનું દાન કર્યું. ૨ **पर्जन्यः** આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક, એવા ત્રણ તાપને મટાડનારા અથવા સર્વ મનોરથની વૃષ્ટિ કરનારા ૩ **पवनः** સ્મરણ માત્રથી પવિત્ર કરનારા. ૪ **अनिलः** નિત્ય પ્રબુદ્ધ સ્વરૂપવાળા. ૫ **अमृतांशः** સ્વાત્મારૂપી અમૃતથી તૃપ્ત થનારા અથવા મથન કરેલું અમૃત દેવોને પાન કરાવી પોતે પાન કરનારા અથવા અવિનાશી આશાવાળા. ૬ **अमृतवपुः** મરણ રહિત શરીરવાળા. ૭ **सर्वज्ञः** સર્વને જાણનાર. ૮ **सर्वतोमुखः** સર્વ તરફ મુખવાળા. ત્યાં ભગવાનનું વચન છે. ॥ **सर्वतोऽक्षिशिरोमुखः** ॥ ચારે તરફ આંખ, શિર, અને મુખ જેને વિદ્યમાન છે એવા. ॥ ૮૭ ॥

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ॥
न्यग्रोधोदुम्बरोऽश्वत्थश्चाणूरान्ध्रनिषूदनः ॥८८॥

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ॥
अमूर्तिरनघोऽचिन्त्यो भयकृद्भयनाशनः ॥८९॥

૯ **सुलभः** કેવલ ભક્તિથી અર્પણ કરેલાં પત્ર પુષ્પ અને ફલ વગેરેથી સુખે કરીને મળીશકે એવા. ૨૦ **सुव्रतः** સારાવ્રતવાળા. ૧ **सिद्धः** જેની સિદ્ધિ કોઇને આધીન નથી એવા. ૨ **शत्रुजित** દેવોના શત્રુઓને જિતનારા. ૩ **शत्रुतापनः** દેવોના શત્રુઓને તાપ પમાડનારા. ૪ **न्यग्रोधः** સર્વના ઉપર રહેનાર અથવા સર્વ પ્રાણીપ્રત્યે પોતાની માયાનો વિસ્તાર કરનાર ૫ **उदुम्बरः** કારણરૂપ અથવા વિશ્વનું પોષણ કરનાર. ૬ **अश्वत्थ** પીંપળના સ્વરૂપવાળા **ऊर्ध्वमूलोर्वाक्शाख एवाश्वत्थः सनातनः ॥** ઉંચા મૂળવાળો અને નીચે શાખાવાળો ઇશ્વરરૂપ સનાતન પિંપળો છે. આ પ્રમાણે શ્રુતિ છે. ગીતામાં પણ લખ્યું છે કે ॥ **ऊर्ध्वमूलमधः शाखमश्वत्थं प्राहुरव्ययम् ॥** ઊંચા મૂળવાળો અને નીચે શાખાવાળો અવિનાશી પીંપળો છે, એમ વિદ્વાનો કહે છે. ૭ **चाणूरान्ध्रनिषूदनः** ચાણુરનામના આન્ધ્રને નાશ કરનારા. ॥ ૮૮ ॥

૮ **सहस्रार्चिः** અનન્ત કિરણવાળા. ૯ **सप्तजिह्वः** સાતજીભવાળા. ત્યાં શ્રુતિ. ॥ **काली करालीच मनोजवाच सुलोहिता या च सुधूम्रवर्णा । स्फुलिंगिनी विश्वरुचिश्चदेवी लेलीयमाना इति सप्तजिह्वा ॥** કાલી, કરાલી, મનોજ્વા, સુલોહિતા, સુધૂમ્રવર્ણા, સ્ફુલિંગિની અને વિશ્વરૂચિ, એવી પ્રકાશમાન સાત નામવાળી શોભાયમાન જીભ છે. ૩૦ **सप्तैधाः** સાત પ્રકારની દીપ્તિવાળા અગ્નિસ્વરૂપ. ત્યાં શ્રુતિ. ॥ **सप्तते अग्ने समिधः सप्तजिह्वाः ॥** હે અગ્ને ! તમારાં સાત સમિધ્ છે અને તમારી સાત જીભ છે. ૧ **सप्तवाहनः** સાત ઘોડા જેનાં વાહન છે એવા અથવા સપ્તનામ વાળો એક અશ્વ જેનું વાહન છે એવા ત્યાં શ્રુતિ ॥ **एको अश्वो वहति सप्त नाम ॥** એક અશ્વ સપ્તનામ ધારણ કરે છે. ૨ **अमूर्त्तिः** મૂર્ત્તિ રહિત અથવા દેહના અવયવોથી રહિત તે અમૂર્તિ. ૩ **अनघः** દુઃખ અને પાપ જેને વિદ્યમાન નથી તે અનઘ. ૪ **अचिन्त्यः** સર્વ પ્રમાણ ને અગોચર હોવાથી અચિન્ત્ય અથવા આ પરમાત્મા આવા છે, એમ સર્વ જગતથી વિલક્ષણ હોવાને લીધે ચિન્તવન કરવાને અશક્ય તે અચિન્ત્ય. ૫ **भयकृत्** અભક્ત પુરૂષોને ભય કરનારા અથવા ભક્તોના ભયને કાપનારા. ૬ **भयनाशनः** વર્ણાશ્રમના આચારવાળા પુરૂષોનો ભય નાશ કરનાર ॥ **वर्णाश्रमाचारवता पुरुषेण परः पुमान् । विष्णुराराध्यते पन्था नान्यस्तत्तो षकारकः ॥** વર્ણ અને આશ્રમના આચારવાળા પુરૂષથી પરમાત્મા વિષ્ણુનું આરાધન થાય છે. અને વર્ણાશ્રમનો માર્ગ એજ વિષ્ણુને પ્રસન્ન કરનારો છે. ॥ ૮૯ ॥

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ॥
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥९०॥
भारभृत् कथितो योगी योगीशः सर्वकामदः
आश्रमः श्रमणः क्षामः सुपर्णो वायुवाहनः ॥९१॥

अणुः વધારે સૂક્ષ્મહોવાથી અણુરૂપ. ત્યાં શ્રુતિ. ॥ **एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ॥** ચિત્તથી આ અણુ આત્મા જાણવા યોગ્ય છે. ૮ **बृहत्** ઘણા મ્હોટા સ્વરૂપવાળા. ત્યાં શ્રુતિ. ॥ **महतोमहीयान्** ॥ પરમાત્મા મ્હોટાથી પણ મ્હોટા છે. ૯ **कृशः** સર્વ દ્રવ્યનો જેમાં પ્રતિષેધ છે તે કૃશ કહેવાય છે. ૪૦ **स्थूलः** સર્વાત્મા હોવાથી સ્થૂલ કહેવાય છે. ૧ **गुणभृत्** સત્ત્વ રજ અને તમોગુણનાં જે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયરૂપ કર્મ, તેના અધિષ્ઠાતા હોવાથી ગુણભૃત્ ૨ **निर्गुणः** પરમાર્થથી જોતાં ગુણોનો અભાવ છે માટે નિર્ગુણ. ત્યાં શ્રુતિ. **साक्षी चेता केवलो निर्गुणश्च** ॥ ૩ **महान्** જે પરમાત્મા શબ્દાદિ ગુણથી રહિત છે, ઘણા સૂક્ષ્મ છે, અને સર્વ લોકો જેને નિત્ય અને શુદ્ધ માને છે માટે તર્કથી જોતાં પણ જેને કોઈ જાતનું પ્રતિબંધક કર્મ નથી તેથી મહાન્ કહેવાય છે. ૪ **अधृतः** પૃથ્વી વગેરેના ધારક હોવાથી અને જેને કોઇ પણ ધારણ કરી શકતું નથી માટે અધૃતઃ ૫ **स्वधृतः** પોતાના આત્માથીજ ધારણ કરેલા. ૬ **स्वास्यः** કમલસરખા મુખવાળા અથવા ચાર પુરૂષાર્થનો ઉપદેશ કરવા માટે જેના મુખમાંથી વેદના અર્થરૂપી મ્હોટો શબ્દનો સમૂહ નિકળેલો છે એવા. **प्राग्वंशः** સર્વના પ્રથમવંશરૂપ. ૮ **वंशवर्धनः** પ્રપંચનો વધારો કરનારા. ॥ ૯૦ ॥

૯ **भारभृत्** શેષનારાયણના રૂપે કરીને પૃથ્વીનો ભાર ધારણ કરનાર. ૫૦ **कथितः** વેદવગેરેએ આ પરમાત્માનેજ પરરૂપે કહેલા છે માટે કથિત અથવા સર્વ વેદોએ કહેલા. ત્યાં સ્મૃતિ. ॥ **वेदेरामायणे पुण्ये भारते भरतर्षभ** ॥ **आदौ मध्ये तथा चान्ते विष्णुः सर्वत्र गीयते** ॥ વેદમાં, પવિત્ર એવા રામાયણ અને ભારતમાં, હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! આદિ મધ્ય અને અન્તને વિષે સઘળે ઠેકાણે વિષ્ણુની કીર્ત્તિ ગવાય. છે. ૧ **योगी** ભગવદ્ગીતામાં **इन्द्रियेभ्यः पराह्यर्थाः** એ શ્લોકથી આરંભીને **पुरुषान्नपरं किंचित्** એ શ્લોકસુધી જે યોગ કહેલો છે. તેથકી પમાય છે માટે યોગી. અથવા યોગ એટલે સમાધિ તે પોતાના આત્માની અન્દર જે નિરન્તર રાખે છે તે યોગી કહેવાય છે. ૨ **योगीशः** બીજા યોગીઓ વિઘ્નોથી હણાય છે પણ ઇશ્વર પરમાત્મા તેમ હણાતા નથી માટે યોગીશ. ૩ **सर्वकामदः** સર્વ કામ આપનાર અથવા સર્વ કામ ભક્ષણ કરનાર. ૪ **आश्रमः** સંસારરૂપી અરણ્યમાં ભ્રમણ કરનારા જે સર્વે આશ્રમવાસી તેઓના વિશ્રામના સ્થાનરૂપ. ૫ **श्रमणः** અવિવેકી પુરૂષોને સંતાપ પમાડનારા. ૬ **क्षामः** સર્વ કામના ક્ષીણ કરનાર. ૭ **सुपर्णः** ઇશ્વરને જ્યારે સંસારરૂપી વૃક્ષનું રૂપક આપવામાં આવે છે ત્યારે છન્દરૂપી જેનાં પાંદડાં છે એવા ઇશ્વિર કહેવાય છે. ત્યાં ગીતાનું વચન છે, ॥ **छन्दांसि यस्य पर्णानि** ॥ છન્દ જેનાં પાંદડાં છે. ૮ **वायुवाहनः** જે ઇશ્વરના ભયથી વાયુ પોતે પ્રાણિયોનું વહન કરે છે તે વાયુવાહન કહેવાય છે. ॥ ૯૧ ॥

धनुर्धरो धनुर्वेदो दण्डो दमयिता दमः
अपराजितः सर्वसहो नियन्ता नियमो यमः ॥९२॥
सत्यवान् सात्विकः सत्यः सत्यधर्मपरायणः ॥
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥९३॥
विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ॥
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥९४॥

૯ **धनुर्धरः** રામાવતારમાં ધનુષ્ ધારણ કરનારા. ૬૦ **धनुर्वेदः** રામાવતારમાં ધનુર્વેદ જાણનારા. ૧ **दण्डः** પ્રસિદ્ધ દંડસ્વરૂપ. ૨ **दमयिता** યમરાજના રૂપથી અને રાજા વગેરેના રૂપથી પ્રજાઓનું દમન કરનાર. ૩ **दमः** દમન કરવાને યોગ્ય એવા પુરૂષોની અન્દર દંડના કાર્યનું જે ફલ તે પણ ઇશ્વરરૂપ છે. ૪ **अपराजितः** સર્વ કર્મની અન્દર સમર્થ હોવાથી શત્રુઓએ જેનો પરાજય કરેલો નથી તે અપરાજિત. ૫ **सर्वसहः** સર્વ શત્રુઓને સહન કરનાર. ૬ **नियन्ता** સર્વ લોકોની પોતપોતાના કાર્યની અન્દર વ્યવસ્થાથી રાખનાનાર. ૭ **अनियमः** જેને કોઇ નિયતિ નથી તે અનિયમ. ૮ **अयमः** સર્વ જગતના નિયન્તાની ઉપર બીજો કોઇ નિયન્તા નથી માટે જેને યમ એટલે મૃત્યુ નથી તે અયમ. ॥૯૨॥

૯ **सत्त्ववान्** સૌર્ય વગેરે સત્ત્વ જેને વિદ્યમાન છે તે સત્વવાન્. ૭૦ **सात्त्विकः** સત્ત્વગુણમાં પ્રધાનપણાથી રહેલા. ૧ **सत्यः** સત્પુરૂષોમાં શ્રેષ્ઠ. ૨ **सत्यधर्मपरायणः** યથાર્થ કથનરૂપી ધર્મમાં અને વિધિરૂપ જે શ્રુતિયોએ ધર્મ કહેલો છે તેમાં નિરન્તર રહેનાર હોવાથી સત્યધર્મપરાયણ. ૩ **अभिप्रायः** પુરૂષાર્થની ઇચ્છાવાળા જેને પામે છે તે અથવા પ્રલયકાલમાં જેને વિષે જગત્ લય થાય છે તેથી અભિપ્રાય. ૪ **प्रियार्हः** પ્રિય વસ્તુ અર્પણ કરવાને યોગ્ય તે પ્રિયાર્હ. ॥ **यद्यदिष्टतमं लोके यच्चास्य दयितं गृहे । तत्तद्गुणवते देयं तदेवाक्षयमिच्छता** ॥ લોકમાં જેજે અત્યન્ત ઇષ્ટ વસ્તુ છે અને પુરૂષો પોતાના ઘરની અન્દર જેજે પ્રિય વસ્તુ છે તેતે વસ્તુનું જો અક્ષય ફલ ઇચ્છતું હોય તો તે વસ્તુ ગુણવાન્ સુપાત્રને આપવી. **अर्हः** સ્વાગત, આસન, પ્રશંસા. અર્ઘ્ય,પાદ્ય, સ્તુતિ અને નમસ્કાર વગેરે પૂજાનાં સાધનોથી પૂજવા યોગ્ય. ૬ **प्रियकृत्** સ્તુતિ વગેરેથી ભજન કરનારાઓનું પ્રિય કરનાર. ૭ **प्रीतिवर्धनः** ભક્તજનોને પ્રીતિ વધારનાર. ॥ ૯૩ ॥

विहायसगतिः આકાશ જેનો આશ્રય છે એવા. ૯ **ज्योतिः** પોતાની મેળે પ્રકાશ પામનારા. ૮૦ **सुरुचिः** સુન્દર કાન્તિ અથવા ઇચ્છાવાળા. ૧ **हुतभुग्विभुः** સમસ્ત દેવતાઓના ઉદ્દેશથી પ્રવર્ત્તેલાં કર્મોમાં હુત દ્રવ્ય ભક્ષણ કરનારા. ૨ **विभुः** તે પરમેશ્વર સર્વ ઠેકાણે રહીને ત્રણ લોકના વ્યાપક હોવાથી વિભુ કહેવાય છે. ૩ **रविः** રસોને ગ્રહણ કરનારા સૂર્યરૂપ. ૪ **विरोचनः** નાના પ્રકારની રૂચિવાળા. ૫ **सूर्यः** લક્ષ્મીને ઉત્પન્ન કરનારા સૂર્યરૂપ અથવા અગ્નિરૂપ. ૬ **सविता** સર્વ જગત્ ઉત્પન્ન કરનારા. વિષ્ણુ ધર્મોત્તરમાં લખ્યું છે કે ॥ **रसानां चातपादानाद्रविरित्यभिधीयसे । प्रजानां त्वं प्रसवना त्सवितेति निगद्यसे** ॥ તડકાવડે રસોનું ગ્રહણ કરવાથી તમે રવિરૂપ કહેવાઓ છો અને

अनन्तो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥९५॥
सनात्सनातनतमः कपिलः कपिरव्ययः ॥
स्वस्तिदः स्वस्तिकृत्स्वस्तिस्वस्तिभुक्स्वस्तिदक्षिणः ॥९६॥

પ્રજાઓને ઉત્પન્ન કરો છો માટે તમે સવિતા કહેવાઓ છો ૭ **रविलोचनः** રવિ જેનું નેત્ર છે એવા. ત્યાં શ્રુતિ. ॥ **अग्निर्मूर्धा चक्षुषीचन्द्रसूर्यौ** ॥ અગ્નિ જેનું મસ્તક છે અને ચન્દ્ર સૂર્ય જેનાં નેત્ર છે. ॥ ૯૪ ॥

૮ **अनन्तः** નિત્ય અને સર્વમાં રહેનાર હોવાથી જેમાં દેશકાલનો કાંઇ વિભાગ નથી તે અનન્ત. અથવા શેષરૂપ. ૯ **हुतभुक्** હોમેલા દ્રવ્યનું ભક્ષણ કરનાર. ૯૦ **भोक्ता** પ્રકૃતિને ભોગવનાર અથવા જગતનું પાલન કરે છે માટે ભોક્તા. ૧ **असुखदः** ભકતોને મોક્ષરૂપી સુખ આપનાર અને અસુખનું ખંડન કરનાર તે અસુખદ. ૨ **अनेकजः** ધર્મનું રક્ષણ કરવાને વારંવાર ઉત્પન્ન થનાર. ૩ **अग्रजः** પ્રથમ ઉત્પન્ન થનાર હિરણ્યગર્ભ રૂપ. ત્યાં શ્રુતિ. ॥ **हिरण्यगर्भः समवर्त्तताग्रे** ॥ હિરણ્યગર્ભ પ્રથમ હતા ૪ **अनिर्विण्णः** જેના સર્વ મનોરથ પૂર્ણ હોવાથી અને જેને કોઇ બીજી પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ નહિં હોવાથી પૂર્ણ કામ છે તે અનિર્વિણ્ણ. ૫ **सदामर्षी** સાધુ પુરૂષોને નિરન્તર ક્ષમા આપનાર. ૬ **लोकाधिष्ठानं** જેને આધારે ત્રણલોક રહેલા છે એવું જે બ્રહ્મ તે લોકાધિષ્ઠાન. ૭ **अद्भुतः** અદ્દભુત સ્વરૂપવાળા. ત્યાં ભગવાનનું વાકય છે કે ॥ **आश्चर्यवत् पश्यति कश्चिदेनं** ॥ એ આત્માને કોઇ આશ્ચર્યની પેઠે જુએ છે. ॥ ૯૫ ॥

૮ **सनात्** વ્યાકરણમાં **सनात्** એ શબ્દ નિપાત છે. કાલ વગેરે સ્વરૂપવાન ૯ **सनातनतमः** સર્વનું કારણ હોવાથી અને વિરંચી વગેરેનું પણ કારણ હોવાથી સનાતનતમ. ૯૦૦ **कपिलः** વડવાનલ નામના અગ્નિનો રંગ કપિલ છે. તદ્રૂપ હોવાથી કપિલ. એ પ્રમાણે નવસો નામનું વિવરણ થયું. ૧ **कपिः क** એટલે જલને કિરણોથી પાન કરનારા તે કપિ. કપિ એવું વરાહ અને સૂર્યનું નામ છે. ૨ **अव्ययः** પ્રલયમાં પણ જેનો નાશ નથી તે અવ્યય. ૩ **स्वस्तिदः** ભક્ત જનોને મંગળ આપનારા ૪ **स्वस्तिकृत्** કલ્યાણ કરનારા. ૫ **स्वस्ति** પરમ આનન્દવાળું જે પોતાનું સ્વરૂપ તે સ્વતિ. ૬ **स्वस्तिभुक्** સ્વસ્તિ એટલે મંગળ, તેને ભોગવે તે સ્વસ્તિ ભુક અથવા ભકતોના મંગળને ભોગવનારા. ૭ **स्वस्तिदक्षिणः** કલ્યાણરૂપથી વૃદ્ધિ પામનારા અથવા કલ્યાણ કરવાને સમર્થ અથવા દક્ષિણા શબ્દ ઉતાવળથી કામ કરનાર પુરૂષની અન્દર પ્રવર્ત્તે છે. માટે તત્કાલ કલ્યાણ આપનારા. ॥ **पुरुषं तमजं नित्यं व्रजामि शरणं हरिम्** ॥ **स्मरणादेव कृष्णस्य पापसंघातपञ्जरम्** ॥ **शतधा भेदमायाति गिरिर्वज्रहतोयथा** ॥ અજન્મા રહિ અને નિત્ય એવા તે પરમાત્માને હું શરણે જાઉં છું. વજ્રથી જેમ પર્વત ભેદાઇ જાય તે પ્રમાણે શ્રીકૃષ્ણના સ્મરણ માત્રથીજ પાપના સમૂહરૂપ પાંજરૂં સો પ્રકારે ભેદાઇ જાય છે. ॥ ૯૬ ॥

अरौद्रः कुण्डली चक्री विक्रम्यूर्जितशासनः ॥
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥९७॥
अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ॥
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥९८॥

૮ **अरौद्रः** રાગદ્વેષાદિક નહિં હોવાથી અરૌદ્ર. ૯ **कुण्डली** શેષનારાયણના સ્વરૂપવાળા અથવા સાંખ્યયોગરૂપ મકરાકાર બે કુંડલ ધારણ કરનારા. ૧૦ **चक्री** ચક્ર ધારણ કરનાર. ૧ **विक्रमी** સર્વ જગત્ કરતાં જેનો પાદવિક્ષેપ અને શૌર્ય વિલક્ષણ છે તે વિક્રમી. ૨ **ऊर्जितशासनः** શ્રુતિ સ્મૃતિરૂપ પ્રકાશમાન જેની આજ્ઞા છે એવા ભગવાનનું વચન છે કે **श्रुतिस्मृति ममैवाज्ञ यस्ते उल्लंघ्य वर्त्तते । आज्ञाच्छेदी ममद्वेषी मद्भक्तोऽपि न वैष्णवः ॥** શ્રુતિ અને સ્મૃતિ, એ બેઉ મારી આજ્ઞા છે. તેનું ઉલ્લંઘન કરીને જે વર્ત્તે છે તે મારી આજ્ઞાનું છેદન કરનાર છે માટે મારો દ્વેષી છે એમ જાણવો. તે મારો ભક્ત જણાતો હોય તો પણ વૈષ્ણવ નથી એમ જાણવો. ૩ **शब्दातिगः** શબ્દોની પ્રવૃત્તિનાં કારણરૂપ જાતિ વગેરે જેઓને નથી તે શબ્દાતિગ કહેવાય છે કારણ કે જે શબ્દોથી કહી શકાતા નથી. ત્યાં શ્રુતિ. ॥ **यतो वाचोनिवर्त्तन्ते अप्राप्य मनसा सह** ॥ વાણી મનની સાથે જે પરમેશ્વરને નહીં પામીને પાછી વળે છે. ૪ **शब्दसहः** સર્વ વેદો તાત્પર્યથી તે ભગવાનનુંજ પ્રતિપાદન કરે છે માટે શબ્દસહ. ત્યાં શ્રુતિ. ॥ **सर्ववेदाः यत्पदमामनन्ति** ॥ સર્વ વેદ જેના પદનું પ્રતિપાદન કરે છે. ગીતામાં પણ લખ્યું છે કે ॥ **वेदैश्च सर्वैरहमेव वेद्यः** ॥ સર્વ વેદોથી હુંજ જાણવા યોગ્ય છું. ૫ **शिशिरः** ત્રણ તાપથી સંતાપ પામેલાઓનું વિશ્રામ સ્થાન હોવાથી શિશિર. ૬ **शर्वरीकरः** રાત્રિ કરનારા એટલે સંસારી પુરૂષોને આત્મા જે છે તે રાત્રિ છે અને જ્ઞાની પુરૂષોને સંસાર જે છે તે રાત્રિ છે. તે બેઉને ઉત્પન્ન કરે છે માટે સર્વરીકર. ત્યાં ગીતાનું વચન. ॥ **या निशासर्वभूतानां तस्यां जागर्त्तिसंयमी ॥ यस्यां जाग्रति भूतानि सानिशापश्यतोमुनेः ॥** . સર્વ પ્રાણીની જે રાત્રિ છે તેમાં સંયમી પુરૂષ જાગે છે અને જેમાં પ્રાણીઓ જાગે છે તે જ્ઞાનિ પુરૂષની રાત્રિ છે. ॥ ૯૭ ॥

૭ **अक्रूरः** ભગવાનની સર્વ કામના પૂરણ છે માટે તેને કોઇ જાતની કામના નથી જ્યારે કામ નથી ત્યારે ક્રૂરપણું પણ નથી માટે અક્રૂર. ૮ **पेशलः** કર્મ મન વાણી અને શરીરથી સુન્દર. ૯ **दक्षः** વૃદ્ધિ પામેલી શક્તિવાળા, શીઘ્રતાથી કામકરનારા અને સમર્થ હોવાથી દક્ષ. ૨૦ **दक्षिणः** સર્વ કાર્ય કરવામાં સમર્થ. ૧ **क्षमिणांवरः**–ક્ષમા વાળા જે યોગિયો અથવા પૃથ્વી વગેરેમાં શ્રેષ્ઠ હોવાથી ક્ષમાવાનમાં શ્રેષ્ઠ છે. ત્યાં વાલ્મીકિનું વચન. ॥ **क्षमया पृथिवीसमः** ॥ ક્ષમાએ કરીને પૃથ્વીતુલ્ય અથવા શક્તિમાન્ પુરૂષો ક્ષમી કહેવાય છે પણ આ પરમાત્મા તો સર્વ શક્તિમાન્ હોવાથી સર્વ ક્રિયા કરવાને સમર્થ છે માટે ક્ષમિણાંવર, એવા નામથી કહેવાય છે. ૧ **विद्वत्तमः** અપાર જ્ઞાનવાળા. ૩ **वीतभयः** સંસારના ભયથી રહિત. **पुण्यश्रवणकीर्त्तनः** પવિત્ર કરનારૂં જેનું શ્રવણ અને કીર્ત્તન છે એવા. ॥ ૯૮ ॥

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशन ॥
वीरहा रक्षणः सन्तो जीवनः पर्यवस्थितः ॥९९॥
अनन्तरूपोऽनन्तश्रीर्जितमन्युर्भयापहः ॥
चतुरस्रोगभीरात्मा विदिशोव्यादिशोदिशः ॥१००॥
अनादिर्भूर्भुवो लक्ष्मीः सुवीरो रुचिराङ्गदः ॥
जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥१॥
आधारनिलयो धाता पुष्पहासः प्रजागरः ॥
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥२॥

૫ **उत्तारणः** સંસાર સાગરથી પાર ઉતારનારા ૬ **दुष्कृतिहा** પાપનાશ કરનાર. ૭ **पुण्यः** પોતાનું સ્મરણ કરનારને પવિત્ર કરનારા અને શ્રુતિ સ્મૃતિરૂપવાણીથી સર્વને પવિત્ર કરનારા તે પુણ્ય. ૮ **दुःस्वप्ननाशनः** ભવિષ્ય અર્થ બતાવનારાં નઠારાં સ્વપ્નાંનો નાશ કરનારા. ૯ **वीरहा** સંસારી પુરૂષોની નાનાપ્રકારની ગતિયોને મૂક્તિ આપીને નાશ કરનારા. તે વીરહા. ૩૦ **रक्षणः** સત્વગુણનો આશ્રય કરીને ત્રણ જગતનું રક્ષણ કરનારા તે રક્ષણ. ૧ **सन्तः** વિદ્યા અને વિનયની વૃદ્ધિ માટે સન્માર્ગમાં વર્ત્તનારા જે સંતપુરૂષો છે તે આતા રૂપે ભગવાન્ વર્તે છે માટે સન્ત કહેવાય છે. ૨ **जीवनः** સર્વ પ્રજાઓને પ્રાણરૂપે જીવાડનારા. ૩ **पर्यवस्थितः** ચારે તરફ જગતને વ્યાપ્ત કરી રહેનારા. ॥૯૯॥

૪ **अनन्तरूपः** વિશ્વના પ્રપંચરૂપી અનન્તરૂપે રહેનારા. ૫ **अनन्तश्रीः** અપરિમિત પરશક્તિવાળા. ત્યાં શ્રુતિ ॥ **पराऽस्यशक्ति विविधैव श्रूयते** ॥ આ પરમાત્માની પરશક્તિ નાનાપ્રકારની છે. ૬ **जितमन्युः** ક્રોધ જેણે જિતેલો છે એવા. ૭ **भयापहः** પુરૂષોને સંસારનો ભય નાશ કરનારા. ૮ **चतुरस्रः** ન્યાયયુક્ત અને ચતુર અને પુરૂષોને કર્મ પ્રમાણે ફલ આપનારા. ૯ **गभीरात्मा** ગંભીર સ્વરૂપવાળા. ૪૦ **विदिशः** અધિકારીયોને અધિકાર પ્રમાણે નાનાપ્રકારનાં ફલ આપનારા. ૧ **व्यादिशः** ઇન્દ્ર વગેરેને નાનાપ્રકારની આજ્ઞા કરનારા. ૨ **दिशः** દિશાઓરૂપ. ॥ ૧૦૦ ॥

૩ **अनादिः** કારણ જેને વિદ્યમાન નથી એવા. ૪ **भूर्भुवो लक्ष्मीः** પૃથ્વી અને આકાશની શોભારૂપ. ૫ **सुवीरः** સુન્દર ગતિવાળા અથવા ઉત્તમ પ્રેરણાવાળા. ૬ **रुचिराङ्गदः** કલ્યાણરૂપ અંગદ ધારણ કરનારા. ૭ **जननः** જન્તુઓને ઉત્પન્ન કરનાર. ૮ **जनजन्मादिः** જન્મવાળાઓનું મૂલ કારણ. ૯ **भीमः** ભયના કારણરૂપ. ૫૦ **भीमपराक्रमः** અસુર વગેરેને ભય ઉત્પન્ન કરનારૂં જેનું પરાક્રમ છે એવા. ॥ ૧૦૧ ॥

૧ **आधारनिलयः** પૃથ્વી વગેરે પંચમહાભૂતના આધાર હોવાથી આધારનિલય. ૨ **अधाता** તે પરમેશ્વરનો બીજો કોઈ ઉત્પન્ન કરનાર નથી માટે તે અધાતા કહેવાય છે. ૩ **पुष्पहासः** મુકુલરૂપે રહેલાં પુષ્પોના હાસ્યની પેઠે પ્રપંચરૂપે કરીને જેનો વિકાસ થાય

प्रमाणं प्राणनिलयः प्राणभृत्प्राणजीवनः ॥
तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥१०३॥
भूर्भुवः स्वस्तरुस्तारः सविता प्रपितामहः ॥
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञाङ्गो यज्ञवाहनः ॥१०४॥

છે તે પુષ્પહાસ. ૪ **प्रजागरः** નિરન્તર પ્રબુદ્ધ હોવાથી ઉત્કૃષ્ટરૂપે કરીને જાગનાર. ૫ **ऊर्ध्वगः** સર્વેના ઉપર રહેનારા. ૬ **सत्पथाचारः** સત્પુરૂષોનાં કર્મને સારા માર્ગથી આ-ચરણ કરનારા. ૭ **प्राणदः** મરણ પામેલા પરિક્ષિત વગેરેને જીવાડનાર હોવાથી પ્રાણદ. ૮ **प्रणवः** પ્રણવ, એ શબ્દ પરમાત્માનો વાચક ૐકાર છે. તેનો અભેદ ઉપચાર કરવાથી પ્રણવ કહેવાય છે. ૯ **पणः** વ્યવહાર કરનારા. ॥ ૧૦૨ ॥

૧૦ **प्रमाणं** સંવિત્ રૂપ જ્ઞાન પોતે પ્રમાણરૂપ છે. ત્યાં શ્રુતિ ॥ **प्रज्ञानं ब्रह्म** ॥ પ્રજ્ઞાનરૂપ બ્રહ્મ છે. ॥ **ज्ञानस्वरूपमत्यन्तं निर्मलं परमार्थतः** ॥ **तदेवार्थस्वरूपेण भाति दर्शनतः स्थिराम्** ॥ જ્ઞાનસ્વરૂપ પરમાર્થથી અત્યન્ત નિર્મલ છે, તેજ અર્થ સ્વરૂપે કરીને રહેલું છે. એમ જણાય છે. આ પ્રમાણે વિષ્ણુપુરાણમાં શ્લોક છે. ૧ **प्राणनिलयः** પ્રાણ અપાન જેની અન્દર લય પામે છે. એવા અથવા પ્રાણ એટલે જીવોને સંહાર કરે છે તે પ્રાણનિલય. ૨ **प्राणभृत्** નેત્રરૂપે કરી પ્રાણોનું પોષણ કરનારા. તે પ્રાણભૃત ૩ **प्राणजीवनः** પ્રાણીઓને પ્રાણવડે જીવાડનારા. ત્યાં શ્રુતિ ॥ **न प्राणेनापानेन मर्त्या जीवति कश्चन** ॥ **इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ** ॥ કેવળ પ્રાણ અને અપાન વાયુથી કોઇ મનુષ્ય જીવી શકતો નથી પણ આત્માવડે જીવે છે કે જેની અન્દર પ્રાણ અને અપાન એ બેઉ રહેલા છે. ૪ **तत्त्वं** પરમાર્થથી સત્ય એવા બ્રહ્મનો વાચક તત્વ શબ્દ છે. ૫ **तत्त्ववित्** બરાબર રીતે સ્વરૂપ જાણનારા. ૬ **एकात्मा** એક આત્મરૂપ. ત્યાં શ્રુતિ. ॥ **आत्मा वै इदमेकएवाग्रआसीत्** ॥ આ સર્વ આગળ એક આત્મારૂપજ હતું. આત્મા શબ્દનો અર્થ સ્મૃતિમાં પણ લખેલો છે કે ॥ **यच्चाप्नोति यदादत्ते यच्चात्ति विषयानिह** ॥ **यच्चास्य सन्ततोभावस्तस्मादात्मेति गीयते** ॥ વિષયોને જે પામે છે, ગ્રહણ કરે છે, અને ભોગવે છે તેમજ નિરન્તર જે સત્તાવાન્ છે તે આત્મા એમ કહેવાય છે. ૭ **जन्ममृत्युजरातिगः** ૭ પ્રકારના વિકારને ઉલ્લંઘન કરીને રહેલા. **अस्ति जायते वर्धते विपरिणमते अपक्षीयते नश्यति** છે, ઉત્પન્ન થાય છે, વધે છે, પરિણામ પામે છે, ક્ષીણ થાય છે અને નાશ પામે છે, એવા ૭ પ્રકારના વિકારો છે. ત્યાં શ્રુતિ ॥ **न जायते म्रियते वा विपश्चित्** ॥ આત્મા ઉત્પન્ન થતો નથી અને મરણ પણ પામતો નથી. ॥૧૦૩॥

૮ **भूर्भुवः स्वस्तरुः** ઋગ્વેદી બ્રાહ્મણો **भूः भुवः स्वः** એવા નામની ત્રણ વ્યાહૃતિને વેદના સારરૂપે ગણે છે. તેઓવડે હોમે કરીને ત્રણ જગત્ તરે છે માટે આ ઉપલું નામ આપેલું છે. મનુસ્મૃતિમાં પણ લખ્યું છે કે ॥ **अग्नौ प्रस्ताहुतिः सम्यक् गादित्यमुपतिष्ठते** ॥ **आदित्याज्जायते वृष्टि वृष्टेरन्नं ततः प्रजाः** ॥ અગ્નિમાં નાખેલી આહુતિ સારી રીતે સૂર્યપ્રત્યે જાય છે, અથવા પામે છે. સૂર્યથી વૃષ્ટિ થાય છે, વૃષ્ટિથી અન્ન થાય છે અને તે થકી પ્રજાઓ થાય છે અથવા ત્રણ લોકરૂપી વૃક્ષ છે તે વ્યાપીને રહેનારા.

यज्ञभृद्यज्ञकृद्यज्ञी यज्ञभुग्यज्ञसाधनः ॥
यज्ञान्तकृद्यज्ञगुह्यमन्नमन्नाद एव च ॥१०५॥
आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ॥
देवकीनन्दनः स्रष्टा क्षितीशः पापनाशनः ॥१०६॥
शङ्खभृन्नन्दकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ॥
रथाङ्गपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥१०७॥

૯ **तारः** ૐકારરૂપ અથવા સંસાર સાગરથી તારણ કરનારા. ૭૦ **सविता** સર્વ લોકના ઉત્પન્ન કરનાર હોવાથી પિતારૂપ. ૧ **प्रपितामहः** બ્રહ્મા, એ પિતામહ છે, તેના પણ પિતા હોવાથી પ્રપિતામહ કહેવાય છે. ૨ **यज्ञः** યજ્ઞરૂપ હોવાથી યજ્ઞ. ૩ **यज्ञपतिः** યજ્ઞોનું રક્ષણ કરનાર. ત્યાં ભગવાનનું વચન. ॥ **अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च** ॥ હું સર્વ યજ્ઞનો ભોક્તા અને પ્રભુ છે. ૪ **यज्वाः** યજમાનરૂપે રહેનાર. ૫ **यज्ञाङ्गः** યજ્ઞોરૂપી અંગવાળા અથવા યજ્ઞમૂર્ત્તિ. ૬ **यज्ञवाहनः** ફલના કારણભૂત યજ્ઞોનું વહન કરનાર. ૧૦૪

૭ **यज्ञभृत्** યજ્ઞોનું પાલન કરનારા ૮ **यज्ञकृत्** જગતની આદિમાં અને અન્તમાં યજ્ઞ કરનારા ૯ **यज्ञी** યજ્ઞો જેને વિધમાન છે એવા. ૮૦ **यज्ञभुक्** યજ્ઞનું ભોજન કરનારા. ૧ **यज्ञसाधनः** જેની પ્રાપ્તિ કરવામાં યજ્ઞસાધન છે એવા. ૨ **यज्ञान्तकृत्** યજ્ઞના અન્તમાં ફલપ્રાપ્તિ કરનારા અથવા પૂર્ણાહુતિવડે યજ્ઞની સમાપ્તિ કરનારા. ૩ **यज्ञगुह्यं** યજ્ઞોની અન્દર ગુહ્ય એવા જ્ઞાનયજ્ઞરૂપ અથવા ફલના અનુસન્ધાનથી રહિત એવા યજ્ઞરૂપ. ૪ **अन्नं** પ્રાણિયોનો સંહાર કરનારા. ૫ **अन्नादः** અન્ન ભક્ષણ કરનાર. ॥ ૧૦૫ ॥

૬ **आत्मयोनिः** પોતેજ ઉપાદાન કારણરૂપ. ૭ **स्वयंजातः** જગતનું નિમિત્ત કારણ પણ ઇશ્વરજ છે માટે સ્વયંજાત કહેવાય છે. ૮ **वैखानः** પૃથ્વીને વિશેષતાથી ખોદનાર. પાતાલવાસી હિરણ્યાક્ષદૈત્યને મારવા માટે વારાહ અવતાર ધારણ કરી પૃથ્વીને ખોદી હતી, એવી વાત પુરાણમાં પ્રસિદ્ધ છે. ૯ **सामगायनः** સામવેદનું ગાન કરનાર. ૯૦ **देवकीनन्दनः** દેવકીના પુત્ર. ૧ **स्रष्टा** જગતને સરજનાર. ૨ **क्षितीशः** રામચન્દ્રરૂપે કરીને પૃથ્વીના અધિપતિ. ૩ **पापनाशनः** કીર્તન, પૂજન, ધ્યાન અને સ્મરણથી પાપના સમૂહનો નાશ કરનાર. ॥ ૧૦૬ ॥

૪ **शङ्खभृत्** ભૂતાદી અહંકારવાળા પાંચજન્ય નામના શંખને ધારણ કરનાર. ૫ **नन्दकी** વિદ્યામય એવું નન્દક નામનું ખડ્ગ ધારણ કરનાર. ૬ **चक्री** મનતત્ત્વરૂપી સુદર્શન નામનું ચક્ર ધારણ કરનારા. ૭ **शार्ङ्गधन्वा** ઇન્દ્રિઆદિ અહંકારાત્મક એવું શારંગ નામનું ધનુષ્ય ધારણ કરનારા. ૮ **गदाधरः** બુદ્ધિતત્ત્વરૂપ કૌમોદકી નામની ગદા ધારણ કરનાર. ૯ **रथाङ्गपाणिः** ચક્ર ધારણ કરનારા. ૧૦૦૦ **अक्षोभ्यः** જેને કોઇ ક્ષોભ પમાડી શકતું નથી એવા. ૧ **सर्वप्रहरणायुद्धः** આ ગણાવેલાંજ કેવલ આયુધો ભગવાન્ ધારણ કરે છે એટલુંજ નહિં પણ સર્વ પ્રકારનાં પ્રહાર કરવાનાં આયુધો ધારણ કરે છે. આયુધ-

इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ॥
नाम्नां सहस्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् ॥१०८॥

य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ॥
नाशुभं प्राप्नुयात्किञ्चित्सोऽमुत्रेह च मानवः ॥१०९॥

वेदान्तगो ब्राह्मणः स्यात्क्षत्रियो विजयी भवेत् ॥
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् ॥११०॥

धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ॥
कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् ॥१११॥

રૂપે કરીને અપ્રસિદ્ધ એવા નખ વગેરે આયુધોને પણ ભગવાન્ ધારણ કરે છે તે સર્વપ્રહરણાયુદ્ધ કહેવાય છે આ શબ્દ બીજી વખત લખેલો છે તેનું કારણ એ કે તે સમાપ્તિનો અર્થ જણાવે છે. છેવટમાં ૐકાર જે લખેલો છે તે મંગળને માટે છે. ॥ **ॐकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा ॥ कण्ठं भित्वा विनिर्यातौ तेन माङ्गलिकावुभौ ॥** ૐકાર અને **अथ** શબ્દ પ્રથમ કાલમાં બ્રહ્માના કંઠનું ભેદન કરી બહાર નિકળેલા છે તેથી તે મંગળરૂપ છે અન્તમાં **नमः** એ શબ્દથી ભગવાનને નમસ્કાર છે કારણ કે શિષ્ટ પુરુષો અન્તમાં પણ ઈશ્વરનું સ્મરણ કરે છે. ॥ **एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः ॥ दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ॥** શ્રી કૃષ્ણ ભગવાનને કરેલો એક પ્રણામ પણ દશ અશ્વમેધના અવભૃથ સ્નાનની તુલ્ય છે દશ અશ્વમેધ કરનાર પુરુષ ફરીને જન્મ પામે છે પણ શ્રીકૃષ્ણને પ્રણામ કરનાર ફરીને જન્મ પામતો નથી. એ પ્રમાણે હજાર નામનું વ્યાખ્યાન સંપૂર્ણ થયું. ॥ ૧૦૭ ॥

મહાત્મા અને કીર્તન કરવા યોગ્ય એવા ભગવાનનાં એ પ્રમાણે દિવ્ય સહસ્ર નામ સમગ્રપણાથી કહી દેખાડ્યાં. ॥ ૧૦૮ ॥

જે પુરુષ વિષ્ણુસહસ્રનામ સાંભળે છે અથવા કીર્તન કરે છે તે મનુષ્ય આ લોક અને પરલોકમાં કોઇપણ પ્રકારનું અશુભ ફલ પામતો નથી ॥ ૧૦૯ ॥

બ્રાહ્મણ જો આ સહસ્રનામનો પાઠ કરે તો વેદાન્ત જાણનાર થાય, ક્ષત્રિય વિજયી થાય, વૈશ્ય ધનવાન્ થાય અને શૂદ્ર સુખ શાન્તિને પામે. ॥ ૧૧૦ ॥

ધર્મના પ્રયોજનવાળો ધર્મ પામે, ધનના પ્રયોજનવાળો ધન પામે, કામના પ્રયોજનવાળો કામ પામે, અને જેને પુત્રાદિકની ઇચ્છા હોય તે પુત્રાદિ પ્રજા પામે. ॥ ૧૧૧ ॥

भक्तिमान्यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ॥
सहस्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत ॥११२॥

यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ॥
अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् ॥११३॥

न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विन्दति ॥
भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥११४॥

रोगार्तो मुच्यते रोगाद्बद्धो मुच्येत बन्धनात् ॥
भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्नः आपदः ॥११५॥

दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ॥
स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः ॥११६॥

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ॥
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ॥११७॥

જે ભક્તિમાન પુરૂષ ઇશ્વરમાં મનરાખી પવિત્ર થઇ પ્રાતઃકાળમાં ઉઠી આ વિષ્ણુસહસ્ર નામ ભણે તે પુરૂષ ઘણું યશ પામે, પોતાની જ્ઞાતિનાં પ્રધાનપણું પામે, અચલ લક્ષ્મી પામે અને ઘણું શ્રેય પામે વળી તે પુરૂષ કોઈ વખતે પણ ભય પામતો નથી, વીર્ય અને તેજને પામે છે, રોગરહિત અને કાન્તિમાન થાય છે તથા બલ રૂપ અને ગુણવાન થાય છે. ॥ ૧૧૨ ॥ ૧૧૩ ॥ ૧૧૪ ॥

રોગથી પીડાતો હોય તો તે રોગથી મુકાય છે. બન્ધનમાં પડયો હોય તે બન્ધનથી છુટે છે, જેને માથે ભય આવેલો હોય તે ભયથી છુટે અને જેને માથે આપત્તિઓ આવેલી હોય તે આપત્તિઓથી મુકાય છે. ॥ ૧૧૫ ॥

જે પુરૂષ ભક્તિયુક્ત થઇ આ સહસ્ર નામથી ભગવાનની સ્તુતિ કરે છે તે પુરૂષ દુઃખોને તરી જાય છે. ॥ ૧૧૬ ॥

જે પુરૂષ કેવળ વાસુદેવ પરાયણ થઇ વાસુદેવનોજ આશ્રય રાખે છે તે સર્વ પાપથી રહિત થઇ સનાતન બ્રહ્મને પામે છે. ॥ ૧૧૭ ॥

न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ॥
जन्ममृत्युजराव्याधिभयं नैवोपजायते ॥११८॥

इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ॥
युज्येतामासुखक्षांतिश्रीधृतिस्मृतिकीर्तिभिः ॥११९॥

न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ॥
भवन्ति कृतपुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥१२०॥

द्यौः सचन्द्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः ॥
वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥१२१॥

ससुरासुरगन्धर्वं सयक्षोरगराक्षसम् ॥
जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥१२२॥

इन्द्रियाणि मनो बुद्धिःसत्वं तेजो बलं धृतिः ॥
वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च ॥१२३॥

ભગવાનના ભક્તને કોઈ પણ પ્રકારનું અશુભ નથી, તેમજ જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિનો ભય પણ થતો નથી. ॥ ૧૧૮ ॥

શ્રદ્ધા અને ભક્તિયુક્ત થઈ આ સ્તોત્ર ભણનાર પુરૂષને સુખ, શાન્તિ, લક્ષ્મી, ધીરજ, સ્મૃતિ અને કીર્તિ મળે છે. ॥ ૧૧૯ ॥

પુણ્યશાળી એવા ભગવાનના ભક્તોને ક્રોધ, મત્સર, લોભ અને અશુભ મતિ કદિપણ ઉત્પન્ન થતાં નથી. ॥ ૧૨૦ ॥

મહાત્મા ભગવાનના પ્રતાપથી, ચન્દ્ર, સૂર્ય, અને નક્ષત્રસહિત સ્વર્ગલોક, આકાશ, દિશાઓ, પૃથ્વી અને મહાસમુદ્ર, એ ધારણ થયેલા છે. ॥ ૧૨૧ ॥

સુર, અસુર, ગન્ધર્વ, યક્ષ, ઉરગ અને રાક્ષસોસહિત આ સચરાચર જગત્ શ્રીકૃષ્ણ ભગવાનને વશ વર્ત્તે છે. ॥ ૧૨૨ ॥

ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, સત્વ, તેજ, બલ, ધૃતિ, ક્ષેત્ર, અને ક્ષેત્રજ્ઞ, એ સર્વ વસ્તુઓ વિષ્ણુરૂપજ છે. ॥ ૧૨૩ ॥

सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ॥
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥१२४॥

ऋषयः पितरो देवा महाभूतानि धातवः ॥
जंगमाजंगमं चेदं जगन्नारायणोद्भवम् ॥१२५॥

योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादि कर्म च ॥
वेदाः शास्त्राणि विज्ञानमेतत् सर्वं जनार्दनात् ॥१२६॥

एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः ॥
त्रीलोकान्व्याप्य भूतात्मा भुंक्तेविश्वभुगव्ययः ॥१२७॥

इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम् ॥
पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्नु सुखानि च ॥१२८॥

विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम् ॥
भजंति ये पुष्कराक्षं न ते यान्ति पराभवम् ॥१२९॥

સર્વ આગમોમાં આચાર એ પ્રથમ ગણેલો છે, આચાર એ પ્રથમ ધર્મ છે અને ધર્મના અધિપતિ શ્રીવિષ્ણુ ભગવાન્ છે. ॥ ૧૨૪ ॥

ઋષિયો, પિતર, દેવો, પંચમહાભૂતો, ધાતુઓ, અને સ્થાવર તથા જંગમરૂપ આ સમગ્ર જગત્ નારાયણથી ઉત્પન્ન થયેલું છે. ॥ ૧૨૫ ॥

યોગ, જ્ઞાન, સાંખ્ય, વિદ્યા, શિલ્પ વગેરે કર્મ, તથા વેદ, શાસ્ત્ર અને વિજ્ઞાન, એ સર્વ ઈશ્વરથી ઉત્પન્ન થયું છે. ॥ ૧૨૬ ॥

અખંડ અન્તર્યામી, વિશ્વ ભોગવનાર એવા એક વિષ્ણુ, મહાભૂત અને બીજાં અનેક ભૂતો તથા ત્રણલોકને વ્યાપ્ત કરી રહેલા છે અને પાલન કરે છે. ॥ ૧૨૭ ॥

ભગવાન્ વિષ્ણુનું આ સ્તોત્ર વ્યાસમુનિયે કહેલું છે માટે જે પુરૂષને શ્રેય અને સુખ પામવાની ઇચ્છા હોય તેણે આ સ્તોત્રનો પાઠ કરવો. ॥ ૧૨૮ ॥

જગતના ઈશ્વર, અજન્મા, દેવ, જગતની ઉત્પત્તિ અને નાશ કરનાર કમલસરખાં નેત્રવાળા વિષ્ણુને જે ભજે છે તે પુરૂષો પરાભવ પામતા નથી. ॥ ૧૨૯ ॥

॥ अर्जुन उवाच ॥

पद्मपत्रविशालाक्ष पद्मनाभ सुरोत्तम ॥
भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥१३०॥

॥ श्रीभगवानुवाच ॥

यो मा नामसहस्रेण स्तोतुमिच्छति पाण्डव ॥
सोऽहमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥१३१॥
नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ॥
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटीयुगधारिणे नमः ॥
नमः कमलनाभाय नमस्ते जलशायिने ॥
नमस्ते केशवानन्त वासुदेव नमोऽस्तुते ॥ १३३ ॥
वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ॥
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोस्तु ते ॥ १३४ ॥

અર્જુન કહે છે કે હે જનાર્દન ? હે કમળ સરખાં નેત્રવાળા ? હે દેવોમાં ઉત્તમ ? હે પદ્મનાભ ? તમારે વિષે આસક્તિવાળા ભક્તજનોના તમે નિરંતર રક્ષણ કરનારા થાઓ.

શ્રી ભગવાન્ કહે છે કે હે અર્જુન ? જે ભક્ત મને વિષ્ણુસહસ્રથી સ્તુતિ કરવાને ઇચ્છે છે, તે જો એક શ્લોકથી પણ મારી સ્તુતિ કરે તો તેણે સઘળી મારી સ્તુતિ કરી એમાં કાંઇ સંશય નથી. ॥ ૧૩૧ ॥

(ભક્તજનોએ નીચે પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવી.)

અનન્ત મૂર્તિવાળા, અનન્ત આંખ, પગ, શિર, ઉરૂ, અને બાહુવાળા, અનન્ત નાળવાળા, પુરૂષરૂપ, સનાતનરૂપ, અનન્ત કોટિયુગને ધારણ કરનારા અને અનન્તરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૧૩૨ ॥

કમલ સરખી નાભિવાળા વિષ્ણુને નમસ્કાર, જલમાં શયન કરનાર ભગવાનને નમસ્કાર, હે કેશવ ? હે અનન્ત ? તમને નમસ્કાર કરૂં છું. હે વાસુદેવ ? તમને નમસ્કાર કરૂં છું. ॥ ૧૩૩ ॥

વાસુદેવના નિવાસથી ત્રણ જગત વ્યાપ્તમાન થયેલું છે અને હે વાસુદેવ ? તમે સર્વ જગતના નિવાસરૂપ છો, તમને નમસ્કાર કરૂં છું. ॥ ૧૩૪ ॥

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ॥
जगद्धिताय कृष्णाय गोविन्दाय नमो नमः ॥ १३५ ॥
आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ॥
सर्वदेवनमस्कारः केशवंप्रति गच्छति ॥ १३६ ॥
एष निष्कंटकः पन्था यत्र संपूज्यते हरिः ॥
कुपथं तं विजानीयाद्गोविन्दरहितागमम् ॥ १३७ ॥
सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम्
तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥ १३८ ॥
यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ॥
द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥ १३९ ॥
दह्यन्ते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहा ॥
विलीयते च पापानि स्तवे ह्यस्मिन् प्रकीर्तिते ॥ १४० ॥
येन ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ॥
दत्तानि सर्वदानानि सुराः सर्वे समर्चिताः ॥ १४१ ॥

બ્રાહ્મણના ભક્ત એવા વિષ્ણુદેવને નમસ્કાર કરૂં છું, ગાય અને બ્રાહ્મણનું હિતકરનાર સર્વ જગતનું હિત કરનાર ગોવિન્દ કૃષ્ણને વારંવાર નમસ્કાર કરૂં છું. ॥ ૧૩૫ ॥

આકાશથી પડેલું પાણી જેમ સમુદ્રમાં જાય છે, તેમ સર્વ દેવોને જે નમસ્કાર કરવો તે કેશવ પ્રત્યેજ જાય છે. ॥ ૧૩૬ ॥

જે ઠેકાણે હરિની પૂજા થાય છે તે માર્ગને નિષ્કંટક માર્ગ સમજવો અને ઈશ્વરના પૂજન રહિત જે શાસ્ત્ર છે તેને કુમાર્ગ જાણવો. ॥ ૧૩૭ ॥

સર્વ વેદો ભણવાથી જે પુણ્ય થાય છે અને સર્વ તીર્થો કરવાથી જે પુણ્ય થાય છે, તે ફલને ભગવાનની સ્તુતિ કરવાથી મનુષ્ય પામે છે. ॥ ૧૩૮ ॥

જે પુરૂષ એક વખત, બે વખત અથવા ત્રણ વખત ભગવાનના મન્દિરમાં આ સ્તોત્રનો પાઠ કરે છે તેનાં સર્વ દુષ્ટ કર્મો નાશ પામે છે. ॥ ૧૩૯ ॥

આ સ્તોત્રનો જે પુરૂષ પાઠ કરે છે તેના શત્રુઓ બળી જાય છે, તથા તેના સર્વ ગ્રહ અનુકુલ થાય છે અને સર્વ પાપ લય પામી જાય છે. ॥ ૧૪૦ ॥

આ સ્તોત્રનું જેણે ધ્યાન કર્યું અથવા આ સ્તોત્રનો જેણે પાઠ કર્યો, તેણે સર્વ દાન આપ્યાં અને સર્વ દેવની પૂજા કરી એમ સમજવું. ॥ ૧૪૧ ॥

इह लोके परे वापि न भयं विद्यते क्वचित् ॥
नाम्ना सहस्रं योऽधीते द्वादश्यां मम सन्निधौ ॥ १४२ ॥
शनैर्दहति पापानि कल्पकोटिशतानि च ॥
अश्वत्थसन्निधौ पार्थ तुलसीसन्निधौ तथा ॥ १४३ ॥
पठेन्नामसहस्रं तु गवां कोटिफलं लभेत् ॥
शिवालये पठेन्नित्यं तुलसीवनसंस्थितः ॥ १४४ ॥
*नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा ॥
ब्रह्महत्यादिकं घोरं सर्वपापं विनश्यति ॥ १४५ ॥

ભગવાન્ કહે છે કે, મારી સમીપમાં બારશને દિવસે જે મનુષ્ય આ વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરશે, તેને આ લોક અને પરલોકની અન્દર કોઈ ઠેકાણે ભય નથી એમ સમજવું. ॥ ૧૪૨ ॥

હે અર્જુન ? પીંપળાની સમીપમાં અથવા તુલસીની સમીપમાં જે વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરે છે, તેનાં અનન્ત કલ્પનાં અનન્ત પાપ ધીમે ધીમે બળે છે અને તેને કરોડ ગાય આપવા જેટલું ફલ થાય છે. ॥ ૧૪૩ ॥

જે મનુષ્ય શિવાલયમાં બેશીને અથવા તુલસીના વનમાં બેશીને નિરન્તર આ વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરે છે, તે મનુષ્ય મોક્ષ પામે છે એવું ભગવાનનું વચન છે અને તેનાં બ્રહ્મહત્યા વગેરે ઘોર પાપ હોય તો તે પણ સર્વે નાશ પામે છે. ॥૧૪૪॥૧૪૫॥

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां वैयासिक्यां
अनुशासन पर्वणि दानधर्मे भीष्मयुधिष्ठिरसंवादे श्री
विष्णोर्दिव्यसहस्रनाम कथने एकोनपञ्चाश-
दधिक शततमोऽध्यायः ॥ १४९ ॥
॥ सम्पूर्णम् श्रीकृष्णार्पणमस्तु ॥

---

*આ અધ્યાયમાં **पद्मपत्रविशालाक्ष** એ શ્લોકથી આરંભીને **नरो मुक्तिमवाप्नोति** એ શ્લોક સુધીના શ્લોકો જોવામાં આવતા નથી, તથાપિ બીજાં છપાયેલાં પંચ રત્નોમાં જોવામાં આવે છે માટે આ સ્થલે તે શ્લોકો અને તેનું ભાષાન્તર મુકવામાં આવેલું છે. આ શ્લોકો ભારતમાંહેના છે કે કોઈ બીજા સ્થલના છે તે જાણવામાં આવ્યું નથી.

ॐ

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

श्री विष्णुसहस्त्रनामस्तोत्रंसंपूर्णं

વિષ્ણુના સહસ્રનામની ક્રમવાર અનુક્રમણિકા.

नाम.	श्लो.	नाम.	श्लो.	नाम.	श्लो.
हंसः	२१	क्षमः	४७	*श्रीनिवासः	२०
हिरण्यनाभः	,,	क्षामः	,,	श्रीमान्.	२४
हविर्हरिः	३९	क्षरं.	५१	श्रीगर्भः	४१
हेतुः	४०	क्षेमकृत्.	६४	श्रीवत्सवक्षाः	६४
हिरण्यगर्भः	४४	क्षामः	९१	श्रीवासः	,,
हलायुधः	६८	क्षमिणांवरः	९८	श्रीपतिः	,,
हरिः	६९	क्षितीशः	१०६	श्रीमतांवरः	,,
हविः	७४			श्रीदः	६५
हेमाङ्गः	७९	**ज्ञ.**		श्रीशः	,,
हुतभुग्विभुः	९४			श्रीनिवासः	,,
हुतभुक्.	९५	ज्ञानमुत्तमं	४८	श्रीनिधिः	,,
		ज्ञानगम्यः	५३	श्रीविभावनः	,,
क्ष.		**श्री.**		श्रीधरः	,,
क्षेत्रज्ञः	२			श्रीकरः	,,
क्षोभणः	४१	श्रीमान्.	३, १९	श्रीमान्	,,

* આ વિષ્ણુસહસ્રનામના સ્તોત્રમાં કેટલેક ઠેકાણે વિષ્ણુનાં તેનાં તેજ નામો આવેલાં હોવાથી વાંચનારને તે પુનરૂક્તિ દોષ દેખાશે, પરંતુ તેમ નથી તેમણે જે જે ઠેકાણે જેવાં જેવાં કૃત્યો કરેલાં હોવાથી તે નામોના જુદા જુદા અર્થો થાયછે માટે તે પુનરૂક્તિ દોષ ગણવો નહિ તેનો ખુલાસો વિષ્ણુસહસ્ર નામના મહાભાષ્યમાં વિસ્તારપૂર્વક કરેલો છે.

॥ श्री. वि. स. ना. अनुक्रमणिका सम्पूर्णम् ॥

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ श्रीरस्तु ॥

ॐ

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

इति विष्णुसहस्रनाम सम्पूर्णम्.

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ

॥ अथ भीष्मस्तवराजः प्रारभ्यते ॥

॥ जन्मेजय उवाच ॥

शरतल्पे शयानस्तु भारतानां पितामहः ॥
कथमुत्सृष्टवान्देहं कं च योगमधारयत् ॥ १ ॥

॥ वैशंपायन उवाच ॥

शृणुष्वावहितो राजन् शुचिर्भूत्वा समाहितः ॥
भीष्मस्य कुरुशार्दूल देहोत्सर्गं महात्मनः ॥ २ ॥

निवृत्तमात्रे त्वयन उत्तरे वै दिवाकरे ॥
समावेशयदात्मानमात्मन्येव समाहितः ॥ ३ ॥

शुक्लपक्षस्य चाष्टम्यां माघमासस्य पार्थिव ॥
प्राजापत्ये च नक्षत्रे मध्यं प्राप्ते दिवाकरे ॥ ४ ॥


विकीर्णांशुरिवादित्यो भीष्मः शरशतैश्चितः ॥
शुशुभे परया लक्ष्म्या वृतो ब्राह्मणसत्तमैः ॥ ५ ॥

जन्मेजय पुछेछे—કે હે વૈશંપાયન ? બાણ શય્યાઉપર સુતેલા અને ભરતકુલના રાજાઓના પિતામહ ભીષ્મે કેવી રીતે દેહ ત્યાગ કર્યો અને કયો યોગ ધરણ કર્યો ? ॥१॥

वैशंपायन कहे छे-કે હે રાજન્ ! હે કુરૂકુલમાં સિંહરૂપ ! તત્પર અને પવિત્ર થઇ મહાત્મા ભીષ્મનો દેહોત્સર્ગ તું શ્રવણ કર. ॥ ૨ ॥

દક્ષિણાયનના સૂર્ય નિવૃત્ત થયા અને જ્યારે ઉત્તરાયનના સૂર્ય થયા અને માઘશુકલ અષ્ટમી અને રોહિણી નક્ષત્રમાં મધ્યાન્હસમયે ભીષ્મપિતામહે તત્પર થઇ પોતાના આત્માને પરમાત્મામાં જોડયો. ॥ ૩ ॥ ૪ ॥

કિરણો સહિત સૂર્ય જેમ શોભે તે પ્રમાણે હજારો બાણથી વ્યાપ્ત થયેલા ! અને ઉત્તમ બ્રાહ્મણોથી વીંટાયેલા ભીષ્મ ઘણા શોભાયમાન દેખાતા હતા. ॥ ૫ ॥


भीष्म पिता मह
कृष्ण
कौरवादि
अर्जुन
शरपंजर

व्यासेन वेदविदुषा नारदेन सुरर्षिणा ॥
देवरातेन वात्स्येन तथा तेन सुमन्तुना ॥ ६ ॥
तथा जैमिनिना चैव पैलेन च महात्मना ॥
शाण्डिल्यदेवलाभ्यां च मैत्रेयेण च धीमता ॥ ७ ॥
असितेन वसिष्ठेन कौशिकेन महात्मना ॥
हारीतरोमशाभ्यां च तथात्रेयेण धीमता ॥ ८ ॥
बृहस्पतिश्च शुक्रश्च च्यवनश्च महामुनिः ॥
सनत्कुमारकपिलौ वाल्मीकिस्तुम्बुरुः कुरुः ॥ ९ ॥
मौद्गल्यो भार्गवो रामस्तृणबिन्दुर्महामुनिः ॥
पिप्पलादश्च वायुश्च संवर्त्तः पुलहः कचः ॥ १० ॥
यश्यपश्च पुलस्त्यश्च क्रतुर्दक्षः पराशरः ॥
मरीचिरङ्गिराः कण्वो गौतमो गालवो मुनिः ॥ ११ ॥
धौम्यो विभाण्डो माण्डव्यो धौम्रः कृष्णोऽनुभौतिकः ॥
उलूकः परमो विप्रो मार्कण्डेयो महामुनिः ॥ १२ ॥
भास्करः पूरणः कृष्णः सूतः परमधार्मिकः ॥
शैब्येन याज्ञवल्क्येन शङ्खेन लिखितेन च ॥ १३ ॥
एतैश्चान्यैर्मुनिगणैर्महाभागैर्महात्मभिः ॥
श्रद्धादमशमोपेतैर्वृतश्चन्द्र इव ग्रहैः ॥ १४ ॥

તે ઉત્તમ બ્રાહ્મણો આ પ્રમાણે હતા. વેદ જાણનારા વ્યાસમુનિ, દેવર્ષિ નારદ, દેવરાત, વાત્સ્ય, સુમન્તુ, જૈમિનિ, મહાત્મા પૈલ, શાંડિલ્ય, દેવલ, બુદ્ધિશાળી મૈત્રેય, અસિત. વસિષ્ઠ, મહાત્મા વિશ્વામિત્ર, હારીત, લોમશ, બુદ્ધિશાળી આત્રેય, બૃહસ્પતિ, શુક્ર, મહામુનિ ચ્યવન, સનત્કુમાર, કપિલ, વાલ્મીકિ, તુંબુરૂ, કુરુ, મૌદ્ગલ્ય, પરશુરામ, મહામુનિ તૃણબિન્દુ, પિપ્પલાદ, વાયુ સંવર્ત્ત, પુલહ, કચ, કાશ્યપ, પુલસ્ત્ય, ક્રતુ, દક્ષ, પરાશર, મરીચિ, અંગિરા, કણ્વ, ગૌતમ, ગાલવ, ધૌમ્ય, વિભાંડ, માંડવ્ય, ધૌમ્ર, કૃષ્ણ, આનુભૌતિક, ઉલૂક, પરમવિપ્ર મહામુનિ માર્કંડેય, ભાસ્કરિ, પૂરણ, કૃષ્ણ, પરમધાર્મિક સૂત, શૈબ્ય, યાજ્ઞવલ્કય, શંખ, લિખિત, ગ્રહોવડે જેમ ચન્દ્ર વીંટાયેલો હોય એમ શ્રદ્ધા, દમ અને શમયુક્ત, મહા ભાગ્યશાળી, અને માહાત્મા એવા ઋષિઓના સમૂહથી ભીષ્મ-વીંટાયેલા હતા. ॥૬॥૭॥૮॥૯॥૧૦॥૧૧॥૧૨॥૧૩॥૧૪॥

भीष्मस्तु पुरुषव्याघ्र कर्मणा मनसा गिरा ॥
शरतल्पगतः कृष्णं प्रदध्यौ प्राञ्जलिः शुचिः ॥ १५ ॥
स्वरेण हृष्टपुष्टेन तुष्टाव मधुसूदनम् ॥
योगेश्वरं पद्मनाभं विष्णुं जिष्णुं जगत्प्रभुम् ॥ १६ ॥
कृताञ्जलिः पुटोभूत्वा वाग्विदां प्रवरः प्रभुः ॥
भीष्मः परमधर्मात्मा वासुदेवमथास्तुवत् ॥ १७ ॥

॥ भीष्म उवाच ॥

आरिराधयिषुः कृष्णं वाचं जिगदिषाम्यहम् ॥
तया व्याससमासिन्या प्रीयतां पुरुषोत्तमः ॥ १८ ॥
शुचिं शुचिपदं हंसं तत्पदं परमेष्ठिनम् ॥
मुक्त्वा सर्वात्मनात्मानं तं प्रपद्ये प्रजापतिम् ॥ १९ ॥

वैशंपायन कहेछे કે હે પુરૂષમાં વ્યાઘ્રરૂપ જન્મેજય ! બાણુરૂપી શય્યામાં રહેલા, પવિત્ર, એવા ભીષ્મે કર્મ, મન અને વાણીવડે તથા આનન્દ યુક્ત સ્વરથી હાથ જોડી શ્રીકૃષ્ણભગવાનની સ્તુતિ કરી. ॥ ૧૫ ॥

વાણી જાણનારાઓમાં શ્રેષ્ઠ, પરમધર્માત્મા, અને સમર્થ એવા ભીષ્મે હાથ જોડી, યોગેશ્વર, પદ્મનાભ, વિષ્ણુ, જિષ્ણુ અને જગતપતિ એવા ભગવાન શ્રીકૃષ્ણની હર્ષયુક્ત સ્વરવડે સ્તુતિ કરી. ॥ ૧૬ ॥ ૧૭ ॥

भीष्म कहे છે-શ્રીકૃષ્ણનું આરાધન કરવા માટે હું વાણી બોલવાને ઇચ્છુંછું. તે સંક્ષેપ અને વિસ્તારવાળી વાણીથી ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાઓ. ॥ ૧૮ ॥

ત્રણુ દેહનો ત્યાગ કરીને હું પ્રજાઓના પતિ એવા પરમાત્માને શરણે જાઉં છું. તે પરમાત્મા પોતાના અને પારકા દોષથી રહિત છે. પવિત્ર જેનો માર્ગ છે એવા છે. સર્વને ઉલ્લંઘન કરી રહેલા છે. **तत्त्वमसि** આ મહા વાકયમાં **तत्** એવું જે વાકય છે તેના અર્થ ભૂત છે અને હિરણ્યગર્ભ રૂપ છે. ॥ ૧૯ ॥

अनाद्यं तत् परं ब्रह्म न देवा नर्षयो विदुः ॥
एकोऽयं भगवान्देवो धाता नारायणो हरिः ॥ २० ॥

नारायणादृषिगणास्तथा सिद्धमहोरगाः ॥
देवा देवर्षयश्चैव यं विदुः परमव्ययम् ॥ २१ ॥

देवदानवगन्धर्वा यक्षराक्षसपन्नगाः ॥
यं न जानन्ति का ह्येषः कुतो वा भगवानिति ॥ २२ ॥

यस्मिन्विश्वानि भूतानि तिष्ठन्ति च विशन्ति च ॥
गुणभूतानि भूतेशे सूत्रे मणिगणा इव ॥ २३ ॥

यस्मिन्नित्ये तते तन्तौ दृढे स्रगिव तिष्ठति ॥
सदसद्ग्रथितं विश्वं विश्वाङ्गे विश्वकर्माणि ॥ २४ ॥

જેને આદિ અન્ત નથી એવા પરબ્રહ્મને દેવો અને ઋષિયો જાણતા નથી. કેવળ હરિ ધાતા અને ભગવાન્ નારાયણ પોતે પોતાના સ્વરૂપને જાણે છે. ॥ ૨૦ ॥

જેને પર અવ્યય કહેછે તે નારાયણથી ઋષિયોના સમૂહો, સિદ્ધો, મહોટા મહોટા સર્પો, દેવ અને દેવર્ષિયો ઉત્પન્ન થયેલા છે. ॥ ૨૧ ॥

હું તે પરમાત્માને શરણે જાઉં છું કે જેનો પ્રતાપ નીચે જણાવ્યા પ્રમાણે છે. દેવ, દાનવ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, પન્નગ, જેને જાણતા નથી કે આ ભગવાન્ કોણ છે અને ક્યાંથી છે. સૂત્રમાં જેમ મણિનાસમૂહ પેસે તેવી રીતે જેને વિષે સર્વ પ્રાણિઓ રહે છે અને પ્રવેશ કરે છે કે જે પ્રાણિયો ગુણમય છે. તેને હું શરણે જાઉં છું. વિશ્વના અંગરૂપ, વિશ્વના કર્મરૂપ, નિત્ય, વિસ્તારયુક્ત, અને દૃઢ એવા જે પરમાત્મા તે વિષે સત્ અને અસત્થી ગુંથાયેલું જગત્ રહેલું છે તેને હું શરણે જાઉં છું. અનન્ત મસ્તકવાળા, અનન્ત ચરણ અને નેત્રવાળા, અનન્ત બાહુ અને મુકુટવાળા અને અનન્ત મુખથી પ્રકાશમાન એવા હરિને શરણે જાઉં છું. જે નારાયણ દેવને જગતનું સ્થાન કરે છે, જે નારાયણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે અને સ્થૂલમાં સ્થૂલ છે, જે ગુરુમાં ગુરુ છે અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે વાક્ અને અનુવાક્માં, નિષત્ અને ઉપનિષદ્માં જેને સર્વ કર્મવાળા એમ કહે છે, જે સત્ય સામમાં સત્યરૂપે રહેલા છે, જે ચાર સ્વરૂપવાળા છે, જે સત્ત્વગુણમાં રહેલા છે અને ભક્તજનોના પતિ છે તેને હું શરણે જાઉં છું. જે પરમેશ્વરને ગુહ્ય અને દિવ્યનામોથી ભક્તજનો અર્ચન કરે છે, જેને વિષે નિરન્તર તપ રહેલું છે અને જે અંગોમાં રહેલ છે તેને હું શરણે છું. જે

हरिं सहस्रशिरसं सहस्रचरणेक्षणम् ॥
सहस्रबाहुमुकुटं सहस्रवदनोज्ज्वलम् ॥ २५ ॥
प्राहुर्नारायणं देवं यं विश्वस्य परायणम् ॥
अणीयसामणीयांसं स्थविष्ठं च स्थवीयसाम् ॥ २६ ॥
गरीयसां गरिष्ठं च श्रेष्ठं च श्रेयसामपि ॥
यं वाकेष्वनुवाकेषु निषत्सूपनिषत्सु च ॥ २७ ॥
गृणन्ति सत्यकर्माणं सत्यं सत्येषु सामसु ॥
चतुर्भिश्चतुरात्मानं सत्त्वस्थं सात्वतां पतिम् ॥ २८ ॥
यं दिव्यैर्देवमर्चन्ति गुह्यैः परमनामभिः ॥
यस्मिन्नित्यं तपस्तप्तं यदङ्गेष्वनुतिष्ठति ॥ २९ ॥
सर्वात्मा सर्ववित्सर्वः सर्वज्ञः सर्वभावनः ॥
यं देवं देवकी देवी वसुदेवादजीजनत् ॥ ३० ॥
भूमेश्च ब्रह्मणो गुप्त्यै दीप्तमग्निमिवारणिः ॥
यमनन्यो व्यपेताशीरात्मानं वीतकल्मषम् ॥ ३१ ॥
दृष्ट्वाऽऽनन्त्याय गोविन्दं पश्यत्यात्मानमात्मनि ॥
अतिवाय्विन्द्रकर्माणमतिसूर्याग्नितेजसम् ॥ ३२ ॥
अतिबुद्धीन्द्रियात्मानं तं प्रपद्ये प्रजापतिम् ॥

સર્વાત્મા, સર્વ જાણનાર, સર્વ, સર્વ ઠેકાણે રહેલા અને સર્વ ભાવન છે તથા અરણિ જેમ પ્રકાશમાન અગ્નિને ઉત્પન્ન કરે તેમ દેવકીદેવીએ જેને ભૂમિ અને બ્રાહ્મણોના રક્ષણને માટે જન્મ આપ્યો તે પરમાત્માને હું શરણે જાઉં છું આત્મારૂપ નિર્દોષ એવા ગોવિન્દને જે પુરૂષ અનન્ય ભક્ત થઇને તથા સર્વ આશાઓનો ત્યાગ કરીને યજન કરે છે તે પોતે પોતાના આત્માને પરમાત્માની અંદર જુએ છે અને અનન્ત પણાને પામે છે વાયુ અને ઇન્દ્રના કરતાં પણ જેનાં ઉત્તમ કર્મ છે, સૂર્ય અને અગ્નિ કરતાં પણ જેનું ઉત્તમ તેજ છે, બુદ્ધિ અને ઇન્દ્રિયોથી પણ જેને આત્મા પર છે તે પ્રજાઓના પતિ પરમેશ્વરને હું શરણે જાઉં છું. ॥ ૨૨ થી ૩૨ ॥

पुराणे पुरुषं प्रोक्तं ब्रह्म प्रोक्तं युगादिषु ॥ ३३ ॥
क्षये संकर्षणं प्रोक्तं तमुपास्यमुपास्महे ॥
यमेकं बहुधात्मानं प्रादुर्भूतमधोक्षजम् ॥ ३४ ॥
नान्यं भक्ताः क्रियावन्तो यजन्ते सर्वकामदम् ॥
यं प्राहुर्जगतः कोशं यस्मिन्सन्निहिताः प्रजाः ॥ ३५ ॥
यस्मिंन् लोकाः स्फुरन्तीमे जले शकुनयो यथा ॥
ऋतमेकाक्षरं ब्रह्म यत्तत्सदसतः परम् ॥ ३६ ॥
अनादिमध्यपर्यन्तं न देवा नर्षयो विदुः ॥
यं सुरासुरगन्धर्वाः सिद्धाऋषिमहोरगाः ॥ ३७ ॥
प्रयता नित्यमर्चन्ति परमं दुःखभेषजम् ॥
अनादिनिधनं देवमात्मयोनिं सनातनम् ॥ ३८ ॥
अप्रेक्ष्यमनभिज्ञेयं हरिं नारायणं प्रभुम् ॥
यं वै विश्वस्य कर्तारं जगतस्तस्थुषां पतिम् ॥ ३९ ॥
वदन्ति जगतोऽध्यक्षमक्षरं परमं पदम् ॥

પુરાણમાં જેને પુરૂષ રૂપે કહેલ છે, યુગના આદિમાં જેને બ્રહ્મરૂપે કહેલ છે, જગતનો નાશ કરવા વખતે જેને સંકર્ષણ રૂપે કહેલા છે, તે ઉપાસના કરવા યોગ્ય ઈશ્વરની અમે ઉપાસના કરીએ છિયે. ક્રિયાવાળા અનન્ય ભક્તજનો સર્વ કામ આપનારા જે ભગવાનનું યજન કરે છે, જે ભગવાન્ એક છતાં બહુ પ્રકારે જણાય છે, જેને જગતના કોશરૂપે કહે છે, જેને વિષે સર્વ પ્રજાઓ રહેલી છે, પાણી ઉપર જેમ પક્ષિયો સ્ફુરણાયમાન થાય છે તેમ જેની અંદર આ સર્વ લોક સ્ફુરે છે તે ઇશ્વરની ઉપાસના કરીએ છિયે. જે ઇશ્વર સત્ય, એક અક્ષરરૂપ સત્ અસત્ પર એવા બ્રહ્મરૂપ, આદિ મધ્ય અને અન્ત રહિત, જેને દેવ અને ઋષિયો જાણતા નથી તેની ઉપાસના કરીએ છીએ જે ઇશ્વરને સુર, અસુર, ગન્ધર્વ સિદ્ધ, ઋષિ અને મહોરગ નિરન્તર તત્પર થઈ પૂજે છે, જે ઇશ્વર પરમ ઔષધ રૂપ છે, જેનો આદિ અન્ત નથી, જે આત્મયોનિ અને સનાતન દેવ છે, જે જોઇ શકાતા નથી, જાણી શકાતા નથી એવા નારાયણ પ્રભુ છે, જે સ્થાવર જંગમના અધિપતિ અને કર્ત્તા છે, જેને જગતના અધ્યક્ષ અક્ષર અને પરમ પદ કહે છે, તે પરમાત્માની અમે ઉપાસના કરીએ છિયે. । ૩૩ થી ૩૯ ॥

हिरण्यवर्णो यो गर्भोऽदितेर्दैत्यनिषूदनः ॥ ४० ॥
एको द्वादशधा जज्ञे तस्मै सूर्यात्मने नमः ॥
शुक्ले देवान् पितॄन् कृष्णे तर्पयत्यमृते नमः ॥ ४१ ॥
यश्च राजा द्विजातीनां तस्मै सोमात्मने नमः ॥
महतस्तमसः पारे पुरुषं ह्यतितेजसम् ॥ ४२ ॥
यं ज्ञात्वा मृत्युमत्येति तस्मै ज्ञेयात्मने नमः ॥
ऋग्यजुः सामाथर्वाणं दशार्धं हविरात्मकम् ॥ ४३ ॥
यं बृहन्तं बृहत्युक्थ्ये यमिनो यं महाध्वरे ॥
यं विप्रसंघा गायन्ति तस्मै वेदात्मने नमः ॥ ४४ ॥
यं सप्ततन्तुं तन्वन्ति तस्मै यज्ञात्मने नमः ॥
चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पञ्चभिरेव च ॥

એક રૂપ છતાં બારરૂપે થનારા સૂર્યરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું કે જે ભગવાન્ સુવર્ણ જેવા વર્ણવાળા, અદિતિના ગર્ભમાં ઉત્પન્ન થયેલા અને દૈત્યોને નાશ કરનારા છે. જે ઇશ્વર શુકલ પક્ષમાં દેવોને તથા કૃષ્ણ પક્ષમાં પિતરોને અમૃતવડે તૃપ્ત કરે છે અને જે બ્રાહ્મણોનો રાજા કહેવાય છે તે ચન્દ્રરૂપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. મ્હોટા અન્ધકારના છેડામાં અતિ તેજવાળા જે પુરૂષ છે અને જેને જાણીને મનુષ્ય મૃત્યુને તરી જાય છે તે જ્ઞેયરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું જેને બ્રાહ્મણના સમૂહો ગાન કરે છે તે વેદરૂપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. કે જે પરમાત્માને મ્હોટા ઉકથ કર્મમાં ઋગ્વેદી બ્રાહ્મણો બૃહતરૂપે વર્ણવે છે અને અયન મહા અધ્વરમાં અધ્વર્યુ બ્રાહ્મણો વર્ણન કરે છે. યજ્ઞરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું કે જે ભગવાન્ ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદના સ્વરૂપવાળા છે. પાંચ હુતદ્રવ્યના સ્વરૂપવાળા છે તે હુતદ્રવ્યનાં નામ પંચધાના, કરંભ, પરિવાપ, પુરોડાશ અને પય. તે ઇશ્વરની અન્દર ગાયત્રી વગેરે છન્દ સાત તાંતણાની પેઠે જોડાઇને રહેલા છે. સત્તર અક્ષરોવડે જેનો હોમ કરવામાં આવે છે તે ઇશ્વરને નમસ્કાર કરૂં છું તે સત્તર અક્ષરનું સ્વરૂપ આ પ્રમાણે છે કે **आश्रावय** એ ચાર અક્ષર, **अस्तु श्रौषट्** એ ચાર અક્ષર **य ज** એ બે અક્ષર, **ये यजामहे** એ પાંચ અક્ષર અને **वषट्** એ બે અક્ષર મળીને એકંદર સત્તર અક્ષર થાય છે. સ્તોત્રરૂપ શ્રી વિષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. જે વેદ પુરૂપ રૂપે છે. **यजः** એવું જેનું નામ છે. ગાયત્રી વગેરે છન્દ જેનાં ગાત્ર છે. ઋક્ યજુ અને સામવેદથી થનાર યજ્ઞરૂપ જેને મસ્તક રહેલું છે એવા,

हूयते च पुनर्द्वाभ्यां तस्मै होमात्मने नमः ॥ ४५ ॥
यः सुपर्णो यजुर्नाम छन्दोगात्रस्त्रिवृच्छिराः ॥
रथन्तरं बृहत्साम तस्मै स्तोत्रात्मने नमः ॥ ४६ ॥
यः सहस्रसमे सत्रे यज्ञे विश्वसृजामृषिः ॥
हिरण्यपक्षः शकुनिस्तस्मै हंसात्मने नमः ॥ ४७ ॥
पदाङ्गसन्धिपर्वाणं स्वरव्यञ्जनभूषणम् ॥
यमाहुश्चाक्षरं नित्यं तस्मै वागात्मने नमः ॥ ४८ ॥
यज्ञाङ्गो यो वराहो वै भूत्वा गामुज्जहार ह ॥
लोकत्रयहितार्थाय तस्मै वीर्यात्मने नमः ॥ ४९ ॥
यः शेते योगमास्थाय पर्यङ्के नागभूषिते ॥
फणासहस्ररचिते तस्मै निद्रात्मने नमः ॥ ५० ॥
यश्चिनोति सतां सेतुमृतेनामृतयोनिना ॥
धर्मार्थ व्यवहाराङ्गै स्तस्मै सत्यात्मने नमः ॥ ५१ ॥

રથંતર અને બૃહત્ એવા નામનું વૈકલ્પિકસામ એટલે પ્રીતિવાક્ય જેને રહેલું છે એવા સ્તોત્રરૂપ ભગવાનને નમસ્કાર હો. ૪૦–૪૬

હંસપક્ષીરૂપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. જે ભગવાન્ પ્રજાપતિઓનાં એક હજાર વરસના યજ્ઞમાં પ્રગટ થયા અને જેની પાંખ સુવર્ણના જેવી હતી. ॥ ૪૭ ॥

વાણીરૂપ તે પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું. તે વાણીરૂપ ઈશ્વર કેવા છે કે પદના સમૂહ અથવા વાકયો જેનાં હાથ પગ વગેરે અંગ છે. વ્યાકરણમાં પ્રસિદ્ધ એવાં સન્ધિ પ્રકરણ રૂપી જેની આંગળીઓ છે. સ્વરો અને વ્યંજનોથી જે શોભાયમાન છે અને જેને દિવ્ય એવા અક્ષર રૂપે કહે છે. ॥ ૪૮ ॥

યજ્ઞના અંગરૂપ જે ભગવાનને વરાહરૂપ ધારણ કરીને ત્રણ લોકના હિત માટે પૃથ્વીને બહાર કહાડી તે પરાક્રમવાન્ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૪૯ ॥

જે ઇશ્વર યોગમાયાને આશ્રય કરીને, સહસ્ત્રફણાથી રચાયેલી શેષશય્યા ઉપર સુવે છે તે નિદ્રારૂપવાળા ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૫૦ ॥

સત્યરૂપ તે પરમેશ્વરને નમસ્કાર કરૂં છું. જે પરમેશ્વર સત્ પુરૂષોને તરવાના ઉપાય-

यं पृथक् धर्मचरणाः पृथग्धर्मफलैषिणः ॥
पृथग्धर्मैः समर्चन्ति तस्मै धर्मात्मने नमः ॥ ५२ ॥
यतः सर्वे प्रसूयन्ते ह्यनङ्गात्माङ्ग देहिनः ॥
उन्मादः सर्वभूतानां तस्मै कामात्मने नमः ॥ ५३ ॥
यत्तद्व्यक्तस्थमव्यक्तं विचिन्वन्ति महर्षयः ॥
क्षेत्रे क्षेत्रज्ञमासीनं तस्मै क्षेत्रात्मने नमः ॥ ५४ ॥
यं त्रिधात्मानमात्मस्थं वृतं षोडशभिर्गुणैः ॥
प्राहुः सप्तदशं सांख्यास्तस्मै सांख्यात्मने नमः ॥ ५५ ॥
यं विनिद्रा जितश्वासाः सत्वस्थाः सयंजितेन्द्रियाः ॥
ज्योतिः पश्यन्ति युञ्जानास्तस्मै योगात्मने नमः ॥ ५६ ॥
अपुण्यपुण्योपरमे यं पुनर्भवनिर्भयाः ॥

રૂપ યોગધર્મને વેદોક્ત ઉપાય અને મોક્ષના કારણરૂપ જિતેન્દ્રિયપણા વગેરે અંગોથી વિસ્તાર કરે છે. ॥ ૫૧ ॥

જે પરમેશ્વરને જુદા જુદા ધર્મનું આચરણ કરનારા અને જુદા જુદા ફલની ઇચ્છા રાખનારા પુરૂષો જુદા જુદા ધર્મોવડે પૂજન કરે છે, તે ધર્મરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૫૨ ॥

જે ઇશ્વરથી સર્વ કામમય અંગો ઉત્પન્ન થાય છે અને સર્વ પ્રાણીઓને ઉન્માદ ઉત્પન્ન થાય છે, તે કામરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૫૩ ॥

બુદ્ધિમાં રહેલા ક્ષેત્રજ્ઞને તથા દેહના અન્તમાં રહેલા જે અવ્યક્તને મહર્ષિયો શોધે છે તે ક્ષેત્રરૂપ આત્માને નમસ્કાર કરૂં છું. ॥ ૫૪ ॥

સાંખ્યરૂપ તે પરમાત્માને નમસ્કાર કરૂં છું તે સાંખ્યરૂપ પરમાત્મા કેવા છે કે ચેતનરૂપ છે અને પોતાના સ્વરૂપમાં રહ્યા છતાં પણ જે ગુણનાં સોળ કાર્ય, અગીઆર ઇન્દ્રિયો અને પંચ ભૂતથી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં વીંટાઇ રહેલ છે એમ સાંખ્ય શાસ્ત્ર જાણનાર પુરૂષો કહે છે અને જેને સત્તરમા કહે છે ॥ ૫૫ ॥

નિદ્રાથી રહિત, શ્વાસને જિતનારા, સત્વમાં રહેલા અને ઇન્દ્રિયોને નિયમમાં રાખનારા યોગી પુરૂષો જેને જ્યોતિરૂપે જુએ છે તે યોગ રૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૫૬ ॥

પુણ્ય અને અપુણ્યની શાન્તિ થયા પછી, જન્મમરણના ભયથી રહિત થઇ શાન્ત

शान्ताःसंन्यासिनो यान्ति तस्मै मोक्षात्मने नमः ॥५७॥
योऽसौ युगसहस्रान्ते प्रदीप्तार्चिर्विभावसुः ॥
सम्भक्षयति भूतानि तस्मै घोरात्मने नमः ॥ ५८ ॥
सम्भक्ष्य सर्व भूतानि कृत्वा चैकार्णवं जगत् ॥
बालः स्वपिति यश्चैकैस्तस्मै मायात्मने नमः ॥ ५९ ॥
अजस्य नाभौ सम्भूतं यस्मिन्विश्वं प्रतिष्ठितम् ॥
पुष्करं पुष्कराक्षस्य तस्मै पद्मात्मने नमः ॥ ६० ॥
सहस्रशिरसे चैव पुरुषायामितात्मने ॥
चतुःसमुद्रपर्यंके योगनिद्रात्मने नमः ॥ ६१ ॥
यस्य केशेषु जीमूता नद्यः सर्वाङ्गसन्धिषु ॥
कुक्षौ समुद्राश्चत्वारस्तस्मै तोयात्मने नमः ॥ ६२ ॥
यस्मात्सर्वाः प्रसूयन्ते सर्वप्रलयविक्रियाः ॥
यस्मिंश्चैव प्रलीयन्ते तस्मै हेत्वात्मने नमः ॥ ६३ ॥

એવા સંન્યાસી પુરૂષો જેને પામે છે તે મોક્ષરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૫૭ ॥

પ્રકાશમાન કાન્તિવાળા અગ્નિરૂપ જે ભગવાન્ સહસ્રયુગની સમાપ્તિમાં પ્રાણીઓનું ભક્ષણ કરે છે તે ઘોરરૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૫૮ ॥

સર્વ પ્રાણીઓનું ભક્ષણ કરીને તથા એક સમુદ્રરૂપ જગત્ કરી બાલરૂપે જે એકલા સુવે છે તે માયારૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૫૯ ॥

કમલસરખાં નેત્રવાળા જે ભગવાનની નાભિમાંથી કમલ ઉત્પન્ન થયું અને જે કમલની અન્દર સર્વ જગત રહેલું છે, તે કમલ સ્વરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૦ ॥

અનન્ત મસ્તકવાળા, અપાર સ્વરૂપવાળા અને નિષ્કામ એવા યોગનિદ્રારૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૧ ॥

જેના કેશની અન્દર મેઘ રહેલા છે, સર્વ અંગના સન્ધિઓમાં નદીઓ રહેલી છે અને કુક્ષિમાં ચાર સમુદ્ર રહેલા છે તે જલરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૨ ॥

જે ઇશ્વરથકી સર્વ પ્રજાઓ વગેરે ઉત્પન્ન થાય છે અને સ્થિતિ પામે છે તેમજ જેને વિષે સર્વ લય પામે છે તે કારણરૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૬૩ ॥

यो निषण्णो भवेद्रात्रौ दिवा भवति विष्ठितः ॥
इष्टानिष्टस्य च द्रष्टा स्तस्मै द्रष्टात्मने नमः ॥ ६४ ॥
अकुण्ठं सर्वकार्येषु धर्मकार्यार्थमुद्यतम् ॥
वैकुण्ठस्य हि तद्रूपं तस्मै कार्यात्मने नमः ॥ ६५ ॥
विभज्य पञ्चधात्मानं वायुभूतः शरीरगः ॥
यश्चेष्टयति भूतानि तस्मै वाय्वात्मने नमः ॥ ६६ ॥
ब्रह्म वक्त्रं भुजौ क्षत्रं कृत्स्नमूरूदरं विशः ॥
पादौ यस्याश्रिताः शूद्रास्तस्मैवर्णात्मनेनमः ॥ ६७ ॥
युगेष्वावर्त्तमानेषु मासर्त्वयनहायनैः ॥
सर्गप्रलययोः कर्त्ता तस्मै कालात्मने नमः ॥ ६८ ॥
यस्याग्निरास्यं द्यौर्मूर्धा खं नाभिश्चरणौ क्षितिः ॥
सूर्यश्चक्षुर्दिशः श्रोत्रे तस्मै लोकात्मने नमः ॥ ६९ ॥

જે ઇશ્વર રાત્રિની અન્દર બેઠેલાજ છે અર્થાત્ સાક્ષીરૂપ છે અને જે ઇશ્વર જાગ્રત્ અને સ્વપ્નમાં કર્ત્તારૂપે જણાય છે તથા જે ઇશ્વર ઇષ્ટ અને અનિષ્ટના જોનાર છે, તે દ્રષ્ટારૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૪ ॥

સર્વ કાર્યોમાં જે કોઇથી રોકાય એવા નથી અને જે ધર્મના કાર્યને માટે તૈયાર છે તથા જે વૈકુંઠરૂપે છે તે કાર્યરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું ॥ ૬૫ ॥

વાયુરૂપે થઇ શરીરમાં પ્રવેશ કરી પાંચ પ્રકારના રૂપે કરીને જે ઇશ્વર પ્રાણીઓને ચેષ્ટા કરાવે છે તે વાયુરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૬ ॥

બ્રાહ્મણો જેના મુખનો આશ્રય કરીને રહેલા છે, ક્ષત્રિયો જેના હાથનો આશ્રય કરીને રહેલા છે, વૈશ્યો જેના ઉરૂ અને ઉદરનો આશ્રય કરીને રહેલા છે અને શૂદ્રો જેના ચરણનો આશ્રય કરીને રહેલા છે તે ચાર વર્ણરૂપ પરમેશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૬૭ ॥

જે ઇશ્વર પોતાની યોગમાયાયે કરીને યુગોની અંદર મત્સ્ય કચ્છરૂપે નટની પેઠે ભ્રમણ કરે છે અને માસ, ઋતુ, અયન તથા વર્ષોવડે સૃષ્ટિ અને પ્રલયના જે કર્ત્તા છે, તે કાલરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૮ ॥

અગ્નિ જે ઇશ્વરનું મુખ છે, સ્વર્ગ જેનું મસ્તક છે, આકાશ જેની નાભિ છે, પૃથ્વી જેના પગ છે, સૂર્ય જેનાં ચક્ષુ છે, અને દિશાઓ જેના કાન છે, તે લોકરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૯ ॥

परः कालात्परो यज्ञात्परात्परवरो हि यः ॥
अनादिरादिर्विश्वस्य तस्मै विश्वात्मने नमः ॥ ७० ॥
विषये वर्तमानो यस्तं वैशेषिकानिर्गुणैः ॥
प्राहुर्विषयगोप्तारं तस्मै गोप्त्रात्मने नमः ॥ ७१ ॥
अन्नपानेंधनमयो रसप्राणविवर्द्धनः ॥
यो धांरयति भूतानि तस्मै प्राणात्मने नमः ॥ ७२ ॥
पिङ्गेक्षणसटं यस्य रूपं दंष्ट्रानखायुधम् ॥
दानवेन्द्रान्तकरणं तस्मै दृप्तात्मने नमः ॥ ७३ ॥
रसातलगतः श्रीमाननन्तो भगवान्विभुः ॥
जगद्धारयते कृत्स्नं तस्मै वीर्यात्मने नमः ॥ ७४ ॥
यो मोहयति भूतानि स्नेहपाशानुबन्धनैः ॥
सर्गस्य रक्षणार्थाय तस्मै मोहात्मने नमः ॥ ७५ ॥
*भूतलातलमध्यस्थो हत्वा तु मधुकैटभौ ॥

જે ઇશ્વર કાલથી પર છે, યજ્ઞથી પર છે, જે પરથી પણ પર છે અને જે વિશ્વના આદિ તથા અનાદિ છે, તે વિશ્વરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૦ ॥

વિષયમાં રહ્યા છતાં રાગ દ્વેષાદિકથી જે બંધાતા નથી અને વિષયોનું રક્ષણ કરનાર છે તે ગોપ્તારૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૧ ॥

અન્નપ્રાણ અને કાષ્ટમય જે છે, રસ અને પ્રાણને વધારનારા, તથા જે પ્રાણિયોને ધારણ કરે છે તે પ્રાણરૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૭૨ ॥

નેત્ર અને જટા જેની પીળી છે, દાઢ અને નખ જેવું આયુધ છે, મ્હોટા દાનવોનો જેણે નાશ કર્યો છે તે દપ્તરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૩ ॥

રસાતલમાં રહેલા, વ્યાપક અને શ્રીમાન્ અનન્ત ભગવાન્ સમગ્ર જગતને ધારણ કરે છે તે વીર્યવાન્ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૪ ॥

સૃષ્ટિનું રક્ષણ કરવા માટે જે ભગવાન્ સ્નેહના પાશના બન્ધનોથી પ્રાણિઓને મોહ કરે છે, તે મોહરૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૭૫ ॥

ભૂતલ અને અતલમાં રહી મધુ અને કૈટભ નામના દૈત્યોનો નાશ કરી જે ભગ-

* છોતેરથી ૮૫ સુધીના શ્લોક ભારતમાં નથી. ક્ષેપક છે.

उद्धृता येन वै वेदास्तस्मै मत्स्यात्मने नमः ॥ ७६ ॥
ससागरनगां बिभ्रत्सप्तद्वीपां वसुंधराम् ॥
यो धारयति पृष्ठेन तस्मै कूर्मात्मने नमः ॥ ७७ ॥
एकार्णवे हि मग्नान्तां वाराहं रूपमास्थितः ॥
उद्दधार महीं योऽसौ तस्मै क्रोडात्मने नमः ॥ ७८ ॥
नारसिंहं वपुः कृत्वा यस्त्रैलोक्यभयंकरः ॥
हिरण्यकशिपुं जघ्ने तस्मै सिंहात्मने नमः ॥ ७९ ॥
वामनं रूपमास्थाय बलिं संयम्य मायया ॥
इमे क्रान्तास्त्रयो लोकास्तस्मै क्रान्तात्मने नमः ॥ ८० ॥
जमदग्निसुतो भूत्वा रामः परशुधृग्विभुः ॥
सहस्रार्जुनहन्तैव तस्मै उग्रात्मने नमः ॥ ८१ ॥
रामो दाशरथिर्भूत्वा पौलस्त्यकुलनन्दनम् ॥
जघान रावणं संख्ये तस्मै क्षत्रात्मने नमः ॥ ८२ ॥

વાને વેદોનો ઉદ્ધાર કર્યો તે મત્સ્યરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૬ ॥

સાગર અને પર્વતસહિત સાત દ્વીપવાળી પૃથ્વીને ભગવાન્ પોતાના પૃષ્ઠ ઉપર ધારણ કરે છે તે કૂર્મરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૭ ॥

વરાહનું રૂપ ધારણ કરી કેવળ સમુદ્રમાં ડૂબેલી પૃથ્વીને જે ભગવાને બહાર કહાડી તે ક્રોડરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૮ ॥

ત્રણ લોકને ભય કરનારૂં એવું નારસિંહ સ્વરૂપ ધારણ કરીને જેણે હિરણ્યકશિપુનો નાશ કર્યો તે સિંહરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું ॥ ૭૯ ॥

વામનરૂપ ધારણ કરી પોતાની માયાથી બલિરાજાને બાંધીને જેણે આ ત્રણ લોકનું આક્રમણ કર્યું તે ક્રાન્ત સ્વરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૮૦ ॥

જમદગ્નિના પુત્ર થઈ પરશુરામરૂપ ધારણ કરી જેણે સહસ્રાર્જુનનો નાશ કર્યો તે ઉગ્રરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૮૧ ॥

દશરથરાજાના પુત્ર રામચન્દ્રરૂપે થઈ પુલસ્ત્ય કુલમાં ઉત્પન્ન થયેલા રાવણનો જેણે સંગ્રામમાં નાશ કર્યો તે ક્ષત્રરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૮૨ ॥

वसुदेवसुतः श्रीमान्वासुदेवो जगत्पतिः ॥
जहार वसुधाभारं तस्मै कृष्णात्मने नमः ॥ ८३ ॥
बुद्धरूपं समास्थाय सर्वरूपपरायणः ॥
मोहयन्सर्वभूतानि तस्मै मोहात्मने नमः ॥ ८४ ॥
हनिष्यति कलेरन्ते म्लेच्छांस्तुरगवाहनः ॥
धर्मसंस्थापनार्थाय तस्मै कल्क्यात्मने नमः ॥ ८५ ॥
आत्मज्ञानमिदं ज्ञानं ज्ञात्वा पञ्चस्ववस्थितः ॥
यं ज्ञानेनाधिगच्छन्ति तस्मै ज्ञानात्मने नमः ॥ ८६ ॥
अप्रमेयशरीराय सर्वतो बुद्धिचक्षुषे ॥
अपारापरिमेयाय तस्मै दिव्यात्मने नमः ॥ ८७ ॥
जटिने दंडिने नित्यं लंबोदरशरीरिणे ॥
कमण्डलुनिषङ्गाय तस्मै ब्रह्मात्मने नमः ॥ ८८ ॥
शूलिने त्रिदशेशाय त्र्यंबकाय महात्मने ॥
भस्मदिग्धोर्ध्वलिंगाय तस्मै रुद्रात्मने नमः ॥ ८९ ॥

વસુદેવના પુત્ર, શ્રીમાન, જગતના પતિ એવા વાસુદેવરૂપે થઈ પૃથ્વીનો ભાર જેણે ઉતાર્યો તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥ ૮૩ ॥

સર્વરૂપ ધારણ કરનાર જે ભગવાને બુદ્ધરૂપનો આશ્રય કરી પ્રાણિઓને મોહ પમાડ્યો તે મોહરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૮૪ ॥

ઘોડા ઉપર બેશીને કલિયુગના અન્તમાં જે ભગવાન્ ધર્મના સ્થાપન માટે મ્લેચ્છોનો નાશ કરશે તે કલ્કીરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૮૫ ॥

આત્મા સંબંધી જ્ઞાનને જાણીને જે જ્ઞાનવડે મનુષ્યો તે પરમેશ્વરને પામે છે તે જ્ઞાનરૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૮૬ ॥

માપવા યોગ્ય જેનું સ્વરૂપ નથી, જેનું જ્ઞાનરૂપી ચક્ષુ સર્વે ઠેકાણે રહેલું છે, જે અનન્ત અને અપરિમેય છે, તે દિવ્ય સ્વરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૮૭ ॥

બ્રહ્મરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. તે બ્રહ્મરૂપ ભગવાન્ કેવા છે કે, જટાવાળા છે નિરન્તર દંડવાળા છે, લાંબું પેટ અને શરીરવાળા છે અને કમંડલના જલરૂપી બાણેથી અસુરોનો નાશ કરનારા છે. ॥ ૮૮ ॥

ત્રિશૂલ ધારણ કરનારા, દેવોના ઇશ્વર, ત્રણ નેત્રવાળા, મહાત્મા અને ભસ્મથી જેનું શરીર વ્યાપ્ત છે એવા રુદ્રસ્વરૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૮૯ ॥

चन्द्रार्धकृतशीर्षाय व्यालयज्ञोपवीतिने ॥
पिनाकशूलहस्ताय तस्मा उग्रात्मने नमः ॥ १० ॥
पञ्चभूतात्मभूताय भूतादिनिधनाय च ॥
अक्रोधद्रोहमोहाय तस्मै शान्तात्मने नमः ॥ ११ ॥
यस्मिन् सर्वं यतः सर्वं यः सर्वं सर्वतश्च यः ॥
यश्च सर्वमयो देवस्तस्मै सर्वात्मने नमः ॥ १२ ॥
विश्वकर्मन्नमस्तेऽस्तु विश्वात्मा विश्वसम्भवः ॥
अपवर्गस्थभूतानां पञ्चानां परतः स्थितः ॥ १३ ॥
नमस्ते त्रिषु लोकेषु नमस्ते परतस्त्रिषु ॥
नमस्ते त्रिषु सर्वेषु त्वं हि सर्वमयो निधिः ॥ १४ ॥
नमस्ते भगवन्विष्णो लोकानां प्रभवाप्ययः ॥
त्वं हि कर्त्ता हृषीकेश संहर्ता चापराजितः ॥ १५ ॥

અર્ધચન્દ્ર જેણે મસ્તક ઉપર ધારણ કરેલો છે એવા, સર્પરૂપી યજ્ઞોપવીત ધારણ કરનારા અને પિનાક તથા ત્રિશૂલને હાથમાં ધારણ કરનારા ઉગ્રરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૧૦ ॥

સર્વ પ્રાણીના આત્મરૂપ, પ્રાણીઓના આદિ અને અન્તરૂપ ક્રોધ દ્રોહ અને મોહથી રહિત એવા શાન્તરૂપ તે ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૧૧ ॥

જે ઇશ્વરને વિષે આ સર્વ રહેલું છે, જેથી આ સર્વ થાય છે, જે ઇશ્વર આ સર્વરૂપ છે, સર્વથી જે પર છે, અને જે સર્વમય છે તે સર્વરૂપ ભગવાનને નિરન્તર નમસ્કાર કરૂં છું. ॥ ૧૨ ॥

હે વિશ્વરૂપ ! હે વિશ્વસંભવ ! હે નિત્યમુક્ત ! હે સર્વ પ્રાણીથી પર રહેનાર ! હે વિશ્વકર્મન્ ! તમને નમસ્કાર હો. ॥ ૧૩ ॥

ત્રણુલોકમાં તમને નમસ્કાર કરૂં છું, ત્રણુલોકથી પર એવા તમને નમસ્કાર કરૂં છું, સર્વ દિશાઓમાં તમને નમસ્કાર કરૂં છું, અને તમે સર્વમય એવા ભંડારરૂપ છો. ॥૧૪॥

હે ભગવાન્ ! હે વિષ્ણો ! હે લોકોની ઉત્પત્તિ અને નાશ કરનારા ! તમને નમસ્કાર કરૂં છું. હે ઇન્દ્રિયોના ઇશ્વર ! તમે જગતના કર્ત્તા છો અને કોઇથી પણ પરાજય ન પામીને જગતના સંહાર કરનારા છો. ॥ ૧૫ ॥

तेन पश्यामि भगवन् दिव्येषु त्रिषु वर्त्मसु ॥
तच्च पश्यामि तत्त्वेन यत्ते रूपं सनातनम् ॥ ९६ ॥
दिवं ते शिरसा व्याप्तं पद्भ्यां दवी वसुंधरा ॥
विक्रमेण त्रयो लोकाः पुरुषोऽसि सनातनः ॥ ९७ ॥
दिशो भुजा रविश्चक्षुर्वीर्यं शुक्रः प्रजापतिः ॥
सप्त मार्गा निरुद्धास्ते वायोरमित तेजसः ॥ ९८ ॥
अतसीपुष्पसंकाशं पीतकौशेयवाससम् ॥
नमस्यन्ति च गोविन्दं न तेषां विद्यते भयम् ॥ ९९ ॥
नमो नरकसंत्रासरक्षा मण्डलकारिणे ॥
संसारनिम्नगावर्त्त तरिकाष्ठाय विष्णवे ॥ १०० ॥
नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ॥
जगद्धितायकृष्णाय गोविन्दाय नमो नमः ॥ १ ॥
प्राणकान्तारपाथेयं संसारोच्छेदभेषजम् ॥
दुःखशोकपरित्राणं हरिरित्यक्षरद्वयम् ॥ २ ॥

ત્રણકાલમાં તમારો દિવ્ય ભાવ હું દેખી શકતો નથી કારણકે તે માયિક છે પણ તમારૂં જે સનાતનરૂપ છે, તે રૂપવાળા તમોને તત્વથી જોઉં છું. ॥ ૯૬ ॥

તમારા મસ્તકથી સ્વર્ગ વ્યાપ્ત થયેલ છે, બે પગથી પૃથ્વી વ્યાપ્ત થઇ છે, અને વિક્રમથી ત્રણલોક વ્યાપ્ત થયા છે, એવા તમે સનાતન આદિપુરુષ છો. ॥ ૯૭ ॥

દિશાઓ તમારા હાથરૂપ છે, સૂર્ય ચક્ષુરૂપ છે, વીર્યમાં શુક્ર રહેલ છે, અપાર તેજવાળા અને વાયુરૂપ તમારા પ્રવાહ વગેરે સાતમાર્ગ તમારાથી વ્યાપ્ત થયા છે. ॥ ૯૮ ॥

અતસીના પુષ્પ જેવા, પીળાં વસ્ત્ર ધારણ કરનારા અચ્યુત અને ગોવિન્દને જે નમસ્કાર કરે છે તેને ભય વિદ્યમાન નથી. ॥ ૯૯ ॥

નરકના ત્રાસથી રક્ષાનું મંડલ કરનારા અને સંસારરૂપી નદીના તરંગ ઉતારવાને માટે વહાણરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૧૦૦ ॥

બ્રાહ્મણના ભક્તરૂપ દેવ, ગાય અને બ્રાહ્મણનું હિતકરનાર, તથા સર્વ જગતનું હિત કરનાર ગોવિન્દકૃષ્ણને વારવાર નમસ્કાર કરૂં છું. ॥ ૧૦૧ ॥

હરિ એવા નામના જે બે અક્ષર છે તે પ્રાણરૂપી વનને ભોજનરૂપ છે, સંસાર નાશકરવામાં ઔષધરૂપ છે, તથા દુઃખ અને શોકથી રક્ષણ કરનાર છે. ॥ ૧૦૨ ॥

यथा विष्णुमयं सत्यं यथा विष्णुमयं जगत् ॥
यथा विष्णुमयं सर्वं पाप्मा मे नश्यतां तथा ॥ ३ ॥
त्वां प्रपन्नाय भक्ताय गतिमिष्टां जिगीषवे ॥
यच्छ्रेयः पुण्डरीकाक्ष तद्ध्यायस्व सुरेश्वर ॥ ४ ॥
इति विद्यातपोयोनिरयोनिर्विष्णुरीडितः ॥
वाग्यज्ञेनार्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥ ५ ॥
नारायणपरं ब्रह्म नारायणपरं तपः ॥
नारायणपरं चेदं सर्वं नारायणात्मकम् ॥ ६ ॥

॥ वैशंपायन उवाच ॥

एतावदुक्त्वा वचनं भीष्मस्तद्गतमानसः ॥
नम इत्येव कृष्णाय प्रणाममकरोत्तदा ॥ ७ ॥
अभिगम्य तु योगेन भक्तिं भीष्मस्य माधवः ॥
त्रैलोक्यदर्शनं ज्ञानं दिव्यं दत्वा ययौ हरिः ॥ ८ ॥

જેમ વિષ્ણુમય સત્ય છે તેમ વિષ્ણુમય જગત્ છે અને જેમ આ સર્વ વિષ્ણુમય છે તે પ્રમાણે જોતા પરમેશ્વર મારૂં સઘળું પાપ નાશ કરો. ॥ ૧૦૩ ॥

હે દેવોમાં ઉત્તમ ! હે કમળસરખાં નેત્રવાળા ! હું જે ગતિને ઇચ્છુંછું તે ગતિરૂપ શ્રેય તમે મને આપો, હું તમારો પ્રસન્ન ભક્તછું. ॥ ૧૦૪ ॥

વિદ્યા અને તપના કારણરૂપ અજન્મા વિષ્ણુની મેં આ પ્રમાણે સ્તુતિ કરી છે અને વાણીરૂપી યજ્ઞથી પૂજા કરી છે માટે તે જનાર્દનદેવ મને પ્રસન્ન થાઓ. ॥ ૧૦૫ ॥

નારાયણ જે છે તે પર બ્રહ્મ છે, નારાયણ જે છે તે પર તપરૂપ છે, નારાયણ જે છે તે પર દેવરૂપ છે અને નારાયણ નિરન્તર સર્વરૂપે છે. ॥ ૧૦૬ ॥

વૈશંપાયન કહેછે કે હે જન્મેજય ! ઇશ્વરમાં મન રાખી ભીષ્મે એટલાં વચન કહી, **નમઃ** એ શબ્દનો ઉચ્ચાર કરી શ્રીકૃષ્ણને તે વખતે પ્રણામ કર્યો. ॥ ૧૦૭

ભગવાને ભીષ્મની ભક્તિ યોગે કરીને જાણી અને ત્રણલોકના દર્શનરૂપ દિવ્ય જ્ઞાન આપીને પોતાના દેહમાં શયનસ્થાન ઉપર આવ્યા ત્યારે યુધિષ્ઠિરે જગાડયા અને જાગીને ઉભા થયા. ॥ ૧૦૮ ॥

तस्मिन्नुपरते शब्दे ततस्ते ब्रह्मवादिनः ॥
भीष्मं वाग्भिर्बाष्पकण्ठास्तमानर्चुर्महामतिम् ॥ ९ ॥
ते स्तुवन्तश्च विप्राग्र्याः केशवं पुरुषोत्तमम् ॥
भीष्मं च शनकैः सर्वे प्रशशंसुः पुनः पुनः ॥ १० ॥
*यं योगिनः प्राणवियोगकाले यत्नेन चित्ते विनिवेशयंति ॥
साक्षात्पुरस्ताद्धरिमीक्षमाणःप्राणान् जहौ प्राप्तकाले हि भीष्मः
शुक्लपक्षे दिवा भूमौ गंगायां चोत्तरायणे ॥
धन्यास्तात मरिष्यन्ति हृदयस्थे जनार्दने ॥ १२ ॥
विदित्वा भक्तियोगं तु भीष्मस्य पुरुषोत्तमः ॥
सहसोत्थाय सन्तुष्टो यानमेवाभ्यपद्यत ॥ १३ ॥
केशवः सात्यकिश्चैव रथेनैकेन जग्मतुः ॥
अपरेण महात्मानौ युधिष्ठिरधनञ्जयौ ॥ ११४ ॥
भीमसेनो यमौ चोभौ रथमेकं समास्थिताः ॥
कृपो युयुत्सुः सूतश्च सञ्जयश्चापरं रथम् ॥ ११५ ॥

તે શબ્દ જ્યારે બન્ધ થયો ત્યારે પછી તે સઘળા બ્રહ્મવાદી બ્રાહ્મણોની આંખમાં આંસુ આવ્યાં અને મહામતિ ભીષ્મનો પોતાની વાણીથી સત્કાર કર્યો. ॥ ૧૦૯ ॥

તે શ્રેષ્ટ બ્રાહ્મણોએ ભગવાનની સ્તુતિ કરી અને વારંવાર ભીષ્મની પ્રશંસા કરી.

પ્રાણ જવા વખતે યોગી પુરુષો મહેનતે કરીને જે ભગવાનને પોતાના ચિત્તમાં પ્રવેશ કરે છે તે ઇશ્વરને મરણ વખતે સામા જોતાં છતાં ભીષ્મે પ્રાણ ત્યાગ કર્યો. ॥૧૧૧॥

વૈશંપાયન કહેછે કે, હે જન્મેજય ! ભગવાનને હૃદયમાં રાખીને ઉત્તરાયણના સૂર્ય થાય તે વખતે ગંગાને કાંઠે શુકલ પક્ષમાં પૃથ્વી ઉપર દિવસે જે પુરુષો મરણ પામે છે તેને ધન્ય છે. ॥ ૧૧૨ ॥

ભગવાને ભીષ્મનો ભક્તિયોગ સારી રીતે જાણ્યો અને તત્કાલ ઉભા થઇ હર્ષપામી પોતે રથમાં બેઠા. ॥ ૧૧૩ ॥

ભગવાન્ અને સાત્યકિ એક રથમાં બેશીને ગયા તથા બીજા રથમાં મહાત્મા યુધિષ્ટિર અને અર્જુન બેશીને ગયા. ॥ ૧૧૪ ॥

ભીમસેન, સહદેવ અને નકુલ, એ સર્વે એક રથમાં બેશીને હસ્તિનાપુર ગયા. કૃપા-

* એકસો અગીયારમો તથા એકસો બારમો એ શ્લોક ભારતમાં જોવામાં આવતા નથી.

ते रथैर्नगराकारैः प्रयाताः पुरुषर्षभाः ॥
नेमिघोषेण महता कम्पयन्तो वसुंधराम् ॥ ११६ ॥

ततो गिरः पुरुषवरस्तवान्विता द्विजेरिताः पथि सुमनाः स शुश्रुवे ॥
कृताञ्जलिं प्रणतमथापरं जनं स केशिहा मुदितमनाभ्यनंदत ॥११७॥

*अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ॥
धर्माध्यक्षं स्तुवन्नित्यं सर्वपापैः प्रमुच्यते ॥ ११८ ॥

इमं स्तवं यः पठति शार्ङ्गधन्वनः शृणोति वा भक्तिसमन्वितो जनः॥
स चक्रधृक् प्रतिहतसर्वकल्मषो जनार्दनं प्रविशति देहसंक्षये॥११९॥

अशनिशितसुधारं यस्य चक्रं सुचारु
मणिकनकविचित्रे कुण्डले यस्य कर्णे ॥

ચાર્વ, યુયુત્સુ, સૂત અને સંજય, એ સર્વ શ્રેષ્ઠપુરુષો નગરના આકાર જેવા રથો ઉપર બેશી તથા રથના પઇડાના મ્હોટા શબ્દે કરીને પૃથ્વીને કંપાવી હસ્તિનાપુરમાં ગયા. ॥ ૧૧૫ ॥ ૧૧૬ ॥

રસ્તામાં જતાં શ્રેષ્ઠ બ્રાહ્મણોએ જે ભગવાન્‌ની સ્તુતિ કરી તે ભગવાને સાંભળી અને બીજાં માણસો પણ હાથ જોડી ભગવાન્‌ને પગે લાગતાં હતાં, તે જોઇ આનન્દ પામી ભગવાન્ શ્રીકૃષ્ણે સૌનો આદર સત્કાર કર્યો. ॥ ૧૧૭ ॥

જેનો આદિ અન્ત નથી તથા સર્વ લોકના જે મ્હોટા ઇશ્વર છે, અને ધર્મના જે અધ્યક્ષ છે તે વિષ્ણુને સ્તુતિ કરનાર પુરૂષ સર્વ પાપોથી છુટે છે. ॥ ૧૧૮ ॥

ભગવાન્‌ના આ સ્તોત્રનો મનુષ્ય પાઠ કરે છે અને ભક્તિયુક્ત થઇ સાંભળે છે તો ભગવાન્ તેનાં સર્વ પાપ બાળીને ભસ્મ કરે છે અને તે પુરૂષ મરણ થયા પછી ભગવાન્‌ને પામે છે. ॥ ૧૧૯ ॥

વજ્રના જેવી તીક્ષ્ણ ધારવાળું જે ભગવાન્‌નું સુન્દર ચક્ર છે, કાનમાં મણિ અને

* એકસો અઢારમો તથા એકસો ઓગણીશમો એ શ્લોક ભારતમાં જોવામાં આવતા નથી. તથાપિ બીજાં છપાયલાં પંચરત્નોમાં જોવામાં આવેછે માટે આ સ્થળે તે શ્લોકો અને તેનું ભાષાન્તર મુકવામાં આવ્યું છે. આ શ્લોકો ભારતમાંહેના છે કે કોઇ બીજા ગ્રન્થના છે તે જણાવામાં આવ્યું નથી.

भ्रमरशतसहस्रैः सेविता यस्य माला
असुरकुलनिहन्ता प्रीयतां वासुदेवः ॥ १२० ॥
स्तवराजः समाप्तोऽयं विष्णोरद्भुतकर्मणः ॥
गांगेयेन पुरा गीतो महापातकनाशनः ॥ १२१ ॥

॥ श्रीभगवानुवाच ॥

यः संपठेदिदं स्तोत्रं मम जन्मानुकीर्त्तनम् ॥
देवलोकमतिक्रम्य तस्य लोको यथा मम ॥ १२२ ॥

સુવર્ણથી વિચિત્ર જેનાં કુંડળ છે અને જેની વનમાલા હજારો ભ્રમરોએ સેવન કરેલી છે, તે અસુરના કુલનો નાશ કરનાર શ્રીકૃષ્ણ પ્રસન્ન થાઓ. ॥ ૧૨૦ ॥

અદ્ભુત કર્મવાળા વિષ્ણુ ભગવાનની આ સ્તુતિ સમાપ્ત થઇ, તે સ્તુતિ ભીષ્મે કહેલી છે અને તે મહા પાતક નાશ કરે એવી છે. ॥ ૧૨૧ ॥

શ્રી ભગવાન્ કહેછે કે મારા જન્મના કીર્તનવાળું આ સ્તોત્ર તેનો જે મનુષ્ય પાઠ કરે છે તે મનુષ્ય દેવ લોકનું ઉલ્લંઘન કરી મારા લોકને પામે છે. ॥ ૧૨૨ ॥

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां वैय-
सिक्यां शान्तिपर्वणि राजधर्मे भीष्मस्तवराजे
सप्तचत्वारिंशत्तमोऽध्यायः ॥ ४७ ॥

भीष्मस्तवराजः संपूर्णः

॥ अथ भीष्मस्तुतिः प्रारभ्यते ॥

इति मतिरुपकल्पिता वितृष्णा भगवतिसात्वतपुङ्गवे विभूम्नि ॥
स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषियद्भवप्रवाहः ॥ १ ॥

भावार्थः—જે પોતાના પરમાનન્દરૂપ સ્વરૂપને પ્રાપ્ત થયેલાજ છે તોપણ કોઈ સમયે ક્રીડા કરવા માટે જે યોગ માયાથી સંસારની પરંપરા ચાલેછે તે માયાનો આશ્રય કરેછે, તે યાદવોમાં શ્રેષ્ઠ એવા સમર્થ ભગવાન્‌માં નાનાપ્રકારના ધર્માદિક ઉપાયોથી મેં મારી નિષ્કામ મતિ અર્પણ કરી છે. ॥ ૧ ॥

त्रिभुवनकमनं तमालवर्णं रविकरगौरवराम्बरं दधाने ॥
वपुरलककुलावृताननाब्जं विजयसखे रतिरस्तुमेऽनवद्या ॥ २ ॥

भावार्थः—આખા ત્રૈલોકયમાં સુંદર, જેનો તમાલના સરખો નીલ વર્ણ છે એવા, અને સૂર્યનાં કિરણ સરખાં પીળાં વસ્ત્રવાળા તથા કેશના સમૂહથી ઘેરાઇ ગયેલા મુખવાળા શરીરને ધારણ કરનારા એવા અર્જુનના સારથી શ્રીકૃષ્ણભગવાન્‌માં મારી નિષ્કામ પ્રીતિ રહેજો. ॥ ૨ ॥

युधि तुरगरजोविधूम्रविश्वक्कचलुलितश्रमवार्यलंकृतास्ये ॥
मम निशितशरैर्विभिद्यमानत्वचिविलसत्कवचेऽस्तुकृष्णआत्मा ॥

भावार्थः—યુદ્ધનેવિષે ઘોડાની ખરિયોની રજવડે ભૂરા થયેલા અને આમ તેમ ઉડતા કેશથી વિખરાઇ ગયેલા પરસ્વેદના બિંદુયે કરીને જેનું મુખ શોભતું હતું, મારા તીક્ષ્ણ બાણોથી જેના શરીરની ચામડી વીંધાઇ જતી હતી અને જેનું કવચ એટલે બખતર તુટી જતું હતું એવા શ્રીકૃષ્ણ ભગવાનને વિષે મારૂં મન નિરંતર રહેજો. ॥ ૩ ॥

सपदि सखिवचो निशम्य मध्ये निजपरयोर्बलयो रथं निवेश्य ॥
स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति पार्थसखे रतिर्ममास्तु॥४॥

भावार्थः—પોતાના મિત્ર અર્જુનનાં વચન સાંભળીને તત્કાળ પોતાના અને શત્રુના સૈન્યના મધ્યમાં રથને ઉભો રાખી ઉભેલા, અને શત્રુની સેનાના લડવૈયાનાં આયુષ્યને કાલદૃષ્ટિથી હરીલેતા એવા અર્જુનના સખા શ્રીકૃષ્ણભગવાન્‌માં મારી રતી એટલે પ્રીતિ સદાકાળ રહેજો. ॥ ૪ ॥

व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद्विमुखस्य दोषबुद्ध्या ॥
कुमतिमहरदात्मविद्यया यश्चरणरतिः परमस्य तस्य मेऽस्तु ॥ ५ ॥

भावार्थः—દૂર ઉભેલી સેનાને મોખરે અગ્રણિ થઈ ઉભેલા (ભીષ્માદિક) ને જોઈને દોષ બુદ્ધિવડે સ્વજનોનો વધ કરવાથી નિવૃત્ત થયેલા અર્જુનની કુમતિને આત્મવિદ્યાવડે જેણે કાપી નાંખી, તે પરમાત્માના ચરણકમળનેવિષે મારી પ્રીતિ સદૈવ રહેજો ॥ ૫ ॥

स्वनिगममपहाय मत्प्रतिज्ञामृतमधिकर्तुमवप्लुतो रथस्थः ॥
धृतरथचरणोऽभ्ययाच्चलद्गुर्हरिरिव हन्तुमिभं गतोत्तरीयः ॥ ६ ॥
शितविशिखहतो विशीर्णदंशः क्षतजपरिप्लुत आततायिनो मे ॥
प्रसभमभिससार मद्वधार्थं स भवतु मे भगवान्गतिर्मुकुन्दः ॥७॥

भावार्थः—'હું શસ્ત્ર ધારણ નહિં કરૂં' એવો પોતાનો બોલ પડતો મેલીને 'શ્રીકૃષ્ણ પરમાત્માના હાથમાં શસ્ત્ર લેવરાવીશ' એવી મારી પ્રતિજ્ઞાને સત્ય કરવા માટે રથમાં બેઠા હતા ત્યાંથી ઉતરીને હાથમાં ચક્ર ધારણ કરી (ઉદરમાં રહેલા ત્રિભુવનનાભારથી) પૃથ્વીને ચળાવતા, ઉત્તરીય વસ્ત્ર નીચે નાંખીદઈ, સિંહ જેમ હસ્તિને મારવા પાછળ દોડે તેમ દોડયા; તે પ્રસંગે હાસ્ય કરતો હાથમાં ધનુષ્યબાણ લઇ મારવા ઉભેલો એવો જે હું તેના તીક્ષ્ણ બાણોથી હણાયલા અને એજ કારણથી કવચ જેનું તુટી ગયું છે એવા, રૂધીરથી ખરડાયલા થકા રોકી રાખતા અર્જુનને બલાત્કારથી ઉલ્લંઘન કરીને મને મારવા માટે આવ્યા, તે મુકુન્દભગવાન્ મારી ગતિરૂપ હોજો. ॥ ૬ ॥ ૭ ॥

विजयरथकुटुम्ब आत्ततोत्रे धृतहयरश्मिनि तच्छ्रियेक्षणीये
भगवति रतिरस्तु मे मुमूर्षोर्यमिह निरीक्ष्य हता गताः स्वरूपम्॥

भावार्थः—અર્જુનના રથનું રક્ષણ કરનારા, ચાબુક જેણે ગ્રહણ કરેલો છે, ઘોડાઓની રાશો જેણે હાથમાં ઝાલીછે, અને સારથીપણાની શોભાથી શોભતા એવા સર્વાન્તરજામી ભગવાનનેવિષે મારી મોતને ઇચ્છનારાની પ્રીતિ હોજો, કે જે ભગવાનને જોઇને આ લઢાઇમાં મુવેલા સર્વે તેના સરખારૂપને પામેલા છે. ॥ ૮ ॥

ललितगतिविलासवल्गुहासप्रणयनिरीक्षणकल्पितोरुमानाः ॥
कृतमनुकृतवत्य उन्मदान्धाः प्रकृतिमगन्किल यस्य गोपवध्वः॥९॥

भावार्थः—સુંદરગતિ, વિલાસ,મનોહર હસવું અને પ્રેમથી જોવું તે વડે ઘણાં માનને પામેલી, અને તેથીજ અત્યન્ત મદથી અન્ધ એટલે પરવશ થયેલી અને તેથીજ ગોવર્ધન

પર્વત ધારણ કરવા આદિ તેનાં કરેલાં કાર્યોનું અનુકરણ એટલે ચાલ કરતી ગોપની સ્ત્રિયો પ્રસિદ્ધ રીતે જે ભગવાનના સ્વરૂપને પામી, તે ભગવાનને વિષે મારી સદાસર્વદા પ્રીતિ રહેજો. ॥ ૯ ॥

मुनिगणनृपवर्यसंकुलेऽन्तः सदसि युधिष्ठिरराजसूय एषाम् ॥
अर्हणमुपपेद ईक्षणीयो मम दृशि गोचर एष आविरात्मा ॥१०॥

भावार्थः—યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં મુનિગણો અને ઉત્તમ રાજાઓથી ભરાઇ ગયેલા સભાના મધ્યમાં એ મુનિગણોએ 'શું રૂપ ! શું મહિમા !' એમ આશ્ચર્યથી જોવાયોગ્ય એવા જે ભગવાન્ પૂજનને પામ્યા, એ ભગવાન્ મારી દૃષ્ટિ આગલ તાદૃશ્ય ઉભા છે. (એ મારૂં મોટું ભાગ્ય માનુંછું.) ॥ ૧૦ ॥

तमिममहमजं शरीरभाजां हृदि हृदि धिष्ठितमात्मकल्पितानाम्
प्रतिदृशमिव नैकधार्कमेकं समधिगतोऽस्मि विधूतभेदमोहः॥११॥

भावार्थः—જેમ સર્વે પ્રાણિયોની પ્રત્યેક દૃષ્ટિમાં સૂર્ય એક છતાં અનેક રૂપે રહેલો જણાય છે, તેમ પોતે નિર્માણ કરેલાં પ્રાણિયોના પ્રત્યેક હૃદયમાં એક આધષ્ઠાન અર્થાત્ આધારરૂપે રહેલા છતાં અનેકરૂપે જણાય છે, તે આ અજન્મા ઇશ્વરને, ભેદ અને મોહ જેનો ટળીગયો છે એવો હું પ્રાપ્ત થયેલો છું. ॥ ૧૧ ॥

भीष्मस्तुतिः समाप्ता



॥ अथ अनुस्मृतिः प्रारभ्यते ॥

श्रीगणेशायनमः ॥ श्रीगोपालकृष्णाय नमः ॥

॥ शतानीक उवाच ॥

महामते महाप्राज्ञ सर्वशास्त्रविशारद ॥
अक्षणिकमर्बन्धस्तु पुरुषो द्विजसत्तम ॥ १ ॥
सततं किं जपेज्जाप्यं विबुधः किमनुस्मरन् ॥
मरणे यज्जपेज्जाप्यं यं च भावमनुस्मरन् ॥ २ ॥
यच्च ध्यात्वा द्विजश्रेष्ठ पुरुषो मृत्युमागतः ॥
परं पदमवाप्नोति तन्मे वद महामुने ॥ ३ ॥

॥ शौनक उवाच ॥

इदमेव महाप्राज्ञ पृष्टवांश्च पितामहम् ॥
भीष्मं धर्मभृतां श्रेष्ठं धर्मपुत्रो युधिष्ठिरः ॥ ४ ॥

॥ युधिष्ठिर उवाच ॥

पितामह माहाप्राज्ञ सर्वशास्त्रविशारद ॥
प्रयाणकाले किं चिन्त्यं मुमुक्षो स्तत्त्वचिन्तकैः ॥ ५ ॥

शतानीक कहे छे—के हे महाज्ञानी ! हे महाबुद्धिमान् ! हे सर्व शास्त्रोमां पारंगत ! हे सर्व ब्राह्मणोमां उत्तम एवा शौनक ! जेनां कर्मोनां बन्धनो छूट्यां नथी एवो पुरुष नित्य कया मंत्रनो जप करे, कोनुं स्मरण करे, तेमज हे ब्राह्मणमां श्रेष्ठ ! हे महामुनि ! जेना समीपमां मरण आवेलुं छे एवो पुरुष जेनुं ध्यान करीने परम पद पामे छे ते मने कही देखाडो ! ॥ १ ॥ २ ॥ ३ ॥

शौनक कहे छे—के हे महाबुद्धिमान् शतानीक ! जे तुं मने प्रश्न पुछे छे तेनो-ज प्रश्न धर्म पुत्र युधिष्ठिर राजाए, धर्मवान्‌नी अन्दर श्रेष्ठ एवा जे भीष्मपितामह तेमने पुछ्यो हतो. ॥ ४ ॥

युधिष्ठिर कहे छे—के हे महाबुद्धिमान् ! हे सर्व शास्त्रने जाणनार ! हे पिता-मह ! तत्त्व जाणनार मुमुक्षुपुरुषे मरण वखते कया मंत्रनो जप करवो ते कहो ? ॥५॥

किंनु स्मरन् कुरुश्रेष्ठ मरणे पर्युपस्थिते ॥
प्राप्नुयां परमां सिद्धिं श्रोतुमिच्छामि तत्त्वतः ॥ ६ ॥

॥ भीष्म उवाच ॥

तद्युक्तं स्वहितं सूक्ष्मं प्रश्नमुक्तं त्वयाऽनघ ॥
शृणुष्वावहितो राजन्नारदेन पुरा श्रुतम् ॥ ७ ॥
श्रीवत्साङ्कं जगद्बीजमनन्तं लोकसाक्षिणम् ॥
पुरा नारायणं देवं नारदः परिपृष्टवान् ॥ ८ ॥

॥ नारद उवाच ॥

त्वमक्षरं परंब्रह्म निर्गुणं तमसः परम् ॥
आहुर्वेद्यं परं धाम ब्रह्माणं कमलोद्भवम् ॥ ९ ॥
भगवन् भूतभव्येश श्रद्दधानैर्जितेन्द्रियैः ॥
कथंभक्तैर्विचिन्त्योऽसियोगिभिर्मोक्षकांक्षिभिः ॥ १० ॥

હે કુરુકુલમાં શ્રેષ્ઠ ભીષ્મ ! મરણ વખત કયા મંત્રનું સ્મરણ કરવાથી હું પરમ સિદ્ધિને પામું, તે વાત તત્ત્વથી યથાર્થ જાણવાને ઇચ્છું છું. ॥ ૬ ॥

ભીષ્મ કહે છે—કે હે પાપ રહિત યુધિષ્ઠિર ! તેં જે પ્રશ્ન પુછ્યો છે તે બરોબર છે અને સૂક્ષ્મ છે તથા પોતાનું હિત કરનારો છે. એ પ્રશ્નનો ઉત્તર નારદ મુનિએ નારાયણપાસેથી પૂર્વે સાંભળેલો છે, તે હું તને કહી દેખાડું છું તે એકાગ્ર મનથી શ્રવણ કર.

શ્રીવત્સ નામના ચિન્હવાળા, જગતના કારણરૂપ, અનન્ત, લોકના સાક્ષીરૂપ અને દેવ એવા નારાયણને પૂર્વે નારદમુનિએ નીચે પ્રમાણે પુછ્યું હતું. ॥ ૮ ॥

નારદ કહે છે— કે હે નારાયણ ! આપ અક્ષરસ્વરૂપ છો, પર બ્રહ્મરૂપ છો, ગુણોથી રહિત છો, અજ્ઞાનથી પર છો, અને તમને ઋષિયો, કમલમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મારૂપ, પરમ ધામરૂપ અને જાણવા યોગ્ય એવા કહે છે. ॥ ૯ ॥

હે ભગવન્ ! હે ભૂત ભવિષ્યના ઇશ્વર ! ઇન્દ્રિયોને જિતનારા, મોક્ષની ઇચ્છાવાળા, શ્રદ્ધાવાળા અને યોગી એવા તમારા ભક્તજનોએ તમારૂં ચિન્તવન કેવી રીતે કરવું ! તે આપ કહો. ॥ ૧૦ ॥

किं नु जाप्यं जपेन्नित्यं कल्प उत्थाय मानवः ॥
कथं जपेत्सदा ध्यायेद् ब्रूहि तत्त्वं सनातनम् ॥ ११ ॥

॥ भीष्म उवाच ॥

श्रुत्वा च तस्य देवर्षेर्वाक्यं वाक्यविशारदः ॥
प्रोवाच भगवान्विष्णुर्नारदाय च धीमते ॥ १२ ॥

॥ श्रीभगवानुवाच ॥

हंत ते कथयिष्यामि इमां दिव्यामनुस्मृतिम् ॥
मरणे मामनुस्मृत्य प्राप्नोति परमां गतिम् ॥ १३ ॥
यामधीत्य प्रयाणे तु मद्भावायोपपद्यते ॥
ॐकारमग्रतः कृत्वा मां नमस्कृत्य नारद ॥ १४ ॥
एकाग्रः प्रयतो भूत्वा इमं मन्त्रमुदीरयेत् ॥
ॐनमो भगवते वासुदेवाय इत्ययम् ॥ १५ ॥
अवशेनापि यन्नाम्नि कीर्तिते सर्वपातकैः ॥
पुमान्विमुच्यते सद्यः सिंहत्रस्तैर्मृगैरिव ॥ १६ ॥

મનુષ્યે સવારમાં ઉઠીને નિત્ય કયા મન્ત્રનો જપ કરવો અને તે જપ કેવી રીતે કરવો ? તથા ધ્યાન કેવી રીતે કરવું ? તે સર્વ આપ સનાતન રીત પ્રમાણે કહી દેખાડો. ॥ ૧૧ ॥

ભીષ્મ કહે છે કે હે યુધિષ્ઠિર ! તે નારદમુનિનું એ પ્રમાણે વાક્ય સાંભળીને વાક્ય બોલવામાં વિદ્વાન્ એવા ભગવાન્ વિષ્ણુએ દેવર્ષિ નારદમુનિને આ પ્રમાણે કહ્યું. ॥ ૧૨ ॥

શ્રી ભગવાન્ કહે છે કે હે નારદ ! મરણ વખતે મનુષ્ય મારૂં સ્મરણ કરીને ઉત્તમ ગતિ પામે છે તે આ દિવ્ય અનુસ્મૃતિ નામનો મંત્ર હું તને હર્ષથી કહી દેખાડીશ.

હે નારદ ! આ મંત્રમાં ૐકારને આગળ કરી મને નમસ્કાર કરી અનુસ્મૃતિનું અધ્યયન કરવાથી મનુષ્ય મારા ભાવને પામે છે. ॥ ૧૪ ॥

એકાગ્ર અને તત્પર થઇ ' **ॐ नमो भगवते वासुदेवाय** ' એવા આ મંત્રનો ઉચ્ચાર કરવો. ॥ ૧૫ ॥

મનુષ્ય પરવશ છતાં પણ જો ભગવાનના નામનું ઉચ્ચારણ કરે તો જેમ સિંહના ત્રાસથી હરિણ ભાગી જાય છે તેમ તેનાં પાપ તત્કાલ નાશ પામી જાય છે. ॥ ૧૬ ॥

क्षराक्षरविसृष्टस्तु प्रोच्यते पुरुषोत्तमः ॥
अव्यक्तं शाश्वतं देवं प्रभवं पुरुषोत्तमम् ॥ १७ ॥
प्रपद्ये पुण्डरीकाक्षं देवं नारायणं हरिम् ॥
लोकनाथं सहस्राक्षमक्षरं परमं पदम् ॥ १८ ॥
भगवन्तं प्रपन्नोऽस्मि भूतभव्यभवत्प्रभुम् ॥
स्रष्टारं सर्वलोकानामनन्तं विश्वतोमुखम् ॥ १९ ॥
पद्मनाभं हृषीकेशं प्रपद्ये सत्यमच्युतम् ॥
हिरण्यगर्भममृतं भूगर्भं तमसः परम् ॥ २० ॥
प्रभोः प्रभुममाद्यं च पप्रद्ये तं रविप्रभम् ॥
सहस्रशीर्षकं देवं महर्षेः सत्त्वभावनम् ॥ २१ ॥
प्रपद्ये सूक्ष्ममचलं वरेण्यमनघं शुचिम् ॥
नारायणं पुराणेशं योगावासं सनातनम् ॥ २२ ॥
संयोगं सर्वभूतानां प्रपद्ये ध्रुवमीश्वरम् ॥
यः पुरा प्रलये प्राप्ते नष्टे स्थावरजंगमे ॥ २३ ॥
ब्रह्मादिषु प्रलीनेषु नष्टे लोके चराचरे ॥
एकस्तिष्ठति विश्वात्मा स मे विष्णुः प्रसीदतु ॥ २४ ॥

ક્ષર અને અક્ષર વસ્તુથી જે ભિન્ન છે તે પુરુષોત્તમ કહેવાય છે, તે અવ્યક્ત શાશ્વત દેવ ઉત્પત્તિના સ્થાનરૂપ પુરુષોત્તમને શરણે જાઉં છું. ॥ ૧૭ ॥

કમલસરખાં નેત્રવાળા, લોકોના નાથ, અનન્ત નેત્રવાળા, અક્ષર, પરમપદરૂપ, તેમ ભૂત ભવિષ્ય અને વર્તમાનના સ્વામી, તથા સર્વ લોકના સરજનાર, અનન્ત અને ચારે તરફ મુખવાળા, દુઃખહરણ કરનાર ભગવાન્ નારાયણ દેવને નમસ્કાર કરૂં છું. ॥૧૮॥૧૯॥

કમલ જેની નાભિમાં છે એવા, ઇન્દ્રિયોના નિયન્તા તે ભગવાન્‌ને શરણે જાઉં છું. બ્રહ્માંડ જેના ગર્ભમાં છે એવા મોક્ષરૂપ, અજ્ઞાનથી પર, પ્રભુના પ્રભુ, સૂર્યના જેવી કાન્તિવાળા, અને અનાદિ એવા ઇશ્વરને શરણે જાઉં છું. અનન્ત મસ્તકવાળા, મહર્ષિયોના સત્ત્વનું રક્ષણ કરનારા, સૂક્ષ્મ, અચલ, ઇચ્છવા યોગ્ય, પાપ રહિત એવા પરમેશ્વરને શરણે જાઉં છું. નારાયણ, પુરાતન ઇશ્વર, યોગના નિવાસરૂપ, સનાતન, સર્વ ભૂતોનો સંયોગ કરનારા, સમર્થ ઇશ્વરને શરણે જાઉં છું. પૂર્વે જ્યારે પ્રલય થયો હતો, તથા સ્થાવર જંગમ નાશ પામ્યાં હતાં, અને બ્રહ્માદિક લય પામ્યા હતા, ત્યારે જે વિશ્વાત્મા ભગવાન્ એક રૂપે રહે છે તે વિષ્ણુ ભગવાન્ મને પ્રસન્ન થાઓ. ॥ ૨૦ થી ૨૪ ॥

यः प्रभुः सर्वलोकानां येन सर्वमिदं ततम् ॥
चराचरगुरुर्देवः स मे विष्णुः प्रसीदतु ॥ २५ ॥
आभूतसंप्लवे चैव प्रलीने प्रकृतौ महान् ॥
योऽवतिष्ठति विश्वात्मा स मे विष्णुः प्रसीदतु ॥ २६ ॥
येनाक्रान्तास्त्रयो लोका दानवाश्च वशीकृताः ॥
शरण्यः सर्वलोकानां स मे विष्णुः प्रसीदतु ॥ २७ ॥
यस्य हस्ते गदा चक्रं गरुडो यस्य वाहनम् ॥
शंखः करतले यस्य स मे विष्णुः प्रसीदतु ॥ २८ ॥
कार्यं क्रिया च करणं कर्त्ता हेतुः प्रयोजनम् ॥
अक्रियाकारणं कार्यं स मे विष्णुः प्रसीदतु ॥ २९ ॥
चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पञ्चभिरेव च ॥
हूयते च पुनर्द्वाभ्यां स मे विष्णुः प्रसीदतु ॥ ३० ॥
शमीगर्भस्य यो गर्भस्तस्य गर्भस्य यो रिपुः ॥
रिपुगर्भस्य यो गर्भः स मे विष्णुः प्रसीदतु ॥ ३१ ॥

જે ઇશ્વિર સર્વ લોકના સ્વામી છે, અને જેણે આ સર્વ વ્યાપ્ત કર્યું છે, તથા જે દેવ સ્થાવર જંગમના ગુરુ છે, તે વિષ્ણુ મને પ્રસન્ન થાઓ. ॥ ૨૫ ॥

સર્વ પ્રાણીમાત્ર માયામાં જ્યારે લીન થાય છે, ત્યારે જે વિશ્વાત્મા મહોટારૂપે કરીને રહે છે તે વિષ્ણુ મને પ્રસન્ન થાઓ. ॥ ૨૬ ॥

જે ઇશ્વરે ત્રણ લોક આક્રમણ કરેલા છે, તથા દાનવોને વશ કરેલા છે, અને જે ઇશ્વિર સર્વ લોકના શરણરૂપ છે. તે ઇશ્વર મને પ્રસન્ન થાઓ. ॥ ૨૭ ॥

જે વિષ્ણુના હાથમાં ગદા અને ચક્ર છે, ગરુડ જેનું વાહન છે, અને જેના હાથમાં શંખ રહેલ છે, તે વિષ્ણુ મને પ્રસન્ન થાઓ. ॥ ૨૮ ॥

ક્રિયા વગર જે કાર્ય બને છે તે કાર્યમાં જે કાર્યરૂપ છે, ક્રિયારૂપ છે, કરણ રૂપ છે, કર્તારૂપ, હેતુરૂપ અને પ્રયોજનરૂપ છે, તે વિષ્ણુ મને પ્રસન્ન થાઓ. ॥ ૨૯ ॥

आश्रावय એ ચાર અક્ષરોથી અને **अस्तुश्रौषट्** એ ચાર અક્ષરોથી, **यज** એ બે અક્ષરથી, **ये यजामहे** એ પાંચ અક્ષરથી અને ફરીથી બે અક્ષરવડે જે વિષ્ણુને માટે હોમ કરાય છે તે વિષ્ણુ મારાઉપર પ્રસન્ન થાઓ. ॥ ૩૦ ॥

શમીગર્ભ એટલે પીંપળો સમજવો, તેનો ગર્ભ એટલે અગ્નિ સમજવો, અગ્નિરૂપી ગર્ભનો શત્રુ એટલે જલ સમજવું અને જલનો ગર્ભ એટલે સમુદ્ર જાણવો, તે સમુદ્રમાં રહેલા વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ॥ ૩૧ ॥

अग्निसोमार्कताराणां ब्रह्मरुद्रेन्द्रयोगिनाम् ॥
यस्तेजयति तेजांसि स मे विष्णुः प्रसीदतु ॥ ३२ ॥
पर्जन्यः पृथिवी सस्यं कालो धर्मः क्रियाफलम् ॥
गुणाकरः स मे बभ्रुर्वासुदेवः प्रसीदतु ॥ ३३ ॥
योगावास नमस्तुभ्यं सर्वावास वरप्रद ॥
हिरण्यगर्भ यज्ञाङ्ग पञ्चगर्भ नमोऽस्तुते ॥ ३४ ॥
चतुर्भूतपरं धाम लक्ष्म्यावास सदाच्युत ॥
शब्दादिवासनान्योऽसि वासुदेव प्रधानकृत् ॥ ३५ ॥
अजः सङ्क्रमनः पार्थो ह्यमूर्तिर्विश्वमूर्त्तिधृक् ॥
श्रीः कीर्तिः पञ्चकालज्ञो नमस्ते ज्ञानसागर ॥ ३६ ॥
अव्यक्ताद्व्यक्तमुत्पन्नमव्यक्तार्द्यः परात्परः ॥
यस्मात्परतरं नास्ति तमस्मि शरणं गतः ॥ ३७ ॥

અગ્નિ. ચન્દ્ર, સૂર્ય, તારા, બ્રહ્મા, રુદ્ર, ઇન્દ્ર અને યોગિયોનાં તેજને જે પોતાના તેજવડે સતેજ કરે છે, તે વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થાઓ. ॥ ૩૨ ॥

વરસાદ, પૃથ્વી, ધાન્ય, કાલ, ધર્મ, ક્રિયાનું ફલ, તથા ગુણોની ખાણરૂપ જે ભગવાન્ છે, તે મને પ્રસન્ન થાઓ. ॥ ૩૩ ॥

હે યોગના નિવાસરૂપ ઇશ્વર ! તમને નમસ્કાર કરૂં છું, હે સર્વના નિવાસરૂપ ! હે વરદાન આપનાર ! હે હિરણ્યગર્ભ ! હે યજ્ઞાંગ ! હે પંચમહાભૂતને ધારણ કરનાર ! તમને નમસ્કાર કરૂં છું. ॥ ૩૪ ॥

હે ચાર ભૂતના સ્વરૂપવાળા ! હે પરમ ધામરૂપ । હે લક્ષ્મીના નિવાસરૂપ ! હે નિરન્તર અખંડિતસ્વરૂપ ! હે શબ્દાદિકના નિવાસરૂપ ! હે વાસુદેવ ! તમારા સિવાય બીજો કોઇ આ માયાનો ઉત્પન્ન કરનાર નથી. ॥ ૩૫ ॥

તમે અજન્મા છો, ઉત્તમ ગતિવાળા છો, નર સ્વરૂપે છો, મૂર્ત્તિ રહિત છો, સમગ્ર મૂર્ત્તિને ધારણ કરનાર છો, લક્ષ્મી અને કીર્ત્તિરૂપ છો, પાંચ પ્રકારનાં કાલનાં રૂપને જાણનાર છો, એવા જ્ઞાનના સાગરરૂપ હે પરમેશ્વર તમને નમસ્કાર કરૂં છું. ॥ ૩૬ ॥

માયાથી આ જગત્ ઉત્પન્ન થયું છે, માયા થકી જે પર છે, અને જે થકી બીજો કોઇપણ નથી તે પરમાત્માને હું શરણે જાઉં છું, ॥ ૩૭ ॥

चिन्तयन्तो ह्यजं नित्यं ब्रह्मेशानादयः सुराः ॥
निश्चयं नाधिगछन्ति तमस्मि शरणं गतः ॥ ३८ ॥
जितेन्द्रिया जितात्मानो ज्ञानध्यानपरायणाः ॥
यं प्राप्य न निवर्त्तन्ते तमस्मि शरणं गतः ॥ ३९ ॥
एकांशेन जगत्कृत्स्नमवष्टभ्य स्थितः प्रभुः ॥
अग्राह्यो निर्गुणो नित्यस्तमस्मि शरणं गतः ॥ ४० ॥
सोमार्काग्निमयं तेजो या च तारामयी द्युतिः ॥
दिवि संजायते तेजः स महात्मा प्रसीदतु ॥ ४१ ॥
गुणात्मा निर्गुणश्चान्यो रश्मिवांश्चेतनो ह्यजः ॥
सूक्ष्मः सर्वगतो देहः स महात्मा प्रसीदतु ॥ ४२ ॥
अव्यक्तं सदाधिष्ठानमचिन्त्यं तमसः परम् ॥
प्रकृतिः प्रकृतिं भुंक्ते स महात्मा प्रसीदतु ॥ ४३ ॥

જે અજન્મા અને નિત્ય એવા ભગવાનનું ચિન્તન કરનારા બ્રહ્મા અને શંકર વગેરે દેવો નિશ્ચય પામતા નથી તે પરમેશ્વરને હું શરણે ગયેલો છું. ॥ ૩૮ ॥

ઇન્દ્રિયો જિતનારા, મન જિતનારા, અને જ્ઞાન ધ્યાનમાં પરાયણ થયેલા પુરુષો જેને પામીને ફરીથી જન્મ મરણ પામતા નથી તે પરમાત્માને હું શરણે ગયેલો છું. ॥ ૩૯ ॥

પોતાના એક અંશથી જે સમગ્ર જગતને ધારણ કરીને રહેલા છે તથા જે ગ્રહણ કરી શકાય એવા નથી અને નિર્ગુણ તથા નિત્ય છે તે પરમેશ્વરને હું શરણે ગયેલો છું. ॥ ૪૦ ॥

ચન્દ્ર સૂર્ય અને અગ્નિમય જે તેજ છે તથા તારાઓવાળી જે કાન્તિ છે અને જે સ્વર્ગમાં પણ તેજ પ્રકાશ પામે છે તે મહાત્મા ભગવાન્ મને પ્રસન્ન થાઓ. ॥ ૪૧ ॥

જે ઈશ્વર ગુણસ્વરૂપ છે, જે ઈશ્વર નિર્ગુણ છે, જે ઈશ્વર કિરણવાન્ અને સૂક્ષ્મ છે, તથા જે ઈશ્વર સર્વમાં રહેલ અને દેહ રહિત છે તે મહાત્મા મને પ્રસન્ન થાઓ. ॥ ૪૨ ॥

જે અવ્યક્ત છે, સત્ય, અધિષ્ઠાનરૂપ, અચિન્ત્ય, અને પ્રકૃતિરૂપે માયાને ભોગવે છે તે મહાત્મા ભગવાન્ મને પ્રસન્ન થાઓ. ॥ ૪૩ ॥

क्षेत्रज्ञः पञ्चधा भुंक्ते प्रकृतिं पञ्चभिर्मुखैः ॥
महागुणांश्च यो भुंक्ते स महात्मा प्रसीदतु ॥ ४४ ॥
सांख्ययोगाश्च ये चान्ये सिद्धाश्च परमर्षयः ॥
यं विदित्वा विमुच्यन्ते स महात्मा प्रसीदतु ॥ ४५ ॥
अतीन्द्रिय नमस्तुभ्यं लिंगैर्व्यक्तैर्न मीयसे ॥
ये च त्वां नाभिजानन्ति तमस्मि शरणं गतः ॥ ४६ ॥
कामक्रोधविनिर्मुक्ता रागद्वेषविवर्जिताः ॥
अन्यभक्ता न जानन्ति न पुनर्नारकी जनः ॥ ४७ ॥
एकान्तिनो हि निर्द्वन्द्वा निराशाः कर्मकारिणः ॥
ज्ञानाग्निदग्धकर्माणस्त्वां विशन्ति मनस्विनः ॥ ४८ ॥
अशरीरं शरीरस्थं समं सर्वेषु देहिषु ॥
पापपुण्यविनिर्मुक्ता भक्तास्त्वां पर्युपासते ॥ ४९ ॥

જે ક્ષેત્રજ્ઞ થઇ પાંચ મુખવડે પાંચ પ્રકારે માયાને ભોગવે છે અને મ્હોટા ગુણોને ભોગવે છે તે મહાત્મા મને પ્રસન્ન થાઓ. ॥ ૪૪ ॥

સાંખ્ય યોગ સિદ્ધ અને મ્હોટા રુષિયો જે ઇશ્વરને જાણીને સંસારથી છૂટે છે તે મહાત્મા ભગવાન્ મને પ્રસન્ન થાઓ. ॥ ૪૫ ॥

હે ઇન્દ્રિયોથી અગોચર ઇશ્વર ! તમને નમસ્કાર કરૂં છું. સ્પષ્ટ હેતુઓથી તમે માપ-માં આવી શકતા નથી તેમ તમોને બીજાઓ જાણી શકતા નથી તે તમને હું શરણે આવ્યો છું. ॥ ૪૬ ॥

કામક્રોધથી રહિત અને રાગદ્વેષથી રહિત છતાં પણ અન્ય દેવોના ભક્તો તમને જાણી શકતા નથી તો પછી નારકી જીવ તમને ન જાણે એમાં શું કહેવું. ।। ૪૭

એકાન્ત ભક્તો, સુખદુઃખ વગેરે દ્વન્દ્વથી રહિત, આશા રહિત, સત્કર્મ કરનારા, અને જ્ઞાનરૂપી અગ્નિથી જેનાં કર્મ બળી ગયેલાં છે તેવા મનસ્વી પુરુષો હે ઇશ્વર ! તમને પામે છે. ॥ ૪૮ ॥

શરીર રહિત છતાં શરીરમાં રહેલા તથા સર્વ દેહધારીમાં સમરૂપે રહેલા એવા તમોને પાપપુણ્યથી રહિત ભક્તજનો ઉપાસે છે. ॥ ૪૯ ॥

अव्यक्तबुद्ध्यहंकारमनोभूतेन्द्रियाणि च ॥
त्वयि तानि न तेषु त्वं तेषु तानि न ते त्वयि ॥ ५० ॥
एकत्वाय च नानंन्यं ये विदुर्यान्ति ते परम् ॥
समत्वमिदं कांक्षेयं भक्त्या वै नान्यचेतसा ॥ ५१ ॥
चराचरमिदं सर्वं भूतग्रामं चतुर्विधम् ॥
त्वयि तन्तौ च तत्प्रोतं सूत्रे मणिगणा इव ॥ ५२ ॥
स्रष्टा भोक्तासि कूटस्थो ह्यचिन्त्यःसर्वसंज्ञितः ॥
अकर्त्ता हेतुरहितः पृथगात्मा व्यवस्थितः ॥ ५३ ॥
न मे भूतेषु संयोगः पुनर्भवतु जन्मनि ॥
अहंकारेण बुद्ध्या वा न मे योगस्त्रिभिर्गुणैः ॥ ५४ ॥
न मे धर्मो ह्यधर्मो वा नारंभो जन्म वा पुनः ॥
जरामरणमोक्षार्थं त्वां प्रपन्नोऽस्मि सर्वगम् ॥ ५५ ॥

અવ્યક્ત, બુદ્ધિ, અહંકાર, મન, પંચ મહાભૂત, ઇન્દ્રિયો, એ સર્વ તમારે વિષે નથી, પણ તમે તેની અંદર છો તેમજ તે તેમાં છે પણ તમારામાં નથી. ॥ ૫૦ ॥

જે ભક્તજનો તમારી સાથે એકત્વને માટે અનન્યરૂપે બીજાને જાણતા નથી તે પર રૂપ એવા તમોને પામે છે. હું ભક્તિવડે અને અનન્ય ચિત્તવડે આપ વિષ્ણુ ભગવાનને પામવા ઇચ્છું છું. ॥ ૫૧ ॥

આ સર્વ સ્થાવર જંગમ અને ચાર પ્રકારનો પ્રાણિયોનો સમૂહ તંતુરૂપ એવા તમારે વિષે, સૂત્રમાં જેમ મણિયોનો સમૂહ પરોવાય તે પ્રમાણે રહેલ છે. ॥ ૫૨ ॥

આપ જગતના સરજનાર છો, ભોક્તા છો, કુટસ્થ એટલે નિર્વિકારી છો, અચિન્ત્ય અને સર્વ સંજ્ઞિત છો, અકર્ત્તા તથા કારણથી રહિત છો, તથા સર્વથી જુદે સ્વરૂપે રહેલા છો. ॥ ૫૩ ॥

હે ઈશ્વર ! હવે હું જન્મ ધારણ કરીને પ્રાણિયોની અન્દર સંયોગ ન પામું એમ યાચના કરૂં છું. તેમજ અહંકાર બુદ્ધિ અને ત્રણ ગુણોની સાથે મને સંયોગ ન થાય એમ યાચું છું. ॥ ૫૪ ॥

મને ધર્મ અથવા અધર્મ કાંઈ ન હો, આરંભ અથવા જન્મ ફરીને ન હો, કેવળ હું જરા મરણથી મોક્ષ પામવા સર્વાન્તર્યામી એવા જે આપ પરિબ્રહ્મનારાયણ તે આપને શરણે આવ્યો છું. ॥ ૫૫ ॥

विषयैरिन्द्रियैश्चापि न मे भूयः समागमः ॥
ईश्वरोऽसि जगन्नाथ किमतःपरमुच्यते ॥ ५६ ॥
भक्तानां यद्धितं देव तत्ते हि त्रिदशेश्वर ॥
पृथिवीं यातु मे घ्राणं यातु मे रसनं जलम् ॥ ५७ ॥
रूपं हुताशने यातु स्पर्शो मे यातु मारुते ॥
श्रोत्रमाकाशमभ्येतु मनो वैकारिकं पुनः ॥ ५८ ॥
इन्द्रियाणि गुणान्यांतु स्वेषु स्वेषु च योनिषु ॥
पृथिवी यातु सलिलमापोऽग्निमनलोऽनिलम् ॥ ५९ ॥
वायुराकाशमभ्येतु मनश्चाकाशमेवच ॥
अहंकारं मनो यातु मोहनं सर्वदेहिनाम् ॥ ६० ॥
अहंकारस्तथा बुद्धिं बुद्धिरव्यक्तमेव च ॥
प्रधानं प्रकृतिं यातु गुणसाम्ये व्यवस्थिते ॥ ६१ ॥
विसर्गः सर्वकरणैर्गुणभूतैश्च मे भवेत् ॥
सत्वं रजस्तमश्चैव प्रकृतिं प्रविशन्तु मे ॥ ६२ ॥

હું આપની પાસે એજ યાચું છું કે હવે મને વિષયો અને ઇન્દ્રિયો સાથે ફરીથી સમાગમ ન થાઓ. હે જગતના પતિ ! આપ ઇશ્વર છો, આ સિવાય હું આપને બીજું શું કહું. ! ! ॥ ૫૬ ॥

હે સર્વ દેવોના ઇશ્વર ! હે દેવ ! ભકતોનું જે હિત છે તેજ આપનું હિત છે, મારૂં ઘ્રાણઇન્દ્રિય પૃથ્વીને પામો અને રસન ઇન્દ્રિય જલને પામો. ॥ ૫૭ ॥

મારૂંરૂપ અગ્નિમાં જાઓ, સ્પર્શ વાયુમાં જાઓ, શ્રોત્ર આકાશમાં જાઓ, અને મન પોતાની ઉત્પત્તિમાં જાઓ. ॥ ૫૮ ॥

ઇન્દ્રિયો ગુણોમાં જાઓ, પૃથ્વી જલમાં જાઓ, જલ અગ્નિમાં જાઓ અને અગ્નિ વાયુમાં જાઓ એમ, પોતપોતના કારણોમાં જાઓ. ॥ ૫૯ ॥

વાયુ આકાશમાં લય પામો. મન પણ આકાશમાં લય પામો, તેમજ સર્વ દેહીને મોહ કરનારૂં જે મન છે તે અહંકારને પામો, ॥ ૬૦ ॥

અહંકાર બુદ્ધિને પામો, બુદ્ધિ અવ્યક્તને પામો, અને ત્રણ ગુણની સાત્મ્ય અવસ્થા થવાથી પ્રધાન પ્રકૃતિને પામો. ॥ ૬૧ ॥

સત્વગુણ, રજોગુણ અને તમોગુણ, સર્વ ઇન્દ્રિયોની સૃષ્ટિ સાથે માયામાં પ્રવેશ કરો અને મારો સર્વ માયિક ભાવ નાશ પામો. ॥ ૬૨ ॥

नैष्कैवल्यपदं देव कांक्षेऽहं ते परन्तप ॥
एकीभावस्त्वया मेऽस्तु न मे जन्म भवेत्पुनः ॥ ६३ ॥
नमो भगवते तस्मै विष्णवे प्रभविष्णवे ॥
त्वद्बुद्धिस्त्वद्गतप्राणस्त्वद्भक्तस्त्वत्परायणः ॥ ६४ ॥
त्वामेवाहं स्मरिष्यामि मरणे पर्यवस्थिते ॥
पूर्वदेहे कृता ये मे व्याधयः प्रविशन्तु माम् ॥ ६५ ॥
अर्दयन्तु च मां दुःखान्यृणं मे प्रतिमुच्यताम् ॥
अनुध्येयोऽसि मे देव न मे जन्म भवेत्पुनः ॥ ६६ ॥
अस्माद्ब्रवीमि कर्माणि ऋणं मे न भवेदिति ॥
उपतिष्ठंतु मां सर्वे व्याधयः पूर्वसञ्चिताः ॥ ६७ ॥
अनृणो गन्तुमिच्छामि तद्विष्णोः परमं पदम् ॥
अह भगवतस्तस्य मम वासः सनातनः ॥ ६८ ॥
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥
कर्मेन्द्रियाणि संयम्य पञ्चभूतेन्द्रियाणि च ॥ ६९ ॥

હે પરન્તપ દેવ ! હું કેવલ મોક્ષની ઇચ્છા રાખું છું. આપની સાથે મારી એકતા થાઓ અને ફરીને મારો જન્મ ન થાઓ, એટલું હું યાચું છું. ॥ ૬૩ ॥

સમર્થ, વ્યાપક અને ભગવાન્ એવા તમોને હું નમસ્કાર કરૂં છું. તમારે વિષે મારી બુદ્ધિ છે, તમારે વિષે મારો પ્રાણ છે, તમારો હું ભક્ત છું અને કેવળ તમારે શરણે છું. ॥ ૬૪ ॥

મરણ વખતે હું કેવળ આપનુંજ સ્મરણ કરીશ અને હું ઇચ્છું છું કે પૂર્વ દેહના જે વ્યાધિઓ હોય તે હવે મારી અન્દર પ્રવેશ કરો. ॥ ૬૫ ॥

દુઃખો મને પીડા આપો, મારૂં કોઇ કર્મરૂપી દેવું હોય તે છૂટી જાઓ, હે દેવ ! આપ મારે ધ્યાન કરવા યોગ્ય છો અને હવે મારો જન્મ ન થાય એમ હું માગું છું. ॥૬૬॥

એટલાજ માટે હું બોલું છું કે હવે મારાં જે કર્મો અને ફરજ હોય તે ન રહેવાં જોઇએ અને પૂર્વ જન્મના જે વ્યાધિઓ હોય તે ભલે મને પ્રાપ્ત થાઓ. ॥ ૬૭ ॥

હું કર્મના કરજથી મુક્ત થઇ તે વિષ્ણુના પરમપદમાં જવાને ઇચ્છું છું અને હું તે ભગવાનનો ભક્ત છું તથા તે ભગવાન્ મારા સનાતન નિવાસરૂપ છે. ॥ ૬૮ ॥

दशेन्द्रियाणि मनसि अहंकारं तथा मनः ॥
अहंकारं तथा बुद्धौ बुद्धिमात्मनि योजयेत् ॥ ७० ॥
आत्मबुद्धीन्द्रियं पश्येद्बुद्ध्या बुद्धेः परात्परम् ॥
एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ॥ ७१ ॥
ततो बुद्धेः परं बुद्ध्वा लभते न पुनर्भवम्
ममायमिति कस्याहं येन सर्वमिदं ततम् ॥ ७२ ॥
आत्मन्यात्मनि संयोज्य परात्मानमनुस्मरेत् ॥
नमो भगवते तस्मै देहिनां परमात्मने ॥ ७३ ॥
नारायणाय भक्ताय एकनिष्ठाय शाश्वते ॥
हार्दिस्थाय च भूतानां सर्वेषां च महात्मने ॥ ७४ ॥
इमामनुस्मृतिं दिव्यां वैष्णवीं पापनाशिनीम् ॥
स्वपन्विबुद्धश्च पठेद्यत्र यत्र समभ्यसेत् ॥ ७५ ॥

હું તે ભગવાનનો ભક્ત મરવાનો નથી અને તે ભગવાન્ મારા સ્વામી મરવાના નથી. કર્મ ઇન્દ્રિયોને નિયમમાં રાખી, પંચમહાભૂત તથા જ્ઞાનેન્દ્રિયોને નિયમમાં રાખી, દશ ઇન્દ્રિયોને મનમાં લય પમાડી, મનને અહંકારમાં તથા અહંકારને બુદ્ધિમાં તથા બુદ્ધિને આત્મામાં જોડવી. ॥ ૬૯ ॥ ૭૦ ॥

મનબુદ્ધિ અને ઇન્દ્રિયોના ઇશ્વર એવા પરમાત્માને પોતાની બુદ્ધિવડે એવી રીતે જાણવા કે આ પરમાત્મા બુદ્ધિ થકી પર છે. એ પ્રમાણે પરમાત્માને બુદ્ધિથી પર જાણી પોતાના આત્માને મનવડે સ્થિર કરી અને એવી રીતે નિશ્ચય કરવો કે જે પરમાત્માએ આ સર્વ જગત્ વ્યાપ્ત કરેલું છે તે પરમાત્માનો હું ભક્ત છું અને તે પરમાત્મા મારા ઇષ્ટ દેવ છે. પછી પોતાના મનને આત્મામાં જોડી પરમાત્માનું સ્મરણ કરવું. સર્વ પ્રાણિના ઇશ્વર તે ભગવાનને નમસ્કાર કરૂં છું. નારાયણ, સનાતન, ચૈતન્યરૂપ, ભક્તોના ભક્ત, સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા તે પરમાત્માને નમસ્કાર કરૂંછું. ॥૭૧॥ ॥૭૨॥ ॥૭૩॥ ॥૭૪॥

ભગવાન્ કહે છે કે, પાપ નાશ કરનારી અને દિવ્ય એવી આ મારી અનુસ્મૃતિને મનુષ્યે નિરન્તર સુતી વખતે તથા સુતાં ઉઠીને ભણવી અને યત્નથી તેનો સારો અભ્યાસ કરવો. ॥ ૭૫ ॥

मरणे समनुप्राप्ते यदेकं मामनुस्मरेत् ॥
अपि पापसमाचारः स याति परमां गतिम् ॥ ७६ ॥
यद्यहंकारमाश्रित्य यज्ञदानतपःक्रियाः ॥
कुर्वन् फलमवाप्नोति पुनरावर्तनं च तत् ॥ ७७ ॥
अभ्यर्चयन् पितॄन् देवान् पठन् जुह्वन् बलिंददन् ॥
ज्वलदग्नौ स्मरेद्यो मां लभते परमां गतिम् ॥ ७८ ॥
यज्ञो दान तपश्चैव पावनानि मनीषिणाम् ॥
यज्ञदानतपस्तस्मात्कुर्याद्रागविवर्जितः ॥ ७९ ॥
पौर्णमास्याममावास्यां द्वादश्यां च तथैव च ॥
श्रावयेच्छ्रद्दधानश्च मद्भक्तश्च विशेषतः ॥ ८० ॥
अम इत्येव यो ब्रूयान्मद्भक्तः श्रद्धयान्वितः ॥
तस्याक्षयो भवेल्लोकः श्वपाकस्यापि नारद ॥ ८१ ॥

મરણુ વખતે જે પુરૂષ મારૂં સ્મરણુ કરે તે પાપી હોય તો પણુ તે પુરૂષ પરમ ગતિને પામે છે. ॥ ૭૬ ॥

જો અહંકારનો આશ્રય કરીને યજ્ઞ, દાન, તપ અને સતક્રિયાઓ મનુષ્ય કરે છે તો તે સર્વનું ફલ પામે છે.તથાપિ તે ફલથી પાછું જન્મ મરણુ થાય છે. ॥ ૭૭ ॥

પિતરોના તથા દેવોના પૂજન અર્ચન વખતે તથા સ્વાધ્યાય વખતે તેમજ બલિદાન આપવા વખતે, અને પ્રકાશમાન અગ્નિમાં હોમ કરવા વખતે જે મનુષ્ય મારૂં સ્મરણુ કરે છે તે મનુષ્ય પરમ ગતિને પામે છે. ॥ ૭૮ ॥

યજ્ઞ, દાન અને તપ, એ ત્રણુવાનાં બુદ્ધિમાન પુરૂષોને પવિત્ર કરે છે એટલા માટે રાગનો ત્યાગ કરી યજ્ઞ, દાન અને તપરૂપી કર્મો નિરન્તર કર્યાંજ કરવાં. ॥ ૭૯ ॥

પૂર્ણિમા અમાવાસ્યા અને દ્વાદશીને દિવસે શ્રદ્ધાયુક્ત થઇ મારો જે ભક્ત હોય તેણે વિશેષે કરીને આ અનુસ્મૃતિ સંભળાવવી. ॥ ૮૦ ॥

શ્રીવિષ્ણું ભગવાન્ નારદને કહે છે કે હે નારદ ! શ્રદ્ધાયુક્ત થઈ જે મારો ભક્ત **‘નમઃ’** એટલુંજ પણુ મારે પ્રત્યે બોલે તો તે ભલે ચંડાલ હોય તો પણુ તેને અક્ષય લોકની પ્રાપ્તિ થાય છે. તો પછી જે ભકતો વિધિપૂર્વક, શ્રદ્ધા રાખી મનને નિયમમાં રાખી મારી ભક્તિ કરે છે તે પરમ ગતિને પામે એમાં શું કહેવું. ॥ ૮૧ ॥

किं पुनर्ये भजन्ते मां साधका विधिपूर्वकम् ॥
श्रद्धावन्तो यतात्मानस्ते यान्ति परमां गतिम् ॥ ८२ ॥
कर्माण्याद्यन्तवन्तीह मद्भक्तोऽनन्तमश्नुते ॥
मामेव तस्माद्देवर्षे ध्याहि नित्यमतन्द्रितः ॥ ८३ ॥
अज्ञानां चैव यो ज्ञानं दद्याद्धर्मोपदेशतः ॥
कृत्स्नां वा पृथिवीं दद्यात्तेन तुल्य न तत्फलम् ॥ ८४ ॥
तस्मात्प्रदेयं साधुभ्यो जपं बन्धभयापहम ॥
अवाप्स्यति ततः सिद्धिं प्राप्स्यते च पदं मम ॥ ८५ ॥
अश्वमेधसहस्रैश्च वाजपेयशतैरपि ॥
नासौ परमवाप्नोति मद्भक्तैर्यदवाप्यते ॥ ८६ ॥

॥ भीष्म उवाच ॥

हरेः पृष्टं पुरा तेन नारदेन सुरर्षिणा ॥
यदुवाच ततः शम्भुस्तदुक्तं समनुव्रतः ॥ ८७ ॥
त्वमप्येकमना भूत्वा ध्याहि ध्येयं गुणाधिकम् ॥
भजस्व सर्वभावेन परमात्मानमव्ययम् ॥ ८८ ॥

હે નારદ ! દરેક કર્મ આદિ અન્તવાળાં છે તેથી જન્મ અને મરણુ આપનારાં છે માટે મારો ભક્ત ભક્તિવડે મોક્ષરૂપ અનન્ત સુખને પામે છે જેથી તમે પણુ નિરન્તર આળસનો ત્યાગ કરી મારૂંજ ધ્યાન કરો. ॥ ૮૩ ॥

ધર્મનો ઉપદેશ કરી અજ્ઞાનીઓને પણુ જે જ્ઞાન આપે છે તેને આખી પૃથ્વીનું દાન કરતાં પણુ અધિક ફલ પ્રાપ્ત થાય છે. ધર્મનું જ્ઞાન આપનાર અને આખી પૃથ્વીનું દાન કરનાર એ બેમાં ધર્મનું જ્ઞાન આપનાર ઉત્તમ છે. એટલા માટે શ્રેષ્ઠ પુરૂષોને સંસારનો ભય મટાડનાર એવો મારા મંત્રનો જે જપ તેનો ઉપદેશ કરવો. તે મત્ર જપથી મારો ભક્ત પરમ સિદ્ધિને પામશે અને ત્યારપછી મારા પદને પામશે. ॥ ૮૪ ॥ ૮૫ ॥

મારા ભકતો જે પદ મેળવી શકે છે તે પદને બીજો મનુષ્ય હજારો અશ્વમેધ કરવાથી અથવા હજારો વાજપેય યજ્ઞ કરવાથી મેળવી શકતો નથી. ॥ ૮૬ ॥

ભીષ્મ કહે છે કે, દેવર્ષિ નારદે નારાયણુને પૂર્વે એ પ્રમાણે પુછ્યું હતું. ત્યારપછી નારાયણે નારદને જે પ્રમાણે કહ્યું તે સર્વ તમને કહી દેખાડયું. માટે હે યુધિષ્ઠિર ! તું પણુ એક ઈશ્વરમાં મન રાખી ગુણોથી અધિક અને ધ્યાન કરવા યોગ્ય એવા ઈશ્વરનું ધ્યાન કર અને સર્વ પ્રકારે અવિનાશી પરમાત્માનું ભજન કર. ॥ ૮૭ ॥ ૮૮ ॥

श्रुत्वैनं नारदो वाक्यं दिव्यं नारायणोदितम् ॥
अत्यन्तं भक्तिमान् देव एकान्तित्वमुपेयिवान् ॥ ८९ ॥
नारायणमृषिं देवं दशवर्षाण्यनन्यभाक् ॥
इमं जपित्वा चाप्नोति तद्विष्णोःपरमं पदम् ॥ १० ॥
किं तस्य बहुभिर्मंत्रैः किं तस्य बहुभिर्व्रतैः ॥
नमो नारायणायेतिः मंत्रः सर्वार्थसाधकः ॥ ११ ॥
किं तस्य दानैः किं तीर्थैः किं तपोभिः किमध्वरैः ॥
यो नित्यं ध्यायते देवं नारायणमनन्यधीः ॥ १२ ॥
ये नृशंसा दुरात्मानः पापाचाररतास्तथा ॥
तेऽपि यान्ति परं स्थानं नारायणपरायणाः ॥ १३ ॥
अनन्यया मन्दबुद्ध्या प्रतिभाति दुरात्मनाम् ॥
कुतर्काज्ञानदृष्टीनां विभ्रान्तेन्द्रियवर्त्मनाम ॥ ९४ ॥

હે રાજન્ ! ત્યારપછી નારાયણે કહેલું જે દિવ્ય વાક્ય તેને સાંભળીને નારદમુનિ અત્યન્ત ભક્તિમાન્ થયા અને ભગવાન્ના એકાન્તિકપણાને પામ્યા. ॥ ૮૯ ॥

નારાયણમાં કેવળ મન રાખી ઋષિ અને દેવ એવા તે નારાયણનો આ નીચે કહેવાશે એવા મંત્રથી જપ કરવો, તો તે ઉપરથી મનુષ્ય વિષ્ણુના પરમ પદને પામે છે. ॥ ૯૦ ॥

તેવા ભક્તને બીજા ઘણા મંત્રોને શું કરવા છે, ઘણાં વ્રતોને પણ શું કરવાં છે, કારણકે '**ॐ नमो नारायणाय**' આ મંત્ર સર્વ અર્થની સિદ્ધિ કરનારો છે. વળી જે મનુષ્ય બીજે કોઇપણ ઠેકાણે ધ્યાન ન રાખીને નિરન્તર નારાયણનુંજ ધ્યાન કરે છે તેને ઘણાં દાનો કરવાથી પણ શું, ઘણાં તીર્થો કરવાથી પણ શું, ઘણાં તપ કરવાથી પણ શું, અને ઘણા યજ્ઞો કરવાથી પણ શું વધારે ફલ મેળવવાનું છે. ॥ ૯૧ ॥ ૯૨ ॥

કેવળ નારાયણની ભક્તિ કરનારાઓ ભલે જોઇએ તો પ્રથમ ક્રૂર હોય, કિંવા દુષ્ટ હોય, અથવા પાપી હોય તો પણ નારાયણના પ્રભાવથી પરમસ્થાનને પામે છે. ।૯૩।

જે મનુષ્યો કુતર્ક અને અજ્ઞાનવાળા છે અને જેઓના ઇન્દ્રિયોના માર્ગ ભ્રાન્તિવાળા થઇ ગયેલા છે તે દુષ્ટ પુરુષોને પોતાની મન્દબુદ્ધિથી ઇશ્વરનો માર્ગ અવળો ભાસે છે. ૯૪

नमो नारायणायेति ये विदुर्ब्रह्म शाश्वतम् ॥
अन्तकाले जपाद्याति तद्विष्णोः परमंपदम् ॥ ९५ ॥
आचारहीनोपि मुनिप्रवीर भक्त्या विहीनोपि विनिन्दितोऽपि ॥
किं तस्य नारायणशब्दमात्रतो विमुक्तपापो विशतेऽच्युतां गतिम्
कान्तारवनदुर्गेषु कृच्छ्रेष्वापत्सु संयुगे ॥
दस्युभिः सन्निरुद्धश्च नामभिर्मां प्रकीर्तयेत् ॥ ९७ ॥
जन्मान्तरसहस्रेषु तपोध्यानसमाधिभिः ॥
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥ ९८ ॥
नाम्नोऽस्ति यावति शक्तिः पापनिर्हरणे हरेः ॥
श्वपचोपि नरः कर्तुं क्षमस्तावन्न किल्बिषम् ॥ ९९ ॥
न तावत्पापमस्तीह यावन्नामाहृतं हरेः ॥
अतिरेकभयादाहुः प्रायश्चित्तान्तरं वृथा ॥ १०० ॥

'**ॐ नमो नारायणाय**' એ મંત્રવડે જે પુરુષ સનાતન બ્રહ્મને જાણે છે અને અન્તકાલમાં જે તે મંત્રનો જપ કરે છે તે મનુષ્ય વિષ્ણુના પરમપદને પામે છે. ॥ ૯૫॥

નારાયણ નારદને કહે છે કે હે નારદ ! આચારહીન હોય, ભક્તિ રહિત હોય, નિન્દિત હોય, તો પણ શું થયું, એક કેવળ નારાયણ એવા શબ્દ માત્રથી મનુષ્ય પાપ રહિત થઇ અવિનાશી ગતિને પામે છે. ॥ ૯૬ ॥

મ્હોટા અરણ્ય, વન અને દુઃખદાયક કિલ્લાઓમાં, દુઃખમાં, આપત્તિમાં, સંગ્રામમાં અને ચોરલોકોએ રૂંધેલ હોય તે વખતે પણ મારૂં જે પુરુષ કીર્ત્તન કરશે તે સર્વ દુઃખથી મુક્ત થશે. ॥ ૯૭ ॥

હજારો જન્મમાં તપ, ધ્યાન અને સમાધિવડે જ્યારે મનુષ્યોનાં પાપ નાશ પામી જાય છે ત્યારે તેઓને શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. ॥ ૯૮ ॥

ચંડાલ પણ જે પાપ કરવાને શક્તિમાન્ થઇ શકતો નથી તેવાં પાપોને નાશ કરવાની શક્તિ પરમેશ્વરના નામની અન્દર રહેલી છે. ॥ ૯૯ ॥

ભગવાન્‌ના નામનો જ્યાં સુધી ઉચ્ચાર કરે છે ત્યાં સુધી તેને કોઇ જાતનું પાપ નથી પણ કદાચિત્ પાપોનું પ્રાયશ્ચિત્ત નહીં કરશું તો પાપ વધશે એમ સમજી પ્રાયશ્ચિત્ત કરવાનું જે કેટલાક કહે છે તે વૃથા છે કારણ કે ભગવાન્‌નું નામજ સર્વ પાપને નાશ કરનારૂં છે. ॥ ૧૦૦ ॥

गत्वा गत्वा निवर्तन्ते चन्द्रसूर्यादयो ग्रहाः ॥
अद्यापि न निवर्तन्ते द्वादशाक्षरचिन्तकाः ॥ १०१ ॥
न वासुदेवात्परमस्ति मङ्गलं न वासुदेवात्परमस्ति पावनम् ॥
न वासुदेवात्परमस्ति दैवतं तं वासुदेवं प्रणमन्न सीदति ॥१०२॥
इमां रहस्यां परमामनुस्मृतिं योऽधीत्य बुद्धिं लभते च नैष्ठिकीम्
विहाय पापं विनिमुच्य संकटात् स वीतरागो विचरेन्महीमिमाम्

ચન્દ્ર સૂર્ય વગેરે જે ગ્રહો છે તે વારંવાર જઇને પાછા આવે છે પણ ભગવાનના દ્વાદશાક્ષર મંત્રનો જપ કરનારા જે પુરુષો છે તે હજુ સુધી જન્મ મરણ લેવા પાછા આવતા નથી. ॥ ૧૦૧ ॥

વાસુદેવથી બીજું કોઇ મંગળ નથી. વાસુદેવથી બીજું કોઇ પાવન નથી, વાસુદેવ શિવાય કોઇ બીજું દૈવત નથી, તે વાસુદેવને જે પગે લાગે તે દુઃખી થતો નથી.॥૧૦૨॥

આ રહસ્યરૂપ અને શ્રેષ્ઠ એવી અનુસ્મૃતિને જે મનુષ્ય જાણે છે તે ઇશ્વરની નિષ્ઠાવાળી બુદ્ધિને પામે છે અને પાપ તથા સંકટો રહિત થઇ અને વીતરાગ થઇ આ પૃથ્વી ઉપર સુખેથી વિહાર કરે છે. ॥ ૧૦૩ ॥

इति श्रीमन्महाभारतेशतसाहस्र्यां संहितायां अनुशास-
निके पर्वणि मोक्ष धर्मे भीष्मयुधिष्ठिर संवादे
श्रीविष्णोर्दिव्याऽनुस्मृतिः संपूर्णा.

श्रीअनुस्मृति स्तोत्रं संपूर्णः

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ अथ गजेन्द्रमोक्षः प्रारभ्यते ॥

श्रीगणेशायनमः ॥ श्रीगोपालकृष्णाय नमः ॥

॥ शतानीक उवाच ॥

माया हि देवदेवस्य विष्णोरमिततेजसः ॥
श्रुताः सम्भूतयः सर्वा गदतस्तव सुव्रत ॥ १ ॥
यदि प्रसन्नो भगवाननुग्राह्योऽस्मि वा यदि ॥
तदहं श्रोतुमिच्छामि नृणां दुःस्वप्ननाशनम् ॥ २ ॥
स्वप्नादिषु महाभाग दृश्यन्ते ये शुभाशुभाः ॥
फलानि च प्रयच्छंति तद्गुणान्येव भार्गव ॥ ३ ॥
तादृक् पुण्यं पवित्रं च नृणामतिशुभप्रदम् ॥
दुष्टस्वप्नोपशमनं तन्मे विस्तरतो वद ॥ ४ ॥

॥ शौनक उवाच ॥

इदमेव महाभाग पृष्टवान्स्वपितामहम् ॥
भीष्मं धर्मभृतां श्रेष्ठं धर्मपुत्रो युधिष्ठिरः ॥ ५ ॥

शतानीक पुछे छे કે હે શ્રેષ્ઠ વ્રતવાળા શૌનક ! દેવોના દેવ અને અપાર તેજવાળા વિષ્ણુ ભગવાનનાં જન્મ કર્મ આપના કહેવાથી મેં સાંભળ્યાં, પણ આપ જો મારા ઉપર પ્રસન્ન હો અને જો મારી ઉપર આપનો અનુગ્રહ હોય તો જે મનુષ્યોને નઠારાં સ્વપ્ન આપતાં હોય તેને નાશ કરનાર જે સ્તોત્ર હોય તે કૃપા કરીને કહો હું સાંભળવાને ઇચ્છું છું. ॥ ૧ ॥ ૨ ॥

હે ભૃગુકુલમાં ઉત્પન્ન થયેલ ! હે મહા ભાગ્યશાળી ! સ્વપ્ન વગેરેમાં જે શુભ અને અશુભ પ્રસંગો જોવામાં આવે છે અને તે પ્રમાણે જે તે પ્રસંગે ફલ આપે છે માટે એવા પ્રકારનું અત્યન્ત શુભ આપનાર અને પુણ્ય પવિત્ર વસ્તુ વિસ્તારથી બતાવો કે જેથી નઠારાં સ્વપ્નનો નાશ થાય. ॥ ૩ ॥ ૪ ॥

शौनक कहे छे કે હે મહા ભાગ્યશાળી શતાનીક ! જે તું મને પુછે છે તેજ પ્રમાણે, ધર્મ ધારણ કરવામાં શ્રેષ્ઠ એવા પોતાના પિતામહ ભીષ્મને ધર્મના પુત્ર યુધિષ્ઠિરરાજાએ પુછ્યું હતું. ॥ ૫ ॥

गजेंद्र मोक्ष.



॥ भीष्म उवाच ॥

आद्यं पुरुषमीशानं पुरुहूतं पुरातनम् ॥
ऋतमेकाक्षरं ब्रह्म व्यक्ताव्यक्तं सनातनम् ॥ ६ ॥
असच्च सच्च यद्विश्वं नित्यं सदसतः परम् ॥
परं पराणां स्रष्टारं पुराणं परमव्ययम् ॥ ७ ॥
मांगल्यं मंगलं विष्णुं वरेण्यमनघं शुचिम् ॥
नमस्कृत्य हृषीकेशं चराचरगुरुं हरिम् ॥ ८ ॥
प्रवक्ष्यामि महापुण्यं कृष्णद्वैपायनस्य च ॥
येनोक्तेन श्रुतेनापि नश्यते सर्वपातकम् ॥ ९ ॥
नारायणसमो देवो न भूतो न भविष्यति ॥
एतेन सत्यवाक्येन सर्वार्थान् साधयाम्यहम् ॥ १० ॥
किं तस्य बहुभिर्मन्त्रैः किं तस्य बहुभिर्व्रतैः ॥
नमो नारायणायेति मन्त्रः सर्वार्थसाधकः ॥ ११ ॥
जज्ञे बहुज्ञंपरमत्युदारं यं द्वीपमध्येसुतमात्मवन्तम्
पराशराद्गन्धवतीमहर्षेस्तस्मैनमोऽज्ञानतमोनुदाय ॥ १२ ॥

भीष्म कहे छे के हे युधिष्ठिर ! स्थावर જંગમના ઇશ્વર એવા હરિને નમસ્કાર કરીને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે કહેલું મહાપવિત્ર આખ્યાન કહીશ કે જે કહેવાથી અથવા સાંભળવાથી સર્વ પાતક નાશ પામે છે. તે પરમેશ્વર આદિ, પુરુષ, ઇશ્વર, ઇન્દ્રરૂપ, પુરાતન, સત્યસ્વરૂપ, ૐકારરૂપ, બ્રહ્મરૂપ, વ્યક્ત અને અવ્યક્ત, સનાતન; કાર્ય કારણ, વિશ્વરૂપ, નિત્ય, સત્ અસત્‌થીપર, મંગળ સ્વરૂપ, મંગળ, વ્યાપક, ઇચ્છવા યોગ્ય, પાપ રહિત, પર, અવ્યય, અને પવિત્ર છે. ॥ ૬ ॥ ૭ ॥ ૮ ॥ ૯ ॥

નારાયણની તુલ્ય કોઇ દેવ થયેલ નથી અને થનાર નથી, આ સત્ય વાક્યથી સર્વ અર્થને હું સિદ્ધ કરૂં છું. ॥ ૧૦ ॥

તે પુરૂષને ઝાઝા મંત્રોથી શું ? અને તેને ઝાઝા વ્રતો કરવાથી પણ શું ? કારણકે '**ૐ नमो नारायणाय**' એ મંત્ર સર્વ અર્થને સિદ્ધ કરનાર છે. ॥ ૧૧ ॥

બહુ જાણનાર, શ્રેષ્ઠ, અતિ ઉદાર અને જ્ઞાની એવા જે વ્યાસ મુનિ તેમને ગંધવતી નામની સ્ત્રીએ દ્વીપમાં મહર્ષિ પરાશરથી ઉત્પન્ન કર્યા તે અજ્ઞાનરૂપી અન્ધકારને નાશ કરનારા વ્યાસમુનિને નમસ્કાર કરૂં છું. ॥ ૧૨ ॥

नमो भगवते तस्मै व्यासायामिततेजसे ॥
यस्य प्रसादाद्वक्ष्यामि नारायणकथामिमाम् ॥ १३ ॥
वैशंपायनमासीनं पुराणोक्तिविचक्षणम् ॥
इममर्थं स राजर्षिः पृष्टवान् जनमेजयः ॥ १४ ॥

॥ जनमेजय उवाच ॥

किं जपन्मुच्यते पापात्किं जपन्सुखमश्नुते ॥
दुःस्वप्ननाशनं पुण्यं श्रोतुमिच्छामि मानद ॥ १५ ॥

॥ वैशंपायन उवाच ॥

एवमेव पुरा प्रश्नं पृष्टवांस्ते पितामहः ॥
भीष्मं वै व्रतिनां श्रेष्ठं तं चाहं कथयामि ते ॥ १६ ॥
देवव्रतं महाप्राज्ञं सर्वशास्त्रविशारदम् ॥
विनयेनोपसङ्गम्य पर्यपृच्छद्युधिष्ठिरः ॥ १७ ॥

॥ युधिष्ठिर उवाच ॥

दुःस्वप्नदर्शनं घोरमवेक्ष्य भरतर्षभ ॥
प्रयतः किं जपेज्जाप्यं विबुद्धः किमनुस्मरेत् ॥ १८ ॥

તે અપાર તેજવાળા ભગવાન્ વ્યાસને નમસ્કાર કરૂં છું કે જે વ્યાસની કૃપાથી આ નારાયણની કથા કહીશ. ॥ ૧૩ ॥

પુરાણ કહેવામાં વિચક્ષણ અને બેઠેલા વૈશંપાયન રુષિને જનમેજય નામના રાજરુષિયે આ અર્થ પુછ્યો. ॥ ૧૪ ॥

जनमेजय पुछे छे—કે હે માન આપનાર વૈશંપાયન ! શેનો જપ કરવાથી મનુષ્ય પાપથી મુકાય છે ? અને શેનો જપ કરવાથી સુખ પામે છે ? અને શેનો જપ કરવાથી નઠારૂં સ્વપ્ન નાશ પામે છે ? તેવું પવિત્ર આખ્યાન સાંભળવા ઇચ્છું છું. ॥ ૧૫ ॥

वैशंपायन कहे छे—કે હે જનમેજય ! જે પ્રશ્ન તું મને પુછે છે તેજ પ્રશ્ન તારા પિતામહ રાજા યુધિષ્ઠિરે ભીષ્મપિતામહને પુછ્યો હતો કે જે પિતામહ ભીષ્મ વ્રતવાળા પુરુષોની અન્દર શ્રેષ્ઠ છે તે પ્રશ્ન હું તને કહી દેખાડું છું. ॥ ૧૬ ॥

મહાબુદ્ધિવાળા અને સર્વ શાસ્ત્રમાં પ્રવીણ એવા ભીષ્મપ્રત્યે વિનયથી જઈ યુધિષ્ઠિરે નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો. ॥ ૧૭ ॥

હે ભરતકુલમાં શ્રેષ્ઠ ! દુઃખ આપનાર એવું ઘોર સ્વપ્ન જોઇને તત્પર થઈ શેનો જપ કરવો ? અને જાગ્યા પછી કોનું સ્મરણ કરવું તે બતાવો. ॥ ૧૮ ॥

कस्य कुर्यान्नमस्कारं प्रातरुत्थाय मानवः ॥
किं च ध्यायेत सततं किं पूज्यं वा भवेत्सदा ॥ १९ ॥
पितामह प्रसादेन बुद्धिभेदो भवेन्न मे ॥
तदहं श्रोतुमिच्छामि ब्रूहि नो वदतांवर ॥ २० ॥

॥ भीष्म उवाच ॥

शृणु राजन्महाबाहो कथयिष्येह शान्तिकम् ॥
दुःस्वप्नदर्शने जाप्यं यद्वा नित्यं समाहितैः ॥ २१ ॥
अत्राप्युदाहरन्तीममितिहासं पुरातनम् ॥
गजेन्द्रमोक्षणं पुण्यं कृष्णस्याद्भुतकर्मणः ॥ २२ ॥
सर्वरत्नमयः श्रीमान्त्रिकूटो नाम पर्वतः ॥
सुतः पर्वतराजस्य सुमेरोर्भास्करद्युतेः ॥ २३ ॥
क्षीरोदजलवीच्युग्रैर्धौतामलशिलातलः ॥
उत्थितः सागरं भित्वा देवर्षिगणसेवितः ॥ २४ ॥
अप्सरोभिः परिवृतः श्रीमान् प्रस्रवणाकुलः ॥
गन्धर्वैः किन्नरैर्यक्षैः सिद्धचारणपन्नगैः ॥ २५ ॥

પ્રાતઃકાલમાં મનુષ્યે ઉઠીને કોને નમસ્કાર કરવો અને કોનું ધ્યાન કરવું તથા કેની નિરન્તર પૂજા કરવી ? ॥ ૧૯ ॥

હે પિતામહ ! હે બોલનારમાં શ્રેષ્ઠ ! આપ પ્રસન્ન થઈ મારી બુદ્ધિનો ભેદ જેવી રીતે ન થાય તેમ હું સાંભળવાને ઇચ્છું છું. તે મને કહી દેખાડો. ॥ ૨૦ ॥

ભીષ્મ કહે છે—કે હે મ્હોટા હાથવાળા રાજન્ ! નઠારૂં સ્વપ્ન આવે ત્યારે શેનો જપ કરવો યોગ્ય છે અથવા નિરન્તર શેનો જપ કરવો જોઇએ તે કહું છું. ॥ ૨૧ ॥

આ ઠેકાણે મહાત્માઓ એક પુરાતન ઇતિહાસનું ઉદાહરણ આપે છે. તે ઇતિહાસનું નામ ગજેન્દ્ર મોક્ષ છે અને તે અદ્‌ભુત પરાક્રમવાળુ શ્રીકૃષ્ણ ભગવાનનું પવિત્ર ચરિત્ર છે.

સર્વ રત્નમય અને શોભાયમાન એવો ત્રિકૂટ નામનો પર્વત છે. તે પર્વત સૂર્ય સરખી કાન્તિવાળા સુમેરુ નામના પર્વતરાજનો પુત્ર છે. ॥ ૨૩ ॥

તે પર્વતનાં શિલાતલો ક્ષીર સમુદ્રના પાણીના મ્હોટા તરંગોથી ધોવાયેલ છે અને સાગરનું ભેદન કરી બહાર નિકળેલો છે તથા દેવ અને રુષિઓના સમૂહથી સેવાયલો છે.

તે પર્વત અપ્સરાઓ ગન્ધર્વ, કિન્નર, યક્ષ, સિદ્ધ ચારણ અને પન્નગોથી વિંટાયેલો છે અને શોભાયમાન તથા ઝરણાંઓથી વ્યાપ્ત છે. ॥ ૨૫ ॥

मृगैः सिंहैर्गजेन्द्रैश्च वृतगात्रो विराजते ॥
पुन्नागैः कर्णिकारैश्च सुबिल्वैर्दिव्यपाटलैः ॥ २६ ॥
चूतनिम्बकदम्बैश्च चन्दनागरुचम्पकैः ॥
शालैस्तालैस्तमालैश्च तरुभिश्चार्जुनैस्तथा ॥ २७ ॥
बकुलैः कुन्दपुष्पैश्च सरलैर्देवदारुभिः ॥
मन्दारकुसुमैश्चान्यैः पारिजातैश्च सर्वशः ॥ २८ ॥
एवं बहुविधैर्वृक्षैः सर्वतः समलंकृतः ॥
नानाधात्वंकितैः शृङ्गैः प्रस्रवद्भिः समंततः ॥ २९ ॥
शोभितो रुचिरप्रख्यैस्त्रिभिर्विस्तीर्णसानुभि ॥
मृगैः शाखामृगैः सिंहैर्मातङ्गैश्च सदामदैः ॥ ३० ॥
जीवंजीवकसंघुष्टं चकोरशिखिनादितम् ॥
तस्यैकं कांचनं शृङ्गं सेव्यते यद्दिवाकरः ॥ ३१ ॥
नानापुष्पसमाकीर्णं नानाशृङ्गैः समाकुलम् ॥
द्वितीयं राजतं शृङ्गं सेव्यते यन्निशाकरः ॥ ३२ ॥

વળી તે પર્વત મૃગ, સિંહ અને ગજેન્દ્રોથી શોભાયમાન છે અને તેમાં પુન્નાગ, કર્ણિકાર, સારાં બીલીનાં વૃક્ષ, દિવ્ય પાટલા વૃક્ષ, આંબા, લીંમડા, કદંબ, અગરૂ, ચંપક, શાલ, તાલ, તમાલ, અર્જુન નામનાં વૃક્ષ, બકુલ, મોગરાનાં પુષ્પ, સરલ નામનાં વૃક્ષો, દેવવૃક્ષો, મન્દાર પુષ્પો, બીજાં પારિજાતક વૃક્ષો, નાના પ્રકારની ધાતુઓથી શોભાયમાન શિખરો અને અનેક પ્રકારનાં બીજાં વૃક્ષોથી શોભાયમાન તથા ઝરણાંવાળાં શિખરો અને નાના પ્રકારનાં બીજાં વૃક્ષોથી દેદિપ્યમાન છે. ॥ ૨૭ ॥ ૨૮ ॥ ૨૯ ॥

તે પર્વત મનોહર અને વિસ્તાવાળાં ત્રણ શિખરોથી વ્યાપ્ત છે તથા મૃગ, વાંદરા, સિંહ, અને મદોન્મત્તહસ્તિઓથી વ્યાપ્તમાન છે. ॥ ૩૦ ॥

તે પર્વતમાં જીવંજીવક નામનાં પક્ષિઓ શબ્દ કરી રહ્યાં છે, ચકોર અને મોર જ્યાં સુન્દર બોલે છે તથા તેનું એક સુવર્ણમય શિખર સૂર્ય સેવેછે. ॥ ૩૧ ॥

બીજું રૂપાનું શિખર ચન્દ્રમા સેવે છે અને તે શિખર નાના પ્રકારના પુષ્પોથી શોભાયમાન છે અને નાના પ્રકારનાં બીજાં શિખરોથી વ્યાપ્ત છે. ॥ ૩૨ ॥

पाण्डुराम्बुदसंकाशं तुषारचयसन्निभम् ॥
वज्रेन्द्रनीलवैडूर्यतेजोभिर्भासयन्नभः ॥ ३३ ॥
तृतीयं ब्रह्मसदनं प्रकृष्टं शृङ्गमुत्तमम् ॥
पद्मरागसमप्रख्यं तारागणसमन्वितम् ॥ ३४ ॥
नैतत्कृतघ्नाः पश्यन्ति न नृशंसा न नास्तिकाः ॥
नातप्ततपसो लोके ये च पापकृतो जनाः ॥ ३५ ॥
नानाराधितगोविन्दाः शैलं पश्यन्ति मानवाः ॥
तस्य सानुमतः पृष्ठे सरः कान्चनपङ्कजम् ॥ ३६ ॥
कारन्डवसमाकीर्णं राजहंसोपशोभितम् ॥
मत्तभ्रमरसंघुष्टं चकोरशिखिनादितम् ॥ ३७ ॥
कमकोत्पलकल्हारपुण्डरीकोपशोभितम् ॥
कुमुदैः शतपत्रैश्च कान्चनैः समलंकृतम् ॥ ३८ ॥
पद्मैर्मरकतप्रख्यैः पुष्पैः कान्चनसन्निभैः ॥
गुल्मैः कीचकवेणूनां समन्तात्परिवारितम् ॥ ३९ ॥

તે શિખર સ્વેત વરસાદ જેવું, હિમ બરફના ઢગલા જેવું, હીરા ઇન્દ્રનીલ અને વૈડૂર્યના તેજથી ચારે તરફ આકાશને વ્યાપ્ત કરી રહેલું છે. ॥ ૩૩ ॥

ત્રીજું શિખર ઘણું ઉત્તમ અને બ્રહ્મસદન નામનું છે અને તે પદ્મરાગ નામના હીરા જેવી કાન્તિવાળું છે અને તે તારાઓના સમૂહથી શોભાયમાન છે. ॥ ૩૪ ॥

તે પર્વતને કૃતઘ્ન પુરુષો જોતા નથી, ક્રૂર પુરૂષો જોતા નથી, નાસ્તિકો જોતા નથી તેમ જેણે તપ કરેલું નથી તથા જે પાપી પુરુષો છે તે પણ જોઇ શકતા નથી. ॥ ૩૫ ॥

જે પુરુષોએ ગોવિન્દનું આરાધન કરેલું નથી તેઓ તે પર્વતને જોઇ શકતા નથી અને તે પર્વત ઉપર શોભાયમાન કમલવાળું સરોવર રહેલું છે. ॥ ૩૬ ॥

તે સરોવર કારંડવ પક્ષીથી વ્યાપ્ત, અને રાજહંસોથી શોભાયમાન છે અને તેના ઉપર મહોન્મત્ત ભ્રમરાઓ ગુંજારવ કરે છે, તેમજ ચકોર અને મયૂરપક્ષીનો જેમાં શબ્દ થઇ રહેલો છે. ॥ ૩૭ ॥

કમલ, ઉત્પલ, કલ્હાર અને પુંડરીકથી શોભાયમાન છે તથા કાંચન કુમુદ અને શતપત્રથી મનોહર છે. ॥ ૩૮ ॥

મરકત મણિ જેવાં કમલ, કાંચન જેવાં પુષ્પો અને વાંસડાઓના ઝુંડથી તે સરોવર શોભાયમાન થયું છે. ॥ ૩૯ ॥

अत्यद्भुतं महास्थानं विचित्रशिखराकुलम् ॥
शतयोजनविस्तीर्णं शतयोजनमायतम् ॥ ४० ॥
पंचयोजनमूर्धानं सर एतत्प्रमाणतः ॥
हिमखण्डोदकं राजन् सुस्वादममृतोपमम् ॥ ४१ ॥
त्रैलोक्येऽदृष्टपूर्वं च यत्तत्सरमनुत्तमम् ॥
सुप्रसन्नं सरो दिव्यं देवानामपि दुर्लभम् ॥ ४२ ॥
खातेन द्विगुणं प्रोक्तं शरद्द्यौरिव निर्मलम् ॥
अपहाराय देवानां सिद्धाद्यर्चितपंकजम् ॥ ४३ ॥
तस्मिन्सरसि दुष्टात्मा विरूपोऽतर्जलाशयः ॥
आसीद्ग्राहो गजेन्द्राणां दुराघर्षो महाबलः ॥ ४४ ॥
अथ दन्तोज्ज्वलमुखः कदाचिद्गजयूथपः ॥
आजगाम तृषाक्रान्तः करेणुपरिवारितः ॥ ४५ ॥

તે સરોવર ઘણું અદ્દભુત, મહાસ્થાનરૂપ, નાના પ્રકારનાં શિખરોથી વ્યાપ્ત, અને સો સો યોજન લાંબા પહોળા વિસ્તારવાળું છે. ॥ ૪૦ ॥

હે રાજન્ ! મસ્તક તરફ પાંચ યોજન વિસ્તારવાળું, થંડુ અને સ્વાદિષ્ટ જલવાળું તથા અમૃત જેવું તે સરોવર છે. ॥ ૪૧ ॥

ત્રણ લોકમાં કોઇ ઠેકાણે તેવું સરોવર જોવામાં આવ્યું નથી એવું સર્વોત્તમ તે સરોવર છે. સુપ્રસન્ન અને દિવ્ય તથા દેવોને પણ દુર્લભ એવું તે રમણિયે સરોવર છે. ॥ ૪૨ ॥

તે સરોવર ઉંડાણમાં બમણું છે. શરદ્ ૠતુના આકાશની પેઠે નિર્મલ છે તે સરોવરનાં કમલોથી સિદ્ધ પુરુષો દેવતાઓનું પૂજન કરે છે. ॥ ૪૩ ॥

તે સરોવરમાં એક ગ્રાહ (ઝૂડ) રહેતો હતો. તે દુષ્ટ અન્તઃકરણવાળો, ખરાબ રૂપવાળો, મ્હોટા હાથીઓથી પણ જિતાઇ ન શકે તેવો, મહાબલવાન્ અને પાણીના મ્હોટા ધરાની અન્દર ભરાઇને રહેતો હતો. ॥ ૪૪ ॥

તે સ્થળે કોઇક વખતે હાથણીઓ સહિત તૃષાતુર થયેલો મ્હોટો હાથી તે સરોવરમાં પાણી પીવા આવ્યો. તે હાથીનું મ્હોડું દાંતથી ઉજ્વળ દેખાતું હતું. ॥ ૪૫ ॥

मदस्त्रावी जलाकांक्षी पादचारीव पर्वतः ॥
वासयन्मदगन्धेन महानैरावतोपमः ॥ ४६ ॥
गजो ह्यंजनसंकाशो मदाच्चालितलोचनः ॥
तृषितः पानकामोऽयमवतीर्णश्च तत्सरः ॥ ४७ ॥
पिबतस्तस्य तत्तोयं ग्राहश्च समपद्यत ॥
सुलीनः पंकजवने यूथमध्यगतः करी ॥ ४८ ॥
गृहीतस्तेन रौद्रेण ग्राहेणातिबलीयसा ॥
पश्यन्तीनां करेणूनां क्रोशन्तीनां सुदारुणम् ॥ ४९ ॥
नीयते पंकजवने ग्राहेणाव्यक्तमूर्तिना ॥
गजो ह्याकर्षते तीरं ग्राहश्चाकर्षते जलम् ॥ ५० ॥
तयोर्युद्धं महाघोरं दिव्यवर्षसहस्रकम् ॥
वारुणैः संयुतः पाशैर्निष्प्रयत्नगतिः कृतः ॥ ५१ ॥
वेष्टयमानः स घोरैस्तु पाशैर्नागो दृढैस्तथा ॥
विस्फूर्जितमहाशक्तिर्विक्रोशंश्च महारवान् ॥ ५२ ॥

તે હાથીને મદ ઝરતો હતો અને તેને ઘણી જલની આકાંક્ષા હતી એ હસ્તિ જાણે પગવડે ચાલીને પર્વત આવતો હોય તેવો દેખાતો હતો. તેના મદનો ગન્ધ ચારે તરફ પ્રસરી રહ્યો હતો અને જાણે મ્હોટો ઐરાવત ગજેન્દ્ર હોય તેવા દેખવામાં આવતો હતો.

વળી તે જાણે આંજણનો મ્હોટો પર્વત હોય તેવો, મદથકી ચલાયમાન નેત્રવાળો અને ઘણોજ તૃષાથી વ્યાકુલ તેથી પાણી પીવાની ઇચ્છાથી તે સ્થળે આવી સરોવરમાં ઉતર્યો. અને તે સરોવરનું પાણી પીવા લાગ્યો એટલામાં કમલના વનની અન્દર સંતાઇ રહેલો એક ઝૂડ આવ્યો અને તે મહાબલવાન્ અને ભયંકર ઝૂડે હાથણીઓના ટોળામાં રહેલા હાથીને પકડયો. તેવખતે તેની એવી સ્થીતિ જોઇ હાથણીઓ ભયંકર રીતે આક્રોશ કરવા લાગી. ॥ ૪૭ ॥ ૪૮ ॥ ૪૯ ॥

તે ઝુડ કમલના વનમાં રહેલો હોવાથી દેખાઇ શકાતો નહોતો અને ગજેન્દ્રને કમલના વન તરફ ખેંચતો હતો. ગજેન્દ્ર ઝુડને કાંઠા તરફ ખેંચવા લાગ્યો અને ઝુડ તેને પાણી તરફ ખેંચવા લાગ્યો. ॥ ૫૦ ॥

તે બે જણનું મહાઘોર યુદ્ધ દેવતાઓનાં હજાર વર્ષ સુધી ચાલ્યું અને ઝુડે વરુણના પાસથી ગજેન્દ્રને બાંધી લીધો જેથી તે હાથીનો પછી કૌઇ પ્રયત્ન ચાલ્યો નહીં. ॥ ૫૧ ॥

તે હાથી વરૂણના ઘોર પાસલાથી દૃઢ બંધાઇ ગયો જેથી તે મહા શક્તિમાન્ હોવા છતાં બલહીન થઈ પીડાથી મ્હોટા શબ્દ કરવા લાગ્યો. ॥ ૫૨ ॥

व्यथितः स निरुत्साहो गृहीतो घोरकर्मणा ॥
परमापदमापन्नो मनसाचिन्तयद्धरिम् ॥ ५३ ॥
स तु नागवरः श्रीमान्नारायणपरायणः ॥
तमेव शरणं देवं गतः सर्वात्मना तदा ॥ ५४ ॥
एकाग्रो निगृहीतात्मा विशुद्धेनान्तरात्मना ॥
नैकजन्मान्तराभ्यासाद्भक्तिमान् गरुडध्वजे ॥ ५५ ॥
नान्यं देवं महादेवात्पूजयामास केशवात् ॥
दिग्बाहुं स्वर्गमूर्धानं भूःपादं गगनोदरम् ॥ ५६ ॥
आदित्यचन्द्रनयनमनन्तं विश्वतोमुखम् ॥
भूतात्मानं च मेघाभं शंखचक्रगदाधरम् ॥ ५७ ॥
सहस्रशुभनामानमादिदेवमजं विभुम् ॥
संगृह्य पुष्कराग्रेण कान्चनं कमलोत्तमम् ॥ ५८ ॥
निवेद्य मनसा ध्यात्वा पूजां कृत्वा जनार्दने ॥
आपद्विमोक्षमन्विछन् गजःस्तोत्रमुदीरयत् ॥ ५९ ॥

ઘોર કર્મવાળા તે ઝૂડે પકડેલો ગજેન્દ્ર ઘણી પીડા પામ્યો અને ઉત્સાહ રહિત થઇ ગયો. જેથી તે ઘણી આપત્તિવાળો થઈ મનમાં ઇશ્વરનું ચિન્તન કરવા લાગ્યો. ॥૫૩॥

ત્યારપછી શોભાયમાન એવા ગજેન્દ્રને ગળવા માંડયો તે પ્રસંગે તેણે નારાયણમાં મન રાખી સર્વ પ્રકારે તેમનેજ શરણે ગયો. ॥ ૫૪ ॥

એક ઇશ્વરમાં મન રાખી શુદ્ધ અન્તઃકરણથી અને અનન્ત જન્મના અભ્યાસથી ભગવાન્‌માં ભક્તિમાન થયો. અને તેમનું સ્મરણ કરવા લાગ્યો. ॥ ૫૫ ॥

મ્હોટા દેવ એવા ભગવાન્ સિવાય તેણે બીજા દેવની પૂજા કરી નહીં. તે ભગવાન્ કેવા છે તેનું વર્ણનઃ-દિશાઓ રૂપી જેના હાથ છે, સ્વર્ગરૂપી જેને મસ્તક છે, પૃથ્વીરૂપી જેને પગ છે, આકાશરૂપી જેનુ ઉદર છે, સૂર્ય ચન્દ્ર જેવાં નેત્રછે, અનન્ત જેનું સ્વરૂપ છે, ચારે તરફ જેનાં મુખ છે, સર્વ પ્રાણીના જે આત્મા છે, વરસાદ જેવી જેની કાન્તિ છે, શંખ, ચક્ર, અને ગદા જે ધારણ કરે છે, હજાર જેનાં પવિત્ર નામો છે, વળી જે આદિ દેવ, અજન્મા, અને વ્યાપક છે. એવા ભગવાન્‌ને શુંડના અગ્રભાગથી સુવર્ણમય ઉત્તમ કમલ ગ્રહણ કરી પોતાના મનથી ધ્યાન કરી ભગવાન્‌ની પૂજા કરી આપત્તિમાંથી છુટવા સારૂ ગજેન્દ્રે નીચે પ્રમાણે તેમની સ્તુતિ કરી. ॥ ૫૬ ॥ ૫૭ ॥ ૫૮ ॥ ૫૯ ॥

॥ गजेन्द्र उवाच ॥

ॐनमो मूलप्रकृतये अजिताय महात्मने ॥
अनाश्रयाय देवाय निःस्पृहाय नमो नमः ॥ ६० ॥
नम आद्याय बीजाय आर्षेयाय महात्मने ॥
अनन्ताय च नैकाय अव्यक्ताय नमो नमः ॥ ६१ ॥
नमो गुह्याय गूढाय गुणाय गुणधर्मिणे ॥
अतर्क्यायाप्रमेयाय अतुलाय नमो नमः ॥ ६२ ॥
नमः शिवाय शान्ताय निश्चयाय यशस्विने ॥
सनातनाय पूर्वाय पुराणाय नमो नमः ॥ ६३ ॥
नमो जगत्प्रतिष्ठाय गोविन्दाय नमो नमः ॥
नमो देवाधिदेवाय स्वभावाय नमो नमः ॥ ६४ ॥
नमोऽस्तु पद्मनाभाय सांख्ययोगोद्भवाय च ॥
विश्वेश्वराय देवाय शिवाय हरये नमः ॥ ६५ ॥

गजेन्द्र स्तुति करे छे ॐ મૂલ પ્રકૃતિ ભગવાનને નમસ્કાર કરૂં છું. અજિત, મહાત્મા, અનાશ્રય, દેવ અને નિઃસ્પૃહ ભગવાનને વારંવાર નમસ્કાર કરૂં છું. ॥ ૬૦ ॥

આદ્યરૂપ બીજરૂપ, આર્ષેયરૂપ અને મહાત્મા ભગવાનને નમસ્કાર કરૂં છું. અનન્ત, અવ્યક્ત અને અનેક મૂર્તિ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૧ ॥

ગુહ્ય, ગૂઢ, ગુણસ્વરૂપ, અને ગુણ ધર્મવાળા પરમેશ્વરને નમસ્કાર કરૂં છું. જે ભગવાન તર્કમાં આવી શકતા નથી, જેનું માપ થઈ શકતું નથી, અને જેની તુલના કોઈ કરી શકતું નથી તે ભગવાનને વારંવાર નમસ્કાર કરૂં છું. ॥ ૬૨ ॥

શિવ, શાન્ત, નિશ્ચયરૂપ અને યશસ્વીરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. સનાતન, પૂર્વ અને પુરાણરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર કરૂં છું. ॥ ૬૩ ॥

જગતની પ્રતિષ્ઠારૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ગોવિન્દને વારંવાર નમસ્કાર કરૂં છું. દેવાધિદેવ ભગવાનને નમસ્કાર કરૂં છું. સ્વભાવરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર કરૂં છું. ॥ ૬૪ ॥

કમલ જેની નાભિમાં છે એવા અને સાંખ્ય યોગની પ્રવૃત્તિ કરનારા એવા ઉત્પત્તિરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. જગતના ઈશ્વર, દેવરૂપ, કલ્યાણરૂપ, અને દુઃખ હરનાર ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૫ ॥

नमोऽस्तु तस्मै देवाय निर्गुणाय गुणात्मने ॥
नारायणाय देवाय देवानां पतये नमः ॥ ६६ ॥
नमो नमः कारणवामनाय नारायणायामितविक्रमाय ॥
श्रीशार्ङ्गचक्रासिगदाधराय नमोऽस्तु तस्मै पुरषोत्तमाय ॥ ६७ ॥
गुह्याय वेदनिलयाय महोदराय सिंहाय दैत्यनिधनाय चतुर्भुजाय ॥
ब्रह्मेन्द्ररुद्रमुनिचारणसंस्तुताय देवोत्तमाय वरदाय नमोऽच्युताय
नागेन्द्रभोगशयनासनसुप्रियाय गोक्षीरहेमशुकनीलघनोपमाय ॥
पीताम्बराय मधुकैटभनाशनाय विश्वाय चारुमुकुटाय नमोऽक्षराय
नाभिप्रजातकमलासनसंस्तुताय क्षीरोदकार्णवनिकेतयशोधराय ॥
नानाविचित्रमुकुटांगदभूषणाय योगेश्वराय विरजाय नमो वराय॥
भक्तिप्रियाय वरदीप्तिसुदर्शनाय फुल्लारविन्दविपुलायतलोचनाय ॥
देवेन्द्रविघ्नशमनोद्यतपौरषाय नारायणाय वरदाय नमोच्युताय ७१

દેવ નિર્ગુણ અને ગુણસ્વરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. દેવોના પતિ અને નારાયણ રૂપ ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૬૬ ॥

દેવોને રાજ્ય આપવા માટે વામનરૂપ થયેલા ભગવાનને વારંવાર નમસ્કાર કરૂં છું. શોભાયમાન શારઙ્ગધનુષ, તરવાર તથા ગદાને ધારણ કરનારા, અપાર પરાક્રમવાળા, એવા જે પુરુષોત્તમ તે નારાયણને નમસ્કાર કરૂં છું. ॥ ૬૭ ॥

ગુહ્યરૂપ, વેદના સ્થાનરૂપ, મહા ઉદરવાળા, સિંહરૂપ, દૈત્યોનો નાશ કરનારા, ચાર હાથવાળા, બ્રહ્મા, ઇન્દ્ર, રુદ્ર, મુનિ અને ચારણોએ સ્તુતિ કરેલા, સર્વે દેવોમાં ઉત્તમ, વરદાન આપનારા અને અચ્યુત એવા ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૮ ॥

શેષ નારાયણની શય્યાનું આસન જેને ઘણું પ્રિય છે એવા, ગાયનું દૂધ, સુવર્ણ, પોપટ અને મેઘની ઘટા જેવા સ્વરૂપવાળા, પીળાં વસ્ત્રોને ધારણ કરનારા, વિશ્વરૂપ, સુન્દર મુકુટ ધારણ કરનારા અને અક્ષરરૂપ એવા ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૬૯ ॥

નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા, બ્રહ્માએ જેની સ્તુતિ કરેલી છે એવા, ક્ષીર સમુદ્રમાં રેહેનારા, યશ ધારણ કરનારા, નાના પ્રકારના વિચિત્ર મુકુટ અને બાજુબંધરૂપી ભૂષણ ધારણ કરનારા, યોગના ઇશ્વર, રજોગુણરહિત અને શ્રેષ્ઠ એવા ઇશ્વરને નમસ્કાર કરૂં છું. ॥ ૭૦ ॥

ભક્તિ જેને પ્રિય છે એવા, શ્રેષ્ઠ કાન્તિથી સુંદર દર્શનવાળા, પ્રકાશમાન કમળ સરખાં લાંબાં પહોળાં નેત્રવાળા, ઇન્દ્રનાં વિઘ્નને નાશ કરવા પરાક્રમો કરનારા, અખંડ અને વરદાન આપનારા નારાયણને નમસ્કાર કરૂં છું. ॥ ૭૧ ॥

नारायणाय परलोकपरायणाय कालाय कालकमलायतलोचनाय
रामाय रावणविनाशकृतोद्यमाय धीराय धीरतिलकाय नमो वराय ॥
पद्मासनाय मणिकुंडलभूषणाय कंसांतकाय शिशुपालविनाशनाय।
गोवर्धनाय सुरशत्रुनिकृन्तनाय दामोदराय विरजाय नमो वराय ॥
ब्रह्मायनाय त्रिदशायनाय लोकैकनाथाय हितात्मकाय ॥
नारायणायार्तिविनाशनाय महावराहाय नमस्करोमि॥७४॥
कूटस्थमव्यक्तमचिन्त्यरूपं नारायणं कारणमादिदेवम् ॥
युगान्तशेषं पुरुषं पुराणं तं वासुदेवं शरणं प्रपद्ये ॥७५॥
अदृश्यमच्छेद्यमनन्तमव्ययं महर्षयो ब्रह्ममयं सनातनम् ॥
विंदन्ति यं वै पुरुषं पुराणं तं वासुदेवं शरणं प्रपद्ये ॥७६॥
उत्तिष्ठतस्तस्य जलोरुकुक्षे महावराहस्य महीं विदार्य ॥
विधुन्वतो वेदमयं शरीरं लोकान्तरस्थं मुनयो गृणन्ति

પરલોકમાં પરાયણ પણ કાલ સ્વરૂપ, શ્યામ કમલ જેવા અને લાંબા નેત્રવાળા, રાવણનો નાશ કરવાને જેણે ઉદ્યમ કરેલો છે એવા, ધીર, ધીર પુરૂષોમાં ઉત્તમ, અને શ્રેષ્ઠ એવા ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥ ૭૨ ॥

કમળના આસનવાળા, મણિનાં કુંડળરૂપી આભૂષણવાળા, કંસનો નાશ કરનારા, શિશુપાળનો વિનાશ કરનારા, ગોવર્ધન સ્વરૂપ, દૈત્યોનો સંહાર કરનારા, રજોગુણ રહિત એવા શ્રેષ્ઠ દેવ દામોદરને નમસ્કાર કરૂં છું. ॥ ૭૩ ॥

બ્રહ્માના આશ્રય ભૂત, દેવોના આશ્રય રૂપ, ત્રણલોકના કેવળ નાથ, હિત કરનારા, પીડા મટાડનારા, અને મહા વરાહ રૂપ નારાયણને નમસ્કાર કરૂં છું. ॥ ૭૪ ॥

નિર્વિકારી, અવ્યક્ત, અચિન્ત્ય રૂપવાળા, કારણ રૂપ આદિ દેવ, યુગના અન્તમાં બાકી રહેનારા પુરાણ પુરૂષ એવા તે વાસુદેવ નારાયણને શરણે જાઉં છું. ॥ ૭૫ ॥

દેખવામાં નહીં આવે એવા, છેદવામાં ન આવે એવા, અનન્ત અવ્યય, બ્રહ્મમય સનાતન, એવી રીતે મહર્ષિયો જે પરમાત્માનું વર્ણન કરે છે અને પામેછે તે પુરાતન પુરૂષ ભગવાનને હું શરણે જાઉં છું. ॥ ૭૬ ॥

હું તે મહા વરાહને નમસ્કાર કરૂંછું. જે મહાવરાહ પાણીમાંથી પૃથ્વીને વિદારી બહાર નિકળ્યા અને પોતાનું વેદમય શરીર ધુણાવા લાગ્યા અને લોકોના અંતઃકરણમાં રહ્યા તેની મુનિયો સ્તુતિ કરે છે. ॥ ૭૭ ॥

योगेश्वरं चारुविचित्रमौलिं ज्ञेयं समस्तं प्रकृतेः परस्तात्॥
क्षेत्रज्ञमात्मप्रभवं वरेण्यं तं वासुदेवं शरणं प्रपद्ये ॥ ७८ ॥
कार्यक्रियाकारणमप्रमेयं हिरण्यबाहुं वरपद्मनाभम् ॥
महाबलं वेदनिधिं सुरोत्तमं तं वासुदेवं शरणं प्रपद्ये ॥७९॥
किरीटकेयूरमहार्हनिष्कैर्मण्युत्तमालंकृतसर्वगात्रम् ॥
पीताम्बरं कांचनभक्तिचित्रमालाधरं केशवमभ्युपैमि ॥८०॥
भवोद्भवं वेदविदां वरिष्ठं योगात्मकं सांख्यविदां वरिष्ठम् ॥
आदित्यचन्द्राग्निवसुप्रभावं प्रभुं प्रपद्येऽच्युतमात्मवन्तम्
यदक्षरं ब्रह्म वदन्ति सर्वगं निशम्य यन्मृत्युमुखात्प्रमुच्यते॥
तमीश्वरं मुक्तमनुत्तमैर्गुणैः सनातनं लोकगुरुं नमामि॥८२॥
नमस्तस्मै वराहाय लीलयोद्धरतेमहीम् ॥
खुरमध्यगतो यस्य मेरुः खुरखुरायते ॥ ८३ ॥

યોગના ઇશ્વર, સુન્દર વિચિત્ર મુકુટ ધારણ કરનારા માયાથી પણ પર અને સમગ્ર રૂપે જાણવા યોગ્ય, ક્ષેત્રજ્ઞ, સત્તારૂપ, અને ઇચ્છિવા યોગ્ય એવા તે નારાયણને શરણે જાઉં છું. ॥ ૭૮ ॥

કાર્ય ક્રિયા અને કારણરૂપ, પ્રમાણોથી જણાઈ શકાય નહીં તેવા સુન્દર હાથવાળા, સુન્દર કમલ જેની નાભિમાં છે એવા, બલવાળા દેવોમાં ઉત્તમ, અને વેદમાં ભંડારરૂપ ભગવાન્‌ને હું શરણે જાઉં છું. ॥ ૭૯ ॥

મુકુટ બાજુબન્ધના અને મ્હોટા મુલ્યવાળાં આભરણ અને ઉત્તમ મણિયોથી સર્વ અંગ જેનાં શોભાયમાન થયેલાં છે, પીળાં વસ્ત્ર જેણે ધારણ કરેલાં છે, સુવર્ણની વિચિત્ર મનોહર માલા જેણે ધારણ કરેલી છે એવા ભગવાન્‌ને હું શરણે જાઉં છું. ॥ ૮૦ ॥

સંસાર ઉત્પન્ન કરનારા, વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ, યોગસ્વરૂપ, સાંખ્ય જાણનારાઓમાં શ્રેષ્ઠ, સૂર્ય, ચન્દ્ર, અગ્નિ અને વસુ જેવા પ્રભાવવાળા, અચ્યુત અને આત્મસ્વરૂપવાળા ભગવાન્‌ને હું શરણે જાઉં છું. ॥ ૮૧ ॥

અક્ષરરૂપ, બ્રહ્મરૂપ, અને સર્વના અન્તર્યામી એવા સ્વરૂપે મુનિયો જેનું વર્ણન કરે છે અને તેવું સ્વરૂપ સાંભળવાથી મૃત્યુના મુખથી જે મનુષ્ય છૂટી જાય છે તે ઉત્તમ ગુણોથી યુક્ત સનાતન તથા લોકના ગુરુ તથા ઇશ્વર એવા ભગવાન્‌ને નમસ્કાર કરૂં છું. ॥ ૮૨ ॥

જેની ખરીયોમાં રહેલો મેરુ પર્વત ખડખડાટ શબ્દ કરે છે અને લીલાએ કરીને પૃથ્વી જેણે રસાતલમાંથી બહાર કહાડેલી છે એવા જે વરાહરૂપ તે ભગવાન્‌ને હું નમસ્કાર કરૂં છું. ॥ ૮૩ ॥

श्रीवत्सांकं महादेवं देवगुह्यमनूपमम् ॥
प्रपद्ये सूक्ष्ममचलं वरेण्यमभयप्रदम् ॥ ८४ ॥
प्रभवं सर्वभूतानां निर्गुणं परमेश्वरम् ॥
प्रपद्ये मुक्तसंगानां यतीनां परमां गतिम ॥ ८५ ॥
प्रभवं.तं गुणाध्यक्षमक्षरं परमं पदम् ॥
शरण्यं शरणार्तानां प्रपद्ये भक्तवत्सलम् ॥ ८६ ॥
त्रिविक्रमं त्रिलोकेशं सर्वेषां प्रपितामहम् ॥
योगात्मानं महात्मानं प्रपद्येऽहं जनार्दनम् ॥ ८७ ॥
आदिदैवमजं विष्णुं व्यक्ताव्यक्तं सनातनम् ॥
नारायणमणीयांसं प्रपद्ये ब्राह्मणप्रियम् ॥ ८८ ॥
अकूपाराय देवाय नमः सर्वमहात्मने ॥
प्रपद्ये देवदेवेशमणीयांसमणोः सदा ॥ ८९ ॥
एकाय लोकनाथाय परतः परमात्मने ॥
नमः सहस्रशिरसे अनन्ताय नमो नमः ॥ ९० ॥

શ્રીવત્સ ચિન્હવાળા, વેદમાં ગુહ્ય, મહાદેવ, ઉપમા રહિત, સૂક્ષ્મ, અચલ, અભય આપનાર, અને શ્રેષ્ઠ એવા નારાયણને શરણે જાઉં છું. ॥ ૮૪ ॥

સર્વ પ્રાણીનું ઉત્પત્તિ સ્થાન નિર્ગુણ, સંગરહિત એવા સંન્યાસિયોના પરમ ગતિરૂપ એવા પરમેશ્વરને શરણે જાઉં છું. ॥ ૮૫ ॥

ગુણોના અધ્યક્ષ, અક્ષર, પરમપદરૂપ, શરણાગતોનું રક્ષણ કરનાર, અને ભક્તવત્સલ ભગવાનને શરણે જાઉં છું. ॥ ૮૬ ॥

વામનરૂપ, ત્રણ લોકના ઇશ્વર, સર્વના પ્રપિતામહ, યોગના આત્મા અને મહાત્મા એવા જનાર્દનને શરણે જાઉં છું. ॥ ૮૭ ॥

આદિદેવ, અજન્મા, વ્યાપક, વ્યક્ત, અને અવ્યક્તરૂપ, સનાતન, સૂક્ષ્મ, તથા બ્રાહ્મણો જેને પ્રિય છે એવા નારાયણને શરણે જાઉં છું. ॥ ૮૮ ॥

અપાર કાન્તિવાળા અને સર્વમાં મહાત્મારૂપ એવા નારાયણને નમસ્કાર કરૂં છું. અને મોટા દેવોના પણ દેવ તથા અણુમાં પણ અણુ એવા ઇશ્વરને શરણે જાઉં છું. ॥૮૯॥

એક સ્વરૂપ, લોકના નાથ, પરમાત્મા સ્વરૂપ અને પર એવા ભગવાનને નમસ્કાર કરૂં છું. અનન્ત મસ્તકવાળા અને અનન્ત સ્વરૂપવાળા પરમાત્માને હું વારંવાર નમસ્કર કરૂં છું. ॥ ૯૦ ॥

तमेव परमं देवमृषयो देवपारगाः ॥
कीर्तयन्ति च यं सर्वे ब्रह्मादीनां परायणम् ॥ ११ ॥
नमस्ते पुण्डरीकाक्ष भक्तानामभयंकर ॥
सुब्रह्मण्य नमस्तेऽस्तु त्राहि मां शरणागतम् ॥ १२ ॥
तावद्भवति मे दुःखं चिन्ता संसारसागरे ॥
यावत्कमलपत्राक्षं न स्मरामि जनार्दनम् ॥ १३ ॥

॥ भीष्म उवाच ॥

भक्तिं तस्य तु संचिन्त्यनागस्यामोघसंस्तवात् ॥
प्रीतिमानभवद्राजंच्छ्रुत्वा चक्रगदाधरः ॥ १४ ॥
आरुह्य गरुडं विष्णुराजगाम सुरोत्तमः
सांनिध्यं कल्पयामासतस्मिन्सरसि लोकधृक् ॥
ग्राहग्रस्तं गजेन्द्रं च तं ग्राहं च जलाशयात् ॥
उज्जहाराप्रमेयात्मा तरसा मधुसूदनः ॥ १६ ॥

વેદનો પાર પામનારા ઋષિયો વેદરૂપ એવા તેજ પરમાત્માનું કીર્તન કરે છે, અને તે ઋષિયો ભગવાનને બ્રહ્માદિકના પણ ઈશ્વર માને છે તેને હું શરણે જાઉં છું. ॥૫૧॥

હે કમલના સરખાં નેત્રવાળા ભગવાન્ ! હું તમને નમસ્કાર કરૂં છું. હે ભક્તોને અભય કરનારા ! તથા હે બ્રાહ્મણોના ઉત્તમ ભક્ત ! તમને નમસ્કાર હો. હું તમારે શરણે આવ્યો છું તેનું રક્ષણ કરો. ॥ ૫૨ ॥

ચિન્તારૂપી સંસારસાગરમાં મને ત્યાં સુધી દુઃખ થશે કે જ્યાંસુધી હું કમલસરખા નેત્રવાળા ભગવાનનું સ્મરણ કરીશ નહી. ॥ ૫૩ ॥

ભીષ્મ કહે છે—કે હેરાજન્ ! ગજેન્દ્રની સંકટ સમયની ખરેખરી સ્તુતિથી થયેલી ભક્તિને સાંભળી ચક્ર અને ગદા ધારણ કરનારા ભગવાન્ પ્રસન્ન થયા ॥૫૪॥

સર્વ લોકને ધારણ કરનારા તથા સર્વ દેવમાં ઉત્તમ એવા વિષ્ણુ ભગવાન્ ગરૂડ ઉપર બેસી ગજેન્દ્રની પાસે આવ્યા. ॥ ૫૫ ॥

માપવામાં જેનું સ્વરૂપ આવતું નથી એવા તથા મધુ નામના દૈત્યનો નાશ કરનાર ભગવાને તે ઝુંડે પકડેલા ગજેન્દ્રને તથા તે ઝુડને પાણીના ધરામાંથી બહાર કહાડયા બાદ

जलस्थं दारयामास ग्राहं चक्रेण माधवः ॥
मोचयामास नागेन्द्रं पाशेभ्यः शरणागतम् ॥ ९७ ॥
स हि देवलशापेन हूहूर्गन्धर्वसत्तमः ॥
ग्राहत्वमगमत्कृष्णाद्वधं प्राप्य दिवं गतः ॥
इदमप्यपरं गुह्यं राजन्पुण्यतमं शणु ॥ ९८ ॥

॥ युधिष्ठिर उवाच ॥

कथं शापोऽभवत्तावद्गन्धर्वस्य महात्मनः ॥
एतदिच्छाम्यहं श्रोतुं विस्तरेणपितामह ॥ ९९ ॥

॥ भीष्म उवाच ॥

यथा तौ शापितौ तेन देवलेन महात्मना ॥
हाहाहूहूरिति ख्यातौ गीतवाद्यविशारदौ ॥ १०० ॥
उर्वशी मेनका रंभा तथान्ये चाप्सरोगणाः ॥
शक्रस्य पुरतो राजन् नृत्यन्ते ताःसुमध्यमाः ॥ १ ॥

ભગવાને ચક્રવડે જળમાં રહેનારા તે ઝુડને ચીરી નાખ્યો અને શરણાગત થયેલા ગજેન્દ્રને ઝુડના પાસલાથી છોડાવ્યો. ॥ ૯૬ ॥ ૯૭ ॥

તે ઝુડ પૂર્વ જન્મમાં ગન્ધર્વમાં ઉત્તમ એવો હૂહૂ નામનો ગન્ધર્વ હતો. તેને દેવલ નામના ઋષિનો શાપ થવાથી ઝુડ પણું પામ્યો હતો ત્યાર પછી શ્રીકૃષ્ણ ભગવાનથી મરણ પામ્યો માટે સ્વર્ગમાં ગયો. હે રાજન્ ! આ બીજું આખ્યાન પણ ઘણું પવિત્ર અને ગુહ્ય છે તે તું સાંભળ. ॥ ૯૮ ॥

યુધિષ્ઠિર પુછે છે—કે હે પિતામહ ! મહાત્મા તે હૂહૂ ગન્ધર્વને કેમ શાપ થયો તે હું વિસ્તારથી સાંભળવાને ઇચ્છું છું. ॥ ૯૯ ॥

ભીષ્મ કહે છે—કે, હાહા અને હૂહૂ એવા નામના બે ગન્ધર્વ પ્રખ્યાત હતા અને તે ગીત વાદ્યમાં ઘણા કુશલ હતા તે બેઉને દેવલમુનિએ શાપ કેવી રીતે આપ્યો તે હું તમોને કહી દેખાડું છું. ॥ ૧૦૦ ॥

હે રાજન્ ! એક વખત ઇન્દ્રની પાસે શ્રેષ્ઠ મધ્યભાગ અર્થાત્ કટિતટિ વાળી અપ્સરાઓ નૃત્ય કરતી હતી તેમાં ઉર્વશી, મેનકા, રંભા તથા બીજી પણ કેટલીક અપ્સરાઓ હતી. ॥ ૧૦૧ ॥

ततस्तु तौ गायमानौ गन्धर्वौ राजसद्मनि ॥
अन्योन्यं कुरुतः स्पर्धां शक्रस्य पुरतः स्थितौ ॥ २ ॥
आवयोरुभयोर्मध्ये यः श्रेष्ठो गीतवाद्ययोः ॥
तं वदस्व सुरश्रेष्ठ ज्ञात्वा गीतस्य लक्षणम् ॥ ३ ॥
गन्धर्वयोर्वचः श्रुत्वा प्रत्युवाच शतक्रतुः ॥
युवयोर्गीतवाद्येषु विशेषो नोपलभ्यते ॥ ४ ॥
एक एव मुनिश्रेष्ठो देवलो नाम नामतः ॥
युवयोः संशयच्छेत्ता भविष्यति न संशयः ॥ ५ ॥
ततस्तु तौ शक्रवचो निशम्य प्रणम्य राजन् शिरसा सुरोत्तमम्
गतौ सुहृष्टौ जयकांक्षिणौ तौ यत्राश्रमे तिष्ठतिस द्विजाग्र्यः
ततो दृष्ट्वा मुनिश्रेष्ठं देवलं शांसितव्रतम ॥
अभिवाद्य महात्मानमूचतुः पार्श्वतः स्थितौ ॥ ७ ॥
शक्रेण प्रेषितौ देव त्वत्समीपे द्विजोत्तमः ॥
एकस्य नौ जयं देहि यत्ते मनसि रोचते ॥ ८ ॥

તે વખતે ઇન્દ્રની પાસે હાહા અને હૂહૂ ગન્ધર્વ પણ ગાન કરતા હતા અને ઇન્દ્રની પાસે એક બીજાઓ ગાયન વિદ્યામાં સ્પર્ધાપણું દર્શાવતા હતા. ॥ ૧૦૨ ॥

હે સુર લોકમાં શ્રેષ્ઠ ! ગાયન કરવામાં અને વાદિત્ર વગાડવામાં અમારા બેની અન્દર કોણુ શ્રેષ્ઠ છે તે તમે ગીતનું બરાબર લક્ષણુ જાણીને કહો. ॥ ૧૦૩ ॥

બેઉ ગન્ધર્વનું વચન સાંભળી ઇન્દ્રે જવાબ આપ્યો કે તમારા બેની અન્દર ગીત અને વાદિત્રમાં કોઈ વધારે ઓછોછે એમ મને દેખાતું નથી. માટે તમો બન્ને જણુાનો ન્યાય મુનિયોમાં શ્રેષ્ઠ એવા દેવલ નામના એક મુનિ છે તે કરશે અને તેથી તમારા મનની શંકા દૂર થશે એમાં કાંઇ સંદેહ નથી. ॥ ૧૦૪ ॥ ૧૦૫ ॥

ત્યાર પછી તે બેઉ ગન્ધર્વ ઇન્દ્રનું વચન સાંભળી પોતાના મસ્તકથી ઇન્દ્રને પગે લાગ્યા અને આનંદ પામી તથા પરસ્પર જયની ઇચ્છા રાખી જે આશ્રમની અન્દર દેવલ મુનિ રહેતા હતા તે સ્થળે ગયા. ॥ ૧૦૬ ॥

એ સ્થળે ઉત્તમ વ્રતવાળા અને મુનિયોમાં શ્રેષ્ઠ એવા દેવળ મુનિને તેમણે જોયા અને તે મહાત્માને પગે લાગી પડખે ઉભા રહી નીચે પ્રમાણે બોલ્યા. ॥ ૧૦૭ ॥

હે દેવ ! હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! ઇન્દ્રે અમને તમારી પાસે મોકલ્યા છે માટે તમારા મનની રૂચિ પ્રમાણે અમારા બે જણુમાંથી એકને જય આપો. ॥ ૧૦૮ ॥

पृथक् चरन्तौ गायन्तौ रुचिरं मधुराक्षरम् ॥
न किंचिद्वदते वाक्यं मुनिर्मौनस्य धारणात् ॥ ९ ॥
शृण्वन्नपि पदं तेषां न किंचिद्वदते मुनिः ॥
तदा तौ कुपितौ तस्य देवलस्य महात्मनः ॥ १० ॥
ऊचतुश्च रुषा वाक्यं गन्धर्वौ कालचोदितौ ॥
मूढोऽयं नाभिजानाति निश्चयं गीतवाद्ययोः ॥ ११ ॥
निशम्य तद्वचस्तेषां गन्धर्वाणां मदान्वितम् ॥
क्रोधादुत्थाय विप्रेन्द्र इदं वचनमब्रवीत् ॥ १२ ॥
एष हूहूर्दुरात्मा तु ग्राहत्वं यातु मूढधीः ॥
त्वमेव गजराजस्तु भवस्व गिरिगव्हरे ॥ १३ ॥
एवं शापं ददौ क्रुद्धो देवलः सुमहातपाः ॥
ततस्तौ शापितौ तेन देवलेन महात्मना ॥ १४ ॥

પછી તે બેઉ ગન્ધર્વ મધુર અક્ષરવાળું અને મનોહર એવું જુદું જુદું ગાયન કરવા લાગ્યા. પણ દેવલઋષિ તે વખતે મુનિવ્રતમાં હતા માટે કાંઇ પણ તેમની સાથે બોલ્યા નહીં. દેવલમુનિ તેઓનાં ગીત તથા વાદિત્રો સાંભળતા હતા પરંતુ બોલ્યા નહી તેથી તે ગન્ધર્વને ક્રોધ ચઢયો અને કાલની પ્રેરણાથી બોલ્યા કે આ રુષિ તો મૂર્ખ છે, આપુરૂષને ગાયન અને વાદિત્ર સંબંધી કાંઇ જ્ઞાન જણાતું નથી. તે ગન્ધર્વોનું આવું મદસહિત વાક્ય સાંભળીને તે મુનિ ક્રોધથી ઉભા થયા અને તેઓની સાથે આ પ્રમાણે વચન બોલ્યા. ॥ ૧૦૯ ॥ ૧૧૨ ॥

આ મૂઢ બુદ્ધિવાળો દુરાત્મા હૂહૂ નામનો ગન્ધર્વ તે ઝૂડ થાઓ અને હાહા ગન્ધર્વને કહ્યું કે તું પર્વતના મ્હોટા અરણ્યમાં ગજેન્દ્ર થા. ॥ ૧૧૩ ॥

કોપાયમાન થયેલા અને મહાતપસ્વી એવા દેવલ મુનિએ તે ગન્ધર્વોને એ પ્રમાણે શાપ આપ્યો. મહાત્મા દેવલે શાપ આપ્યા પછી તે બેઉ ગન્ધર્વોયે મસ્તક નમાવી મુનિને પ્રણામ કર્યો અને પુછ્યું કે હે શ્રેષ્ઠ વ્રતવાળા ! હે બ્રાહ્મણોમાં ઉત્તમ મુનિ ! અમે પૃથ્વી ઉપર જઇએ પણ અમારા ઉપર આપ પ્રસાદ કરો અને એક નિશ્ચય બતાવો કે જેવડે અમે શાપથી મુક્ત થઇએ. ત્યાર પછી તે શ્રેષ્ઠમુનિએ ભયયુક્ત અને પીડા પામતા તે બેઉ ગન્ધર્વોને જોઇ નીચે પ્રમાણે કહ્યું કે મેરુપર્વત ઉપર ઘણા વૃક્ષોથી યુક્ત એવું

प्रणम्य शिरसा विप्रं गन्धर्वाविदमूचतुः ॥
भूमण्डलगतौ ह्यावां प्रसादं कुरु सुव्रत ॥ १५ ॥
निश्चयं वद विप्रेन्द्र येन शापाद्विमुच्यतः ॥
ततस्तौ पुरुषौ दृष्ट्वा उभौ शापभयार्दितौ ॥ १६ ॥
प्रत्युवाच मुनिश्रेष्ठो गन्धर्वाणां भयापहम् ॥
मेरुपृष्ठे सरो रम्यं बहुवृक्षसमाकुलम् ॥ १७ ॥
नानापक्षिगणाढ्यं च द्वितीय इव सागरः ॥
तस्मिन् सरोवरे रम्ये ग्राहो नित्यं भविष्यसि ॥ १८ ॥
तृषार्तस्तत्र मातंगो गमिष्यति नमोत्तमात् ॥
तयोर्मध्ये महद्युद्धं भविष्यति सुदारुणम् ॥ १९ ॥
ग्राहेणाकृष्यमाणस्तु गजः स्तोत्रं करिष्यति ॥
तदैव देवदेवेशस्तुष्यते नात्र संशयः ॥ २० ॥
ततो नारायणः प्रीतः शापात्त्वां मोचयिष्यति ॥
इत्युक्त्वा ऋषिणा तेन वरेणैतौ प्रमोदितौ ॥ २१ ॥
ग्राहत्वमगमत्सोऽथ वधं प्राप्य दिवं गतः ॥
आपद्विमुक्तौ युगपद्गजो गन्धर्व एव च ॥ २२ ॥

એક મનોહર સરોવર છે. તે સરોવર ઉપર નાના પ્રકારના પક્ષિઓ રહે છે અને જાણે બીજો સમુદ્ર હોય તેવું તે સરોવર જણાય છે. તે મનોહર સરોવરમાં તું ઝૂડ થઇને નિરન્તર રહીશ. ॥ ૧૧૩ ॥ થી ॥ ૧૧૮ ॥

તે સરોવર ઉપર ઘણો તરસ્યો થયેલો ગજેન્દ્ર પર્વતમાંથી આવશે. ને તમારા બેઉ જણ વચ્ચે મહા ભયંકર યુદ્ધ થશે ॥ ૧૧૯ ॥

ઝૂડ જ્યારે ગજેન્દ્રને ખૂબ ખેંચશે ત્યારે ગજેન્દ્ર ભગવાનની સ્તુતિ કરશે. તેજ વખતે ભગવાન્ પ્રસન્ન થશે આ વાતમાં કાંઈ સંશય નથી. ॥ ૧૨૦ ॥

ત્યાર પછી નારાયણ પ્રસન્ન થઇ તને શાપથી છોડાવશે. એમ કહી દેવલઋષિએ વરદાનથી તે બેઉ ગન્ધર્વને ખુશી કર્યા. ॥ ૧૨૧ ॥

ત્યાર પછી હૂહૂ ગન્ધર્વ ઝૂડપણાને પામ્યો અને ભગવાને તેને માર્યો અને સ્વર્ગમાં ગયો આ રીતે હાથી તથા ઝૂડ એ બેઉ તત્કાલ પીડાથી મુક્ત થયા. ॥ ૧૨૨ ॥

गजोऽपि मुक्ततां यातः श्रीकृष्णेन विमोक्षितः ॥
तस्माच्छापाद्विनिर्मुक्तो गजो गन्धर्व एव च ॥ २३ ॥
तौ च स्वं स्वं वपुः प्राप्य प्रणिपत्य जनार्दनम् ॥
गजो गन्धर्वराजश्च परां निवृतिमागतौ ॥ २४ ॥
प्रीतिमान् पुंडरीकाक्षः शरणागतवत्सलः ॥
अभवद्देवदेवेशस्ताभ्यां चैव प्रपूजितः ॥ २५ ॥
भजंतं गजराजानमवदन्मधुसूदनः ॥

॥ श्रीभगवानुवाच ॥

ये मां त्वां च सरश्चैव ग्राहस्य च विदारणम् ॥ २६ ॥
गुल्मकीचकवेणूनां तं च शैलवरं तथा ॥
प्रभासं भास्करं गंगां नैमिषारण्यपुष्करम् ॥ २७ ॥
प्रयागं ब्रह्मतीर्थं च दंडकारण्यमेव च ॥
ये स्मरिष्यन्ति मनुजाः प्रयताः स्थिरबुद्धयः ॥ २८ ॥
दुःस्वप्नो नश्यते तेषां सुस्वप्नश्च भविष्यति ॥
अनिरुद्धं गजं ग्राहं वासुदेवं महाद्युतिम् ॥ २९ ॥

હાથી પણ મોક્ષ પામ્યો અને શ્રીકૃષ્ણે તેને છોડવ્યો. તે શાપથી હાથી અને ઝૂડ એ બેઉ મૂક્ત ગતિને પામ્યા. ॥ ૧૨૩ ॥

તે બેઉ ગન્ધર્વ પોત પોતાનું સ્વરૂપ પામી અને ભગવાનને ચરણે મસ્તક નમાવી પરમ નિવૃત્તિ પામ્યા. ॥ ૧૨૪ ॥

શરણાગત ઉપર સ્નેહ રાખનારા, સર્વ દેવના ઇશ્વર, અને કમલ સરખાં નેત્રવાળા ભગવાન્ પ્રસન્ન થયા અને તે બેઉ ગન્ધર્વોએ ભગવાનની પૂજા કરી. અને પોતાનું ભજન કરનારા ગજેન્દ્રને ભગવાને નીચે પ્રમાણે કહ્યું. ॥ ૧૨૫ ॥

શ્રી ભગવાન્ કહે છે—કે હે ગજેન્દ્ર ! જે મનુષ્યો તને, મને, આ સરોવરને ઝૂડના નાશ કરવાને, વન વાંસડા અને આ અરણ્યને, મ્હોટા પર્વતને, પ્રભાસને, ભાસ્કરને, ગંગાને, નૈમિષારણ્ય તથા પુષ્કરને સંભારશે તેનું નઠારૂં સ્વપ્ન નાશ પમશે. ॥ ૧૨૬ ॥ ૧૨૭ ॥

જે સ્થિર બુદ્ધિવાળા પુરુષો તત્પર થઇને પ્રયાગ, બ્રહ્મતીર્થ, દંડકારણ્ય, અનિરુદ્ધ, ગજેન્દ્ર, ગ્રાહ, અને મહા કાન્તિવાળા વાસુદેવનું સ્મરણ કરશે તેને નઠારૂં સ્વપ્ન નહિં થશે અને સારૂં સ્વપ્ન આવશે. ॥ ૧૨૮ ॥ ૧૨૯ ॥

संकर्षणं महात्मानं प्रद्युम्नं च तथैव च ॥
मत्स्यं कूर्मं वराहं च वामनं तार्क्ष्यमेव च ॥ ३० ॥
नारसिंहं च नागेन्द्रं सृष्टिप्रलयकारकम् ॥
विश्वरूपं हृषीकेशं गोविन्दं मधुसूदनम् ॥ ३१ ॥
सहस्राक्षं चतुर्बाहुं मुरारिं गरुडध्वजम् ॥
त्रिदशं त्वदितिं देवं दृढभक्तिमनुत्तमम् ॥ ३२ ॥
वैकुंठं दुष्टदमनं मुक्तिदं मधुसूदनम् ॥
एतानि प्रातरुत्थाय संस्मरिष्यन्ति ये नराः ॥ ३३ ॥
सर्वपापैः प्रमुच्यन्ते विष्णुलोकमवाप्नुयुः ॥

॥ भीष्म उवाच ॥

एवमुक्त्वा महराज गजेन्द्रं मधुसूदनः ॥ ३४ ॥
स्पर्शयामास हस्तेन गजं गन्धर्वमेव च ॥
तौ च स्पृष्टौ ततः सद्यो दिव्यमाल्याम्बरावुभौ ॥ ३५ ॥
तमेव मनसा प्राप्य जग्मतुस्त्रिदशालयम् ॥
ततो दिव्यवपुर्भूत्वा हस्तिराट् परमं पदम् ॥ ३६ ॥
गच्छति स्म महाबाहो नारायणपरायणः ॥
ततो नारायणः श्रीमान्मोचयित्वा गजोत्तमम् ॥ ३७ ॥

સંકર્ષણ, મહાત્મા પ્રદ્યુમ્ન, મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, ગરુડ, નારસિંહ, ગજેન્દ્ર, સૃષ્ટિનો પ્રલય કરનારા વિશ્વરૂપ ભગવાન્, ગોવિન્દ, મધુસૂદન, સહસ્રાક્ષ, ચાર હાથવાળા, મુરારિ, ગરુડધ્વજ, ત્રિદશ, અદિતિ, દેવ, ભક્તોની દૃઢભક્તિવાળા, સર્વોત્તમ, વૈકુંઠ, દુષ્ટોનું દમન કરનારા, અને મુક્તિ આપનારો. આટલાં નામને પ્રાતઃકાળમાં ઉઠીને જે મનુષ્યો સંભારશે તે સર્વે પાપથી મુકાશે અને વિષ્ણુ લોકને પામશે. ॥ ૧૩૦ ॥ ૧૩૩ ॥

ભીષ્મ કહે છે—કે હે મહારાજ યુધિષ્ઠિર ? ભગવાને એ પ્રમાણે ગજેન્દ્રને કહીને પોતાના હાથથી ગજેન્દ્ર તથા ઝૂડને સ્પર્શ કર્યો. સ્પર્શ થયો કે તરત તે બેઉજણા દિવ્ય-માલા અને દિવ્યવસ્ત્ર ધારણ કરનારા તે ભગવાનનુંજ પોતાના મનમાં ધ્યાન કરી સ્વર્ગલો-કને પામ્યા. દિવ્યશરીર ધારણ કરી ગજેન્દ્ર પરમપદ પામ્યો અને નારાયણ થયો. ભગવાને

ऋषिभिः स्तूतमानोऽग्र्यैर्वेदगुह्यपराक्षरैः ॥
ततः स भगवान्विष्णुर्दुर्विज्ञेयगतिः प्रभुः ॥ ३८ ॥
शंखचक्रगदापाणिरंतर्धानं समाविशत् ॥

॥ वैशंपायन उवाच ॥

एतच्छ्रुत्वामहाबाहो भारतानां पितामहात् ॥
गजेन्द्रमोक्षणं श्रुत्वा कुन्तीपुत्रो युधिष्ठिरः ॥ ३९ ॥
भ्रातृभिः सहितः सम्यक् ब्राह्मणैर्वेदपारगैः ॥
पूजयामास देवेशं पार्श्वस्थं मधुसूदनम् ॥ ४० ॥
विस्मयोत्फुल्लनयनः श्रुत्वा नागस्य मोक्षणम् ॥
ऋषयश्च महाभागाः सर्वे प्रांजलयः स्थिताः ॥ ४१ ॥
अजं वरेण्यं वरपद्मनाभं महाबलं वेदनिधिं सुरोत्तमम् ॥
तं वेदगुह्यं पुरुषं पुराणं ववन्दिरे वेदविदां वरिष्ठम् ॥४२॥

જ્યારે ગજેન્દ્રને ઝુડના પાશમાંથી છોડાવ્યો ત્યારે વેદના ગુહ્યમંત્રાથી ઋષિયોએ ભગવાનની સ્તુતિ કરી. શંખચક્ર તથા ગદાને ધારણ કરનાર તથા જેની ગતિ જાણી શકાતી નથી એવા ભગવાન્ વિષ્ણુ ત્યારપછી અન્તર્ધાન થઇ ગયા. ।૧૩૪। થી ।૧૩૮।

વૈશંપાયન કહે છે—કે હે મોટા હાથવાળા જન્મેજય ! તમારા વંશના પિતામહ ભીષ્મથી ગજેન્દ્રમોક્ષ સાંભળી કુન્તીના પુત્ર યુધિષ્ઠિર રાજાએ પોતાના ભાઇઓ સાથે અને વેદનો પાર પામનારા બ્રાહ્મણો સાથે, પડખે બેઠેલા અને વેદના ઇશ્વર એવા ભગવાનની પૂજા કરી. ।। ૧૩૯ ।। ૧૪૦ ।।

અને ગજેન્દ્રનો મોક્ષ સાંભળીને આશ્ચર્યથી જેનાં નેત્ર પ્રફુલ્લિત થયાં છે એવા યુધિષ્ઠિર તથા સર્વે મહા ભાગ્યશાળી ઋષિયો બેઉ હાથ જોડીને શ્રી કૃષ્ણની સન્મુખ ઉભા રહ્યા. ।। ૧૪૧ ।।

અજન્મા, ઇચ્છવા લાયક, શ્રેષ્ઠ કમલ જેની નાભિમાં છે એવા, માહા બલવાળા, વેદના ભંડારરૂપ, દેવમાં ઉત્તમ, વેદમાં ગુહ્ય, પરાણ પુરૂષ, અને વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન્તે પ્રણામ કરયા ।। ૧૪૨ ।।

एतत्पुण्यं महाबाहो नराणां पुण्यकर्मणाम् ॥
दुःस्वप्नदर्शने घोरे श्रुत्वा पापैः प्रमुच्यते ॥ ४३ ॥
तस्मात्त्वं हि महाराज प्रपद्य शरणं हरिम् ॥
विमुक्तः सर्वपापेभ्यः प्राप्स्यसे परमं पदम् ॥
यदा महाग्राहगृहीतकातरं सुपुष्पिते पद्मवने महाद्विपम् ॥
विमोक्षयामास गजं जनार्दनो दुःस्वप्ननाशंच सुखोदयं सदा
परं पराणां परमं पवित्रं परेशमीशं सुरलोकनाथम् ॥
सुरासुरैरर्चितपादपद्मं सनातनं लोकगुरुं नमामि ॥ ४६ ॥
वरगजशरणाद्विमुक्तिहेतुं पुरुषवरं स्तुतिदिव्यदेहगीतम् ॥
सततमपि पठन्ति ये तु तेषांमभिहितमरणान्तकिल्बिषापहं स्यात्
दृढबद्धधर्ममूलो वेदस्कंधः पुराणशाखाढ्यः ॥
ऋतुकुसुमो मोक्षफलो मधुसूदनपादपोजयति ॥ ४८ ॥

જેને ઘોર સ્વપ્ન આવતું હોય તેને હે મહાબાહો ! આ આખ્યાન ઘણું ઉત્તમ છે અને આ આખ્યાન પવિત્ર મનુષ્યોની કીર્તિનું છે. તે સાંભળીને પાપથકી મુકાય છે. ॥ ૧૪૩ ॥

હે મહારાજ ! તેટલા માટે તું હરિને શરણે જા. તેમ કરવાથી સર્વપાપથી મુકાઈ તું પરમ પદને પામીશ. ॥ ૧૪૪ ॥

સારા પુષ્પવાળા કમળના વનમાં ગજેન્દ્રને ભગવાને છોડાવ્યો. જ્યારે ઝૂડે ગજેન્દ્રને પકડ્યો હતો ત્યારે તે ભયભીત આકારવાળો થઇ ગયો હતો. આ આખ્યાન નઠારા સ્વપ્નને નાશ કરનારૂં અને સદા સુખનો ઉદય કરનારૂં છે. ॥ ૧૪૫ ॥

પરથી પણ પર, પરમ પવિત્ર, બ્રહ્માદિકના ઈશ્વર, દેવલોકના નાથ, સુર અને અસુર જેના ચરણ કમળની પૂજા કરે છે એવા સનાતન લોક ગુરૂ ભગવાનનું હું સ્મરણ કરૂં છું. ॥ ૧૪૬ ॥

શરણે આવેલા ગજેન્દ્રનો મોક્ષ કરનારા, પુરુષોમાં શ્રેષ્ઠ, દિવ્ય સ્તુતિથી ગાન કરાયેલા, એવા ભગવાનનું જે આ આખ્યાન લોકો સાંભળે છે તેનાં મરણ સમયનાં સર્વે દુઃખો તથા પાપ નાશ પામે છે. ॥ ૧૪૭ ॥

ભગવાનરૂપી વૃક્ષ જગતમાં વિજય પામે છે, કે જે વૃક્ષને ધર્મરૂપી દૃઢ મૂલ બંધાયેલું છે, વેદરૂપી તેની મ્હોટી શાખાઓ છે, પુરાણરૂપી નાની શાખાઓથી સંપૂર્ણ રીતે વ્યાપ્તમાન છે, તથા યજ્ઞરૂપી જેને પુષ્પ આવેલાં છે અને મોક્ષરૂપી ફલ છે. ॥ ૧૪૮ ॥

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ॥
जगद्धिताय कृष्णाय गोविन्दाय नमो नमः ॥ ४९ ॥
आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ॥
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥ ५० ॥
वेदे रामायणे चैव पुराणे भारते तथा ॥
आदौ मध्ये तथा चान्ते हरिः सर्वत्र गीयते ॥ ५१ ॥
सर्वरत्नमयो मेरुः सर्वाश्चर्यमयं नभः ॥
सर्वतीर्थमयी गंगा सर्वदेवमयो हरिः ॥ ५२ ॥
गीता सहस्रनामैव स्तवराजो ह्यनुस्मृतिः ॥
गजेन्द्रमोक्षणं चैव पंच रत्नानि भारते ॥ १५३ ॥

બ્રહ્મણ્યદેવ, ગાય અને બ્રાહ્મણનું હિત કરનાર, તથા સર્વ જગતનું હિત કરનાર ગોવિન્દ કૃષ્ણને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ॥ ૧૪૯ ॥

આકાશમાંથી પડેલું પાણી જેમ સમુદ્રમાં જાય છે તેમ સર્વ દેવને કરેલો નમસ્કાર ભગવાન પ્રત્યેજ જાય છે. ॥ ૧૫૦ ॥

વેદ, રામાયણ, પુરાણ અને ભારતમાં આદિ મધ્ય તથા અન્તને વિષે સર્વ ઠેકાણે ઈશ્વરનું ગાન કરાય છે. ॥ ૧૫૧ ॥

મેરૂપર્વત સર્વ રત્નમય છે, આકાશ સર્વ આશ્ચર્યવાળું છે, ગંગા સર્વતીર્થમય છે અને હરિ સર્વ દેવમય છે. ॥ ૧૫૨ ॥

૧ ભગવદ્ગીતા, ૨ વિષ્ણુ સહસ્રનામ, ૩ ભીષ્મ સ્તવરાજ, ૪ અનુસ્મૃતિ, અને ગજેન્દ્ર મોક્ષ, એવાં પાંચ રત્નો મહાભારતની અન્દર રહેલાં છે. ॥ ૧૫૩ ॥

इति श्रीमन्महाभारते शतसाहस्र्यां संहितायां शान्तिपर्वणि भीष्मयुधिष्ठिरसंवादे गजेन्द्रमोक्षः समाप्तः ॥

भ. गीताना श्लोकनी क्रमवार अनुक्रमणिका.

ॐ

श्रीमद्भगवद्गीता श्लोकानुक्रमणिका संपूर्णम्.

श्रीमद्भगवद्गीता पंचरत्न

सम्पूर्णम्.

शान्तिः शान्तिः शान्तिः

ॐ

वाजसनेयसंहितोपनिषद्.

मूलम्—ईशावास्यमिदꣳसर्व्वंयत्किञ्चजगत्यांजगत् ॥
तेनत्यक्तेनभुञ्जीथामागृधःकस्यास्विद्धनम् ॥ १ ॥

पदानि—ईशा वास्यं इदं सर्व्वं यत् किञ्च जगत्यां जगत् ॥
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्य स्वित् धनम् ॥१॥

अन्वयार्थः—**ईशा** ઇશ્વરે **जगत्यां** પૃથ્વીવિષે **यत्** જે **किञ्च** કાંઇ **जगत्** જગત્ ' છે તે ' **इदं** આ **सर्व्वं** સર્વ **वास्यं** આચ્છાદન કરવા યોગ્ય છે **तेन त्यक्तेन** તે ત્યાગથી ' આત્માની ' **भुञ्जीथाः** પાલન કર **कस्य स्वित्** કોઇના પણ **धनं** ધનને **मागृध** ઇચ્છા ન કર.

टीकाः—"**ईशावास्य**" એમંત્રને આદિલઇને જે વેદના મંત્રો છે તેનો કર્મમાં સમ્બન્ધ નથિ કારણ કે તે વેદમન્ત્રો કર્મમાં અનુપયોગી એવા સ્વભાવને પ્રકાશ કરનારા છે. આત્માનો સ્વભાવ જે શુદ્ધત્વ, નિષ્પાપત્વ, એકત્વ, નિત્યત્વ, અશરીરત્વ, અને સર્વગતત્વ, એને આદિ લઇ આગળ કહેવાશે તે સ્વભાવ કર્મથી વિરૂદ્ધ છે માટે એ મંત્રાનો કર્મમાં અસમ્બન્ધ યુક્તજ છે. સર્વના ઇશ્વર જે પરમાત્મા છે તે સર્વ પ્રાણિના આત્મા થઇ સર્વપ્રત્યે સ્વામીપણું ધારણ કરનારા છે. પૃથ્વીમાં જે કાંઇ જગત્ છે તે સર્વ તે પરમાત્મારૂપ પરમેશ્વરે આચ્છાદન કરવાયોગ્ય છે. ઇશ્વરરૂપ ભાવનાથી યુક્ત એવા પુરૂષને પુત્રૈષણા, વિત્તૈષણા, અને લોકૈષણા, એ ત્રણ એષણા (ઇચ્છા)નો ત્યાગ કરવામાં અધિકાર છે, પણ કર્મમાં નથિ માટે તેનો ત્યાગ કરીને આત્માની રક્ષા કર. ત્રણ એષણા જેણે ત્યાગ કરી છે એવો તું કોઇના ધનની ઇચ્છા ન કર. ॥ १ ॥

मूलम्—कुर्वन्नेवेहकर्म्माणि जिजीविषेच्छतꣳसमाः ॥
एवंत्वयिनान्यथेतोऽस्तिनकर्म्मलिप्यतेनरे ॥ २ ॥

पदानि—कुर्वन् एव इह कर्म्माणि जिजीविषेत् शतं समाः ॥
एवं त्वयि न.अन्यथा इतः अस्ति न कर्म्म लिप्यते नरे ॥

अन्वयार्थः—' જે પુરૂષ ' **इह** અહિંયાં **शतं** સો **समाः** વર્ષ **जिवीविषेत्** જીવવાને ઇચ્છે છે ' તે પુરૂષ અગ્નિહોત્રાદિક ' **कर्म्माणि** કર્મોને **कुर्वन् एव** કરતો છતોજ ' ઇચ્છે એ વિધિ છે ' **एवं** એ પ્રકારે **त्वयि नरे** તું નરમાત્રાભિમાની પુરૂષને વિષે **इतः** આ પ્રકારથી **अन्यथा** બીજો પ્રકાર **न अस्ति** નાથે ' કે જે પ્રકારથી ' **कर्म्म न लिप्यते** કર્મવડે લેપાય નહિ.

टीकाः—શત વર્ષનું પુરૂષનું પરમ આયુષ્ય છે માટે જે પુરૂષ સો વર્ષ જીવવાની ઇચ્છા કરે છે તે પુરૂષ અગ્નિહોત્રાદિક કર્મને કરતો છતો ઇચ્છે એ વિધિ છે. એ પ્રકારે જીવવાને ઇચ્છતો અને નરમાત્રનો અભિમાની જે તું તેને અગ્નિહોત્રાદિક કર્મ કરવારૂપી વર્ત્તમાન પ્રકારથી બીજો કોઇ વર્ત્તમાન પ્રકાર નથિ કે જે પ્રકારવડે અશુભ કર્મથી લેપાય નહિ માટે શાસ્ત્રવિહિત એવાં અગ્નિહોત્રાદિક કર્મ કરીનેજ પુરૂષને જીવવાની ઇચ્છા કરવી. ॥ ૨ ॥

मूलम्—असूर्य्यानामतेलोका अन्धेनतमसाऽऽवृताः ॥
तांस्तेप्रेत्याभिगच्छन्ति येकेचात्महनोजनाः ॥३॥

पदानि—असूर्य्या नाम ते लोकाः अन्धेन तमसा आवृताः ॥
तान् ते प्रेत्य अभिगच्छन्ति ये केच आत्महनः जनाः ॥३॥

अन्वयार्थः—**ये केच** જે કોઇ **आत्महनः** આત્માનું હનન કરનારા **जनाः** જનો છે **ते लोकाः** ' તે ' પ્રસિદ્ધ લોકો **असूर्या नाम** અસૂર્ય છે ' અને તે ' **अन्धेन तमसा** અદર્શનમય અજ્ઞાનરૂપ અન્ધકારવડે **आवृताः** ઢંકાયેલા છે. **ते** તેઓ **तान्** તેઓને **प्रेत्य** મરણ પામીને **अभिगच्छन्ति** જાય છે.

टीकाः—અદ્વય એવા પરમાત્મભાવની જે અપેક્ષા કરતા નથિ તે દેવાદીક હોય તો પણ અસુર કહેવાય છે. તેઓના જે જન્મ તે અસૂર્ય કહેવાય છે. તેઓ અદર્શનાત્મક એવા અજ્ઞાનરૂપી અન્ધકારથી ઢંકાઇ, સ્થાવરાન્તનો ત્યાગ કરી આ દેહને, પોતાના કર્મ પ્રમાણે પામે છે. જે કોઈ આત્માને હનન કરનારા અવિદ્વાનો છે તે અવિદ્યાદોષથી પોતાના વિદ્યમાન આત્માનો તિરસ્કાર કરેછે. વિદ્યમાન આત્માનું જે અજર અમરત્વાદિલક્ષણ છે તે તેને તિરોભૂત થયું છે માટે તેઓ અવિદ્વાન કહેવાય છે. ॥ ૩ ॥

मूलम्—अनेजदेकंमनसोजवीयोनैनद्देवाआप्नुवन्पूर्वमर्षत् ॥
तद्धावतोऽन्यानत्येतितिष्ठत्तस्मिन्नपोमातरिश्वादधाति ॥४॥

अनेजत् एकं मनसः जवीयः न एनत् देवाः आप्नुवन् पूर्वं अर्षत् ।
तत् धावतः अन्यात् अत्येति तिष्ठत् तस्मिन् अपः मातरिश्वा दधाति

अन्वयार्थः—**तत्** તે 'આત્મતત્વ' **अनेजत्** ચલનથી રહિત **एकं** એક 'અને' **मनसः** મનથકી **जवीयः** વેગવાળું છે 'તથા' **देवाः** ચક્ષુ આદિક ઇન્દ્રિયો **एनत्** એને **न आप्नुवन्** પામતી નથી 'કારણકે તે આત્મતત્ત્વ આકાશની પેઠે વ્યાપ્ત છે માટે મનથકી પણ' **पूर्वं अर्षत्** પૂર્વે ગયેલું છે **तत्** તે 'આત્મતત્ત્વ' **धावतः** દોડતા એવાં **अन्यान्** મનઆદિકોને **अत्येति** ઉલ્લંઘન કરીને જાણે ગતિ કરતું હોય એમ દેખાય છે. **तिष्ठत्** પોતે અવિક્રિયજ છે **मातरिश्वा** વાયુ **तस्मिन्** તે નિત્ય ચૈતન્ય સ્વભાવમાં **अपः** પ્રાણિયોની ચેષ્ટારૂપ લક્ષણોને **दधाति** ધારણ કરે છે.

टीकाः—તે આત્મતત્ત્વ ચલનથી રહિત છે. સર્વદા નિર્વિકાર હોવાથી એક રૂપ છે. સર્વ પ્રાણિયોમાં, સંકલ્પાદિ રૂપવાળું જે મન તેથકી પણ વેગવાળું છે. વિષયોને પ્રકાશ કરનાર હોવાથી દેવરૂપ જે ચક્ષુ આદિ ઇન્દ્રિયો છે તે આ આત્મતત્ત્વને પામી શકતી નથિ. તે આત્મતત્ત્વ આકાશની પેઠે વ્યાપક છે માટે વેગવાન્ મનથી પણ પૂર્વે ગયેલું છે. તે આત્મતત્ત્વ દોડતાં એવાં મન આદિકોનું જાણે ઉલ્લંઘન કરીને ગતિ કરતું હોય એમ દેખાય છે અને પોતે ક્રિયારહિતજ છે વાયુ તે નિત્ય ચૈતન્ય સ્વભાવમાં પ્રાણિયોની ચેષ્ટારૂપ લક્ષણોને ધારણ કરે છે કાર્યકારણાદિક જે સર્વ વિકાર છે તે સર્વના આશ્રયરૂપ આત્માથીજ થાય છે. ।। ૪ ।।

मूलम्—तदेजतितन्नैजति तद्दूरेतद्वदन्तिके ॥
तदन्तरस्यसर्व्वस्य तदुसर्व्वस्यास्यबाह्यतः ॥ ५ ॥

पदानि—तत् एजति तत् न एजति तत् दूरे तद्वत् अन्तिके ॥
तत् अन्तः अस्य सर्व्वस्य तत् उ सर्वस्य अस्य बाह्यतः ॥

अन्वयार्थः—**तत्** તે 'આત્મતત્ત્વ' **एजति** ચલાયમાન છે 'તથા' **तत्** તે **न एजति** ચલાયમાન થતું નથિ **तत्** તે **दूरे** દૂર છે **तद्वत्** તેમ **अन्तिके** સમીપમાં છે **तत्** તે **अस्य** આ **सर्व्वस्य** સર્વના **अन्तः** અન્દર છે **तत उ** તે **अस्य** આ **सर्व्वस्य** સર્વની **बाह्यतः** બહાર છે.

टीकाः—તે આત્મતત્ત્વ ચલાયમાન થાય છે અર્થાત્ ક્રિયા કરે છે અને તે આત્મતત્ત્વ ક્રિયા કરતું નથિ અર્થાત્ ક્રિયારહિત છતાં પણ ક્રિયા કરનારની પેઠે જણાય છે. તે આત્મતત્ત્વ અવિદ્વાનોને કરોડો વર્ષથી પણ પ્રાપ્ત થઇ શકે એવું નથિ માટે દૂરની પેઠે છે અને વિદ્વાનોના આત્મા છે માટે અત્યન્ત સમીપ છે અને તે તત્ત્વ આ સર્વની અન્દર છે અને આકાશની પેઠે આ સર્વની બહાર છે. ।। ૫ ।।

मूलम्—यस्तुसर्व्वाणिभूतान्यात्मन्नेवानुपश्यति ॥
सर्वभूतेषुचात्मानं ततोनविजुगुप्सते ॥ ६ ॥

पदानि—यः तु सर्वाणि भूतानि आत्मान् एव अनुपश्यति ॥
सर्वभूतेषु च आत्मानं ततः न विजुगुप्सते ॥६॥

अन्वयार्थः—**यः तु** વળી જે **सर्व्वाणि** સર્વે **भूतानि** ભૂતોને **आत्मन् एव** આત્મામાંજ **अनुपश्यति** જુવે છે **च** તથા **सर्व्वभूतेषु** સર્વે ભૂતોને વિષે **आत्मानं** આત્માને જુવે છે ' **ततः** તે જોવાથકી ' તે પુરૂષ કોઇની ' **न विजुगुप्सते** નિન્દા કરતો નથિ.

टीका—જે મુમુક્ષુ પુરૂષ અવ્યક્તને આદિ લઇ સ્થાવરપર્યન્ત સર્વે ભૂતોને આત્મામાંજ જુવે છે અને તે સર્વે ભૂતોમાં આત્માને દેખે છે અર્થાત્ પોતાના આત્માને તે ભૂતોના આત્મારૂપે જુવે છે તે મુમુક્ષુપુરૂષ એવી રીતે જોવાથી કોઇની પણ નિન્દા કરતો નથિ કારણકે સર્વે નિન્દાઓ જે છે તે આત્માથી અન્ય વસ્તુ જોનાર પુરૂષને થાય છે પરન્તુ અત્યન્ત વિશુદ્ધ એવા આત્માને જે પુરૂષ નિરન્તર જુવે છે તેને નિન્દા કરવાનું કોઇ નિમિત્તજ પ્રાપ્ત થતું નથિ માટે નિન્દા કરતો નથિ. **आत्मन्** આ ઠેકાણે સપ્તમી વિભક્તિનો લુક્ થયેલો છે.

मूलम्—यस्मिन्सर्व्वाणिभूतान्यात्मैवाभूद्विजानतः ॥
तत्रकोमोहःकःशोक एकत्वमनुपश्यतः ॥ ७ ॥

पदानि—यस्मिन् सर्वाणि भूतानि आत्मा एव अभूत् विजानतः
तत्र कः मोहः कः शोकः एकत्वं अनुपश्यतः ॥ ७ ॥

अन्वयार्थः—**यस्मिन्** જે કાલમાં અથવા આત્મામાં **सर्व्वाणि** સર્વે **भूतानि** ભૂતો **आत्मा एव** આત્માજ **अभूत्** થયેલા છે ' તે પરમાર્થ વસ્તુને ' **विजानतः** જાણુનાર પુરૂષને **तत्र** તે આત્મામાં **कः** કોણ **मोहः** મોહ છે **कः** કોણ **शोकः** શોક છે ' આકાશની પેઠે ' **एकत्वं** એકત્વને **अनुपश्यतः** જોનારને ' કોઇ મોહ અને શોક નથિ.'

टीका—જે કાળમાં અથવા જે પૂર્વોક્ત આત્મામાં તે સર્વે ભૂતો પરમાર્થ એવા આત્મદર્શનથી આત્મારૂપજ થયેલ છે તે પરમાર્થ વસ્તુને જાણુનાર પુરૂષને તે કાળમાં અથવા તે આત્મામાં કોણ મોહ છે અને કોણ શોક છે, શોક અને મોહ એ કામનાં બીજ છે અને અજ્ઞાનથી થાય છે માટે શુદ્ધ આત્માનું આકાશની પેઠે એકપણું જોનાર પુરૂષને કોઇ શોક મોહ નથિ. ॥ ७ ॥

मूलम्—सपर्य्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरंशुद्धमपाप-
विद्धम् । कविर्मनीषीपरिभूःस्वयम्भूर्याथातथ्य-
तोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यःसमाभ्यः ॥ ८ ॥

पदानि—सः पर्यगात् शुक्रं अकायं अव्रणं अस्नाविरं ॥
शुद्धं अपापविद्धम् कविः मनीषी परिभूः स्वयम्भूः
याथातथ्यतः अर्थान् व्यदधात् शाश्वतीभ्यः समाभ्यः ८

अन्वयार्थः—**सः** તે 'આત્મા' **पर्यगात्** ચારે તરફ પ્રાપ્ત થયો છે **शुक्रं** શુદ્ધ પ્રકાશમાન **अकायं** લિંગશરીરથી રહિત **अव्रणं** ચોટ લાગવાથી રહિત **अस्नाविरं** નાડિયોથી રહિત **शुद्धं** નિર્મલ **अपापविद्धं** પાપવર્જિત **कविः** ત્રિકાલદર્શી **मनीषी** મનના નિયામક **परिभूः** સર્વના ઉપર રહેનારા 'અને' **स्वयम्भूः** સ્વયંભૂ છે. અને તે પોતે **याथातथ्यतः** યથાભૂત કર્મફલનાં સાધનથી **अर्थान्** પદાર્થોને **शाश्वतीभ्यः** બહુ કાળ રહેનારા **समाभ्यः** સંવત્સર નામના પ્રજાપતિયોપ્રત્યે યથાયોગ્ય' **व्यदधात्** વિભાગ કરતા હવા.

टीका—તે આત્મા ચારે તરફથી પ્રાપ્ત થયો છે. શુદ્ધ પ્રકાશમાન, લિંગશરીરથી રહિત, ચોટ લાગવાથી રહિત, નાડિયોથી રહિત, નિર્મલ, પાપવર્જિત, ત્રિકાલદર્શી, મનના નિયામક, સર્વના ઉપર રહેનારા અને સ્વયંભૂ છે. તે પરમેશ્વરે કર્મફલના સાધનથી કરવા યોગ્ય એવા પદાર્થોને ઘણા કાળ રહેનારા સંવત્સર નામના પ્રજાપતિયોપ્રત્યે યથાયોગ્ય વિભાગ કર્યો છે. ॥ ૮ ॥

मूलम्—अन्धंतमःप्रविशन्ति येऽविद्यामुपासते ॥
ततोभूयइवतेतमो यउविद्यायाᳫरताः ॥ ९ ॥

पदानि—अन्धं तमः प्रविशन्ति ये अविद्यां उपासते ॥
ततः भूयः इव ते तमः ये उ विद्यायां रताः ॥ ९ ॥

अन्वयार्थः—**ये** જે 'પુરૂષો' **अविद्यां** અવિદ્યાને **उपासते** ઉપાસના કરે **ते** તે 'પુરૂષો' **अन्धं तमः** અન્ધતમપ્રત્યે **प्रविशन्ति** પ્રવેશ કરે છે 'અને' **ये उ** જેઓ **विद्यायां** 'દેવતાના જ્ઞાનરૂપ' વિદ્યામાં **रताः** આસક્ત છે 'તેઓ' **ततः** તે અન્ધરૂપ તમથી **भूयः इव** અતિશયજ **तमः** તમપ્રત્યે 'પ્રવેશ કરે છે.'

टीका—જે પુરૂષો કેવળ અવિદ્યારૂપ કર્મનેજ તત્પર થઇને કર્યા કરે છે તે પુરૂષો અદર્શનરૂપ અન્ધતમ પ્રત્યે પ્રવેશ કરે છે અને જે પુરૂષો કર્મ છોડીને દેવતાના જ્ઞાનરૂપ વિદ્યામાંજ આસક્ત થાય છે તે પુરૂષો તે અન્ધતમથી પણ વધારે તમપ્રત્યે પ્રવેશ કરે છે. ॥ ૯ ॥

मूलम्—अन्यदेवाहुर्विद्ययाऽन्यदेवाहुरविद्यया ॥
इतिशुश्रुमधीराणां येनस्तद्विचचक्षिरे ॥ १० ॥

पदानि—अन्यत् एव आहुः विद्यया अन्यत् एव आहुः अविद्यया
इति शुश्रुम धीराणां ये नः तत् विचचक्षिरे ॥ १० ॥

अन्वयार्थः—' ઉપાસનારૂપ ' **विद्यया** વિદ્યાવડે **अन्यत् एव** ભિન્ન ' ફલજ થાય છે એમ ' **आहुः** કહેતા હવા ' અને કર્મરૂપ ' **अविद्या** અવિદ્યાવડે **अन्यत् एव** ભિન્ન ' ફલજ થાય છે એમ ' **आहुः** કહેતા હવા **इति** એવી રીતે ' અમે ' **धीराणां** બુદ્ધિમાન્ પુરૂષોનું ' વચન ' **शुश्रुम** સાંભળતા હવા કે **ये** જે ' આચાર્યો ' **नः** અમારે માટે **तत्** તે કર્મ અને જ્ઞાન, **विचचक्षिरे** કહેતા હવા.

टीका—ઉપાસનારૂપ વિદ્યાથી ભિન્ન ફલ થાય છે એમ કહ્યું છે અને કર્મરૂપ અવિદ્યાથી ભિન્ન ફલ થાય છે એમ કહ્યું છે. એમ અમે બુદ્ધિમાન્ પુરૂષોનું વચન સાંભળ્યું છે. તે બુદ્ધિમાન્ પુરૂષો કેવા છે કે જેઓએ અમારેમાટે તે જ્ઞાન અને કર્મને કહેલું છે. તે તો આ વેદપરંપરાથી પ્રાપ્ત થયા છે. ॥ ૧૦ ॥

मूलम्—विद्यांचाविद्यांचयस्तद्वेदोभय सह ॥
अविद्ययामृत्युंतीर्त्त्वा विद्ययाऽमृतमश्नुते ॥ ११ ॥

पदानि—विद्यां च अविद्यां च यः तत् वेद उभयं सह ॥
अविद्यया मृत्युं तीर्त्वा विद्यया अमृतं अश्नुते ॥ ११ ॥

अन्वयार्थः—**विद्यां** દેવતાના જ્ઞાન **च** તથા **अविद्यां च** કર્મરૂપ અવિદ્યા **तत्** તે **उभयं** બેઉને **सह** સાથે ' એક પુરૂષે અનુષ્ઠાન કરવા યોગ્ય છે એમ ' **यः** જે ' પુરૂષ ' **वेद** જાણે છે ' તે પુરૂષ ' **अविद्यया** ' અગ્નિહોત્રાદિક ' કર્મવડે **मृत्युं** સ્વાભાવિક કર્મને તથા જ્ઞાનને **तीर्त्वा** ઉલ્લંઘન કરીને **विद्यया** દેવતાજ્ઞાનવડે **अमृतं** દેવતાત્મભાવને **अश्नुते** પામે છે.

टीका—દેવતાજ્ઞાન અને કર્મ એ બેઉને પુરૂષે એક સાથેજ કરવું, એમ જે પુરૂષ જાણે છે તે પુરૂષ અગ્નિહોત્રાદિક કર્મવડે સ્વાભાવિક કર્મને તથા દેવતાજ્ઞાનને ઉલ્લંઘન કરીને દેવતાજ્ઞાનવડે દેવતાત્મભાવને પામે છે. જે દેવતાત્મગમન છે તેનેજ અમૃત કહેવાય છે. ॥ ૧૧ ॥

मूलम्—अन्धन्तमःप्रविशन्तियेऽसम्भूतिमुपासते ॥
ततोभूयइवतेतमोयउसम्भूत्याᳬरताः ॥ १२ ॥

पदानि—अन्धं तमः प्रविशन्ति ये असंभूतिं उपासते ॥
ततः भूयः इव ते तमः ये उ संभूत्यां रताः ॥ १२ ॥

अन्वयार्थः—**ये** જે 'પુરૂષો' **असम्भूतिं** 'કામ કર્મ બીજરૂપ' અવિદ્યાને **उपासते** ઉપાસના કરે છે **ते** તે 'પુરૂષો' **अन्धं तमः** અન્ધ તમપ્રત્યે **प्रविशन्ति** પ્રવેશ કરે છે 'અને' **ये उ** જે **सम्भूत्यां** 'હિરણ્યગર્ભ નામના' કાર્ય બ્રહ્મમાં **रताः** આસક્ત છે **ते** તે **ततः** તેથકી 'પણ' **भूयः इव** ઘણા **तमः** તમપ્રત્યે 'પ્રવેશ કરે છે.'

टीका—સંભૂતિ એવું સંભવરૂપ જન્મનું નામ છે. તે જન્મ જેને હોય એવા કાર્યરૂપ જે હિરણ્યગર્ભ તેનું નામ સંભૂતિ કહેવાય છે, તે થકી અન્ય જે કારણરૂપ અવ્યાકૃત નામવાળી પ્રકૃતિ છે તેનું નામ અસંભૂતિ કહેવાય છે. તે અવ્યાકૃત નામવાળી અવિદ્યાને જે ઉપાસના કરે છે તે તે અવિદ્યાને અનુસારે અદર્શનરૂપ અન્ધતમપ્રત્યે પ્રવેશ કરે છે અને જે હિરણ્યગર્ભ નામવાળા કાર્યબ્રહ્મરૂપ સંભૂતિમાં આસક્ત છે તે અન્ધતમથી પણ ઘણા તમપ્રત્યે પ્રવેશ કરે છે. ॥ ૧૨ ॥

मूलम्—अन्यदेवाहुःसम्भवादन्यदाहुरसम्भवात् ॥
इतिशुश्रुमधीराणांयेनस्तद्विचचक्षिरे ॥ १३ ॥

पदानि—अन्यत् एव आहुः सम्भवात् अन्यत् आहुः असम्भवात्॥
इति शुश्रुम धीराणां ये नः तत् विचचक्षिरे ॥ १३ ॥

अन्वयार्थः—**सम्भवात्** કાર્યબ્રહ્મની ઉપાસનાથી **अन्यत् एव** જુદુંજ 'અણિમાદિ ઐશ્વર્યરૂપ' ફલ' **आहुः** કહેતા હવા 'તથા' **असम्भवात्** અવ્યાકૃતની ઉપાસનાથી **अन्यत्** જુદું 'અન્ધતમમાં પ્રવેશરૂપ તથા પ્રકૃતિલયરૂપ ફલ' **आहुः** કહેતા હવા **इति** એવી રીતે **धीराणां** બુદ્ધિમન્ત પુરૂષોનું વચન **शुश्रुम** 'અમે' સાંભળતા હવા 'કે' **ये** જેઓ **नः** અમને **तत्** તે 'વ્યાકૃત અવ્યાકૃતની ઉપાસનાનું ફલ' **विचचक्षिरे** વ્યાખ્યાન કરી કહેતા હવા.

टीका—કાર્યબ્રહ્મની ઉપાસના કરવાથી અણિમાદિ ઐશ્વર્યરૂપ જુદુંજ ફલ થાય છે એમ કહ્યું છે અને અવ્યાકૃતની ઉપાસના કરવાથી અન્ધતમમાં પ્રવેશરૂપ કે જેને પ્રકૃતિલય પણ કહે છે તે ફલ થાય છે એમ કહ્યું છે. એવી રીતે બુદ્ધિમન્ત. પુરૂષોનું વચન અમે સાંભળ્યું છે કે જે બુદ્ધિમન્ત પુરૂષોએ અમને. વ્યાકૃત અને અવ્યાકૃતની ઉપાસનાના ફલનું વ્યાખ્યાન કરી દેખાડયું છે. ॥ ૧૩ ॥

मूलम्—सम्भूतिंचविनाशंच यस्तद्वेदोभयꣳसह ॥
विनाशेनमृत्युंतीर्त्वाऽसम्भूत्याऽमृतमश्नुते ॥ १४ ॥

पदानि—सम्भूतिं च विनाशं च यः तत् वेद उभयं सह ॥
विनाशेन मृत्युं तीर्त्वा असम्भूत्या अमृतं अश्नुते ॥ १४ ॥

अन्वयार्थः—**च** તથા **सम्भूतिं** અસંભૂતિ **च** તથા **विनाशं** વ્યાકૃતરૂપ હિરણ્યગર્ભ **तत्** તે **उभयं** બેઉને **यः** જે ' પુરૂષ ' **सह** સાથે **वेद** જાણે છે ' તે પુરૂષ ' **विनाशेन** વ્યાકૃતવડે **मृत्युं** મૃત્યુને **तीर्त्वा** તરીને **असम्भूत्या** અસંભૂતિવડે **अमृतं** અમૃતને **अश्नुते** પામે છે.

टीका—જે પુરૂષ અસંભૂતિરૂપ પ્રકૃતિ અને વીનાશ એટલે સંભૂતિરૂપ હિરણ્યગર્ભ, એ બેઉને સાથેજ જાણે છે તે પુરૂષ તે હિરણ્યગર્ભની ઉપાસનાથી ઐશ્વર્યને અભાવ અને અધર્મ આદિક દોષના સમૂહરૂપ મૃત્યુને તરીને અર્થાત્ હિરણ્યગર્ભની ઉપાસનાથી અણિમાદિ સિદ્ધિઆદિ ઐશ્વર્યની પ્રાપ્તિરૂપ ફ્લ પામીને તથા તે ઐશ્વર્યના આભાવાદિક મૃત્યુનું ઉલ્લંઘન કરીને અસંભૂતિરૂપ અવ્યાકૃતની ઉપાસનાથી અમૃત (પ્રકૃતિના લયરૂપ) ફ્લને પામે છે. આ પ્રથમ લખેલા સંભૂતિ શબ્દમાં અકારનો લોપ માનવો જોઇએ છિયે. ૧૪

मूलम्—हिरण्मयेनपात्रेणसत्यस्यापिहितंमुखम् ॥

तत्त्वंपूषन्नपावृणुसत्यधर्म्मायदृष्टये ॥ १५ ॥

पदानि—हिरण्मयेन पात्रेण सत्यस्य अपिहितं मुखम् ॥

तत् त्वं पूषन् अपावृणु ॥ सत्यधर्माय दृष्टये ॥ १५ ॥

अन्वयार्थः—**हिरण्मयेन** સુવર્ણની પેઠે પ્રકાશમય **पात्रेण** પાત્રનીપેઠે આચ્છાદન કરવારૂપી વસ્તુવડે **सत्यस्य** સત્યનું **मुख** દ્વાર **अपिहितं** ઢાંક્યું છે **तत्** તેને **पूषन्** હે સૂર્ય **त्वं** તું **सत्यधर्म्माय** સત્ય ધર્મમાટે ' અને ' **दृष्टये** જ્ઞાનરૂપ દર્શનમાટે **अपावृणु** ઉઘાડ.

टीका—" અવિદ્યાથી મૃત્યુનું ઉલ્લંઘન કરીને વિદ્યાથી અમૃતને પામે છે, " એમ જે કહ્યું તે કયે માર્ગે કરીને અમૃત પામે છે તે હવે કહેવાય છે. " તે જે સત્ય છે તે આ આદિત્ય છે અને જે આ મંડલમાં પુરૂષ છે તથા જે દક્ષિણ નેત્રમાં પુરૂષ છે તે બેઉ સત્યબ્રહ્મ છે, એમ જે ઉપાસના કરે છે અને પ્રથમ કહ્યા પ્રમાણે કર્મ કરે છે તે પુરૂષ અન્તકાલ પ્રાપ્ત થયે છતે આત્માને આત્માની પ્રાપ્તિદ્વારાએ યાચના કરે છે કે " હે પૂષન્ ! હિરણ્મય પાત્રવડે અર્થાત્ સુવર્ણની પેઠે પ્રકાશમય અને પાત્રની પેઠે આચ્છાદન કરવારૂપ વસ્તુથી આદિત્યમંડલને વિષે સત્યરૂપ બ્રહ્મનું તત્ત્વ તું સત્યધર્મયુક્ત એવા મારેમાટે અથવા યથાભૂત ધર્મ કરવામાટે અને તારી પ્રાપ્તિમાટે ઉઘાડ. ॥ ૧૫ ॥

मूलम—पूषन्नेकर्षेयमसूर्य्यप्राजापत्यव्यूहरश्मीन्समूह॥तेजोयत्तेरूपङ्कल्याणतमंतत्तेपश्यामियोऽसावसौपुरुषःसोऽहमस्मि

पदानि—पूषन् एकर्षे यम सूर्य्य प्राजापत्य रश्मीन् व्यूह समूह ॥

तेजः यत् ते रूपं कल्याणतमं तत् ते पश्यामि

यः असौ असौ पुरुषः सः अहं अस्मि ॥ १६ ॥

अन्वयार्थः—**पूषन्** હે પૂષન્ **एकर्षे** હે એકર્ષે **यम** હે યમ **सूर्य** હે સૂર્ય **प्राजापत्य** હે પ્રાજાપત્ય **रश्मीन्** કિરણોને **व्यूह** ચલાવ ' અને તારૂં ' **तेजः** ' તાપ કરનારૂં ' તેજ **समूह** ઉપસંહાર કર **ते** તારૂં **यत्** જે **कल्याणतमं** અત્યન્ત શોભાવાળું **रूपं** રૂપ **तत्** તે **ते** તારા ' પ્રસાદથી ' **पश्यामि** જોઉં છું **य** જે **असौ** આ **पुरुषः** પુરૂષ છે **सः** તે **असौ** આ **अहं** હું **अस्मि** છું.

टीका—જગતનો પોષણ કરનાર છે માટે રવિનું નામ પૂષા છે તેથી હે પૂષન્ ! તથા એકજ ગતિ કરે માટે હે એકર્ષે ! તથા સર્વને સંયમન કરે છે માટે હે યમ ! તથા કિરણોના અને પ્રાણોના રસોને સ્વીકાર કરનાર હોવાથી હે સૂર્ય !, તથા પ્રજાપતિનો જે પુત્ર તેનું નામ પ્રાજાપત્ય કહેવાય માટે હે પ્રાજાપત્ય ! તું પોતાના કિરણોને વિશેષ ચલાવ અને તારૂં જે તાપ કરનારૂં જ્યોતિરૂપ તેજ છે તે એકની પેઠે કર અર્થાત્ સંકોચ કરી લે. તારૂં જે અત્યન્ત શોભાયમાન રૂપ છે તેને તારા તે પ્રસાદથી હું દેખું છું કિંવા હું તને અનુચરની પેઠે યાચનો નથિ કારણકે જે આ આદિત્યમંડલમાં વ્યાહૃતિ અવયવવાળો પુરૂષ છે તે આ હું છું. પુરૂષતુલ્ય આકારવાળો હોવાથી પુરૂષ કહેવાય છે અથવા આ પ્રાણ બુદ્ધિરૂપે સમસ્ત જગત્ પુરૂષ કહેવાય છે અથવા દેહરૂપ પુરીમાં શયન કરવાથી પુરૂષ કહેવાય છે. ॥ ૧૬ ॥

मूलम्—वायुरनिलममृतमथेदं भस्मान्तꣳशरीरम् ॥
ॐक्रतोस्मर कृतꣳस्मरक्रतोस्मरकृतꣳस्मर ॥१७॥

पदानि—वायुः अनिलं अमृतं अथ इदं भस्मान्तं शरीरम् ॥
ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर ॥ १७ ॥

अन्वयार्थः—**वायुः** પ્રાણ ' અધ્યાત્મરૂપ પરિચ્છેદને છોડીને અધિદેવતારૂપ સર્વાત્મક ' **अमृतं** અમૃતમય **अनिलं** વાયુરૂપ ' સૂત્રાત્માને પ્રાપ્ત થાઓ ' **अथ** હવે **इदं** આ **शरीरं** સ્થૂલ શરીર **भस्मान्तं** ભસ્મ થાઓ **ॐ** ૐ **क्रतो** હે ક્રતો **स्मरण** સ્મરણ કર **कृतं** ' બાલભાવથી આરંભીને કરેલું મારૂં ' કર્મ **स्मर** સ્મરણ કર. **क्रतो** હે ક્રતો **स्मर** સ્મરણ કર **कृतं** કૃતને **स्मर** સ્મરણ કર.

टीका—હવે મરણ પામતો એવો મારો પ્રાણ અધ્યાત્મ પરિચ્છેદનો ત્યાગ કરીને અધિદેવતારૂપ અને અમૃતમય સૂત્રાત્માને પ્રાપ્ત થાઓ, અર્થાત્ જ્ઞાન અને કર્મવડે શુદ્ધ થયેલું લિંગશરીર સ્થૂલશરીરથી બહાર ગતિ કરો એમ જેવું આ સ્થૂલશરીર અગ્નિમાં હોમ કરવાથી ભસ્મ થાઓ. ૐ હે સંકલ્પરૂપ ક્રતો ! મને જે સ્મરણ કરવાયોગ્ય છે તેનો આ સમય પ્રાપ્ત થયો છે માટે તું સ્મરણ કર. જે મેં બાલ્યઅવસ્થાથી આરંભીને આ કાળપર્યન્ત કર્મ કરેલું છે તેનું તું સ્મરણ કર. હે ક્રતો ! સ્મરણ કર. મેં કરેલું કર્મ સ્મરણ કર ॥ **कृतं स्मर** ॥ એ વચનનું જે વારંવાર કહેવું છે તે આદરને માટે છે. ॥ ૧૭ ॥

मू० अग्नेनयसुपथारायेअस्मान्विश्वानिदेववयुनानिविद्वान् ॥
युयोध्यस्मज्जुहुराणमेनोभूयिष्ठांतेनमउक्तिंविधेम ॥१८॥

पदानि—अग्ने नय शुपथा राये अस्मान् विश्वानि देव.वयुनानि विद्वान् युयोधि अस्मत् जुहुराणं एनः भूयिष्ठां ते नमः उक्तिंविधेम

अन्वयार्थः—**अग्ने** હે અગ્ને **देव** હે દેવ **राये** કર્મફલના ભોગને અર્થે **अस्मान्** અમને **विश्वानि** સર્વ કર્મને ' તથા ' **वयुनानि** સર્વ જ્ઞાનને **विद्वान्** જાણતો છતો **सुपथा** મારા માર્ગવડે **नय** લેઇ જા **अस्मत्** અમારાથી ' થયેલું ' **जुहुराणं** કુટિલ **एनः** પાપ **युयोधि** વિનાશ કર **भूयिष्ठां** ઘણી ' પરિચર્યા કરવાને અમે સમર્થ નથિ માટે' **ते** તને **नमः उक्तिं** નમસ્કાર વચન **विधेम** કરિયે છિયે.

टीका— હે અગ્ને હે દેવ ! દક્ષિણમાર્ગમાંજ ગમન અને આગમન કરવાથી હું ખેદ પામ્યો છું માટે તારી પાસે યાચના કરૂં છું કે વારંવાર ગમન અને આગમનથી રહિત એવા સુંદરમાર્ગે કરીને મને કર્મફલ ભોગવવામાટે તું લેઈ જા. અમારાં યથોક્ત ધર્મ સહિત એવાં કર્મ અને જ્ઞાનને તું જાણે છે. અમારાથી જે કુટિલ વચનરૂપ પાપ થયું હોય તેનો તું નાશ કર, કારણકે તેથી અમે શુદ્ધ થઇ અમારૂં ઇચ્છિત પામિયે. વળી અમે હમણાં તારી મ્હોટી પરિચર્યા કરવાને સમર્થ નથિ માટે તને અમે કેવળ નમસ્કારવડેજ પરિચર્યા કરિયે છિયે. ॥ १८ ॥

ॐ

शान्तिः शान्तिः शान्तिः

ब्रह्मार्पणमस्तु ॥

इतिवाजसनेयसंहितोपनिषत्सम्पूर्णा.

ॐ तत्सत्

सामवेदीयतलवकारोपनिषद्.

मूलम्—ॐकेनेषितंपततिप्रेषितंमनःकेनप्राणःप्रथमःप्रैतियुक्तः
केनेषितांवाचमिमांवदन्तिचक्षुःश्रोत्रंकउदेवोयुनक्ति १

प०—ॐ केन इषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः प्रैति युक्तः ॥ केन इषितां वाचंइमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवः युनक्ति

अन्वयार्थः—**केन** કયા કર્ત્તાએ **इषितं** વાંછિત થઇ 'તથા' **प्रेषितं** 'કયા કાર્યમાટે' પ્રેરેલું **मनः** મન 'પોતાના વિષયપ્રત્યે' **पतति** ગતિ કરે છે 'તથા' **केन** કેણે 'પ્રેરેલો' **प्रथमः** પ્રથમ **प्राणः** પ્રાણ **युक्तः** પ્રેરિત થઇને **प्रैति** 'પોતાના વ્યાપારપ્રત્યે' જાય છે 'તથા' **केन** કોણે **इषितां** ઇચ્છેલી **इमां** આ **वाचं** વાણીને લૌકિકજન' **वदन्ति** કહે છે **चक्षुः** ચક્ષુને 'તથા' **श्रोत्रं** શ્રોત્રને **कः उ** કયો **देवः** દેવ 'પોતપોતાના વિષયમાં' **युनक्ति** જોડે છે.

टीका—આ ઉપનિષદ્‌માં શિષ્ય અને આચાર્યના પ્રશ્ન તથા ઉત્તરરૂપથી જે કથન છે તે તો આ ઉપનિષદ્‌રૂપ ગ્રન્થ બ્રહ્મરૂપ વિષયવાળો હોવાથી સુખે કરીને જાણવામાં આવે તે માટે છે. આ ગ્રન્થનો વિષય કેવળ તર્કથી જાણવા યોગ્ય નથિ પણ આચાર્યની પરંપરાથી જાણવાયોગ્ય છે. "આચાર્યથી જે પ્રાપ્ત થયેલી વિદ્યા તે અતિશય શ્રેષ્ઠ ફલ પ્રાપ્ત કરે છે" અને "તે જ્ઞાને પ્રણિપાતવડે જાણ" ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિનો નિયમ આ અર્થમાં પ્રમાણરૂપ છે, માટે કોઇ શિષ્યે બ્રહ્મનિષ્ઠ ગુરૂપ્રત્યે વિધિપૂર્વક સમીપ આવીને પ્રત્યગાત્માથી અન્ય ઠેકાણે શરણ (રક્ષણ) ન દેખીને તથા અભય, નિત્ય, કલ્યાણરૂપ અચલવસ્તુને ઇચ્છીને ॥ **केनषितं** ॥ ઇત્યાદિરૂપ અર્થ પુછયો, એવી કલ્પના કરે છે. શિષ્ય કહે છે કે કયા કર્ત્તાવડે વાંછિત (અભિપ્રાયનો વિષય) થએલું અને કયા કાર્યને અર્થે પ્રેરેલું મન પોતાના વિષયપ્રત્યે જાય છે ? અને કેણે પ્રેરેલો તથા સર્વ ઇન્દ્રિયોમાં મુખ્ય પ્રાણ પોતાના વ્યાપારમધ્યે જાય છે ! અને કેણે વાંછિત આ શબ્દરૂપ વાણીને લૌકિક મનુષ્યો કહે છે ? તેવી રીતે ચક્ષુ અને શ્રોત્ર એને પણ પોત પોતાનાવિષયમાં કોણ દેવ પ્રેરે છે ? ॥ ૧ ॥

मूलम्—श्रोत्रस्यश्रोत्रंमनसोमनोयद्वाचोहवाचंसउप्राणस्यप्राणश्चक्षुषश्चक्षुरतिमुच्यधीराःप्रेत्यास्माल्लोकादमृताभवन्ति।२।

પદાનિ—श्रोत्रस्य श्रोत्रं मन सः मनः यत् वाचः ह वाचं सः
उ प्राणस्य प्राणः ॥ चक्षुषः चक्षुः अतिमुच्य धीराः
प्रेत्य अस्मात् लोकात् अमृताः भवन्ति ॥ २ ॥

अन्वयार्थः—**यत्** જે **श्रोत्रस्य** શ્રોત્રનું **श्रोत्रं** શ્રોત્ર **मनसः** મનનું **मनः** મન **वाचःह** વાક્‌નું **वाचं** વાક્ **सः उ** તે **प्राणस्य** પ્રાણનું **प्राणः** પ્રાણ **चक्षुषः** ચક્ષુનું **चक्षुः** ચક્ષુ છે ' એમ જાણીને તે શ્રોત્રાદિકોમાં આત્મભાવ ' **अतिमुच्य** છોડીને જે વર્તે છે તે' **धीराः** ધીર પુરૂષો છે ' અને ' **अस्मात् लोकात्** આ લોકથી **प्रेत्य** સર્વ એષણાનો ત્યાગ કરીને **अमृताः** મરણ ધર્મથી રહિત **भवन्ति** થાય છે.

टीका—એવી રીતે પુછનારા અને યોગ્ય શિષ્યને ગુરૂ કહે છે કે હે શિષ્ય ! જે તું પુછે છે કે મનઆદિક ઇન્દ્રિયોના સમૂહને કોણ દેવ પોતાના વિષયપ્રત્યે પ્રેરનારો છે અથવા તે કેવી રીતે પ્રેરે છે ! તેનો ઉત્તર સાંભળ; કે જેવડે પુરૂષ શબ્દ સાંભળે છે તે શબ્દના શ્રવણનું સાધન જે શ્રોત્રેન્દ્રિય છે તે શ્રોત્રનું શ્રોત્રરૂપ તે છે કે જે તેં "ચક્ષુ અને શ્રોત્રને કોણ દેવ પ્રેરે છે" એમ પુછયું છે તે. તથા તે દેવ મનને મન, વાણીને વાણી, અને ચક્ષુને ચક્ષુ છે, એમ જાણી તે શ્રોત્રાદિકમાં આત્મભાવ છોડીને જે વર્ત્તે છે તે ધીર પુરૂષો છે અને આ લોકથી સર્વ એષણાનો ત્યાગ કરીને મરણ ધર્મથી રહિત થાય છે. ॥ ૨ ॥

મૂલમ્—नतत्रचक्षुर्गच्छातिनवाग्गच्छातिनोमनोनविद्मोन-
विजानीमोयथैतदनुशिष्यादन्यदेवतद्विदितादथो-
अविदितादधिइतिशुश्रुमपूर्व्वेषांयेनस्तद्व्याचचक्षिरे ३

પદાનિ—न तत्र चक्षुः गच्छाति न वाक् गच्छाति नो मनः
न विद्मः न विजानीमः यथा एतत् अनुशिष्यात्
अन्यत् एव तत् विदितात् अथो अविदितात् अधि
इति शुश्रुम पूर्वेषां ये नः तत् व्याचचक्षिरे ॥ ३ ॥

अन्वयार्थः—**तत्र** તે બ્રહ્મમાં **चक्षुः** ચક્ષુઇન્દ્રિય **न गच्छाति** ગતિ કરતું નથિ **वाक्** વાણી **न गच्छाति** ગતિ કરતી નથિ **मनः** મન **नो** ' ગતિ કરતું ' નથિ ' માટે બ્રહ્મ આવું છે એમ અમે ' **न विद्मः** જાણતા નથિ **यथा** જે પ્રકારે **एतत्** એ ' બ્રહ્મ ' **अनुशिष्यात्** ઉપદેશ કરી શકાય તે **न विजानीमः** જાણી શકતા નથિ **तत्** તે ' બ્રહ્મ ' **विदितात्** વિદિત વસ્તુથી **अन्यत् एव** અન્યજ છે **अथो** અને **अविदितात्** ' અવિદ્યારૂપ ' અવિદિત વસ્તુથી ' પણ ' **अधि** ઉપર છે અર્થાત્ અન્ય છે. **इति** એવી રીતે **पूर्व्वेषां** પૂર્વાચાર્યોનું વચન અમે ' **शुश्रुम** સાંભળતા હતા કે **ये** જે ' પૂર્વાચાર્યો **नः** અમને **तत्** તે **व्याचचक्षिरे** વ્યાખ્યાન કરી કહેતા હતા.

टीका—તે બ્રહ્મમાં ચક્ષુ ઇન્દ્રિય ગતિ કરતી નથી, વાણી ગતિ કરતી નથિ અને મન ગતિ કરતું નથિ કારણકે મન અન્ય વસ્તુનું સંકલ્પ કરનાર અને નિશ્ચય કરનાર થઇને પણ પોતાના સંકલ્પને તથા નિશ્ચયને કરતું નથિ. તે મનનું સ્વરૂપ પણ બ્રહ્મ છે, બ્રહ્મમાં તે જતું નથિ. ઇન્દ્રિય અને મનનો બ્રહ્મ અવિષય છે. માટે બ્રહ્મ આવું છે એમ અમે જાણી શકતા નથી. જે પ્રકારે તે બ્રહ્મ ઉપદેશ કરી શકાય તે પ્રકાર અમે જાણતા નથિ; તે બ્રહ્મ વિદિત વસ્તુથી અન્યજ છે અને અવિદ્યારૂપ અવિદિત વસ્તુથી પણ અન્ય છે. ॥ ૩ ॥

मूलम्—यद्वाचानभ्युदितंयेनवागभ्युद्यते ॥
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ॥४॥

पदानि—यत् वाचा अनभ्युदितं येन वाग् अभ्युद्यते ॥
तत् एव ब्रह्म त्वं विद्धि न इदं यत् इदं उपासते ॥ ४ ॥

अन्वयार्थः—वाचा વાણીવડે **यत्** જે ' બ્રહ્મ **अनभ्युदितं** કહી શકાતું નથિ ' અને ' **येन** જે બ્રહ્મવડે **वाक्** વાણી **अभ्युद्यते** પ્રકાશ પામે છે **तत् एव** તેજ **ब्रह्म** બ્રહ્મ ' છે એમ ' **त्वं** તું **विद्धि** જાણ **यत्** જે **इदं** આ ઉપાધિના ભેદસહિત 'અનાત્મ વસ્તુને લોક ' **उपासते** ઉપાસના કરે છે **इदं** એ **न** નથિ.

टीका—વાણીવડે જે બ્રહ્મ કહી શકાતું નથિ અને જે બ્રહ્મવડે વાણી પ્રકાશ પામે છે તેજ બ્રહ્મ છે એમ તું જાણ અને જે આ ઉપાધિના ભેદસહિત અનાત્મ વસ્તુની લોક ઉપાસના કરે છે, તે બ્રહ્મ નથિ, આ ઠેકાણે તેનેજ તું બ્રહ્મ જાણ એમ કહીને પછી પણ આ બ્રહ્મ નથિ એમ ફરીને અનાત્માનું જે અબ્રહ્મપણું કહ્યું તે નિયમને અર્થે છે અથવા અન્ય ઉપાસ્ય વસ્તુમાં બ્રહ્મબુદ્ધિના નિવારણને માટે છે. ॥ ૪ ॥

मूलम्—यन्मनसानंमनुते येनाहुर्मनोमतम् ॥
तदेवब्रह्मत्वंविद्धि नेदंयदिदमुपासते ॥५॥

पदानि—यत् मनसा न मनुते येन आहुः मनः मतम् ॥
तत् एव ब्रह्म त्वं विद्धि न इदं यत् इदं उपासते ॥ ५ ॥

अन्वयार्थः—यत् જે ' બ્રહ્મને મનુષ્ય ' **मनसा** મનવડે **न मनुते** મનન કરી શકતો નથિ **येन** જે ' બ્રહ્મે ' **मनः** મન **मतं** મનનવિષય કર્યું છે ' એમ વિદ્વાનો ' **आहुः** કહે છે **तत् एव** તેનેજ **त्वं** તું **ब्रह्म** બ્રહ્મ **विद्धि** જાણ **यत् इदं** જે આ 'અનાત્મ વસ્તુને લોક ' **उपासते** ઉપાસના કરે છે ' તે ' **इदं** આ ' બ્રહ્મ ' **न** નથિ.

टीका—આ ઠેકાણે બુદ્ધિ અને મનનું એકપણું છે માટે મન એ શબ્દનું અન્તઃકરણરૂપે ગ્રહણ કરવું. જેવડે પુરૂષ મનન કરે છે તે મન કહેવાય છે, એ મન સર્વે વિષયોમાં

વ્યાપક છે માટે સર્વ ઇન્દ્રિયોમાં સાધારણ રૂપે છે, તે મનવડે જે મનના પ્રકાશક ચૈતન્ય જ્યોતિને પુરૂષ મનન કરતો નથિ તથા જે બ્રહ્મ વૃત્તિસહિત મનને મનન વિષય કરેલું છે એમ બ્રહ્મવેત્તાઓ કહે છે તેનેજ તું બ્રહ્મ જાણ પણ જે અનાત્મ વસ્તુની લોક ઉપાસના કરે છે તે બ્રહ્મ નથિ. ॥ ૫ ॥

મૂલમ્—यच्चक्षुषानपश्यति येनचक्षूंषिपश्यति ॥
तदेवब्रह्मत्वंविद्धि नेदंयदिदमुपासते ॥ ६ ॥

પદાનિ—यत् चक्षुषा न पश्यति येन चक्षुंषि पश्यति ॥
तत् एव ब्रह्म त्वं विद्धि न इदं यत् इदं उपासते ॥ ६ ॥

अन्वयार्थः—**यत्** જે ' બ્રહ્મને લોક ' **चक्षुषा** ચક્ષુવડે **न पश्यति** જોતો નથિ **येन** જે ' બ્રહ્મવડે ' **चक्षूंषि** ચક્ષુઓ **पश्यति** જુવે છે **तत् एव** તેનેજ **त्वं** તું **ब्रह्म** બ્રહ્મ **विद्धि** જાણ **यत् इदं** જે આ ' અનાત્મ વસ્તુને લોક ' **उपासते** ઉપાસના કરે છે ' તે ' **इदं** આ ' બ્રહ્મ ' **न** નથિ.

टीका—જે બ્રહ્મને અન્તઃકરણની વૃત્તિસહિત લોક દેખતો નથિ અને જે ચૈતન્ય જ્યોતિરૂપ બ્રહ્મવડે ચક્ષુઓ જોઇ શકે છે તેનેજ તું બ્રહ્મ જાણ અને જે અનાત્મ વસ્તુની લોક ઉપાસના કરે છે એ બ્રહ્મ નથિ. ॥ ૬ ॥

મૂલમ્—यच्छ्रोत्रेणनशृणोतियेनश्रोत्रमिदंश्रुतम् ॥
तदेवब्रह्मत्वंविद्धिनेदंयदिदमुपासते ॥७॥

પદાનિ—यत् श्रोत्रेण न शृणोति येन श्रोत्रं इदं श्रुतम् ॥
तत् एव ब्रह्म त्वं विद्धि न इदं यत् इदं उपासते ॥ ७ ॥

अन्वयार्थः—**यत्** જે ' બ્રહ્મને લોક ' **श्रोत्रेण** શ્રોત્રવડે **न शृणोति** સાંભળતો નથિ ' અને ' **येन** જે ' બ્રહ્મવડે ' **इदं** આ **श्रोत्रं** શ્રોત્ર **श्रुतं** શ્રવણ કરેલું છે **तत् एव** તેનેજ **त्वं** તું **ब्रह्म** બ્રહ્મ **विद्धि** જાણ **यत् इदं** જે આ ' અનાત્મ વસ્તુને લોક' **उपासते** ઉપાસના કરે છે ' તે ' **इदं** આ **न** બ્રહ્મ નથી.

टीका—જે બ્રહ્મને, દિશારૂપી દેવતાને આશ્રિત અને આકાશનું કાર્ય તથા મનની વૃત્તિસહિત એવી જે શ્રોત્ર ઇન્દ્રિય તેવડે લોક સાંભળતો નથિ અને જે બ્રહ્મ વડે આ શ્રોત્ર શ્રવણ કરેલું છે તેનેજ તું બ્રહ્મ જાણ અને જે આનાત્મ વસ્તુની લોક ઉપાસના કરે છે તે બ્રહ્મ નથિ. ॥ ૭ ॥

મૂલમ્—यत्प्राणेननप्राणिति येनप्राणः प्रणीयते ॥
तदेवब्रह्मत्वंविद्धि नेदंयदिदमुपासते ॥ ८ ॥

पदाने—यत् प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ॥
तत् एव ब्रह्म त्वं विद्धि न इदं यत् इदं उपासते ॥ ८ ॥

अन्वयार्थ—**यत्** જે 'બ્રહ્મને' **प्राणेन** પ્રાણવડે 'લોક ગન્ધની પેઠે' **न प्राणिति** વિષય કરતો નથિ 'અને' **येन** જે 'બ્રહ્મવડે' **प्राणः** પ્રાણ **प्रणीयते** પોતાના વિષયપ્રત્યે જાય છે **तत् एव** તેનેજ **त्वं** તું **ब्रह्म** બ્રહ્મ **विद्धि** જાણ **यत् इदं** જે આ 'અનાત્મ વસ્તુને લોક' ઉપાસતે ઉપાસના કરે છે **इदं** એ **न** 'બ્રહ્મ' નથિ.

टीका—આ ઠેકાણે પ્રાણ શબ્દવડે પ્રાણસમ્બન્ધી ઘ્રાણ ઇન્દ્રિયનું ગ્રહણ કરવું જે બ્રહ્મને નાસિકાની અન્દર રહેલા પ્રાણ (ઘ્રાણેન્દ્રિય) વડે લોક ગન્ધનીપેઠે વિષય કરતો નથિ તથા જે ચૈતન્યજ્યોતિવડે પ્રકાશ કરવાયોગ્ય પ્રાણ (ઘ્રાણ) પોતાના વિષયપ્રત્યે જાય છે તેનેજ તું બ્રહ્મ જાણ અને જેને લોક ઉપાસે છે એ બ્રહ્મ નથિ. ॥ ૮ ॥

इतिकेनोपनिषदिप्रथमखण्डः ॥ १ ॥

मूलम्—यदिमन्यसेसुवेदेतिदभ्रमेवापिनूनंत्वंवेत्थब्रह्मणोरूपम्
यदस्यत्वंयदस्यदेवेष्वथनुमीमांस्यमेवतमन्येविदितम्॥९॥

पदाने—यदि मन्यसे सुवेद इति दभ्रं एव अपि नूनं त्वं
वेत्थ ब्रह्मणः रूपम् ॥ यत् अस्य त्वं यत् अस्य देवेषु
अथ नु मीमांस्यं एव ते मन्ये विदितम् ॥ ९ ॥

अन्वयार्थः—**यदि** જો 'તું' **सुवेद** 'હું' સારી રીતે જાણું છું **इति** એ પ્રમાણે **मन्यसे** માનતો હો 'તો' **त्वं** તું **अपि** પણ **नूनं** અવશ્ય **दभ्रं एव** અલ્પજ **ब्रह्मणः** બ્રહ્મનું **रूपं** રૂપ **वेत्थ** જાણે છે **अस्य** આ 'બ્રહ્મનું' **यत्** જે 'રૂપ છે તેનો આગળ નિશ્ચય થશે, **अस्य** આ 'બ્રહ્મનું' **यत्** જે 'રૂપ' **देवेषु** દેવતાઓમાં **त्वं** તું 'જાણે છે તે પણ તું અવશ્ય અલ્પજ જાણે છે' **अथ** હવે 'પણ' તે તારે 'બ્રહ્મનું રૂપ' **मीमांस्यं एव नु** વિચારવા યોગ્યજ છે 'શિષ્યે કહ્યું કે મેં' **विदितं** 'બ્રહ્મ' જાણ્યું 'એમ' **मन्ये** માનું છું.

टीका—આચાર્ય કહે છે કે હે શિષ્ય ! જો કદાચિત્ તું, હું બ્રહ્મને સારી રીતે જાણું છું એમ માનતો હો તોપણ તું અવશ્ય અલ્પજ બ્રહ્મનું રૂપ જાણે છે. બ્રહ્મનું જે રૂપ છે તેનો આગળ નિશ્ચય થશે, દેવોનેવિષે જે તું જાણે છે તે પણ અવશ્ય અલ્પજ જાણે છે એમ હું માનું છું. હમણાં પણ તારે બ્રહ્મ વિચારવા યોગ્ય છે. એવી રીતે જ્યારે આચાર્યે જે શ્રુતિ વાક્યનો ઉપયોગ કર્યો તેનો અર્થથી વિચાર કરીને તથા તર્કથી નિર્ધાર કરીને પછી આચાર્યની પાસે જઈ કહેવા લાગ્યો કે હમણાં મેં બ્રહ્મ જાણ્યું એમ માનું છું. ॥ ૯ ॥

मूलम्—नाहंमन्येसुवेदेतिनोनवेदेतिवेदच ॥
योनस्तद्वेदतद्वेदनोनवेदेतिवेदच ॥१०॥

पदानि—न अहं मन्ये सुवेद इति नो न वेद इति वेद च ॥
यः नः तत् वेद तत् वेद नो न वेद इति वेद च ॥१०॥

अन्वयार्थः—**अहं** હું **सुवेद** સારી રીતે જાણું છું **इति** એ પ્રકારે **न मन्ये** નથિ માનતો **नो न वेद इति वेद च** હું નથિ જાણુતો એવી રીતે અમારા સંપ્રદાયની બોધ કરવાની રીતિથી જાણુંછુંજ **यः** જે **नः** અમારી 'બ્રહ્મચારિયોની મધ્યે **तत्** તે મારૂં' કહેલું વચન **वेद** તત્ત્વથી જાણે છે 'તે પુરૂષ' **तत्** તેજ બ્રહ્મને' **वेद** જાણે છે 'તે વચન કયું એમ જો કોઇ પ્રશ્ન કરે તો તે આ વચન છે **नो न वेद इति वेद च** હું જાણુતો નથિ, એમ અમારા સંપ્રદાયની રીતિથી જાણું છું, અને જાણુવાવાળાપણું નથિ.

टीका—આચાર્ય કહે છે કે તે બ્રહ્મ જાણ્યું હોય તો કહી દેખાડ, ત્યારે શિષ્ય કહે છે કે "હું સારી રીતે જાણું છું" એમ બ્રહ્મને જ્ઞાનનો વિષય માનતો નથિ. આચાર્યે કહ્યું કે હે શિષ્ય ! ત્યારે તેં જાણ્યું એ કેવી રીતે સિદ્ધ થઈ શકે ? શિષ્ય કહે છે કે હું જાણુતો નથિ, એમ અમારા સંપ્રદાયની બોધ કરવાની રીતિથી જાણું છું અને જાણુવાવાળાપણું નથિ. બ્રહ્મચારીસહિત અમારા આશ્રમવાળાઓની મધ્યે જે કોઇ તે મારા વચનને યથાર્થ જાણે છે તે યથાર્થ બ્રહ્મને જાણે છે. વળી તે વચન કયું છે ? એવા પ્રશ્નમાં શિષ્ય કહે છે. હું નથિ જાણુતો એવી રીતે અમારા સંપ્રદાયની રીતિથી જાણું છું અને જાણુવાવાળાપણું નથિ. એવું આ વચન છે. મૂલ શ્રુતિમાં જે "च" શબ્દ છે તેનું જાણુવાવાળાપણું નથિ એવો અર્થ છે. ॥ १० ॥

मूलम्—यस्यामतंतस्यमतंमतंयस्यनवेदसः ॥
अविज्ञातंविजानतां विज्ञातमविजानताम् ॥११॥

पदानि—यस्य अमतं तस्य मतं मतं यस्य न वेद सः ॥
अविज्ञातं विजानतां विज्ञातं अविजानताम् ॥ ११ ॥

अन्वयार्थः—**यस्य** જેને 'બ્રહ્મ' **अमतं** અજ્ઞાત છે **तस्य** તેને 'બ્રહ્મ' 'સારી રીતે' **मतं** જ્ઞાત છે 'અને' **यस्य** જેને **मतं** 'મેં' બ્રહ્મ' જાણ્યું છે 'એવો નિશ્ચય છે' **सः** તે 'પુરૂષ' **न वेद** 'બ્રહ્મને' જાણુતો નથિ **विजानतां** જાણુનારા પુરૂષોને **अविज्ञातं** અવિજ્ઞાત છે 'અને' **अविजानतां** નહિ જાણુનારા પુરૂષોને **विज्ञातं** વિજ્ઞાત છે.

टीका—હવે ગુરૂશિષ્યના સંવાદથી રહિત થઇને શ્રુતિ પોતાના રૂપવડે સર્વ સંવાદથી રહિત અર્થનો બોધ કરે છે. જે બ્રહ્મવેત્તાને બ્રહ્મ અમત (અજ્ઞાત) છે એવો નિશ્ચય છે

તેને બ્રહ્મ મત (સારી રીતે જ્ઞાત) છે અને જેને 'મે' બ્રહ્મ જાણ્યું છે, એવો નિશ્ચય છે તે બ્રહ્મને જાણતો નથિ કારણ કે તે બ્રહ્મ 'અમે જાણિયે છિયે, એમ કહેનારાઓને અવિજ્ઞાત છે અને 'અમે નથિ જાણુતા' એમ કહેનારા પુરૂષોને વિજ્ઞાત છે. ॥ ૧૧ ॥

मूलम्—प्रतिबोधविदितंमतममृतत्वंहिविन्दते ॥
आत्मनाविन्दतेवीर्य्यंविद्ययाविन्दतेऽमृतम् ॥१२॥

पदानि—प्रतिबोधविदितं मतं अमृतत्वं हि विन्दते ॥
आत्मना विन्दते वीर्य्यं विद्यया विन्दते अमृतम् ॥१२॥

अन्वयार्थः—**प्रतिबोधविदितं** બુદ્ધિની જે અનેક વૃત્તિયો તે બોધ કહેવાય અને તે પ્રત્યેક બોધપ્રત્યે જે જાણી શકાય તે પ્રતિબોધવિદિત છે તે પ્રતિબોધવિદિત એવું **मतं** મત **हि** નિશ્ચે **अमृतत्वं** અમૃતપણું **विन्दते** પામે છે **आत्मना** સ્વરૂપવડે **वीर्य्यं** સામર્થ્યને **विन्दते** પામે છે **विद्यया** વિદ્યાવડે **अमृतं** મોક્ષને **विन्दते** પામે છે.

टीका—બુદ્ધિની જે અનેક વૃત્તિયો તે બોધ શબ્દે કરીને કહેવાય છે. તે પ્રત્યેક બોધપ્રત્યે જાણી શકાય તે પ્રતિબોધવિદિત કહેવાય છે. સર્વ બોધ જેનો વિષય થાય છે એવો જે આત્મ તે સર્વ બોધપ્રત્યે જણાય છે અને સર્વ બોધનો જોનાર કેવળ ચેતનશક્તિ સ્વરૂપ છે. એવી રીતે જે જાણે છે તે અવસ્ય અમૃતપણું પામે છે, પોતાના સ્વરૂપથી સામર્થ્ય પામે છે અને વિદ્યાવડે અમર ભાવરૂપ મોક્ષ પામે છે. ॥ ૧૨ ॥

मूलम्—इहचेदवेदीदथसत्यमस्ति नचेदिहावेदीन्
महती विनष्टिः ॥ भूतेषुभूतेषुविचिन्त्यधी
राःप्रेत्यास्माल्लोकादमृताभवन्ति ॥१३॥

पदानि—इह चेत् अवेदीत् अथ सत्यं अस्ति न चेत् इह
अवेदीत् महती विनष्टिः ॥ भूतेषु भूतेषु विचिन्त्य
धीराः प्रेत्य अस्मात् लोकात् अमृताः भवन्ति १३

अन्वयार्थः—**चेत्** જો **इह** આ જન્મમાં **अवेदीत्** 'પ્રથમ કહ્યાપ્રમાણે આત્માને' જાણે છે **अथ** તો **सत्यं** 'પરમાર્થતારૂપ, સત્ય **अस्ति** વિદ્યમાન છે 'અને' **चेत्** જો **इह** આ જન્મમાં **न अवेदीत्** 'આત્માને' જાણતો નથિ 'તો' **महती** મોટી **विनष्टिः** હાનિ 'થાય તે માટે' **धीराः** ધીર 'પુરૂષો' **भूतेषु भूतेषु** ભૂત ભૂતનેવિષે 'એક આત્મતત્ત્વને' **विचिन्त्य** ચિન્તવન કરીને **अस्मात् लोकात्** આ લોકથી **प्रेत्य** ઉપરામ પામી **अमृताः** અમૃત **भवन्ति** થાય છે

ટીકા—અધિકારી મનુષ્ય આ જન્મમાં સમર્થ થઇને જો પ્રથમ કહેલા લક્ષણવાળા આત્માને ઉક્ત પ્રકારથી જાણે છે તો આ મનુષ્યજન્મમાં અવિનાશ અથવા અર્થવાન્પણું અથવા સદ્‌ભાવ અથવા પરમાર્થતારૂપ સત્ય વિદ્યમાન છે અને જો આ જન્મમાં આત્માને જાણતો નથિ તો જન્મ, જરા ને મરણ આદિક બન્ધનવાળી સંસારગતિની પ્રાપ્તિરૂપ મ્હોટી હાનિ થાય છે માટે એમ ગુણદોષ જાણનાર બુદ્ધિમન્ત પુરૂષો સ્થાવરજંગમરૂપ સર્વ ભૂતમાં એક આત્મતત્ત્વ જાણી આ લોકથી વિરામ થઇ, અદ્વૈતને પ્રાપ્ત થઇ અમૃત (મરણરહિત) થાય છે. ॥ ૧૩ ॥

इति केनोपनिषदि द्वितीय खण्डः

मूलम्—ब्रह्महदेवेभ्योविजिग्येतस्यहब्रह्मणोविज येदेवाअमहीयन्त ॥ तऐक्षन्तास्माकमेवा यंविजयोऽस्माकमेवायंमहिमेति ॥ १४ ॥

पदानि—ब्रह्म ह देवेभ्यः विजिग्ये तस्य ह ब्रह्मणः विजये देवाः अमहीयन्त ॥ ते ऐक्षन्त अस्माकं एव अयं विजयः अस्माकं एव अयं महिमा इति ॥ १४ ॥

अन्वयार्थः—**ब्रह्म** બ્રહ્મ **ह** સ્પષ્ટ **देवेभ्यः** દેવોને માટે **विजिग्ये** જય આપતું હવું **तस्य ह ब्रह्मणः** તે બ્રહ્મનો **विजये** વિજય થયે છતે **देवाः** દેવો **अमहीयन्त** મહિમા પામતા હવા **ते** તે 'અગ્નિઆદિક દેવો' **इति** આ પ્રકારે **ऐक्षन्त** જોતા હવા કે **अस्माकं एव** અમારોજ **अयं** આ **विजयः** વિજય 'છે અને' **अस्माकं एव** અમારોજ **अयं** આ **महिमा** મહિમા છે.

ટીકા—અતિ તેજસ્વી એવા અગ્નિ આદિક દેવે પણ બ્રહ્મને ક્લેશવડે જાણ્યું છે અને દેવના ઇશ્વર એવા ઇન્દ્રે પણ બ્રહ્મને ક્લેશવડે જાણ્યું છે માટે બ્રહ્મ દુઃખથી જાણવા યોગ્ય છે એવો અર્થ દેખાડવામાટે આ આખ્યાયિકા છે અથવા બ્રહ્મવિદ્યાવિના પ્રાણીને જે કર્તાપણા આદિકનું અભિમાન છે તે જેમ દેવોને જય આદિકનું અભિમાન છે તેમ મિથ્યા છે, એ અર્થ દેખાડવા માટે આ આખ્યાયિકા છે. પ્રથમ કહેલા લક્ષણવાળા પરબ્રહ્મે દેવોને જય આપ્યો અર્થાત્ દેવ અને અસુરના સંગ્રામમાં જગત્‌ના શત્રુ અને ઇશ્વરકૃત વર્ણાશ્રમની મર્યાદાને તોડનારા અસુરોને જીતીને જગતની સ્થિતિમાટે માયાશક્તિના માહાત્મ્યથી દેવોને જય અને જયનું ફલ પરબ્રહ્મે આપ્યું, તે પરબ્રહ્મનો જય થવાથી અગ્નિઆદિક દેવ મહિમા પામવા લાગ્યા અને જોવા લાગ્યા કે આ વિજય અમારોજ છે અને આ મહિમા અમારોજ છે પણ અમારા અન્તરાત્માનો આ વિજય કે મહિમા નથિ. ॥ ૧૪ ॥

मूलम्—तद्धैषांविजज्ञौतेभ्योहप्रादुर्बभूव ॥
तन्नव्यजानन्तकिमिदंयक्षमिति ॥१५॥

पदानि—तत् ह एषां विजज्ञौ तेभ्यः ह प्रादुर्बभूव ॥
तत् न व्यजानन्त किम् इदं यक्षं इति ॥ १५ ॥

अन्वयार्थः—**एषां** એ 'મિથ્યાભિમાનથી જોનારા દેવોનું' **तत्** તે **ह** સ્ફુટ મિથ્યા અભિમાનપૂર્વક ઇક્ષણને' **विजज्ञो** 'બ્રહ્મ' જાણતું હવું 'પછી' **तेभ्यः ह** તે દેવોને અર્થે **प्रादुर्बभूव** 'તે બ્રહ્મ' પ્રકટ થતું હવું **तत्** તે 'પ્રકટ થયેલને' **इदं** આ **किं** શું **यक्षं** પૂજ્ય વસ્તુ છે **इति** એ પ્રકારે 'તે દેવો' **नव्यजानन्त** ન જાણતા હવા.

टीका—એવી રીતે મિથ્યા અભિમાનથી જોનારા દેવોનું મિથ્યા અભિમાન પૂર્વક જે દેખવું હતું તેનો નિશ્ચય કરી બ્રહ્મે જાણ્યું કે સર્વ ભૂતોની ઇન્દ્રિયોને પ્રેરણા કરનારા આ દેવો અસુરની પેઠે મિથ્યાભિમાનથી પરાભવ પામશે માટે હું તેનો ઉદ્ધાર કરૂં, એમ વિચારી દેવોપ્રત્યે યોગમહિમાથી તેણે પોતાનું અદ્ભુતરૂપ પ્રકટ કર્યું. તે પ્રકટ થયેલા બ્રહ્મને "આ યક્ષ એટલે આ પૂજવા યોગ્ય મહોટું અને અતિ ઉત્તમ વસ્તુરૂપ શું છે" એમ વિચાર કરી તેઓ જાણી શકયા નહિ. ॥ ૧૫ ॥

मूलम्—तेऽग्निमब्रुवन्जातवेदएतद्विजानी
हिकिमेतद्यक्षमितितथेति ॥१६॥

पदानि—ते अग्निं अब्रुवन् जातवेदः एतत् विजानीहि ॥
किं एतत् यक्षं इति तथा इति ॥ १६ ॥

अन्वयार्थः—**ते** તે 'દેવો ભયયુક્ત થઇને' **अग्निं** અગ્નિપ્રત્યે **अब्रुवन्** બોલ્યા 'કે' **जातवेदः** હે અગ્નિ **एतत्** આ **यक्षं** યક્ષ **किं** શું છે **इति** એ પ્રકારે **एतत्** આને **विजानीहि** જાણ 'અગ્નિયે કહ્યુંકે' **तथा इति** તથાસ્તુ.

टीका— તેને જાણનારા તે સઘળા દેવ પોતાની અન્દર ભયયુક્ત થયા. પછી તેને જાણવાની ઇચ્છાવાળા થઇ જાતવેદા એવા નામવાળા પોતાના અગ્રગામી સર્વજ્ઞ અગ્નિને કહેવા લાગ્યા કે હે અગ્નિ ! તું અમારામાં તેજસ્વી છે માટે પોતાની આગળ રહેલા આ યક્ષને "આ યક્ષ શું છે" એમ વિશેષે કરીને જાણ. ત્યારે અગ્નિયે "તથાસ્તુ" એમ કહ્યું. ॥૧૬॥

मूलम्—तदभ्यद्रवत्तमभ्यवदत्कोऽसीतिअग्निर्वा-
हमस्मीत्यब्रवीज्जातवेदावाअहमस्मीति ॥१७॥

पदानि—तत् अभ्यद्रवत् तं अभ्यवदत् कः असि इति ॥
अग्निः वै अहं अस्मि इति अब्रवीत् जातवेदाः
वै अहं अस्मि इति ॥ १७ ॥

अन्वयार्थः—तत् તે 'પૂજવાયોગ્ય મ્હોટા અતિઉત્તમરૂપ વસ્તુપ્રત્યે અગ્નિ' **अभ्यद्रवत्** ગયો **तं** તે અગ્નિપ્રત્યે 'પરબ્રહ્મ' **इति** આ પ્રકારે **अभ्यवदत्** બોલ્યા 'કે તું' **कः असि** કોણ છે 'અગ્નિ' **इति** આમ **अब्रवीत्** બોલ્યો **अहं** હું **वै** નિશ્ચે **अग्निः** અગ્નિ **अस्मि** છું અને **अहं** હું **वै** નિશ્ચે **जातवेदाः** જાતવેદા **इति** એવા નામવાળો **अस्मि** છું.

टीका—પછી તે યક્ષપ્રત્યે અર્થાત્ તે પૂજવાયોગ્ય મ્હોટા અતિઉત્તમરૂપ વસ્તુપ્રત્યે અગ્નિ ગયો. ત્યાં જઇને પુછવાની ઇચ્છિાવાળા અને શૂરતાના અભાવથી મૌનથયેલા તે અગ્નિને તે યક્ષે કહ્યું કે તું કોણ છે ? એમ જ્યારે યક્ષે પુછ્યું ત્યારે અગ્નિ બોલ્યો કે હું અગ્નિ નામવાળો પ્રસિદ્ધ છું અને જાતવેદા છું. એવા બે નામથી પ્રસિદ્ધ એવી પોતાની શ્લાધા કરી કહેવા લાગ્યો. ॥ ૧૭ ॥

मूलम्—तस्मिंस्त्वयिकिंवीर्य्यमित्यपीदꣳस-
र्व्वंदहेयंयदिदंपृथिव्यामिति ॥१८॥

पदानि—तस्मिन् त्वयि किं वीर्य्यं इति अपि इदं सर्व्वं
दहेयं यत् इदं पृथिव्यां इति ॥ १८ ॥

अन्वयार्थः—तस्मिन् તે **त्वयि** તારેવિષે **किं** શું **वीर्य्यं अपि** પરાક્રમ પણ છે **इति** એ પ્રકારે 'પુછ્યું ત્યારે અગ્નિયે કહ્યું કે' **यत्** જે **इदं** આ **पृथिव्यां** પૃથ્વીમાં 'છે તે' **इदं** આ **सर्व्वं** સર્વને **दहेयं** બાળી નાખું' **इति** એવી રીતનું 'મારૂં પરાક્રમ છે.'

टीका—એમ કહેનારા અગ્નિને યક્ષે કહ્યું કે હે અગ્નિ ! એવી રીતના પ્રસિદ્ધ ગુણવાળો જે તું તેને વિષે શું સામર્થ્ય છે ? ત્યારે અગ્નિયે કહ્યું કે હે યક્ષ ! પૃથ્વીમાં (અને અન્તરિક્ષમાં પણ) જે આ સ્થાવર જંગમાત્મક જગત્ છે તે સર્વને બાળી નાખવાનું મારામાં સામર્થ્ય છે. ॥ ૧૮ ॥

मूलम्—तस्मैतृणंनिदधावेतद्दहेति तदुपप्रेयायस-
र्व्वजवेनतन्नशशाकदग्धुं सततएवनिववृ-
तेनैतदशकंविज्ञातुंयदेतद्यक्षमिति ॥१९॥

पदानि—तस्मै तृणं निदधौ एतत् दह इति तत् उपप्रेयाय
सर्व्वजवेन तत् न शशाक दग्धुं ततत एव निववृते न

एतत् अशकं विज्ञातुं यत् एतत् यक्षं इति ॥ १९ ॥

अन्वयार्थः—**तस्मै** તે 'અગ્નિ આગળ **तृणं** તૃણ **निदधौ** નાખતું હવું 'અને' **इति** આ પ્રમાણે 'તેણે કહ્યું કે હે અગ્નિ' **एतत्** આ 'તૃણને' **दह** બાળ 'ત્યારપછી તે 'અગ્નિ' **सर्व्वजवेन** સર્વ પ્રકારના વેગવડે **तत्** તે 'તૃણપ્રત્યે **उपप्रेयाय** ગયો 'પણ' **तत्** તે 'તૃણ' **दग्धुं** બાળવાને **न शशाक** સમર્થ થયો નહિ 'પછી' **सः** તે 'અગ્નિ' **ततः एव** ત્યાંથીજ **निववृते** પાછો વળ્યો 'અને દેવની પાસે જઇ **इति** આ પ્રકારે 'કહેવા લાગ્યો કે' **एतत्** આ **यक्षं** યક્ષ 'શું છે એમ' **यत्** જે **एतत्** આ યક્ષને **विज्ञातुं** વિશેષથી જાણવાને **न अशकं** હું સમર્થ થયો નહિ.

टीका—એવી રીતે અગ્નિની પાસે બ્રહ્મે એક તૃણ નાખ્યું અને કહ્યું કે હે અગ્નિ! આ તૃણમાત્રને તું મારી આગળ બાળી નાખ અને જો તું આ તૃણ બાળવાને સમર્થ ન હો તો "સર્વ ઠેકાણે હું બાળનારો છું" એવી રીતના અભિમાનનો ત્યાગ કર. એવું જ્યારે બ્રહ્મે કહ્યું ત્યારે અગ્નિ તે તૃણની સમીપે સર્વ વેગથી ગયો પણ તેને બાળવાને સમર્થ થયો નહિ. પછી તૃણ બાળવામાં અશક્ત થઇને લજ્જાવાળો અને હતપ્રતિજ્ઞ થયો અને દેવોની પાસે જઇ આ પ્રકારે કહેવા લાગ્યો કે આ યક્ષને વિશેષથી જાણવાને હું અસમર્થ છું. ॥ ૧૯ ॥

मूलम्—अथवायुमब्रुवन्वायवेतद्विजानी
हिकिमेतद्यक्षमितितथेति ॥२०॥

पदानि—अथ वायुं अब्रुवन् वायो एतत् विजानीहि
किम् एतत् यक्षं इति तथा इति ॥ २० ॥

अन्वयार्थः—**अथ** પછી 'દેવો' **वायुं** વાયુપ્રત્યે **अब्रुवन्** બોલ્યા 'કે' **वायो** હે વાયો **एतत्** આ **यक्षं** યક્ષને **एतत्** આ યક્ષ **किम्** શું છે **इति** એ પ્રકારે **विजानीहि** વિશેષથી જાણ, વાયુએ કહ્યું કે **तथा इति** તથાસ્તુ.

टीका—પછી તે સઘળા દેવ વાયુને કહેવા લાગ્યા કે હે વાયો! પોતાની આગળ રહેલા આ યક્ષને 'આ યક્ષ શું છે' એમ વિશેષકરીને જાણ. ત્યારે તે વાયુએ તથાસ્તુ એમ કહ્યું. ॥ ૨૦ ॥

मूलम्—तदभ्यद्रवत्तमभ्यवदत्कोऽसीतिवायुर्वाअहम-
स्मीत्यब्रवीन्मातरिश्वावाअहमस्मीति ॥२१॥

पदानि—तत् अभ्यद्रवत् तं अभ्यवदत् कः असि इति वायुः
वै अहं अस्मि इति अब्रवीत् मातरिश्वा वै अहं अस्मि इति

अन्वयार्थः—' વાયુ ' **तत्** તે ' યક્ષપ્રત્યે ' **अभ्यद्रवत्** ગયો **तं** તે ' વાયુપ્રત્યે યક્ષ ' **इति** આવી રીતે **अभ्यवदत्** બોલ્યું ' કે તું ' **कः** કોણ **असि** છે ' ત્યારે વાયુ ' **इति** આવી રીતે **अब्रवीत्** બોલ્યો ' કે ' **अहं** હું **वायुः** વાયુ **वै** નિશ્ચે **अस्मि** છું ' અને વળી ' **इति** આવી રીતે બોલ્યો ' કે ' **अहं** હું **मातारिश्वा** માતરિશ્વા **वै** નિશ્ચે **अस्मि** છું.

टीका—પછી વાયુ તે યક્ષની પાસે ગયો ત્યાં જાણીને પુછવાની ઇચ્છાવાળો અને શૂરતાના અભાવથી મૌન થયેલો જે વાયુ તેને યક્ષે કહ્યું કે તું કોણ છે ? ત્યારે **વાયુએ** કહ્યું કે ગમન કરવાથી અને ગન્ધવાન્ **હોવાથી વાયુ નામવાળો હું છું અને માતરિ એટલે** આકાશમાં ગતિ કરૂં છુ માટે માતરિશ્વા છું ॥ ૨૧ ॥

मूलम्—**तस्मिंस्त्वयिकिंवीर्य्यमित्यपीद्ꣳसर्व्वमाददीयंयदिदंपृथिव्यामिति ॥२२॥**

पदानि—**तस्मिन् त्वयि किं वीर्य्यं इति अपि इदं सर्व्वं ॥ आददीयं यत् इदं पृथिव्यां इति ॥ २२ ॥**

अन्वयार्थः—**तस्मिन्** તે પ્રસિદ્ધ ગુણવાળા **त्वयि** તારે વિષે **किं** શું **वीर्यं अपि** વીર્ય છે **इति** એ પ્રમાણે ' યક્ષે પુછ્યું ત્યારે વાયુએ કહ્યું કે ' **पृथिव्यां** પૃથ્વીમાં **यत् इदं** જે આ 'જગત્ છે તે' **सर्व्वं** સર્વને ' હું ' **आदिदीयं** ગ્રહણ કરૂં' **इति** એવું મારામાં સામર્થ્ય છે.

टीका—એવી રીતે બોલતા એવા વાયુને યક્ષે કહ્યું કે હે વાયો ! એવી રીતે પ્રસિદ્ધ ગુણવાળો જે તુ તે તારેવિષે **શું** સામર્થ્ય છે ? ત્યારે વાયુએ કહ્યું કે હે યક્ષ ! પૃથ્વીમાં જે આ સ્થાવરાદિરૂપ જગત્ છે તે **સર્વને** હું ગ્રહણ કરૂં એવું મારામાં સામર્થ્ય છે. ॥ ૨૨ ॥

मूलम्—**तस्मैतृणंनिदधावेतदादत्स्वेतितदुपप्रेयायसर्व्वजवेनतन्नशशाकादातुंसततएवनिववृतेनैतदशकंविज्ञातुंयदेतद्यक्षमिति ॥२३॥**

पदानि—**तस्मै तृणं निदधौ एतत् आददत्स्व इति तत् उपप्रेयाय सर्व्वजवेन तत् न शशाक आदातुं सतत एव निववृते न एतत् अशकं विज्ञातुं यत् एतत् यक्षं इति ॥ २३ ॥**

अन्वयार्थः—**तस्मै** તે ' વાયુની આગળ યક્ષ ' **तृणं** તૃણને **निदधौ** નાખતું હવું અને બોલ્યું કે ' **एतत्** આ ' તૃણમાત્રને ' **आदत्स्व** ' મારી પાસે ' ગ્રહણ કર

इति એવી રીતે ' જ્યારે બ્રહ્મે કહ્યું ત્યારે વાયુ ' **तत्** તે ' તૃણપ્રત્યે ' **सर्वजवेन** સર્વે પ્રકારના વેગવડે **उपप्रेयाय** ગયો ' પણ ' **तत्** તેને **आदातुं** ગ્રહણ કરવાને **न शशाक** સમર્થ થયો નહિ ' પછી ' **सः** તે ' વાયુ ' **तत एव** ત્યાંથીજ **निववृते** પાછો વળ્યો 'અને' **इति** આ પ્રમાણે બોલ્યો કે, **यत्** જે **एतत्** આ **यक्षं** યક્ષ છે તે **एतत्** એને **विज्ञातुं** વિશેષ જાણવાને **न अशकं** હું સમર્થ થયો નહિ.

ટીકા—તે એવી રીતના અભિમાનવાળા વાયુઆગળ બ્રહ્મે એક તૃણ નાખ્યું અને કહ્યુ કે હે વાયો ! આ તૃણમાત્રને તું મારી આગળ ગ્રહણ કર અને જો તું આ તૃણમાત્રને ગ્રહણ કરવાને અસમર્થ હો તો સર્વ ઠેકાણે હું ગ્રહણ કરવાવાળો છું એવું અભિમાન છોડ. એવું જ્યારે બ્રહ્મે કહ્યું ત્યારે તે વાયુ તૃણસમીપ સર્વ વેગથી જઈને પણ તેને ગ્રહણ કરવાને સમર્થ થયો નહિ અને અશક્ત હોવાથી લજ્જાયુક્ત અને હતપ્રતિજ્ઞ થયો. પછી મૌન થઈ દેવોની પાસે જઈ કહેવા લાગ્યો કે આ યક્ષને હું વિશેષે કરી જાણવાને અસમર્થ છું. ॥ ૨૩ ॥

मूलम्—अथेन्द्रमब्रुवन्मघवन्नेतद्विजानीहि किमे ॥
तद्यक्षमितितथेतितदभ्यद्रवत्तस्मात्तिरोदधे ॥२४॥

पदानि—अथ इन्द्रं अब्रुवन् मघवन् एतत् विजानी हि किं एतत्॥
यक्षं इति तथा इति तत् अभ्यद्रवत् तस्मात् तिरोदधे २४

अन्वयार्थः—**अथ** પછી ' તે દેવો ' **इन्द्रं** ઇન્દ્રપ્રત્યે **अब्रुवन्** બોલ્યા ' કે ' **मघवन्** હે ઇન્દ્ર **एतत्** આ **यक्षं** યક્ષને **एतत्** આ ' યક્ષ ' **किं** શું છે **इति** એ પ્રકારે **विजानीहि** વિશેષથી જાણ ' ઇન્દ્રે કહ્યું કે **तथा इति** તથાસ્તુ ' એમ કહીને ' **तत्** તે ' યક્ષપ્રત્યે **अभ्यद्रवत्** ગયો **तस्मात्** ' પોતાની સમીપ આવેલા ' તે ઇન્દ્રથી ' તે બ્રહ્મ ' **तिरोदधे** તિરોધાન થયું.

ટીકા—પછી તે દેવો ઇન્દ્રને કહેવા લાગ્યા કે હે ઇન્દ્ર ! પોતાની પાસે રહેલા આ યક્ષને 'આ યક્ષ શું છે' એમ વિશેષકરીને જાણ. ત્યારે પરમ ઐશ્વર્યવાળો ઇન્દ્ર બલવાન્પણાથી તથાસ્તુ એમ કરીને તે યક્ષની પાસે ગયો. પોતાની પાસે આવનારા ઇન્દ્રથી તે બ્રહ્મ તિરોધાન થયું. ઇન્દ્રનું અભિમાન અંત્યન્ત દૂર કરવા યોગ્ય છે માટે બ્રહ્મે ઇન્દ્રને સંવાદમાત્ર પણ આપ્યો નહિ એવો આ ઠેકાણે અભિપ્રાય છે. ॥ ૨૪ ॥

मूलम्—सतस्मिन्नेवाकाशेस्त्रियमाजगामबहुशोभमाना-
मुमांहैमवतींताꣳहोवाचकिमेतद्यक्षमिति ॥२५॥

पदानि—सः तस्मिन् एव आकाशे स्त्रियं आजगाम बहु शोभमाना
उमां हैमवतीं तां ह उवाच किम् एतत् यक्षं इति ॥२५॥

अन्वयार्थः—**सः** તે 'ઇન્દ્ર' **तस्मिन् एव** તેજ **आकाशे** આકાશમાં **बहुशोभमानां** ઘણી શોભાવાળી **हैमवतीं** હિમાલયની પુત્રી **उमां स्त्रियं** ઉમારૂપ સ્ત્રીપાસે **आजगाम** આવ્યો 'અને' **तां** તેપ્રત્યે **एतत्** આ **यक्षं** યક્ષ **किं** શું છે **इति** એ પ્રકારે **ह** સ્ફુટ **उवाच** બોલ્યો.

टीका—જે આકાશના પ્રદેશમાં બ્રહ્મ તિરોધાન થયું અને તે ઇન્દ્ર બ્રહ્મના તિરોધાન કાળમાં જે આકાશના પ્રદેશમાં હતો, તેજ આકાશમાં 'યક્ષ કોણ હતું' એમ ધ્યાન કરીને ઇન્દ્ર રહ્યો પણ અગ્નિઆદિકની પેઠે પછવાડે ગયો નહિ. તે ઇન્દ્રની યક્ષમાં ભક્તિ જાણીને ઉમા સ્ત્રીરૂપ બ્રહ્મવિદ્યા પ્રગટ થઇ. તે ઉમા સર્વ શોભાવાળા પદાર્થોમાં અતિશય શોભાવાળી અને સુવર્ણના આભરણવાળી સ્ત્રી હોય એમ શોભતી હતી. અથવા ઉમા હિમવાન્ નામના પર્વતની પુત્રી હોવાથી હૈમવતી કહેવાય છે અને તે નિરન્તર સર્વજ્ઞ ઇશ્વર સાથે રહે છે માટે જાણવાને સમર્થ છે. આમ જાણીને ઇન્દ્ર તે ઉમારૂપ સ્ત્રીપાસે ગયો અને કહેવા લાગ્યો હે માતઃ આ દર્શન થઇને તિરોધાન થયેલું જે યક્ષ તે કોણ હતું એ મને કહો. ॥ ૨૫ ॥

इति केनोपनिषदि तृतीय खण्डः

मूलम्—साब्रह्मेतिहोवाचब्रह्मणोवाएतद्विजयेमही
यध्वमितिततोहैवविदाञ्चकारब्रह्मेति ॥२६॥

पदानि—सा ब्रह्म इति ह उवाच ब्रह्मणः वै एतत् विजये महीयध्वं
इति ततः ह एव विदाञ्चकार ब्रह्म इति ॥ २६ ॥

अन्वयार्थः—**सा** તે 'ઉમા ઇન્દ્રપ્રત્યે આ યક્ષ' **ब्रह्म** બ્રહ્મ છે **इति** એ પ્રકારે **ह** સ્ફુટ **उवाच** કહેતી હવી 'અને વળી આ પ્રમાણે કહ્યું કે' **वै** નિશ્ચે **ब्रह्मणः** બ્રહ્મનો **एतत्** આ **विजये** વિજય થયેછતે **महीयध्वं** 'તમે' વિજય પામ્યા છો **इति** એ પ્રકારે 'ઉમાએ કહ્યું' **ततः ह एव** તે ઉમાના વાક્યથીજ 'આ યક્ષ' **ब्रह्म** બ્રહ્મ હતુ **इति** એવી રીતે **विदाञ्चकार** જાણતો હવો.

टीका—પછી તે ઉમાએ ઇન્દ્રને 'તે યક્ષ બ્રહ્મ હતું' એમ નિશ્ચયથી કહ્યું અને બ્રહ્મ જે ઇશ્વર છે તેનોજ વિજય થવાથી તમે મહિમાને પામ્યા છો અર્થાત્ ઇશ્વરેજ અસુરોને જીત્યા છે અને તમે તો તેમાં નિમિત્તમાત્ર છો અને તેનો વિજય થવાથી તમે મહિમાને પામ્યા છો પણ જે મિથ્યા અભિમાન છે તે તો તમારોજ મહિમા છે એમ કહ્યું. ત્યારે તે ઇન્દ્રે ઉમાના વાક્યથીજ આ યક્ષ બ્રહ્મ હતુ એમ જાણ્યું પણ પોતાની મેળે જાણ્યું નહિ. ॥ ૨૬ ॥

तस्माद्वाएतेदेवाअतितरामिवान्यानदेवान्यदग्निर्वायुरिन्द्र
स्तेह्येनन्नेदिष्ठंपस्पर्शुस्तेह्येनत्प्रथमोविदाञ्चकारब्रह्मेति।२७।

पदानि—तस्मात् वै एते देवाः अतितरां इव अन्यान् देवान्
यत् अग्निः वायुः इन्द्रः ते हि एनत नेदिष्ठं पस्पर्शुः
ते हि एनत् प्रथमः विदाञ्चकार ब्रह्म इति ॥ २७ ॥

अन्वयार्थः—**तस्मात् वै** તેમાટેજ **एते** એ **देवाः** દેવો **अन्यान्** બીજા **देवान्** દેવોપ્રત્યે **अतितरां इव** અત્યન્ત હોય એમ શ્રેષ્ઠ થયા **यत्** કારણકે **अग्निः** અગ્નિ **वायुः** વાયુ **इन्द्रः** ઇન્દ્ર **ते** તે ' ત્રણે ' **एनत्** **नेदिष्ठं** એ બ્રહ્મની સમીપ 'જઇને ઉક્ત સંવાદાદિકથી ' **पस्पर्शुः** સ્પર્શ કરતા હવા **ते** તેઓ **हि** નિશ્ચે **प्रथमः** પ્રથમ થઇ **एनत्** એને **ब्रह्म** બ્રહ્મ **इति** એ પ્રકારે **विदाञ्चकार** જાણતા હવા.

टीका—અગ્નિ વાયુ અને ઇન્દ્ર, એ ત્રણ દેવ બ્રહ્મના સંવાદ અને દર્શનાદિકમાટે સમીપ ગયા તેથી શક્તિ અને ગુણાદિરૂપ મ્હોટા ભાગ્યથી બીજા દેવોની મધ્યે અતિશય શ્રેષ્ઠ થયા, કારણકે તે ત્રણે દેવે બ્રહ્મની સમીપ જઇને બ્રહ્મના પૂર્વોક્ત સંવાદાદિક પ્રકારથી સ્પર્શ કર્યો અને પ્રથમ (પ્રધાન) થઇ બ્રહ્મને 'આ બ્રહ્મ છે' એમ જાણ્યું. અગ્નિ અને વાયુએ પણ ઇન્દ્રના વાક્યથી જાણ્યું અને ઇન્દ્રે ઉમાના વાક્યથી બ્રહ્મને શ્રવણ કર્યું માટે તે દેવો બીજા દેવોની મધ્યે શ્રેષ્ઠ થયા. ॥ ૨૭ ॥

मूलम्—तस्माद्वाइन्द्रोऽतितरामिवान्यान्देवान्सह्येनन्ने
दिष्ठंपस्पर्शसह्येनत्प्रथमोविदाञ्चकारब्रह्मेति ॥२८॥

पदानि—तस्मात् वै इन्द्रः अतितरां इव अन्यान् देवान् सः
हि एनत् नेदिष्ठं पस्पर्श सः हि एनत् प्रथमः
विदाञ्चकार ब्रह्म इति ॥ २८ ॥

अन्वयार्थः—**तस्मात्** તેમાટે **वै** નિશ્ચે **इन्द्रः** ઇન્દ્ર **नेदिष्ठं** સમીપ જઇને **पस्पर्श** સ્પર્શ કરતો હવો ' અને ' **सः** તે ' ઇન્દ્ર ' **प्रथमः** મુખ્ય થઇ **एनत्** એ બ્રહ્મને **एनत् ब्रह्म** આ બ્રહ્મ છે **इति** એ પ્રકારે **हि** નિશ્ચે **विदाञ्चकार** જાણતો હવો માટે **सः हि** તેજ **अन्यान्** બીજા **देवान्** દેવોપ્રત્યે **अतितरांइव** અત્યન્ત હોય એમ 'શ્રેષ્ઠ થયો.'

टीका—તે ઇન્દ્રે બ્રહ્મની સમીપ જઇને સ્પર્શ કર્યો અને મુખ્ય થઇ એ બ્રહ્મને 'આ બ્રહ્મ હતું' એમ જાણ્યું માટેજ ઇન્દ્ર બીજા દેવતાઓની મધ્યે શ્રેષ્ઠ થયો. ॥ ૨૮ ॥

मूलम्—तस्यैष आदेशोयदेतद्विद्युतोव्यद्युतदा ॥

इतीतियन्मीमिषदा इत्यधिदैवतम् ॥२९॥

पदानि—तस्य एष आदेशः यत् एतत् विद्युतः व्यद्युतत् आ इति॥ इति यत् न्यमीमिषत् आ इति अधिदैवतम् ॥ २९ ॥

अन्वयार्थः—तस्य તે બ્રહ્મનો ' **एष** આ **आदेशः** આદેશ ' છે કે ' **यत्** જે **एतत्** આ લોકમાં પ્રસિદ્ધ **विद्युतः** વિજળીનો **विद्युतत् आ** પ્રકાશ જાણે હોય એમ છે **इति** એ પ્રકારે ' આદેશ છે ' **इति** એમ જાણવું **आ** જેમ ' ચક્ષુ ઇન્દ્રિય નિમેષ કરે છે તેમ બ્રહ્મ જે ' **न्यमीमिषत्** નિમેષ કરે છે **इति** એ **अधिदैवतं** અધિદૈવતરૂપ ' બ્રહ્મની બીજી ઉપમા છે. '

टीका—તે બ્રહ્મનો આદેશ (ઉપમાનો ઉપદેશ) છે. ઉપમારહિત બ્રહ્મનો જે આ ઉપમાવડે ઉપદેશ છે તે ઉપમા, આદેશ એમ કહેવાય છે. વિજલીની પેઠેજ, બ્રહ્મ, દેવોપ્રત્યે પોતે એકવાર દેખાઇને તિરોધાન થઇ ગયું, અથવા વિજળીના તેજની પેઠે જે બ્રહ્મે એકવાર પ્રકાશ કર્યો તે બ્રહ્મનો આદેશ છે. આ ઠેકાણે "તેજ" શબ્દનો અધ્યાહાર કરવો પડે છે. હવે બીજો પણ આદેશ આ પ્રમાણે છે કે જેમ ચક્ષુ ઇન્દ્રિય નિમેષ કરે છે તેમ બ્રહ્મે જે નિમેષ કર્યો તે અધિદૈવતરૂપ (દેવતાને વિષય કરવાવાળી બ્રહ્મની બીજી ઉપમા દેખાડી છે. આ શ્રુતિમાં જે "**आ**" એવો શબ્દ આવેલો છે તે ઉપમા અર્થ જણાવનારો છે. ॥ ૨૯ ॥

मूलम्—अथाध्यात्मंयदेतद्गच्छतीवचमनोऽनेन चैतदुपस्मरत्यभीक्ष्णंसङ्कल्पः ॥३०॥

पदानि—अथ अध्यात्मं यत् एतत् गच्छति इव च मनः अनेन च एतत् उपस्मरति अभीक्ष्णं सङ्कल्पः ॥ ३० ॥

अन्वयार्थः—अथ એથકી અનન્તર **अध्यात्मं** પ્રત્યક્ આત્માવિષય ' આદેશ કહેવાય છે ' **च** અને **यत्** જે બ્રહ્મપ્રત્યે **एतत्** આ **मनः** મન **गच्छति इव** ગમન કરતું હોય એમ ' જાણે વર્ત્તે છે ' **च** અને **एतत्** એતે **अनेन** આ મનવડે **सङ्कल्पः** સંકલ્પ **अभीक्ष्णं** વારંવાર **उपस्मरति** સંભારે છે.

टीका—હવે પછી અન્તરાત્માને વિષય કરવાવાળો જે અધ્યાત્મરૂપ આ દેશ છે તે કહેવાય છે. જે આ બ્રહ્મનીપ્રત્યે હું ઉપાસકનું મન ગમન કરવાની પેઠે વર્તે છે; એમ જે ચિન્તન કરવું તે અધ્યાત્મ ઉપદેશ છે અને સાધક પુરૂષ મનથી બ્રહ્મને સમીપ સ્મરણ કરે છે અને જે કારણમાટે બ્રહ્મ મન ઉપાધિવાળું છે તે કારણમાટે બ્રહ્મને વિષય કરવાવાળો જે વારંવાર સંકલ્પ છે તે મનની સંકલ્પ અને સ્મૃતિઆદિક વૃત્તિથી બ્રહ્મને વિષય કરવાવાળો હોય એમ જણાય છે; એમ સાધક પુરૂષ ચિન્તન કરે છે. એવી રીતે ઉપદેશ કરેલું મન મન્દબુદ્ધિવાળા પુરૂષોને જાણવામાં આવે છે માટે તેને અર્થે આ સોપાધિક બ્રહ્મનો ઉપદેશ

કહ્યો અને નિરૂપાધિક જે બ્રહ્મ છે તે મન્દબુદ્ધિવાળા પુરૂષોથી જાણવાને અશક્ય છે માટે તેનો ઉપદેશ અહિં નથિ કહ્યો. ॥ ૩૦ ॥

मूलम्—तद्धतद्वनंनामतद्वनामित्युपासितव्यंसयएत
देवंवेदाभिहैनंसर्व्वाणिभूतानिसंवाञ्छन्ति ॥३१॥

पदानि—तत् ह तद्वनं नाम तद्वनं इति उपासितव्यं सः यः एतत्॥
एवं वेद अभि ह एनं सर्व्वाणि भूतानि संवाञ्छन्ति ३१

अन्वयार्थः—**तत्** તે 'બ્રહ્મ' **ह** સ્પષ્ટ **तद्वनं नाम** તદ્વન 'એવા નામવાળું છે' **तद्वनं** તદ્વન **इति** એ પ્રકારે **उपासितव्यं** ઉપાસના કરવા યોગ્ય છે **सः** તે **यः** જે **एतत्** એ 'બ્રહ્મને, **एवं** એ પ્રકારે **ह** સ્પષ્ટ રીતે **वेद** ઉપાસના કરે છે **एनं** એ 'ઉપાસકને' **सर्व्वाणि** સર્વ **भूतानि** ભૂતો **अभि** ચારે તરફથી **संवाञ्छन्ति** પ્રાર્થના કરે છે.

टीका—તે બ્રહ્મ "તદ્વન" એવા નામવાળું છે કારણ કે તે બ્રહ્મ પ્રાણિયોના સમૂહનો પ્રત્યગાત્મા હોવાથી સારી રીતે ભજન કરવા યોગ્ય છે માટે તે બ્રહ્મનું તદ્વન" એવું નામ પ્રખ્યાત છે. બ્રહ્મ તદ્વન છે માટે તદ્વન એવા પ્રકારથી ગુણના કથનવડે ચિન્તન કરવા યોગ્ય છે. તદ્વન એવા નામથી ઉપાસના કરવાનું ફલ આવી રીતે છે કે, તે જે કોઇ પુરૂષ બ્રહ્મને પ્રથમ કહ્યા પ્રમાણે ઉપાસના કરે છે તે ઉપાસકની સર્વ ભૂત ચારે તરફથી ઉપાસના કરે છે. ॥ ૩૧ ॥

मूलम्—उपनिषदंभोब्रूहीत्युक्तातउपनिषद्ब्राह्मीं ॥
वावतउपनिषदमब्रूमेति ॥३२॥

पदानि—उपनिषदं भो ब्रूहि इति उक्ता ते उपनिषद् ब्राह्मीं
वाव ते उपनिषदं अब्रूम इति ॥ ३२ ॥

अन्वयार्थः—**भोः** હે 'ભગવન્' **उपनिषदं** ઉપનિષદ્‌ને **ब्रूहि** કહો **इति** એવી રીતે 'શિષ્યના કહેવાથી ગુરૂ કહે છે કે હે શિષ્ય તે **उपनिषत्** ઉપનિષદ્' **ते** તને **उक्ता** કહી છે 'તે ઉપનિષદ્ કેવી છે ત્યાં કહે છે' **इति** એવી રીતે **ब्राह्मीं** બ્રાહ્મી **उपनिषदं** ઉપનિષદ્‌ને **ते** તને **वाव** નિશ્ચે **अब्रूम** 'અમે' કહેતા હવા.

टीका—એવી રીતે ઉપદેશને પામેલો શિષ્ય આચાર્યને કહેવા લાગ્યો કે હે ભગવન્

ચિન્તવન કરવાયોગ્ય અને પરમ રહસ્યરૂપ જે ઉપનિષદ્ છે તેને કહો એમ શિષ્યના કહેવાથી આચાર્ય કહે છે કે હે શિષ્ય ! તે ઉપનિષદ્ પ્રથમ મેં તને કહી છે. તે કઇ ઉપનિષદ્ કહી છે એમ જો તું કહીશ તો ત્યાં અમે કહિયે છિયે કે આ બ્રાહ્મી ઉપનિષદ્ તને અમોએ કહી છે. આ ઠેકાણે પરમાત્માના વિષયવાળી ઉપનિષદ્ અમે કહી છે, એમ કહીને આચાર્ય પૂર્વઉક્ત ઉત્તરના અર્થનોજ નિશ્ચય કરાવે છે. ॥ ૩૨ ॥

મૂલમ્—तस्यैतपोदमःकर्म्मेतिप्रतिष्ठावेदाःस-
र्व्वाङ्गानिसत्यमायतनम् ॥३३॥

पदानि—तस्यै तपः दमः कर्म्म इति प्रतिष्ठा वेदाः
सर्व्वाङ्गानि सत्यं आयतनम् ॥ ३३ ॥

अन्वयार्थः—तस्यै તે ' ઉપનિષદ્‌ની પ્રાપ્તિના ઉપાયરૂપ ' **तपः** તપ **दमः** દમ ' અને ' **कर्म्म** કર્મ **इति** ઇત્યાદિક છે ' માટે તે તપઆદિક જે છે તે બ્રહ્મવિદ્યાના ' **प्रतिष्ठा** પાપ છે ' અને ' **वेदाः** વેદો જે છે તે **सर्व्वाङ्गानि** શિર આદિક સર્વ અંગ છે ' અને તે વિદ્યાનું ' **आयतनम्** સ્થાન **सत्यं** સત્ય છે.

टीका—તે ઉપનિષદ્‌ની પ્રાપ્તિના ઉપાયરૂપ તપ આદિક છે. દેહ ઇન્દ્રિય અને મનનું જે સમાધાન તે તપ કહેવાય છે. ઉપશમનું નામ દમ કહેવાય છે અને અગ્નિહોત્રાદિકનું નામ કર્મ કહેવાય છે. એ ત્રણ તે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિના ઉપાય છે માટે આ સાધનોથી સંસ્કારવાળા પુરૂષને ચિત્તની શુદ્ધિદ્વારા તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ દેખી છે. જે પુરૂષને ચિત્તના પાપરૂપ મલનો નાશ થયો નથિ તેને ઉપદેશ કરવાથી પણ જેમ બ્રહ્મમાં ઇન્દ્ર અને વિરોચન આદિકને અનિશ્ચય અને વિપરીત નિશ્ચય થયો હતો તેમ અનિશ્ચય અને વિપરીત નિશ્ચય થાય છે, તે તપ આદિક જે છે તે વિદ્યાના પાદ છે અને વેદો જે છે તે શિર આદિક સર્વ અંગ છે અને તે વિદ્યાનું સ્થાન સત્ય છે. ॥ ૩૩ ॥

મૂલમ્—योवाएतामेवंवेदापहत्यपाप्मानमनन्ते ॥
स्वर्गेलोकेज्येयेप्रातितिष्ठतिप्रातितिष्ठति ॥३४॥

पदानि—यः वै एतां एवं वेद अपहत्य प्राप्मानं अनन्ते
स्वर्गे लोके ज्येये प्रातितिष्ठति प्रतितिष्ठति ॥ ३४ ॥

अन्वयार्थः—यः જે ' પુરૂષ ' **वै** નિશ્ચે **एतां** આ બ્રહ્મવિદ્યાને ,' **एवं** એવી રીતે **वेद** જાણે છે .' તે પુરૂષ ' **प्राप्मानं** પાપને **अपहत्य** નાશ કરીને **अनन्ते** અવધિ-રહિત **ज्येये** સર્વથી મ્હોટા **स्वर्गे लोके** સ્વર્ગલોકમાં **प्रतितिष्ठति** સ્થિતિ પામે છે **प्रातितिष्ठति** સ્થિતિ પામે છે.

टीका—જે પુરૂષ નિશ્ચયે કરીને આ બ્રહ્મવિદ્યાને એવી રીતે જાણે છે તે પુરૂષ કામ કર્મરૂપ એવાં સંસારનાં બીજરૂપ પાપને ધોઇને અવધિરહિત તથા સર્વથી મ્હોટા સ્વર્ગ (સુખરૂપ) લોકમાં (બ્રહ્મમાં) સ્થિતિ પામે છે અને ફરીને સંસાર પામતો નથિ. ॥ ૩૪ ॥

इति केनोपनिषदि चतुर्थखण्डः

ॐ

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

ब्रह्मार्पणमस्तु.

इतिसामवेदीयतलवकारोपनिषत्सम्पूर्णा.

ॐ

तत्सद्ब्रह्मणेनमः

अथर्व्ववेदीयमुण्डकोपनिषदारम्भः

मूलम्—ॐ ब्रह्मादेवानांप्रथमःसम्बभूवविश्वस्य
कर्त्ताभुवनस्यगोप्ता ॥ सब्रह्मविद्यांसर्व्व
विद्याप्रतिष्ठामथर्व्वायज्येष्ठपुत्रायप्राह ॥१॥

पदानि—ॐ ब्रह्मा देवानां प्रथमः सम्बभूव विश्वस्य कर्त्ता
भुवनस्य गोप्ता ॥ स ब्रह्मविद्यां सर्व्वविद्याप्रतिष्ठां
अथर्व्वाय ज्येष्ठपुत्राय प्राह ॥ १ ॥

अन्वयार्थः—ॐ ॐ **ब्रह्मा** બ્રહ્મા **देवानां** 'ઇન્દ્રાદિ' દેવોની મધ્યે **प्रथमः** પ્રથમ **सम्बभूव** થતા હવા ' અને તે ' **विश्वस्य** સર્વ જગતના **कर्त्ता** ઉત્પન્ન કરનારા 'અને' **भुवनस्य** ઉત્પન્ન થયેલના **गोप्ता** રક્ષણ કરનારા છે **सः** તે ' બ્રહ્મા ' **सर्व्वविद्याप्रतिष्ठां** સર્વ વિદ્યાના આશ્રયરૂપ એવી **ब्रह्मविद्यां** પરમાત્મા સમ્બન્ધી વિષયવાળી વિદ્યાને **ज्येष्ठपुत्राय** જ્યેષ્ઠ પુત્ર એવા **अथर्व्वाय** અથર્વાને **प्राह** કહેતા હવા. ॥

टीका—બ્રહ્મા જે છે તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય, એ ચાર ગુણવડે અન્ય સર્વેનું ઉલ્લંઘન કરીને વર્ત્તે છે માટે પરિવૃદ્ધ છે અને તે કારણમાટેજ મહાન્ છે. તેથી તે બ્રહ્મા પ્રકાશયુક્ત એવા ઇન્દ્રાદિક દેવોની મધ્યે ગુણોથી મુખ્ય અથવા દેવોથી પ્રથમ સ્વતંત્ર થઇ પ્રગટ થયા પણ જેમ ધર્મ અને અધર્મને વશ થઇ સંસારી જીવો ઉત્પન્ન થાય છે તેમ તે બ્રહ્મા ઉત્પન્ન થયા નથિ. તે બ્રહ્મા સર્વ જગતને ઉત્પન્ન કરનારા છે અને ઉત્પન્ન થયેલાને પાલન કરનારા છે. તે બ્રહ્માએ સર્વ વિદ્યાના આશ્રયરૂપ એવી પરમાત્માસમ્બન્ધી વિષયવાળી વિદ્યા જ્યેષ્ઠ પુત્ર એવા અથર્વને કહી. ॥ ૧ ॥

मूलम्—अथर्व्वणेयांप्रवदेतब्रह्माऽथर्व्वातांपुरोवाचाङ्गिरे
ब्रह्मविद्याम् ॥ सभारद्वाजायसत्यवाहायप्राह
भारद्वाजोऽङ्गिरसेपरावराम् ॥ २ ॥

पदानि—अथर्वणे यां प्रवदेत ब्रह्मा अथर्वा तां पुरा उवाच
अङ्गिरे ब्रह्मविद्याम् ॥ सः भारद्वाजाय सत्यवाहाय
प्राह भारद्वाजः अङ्गिरसे परावराम् ॥ २ ॥

अन्वयार्थ—यां જે 'આ વિદ્યાને' ब्रह्मा બ્રહ્મા अथर्वणे અથર્વનામના ઋષિને प्रवदेत કહેતા હવા तां તે ब्रह्मविद्यां બ્રહ્મવિદ્યાને अथर्वा અથર્વા 'ઋષિ' पुरा પૂર્વે अङ्गिरे અંગિર્‌નામના 'ઋષિને' उवाच કહેતા હવા सः તે 'અંગિર્‌ઋષિ' भारद्वाजाय ભારદ્વાજ ગોત્રમાં ઉત્પન્ન થયેલા सत्यवाहाय સત્યવાહ નામના 'ઋષિને' प्राह કહેતા હવા भारद्वाजः 'તે' ભારદ્વાજ परावरां પરાવર એવી 'વિદ્યાને' अङ्गिरसे અંગિરાઋષિને 'કહેતા હવા.'

टीका—જે આ બ્રહ્મવિદ્યાને બ્રહ્માએ અથર્વ નામના ઋષિને કહી અને અથર્વઋષિયે પૂર્વે અંગિર્ નામના ઋષિને કહી. તે અંગિર્‌ઋષિયે ભારદ્વાજ ગોત્રમાં ઉત્પન્ન થયેલા સત્યવાહનામના ઋષિને કહી અને ભારદ્વાજ એવા સત્યવાહઋષિયે તે પરાવર એવી વિદ્યા અંગિરાનામના ઋષિને કહી. 'પરાવર' શબ્દનો અર્થ આવી રીતે છે છે કે પરબ્રહ્મથી અશ્રેષ્ઠ એવા બ્રહ્મદેવથી પ્રાપ્ત થઇ માટે પરાવર છે અથવા પર અને અપરરૂપ સર્વ વિદ્યાઓના વિષયમાં વ્યાપ્ત હોવાથી પરાવર છે. ॥ ૨ ॥

मूलम्—शौनकोहवैमहाशालोऽङ्गिरसंविधिवदुपसन्नःपप्रच्छ॥
कस्मिन्नुभगवोविज्ञातेसर्व्वमिदंविज्ञातंभवतीति ॥३॥

पदानि—शौनकः ह वै महाशालः अङ्गिरसं विधिवत् उपसन्नः पप्रच्छ ॥ कस्मिन् उ भगवः विज्ञाते सर्व्वं इदं विज्ञातं भवति इति

अन्वयार्थः—महाशालः મહા ગૃહસ્થ એવા वै નિશ્ચે शौनकः 'શુનકઋષિના પુત્ર' શૌનક ह સ્ફુટ રીતે अङ्गिरसं અંગિરામુનિપ્રત્યે विधिवत् શાસ્ત્રવિધિ પ્રમાણે उपसन्नः પાસે જઈ इति આ પ્રમાણે पप्रच्छ પુછતા હવા भगवः હે ભગવન્ कस्मिन् विज्ञाते શું જાણવાથી इदं આ सर्व्वं સર્વ विज्ञातं વિજ્ઞાત भवति થાય છે. उ એ વિતર્ક અર્થમાં છે.

टीका—મહાગૃહસ્થ એવા જે શૌનકમુનિ તે ભારદ્વાજના શિષ્ય એવા અંગિરા નામના આચાર્યપ્રત્યે શાસ્ત્રવિધિપ્રમાણે સમીપ જઇ આ પ્રમાણે પુછવા લાગ્યા કે હે ભગવન્ ! કઇ વસ્તુ જાણવાથી આ સર્વ સારી રીતે જાણી શકાય છે ? આ ઠેકાણે આવી રીતે જાણવું કે "એક જાણવાથી સર્વ જાણવાવાળો થાય છે" એવો શિષ્ટપુરુષોનો સંવાદ શૌનકઋષિયે પ્રથમ સાંભળેલો છે માટે તે એક વસ્તુને વિશેષ જાણવાની ઇચ્છાવાળા થયા. ॥ ૩ ॥

मूलम्—तस्मैसहोवाच । द्वेविद्येवेदितव्यइतिह-
स्मयद्ब्रह्मविदोवदन्ति पराचैवापराच ॥४॥

पदानि—तस्मै सः ह उवाच द्वे विद्ये वेदितव्ये इति ह स्म ॥
यत् ब्रह्मविदः वदन्ति परा च एव अपरा च ॥ ४ ॥

अन्वयार्थः--**तस्मै** તે ' શૌનકને ' **सः** તે 'અંગિરા' **ह** સ્પષ્ટ **इति** આ પ્રમાણે **उवाच** બોલ્યા 'કે' **द्वे** બે **विद्ये** વિધા **वेदितव्ये** જાણવા યોગ્ય છે **यत्** કારણકે 'એવી રીતે' **ह स्म** નિશ્ચે **ब्रह्मविदः** વેદના અર્થને સારી રીતે જાણનારા **वदन्ति** કહે છે ' તે બે વિધા આવી રીતની છે કે' **परा** પરા **च एव** તેમજ **अपराच** અપરા છે.

टीका–તે શૌનકમુનિને અંગિરામુનિયે કહ્યું કે બે વિધા જાણવા યોગ્ય છે, એમ વેદના અર્થને જાણનારા પરમાર્થદર્શી પુરૂષો કહે છે. તે બેઉ વિધા કેવી છે એમ જો કોઈ પુછે તો ત્યાં આમ જાણવું કે એક પરા અર્થાત્ પરમાત્મવિધા અને બીજી અપરા અર્થાત્ ધર્મ અને અધર્મના સાધન તથા તેના ફ્લને વિષય કરનારી છે. ॥ ૪ ॥

मूलम्—तत्रापराऋग्वेदोयजुर्वेदःसामवेदोऽथर्ववेदः
शिक्षाकल्पोव्याकरणंनिरुक्तंछन्दोज्योतिष
मिति । अथपराययातदक्षरमधिगम्यते ॥५॥

पदानि—तत्र अपरा ऋग्वेदः यजुर्वेदः सामवेदः अथर्ववेदः
शिक्षा कल्पः व्याकरणं निरुक्तं छन्दःज्योतिष इति ।
अथ परा यया तत् अक्षरं अधिगम्यते ॥ ५ ॥

अन्वयार्थः—**तत्र** તેમાં **ऋग्वेदः** ઋગ્વેદ **यजुर्वेदः** યજુર્વેદ **सामवेदः** સામવેદ **अथर्ववेदः** અથર્વવેદ **शिक्षा** શિક્ષા **कल्पः** કલ્પ **व्याकरणं** વ્યાકરણ **निरुक्तं** નિરૂક્ત **छन्दः** છન્દ **ज्योतिषं** જ્યોતિષ **इति** એવી રીતે **अपरा** અપરા ' વિધા છે ' **अथ** હવે **परा** પરા ' વિધા તે કહેવાય છે કે' **यया** જે વિધાવડે **तत्** તે **अक्षरं** અક્ષર ' બ્રહ્મ ' **अधिगम्यते** પમાય છે.

टीका—ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદ છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છન્દ અને જ્યોતીષ, એ છ વેદનાં અંગ છે. એ સર્વ અપરાવિધા છે. હવે પરાવિધા કહેવાય છે કે જેવડે તે અક્ષર બ્રહ્મ પ્રાપ્ત થાય છે તે. શંકા-બ્રહ્મવિધા જો ઋગ્વેદાદિકથી બહાર હોય તો તે પરા વિધા કેવી રીતે થઇ શકે અને મોક્ષનું સાધન કેવી રીતે થઇ શકે ? કારણકે " વેદથી બહાર જે સ્મૃતિયો અને જે કોઈ કુદૃષ્ટિયો છે તે મરણ પમાડીને નરકમાં સ્થિતિ કરાવનારી છે માટે તે સર્વ નિષ્ફલ છે " એમ સ્મૃતિમાં

કહ્યું છે માટે કુદષ્ટિરૂપ હોવાથી અને નિષ્ફલ હોવાથી તે બ્રહ્મવિદ્યા અનાદર કરવા યોગ્ય થશે અને ઉપનિષદોને ઋગ્વેદાદિકથી બહારપણું પ્રાપ્ત થશે અને જો બ્રહ્મવિદ્યા ઋગ્વેદાદિરૂપેજ છે તો પછી "**अथपरा**" ઇત્યાદિરૂપ વાક્યથી તેની ઋગ્વેદાદિકથી ભિન્નતા કરવી એ વ્યર્થ છે. હવે આ શંકાનું સમાધાન—આ ઠેકાણે જાણવા યોગ્ય વિષયના વિજ્ઞાનને પરાવિદ્યા શબ્દવડે કહેવાને ઇચ્છિત હોતાથી આ શંકા થઈ શકતી નથિ. આ ઠેકાણે ઉપનિષદોવડે જાણવા યોગ્ય બ્રહ્મને વિષય કરનારૂં વિજ્ઞાન પરાવિદ્યા છે, એમ મુખ્ય કરીને કહેવાને ઇચ્છિત છે પણ ઉપનિષદ્ શબ્દનો સમૂહ કહેવાને ઇચ્છિત છે. અક્ષર (બ્રહ્મ)ને શબ્દના સમૂહથી જાણવાને યોગ્ય છતાં પણ ગુરૂની પાસ જવા આદિક અન્ય પ્રયત્નવિના અક્ષરનું વિજ્ઞાન સંભવતું નથિ માટે બ્રહ્મવિદ્યાનું ભિન્ન કરવું અને આ પરાવિદ્યાનું છે એમ કહેવું યોગ્ય થઈ શકે છે. ॥ ૫ ॥

मूलम्—यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रंतदपाणिपादम् ॥ नित्यंविभुंसर्व्वगतंसुसूक्ष्मंतदव्ययंयद्भूतयोनिंपरिपश्यन्तिधीराः ॥६॥

पदानि—यत् तत् अद्रेश्यं अग्राह्यं अगोत्रं अवर्णं अचक्षुःश्रोत्रं तत् अपाणिपादम् ॥ नित्यं विभुं सर्व्वगतं सुसूक्ष्मं तत् अव्ययं यत् भूतयोनिं परिपश्यन्ति धीराः ॥ ६ ॥

अन्वयार्थः—यत् જે 'બ્રહ્મ છે' **तत्** તે **अद्रेश्यं** અદૃશ્ય **अग्राह्यं** અગ્રાહ્ય **अगोत्रं** અગોત્ર **अवर्णं** અવર્ણ **अचक्षुः श्रोत्रं** ચક્ષુશ્રોત્રથી રહિત 'છે અને' **तत्** તે **अपाणिपादं** હાથ પગથી રહિત **नित्यं** નિત્ય **विभुं** વિભુ **सर्व्वगतं** સર્વમાં રહેલું ' અને ' **सुसुक्ष्मं** અતિ સૂક્ષ્મ છે 'તથા' **तत्** તે કારણમાટે **अव्ययं** અવ્યય છે **यत्** એવી રીતે **भूतयोनिं** પ્રાણિયોના કારણને **धीराः** વિવેકી 'પુરૂષો' **परिपश्यन्ति** જુવે છે.

टीका—જે બ્રહ્મ છે તે અદૃશ્ય છે અર્થાત્ સર્વ જ્ઞાનઇન્દ્રિયનો અવિષય છે તથા અગાહ્ય છે અર્થાત્ કર્મઇન્દ્રિયનો અવિષય છે તથા અગોત્ર છે અર્થાત્ વંશથી રહિત છે. વર્ણન કરી શકાય એવા જે સ્થૂલપણાઆદિક અથવા શુકલપણા આદિક ગુણવાળી વસ્તુનો ધર્મ છે તે વર્ણ કહેવાય છે, તે વર્ણ જેને વિદ્યમાન નથિ તે અવર્ણ છે તે અવર્ણરૂપ બ્રહ્મ છે. ચક્ષુ અને શ્રોત્ર જે છે તે સર્વ પ્રાણિયોને નામરૂપ વિષય ગ્રહણ કરવામાં સાધન છે. તે ચક્ષુ શ્રોત્ર અવિદ્યમાન જેને છે તે અચક્ષુઃશ્રોત્ર કહેવાય છે તથા તે અપાણિપાદ છે અર્થાત્ કર્મેન્દ્રિયથી રહિત છે. તથા નિત્ય છે અર્થાત્ અવિનાશી છે તથા વિભુ છે અર્થાત્ બ્રહ્માને આદિ લઈ સ્થાવર પર્યન્ત જુદે જુદે રૂપે થનારૂં છે તથા સર્વગત છે અર્થાત્ આકાશની પેઠે વ્યાપક છે તથા સુસૂક્ષ્મછે અર્થાત્ અતિશય સૂક્ષ્મ છે. એવી રીતના ધર્મવાળું હોવાથી તે અવ્યય છે. એવી રીતે પ્રાણિયોના કારણરૂપ બ્રહ્મને વિવેકી પુરૂષો જુવે છે. ૬

मूलम्—यथोर्णनाभिःसृजतेगृह्णतेचयथापृथिव्यामो-
षधयःसम्भवन्ति । यथासतःपुरुषात्केशलो-
मानितथाऽक्षरात्सम्भवतीहविश्वम् ॥७॥

पदानि—यथा ऊर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यां
ओषधयः सम्भवन्ति ॥ यथा सतः पुरुषात् केश-
लोमानि तथा अक्षरात् सम्भवति इह विश्वम् ॥ ७ ॥

अन्वयार्थः—**यथा** જેમ **ऊर्णनाभिः** કરોળિયો ' કોઇપણ કારણની અપેક્ષા ન કરીને તન્તુઓને ' **सृजते** ઉત્પન્ન કરે છે **च** અને 'તે તન્તુઓને **गृह्णते** લઇ લે છે **यथा** જેમ **पृथिव्यां** પૃથ્વીમાં **ओषधयः** ઓષધિયો **सम्भवन्ति** થાય છે **यथा** જેમ **सतः** વિદ્યમાન **पुरुषात्** પુરૂષથકી **केशलोमानी** કેશ અને લોમ 'થાય છે' **तथा** તેવી રીતે **इह** આ સંસારમંડલમાં **विश्वं** જગત્ **अक्षरात्** અક્ષરથી **सम्भवन्ति** થાય છે.

टीका—જેમ લોકમાં પ્રસિદ્ધ એવો ઉર્ણનાભિ નામનો કીટ અન્ય કોઇ કારણની અપેક્ષા ન કરી પોતાના શરીરથી અભિન્ન તન્તુઓને ઉત્પન્ન કરે છે અર્થાત્ બહાર પ્રસારે છે અને વળી તે તન્તુઓને પાછો લઇલે છે અર્થાત્ પોતાના આત્મભાવને પ્રાપ્ત કરે છે તથા જેમ પૃથ્વીમાં તંડુલતે આદિ લઇ વૃક્ષાદિરૂપ સ્થાવર પર્યન્ત ઓષધિયો પોતાના સ્વરૂપથી અભિન્નજ ઉત્પન્ન થાય છે તથા જેમ જીવતા એવા પુરૂષથકી કેશ લોમાદિ ઉત્પન્ન થાય છે તેવી રીતે આ સંસારમંડલમાં વિપરિત લક્ષણવાળું અને સમાન લક્ષણવાળું જગત્ ઉત્પન્ન થાય છે. આ શ્રુતિમાં વધારે દૃષ્ટાન્તનું જે ગ્રહણ છે તે સુખવડે અર્થને સમજાવવામાટે છે. ॥ ૭ ॥

मूलम्—तपसाचीयतेब्रह्मततोऽन्नमभिजायते । अन्नात्प्रा-
णोमनस्सत्यंलोकाःकर्म्मसुचामृतम् ॥ ८ ॥

पदानि—तपसा चीयते ब्रह्म ततः अन्नं अभिजायते ॥
अन्नात् प्राणः मनः सत्यं लोकाः कर्म्मसु च अमृतम् ॥८॥

अन्वयार्थः—**तपसा** તપવડે **ब्रह्म** બ્રહ્મ **चीयते** સ્થૂલ ભાવ પામે છે **ततः** તેથકી **अन्नं** 'અવ્યાકૃતરૂપ' અન્ન **अभिजायते** ઉત્પન્ન થાય છે **अन्नात्** ' અવ્યાકૃત ' અન્નથકી **प्राणः** પ્રાણ 'થાય છે પ્રાણથકી' **मनः** મન 'થાય છે મનથકી' **सत्यं** સત્ય ' થાય છે ' સત્યથકી' **लोकाः** સાત લોક 'થાય છે અને તેમાં કર્મ થાય છે' **च** તથા **कर्म्मसु** કર્મ નિમિત્તભૂત થવાથી **अमृतं** કર્મથી થનારૂં ફલ થાય છે.

टीका—ભૂતયોનિ અને અક્ષર એવું બ્રહ્મ ઉત્પત્તિના વિધિને જાણનાર હોવાથી સ્થૂલ ભાવ પામે છે. અને તેથકી અવ્યાકૃતરૂપ અન્ન ઉત્પન્ન થાય છે. તે જગતને સર્જવાની ઇચ્છાયુક્ત અવસ્થાવાળા અવ્યાકૃત (માયા) રૂપ અન્નથકી બ્રહ્મની જ્ઞાનશક્તિથી યુક્ત તથા જગતનો આત્મા હિરણ્યગર્ભરૂપ પ્રાણ ઉત્પન્ન થાય છે. તે હિરણ્યગર્ભરૂપ પ્રાણથી સંકલ્પ વિકલ્પ સંશય અને નિર્ણયાદિરૂપવાળું મન ઉત્પન્ન થાય છે, તે મનથકી સત્ય નામવાળાં આકાશાદિક પંચ મહાભૂત ઉત્પન્ન થાય છે. તે પંચ મહાભૂતથકી અંડ અને ક્રમેકરી સાત લોક થાય છે. તે લોકમાં મનુષ્યાદિક પ્રાણિયોના વર્ણ અને આશ્રમના કર્મથી કર્મ ઉત્પન્ન થાય છે. અને તે નિમિત્તરૂપ કર્મોમાં કર્મજન્ય ફલરૂપ અમૃત ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી કરોડ કલ્પપર્યન્ત પણ કર્મ નાશ ન પામે ત્યાંસુધી તેનું ફલ પણ નાશ પામે નહિ માટે તે અમૃત કહેવાય છે. ॥ ૮ ॥

मूलम्—यःसर्व्वज्ञसर्व्वविद्यस्यज्ञानमयंतपः ॥
तस्मादेतद्ब्रह्मनामरूपमन्नञ्चजायते ॥ ९ ॥

पदानि—यः सर्व्वज्ञः सर्व्ववित् यस्य ज्ञानमयं तपः ॥
तस्मात् एतत् ब्रह्म नाम रूपं अन्नं च जायते ॥ ९ ॥

अन्वयार्थः—**यः** જે **सर्व्वज्ञः** સર્વજ્ઞ ' છે અને વિશેષથી સર્વને જાણે છે માટે ' **सर्व्ववित्** સર્વ જાણનાર છે **यस्य** જેનું **ज्ञानमयं** જ્ઞાનમય **तपः** તપ છે **तस्मात्** તે સર્વજ્ઞથી **एतत्** આ 'હિરણ્યગર્ભરૂપ' **ब्रह्म** બ્રહ્મ **नाम** નામ **रूपं** રૂપ **च** તથા **अन्नं** અન્ન **जायते** ઉત્પન્ન થાય છે.

टीका—પ્રથમ કહેલાં લક્ષણવાળા અને અક્ષર નામવાળા પરમાત્મા સામાન્ય રીતે સર્વને જાણે છે માટે સર્વજ્ઞ છે અને વિશેષ કરીને જાણે છે માટે સર્વવિત્ છે તથા જેનું જ્ઞાનમય તપ છે પણ પરિશ્રમરૂપ નથિ તે સર્વજ્ઞથી આકાર્યરૂપ હિરણ્યગર્ભ નામવાળું બ્રહ્મ ઉત્પન્ન થાય છે અને દેવદત્ત યજ્ઞદત્ત ઇત્યાદિ રૂપવાળું નામ તથા શુકલ નીલ આદિક સ્વરૂપવાળું રૂપ તથા તંદુલ, વ્રીહિ, આદિક અન્ન ઉત્પન્ન થાય છે. ॥ ૯ ॥

इति प्रथम मुण्डके प्रथम खण्डः

मूलम्—तदेतत्सत्यंमन्त्रेषुकर्म्माणिकवयोयान्यपश्यं
स्तानित्रेतायांबहुधासन्ततानि । तान्यचरथ
नियतंसत्यकामाएषवःपन्थाःस्वकृतस्यलोके ॥१०॥

पदानि—तत् एतत् सत्यं मन्त्रेषु कर्म्माणि कवयः यानि अपश्यन् तानि त्रेतायां बहुधा सन्ततानि ॥ तानि आचरथ नियतं सत्यकामाः एषः वः पन्थाः स्वकृतस्य लोके ॥ १० ॥

अन्वयार्थः—**मन्त्रेषु** મંત્રોને વિષે **यानि** જે **कर्म्माणि** કર્મોને **कवयः** વિદ્વાનો **अपश्यन्** દેખતા હવા **तत्** તે **एतत्** એ **सत्यं** સત્ય છે **तानि** તે ' કર્મો ' **त्रेतायां** ત્રેતામાં **बहुधा** બહુ પ્રકારે **सन्ततानि** પ્રવર્ત્તેલાં હતાં 'તે માટે તમે' **तानि** તે ' કર્મોને ' **सत्यकामाः** સત્ય કામવાળા થઇ **नियतं** નિરન્તર **आचरथ** આચરણ કરો **स्वकृतस्यः** પોતે કરેલા કર્મના **लोके** ફલમાં **वः** તમને **एषः** એ **पन्थाः** માર્ગ છે.

टीका—ઋગ્વેદ આદિક મંત્રોમાં જે અગ્નિહોત્રાદિક કર્મ જે તે સત્ય છે. મંત્રોથી પ્રકાશ પામેલાં જે કર્મોને વસિષ્ઠાદિક બુદ્ધિમન્ત કવિયોએ દેખેલાં છે. વેદવિહિત તથા ઋષિયોએ દેખેલાં તે કર્મ ત્રેતાયુગમાં કર્મિષ્ઠ લોકોના કરવાથી ઘણાં પ્રવર્ત્તેલાં હતાં માટે હે લોકો ! તમે સત્ય કામ (જેવું વિદ્યમાન છે તેવા કર્મફલની ઇચ્છાવાળા) થઈ તે કર્મોને નિત્ય આચરો. પોતે કરેલાં કર્મના ફલરૂપ લોકમાં (તે કર્મના ફલની પ્રાપ્તિને અર્થે)નિમિત્તરૂપ એવો આ તમારો માર્ગ છે. અર્થાત્ વેદત્રયીમાં જે જે અગ્નિહોત્રાદિક કર્મો કહેલાં છે તે આ માર્ગ અવશ્ય ફલની પ્રાપ્તિનું સાધન છે. ॥ ૧૦ ॥

मूलम्—यदालेलायतेह्यर्च्चिःसमिद्धेहव्यवाहनेतदाज्य भागावन्तरेणाहुतीःप्रतिपादयेच्छ्रद्धयाहुतम् ॥११॥

पदानि—यदा लेलायते हि अर्च्चिः समिद्धे हव्यवाहने तदा आज्यभागौ अन्तरेण आहुतीः प्रतिपादयेत् श्रद्धया हुतम् ॥११॥

अन्वयार्थः—**यदा** જ્યારે **समिद्धे** પ્રદીપ્ત થયેલા **हव्यवाहने** અગ્નિમાં **हि** નિશ્ચે **अर्च्चिः** જ્વાલા **लेलायते** ચલાયમાન થાય છે **तदा** ત્યારે ' ચલાયમાન થયેલી જ્વાલામાં દર્શ અને પૂર્ણમાસરૂપ, **आज्यभागौ अन्तरेणं** ઘૃતના બે ભાગની મધ્યમાં ' કુંડસ્થાનને વિષે દેવતાનો ઉદ્દેશ કરીને ' **आहुतीः** આહુતિયોને **प्रतिपादयेत्** આપે **श्रद्धया** શ્રદ્ધાવડે 'જે' **हुतं** હોમ કરેલુ છે 'તેનું સમ્યક્ આચરણ દુષ્કર છે.

टीका—જ્યારે ચારે તરફ કાષ્ઠોથી પ્રજ્વલિત થયેલા અગ્નિમાં જ્વાલા ચાલે છે. ત્યારે ચલાયમાન થયેલી જ્વાલામાં દર્શ અને પૂર્ણમાસરૂપ બે ઘૃતના ભાગના મધ્યરૂપ કુંડસ્થાનમાં દેવતાનો ઉદ્દેશ કરીને આહુતિયો આપવી. સારી રીતે આહુતિયો આપવી ઇત્યાદિરૂપ જે કર્મમાર્ગ છે તે પરલોકની પ્રાપ્તિનો માર્ગ છે શ્રદ્ધાવડે જે હોમ કરેલું તેનું સમ્યક્ આચરણ દુષ્કર છે કારણકે તેમાં અનેક વિપત્તિયો છે. ॥ ૧૧ ॥

मूलम्—यस्याग्निहोत्रमदर्शमपौर्णमासमचातुर्मास्यम-
नाग्रयणमतिथिवर्जितञ्च । अहुतमवैश्वदेवम-
विधिनाहुतमासप्तमांस्तस्यलोकान्हिनस्ति ॥१२॥

पदानि—यस्य अग्निहोत्रं अदर्शं अपौर्णमासं अचातुर्मास्यं
अनाग्रयणं अतिथिवर्जितं च । अहुतं अवैश्वदेवं
अविधिना हुतं आसप्तमान् तस्य लोकान् हिनस्ति ॥१२॥

अन्वयार्थः—**यस्य** જે 'અગ્નિહોત્રીનું' **अग्निहोत्रं** અગ્નિહોત્ર **अदर्शं** દર્શથી રહિત **अपौर्णमासं** પૌર્ણમાસથી રહિત **अचातुर्मास्यं** ચાતુર્માસ્યથી રહિત **अनाग्रयणं** આગ્રયણથી રહિત **च** તથા **अतिथिवर्जितं** અતિથિવર્જીત **अहुतं** હોમથી રહિત **अवैश्वदेवं** વૈશ્વદેવથી રહિત **अविधिना** વિધિવિના **हुतं** હોમેલું છે 'તે અગ્નિહોત્ર' **तस्य** તે 'અગ્નિહોત્રીના' **आसप्तमान्** સપ્તમલોકસહિત **लोकान्** ' પૃથ્વી આદિક ' લોકોને **हिनस्ति** 'નાશ કરવાની પેઠે' નાશ કરે છે.

टीका—તે કેવી રીતે દુષ્કર છે ? ત્યાં કહે છે. જે અગ્નિહોત્રીનું અગ્નિહોત્ર દર્શ નામના કર્મથી રહિત છે, પૌર્ણમાસ નામના કર્મથી રહિત છે, ચાતુર્માસ્ય નામના કર્મથી રહિત છે, શરદ્ આદિક કાળમાં કરવાયોગ્ય આગ્રયણ નામના કર્મથી રહિત છે, તથા જે અગ્નિહોત્રમાં પ્રત્યેક દિવસનેવિષે અતિથિનું પૂજન કરી શકાતું નથિ તથા જે અગ્નિહોત્રમાં સારી રીતે હોમ કરાતો નથિ તથા જેનું અગ્નિહોત્ર વૈશ્વદેવ નામના કર્મથી રહિત છે તથા હોમ કર્યો હોય તે અગ્નિહોત્રીરૂપ કર્ત્તાના સાત લોકસહિત જે લોક છે તેનો નાશ કરવાની પેઠે નાશ કરે છે. પૃથ્વીને આદિ લઈ સત્ય લોકપર્યંત જે સાત લોક છે તે એવી રીતે અગ્નિહોત્રથી પ્રાપ્ત થઇ શકતા નથિ માટે પોતાને હણાયાની પેઠે છે અથવા પિંડદાનાદિરૂપ અનુગ્રહવડે સમ્બન્ધને પ્રાપ્ત થયેલા પિતા, પિતામહ, પ્રપિતામહ, પુત્ર, પૌત્ર, અને પ્રપૌત્રરૂપ જે પોતેસહિત સાત લોક છે તે પ્રથમ કહ્યાપ્રમાણે અગ્નિહોત્રાદિ કર્મથી પોતાને ઉપકાર કરવાવાળા થઇ શકતા નથિ માટે નાશ થાય છે એમ કહેવાય છે. આ પ્રમાણે અગ્નિહોત્રાદિકથી ઉપલક્ષિત જે કર્મ તે દુષ્કર છે. ॥ ૧૨ ॥

मू०कालीकरालीचमनोजवाचसुलोहितायाचसुधूम्रवर्णा॥
स्फुलिङ्गिनीविश्वरूपीचदेवीलेलायमानाइतिसप्तजिह्वा१३

पदानि—काली कराली च मनोजवा च सुलोहिताया च

सुधूम्रवर्णा ॥ स्फुलिङ्गिनी विश्वरूपी च देवी
लेलायमाना इति सप्तजिह्वा ॥ १३ ॥

अन्वयार्थः—**काली** કાલી **कराली** કરાલી **च** તથા **मनोजवा** મનોજવા **च** તથા **सुलोहिता** સુલોહિતા **च** તથા **या** જે **सुधुम्रवर्णा** સુધુમ્રવર્ણા **स्फुलिङ्गिनी** સ્ફુલિંગિની **च** તથા **विश्वरूपी** વિશ્વરૂપી **इति** એ પ્રકારે **सप्त** સાત **देवी** પ્રકાશવાળી 'અને' **लेलायमाना** ચલાયમાન થતી એવી **जिह्वा** 'અગ્નિની' જીભ છે.

टीका—કાલી, કરાલી, તથા મનોજવા, તથા સુલોહિતા, તથા જે સુધૂમ્રવર્ણા, તથા સ્ફુલિંગિની તથા વિશ્વરૂપી, એ પ્રકારે પ્રકાશમાન અને ચલાયમાન એવી અગ્નિની સાત જીવ્હા છે. ।। ૧૩ ।।

मूलम्—एतेषुयश्चरतेभ्राजमानेषुयथाकालंचाहुतयोह्या
ददायन् ॥ तन्नयन्त्येताःसूर्य्यस्यरश्मयोयत्रदे
वानांपतिरेकोऽधिवासः ॥ १४ ॥

पदानि—एतषु यः चरते भ्राजमानेषु यथाकालं च आहुत-
यः हि आददायन् । तं नयन्ति एताः सूर्य्यस्य
रश्मयः यत्र देवानां पतिः एकः अधिवासः ॥ १४ ॥

अन्वयार्थः—**एतेषु** એ **भ्राजमानेषु** પ્રકાશમાન 'એવા અગ્નિની જિવ્હાના ભેદોનેવિષે' **यः** જે 'અગ્નિહોત્રી' **यथाकालं** કાલને અનુસારે 'અગ્નિહોત્રાદિરૂપ કર્મ' **चरते** કરે છે **एताः** એ 'આહુતિયો' **सूर्य्यस्य** સૂર્યનાં **रश्मयः** કિરણોરૂપે થઇને **च** તથા **आहुतयः** 'તે' આહુતિયો **तं** તે 'યજમાનને' **आददायन्** ગ્રહણ કરીને **यत्र** જે ઠેકાણે **देवानां** દેવોનો **एकः** એક **पतिः** પતિ **अधिवासः** સર્વના ઉપર રહેનારો ' ઇન્દ્ર રેહે છે તે ઠેકાણે' **हि** નિશ્ચે **नयन्ति** લઈ જાય છે.

टीका—એ પ્રકાશમાન એવી અગ્નિની જીવ્હાના ભેદોનેવિષે જે અગ્નિહોત્રાદિરૂપ કર્મ કરે છે, તે યજમાનને તે યજમાને કરેલી આહુતિયો ગ્રહણ કરનારી થઇને કિરણરૂપ દ્વારાએ તે યજમાનને સ્વર્ગપ્રત્યે પ્રાપ્ત કરે છે કે જે સ્વર્ગમાં દેવોનો પતિ એક ઇન્દ્ર સર્વ ઉપર નિવાસ કરી રહેલો છે. ।। ૧૪ ।।

मूलम्—एह्येहीतितमाहुतयःसुवर्च्चसःसूर्य्यस्यरश्मिभिर्य-
जमानंवहन्ति ॥ प्रियांवाचमभिवदन्त्योऽर्च्चय-
न्त्यएषवःपुण्यःसुकृतोब्रह्मलोकः ॥ १५ ॥

पदानि—एहि एहि इति तं आहुतयः सुवर्च्चसः सूर्य्यस्य रश्मिभिर्यजमानं वहन्ति ॥ प्रियां वाचं अभिवदन्त्यः अर्च्चयन्त्यः एषः वः पुण्यः सुकृतः ब्रह्मलोकः॥१५।

अन्वयार्थः—**एषः** આ **वः** તમારો **पुण्यः** પવિત્ર **सुकृतः** સુકૃતરૂપ **ब्रह्मलोकः** સ્વર્ગલોક 'છે એવી રીતે' **प्रियां** સ્તુતિરૂપ **वाचं** વાણીને **अभिवदन्त्यः** બોલતી એવી 'અને' **अर्च्चयन्त्यः** પૂજા કરતી એવી 'અને' **सुवर्च्चसः** કાન્તિવાળી એવી **आहुतयः** આહુતિયો **एहि** આવ **एहि** આવ **इति** એ પ્રકારે **तं** તે **यजमानं** યજમાનને **सूर्य्यस्य** સૂર્યનાં **रश्मिभिः** કિરણોવડે **वहन्ति** લઈ જાય છે.

टीका—તે આહુતિયો સૂર્યના કિરણોવડે યજમાનને સ્વર્ગપ્રત્યે કેવી રીતે લઈ જાય છે તે કહેવાય છે. તે આહુતિયો "આવો આવો" એવી રીતે બોલાવતી છતી તથા પ્રકાશમાન થઈ "અને જેમ બ્રહ્મલોક પુણ્યનું ફલરૂપ છે તેમ આ આપના પુણ્યરૂપ સુકૃતના ફલરૂપ બ્રહ્મલોક (સ્વર્ગ) છે" એમ પ્રિય વાણીને કહેતી છતી અને પૂજન કરતી છતી તે યજમાનને સૂર્યનાં કિરણોવડે વહન કરે છે. ॥ ૧૫ ॥

मूलम्—प्लवाह्येतेअदृढायज्ञरूपाअष्टादशोक्तमवरंयेषु कर्म्म ॥ एतच्छ्रेयाऽभिनन्दन्तिमूढाजरा मृत्युंतेपुनरेवापियन्ति ॥ १६ ॥

पदानि—प्लवाः हि एते अदृढाः यज्ञरूपः अष्टादश उक्तं अवरं येषु कर्म्म । एतत् श्रेयः अभिनन्दन्ति मूढाः जरामृत्युं ते पुनः एव अपियन्ति ॥ १६ ॥

अन्वयार्थः—**एते** આ **अदृढाः** અસ્થિર **प्लवाः** વિનાશવાળા **अष्टादश** અઢાર **हि** નિશ્ચે **यज्ञरूपाः** યજ્ઞના રૂપો 'છે એમ શાસ્ત્રે' **उक्तं** કહેલું છે **येषु** જે અષ્ટાદશમાં **अवरं** કેવળ જ્ઞાનવર્જિત એવું **कर्म्म** કર્મ છે **एतत्** એ કર્મ છે **श्रेयः** શ્રેય છે એમ જાણી જે પુરૂષો **अभिनन्दन्ति** આનન્દ પામે છે 'તે પુરૂષો' **मूढाः** મૂઢ છે 'અને' **ते** તેઓ **पुनः** ફરીને **अपि** પણ **जरामृत्युं** જરામૃત્યુને **एव** અવશ્ય **यन्ति** પામે છે.

टीका—સોળ ઋત્વિક્, યજમાનપત્ની અને યજમાન, એ અઢાર જે છે તે યજ્ઞના નિર્વાહક, અસ્થિર અને કર્મના આશ્રય છે એમ શાસ્ત્રે કહેલું છે અને જે અષ્ટાદશ આશ્રયનેવિષે ઉપાસનારહિત હોવાથી નિકૃષ્ટ કેવળ કર્મ છે. એ કર્મ શ્રેય છે એમ જાણીને પુરૂષો આનન્દ પામે છે તે મૂઢ પુરૂષો છે અને તેઓ થોડાક કાલપર્યન્ત સ્વર્ગમાં રહી ફરીને જરા અને મૃત્યુને પામે છે. ॥ ૧૬ ॥

मूलम्—अविद्यायामन्तरेवर्त्तमानाःस्वयंधीराःपण्डित-
म्मन्यमानाः ॥ जङ्घन्यमानाःपरियन्तिमूढा-
अन्धेनैवनीयमानायथाऽन्धाः ॥ १७ ॥

पदानि—अविद्यायां अन्तरे वर्त्तमानाः स्वयं धीराः पण्डि-
तम्मन्यमानाः ॥ जङ्घन्यमानाः परियन्ति मूढाः
अन्धेन एव नीयमानाः यथा अन्धाः ॥ १७ ॥

अन्वयार्थः—**अविद्यायां अन्तरे** અવિદ્યાની અન્દર **वर्त्तमानाः** વર્ત્તનારા 'અને' **स्वयं** પોતે **धीराः** બુદ્ધિમન્ત 'છિયે એમ માનનારા તથા' **पण्डितम्मन्यमानाः** અમે પંડિત છિયે એમ માનનારા **मूढाः** મૂઢપુરૂષો છે તે **जङ्घन्यमानाः** જરા અને રોગઆદિક અનેક અનર્થના સમૂહથી પીડા પામતા છતા **यथा** જેમ **अन्धेन** આંધળાએ **नीयमानाः** દોરેલા **अन्धाः** અન્ધપુરૂષો 'ખાડાઆદિકમાં પડે તેમ **एव** અવશ્ય **परियन्ति** ભ્રમણ કરે છે.

टीका—અવિદ્યાની અન્દર વર્ત્તનારા અર્થાત્ ઘણા અવિવેકવાળા અને પોતે પોતાની મેળેજ અમે બુદ્ધિવાળા અને પંડિત છિયે એમ માનનારા અને જરા રોગાદિક અનેક અનર્થના સમૂહથી પીડા પામેલા મૂઢ પુરૂષો જેમ આંધળાએ દોરેલા આંધળા ખાડા અને કાંટાઆદિકમાં પડે તેમ અવશ્ય સંસારમાં પડી ભ્રમણ કરે છે. ॥ ૧૭ ॥

मूलम्—अविद्यायांबहूधावर्त्तमानावयंकृतार्थाइत्य-
भिमन्यन्तिबालाः । यत्कर्म्मिणोनप्रवेदय-
न्तिरागात्तेनातुराः क्षीणलोकाश्च्यवन्ते ॥ १८ ॥

पदानि—अविद्यायां बहुधा वर्त्तमानाः वयं कृतार्थाः इति
अभिमन्यन्ति बालाः ॥ यत् कर्म्मिणः न प्रवेद-
यन्ति रागात् तेन आतुराः क्षीणलोकाश्च्यवन्ते ॥१८॥

अन्वयार्थः—**अविद्यायां** અવિદ્યાનેવિષે **बहुधा** બહુ પ્રકારે **वर्त्तमानाः** રહેલા **बालाः** અજ્ઞાનિયો **वयं** અમે **कृतार्थाः** કૃતાર્થ છિયે **इति** એ પ્રકારે **अभिमन्यन्ति** માને છે **यत्** જે કારણમાટે 'એવી રીતે' **कर्म्मिणः** કર્મ કરનારા 'પુરૂષો' **रागात्** રાગથકી **न प्रवेदयन्ति** 'કર્મફલની પ્રીતિને પરાભવ કરનારા નિમિત્તને' નથિ જાણુતા **तेन** તે માટે **आतुराः** દુઃખયુક્ત થઇ 'અને' **क्षीणलोकाः** ક્ષીણુ થયેલા કર્મફલવાળા થઇ **च्यवन्ते** પડે છે.

टीका—અવિદ્યામાં બહુ પ્રકારે રહેલા અજ્ઞાની પુરૂષો અમે કૃતાર્થ છિયે એ પ્રકારે અભિમાન કરે છે. એવી રીતે કર્મ કરનારા પુરૂષો કર્મફળની પ્રીતિને પરાભવ કરનારા નિમિત્તને રાગથકી જાણતા નથિ તેમાટે તેઓ દુઃખયુક્ત થઇ તથા ક્ષીણ થયેલા કર્મફલવાળા થઇને સ્વર્ગથી પડે છે ॥ ૧૮ ॥

मूलम्—इष्टापूर्त्तम्मन्यमानावरिष्ठंनान्यच्छ्रेयोवेदयन्तेप्रमूढाः। नाकस्यपृष्ठेतेसुकृतेऽनुभूत्वेमंलोकंहीनतरंचाविशन्ति

पदानि—इष्टापूर्त्तं मन्यमाना वरिष्ठं न अन्यत् श्रेयः वेदयन्ते प्रमूढाः ॥ नाकस्य पृष्ठे ते सुकृते अनुभूत्वा इमं लोकं हीनतरं च आविशन्ति ॥ १९ ॥

अन्वयार्थः—**प्रमूढाः** અતિમૂઢ ‘ પુરૂષો ’ **इष्टापूर्त्तं** યાગાદિ શ્રૌત અને વાપી કૂપાદિ સ્માર્ત્તને **वरिष्ठं** શ્રેષ્ઠ **मन्यमानाः** માનતા છતા **अन्यत्** બીજા **श्रेयः** શ્રેયને **न वेदयन्ते** જાણતા નથિ **च** તથા **ते** તે મૂઢ પુરૂષો ’ **नाकस्य** સ્વર્ગના **पृष्ठे** ઉપરના સ્થાનમાં **सुकृते** સુકૃત **अनुभूत्वा** અનુભવ કરીને **इमं** આ **हीनतरं** હીનતર **लोकं** લોકપ્રત્યે **आविशन्ति** પ્રવેશ કરે છે.

टीका—પુત્ર પશુ અને સ્ત્રીઆદિકોમાં પ્રમત્તપણે રહેવાથી અતિ મૂઢ પુરૂષો યાગાદિક શ્રૌતકર્મને તથા વાપીકૂપતડાગાદિક સ્માર્ત્તકર્મને અત્યન્ત પુરૂષાર્થનાં મુખ્ય સાધન માની બીજું જે આત્મજ્ઞાન નામવાળું શ્રેયનું સાધન છે તેને જાણતા નથિ. તે મૂઢ પુરૂષો સ્વર્ગના ઉપરના સ્થાનમાં સુકૃત ભોગવી જેવાં પોતાનાં કર્મ અવશેષ રહ્યાં હોય તે પ્રમાણે આ હીનતર એવા મનુષ્યલોકને અથવા પશુપક્ષિઆદિરૂપ લોકને પામે છે. ॥ ૧૯ ॥

मूलम्—तपःश्रद्धेयेह्युपवसन्त्यरण्येशान्ताविद्वांसोभैक्ष्यचर्य्यांचरन्तः ॥ सूर्य्यद्वारेणतेविरजाःप्रयान्तियत्रामृतःसपुरुषोह्यव्ययात्मा ॥ २० ॥

पदानि—तपः श्रद्धे ये हि उपवसन्ति अरण्ये शान्ताः विद्वांसः भैक्ष्य चर्य्यां चरन्तः सूर्य्यद्वारेण ते विरजाः प्रयान्ति यत्र अमृतः सः पुरुषः हि अव्ययात्मा ॥२०॥

अन्वयार्थः—**ये** જે **शान्ताः** ઇન્દ્રિયો જેઓએ જીતેલી છે એવા **विद्वांसः** વિદ્વાનો **भैक्ष्यचर्य्यां** ભૈક્ષ્યચર્યાને **चरन्तः** આચરનારા થઇ **अरण्ये** અરણ્યમાં **तपः श्रद्धे** તપ અને શ્રદ્ધાને **हि** નિશ્ચે **उपवसन्ति** સેવે છે **ते** તે ‘ પુરૂષો ’ **सूर्य्यद्वारेण**

સૂર્યદ્વારવડે **विरजाः** પાપપુણ્યકર્મને ક્ષય પમાડનારા થઇ **यत्र** જે સત્યલોકાદિમાં **हि** નિશ્ચે **अमृतः** અમૃતસ્વરૂપ **अव्ययात्मा** અવિનાશી સ્વરૂપવાળો **सः** તે 'હિરણ્યગર્ભરૂપ' **पुरुषः** પુરૂષ ' છે ત્યાં ' **प्रयान्ति** જાય છે.

टीका—જે પુરૂષો ઇન્દ્રિયોને જીતનારા તથા વિદ્વાન્ અને ભિક્ષા ભોજન કરનારા થઇ અરણ્યમાં પોતાના વર્ણાશ્રમનેઅર્થે શાસ્ત્રવિહિત કર્મરૂપ અને હિરણ્યગર્ભને વિષય કરવાવાળી ઉપાસનારૂપ શ્રદ્ધાને સેવન કરે છે તે પુરૂષો સૂર્યથી ઉપલક્ષિત એવા ઉત્તરાયણરૂપ દ્વારવડે વિરજ (પુણ્ય પાપરૂપ કર્મને ક્ષય પમાડનારા) થઇ જે સત્યલોકાદિકમાં અમૃતસ્વરૂપ અને અવિનાશી સ્વરૂપવાળો તે હિરણ્યગર્ભરૂપ પુરૂષ છે ત્યાં જાય છે. ॥ ૨૦ ॥

**मूलम्—परीक्ष्यलोकान्कर्म्मचितान्ब्राह्मणोनिर्व्वेदमा-
यान्नास्त्यकृतःकृतेन । तद्विज्ञानार्थंसगुरुमेवाभि
गच्छेत्समित्पाणिःश्रोत्रियंब्रह्मनिष्ठम् ॥ २१ ॥**

**पदानि—परीक्ष्य लोकान् कर्म्मचितान् ब्राह्मणः निर्व्वेदं आयात्
न अस्ति अकृतः कृतेन ॥ तद्विज्ञानार्थं सः गुरुं एव
अभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥२१॥**

अन्वयार्थः— **ब्राह्मणः** બ્રાહ્મણ **कर्म्मचितान्** કર્મવડે રચેલા **लोकान्** લોકોને **परीक्ष्य** ' યથાર્થ પણે ' નિશ્ચય કરીને **निर्व्वेदं** વૈરાગ્ય **आयात्** પામે **अकृतः** ન કરેલો એવો ' કોઇ પદાર્થ ' **न अस्ति** નથિ ' તે માટે ' **कृतेन** કર્મ કરવાથી ' શું છે અર્થાત્ કાંઇ નથિ ' **समित्पाणिः** સમિધ્ જેના હાથમાં છે એવો થઇ **तद्विज्ञानार्थं** તે અભય અને શિવરૂપ પદ જાણવા માટે **सः** તે **श्रोत्रियं** શ્રોત્રિય **ब्रह्मनिष्ठं** બ્રહ્મનિષ્ઠ એવા **गुरुं एव** ગુરૂપ્રત્યેજ **अभिगच्छेत्** શરણે જાય.

टीका—બ્રાહ્મણ જે હોય તે કર્મવડે રચેલા લોકને પ્રત્યક્ષ અનુમાન ઉપમાન અને શાસ્ત્રરૂપ પ્રમાણોવડે ચારે તરફથી યથાર્થ નિશ્ચય કરીને વૈરાગ્ય પામે તે એવી રીતે કે આ લોકમાં કોઇપણ પદાર્થ અકૃત (અજન્ય) નથિ કિન્તુ સર્વ લોક કર્મરચિત છે અને કર્મ રચિત હોવાથી અનિત્ય છે માટે કર્મ કરવાથી શું છે અર્થાત્ કાંઇ નથિ એમ જાણીને પછી સમિધનો ભારો હાથમાં રાખી તે વૈરાગ્ય પામેલો પુરૂષ અભય શિવ અને નિત્યરૂપ પદને જાણવા માટે અર્થ પૂર્વક વેદના અધ્યયનથી સમ્પન્ન તથા બ્રહ્મનિષ્ઠ આચાર્યનેજ શરણે જાય. ॥ ૨૧ ॥

**मूलम्—तस्मैसविद्वानुपसन्नायसम्यक्प्रशान्तचित्ताय-
शमान्विताय । येनाक्षरंपुरुषंवेदसत्यंप्रोवाचतां
तत्त्वतोब्रह्मविद्याम् ॥ २२ ॥**

पदानि—तस्मै सः विद्वान् उपसन्नाय सम्यक् प्रशान्तचित्ताय शमान्विताय ॥ येन अक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्वतः ब्रह्मविद्याम् ॥ २२ ॥

अन्वयार्थः—**सम्यक्** સારી રીતે **उपसन्नाय** સમીપ આવેલા **प्रशान्तचित्ताय** શાન્ત ચિત્તવાળા **शमान्विताय** શમવડે યુક્ત એવા **तस्मै** તે શિષ્યને **सः** તે **विद्वान्** વિદ્વાન્ **येन** જેણે કરીને **अक्षरं** અક્ષર **सत्यं** સત્ય **पुरुषं** પુરૂષને **वेद** જાણે **तां** તે **ब्रह्मविद्यां** બ્રહ્મવિદ્યાને **तत्वतः** તત્ત્વથી **प्रोवाच** કહે.

टीका—શાસ્ત્રને અનુસારે સમીપ આવેલા તથા શાન્ત ચિત્તવાળા અર્થાત્ ગર્વ આદિક દોષથી રહિત તથા બાહ્ય ઇન્દ્રિયોનિ ઉપરતિરૂપ શમવડે યુક્ત (સર્વથી વિરક્ત) એવા શિષ્યપ્રત્યે તે વિદ્વાન્ જે પરવિદ્યારૂપ વિજ્ઞાનવડે, અક્ષર અને સત્ય એવા પુરૂષને જાણે તે બ્રહ્મવિદ્યાને યથાર્થ કહે આચાર્યનો પણ આ નિયમ છે કે ન્યાયથી પ્રાપ્ત થયેલા શિષ્યને અવિદ્યારૂપ મહાસમુદ્રથી બહાર કહાડવો. ॥ ૨૨ ॥

इति प्रथममुण्डकम्.

मूलम्—तदेतत्सत्यंयथासुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाःसहस्रशःप्रभवन्तेसरूपाः ॥ तथाक्षराद्विविधाःसौम्यभावाःप्रजायन्तेतत्रचैवापियन्ति ॥ २३ ॥

पदानि—तत् एतत् सत्यं यथा सुदीप्तात् पावकात् विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः तथा अक्षरात् विविधाः सौम्यभावाः प्रजायन्ते तत्र च एव अपियन्ति ॥ २३ ॥

अन्वयार्थः—**तत्** તે **एतत्** આ **सत्यं** સત્ય છે **यथा** જેમ **सुदीप्तात्** સારી રીતે પ્રજ્વલિત થયેલા **पावकात्** અગ્નિથકી **सरूपाः** સમાનરૂપવાળા **सहस्रशः** હજારો **विस्फुलिङ्गाः** તણખા **प्रभवन्ते** થાય છે **तथा** તેવી રીતે **सौम्य** હે સૌમ્ય **अक्षरात्** અક્ષરથકી **विविधाः** નાનાપ્રકારના **भावाः** ભાવો **प्रजायन्ते** ઉત્પન્ન થાય છે **च** તથા **तत्र एव** તેમાંજ **अपि** વળી **यन्ति** લય પામે છે.

टीका—કર્મના ફલરૂપ જે અપરવિદ્યાનો વિષય સત્ય છે તે આપેક્ષિક છે અને આ પરવિદ્યાનો વિષય તો પરમાર્થથી સત્ય છે માટે યથાર્થ છે અને બીજો જે અવિદ્યાનો વિષય છે તે મિથ્યા છે. શંકા-અક્ષર વસ્તુ અત્યન્ત પરોક્ષ હોવાથી પ્રત્યક્ષની પેઠે કેવી રીતે પ્રાપ્ત થશે ? એ શંકા ઉપર કહે છે કે જેમ સારી પ્રજ્વલિત થયેલા અ-

ગ્નિથકી સમાનરૂપવાળા હજારો તણખા ઉત્પન્ન થાય છે તેવી રીતે હે સૌમ્ય અક્ષરથકી નાનાપ્રકારના ભાવો ઉત્પન્ન થાય છે તથા તેમાંજ વળી લય પામે છે. ॥ ૨૩ ॥

मूलम्—दिव्योह्यमूर्त्तःपुरुषःसबाह्याभ्यन्तरोह्यजः ॥ अ-
प्राणोह्यमनाःशुभ्रोह्यक्षरात्परतःपरः ॥ २४ ॥

पदानि—दिव्यः हि अमूर्त्तः पुरुषः स बाह्याभ्यन्तरः हि
अजः ॥ अप्राणः हि अमनाः शुभ्रः हि
अक्षरात् परतः परः ॥ २४ ॥

अन्वयार्थ—**दिव्यः** દિવ્ય **हि** નિશ્ચે **अमूर्त्तः** આકારરહિત ' જે ' **पुरुषः** પુરૂષ છે **सः हि** તેજ **अजः** અજન્મા **बाह्याभ्यन्तरः** બહાર અને અન્દર છે ' તથા ' **अप्राणः** પ્રાણુરહિત **हि** નિશ્ચે **अमनाः** મનરહિત **शुभ्रः** શુભ્ર **हि** નિશ્ચે **परतः** પર એવા **अक्षरात्** અક્ષરથકી **परः** પર છે.

टीका—જે સ્વયંજ્યોતીરૂપ હોવાથી દિવ્ય છે અથવા પોતાના આત્મારૂપ સ્વર્ગમાં રહેલો છે માટે દિવ્ય છે અથવા અલૌકિક છે માટે દિવ્ય છે તથા જે સર્વ મૂર્તિથી રહિત છે માટે અમૂર્ત છે તથા જે પૂર્ણ છે માટે પુરૂષરૂપે છે તે બહાર અને અન્દર વર્તનારો છે તથા અજન્મા છે, પ્રાણુરહિત છે, મન રહિત છે, ઉપાધિથી રહિત હોવાથી શુદ્ધરૂપ છે અને પર એવું જે અક્ષર તેથકી પણ પર છે. ॥ ૨૪ ॥

मूलम—एतस्माज्जायतेप्राणोमनःसर्व्वेन्द्रियाणिच । खं-
वायुर्ज्योतिरापःपृथिवीविश्वस्यधारिणी ॥२५॥

पदानि—एतस्मात् जायते प्राणः मनः सर्वेन्द्रियाणि च ॥
खं वायुः ज्योतिः आपः पृथिवी विश्वस्य धारिणी॥२५॥

अन्वयार्थः—**एतस्मात्** એથકી **प्राणः** પ્રાણુ **जायते** ઉત્પન્ન થાય છે. **च** તથા **मनः** મન **सर्व्वेन्द्रियाणि** સર્વ ઇન્દ્રિયો **खं** આકાશ **वायुः** વાયુ **ज्योतिः** તેજ **आपः** જલ ' અને ' **विश्वस्य** વિશ્વને **धारिणि** ધારણુ કરનારી **पृथिवी** પૃથ્વી 'ઉત્પન્ન થાયછે.

टीका—એ પુરૂષથકી પ્રાણુ ઉત્પન્ન થાય છે. મન તથા સર્વ ઇન્દ્રિયો અને તેના વિષય પણુ એજ પુરૂષથી ઉત્પન્ન થાય છે માટે એ પુરૂષને પ્રાણાદિકથી જે રહિતપણું છે તે યથાર્થ સિદ્ધ થયું એમ જાણવું. જેમ તે પ્રાણાદિક ઉત્પત્તિથી પૂર્વે પરમાર્થથી અવિદ્યમાન છે તેમ ઉત્પત્તિપછી તેને વિષેજ લીન થાય છે. જેમ એ પુરૂષથકી મન અને ઇન્દ્રિયોરૂપ કરણુ ઉત્પન્ન થાય છે તેમ શરીર અને વિષયોના કારણુ જે આકાશ, વાયુ, તેજ અને વિશ્વને ધારણુ કરનારી પૃથ્વી તે ઉત્પન્ન થાય છે. ॥ ૨૫ ॥

मूलम्—अग्निर्मूर्द्धाचक्षुषीचन्द्रसूर्य्यौदिशःश्रोत्रेवाग्वि
वृताश्चवेदाः । वायुःप्राणोहृदयंविश्वमस्यप-
द्भ्यांपृथिवीह्येषसर्व्वभूतान्तरात्मा ॥२६॥

पदानि—अग्निः मूर्द्धा चक्षुषी चन्द्रसूर्य्यौ दिशः श्रोत्रे वाग्
विवृताः च वेदाः । वायुः प्राणः हृदयं विश्वं अस्य
पद्भ्यां पृथिवी हि एषः सर्व्वभूतान्तरात्मा ॥२६॥

अन्वयार्थः—**अस्य** આ પુરૂષને **अग्निः** અગ્નિ **मूर्द्धा** મસ્તક છે **चन्द्रसूर्य्यौ** ચન્દ્ર અને સૂર્ય **चक्षुषी** બે ચક્ષુ છે **दिशः** દિશાઓ **श्रोत्रे** શ્રોત્ર છે **च** તથા **विवृताः** પ્રસિદ્ધ **वेदाः** વેદો **वाक्** વાણી છે **वायुः** વાયુ **प्राणः** પ્રાણ છે **विश्वं** વિશ્વ **हृदयं** હૃદય છે **पद्भ्यां** બે પગથકી **हि** નિશ્ચે **पृथिवी** પૃથ્વી છે ' અને ' **एषः** આ **सर्वभूतान्तरात्मा** સર્વ ભૂતોનો અન્તરાત્મા છે.

टीका—અગ્નિ એટલે સ્વર્ગલોક છે મસ્તક જેનું અને દશ દિશાઓ છે બે શ્રોત્ર જેના અને પ્રસિદ્ધ એવા ચાર વેદ છે વાણી જેની અને વાયુ છે પ્રાણ જેનો અને સમસ્ત જગત્ છે હૃદય અર્થાત્ અન્તઃકરણ જેનું અને જેના પગથી પૃથ્વી થયેલી છે એ પ્રથમ શરીરધારી, ત્રીલોકયમય દેહરૂપ, ઉપાધિવાળો, અનન્તરૂપ, વિષ્ણુદેવ આકાશાદિક સર્વ ભૂતોનો અન્તરાત્મા (સ્થૂલ પંચભૂતરૂપ શરીરવાળો વિરાટ્) છે. ॥ ૨૬ ॥

मूलम्—तस्मादग्निःसमिधोयस्यसूर्य्यःसोमात्पर्जन्य-
ओषधयःपृथिव्याम् । पुमान्रेतःसिञ्चतियोषितः
तायांबह्वीःप्रजाःपुरुषात्सम्प्रसूताः ॥२७॥

पदानि—तस्मात् अग्निः समिधः यस्य सूर्य्यः सोमात् पर्जन्यः
ओषधयः पृथिव्याम् ॥ पुमान् रेतः सिञ्चति योषितायां
बह्वीः प्रजाः पुरुषात् सम्प्रसूताः ॥२७॥

अन्वयार्थः—**तस्मात्** તે પરપુરૂષથી **अग्निः** અગ્નિ 'થાય છે' **यस्य** જે 'અગ્નિને' **सूर्य्यः** સૂર્ય ' સમિધ્‌ની પેઠે ' **समिधः** સમિધ્ છે :તે અગ્નિવડે ઉત્પન્ન થયેલા' **सोमात्** ચન્દ્રથી **पर्जन्यः** મેઘ થાય છે તે મેઘથકી **पृथिव्यां** પૃથ્વીમાં **ओषधयः** ઓષધિઓ

' થાય છે ' **पुमान्** પુરૂષ **योषितायां** સ્ત્રીમાં **रेतः** વીર્યને **सिञ्चति** સિંચન કરે છે ' એમ ક્રમથકી પરબ્રહ્મરૂપ ' **पुरुषात्** પુરૂષથકી **बह्वीः** બહુ **प्रजाः** પ્રજાઓ **सम्प्रसूताः** ઉત્પન્ન થયેલી છે.

टीका—તે પુરૂષથકી પ્રજાની સ્થિતિવિશેષરૂપ અને સ્વર્ગલોકરૂપ જે અગ્નિ છે તે ઉત્પન્ન થાય છે કે જે અગ્નિને સૂર્ય સમિધની પેઠે સમિધ છે. સૂર્યથી સ્વર્ગ લોક પ્રકાશિત થાય છે માટે સૂર્ય તેનાં સમિધ છે. તે સ્વર્ગલોકરૂપ અગ્નિ-વડે ઉત્પન્ન થયેલા ચન્દ્રથી મેઘરૂપ બીજો અગ્નિ ઉત્પન્ન થાય છે. તે મેઘથી પૃથ્વીમાં ઔષધિયો થાય છે. પુરૂષરૂપ અગ્નિમાં હવન કરેલી ઔષધિયોથી તે પુરૂષરૂપ અગ્નિ સ્ત્રીરૂપ અગ્નિમાં વીર્ય સિંચન કરે છે. એમ ક્રમેકરીને પરબ્રહ્મરૂપ પુરૂષથી ઘણા પ્રકારની બ્રાહ્મણાદિક પ્રજાઓ ઉત્પન્ન થાય છે તથા કર્મનાં સાધન અને ફલ તે પુરૂષથીજ થાય છે એમ હવે આગલા મંત્રમાં કહેવાય છે. ।। ૨૭ ।।

**मूलम्—तस्मादृचःसामयजूंषिदीक्षायज्ञाश्चसर्व्वेक्रतवो-
दक्षिणाश्च। संवत्सरश्चयजमानश्चलोकाःसोमो-
यत्रपवतेयत्रसूर्य्यः ॥२८॥**

**पदानि—तस्मात् ऋचः साम यजूंषि दीक्षा यज्ञाः च सर्व्वे
क्रतवः दक्षिणाः च ॥ संवत्सरं च यजमानः च
लोकाः सोमः यत्र पवते यत्र सूर्य्यः ॥२८॥**

अन्वयार्थः **तस्मात्** તે પુરૂષથકી **ऋचः** ઋચાઓ **साम** સામ **यजूंषि** યજુ-ષના મંત્રો **दीक्षा** દીક્ષા **च** તથા **सर्व्वे** સર્વ **क्रतवः** ક્રતુરૂપ **यज्ञाः** યજ્ઞો **च** તથા **दक्षिणाः** દક્ષિણાઓ **च** તથા **संवत्सरं** સંવત્સર **च** તથા **यजमानः** યજમાન ' એ કર્મનાં સાધન થયાં અને કર્ત્તાને ફલરૂપ એવા ' **लोकाः** લોક ' થયા ' **यत्र** જે લોકમાં **सोमः** ચન્દ્રમા ' પોષણ કરે છે અને ' **यत्र** જે લોકોમાં **सूर्य्यः** સૂર્ય **पवते** તપે છે.

टीका—જે પુરૂષથી નિયમિત અક્ષરવાળાં પદ છે અન્તમાં જેને એવા ગાયત્રી આદિક છન્દયુક્ત મંત્રરૂપ ઋચાઓ, તથા પાંચ અવયવવાળા, સાત અવયવવાળા અર્થરહિત અક્ષરરૂપ અને સ્તોત્રાદિક ગીતિવિશિષ્ટ એવું સામ તથા નિયમરહિત અક્ષરરૂપ-વાળાં પદ છે જેના અન્તમાં એવા વાક્યરૂપ યજુર્વેદના મંત્રો; એમ ત્રણ પ્રકારે મંત્ર થયા. યજ્ઞોપવીતઆદિક લક્ષણવાળા કર્ત્તાના નિયમ વિશેષરૂપ દીક્ષા તથા યજ્ઞના સ્તંભસહિત સર્વ અગ્નિહોત્રાદિક ક્રતુરૂપ યજ્ઞો તથા એક ગાયને આદિ લઈ અપરિમિત સર્વ ધનના દાનપર્યન્ત દક્ષિણા તથા કાલરૂપ સંવત્સર તથા કર્ત્તારૂપ યજમાન, એ સર્વ કર્મનાં સાધન તથા લોક ઉત્પન્ન થયેલાં છે કે જે લોકમાં ચન્દ્રમા પોષણ કરે છે તથા જે લોકમાં સૂર્ય તપે છે. ।। ૨૮ ।।

मूलम्—तस्माच्चदेवाबहुधासम्प्रसूताःसाध्यामनुष्याःप·
शवोवयांसि । प्राणापानौव्रीहियवौतपश्चश्र·
द्धासत्यंब्रह्मचर्य्यंविधिश्च ॥२९॥

पदानि--तस्मात् च देवाः बहुधा सम्प्रसूताः साध्याः मनुष्याः
पशवः वयांसि ॥ प्राणापानौ व्रीहियवौ तपः च श्रद्धा
सत्यं ब्रह्मचर्य्यं विधिः च ॥२९॥

अन्वयार्थः—**च** તથા **तस्मात्** તે પુરૂષથકી **बहुधा** બહુ પ્રકારે **देवाः** દેવા **सम्प्रसूताः** સારી રીતે ઉત્પન્ન થયા છે 'અને' **साध्याः** સાધ્યો **मनुष्याः** મનુષ્યો **पशवः** પશુઓ **वयांसि** પક્ષિયો **प्राणापानौ** પ્રાણ અપાન **व्रीहियवौ** વ્રીહિયવ **च** તથા **तपः** તપ **श्रद्धा** શ્રદ્ધા **सत्यं** સત્ય **ब्रह्मचर्य्यं** બ્રહ્મચર્ય **च** તથા **विधिः** વિધિ ' એ સર્વે ઉત્પન્ન થયાં.

टीका—તથા તે પુરૂષથકી કર્મના અંગભૂત વસુઆદિક ગણોના ભેદથી બહુ પ્રકારે દેવો પ્રથમ ઉત્પન્ન થયા. સાધ્ય નામના દેવ અને કર્મના અધિકારી મનુષ્યો ગ્રામ અને વનના નિવાસી પશુ પક્ષિયો ઉત્પન્ન થયા તથા મનુષ્યાદિકના જીવનરૂપ પ્રાણ અપાન અને હવનરૂપ અર્થવાળા તંદુલ જવ તથા તપ, શ્રદ્ધા, સત્ય, બ્રહ્મચર્ય અને વિધિ એ સર્વે ઉત્પન્ન થયાં. ॥ ૨૯ ॥

मूलम्—सप्तप्राणाःप्रभवन्तितस्मात्सप्तार्चिषःसमिधःस-
प्तहोमाः । सप्तइमेलोकायेषुचरान्तिप्राणागुहा-
शयानिहिताःसप्तसप्त ॥३०॥

पदानि--सप्त प्राणाः प्रभवन्तिं तस्मात् सप्त अर्चिषः समिधः
सप्त होमाः ॥ सप्त इमे लोकाः येषु चरन्ति प्राणाः
गुहाशयाः निहिताः सप्त सप्त ॥३०॥

अन्वयार्थः—**तस्मात्** તે પુરૂષથકી **सप्त** સાત **प्राणाः** ઇન્દ્રિયો **सप्त** સાત **अर्चिषः** જ્વાલાએ અને **समिधः** સમિધ્ **सप्त** સાત **होमाः** હોમ **प्रभवन्ति** થાય છે ' અને ' **येषु** જેઓનેવિષે **प्राणाः** પ્રાણો **चरन्ति** ગતિ કરે છે ' એવા ઇન્દ્રિયોના' સ્થાનરૂપ **इमे** આ **सप्त** સાત **लोकाः** લોક ' થાય છે જે પ્રાણ નિદ્રાકાળમાં શરીર રૂપ અથવા હૃદયરૂપ ' **गुहाशयाः** ગુહામાં રહેનારા છેઃ ' અને તે ' **सप्त** સાત **सप्त** સાત **निहिताः** સ્થાપન કરેલા છે.

टीका તે પુરૂષથકી આ સાત પ્રાણ અર્થાત્ ઇન્દ્રિયો થાય છે અને તે પ્રાણોની પોત પોતાના વિષયને પ્રકાશ કરવારૂપ સાત જ્વાલા થાય છે અને તેમજ સાત વિષયરૂપ સાત સમિધ્ થાય છે. વિષયોવડે એ ઇન્દ્રિયોરૂપ પ્રાણ બાહેર પ્રવર્તે છે માટે વિષય એનાં સમિધ્ છે જેઓને વિષે પ્રાણ વિચરે છે એવા ઇન્દ્રિયોના સ્થાનરૂપ એ સપ્તલોક થાય છે કે જે પ્રાણ નિદ્રાકાળમાં શરીરરૂપ અથવા હૃદયરૂપ ગુહામાં રહે છે અને જે પરમેશ્વરે પ્રાણિયોના ભેદપ્રત્યે સાત સાત સ્થાપન કરેલા છે. આ બધા પ્રકરણનો આવી રીતે અર્થ છે કે આત્માને યજન કરનાર વિદ્વાન્ પુરૂષોનાં જે કર્મ અને તે કર્મનાં સાધન અને કર્મનાં ફલ છે તથા અવિદ્વાન્ પુરૂષનાં કર્મ અને તે કર્મનાં સાધન અને તે કર્મનાં ફલ છે; તેસર્વ જગત્ સર્વજ્ઞ એવા પર પુરૂષથીજ ઉત્પન્ન થયું છે. ॥ ૩૦ ॥

मूलम्—अतःसमुद्रागिरयश्चसर्व्वेऽस्मात्स्यन्दन्तेसिन्धवः सर्व्वरूपाः ॥ अतश्चसर्व्वाओषधयोरसश्चयेनैष-भूतैस्तिष्ठतेह्यन्तरात्मा ॥ ३१ ॥

पदानि—अतः समुद्राः गिरयः च सर्व्वे अस्मात् स्यन्दन्ते सिन्धवः सर्व्वरूपाः ॥ अतः च सर्व्वाः ओषधयः रसः च येन एषः भूतैः तिष्ठते हि अन्तरात्मा ॥३१॥

अन्वयार्थः—**अतः** એ પુરૂષથકી **समुद्राः** સમુદ્ર ' અને ' **सर्व्वे** સર્વ **गिरयः** પર્વતો થાય છે **च** તથા **अस्मात्** એથકી **सर्व्वरूपाः** બહુ રૂપવાળી **सिन्धवः** નદિયો **स्यन्दन्ते** વહે છે **च** તથા **अतः** એથકી **सर्व्वाः** સર્વ **ओषधयः** ઓષધિયો **च** તથા **रसः** રસ ' થાય છે ' **येन** જે રસવડે **हि** નિશ્ચે **भूतैः** ' પંચ ' ભૂતોએ કરીને 'આવૃત થયેલો ' **एषः** આ **अन्तरात्मा** લિંગદેહ **तिष्ठते** રહે છે.

टीका—એ પુરૂષથકી ક્ષારઆદિક સપ્ત સમુદ્ર થાય છે અને હિમવાન્આદિક સર્વ પર્વત એ પુરૂષથકીજ ઉત્પન્ન થાય છે અને બહુ રૂપવાળી ગંગાઆદિક નદિયો એ પુરૂષથીજ ઉત્પન્ન થાય છે અને એજ પુરૂષથકી તન્દુલયવાદિ સર્વ ઓષધિયો થાય છે અને એજ પુરૂષથકી મધુરઆદિક છ પ્રકારનો રસ ઉત્પન્ન થાય છે કે જે રસવડે સ્થૂલ પંચભૂતોએકરીને આવૃત થયેલો અન્તરાત્મા (લિંગદેહ) રહે છે. લિંગરૂપ જે સૂક્ષ્મ શરીર છે તે સ્થૂલ શરીર અને આત્માના મધ્યમાં વર્ત્તે છે માટે અન્તરાત્મા કહેવાય છે. ॥ ૩૧ ॥

मूलम्—पुरुषएवेदंविश्वंकर्म्मतपोब्रह्मपरामृतम् । एतद्योवेद-निहितंगुहायांसोऽविद्याग्रन्थिंविकिरतीहसौम्य ॥३२॥

पदानि—पुरुषः एव इदं विश्वं कर्म तपः ब्रह्म परामृतम् ॥
एतत् यः वेद निहितं गुहायां सः अविद्याग्रन्थिं
विकीरति इह सौम्य ॥३२॥

अन्वयार्थः—**पुरुषः एव** પુરૂષજ **इदं** આ **विश्वं** સર્વ છે ' માટે ' **कर्म** કર્મ **तपः** તપ ' એ પણ બ્રહ્મનું કાર્ય છે માટે ' **परामृतम्** પર અને અમૃત એવું અને **गुहायां** ' સર્વ પ્રાણિયોના ' હૃદયમાં **निहितं** રહેલું **ब्रह्म** બ્રહ્મ ' હું છું એવી રીતે ' **एतत्** એ બ્રહ્મને **यः** જે ' પુરૂષ ' **वेद** જાણે છે **सौम्य** હે સૌમ્ય **सः** તે 'પુરૂષ' **इह** અહિં ' જીવતાં છતાં **अविद्याग्रन्थि** અવિદ્યાની ગ્રંથિની પેઠે દૃઢ થયેલી અવિદ્યાની વાસનાને **विकिरति** નાશ કરે છે.

टीका—એવી રીતે પુરૂષથકી આ સર્વ ઉત્પન્ન થયેલું છે માટે વાણીમાત્રથી જે ઉચ્ચારણ કરાય છે તે વિકાર છે અને તે વિકાર નામમાત્ર છે અર્થાત્ મિથ્યા છે અને પુરૂષજ સત્ય છે માટે પુરૂષજ આ સર્વ છે પણ પુરૂષથી અન્ય વિશ્વનામે બીજી કોઇ વસ્તુ નથિ. વળી તે વિશ્વ કેવું છે ? એમ કોઈ કહે તો ત્યાં આમ સમજવું કે અગ્નિહોત્રાદિરૂપ કર્મ અને તે કર્મથી કરેલું જ્ઞાનમય તપ અને બીજું પણ જે આ સવ છે તે બ્રહ્મનું કાર્ય છે માટે હે સૌમ્ય ! સર્વ પ્રાણિયોના હૃદયરૂપ ગુહામાં રહેલું અને પરમ અમૃતરૂપ જે બ્રહ્મ તેજ હું છું, એમ જે પુરૂષ જાણે છે તે પુરૂષ એવા વિજ્ઞાનથી અહિં જીવતા છતાંજ અવિદ્યાની ગ્રંથિની પેઠે દૃઢ થયેલી અવિદ્યાની વાસનાનો નાશ કરે છે. ॥ ૩૨ ॥

इति द्वितीयमुण्डके प्रथमखण्डः

मूलम्—आविःसन्निहितंगुहाचरन्नाममहत्पदमत्रैतत्सम-
र्पितम् ॥ एजत्प्राणन्निमिषच्चयदेतज्जानथसदस-
द्वरेण्यंपरंविज्ञानाद्यद्वरिष्ठंप्रजानाम् ॥ ३३ ॥

पदानि—आविः सन्निहितं गुहाचरं नाम महत्पदं अत्र एतत्
समर्पितम् । एजत् प्राणत् निमिषत् च यत् एतत् जानथ
सत् असत् वरेण्यं परविज्ञानात् यत् वरिष्ठं प्रजानाम्३३

अन्वयार्थः—' જે બ્રહ્મ ' **आविः** પ્રકાશરૂપ 'છે અને ' **सन्निहितं** સારી રીતે રહેલું છે' અને હૃદયરૂપી ગુહામાં વિચરે છે માટે ' **गुहाचरं** ગુહાચર ' એવા નામથી ' **नाम** પ્રસિદ્ધ છે ' તથા તે બ્રહ્મ, **महत्पदं** મહોટા પદરૂપે છે **एजत्** ચલનવાળું 'જે પક્ષિઆદિક ' **प्राणत्** પ્રાણવાળું ' જે મનુષ્યાદિક ' **निमिषत्** નિમિષઆદિ ક્રિયાવાળું **च**

તથા ' અનિમષવાળું જે સર્વ છે ' **एतत्** એ સર્વ **अत्र** આ બ્રહ્મનેવિષે **समर्पितम्** પ્રવેશ પામેલું છે ' એવી રીતે ' **यत्** જે **एतत्** આ ' બ્રહ્મ છે તેને **हे** શિષ્યો તમે ' **जानथ** જાણો ' તથા તે બ્રહ્મ ' **सत् असत्** સત્ અને અસત્રૂપ ' તથા ' **वरेण्यं** સર્વને ઇચ્છા કરવા યોગ્ય ' તથા ' **प्रजानां परविज्ञानात्** પ્રજાઓના વિજ્ઞાનથી પર છે ' અને ' **यत्** જે **वरिष्ठं** અતિશય શ્રેષ્ઠ છે.

टीका—અરૂપ અને સત્સ્વરૂપ એવું જે બ્રહ્મ તે કયે પ્રકારે જાણવા યોગ્ય છે તે હવે કહેવાય છે. જે બ્રહ્મ પ્રકાશરૂપ છે અને સારી રીતે રહેલું છે તથા તે દર્શન શ્રવણઆદિક પ્રકારોવડે હૃદયરૂપ ગુહામાં વિચરે છે માટે ગુહાચર એવા નામથી પ્રખ્યાત છે. જે બ્રહ્મ સર્વથી મ્હોટું હોવાને લીધે મહત્ છે અને સર્વ પદાર્થોના આશ્રયરૂપ હોવાથી સર્વને પ્રાપ્ત થાય છે માટે પદ કહેવાય છે અને તેથીજ તે મહત્પદરૂપ છે. શંકા–તે બ્રહ્મ મહત્પદરૂપ કેમ છે ? સમાધાન–જે ચલનવાળું પક્ષિઆદિક જે તથા જે પ્રાણ અપાનાદિક પ્રાણોવાળું મનુષ્ય પશુઆદિક છે તથા જે નિમેષઆદિક ક્રિયાવાળું છે તથા જે અનિમેષવાળું છે, તે સર્વ આ બ્રહ્મનેવિષે, રથચક્રની નાભિમાં આરાઓની પેઠે પ્રવેશ પામેલું છે. એવું જે આ-શ્રયરૂપ વસ્તુ છે તેને હે શિષ્યો ! તમે જાણો. તે બ્રહ્મ તમારૂં આત્મરૂપ છે અને સત્ અસત્ સ્વરૂપ છે કારણકે મૂર્ત્ત અને અમૂર્ત્તરૂપ જે સ્થૂલ અને સૂક્ષ્મ પ્રપંચ છે તે સત્ અને અસત્ કહેવાય છે અને તેને બ્રહ્મથી ભિન્ન ભાવનો અભાવ છે માટે બ્રહ્મ સત્ અને અસત્ સ્વરૂપ છે. તે બ્રહ્મ વરણ્ય છે અર્થાત્ નિત્ય હોવાથી સર્વને યાચના કરવા યોગ્ય છે તથા લૌકિક જ્ઞાનને અગોચર છે અને સર્વ પદાર્થોમાં અતિ શ્રેષ્ઠ છે તથા સર્વ દોષથી રહિત છે. ॥ ૩૩ ॥

मूलम्—**यदर्चिमद्यदणुभ्योऽणुयस्मिन्लोकानिहितालोकिनश्च तदेतदक्षरंब्रह्मसप्राणस्तदुवाङ्मनः॥ तदेतत्सत्यंतदमृतंतद्वेद्धव्यंसौम्यविद्धि ॥ ३४ ॥**

पदानि—**यत् अर्चिमत् यत् अणुभ्यः अणु यस्मिन् लोकाः निहिताः लोकिनः च ॥ तत् एतत् अक्षरं ब्रह्म सः प्राणः तत् उ वाङ्मनः । तत् एतत् सत्यं तत् अमृतं तत् वेद्धव्यं सौम्य विद्धि**

अन्वयार्थः—**यत्** જે ' બ્રહ્મ ' **अर्चिमत्** પ્રકાશવાળું ' તથા ' **यत्** જે **अणुभ्यः** સૂક્ષ્મ વસ્તુઓથી પણ **अणु** સૂક્ષ્મ છે **यस्मिन्** જેનેવિષે **लोकाः** લોક **च** તથા **लोकिनः** લોકના નિવાસિયો **निहिताः** રહેલા છે **तत्** તે **एतत्** આ **अक्षर** અક્ષર **ब्रह्म** બ્રહ્મ ' છે અને ' **सः** તે **प्राणः** પ્રાણ **तत्** **उ** તે **वाङ्मनः** વાણી અને મન છે ' તથા ' **तत्** તે **एतत्** આ **सत्यं** સત્ય છે **तत्** તે **अमृतं** અમૃત છે **तत्** **वेद्धव्यं** તેને વિષે મનનું સમાધાન કરવું એ યોગ્ય છે 'માટે' **सौम्य** હે સૌમ્ય **विद्धि** ' તે બ્રહ્મનેવિષે ' ચિત્ત એકાગ્ર કર.

टीका—જે બ્રહ્મ પોતાના પ્રકાશથી સૂર્ય આદિકને પ્રકાશ કરે છે માટે પ્રકાશવાન્ છે તથા જે સૂક્ષ્મ વસ્તુઓથી પણ સૂક્ષ્મ છે તથા જે પૃથ્વીઆદિક સ્થૂલ વસ્તુઓથી પણ અત્યન્ત સ્થૂલ છે તથા જનેવિષે પૃથ્વીઆદિ લોક તથા લોકમાં રહેનારા પ્રાણિયો રહેલાં છે, તે આ સર્વેનું આશ્રયરૂપ અવિનાશી બ્રહ્મ છે તથા તે પ્રાણ છે તથા તે વાણી અને મન છે. તે આ બ્રહ્મ સત્ય છે માટે અવિનાશી છે. તેને વિષે મનનું સમાધાન કરવું એ યોગ્ય છે માટે હે સૌમ્ય ! તે બ્રહ્મમાં ચિત્તને એકાગ્ર કર. ॥ ૩૪ ॥

मूलम्—धनुर्गृहीत्वौपनिषदंमहास्त्रंशरंह्युपासानि-
शितंसन्धीयत् ॥ आयम्यतद्भावगतेन-
चेतसालक्ष्यंतदेवाक्षरं सौम्यविद्धि ॥ ३५ ॥

पदानि—धनुः गृहीत्वा औपनिषदं महास्त्रं शरं हि उपासा-
निशितं सन्धयित ॥ आयम्य तत् भावगतेन चेतसा-
लक्ष्यं तत् एव अक्षरं सौम्य विद्धि ॥ ३५ ॥

अन्वयार्थः—**औपनिषदं** ઉપનિષદોમાં પ્રસિદ્ધ **धनुः** ધનુષ્યરૂપ **महास्त्रं** મ્હોટા અસ્ત્રને **गृहीत्वा** ગ્રહણ કરીને ' તે ધનુષ્યનેવિષે ' **हि** નિશ્ચે **उपासानिशितं** ધ્યાનથી તીક્ષ્ણ એવા **शरं** બાણને **सन्धीयत** સાધવું **तद्भावगतेन** તે અક્ષરમાં ભાવના પામેલા **चेतसा** ચિત્તવડે **आयम्य** ખેંચીને **सौम्य** હે સૌમ્ય **तत्** તે **अक्षरं** અક્ષરરૂપ 'બ્રહ્મને' **एव** નિશ્ચે **लक्ष्यं** લક્ષ કરવાયોગ્ય **विद्धि** જાણ.

टीका—ઉપનિષદોમાં પ્રસિદ્ધ એવું જે ધનુષ્યરૂપ મ્હોટું અસ્ત્ર તેને ગ્રહણ કરીને તે ધનુષ્યમાં નિરન્તર ધ્યાનવડે તીક્ષ્ણ (સંસ્કારયુક્ત) કરેલા બાણનું સંધાન કરવું. આ ઠેકાણે હાથવડે ધનુષ્યનું આકર્ષણ કરવું એ સંભવતું નથિ માટે તે અક્ષર બ્રહ્મરૂપ લક્ષ્યમાં ભાવનાને પ્રાપ્ત થયેલા ચિત્તવડે ઇન્દ્રિયસહિત અન્તઃકરણને પોતાના વિષયથી પાછાં વાળીને લક્ષ્યમાં લાવવારૂપ ધનુષ્યનું આકર્ષણ કરીને હે સૌમ્ય ! તે પ્રથમ કહેલા અક્ષરરૂપ લક્ષ્યનેવિષે ચિત્તને એકાગ્ર કર. ॥ ૩૫ ॥

मूलम्—प्रणवोधनुःशरोह्यात्माब्रह्मतल्लक्ष्यमुच्यते ॥
अप्रमत्तनवेद्धव्यंशरवत्तन्मयोभवेत् ॥ ३६ ॥

पदानि—प्रणवः धनुः शरः हि आत्मा ब्रह्म तत् लक्ष्यं उच्यते ॥
अप्रमत्तेन वेद्धव्यं शरवत् तन्मयः भवेत् ॥ ३६ ॥

अन्वयार्थः—**प्रणवः** ૐકારરૂપ **धनुः** ધનુષ્ય છે **हि** નિશ્ચે **आत्मा** આત્મા **शरः**

બાણ છે ' અને ' अप्रमत्तेन પ્રમાદથી રહિત ' એવા ચિત્તવડે જે ' ब्रह्म બ્રહ્મ वेद्धव्यं એકાગ્ર કરવા યોગ્ય છે तत् તે लक्ष्यं લક્ષ્ય उच्यते કહેવાય છે ' માટે તે એકાગ્રતા કાર્યપછી પુરૂષ ' शरवत् બાણની પેઠે तन्मयः તન્મય भवेत् થાય.

टीका—ૐકારરૂપ ધનુષ્ છે. જેમ ધનુષ્ જે છે તે નિશાનમાં બાણના પ્રવેશનું કારણ છે તેમ આત્મારૂપ બાણને અક્ષરરૂપ લક્ષ્યમાં પ્રવેશનું કારણ ૐકાર છે. આત્મારૂપ બાણ છે અર્થાત્ ઉપાધિવડે લક્ષિત એવા પરમાત્માજ જલગત સૂર્યના પ્રતિબિમ્બાદિકની પેઠે આદેહમાં સર્વ બુદ્ધિયોના સાક્ષી હોવાથી પ્રવેશ પામ્યા છે તે બાણની પેઠે છે. પ્રમાદરહિત એવા ચિત્તવડે વેધવાયોગ્ય જે બ્રહ્મ તે લક્ષ્ય કહેવાય છે માટે તે વેધવા પછી બાણની પેઠે પુરૂષ તન્મય (તો રૂપે) થાય છે. જેમ બાણનું લક્ષ્યની સાથે એકરૂપતામય ફલ થાય છે તેમ દેહાદિક અનાત્માકાર વૃત્તિયોના તિરસ્કારથી અક્ષરની સાથે એકરૂપતામય ફલને સમ્પાદન કરવું. ॥ ૩૬ ॥

मूलम्—यस्मिन्द्यौःपृथिवीचान्तरिक्षमोतंमनःसहप्राणैश्चसर्वैः । तमेवैकंजानथआत्मानमन्यावाचोविमुञ्चथअमृतस्यैषसेतुः ॥ ३७ ॥

पदानि—यस्मिन द्यौः पृथिवी च अन्तरिक्षं ओतं मनः सह प्राणैः च सर्वैः ॥ तं एव एकं जानथ आत्मानं अन्याः वाचः विमुञ्चथ अमृतस्य एषः सेतुः ॥ ३७ ॥

अन्वयार्थः—यस्मिन् જે ' અક્ષર પુરૂષમાં ' द्यौः સ્વર્ગ पृथिवि પૃથ્વી च તથા अन्तरिक्षं અન્તરિક્ષ ओतं પ્રવેશ પ્રામ્યું છે च તથા प्राणः सह પ્રાણોની સાથે सर्वैः સર્વ ' ઇંદ્રિયો સહિત ' मनः મન ' પ્રવેશ પામ્યું છે ' तं તે एकं એક आत्मानं एव આત્માનેજ जानथ જાણો अन्याः બીજી वाचः વાણિયો विमुञ्चथ છોડીદો एषः એ अमृतस्य મોક્ષનો सेतुः પાજ છે.

टीका—જે અક્ષર પુરૂષનેવિષે સ્વર્ગ, પૃથ્વી, અન્તરિક્ષ તથા સર્વ ઇન્દ્રિયોએ સહિત મન પ્રવેશ પામેલું છે તે સર્વના આશ્રયરૂપ એક આત્માને જાણો. અને આત્માને જાણીને અપર વિદ્યારૂપ વાણિયોને તથા તેવડે જાણવાયોગ્ય એવાં સાધનસહિત સર્વ કર્મને છોડો. આ આત્માનું જ્ઞાન મોક્ષની પ્રાપ્તિને માટે પાજ છે કારણકે તે જ્ઞાન સંસારરૂપી મહાસમુદ્રને ઉતરવામાં કારણ છે. ॥ ૩૭ ॥

मूलम्—अराइवरथनाभौसंहतायत्रनाड्यःसएषोऽन्तश्चरतेबहुधाजायमानः । ॐमित्येवंध्यायथआत्मानंस्वास्तिवःपरायतमसःपरस्तात् ॥ ३८ ॥

पदानि—अराः इव नाभौ संहताः यत्र नाड्यः सः एषः अन्तः चरते बहुधा जायमानः ॥ ॐ इति एवं ध्यायथ आः त्मानं स्वस्ति वः पराय तमसः परस्तात् ॥ ३८ ॥

'**अन्वयार्थः**—**इव** જેમ **रथनाभौ** રથચક્રની નાભિમાં ' પ્રવિષ્ટ થયેલા ' **अराः** આરા 'હોય એમ' **यत्र** જે હૃદયમાં **नाड्यः** નાડિયો **संहताः** પ્રવિષ્ટ થયેલી છે ' તે હૃદયમાં ' **सः** તે **एषः** આ ' આત્મા ' **अन्तः** અન્દર **चरते** વર્ત્તે છે ' અને ' **बहुधा** બહુ પ્રકારે **जायमानः** થતો ' હોય એમ જણાય છે ' **आत्मानं** 'તે' આત્માને ॐ ॐ **इति एवं** એ પ્રકારે **ध्यायथ** ધ્યાન કરો ' અને ' **तमसः परस्तात्** અવિદ્યારૂપ તમથી પર એવું **वः** તમારૂં **पराय** પરકાલમાટે **स्वस्ति** કલ્યાણ થાઓ. '

टीका—જેમ રથચક્રની નાભિનેવિષે પ્રવેશને પ્રાપ્ત થયેલા આરા (નીચેનાં કાષ્ટ) છે તેમ જે હૃદયનેવિષે સર્વે તરફથી દેહમાં વ્યાપવાવાળી પ્રસિદ્ધ નાડિયો સારી રીતે પ્રવેશને પ્રાપ્ત થયેલી છે, તે હૃદયમાં બુદ્ધિની વૃત્તિયોના સાક્ષીરૂપ અને આ પ્રસંગમાં પ્રાપ્ત થયેલો આત્મા તે હૃદયના મધ્યનેવિષે દેખતો છતો, શ્રવણ કરતો છતો, મનન કરતો છતો અને જાણતો છતો વર્ત્તે છે અને ક્રોધ હર્ષ આદિક વૃત્તિયોથી જાણે અનેક પ્રકારનો થયો હોય એમ દેખાય છે, તે આત્માને ॐ એ પ્રકારે ૐકારરૂપ આશ્રયવાળા થઇ તમે ધ્યાન કરો અને અવિદ્યારૂપ તમથકી જે પર છે તેને અર્થે (અવિદ્યારહિત બ્રહ્માત્મ સ્વરૂપની પ્રાપ્તિને અર્થે) તમારૂં સ્વસ્તિ થાઓ. ॥ ૩૮ ॥

मूलम्—यःसर्व्वज्ञःसर्व्वविद्यस्यैषमहिमाभुविदिव्येब्रह्मपुरे-
ह्येषव्योम्न्यात्माप्रतिष्ठितः । मनोमयःप्राणशरीरने-
ताप्रतिष्ठितोऽन्नेहृदयंसन्निधायतद्विज्ञानेनपरिपश्य-
न्तिधीराआनन्दरूपममृतंयद्विभाति ॥ ३९ ॥

पदानि—यः सर्व्वज्ञः सर्व्ववित् यस्य एषः महिमा भुवि दिव्ये ब्रह्म पुरे हि एषः व्योम्नि आत्मा प्रतिष्ठितः ॥ मनोमयः प्राणशरीरनेता प्रतिष्ठितः अन्ने हृदयं सन्निधाय तत् विज्ञानेन परिपश्यन्ति धीराः आनन्दरूपं अमृतं यत् विभाति ॥३९॥

अन्वयार्थः—**यः** જે **सर्व्वज्ञः** સર્વજ્ઞ **सर्व्ववित्** સર્વને વિશેષથી જાણનારો છે ' એની રીતે ' **यस्य** જેનો **एषः** આ **महिमा** મહિમા **भुवि** લોકમાં છે **हि** નિશ્ચે **एषः** એ **आत्मा** આત્મા **दिव्ये** દિવ્ય **ब्रह्मपुरे** બ્રહ્મપુરનેવિષે ' વિદ્યમાન એવા ' **व्योम्नि** આકાશમાં **प्रतिष्ठितः** રહેલો હોય ' એમ જણાય છે ' **मनोमयः** મનોમય થયેલો ' આ

આત્મા ' **प्राणशरीरनेता** પ્રાણ અને શરીર લેઇ જનારો **थइ प्रतिष्ठितः** રહેલો છે **अन्ने** 'પિંડરૂપ' અન્નમાં **हृदयं** બુદ્ધિને **सन्निधाय** સારી રીતે રાખીને ' રહેલો છે એવી રીતે' **आनन्दरुपं** આનન્દરૂપ ' અને ' **अमृतं** અમૃતરૂપ **यत्** જે **विभाति** જણાય છે **तत्** તેને **विज्ञानेन** વિજ્ઞાનવડે **धीराः** ધીર પુરૂષો **परिपश्यन्ति** જુવે છે.

टीका—જે સર્વજ્ઞ અને સર્વવિત્ છે એમ જેનો મહિમા પ્રવર્ત્તેલો છે તથા જે આત્મા હૃદયરૂપ બ્રહ્મપુરને વિદ્યમાન એવા આકાશમાં રહેલો ભાસે છે કારણકે આકાશની પેઠે સર્વવ્યાપક આત્માને ગમન આગમન અથવા સ્થિતિ અન્ય પ્રકારે સંભવતિ નથિ માટે તે આત્મા મનની વૃત્તિયોસહિત તે હૃદયાકાશમાં સ્થિત થયેલો હોય એમ ભાસે છે અને મનરૂપ ઉપાધિવાળો હોવાથી મનોમય થયેલો આ આત્મા પ્રાણ અને શરીરને લેઇ જનારો છે અર્થાત્ સ્થૂલ શરીરથી અન્ય સૂક્ષ્મ શરીરને લેઈ જનારો છે તથા દિન દિનમાં વૃદ્ધિ પામવાવાળું ઘટવાવાળું અને ભોજન કરેલા અન્નના પરિણામમય એવું જે પિંડરૂપ અન્ન તેનેવિષે હૃદયકમલના છિદ્રમાં પોતાની ઉપાધિરૂપ બુદ્ધિ સારી રીતેસ્થાપન કરીને રહેલો છે. જે આત્મા આનન્દરૂપ અને અમૃતરૂપ જણાય છે તેને ધીર પુરૂષો વિજ્ઞાનવડે જુવે છે.

मूलम्—भिद्यतेहृदयग्रन्थि श्छिद्यन्तेसर्व्वसंशयाः ।
क्षीयन्तेचास्यकर्म्माणि तस्मिन्दृष्टेपरावरे ॥ ४० ॥

पदानि—भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः ॥
क्षीयन्ते च अस्य कर्म्माणि तस्मिन् दृष्टे परावरे ॥४०॥

अन्वयार्थः—**तस्मिन्** તે **परावरे** પરાવર **दृष्टे** દેખે છતે **अस्य** આ પુરૂષના **हृदयग्रन्थिः** હૃદયની ગાંઠ **भिद्यते** ભેદાય છે **सर्व्वसंशयाः** સર્વ્વ સંશયો **छिद्यन्ते** છેદાય છે **च** તથા **कर्म्माणि** કર્મો **क्षीयन्ते** ક્ષય પામે છે.

टीका—પુરૂષને પરમાત્માના જ્ઞાનથી શું ફલ થાય છે તે હવે કહેવાય છેઃ-તે કારણરૂપથી પર અને કાર્યરૂપથી અવર પરમાત્માને જોવાથી હૃદયની ગ્રન્થિ ભેદાય છે અને સર્વ સંશયો છેદાઇ જાય છે. નિઃસંશય થયેલો અને અવિદ્યાથી રહિત એવો જે પુરૂષ તેના જ્ઞાનની ઉત્પત્તિથી પૂર્વે કરેલાં, અને ફલના આરંભથી રહિત જન્માન્તરમાં કરેલાં, અને આ જન્મમાં જ્ઞાનની ઉત્પત્તિની સાથે રહેલાં જે કર્મ છે તે ક્ષય પામે છે પરન્તુ આ જન્મના આરંભક જે પ્રારબ્ધ કર્મ છે તે ક્ષય પામતાં નથિ કારણકે ફલ આપવાને પ્રવર્ત્તેલાં છે. પછી આ જ્ઞાનીપુરૂષ જન્મ મરણાદિરૂપ સંસારનો નાશ થવાથી મુક્ત થાય છે. ॥ ૪૦ ॥

मूलम्—हिरण्मयेपरेकोशेविरजंब्रह्मनिष्कलम् ।
तच्छुभ्रंज्योतिषांज्योतिस्तद्यदात्मविदोविदुः ॥४१॥

पदानि—हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलम् ॥
तत् शुभ्रं ज्योतिषां ज्योतिः तत् यत् आत्मविदः विदुः

अन्वयार्थः- **परे** પર **हिरण्मये** પ્રકાશમય **कोशे** કોશમાં **यत्** જે **विरजं** ' અવિદ્યાદિ દોષરૂપ ' રજથી રહિત **ब्रह्म** બ્રહ્મરૂપ **निष्कलं** નિષ્કલ **तत्** પ્રસિદ્ધ **शुभ्रं** શુદ્ધ **ज्योतिषां** પ્રકાશોનો **ज्योतिः** પ્રકાશ છે **तत्** તેને **आत्मविदः** આત્માને જાણનારા ' પુરૂષો ' **विदुः** જાણતા હવા.

टीका—તરવારના કોશની પેઠે આત્મસ્વરૂપની પ્રાપ્તિનું સ્થાન હોવાથી, અને સર્વની અન્દર હોવાથી પર એવો જે બુદ્ધિના જ્ઞાનરૂપ પ્રકાશમય કોશ છે તેમાં અવિદ્યાદિક સર્વ દોષથી જે રહિત છે, તથા સર્વથી મહોટું હોવાથી અને સર્વનો આત્મા હોવાથી જે બ્રહ્મરૂપ છે તથા ષોડશ કલારૂપ અવયવોથી રહિત હોવાથી જે નિષ્કલ છે તથા જે શુભ્ર અર્થાત્ શુદ્ધ છે તથા જે અગ્નિ આદિ સર્વ પ્રકાશોનું પણ પ્રકાશરૂપ છે તેને આત્મજ્ઞાની પુરૂષો જાણે છે પણ જે બાહ્ય અર્થાકારવૃત્તિને અનુસરનારા છે તે જાણતા નથિ. ॥ ૪૧ ॥

मूलम्—**नतत्रसूर्य्योभातिनचन्द्रतारकंनेमाविद्युतोभान्तिकुतोऽयमग्निः ॥ तमेवभान्तमनुभातिसर्व्वंतस्यभासासर्व्वमिदंविभाति ॥ ४२ ॥**

पदानि—**न तत्र सूर्य्यः भाति न चन्द्रतारकं न इमाः विद्युत भान्ति कुतः अयं अग्निः ॥ तं एव भान्तं अनुभाति सर्व्वं तस्य भासा सर्व्वं इदं विभाति ॥ ४२ ॥**

अन्वयार्थः—**तत्र** તે ' બ્રહ્મમાં ' **सूर्य्यः** સૂર્ય **न भाति** પ્રકાશતો નથિ **चन्द्रतारकं** ચન્દ્ર અને તારા **न** ' પ્રકાશ કરતા ' નથિ **इमाः** આ **विद्युतः** વિજલિયો **नभान्ति** પ્રકાશ કરતી નથિ, **अयं** આ **अग्निः** અગ્નિ ' તો ' **कुतः** ક્યાંથી ' પ્રકાશ કરી શકે ' **सर्व्वं** આ સર્વ **भान्तं** પ્રકાશતા એવા **तं एव** **अनुभाति** તેની પછવાડેજ પ્રકાશે છે **तस्य** તેની **भासा** કાન્તિવડે **इदं** આ **सर्व्वं** સર્વ **विभाति** પ્રકાશે છે.

टीका—તે બ્રહ્મનેવિષે સર્વનો પ્રકાશક સૂર્ય પણ પ્રકાશતો નથિ, ચન્દ્ર અને તારા પ્રકાશતા નથિ, આ વિજલિયો પ્રકાશતી નથિ તો આપણને પ્રત્યક્ષ એવો અગ્નિ તો ક્યાંથીજ પ્રકાશે ? ઘણું કહેવું તેમાં શું પણ આ જે જગત પ્રકાશે છે તે સર્વ પરમેશ્વરના સ્વરૂપવડે પ્રકાશમાન હોવાથી તેની પછવાડેજ પ્રકાશે છે. જેમ અગ્નિના સંયોગથી જલ અને અર્દ્ધદગ્ધ કાષ્ઠાદિક જે છે તે બળવાવાળા અગ્નિની પછવાડે બાળી શકે છે પણ પોતાની મેળે બાળી શકતાં નથિ, તેમ સર્વ જગત્ પરમેશ્વરના પ્રકાશની પછવાડે પ્રકાશે છે પણ પોતાની મેળે પ્રકાશતાં નથિ. ॥ ૪૨ ॥

मूलम्—**ब्रह्मैवेदममृतंपुरस्ताद्ब्रह्मपश्चाद्ब्रह्मदक्षिणतश्चोत्तरेण । अधश्चोर्ध्वञ्चप्रसृतंब्रह्मैवेदंविश्वमिदंवरिष्ठम् ॥**

पदानि—ब्रह्म एव इदं अमृतं पुरस्तात् ब्रह्म पश्चात् ब्रह्म दक्षिणतः च उत्तरेण ॥ अधः च उर्ध्वं च प्रसृतं ब्रह्म एव इदं विश्वं इदं वरिष्ठम् ॥ ४३ ॥

अन्वयार्थः—**पुरस्तात्** અગ્રભાગમાં ' ભાસમાને જે વસ્તુ છે તે ' **इदं** આ **अमृतं** અમૃતરૂપ **ब्रह्म एव** બ્રહ્મજ છે ' તેમજ ' **पश्चात्** પછવાડે **ब्रह्म** બ્રહ્મ છે 'તેમ' **दक्षिणतः** દક્ષિણતરફ **ब्रह्म** બ્રહ્મ છે **च** તથા **उत्तरेण** ઉત્તરમાં **च** તથા **अधः** નીચે **ऊर्ध्वं** ઉંચે **च** તથા **प्रसृतं** પ્રસરેલું **इदं** આ **ब्रह्म एव** બ્રહ્મજ છે ' અને ' **इदं** આ **विश्वं** વિશ્વ **वरिष्ठं** શ્રેષ્ઠ ' એવું બ્રહ્મ છે. '

टीका—અગ્રભાગમાં પ્રકાશમાન જે વસ્તુ છે તે ઉક્ત લક્ષણવાળું અમૃતરૂપ બ્રહ્મજ છે, તેમ પછવાડે બ્રહ્મ છે, તેમ દક્ષિણ ભાગમાં બ્રહ્મ છે, ઉત્તર ભાગમાં બ્રહ્મ છે, નીચે બ્રહ્મ છે, ઉંચે બ્રહ્મ છે, અન્ય પણ કાર્યના આકારથી સર્વ ઠેકાણે પ્રસરેલું અને નામરૂપવાળું જે કાંઈ જણાય છે તે બ્રહ્મ છે. બહુ કહેવાથી શું ! પરન્તુ આ સમસ્ત જગત્ અત્યન્ત શ્રેષ્ઠ બ્રહ્મજ છે અને બ્રહ્મથી ભિન્ન જે પ્રતીતિ છે તે રજ્જુમાં સર્પની પ્રતીતિની પેઠે અવિદ્યામાત્ર છે અને " એક બ્રહ્મજ પરમાર્થથી સત્ય છે" એમ વેદની આજ્ઞા છે. ॥૪૩॥

इति द्वितीय मुण्डके द्वितीय खण्डः

मूलम्—द्वासुपर्णासयुजासखायासमानंवृक्षंपरिषस्वजाते ॥ तयोरन्यःपिप्पलंस्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति

पदानि—द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ॥ तयोः अन्यः पिप्पलं स्वादु अत्ति अनश्नन् अन्यः अभिचाकशीति ॥ ४४ ॥

अन्वयार्थः—**सयुजा** સાથે રહેનારા **सखाया** મિત્ર એવા **द्वा** બે **सुपर्णा** પક્ષી છે ' તે બેઉ ' **समानं** એક **वृक्ष** વૃક્ષને **परिषस्वजाते** આલિંગન કરતા હવા **तयोः** તે બેઉમાં **अन्यः** જીવ **स्वादु** સ્વાદુ **पिप्पलं** કર્મ ફલને **अत्ति** ભક્ષણ કરે **अन्यः** છે ઇશ્વર **अनश्नन्** ન ભક્ષણ કરતો છતો **अभिचाकशीति** ' કેવળ ' દેખે છે.

टीका—જીવ અને ઇશ્વર એ બેઉ શોભાયુક્ત ગમનવાળા હોવાથી અથવા પક્ષીની સમાન હોવાથી પક્ષી છે. તે બેઉ નિરન્તર સાથેજ રહે છે અને પરસ્પર મિત્ર છે. તે જીવ ઇશ્વરરૂપ પક્ષી શરીરરૂપ એક વૃક્ષપ્રત્યે આલિંગન (મેળાપ) કરે છે. તે શરીરરૂપ વૃક્ષ ઉંચે (બ્રહ્મરૂપ) મૂલવાળો છે, નીચે પ્રાણ આદિક શાખાવાળો છે, અને પોતાની સ્થિતિના નિયમથી રહિત હોવાથી અશ્વત્થરૂપ છે, અજ્ઞાનપર્યન્ત

રહેનારો છે, ક્ષેત્ર નામવાળો છે. સર્વે પ્રાણિયોના કર્મ ફલનો આશ્રય છે તે વૃક્ષને જીવ ઇશ્વરરૂપી બે પક્ષી મળેલા છે. તે બેઉમાં એક જીવરૂપ પક્ષી તે વૃક્ષનો આશ્રય કરીને કર્મજન્ય સુખદુઃખમય અનેક પ્રકારની વેદનાના અનુભવરૂપ સ્વાદુ ફલને અવિવેકથી ભોગવે છે અને બીજો જે નિત્યશુદ્ધ • નિત્યબુદ્ધ નિત્યમુક્ત સ્વભાવવાળો ઇશ્વરરૂપ પક્ષી છે તે ભોગવતો નથિ કારણકે એ ઇશ્વર નિત્ય સાક્ષીપણાની સત્તામાત્રથી ભોગ્ય અને ભોક્તા એ બેઉમા પ્રેરક છે માટે તે તો ન ભોગવતો છતો કેવળ દેખે છે. તેના દર્શનમાત્રથી રાજાની પેઠે પ્રેરકપણું સિદ્ધ થયું. ॥ ૪૪ ॥

મૂલમ્—समानेवृक्षेपुरुषोनिमग्नोऽनीशयाशोचतिमुह्यमानः। जुष्टंयदापश्यत्यन्यमीशमस्यमहिमानमितिवीतशोकः

પદાનિ—समाने वृक्षे पुरुषः निमग्नः अनीशया शोचति मुह्यमानः ॥ जुष्टं यदा पश्यति अन्यं ईशं अस्य महिमानं इति वीत शोकः ॥ ४५ ॥

अन्वयार्थः—**समाने** એક **वृक्षे** 'દેહરૂપ' વૃક્ષઉપર **पुरुषः** જીવ **निमग्नः** દેહાત્મ ભાવમાં ડૂબેલો છે 'માટે' **मुह्यमानः** મોહ પામતો છતો **अनीशया** દીનભાવવડે **शोचति** શોક કરે છે 'પણ' **यदा** જ્યારે **जुष्टं** 'યોગિયોએ' સેવેલા 'તથા' **अन्यं** 'દેહ વૃક્ષરૂપ ઉપાધિથી' વિલક્ષણ **ईशं** ઇશ્વરને **पश्यति** જુવે છે 'તથા' **अस्य** આ પરમાત્માના **महिमानं** મહિમાને 'જુવે છે ત્યારે' **इति** એ પ્રમાણે **वीतशोकः** શોકરહિત થાય છે.

टीका—એક વૃક્ષઉપર ભોક્તારૂપ જે જીવ છે તે આ બધા કામકર્મના ફલ રાગાદિરૂપ ઘણા ભારથી, સમુદ્રના જળમાં તુંબડાની પેઠે નિમગ્ન થયો છે અર્થાત્ દેહમાં અવશ્ય આત્મભાવ પામેલો છે. અને "હું આનો પુત્ર છું, અને પૌત્ર છું, પાતલો છું, જાડો છું, ગુણવાન્ છું, ગુણરહિત છું, સુખી છું, દુઃખી છું" એ પ્રકારનું જ્ઞાન એને થાય છે પણ એથકી બીજું જ્ઞાન થતું નથિ. એવી રીતે જન્મે છે, મરે છે, સમ્બન્ધી બાન્ધવાદિકથી સંયોગ પામે છે, વિયોગ પામે છે અને અનેક પ્રકારના અનર્થોથી અવિવેકી થઇ ચિન્તા પામે છે. "હું કોઇપણ કાર્ય કરવામાં સમર્થ નથિ, મારો પુત્ર નાશ પામ્યો, મારી ભાર્યા મરણ પામી, હવે મારે જીવવાથી શું પ્રયોજન છે" એ પ્રકારના દીન ભાવરૂપ અસામર્થ્ય વડે શોક પામે છે. તે એવી રીતે પ્રેત તિર્યક્ અને મનુષ્યાદિક યોનિયોમાં વેગવાનપણું પામેલો જીવ, કોઇ વખતે અનેક જન્મમાં સંચય કરેલા શુદ્ધ ધર્મરૂપ નિમિત્તથી કોઇક પરમ દયાલુ પુરૂષે દેખાડેલા યોગ માર્ગમાં અહિંસા સત્ય, બ્રહ્મચર્ય, સર્વના ત્યાગ, શમ, દમઆદિકથી એકાગ્ર ચિત્તવાળો થઇ જે કાળમાં અનેક યોગિયોએ તથા કર્મિષ્ટ પુરૂષોએ સેવેલા અને દેહ વૃક્ષરૂપ ઉપાધિથી વિલક્ષણ પરમેશ્વરને જુવે છે અને એના મહિમાને દેખે છે ત્યારે સર્વે શોકના સાગરથી મુકાય છે. ॥ ૪૫ ॥

मूलम्—यदापश्यःपश्यतेरुक्मवर्णंकर्त्तारमीशंपुरुषंब्रह्मयोनिम्
तदाविद्वान्पुण्यपापेविधूयनिरञ्जनःपरमंसाम्यमुपैति ॥

पदानि—यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्त्तारं ईशं पुरुषं
ब्रह्मयोनिम् ॥ तदा विद्वान् पुण्यपापे विधूय
निरञ्जनः परमं साम्यं उपैति ॥ ४६ ॥

अन्वयार्थः—**यदा** જ્યારે **पश्यः** વિદ્વાન્ ‘ પુરૂષ ’ **रुक्मवर्णं** સ્વયંજ્યોતિ સ્વભાવવાળા ‘ સર્વ જગતના ’ **कर्त्तारं** કર્તા **ब्रह्मयोनिं** બ્રહ્મયોની **ईशं** ઇશ્વરરૂપ **पुरुषं** પુરૂષને **पश्यते** જુવે છે **तदा** ત્યારે **विद्वान्** વિદ્વાન્ **पुण्यपापे** પુણ્ય-પાપને **विधूय** નાશ કરી **निरञ्जनः** નિર્લેપ થઇ **परमं** પરમ **साम्यं** સામ્યને **उपैति** પામે છે.

टीका—જે કાલમાં વિદ્વાન્ પુરૂષ સ્વયંજ્યોતિ સ્વભાવવાળા, સર્વ જગતના કર્ત્તા, બ્રહ્મયોનિ, અને ઇશ્વરરૂપ પુરૂષને દેખે છે; ત્યારે તે દેખવાવાળો વિદ્વાન્ પુરૂષ બન્ધનરૂપ પુણ્યપાપમય કર્મને મૂલસહિત બાળી તથા નિર્લેપ થઇ પરમ (સર્વથી અધિક) અદ્વૈતરૂપ સમભાવને પામે છે. ॥ ૪૬ ॥

मूलम्—प्राणोह्येषयःसर्व्वभूतैर्विभातिविजानन्विद्वान्-
भवतेनातिवादी।आत्मक्रीडआत्मरतिःक्रिया-
वानेषब्रह्मविदांवरिष्ठः ॥४७॥

पदानि—प्राणः हि एषः सर्व्वभूतैः विभाति विजानन् वि-
द्वान् भवते न अतिवादी ॥ आत्मक्रीडः आत्मर-
तिः क्रियावान् एषः ब्रह्मविदां वरिष्ठः ॥ ४७ ॥

अन्वयार्थः—यः જે **हि** નિશ્ચે **एषः** આ **प्राणः** પ્રાણરૂપ ‘ પરમેશ્વર ’ **सर्व्वभूतैः** સર્વ ભુતોવડે **विभाति** વિવિધ જણાય છે ‘ તેને ’ **विजानन्** જાણુ-નારો. **विद्वान्** વિદ્વાન્ **अतिवादी** અતિવાદી **नभवते** થતો નથિ **आत्मक्रीडः** આત્મામાં ક્રીડાવાળો **आत्मरतिः** આત્મામાં રતિવાળો **क्रियावान्** ક્રિયાવાળો **एषः** એ ‘ પુરૂષ ’ **ब्रह्मविदां** બ્રહ્મ જાણનારા ‘ પુરૂષોમાં ’ **वरिष्ठः** અતિશ્રેષ્ઠ છે.

टीका—જે આ પ્રાણનો પ્રાણરૂપ પરમેશ્વર બ્રહ્માને આદિ લઇ સ્તમ્બ (તૃણનો ગુચ્છો) પર્યન્ત સર્વ ભૂતોવડે નાનાપ્રકારે જણાય છે, એમ સર્વ ભૂતોમાં રહેલા પરમેશ્વરને જે વાક્યાર્થ જ્ઞાનમાત્રમાં વિદ્વાન્ જાણે છે તે અન્ય સર્વને ઉલ્લંઘન કરીને અતિવાદી થતો નથિ, અર્થાત્ જે પુરૂષ એવા પ્રાણના પ્રાણરૂપ આત્માને સાક્ષાત્ જાણે છે તે અતિવાદી

થતો નથી. જ્યારે આત્માથી કોઇ અન્ય વસ્તુ નથિ. ત્યારે વિદ્વાન્ પુરૂષ કેને ઉલ્લંઘન કરીને કહે ? જેને શ્રેષ્ઠ અશ્રેષ્ઠ વસ્તુ દેખવામાં આવે છે તે તેને ઉલ્લંઘન કરીને કહે છે પણ આ વિદ્વાન્ તો પોતાનાથી અન્ય દેખતો નથિ, અન્યને સાંભળતો નથિ, અન્યને જાણતો નથિ, માટે અતિવાદી થતો નથિ, તથા આ વિદ્વાન્ આત્મામાંજ ક્રીડા કરનારો છે પણ પુત્ર દારા આદિકમાં ક્રીડા કરનારો નથિ તથા આત્મામાંજ પ્રીતિ રાખનારો છે તથા જ્ઞાન ધ્યાન, અને વૈરાગ્યાદિક ક્રિયાવાળો છે માટે એ વિદ્વાન્ બ્રહ્મજાણનારાઓની મધ્યે અતિ શ્રેષ્ઠ છે ॥ ૪૭ ॥

मूलम्—सत्येनलभ्यस्तपसात्येषआत्मासम्यग्ज्ञानेन ब्रह्मचर्य्येणानित्यम् । अन्तःशरीरेज्योतिर्म्मयोहिशुभ्रोयंपश्यन्तियतयःक्षीणदोषाः ॥४८॥

पदानि—सत्येन लभ्यः तपसा हि एषः आत्मा सम्यक् ज्ञानेन ब्रह्मचर्य्येण नित्यम् ॥ अन्तः शरीर ज्योतिर्म्मयः हि शुभ्रः यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥ ४८ ॥

अन्वयार्थः—हि નિશ્ચે **नित्यं** નિરંતર **एषः** આ **आत्मा** આત્મા **सत्येन** સત્યવડે **तपसा** તપવડે **सम्यक्** યથાર્થ **ज्ञानेन** જ્ઞાનવડે **ब्रह्मचर्य्येण** બ્રહ્મચર્યવડે **लभ्यः** પામવા યોગ્ય છે **अन्तः शरीर** શરીરની અન્દર **हि** નિશ્ચે **शुभ्रः** શુદ્ધ **ज्योतिर्म्मयः** પ્રકાશમય ' એવો તે આત્મા છે કે ' **यं** જેને **क्षीणदोषाः** જેઓના દોષ ક્ષીણ થઇ ગયેલા છે એવા **यतयः** સંન્યાસિયો **पश्यन्ति** જુવે છે.

टीका—આ આત્મા નિત્ય મિથ્યા વચનના ત્યાગરૂપ સત્યવડે પામવા યોગ્ય છે તથા નિરન્તર ઇન્દ્રિય અને મનની એકાગ્રતારૂપ તપવડે પામવા યોગ્ય છે. તથા યથાર્થ જ્ઞાનવડે નિરન્તર પામવા યોગ્ય છે. શરીરની અન્દર હૃદયકમલગત આકાશમાં પ્રકાશમય અને શુદ્ધ એવો એ આત્મા છે કે જેને ક્રોધાદિક એવા ચિત્તના મલરૂપ દોષોથી રહિત સંન્યાસિયો જુવે છે. ॥ ૪૮ ॥

मूलम्—सत्यमेवजयतेनानृतंसत्येनपन्थाविततोदेवयानः । येनाक्रमन्त्यृषयोत्याप्तकामायत्रतत्सत्यस्यपरमंनिधानम् ॥४९॥

पदानि—सत्यं एव जयते न अनृतं सत्येन पन्थाः विततः देवयानः ॥ येन आक्रमन्ति ऋषयः हि आप्तकामाः यत्र तत् सत्यस्य परमं निधानम् ॥ ४९ ॥

अन्वयार्थः—**सत्यं एव** सत्यवानज **जयते** જય પામે છે **अनृतं** મિથ્યાવાદી **न** ' જય પામતો ' નથિ **येन** જે **सत्येन** સત્યવડે **देवयानः** દેવયાન નામનો **पन्थाः** માર્ગ **विततः** વિસ્તાર પામ્યો છે **यत्र** જેનેવિષે **हि** નિશ્ચે **आप्तकामाः** તૃષ્ણારહિત એવા **ऋषयः** ઋષિયો **आक्रमन्ति** ગતિ કરે છે **तत्** તે 'પરમાત્મતત્વ' **सत्यस्य** સત્યનું **परमं** ઉત્કૃષ્ટ **निधानं** નિધાન છે.

टीका—સત્યવાન્ પુરૂષજ જય પામે છે પણ મિથ્યાવાદી જય પામતો નથિ. અસત્યવાન્ મિથ્યાવાદી પરાભવ પામે છે પણ સત્યવાન્ નથિ પામતો. એ લોકમાં પ્રસિદ્ધ છે, માટે સત્યનું બલવાન્ સાધનપણું સિદ્ધ થયું. યથાર્થ વચનની વ્યવસ્થારૂપ સત્યવડે દેવયાન નામનો માર્ગ નિરન્તરપણે પ્રવર્ત્તેલો છે અને જ્યાં સત્યરૂપ ઉત્તમ સાધનનું સાધ્ય એવું તે પરમાર્થતત્ત્વ, સ્વરૂપથી વર્ત્તમાન એવું પરમ નિધાન છે. જે બ્રહ્મલોકમાં જે પ્રકારે ઉપાસનાવાળા, કપટ માયા, શઠભાવ, અહંકાર, દંભ અને જૂઠથી રહિત તથા સર્વ તરફથી તૃષ્ણારહિત એવા ઋષિયો ગમન કરે છે તે સત્યવડે નિરન્તર પ્રવર્ત્તેલું છે. ॥ ૪૯ ॥

मूलम्—**बृहच्चतद्दिव्यमचिन्त्यरूपंसूक्ष्माच्चतत् ।**
सूक्ष्मतरंविभाति ॥ दूरात्सुदूरेतदिहान्ति
केचपश्यत्स्विहैवनिहितंगुहायाम् ॥५०॥

पदानि—**बृहत् च तत् दिव्यं अचिन्त्यरूपं सूक्ष्मात् च तत्**
सूक्ष्मतरं विभाति ॥ दूरात् सुदूरे तत् इह अन्तिके
च पश्यत्सु इह एव निहितं गुहायाम् ॥ ५० ॥

अन्वयार्थः—**तत्** તે ' બ્રહ્મ ' **बृहत्** મહોટું છે **च** તથા **दिव्यं** સ્વયંપ્રકાશ **अचिन्त्यरूपं** અચિન્તરૂપવાળું છે **च** તથા **तत्** તે **सूक्ष्मात्** સૂક્ષ્મથી **सूक्ष्मतर** અતિસૂક્ષ્મ છે '' અને ' **विभाति** નાનાપ્રકારે પ્રકાશે છે **तत्** તે **दूरात्** દૂરથકી **सुदूरे** ઘણું દૂર છે **इह** આ દેહમાં **अन्तिके** સમીપ છે **च** તથા **इह एव** અહિંજ **पश्यत्सु** ચેતનવાળા પુરૂષોની મધ્યે **गुहायां** બુદ્ધિરૂપ ગુહામાં **निहितं** રહેલું છે.

टीका—તે બ્રહ્મ સત્યાદિ સાધનવડે સર્વ તરફ વ્યાપ્ત હોવાથી મહોટું છે અને સ્વયંપ્રકાશ છે માટે ચિન્તવનમાં ન આવે એવા રૂપવાળું છે અને તે આકાશાદિક સૂક્ષ્મ વસ્તુથી પણ અતિ સૂક્ષ્મ છે. તે બ્રહ્મ સર્વનું કારણ છે. માટે તેને સર્વથી અધિક સૂક્ષ્મપણું છે. તે બ્રહ્મ સૂર્ય ચન્દ્રાદિક આકારવડે નાનાપ્રકારે જણાય છે તથા તે બ્રહ્મ અજ્ઞાની પુરૂષને અત્યન્ત અગમ્ય હોવાથી દૂરથી પણ દૂર દેશમાં વર્ત્તે છે અને વિદ્વાનોનો આ... હોવાથી અને સર્વાન્તર હોવાથી સમીપમાં વર્ત્તે છે. ચેતનાવાળા પુરૂષોની મધ્યે ...હામાં રહેલું બ્રહ્મ યોગી પુરૂષોથી જોઇ શકાય છે. ॥ ૫૦ ॥

मूलम्—नचक्षुषागृह्यतेनापिवाचानान्यैर्देवैस्तपसा
कर्म्मणावा ॥ ज्ञानप्रसादेनविशुद्धसत्त्वस्त
तस्तुतंपश्यतेनिष्कलंध्यायमानः ॥५१॥

पदानि—न चक्षुषा गृह्यते न अपि वाचा न अन्यैः देवैः
तपसा कर्म्मणा वा ॥ ज्ञानप्रसादेन विशुद्धसत्त्वः
ततः तु तं पश्यते निष्कलं ध्यायमानः ॥ ५१ ॥

अन्वयार्थः— તે આત્મા **चक्षुषा** ચક્ષુવડે **न गृह्यते** ગ્રહણ કરતો નથિ **वाचा** વાણીવડે **अपि** પણ **न** 'ગ્રહણ કરતો' નથી **अन्यैः** અન્ય **देवैः** ઇન્દ્રિયોવડે **न** 'ગ્રહણ કરાતો' નથિ **तपसा** તપવડે **वा** અથવા **कर्म्मणा** કર્મવડે ' ગ્રહણ કરાતો નથિ ' **ततः** તેમાટે **ज्ञानप्रसादेन** જ્ઞાનના પ્રસાદવડે **विशुद्धसत्त्वः** વિશુદ્ધ સત્વવાળો ' અને ' **निष्कलं** સર્વ અવયવના ભેદવર્જિતને **ध्यायमानः** ધ્યાન કરનારો ' પુરૂષ ' **तु** તો **तं** તેને **पश्यते** જુવે છે.

टीका—બ્રહ્મથી અભિન્ન એવો આ આત્મા ચક્ષુવડે ગ્રહણ કરી શકાતો નથિ, અવાચ્ય હોવાથી વાણીવડે પણ ગ્રહણ કરી શકાતો નથિ, અન્ય દેવ અર્થાત્ ઇન્દ્રિયોવડે પણ ગ્રહણ કરી શકાતો નથિ, તપ સર્વ ફલની પ્રાપ્તિનું સાધન છે તો પણ તે તપવડે ગ્રહણ કરાતો નથિ તથા અથવા તેવીજ રીતે અગ્નિહોત્રાદિક વૈદિકકર્મથી પણ ગ્રહણ કરાતો નથિ તથા સર્વ અવયવના ભેદથી રહિત નિષ્કલરૂપ આત્માને, સત્યઆદિક સાધનવાન્ અને જીતેન્દ્રિય થઇ એકાગ્ર મનવડે ધ્યાન કરતો છતો જ્ઞાનપ્રસાદથી શુદ્ધ અન્તઃકરણવાળો પુરૂષ દેખવાને યોગ્ય છે. ॥ ૫૧ ॥

मूलम्—एषोऽणुरात्माचेतसावेदितव्योयस्मिन्प्राणः
पञ्चधासंविवेश॥प्राणैश्चित्तंसर्व्वमोतंप्रजा-
नांयस्मिन्विशुद्धेविभवत्येषआत्मा ॥५२॥

पदानि—एषः अणुः आत्मा चेतसा वेदितव्यः यस्मिन् प्राणः
पञ्चधा संविवेश ॥ प्राणैः चित्तं सर्व्वं ओतं प्रजानां
यस्मिन् विशुद्धे विभवति एषः आत्मा ॥ ५२ ॥

अन्वयार्थः—**एषः** આ **आत्मा** આત્મા **अणुः** સૂક્ષ્મ 'છે ' તે ' **यस्मिन्** જે શરીરને વિષે **प्राणः** પ્રાણવાયુ **पञ्चधा** પાંચ પ્રકારે **संविवेश** પ્રવેશ પામ્યો છે ' તેજ શરીરમાં ' **चेतसा** ચિત્તવડે **वेदितव्यः** જાણવા યોગ્ય છે **प्राणैः**

' ઇન્દ્રિયો સહિત ' પ્રાણોવડે ' જેણે ' **प्रजानां** પ્રજાઓનું **सर्वं** સર્વ **चित्तं** ચિત્ત **ओतं** વ્યાપ્ત કરેલું છે **यस्मिन्** જે **विशुद्धे** વિશુદ્ધ ' ચિત્તમાં ' **एषः** આ **आत्मा** આત્મા **विभवति** પ્રકાશે છે.

टीका—આ આત્મા સૂક્ષ્મ છે અને તે જે શરીરમાં પ્રાણ અપાનાદિક ભેદરૂપ પાંચ પ્રકારે સારી રીતે પ્રવેશ પામ્યો છે તેજ શરીરને વિષે હૃદય દેશનાં વિશુદ્ધ જ્ઞાનરૂપ ચિત્તવડે જાણવાને યોગ્ય છે. જે ચૈતન્યવડે પ્રાણ અને ઇન્દ્રિયોસહિત પ્રજાઓનું સર્વ અન્તઃકરણ વ્યાપ્ત છે કારણકે લોકમાં પ્રજાઓનું સર્વ અન્તઃકરણ ચેતનવાળું પ્રસિદ્ધ છે માટે ચેતનાવૃત્તિરૂપ ચિત્તવડે આત્મા જાણવાને યોગ્ય છે. વળી તે ચિત્ત એવું છે કે, જે ક્લેશાંદિ મલરહિત શુદ્ધ ચિત્તને વિષે આ કથન કરેલો આત્મા વિશેષેકરી સ્વસ્વરૂપથી પોતાને પ્રકાશ કરે છે. ॥ ૫૨ ॥

**मूलम्—यंयंलोकंमनसासंविभातिविशुद्धसत्वःका-
मयतेयांश्चकामान् । तंतंलोकंजयतेतांश्च-
कामांस्तस्मादात्मज्ञंत्यर्चयेद्भूतिकामः ॥५३॥**

**पदानि—यं यं लोकं मनसासंविभाति विशुद्धसत्त्वः कामयते
यान च कामान् ॥ तं तं लोकं जयते तान् च कामान्
तस्मात् आत्मज्ञं हि अर्चयेत् भूतिकामः ॥ ५३ ॥**

अन्वयार्थः—**विशुद्धतत्त्वः** નિર્મલ અન્તઃકરણવાળો ' પુરૂષ ' **यं** જે **यं** જે **लोकं** લોકને **मनसा** મનવડે **संविभाति** ચિન્તવન કરે છે **च** તથા **यान्** જે **कामान्** ભોગને **कामयते** ઇચ્છે છે **तं** તે **तं** તે **लोकं** લોકને **च** તથા **तान्** તે **कामान्** ભોગને **जयते** પામે છે **तस्मात्** તે માટે **भूतिकामः** વિભૂતિની ઇચ્છાવાળો ' પુરૂષ ' **हि** નિશ્ચે **आत्मज्ञ** આત્મજ્ઞને **अर्चयेत्** પૂજન કરે.

टीका—અન્તકરણવાળો પુરૂષ જે જે પુત્રાદિરૂપ લોકને તથા જે જે ભોગને મનવડે ચિન્તવન કરે છે તે તે લોકને તથા તે તે ભોગને પરમાર્થ તત્ત્વજ્ઞાનથી પામે છે માટે વિભૂતિની ઇચ્છાવાળો જે પુરૂષ હોય તેણે આત્મજ્ઞાનથી શુદ્ધ અન્તઃકરણવાળા આત્મજ્ઞાનીનું પાદપ્રક્ષાલન સેવા અને નમસ્કારાદિકવડે અવશ્ય પૂજન કરવું. ॥ ૫૩ ॥

इति तृतीयमुण्डकेप्रथमखण्डः

**मूलम्—सवेदैतत्परमंब्रह्मधामयत्रविश्वंनिहितं-
भातिशुभ्रम् । उपासतेपुरुषंयेत्व्यकामा**

स्तेशुक्रमेतदतिवर्त्तन्तिधीराः ॥५४॥

पदानि—सः वेद एतत् परमं ब्रह्म धाम यत्र विश्वं निहितं भाति शुभ्रम् ॥ उपासते पुरुषं ये हि अकामाः ते शुक्रं एतत् अतिवर्त्तन्ति धीराः ॥ ५४ ॥

अन्वयार्थः—**यत्र** જેનેવિષે **विश्वं** જગત **निहितं** સ્થિત **भाति** જણાય છે 'અને' **शुभ्रं** શુદ્ધ **परमं** પરમ **एतत्** આ **ब्रह्म** બ્રહ્મ **धाम** ધામને **सः** તે **वेद** જાણેછે **पुरुषं** 'તે આત્મજ્ઞ' પુરૂષને **ये** જે **अकामाः** તૃષ્ણારહિત 'પુરૂષો' **हि** નિશ્ચે **उपासते** ઉપાસે છે **ते** તે **धीराः** ધીર 'પુરૂષો' **एतत्** આ **शुक्रं** 'શરીરના કારણરૂપ વીર્યને' **अतिवर्त्तन्ति** ઉલ્લંઘન કરે છે.

टीका—જેનેવિષે જગત્ રહેલું છે એ શુદ્ધ એવા પરમ બ્રહ્મધામને તે આત્મજ્ઞાની પુરૂષ જાણે છે એવા આત્મજ્ઞાનીને જે બુદ્ધિમાન્ પુરૂષ વિભૂતિની કામનાથી રહિત થઇ પરમાત્મારૂપ દેવની પેઠે ઉપાસના કરે છે તે આ પ્રસિદ્ધ શરીરના કારણરૂપ વીર્યનું ઉલ્લંઘન કરીને જાય છે અને ફરીફરીને જન્મ પામતો નથિ. માટે આત્મજ્ઞાનીનું પૂજન કરવું એવો આ શ્રુતિનો અભિપ્રાય છે. ॥ ૫૪ ॥

मूलम्—कामान्यःकामयतेमन्यमानःसकामभि र्जायतेतत्रतत्र । पर्य्याप्तकामस्यकृता त्मनस्तुइहैवसर्व्वेप्रविलीयन्तिकामाः ॥५५॥

पदानि—कामान् यः कामयते मन्यमानः सः कामभिः जायते तत्र तत्र ॥ पर्य्याप्तकामस्य कृतात्मनः तु इह एव सर्व्वे प्रविलीयन्ति कामाः ॥ ५५ ॥

अन्वयार्थः—**यः** જે 'પુરૂષ' **कामान्** ભોગોને **मन्यमानः** 'ગુણબુદ્ધિથી' ચિન્તવન કરતો છતો **कामयते** ઇચ્છે છે **सः** તે 'પુરૂષ' **कामभिः** કામનાઓની સાથે **तत्र तत्र** તે તે ઠેકાણે **जायते** જન્મે છે **पर्य्याप्तकामस्य** 'તત્વ જાણવાથી' 'પૂર્ણકામ' એવા અને અને **कृतात्मनः** કૃતાત્માને **तु** તો **इह एव** આ વિદ્યમાન શરીરમાંજ **सर्व्वे** સર્વે **कामाः** કામ **प्रविलीयन्ति** લય પામે છે.

टीका—જે પુરૂષ ભોગોને ગુણબુદ્ધિથી ચિન્તવન કરતો છતો ઇચ્છે છે તે પુરૂષ તે ધર્માધર્મમાં પ્રવૃત્તિના કારણ એવા વિષયોની ઇચ્છારૂપ કામનાઓ સાથે તે તે ઠેકાણે જન્મે છે અને જે પુરૂષ પરમાર્થતત્વના જ્ઞાનથી ચારે તરફ પૂર્ણ, કામવાળો છે તથા આત્માને આત્મારૂપે જાણનારો છે તે પૂર્ણકામ કૃતાત્મા પુરૂષને તો આ વિદ્યમાન શરીરમાંજ સર્વે ધર્માધર્મવિષે પ્રવૃત્તિના હેતુરૂપ કામ વિનાશ પામે છે. ॥ ૫૫ ॥

मूलम्—नायमात्माप्रवचनेनलभ्योनमेधयानबहुनाश्रुतेन ॥
यमेवैषवृणुतेतेनलभ्यस्तस्यैषआत्मावृणुतेतनूंस्वाम् ५६

पदानि—न अयं आत्मा प्रवचनेन लभ्यः न मेधया न
बहुना श्रुतेन ॥ यं एव एषः वृणुते तेन लभ्यः
तस्य एषः आत्मा वृणुते तनूं स्वाम् ॥ ५६ ॥

अन्वयार्थः—**अयं** આ **आत्मा** આત્મા **प्रवचनेन** 'વેદશાસ્ત્રના અધ્યયન રૂપ' પ્રવચનવડે **न लभ्यः** પામી શકાય એવો નથિ **मेधया** બુદ્ધિવડે **न** 'પામી શકાય એવો' નથિ **बहुना** બહુ **श्रुतेन** શ્રવણવડે **न** 'પામી શકાય એવો' નથિ **एषः** એ વિદ્વાન્ '**यं एव** જે પરમાત્માનેજ **वृणुते** પામવાને ઇચ્છે છે **तेन** તે 'પામવાની ઇચ્છાવડે' **लभ्यः** પામી શકાય છે **एषः** એ **आत्मा** આત્મા **तस्य** 'તે વિદ્વાનને' **स्वां** પોતાની **तनूं** 'આત્મતત્ત્વસ્વરૂપવાળી' તનૂને **वृणुते** પ્રકાશ કરે છે.

टीका—આ આત્મા વેદ અને શાસ્ત્રના બહુ અધ્યયનરૂપ પ્રવચનવડે પામવાને યોગ્ય નથિ, તેમજ ગ્રન્થના અર્થની ધારણશક્તિરૂપ બુદ્ધિવડે પામવાને યોગ્ય નથિ, તેમજ ઉપનિષદ્‌ના વિચારથી ભિન્ન એવું જે બહુ શ્રવણ તેવડે પણ પામવાને યોગ્ય નથિ. ત્યારે તે આત્મા કેવી રીતે પામવા યોગ્ય છે" એમ કોઈ કહે તો ત્યાં આમ સમજવું કે એ વિદ્વાન્ પુરૂષ જે પરમાત્માને પામવાને ઇચ્છે છે તે પામવાની ઇચ્છાવડેજ એ પરમાત્મા પામી શકાય છે પણ અન્ય સાધનથી નહિ કારણકે તે નિત્યપ્રાપ્ત સ્વભાવવાળો છે. એ આત્મા તે વિદ્વાનને પોતાની આત્મતત્વસ્વરૂપવાળી તનૂને પ્રકાશ કરે છે માટે અન્યના ત્યાગવડે આત્માના લાભની પ્રાર્થનાજ આત્મલાભનું સાધન છે. ॥ ૫૬ ॥

मूलम्—नायमात्माबलहीनेनलभ्योनचप्रमादात्त-
पसोवाप्यलिङ्गात । एतैरुपायैर्यततेयस्तु
विद्वांस्तस्यैषआत्माविशतेब्रह्मधाम ॥५७॥

पदानि—न अयं आत्मा बलहीनेन लभ्यः न च प्रमादात् तपसः
वा अपि अलिङ्गात ॥ एतैः उपायैः यतते यः तु विद्वान्
तस्य एषः आत्मा विशते ब्रह्म धाम ॥ ५७ ॥

अन्वयार्थ—**अयं** આ **आत्मा** આત્મા **बलहीनेन** બલહીન 'પુરૂષે' **न लभ्यः** પામવા યોગ્ય નથિ **च** તથા **प्रमादात्** પ્રમાદથકી **तपसः** તપથકી **अपि** પણ **वा** અથવા **अलिङ्गात्** સન્યાસરહિત તપથી **न** 'પામવાને યોગ્ય' નથિ **तु** પરન્તુ **यः** જે

विद्वान् વિદ્વાન્ **एतैः** એ **उपायैः** 'બલ અપ્રમાદ સંન્યાસ અને જ્ઞાનરૂપ' ઉપાયો-વડે **यतते** પ્રયત્ન કરે છે **तस्य** 'તે' 'વિદ્વાનનો' **एषः** એ **आत्मा** આત્મા **ब्रह्मधाम** બ્રહ્મસ્વરૂપપ્રત્યે **विशते** પ્રવેશ કરે છે.

टीका—આ આત્મા આત્મનિષ્ઠાથી ઉત્પન્ન થયેલા બલથી રહિત એવા પુરૂષે પામવાને યોગ્ય નથિ અને લૌકિક પશુ પુત્રાદિક વિષયોની આસક્તિરૂપ નિમિત્તથી થયેલા કર્તવ્યતાના વિસ્મરણરૂપ પ્રમાદથી પામવાને યોગ્ય નથિ. તેમજ સંન્યાસરૂપ લિંગથી રહિત થવાથી પામવા યોગ્ય નથિ અથવા તપથી પણ પામવા યોગ્ય નથિ પરન્તુ જે વિદ્વાન્ તત્પર થઈ આ બલ અપ્રમાદ સંન્યાસ અને જ્ઞાનરૂપ ઉપાયોવડે પ્રયત્ન કરે છે તે વિદ્વાનનો આ આત્મા બ્રહ્મધામપ્રત્યે પ્રવેશ કરે છે. ॥ ૫૭ ॥

मूलम्—संप्राप्यैनमृषयोज्ञानतृप्ताः कृतात्मानोवीत-
तरागाःप्रशान्ताः तेसर्व्वगंसर्व्वतःप्राप्य
धीरायुक्तात्मानः सर्व्वमेवाविशान्ति ॥५८॥

पदानि—संप्राप्य एनं ऋषयः ज्ञानतृप्ताः कृतात्मानः वीतरागाः प्रशान्ताः ॥ ते सर्व्वगं सर्व्वतः प्राप्य धीराः युक्तात्मानः सर्व्वे एव आविशन्ति ॥ ५८ ॥

अन्वयार्थः—**ऋषयः** ઋષિયો **एनं** એ 'આત્માને' **संप्राप्यं** પામીને **ज्ञानतृप्ताः** જ્ઞાનથી તૃપ્ત **कृतात्मानः** પરમાત્મારૂપે થયેલા આત્મવાળા **वीतरागाः** રાગાદિ દોષથી રહિત થયેલા **प्रशान्ताः** ઉપરત થયેલી ઇન્દ્રિયોવાળા 'થાય છે' **ते** તે **युक्तात्मानः** સમાધાનયુક્ત સ્વભાવવાળા **धीराः** ધીર 'પુરૂષો' **सर्व्वगं** સર્વ વ્યાપી 'આત્માને' **सर्व्वतः** સર્વ ઠેકાણે **प्राप्य** પામીને **सर्व्वे एव** સર્વરૂપ આત્માપ્રત્યેજ **आविशन्ति** પ્રવેશ કરે છે.

टीका—બ્રહ્મપ્રત્યે કેવી રીતે કરે છે તે હવે કહેવાય છેઃ—જે પરમાત્માના દર્શનવાળા ઋષિયો આ આત્માને સારી રીતે જાણીને તથા તેજ જ્ઞાનવડે તૃપ્ત થઈ, પરમાત્મા સ્વરૂપે સિદ્ધ થયેલા આત્માવાળા થઇ રાગાદિ દોષથી રહિત અને જીતેન્દ્રિય થાય છે; તે અત્યન્ત વિવેકી અને નિરન્તર ચિત્તની એકાગ્રતાના સ્વભાવવાળા પુરૂષો આકાશની પેઠે સર્વવ્યાપક અદ્વૈતબ્રહ્મને સર્વ ઠેકાણે પામી સર્વરૂપ આત્મામાંજ પ્રવેશ કરે છે. ॥ ૫૮ ॥

मूलम्—वेदान्तविज्ञानसुनिश्चितार्थाःसंन्यासयोगा-
द्यतयःशुद्धसत्त्वाः। तेब्रह्मलोकेषुपरान्तका-
लेपरामृताःपरिमुच्यन्तिसर्व्वे ॥५९॥

पदानि—वेदान्तविज्ञानसुनिश्चितार्थाः संन्यासयोगात् यतयः शुद्धसत्वाः ॥ ते ब्रह्मलोकेषु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्व्वे ॥ ५९ ॥

अन्वयार्थः—वेदान्तविज्ञानसुनिश्चितार्थाः વેદાન્તરૂપી વિજ્ઞાનવડે પરમાત્મારૂપી અર્થને જેઓએ સુનિશ્ચિત કરેલો છે ' તથા ' संन्यासयोगात् સર્વ કર્મને ત્યાગ કરવારૂપી યોગથી शुद्धसत्त्वाः શુદ્ધ સત્ત્વવાળા यतयः યત્ન કરનારા ' જે પુરૂષો છે, ' ते તે परामृताः જીવતાં છતાંજ બ્રહ્મરૂપ થયેલા सर्व्वे સર્વે परान्तकाले દેહના અન્તકાળનેવિષે ब्रह्मलोकेषु બ્રહ્મલોકમાં परिमुच्यन्ति મુકાય છે.

टीका—જે પુરૂષો વેદાન્તથી ઉત્પન્ન થયેલાં વિજ્ઞાનવડે પરમાત્મારૂપ જાણવા યોગ્ય અર્થના નિશ્ચયવાળા છે અને સર્વ કર્મના પરિત્યાગપૂર્વક કેવળ બ્રહ્મનિષ્ઠા સ્વરૂપ સંન્યાસયોગથી પ્રયત્ન કરવાના સ્વરૂપવાળા યતિયો છે તથા સંન્યાસ યોગથી શુદ્ધ ચિત્તવાળા થયેલા છે; તે જીવતાં છતાંજ મુક્ત થયેલા સર્વે પુરૂષો દેહાન્તકાળમાં બ્રહ્મરૂપ લોકનેવિષેજ મુકાય છે. "બ્રહ્મલોક એક છતાં પણ અનેકની પેઠે દેખાય છે અને પમાય છે માટે ॥ ब्रह्मलोकेषु ॥ એવી રીતે બહુ વચન છે. ॥ ૫૯ ॥

मूलम्—गताःकलाःपञ्चदशप्रतिष्ठादेवाश्चसर्व्वे प्रतिदेवतासु ॥ कर्म्माणिविज्ञानमयश्चआत्मापरेऽव्ययेसर्व्वएकीभवन्ति ॥६०॥

पदानि—गताः कलाः पञ्चदश प्रतिष्ठाः देवाः च सर्व्वे प्रतिदेवतासु ॥ कर्म्माणि विज्ञानमयः च आत्मा परे अव्यये सर्व्वे एकीभवन्ति ॥ ६० ॥

अन्वयार्थः—पञ्चदश ' પ્રાણઆદિક ' પંચદશ સંખ્યાવાળી कला કલાઓ प्रतिष्ठा સ્વસ્વરૂપને गताः ' પામેલી છે च તથા सर्व्वे સર્વ देवाः દેવો प्रतिदेवतासु ' આદિત્યાદિક ' દેવોનેવિષે ' પ્રાપ્ત થયેલા છે ' कर्म्माणि કર્મો च તથા विज्ञानमयः વિજ્ઞાનમય आत्मा આત્મા परे પર अव्यये અક્ષય ' બ્રહ્મનેવિષે ' सर्व्वे સર્વ एकीभवन्ति એકત્વન પામે છે.

टीका—બ્રહ્મવેત્તા પુરૂષ અવિદ્યાદિક સંસારના બન્ધનની નિવૃત્તિરૂપ મોક્ષને ઇચ્છે છે પણ કાર્યરૂપ મોક્ષ ઇચ્છતા નથી તથા દેહની આરંભક જે પ્રાણ આદિક પંદર કલાઓ છે તે મોક્ષકાળમાં પોતપોતાના કારણપ્રત્યે લય પામે છે. અને દેહના આશ્રિત એવાં ચક્ષુઆદિક કરણોમાં રહેલા જે દેવ છે તે આદિત્યાદિક પ્રતિદેવતાઓમાં પ્રાપ્ત થાય છે. કર્મો તથા વિજ્ઞાનમય એવો જે આત્મા, તે સર્વે ઉપાધિની નિવૃત્તિથી સત, પર, અવ્યય, આકાશતુલ્ય, અજન્મા, અજર, અમર, અભય, અકાર્ય, કારણ, અન્તરરહિત બાહ્યરહિત, અદ્વૈત, શિવ, અને

શાન્ત એવું જે બ્રહ્મ તેનેવિષે એકતા પામે છે. વિજ્ઞાનમય શબ્દનો અર્થ આવી રીતે છે કે, જે મુમુક્ષુઓએ કરેલાં કર્મ છે તેનાં ફલના આરંભવાળા કર્મોને ઉપભોગવડે ક્ષીણ કરવાથી તેને છોડીને અવશેષ રહેલાં જે કર્મ છે તેનું ગ્રહણ કરવું અને આત્મા જે છે તે અવિદ્યારચિત બુદ્ધિઆદિક ઉપાધિને પોતાનું સ્વરૂપ માનીને જલાદિકમાં સૂર્યાદિકના પ્રતિબિમ્બની પેઠે વિજ્ઞાનમય સ્વરૂપનીસાથે આ દેહના ભેદમાં વિજ્ઞાનરૂપ બુદ્ધિપ્રત્યે ફલ દેવાને અર્થે પ્રવેશ પામ્યો છે માટે આત્મા વિજ્ઞાનમય કહેવાય છે. ॥ ૬૦ ॥

यथानद्यःस्यन्दमानाःसमुद्रेऽस्तंगच्छन्तिनामरूपेविहाय ।
तथाविद्वान्नामरूपाद्विमुक्तःपरात्परंपुरुषमुपैतिदिव्यम् ॥६१॥

पदानि—यथा नद्यः स्यन्दमानाःसमुद्रेअस्तं गच्छन्तिनामरूपेविहाय तथा विद्वान् नामरूपात् विमुक्तः परात् परं पुरुषं उपैति दिव्यम्

अन्वयार्थः—**यथा** જેમ **नद्यः** નદિયો **स्यन्दमानाः** ગતિ કરતી છતી **नामरूपे** નામરૂપને **विहाय** ત્યાગ કરીને **समुद्रे** સમુદ્રમાં **अस्तं** અદર્શન **गच्छन्ति** પામે છે **तथा** તેવી રીતે **विद्वान्** વિદ્વાન્ **नामरूपात्** નામરૂપથી **विमुक्तः** વિમુક્ત થઇ **परात्परं** પરથી પર **दिव्यं** દિવ્ય **पुरुषं** પુરૂષને **उपैति** પામે છે.

टीका— જેમ ગંગા આદિક નદિયો ગતિ કરતી છતી સમુદ્રને પામી નામ તથા રૂપનો ત્યાગ કરી સમુદ્રમાં અસ્ત થાય છે, તેમ વિદ્વાન્ પુરૂષ અવિદ્યાકૃત નામ તથા રૂપથી વિમુક્ત થઈ પરથી પર અને દિવ્ય એવા પુરૂષને પામે છે. ॥ ૬૧ ॥

मूलम्—**सयोहवैतत्परमंब्रह्मवेदब्रह्मैवभवतिनास्या-**
ब्रह्मवित्कुलेभवति ॥ तरतिशोकंतरतिपाप्मा-
नंगुहाग्रन्थिभ्योविमुक्तोऽमृतोभवति ॥६२॥

पदानि—सः यः ह वै तत् परमं ब्रह्म वेद ब्रह्म एव भवति न अस्य अब्रह्मवित् कुले भवति ॥ तरति शोकं तरति पाप्मानं गुहाग्रन्थिभ्यः विमुक्तः अमृतः भवति ॥ ६२ ॥

अन्वयार्थः—**यः** જે **ह** સ્પષ્ટ **वै** નિશ્ચે **तत्** તે **परमं** પરમ **ब्रह्म** બ્રહ્મને **वेद** જાણે છે **सः** તે **ब्रह्म एव** બ્રહ્મજ **भवति** થાય છે ' તથા ' **अस्य** આ ' વિદ્વાનના ' **कुले** કુલમાં **अब्रह्मवित्** બ્રહ્મવિત્ નહિ એવો કોઈ ' **न भवति** થતો નથિ ' તથા તે વિદ્વાન્ ' **शोकं** શોકને **तरति** તરે છે **पाप्मानं** ધર્માધર્મને **तरति** તરે છે ' અને ' **गुहाग्रन्थिभ्यः** હૃદયની ગ્રન્થિયોથી **विमुक्तः** વિમુક્ત થઇ **अमृतः** અમૃત **भवति** થાય છે.

टीका—જે પુરૂષ પરબ્રહ્મને જાણે છે તે પુરૂષ અન્ય ગતિ પામતો નથિ. દેવો પણ જેને બ્રહ્મ પ્રાપ્તિપ્રત્યે વિઘ્ન કરવાને સમર્થ નથિ કારણકે તે જ્ઞાની પુરૂષ દેવોનો પણ આત્મા છે. તે બ્રહ્મવેત્તા વિદ્વાન્ પુરૂષ બ્રહ્મરૂપજ થાય છે. તથા એ વિદ્વાન્ના કુલ (શિષ્યપરંપરા)-માં કોઇ પુરૂષ અબ્રહ્મવિત્ થતો નથી તથા તે વિદ્વાન્ જીવતાં છતાંજ અનેક ઇષ્ટ વસ્તુના વિયોગરૂપ નિમિત્તથી થયેલા મનના સન્તાપરૂપ શોકને તરે છે અર્થાત્ ઉલ્લંઘન કરે છે તથા ધર્માધર્મને તરે છે અને હૃદયની ગ્રન્થિયોથી વિમુક્ત થઇ અમૃતરૂપ થાય છે. ॥ ૬૨ ॥

मूलम्—तदेतदृचाभ्युक्तंक्रियावन्तः श्रोत्रियाब्रह्मनिष्ठाः ।
स्वयंजुह्वतेएकर्षिंश्रद्धयन्तस्तेषामेवैतांब्रह्मविद्यां-
वदेतशिरोव्रतंविधिवद्यैस्तुचीर्णम् ॥६३॥

पदानि—तत् एतत् ऋचा अभ्युक्तं क्रियावन्तः श्रोत्रियाः ब्रह्म-
निष्ठाः ॥ स्वयं जुह्वते एकर्षिं श्रद्धयन्तः तेषां एव एतां
ब्रह्मविद्यां वदेत शिरोव्रतं विधिवत् यैः तु चीर्णम् ॥६३॥

अन्वयार्थः—तत् તે **एतत्** આ ' વિદ્યાના સમ્પ્રદાનનું વિધાન ' **ऋचा** મંત્ર **अभ्युक्तं** કહેલું છે ' તે એવી રીતે કે ' **क्रियावन्तः** યથોક્ત કર્મ કરનારા **श्रोत्रियाः** શ્રોત્રિય **ब्रह्मनिष्ठाः** બ્રહ્મનિષ્ઠ **श्रद्धयन्तः** શ્રદ્ધા રાખનાર થઇ **स्वयं** પોતે **एकर्षिं** એ-કર્ષિ નામવાળા અગ્નિપ્રત્યે **जुह्वते** વહન કરે છે **तेषां एव** તેઓનેજ **एतां** આ **ब्रह्मविद्यां** બ્રહ્મવિદ્યા **वदेत** કહેવી **तु** અને **यैः** જેઓએ **विधिवत्** વિધિપ્રમાણે **शिरोव्रतं** ' અથર્વણમાં પ્રસિદ્ધ એવું ' શિરોવ્રત **चीर्णं** કરેલું છે ' તેને કહેવી. '

टीका—તે આ વિદ્યાના સમ્પ્રદાનનું વિધાન મંત્રે કહેલું છે તે એવી રીતે કે જે પુરૂષો શાસ્ત્રોક્ત કર્મ કરનારા છે, વેદવિદ્યામાં કુશલ છે, બ્રહ્મનિષ્ઠ છે, અને શ્રદ્ધાવાળા છે તે પોતે એકર્ષિ નામના અગ્નિપ્રત્યે હવન કરે છે. તે સંસ્કારયુક્ત ચિત્તવાળા પાત્રરૂપ પુરૂષોનેજ આ બ્રહ્મવિદ્યા કહેવી તથા મસ્તકઉપર અગ્નિ ધારણ કરવારૂપી જે શિરોવ્રત અથર્વવેદમાં પ્રસિદ્ધ છે તે વ્રત વિધિસહિત કરનારા પુરૂષોને આ બ્રહ્મવિદ્યા કહેવી. ॥ ૬૩ ॥

मूलम्—तदेतत्सत्यमृषिरङ्गिराःपुरोवाचनैतदचीर्णव्रतो
ऽधीते।नमःपरमऋषिभ्योनमःपरमऋषिभ्यः ॥६४॥

तत् एतत् सत्यं ऋषिः अङ्गिराः पुरा उवाच नएतत् अचीर्णव्रतः
अधीते ॥ नमः परमऋषिभ्यः नमःपरमऋषिभ्यः ॥ ६४ ॥

अन्वयार्थः— **तत्** તે **एतत्** આ **सत्यं** 'અક્ષર પુરૂષરૂપ' સત્યને **पुरा** પૂર્વે **अङ्गिराः** અંગિરા 'નામના' **ऋषिः** ઋષિ **उवाच** કહેતા હવા **अचीर्णव्रतः** જેણે વ્રત કરેલું નથિ ' એવો પુરૂષ ' **एतत्** આ ' ગ્રન્થને ' **न अधीते** ભણે નહિ **परमऋषिभ्यः** પરમ ઋષિયોને **नमः** નમસ્કાર છે **परमऋषिभ्यः** પરમ ઋષિયોને **नमः** નમસ્કાર છે.

टीका—તે અક્ષર પુરૂષરૂપ સત્ય પૂર્વે અંગિરા નામના ઋષિયો વિધિવત્ સમીપ આવેલા અને પુછતા એવા શાનક ઋષિને કહેલું છે. એવી રીતે અન્ય આચાર્યોએ પણ તેજ પ્રકારે મોક્ષનેઅર્થે વિધિવત્ સમીપ આવેલા મુમુક્ષુઓને આ વિદ્યા કહેવી જેણે વ્રત ન કરેલું હોય એવો પુરૂષ આ ગ્રન્થનું અધ્યયન કરવાને યોગ્ય નથિ. આ બ્રહ્મવિદ્યા જે બ્રહ્માદિક ઋષિયો પાસેથી પરમ્પરાના ક્રમવડે પ્રાપ્ત થયેલી છે તે પરમ ઋષિયોને નમસ્કાર કરિયે છિયે. પરમબ્રહ્મને જેઓએ સાક્ષાત્ જોયેલું છે અને જાણેલું છે તે તે પરમ ઋષિયોને ફરીને પણ નમસ્કાર કરિયે છિયે. ॥ ૬૪ ॥

इति तृतीय मुण्डके द्वितीय खण्डः

ॐ

शान्तिः शान्तिः शान्तिः

ब्रह्मार्पणमस्तु ॥

अथर्ववेदीयमुण्डकोपनिषत्सम्पूर्णा.

ॐ

॥ परमात्मने नमः ॥ हरिः ॐ

ऋग्वेदीयैतरेयोपनिषद्.

मूलम्—आत्मावाइदमेकएवाग्रआसीत् । नान्यत्किञ्चनमिषत् । सईक्षतलोकान्नुसृजाइति ॥१॥

पदानि—आत्मा वै इदं एकः एव अग्रे आसीत् । न अन्यत् किञ्चन मिषत् । स ईक्षत लोकान् नु सृजै इति ॥ १ ॥

अन्वयार्थः—**वै** નિશ્ચે **इदं** આ 'નામરૂપ અને કર્મના ભેદથી ભિન્ન એવું જગત્' **अग्रे** સૃષ્ટિથી પ્રથમ **एकः** એક **आत्मा एव** આત્માજ **आसीत्** હતું **अन्यत्** બીજું **मिषत्** વ્યાપારવાળું **किञ्चन** કાંઇ **न** ન 'હોતું' **सः** તે 'આત્મા' **लोकान्** લોકોને **सृजै** સર્જું **इति** એ પ્રકારે **ईक्षत** જોતો હવો. **नु** વિતર્ક.

टीका—નામરૂપ અને કર્મના ભેદથી ભિન્ન એવું જે જગત્ છે તે સૃષ્ટિથકી પૂર્વે નિત્યમુક્ત સ્વભાવવાળો આત્માજ હતો પણ બીજું વ્યાપારવાળું કાંઇ હતું નહિ. તે આત્માએ સર્વ ઠેકાણે પોતાનો સદ્‌ભાવ હોવાથી એક રૂપ છતાં ઇક્ષણ (અવલોકન) કર્યું. કોઈ આ ઠેકાણે એમ શંકા કરે કે જગત્‌ની ઉત્પત્તિથી પૂર્વે અકાર્ય કારણરૂપ હોવાથી તેણે કેવી રીતે ઇક્ષણ કર્યું; તો ત્યાં આવી રીતે સમજવું કે આત્મા સર્વજ્ઞ સ્વભાવવાળો હોવાથી તે ઇક્ષણ સંભવે છે, વળી કોઈ એમ શંકા કરે કે તેણે કેવા અભિપ્રાયથી ઇક્ષણ કર્યું; તો ત્યાં આ પ્રમાણે સમજવું કે, હું પ્રાણિયોને ઉપભોગના સાધનરૂપ લોકોને અવશ્ય રચું. એવી રીતે ઇક્ષણ કરીને તે આત્માએ આ લોકોને સર્જ્યા ॥ ૧ ॥

मूलम्—सइमाँल्लोकानसृजत । अम्भोमरीचीर्मरमापोऽदोम्भःपरेणदिवंद्यौःप्रतिष्ठान्तरिक्षंमरीचयः पृथिवीमरोयाअधस्तात्ताआपः ॥ २ ॥

पदानि—सः इमान् लोकान् असृजत । अम्भः मरीची मरं आपः अदः अम्भ परेण दिवं द्यौः प्रतिष्ठा अन्तरिक्षं मरीचयः ।

पृथिवी मरः याः अधस्तात् ताः आपः ॥ २ ॥

अन्वयार्थः—सः તે ' આત્મા ' **अम्भः** જલ **मरीची** અન્તરિક્ષ **मरं** પૃથ્વી **आपः** આપ ' એવી રીતે ' **इमान्** આ **लोकान्** લોકોને **असृजत** સર્જતો હવો **अदः** આ ' અંભ શબ્દથી કહેવાતો એવો **अम्भः** અંભલોક **दिवं परेण** સ્વર્ગલોકથી પર છે ' અને ' **द्यौः** સ્વર્ગ ' તે અંભનો ' **प्रतिष्ठा** આશ્રય છે ' સ્વર્ગલોકથી નીચે જે **अन्तरीक्षं** અન્તરિક્ષ ' છે તે **मरीचयः** મરીચિયો ' કહેવાય છે ' **मरः** મર **पृथिवी** પૃથ્વી ' કહેવાય છે ' **याः** જે ' પૃથ્વીથી ' **अधस्तात्** નીચે છે **ताः** તે **आपः** આપ ' કહેવાય છે. '

टीका—તે આત્માએ આ અંભ, મરીચિ, મર, અને આપં એ લોકોને સર્જ્યા અર્થાત્ આકાશાદિકક્રમથી બ્રહ્માંડ ઉત્પન્ન કરીને જલ આદિક લોક સર્જ્યા, તેમાં જલ આદિકનું પોતે શ્રુતિજ વ્યાખ્યાન કરે છેઃ-સ્વર્ગલોકથી પર જે મહર્ આદિક લોક છે અને જલ લોકનો આશ્રય જે સ્વર્ગલોક છે તે સર્વ આ ઠેકાણે અંભ શબ્દે કરીને કહેવાય છે. સ્વર્ગ લોકથી નીચે જે અન્તરિક્ષ છે તે મરીચિયો કહેવાય છે. આ ઠેકાણે સૂર્યનાં કિરણોને કહેનારા મરીચિ શબ્દથી લક્ષિત જે અન્તરિક્ષ તે એક છતાં પણ અનેક સ્થાનોમાં ભેદવાળું હોવાથી બહુ વચન વાચક છે અથવા સૂર્યના કિરણરૂપ અનેક મરીચિયોના સમ્બન્ધથી તે અન્તરિક્ષ લોક બહુ વચનનો વાચક છે. જેનેવિષે પ્રાણિયો મરે છે એવી જે પૃથ્વી તે 'મર' કહેવાય છે અને પૃથ્વીની નીચે જે લોક છે તે આપ કહેવાય છે. હવે જો કે આ લોક પંચભૂતાત્મક છે તોપણ જલ આદિકની બહુલતાથી "અંભ, મરીચિ, મર અને આપ" એમ કહેવાય છે. ॥ ૨ ॥

मूलम्—सईक्षतेमेलोकालोकपालान्नुसृजाइति ।
सोऽद्भ्यएवपुरुषंसमुद्धृत्यामूर्च्छयत् ॥ ३ ॥

पदानि—सः ईक्षत इमे लोकाः लोकपालान् नु सृजै इति ॥
सः अद्भ्यः एव पुरुषं समुद्धृत्य अमूर्च्छयत् ॥ ३ ॥

अन्वयार्थः—सः તે ' પરમેશ્વર ' **इति** એવી રીતે **ईक्षत** જોતા હવા કે **इमे** આ **लोकाः** લોકો ' લોકપાલવિના નાશ પામશે માટે ' **लोकपालान्** લોકપાલોને **सृजै** સર્જું ' પછી ' **सः** તે ' પરમેશ્વર ' **अद्भ्यः** **एव** જલથકીજ **पुरुषं** પુરૂષને **समुद्धृत्य** ગ્રહણ કરી **अमूर्च्छयत्** મૂર્છિત કરતા હવા **नु** વિતર્ક.

टीका—સર્વ પ્રાણિયોના કર્મનાં ફલ તથા તેનાં ઉપાદાન અને સાધનરૂપ પૂર્વોક્ત લોકોને સર્જિને તે ઇશ્વરે આવી રીતે ઇક્ષણ કર્યું કે મેં રચેલાં જે આ જલઆદિક લોક છે તે પાલનકર્તાઓથી રહિત થઈ નાશ પામશે માટે એમના રક્ષણ સારૂં હું લોકપાલોને અવશ્ય સર્જું. એવી રીતે ઇક્ષણ કરીને તે આત્માએ જલથકી (જલ પ્રધાન એવાં આ પંચભૂતોથી) ઉપર કહેલાં જલઆદિ ચાર લોકોને સર્જ્યાં. તે આત્માએ લોકોથીજ

પુરૂષના આકારયુક્ત શિર અને હસ્ત આદિક અંગવાળા વિરાટ્ પુરૂષને ગ્રહણ કરીને પછી, જેમ કુંભાર પૃથ્વીથકી ગ્રહણ કરેલા મૃત્તિકાના પિંડને મૂર્ચ્છિત કરે તેનીપેઠે મૂર્ચ્છિત કર્યો, (ભૂતોના અવયવોવડે તેના અવયવોની યોજના કરી મિલિત કર્યો.) ॥ ३ ॥

मूलम्—तमभ्यतपत्तस्याभितप्तस्यमुखंनिरभिद्यतयथाण्डम्-मुखाद्वाचोऽग्निर्नासिकेनिरभिद्येताम् । नासिकाभ्यां। प्राणःप्राणाद्वायुरक्षिणीनिरभिद्येताम् । अक्षिभ्याञ्च-क्षुश्चक्षुषआदित्यः कर्णौनिरभिद्येताम् । कर्णाभ्यां-श्रोत्रं । श्रोत्राद्दिशस्त्वङ्निरभिद्यत । त्वचोलोमानि । लोमभ्यओषधिवनस्पतयोहृदयंनिरभिद्यत । हृदया-न्मनोमनसश्चन्द्रमानाभिर्निरभिद्यत । नाभ्याअपा नोऽपानान्मृत्युः । शिश्नंनिरभिद्यत । शिश्नाद्रेतो रेतसआपः ॥ ४ ॥

पदानि—तं अभ्यतपत् तस्य अभितप्तस्य मुखं निरभिद्यत तथा अण्डम् । मुखात् वाचः अग्निः नासिके नि-रभिद्येताम् । नासिकाभ्यां प्राणः प्राणात् वायु अ-क्षिणी निरभिद्येताम् । अक्षिभ्यां चक्षुः चक्षुषः आ-दित्यः कर्णौ निरभिद्येताम् । कर्णाभ्या श्रोत्रं । श्रोत्रात् दिशः त्वक् निरभिद्यत । त्वचः लोमा-नि । लोमभ्यः ओषधिवनस्पतयः हृदयं निरभि-द्यत । हृदयात् मनः मनसः चन्द्रमाः नाभिः निरभिद्यत । नाभ्याः अपानः अपानात् मृत्युः । शिश्नं निरभिद्यत । शिश्नात् रेतः रेतसः आपः ॥४॥

अन्वयार्थः—तं તે ' પુરૂષ આકારવાળા પિંડપ્રત્યે ઉદ્દેશ કરીને ' **अभ्यतपत्** ચારે તરફથી તપતા હવા ' પછી ' **यथा** જેમ **अण्डं** ' પક્ષિને ' આંડ હોય તેમ

तस्य अभितप्तस्य તે અભિતપ્તને **मुखं** મુખ **निरभिद्यत** થયું **मुखात्** મુખથકી **वाचः** વાણીઓ **अग्निः** અગ્નિ ' અને ' **नासिके** બે નાસિકા **निरभिद्येतां** થઈ **नासिकाभ्यां** બે નાસિકાથકી **प्राणः** પ્રાણ **प्राणात्** પ્રાણથકી **वायुः** વાયુ ' અને ' **अक्षिणी** બે આંખ **निरभिद्येतां** થઈ **अक्षिभ्यां** બે આંખથી **चक्षुः** ચક્ષુ **चक्षुषः** ચક્ષુથી **आदित्यः** 'આદિત્ય ' અને ' **कर्णौ** બે કાન **निरभिद्येतां** થયા **कर्णाभ्यां** બે કાનથી **श्रोत्रं** શ્રોત્ર **श्रोत्रात्** શ્રોત્રથકી **दिशः** દિશાઓ ' અને ' **त्वक्** ત્વચા **निरभिद्यत** થયાં **त्वचः** ત્વચાથી **लोमानि** રૂવાડાં **लोमभ्यः** રૂંવાડાંથી **ओषधिवनस्पतयः** ઓષધિ અને વનસ્પતિયો ' તથા ' **हृदयं** હૃદય **निरभिद्यत** થયું **हृदयात्** હૃદયથકી **मनः** મન **मनसः** મનથકી **चन्द्रमाः** ચન્દ્રમા ' અને ' **नाभिः** નાભિ **निरभिद्यत** થઈ **नाभ्याः** નાભિથકી **अपानः** અપાન **अपानात्** અપાનથકી **मृत्युः** મૃત્યુ ' અને ' **शिश्नं** શિશ્ન **निरभिद्यत** થયાં **शिश्नात्** શિશ્નથકી **रेतः** વીર્ય **रेतसः** વીર્યથકી **आपः** પ્રજાપતિરૂપ દેવ ' થયા. '

टीका—તે પુરુષના આકારવાળા પિંડપ્રત્યે ઇશ્વરે ચારે તરફથી તેનો વિચારરૂપ સંકલ્પ કર્યો. તે ઇશ્વરના સંકલ્પરૂપ તપવડે ચારે તરફથી તપ્ત (જ્ઞાનને પ્રાપ્ત) થયેલા પિંડને, જેમ પક્ષીને અંડ થાય તેમ મુખ (મુખના આકારવાળું છિદ્ર) થયું. એવી રીતે તે ભેદને પ્રાપ્ત થયેલા મુખથકી વાક્ ઇન્દ્રિયરૂપ કરણ થયું અને તે વાક્‌થી વાક્‌ના અધિષ્ઠાન અને લોકપાલરૂપ અગ્નિ દેવ થયા. તેવી રીતે બે નાસિકા ઉત્પન્ન થઇ. તે નાસિકાથકી પ્રાણગોલકરૂપ કરણ થયું (આ ઠેકાણે પ્રાણ શબ્દવડે પ્રાણવૃત્તિસહિત ઘ્રાણઇન્દ્રિયનું ગ્રહણ કરવું) તે પ્રાણથી વાયુ દેવતા થયા. તેવી રીતે બે નેત્રરૂપ ગોલક ભેદ પામ્યાં. તે નેત્રથકી ચક્ષુરૂપ કરણ થયું તે ચક્ષુથી સૂર્યરૂપ દેવતા થયા. તેવી રીતે બે કર્ણરૂપ ગોલક ભેદ પામ્યાં. તે કર્ણોથી શ્રોત્ર ઇન્દ્રિયરૂપ કરણ થયું. તે શ્રોત્રથી દિશારૂપ દેવતા થયા. તેવી રીતે ત્વચારૂપ ગોલક ભેદ પામ્યું તે ત્વચાથી રોમ થયાં (આ ઠેકાણે રોમ શબ્દવડે રોમસહિત ત્વચા ઇન્દ્રિય ગ્રહણ કરવી તે રોમથી ઔષધિ અને વનસ્પતિયો થઇ (આ ઠેકાણે ઔષધિ અને વનસ્પતિ શબ્દવડે તેના અધિષ્ઠાતા વાયુ દેવતાનું ગ્રહણ કરવું) તેવી રીતે હૃદય કમલરૂપ ગોલક ભેદ પામ્યું અને તેથકી મનરૂપ અન્તઃકરણ થયું. તે મનથકી ચન્દ્રમારૂપ દેવતા થયા. તેવી રીતે નાભિરૂપ સર્વ પ્રાણોને રહેવાનું સ્થાન ભેદ પામ્યું, તે નાભિથકી અપાન (પાયુ ઇન્દ્રિય) થયું, તે અપાનથી મૃત્યુરૂપ દેવતા થયા. તેવી રીતે શિશ્ન (ઉપસ્થ ઇન્દ્રિયનું સ્થાન) ભેદ પામ્યું. તે શિશ્નથી રેત (ઉપસ્થ ઇન્દ્રિય) થઇ (આ ઠેકાણે રેત શબ્દવડે શિશ્ન ઇન્દ્રિયરૂપ સ્થાનવાળું રેત સમ્બન્ધી ઉપસ્થ ઇન્દ્રિય જાણવું અને તેને રેતના ત્યાગરૂપ અર્થવાળું હોવાથી રેતનું સમ્બન્ધીપણું છે. તે રેતથી જલ (પ્રજાપતિરૂપ દેવતા) થયા. ॥ ४ ॥

॥ इति प्रथमः खण्डः ॥

મૂલમ્—ता एता देवताः सृष्टा अस्मिन्महत्यर्णवे प्रापतंस्तमशनायापिपासाभ्यामन्ववार्जत् ॥ ता एनमब्रुवन्नायतनं नः प्रजानीहि यस्मिन्प्रतिष्ठिता अन्नमदामेति ॥५॥

पदानि—ताः एताः देवताः सृष्टाः अस्मिन् महति अर्णवे प्रापतन् तं अशनायापिपासाभ्यां अन्ववार्जत् ॥ ताः एनं अब्रुवन् आयतनं नः प्रजानीहि यस्मिन् प्रतिष्ठिताः अन्नं अदाम इति ॥ ५ ॥

अन्वयार्थः—**ताः** તે **एताः** એ **सृष्टाः** સર્જેલા **देवताः** ' અગ્નિ આદિક ' દેવતાઓ **अस्मिन्** આ **महति** મ્હોટા **अर्णवे** ' સંસારરૂપી ' સમુદ્રમાં **प्रापतन्** પડી **तं** તે ' સ્થાન કરણ અને દેવતાઓની ઉત્પત્તિના બીજભૂત પુરૂષને **अशनायापिपासाभ्यां** ક્ષુધા અને તૃષાની સાથે **अन्ववार्जत्** જોડતા હવા ' પછી ક્ષુધા અને તૃષાથી પીડિત થયેલા એવા ' **ताः** તે દેવો **एनं** એ ' સર્જનારને ' **इति** આ પ્રમાણે **अब्रुवन्** કહેવા લાગ્યા કે **नः** અમારે માટે **आयतनं प्रजानीहि** અધિષ્ઠાન નિર્માણ કરો કે **यस्मिन्** જેને વિષે **प्रतिष्ठिताः** સમર્થ થયા છતા ' અમે ' **अन्नं** અન્નને **अदाम** ભક્ષણ કરીએ.

टीका—તે સર્જેલા અગ્નિ આદિક દેવો આ દુઃખરૂપ માહોટા સંસાર સમુદ્રમાં પડ્યા. તે ઇશ્વરે સ્થાન કરણ અને દેવતાઓની ઉત્પત્તિના બીજરૂપ પ્રથમ ઉત્પન્ન કરેલા વિરાટ્‌ને ક્ષુધા અને તૃષાની સાથે સંયોગ કર્યો. તે કારણરૂપ વિરાટ્‌પુરૂષને ક્ષુધા આદિક દોષવાન્‌પણું છે માટે તેના કાર્યરૂપ દેવતાઓને પણ ક્ષુધા આદિક દોષપણું છે, માટે તે દેવતાઓ ક્ષુધા અને તૃષાવડે પીડા પામી આ સર્જવાવાળા પરમેશ્વરરૂપ પિતામહપ્રત્યે કહેવા લાગ્યા કે અમારે માટે શરીરનિર્માણ કરો કે જેનેવિષે સમર્થ થઇને અમે અન્ન ભક્ષણ કરિયે. ॥ ૫ ॥

મૂલમ્—ताभ्यो गामानयत्ता अब्रुवन्न वै नोऽयमलमिति ॥ ताभ्योऽश्वमानयत्ता अब्रुवन्न वै नोऽयमलमिति ॥ ६ ॥

पदानि—ताभ्यः गां आनयत् ताः अब्रुवन् न वै नः अयं अलं इति । ताभ्यः अश्वं आनयत् ताः अब्रुवन् न वै नः अयं अलं इति ॥६॥

अन्वयार्थः—**ताभ्यः** તે ' દેવતાઓને ' માટે ' ઇશ્વર ' **गां** ગાયની આકૃતિયુક્ત એવા પિંડને ' **आनयत्** લાવતા હવા ' પછી ' **ताः** તે ' દેવો ' **इति** આ પ્રમાણે **अब्रुवन्** બોલ્યાં કે **वै** નિશ્ચે **नः** અમારેમાટે **अयं** આ ' ગોપિંડ ' **न अलं** પૂર્ણ નથિ ' પછી તે ઇશ્વર ' **ताभ्यः** તે ' દેવતાઓમાટે ' **अश्वं** અશ્વની

આકૃતિયુક્ત એવા પિંડને **आनयत्** લાવતા હવા ' પછી ' **ताः** તે ' દેવો ' **इति** આ પ્રમાણે **अब्रुवन्** બોલ્યા કે **वै** નિશ્ચે **अयं** આ ' અશ્વપિંડ ' **नः** અમારેમાટે **न अलं** પરિપૂર્ણ નથિ.

टीका—એવી રીતે તે દેવોએ જ્યારે કહ્યું ત્યારે ઇશ્વરે તે દેવોને અર્થે ગૌ (ગાયની આકૃતિવડે યુક્ત એવા પિંડ) ને તે જલથીજ પ્રથમની પેઠે બહાર કહાડી મૂર્છિત કરી આણ્યો. તે દેવો ગાયની આકૃતિવાળા પિંડો દેખીને કહેવા લાગ્યા કે આ પિંડ અમારે માટે યોગ્ય નથિ. પછી તે દેવો માટે અશ્વપિંડ આણ્યો ત્યારે તે દેવો કહેવા લાગ્યા કે આ પિંડ પણ અમારેમાટે યોગ્ય નથિ, એમ સર્વનો નિષેધ કર્યો ॥ ૬ ॥

मूलम्—ताभ्यःपुरुषमानयत् । ताअब्रुवन्सुकृतंबतेति। पुरुषोवावसुकृतम् । ताअब्रवीद्यथाऽऽयतनंप्रविशतेति॥७॥

पदानि—ताभ्यः पुरुषं आनयत् । ताः अब्रुवन् सुकृतं बत इति । पुरुषः वाव सुकृतम् । ताः अब्रवीत् यथा आयतनं प्रविशत इति

अन्वयार्थः—**ताभ्यः** તે દેવતાઓને અર્થે ' ઇશ્વર ' **पुरुषं** પુરૂષને **आनयत्** લાવતા હવા ' પછી ' **ताः** તે દેવો **इति** આવી રીતે **बत** હર્ષથી **अब्रुवन्** બોલ્યા કે **सुकृतं** આ શોભાવાળું છે ' તે માટે ' **पुरुषः** પુરૂષ **वाव** નિશ્ચે **सुकृतं** સુકૃત છે ' પછી ઇશ્વર ' **ताः** તે દેવતાઓ પ્રત્યે **इति** આવી રીતે **अब्रवीत्** બોલ્યા ' કે તમે ' **यथा आयतनं** યથાયોગ્ય સ્થાનપ્રત્યે **प्रविशत** પ્રવેશ કરો.

टीका—તે દેવતાઓ પ્રત્યે પરમેશ્વરે પોતાની યોનિરૂપ (વિરાટ્ પુરૂષના દેહની સજાતીય) પુરૂષને દેખાડ્યો. તે દેવતાઓ પોતાની યોનિરૂપ પુરૂષને દેખીને, આ શરીર અવશ્ય શોભાવાળું છે એમ કહેવા લાગ્યા, તેમાટે પુરૂષજ સર્વ પુણ્ય કર્મનો હેતુ હોવાથી સુકૃત છે. અથવા પરમેશ્વરે પોતાનાજ સ્વરૂપથી પોતાની માયાવડે કરેલું હોવાથી તે શરીર સુકૃત કહેવાય છે. પછી તે ઇશ્વરે દેવતાઓને કહ્યું કે તમે યથાયોગ્ય સ્થાનપ્રત્યે અર્થાત્ જેનું જે વચન આદિક ક્રિયાને યોગ્ય સ્થાન છે તે પ્રત્યે પ્રવેશ કરો. ॥ ૭ ॥

मूलम्—अग्निर्वाग्भूत्वामुखंप्राविशद्वायुःप्राणोभूत्वानासिकेप्राविशदादित्यश्चक्षुर्भूत्वाऽक्षिणीप्राविशद्दिशःश्रोत्रंभूत्वाकर्णौप्राविशन्नौषधिवनस्पतयोलोमानिभूत्वात्वचंप्राविशंश्चन्द्रमामनोभूत्वाहृदयंप्राविशन्मृत्युरपानोभूत्वानाभिंप्राविशदापोरेतोभूत्वाशिश्नंप्राविशन् ॥ ८ ॥

पदानि—अग्निः वाक् भूत्वा मुखं प्राविशत् वायुः प्राणः भूत्वा नासिके प्राविशत् आदित्यः चक्षुः भूत्वा अक्षिणी प्राविशत् दिशः श्रोत्रं भूत्वा कर्णौ प्राविशत् औषधिवनस्पतयः लोमानि भूत्वा त्वचं प्राविशत् चन्द्रमाः मनः भूत्वा हृदयं प्राविशत् मृत्युः अपानः भूत्वा नाभिं प्राविशत् आपः रेतः भूत्वा शिश्नं प्राविशत् ॥ ८ ॥

अन्वयार्थः—अग्निः અગ્નિ **वाक्** વાણી **भूत्वा** થઇને **मुखं** મુખપ્રત્યે **प्राविशत्** પેઠો. **वायुः** વાયુ, **प्राणः** પ્રાણ **भूत्वा** થઇને **नासिके** બે નાસિકાપ્રત્યે **प्राविशत्** પેઠો. **आदित्यः** આદિત્ય **चक्षुः** ચક્ષુ **भूत्वा** થઇને **अक्षिणी** બે આંખપ્રત્યે **प्राविशत्** પેઠો **दिशः** દિશાઓ **श्रोत्रं** શ્રોત્ર **भूत्वा** થઇને **कर्णौ** બે કાનપ્રત્યે **प्राविशन्** પેઠી **औषधिवनस्पतयः** ઔષધિ અને વનસ્પતિયો **लोमानि** રોમ **भूत्वा** થઇને **त्वचं** ત્વચાપ્રત્યે **प्राविशत्** પેઠી **चन्द्रमाः** ચન્દ્રમા **मनः** મન **भूत्वा** થઇને **हृदयं** હૃદયપ્રત્યે **प्राविशत्** પેઠો **मृत्युः** મૃત્યુ **अपानः** અપાન **भूत्वा** થઇને **नाभिं** નાભિપ્રત્યે **प्राविशत्** પેઠો **आपः** જલ **रेतः** ઉપસ્થ **भुत्वा** થઇ **शिश्नं** શિશ્નપ્રત્યે **प्राविशत** પેઠું.

टीका—જેમ રાજાની આજ્ઞા પામી "તથાસ્તુ" એમ કહી સેનાપતિ આદિક પુરૂષો નગરીમાં પ્રવેશ કરે છે તેમ ઇશ્વરની આજ્ઞાને પામી અગ્નિ આદિક દેવ શરીરરૂપી નગરીમાં પ્રવેશ કરે છે. તેમાં પ્રથમ વાક્‌નો અભિમાની જે અગ્નિ તેણે વાક્‌રૂપજ થઇ પોતાની યોનિરૂપ મુખમાં પ્રવેશ કર્યો. તેમ વાયુએ પ્રાણ (ઘ્રાણરૂપ) થઇ નાસિકામાં પ્રવેશ કર્યો. સૂર્યે ચક્ષુરૂપ થઈ નેત્રમાં પ્રવેશ કર્યો. દિશાઓએ શ્રોત્ર થઇ બે કાનમાં પ્રવેશ કર્યો, ઔષધિ અને વનસ્પતિયોએ રોમરૂપ થઇ ત્વચામાં પ્રવેશ કર્યો. ચન્દ્રમાએ મનરૂપે થઇ હૃદયમાં પ્રવેશ કર્યો. મૃત્યુએ અપાન (ગુદા) રૂપ થઈ નાભિમાં પ્રવેશ કર્યો અને જલે રેત (ઉપસ્થ) થઈ શિશ્નમાં પ્રવેશ કર્યો. ॥ ૮ ॥

मूलम्—तमशनायापिपासेअब्रूतामावाभ्यामभिप्रजानीहीति। सतेअब्रवीदेतास्वेववादेवतास्वाभजाम्येतासुभागिन्यौकरोमीति। तस्माद्यस्यैकस्यैचदेवतायैहविर्गृह्यतेभागिन्यावेवास्यामशना यापिपासे भवतः ॥ ९ ॥

पदानि—तं अशनायापिपासे अब्रूतां आवाभ्यां अभिप्रजानीहि इति। सः ते अब्रवीत् एतासु एव वा देवतासु आभजामि एतासु भागिन्यौ करोमि इति। तस्मात् यस्यै कस्यै च देवतायै हविः गृह्यते भागिन्यौ

एव अस्यां अशनायापिपासे भवतः ॥ ९ ॥

अन्वयार्थः—**तं** તે 'ઇશ્વરપ્રત્યે' **अशनायापिपासे** ક્ષુધા અને તૃષા **इति** આવી રીતે **अब्रूतां** કહેતી હવી કે **आवाभ्यां** અમારેમાટે 'અધિષ્ઠાન' **अभिप्रजानीहि** ચિન્તન કરો 'પછી' **सः** તે 'ઇશ્વર' **ते** તે 'ક્ષુધા અને તૃષાપ્રત્યે' **इति** આવી રીતે **अब्रवीत्** બોલ્યા કે **एतासु** આ **देवतासु एव वां** દેવતાઓની મધ્યેજ 'વૃત્તિના સંવિભાગવડે' **आभजामि** અનુગ્રહ કરૂં છું **एतासु** આ **देवतासु** દેવતાઓની મધ્યે 'તમને' **भागिन्यौ** ભાગવાળી **करोमि** કરૂંછું **तस्मात्** તેમાટે **यस्यै कस्यै च** જે કોઇ **देवतायै** દેવતામાટે **हविः** હવિઃ **गृह्यते** ગ્રહણ કરાય છે **अस्या** આ દેવતામાં **अशनायापिपासे** ક્ષુધા અને તૃષા **भागिन्यौ एव** ભાગવાળીજ **भवतः** થાય છે.

टीका—પછી ક્ષુધા અને તૃષાએ તે ઇશ્વરને કહ્યું કે આમારેમાટે સ્થાનનું ચિન્તન કરો. (નિર્માણ કરો) ત્યારે તે ઇશ્વિર ક્ષુધા અને તૃષાપ્રત્યે કહેવા લાગ્યા કે તમે ધર્મરૂપ હોવાથી અને ચેતનાવાળી વસ્તુરૂપ આશ્રયરહિત હોવાથી ભોક્તાપણું સંભવતુ નથિ માટે આ અગ્નિ આદિક દેવતાઓને વિષેજ તમને બેઉને વૃત્તિના વિભાગવડે અનુગ્રહ કરૂં છું અર્થાત્ જે દેવતાના જે હવિ આદિરૂપ ભાગ છે તે દેવતાના તેજ ભાગથી તમને ભાગવાળી કરૂં છું સૃષ્ટિની આદિમાં ઇશ્વરે એવી રીતે કહ્યું માટે હમણાં પણ જે કોઇ દેવતા અર્થે ચરૂ પુરોડાશાદિરૂપ હવિઃ ગ્રહણ કરાય છે, એ દેવતાનેવિષે એ ક્ષુધા અને તૃષા ભાગવાળી થાય છે. ॥ ૯ ॥

॥ इति द्वितीयः खण्डः ॥

लम्—सईक्षतेमेनुलोकाश्चलोकपालाश्चान्नमेभ्यःसृजाइति १०

पदानि—सः ईक्षत इमे नु लोकाः च लोकपालाः च अन्नं एभ्यः सृजै इति ॥ १० ॥

अन्वयार्थः—**सः** તે 'ઇશ્વર' **इति** આવી રીતે **ईक्षत** ઇક્ષણ કરતા હવા કે **इमे नु** આ પ્રસિદ્ધ **लोकाः च** લોકો **च** તથા **लोकपालाः** લોકપાલો 'મેં રચ્યા છે હવે' **एभ्यः** એઓનેમાટે **अन्नं** અન્ન **सृजै** સર્જુ.

टीका—તે ઇશ્વરે આવી રીતે ઇક્ષણ કર્યું કે આ પ્રસિદ્ધ એવા લોક અને લોકપાલો મેં રચ્યા છે અને તેઓને ક્ષુધા તથા તૃષાની સાથે જોડેલા છે. માટે તેઓની સ્થિતિ અન્નવિના થશે નહિ તેથી આ લોકપાલોને અર્થે અન્ન સર્જુ. જેમ લોકમાં પોતાની પ્રજાઓને વિષે રાજાઓનું અનુગ્રહ અને નિગ્રહ કરવામાં સામર્થ્ય દેખાય છે તેમ પરમેશ્વર પણ સર્વના નિયન્તા છે માટે તેનેવિષે સર્વને નિગ્રહ અને અનુગ્રહ કરવાનું સ્વતંત્રપણું છે. ॥ ૧૦ ॥

मूलम्—सोऽपोऽभ्यतपत् । ताभ्योऽभितप्ताभ्यो मूर्तिरजायत या वै सा मूर्तिरजायतान्नं वै तत् ॥ ११ ॥

पदानि—सः अपः अभ्यतपत् । ताभ्यः अभितप्ताभ्यः मूर्तिः अजायत । या वै सा मूर्तिः अजायत अन्नं वै तत् ॥ ११ ॥

अन्वयार्थः—**सः** તે ' ઇશ્વર ' **अपः** જલને ' અર્થાત્ પંચભૂતને ' **अभ्यतपत्** સંકલ્પ કરતા હવા **ताभ्यः** તે **अभितप्ताभ्यः** સંકલ્પિત જલરૂપ પંચભૂતથકી **मूर्तिः** મૂર્તિ **अजायत** ઉત્પન્ન થઈ **वै** નિશ્ચે **या** જે **सा** તે **मूर्तिः** મૂર્તિ **अजायत** થઇ **वै** નિશ્ચે **तत्** તે **अन्नं** અન્ન છે ' એમ જાણવું. '

टीका—તે ઇશ્વરે અન્નને સર્જવાને ઇચ્છીને તે પૂર્વોક્ત જલ (પંચભૂત) ને ઉદ્દેશ કરી સંકલ્પ કર્યો તે સંકલ્પ કરેલા કારણરૂપ પંચભૂતથી કઠિનરૂપ અને શરીર ધારણ કરવામાં સમર્થ એવી ચર અચરરૂપ મૂર્તિ ઉત્પન્ન થઇ. જે પ્રસિદ્ધ એવી તે મૂર્તિ ઉત્પન્ન થઇ તે નિશ્ચય કરી અન્ન છે અર્થાત્ જે ઉત્પન્ન થયેલું અન્ન છે તે મૂર્તિરૂપ છે અને જે તે મૂર્તિ ઉત્પન્ન થઇ તે આ અન્ન છે. ॥ ११ ॥

मूलम्—तदेतदभिसृष्टं सत्पराङत्यजिघांसत्तद्वाचाजिघृक्षत्तन्नाशक्नोद्वाचा ग्रहीतुम् । स यद्धैनद्वाचाऽग्रहैष्यदभिव्याहृत्य हैवान्नमत्रप्स्यत् ॥ १२ ॥

पदानि—तत् एतत् अभिसृष्टं सत् पराङ् अत्यजिघांसत् तत् वाचा अजिघृक्षत् तत् न अशक्नोत् वाचा ग्रहीतुम् । सः यत् ह एनत् वाचा अग्रहैष्यत् अभिव्याहृत्य ह एव अन्नं अत्रप्स्यत् ॥

अन्वयार्थः—**तत्** તે **एतत्** એ ' અન્ન ' **अभिसृष्टं सत्** છોડયે છતે **पराङ्** પરાઙ્ મુખ થઇ **अत्यजिघांसत्** પોતાના ભોક્તાઓને ઉલ્લંઘન કરવાને ઇચ્છતું હવું **तत्** તે અન્નને **वाचा** વાણીવડે ' તે વિરાટ્ ' **अजिघृक्षत्** ગ્રહણ કરવાને ઇચ્છતા હવા ' પણ ' **तत्** તો **वाचा** વાણીવડે **ग्रहीतुं** ગ્રહણ કરવાને **न अशक्नोत्** સમર્થ થયા નહિ **सः** તે ' વિરાટ્ ' **यत्** જે કારણમાટે **ह** સ્પષ્ટ **एनत्** એને **वाचा** વાણીવડે **अभिव्याहृत्य एव** કથન કરીનેજ **अग्रहैष्यत्** ગ્રહણ કરતા હવા ' માટે સર્વ લોક પણ ' **ह** સ્પષ્ટ **अन्नं** અન્નને ' વાચકશબ્દવડે કથન કરીનેજ ' **अत्रप्स्यत्** તૃપ્ત થતા હવા.

टीका—તે આ અન્ન લોકપાલોની સન્મુખ છોડયા પછી પરાઙ્ મુખ થઈ પોતાના ભોક્તાને ઉલ્લંઘન કરવાની ઇચ્છાવાળું થયું અર્થાત્ પાલન કરવાના આરંભવાળું થયું. તે

અન્નને વિરાટ્ પોતે વચન ક્રિયારૂપ વાણીવડે ગ્રહણ (ભક્ષણ) કરવાને ઇચ્છાવન્ થયા પણ તેને વાણીવડે ગ્રહણ કરવાને સમર્થ થયા નહિં. તે પ્રથમ ઉત્પન્ન થયેલા શરીરવાળા વિરાટ્ તે અન્નને વાણીવડે કહીને ગ્રહણ કરતા હવા માટે સર્વ લોક પણ વિરાટ્નું કાર્ય હોવાથી અન્નને વાચક શબ્દવડે કહીનેજ તૃપ્તિ પામ્યા. ॥ ૧૨ ॥

મૂલમ્—तत्प्राणेनाजिघृक्षत्तन्नाशक्नोत्प्राणेनग्रहीतुम् ॥ सयद्धैनत्प्राणेनाग्रहैष्यदभिप्राण्यहैवान्नमत्रप्स्यत्॥१३॥

પદાનિ—तत् प्राणेन अजिघृक्षत् तत् न अशक्नोत् प्राणेन ग्रहीतुम् ॥ सः यत् ह एनत् प्राणेन अग्रहैष्यत् अभिप्राण्य ह एव अन्नं अत्रप्स्यत् ॥ १३ ॥

अन्वयार्थः—**तत्** તે ‘ અન્નને ’ **प्राणेन** પ્રાણ ‘ અર્થાત્ ઘ્રાણવડે ’ **अजिघृक्षत्** ગ્રહણ અર્થાત્ ભક્ષણ કરવાને ઇચ્છતા હવા ’ **तत्** તે **प्राणेन** પ્રાણ અર્થાત્ ઘ્રાણવડે **ग्रहीतुं** ગ્રહણ કરવાને ‘ અર્થાત્ ભક્ષણ કરવાને ’ **न अशक्नोत्** સમર્થ થયા નહિં ‘ અને ’ **सः** તે ‘ વિરાટ્ ’ **यत्** જે કારણમાટે **ह** સ્ફુટ **एनत्** એને **प्राणेन** પ્રાણવડે **अभिप्राण्य एव** સુંધીનેજ **अग्रहैष्यत्** અગ્રહણ કરતા હવા ‘ માટે સર્વ લોક પણ, **ह** સ્ફુટ **अन्नं** અન્નને ‘ સુંઘીને ’ **अत्रप्स्यत्** તૃપ્ત થયા.

टीका—તે વિરાટે અન્નને ઘ્રાણવડે ભક્ષણ કરવાની ઇચ્છા કરી પણ ઘ્રાણવડે ભક્ષણ કરવાને સમર્થ થયા નહિ માટે ઘ્રાણવડે સુંઘીનેજ તે અન્નને ગ્રહણ કર્યું તેથી સર્વ લોક પણ એ અન્નો સુંઘીનેજ તૃપ્ત થયા. ॥ ૧૩ ॥

મૂલમ્—तच्चक्षुषाऽजिघृक्षत्तन्नाशक्नोच्चक्षुषाग्रहीतुम् ॥ सयद्धैनच्चक्षुषाऽग्रहैष्यद्दृष्ट्वाहैवान्नमत्रप्स्यत् ॥ १४ ॥

પદાનિ—तत् चक्षुषा अजिघृक्षत् तत् न अशक्नोत् चक्षुषा ग्रहीतुम् ॥ सः यत् ह एनत् चक्षुषा अग्रहैष्यत् दृष्ट्वा ह एव अन्नं अत्रप्स्यत् ॥ १४ ॥

अन्वयार्थः—**तत्** તે ‘ અન્નને ’ **चक्षुषा** ચક્ષુવડે **अजिघृक्षत्** ગ્રહણ કરવાને ઇચ્છતા હવા **तत्** તેને **चक्षुषा** ચક્ષુવડે **ग्रहीतुं** ગ્રહણ કરવાને **न अशक्नोत्** સમર્થ **सः** તે ‘ વિરાટ્ ’ **यत्** જે કારણમાટે **ह** સ્ફુટ **एनत्** એને **चक्षुषा** ચક્ષુવડે **दृष्ट्वा एव** જોઇનેજ **अग्रहैष्यत्** ગ્રહણ કરતા હવા ‘ માટે સર્વ લોક પણ ’ **ह** સ્ફુટ **अन्नं** અન્નને **अत्रप्स्यत्** ‘ જોઇનેજ તૃપ્ત થયા.

टीका—તે અન્નને ચક્ષુવડે ગ્રહણ કરવાની ઇચ્છા કરી. પણ તેને ચક્ષુવડે ગ્રહણ કરવાને સમર્થ થયા નહિ માટે તે વિરાટે ચક્ષુવડે દેખીનેજ તે અન્નને ગ્રહણ કર્યું તેથી સર્વ લોક પણ અન્નને દેખીનેજ તૃપ્ત થયા. ॥ ૧૪ ॥

मूलम्—तच्छ्रोत्रेणाजिघृक्षत्तन्नाशक्नोच्छ्रोत्रेणग्रहीतुम् ॥
सयद्धैनच्छ्रोत्रेणाग्रहैष्यच्छ्रुत्वाहैवान्नमत्रप्स्यत् ॥१५॥

पदानि—तत् श्रोत्रेण अजिघृक्षत् तत् न अशक्नोत् श्रोत्रेण
अग्रहीतुम् ॥ सः यत् ह एनत् श्रोत्रेण अग्रहैष्यत्
श्रुत्वा ह एव अन्नं अत्रप्स्यत् ॥ १५ ॥

अन्वयार्थः—**तत्** તેને **श्रोत्रेण** શ્રોત્રવડે **अजिघृक्षत्** ગ્રહણ કરવાને ઇચ્છતા હવા **तत्** તેને **श्रोत्रेण** શ્રોત્રવડે **ग्रहीतु** ગ્રહણ કરવાને **न अशक्नात** સમર્થ થયા નહિ 'પછી' **सः** તે ' વિરાટ્ ' **यत्** જે કારણમાટે **ह** સ્ફુટ **एनत्** એને **श्रोत्रेण** શ્રોત્રવડે **श्रुत्वा एव** સાંભળીનેજ **अग्रहैष्यत्** ગ્રહણ કરતા હવા ' માટે સર્વ લોક પણ ' **अन्नं** અન્નને **ह** સ્ફુટ ' સાંભળીનેજ ' **अत्रप्स्यत्** તૃપ્ત થયા.

टीका—તે અન્નને શ્રોત્રવડે ગ્રહણ કરવાની ઇચ્છા કરી. તેને શ્રોત્રવડે ગ્રહણ કરવાને સમર્થ થયા નહિ માટે તે વિરાટે શ્રોત્રવડે સાંભળીનેજ તે અન્નને ગ્રહણ કર્યું તેથી સર્વ લોક પણ એ અન્નને સાંભળીનેજ તૃપ્ત થયા. ॥ ૧૫ ॥

मूलम्—तत्त्वचाजिघृक्षत्तन्नाशक्नोत्त्वचाग्रहीतुम् ॥
सयद्धैनत्त्वचाऽग्रहैष्यत्स्पृष्ट्वाहैवान्नमत्रप्स्यत् ॥१६॥

पदानि—तत् त्वचा अजिघृक्षत् तत् न अशक्नोत् त्वचा
ग्रहीतुम ॥ सः यत् ह एनत् त्वचा अग्रहैष्यत्
स्पृष्ट्वा ह एव अन्नं अत्रप्स्यत् ॥ १६ ॥

अन्वयार्थः—**तत्** તેને **त्वचा** ત્વચાવડે **अजिघृक्षत** ગ્રહણ કરવાને ઇચ્છતા હવા **तत्** તેને **त्वचा** ત્વચાવડે **ग्रहीतुं** ગ્રહણ કરવાને **न अशक्नोत्** સમર્થ થયા નહિ **सः** તે ' વિરાટ્ ' **यत्** જે કારણમાટે **एनत्** એને **त्वचा एव** ત્વચાવડેજ **ह** સ્ફુટ **स्पृष्ट्वा** સ્પર્શ કરીને **अग्रहैष्यत्** ગ્રહણ કરતા હવા ' માટે સર્વ લોક પણ એ ' **अन्नं** અન્નને **ह** સ્ફુટ ' સ્પર્શ કરીને' **अत्रप्स्यत्** તૃપ્ત થયા.

टीका—તે અન્નને ત્વચાવડે ગ્રહણ કરવાને ઇચ્છા કરી પણ તેને ત્વચાવડે ગ્રહણ કરવાને સમર્થ થયા નહિ પછી તે વિરાટે એ અન્નને ત્વચાવડે સ્પર્શ કરીને ગ્રહણ કર્યું માટે સર્વ લોક પણ એ અન્નના સ્પર્શવડે તૃપ્ત થયા. ॥ ૧૬ ॥

मूलम्—तन्मनसाऽजिघृक्षत्तन्नाशक्नोन्मनसाग्रहीतुम् ॥
सयद्धैनन्मनसाऽग्रहैष्यद्ध्यात्वाहैवान्नमत्रप्स्यत् ॥१७

पदानि—तत् मनसा अजिघृक्षत् तत् न अशक्नोत् मनसा
ग्रहीतुम् ॥ सः यत् ह एनत् मनसा अग्रहैष्यत्
ध्यात्वा ह एव अन्नं अत्रप्स्यत् ॥ १७ ॥

अन्वयार्थः—**तत्** તેને **मनसा** મનવડે **अजिघृक्षत्** ગ્રહણ કરવાને ઇચ્છતા હવા **तत्** તેને **मनसा** મનવડે **ग्रहीतुं** ગ્રહણ કરવાને **न अशक्नोत्** સમર્થ થયા નહિ **सः** તે 'વિરાટ્' **यत्** જે કારણમાટે **ह** સ્પષ્ટ **अग्रहैष्यत्** ગ્રહણ કરતા હવા ' માટે સર્વ લોક પણ ' **अन्नं** અન્નને ' ધ્યાન કરીને ' **अत्रप्स्यत्** તૃપ્ત થયા.

टीका—તે અન્નને મનવડે ગ્રહણ કરવાની ઇચ્છા કરી પણ તેને મનવડે ગ્રહણ કરવાને સમર્થ થયા નહિ પછી તે વિરાટે એ અન્નને ધ્યાનવડેજ ગ્રહણ કર્યું માટે સર્વ લોક પણ એ અન્નનું ધ્યાન કરીને તૃપ્ત થયા. ॥ ૧૭ ॥

मूलम्—तच्छिश्नेनाजिघृक्षत्तन्नाशक्नोच्छिश्नेनग्रहीतुम् । सय
द्धैनच्छिश्नेनाग्रहैष्यद्विसृज्यहैवान्नमत्रप्स्यत् ॥ १८ ॥

पदानि—तत् शिश्नेन अजिघ्रक्षत तत् न अशक्नोत शिश्नेन
ग्रहीतुम् ॥ सः यत् ह एनत् शिश्नेन अग्रहैष्यत्
विसृज्य ह एव अन्नं अत्रप्स्यत् ॥ १८ ॥

अन्वयार्थः—**तत्** તેને **शिश्नेन** શિશ્નવડે **अजिघृक्षत्** ગ્રહણ કરવાને ઇચ્છતા હવા **तत्** તેને **शिश्नेन** શિશ્નવડે **ग्रहीतुं** ગ્રહણ કરવાને **न अशक्नोत्** સમર્થ થયા નહિ **सः** તે ' વિરાટ્ ' **यत्** જે કારણમાટે **ह** સ્પષ્ટ **एनत्** એને **शिश्नेन** શિશ્નવડે **अग्रहैष्यत्** ગ્રહણ કરતા હવા ' માટે સર્વ લોક પણ ' **ह** સ્પષ્ટ **एनत्** એને **शिश्नेन** શિશ્નવડે **विसृज्य एव** ત્યાગ કરીનેજ **अत्रप्स्यत्** તૃપ્ત થયા.

टीका—તેને શિશ્નવડે ગ્રહણ કરવાની ઇચ્છા કરી પણ તેને શિશ્નવડે ગ્રહણ કરવાને સમર્થ થયા નહિ પછી તે વિરાટે એને શિશ્નવડે ત્યાગરૂપથી ગ્રહણ કર્યું માટે સર્વ લોક પણ એને શિશ્નવડે ત્યાગ કરીનેજ તૃપ્ત થયા. ॥ ૧૮ ॥

मूलम्—तदपानेनाजिघृक्षत्तदावयत् । सएषोऽन्नस्य-
ग्रहोयद्वायुरन्नायुर्वाएषयद्वायुः ॥ १९ ॥

पदानि—तत् अपानेन अजिघृक्षत् तदा अवयत् । सः एषः अन्नस्य ग्रहः यत् वायुः अन्नायुः वै एषः यत् वायुः ॥ १९ ॥

अन्वयार्थः—' પછી ' तत् તેને अपानेन અપાનવડે अजिघृक्षत् ગ્રહણ કરવાને ઇચ્છિતા હવા तदा ત્યારે अवयत् ' અન્નને ' ભક્ષણ કરતા હવા यत् જે सः તે एषः આ वायुः 'અપાન ' વાયુ ' છે તે ' अन्नस्य અન્નને ग्रहः ગ્રહણ કરનારો ' છે અને ' वै નિશ્ચે अन्नायुः અન્નરૂપી આયુષ્યવાળો છે एषः આ यत् જે वायुः વાયુ છે.

टीका—પછી તે અન્નને અપાન વાયુ (મુખછિદ્ર) વડે ગ્રહણ કરવાની ઇચ્છા કરી ત્યારે તે અન્નને ભક્ષણ કર્યું તેમાટે આ મુખછિદ્ર અન્નને ગ્રહણ કરનારૂં છે અને તે અપાન વાયુ અન્નથી જીવનવાળો છે એમ પ્રસિદ્ધ છે. એ આ વાયુ છે. ॥ १९ ॥

मूलम्—सईक्षतकथंन्विदंमदृतेस्यादिति । सईक्षतकतरेणप्रपद्याइति । सईक्षतयदिवाचाऽभिव्याहृतं । यदिप्राणेनाभिप्राणितं । यदिचक्षुषादृष्टं । यदिश्रोत्रेणश्रुतं । यदित्वचास्पृष्टं । यद्दिमनसाध्यातं । यद्यपानेनाभ्यपानितं ॥ यदिशिश्नेनविसृष्टमथकोऽहमिति

पदानि—सः ईक्षत कथं नु इदं मत् ऋते स्यात् इति । सः ईक्षत कतरेण प्रपद्यै इति । सः ईक्षत यदि वाचा अभिव्याहृतम् । यदि प्राणेन अभिप्राणितं । यदि चक्षुषा दृष्टं । यदि श्रोत्रेण श्रुतं । यदि त्वचा स्पृष्टं यदि मनसा ध्यातं । यदि अपानेन अभ्यपानितं । यदि शिश्नेन विसृष्टं अथ कः अहं इति

अन्वयार्थः—सः તે ' ઇશ્વર ' इति આવી રીતે ईक्षत જોતા હવા કે मत्ऋते મારાવિના इदं नु આ कथं કેમ स्यात् થશે सः તે इति આવી રીતે ईक्षत જોતા હવા કે कतरेण કોઈ ઉપાયે प्रपद्यै પામું ' પછી ' यदि જો वाचा વાણીવડે अभिव्याहृतं કરેલું હોય यदि જો प्राणेन ઘ્રાણવડે अभिप्राणितं સુંઘ્યું હોય यदि જો चक्षुषा આંખવડે दृष्टं દેખ્યું હોય यदि જો श्रोत्रेण કાનવડે श्रुतं સાંભળ્યું હોય यदि જો त्वचा ત્વચાવડે स्पृष्टं સ્પર્શ કરેલું હોય यदि જો मनसा મનવડે ध्यातं ધ્યાન કરેલું હોય यदि જો अपानेन મુખછિદ્રવડે अभ्यपानितं ભક્ષણ કરેલું હોય यदि જો शिश्नेन શિશ્નવડે विसृष्टं ત્યાગ કરેલું હોય अथ પછી अहं કું कः કોણ છું इति એ પ્રકારે ईक्षत જોતા હવા.

टीका—તે ઇશ્વરે એવી રીતે પુર અને પુરના નિવાસી જન તથા તેના પાલક રાજભૃત્યની સ્થિતિની તુલ્ય અન્નરૂપ નિમિત્તવાળી, લોક અને લોકપાલના સંઘાતની સ્થિતિ કરીને પુરના સ્વામીની પેઠે ઇક્ષણ કર્યું કે જે આ કાર્ય કારણના સંઘાતરૂપ આગળ કહેવાનું કાર્ય છે તે જેમ સ્વામીવિના પુર ન રહી શકે તેમ મારાવિના કેને પ્રકારે રહેશે. વળી, જો વાણીવડે કથન કરેલું હોય, જો ઘ્રાણવડે સુંઘ્યું હોય, જો ચક્ષુવડે દેખ્યું હોય, જો શ્રોત્રવડે સંભળ્યું હોય, જો ત્વચાવડે સ્પર્શ કરેલું હોય, જો મનવડે ચિન્તન કરેલું હોય, જો મુખવડે ભક્ષણ કરેલું હોય, જો શિશ્નવડે ત્યાગ કરેલું હોય, તો હું કોણ છું એમ તેણે ઇક્ષણ કર્યું. ॥ ૨૦ ॥

मूलम्—सएतमेवसीमानंविदार्य्यैतयाद्वाराप्रापद्यत । सैषाविद्दतिर्नामद्वास्तदेतन्नान्दनं । तस्यत्रयआवसथात्रयःस्वप्नाअयमावसथोऽयमावसथोऽयमावसथः इति

पदानि—सः एतं एव सीमानं विदार्य्य एतया द्वारा प्रापद्यत । सा एषा विद्दतिः नाम द्वाः तत् एतत् नान्दनं । तस्य त्रयः आवसथाः । त्रयः स्वप्नाः । अयं आवसथः अयं आवसथः अयं आवसथः इति ॥ २१ ॥

अन्वयार्थः—**सः** તે 'ઇશ્વિર' **एतं एव** એજ **सीमानं** સીમાને **विदार्य्य** વિદારીને **एतया** એ **द्वारा** દ્વારવડે 'આ કાર્યકારણરૂપ લોકના સંઘાતપ્રત્યે' **प्रापद्यत** પ્રવેશ કરતા હવા **सा** તે **एषा** આ **विद्दतिः नाम** વિદતિ એવા નામવાળું **द्वाः** દ્વાર છે **तत्** તે **एतत्** આ **नान्दनं** આનન્દનું હેતુ છે **तस्य** તેનાં **त्रयः** ત્રણ **आवसथाः** સ્થાન છે **त्रयः** ત્રણ **स्वप्नाः** સ્વપ્ન છે **अयं** આ **आवसथः** 'દક્ષિણ ચક્ષુરૂપ' સ્થાન 'પ્રથમ છે' **अयं** આ **आवसथः** 'અન્દરનું મનરૂપ' સ્થાન' બીજું છે. **अयं** આ **आवसथः** 'હૃદયાકાશરૂપ' સ્થાન ત્રીજું છે.

टीका—લોકનીપેઠે ઇક્ષણ કરનાર ઇશ્વરે કેશના વિભાગ પર્યન્ત મસ્તકની સીમા વિદારણ કરીને (છિદ્ર કરીને) આ માર્ગવડે આ કાર્ય કારણના સંઘાતરૂપ લોક પ્રત્યે પ્રવેશ કર્યો. તે દ્વારને વિદારણ કરવાથી તેનું વિદતિ એવું નામ છે. તે દ્વાર આનન્દનું કારણ છે. તે ઇશ્વરનાં ત્રણ સ્થાન છે. તેમાં જાગ્રત કાળમાં દક્ષિણ ચક્ષુરૂપી સ્થાન છે, સ્વપ્નકાળમાં અન્દરનું મન (મનનો આશ્રય કંઠ) સ્થાન છે, સુષુપ્તિકાળમાં આ હૃદયાકાશ સ્થાન છે. તેમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ નામવાળી અવસ્થા સ્વપ્ન (ભ્રમરૂપ) છે. ॥ ૨૧ ॥

मूलम्—सजातोभूतान्यभिव्यैक्षत्किमिहान्यंवावदिषदिति ।

सएतमेवपुरुषंब्रह्मततमपश्यदिदमदर्शमिति ॥२२॥

पदानि—सः जातः भूतानि अभिव्यैक्षत् किम् इह अन्यं वावदिषत् इति ॥ सः एतं एव पुरुषं ब्रह्म ततं अपश्यत् इदं अदर्शं इति ॥ २२ ॥

अन्वयार्थः **सः** તે ' પરમાત્મા ' **जातः** પ્રગટ થઇ **भूतानि** ભૂતોને **अभिव्यैक्षत** સ્પષ્ટ જાણતા હવા ' અને ' **इह** આ શરીરમાં **अन्यं** અન્ય આત્માને ' **किंवावदिषद् इति** શું કહેતા હવા ? અર્થાત્ ન કહેતા હવા ' **सः** તે **एतं एव** એજ **पुरुषं** પુરૂષને **ततं** ' આકાશની પેઠે ' પરિપૂર્ણ **ब्रह्म** બ્રહ્મરૂપ **अपश्यत्** દેખતા હવા ' તે ' **इति** આવી રીતે કે **इदं** આ ' બ્રહ્મરૂપ તે હું ' **अदर्शं** દેખતો હવો.

टीका—આ આત્મા પોતે સ્થાનોમાં ક્રમેકરી આત્મભાવથી વર્ત્તમાન થઈ સ્વાભાવિક અવિદ્યાવડે દીર્ઘકાળ પર્યન્ત ગાઢ નિદ્રાને પામ્યો છતો પ્રબોધને પામતો નથિ અને વારવાર મરણના અનુભવવડે અનેક શતસહસ્ર અનર્થની પ્રાપ્તિથી દુઃખનો અનુભવ કરે છે. માટે તે ચક્ષુઆદિક જે છે તે સ્થાન (ગ્રહ) કહેવાય છે. તે આત્માએ પ્રગટ થઇ પ્રાણિયોપ્રત્યે "હું મનુષ્ય છું, હું કાણો છું, હું સુખી છું" ઇત્યાદિ પ્રકારે તાદાત્મ્યથી સ્પષ્ટ જાણ્યું અને કહ્યું કે આ શરીરમાં ભિન્ન આત્મા કહ્યો નહિ. અથવા તે પરમાત્મા પ્રકટ થઇ પ્રાણિયોનું ચિન્તન કરવા લાગ્યા કે આ ભૂતોની સ્વરૂપથી સત્તા છે કે નહિ. પછી કોઇપણ આત્માથી ભિન્ન સત્તાવાળું નથિ એમ નિશ્ચય કર્યો. તે આત્માએ આકાશની પેઠે વ્યાપક એવા પોતાના સ્વરૂપને બ્રહ્મરૂપ જોયું. ॥ ૨૨ ॥

मूलम्—तस्मादिदन्द्रोनामेदन्द्रोहवैनाम । तमिदन्द्रंसन्तमिन्द्रमित्याचक्षतेपरोक्षेण । परोक्षप्रियाइवहिदेवाः परोक्षप्रियाइवहिदेवाः ॥२३॥

पदानि—तस्मात् इदन्द्रः नाम इदन्द्रः ह वै नाम । तं इदन्द्रं सन्तं इन्द्रं इति आचक्षते परोक्षेण । परोक्षप्रियाः इव हि देवाः परोक्षप्रियाः इव हि देवाः ॥ २३ ॥

अन्वयार्थः—**तस्मात्** તેમાટે **इदन्द्रः नाम** ઇદન્દ્ર એવા નામવાળા પરમાત્મા પ્રસિદ્ધ થયા ' લોક વિષે ' **ह** સ્ફુટ **वै** નિશ્ચે **इदन्द्रः नाम** ઇદન્દ્ર એવે નામે પ્રસિદ્ધ છે **तं** તે **इदन्द्रं सन्तं** ઇદન્દ્ર થએલા ' પરમાત્માને **इन्द्रं इति** ઇન્દ્ર એવે નામે **परोक्षेण** પરોક્ષ નામથી **आचक्षते** કહે છે **देवाः** દેવો **हि** નિશ્ચે **परोक्षप्रियाः इव** પરોક્ષપ્રિયની પેઠે છે **देवाः** દેવો છે **हि** નિશ્ચે **परोक्षप्रिया इव** પરોક્ષ પ્રિયની પેઠે **देवाः** દેવો છે.

टीका—જે માટે સર્વાન્તર બ્રહ્મને આ અપરોક્ષ પ્રત્યગાત્માએ એવી રીતે દેખ્યું માટે તે પરમાત્મા ઇદન્દ્ર નામવાળા થયા અને લોકમાં ઇદિન્દ્રનામે પ્રસિદ્ધ છે. તે એવી રીતે ઇદન્દ્ર થયેલા પરમાત્માને બ્રહ્મવેત્તા પુરુષો, તે પરમાત્મા અત્યન્ત પૂજ્ય હોવાથી તેનું પ્રત્યક્ષ નામ ગ્રહણ કરવાના ભયને લીધે સમ્યક્ વ્યવહારને અર્થે પરોક્ષનામથી ઇન્દ્ર એમ કહે છે. દેવો પણ પરોક્ષપ્રિયનીપેઠે છે તો પછી સર્વ દેવોના દેવ એવા મહેશ્વર પરોક્ષપ્રિય (પરોક્ષ નામ ગ્રહણથી પ્રીતિવાળા) છે એમાં શું કહેવું. આ ઠેકાણે બેવાર જે કહેવું છે તે આ અધ્યાયની સમાપ્તિને અર્થે છે. ॥ ૨૩ ॥

॥ इति तृतीयः खण्डः ॥

इत्यैतरेये द्वितीये आरण्यके चतुर्थोऽध्यायः ॥ उपनिषत्सु प्रथमोऽध्यायः ॥

मूलम्—पुरुषेहवाअयमादितोगर्भोभवतियदेतद्रेतस्तदेतत् सर्व्वेभ्योऽङ्गेभ्यस्तेजःसम्भूतमात्मन्येवात्मानंबिभर्त्तितद्यदास्त्रियांसिञ्चत्यथैतज्जनयति ॥ तदस्यप्रथमंजन्म ॥ २४ ॥

पदानि—पुरुषे ह वा अयं आदितः गर्भः भवति यत् एतत् रेतः तत् एतत् सर्व्वेभ्यः अङ्गेभ्यः तेजः सम्भूतं आत्मनि एव आत्मानं बिभर्त्ति तत् यदा स्त्रियां सिञ्चति अथ एतत् जनयति । तत् अस्य प्रथमं जन्म ॥२४॥

अन्वयार्थः—**पुरुषे** પુરુષમાં **यत्** જે **एतत्** આ **रेतः** વીર્ય 'છે તે રૂપે' **ह** ૨૫૮ **वै** નિશ્ચે **अयं** આ 'સંસારી' **आदितः** પ્રથમ **गर्भः** ગર્ભ **भवति** થાય છે **तत्** તે **एतत्** આ 'વીર્ય' **सर्वेभ्यः** સર્વ **अङ्गेभ्यः** અંગોથકી 'સારરૂપ' **तेजः** તેજ **सम्भूतं** ઉત્પન્ન થયું છે 'તે વીર્યરૂપવડે ગર્ભરૂપ થયેલા' **आत्मानं** આત્માને **आत्मनि एव** શરીરમાંજ **बिभर्त्ति** ધારણ કરે છે **तत्** તે 'વીર્યને' **यदा** જ્યારે **स्त्रियां** સ્ત્રીમાં **सिञ्चति** સિંચન કરે છે **अथ** પછી **एतत्** એને **जनयति** જન્મ આપે છે **अस्य** આ સંસારીનું' **तत्** તે **प्रथमं** પ્રથમ **जन्म** જન્મ છે.

टीका—પુરુષમાં જે આ વીર્ય છે તે રૂપે આ સંસારી રસ આદિક ધાતુઓના ક્રમથી પ્રથમ થાય છે. તે આ વીર્ય અન્નમય પિંડના રસાદિ ધાતુરૂપ સર્વ અંગોથી શરીરના સારરૂપ તેજ ઉપજ્યું છે. તે પુરુષના આત્મારૂપ હોવાથી આત્મા છે. તે વીર્યરૂપથી ગર્ભરૂપ થયેલા આત્માને આત્મા (શરીર) માંજ ધારણ કરે છે. જે કાળમાં ઋતુમતી

ભાર્યા થાય તે કાળમાં તે ભાર્યાપ્રત્યે ગમન કરી તે વીર્યને સ્ત્રીમાં સિંચન કરનારો પુરૂષ પોતાના વીર્યને જન્મ આપનારો છે આ સંસારી પુરૂષનું વીર્યના સેચનકાળમાં તે પુરૂષના સ્થાનથી જે નિકળવાપણું છે તે પ્રથમ જન્મ છે. ॥ ૨૪ ॥

मूलम्—तत्स्त्रियाआत्मभूयंगच्छति यथास्वमङ्गंतथा । तस्मादेनांनहिनस्ति। साऽस्यैतमात्मानमत्रगतंभावयति२५

पदानि—तत् स्त्रियाः आत्मभूयं गच्छति । यथा स्वं अङ्गं तथा तस्मात् एनां न हिनस्ति । सा अस्य एतं आत्मानं अत्र गतं भावयति ॥ २५ ॥

अन्वयार्थः—तत् તે ' વીર્ય ' **स्त्रियाः** સ્ત્રીસાથે **आत्मभूयं** પોતાનાથી અભિન્નતાને **गच्छति** પામે છે **यथा** જેમ **स्वं** પોતાનું **अङ्गं** અંગ હોય **तथा** તેવી રીતે ' થાય છે ' **तस्मात्** તેમાટે **एनां** એ ' માતાને ગર્ભ પોતે ' **न हिनस्ति** હણુતો નથી **सा** તે ' ગર્ભિણી સ્ત્રી ' **अस्य** આ ' ભર્તાના ' **एतं** એ **आत्मानं** આત્માને **अत्र** આ ઉદરમાં **गतं** પ્રવિષ્ટ થયેલાને **भावयति** પરિપાલન કરે છે.

टीका—તે વીર્ય જે સ્ત્રીને વિષે સિંચન કરેલું છે તે સ્ત્રીના સ્વરૂપથી તે સિંચન કરનાર પુરૂષ અભિન્નતા પામે છે. જેમ સ્ત્રીનાં સ્તનાદિરૂપ અંગ પોતાના સ્વરૂપથી અભિન્નતા પામે છે તેમ અભિન્નતા પામે છે તેમાટે માતાને એ ગર્ભ પોતે હણુતો નથિ અર્થાત્ સ્તન આદિક પોતાના અંગનીપેઠે આત્મભાવને પામ્યો છે માટે તે માતાને બાધ કરતો નથિ. તે ગર્ભવાળી સ્ત્રી એવી રીતે પોતાના ઉદરમાં ગર્ભ રહેલો જાણી તેનું પાલન કરે છે અર્થાત્ ગર્ભથી વિરૂદ્ધ ભોજનાદિકનો ત્યાગ કરીને ગર્ભને અનુકૂલ ભોજનાદિકનો ઉપયોગ કરે. ॥ ૨૫ ॥

मूलम्—साभावयित्रीभावयितव्याभवति । तंस्त्रीगर्भंबिभर्त्ति । सोऽग्रएवकुमारंजन्मनोऽग्रेऽधिभावयति । सयत्कुमारंजन्मनोऽग्रेऽधिभावयति । आत्मानमेवतद्भावयत्येषांलोकानांसन्तत्याएवंसन्तताहीमेलोकास्तदस्यद्वितीयंजन्म२६

पदानि—सा भावयित्री भावयितव्या भवति । तं स्त्री गर्भं बिभर्त्ति । सः अग्रे एव कुमारं जन्मनः अग्रे अधिभावयति । सः यत् कुमारं जन्मनः अग्रे अधिभावयति । आत्मानं एव तत् भा-

वयति एषां लोकानां सन्तत्या एवं सन्तताः हि इमे लोकाः तत् अस्य द्वितीयं, जन्म ॥ २६ ॥

अन्वयार्थः—भावयित्री પાલન કરનારી सा તે ' સ્ત્રી ' **भावयितव्या** ભર્તાને રક્ષણ કરવા યોગ્ય **भवति** છે **स्त्री** સ્ત્રી **तं** તે **गर्भं** ' ગર્ભને ' **बिभर्त्ति** ધારણ કરે છે सः તે ' પિતા ' **अग्रे एव** પ્રથમજ **कुमारं** કુમારને **जन्मनः अग्रे** જન્મની આગળ **अधिभावयति** ' જાતકર્માદિકથી ' જે પાલન કરે છે ' અને ' सः તે ' પિતા ' यत् જે **कुमारं** કુમારને **जन्मनः** જન્મની **अग्रे**, આગળ **अधिभावयति** પાલન કરે છે **तत्** તે **आत्मानं एव** આત્માનેજ **भावयति** પાલન કરે છે **एषां** આ **लोकानां** લોકોની **सन्तत्यै** અવિચ્છેદમાટે **एवं** એવી રીતે કરે છે **हि** નિશ્ચે **इमे** આ **लोकाः** લોકો **सन्तताः** પ્રબન્ધરૂપે વર્તે છે **तत्** તે **अस्य** આનું **द्वितीयं** બીજું **जन्म** જન્મ છે.

टीका—તે ગર્ભને પાલન કરનારી સ્ત્રીનું ભર્તાએ રક્ષણ કરવું, કારણકે લોકમાં ઉપકાર પ્રત્યુપકાર કર્યાવિના કોઇનો કોઇની સાથે સમ્બન્ધ સંભવતો નથિ. ગર્ભને સ્ત્રી જન્મથી પૂર્વે ગર્ભધારણવિધાનથી ધારણ કરે છે. તે પિતા જન્મથી પૂર્વેજ ઉત્પન્ન થવાવાળા કુમારને તથા જન્મ પછી ઉત્પન્ન થયેલા કુમારને જાતકર્માદિકથી જે પાલન કરે છે તે પોતાનેજ પાલન કરે છે અર્થાત્ પિતાનો આત્મા પુત્ર રૂપે જન્મે છે, તે ॥ **पतिर्जायांप्रविशति** ॥ એ વાક્ય આગળ કહેવાયેલું છે. કોઇ એમ શંકા કરેકે, શામાટે પોતાને પુત્રરૂપે ઉપજાવીને પાલન કરે છે? તો ત્યાં આમ સમજવું કે, આ પુત્ર પૌત્રાદિરૂપ લોકોની સન્તતિમાટે પાલન કરે છે. જો પુત્રનું ઉત્પાદનાદિક કરે નહિં તો આ લોક વીચ્છેદ પામે. આ લોક પુત્રની ઉત્પત્તિઆદિક કર્મના અવિચ્છેદથી વર્ત્તે છે માટે તેઓના અવિચ્છેદને અર્થે તે પુત્રની ઉત્પત્તિઆદિક કર્મ કર્ત્તવ્ય છે પણ મોક્ષને અર્થે નહિ. કુમારરૂપે માતાના ઉદરમાંથી જે નિકળવું તે આ સંસારી પુરૂષનુ બીજું જન્મ (બીજી અવસ્થાની પ્રકટતા) છે. ॥૨૬॥

मूलम्—सोऽस्याऽयमात्मापुण्येभ्यःकर्म्मभ्यःप्रतिधीयते । अथास्याऽयमितरआत्माकृतकृत्योवयोगतःप्रैति । सइतःप्रयन्नेवपुनर्जायतेतदस्यतृतीयंजन्म । तदुक्तमृषिणा २७

पदानि—सः अस्य अयं आत्मा पुण्येभ्यः कर्म्मभ्यः प्रतिधीयते । अथ अस्य अयं इतरः आत्मा कृतकृत्यः वयोगतः प्रैति । सः इतः प्रयन् एव पुनः जायते तत् अस्य तृतीयं जन्म । तत् उक्तं ऋषिणा ॥ २७ ॥

અન્વયાર્થઃ—**સઃ** તે **અયં** આ **આત્મા** પુત્રાત્મા **पुण्येभ्यः कर्मभ्यः** પુણ્ય કર્મ કરવામાટે **अस्य** આ ' પિતાના સ્થાનમાં ' **प्रतिधीयते** પ્રતિનિધિ કરાય છે **अथ** પછી **अस्य** આ ' પુત્રનો ' **अयं** આ ' પિતારૂપ ' **इतरः** બીજો **आत्मा** આત્મા **कृतकृत्यः** કરવા યોગ્ય કાર્ય જેણે કરેલું છે એવો થઇ ' તથા ' **वयोगतः** જીર્ણ થઇ **प्रैति** મરણ પામે છે **सः** તે **इतः** આથકી **प्रयन् एव** ' શરીરને ' ત્યાગ કરતો છ-તોજ **पुनः** ફરીને **जायते** ઉત્પન્ન થાય છે **तत्** તે **अस्य** આનું **तृतीयं** ત્રીજો **जन्म** જન્મ છે. **तत्** તે **ऋषिणा** મંત્રે **उक्तं** કહ્યું છે.

ટીકા—આ પિતાનો જે પુત્રરૂપ આત્મા તે શાસ્ત્રોક્ત પુણ્ય કર્મ કરવામાટે પિતાને સ્થાને પ્રતિનિધિરૂપે કરાય છે અર્થાત્ પિતાને જે કર્મ કર્તવ્ય છે તે કર્મ કરવાને અર્થે પિતાના સ્થાનમાં સ્થાપન કરાય છે. પછી પુત્ર ઉપર પોતાનો ભાર સ્થાપન કરીને આ પુત્રનો પિ-તારૂપ જે અન્ય આત્મા છે તે કૃતકૃત્ય (ત્રણ ઋણરૂપ કર્તવ્યથી મુક્ત) થઇ અને જીર્ણ થઇ મરણ પામે છે. તે આ લોકથી શરીરનો પરિત્યાગ કરી તૃણજલુકાની પેઠે કર્મરચિત એવા અન્ય દેહને ગ્રહણ કરી ફરીને જન્મે છે. મરણ પામીને જે પ્રાપ્ત થવા યોગ્ય છે તે આ પુરૂષનો તૃતીય જન્મ (તૃતીય અવસ્થાની પ્રકટતા) છે. તે આ વસ્તુનું તત્ત્વ મંત્રે પણ કહેલું છે એમ આગળના વાક્યમાં આ બ્રાહ્મણ ભાગ કહે છે. ॥ ૨૭ ॥

मूलम्—गर्भेनुसन्नन्वेषामवेदमहंदेवानांजनिमानिविश्वा:।शतंमापुरआयसीररक्षन्नध:श्येनोजवसानिरदीयमिति । गर्भएवैतच्छयानोवामदेवएवमुवाच ॥ २८ ॥

पदानि—गर्भे नु सन् ननु एषां अवेदं अहं देवानां जनिमानि विश्वाः शतं मा पुरः आयसीः अरक्षन् अधः श्येनः जवसा निरदीयं इति । गर्भेएव तत् शयानः वामदेवः एवं उवाच ॥२८॥

અન્વયાર્થઃ—**गर्भे** માતાના ગર્ભાશયમાં **सन्** રહેતો છતો **अहं** હું **एषां** આ **देवानां** ' વાક્ અને અગ્નિઆદિ ' દેવોના **विश्वाः** સર્વ **जनिमानि** જન્મો **ननु** નિશ્ચે **अवेदं** જાણતો હવો **मा** મારી પ્રત્યે **शतं** ઘણાં **आयसीः पुरः** લોઢાનીપેઠે અ-ભેદ્ય એવાં શરીરો **अरक्षन्** રક્ષણ કરતાં હવાં **अधः** ' સંસારપાશના નિર્ગમનથી ' નિચે ' જોતો છતો, ' **श्येनः** શ્યેન ' પક્ષીનીપેઠે જાલને ભેદીને ' **जवसा** આત્મજ્ઞાનથી થયેલા સામર્થ્યવડે **निरदीयं** નિકળેલો છું **इति** એવી રીતે **एतत्** આ ' વચનને ' **गर्भे एव** ગર્ભમાંજ **शयानः** રહેલા **वामदेवः** વામદેવઋષિ **एवं** એમ **उवाच** બોલતા હવા **नु** વિતર્કમાં.

पदानि—एषः ब्रह्मा एषः इन्द्रः एषः प्रजापतिः एते सर्व्वे देवाः इमानि पञ्च महाभूतानि । पृथिवी वायुः आकाशः आपः ज्योतींषि इति एतानि इमानि च क्षुद्रमिश्राणि इव बीजानि इतराणि । च इतराणि च अण्डजानि च । जारुजानि च स्वेदजानि च उद्भिज्जानि । च अश्वाः गावः पुरुषाः हस्तिनः यत् किञ्च इदं प्राणि जङ्गमं च पतत्रि च यत् च स्थावरं सर्व्वं तत् प्रज्ञानेत्रं । प्रज्ञाने प्रतिष्ठितं । प्रज्ञानेत्रः लोकः । प्रज्ञा प्रतिष्ठा । प्रज्ञानं ब्रह्म ॥३२॥

अन्वयार्थः—**एषः** એ **ब्रह्मा** બ્રહ્મા **एषः** એ **इन्द्रः** ઇન્દ્ર **एषः** એ **प्रजापतिः** પ્રજાપતિ **एते** એ **सर्व्वे** સર્વ **देवाः** દેવો **च** તથા **इमानि** આ **पञ्च** પાંચ **महाभूतानि** મહાભૂતો **पृथिवी** પૃથ્વી **वायुः** વાયુ **आकाशः** આકાશ **आपः** જલ **ज्योतिंषी** જ્યોતિ **इति** એવી રીતે **च** તથા **एतानि** એ **इमानि** આ **क्षुद्रमिश्राणि इव** ક્ષુદ્રપ્રાણિમિશ્રિત સર્પાદિક **बीजानि** કારણો **च** તથા **इतराणि** બીજાં જંગમ **च** તથા **इतराणि** બીજાં 'સ્થાવર' **च** તથા **जारुजानि** જરાયુજ **च** તથા **अण्डजानि** અંડજ **च** તથા **स्वेदजानि** સ્વેદજ **च** તથા **उद्भिज्जानि** ઉદ્ભિજ **च** તથા **अश्वाः** અશ્વો **गावः** ગાયો **पुरुषाः** પુરૂષો **हस्तिनः** હસ્તિયો 'તથા' **इदं** આ **यत् किञ्च** જે કાંઇ **प्राणि** પ્રાણિ **च** તથા **जङ्गमं** જંગમ **च** તથા **पतत्रि** પક્ષી **च** તથા **यत्** જે **स्थावरं** સ્થાવર છે **तत्** તે **सर्व्वं** સર્વ **प्रज्ञानेत्रं** પ્રજ્ઞાનેત્ર છે **प्रज्ञाने** પ્રજ્ઞાનરૂપ બ્રહ્મમાં **प्रतिष्ठितं** રહેલું છે **प्रज्ञानेत्रः** પ્રજ્ઞારૂપ નિર્વાહકવાળો **लोकः** લોક છે **प्रज्ञा** પ્રજ્ઞા **प्रतिष्ठा** આશ્રય છે **प्रज्ञानं** પ્રજ્ઞાન **ब्रह्म** બ્રહ્મ છે.

टीका—તે આ પ્રજ્ઞાનરૂપ આત્મા બ્રહ્મ છે, (મુખ્ય બ્રહ્મભાવ આગળ કહેલો હોવાથી આ ઠેકાણે બ્રહ્મ શબ્દવડે સર્વ શરીરોમાં રહેલો પ્રાણ અને પ્રજ્ઞારૂપ આત્મા, જલભેદગત સૂર્યના પ્રતિબિમ્બની પેઠે અન્તઃકરણરૂપ ઉપાધિમાં પ્રવેશ પામી સમષ્ટિ લિંગશરીરનો અભિમાની હિરણ્યગર્ભરૂપ પ્રાણ પ્રજ્ઞાત્મારૂપ અપરબ્રહ્મ કહેવાય છે) બ્રહ્મા, ઇન્દ્ર, પ્રજાપતિ, સર્વ દેવ આ પચ મહાભૂત,પૃથ્વી વાયુ. આકાશ, જલ, તેજ ક્ષુદ્રપ્રાણિમિશ્રિત સર્પાદિક, સ્થાવર, જંગમ, જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ, અશ્વો, ગાયો, પુરૂષો, હસ્તિયો અને જે કાંઈ આ પ્રાણિયોનો સમૂહ છે તે સર્વ તરફથી પ્રજ્ઞાનરૂપ નેત્ર (નિર્વાહક) વાળો છે અર્થાત્ પ્રજ્ઞાને આશ્રિત છે, પ્રજ્ઞારૂપ નેત્રવાળો લોક છે માટે પ્રજ્ઞા સર્વ જગતનો આશ્રય છે તેથી પ્રજ્ઞાન બ્રહ્મ છે. ॥ ૩૨ ॥

सएतेनप्रज्ञेनात्मनाऽस्माल्लोकादुत्क्रम्यामुष्मिन्स्वर्गेलोकेसर्व्वान्कामानाप्त्वाऽमृतःसमभवत्।समभवत्इत्योम्॥३३

पदानि—सः एतेन प्रज्ञेन आत्मना अस्मात् लोकात् उत्क्रम्य अमुष्मिन् स्वर्गे, लोके सर्व्वान् कामान् आप्त्वा अमृतः समभवत् । समभवत् इति ॐ ॥३३॥

अन्वयार्थः—सः તે एतेन એ प्रज्ञेन પ્રજ્ઞરૂપ आत्मना આત્માવડે अस्मात् આ लोकात् લોકથકી उत्क्रम्य ઉત્ક્રમણ કરીને अमुष्मिन् આ स्वर्गे लोके સ્વર્ગ લોકમાં सर्व्वान् સર્વ कामान् કામોને आप्त्वा પામીને अमृतः મોક્ષરૂપે समभवत् થયો समभवत् થયો इति એવી રીતે ॐ ॐ અંગીકાર કર્યું છે.

टीका—તે પ્રજ્ઞાનરૂપવડે બ્રહ્મને જાણનારા વિદ્વાન્ પુરૂષો પૂર્વે અમૃતરૂપ થયેલા છે તેજ પ્રજ્ઞાનરૂપથી ઉક્ત પ્રકારે બ્રહ્મને જાણવાવાળા વામદેવ ઋષિ અથવા અન્ય વિદ્વાન્ અમૃત થયા છે. તેની રીતે આ આધુનિક વિદ્વાનો પણ પ્રજ્ઞાનરૂપવડે બ્રહ્મ જાણીને આ લોકથી ઉત્ક્રમણ કરી અર્થાત્ દેહાત્મ ભાવનો ત્યાગ કરી તે બ્રહ્મરૂપ સ્વર્ગ લોકમાં સર્વ કામોને પામી અમૃતરૂપ થયા, થયા, એમ ॐ (અંગીકાર કર્યું છે.) ॥ ૩૩ ॥

इति पञ्चम खण्डः॥

इति ऐतरेयारण्यकेषष्ठोऽध्यायः ॥ उपनिषत्सुतृतीयो ऽध्यायः ॥ ॐ तत्सत्



ॐ

शान्तिः शान्तिः शान्तिः

ऋग्वेदीयैतरेयोपनिषद्सम्पूर्णा.

॥ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ

शुद्धिपत्र.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
८	१५	घध्मौ	दध्मौ.
१४	१८	અર્જુ	અર્જુન,
,,	२६	दृष्ट्रो	दृष्ट्वा
१५	१४	मतः	मनः
१६	२१	વિષયની	વિજયની
१८	९	इच्छामि	न इच्छामि
२१	१५	वर्णशंकरः	वर्णसंकरः
२२	११	दोषेः	दोषैः
,,	२४	मनुष्याणा	मनुष्याणां
२३	२३	શાસ્ત્રોવડે	શસ્ત્રોવડે
२५	७	तथा	तथा
२६	१	अस्वर्ग्य	अस्वर्ग्यं
,,	११	क्लैग्यं	क्लैब्यं
२७	२	पुजार्हौ	पूजार्हौ
३२	१६	सुखदुःखसुखं	समदुःखसुखं
३४	५	દેહા	દેહો
३६	९	जीर्णांनि	जीर्णानि
,,	२२	અ આત્માને	આ આત્માને
३९	२८	થઇને કહેછે	કહેછે
४१	८	પ્રયન્ત વિના	પ્રયત્ન વિના
,,	१४	सुखिनः	सुखिनः
४२	७	સધર્મનો	સ્વધર્મનો
	१९	બધુઓના	બંધુઓના
	४	अवाच्यवादान	अवाच्यवादान्
	५	સું છે	શું છે
	१२	कर्माणि	कर्मणि
	१५	ન હો	न अस्तु હો
	१७	રહિત ને	રહિતને
	२०	जागर्त्ति	जागर्ति
	२२	भृतानां	भूतानां
	,,	जागर्त्ति	जागर्ति
	२८	અજ્ઞાનિરૂપો	અજ્ઞાનિપુરૂષો
	२५	शान्ति	शान्ति
६	१३	अनव	अनघ

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
,,	,,	अस्मिन	अस्मिन्
,,	२७	अश्नुते	न अश्नुते
६३	८	गुणेः	गुणैः
,,	९	कश्चित	कश्चित्
,,	२१	य	यः
६४	७	મનસહિત	મનવડે
,,	२५	શ્રદ્ધાદિક	શ્રાદ્ધાદિક
६५	१	यज्ञार्थ	यज्ञार्था
,,	२	तदर्थ	तदर्थं
,,	९	यज्ञावै	यज्ञोवै
,,	१९	सहयज्ञा	सहयज्ञाः
,,	२०	एवः	एव
,,	२५	त्रेवर्णिक	त्रैवर्णिक
६६	२	मावयन्त	भावयन्तः
,,	७	भवयन्तः	भावयन्तः
,,	२१	स्तेन	स्तेनः
,,	२३	ભોચ	ભોગ
,,	२६	ઈન્દ્રાદિકની	ઇન્દ્રિયાદિકની
,,	२८	છો	તો
६७	२	येत्व	तेत्व
६८	१३	ब्रह्मोवर्द्ध	ब्रह्मोद्भवं
,,	२५	वर्त्तितं	वर्तितं
,,	,,	वर्त्तेय	वर्तेय
६९	५	પાથ	પાર્થ
७०	१७	कार्य	कार्यं
,,	,,	पुरुषः	पूरुषः
७१	६	યાગ	ત્યાગ
,,	११	आजरति	आचरति
,,	२५	वर्त्त	वर्त्ते
७२	८	त्व्य	ह्य
,,	१३	वर्त्तेय	वर्त्तेयं
७३	१२	कर्मणिः	कर्मणि
,,	२१	दाज्ञा	दज्ञा
७४	१३	प्रकृतिः	प्रकृतेः

પૃષ્ઠ.	લીટી.	શુદ્ધ.	અશુદ્ધ.
,,	૫	य	यः
,,	૧૪	आराधनं	आराधनं
,,	૧૭	,,	,,
,,	,,	माया	मया
,,	૨૭	मपि	मपि
૧૫૬	૧	तदू	तत्
૧૫૭	૬	अ यं અ	अ यं આ
,,	૧૮	मा	मां
૧૬૦	૭	आध्यात्मं	अध्यात्मं
૧૬૪	૧૧	याग	योग
૧૬૬	૨૩	त्हदि	हृदि
૧૬૭	૧૭	યોગી	યોગીને
૧૭૦	૧૮	यद्यत्सु	नह्यत्सु
૧૭૩	૧૬	त्येते	ह्येते
૧૭૪	૭	त्याति	ह्याति
,,	૨૨	अद्यम्	आद्यम्
૧૭૫	૮	श्रीम	श्रीम
૧૭૭	૨૭	अवस्थित	अवस्थितः
૧૭૮	૭	कलपक्षेय	कलपक्षये
,,	૧૯	अंवशं	अवशं
૧૮૧	૧૬	असुरी	आसुरीं
,,	૨૭	न्यनसो	न्यमनसो
૮૩	૫	कृत्वेन	कृत्वेन
૮૫	૧૪	स्वगति	स्वर्गतिं
૬	૨૦	जना	जनाः
	૧૭	मा	मां
૮	૧	पितृव्रताः	पितृव्रताः
	૪	पितृन	पितृन्
૯	૭	तपस्यासि	तपस्यसि
૨	૧૮	मन्द्र	मन्द्र
	૨૦	મરે	મારે
	૩૦	विद्या	राजविद्या
૧૯૨	૨૪	મહર્ષિયોને	મહર્ષિયોનો

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૯૪	૧૮	થઇ અને સર્વ	થઇસર્વ
,,	૨૨	दुखं	दुःखं
૧૯૫	૫	હિસા	હિંસા
,,	,,	ममता	समता
,,	૭	भतः	मतः
૧૯૬	૧	લોકમાં	લોક
૧૯૭	૧૩	भद्र	मद्र
૧૯૮	૮	भस्वता	भास्वता
૨૦૦	૧૮	लोका	लोंका
૨૦૧	૩	विद्या	विद्यां
૨૦૩	૨૬	वसूना	वसूनां
૨૦૪	૨	राक्षसां	रक्षसां
,,	૧૫	रकन्दः	स्कन्दः
૨૦૬	૮	धनूनां	धेनूनां
૨૦૭	૬	સખ્યા	સંખ્યા
,,	૭	સિહ	સિંહ
,,	૧૫	भूता	भूतां
૨૦૮	૧૯	શમાસ	સમાસ
૨૧૦	૧૮	कंविः	कविः
,,	૨૧	વાસુદેવનો	વસુદેવનો
૨૧૨	૧૨	वम	वम्
૨૧૩	૧	अर्नुन	अर्जुन
,,	૩	पकांशेन	एकांशेन
,,	૯	મારાથી બીજી	મારાથી ભિન્ન બીજી
૨૧૪	૩	मध्पा	मध्या
,,	૨૦	તપારૅ	તમારા
૨૧૫	૯	रुप	रूप
,,	૧૩	पतत्	एतत्
,,	૨૩	द्रष्टु	द्रष्टुं
૨૧૬	૧૧	रुपाणि	रूपाणि
,,	૧૮	नश्विनौ	नश्विनौ
,,	૨૧	आदष्ट	अदृष्ट
,,	૨૨	वसुन्	वसून्
૨૧૮	૬	रुपं	रूपं

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	१७	ઉગામેલા જે	ઉગામેલાં છે.
,,	२५	द्दिव्या	द्दिव्य
२१९	१७	महांत्मनं:	महात्मनः
२२१	८	विश्वरुप	विश्वरूप
,,	,,	बाहुद-	बाहूद-
,,	२२	द्युति	द्युतिं
,,	२५	दीप्ती	दीप्ति
२२४	२०	बाहुरु	बाहूरु
,,	,,	बहुदरं	बहूदरं
,,	२२	પ્રાણી	वें પ્રાણી
२२७	६	तेथैवाशनाय	त थैवनाशाय
२२८	८	रुपः	रूपः
२२९	६	भयै	मयै
,,	२०	हतात्	हतान्
२३०	५	भोतः	भीतः
२३१	११	देवेश	देवेश
२३२	५	अग्नि	अग्निः
,,	२१	अस्तृ	अस्तु
२३३	१	स खेति	सखेति
,,	१६	सामर्थ	सार्थं
२३५	१	पूर्व	पूर्वं
,,	१७	हस्त	हस्तं
,,	१८	मुर्ते	मूर्ते
२३६	६	विश्व	विश्वं
२३८	१२	'रूप	रूपस्य
२४२	१०	गर्माचि	गमाचि
२४६	२३	योमेंद्ध	योमद्ध
,,	२७	आर्पित	अर्पित
२४८	१३	त्हृष्यति	हृष्यति
,,	१५	,,	,,
२५२	१२	याये	योय
२५३	२६	उदात्हतं	उदाहृतं
२५४	५	अचार्यो	आचार्यो
२५७	१८	ततू	तत्

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
,,	२०	अनादिमतू	अनादिमत्
,,	२१	सतू	सत्
,,	३२	निनिवर्त्त	निवर्त
२५८	२३	जसक्तं	असक्तं
,,	२४	सर्वभूत्	सर्वभृत्
,,	२८	ध्यायतिव	[illegible]यतीव
२५९	९	दुरस्थं	दूरस्थं
,,	२८	घुगूढः	धुगूढः
२६३	३	'क्षेत्रज्ञ'	'क्षेत्रज्ञ'
२६४	२	श्रुत्ति	श्रुति
,,	२०	सत्वं	सत्त्वं
,,	२३	जंगभं	जंगमं
२६५	१	तिष्टन्तं	तिष्ठन्तं
२६६	१४	ततः	तत
,,	१६	तत	ततः
,,	१७	કાળીમાં	કાળમાં
२७१	२	निबन्ध	निबध्न
,,	१५	बन्धाति	बध्नाति
२७३	१	सत्वं	सत्त्वं
२७४	१५	मरतर्षभ	भरतर्षभ
२७६	२३	भवत्तो	भवतो
२७८	१६	ભીની નીચે	अर्जुनउवा[illegible] જોઇએ.
२८०	२१	तुल्य	स्तुल्य
२८२	७	मूल	मूलं
,,	२३	प्रवाला	प्रवा[illegible]
२८८	२	मश्य	पश्य
२८९	४	सर्वाः	सर्वा[illegible]
२९०	१२	वैदैः	वेदैः
,,	२५	लोके	लोके[illegible]
२९१	२८	पुरुषोत्तम	पुरु[illegible]
२९२	२	अंतः	अंत[illegible]
२९३	१२	पंचदशो	पंच[illegible]
२९४	છેલ્લી	આ'વ	આ[illegible]

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
२९७	२	असुरं	आसुरं
२९८	२४	जगत्	जगतः
२९९	५	दुष्पुरं	दुष्पूरं
,,	७	गृहीत्वा	गृहीत्वा
,,	९	विन्तां	चिन्तां
३०३	[illegible]	दर्प	दर्पं
,,	४	યરદેહમાં	પરદેહમાં
३०४	१३	स्येद	स्येदं
३०७	४	तेषा	तेषां
३०७	५	विधि	विधिं
,,	७	अहो	आहो
,,	१८	शृणु	शृणु
,,	२०	शृणु	,,
३०९	४	पुरुषे	पुरुषो
,,	८	नैत्रृुन	नैऋत
३१०	२७	त्द्या	हृद्याः
,,	,,	प्रिया	प्रियाः
३१४	२६	मृच्यते	मूच्यते
३१६	१८	पीड्या	पीडया
३१७	१४	कलं	फलं
,,	२६	अद्देश	अदेश
,,	२८	पात्रेन्यः	पात्रेभ्यः
२२	२३	कर्भणां	कर्मणां
३२४	१७	ફરીને	કરીને
२५	२१	काथक्लेश	कायक्लेशं
४	२७	घृत्यु	धृत्यु
५	२४	य	च
६	२३	भाय	भया
७	१३	धर्म	धर्मं
९	९	धृति	धृति
३०	२०	परिणाम	परिणामे
४४	१६	પોતાન	પોતાના
	છેલ્લી	સિદ્ધિ	સિદ્ધિં
३५०	११	शाश्व	शाश्व
३५२	८	निद्धिः	निबद्धः
३५३	१८	आरव्यातं	आख्यातं
३५४	६	भे	मे
३६५	७	गुष्ठाम्यां	गुष्ठाभ्यां
,,	२४	કનિષ્ઠિકાને	બે કનિષ્ઠિકાને
,,	२५	કરતું	બે કરના
,,	,,	કરના	,,
३६६	४	लक्ष्मी	लक्ष्मीः
३६८	१८	તેને	તેની
३६९	१४	કલ્પતી	કલ્પના
३७०	१८	श्रीभगवान्	श्रीमान्
,,	२८	ऽहम	ऽहम्
३७१	१	सर्वः शिवः	शर्वः शिवः
,,	२३	સર્વ	સર્વના
,,	२४	ઇશ્વરના	ઇશ્વર
३७२	७	પરમાત્મા તો	પરમાત્માનો
३७५	१	वृषकपि	वृषाकपि
३७६	२०	अभृत	अमृतः
३८२	२	सत्कर्ता	सत्कर्त्ता
३८३	६	नैकरुपो	नैकरूपो
३९४	२	सहस्राशु	सहस्रांशु
३९८	३	द्रारुणो	दारुणो
३९९	४	आर्नि	अनि
४००	५	उदीणः	उदीर्णः
४०१	६	वपुवि	वपुर्वि
४०३	१	स्तोता रण	स्तोतारण
४०७	२	इन्द्रकर्मा	इन्द्रकर्मा
४१४	१	नाशन	नाशनः
४२१	५	मा	मां
४३७	११	यश्यप	कश्यप
४४०	३	विंश्वस्य	विश्वस्य
,,	६	मिषत्सु	निषत्सु
,,	८	सत्वरथं	सत्वरथं

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
,,	१०	गदक्के	यदक्के
४४२	९	विप्रसंधा	विप्रसंघा
४४३	४	मूपिः	मूषिः
४४८	६	यक्ते	यक्तै
४६२	પૃષ્ટ	५६२	४६२
,,	९	पप्रद्ये	प्रपद्ये
४९०	३	मक्ताना	भक्ताना
४९२	११	ग्रतम	ग्रतम्
४९४	५	पत्यु	प्रत्यु

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ
		वाजसनेय	
९	१८	अनित्वं	अनिलं
१०	३	गुपथा	सुपथा
३४	३	विश्वरं	विश्वम्
५१	२५	प्रणबो	प्रणवो
७५	१०	अबुवन्	अब्रुवन्
,,	१२	अब्रुवत्	,,
,,	२५	नासिक	नासिके
७६	२२	पियासे	पिपासे